શ્રી વીતરાગાય નમઃ



ઉપ્પનેઈવા
વિગમેઈવા
ધુવેઈવા

# શ્રી ઠાણાંગ સૂત્ર - ૨

## ગુરુપ્રાણ આગમ બત્રીસી

આશીર્વાદ દાતા : તપસ્વી ગુરુદેવ પૂજ્ય શ્રી રતિલાલજી મહારાજ સાહેબ
પ્રધાન સંપાદિકા : અપૂર્વ શ્રુત આરાધક પૂ. શ્રી લીલમબાઈ મહાસતીજી

॥ પંચવિહે આયારે (પ.તં.)
નાણાયારે, દંસણાયારે, ચરિત્તાયારે, તવાયારે, વીરિયાયારે
ઠા.ઠા.૫-ઉ-૨
પાંચ પ્રકારના આચાર કહેલા છે ૧ જ્ઞાનાચાર ૨ દર્શનાચાર
૩ ચારિત્રાચાર ૪ તપાચાર-૫
૧ દ્રવ્યથી ક્ષેત્ર કાલ ભાવને જોઈને અવિનયાદિ આઠ
દોષોને ટાળવા તે જ્ઞાનાચાર
૨ સમ્યક્ત્વના શંકાદિકોને ટાળવા તે દર્શનાચાર
૩ પાંચ પ્રકારની સમિતિ ત્રણ ગુપ્તિનું પાલન કરવું તે ચારિત્રાચાર
૪ બાર પ્રકારના તપનું આચરણ કરવું તે તપાચાર.
૫ ધર્મ કાર્યોમાં પરાક્રમ બતાવવું તે વીર્યાચાર

॥ સત્તવિહે વયણવિકપ્પે
આલાવે, અણાલાવે, ઉલ્લાવે, અણુલ્લાવે, સંલાવે, પલાવે, વિપ્પલાવે.
સાત પ્રકારના વચન વિકલ્પ કહેલ છે ૧ થોડું બોલવું તે આલાપ છે-
૨ કુત્સિત બોલવું તે અનાલાપ છે ૩ મર્યાદા ઉલ્લંઘન કરીને બોલવું ઉલ્લાપ છે.
૪ મર્યાદા રહિત ખરાબ બોલવું અનુલ્લાપ છે. ૫ પરસ્પર બોલવું તે સંલાપ છે!
૬ નિરર્થક બોલવું તે પ્રલાપ છે- ૭ વિરુદ્ધ બોલવું વિપ્રલાપ છે.



આગમ શાસ્ત્ર

આગમ શાસ્ત્ર



શ્રી વીતરાગાય નમઃ

ગોંડલ ગચ્છ જયવંત હો

પૂ. શ્રી ડુંગર - દેવ - જય - માણેક - પ્રાણ - રતિ ગુરુભ્યો નમઃ

**શ્રી ગુરુ પ્રાણ આગમ બત્રીસી**

**સૌરાષ્ટ્ર કેસરી ગુરુદેવ પૂ. શ્રી પ્રાણલાલજી મ. સા. ની ચીર સ્મૃતિ તથા**
**તપસમ્રાટ ગુરુદેવ પૂ. શ્રી રતિલાલજી મ. સા. મહાપ્રયાણ દશાબ્દીવર્ષ ઉપલક્ષ**

ગણધર રચિત ત્રીજું અંગ

# શ્રી ઠાણાંગ સૂત્ર – ૨

**સ્થાન : ૫ થી ૧૦**

*(મૂળપાઠ, ભાવાર્થ, વિવેચન, પરિશિષ્ટ)*

**: પાવન નિશ્રા :**
ગોંડલ ગચ્છ શિરોમણી પરમદાર્શનિક **પૂ. શ્રી જયંતમુનિ મ. સા.**

**: સંપ્રેરક :**
વાણીભૂષણ **પૂ. શ્રી ગિરીશમુનિ મ. સા.** અને આગમ દિવાકર **પૂ. જનકમુનિ મ. સા.**

**: પ્રકાશન પ્રેરક :**
ધ્યાનસાધક **પૂ. શ્રી હસમુખમુનિ મ. સા.** અને શાસનઅરુણોદય **પૂ. શ્રી નમ્રમુનિ મ.સા.**

**: શુભાશિષ :**
મંગલમૂર્તિ પૂજ્યવરા
પૂ. શ્રી મુક્તાબાઈ મ.

**: અનુવાદિકા :**
પૂ. શ્રી વીરમતીબાઈ મ.

**: પ્રધાન સંપાદિકા :**
અપૂર્વ શ્રુત આરાધક
પૂ. શ્રી લીલમબાઈ મ.

**: પરામર્શ પ્રયોજિકા :**
ઉત્સાહધરા
પૂ. શ્રી ઉષાબાઈ મ.

**: સહ સંપાદિકા :**
ડૉ. સાધ્વી શ્રી આરતીબાઈ મ.
તથા સાધ્વી શ્રી સુબોધિકાબાઈ મ.

: પ્રકાશક :
શ્રી ગુરુ પ્રાણ પ્રકાશન
PARASDHAM
પારસધામ, વલ્લભબાગ લેન, ઘાટકોપર(ઈસ્ટ), મુંબઈ – ૪૦૦૦૭૭

: આગમ પ્રકાશન પ્રારંભ :
ઈ. સ. ૧૯૯૭ – ૧૯૯૮ **પૂ. શ્રી પ્રાણગુરુ જન્મશતાબ્દી વર્ષ• ગુરુપ્રાણ ફાઉન્ડેશન, રાજકોટ.**

પુનઃ પ્રકાશન – ઈ. સ. ૨૦૦૯
**પ્રકાશક : શ્રી ગુરુ પ્રાણ પ્રકાશન, પારસધામ, ઘાટકોપર**

પ્રથમ આવૃત્તિ પ્રત : ૧૦૫૦ ★ દ્વિતીય આવૃત્તિ પ્રત : ૧૦૦૮
પ્રકાશન તારીખ : આસોવદ અમાસ – વીર નિર્વાણ કલ્યાણક તથા
તપસમ્રાટ ગુરુદેવ પૂજ્ય શ્રી રતિલાલજી મ. સા. જન્મદિન

ગુરુ પ્રાણ પ્રકાશન

શ્રી પરાગભાઈ શાહ • શ્રી શૈલેષભાઈ દેસાઈ • શ્રી બર્જીશભાઈ દેસાઈ
શ્રી સુમતિભાઈ શાહ • શ્રી ગિરીશભાઈ શાહ • શ્રી જિતેનભાઈ શાહ

**પ્રાપ્તિ સ્થાન :**

www.parasdham.org ★ www.jainaagam.org

૧. મુંબઈ –
**પારસધામ**
વલ્લભબાગ લેન,
ઘાટકોપર(ઈસ્ટ), મુંબઈ – ૪૦૦૦૭૭
ફોન – ૩૨૦૪ ૩૨૩૨.

2. U. S. A. -
**Girish P. Shah**
4048, Twyla Lane, Campbell
CA - 95008-3721. U.S.A.
Ph. : (India) 09867054439
(U.S.A) 001- 408-373-3564

૩. રાજકોટ –
**શેઠ ઉપાશ્રય**
પ્રસંગ હોલ પાછળ,
૧૫૦ ફુટ રીંગ રોડ,
કાલાવડ રોડ,રાજકોટ – ૩૬૦૦૦૫
ફોન – ૯૮૨૪૦૪૩૭૬૯

૪. વડોદરા –
**શ્રી હરેશભાઈ લાઠીયા**
ગૌતમ, ૧૨, પંકજ સોસાઈટી,
નર્મદા ગેસ્ટ હાઉસની સામે,
ઈલોરા પાર્ક, વડોદરા – ૩૯૦૦૨૩
ફોન – ૯૮૨૪૦૫૮૪૮૯

મુદ્રક : શિવકૃપા ઑફસેટ પ્રિન્ટર્સ, અમદાવાદ – ફોન : ૦૭૯–૨૫૬૨૩૮૨૮

સૌરાષ્ટ્ર કેસરી

બા. બ્ર. પૂ. ગુરુદેવ

શ્રી પ્રાણલાલજી મ. સા. ને અનન્ય શ્રદ્ધાભાવે..

# સમર્પણ

સમભાવનું પ્રેરકબળ પૂરનાર

આપ હતા સમતાપુંજ..

સંવેગભાવનું સિંચન કરનાર

આપ હતા કલ્યાણપુંજ..

નિર્વેદભાવનું નાનત્વ સમજાવનાર

આપ હતા પ્રવચનપુંજ..

અનુકંપાનું અનુદાન આપનાર

આપ હતા વાત્સલ્યપુંજ..

આસ્થાના પ્રાણને જગાડનાર

આપ હતા પ્રાણપુંજ..

બહુમુખી પ્રતિભા સંપન્ન ઓ! પ્રકાશપુંજ..

આપશ્રીના પવિત્ર પાદપદ્મે અનંતશઃ વંદનાવલી સહ

આપના કરકમળમાં સમર્પણ..

- પૂ. મુક્ત - લીલમ ગુરુણીના સુશિષ્યા

સાધ્વી વીરમતી

તપ સમ્રાટ તપસ્વી ગુરુદેવ પૂ. રતિલાલજી મ. સા. ના

# આશીર્વચન

ગુરુ મહારાજની
જન્મ શતાબ્દી નિમિત્તે
આગમોનું પ્રકાશન થઈ રહ્યું છે,
તેનો મને આનંદ છે,
તમે સહુ સાધ્વીવૃંદ આગમનો અભ્યાસ કરી,
તેનાં મૂળભૂત તત્ત્વોને સમજો,
જીવનને પંચાચારમય બનાવો,
સમાજમાં જૈન ધર્મનો પ્રચાર કરો.
ગુરુ મહારાજના નામને અમર બનાવો અને
સંયમી જીવનને સફળ બનાવો.
એ જ મારા અંતરના આશીર્વાદ છે.

*મારી સાથે ચાતુર્માસ અર્થે રોયલ પાર્ક સંઘમાં બિરાજમાન સાધ્વીવૃંદ*
*ભગવાન મહાવીરની વાણીને સમગ્ર વિશ્વમાં*
*ગૂંજતી કરે તેવા શુભાશિષ.*

**– મુનિ રતિલાલ**
**તા. ૧૪/૯/૯૭**
**રોયલ પાર્ક ઉપાશ્રય,**
**રાજકોટ.**

## ગોંડલ ગચ્છ શિરોમણિ પૂ. શ્રી જયંતમુનિ મ. સા. ના સ્વહસ્તાક્ષરે

# આશીર્વચન

ૐ

ૐ નમો ણાણસ્સ

અત્ર અનુજ્ઞાપયતે વર્ધયં અનુમન્યતે ચ
યદ્ "ગુરુપ્રાણ આગમ બત્રીશી" પુનર્પ્રકાશનં
અવશ્યં કાર્યં। ઇદં મહા કાર્યં પૂજ્ય –
ગોંડલ ગચ્છ કીર્તિધર અરુણોદય
નમ્રમુનિના પ્રારભ્યતે ઇતિ મમ ભાવઃ
તત્ર કાર્યે દોષો ન સ્યાત્ ઇતિ સર્વ –
વિશ્વાસેન અનુમોદનં ક્રિયતે –
શુભં સ્યાત્
ઇતિ આશીર્વચનં અપિ સુન્દરં સ્યાત્
અર્પ્યતે –
આનંદ મંગલમ્ 27-4-2009
અક્ષયતૃતીયા
સોમવાર

હું આજ્ઞા આપું છું તથા આ કાર્યને સ્વીકૃતિ આપું છું કે ગુરુપ્રાણ આગમ બત્રીસીનું પુનઃ પ્રકાશન અવશ્ય કરવું જોઇએ. આ મહાકાર્ય પૂજ્ય ગોંડલ ગચ્છ કીર્તિધર અરુણોદય શ્રી નમ્રમુનિ પ્રારંભ કરે, આ મારા ભાવ છે. આ કાર્યની અનુમોદના કરું છું.

આનંદ મંગલમ્.

શુભ થાઓ... સુંદર થાઓ...
આ આશીર્વચન અર્પિત કરું છું.

તા. ૨૭-૦૪-૨૦૦૯
અક્ષયતૃતીયા - સોમવાર.

# ગુરુપ્રાણ આગમ બત્રીસી
# અનુવાદિકા
# મહાસતીજીઓ

**પ્રધાન સંપાદિકા ભાવયોગિની**
બા. બ્ર. પૂ. શ્રી લીલમબાઈ મ.
**સહસંપાદિકા**
ડૉ. સાધ્વી શ્રી આરતીબાઈ મ. તથા
સાધ્વી શ્રી સુબોધિકાબાઈ મ.

**સાંનિધ્ય**
પૂ. શ્રી જયંતમુનિ મ. સા.
પૂ. શ્રી ગિરીશચન્દ્રજી મ. સા.
**જ્ઞાનદાનના સંપૂર્ણ સહયોગી**
પૂ. શ્રી ત્રિલોકમુનિ મ. સા.

| સૂત્રનું નામ | અનુવાદિકા |
|---|---|
| શ્રી આચારાંગ સૂત્ર (ભાગ ૧–૨) | પૂ. હસુમતીબાઈ મ., પૂ. પુષ્પાબાઈ મ. |
| શ્રી સૂયગડાંગ સૂત્ર (ભાગ ૧–૨) | પૂ. ઉર્મીલાબાઈ મ. |
| શ્રી ઠાણાંગ સૂત્ર (ભાગ ૧–૨) | પૂ. વીરમતીબાઈ મ. |
| શ્રી સમવાયાંગ સૂત્ર | પૂ. વનીતાબાઈ મ. |
| શ્રી ભગવતી સૂત્ર (૧ થી ૫ ભાગ) | પૂ. ડૉ. આરતીબાઈ મ. |
| શ્રી જ્ઞાતા સૂત્ર | પૂ. સુમનબાઈ મ. |
| શ્રી ઉપાસકદશાંગ સૂત્ર | પૂ. ઉર્વશીબાઈ મ. |
| શ્રી અંતગડદશાંગ સૂત્ર | પૂ. ભારતીબાઈ મ. |
| શ્રી અનુત્તરોવવાઈ સૂત્ર | પૂ. સન્મતિબાઈ મ. |
| શ્રી પ્રશ્નવ્યાકરણ સૂત્ર | પૂ. સુનિતાબાઈ મ. |
| શ્રી વિપાક સૂત્ર | પૂ. ઉષાબાઈ મ. |
| શ્રી ઉવવાઈ સૂત્ર | પૂ. કલ્પનાબાઈ મ. |
| શ્રી રાજપ્રશ્રીય સૂત્ર | પૂ. બિંદુ–રૂપલ દ્વય મ. |
| શ્રી જીવાભિગમ સૂત્ર | પૂ. પુનિતાબાઈ મ. |
| શ્રી પ્રજ્ઞાપના સૂત્ર (ભાગ–૧ થી ૩) | પૂ. સુધાબાઈ મ. |
| શ્રી જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિ સૂત્ર | પૂ. મુક્તાબાઈ મ. |
| શ્રી જ્યોતિષગણરાજ પ્રજ્ઞપ્તિ સૂત્ર (ચંદ્રપ્રજ્ઞપ્તિ, સૂર્યપ્રજ્ઞપ્તિ) | પૂ. રાજેમતીબાઈ મ. |
| શ્રી ઉપાંગસૂત્ર (શ્રી નિરયાવલિકાદિ) | પૂ. કિરણબાઈ મ. |
| શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર (ભાગ–૧, ૨) | પૂ. ડૉ. અમિતાબાઈ મ. પૂ. સુમતિબાઈ મ. |
| શ્રી દશવૈકાલિક સૂત્ર | પૂ. ગુલાબબાઈ મ. |
| શ્રી નંદી સૂત્ર | પૂ. પ્રાણકુંવરબાઈ મ. |
| શ્રી અનુયોગદ્વાર સૂત્ર | પૂ. સુબોધિકાબાઈ મ. |
| શ્રી નિશીથ સૂત્ર | પૂ. લીલમબાઈ મ. |
| શ્રી ત્રણ છેદ સૂત્ર | પૂ. ડૉ. ડોલરબાઈ મ. |
| શ્રી આવશ્યક સૂત્ર | પૂ. રૂપાબાઈ મ. |

સિંહ સમા પરાક્રમી, હંસ સમા ઉજ્જવલ યશોમૂર્તિ, સૌરાષ્ટ્ર કેસરી પૂજ્ય ગુરુદેવ શ્રી પ્રાણલાલજી મ. સા. નાં શ્રી ચરણોમાં શતગુણ

# પ્રણામાંજલિ




શતાદિ સદ્ગુણાલંકૃત તવ વપુઃ ભૂયાદ્ ભવાલંબનમ્

પૂ. શ્રી ડુંગર-દેવ-જય-માણેક-પ્રાણ-રતિ-જગ-ગુરુભ્યો નમઃ
પૂ. હીર-વેલ-માન-દેવ-ઉજમ-ફૂલ-મોતી-આમ્ર-અમૃત-ગુરુણીભ્યો નમઃ

# ગોંડલ સંપ્રદાય-ગુરુપ્રાણ રતિ પરિવાર

## મંગલ મનીષી મુનિવરો
## શાસ્ત્ર શુશ્રૂષિકા શ્રમણીવૃંદ

૦૧. પૂ. શ્રી જયંતમુનિ મ. સા.
૦૨. પૂ. શ્રી ગિરીશચંદ્રજી મ.સા.
૦૩. પૂ. શ્રી જનકમુનિ મ.સા.
૦૪. પૂ. શ્રી જગદીશમુનિ મ.સા.
૦૫. પૂ. શ્રી હસમુખમુનિ મ.સા.
૦૬. પૂ. શ્રી મનહરમુનિ મ. સા.
૦૭. પૂ. શ્રી ગજેન્દ્રમુનિ મ. સા.
૦૮. પૂ. શ્રી સુશાંતમુનિ મ. સા.
૦૯. પૂ. શ્રી નમ્રમુનિ મ. સા.
૧૦. પૂ. શ્રી પીયુષમુનિ મ. સા.

૦૧. પૂ. ગુલાબબાઈ મ.
૦૨. પૂ. પ્રાણકુંવરબાઈ મ.
૦૩. પૂ. લલિતાબાઈ મ.
૦૪. પૂ. લીલમબાઈ મ.
૦૫. પૂ. વિમળાબાઈ મ.
૦૬. પૂ. હંસાબાઈ મ.
૦૭. પૂ. પુષ્પાબાઈ મ.
૦૮. પૂ. વિજયાબાઈ મ.
૦૯. પૂ. તરૂલતાબાઈ મ.
૧૦. પૂ. જસવંતીબાઈ મ.
૧૧. પૂ. વસુબાઈ મ.
૧૨. પૂ. પ્રભાબાઈ મ.
૧૩. પૂ. લતાબાઈ મ.
૧૪. પૂ. ભદ્રાબાઈ મ.
૧૫. પૂ. સુમિત્રાબાઈ મ.
૧૬. પૂ. સાધનાબાઈ મ.
૧૭. પૂ. અરુણાબાઈ મ.
૧૮. પૂ. સરલાબાઈ મ.
૧૯. પૂ. વનિતાબાઈ મ.
૨૦. પૂ. દીક્ષિતાબાઈ મ.
૨૧. પૂ. ધીરમતીબાઈ મ.
૨૨. પૂ. રાજેમતીબાઈ મ.
૨૩. પૂ. હસુમતીબાઈ મ.
૨૪. પૂ. સુમતિબાઈ મ.
૨૫. પૂ. અનુમતિબાઈ મ.
૨૬. પૂ. વીરમતીબાઈ મ.
૨૭. પૂ. યશોમતીબાઈ મ.
૨૮. પૂ. જ્ઞાનશીલાબાઈ મ.
૨૯. પૂ. દર્શનશીલાબાઈ મ.
૩૦. પૂ. વિનોદીનીબાઈ મ.
૩૧. પૂ. પ્રજ્ઞાબાઈ મ.
૩૨. પૂ. પ્રિયદર્શનાબાઈ મ.
૩૩. પૂ. કૃપાબાઈ મ.
૩૪. પૂ. મીરાબાઈ મ.
૩૫. પૂ. કુંદનબાઈ મ.
૩૬. પૂ. જયોતિબાઈ મ.
૩૭. પૂ. પ્રીતિસુધાબાઈ મ.
૩૮. પૂ. મીનળબાઈ મ.
૩૯. પૂ. મનીષાબાઈ મ.
૪૦. પૂ. કિરણબાઈ મ.
૪૧. પૂ. હસ્મિતાબાઈ મ.
૪૨. પૂ. શૈલાબાઈ મ.
૪૩. પૂ. ઉર્મિબાઈ મ.
૪૪. પૂ. સુધાબાઈ મ.
૪૫. પૂ. ઉર્વશીબાઈ મ.
૪૬. પૂ. સ્મિતાબાઈ મ.
૪૭. પૂ. ઉર્મિલાબાઈ મ.
૪૮. પૂ. ડોલરબાઈ મ.
૪૯. પૂ. કલ્પનાબાઈ મ.
૫૦. પૂ. સંગીતાબાઈ મ.
૫૧. પૂ. નંદાબાઈ મ.
૫૨. પૂ. સુનંદાબાઈ મ.
૫૩. પૂ. જયેશાબાઈ મ.
૫૪. પૂ. અર્ચિતાબાઈ મ.
૫૫. પૂ. અજિતાબાઈ મ.
૫૬. પૂ. અમિતાબાઈ મ.
૫૭. પૂ. પુનિતાબાઈ મ.
૫૮. પૂ. સુનિતાબાઈ મ.
૫૯. પૂ. ગીતાબાઈ મ.
૬૦. પૂ. વિદુબાઈ મ.
૬૧. પૂ. તરુબાઈ મ.
૬૨. પૂ. મીનાબાઈ મ.
૬૩. પૂ. પૂર્ણાબાઈ મ.
૬૪. પૂ. રશ્મિતાબાઈ મ.
૬૫. પૂ. બિંદુબાઈ મ.
૬૬. પૂ. વિરલબાઈ મ.
૬૭. પૂ. રૂપલબાઈ મ.
૬૮. પૂ. તેજલબાઈ મ.
૬૯. પૂ. સુજીતાબાઈ મ.
૭૦. પૂ. સ્વાતિબાઈ મ.
૭૧. પૂ. શ્વેતાબાઈ મ.
૭૨. પૂ. રેણુકાબાઈ મ.
૭૩. પૂ. નલિનીબાઈ મ.
૭૪. પૂ. રક્ષિતાબાઈ મ.
૭૫. પૂ. રોશનીબાઈ મ.
૭૬. પૂ. અંજીતાબાઈ મ.
૭૭. પૂ. સંજીતાબાઈ મ.
૭૮. પૂ. સંઘમિત્રાબાઈ મ.
૭૯. પૂ. આરતીબાઈ મ.
૮૦. પૂ. રૂપાબાઈ મ.
૮૧. પૂ. મિતલબાઈ મ.
૮૨. પૂ. શ્રેયાબાઈ મ.
૮૩. પૂ. શ્રીદત્તાબાઈ મ.
૮૪. પૂ. શ્રુતિબાઈ મ.
૮૫. પૂ. ભાવનાબાઈ મ.
૮૬. પૂ. ભવિતાબાઈ મ.
૮૭. પૂ. જીજ્ઞેષાબાઈ મ.
૮૮. પૂ. શ્રેયાંસીબાઈ મ.
૮૯. પૂ. પરિજ્ઞાબાઈ મ.
૯૦. પૂ. શ્વેતાંસીબાઈ મ.
૯૧. પૂ. સુબોધિકાબાઈ મ.
૯૨. પૂ. શીલાબાઈ મ.
૯૩. પૂ. હેમાંશીબાઈ મ.
૯૪. પૂ. નમ્રતાબાઈ મ.
૯૫. પૂ. પત્રાબાઈ મ.
૯૬. પૂ. પૂર્વીબાઈ મ.
૯૭. પૂ. જાગૃતિબાઈ મ.
૯૮. પૂ. પ્રબોધિકાબાઈ મ.
૯૯. પૂ. પ્રિયલબાઈ મ.
૧૦૦. પૂ. સ્વરૂપાબાઈ મ.
૧૦૧. પૂ. સુહાનીબાઈ મ.
૧૦૨. પૂ. હૃદયાબાઈ મ.
૧૦૩. પૂ. વૈદેહીબાઈ મ.
૧૦૪. પૂ. ભવ્યાંશીબાઈ મ.
૧૦૫. પૂ. જયણાબાઈ મ.
૧૦૬. પૂ. સંબોહીબાઈ મ.
૧૦૭. પૂ. ભવ્યાનીબાઈ મ.

# શ્રુત સેવાનો સત્કાર

## શ્રુતાધાર (મુખ્યદાતા)

## માતુશ્રી મંજુલાબેન છબીલદાસ ચૂડગર
## શ્રીમતી આરતી કેતન ચૂડગર

દિશા વિહીન નાવ મંઝીલ – કિનારાને પ્રાપ્ત થતી નથી. ચારે દિશામાં ભટકતી નાવ ગતિ ઘણી કરે પણ લક્ષ્યને પ્રાપ્ત કરી શકતી નથી. તે નાવિકને ધ્રુવતારો દેખાય જાય અને તેના આધારે દિશા શોધી લે, તો અલ્પ પ્રયાસે મંઝીલે પહોંચી જાય છે.

દિશાવિહીન આજની યુવા પેઢીના રાહબર બન્યા છે **પૂ. ગુરુદેવ શ્રી નમ્રમુનિ મ.સા.** યુવા કેતનભાઈ – આરતીબેનના સદ્‌ભાગ્ય જાગ્યા કે તેઓને ધ્રુવતારક સદ્‌ગુરુ મળી ગયા.

વઢવાણ નિવાસી માતા મંજુલાબેન અને પિતા છબીલદાસભાઈએ પોતાના ત્રણે પુત્રો કેતનભાઈ, રાજેશભાઈ અને શૈલેષભાઈ તથા સુપુત્રી અલ્પા ભાવેશકુમાર શાહને સુસંસ્કારોથી સજ્જ કર્યા અને જીવનને કૃતાર્થ માન્યું. મુંબઈ નગરીમાં વસતા કેતનભાઈ અને આરતીબેન ધર્મ શ્રદ્ધાવંત તો હતા, પણ તે માર્ગે સક્રિય ન હતા. તેઓને ઉપાશ્રય, સંત કે અનુષ્ઠાનોમાં રસ ન હતો. બસ કમાવું, ખાવું-પીવું અને મોજ-મજા કરવી, તે જીવન હતું.

આવા સમયે ધ્રુવતારક પૂ. ગુરુદેવનું સાંનિધ્ય પ્રાપ્ત થયું અને જીવનની દિશા પલટાઈ ગઈ. ગુરુ ચરણે જીવન સમર્પિત થયું. શ્વાસે શ્વાસે ગુરુનાદ ગુંજવા લાગ્યો. અર્હં બનવા અર્હં ગ્રુપમાં તન, મન, ધનથી સેવારત બન્યા અને ગુરુદેવની પ્રેરણા પ્રાપ્ત કરી અધ્યાત્મની તળેટીથી શિખર તરફ પગલા પડવા લાગ્યા. આજે તેઓ બંને અર્હં યુવા ગ્રુપ – બોરીવલીના સક્રિય કાર્યકર્તા તો છે જ સાથે લુક એન્ડ લર્ન જ્ઞાનધામમાં સમય અને સેવા આપી રહ્યા છે. સુપુત્રી ધ્રુવી પણ ગુરુ આજ્ઞાને શિરોધાર્ય કરી લક્ષ્યપૂર્વક પ્રગતિના પંથે છે.

**પૂ. ગુરુદેવશ્રીના ૩૯ માં જન્મદિને** ગુરુદેવના દિવ્યજ્ઞાનને વધાવવા આગમ પ્રકાશનના શ્રુતાધાર બની શ્રુતસેવાના સહભાગી બન્યા છે... તે બદલ અમો તેમના આભારી છીએ.

**ગુરુપ્રાણ પ્રકાશન**

PARASDHAM

# શાસ્ત્ર સ્વાધ્યાય
## સદ્‌વિવેક

- તીર્થંકર પ્રભુના પવિત્ર ઉપદેશરૂપ આગમગ્રંથો દરેક ધર્મનિષ્ઠ સ્વાધ્યાયપ્રેમી શ્રમણોપાસકે પોતાના ઘરમાં વસાવવા જોઈએ.
- તીર્થંકરોની અનુપસ્થિતિમાં તીર્થંકરોના ઉપદેશરૂપ ગ્રંથો સાક્ષાત્ તીર્થંકર તુલ્ય માનીને આગમગ્રંથોને ઘરમાં કબાટ કે શોકેશમાં સુવ્યવસ્થિત રૂપે રાખવા.
- પ્રતિદિન તીર્થંકરોને સ્મૃતિપટ પર લાવી અહોભાવપૂર્વક ત્રણ ભાવ વંદન કરવા .
- ઘરના સદસ્યોએ સાથે મળી શ્રધ્ધાપૂર્વક આગમવાંચન કરવું.
- વિનય ધર્મનું મૂળ છે તેથી શાસ્ત્ર સ્વાધ્યાય માટે ગુરુની આજ્ઞા લેવી.
- ૩૨ આગમગ્રંથોમાંથી કાલિક સૂત્રના મૂળપાઠનો સ્વાધ્યાય દિવસના પ્રથમ અને ચોથા પ્રહરમાં અને ઉત્કાલિક સૂત્રના મૂળપાઠનો સ્વાધ્યાય અસ્વાધ્યાય કાલને છોડીને એટલે કે બે સંધ્યા અને બે મધ્યાહ્ન કાલીન ૪૮ મિનિટને છોડીને ગમે ત્યારે કરી શકાય છે.
- પ્રાતઃ ઉષાકાલ, સંધ્યાકાલ, મધ્યાહ્ન અને અર્ધરાત્રિએ બે – બે ઘડી શાસ્ત્રનો મૂળપાઠ વાંચવો નહીં.
- ૩૨ અસ્વાધ્યાયમાં શાસ્ત્ર સ્વાધ્યાય થાય નહીં.
- ઘરમાં સંડાસ – બાથરૂમ હોય, સ્ત્રીઓને માસિકધર્મ હોય, વગેરે કારણોથી ઘરમાં આગમ રાખવાથી અશાતના થાય, તેવી માન્યતા યોગ્ય નથી કારણકે સાધ્વીજી પોતાની પાસે આગમ ગ્રંથો રાખે છે.
- માસિક ધર્મવાળા બહેનોએ શાસ્ત્રના મૂળપાઠનો સ્વાધ્યાય કરવો નહીં. તે વ્યક્તિની સામે પણ સ્વાધ્યાય કરવો નહીં. તેનાથી દૂર અલગ સ્થાનમાં બેસીને સ્વાધ્યાય કરી શકાય છે. ગુજરાતી અનુવાદ, ભાવાર્થ, વિવેચન, માસિક ધર્મમાં પણ બહેનો વાંચી શકે છે. તેમાં કોઈ જાતની અશાતના નથી.
- **આ સમસ્ત નિયમો મૂળપાઠ વાંચવા કે સ્વાધ્યાય કરવા માટેના છે.** કેવળ શાસ્ત્રોના ગુજરાતી ભાવાર્થ વાંચવા હોય, તો ઉપરોક્ત નિયમો લાગુ પડતા નથી.
- આગમગ્રંથોના આધારે જ ભૂતકાલમાં અનંત જીવોએ આત્મકલ્યાણ કર્યું છે. આગમગ્રંથોના આધારે જ પાંચમા આરાના અંત સુધી જિનશાસન જયવંતું રહેશે. તેથી આગમગ્રંથોનું સંપૂર્ણતઃ બહુમાન જાળવવું.

# વિષયાનુક્રમણિકા


| વિષય | પૃષ્ટ | વિષય | પૃષ્ટ |
|---|---|---|---|
| પૂ. શ્રી ડુંગરસિંહજી મ.સા.નું જીવન દર્શન | 16 | જ્યોતિષી દેવોના પ્રકાર | ૨૧ |
| પૂ. શ્રી પ્રાણલાલજી મ.સા.નું જીવન દર્શન | 18 | દેવોના પ્રકાર | ૨૧ |
| પૂ. શ્રી રતિલાલજી મ.સા.નું જીવન દર્શન | 20 | પરિચારણા | ૨૧ |
| પૂર્વ પ્રકાશનના બે બોલ | 22 | ચમરેન્દ્ર, બલીન્દ્રની અગ્રમહિષીઓ | ૨૨ |
| પુનઃ પ્રકાશનના બે બોલ | 24 | ઈન્દ્રોની સેનાઓ-સેનાધિપતિઓ | ૨૨ |
| અભિગમ | 26 | પરિષદના દેવોની સ્થિતિ | ૨૭ |
| સંપાદકીય | 31 | પ્રતિઘાતના પ્રકાર | ૨૭ |
| સંપાદન અનુભવો | 43 | આજીવકના પ્રકાર | ૨૮ |
| અનુવાદિકાની કલમે | 46 | રાજચિહ્નો | ૨૯ |
| ૩૨ અસ્વાધ્યાય | 50 | ઉપસર્ગ સહેવા માટેની ચિંતનિકાઓ | ૨૯ |
| **શાસ્ત્ર પ્રારંભ** | | હેતુ-અહેતુઓનું નિરૂપણ | ૩૩ |
| **સ્થાન-૫ : ઉદ્દેશક-૧** | | કેવળજ્ઞાનીના અનુત્તર સ્થાનો | ૩૬ |
| પરિચય | ૧ | તીર્થંકરોના જન્માદિ સમયના નક્ષત્રો | ૩૬ |
| મહાવ્રત-અણુવ્રત | ૩ | **સ્થાન-૫ : ઉદ્દેશક-૨** | |
| ઈન્દ્રિય વિષયના ત્યાગ-અત્યાગનું ફળ | ૪ | મહાનદી પાર કરવાની મર્યાદા | ૪૦ |
| દુર્ગતિ-સુગતિના કારણો | ૬ | વર્ષાવાસ કલ્પમાં વિહાર નિષેધ | ૪૧ |
| ભદ્રા આદિ પડિમા | ૬ | ગુરુ પ્રાયશ્ચિત | ૪૨ |
| સ્થાવરકાય અને તેના અધિપતિદેવો | ૭ | અંતઃપુર પ્રવેશ નિષેધના અપવાદો | ૪૨ |
| ક્ષુભિત-અક્ષુભિતજ્ઞાન | ૮ | ગર્ભધારણ-અધારણના કારણો | ૪૩ |
| નૈરયિકાદિના શરીરમાં વર્ણ, રસ | ૧૦ | નિર્ગ્રંથ-નિર્ગ્રંથીને સાથે રહેવાના કારણો | ૪૫ |
| ઔદારિકાદિ શરીરમાં વર્ણાદિ | ૧૧ | આશ્રવ-સંવર પ્રકાર | ૪૭ |
| દુર્ગમ અને સુગમ સ્થાનો | ૧૨ | દંડ પ્રકાર | ૪૮ |
| ખંતિ આદિ શ્રમણધર્મની અનુજ્ઞા | ૧૨ | ક્રિયાના પ્રકાર | ૪૮ |
| આહાર સંબંધિત અભિગ્રહો | ૧૩ | પરિજ્ઞાના પ્રકાર | ૫૧ |
| આસન સંબંધિત અભિગ્રહો | ૧૫ | આગમાદિ વ્યવહાર | ૫૧ |
| વૈયાવચ્ચનું ફળ | ૧૬ | ઈન્દ્રિય વિષયોની જાગૃતિ-સુષુપ્તિ | ૫૩ |
| સંબંધ વિચ્છેદ કરવાના કારણો | ૧૮ | આશ્રવ-સંવરના કારણો | ૫૪ |
| પારાંચિત પ્રાયશ્ચિત્તના કારણો | ૧૮ | પંચમાસિકી ભિક્ષુ પ્રતિમા | ૫૫ |
| ગચ્છ સંગઠન-વિઘટનના કારણો | ૧૯ | ચારિત્રની ઘાત અને વિશોધિ | ૫૫ |
| નિષિદ્યાના પ્રકાર | ૨૦ | દુર્લભ-સુલભબોધિ થવાના કારણો | ૫૬ |
| આર્જવ સ્થાન | ૨૦ | પ્રતિસંલીનતા-અપ્રતિસંલીનતા | ૫૭ |

| વિષય | પૃષ્ટ | વિષય | પૃષ્ટ |
|---|---|---|---|
| સંવર-અસંવરના પ્રકાર | ૫૮ | ગમનદષ્ટિએ મત્સ્ય તથા ભિક્ષુપ્રકાર | ૮૪ |
| સંયમના પ્રકાર | ૫૮ | યાચકના પ્રકાર | ૮૫ |
| આરંભ-અનારંભજનિત સંયમ-અસંયમ | ૫૯ | અચેલકપણાની પ્રશસ્તતા | ૮૬ |
| અગ્રબીજ આદિ વનસ્પતિ | ૬૧ | ઉત્કટ-શક્તિસંપન્ન પુરુષ પ્રકાર | ૮૬ |
| પંચાચાર | ૬૧ | સમિતિ | ૮૭ |
| આચાર પ્રકલ્પ | ૬૨ | સંસારી જીવોના પાંચ પ્રકાર | ૮૮ |
| જંબૂદ્વીપના વક્ષસ્કાર પર્વતો | ૬૩ | એકેન્દ્રિયાદિ જીવોની ગતિ-આગતિ | ૮૮ |
| દેવકુરુ-ઉત્તરકુરુના મહાદ્રહો | ૬૪ | સર્વ જીવોના પ્રકાર | ૮૯ |
| વક્ષસ્કાર પર્વતોનું પ્રમાણ | ૬૪ | કઠોળ યોનિનું કાળમાન | ૮૯ |
| ધાતકી ખંડ-પુષ્કરાર્દ્ધદ્વીપના પર્વતાદિ | ૬૫ | સંવત્સર-વર્ષના પ્રકાર | ૯૦ |
| સમય ક્ષેત્રમાં પંચ સંખ્યક સ્થાનો | ૬૫ | શરીરમાંથી જીવને નીકળવાના માર્ગ | ૯૨ |
| ઋષભદેવાદિની અવગાહના | ૬૫ | બંધાદિનો છેદ, ઉત્પાદકાળ | ૯૨ |
| જાગૃત થવાના કારણો | ૬૬ | અનંતના પ્રકાર | ૯૪ |
| સાધ્વીને અવલંબન આપવાના કારણો | ૬૬ | જ્ઞાન-જ્ઞાનવરણીયકર્મ પ્રકાર | ૯૫ |
| આચાર્ય-ઉપાધ્યાયના અતિશય | ૬૮ | સ્વાધ્યાય પ્રકાર | ૯૬ |
| આચાર્ય ઉપાધ્યાયના ગણત્યાગના કારણો | ૬૯ | પ્રત્યાખ્યાનની શુદ્ધિ | ૯૭ |
| ઋદ્ધિમાન મનુષ્યો | ૭૦ | પ્રતિક્રમણ પ્રકાર | ૯૭ |
| **સ્થાન–૫ : ઉદ્દેશક–૩** | | વાચના આદાન પ્રદાનના કારણો | ૯૮ |
| અસ્તિકાય દ્રવ્યો | ૭૧ | સૌધર્મ–ઈશાન દેવવિમાનના વર્ણ, ઊંચાઈ | ૯૯ |
| ગતિના પ્રકાર | ૭૨ | પુદ્ગલોનો ત્રૈકાલિક બંધ | ૯૯ |
| ઈન્દ્રિય વિષયો | ૭૨ | જંબૂદ્વીપની મહાનદીને સમર્પિત નદીઓ | ૧૦૦ |
| મુંડન પ્રકાર | ૭૩ | કુમારાવસ્થામાં દીક્ષિત તીર્થંકરો | ૧૦૦ |
| ત્રણે લોકમાં બાદર શરીરી જીવો | ૭૬ | ઈન્દ્રોની સભાઓ | ૧૦૧ |
| અચિત્ત વાયુ | ૭૭ | પાંચ તારાવાળા નક્ષત્રો | ૧૦૧ |
| નિર્ગ્રંથના પ્રકાર | ૭૭ | પાંચ જાતિ આશ્રી પાપકર્મનો સંચય | ૧૦૧ |
| સાધુને કલ્પનીય વસ્ત્ર અને રજોહરણ | ૭૯ | પાંચ પ્રદેશાદિ પુદ્ગલની અનંતતા | ૧૦૩ |
| સાધુના નિશ્રાસ્થાન | ૮૦ | **સ્થાન–૬** | |
| નિધિના પ્રકાર | ૮૧ | પરિચય | ૧૦૪ |
| શુદ્ધિકારક દ્રવ્યો | ૮૧ | ગણનાયકની યોગ્યતાઓ | ૧૦૬ |
| છદ્મસ્થ અને કેવળીના જ્ઞાનની ક્ષમતા | ૮૨ | સાધુ દ્વારા સાધ્વીને સહારો આપવાના કારણો | ૧૦૭ |
| મહાનરકાવાસ | ૮૩ | મૃત સાધુ–સાધ્વીનું અંત્યકાર્ય | ૧૦૮ |
| મહાવિમાન | ૮૩ | છદ્મસ્થ અને કેવળીના જ્ઞાનની ક્ષમતા | ૧૦૯ |
| સત્ત્વ આશ્રી પુરુષ પ્રકાર | ૮૩ | અસંભવિત કાર્યો | ૧૦૯ |

| વિષય | પૃષ્ટ | વિષય | પૃષ્ટ |
|---|---|---|---|
| જીવોના પ્રકાર | ૧૧૦ | ગોચરચર્યાના પ્રકાર | ૧૩૪ |
| તારા આકારના ગ્રહો | ૧૧૦ | અતિનિષ્કૃષ્ટ મહાનરક | ૧૩૪ |
| છ કાય જીવની અપેક્ષાએ ગતિ–આગતિ | ૧૧૧ | દેવલોકમાં વિમાન પ્રસ્તટ | ૧૩૫ |
| જ્ઞાન આશ્રી જીવના પ્રકાર | ૧૧૧ | ચંદ્રયોગી નક્ષત્રો | ૧૩૬ |
| તૃણ વનસ્પતિના પ્રકાર | ૧૧૨ | કુલકર ઊંચાઈ | ૧૩૭ |
| છ બોલની દુર્લભતા | ૧૧૨ | ભરતચક્રવર્તીનો રાજ્યકાળ | ૧૩૭ |
| ઈન્દ્રિયોના વિષયો | ૧૧૩ | પાર્શ્વનાથ પ્રભુના વાદી મુનિઓ | ૧૩૭ |
| ઈન્દ્રિય આશ્રી સંવર–અસંવર | ૧૧૩ | વાસુપૂજ્ય પ્રભુના સહદીક્ષિત સાધુઓ | ૧૩૭ |
| ઈન્દ્રિયજન્ય શાતા–અશાતા | ૧૧૪ | ચંદ્રપ્રભુનો છદ્મસ્થકાળ | ૧૩૭ |
| પ્રાયશ્ચિત્તના પ્રકાર | ૧૧૪ | આરંભ-અનારંભજનિત સંયમ-અસંયમ | ૧૩૮ |
| મનુષ્યોના પ્રકાર | ૧૧૫ | જંબૂદ્વીપના ક્ષેત્રો, પર્વતો, કૂટો | ૧૩૯ |
| કાલભેદ | ૧૧૭ | જંબૂદ્વીપના મહાદ્રહો | ૧૪૦ |
| સુષમ સુષમાકાલમાં આયુષ્ય, અવગાહના | ૧૧૭ | જંબૂદ્વીપની મહાનદીઓ, અંતરનદીઓ | ૧૪૦ |
| સંઘયણના પ્રકાર | ૧૧૮ | ધાતકીખંડ આદિમાં ક્ષેત્ર, પર્વતાદિ | ૧૪૨ |
| સંસ્થાનના પ્રકાર | ૧૧૯ | છ ઋતુ | ૧૪૨ |
| આત્માર્થી, અનાત્માર્થીનું પરિણમન | ૧૧૯ | ઘટતી, વધતી તિથિઓ | ૧૪૨ |
| આર્ય મનુષ્યોના પ્રકાર | ૧૨૦ | અર્થાવગ્રહના પ્રકાર | ૧૪૩ |
| લોકસ્થિતિ | ૧૨૧ | અવધિજ્ઞાનના પ્રકાર | ૧૪૪ |
| દિશાના પ્રકાર, તેમાં ગતિ આદિ | ૧૨૨ | ન બોલવા યોગ્ય વચન | ૧૪૫ |
| આહાર કરવા, ન કરવાના કારણો | ૧૨૩ | કલ્પ પ્રસ્તાર | ૧૪૫ |
| ઉન્માદના કારણો | ૧૨૪ | સાધ્વાચારની વિઘાતક પ્રવૃત્તિઓ | ૧૪૬ |
| પ્રમાદના પ્રકાર | ૧૨૫ | કલ્પસ્થિતિ | ૧૪૭ |
| પ્રમાદી–અપ્રમાદીની પ્રતિલેખના | ૧૨૫ | મહાવીર સ્વામીનું દીક્ષાદિ સમયનું તપ | ૧૪૮ |
| લેશ્યાના પ્રકાર | ૧૨૭ | દેવ વિમાનોની ઊંચાઈ | ૧૪૮ |
| લોકપાલની અગ્રમહિષી | ૧૨૭ | દેવોની અવગાહના | ૧૪૮ |
| છ પલ્યોપમની સ્થિતિવાળા દેવ | ૧૨૮ | ભોજન પરિણામ | ૧૪૯ |
| છ-છ મહત્તરિકા દેવીઓ | ૧૨૮ | વિષ પરિણામ | ૧૪૯ |
| છ-છ અગ્રમહિષી દેવીઓ | ૧૨૮ | પ્રશ્નોના પ્રકાર | ૧૪૯ |
| ભવનપતિ દેવોના સામાનિક દેવો | ૧૨૯ | ઉપપાત વિરહ સ્થાનો | ૧૫૦ |
| મતિના ભેદ-પ્રભેદ | ૧૨૯ | આયુબંધ સમયે બંધાતી પ્રકૃત્તિઓ | ૧૫૦ |
| બાહ્યાભ્યંતર તપના પ્રકાર | ૧૩૧ | પરભવના આયુબંધનો સમય | ૧૫૧ |
| વાદના છ પ્રકાર | ૧૩૨ | ઔદાયિકાદિ ભાવ | ૧૫૨ |
| ક્ષુદ્ર પ્રાણીના પ્રકાર | ૧૩૩ | પ્રતિક્રમણ પ્રકાર | ૧૫૩ |

| વિષય | પૃષ્ટ | વિષય | પૃષ્ટ |
|---|---|---|---|
| છ તારાવાળા નક્ષત્રો | ૧૫૩ | છદ્મસ્થ અને કેવળીના જ્ઞાનની ક્ષમતા | ૧૯૧ |
| છ કાય જીવો આશ્રી પાપકર્મનો સંચય | ૧૫૩ | પ્રભુ મહાવીરની ઊંચાઈ | ૧૯૨ |
| છ પ્રદેશાદિ પુદ્‌ગલની અનંતતા | ૧૫૪ | વિકથા | ૧૯૨ |
| **સ્થાન–૭** | | આચાર્ય-ઉપાધ્યાયના અતિશય | ૧૯૩ |
| પરિચય | ૧૫૫ | આરંભ આશ્રી સંયમ-અસંયમ | ૧૯૪ |
| ગણ ત્યાગના કારણો | ૧૫૭ | ધાન્યયોનિનું કાલમાન | ૧૯૫ |
| વિભંગજ્ઞાનના પ્રકાર | ૧૫૯ | આયુષ્ય સ્થિતિ | ૧૯૬ |
| અંડજાદિ યોનિ પ્રકાર | ૧૬૩ | અગ્રમહિષીઓ | ૧૯૬ |
| અંડજાદિ જીવોની ગતિ-આગતિ | ૧૬૩ | દેવ સ્થિતિ, પરિવાર, ઊંચાઈ આદિ | ૧૯૭ |
| આચાર્યાદિના સંગ્રહ-અસંગ્રહ સ્થાન | ૧૬૪ | નંદીશ્વરદ્વીપની અંતરાલના દ્વીપ-સમુદ્રો | ૧૯૮ |
| આહાર, પાણી, સ્થાન સંબંધી પ્રતિમા | ૧૬૬ | શ્રેણીના પ્રકાર | ૧૯૮ |
| આચાર-ચૂલા | ૧૬૭ | દેવોની સેના અને સેનાધિપતિઓ | ૨૦૦ |
| સપ્ત સપ્તમિકા ભિક્ષુ પ્રતિમા | ૧૬૭ | વચનના પ્રકાર | ૨૦૫ |
| અધોલોક સ્થિતિ | ૧૬૮ | વિનયના ભેદ-પ્રભેદ | ૨૦૫ |
| બાદર વાયુકાયિકના પ્રકાર | ૧૬૯ | સમુદ્‌ઘાત | ૨૦૮ |
| અજીવ સંસ્થાન | ૧૭૦ | પ્રવચન નિહ્નવ | ૨૦૮ |
| ભયસ્થાન | ૧૭૦ | શાતા-અશાતા વેદનીયનું ફળ | ૨૧૬ |
| છદ્મસ્થ અને કેવળીના લક્ષણો | ૧૭૦ | સાત તારા અને પૂર્વાદિ દ્વારવાળા નક્ષત્રો | ૨૧૭ |
| ગોત્ર પરિચય | ૧૭૧ | કુલકોટિ | ૨૧૮ |
| નયના પ્રકાર | ૧૭૩ | પાપકર્મનો ચય-ઉપચય | ૨૧૮ |
| સપ્ત સ્વર સ્વરૂપ | ૧૭૪ | પુદ્‌ગલ સ્કંધની અનંતતા | ૨૧૯ |
| કાયક્લેશ તપના પ્રકાર | ૧૮૨ | **સ્થાન–૮** | |
| જંબૂદ્વીપના ક્ષેત્રો-પર્વતો-નદીઓ | ૧૮૨ | પરિચય | ૨૨૦ |
| કુલકર | ૧૮૫ | એકલવિહારીના ગુણ | ૨૨૨ |
| દંડનીતિ | ૧૮૬ | અંડજાદિ યોનિ પ્રકાર | ૨૨૩ |
| ચક્રવર્તીના રત્ન | ૧૮૭ | અંડજાદિ જીવોની ગતિ-આગતિ | ૨૨૪ |
| દુઃષમા-સુષમા કાલના લક્ષણો | ૧૮૮ | કર્મોનો ચય-અપચય | ૨૨૪ |
| સંસારી જીવોના પ્રકાર | ૧૮૯ | આલોચના કરવા, ન કરવાના | ૨૨૫ |
| અકાલ મરણના કારણો | ૧૮૯ | કારણ અને પરિણામ | |
| કાય, લેશ્યાશ્રિત જીવોના પ્રકાર | ૧૯૦ | સંવર-અસંવર | ૨૩૨ |
| બ્રહ્મદત્ત ચક્રવર્તીની ઊંચાઈ, આયુ | ૧૯૦ | સ્પર્શના પ્રકાર | ૨૩૩ |
| મલ્લિનાથ પ્રભુના સહ પ્રવ્રજિત રાજાઓ | ૧૯૦ | લોકસ્થિતિ | ૨૩૩ |
| દર્શન પ્રકાર | ૧૯૧ | ગણિસંપદા | ૨૩૪ |
| છદ્મસ્થ વીતરાગને કર્મોદય | ૧૯૧ | મહાનિધિ | ૨૩૫ |

| વિષય | પૃષ્ટ | વિષય | પૃષ્ટ |
|---|---|---|---|
| સમિતિ | ૨૩૫ | જંબૂદ્વીપના મહાવિદેહની વિજય, પર્વતાદિ | ૨૫૪ |
| આલોચના કરાવનાર-કરનારના ગુણ | ૨૩૫ | ધાતકીખંડ-પુષ્કરાર્દ્ધ દ્વીપનાં સ્થાનો | ૨૫૯ |
| પ્રાયશ્ચિત્ત પ્રકાર | ૨૩૬ | ભદ્રશાલવનના કૂટ | ૨૫૯ |
| મદ પ્રકાર | ૨૩૭ | જંબૂદ્વીપની જગતી | ૨૬૦ |
| અક્રિયાવાદી | ૨૩૭ | જંબૂદ્વીપના પર્વતો; કૂટો | ૨૬૦ |
| શુભાશુભ સૂચક મહાનિમિત્ત | ૨૩૮ | દિશાકુમારી દેવીઓ | ૨૬૦ |
| વચન-વિભક્તિ | ૨૩૯ | તિર્યંચ મનુષ્ય મિશ્રોપન્નક દેવલોક | ૨૬૪ |
| છદ્મસ્થ અને કેવળીના જ્ઞાનની ક્ષમતા | ૨૪૧ | અષ્ટ અષ્ટમિકા ભિક્ષુ પ્રતિમા | ૨૬૪ |
| આયુર્વેદ પ્રકાર | ૨૪૨ | સંસાર સમાપન્નક જીવોના પ્રકાર | ૨૬૫ |
| અગ્રમહિષીઓ | ૨૪૨ | પ્રથમ—અપ્રથમ સમયાશ્રિત સંયમ પ્રકાર | ૨૬૬ |
| મહાગ્રહ | ૨૪૩ | આઠ પૃથ્વીઓ | ૨૬૬ |
| તૃણ વનસ્પતિના આઠ અંગ | ૨૪૩ | જાગૃત રહેવા યોગ્ય સ્થાન | ૨૬૭ |
| આરંભ-અનારંભજનિત સંયમ-અસંયમ | ૨૪૩ | દેવવિમાનની ઊંચાઈ | ૨૬૮ |
| આઠ સૂક્ષ્મ | ૨૪૪ | અરિષ્ટનેમિનો વાદી પરિવાર | ૨૬૯ |
| ભરતચક્રીના ઉત્તરવર્તી રાજાઓની ગતિ | ૨૪૫ | કેવલી સમુદ્‌ઘાતનું કાલમાન | ૨૬૯ |
| પાર્શ્વનાથ પ્રભુના ગણ અને ગણધર | ૨૪૫ | અનુત્તરોપપાતિક સાધુ સંખ્યા | ૨૭૦ |
| દર્શનના પ્રકાર | ૨૪૫ | વાણવ્યંતર દેવ અને ચૈત્યવૃક્ષ | ૨૭૦ |
| ઔપમિક કાલ | ૨૪૫ | સૂર્ય વિમાનનું અંતર | ૨૭૧ |
| અરિષ્ટનેમિની યુગાંતકર-પર્યાયાન્તકર ભૂમિ | ૨૪૬ | દ્વીપ—સમુદ્રના દ્વાર | ૨૭૨ |
| મહાવીર સ્વામીના દીક્ષિત રાજાઓ | ૨૪૭ | કર્મ સ્થિતિબંધ | ૨૭૨ |
| આહારના પ્રકાર | ૨૪૭ | તેઈન્દ્રિયની કુલકોટી | ૨૭૨ |
| કૃષ્ણરાજિ | ૨૪૭ | ગતિ આશ્રી પાપકર્મ સંચય | ૨૭૩ |
| લોકાન્તિક દેવો અને સ્થિતિ | ૨૪૯ | આઠ પ્રદેશી પુદ્‌ગલની અનંતતા | ૨૭૩ |
| ધર્માસ્તિકાયના મધ્યપ્રદેશ | ૨૫૦ | **સ્થાન—૯** | |
| મહાપદ્મપ્રભુના શાસનમાં દીક્ષિત રાજાઓ | ૨૫૦ | પરિચય | ૨૭૪ |
| કૃષ્ણવાસુદેવની પટ્ટરાણીઓ | ૨૫૦ | ગચ્છથી અલગ કરવાના કારણો | ૨૭૫ |
| પૂર્વગત વસ્તુ | ૨૫૧ | આચારાંગ સૂત્રના અધ્યયન | ૨૭૫ |
| ગતિના પ્રકાર | ૨૫૧ | બ્રહ્મચર્યની વાડ | ૨૭૬ |
| દેવ-દેવીઓના અષ્ટ યોજનવાળા દ્વીપ | ૨૫૨ | ચોથા-પાંચમાં તીર્થંકર વચ્ચેનું અંતર | ૨૭૭ |
| આઠ લાખ યોજન ચક્રવાલ વિષ્કંભ | ૨૫૨ | નવ તત્ત્વ-સદ્‌ભાવ પદાર્થ | ૨૭૮ |
| કાકણી રત્ન | ૨૫૨ | સંસારી જીવ અને તેની ગતિ-આગતિ | ૨૭૮ |
| માગધ-યોજનનું માપ | ૨૫૩ | સર્વ જીવ પ્રકાર, અવગાહનાદિ | ૨૭૯ |
| જંબૂવૃક્ષ અને કૂટ શાલ્મલી વૃક્ષની ઊંચાઈ | ૨૫૩ | રોગોત્પત્તિના કારણો | ૨૮૦ |
| તિમિસ્ર-ખંડપ્રપાત ગુફાની ઊંચાઈ | ૨૫૪ | દર્શનાવરણીય કર્મના ભેદ | ૨૮૧ |

| વિષય | પૃષ્ટ | વિષય | પૃષ્ટ |
|---|---|---|---|
| જ્યોતિષી દેવો | ૨૮૧ | સ્થાન-૧૦ | |
| જંબૂદ્વીપમાં પ્રવેશતા મત્સ્યો | ૨૮૨ | પરિચય | ૩૧૬ |
| બલદેવ-વાસુદેવના પિતા | ૨૮૨ | લોકસ્વભાવ | ૩૧૭ |
| ચક્રવર્તીના નવનિધિ | ૨૮૩ | શબ્દ ધ્વનિના પ્રકાર | ૩૧૯ |
| વિગયના પ્રકાર | ૨૮૭ | દેશ અને સર્વથી ઈન્દ્રિયનું વિષય ગ્રહણ | ૩૧૯ |
| શરીરના નવ સ્રોત | ૨૮૮ | અચ્છિન્ન પુદ્‌ગલ ચલિત થવાના કારણો | ૩૨૦ |
| પુણ્ય પ્રકાર | ૨૮૮ | ક્રોધોત્પત્તિના કારણો | ૩૨૧ |
| પાપબંધક સ્થાનો | ૨૯૦ | સંયમ-અસંયમ | ૩૨૨ |
| પાપશ્રુત પ્રસંગ | ૨૯૦ | સંવર-અસંવર | ૩૨૩ |
| નિપુણ વ્યક્તિઓ | ૨૯૦ | શ્રેષ્ઠતા આધારિત અહં પ્રકાર | ૩૨૪ |
| મહાવીર સ્વામીના નવ ગણ | ૨૯૧ | સમાધિ-અસમાધિ સ્થાન | ૩૨૪ |
| નવકોટિ શુદ્ધ આહાર | ૨૯૨ | પ્રવ્રજ્યા | ૩૨૫ |
| ઈશાનકલ્પના નવ સંખ્યક સ્થાન | ૨૯૨ | શ્રમણ ધર્મ | ૩૨૫ |
| લોકાંતિક-ગ્રૈવેયક વિમાન | ૨૯૩ | વૈયાવૃત્ય | ૩૨૬ |
| આયુષ્ય પરિણામ | ૨૯૪ | જીવપરિણામ | ૩૨૬ |
| નવ નવમિકા ભિક્ષુ પ્રતિમા | ૨૯૫ | અજીવ પરિણામ | ૩૨૭ |
| પ્રાયશ્ચિત્ત પ્રકાર | ૨૯૫ | આકાશ અને ઔદારિક સંબંધી અસ્વાધ્યાય | ૩૨૮ |
| જંબૂદ્વીપના કૂટ | ૨૯૬ | આરંભ-અનારંભજનિત સંયમ-અસંયમ | ૩૨૯ |
| ભગવાન પાર્શ્વનાથની ઊંચાઈ | ૨૯૯ | સૂક્ષ્મના પ્રકાર | ૩૩૦ |
| તીર્થંકર નામ કર્મ બાંધનારા જીવો | ૩૦૦ | જંબૂદ્વીપની મહાનદીઓ | ૩૩૦ |
| ભાવી તીર્થંકર | ૩૦૨ | દશ રાજધાનીઓ અને રાજાઓ | ૩૩૧ |
| ભાવીના મહાપદ્મ તીર્થંકર | ૩૦૩ | જંબૂદ્વીપના મેરુપર્વતનું માપ | ૩૩૨ |
| નક્ષત્રસૂત્ર | ૩૧૨ | દિશા અને નામોત્પત્તિ | ૩૩૨ |
| દેવવિમાનની ઊંચાઈ | ૩૧૩ | લવણ સમુદ્ર | ૩૩૩ |
| કુલકરની ઊંચાઈ આદિ | ૩૧૩ | પાતાળ કળશ | ૩૩૪ |
| તીર્થ પ્રવર્તન સમય | ૩૧૩ | ધાતકીખંડ આદિના મેરુનું માપ | ૩૩૫ |
| અંતર્દ્વીપનું માપ | ૩૧૩ | વૃત્તવૈતાઢ્ય પર્વત | ૩૩૫ |
| શુક્ર ગ્રહ વીથિ | ૩૧૩ | જંબૂદ્વીપના ક્ષેત્રો | ૩૩૬ |
| નોકષાય વેદનીય કર્મ | ૩૧૪ | મધ્યલોકના કેટલાક પર્વતોનું માપ | ૩૩૬ |
| કુલકોટી | ૩૧૪ | દ્રવ્યાનુયોગના પ્રકાર | ૩૩૭ |
| પાપ કર્મનો ચય-ઉપચય | ૩૧૫ | ઉત્પાત પર્વત | ૩૩૮ |
| નવ પ્રદેશી પુદ્‌ગલની અનંતતા | ૩૧૫ | તિર્યંચ અવગાહના | ૩૪૧ |
| | | તીર્થંકર વચ્ચેનું અંતર | ૩૪૧ |

| વિષય | પૃષ્ટ | વિષય | પૃષ્ટ |
|---|---|---|---|
| અનંતના પ્રકાર | ૩૪૧ | નારકોના દસ પ્રકાર | ૩૭૩ |
| પૂર્વવસ્તુ | ૩૪૨ | દેવ, નારકોની સ્થિતિ | ૩૭૪ |
| પ્રતિસેવનાના પ્રકાર | ૩૪૨ | કલ્યાણકારી કાર્યો | ૩૭૫ |
| આલોચના દોષ | ૩૪૩ | આશંસા-(ઈચ્છા)પ્રયોગ | ૩૭૬ |
| આલોચના કરનાર, કરાવનારના ગુણ | ૩૪૪ | લૌકિક, લોકોત્તર ધર્મ | ૩૭૬ |
| પ્રાયશ્ચિત્ત પ્રકાર | ૩૪૫ | સ્થવિરોના પ્રકાર | ૩૭૭ |
| મિથ્યાત્વના પ્રકાર | ૩૪૬ | પુત્રના પ્રકાર | ૩૭૭ |
| તીર્થંકર, વાસુદેવના આયુષ્યાદિ | ૩૪૬ | કેવળીના દસ અનુત્તર સ્થાન | ૩૭૮ |
| ભવનવાસી દેવો અને તેના ચૈત્યવૃક્ષ | ૩૪૭ | કુરુક્ષેત્ર અને શાશ્વત વૃક્ષ | ૩૭૮ |
| દસ પ્રકારના સુખ | ૩૪૮ | દુઃષમ, સુષમ કાળના લક્ષણો | ૩૭૯ |
| ઉપઘાત-વિશોધિ | ૩૪૮ | કલ્પવૃક્ષ પ્રકાર | ૩૮૦ |
| સંકલેશતા-અસંક્લેશતા | ૩૪૯ | ભૂત-ભાવી કુલકર | ૩૮૦ |
| બળના પ્રકાર | ૩૫૦ | વક્ષસ્કાર પર્વતો | ૩૮૧ |
| સત્ય ભાષાના પ્રકાર | ૩૫૦ | કલ્પોપપન્નક દેવલોક | ૩૮૨ |
| અસત્ય ભાષાના પ્રકાર | ૩૫૨ | દસ દશમિકા ભિક્ષુ પ્રતિમા | ૩૮૨ |
| સત્યમૃષા ભાષાના પ્રકાર | ૩૫૨ | સંસારી જીવ અને સર્વજીવ પ્રકાર | ૩૮૨ |
| દષ્ટિવાદના અન્ય નામો | ૩૫૩ | શતાયુષ્ક દશા | ૩૮૩ |
| શસ્ત્રના પ્રકાર | ૩૫૪ | તૃણ વનસ્પતિના અંગ | ૩૮૪ |
| વાદ સંબંધી દોષો | ૩૫૪ | વિદ્યાધર, આભિયોગિક શ્રેણીના માપ | ૩૮૪ |
| શુદ્ધ વાગ્-અનુયોગ | ૩૫૭ | ગ્રૈવેયક વિમાન | ૩૮૫ |
| દાનના પ્રકાર | ૩૫૮ | તેજોલેશ્યાની ભસ્મ કરવાની પ્રક્રિયા | ૩૮૫ |
| ગતિના પ્રકાર | ૩૫૯ | દસ અચ્છેરા | ૩૮૮ |
| મુંડનના પ્રકાર | ૩૬૦ | નરક કાંડની જાડાઈ | ૩૯૩ |
| સંખ્યાનના પ્રકાર | ૩૬૦ | દ્વીપ-સમુદ્રાદિની ઊંડાઈ | ૩૯૪ |
| પ્રત્યાખ્યાનના પ્રકાર | ૩૬૧ | નક્ષત્રો | ૩૯૪ |
| શ્રમણ સમાચારી | ૩૬૩ | જ્ઞાન વૃદ્ધિકર નક્ષત્રો | ૩૯૪ |
| ભગવાન મહાવીરના દસ સ્વપ્ન | ૩૬૩ | કુલકોટી | ૩૯૫ |
| સમ્યક્ત્વની દસ રુચિ | ૩૬૭ | જાતિઆશ્રી પાપ સંચય | ૩૯૫ |
| સંજ્ઞાના પ્રકાર | ૩૬૭ | દસ પ્રદેશી પુદ્ગલની અનંતતા | ૩૯૬ |
| નારકોની વેદના | ૩૬૮ | **પરિશિષ્ટ–૧** | |
| | | વિવેચિત વિષયોની અકારાદિ અનુક્રમણિકા | ૩૯૭ |
| છદ્મસ્થ અને કેવળીના જ્ઞાનની ક્ષમતા | ૩૬૮ | **પરિશિષ્ટ–૨** | |
| દસ દશા વર્ણન | ૩૬૯ | પ્રવ્રજ્યાનાં કારણો સંબંધિત કથાનકો | ૪૦૧ |
| અવસર્પિણી, ઉત્સર્પિણીકાલની સ્થિતિ | ૩૭૩ | | |

# ગોંડલ ગચ્છાધિપતિ, એકાવતારી આચાર્ય પ્રવર
# પૂ. ગુરુદેવ શ્રી ડુંગરસિંહજી મ.સા.
# જીવન દર્શન

**નામ** : શ્રી ડુંગરસિંહભાઈ.

**જન્મ** : વિ. સં. ૧૭૯૨.

**જન્મભૂમિ** : માંગરોળ.

**પિતાશ્રી** : ધર્મનિષ્ઠ શ્રી કમળસિંહભાઈ બદાણી.

**માતુશ્રી** : સંસ્કાર સંપન્ના શ્રીમતી હીરબાઈ.

**જન્મ સંકેત** : માતાએ સ્વપ્નમાં લીલોછમ પર્વત અને કેસરી સિંહને પોતાની સમીપે આવતો જોયો.

**ભ્રાતૃ ભગિની** : ચાર બેન – બે ભાઈ.

**વૈરાગ્ય નિમિત્ત** : પૂ. શ્રી રત્નચંદ્રજી મ.સા.નો ઉપદેશ.

**સંયમ સ્વીકાર** : વિ. સં. ૧૮૧૫ કારતક વદ – ૧૦ દિવબંદર.

**સદ્‌ગુરુદેવ** : પૂ. શ્રી રત્નચંદ્રજી મ.સા.

**સહ દીક્ષિત પરિવાર** : સ્વયં, માતુશ્રી હીરબાઈ, બહેન વેલબાઈ, ભાણેજી – માનકુંવરબેન અને ભાણેજ – હીરાચંદભાઈ.

**સંયમ સાધના** : અપ્રમત્તદશાની પ્રાપ્તિ માટે સાડા પાંચ વર્ષ નિદ્રાત્યાગ, જ્ઞાનારાધના, ધર્મશાસ્ત્રો, દર્શનશાસ્ત્રો અને તત્ત્વજ્ઞાનનો અભ્યાસ.

**તપ આરાધના** : રસેન્દ્રિય વિજયના વિવિધ પ્રયોગો, મિતાહાર. સ્વાધ્યાય, સાડાપાંચ વરસ નિદ્રાત્યાગ, ધ્યાનરૂપ આભ્યંતર તપ.

**ગોંડલ ગચ્છ સ્થાપના તથા આચાર્ય પદ પ્રદાન** : વિ. સં. ૧૮૪૫ મહાસુદ – ૫ ગોંડલ.

**જ્વલંત ગુણો** : વિનય, વિવેક, વિચક્ષણતા, વિરક્તિ, કરૂણા, સમયસૂચકતા વગેરે...

| | | |
|---|---|---|
| **પ્રમુખ શિષ્ય** | : | આચાર્ય પૂ. શ્રી ભીમજી સ્વામી. |
| **પ્રમુખ શિષ્યા** | : | પૂ. શ્રી હીરબાઈ મ., પૂ. શ્રી વેલબાઈ મ., પૂ. શ્રી માનકુંવરબાઈ મ. |
| **સાધુ સંમેલન** | : | વિ. સં. ૧૮૬૧માં આજ્ઞાનુવર્તી ૪૫ જેટલા સાધુ-સાધ્વીજીઓનું સંમેલન કરી સંતોની આચાર વિશુધ્ધિ માટે ૧૩ નિયમો બનાવ્યાં. |
| **વિહાર ક્ષેત્ર** | : | કાઠિયાવાડ, ઝાલાવાડ, કચ્છ, માંગરોળ, વેરાવળ, પોરબંદર, દીવબંદર આદિ કંઠાળ પ્રદેશમાં ગ્રામાનુગ્રામ. |
| **પ્રતિબોધિત શ્રાવકવર્ય** | : | શ્રી શોભેચંદ્ર કરસનજી શાહ – વેરાવળ. |
| **સ્થિરવાસ** | : | વિ. સં. ૧૮૭૧ ચૈત્ર સુદ – ૧૫ થી ગોંડલમાં. |
| **અનશન આરાધના** | : | વિ. સં. ૧૮૭૭ ફાગણ સુદ – ૧૩ થી અનશન પ્રારંભ, વૈશાખ સુદ – ૧૫ સમાધિમરણ. |
| **આયુષ્ય** | : | ૮૪ વર્ષ, સંયમ પર્યાય – ૬૨ વર્ષ, આચાર્ય પદ – ૩૨ વર્ષ. |
| **ઉત્તરાધિકારી** | : | આચાર્ય પૂ. શ્રી ભીમજી સ્વામી. |
| **ઉપનામ** | : | ગચ્છાધિપતિ, નિદ્રાવિજેતા, યુગપ્રધાન, એકાવતારી. |
| **પાટ પરંપરા** | : | ગોંડલ ગચ્છાધિપતિ આચાર્ય પ્રવર ગુરુદેવ પૂ. શ્રી ડુંગરસિંહજી મ.સા.<br>દ્વિતીય પટ્ટધર – આચાર્ય પૂ. શ્રી ભીમજી સ્વામી.<br>તૃતીય પટ્ટધર – આચાર્ય પૂ. શ્રી નેણસી સ્વામી.<br>ચતુર્થ પટ્ટધર – આચાર્ય પૂ. શ્રી જેસંગજી સ્વામી.<br>પંચમ પટ્ટધર – આચાર્ય પૂ. શ્રી દેવજી સ્વામી.<br>મહાતપસ્વી પૂ. શ્રી જયચંદ્રજી સ્વામી<br>યુગદૃષ્ટા તપસ્વી પૂ. શ્રી માણેકચંદ્રજી મ.સા.<br>સૌરાષ્ટ્ર કેસરી ગુરુદેવ પૂ. શ્રી પ્રાણલાલજી મ.સા.<br>તપસમ્રાટ ગુરુદેવ પૂ. શ્રી રતિલાલજી મ.સા. |
| **વિદ્યમાન વિચરતો પરિવાર** | : | ૧૧ સંતો, ૩૦૦ જેટલા સતિજીઓ. |

# સૌરાષ્ટ્ર કેસરી, મુનિપુંગવ
# પૂ. ગુરુદેવ શ્રી પ્રાણલાલજી મ.સા.
# જીવન દર્શન

| | |
|---|---|
| **શુભ નામ** | પ્રાણલાલભાઈ. |
| **જન્મભૂમિ** | વેરાવળ. |
| **પિતા** | શ્રીમાન શ્રી કેશવજીભાઈ મીઠાશા. |
| **માતા** | સંસ્કાર સંપન્ના કુંવરબાઈ. |
| **જ્ઞાતિ** | વીસા ઓસવાળ. |
| **જન્મદિન** | વિ. સં. ૧૯૫૪, શ્રાવણ વદ પાંચમ, સોમવાર. |
| **ભ્રાતૃ–ભગિની** | ચાર ભાઈ, ત્રણ બહેનો. |
| **વૈરાગ્ય બીજારોપણ** | બે વર્ષની બાલ્યવયે. |
| **વૈરાગ્ય ભાવ–પ્રગટીકરણ** | ૧૩ વર્ષની કુમાર અવસ્થામાં. |
| **સંયમ સ્વીકાર** | ૨૧ માં વર્ષે વિ. સં. ૧૯૭૬ ફાગણ વદ છઠ્ઠ, ગુરુવાર.<br>તા. ૧૩–૩–૧૯૨૦ |
| **દીક્ષા ભૂમિ** | બગસરા–દરબાર વાજસુરવાળાના ઉદ્યાનમાં વટવૃક્ષ નીચે. |
| **ગચ્છ પરંપરા** | ગોંડલ ગચ્છ. |
| **સંયમદાતા** | મહાતપસ્વી પૂ. જયચંદ્રજી મ.સા. |
| **શિક્ષા દાતા** | પરમ શ્રદ્ધેય તપસ્વી માણેકચંદ્રજી મ. સા. |
| **ધાર્મિક અભ્યાસ** | આગમજ્ઞાન, તત્ત્વજ્ઞાન, કથા સાહિત્ય, રાસ સાહિત્ય, વ્યાકરણ, મહાકાવ્યો, કર્મસાહિત્ય, જૈનેતર ગ્રંથોનું વિશાળ અવલોકન, દર્શન શાસ્ત્રના તજજ્ઞ. |
| **સંઘ નેતૃત્વ** | ત્રણ વર્ષની દીક્ષા પર્યાયે તપસ્વી પૂ. માણેકચંદ્રજી મ. સા. ના સંથારાના સમયથી. |
| **સેવા શુશ્રૂષા** | વડીલ સાત ગુરુભ્રાતા અને અનેક સંતોની સેવા કરી. |

| | |
|---|---|
| **સમાજોત્કર્ષ** | ચતુર્વિધ સંઘ સમાધિ માટે તારવેલા ત્રણ સિદ્ધાંત (૧) લોકોના પરોપકાર માટે દાનધર્મની પ્રધાનતા (૨) અ ખંડન વાદ (૩)નીતિ અને પ્રામાણિકતાનું આંદોલન, જૈન–જૈનેતરો (કાઠી, દરબાર, આહિર)ને સપ્ત વ્યસનથી મુક્તિ, અનેક સ્થાને સાધર્મિક રાહત યોજના. |
| **જ્ઞાન પ્રસાર** | રાજકોટ, ગોંડલ, જેતપુર, ધોરાજી, વડિયા, વેરાવળ, પોરબંદર, માંગરોળ, જામનગર, ભાવનગર વગેરે અનેક સ્થાને જ્ઞાન ભંડાર, વિદ્યાલયની સ્થાપના અને જીર્ણોધ્ધાર. |
| **દેહ વૈભવ** | લાવણ્યમયી મુદ્રા, સૂર્ય સમ તેજસ્વી મુખ, ચંદ્રસમી શાંત આભા, વિશાળ ભાલ, નૂરભર્યા નયનો, ઘૂઘરાળા કેશ, વીણા જેવો સુમધુર કંઠ અને સિંહ જેવી ગર્જના. |
| **આભ્યંતર વૈભવ** | વિનય સંપન્નતા, વિવેક, સાદાઈ, પ્રેમ, વૈરાગ્ય, સેવા, પ્રવચન–પટુતા, ગુરુચરણ સેવા, દીર્ઘ દષ્ટિ, ત્યાગમસ્તી. |
| **વિહાર ક્ષેત્ર** | સૌરાષ્ટ્ર, ગુજરાત. |
| **ગોંડલ ગચ્છ સંમેલન** | વિ. સં. ૨૦૦૭માં ગચ્છ ઐક્યતા માટે મહત્ત્વનું યોગદાન. |
| **ઉપનામ** | પંજાબ કેસરી કાશીરામજી મ. સા. દ્વારા પ્રદત્ત **'સૌરાષ્ટ્ર કેસરી'** |
| **સ્વહસ્તે દીક્ષિત પરિવાર** | ચાર સંત– તપોધની પૂ. રતિલાલજી મ. સા., અનશન આરાધક તપસ્વી પૂ. જગજીવનજી મ. સા., પૂ. નાના રતિલાલજી મ. સા., પરમ દાર્શનિક પૂ. જયંતમુનિજી મ. સા., પૂ. મોટા પ્રભાબાઈ મ. આદિ ૧૫ સતીજી. |
| **અંતિમ ચાતુર્માસ** | બગસરા. |
| **દેહ વિલય** | વિ. સં. ૨૦૧૩ માગસર વદ તેરસ, શનિવાર પ્રાતઃ ૭–૩૦ કલાકે ઈ. સ. ૨૯–૧૨–૧૯૫૬. |
| **અંતિમ વિધિ** | સાતલડી નદીના કિનારે (બગસરા) |
| **શિષ્ય પરિવાર** | વર્તમાને ૧૧૮ સંત–સતિજીઓ 'પ્રાણ પરિવાર' ના નામે સમગ્ર ભારતમાં પ્રસિદ્ધ છે. |

# તપસમ્રાટ પૂ. ગુરુદેવ શ્રી રતિલાલજી મ.સા. નું

# જીવન દર્શન

| | |
|---|---|
| **શુભ નામ** | રતિલાલભાઈ |
| **જન્મસ્થાન** | પરબવાવડી (સૌરાષ્ટ્ર) |
| **જન્મદિન** | આસોવદ અમાસ વિ. સં. ૧૯૬૯ |
| **પિતા** | શ્રીમાન માધવજીભાઈ રૈયાણી |
| **માતા** | સદાચાર સંપન્ના જમકુબાઈ |
| **વૈરાગ્ય ભાવ** | ૧૭ મા વર્ષે |
| **દીક્ષા** | ફાગણ વદ પાંચમ, ગુરુવાર વિ. સં. ૧૯૮૯–જૂનાગઢ |
| **ગુરુદેવ** | સૌરાષ્ટ્ર કેસરી પૂ. પ્રાણલાલજી મ.સા. |
| **ગચ્છ પરંપરા** | ગોંડલ ગચ્છ. |
| **અભ્યાસ યોગ** | વ્યાવહારિક– પાંચ ધોરણ, ધાર્મિક– ૧૯ આગમ કંઠસ્થ, શ્વેતામ્બર–દિગંબર સાહિત્ય, કાર્મગ્રંથિક સાહિત્ય, દાર્શનિક સાહિત્ય, વ્યાકરણ સાહિત્ય |
| **સાધના યોગ** | રાત્રિ–દિવસ નિરંતર જાગૃતદશાએ આત્મસાધના અલ્પનિદ્રા. |
| **સેવાયોગ** | વડીલ વૃદ્ધ ૯ સંતોની સેવા કરી. |
| **તપયોગ** | ૧૯ વર્ષ એકાંતર ઉપવાસ, ૯૯૯ આયંબિલ તપ(સાગાર), ૧૯ વર્ષ પાણીનો ત્યાગ, ૯ વર્ષ મકાઈ સિવાય શેષ અનાજ ત્યાગ. |

| | |
|---|---|
| **મૌનયોગ** | દીક્ષા પછી ૯ વર્ષ એકાંત મૌન સાધના. ઈ. સ. ૧૯૯૨ નવેમ્બરથી આજીવન મૌન આરાધના. |
| **પુણ્ય પ્રભાવ** | ગુરુદેવના પુણ્ય પ્રભાવે અનેક આત્માઓએ માસખમણ આદિ નાની મોટી તપશ્ચર્યાઓ તથા હજારોની સંખ્યામાં વર્ષીતપની આરાધના કરી છે. તેમજ દાન, શીલ અને ભાવની વૃદ્ધિ થઈ છે. |
| **વિહાર ક્ષેત્ર** | ગુજરાત, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, ઓરિસ્સા, બિહાર, બંગાળ |
| **જ્ઞાન અનુમોદન** | શ્રમણી વિદ્યાપીઠના પ્રેરક બની ૩૦ શિષ્યાઓ અને ૩૦ વૈરાગી બહેનોને અભ્યાસાર્થે રહેવાની આજ્ઞા આપી. ત્રણ સામૂહિક ચાતુર્માસ કરાવી શાસ્ત્રવાચના કરાવી. |
| **દીક્ષા પ્રદાનસંખ્યા** | ૧૪૫ મુમુક્ષુઓને અણગાર બનાવ્યા. |
| **આચરિત સૂત્રો** | જતું કરવું, ગમ ખાવો, વાદ–વિવાદ કે દલીલ ન કરવા, જે થાય તે સારા માટે, કોઈ પણ જીવની ટીકા કે નિંદા ન કરવી. |
| **જીવંત ગુણો** | વિશાળતા, ઉદારતા, માધ્યસ્થતા, સહિષ્ણુતા, ભદ્રિકતા, સમાધાન વૃત્તિ, જ્ઞાનરુચિ. |
| **અનશન પ્રત્યાખ્યાન** | ઈ. સ. ૧૯૯૨ રાજકોટમાં પૂ. ભાગ્યવંતાબાઈ મ. ને ૫૯ દિવસની અનશન આરાધના કરાવી. |
| **અંતિમ ચાતુર્માસ** | રાજકોટ, શ્રી રોયલપાર્ક સ્થાનકવાસી જૈન મોટા સંઘ સંચાલિત ઓમાનવાળા ઉપાશ્રય.(૧૯૯૭) |
| **મહાપ્રયાણ** | રાજકોટ, તા. ૮–૨–૧૯૯૮ મહા સુદ ૧૧ા રવિવાર મધ્યાહ્ન કાળે ૧.૩૫ કલાકે. |
| **અંતિમ દર્શન તથા પાલખી** | શ્રી રોયલ પાર્ક સ્થાનકવાસી જૈન મોટા સંઘ, રાજકોટ. |
| **અંતિમક્રિયા સ્થાન** | 'તપસમ્રાટ તીર્થધામ',<br>રાજકોટ–અમદાવાદ હાઈ–વે, સાત હનુમાન સામે, રાજકોટ. |

# પુનઃ પ્રકાશનના બે બોલ

(બીજી આવૃત્તિ)

તીર્થંકર ભગવાનના અમૃતસમા વચનોને 'આગમ' રૂપે ગણધર ભગવંતોએ ઝીલીને શિષ્ય પરંપરાને અર્પણ કર્યાઅને આપણને અમૃત વચનો પ્રાપ્ત થયા.

**તીર્થંકર ભગવાને અનંતજ્ઞાનને શ્રીમુખેથી પ્રગટકરી મહા ઉપકાર કર્યો...**

**ગણધર ભગવંતોએ આગમજ્ઞાનને હૃદયસ્થ કરી મહા ઉપકાર કર્યો...**

**શિષ્ય પરંપરાએ આગમ જ્ઞાનને કંઠસ્થ કરી મહા ઉપકાર કર્યો...**

**દેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણે આગમજ્ઞાનને ગ્રંથસ્થ કરી મહા ઉપકાર કર્યો...**

ગ્રંથસ્થ આગમોને અનેક આચાર્યોએ સમયાનુસાર લોકભોગ્ય ભાષાશૈલીમાં અનુવાદ કરીને સર્વજન સહજ બનાવ્યા. આ જ પરંપરામાં **સૌરાષ્ટ્રકેસરી પૂ. ગુરુદેવ શ્રી પ્રાણલાલજી મ. સા.** ની જન્મશતાબ્દી અવસરે તેમના જ પરિવારના મહાસતીજીઓએ ગુજરાતીમાં અનુવાદ કરીને જૈન સમાજની જ્ઞાન સાધનાને આગમિક બનાવવામાં બહુમૂલો ફાળો આપ્યો છે. આ મહા કાર્યમાં અપૂર્વ શ્રુત આરાધિકા પ્રધાન સંપાદિકા **ભાવયોગિની શ્રી લીલમબાઈ મ.** અને સહ સંપાદિકા **શ્રી આરતીબાઈ મ., શ્રી સુબોધિકાબાઈ મ.** ના સહયોગ મળ્યો છે.

આ આગમ બત્રીસીની પ્રથમ આવૃત્તિને ગુજરાતના દરેક સંપ્રદાયના સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકાઓનો બહોળો પ્રતિસાદ મળતા ટૂંક સમયમાં ૧૦૦૦ આગમ ગ્રંથો અનુપલબ્ધ થઈ ગયા અને પુનઃ પ્રકાશનની આવશ્યકતા ઉભી થઈ.

અહીં એક ખાસ ઉલ્લેખ કરવાનો કે જ્યારે પ્રથમવાર આગમ પ્રકાશનની તૈયારી ચાલતી હતી ત્યારે જ તપસમ્રાટ **પૂ. ગુરુદેવ શ્રી રતિલાલજી મ. સા.** એ શાસન પ્રભાવક પૂ. શ્રી નમ્રમુનિ મ. સા. પર કૃપાદૃષ્ટિ વરસાવી. તેમણે પાટીમાં લખી આપ્યું કે **નમ્રમુનિ આગમ પ્રકાશનનું કાર્ય સંભાળશે.**

પૂ. ગુરુદેવની દીર્ઘદષ્ટિ અને કૃપાદષ્ટિને અનુભવતા પૂ. ગુરુદેવ શ્રી નમ્રમુનિ મ. સા. એ અમોને આજ્ઞા આપી કે આપણે આગમ ગ્રંથો પ્રકાશનની બીજી આવૃતિ 'પારસધામ' ના ઉપક્રમે પ્રગટ કરવી છે.

પૂ. ગુરુદેવ શ્રી નમ્રમુનિ મ. સા. ની આજ્ઞાને શિરોધાર્ય કરીને પારસધામ - ઘાટકોપરના ઉપક્રમે ગુરુપ્રાણ આગમ બત્રીસીને પુનઃ પ્રગટ કરતા આનંદ અનુભવીએ છીએ.

અમારા આ અણમોલ કાર્યમાં અમને શ્રી ગિરીશભાઈ શાહ (હેમાણી)-U.S.A. તથા શ્રી જિતેનભાઈ શાહ (કલકત્તા) નો અનન્ય સહકાર મળ્યો, જેના કારણે અમારું કાર્ય સરળ બન્યું છે. અમારા આ કોમપ્યુટર કાર્યમાં શ્રી અમીનભાઈ આઝાદ તથા સ્નેહા અમીત દર્જીનો પણ સહકાર પ્રાપ્ત થયો છે. તેવી જ રીતે ઉદારદિલા દાતાશ્રીઓ એ પણ અમને સહયોગ આપીને અમારું કાર્ય વેગવાન બનાવેલ છે.

અમે તે સર્વના આભારી છીએ.

અંતમાં આગમ પ્રકાશન આપણા સહુના આત્માને અનંતજ્ઞાન પ્રાગટ્યમાં સહયોગી બને એ જ ભાવના.


શ્રી ગુરુપ્રાણ પ્રકાશન

PARASDHAM

વલ્લભબાગ લેન, તિલક રોડ, ઘાટકોપર(ઈસ્ટ), મુંબઈ - ૪૦૦૦૭૭

ફોન - ૩૨૦૪ ૩૨૩૨.

# પૂર્વ પ્રકાશકના બે બોલ

(પહેલી આવૃત્તિ)

અનંત તીર્થંકર સહ પ્રભુ મહાવીરના અનંત જ્ઞાનની અમૂલ્ય નિધિ છે આપણા આગમગ્રંથો. જેના માધ્યમથી જ જિનશાસન જયવંતું રહ્યું છે, રહે છે અને રહેશે. તેને જીવંત રાખવા અને જન જનનાં મન સુધી પહોંચાડવા તે પ્રત્યેક જૈન નામ ધરાવતી વ્યક્તિની પવિત્ર ફરજ છે. આ પવિત્ર ફરજને જ ધર્મ સમજીને જે તેનું આચરણ કરે છે અને પોતાનાં તન–મન અને ધનને તે કાર્યમાં સમર્પિત કરે છે, તેનું મનુષ્ય જીવન સફળ થાય છે. એટલું જ નહીં પરંતુ તે સાધક જિનશાસનની પ્રભાવનાનો અમૂલ્ય લાભ પ્રાપ્ત કરે છે.

આવો જ અપૂર્વ લાભ પ્રાપ્ત કરવા આપણા ગુજરાતી સમાજને માટે આગમોના મૂળ પાઠ તથા સરળ ગુજરાતી અનુવાદ વિવેચન સહિત પ્રકાશન કરવા માટે પૂ. મુક્ત લીલમ પરિવારને એક ચિંતનધારા જૂનાગઢની પુણ્યભૂમિ પર સ્પર્શી અને જેને રાજાણા નગરી રાજકોટમાં રોયલપાર્ક ઉપાશ્રયમાં સાકાર સ્વરૂપ મળ્યું.

આપણા સૌના પરમ ઉપકારી ગોંડલ ગચ્છાધિપતિ, નિદ્રા વિજેતા, એકાવતારી, યુગપુરુષ પૂ. શ્રી ડુંગરસિંહજી મ. સા.ની પાટ પરંપરાએ પૂ. શ્રી જય–માણેકના લાડીલા શિષ્યરત્ન સૌરાષ્ટ્ર કેસરી પૂ. શ્રી પ્રાણલાલજી મ. સા.ની જન્મ શતાબ્દી નિમિત્તે આ વિરાટ આયોજન કર્યું. પૂ. મહાસતીજીઓએ પોતાની ચિંતનધારાને પૂજ્ય ગુરુવર્યોની સમક્ષ પ્રગટ કરી. સહુના હર્ષોલ્લાસ અને આશીર્વાદ સાથે સ્વીકૃતિના સમાચાર પ્રાપ્ત થયા. રોયલપાર્ક સ્થા. જૈન મોટા સંઘની નિશ્રામાં અમે તુરંત સમિતિ રચવાની જાહેરાત કરી.

રાજકોટ પ્રાણ પરિવારના સામૂહિક ચાતુર્માસ દરમ્યાન જન્મ શતાબ્દી વર્ષ નિમિત્તે વિ. સં. ૨૦૫૩ સન્ ૧૯૯૭ માં "પૂ. પ્રાણગુરુ શતાબ્દી પ્રકાશન સમિતિ રાજકોટ"ની સ્થાપના થઈ. ત્યાર પછી તપસમ્રાટ શ્રી રતિલાલજી મ. સા., ગુજરાત કેસરી પૂ. શ્રી ગિરીશચંદ્રજી મ. સા. ઠા. પાંચ તથા પ્રાણ પરિવારના ૭૩ સાધ્વીજીઓના પાવન સાંનિધ્યમાં જન્મ શતાબ્દીના પ્રથમ ચરણની તપ–જપ, સાધના સાથે ભવ્ય રીતે ઉજવણી કરવામાં આવી.

શ્રી ગુરુ પ્રાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ દ્વારા ૩૨ આગમો અને પ્રાણગુરુ સ્મૃતિ ગ્રંથનું પ્રકાશન કરવાનું નિશ્ચિત થયું. આગમોનું લેખન કાર્ય પ્રાણ પરિવારના સતીવૃંદે સહર્ષ સ્વીકારી લીધું. આ રીતે સર્વ સમવાયનો સુયોગ થતાં કાર્યનો પ્રારંભ વેગવંત થયો અને બત્રીસ આગમો ક્રમશઃ ગુજરાતી ભાષામાં અનુવાદિત થયા.

આ પ્રકાશનના અણમોલ અવસરે આશીર્વાદ વરસાવી સહર્ષ સ્વીકૃતિ આપનાર તપ સમ્રાટ ગુરુદેવ **પૂ. શ્રી રતિલાલજી મ. સા.** તથા દરેક આગમના રહસ્યોને પ્રગટ કરતો, તત્ત્વોનું વાસ્તવિક દર્શન કરાવતો, આશીષ વરસાવતો અમારા ઉત્સાહને વધારતો અભિગમ પ્રેષિત કરનારા ગોંડલ ગચ્છના સંત શિરોમણિ પરમ દાર્શનિક **પૂ. શ્રી જયંતીલાલજી મ. સા.**, અમ માર્ગદર્શક ગુજરાત કેસરી **પૂ. શ્રી ગિરીશચંદ્રજી મ. સા.**, તથા આગમ દિવાકર **પૂ. શ્રી જનક મુનિજી મ. સા.** નીડર વક્તા **પૂ. શ્રી જગદીશમુનિજી મ. સા.** આદિ મુનિ ભગવંતો તથા આગમને સુવ્યવસ્થિત સ્વરૂપ આપનાર, અથાગ પરિશ્રમ સહિત નિઃસ્વાર્થ ભાવે સંપૂર્ણ સહયોગ આપનાર આગમ મનીષી **પૂ. શ્રી ત્રિલોકમુનિજી મ. સા.** ના પણ અમો ઋણી છીએ.

વાત્સલ્ય વરિષ્ઠા પૂજયવરા **પૂ. મુક્તાબાઈ મ.**, પ્રધાન સંપાદિકા અપૂર્વશ્રુત આરાધક **પૂ. લીલમબાઈ મ.**, અમ પ્રકાશન કાર્યના ઉદ્દ્ભાવિકા, ઉત્સાહધરા **પૂ. ઉષાબાઈ મ.**, સહ સંપદિકા **ડો. પૂ. શ્રી આરતીબાઈ મ.** તથા **પૂ. સુબોધિકાબાઈ મ.** અને પ્રાણ પરિવારના અનુવાદિકા સર્વ મહાસતીજીઓના અમે ઋણી છીએ.

શ્રુતાધાર સહયોગીઓ, અમ આગમ પ્રકાશનમાં નિષ્ઠાથી સેવા આપનાર શ્રી મુકુંદભાઈ પારેખ, શ્રી મણિભાઈ શાહ, શ્રી નવનીતભાઈ – તરૂબેન, કુમારી ભાનુબેન, શ્રી જયવંતભાઈ શાહ તથા આગમને કોમ્પ્યુટરાઈઝડ્ કરી મુદ્રણ કરી આપનાર ભાઈ શ્રી નેહલ હસમુખભાઈ મહેતાના અમો આભારી છીએ.

આગમ પ્રકાશન કાર્યમાં શુદ્ધિકરણનું ખૂબ જ ધ્યાન રાખવામાં આવ્યું છે. છતાં ક્યાં ય અશુદ્ધિ રહી ગઈ હોય તો શુદ્ધ વાંચી તે તરફ અમારું ધ્યાન દોરવા નમ્ર વિનંતી છે.

અંતમાં સૌના સહિયારા પુરુષાર્થ બદલ શ્રી ગુરુપ્રાણ ફાઉન્ડેશન સદાને માટે સૌના કૃતજ્ઞ બની રહેશે.

જય જિનેન્દ્ર

શ્રી ગુરુપ્રાણ ફાઉન્ડેશન – ટ્રસ્ટી મંડળ


શ્રી ચંદ્રકાંત માણેકચંદ શેઠ (પ્રમુખ)
શ્રી રમણીકલાલ નાગરદાસ શાહ (ચેરમેન)
શ્રી અશ્વિનભાઈ કુંભાણી (ટ્રેઝરર)
શ્રી ટી. આર. દોશી (ઉપપ્રમુખ)
શ્રી કે. પી. શાહ (ટ્રસ્ટી)
શ્રી કીરીટભાઈ શાહ (ટ્રસ્ટી)

# અભિગમ

ગોંડલ ગચ્છ શિરોમણી પરમ દાર્શનિક
પૂ. શ્રી જયંતમુનિ મ.સા.

શ્રી ઠાણાંગ સૂત્રના ભાવો જ્યારે સાંભળીએ છીએ ત્યારે તેમાં ક્રમપૂર્વક બોલ અને તેનું વૈવિધ્ય એટલું બધું વિશાળ છે તથા વિસ્તૃત ભાવોને આવરી લે છે, તેનો જો વિચાર કરીએ તો એક લીંબડાના લાખો પાંદડા હોય, તે બધાં પાંદડાઓની ગણત્રી કરવા જેવું કઠિન કામ છે. જો કે પાંદડા તો બધાં એક સરખા હોય છે પરંતુ વિશાળકાય લીંબડા જેવા સ્થાનાંગ સૂત્ર રૂપ વૃક્ષના પાંદડાઓ તો ઘણી ઘણી વિવિધતાથી ભરેલાં છે અને તેમાં અલગ અલગ રીતે મૂકેલું શુભાશુભ તત્ત્વ, પ્રગટ– અપ્રગટ રહસ્યો એટલાં વ્યાપક છે કે સહુને સંકેલી લેતાં, પણ એક વિરાટ ગ્રંથ લખવો પડે છે.

આગળ આપણે પ્રથમ ખંડમાં ચાર સ્થાન સુધીના વિભાગ પર જે આમુખ લખ્યો છે તે સ્થાનાંગસૂત્રની મહત્તાને સ્પર્શે છે તેથી અહીં તદ્રુપ મહત્ત્વપૂર્ણ આખ્યાન ફરીથી કર્યું નથી પરંતુ કહેવું જોઈએ કે સ્થાનાંગ સૂત્રમાં સૂર્ય – ચંદ્ર બંનેનો ઉષ્ણ તથા શીતલ પ્રકાશ પ્રાપ્ત થાય છે. તે ઉપરાંત ધર્મના નિયમો સિવાય પણ આયુર્વેદિક સિધ્ધાંતો, સ્વાસ્થ્યને લગતી સૂચનાઓ તથા વ્યાવહારિક નિયમોને સ્પર્શ કરતાં, નીતિશાસ્ત્રને સ્પર્શતા સૂત્રો ઝબકારા કરે છે. સાધુ – સંતોના આચાર સાથે બીજા ઘણા લૌકિક નિયમોનો ઉલ્લેખ કરીને સુદૃઢ સમાજ રચનાને પણ દૃષ્ટિગત રાખી છે. ક્રમમાં મૂકેલા બોલો કે અલગ અલગ વિધિ – વિધાનના બિંદુઓ ફક્ત સંખ્યાના જ વાચક છે તેમ નથી. સંખ્યા તો માનો અભ્યાસીને માટે શાસ્ત્ર સ્મૃતિગત બને તે માટે પ્રદર્શિત કરી છે પરંતુ હકીકતમાં બુધ્ધિરૂપી અશ્વને દોડાવવા માટે ભિન્ન ભિન્ન વિદ્યાઓ ઉપર સૂચના આપી એક વિશાળ મેદાન તૈયાર કર્યું છે. આ નાના આમુખમાં આ બધાં બોલનું ભાષ્ય કરવું અનુકૂળ ગણાશે નહીં તેથી આપણે થોડો પ્રકાશ નાંખી આમુખને સ્થાનાંગસૂત્રનું મુખ ન કહેતા ઠાંણાગ સૂત્ર માટેની એક દૃષ્ટિ છે તેમ કહેશું. ખરું પૂછો તો આમુખને બદલે **'આનેત્ર'** એવો શબ્દ બનાવવો પડશે.

અહીં પાંચમાં સ્થાનમાં અણુવ્રત અને મહાવ્રત, તે રીતે વ્રતોના બે પ્રકારનું

વિધાન કરી, અણુવ્રતી અને મહાવ્રતીના ત્યાગની રેખા ખેંચી છે. અહીં મહાવ્રત શબ્દ તે વ્રતોની પરિપૂર્ણ સીમા માટે નથી અર્થાત્ મહાવ્રત તે પૂર્ણ વ્રત નથી તેથી જ તેને મહાવ્રત કહે છે. 'મહા' શબ્દ અધિકતાનો સૂચક છે તેમાં અધિક અંશે વ્રતભાવ છે અને અલ્પાંશે વ્રત સ્ખલના થઈ શકે છે તેથી અહીં પૂર્ણ વ્રત કે યથાર્થવ્રત ન કહેતાં યથાખ્યાત વ્રતોથી નીચેના વ્રતો મહાવ્રતની ગણત્રીમાં આવે છે. મહાવ્રતના પચ્ચક્ખાણ કે ત્યાગમાં સાધકને પૂર્ણવાચી શબ્દોથી પ્રતિજ્ઞા કરાવવામાં આવે છે પરંતુ તેમાં પ્રમાદને અવકાશ હોવાથી અને સ્વયં પ્રમાદી અવસ્થા સાથે જોડાયેલા હોવાથી મહાવ્રતીનું પ્રમત્ત ગુણસ્થાન બતાવ્યું છે. નવકોટિએ લીધેલા પચ્ચક્ખાણ હોવા છતાં સાધકના મનમાં પ્રમત્તદશા અવકાશ મેળવે છે, તે સૂક્ષ્મ અવ્રતનું પરિણામ છે અથવા કહો તો વ્રતો પ્રત્યેની બેદરકારી કે અસાવધાની છે. તે સૂક્ષ્મ રાગ દ્વેષાત્મક પરિણામોનું ફળ છે. અહીં ખાસ ધ્યાન આપવાનું છે કે મહાવ્રતીએ અતિક્રમ – વ્યતિક્રમ આદિ અવ્રતની ભૂમિકાનું સેવન કરવાનું નથી પરંતુ પ્રત્યક્ષ રૂપે તેણે અનાચારના પચ્ચક્ખાણ કર્યા છે, તે સમજવાનું છે. આ વ્રત તે મહાવ્રત છે, પરિપૂર્ણ વ્રત નથી અને તે જ રીતે અણુવ્રતો પણ વ્રતનો આરંભિક છેડો નથી અર્થાત્ નીચેનું અંતિમ બિંદુ નથી. સર્વથા અવ્રત અને સર્વથા વ્રત, આ બે છેડાઓની વચ્ચેની ભૂમિકા તેનું અણુવ્રત તરીકે મધ્યસ્થ શુભારંભ કરીને બીજી ઉપરની ભૂમિકાને મહાવ્રત તરીકે ઓળખાવી છે. અહીં અમે આટલું સૂક્ષ્મ દિગ્દર્શન એટલાં માટે આપ્યું છે કે, વ્રતના વિષયમાં જે કાંઇ વ્યાખ્યાન થાય છે તે પૂરી સમજના અભાવે અટપટુ વ્યાખ્યાન થાય છે. અહીં શાસ્ત્રકારે આ પાંચમા બોલમાં અણુવ્રત – મહાવ્રત જેવી બે ભૂમિકાનો ઉલ્લેખ કરી સાધારણ વ્યાવહારિક બુધ્ધિથી આચાર યોગ્ય બે માર્ગ નિર્ધારિત કર્યા છે, જે આજે એક શ્રાવકોનો અને એક મુનિઓનો માર્ગ સ્પષ્ટ અસ્તિત્ત્વ ધરાવે છે. આ બંને ભૂમિકા વચગાળાની ભૂમિકા છે, તે ભૂલવા જેવું નથી. અણુવ્રતી એ સવર્થા છૂટવાળો છે અને મહાવ્રતી એ સવર્થા બંધનવાળો છે, તેમ ન સમજતા બંનેના વિકાસ ક્રમ અનુસાર બે ભૂમિકા છે. અણુ શબ્દ તે સૂક્ષ્મ પરમાણુનો વાચક નથી. અવ્રતોમાં ઊભું કરેલું એક ઉત્તમ છિદ્ર છે, એક મોટું છિદ્ર છે. અવ્રતી જીવ જ્યારે આરાધક બને છે ત્યારે સાધારણ દયા અને અહિંસાની કેટલીક

ભૂમિકાઓ પાર કર્યા પછી અણુવ્રતી બને છે અને હજુ અણુવ્રતીની કેટલીક ભૂમિકાઓ બાકી છે તેને પાર કરીને મહાવ્રતી બને છે. તળેટીથી પર્વતનું આરોહણ કરવા માટે આરોહી યાત્રી પર્વતનો ઘણો ભાગ પાર કર્યા પછી જે જગ્યાએ પહોંચવું છે ત્યાં જેટલું ચઢ્યો છે તેના કરતાં વધુ ચઢવાનું છે, તે અણુવ્રતનું સ્ટેશન છે અને આ જ આરોહી ફરીથી આગળ વધતા એવા કેન્દ્ર પર પહોંચ્યો કે ત્યાં ઘણો ભાગ ચઢી ચૂક્યો છે અને થોડો ભાગ બાકી છે, તે સ્ટેશન તે મહાવ્રત છે. સંપૂર્ણ યાત્રા પૂરી થાય અને ટોચના કેન્દ્ર ઉપર પહોંચે, તો તે યથાખ્યાત ચારિત્ર્યનું પૂર્ણવિરામ સ્ટેશન છે.

પાંચમા ઠાણાનું આ એક ઉદાહરણ આપ્યા પછી આગળના દસ ઠાણા સુધીમાં ઘણા ઘણા વિષયો છે. તેની ચર્ચા કરવી અહીં આવશ્યક નથી પરંતુ અભ્યાસીએ આ બધાં જ સ્થાનોનો અભ્યાસ કર્યા પછી તે કથનના યથાર્થ ભાવો, તેના તાત્પયાર્થ અને વૈજ્ઞાનિક દ્દષ્ટિથી જે ઉપદેશ અપાયો છે તે પ્રત્યે ધ્યાન આપવું આવશ્યક છે. જૈનદર્શન જીવનના બધાં કાર્યોમાં કર્મને કારણભૂત માને છે પરંતુ જો આ સ્થાનોનો અભ્યાસ કરવામાં આવે તો સ્પષ્ટ સમજાય છે કે કર્મ સિધ્ધાંત એકાંતિક નથી. જીવનના બધાં બિદુંઓ ઉપર કર્મનો પ્રભાવ હોવા છતાં પુરુષાર્થને પૂર્ણ અવકાશ છે, તે માટે જ આ સ્થાનોમાં ઘણી ઘણી નૈતિક અને આવકાર્ય સૂચનાઓ આપવામાં આવી છે, જેમકે ઉન્માદના કારણોમાં મનુષ્ય ઘેલછા કરીને જે પૂજ્ય પુરુષો છે તેની નિંદામાં ઉતરે છે અને તેના કારણે આવા નિંદક લોકોમાં ભયંકર વિકાર થવાથી તેઓ વિક્ષિપ્ત થઇ જાય છે. જુઓ, અહીં કર્મ સિધ્ધાંતને પ્રધાનતા ન આપતા સમાજની નુકશાનકારી પ્રવૃત્તિ ઉપર સંયમ રાખવાની આવશ્યકતા બતાવવામાં આવી છે. ઉત્માદનો અર્થ એક પ્રકારના નિંદનીય ભાવોના આક્રમણથી મનુષ્ય પોતાની નૈતિક જવાબદારી ગુમાવી બેસે છે અર્થાત્ બે લગામનો ઘોડો જેમ માર્ગથી ભ્રષ્ટ થઇ જાય છે તેવી સ્થિતિ જન્મે છે.

અહીં આપણે એ જ કહેવા માંગીએ છીએ કે આ સ્થાનો અને જ્ઞાન ભરેલાં બિંદુઓ ઊંડાઇથી વિચારવા જેવા છે. અભ્યાસીએ તેનું વિજ્ઞાન મેળવીને સંઘ કે સમાજમાં શિસ્તબધ્ધ સૂત્રપાત કરવાનો છે.

ઠાણાંગસૂત્રના આઠમા ઠાણામાં અક્રિયાવાદનો ઉલ્લેખ કરીને તેના આઠ પ્રકાર

બતાવ્યા છે. આ આખો બોલ દાર્શનિક દૃષ્ટિએ તત્ત્વગ્રાહ્ય હોવાથી તે વખતના જે કોઈ મતવાદ હતાં, તેને આઠ ભાવમાં સંકેલી લીધાં છે. અક્રિયા શબ્દનો અર્થ અહીં ક્રિયા હીનતા નથી પરંતુ અક્રિયા શબ્દનો ઉપયોગ નિષેધાત્મક ભાવમાં કર્યો છે. જેમ ઉપદેશાત્મક ગ્રંથોમાં વિશ્વના બધાં મતોનું મુખ્ય બે દૃષ્ટિમાં વિભાજન કર્યુ છે – ક્રિયાવાદ અને અક્રિયાવાદ. જે પદાર્થો અસ્તિત્ત્વ ધરાવે છે અને જેને યર્થાથ દ્રવ્યરૂપે ગ્રહણ કરવામાં આવ્યા છે, તે બધાં મતને ક્રિયાવાદમાં ગ્રહણ કર્યા છે. તેનાથી વિપરીત કલ્પનાને આધારે વિકારી જ્ઞાન પરિણામોને આધારે વિશ્વચેતનાનો સ્વીકાર કરે છે, તે બધાં મતને અક્રિયાવાદમાં ગ્રહણ કર્યા છે. અહીં કહેવાનો મતલબ એ છે કે, આ જાતના સ્થાનોમાં ઊંડી દાર્શનિક દષ્ટી અપનાવવામાં આવી છે અને વિશ્વમાં બધાં દૃષ્ટિકોણને સમજવા માટે ઉપદેશ આપ્યો છે.

આગળ ચાલીને દસમા ઠાણામાં શાસ્ત્રકારે એક મહત્વપૂર્ણ હકીકતનું વર્ણન કર્યું છે. વિશ્વમાં જડ અને ચેતન એ પદાર્થના અસ્તિત્ત્વોનું ગ્રહણ કરીને બંને દ્રવ્યોનું જે ક્રિયમાણતત્ત્વ છે તેનો સુંદર રીતે ઉલ્લેખ કર્યો છે. જડદ્રવ્યોમાં રૂપી દ્રવ્યો લીધા છે અને જીવ દ્રવ્યમાં બધાં જીવોનો સંગ્રહ કરીને તેની ગતિવિધિનો ઉલ્લે કર્યો છે. જીવદ્રવ્યો જે કાંઈ ભાવો કરે છે તેનું અલગ અલગ શબ્દોમાં વિવરણ કર્યું છે પરંતુ આ બધું પરિણમન કર્મસત્તાથી અને ચૈતન્યસત્તાથી પ્રવર્તમાન થાય છે, તેનો સ્પષ્ટ આભાસ આપ્યો છે, કર્મસત્તાનું પરિણમન, એ વિકારી પરિણમન છે, જ્યારે ચૈતન્ય સત્તાનું પરિણમન, તે અવિકારીભાવ છે. જીવદ્રવ્યના પરિણમનની સામે દશ્યમાન પદાર્થોના સ્વતંત્ર પરિણમનનો ઉલ્લેખ કરીને યર્થાથવાદી દૃષ્ટિકોણ સ્થાપિત કર્યો છે. આ બંને જડ અને જીવદ્રવ્યો સ્વતઃ ઐશ્વર્યવાન છે પોતાના પરિણમનના પોતે અધિકારી છે. જીવાત્મા પરિણમનની ક્રિયા જો જ્ઞાન દૃષ્ટિથી સમજે તો એક કરોડ ટનનો બોજો માથા પરથી ઓછો થઈ જાય છે. આખી ધ્રુવસત્તાનો ઉલ્લેખ કરીને આ દશમા ઠાણામાં શાસ્ત્રકારે જૈનદર્શનનું સમગ્ર મંતવ્ય પીરસી દીધું છે. ધન્ય છે શાસ્ત્રજ્ઞાનને...!

અહીં પુનઃ ઠાણાંગસૂત્રના બીજા ખંડ માટે જે મને આમુખ લખવાનો અવસર આપવામાં આવ્યો છે તે ફક્ત મારા અહોભાગ્ય નથી પરંતુ શુધ્ધ નિર્જરાનું એક મહત્ત્વપૂર્ણ કાર્ય પ્રાપ્ત થયું હોય તેવો અનુભવ થાય છે. રાજકોટમાં શાસ્ત્ર સંપાદનનો આ

ભગીરથ પ્રયાસ જ્યારે દૃષ્ટિપથમાં આવે છે ત્યારે એવો આભાસ થાય છે કે હિમાલયથી નીકળેલી ગંગોત્રી ગુજરાત તરફ પ્રવાહિત થઈ છે અને આ જ્ઞાનગંગા રાજકોટ સુધી પહોંચીને ત્યાં માનસરોવર રૂપે જળસંચય કરી અમૃતસ્નાન કરાવી રહી છે અને ભગીરથરાજાની જેમ આ ગંગાને રાજકોટ સુધી લાવવા સાક્ષાત દેવી સ્વરૂપા લીલમબાઈ મહાસતીજી તથા નક્ષત્ર રૂપે શોભતા તેમના સતીજીઓની મંગળમાળા સવર્થા યશભાગી છે. આજે ગુજરાતી ભાષામાં બધાં શાસ્ત્રોનું જે રૂપાંતર થઈ રહ્યું છ, તે સમગ્ર ગુજરાતી પ્રજામાં અને જૈન જગતના જીજ્ઞાસુ જીવોના માનસપટલમાં આગમ સ્વયં પુર્નજન્મ પ્રાપ્ત કરી સજીવ બની જશે અને જ્ઞાનની એક નવી ધારા પ્રસ્તુત થઈને ઉજ્જડ થયેલી આ ભૂમિકાને અને રણપ્રદેશને નવપલ્લવિત આમ્રવાટિકા રૂપે પરિવર્તિત કરી દેશે, તેમાં શંકા નથી. આગમના જ્ઞાનાત્મક પુરુષાર્થને વિષે જ્યારે હૃદયમાં સ્પંદન થાય છે ત્યારે અભિનંદન કે આશીર્વાદના શબ્દો અધૂરા પડે છે. જેથી ગુપ્ત અને પ્રગટ એવા બધાં મંગળમય ભાવોને પ્રગટ કરી હું એટલું જ કહીશ કે આ વિદ્વાન રત્ના સતીજીઓએ પંચમકાળમાં, આવા વિકટ સમયમાં જે ઉપકાર કર્યો છે અને જે શાસન પ્રભાવના કરી છે, તે શાસ્ત્રનું જ્ઞાનમંદિર હજારો વર્ષો સુધી પોતાની અમર ગાથા બોલતું રહેશે. હજુ આપણે કામના કરીએ કે શાસ્ત્ર સ્પંદનની પૂર્ણાહૂતિ પછી પણ જૈન ગ્રંથો અને જૈન સાહિત્યમાં પડેલા જ્ઞાનગૂઢ ઝવેરાતને લેખનીરૂપી કસોટી પર ચઢાવીને ભગવાનના શાસનને વિભૂષિત કરતાં રહે.

વધારે શું કહું? આ જ્ઞાનયજ્ઞમાં મને એક અંજલિ જલપાન કરવાનો જે અવસર મળ્યો છે, તેના યશના ભાગી પણ આ દેવીઓ છે તથા શ્રી ગુરુ પ્રાણ ફાઉન્ડેશન સમગ્ર કાર્યનો જે આધાર છે તે ફાઉન્ડેશન હવે ફક્ત ફાઉન્ડેશન ન રહેતાં ગુરુ પ્રાણ મહાલય બને એવી ભાવના સાથે વિરમુ છું.

આનંદ મંગલમ્...

**- જયંતમુનિ**

**પેટરબાર.**

# સંપાદકીય

**અપૂર્વ શ્રુતઆરાધક ભાવયોગિની**
**બા. બ્ર. પૂ. લીલમબાઈ મ. સ.**

**વીતરાગવાણી જગહિતકારી કલ્યાણકારી દર્શાવે સિદ્ધાલયનું અવિચલધામ,**
**ભવરોગથી પીડિત, વૈરાગ્યમાં ક્રીડિત જીવો માટે આગમ કરે છે ઔષધનું કામ,**
**ઓહ ગુરુ પ્રાણ ! થયા મમ ત્રાણ, ફૂલ આમ્ર ગુરુણી સાન્નિધ્યે પાયા જ્ઞાનામૃતના જામ,**
**સ્વાધ્યાય બળે, કૃપા ફળે સંપાદન કાર્ય તો જ સફળ થાયે પ્રયોગે પામું મોક્ષધામ.**

પ્રિય પાઠક ! જિજ્ઞાસુ અધ્યયનશીલ સાધકગણ !

તમારા કરકમલને સુશોભિત બનાવી શકે તેવું આભૂષણ ગુરુ પ્રાણ આગમ બત્રીસીનું , ગણધર ગૂંથિત ગણિપિટકનું ત્રીજું અંગ, શ્રી ઠાણાંગ સૂત્રને બે ભાગમાં પૂર્ણ કરી રહયા છીએ. ચાર સ્થાન પર્યંતનો પહેલો ભાગ આપના જમણા કરકમળમાં પ્રેષિત કર્યો હતો. હવે બીજા કરકરમળમાં બીજો ભાગ પૂર્ણરૂપે પ્રેષિત કરી રહ્યા છીએ.

આપણા સૌના કરકમળમાં આ ઠાણાંગ શોભે, ઓપે, વંચાય, સુવિચારણા જાગૃત થાય અને પરમ પદ પમાય તેવા ભાવથી દેવ-ગુરુ-ધર્મ પસાયે જેનો મહિમા ખુદ તીર્થંકરોએ અત્થાગમેના રૂપમાં જગત સમક્ષ વર્ણવ્યો છે, ગણધર પરમાત્માએ તેને જીલી સુત્તાગમેના રૂપમાં સ્થવિરોને અર્પણ કર્યો છે, તે સ્થવિરોએ આપણને તદુભયાગમ રૂપે તે આપ્યો છે. તેમાંથી યત્કિંચત્ માત્ર અમોએ આપણી માતૃભાષામાં અર્થ, ભાવાર્થ, વિવેચન સહિત યથાશકિત આગમ સંપુટમાં ઢાળવાનો પ્રયત્ન કર્યો છે.

અમારી સામાન્ય શકિત દ્વારા મુમુક્ષુઓને આ આગમ સંપુટ અર્પણ કરી રહ્યા છીએ, તેનો અત્યધિક આનંદ વીર્યોલ્લાસ દ્વારા પ્રગટ કરી રોમેરોમ ભાવનાથી ભીંજવી, દેહાવલીના અંગોપાંગ પ્લાવિત કરી, ક્ષયોપશમભાવમાં ઝુલી રહ્યા છીએ. અસ્તુ. કલ્પના નૈસર્ગિક બની જાઓ, સર્વજીવો અનંત સુખશાંતિને વરી જાઓ, આ આગમ બધાને માટે કલ્યાણકારી મોક્ષનું માર્ગદર્શક બની રહો.

ઠાણાંગ સૂત્રના બન્ને ભાગ તમારા કરકમળમાં સ્થાન મેળવશે ત્યારે બન્ને ભાગ કેવા અલૌકિક રીતે શોભી રહ્યા હશે, તેની કલ્પના હું કરું છું ત્યારે એમ લાગે છે કે

મોક્ષપુરીનાં વરરાજા શિવરમણીને વરવા, નરવા બની, શ્રીફળ  સહિત તત્ત્વનાં તોરણે જાણે કે જઈ રહ્યા ન હોય ! સ્વરૂપની સુખશય્યાના શાયી બનવા તત્પર થઈ રહ્યા ન હોય ! આ રીતની  આભાનાં ભાવ જોઈ જાણે સ્વરૂપ ભણી પરિણતિ દોડી જઈને પોતાની સખી શિવરમણીને શીઘ્ર કહેવા જતી ન હોય કે ચાલ શિવરમણી ! જલદી ચાલ, આત્મરાજ તત્ત્વનાં તોરણે આવી રહ્યા છે ! તે શરમાળા શ્યામના ગળામાં તું અનંત ગુણ રૂપ પુષ્પની વરમાળા આરોપી દે. મુહૂર્ત ચાલ્યું ન જાય, ક્ષણનો પ્રમાદ કર્યા વિના સ્વયંવરા બની આત્મરાજને વરી જા. લગ્નથી જોડાઈ તેમાં જ મગ્ન બની જા.

તે તારા નાથ થવા યોગ્ય છે. તારું રૂપ જોયા પછી કયારે ય તે પાછા નહીં ફરે. આપણું આ **अपडिहय वरनाणं** થી લઈને **सिद्धि गइ नामधेयं** સ્થાન શાશ્વતું છે, તેમાં તેને લઈ આવ. એકવાર અવિચલ સ્થાનમાં આવ્યા પછી કયારે ય કર્મરાજ તેને પાછા લઈ જઈ નહીં શકે. નિરંજન નિરાકાર બની ધ્રુવ નિત્યસ્થાનમાં વાસ કરી આત્માના અખૂટ ખજાનાનું સુખ તમે બન્ને એક થઈને માણી શકશો. આજ આગમોથી અનંત આત્માઓ આ રીતે શિવરમણીને વર્યા છે અને લોકાગ્રે બિરાજમાન થયા છે.

આ રીતે શુદ્ધ આત્મ પરિણતિ દ્વારા પ્રેરાયેલી શિવરમણી સ્વયંવરા થઈને તોરણ દ્વાર સુધી આવે તે પહેલાં જ અફસોસ વરરાજા કર્મરાજની દોસ્તીને કારણે શિવરમણી સામે નજર નાંખ્યા વિના પાછા ફરી જાય છે અને તેની જ પુત્રી કાર્મણસુંદરી સાથે લગ્નગ્રંથિથી જોડાઈ, તેમાં જ મગ્ન બની જાય છે. તે વિભાવવૃત્તિરૂપ મુગ્ધબાળા આત્મરાજને મોહ જંજીરથી જકડી લે છે. તેથી તેને વિષય વિલાસનાં સુખ જ પ્યારા લાગે છે અને જે સ્થાને જાય ત્યાંથી દુઃખી થઈ પાછો ફરે છે. કાર્મણ સુંદરી તેને અવનવા સ્થાનમાં ફરવા માટે, જોવા માટે લઈ જવાની વિનંતી કરે છે અને આત્મરાજ તેનો ગુલામ બની તેનો નચાવ્યો નાચે છે.

પ્રિય સાધક ! અનાદિકાળથી આત્મા સ્થાને સ્થાને ભટકી રહ્યો છે, વિષયમાં અટકી રહ્યો છે અને કષાયનાં કાંટા જેના જીવનમાં ખટકી રહ્યા છે; તો  પણ આત્મા તેમાં જ સુખ મળશે તેમ માની, પુદ્‌ગલોમાં લિપ્સુ બની, તેમાં જ સુખની શોધ કરવા લાલાયિત થઈ રહ્યો છે. રાગની તીક્ષ્ણ ધારનાં તીખા પ્રહાર સહેતો, દ્વેષનાં ડામથી દાઝતો, જન્મ-મરણનાં ફેરા ફરતો, એકના એક સ્થાનમાં અનેકવાર પુનરાગમન કરતો, તૈજસ કાર્મણ શરીર શત્રુ હોવા છતાં તેની સાથે જીગર જાન દોસ્તી કરતો ફેર ફૂદરડી ફરી રહ્યો છે.

કાર્મણ સુંદરીનો તે બરદાસ્ત બની જીવનનાં અમૂલા ગુણોને માનવભવમાં

પ્રગટ કરવાને બદલે બરખાસ્ત કરી રહ્યો છે. તેણી જેમ બહેલાવે તેમ બહલાય છે. બિચારી શુદ્ધ પરિણતિની સખી શિવરમણી, મોક્ષનાં સ્થાનમાં લઈ જવા માટે ઉત્સુક થઈ રાહ જોતી તપસ્વિની બની કુંવારી રહી જાય છે.

પ્રિય પાઠક ગણ ! અધ્યાત્મ જગતમાં આપણી બે ધારા ચાલી રહી છે. (૧) સ્વરૂપજ્ઞાનધારા (૨) વિરૂપ જ્ઞાન કર્મધારા.

સ્વરૂપજ્ઞાન ધારા પ્રમાણે જેઓ પ્રયત્નશીલ બન્યા તે ઠાણાંગ સૂત્રનાં ઉપાયો પ્રમાણે મોક્ષમાં બિરાજિત થઈ ગયા અને વિરૂપ જ્ઞાન કર્મધારાનાં અધ્યવસાયો જે પ્રમાણે ચાલે છે તે પ્રમાણે જીવ કર્મ બાંધી, ઉપાયોનો ઉપયોગ અવળો કરી, વિષય કષાયથી કલુષિત થઈ, મિથ્યાત્વનાં ભાવે અનંત સ્થાને અંતમુહૂર્ત સુધી રહી શકે અથવા ૩૩ સાગર સુધી રહી શકે તેવી ભવબંધનની મૂડી એક સમયમાં એકઠી કરી સંસાર સાગરમાં બિરાજિત થઈ રહ્યા છે. આમ બે ધારાથી વહેતા ભવ્યજીવો માટે એકથી દસ સુધીના સ્થાનોના વિભાગ આ સૂત્ર રજૂ કરે છે.

આપણે પ્રથમ ભાગનાં ચાર સ્થાનનું સંપાદન જોયું. હવે પાંચમાં સ્થાનને જોઈએ. પાંચ-પાંચના નુસખાઓ (ઈલાજો) આ બીજા ભાગનાં પ્રસ્તુત સૂત્રમાં જાણવા મળશે. તમોને જે દરદ હોય તેવા સંપૂર્ણ ઈલાજો ગ્રહણ કરી, પથ્ય પાળશો તો તે તમારા માટે કલ્યાણકારક બની જશે.

**પાંચમું સ્થાનઃ–**

પ્રથમ ઈલાજ પાંચ મહાવ્રત છે, અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય, અપરિગ્રહ. તેની પરહેજ એવી છે કે જે પ્રમાણે કર્મ બાંધ્યા છે તેનું ફળ ઉદયમાં આવે તેને સમભાવે ભોગવી લેવું પ્રતિક્રિયા બિલકુલ કરવી નહીં.

રાગ-દ્વેષાત્મક ભાવોનું કોઈ આંદોલન કરાય નહીં. જે છે તે છે અને જે થવાનું હોય તે થાય, તેને જોવા માત્રની ક્રિયા સાધક કરતો રહે તો અપવર્ગ મળે; તે સફળ ન કરી શકાય તો પછી બીજો ઈલાજ પાંચ અણુવ્રત છે. તેની પરહેજમાં પોતે બંધાયેલો રહે છે તથા છૂટો પણ રહે છે. છૂટો રહે છે ત્યારે કાર્મણસુંદરીના કહ્યા પ્રમાણે આત્મરાજને કરવું પડે છે.

પરાધીનદશાએ તેમણે વિષયોમાં, ઈન્દ્રિયોમાં, કષાયોમાં ભાવોનું મિલન કરતાં,

તેમાં ઓતપ્રોત થઈ જવું પડે છે. પરહેજ પ્રમાણે વર્તન કરે ત્યારે તે ધાર્મિક અનુષ્ઠાનો બાર વ્રત રૂપે પાળે તેટલી શુભ અવસ્થા સહિત અણારંભી પુણ્યનો કામી બને છે. આવી રીતે આ પાંચ-પાંચ સ્થાનોને ત્રણ ઉદ્દેશકમાં વહેંચી, એકાંત શ્રેયના માર્ગે જવાના તથા શુભાશુભ કર્મ બંધના અનેક નુસખાઓ દર્શાવતા ત્રણ ઉદ્દેશકના કુલ ૨૦૫ સૂત્રો દર્શાવ્યા છે.

જેઓએ પ્રથમ નુસખાઓનું આલંબન લીધું તેઓ અરિહંત જિનેશ્વર બની ગયા. તેવા પદ્મપ્રભુથી લઈને મહાવીર પ્રભુ સુધીના ચૌદ તીર્થંકરનાં મહિમાવંત મહાપ્રસંગો એક જ નક્ષત્રમાં બન્યા હતા, તેનું આબેહૂબ વર્ણન આ સ્થાનમાં કર્યું છે.

પ્રથમ પદમાં બિરાજિત થઈને, લોકોને જ્ઞાનથી ચેતવણી આપીને, જાગૃત કરતા ગયા અને ચાર અઘાતિ કર્મ ક્ષય કરી બીજા પદમાં બિરાજિત થઈ ગયા. જેઓએ પ્રથમ નુસખાનું આલંબન સરાગપણે લીધું તેઓ આચાર્ય, ઉપાધ્યાય, સાધુ પદે શોભતા, વ્યવહાર માર્ગે આગળ વધતા રહે છે. તેની જે આરાધના કરે તે આરાધક બને છે, વિરાધના કરે તે વિરાધક બને છે અને સંસારમાં પરિભ્રમણ કરાવનારા પુદ્ગલ સ્કંધોને ગ્રહણ કરી અનંત કર્મ બાંધે છે. તેનું વર્ણન પાંચ-પાંચ બોલથી જોવા મળશે. તે પ્રકરણ ખોલીને વાંચી– વિચારવા યોગ્ય છે.

**છઠ્ઠું સ્થાન :–**

છઠ્ઠા સ્થાનમાં છ છ પ્રકારનાં નુસખાઓ દર્શાવ્યા છે. જીવાદિની પર્યાયો શુદ્ધ કરવા, અનંત-અનંત કર્મવર્ગણાઓથી મુક્ત બનવા, પાંચ મહાવ્રતધારી અણગારો માટે ઔષધ સેવનની છ પ્રકારની અનોખી રીત દર્શાવી છે. આચાર્ય, ઉપાધ્યાય, સાધુ ભગવંતો માટે આ ઔષધ અમૃતતુલ્ય છે.

ગણધારણ કરી પ્રસન્નતા ઈચ્છતા સાધકે – (૧) જેમણે ઔષધ આપ્યું છે તેવા તીર્થંકર પરમાત્મા પ્રત્યે તેણે અનન્ય શ્રદ્ધા રાખવી ઘટે કે આ ઔષધ અવશ્ય મને નીરોગી કરશે. (૨) સત્ય તત્ત્વ યથાર્થ છે. તેમાં ફેર નથી. એમ સમજીને અસત્યનો કયારે ય પ્રયોગ કરે નહીં. તે સત્યવચન બોલતા આદેય વચનવાળો બની, બીજા જીવોના હિતનું ચિંતન કરે.(૩) બુદ્ધિમત્તાપૂર્વક ઔષધ લેવાની ધારણા ધારી લે છે અને તે કાર્મણ સુંદરીને વશ થતો નથી. બીજાને પણ આ પદ્ધતિ શીખવાડી પ્રભુ પ્રત્યેની શ્રદ્ધામાં ઢાળે છે. (૪) પ્રભુએ દર્શાવેલા માર્ગને ઝડપથી શીખી લે છે. (૫) બીજા જીવોનો પ્રેરક બની, પ્રભુના માર્ગનું ઔષધ પાન કરાવી, નીરોગી બનાવવાની કોશિષ કરે છે. (૬)

અલ્પ અધિકરણ અર્થાત્ કષાયવશ થઈ કયારે ય કલુષિત ભાવો થવા દેતા નથી.

આ રીતે છઠ્ઠા સ્થાનમાં શ્રદ્ધાથી ચાલતાં આત્માઓ કેવા પારગામી બની શકે છે, તેના વિવિધ ઉલ્લેખો ૧૨૩ સૂત્રોમાં દર્શાવ્યા છે. જેઓ શ્રદ્ધા સહિત ઔષધપાન કરતા નથી તેઓ કેવી રીતે અનેક રોગોથી ઘેરાઈ જઈને, દુઃખી થઈ, નવા કર્મ બાંધે છે, તેની છેલ્લી વાત છેલ્લા સૂત્રથી પૂર્ણ કરી છે અર્થાત્ પ્રારંભ શ્રદ્ધાવાનથી થાય છે અને જે શ્રદ્ધાવાન નથી તે અનંત પુદ્ગલ સ્કંધોને ગ્રહણ કરી કર્મધારી બની જાય છે, તેની તે દુર્દશાની વાત સાથે આ સ્થાન પૂર્ણ થાય છે. આ રીતે છઠ્ઠા સ્થાનને ગંભીરતાપૂર્વક દોહન કરી વાંચશો તો અનેક મુંઝવણમાંથી મુક્ત બની જશો.

**સાતમું સ્થાન :–**

સાતમાં સ્થાનમાં સાત-સાતનો ઈતિહાસ રજુ કર્યો છે. કાર્મણ સુંદરીના અનેક નખરાઓ આત્મરાજમાં કેવી ભીડભાડ ઉત્પન્ન કરે છે તે તમાશો, તેમાં જોવા મળે છે.

પ્રારંભના નુસખાઓ (ઈલાજો) અજમાવતા પાંચ મહાવ્રતધારી સંતોએ ગચ્છ ત્યાગ કરવો પડે તો કેવી રીતે કરવો, તેનું માર્ગદર્શન સાત પ્રકારે આપવામાં આવ્યું છે. ગુરુદેવની આજ્ઞા લઈને આ કાર્ય કરે તો કેવા સફળ થાય છે તેનો વિસ્તાર વિચારણીય છે.

આ સ્થાનમાં ૧૪૬ સૂત્રો છે. તેમાં સાત નિહ્નવની વાતો, સપ્તસ્વર, તેના ગાનારનાં લક્ષણો વગેરે વિવિધ વિષયોને આવરી લઈને સંસારી જગતનું પૂર્ણ દર્શન કરાવ્યું છે. જેઓ મુક્ત બની આત્મરાજ સાથે સાત સ્વરોનું અનુસંધાન સારેગમથી કરે તે અપવર્ગ– મોક્ષ પામે છે. બાકી તો કર્મરાજના રાજ્યમાં કાર્મણ સુંદરીને મનાવવા, કર્મનાં અલંકારો બનાવવા પુદ્ગલને કેવી રીતે એકત્રિત કરે છે તેની વાત છેલ્લા સૂત્રમાં વર્ણવી સાતમું સ્થાન પૂર્ણ કર્યું છે.

**આઠમું સ્થાન :–**

આ સ્થાનમાં આઠ-આઠ ક્રિયા વિધિ દર્શાવી છે. તેનો પ્રારંભ આઠ ગુણોથી થાય છે. પાંચ મહાવ્રતધારી અણગાર કાર્મણ સુંદરીથી કંટાળી, આઠ કર્મનો ક્ષય કરવા માટે, શિવસુંદરીને વરવા માટે કેવી તૈયારી કરે છે, તેની વાત અહીંયા રજૂ કરી છે.

સર્વવિરતિ સંત શ્રદ્ધાનો સાફો બાંધી, સત્યના વાઘા પહેરી, બુદ્ધિમત્તાની મુદ્રિકા

ધારણ કરી, બહુશ્રુતનો મીંઢોળ બાંધી, સત્વતાની વરમાળ કંઠમાં ધારણ કરી, અલ્પ અધિકરણની ઉપેણી ખંભા ઉપર શોભાવી, ધૃતિનું શ્રીફળ કરસંપુટમાં ગ્રહણ કરી, સાફા ઉપર વીર્યતાની કલગીને શોભાવી એકલ વિહારી વણરાગી વૈરાગી આત્મા જયણાપૂર્વક આગળ કદમ ભરતાં, કાર્મણસુંદરીરૂપ પરદારાનો ત્યાગ કરવા ભરચક પુરુષાર્થ ઉપાડે છે ત્યારે રસ્તામાં કાર્મણ સુંદરી કેવા લોભામણા, સોહામણા, વિવિધતાથી શણગારેલા પુદ્‌ગલોનો વૈભવ ઊભો કરે છે તેનો અહેવાલ ૧૨૨ સૂત્રોથી જાણવા મળશે.

અધ્યાત્મ જગતમાં એક અણગાર બનતાં પહેલા કેટલા યોનિ સ્થાનમાંથી પસાર થવું પડે છે, કર્મપ્રકૃતિનાં પ્રાસાદોમાં ઉતારો કરતાં કેમ ફસાઈ જવાય છે તેનું દર્શન કરાવી તેમાંથી કેમ નીકળવું, તેના ઈલાજો રજૂ કર્યા છે.

તે સર્વવિરતિ સંત મક્કમ ભાવે આગળ વધે તો અપવર્ગ પામે છે. નહીં તો પાછા ફરી શિવરમણીને વરવાના ભાવોને મનમાં શમાવી, એકાવતારી બની, દેવલોકમાં ઉતારા કરે છે અને જેઓ ધૈર્ય-વીર્ય રહિત બને છે તે પાછા આઠકર્મની પ્રકૃતિ, સર્વાત્માએ બાંધતા અનંત કર્મવર્ગણાને એકઠી કરી કાર્મણ સુંદરીના આશક બની રહે છે. તે દર્શાવી શાસ્ત્રકાર છેલ્લું સૂત્ર પૂર્ણ કરે છે.

**નવમું સ્થાન :–**

આ સ્થાનમાં નવ-નવનાં નુસખાઓથી જગતનાં જીવાદિનું વર્ણન કર્યું છે.

તેના પ્રથમ સૂત્રનો પ્રારંભ આ રીતે થાય છે.

જગતથી નિરાલો બનેલો નિગ્રંથ આચાર-વિચાર-ઉચ્ચારણની વિશુદ્ધિ કરતો, સાધર્મી સંતોની સાથે જિનાજ્ઞાનું આરાધન કરતો, આઠ કર્મથી બંધાયેલા કર્મના ઉદયે પુદ્‌ગલ પ્રપંચમાં પ્રપંચી બનીને (૧) આચાર્ય (૨) ઉપાધ્યાય (૩) સ્થવિર (૪) કુલ (૫) ગણ (૬) સંઘ (૭) જ્ઞાન (૮) દર્શન (૯) ચારિત્રનો પ્રત્યનીક (શત્રુ), વિરૂદ્ધ આચરણ કરનાર બને, તો તેને ગચ્છ બહાર મૂકનાર જિનાજ્ઞાનું ઉલ્લંઘન કરતો નથી પરંતુ પાલન જ કરે છે. વ્યવહાર શુદ્ધિ કરી આત્માને ઉજ્જવળ, હળવો બનાવે છે.

ઉપરાંત આચારાંગ સૂત્રનાં નવ અધ્યયનોનો અભ્યાસ કરી, ચારિત્ર મોહનો નાશ કરવા પુરુષાર્થશીલ અણગાર પ્રતિદિન ચારિત્રના વિશુધ્ધ ભાવમાં ઝૂલતો, નવવાડ

વિશુદ્ધ બ્રહ્મચર્યને પાળતો, આગળ વધી મોક્ષનગરની નજદિક બનતો જાય છે. પાપ લાગે તો પ્રાયશ્ચિત્ત કરતો, તીર્થંકરોના શાસનથી શિક્ષિત થતો જાય છે. આ રીતે વણરાગી વૈરાગી વરરાજા આત્મરાજ નવતત્ત્વનો નવસરોહાર હૃદય કમળ પર શોભાવતો વિચરણ કરે છે.

પ્રસ્તુત સૂત્રનાં પ્રારંભમાં જિનાજ્ઞાનું પાલન કેટલું જરૂરી છે, તેને સમજાવીને, આચરણનું મહાત્મ્ય પ્રદર્શિત કર્યું છે. આચરણ બ્રહ્મચર્યથી  થાય છે તેની વાત કર્યા પછી પરિગ્રહધારી ન બની જવાય, તે માટે આશ્રવ, સંવર, બંધ, મોક્ષ, શુભાશુભ કર્મ અર્થાત્ પુણ્ય, પાપ, જીવ, અજીવની તુલનાત્મક દષ્ટિથી તોળતો લેખા-જોખાનો હિસાબ ચોખ્ખો કરતો-વિચારી વિચારીને ડગ ભરતો સાધક બ્રહ્મચર્યમાં રત રહી સાધના સફળ કરે તે વાત રજૂ કરી છે.

ઉપરાંત શ્રેણિક મહારાજા તીર્થંકર નામ ગોત્ર બાંધીને આવતી ચોવીસીનાં તીર્થંકર થઈ તીર્થની સ્થાપના કેમ કરશે તેનો પૂર્ણ અહેવાલ આપ્યો છે તથા તેના ક્રિયા કલાપ નવમા સ્થાનના ૮૬ સૂત્રોમાં ગણધર ભગવંતોએ દર્શાવ્યા છે. સંયમ રહિત, સંયમ પતિત આત્મા કર્મને બાંધી સંસારમાં પરિભ્રમણ કરવા કાર્મણસુંદરી સાથે રહી અનંત પ્રદેશી કર્મ સ્કંધો તેને ગ્રહણ કરે છે અને સંસાર પરિભ્રમણ કરતાં રહે છે. આ રીતે નવમું સ્થાન પૂર્ણ થાય છે.

**દસમું સ્થાન :–**

આ સ્થાનમાં દસ-દસના નુસખાઓથી પૂર્ણ લોકના સ્વરૂપનું દર્શન કરાવ્યુ છે. પ્રારંભના સૂત્રમાં જ લોકસ્થિતિના દસ બોલ દર્શાવ્યા છે. વિરૂપ જ્ઞાનધારામાં વહેતા, કાર્મણસુંદરીના દાસ બનેલા જીવો–

(૧) પુનઃ પુનઃ નવા નવા સ્થાનની મુલાકાત લેવા જાય છે. કયારેક બંધ બંગલામાં ફકત કાયા-સ્પર્શેન્દ્રિય સિવાય કંઈ જ મળતું નથી તેવી એકેન્દ્રિયની જાતિમાં જાય છે ત્યાં નિરંતર કાર્મણદેવી સાથે આત્મા મોજ માણે છે.

(૨) બીજી લોકસ્થિતિ-જીવો અનાદિ અનંતકાળથી જ્ઞાનાવરણાદિ આઠ કર્મ બાંધતા જ રહે છે, તે દસ પ્રકાર દર્શાવી લોકસ્થિતિનું વાસ્તવિક દર્શન કરાવ્યું છે. લોકસ્થિતિથી પ્રારંભ કરી શબ્દ, ઈન્દ્રિય, પુદ્ગલ સ્વરૂપ, ક્રોધ ઉત્પત્તિ કારણ, સંયમ, અહંકાર,

સમાધિ, યતિધર્મ, પ્રવ્રજ્યા, વૈયાવચ્ચ, જીવપરિણામ-અજીવપરિણામ, અસ્વાધ્યાય, સંયમાસંયમ, સૂક્ષ્મજીવો, પર્વત, નદી, જંબૂદ્વીપ, સમુદ્ર, વૃતવૈતાઢ્ય, ભરતાદિક્ષેત્ર, અંજનક પર્વત, દ્રવ્યાનુયોગ, ચમરેન્દ્ર આદિ ઈન્દ્રોના ઉત્પાત-પર્વતનું સ્થાન, અવગાહનાદિ નિરૂપણ, દસ અરિહંતો, દસ અનંત વસ્તુઓ, પૂર્વગત, પ્રતિસેવના, આલોચકને આલોચના કરાવનારની ગુણ ધારકતા, પ્રાયશ્ચિત્ત, મિથ્યાત્વ, વાસુદેવ, તીર્થંકરોની સ્થિતિ, ભવનવાસીદેવો, સુખ સ્વરૂપ, ઉપઘાત, વિશોધના, કલેશ, બળ, સત્યમૃષા, દષ્ટિવાદ નામ, શાસ્ત્ર શુદ્ધ વ્યાખ્યાનાદિ અર્થાત્ વચનાનુયોગ, દાન, ગતિ, મુંડન, સંખ્યાત, પ્રત્યાખ્યાન, સમાચારી, વીર પ્રભુના મહાસ્વપ્ન, સરાગ સમ્યગ્ દર્શન, સંજ્ઞા, વેદના, અમૂર્તત્વ, દસ દસાઓ, જીવ દ્રવ્યભેદ, નરકાદિજીવદ્રવ્ય તેના ભેદાદિનું વર્ણન કર્યા પછી, જીવ લોકના સંસ્કાર પામ્યા પછી વિરૂપજ્ઞાનધારામાંથી નીકળી સ્વરૂપ જ્ઞાન ધારાના વહેણ તરફ વહેતો સાધક કેટલો ભદ્ર પરિણામી બની મોક્ષગામી બને છે, ભાવિનો ભગવાન બનવા કેવો પુરુષાર્થ કરવો જોઈએ તેનો ચિતાર આ પ્રમાણે દર્શાવે છે.

મોક્ષગામી જીવના દસ લક્ષણો આ પ્રમાણે છે– (૧) અનિદાનતા– ભદ્ર પ્રકૃતિના ધારકજીવો સંયમતપની આરાધના કરતાં, તેના ફળ રૂપે નિદાન ન કરે. (૨) દષ્ટિ સંપન્નતા– સમ્યગ્દર્શનનું યથાર્થ પાલન કરે. (૩) યોગવાહિતા– મન-વચન-કાયાને સમાધિમાં રાખે. (૪) ક્ષાન્તિ-ક્ષમણતા– અપરાધીને ક્ષમા આપે, સમર્થ હોવા છતાં ક્રોધ ન કરે. (૫) જિતેન્દ્રિયતા– ઈન્દ્રિયોના વિષયોને જીતે. (૬) અમાયીતા– માયા રહિત બને. (૭) અપાર્શ્વસ્થતા– ચારિત્ર પાલનમાં શિથિલતા ન રાખે. (૮) સુશ્રામણ્યતા– શ્રમણધર્મનું યથાવિધ પાલન કરે. (૯) પ્રવચનવત્સલતા– શાસન-જિનવાણી-જિનાગમ પ્રતિ ગાઢ અનુરાગ રાખે. (૧૦) પ્રવચન ઉદ્ભાવનતા– આગમની અને શાસનની પ્રભાવના કરે.

આ દસ બોલનું પાલન કરવામાં તત્પર રહેતો જીવ, સ્વરૂપ ધારાવાહી પ્રવાહ તરફ જવા ઈચ્છતો હોય તો સાધક સહેજે ભાવિને કલ્યાણના માર્ગ તરફ પ્રયાણ કરાવી શકે છે અને ત્રણ યોગને પ્રયોગ દ્વારા પરમ વિશુદ્ધ બનાવી પરમાત્મા બની શકે છે.

દશ પ્રકારે શ્રમણધર્મની વિશુદ્ધિ એવં પાલન કરવાથી સ્થવિર બને છે. તે સ્થવિરોના દસ પ્રકાર, પુત્રભેદ, દસ અનુત્તર, મનુષ્ય ક્ષેત્રાદિ, દુઃખ-સુખ, પરિજ્ઞાન,સુષમ સુષમા કાલ, કુલકર, વક્ષસ્કાર, દશ કલ્પ, પડિમા, જીવભેદ, સંસારી, જીવાવસ્થા, તૃણ વનસ્પતિ, વિદ્યાધરશ્રેણી, ગ્રૈવેયક, તેજોનિસર્ગ પ્રકાર, અચ્છેરા, સર્વદ્વીપ

સમુદ્રાદિ, કૃતિકા નક્ષત્ર, જ્ઞાનવૃદ્ધિના નક્ષત્ર, કુલ કોટી, કર્મચયાદિ નિરૂપણ વગેરે વિષયોના માધ્યમથી ૧૬૨ સૂત્રો દ્વારા દસમા સ્થાનમાં લોકનું સંપૂર્ણ સ્વરૂપ દર્શાવ્યું છે.

**ઉપસંહાર :–**

કર્મ ચેતનધારાથી વહેતા અનંતા અનંત જીવોના સ્થાન કેવા કેવા હોય છે, તે સુખ-દુઃખ વચ્ચે મળેલા સ્થાનમાં કેમ જીવન વ્યતીત કરે છે અને અનંત સંસારમાં પરિભ્રમણ કેમ કરે છે ? તેના વિવિધ કારણો આ સૂત્ર દર્શાવી રહ્યું છે.

જેને દુઃખ મિશ્રિત સુખ, સુખ મિશ્રિત દુઃખનો અનુભવ થાય છે, તેને ખરેખર થાક લાગે છે, કંટાળો આવે છે ત્યારે અડગ નિર્ધાર કરી, સ્વરૂપ ધારાના રસ્તા ઉપર ડગ ભરી, સમ્યગ્દર્શનની મશાલ લઈ, મિથ્યાત્વના ફટાકડા ફોડી, પાંચમી ગતિ માટે પાંચ મહાવ્રતનું પાલન કરી, છ લેશ્યાથી લેશ્યાતીત થઈ, સાત સ્વરનું અનુસંધાન સાધી, સારેગમપધનીને ભજે છે. જેમ કે–

**સા**ચો સાધક સમાચારીનું સામંજસ્ય સાધી સ્વરૂપસ્થ થાય અને
**રે**વતગિરિ સમો અડોલ રત્નત્રયનું આરાધન કરતાં સ્થિર પરિણામ કરી
**ગ**હન તત્ત્વને જાણી જીવત્વને પામવા કર્મ સંયોગનું વિસર્જન કરે.
**મ**હાત્મા બનવા બહિર્ભાવનો ત્યાગ કરી અંતરભાવને ભજે.
**પ**રમ તત્ત્વનો સ્વામી, ચરમ બની પરમાત્મા ભણી દોટ મૂકે.
**ધ**ર્મનો ધ્વજ લહેરાવવા, પ્રમાદનો ત્યાગ કરી અપ્રમાદી બને

**નિ**ગોદના નદાવા કરી, અનંત સિદ્ધ બિરાજમાન છે, તે સિદ્ધાલયનું ધ્યેય બનાવી, સાતમું ગુણસ્થાન ચરિતાર્થ કરે અને આઠમા ગુણસ્થાને અપૂર્વકરણ ગુણસ્થાનમાં આવવા આઠ કર્મનો ક્ષય કરી, ક્ષપકશ્રેણીમાં આરૂઢ થઈ, નવમા મોક્ષ તત્ત્વને સિદ્ધ કરવા મોહરાજાને નાથી, સૂક્ષ્મ કરતાં-કરતાં દસમા ગુણસ્થાનમાં આવી અનંત-અનંત કર્મવર્ગણાઓથી બંધાયેલા મોહનીય કર્મનો ક્ષય કરી બારમા ગુણસ્થાને પહોંચી જાય છે.

આ રીતે નમણી શિવરમણી નારીનો નાથ બનવા, અનુત્તર એવું કેવળજ્ઞાન-કેવળદર્શન પ્રાપ્ત કરી, યથાખ્યાત ચારિત્રના મંડપમાં પહોંચી, સજોગી અવસ્થામાં તેરમા ગુણસ્થાનમાં રહી, શુકલ લેશ્યા, શુક્લ ધ્યાનના પાનેતરમાં સજ્જ થયેલી

શિવરમણીરૂપ સ્વરૂપા સાથે હસ્તમિલાપ કરી, પ્રણય સાધે. આખર તૈજસ કાર્મણ-મિત્રની દોસ્તી છોડી સાચી દોસ્તી સ્વરૂપ દર્પણની કરે. કાર્મણ સુંદરીનો સંપૂર્ણ ત્યાગ કરી તેના કલેવર ઉપર અઘાતિ કર્મનું કફન ઓઢાડી અજીવ પુદ્ગલના પ્રપંચથી બંધાયેલા કર્મનો સંપૂર્ણ સાથ છોડી નિષ્કર્મા બની, અવિચલ શાશ્વતધામના સ્થાનને પ્રાપ્ત કરે છે. આ રીતે શાશ્વત સ્થાનને પ્રાપ્ત કરવાના ઈલાજો દર્શાવે તેનું નામ સ્થાનાંગ સૂત્ર.

**નિષ્કર્ષ :–**

આ સ્થાનાંગ સૂત્રમાં પ્રથમ **એગે આયા** આત્મા એક છે, બાકી બહિર્ભાવ છે, એવું જ્ઞાન આત્માને જ્યારે થાય છે ત્યારે તે પોતાની શોધ કરી શ્રદ્ધાન્વિત બને છે અને શુદ્ધ થવા માટે બે બંધનનો ત્યાગ કરવા વીતરાગ-વીતદ્વેષ ભાવને કેળવે છે, તે કેળવણી માટે, સમ્યગ્ દર્શન, સમ્યગ જ્ઞાન, સમ્યગ્ ચારિત્ર, આ રત્નત્રયની આરાધના કરે છે. તેનાથી ચાર કષાય મંદ થતાં પાંચ વિષય વિરામ પામે છે, તેથી હૃદય દયાળુ બનતા પાંચ મહાવ્રત અંગીકાર કરી, છકાય જીવોની પૂર્ણદયા પાળવાના કામી બને છે. સાત ભય ટાળી, આઠ મદથી મુક્ત બની જાય છે; નવવાડ વિશુદ્ધ બ્રહ્મચર્યમાં રમતાં દસ વિધ શ્રમણ ધર્મનું યથાર્થ પાલન કરી, સાધક જીવનને સાર્થક કરે છે. તેનાથી આત્મા વિશુદ્ધ થઈ જાય છે ત્યારે અનંત સંસાર સર્જક કર્મ સમૂળગા નાશ પામી જાય છે. તત્ક્ષણે અનંતગુણો પ્રગટ થાય છે. બીજી ક્ષણે આત્મા શુદ્ધ-બુદ્ધ-મુક્ત બની અજર અમર સ્થાને પહોંચી લોકાગ્રે બિરાજમાન થાય છે.

**આભાર : ધન્યવાદ : સાધુવાદ :–**

આ આગમના અનુવાદિકા છે, શ્રમણી વિદ્યાપીઠના હોંશિયાર વિદ્યાર્થિની, મારા અંતેવાસી, વૈયાવચ્ચ રકતા, ભક્તિ સભર ભાવથી ભરેલા, સુવિનીત, વિદુષી સુશિષ્યા સાધ્વી રત્ના વીરમતી બાઈ મ.સ. જેમણે શ્રી સંઘોમાં ચાતુર્માસ દીપાવતાં, સ્વપરનું કલ્યાણ કરતાં, પુરુષાર્થ સહિત પ્રસ્તુત સૂત્રનો બીજો ભાગ પૂર્ણ કરેલ છે અર્થાત્ સંપૂર્ણ સ્થાનાંગ સૂત્ર અનુવાદિત કરેલ છે.

તે સૂત્રના અનુવાદનું અવગાહન કરતાં હું આનંદ અનુભવું છું. આ સુખાનુભૂતિનું કારણ એ છે કે તપોધની પ.પૂ. ગુરુદેવશ્રીએ કરાવેલા શ્રમણી વિદ્યાપીઠના અભ્યાસનું

ફળ મને તાત્કાલિક ચાખવા મળ્યું છે અને આવા આગમગ્રંથરૂપે પ્રગટ થયું છે. તેથી તેમને અનેકશઃ ધન્યવાદ અર્પુ છું તેમજ શુભેચ્છા પાઠવું છું કે સાધ્વીરત્ના ! તમો આત્માના અજર સિવ–મયલ–મરુય સ્થાનને પ્રાપ્ત કરો, સ્વમાં સ્થિત બનો, વીર માર્ગના સાચા ઉપાસિકા બની, તમારું નામ સાર્થક કરો. તેવી મંગલ કામના કરું છું.

પ્રસ્તુત આગમના રહસ્યોને ખુલ્લા કરી અણમોલો અભિગમ પ્રેષિત કરનાર મહાઉપકારી ગોંડલ ગચ્છ શિરોમણિ, પરમ દાર્શનિક, અમારા આગમ કાર્યને પ્રોત્સાહિત કરી આશીર્વાદની વર્ષા વરસાવનારા ગુરુદેવ શ્રી જયંતિ લાલજી મ.સા. નો અનન્ય ભાવે આભાર માનું છું અને શતકોટી સાદર ભાવે પ્રણિપાત નમસ્કાર કરું છું.

શ્રદ્ધેય, પ્રેરક, માર્ગદર્શક જેમના પસાયે ત્રિલોક મુનિનો યોગ પ્રાપ્ત થયો છે, તેવા વાણીભૂષણ પૂ. ગિરીશ ગુરુદેવનો સહૃદયતાપૂર્વક આભાર માની વંદન કરું છું.

આ આગમને સુશોભિત બનાવનાર, સુંદર હાર્દના ભાવભરી અલંકૃત કરનાર, મૂળ પાઠનું સંશોધન કરી વ્યવસ્થિત કરનાર, આગમમનિષી પૂ. ત્રિલોકમુનિવર્યને મારી શત્ કોટી વંદના પાઠવું છું.

આગમ શાસ્ત્રની દરેક કાર્યવાહિકામાં સકુશલા ઉત્સાહધરા સાધ્વીરત્ના ઉષાબાઈ મ. એવં, આગમ અવગાહન કરાવનાર સહયોગી સાધ્વીરત્ના હસુમતી, વીરમતી સહિત દરેક સાધ્વીવૃંદને અનેકશઃ ધન્યવાદ આપું છું.

સતત પ્રયત્નશીલ, અનેક આગમોનું અવગાહન કરીને અનુવાદની કાયાપલટ કરી આગમને સરલ, સુમધુર, સંમાર્જિત કરનાર, શબ્દાર્થ-ભાવાર્થ અને વિવેચનનું સંતુલન જાળવી રાખનાર, ભગીરથ કાર્યના યશસ્વી સાધ્વી રત્ના મમશિષ્યા– પ્રશિષ્યા સહ સંપાદિકા ડૉ. સાધ્વીશ્રી આરતી એવં સાધ્વીશ્રી સુબોધિકાને અભિનંદન સહિત સાદર ધન્યવાદ આપું છું.

શ્રમણોપાસક મુંકુદભાઈ પારેખ, મણિભાઈ એવં ધીરૂભાઈને ધન્યવાદ. પરમાગમ પ્રત્યે અવિહડ ભક્તિભાવ રાખનાર ગુરુ પ્રાણ ફાઉન્ડેશનના માનદ્ સભ્ય ભામાશા શ્રીયુત રમણિકભાઈ, આગમ પ્રકાશન કરવાના અડગ ભેખધારી, દ્રઢ સંકલ્પી, તપસ્વિની માતા વિજ્યાબહેન તથા ભક્તિ સભર હૃદયી પિતા માણેકચંદભાઈ શેઠના સુપુત્ર નરબંકા ભાગ્યવંતાબાઈ સાધના સ્મૃતિ ટ્રસ્ટ દ્વારા સંચાલિત રોયલ પાર્ક સ્થા.

મોટા સંઘના પ્રમુખ ચંદ્રકાન્તભાઈ તથા કાર્યાન્વિત સર્વ સભ્યગણો, કાર્યકર્તાઓ મુદ્રણ કરનાર નેહલભાઈ તેમના પિતાશ્રી હસમુખભાઈ તથા સહયોગી જીજ્ઞેશ જોષી, નીતા દરિયાનાણી; આગમના શ્રુતાધાર અને અન્ય દાનદાતા મહાનુભાવો વગેરેને અભિનંદન સાથે સાધુવાદ આપું છું.

આગમના અનુવાદ, સંશોધન, સંપાદનમાં ઉપયોગી થયેલા પૂર્વ પ્રકાશિત આગમોના પ્રકાશકોને સાધુવાદ.

આગમ અવગાહન કરવામાં ઉપયોગની શૂન્યતાથી કંઈક શબ્દો, અક્ષરો, પાઠમાં અશુદ્ધિ રહી જવા પામી હોય, વીતરાગ વાણી વિરુદ્ધ લખાયું, વંચાયું હોય તો ત્રિવિધે મિચ્છામિ દુક્કડં આપું છું.

પ્રિય પાઠકો ! તમો આગમ વાંચો ત્યારે કંઈક અશુદ્ધિ રહી જવા પામી હોય તો તેની નોંધ કરી અમને મોકલવા પ્રયત્ન કરશો. **नमामि सव्व जिणाणं – खमामि सव्वजीवाणं ।**

**વીતરાગ વચન વિરુદ્ધ લખાયું હોય તો માગુ પુનઃ પુનઃ ક્ષમાપના,**
**મંગલમૈત્રી પ્રમોદ ભાવમાં વહોસહુ, એવી કરું છું વિજ્ઞાપના.**

પરમ પૂ. સૌમ્યમૂર્તિ અંબાબાઈ મ.સ.ના

**સુશિષ્યા – આર્યાલીલમ.**

# સંપાદન અનુભવ

## ડો. સાધ્વી આરતી તથા સાધ્વી સુબોધિકા

**ठाण समवायांगधरे समणे निग्गंथे सुयथेरे ।**–*[[વ્યવહાર સૂત્ર]]* ઠાણાંગ અને સમવાયાંગ સૂત્રને ધારણ કરનારા શ્રુતસ્થવિર કહેવાય છે. ૧૨ અંગ અને ૩ર આગમના વિસ્તૃત વિષયોને યાદ રાખવાની માસ્ટર કી એટલે જ આ બંને આગમો. જેમ વિદ્યાર્થીઓ પોતાના વિશાળ અભ્યાસક્રમને યાદ રાખવા ટૂંક નોંધો લખીને તે વિસ્તૃત વિષયને સંક્ષિપ્તમાં યાદ રાખી લે છે, જેમ ગ્રંથમાં તેના સંપૂર્ણ વિષયને આવરી લેતી વિષયાનુક્રમણિકાના અવલોકન દ્વારા સંપૂર્ણ ગ્રંથનો ખ્યાલ આવી જાય છે. તેમ આ બંને આગમો દ્વારા વિસ્તૃત વર્ણનવાળા આગમોને યાદ રાખવા સુગમ બને છે. આ આગમોમાં આગમગત અનેક વિષયોનું સંખ્યાદષ્ટિએ સંકલન કરવામાં આવ્યું છે. તેના દ્વારા જૈનાગમોનું વિહંગાવલોકન થઈ જાય છે; તેથી જ ઠાણાંગ-સમવાયાંગ સૂત્રના જ્ઞાતાને શ્રુતસ્થવિર કહેવામાં આવે છે.

તપસમ્રાટ પૂજ્યપાદ ગુરુદેવ શ્રી રતિલાલજી મ.સા.ની અસીમ કૃપાએ આજે ઠાણાંગસૂત્રનો બીજો ભાગ પૂર્ણ થતાં અમે સંપૂર્ણ ઠાણાંગસૂત્રનો અનુવાદ આપ સર્વની સમક્ષ રજૂ કરી રહ્યા છીએ. કોઈપણ પ્રકાશન કાર્યમાં લેખક કે અનુવાદક કરતાં સંપાદક મંડળની જવાબદારી મહત્ત્વ પૂર્ણ ભાગ ભજવે છે. અર્ધમાગધી ભાષામાં રચાયેલા આપણા આગમગ્રંથો સામાન્ય જનતા વાંચે અને સમજી શકે તે ધ્યેયને લક્ષ્યમાં રાખી આગમ જ્ઞાનને સાદી, સરળ, સુવાચ્ય ગુજરાતી ભાષામાં રજૂ કરવા અમો પ્રયત્નશીલ છીએ. ગહન વિષયને સરળ કરવા વિવેચન, ચાર્ટ, આકૃતિઓ અને પરિશિષ્ટ બનાવવાનું કાર્ય પણ કરી રહ્યા છીએ. આગમના મૂળ પાઠના શબ્દના અર્થ કે સ્પષ્ટીકરણ રહી ન જાય તેની કાળજી સાથે વિવેચન કરતાં વિષયાંતરથી અતિ વિસ્તાર ન થઈ જાય, તેનો પણ ખ્યાલ રાખવામાં આવે છે.

કોઈપણ વિષયમાં ધારણા-પરંપરાનો આગમ સાથે વિરોધ જણાય અથવા કોઈ વિષયમાં શંકા જાગે ત્યારે તેના યથાયોગ્ય સમાધાન માટે આગમ મનીષી પૂ. તિલોકમુનિ મ.સા. ના આગમજ્ઞાન આલોકમાં તેઓશ્રી, પ્રધાન સંપાદિકા ગુરુણીમૈયા પૂ. લીલમબાઈ મ. અને અમે બંને (સાધ્વી આરતી તથા સાધ્વી સુબોધિકા), મુક્ત મને ચર્ચા-વિચારણા કરી, ઉપસ્થિત શંકાના નિવારણમાં કે તત્ત્વ નિર્ણયમાં સહુપ્રથમ આગમને પ્રધાનતા આપીએ છીએ. જે વિષયમાં આગમ મૌન હોય, આગમથી સમાધાન ન થાય ત્યારે ટીકાઓનું અનુશીલન કરવામાં આવે છે. જે વિષયમાં ટીકા દ્વારા પણ સ્પષ્ટીકરણ ન થાય ત્યારે અન્ય ગ્રંથોથી સમાધાન મેળવવાનો કે તત્ત્વનો નિર્ણય કરવાનો પ્રયત્ન કરવામાં આવે છે.

જેમકે દસમા સ્થાનમાં દસ આશ્ચર્યકારી ઘટનાઓની વાત છે. તેમાં એક આશ્ચર્યકારી

ઘટના છે કે એક સમયમાં ઋષભદેવ સ્વામી આદિ ઉત્કૃષ્ટ અવગાહનાવાળા ૧૦૮ સિદ્ધ થયા. આગમ અને વૃત્તિ બંનેમાં આ ઘટનાનો ઉલ્લેખ માત્ર છે. તેમાં ૧૦૮ની ગણનાવિધિ દર્શાવી નથી. પરંપરાથી ૧૦૮ની ગણનામાં ઋષભદેવ સ્વામી + તેમના બાહુબલી આદિ ૯૯ પુત્રો + ૮ પૌત્ર, આ રીતે ૧૦૮ ની ગણના કરવામાં આવે છે. અન્ય અનેક પ્રતોમાં આ જ રીતે ગણના કરી છે. અહીં પ્રશ્ન થાય છે કે સમવાયાંગ સૂત્રના– સમવાય–૮૪માં ઋષભદેવ સ્વામી, ભરત, બાહુબલી, બ્રાહ્મી, સુંદરીનું એક સરખું ૮૪ લાખ પૂર્વનું આયુષ્ય દર્શાવ્યું છે. એક સમાન આયુષ્યવાળા પિતા-પુત્રનું નિર્વાણ એક સાથે કઈ રીતે થાય ? તેથી બાહુબલીને ઋષભદેવ પ્રભુ સાથે નિર્વાણમાં લઈ ન શકાય માટે તેના સિવાયના શેષ ૯૮ પુત્રો જ ગણનામાં લઈ શકાય છે અને તેમ કરવાથી ગણના ૧૦૭ની જ થાય છે તેના સમાધાન માટે આગમના અન્ય વિધાનનું અનુસંધાન કરવામાં આવ્યું. પ્રજ્ઞાપના સૂત્રમાં વિધાન છે કે એક સમયે જઘન્ય બે તીર્થંકર સિદ્ધ થાય છે. જઘન્ય બે માં એક ભરત અને એક ઐરવતના એમ બે તીર્થંકર એક સાથે સિદ્ધ થાય છે. ભરત ક્ષેત્રમાં જે સમયે ઋષભદેવ સિદ્ધ થયા તે સમયે ઐરવત ક્ષેત્રના પ્રથમ તીર્થંકર સિદ્ધ થયા છે. તેથી ઋષભદેવ સ્વામી + ૯૮ પુત્રો+૮ પૌત્ર અને + ઐરવતક્ષેત્રના પ્રથમ તીર્થંકર મળીને એક સમયમાં ૧૦૮ ઉત્કૃષ્ટ અવગાહનાવાળા સિદ્ધ થયા, તેમ સમજવાથી પ્રશ્નનું સમાધાન થઈ જાય છે.

સ્થાન–૧૦, સૂત્ર–૨૮માં દસ રાજધાનીમાં દસ રાજા દીક્ષિત થયા, તે પ્રમાણે ઉલ્લેખ છે. આ દસ રાજાના નામ રૂપે દસ ચક્રવર્તીના નામ છે. સામાન્ય રીતે જોતાં એમ જ લાગે કે બે ચક્રવર્તીએ સંયમ લીધો નથી, તે નરકે ગયા છે; તેમને વર્જીને શેષ દસ ચક્રવર્તીઓ ક્રમશઃ એક-એક રાજધાનીમાં દીક્ષિત થયા હશે. અહીં શંકા થાય કે શાંતિનાથ, કુંથુનાથ, અને અરનાથ, આ ત્રણે ચક્રવર્તી એક જ રાજધાનીમાં થયા છે, તો દસ રાજધાની કેવી રીતે ઘટિત થાય ? ઠાણાંગવૃત્તિમાં તેનું સ્પષ્ટીકરણ મળ્યું નહીં પરંતુ નિશીથચૂર્ણિમાં સમાધાનકારી શબ્દો મળ્યા કે " ત્રણે તીર્થંકર ચક્રવર્તી એક જ નગરમાં થયા છે. તેથી આ દસમાંથી **કેટલીક રાજધાનીઓમાં** દસ ચક્રવર્તી દીક્ષિત થયા તેમ સમજવું.

સ્થાન-૮, સૂત્ર-૨૮માં ભગવાન મહાવીરના ગોદાસ વગેરે નવગણનો ઉલ્લેખ છે. આ સૂત્રની વ્યાખ્યામાં વૃત્તિકારે ભગવાન મહાવીરના નિર્વાણ પછીના સમયમાં નવગણ ઉત્પન્ન થયાનું કથન કર્યું છે. તેનું જ અનુસરણ અન્ય આચાર્યોએ કર્યું છે. પરંતુ આ નવમા સ્થાનમાં જ પ્રભુ મહાવીરના શ્રીમુખેથી થયેલું કથન આ પ્રમાણે છે– "ઉત્સર્પિણી કાળની આગામી ચોવીસીમાં પ્રથમ પદ્મનાભ નામના તીર્થકર થશે, તે તીર્થની સ્થાપના કરશે અને જેમ મારા શાસનમાં નવ ગણ છે તેમ તેમના શાસનમાં પણ નવ ગણ થશે;" આ વાક્યાંશ જ સૂચવે છે કે ભગવાનના સમયમાં અગિયાર ગણધરના નવ ગણ હતા અને તે ગણ ગણધરના નામે ન હતા પરંતુ અન્ય નામે હતા. કારણ કે ગણ-ગચ્છ કે સમૂહના નામકરણની વિવિધ અપેક્ષાઓ હોય છે; તેમાંથી કોઈપણ અપેક્ષાએ નામકરણ થઈ શકે છે.

સ્થાન-૫, ઉદ્દે.-૨, સૂત્ર ૫૮-૫૯માં વિધાન છે કે પાંચ પ્રકારના ચિંતન દ્વારા કેવળી ઉપસર્ગો પરીષહોને સહન કરે. અહીં પ્રશ્ન થાય છે કે કેવળીને મોહનીય કર્મ જ નથી તો ચિંતન કેમ સંભવે ? આ પ્રશ્નનું સમાધાન વૃત્તિમાંથી પ્રાપ્ત થાય છે. વૃત્તિમાં આ સૂત્રગત 'કેવળી' શબ્દનો અર્થ શ્રુતકેવળી, અવધિજ્ઞાની, મનઃપર્યવજ્ઞાની વગેરે વિશિષ્ટ જ્ઞાની એવો અર્થ કર્યો છે અને તે સમીચીન છે. આ રીતે સંપાદન કાર્ય દરમ્યાન આગમ, ભાષ્ય, ચૂર્ણિ, ટીકા તથા અન્ય ગ્રંથોનું અવલોકન કરતાં રહીએ છીએ.

અમારા આ સંપાદન કાર્યમાં તપસમ્રાટ **ગુરુદેવ રતિલાલજી મ.સા.**, પૂ . ગુરુણીમૈયા **પૂ. લીલમબાઈ મ.** પ્રદત્ત તથા પંડિતશ્રી **શોભાચંદ ભારિલ્લજી** અને પંડિતશ્રી **રોશનલાલજી જૈન** દ્વારા પરામાર્જિત જૈનાગમનું જ્ઞાન જ પાયા રૂપે સ્થાન પામે છે. અમારા આ સંપાદન પુરુષાર્થમાં આગમમનીષી **પૂ. તિલોકમુનિ મ.સા.** નો આગમ સંબંધિત અપાર સહયોગ મળી રહ્યો છે.

મનુષ્ય જ્યારે થાક અનુભવે ત્યારે સમુદ્ર કિનારે, બગીચામાં કે અન્ય કુદરતી સ્થાનોમાં જઈ તાજગી મેળવે છે. તેમ આગમ પુરુષાર્થ દરમ્યાન થાકનો અનુભવ થાય તે સમયે ગુરુણીમૈયા **પૂ. વીરમતીબાઈ મ.** અમારા માટે ઉદ્યાનસમ બને છે. અમારામાં નૂતન ઉત્સાહ તો પૂરે જ છે, સાથે અમારા આ કાર્યમાં પ્રેરક અને સહાયક પણ બને છે. આ સર્વ ઉપકારીઓ સ્મૃતિપટ પર આવે છે, તે સાથે સૌ પ્રથમ ઉપકારી માતા-પિતા કે જેઓએ ગળથૂંથીમાં જ નહીં પરંતુ તે પૂર્વે ગર્ભાવસ્થાની ભૂગર્ભશાળામાં જ દેવ, ગુરુ, ધર્મ પ્રત્યેની શ્રદ્ધાના પાઠ ભણાવ્યા છે, તેઓ પણ સ્મરણ પટ ઉપર ઉપસી આવે છે. તે સર્વના ઉપકાર સ્મરણે નતમસ્તક બની જવાય છે.

શ્રી ચંદ્રકાંતભાઈ શેઠ આગમ સંપાદનથી માંડીને પ્રકાશનના સંપૂર્ણ સહયોગી છે. શ્રી મુકુંદભાઈ પારેખ તથા શ્રી મણિભાઈ શાહ આગમ સંશોધનના સહયોગી છે. તે સહુનો અંતરથી આભાર માનીએ છીએ.

સદા ઋણી માતતાત **ચંપાબેન-શામળજીભાઈ**
કર્યું તમે સુસંસ્કારોનું સિંચન,
અનંત ઉપકારી ઓ તપસમ્રાટ **ગુરુદેવ શ્રી !**
આપ્યું અણમોલું સંયમ જીવન
શરણુ ગ્રહ્યું પૂ. **મુક્ત-લીલમ** ગુરુણીશ્રી
ખોલ્યા આપે દિવ્ય જ્ઞાનરૂપ નયન
દેવગુરુધર્મની મળે એવી કૃપા
શ્રુત **આરતી**એ કરું કષાયોનું શમન.

સદા ઋણી માતતાત **લલિતાબેન-પોપટભાઈ**
કર્યું તમે સુસંસ્કારોનું સિંચન,
અનંત ઉપકારી ઓ તપસમ્રાટ **ગુરુદેવ શ્રી !**
આપ્યું અણમોલું સંયમ જીવન
શરણુ ગ્રહ્યું **પૂ. મુક્ત-લીલમ-વીર** ગુરુણીશ્રી
ખોલ્યા આપે દિવ્ય જ્ઞાનરૂપ નયન
દેવગુરુધર્મની મળે એવી કૃપા
શ્રુત **સુબોધે** કરું કષાયોનું શમન.

# અનુવાદિકાની કલમે

– સાધ્વી શ્રી વિરમતીબાઈ મ.

**'अत्थं भासइ अरहा सुत्तं गंथंति गणहरा'** પરમાત્મા અર્થરૂપે તત્ત્વોનું કથન કરે છે અને ગણધર ભગવંતો સૂત્ર રૂપે ગૂંથે છે. જેને આપણે આગમ કે સિદ્ધાંતના નામે ઓળખીએ છીએ. નિષ્કામ કરુણાશીલ અનંતજ્ઞાનીઓ પાસેથી ભવજલતારિણી, અધમઉદ્ધારિણી, અનુપમ એવી વાણીનો વારસો આપણને મળ્યો છે. ભવ્યજીવોને સ્વમાં સમાઈ જવાની, વિષય કષાયથી બચી જવાની, પાપભીરૂ બનવાની, અલ્પપાપે જીવવાની અને ભાવ સભર હૈયે ભક્તિ કરતાં તીર્થંકર નામકર્મ બાંધી ઉચ્ચત્તમ સ્થિતિએ પહોંચવાની તથા અંતે કર્મનિર્જરા કરી મોક્ષ મેળવવાની સાધના, આ આગમોમાં દર્શાવી છે. આવા અગમ અગોચર ભાવો જેમાં ભર્યા છે, એવા આગમો આપણી અમૂલ્ય નિધિ છે.

આ આગમોને લોકપ્રિય બનાવવા ગુજરાતી ભાષામાં અનુવાદિત કરવાનું પ્રબળ અને પાવન નિમિત્ત બન્યું, પંડિતરત્ન અપ્રતિમ વિભૂતિ બા.બ્ર.પૂ. પ્રાણલાલજી મ.સા.નું જન્મ શતાબ્દી વર્ષ.

આ અનુવાદ કાર્યમાં ત્રીજા અંગ શ્રી ઠાણાંગસૂત્રના અનુવાદન કાર્ય માટે મારી પસંદગી કરવામાં આવી. શ્રદ્ધાભાવ સાથે આ કાર્ય સ્વીકારતાં મારું મન પુલ્લકિત બન્યું. ગુરુવર્યો પાસેથી પ્રાપ્ત જ્ઞાન તથા 'પાથડી બોર્ડ' તેમજ 'શ્રમણી વિદ્યાપીઠ' ના માધ્યમે ગુરુકૃપાએ મારા ક્ષયોપશમ અનુસાર જે કંઈ જ્ઞાન મેળવ્યું છે, તે અનુવાદ કાર્યમાં ઉપકારક, સહાયક નીવડશે, તેવા ભાવ સાથે મેં ધન્યતા અનુભવી. અનેક ઉપકારીઓના કૃપા પ્રસાદે આ કાર્ય સરળ અને સહજ બની ગયું.

શ્રી ઠાણાંગસૂત્રમાં ૧ થી ૧૦ સ્થાન છે. તેમાં ૧ થી ૪ સ્થાનનું સંકલન પહેલાં ભાગમાં કર્યું છે. બીજા ભાગમાં ૫ થી ૧૦ સ્થાનનું સંકલન છે.

શ્રી ઠાણાંગ સૂત્રના બીજા ભાગમાં ઐતિહાસિક, ભૌગોલિક, આધ્યાત્મિક, આચારશુદ્ધિ, પ્રાયશ્ચિત્ત, ગણવ્યવસ્થા આદિ વિવિધ વિષયો સંકલિત છે. તીર્થંકર નામ કર્મ બાંધનાર વ્યક્તિઓના નામ, ભાવી તીર્થંકરોનું વર્ણન, રાજા શ્રેણિકનું ભાવી તીર્થંકર

રૂપે જીવન વૃત્તાંત અને ભગવાન મહાવીરના ગણ તેમજ અનંતકાળે થાય તેવા ૧૦ આશ્ચર્ય (અચ્છેરા)નું ઐતિહાસિક વર્ણન માનવને આશ્ચર્યમાં ગરકાવ કરે છે.

જંબૂદ્વીપના ક્ષેત્રો, પર્વતો, નદીઓ, કૂટો વગેરેના વર્ણન દ્વારા ભૂગોળને અને જ્યોતિષચક્ર, નક્ષત્રયોગ વગેરેના વર્ણન દ્વારા આ આગમ ખગોળને સ્પર્શે છે.

મહાવ્રત, અણુવ્રત, ચારિત્રના પ્રકારો, સમિતિ, ગુપ્તિ, વૈયાવચ્ચના પ્રકાર, ગણવ્યવસ્થા, ગણના સંગઠન માટેના ઉપાયો વગેરે વિષયો આચાર શુદ્ધિ સાથે સંબંધ ધરાવે છે.

છ દ્રવ્ય, નવતત્ત્વ, દશપ્રકારની લોકસ્થિતિ વગેરે વિષયો જૈન દર્શનના તત્ત્વજ્ઞાનને પ્રગટ કરે છે.

સાધુઓ સાધના માટે જે ગણમાં રહે છે, તે ગણની ગણવ્યવસ્થા માટે તેઓએ વિશિષ્ટ નિયમોનું પાલન કરવું અનિવાર્ય છે. ગણવ્યવસ્થાનું ઉલ્લંઘન કરનાર સાધુને ગચ્છની બહાર પણ કાઢી શકાય છે અને આઠ ગુણના ધારક સાધકો એકલ વિહાર કરીને એકાંત સાધના પણ કરી શકે છે. સાધક ગણમાં રહે કે એકલા, તેનું લક્ષ્ય એકાન્ત આત્મ શુદ્ધિ જ હોય છે. આ રીતે જિનશાસનની વિશાળતા અને આત્મસાધનાનો રાજમાર્ગ આ આગમ દ્વારા સહજ રીતે સ્પષ્ટ થઈ જાય છે. ગણમર્યાદાનું ઉલ્લંઘન કરનાર સાધુ માટે છેદ સૂત્ર આધારિત વિવિધ પ્રકારના પ્રાયશ્ચિત્તનું વિધાન પણ શ્રી ઠાણાંગ સૂત્રમાં દષ્ટિગોચર થાય છે.

આ રીતે પાંચથી દશ સંખ્યા સંબંધિત અનેકવિધ વિષયોની સ્પર્શના કરતાં સૂત્રો રૂપી પુષ્પોનો બનેલો દ્વિતીય ભાગ રૂપી ગુલદસ્તો આપણા નયનગોચર થઈ રહ્યો છે.

**આભાર અભિવ્યક્તિ :–**

પરમ ઉપકારક, મમઉદ્ધારક, શ્રદ્ધેય, તપસમ્રાટ, પૂજ્ય ગુરુદેવ શ્રી રતિલાલજી મ.સા.ની અહર્નિશ વરસતી કૃપાએ મને આ કાર્ય કરવાની શક્તિ મળી અને અનુવાદ કાર્ય શરૂ થયું.

ગચ્છ શિરોમણી પૂ.જયંતમુનિ મ.સા. તથા ગુજરાત કેશરી પૂ. ગિરીશમુનિ

મ.સા.ના આશીષે કાર્યને વેગ મળ્યો.

શ્રુતજ્ઞાનના સહસ્રાક્ષી બની આગમનું અવલોકન કરનાર અદમ્ય પુરુષાર્થી આગમ મનિષી પૂ.તિલોકમુનિ મ.સા.ના શા-શા ઉપકાર વર્ણવું? તેઓએ પોતાને પ્રચ્છન્ન રાખી અન્યના વ્યક્તિત્વને ઉપસાવવા અનેરું યોગદાન આપ્યું છે.

આગમ જ્ઞાનલબ્ધ અમ ગુરુબંધુ શાસન પ્રભાવક પૂ.નમ્રમુનિ મ.સા. એ શ્રી ઠાણાંગસૂત્ર અવલોકી પ્રમાર્જન કર્યું છે.

મમ સંયમ જીવનના સુકાની મંગલમૂર્તિ પૂજ્યવરા પૂ.મુક્તાબાઈ મ.ના પરમ અનુગ્રહે આ કાર્ય નિર્વિઘ્ને પાર ઉતર્યું છે. મમ સંયમ સંસ્કારદાત્રી, સ્વાધ્યાય તપ-જપ-મૌનના આરાધિકા, પૂ. ગુરુણીદેવા પૂ. લીલમબાઈ મ. એ કાયાની માયા વિસારીને, વીર્યાંતરાયના ક્ષયોપશમે, આવી જૈફવયે અપ્રમતયોગિની બની કાગળના કોડિયે શ્રુતજ્ઞાનના ચિરાગ પ્રગટાવતા મુખ્ય સંપાદિકાના કાર્યના અનવરત પુરુષાર્થી બનીને મારી અનેક ક્ષતિઓને દૂર કરી આગમની અનેરી આભા ખીલવી છે.

અમારા વડિલ ગુરુભગિની પૂ. ઉષાબાઈ મ. સરળ ગુજરાતી ભાષામાં અનુવાદ કરવામાં ગંગોત્રી બન્યા છે.

સહવર્તિની સહસંપાદિકા સાધ્વી ડૉ આરતીબાઈ તથા સાધ્વી શ્રી સુબોધિકાબાઈ આગમના ગહનભાવો સરળતાથી શ્રુતપ્રેમીઓના હૃદયમાં મૌલિક સ્થાન પામે, તેવા શુભ આશય સાથે સંપાદન કાર્યમાં ત્રિયોગે સંલગ્ન બની સ્વ શક્તિનો સદુપયોગ કરી રહ્યા છે.

સહવર્તિની સાધ્વી બિન્દુબાઈ તથા પ્રબોધિકાબાઈ તેમજ ગુરુકુલવાસીઓના શુભભાવો મારી સાથે રહ્યા છે. નામી-અનામી સહુનો સહકાર સદા સાથે છે.

ગુરુપ્રાણ ફાઉન્ડેશનના ટ્રસ્ટી ભામાશા શ્રી રમણીકભાઈ શાહ (ઓમાનવાળા) તથા ઉત્સાહી યુવા પ્રમુખ શ્રી ચંદ્રકાન્તભાઈ શેઠ તથા ફાઉન્ડેશનના સભ્યોના ભક્તિભર્યા ભાવે આ કાર્ય આગળ વધ્યું છે.

શ્રી મુકુન્દભાઈ, શ્રી મણીભાઈ, શ્રી ધીરૂભાઈએ પૂર્ણતયા સહયોગ આપ્યો છે. નેહલભાઈએ પ્રિન્ટીંગ કાર્ય કર્યું છે. તે બદલ સહુનો આ તકે આભાર વ્યક્ત કરું છું.

આ અનુવાદકાર્યમાં અભયદેવસૂરિ રચિત શ્રી ઠાણાંગસૂત્રની વૃત્તિ, બ્યાવરથી પ્રકાશિત શ્રી ઠાણાંગસૂત્ર, પૂ. આત્મારામજી મ.સા. અનુવાદિત શ્રી ઠાણાંગસૂત્ર, લાડનૂં થી પ્રકાશિત ઠાણાંગ સૂત્રનો આધાર લેવામાં આવ્યો છે. આ સર્વ આગમોની સ્વાધ્યાય કરવામાં મેં ઘણી ઘણી ધન્યતા અનુભવી છે.

આ આગમરત્નને શાસનપ્રેમીઓ સમક્ષ રજુ કરતાં હું અનેરો આનંદ અનુભવું છું. તેમાં જે જે ત્રૂટીઓ રહી ગઈ હોય તો તે મારી છે અને શેષ સર્વ મારા ઉપકારીઓનું છે.

અત્ર જિનાજ્ઞા વિરુદ્ધ લખાયું હોય તો ત્રિવિધે ત્રિવિધે મિચ્છામિ દુક્કડમ્...

પૂ. મુક્ત–લીલમ ગુરુણીના સુશિષ્યા

**–સાધ્વી વીરમતી**

# ૩૨ અસ્વાધ્યાય

## શાસ્ત્રના મૂળપાઠ સંબંધી

| ક્રમ | વિષય | અસ્વાધ્યાય કાલ |
|---|---|---|
| | **આકાશસંબંધી દસ અસ્વાધ્યાય** | |
| ૧ | આકાશમાંથી મોટો તારો ખરતો દેખાય | એક પ્રહર |
| ૨ | દિગ્દાહ–કોઈ દિશામાં આગ જેવું દેખાય | જ્યાં સુધી રહે ત્યાં સુધી |
| ૩ | અકાલમાં મેઘગર્જના થાય [વર્ષાઋતુ સિવાય] | બે પ્રહર |
| ૪ | અકાલમાં વીજળી ચમકે [વર્ષાઋતુ સિવાય] | એક પ્રહર |
| ૫ | આકાશમાં ઘોરગર્જના અને કડાકા થાય | આઠ પ્રહર |
| ૬ | શુક્લપક્ષની ૧, ૨, ૩ની રાત્રિ | એક પ્રહર |
| ૭ | આકાશમાં વીજળી વગેરેથી યક્ષનું ચિહ્ન દેખાય | જ્યાં સુધી દેખાય ત્યાં સુધી |
| ૮ | કરા પડે | જ્યાં સુધી રહે ત્યાં સુધી |
| ૯ | ધુમ્મસ | જ્યાં સુધી રહે ત્યાં સુધી |
| ૧૦ | આકાશ ધૂળ–રજથી આચ્છાદિત થાય | જ્યાં સુધી રહે ત્યાં સુધી |
| | **ઔદારિક શરીર સંબંધી દસ અસ્વાધ્યાય** | |
| ૧૧ | તિર્યંચ, મનુષ્યના હાડકાં બળ્યા, ધોવાયા વિના હોય, | ૧૨ વર્ષ |
| ૧૨–૧૩ | તિર્યંચના લોહી, માંસ ૬૦ હાથ, મનુષ્યના ૧૦૦ હાથ [ફૂટેલા ઈંડા હોય તો ત્રણ પ્રહર] | દેખાય ત્યાં સુધી |
| ૧૪ | મળ–મૂત્રની દુર્ગંધ આવે અથવા દેખાય | જ્યાં સુધી રહે ત્યાં સુધી |
| ૧૫ | સ્મશાન ભૂમિ [૧૦૦ હાથની નજીક હોય] | – |
| ૧૬ | ચંદ્રગ્રહણ–ખંડ/પૂર્ણ | ૮/૧૨ પ્રહર |
| ૧૭ | સૂર્યગ્રહણ–ખંડ/પૂર્ણ | ૧૨/૧૬ પ્રહર |
| ૧૮ | રાજાનું અવસાન થાય તે નગરીમાં | નવા રાજા થાય ત્યાં સુધી |
| ૧૯ | યુદ્ધસ્થાનની નિકટ | યુદ્ધ ચાલે ત્યાં સુધી |
| ૨૦ | ઉપાશ્રયમાં પંચેન્દ્રિયનું કલેવર | જ્યાં સુધી હોય ત્યાં સુધી |
| | **ચાર મહોત્સવ–ચાર પ્રતિપદા** | |
| ૨૧–૨૮ | અષાઢ, આસો, કારતક અને ચૈત્રની પૂર્ણિમા અને ત્યાર પછીની એકમ | સંપૂર્ણ દિવસ–રાત્રિ |
| ૨૯–૩૨ | સવાર, સાંજ, મધ્યાહ્ન અને અર્ધરાત્રિ. | એક મુહૂર્ત |

[**નોંધ :–** પરંપરા અનુસાર ભાદરવા સુદ પૂનમ અને વદ એકમના દિવસે પણ અસ્વાધ્યાય મનાય છે. તેની ગણના કરતાં ૩૪ અસ્વાધ્યાય થાય છે.]

# શ્રી ઠાણાંગ સૂત્ર

ગણધર રચિત ત્રીજું અંગ

## ભાગ - ૨

## સ્થાન : ૫ થી ૧૦

મૂળપાઠ, ભાવાર્થ, વિવેચન, પરિશિષ્ટ

: અનુવાદિકા :
પૂ. શ્રી વીરમતીબાઈ મ.

આ કાલિકસૂત્ર છે. તેના મૂળપાઠનો સ્વાધ્યાય દિવસ અને રાત્રિના પહેલા તથા ચોથા પ્રહરમાં થઈ શકે છે.

# પાંચમું સ્થાન

## પરિચય

★ પ્રસ્તુત સ્થાનમાં પાંચ સંખ્યાવાળા વિષયો સંકલિત છે. ત્રણ ઉદ્દેશક ધરાવતા આ સ્થાનમાં કર્મનિર્જરાના કારણ, સંવર-અસંવર, જ્ઞાન, બંધ વગેરે તાત્ત્વિક વિષયો; મહાનદી, વક્ષસ્કાર પર્વત, અઢીદ્વીપ, મહાનરક, મહાવિમાન વગેરે ભૌગોલિક વિષયો; હેતુ-અહેતુ વગેરે દાર્શનિક વિષયો; રાજચિહ્ન, તીર્થંકરોના કલ્યાણક વગેરે ઐતિહાસિક વિષયો; વિસંભોગ,પારાંચિત પ્રાયશ્ચિત્ત, આચારકલ્પ વગેરે પ્રાયશ્ચિત્ત સંબંધી વિષયો; અણુવ્રત-મહાવ્રત, પ્રતિમા, વર્ષાવાસ વગેરે ચારિત્ર સંબંધી વિષયો; પાંચ પ્રકારના સંવત્સર, નક્ષત્ર, જ્યોતિષી દેવોના ભેદ વગેરે જ્યોતિષ સંબંધી વિષયો; વચન અને કાયાની સ્થિરતાથી અવધિજ્ઞાનની ઉત્પત્તિ વગેરે તથા યોગસાધના સંબંધી વિષયોનું વર્ણન છે.

★ આ વિષયો જેટલા જ્ઞાનવર્ધક છે તેટલા જ આકર્ષક અને વ્યાવહારિક પણ છે. જેમ કે **पंचविहे सोए पण्णत्ते ।** પાંચ પ્રકારના શુદ્ધિના સાધનો છે. માટી શુદ્ધિનું સાધન છે. તેના દ્વારા વાસણ, પાત્ર સાફ કરવામાં આવે છે. પાણી શુદ્ધિનું સાધન છે. તેના દ્વારા વસ્ત્ર, પાત્ર, મકાન વગેરે સાફ કરવામાં આવે છે. અગ્નિ શુદ્ધિનું સાધન છે. તેના દ્વારા સોનું, ચાંદી વગેરેની શુદ્ધિ થાય છે. મંત્ર પણ શુદ્ધિનું સાધન છે. તેના દ્વારા વાયુમંડળ, વાતાવરણ શુદ્ધ કરવામાં આવે છે. બ્રહ્મચર્ય પણ શુદ્ધિનું સાધન છે. તેના આચરણથી આત્માની શુદ્ધિ થાય છે.

★ **संजय मणुस्साणं सुत्ताणं पंच जागरा पण्णत्ता** = સંયમી સૂતા હોય તોપણ પાંચ ઈન્દ્રિયવિષયોમાં જાગતા જ હોય છે. મનની બે અવસ્થા છે– સુષુપ્ત અને જાગૃત. સંયમી સાધકની સાધના સુષુપ્ત બને ત્યારે શબ્દ, રૂપ વગેરે ઈન્દ્રિય વિષયો જાગૃત બની જાય છે અને સાધક સાધનામાં જાગૃત રહે ત્યારે શબ્દાદિ વિષયો સુષુપ્ત બને છે. અસંયત મનુષ્ય જાગતા હોય કે સૂતા હોય, બંને ય અવસ્થામાં તેના વિષયો જાગતા જ રહે છે અને વ્યક્તિ ઉપર પોતાનો પ્રભાવ પાડતા રહે છે.

★ **पंच पडिसंलीणा पण्णत्ता** = પાંચ પ્રકારની પ્રતિસંલીનતા કહી છે. બહિર્મુખી વ્યક્તિની ઈન્દ્રિયો અપ્રતિસંલીન હોય છે. ક્યારેક તે શબ્દોમાં રમે છે, તો ક્યારેક રૂપોમાં મુગ્ધ બને છે. ક્યારેક ગંધમાં તન્મય બને છે, તો ક્યારેક તેને રસમાં આસક્તિ જન્મે છે અને ક્યારેક કોમળ સ્પર્શમાં તે ખોવાય જાય છે. મન અંતર્મુખી બને ત્યારે જ ઈન્દ્રિયો પ્રતિસંલીન બને છે.

★ **पंचहिं ठाणेहिं ओहिदंसणे समुप्पज्जिउकामे वि तप्पढमाए खंभाएज्जा** = તત્કાળ ઉત્પન્ન થયેલું અવધિજ્ઞાન પાંચ કારણોથી ક્ષુભિત-ક્ષુબ્ધ બને છે અને પ્રારંભિક ક્ષણોમાં જ નાશ પામે છે. પાણી સ્થિર અને શાંત હોય ત્યારે જ તેમાં સ્પષ્ટ પ્રતિબિંબ પડે છે. તેમ મન સ્થિર હોય ત્યારે જ

અવધિજ્ઞાન વગેરેની ઉપલબ્ધિ થાય છે. ચિત્તની ચંચળતા ઉપલબ્ધિમાં બાધક છે. અભૂતપૂર્વ દશ્ય જોવાથી ચિત્તમાં ચંચળતા, આશ્ચર્ય કે કુતૂહલ ઉત્પન્ન થાય અને ચિત્ત ચંચળ બની જાય તો પ્રાપ્ત થયેલું અવધિજ્ઞાન નાશ પામે છે.

★ સામુહિક સાધનામાં વ્યવસ્થા અને નિયમોનું પાલન અનિવાર્ય છે. જ્યાં નિયમ હોય ત્યાં તેના ભંગના પ્રસંગ ઉપસ્થિત થાય અને તેની શુદ્ધિ માટે પ્રાયશ્ચિત્તની પણ આવશ્યકતા રહે છે.

★ આ પ્રાયશ્ચિત્ત આપવાના અધિકારી કોણ છે ? કોને, ક્યારે, કેવું, કેટલું પ્રાયશ્ચિત્ત આપી શકાય ? વગેરે વિષયોની પરંપરા આ સ્થાનમાં સંકલિત છે. મુખ્યતયા પ્રાયશ્ચિત્ત સૂત્રો નિશીથ સૂત્રમાં વર્ણિત છે, તેમ છતાં અહીં તેનું સંખ્યાની દષ્ટિએ સંકલન છે.

★ સિદ્ધાંત, આચાર, દર્શન, પરંપરા વગેરે અનેકવિધ વિષયો આ સ્થાનમાં સંખ્યાની દષ્ટિએ સંકલિત કરવામાં આવ્યા છે. તેમાં વિષયોનું વૈવિધ્ય પ્રચુર માત્રામાં હોવાથી વાચકના રસ, રુચિ જળવાઈ રહે છે અને જ્ઞાનવૃદ્ધિ પામે છે.

❖ ❖ ❖

# સ્થાન-૫

## ઉદ્દેશક-૧

**મહાવ્રત : અણુવ્રત :–**

**१** **पंच महव्वया पण्णत्ता, तं जहा– सव्वाओ पाणाइवायाओ वेरमणं, सव्वाओ मुसावायाओ वेरमणं, सव्वाओ अदिण्णादाणाओ वेरमणं, सव्वाओ मेहुणाओ वेरमणं, सव्वाओ परिग्गहाओ वेरमणं ।**

**ભાવાર્થ :–** મહાવ્રત પાંચ છે, તે આ પ્રમાણે છે– (૧) સર્વ પ્રકારના પ્રાણાતિપાત– જીવઘાતથી વિરમવું (૨) સર્વ પ્રકારના મૃષાવાદ– અસત્ય ભાષણથી વિરમવું (૩) સર્વ પ્રકારના અદત્તાદાન– ચોરીથી વિરમવું (૪) સર્વ પ્રકારના મૈથુન– કુશીલ સેવનથી વિરમવું (૫) સર્વ પ્રકારના પરિગ્રહથી વિરમવું.

**२** **पंचाणुव्वया पण्णत्ता, तं जहा– थूलाओ पाणाइवायाओ वेरमणं, थूलाओ मुसावायाओ वेरमणं, थूलाओ अदिण्णादाणाओ वेरमणं, सदारसंतोसे, इच्छापरिमाणे।**

**ભાવાર્થ :–** અણુવ્રત પાંચ છે, તે આ પ્રમાણે છે– (૧) સ્થૂલ પ્રાણાતિપાતથી વિરમવું (૨) સ્થૂલ મૃષાવાદથી વિરમવું (૩) સ્થૂલ અદત્તાદાનથી વિરમવું (૪) સ્વદાર સંતોષવ્રત (૫) ઇચ્છા પરિમાણ (પરિગ્રહની મર્યાદા કરવી.)

**વિવેચન :–**

વ્રત એટલે વિરામ પામવું, પાપ પ્રવૃત્તિથી વિરામ પામવું તે વ્રત છે. પાપ પ્રવૃત્તિનો જીવનપર્યંત સંપૂર્ણતઃ ત્યાગ કરવો તે મહાવ્રત છે અને આંશિક ત્યાગ કરવો તે અણુવ્રત છે.

પ્રસ્તુત સૂત્રમાં અઢાર પાપ પૈકીના મુખ્ય અને પ્રથમના પાંચ પાપોના ત્યાગની અપેક્ષાએ સાધુના પાંચ મહાવ્રતોનું અને શ્રાવકના પાંચ અણુવ્રતોનું નિરૂપણ છે.

શ્રી આચારાંગ સૂત્ર, પ્રશ્નવ્યાકરણ સૂત્ર આદિ આગમોમાં સાધુના પાંચ મહાવ્રતો અને તેની પચ્ચીસ ભાવનાઓનું વર્ણન છે. ઉપાસકદશાંગ સૂત્રમાં શ્રાવકના બાર વ્રતોનું વિસ્તારથી વર્ણન છે. પ્રસ્તુતમાં પાંચમા સ્થાનની અપેક્ષાએ પાંચ મહાવ્રતો અને પાંચ અણુવ્રતોનો નામ નિર્દેશ છે.

**ઈન્દ્રિય વિષયના ત્યાગ-અત્યાગનું ફળ :–**

**૩ पंच वण्णा पण्णत्ता, तं जहा– किण्हा, णीला, लोहिया, हालिद्दा, सुक्किल्ला ।**

**ભાવાર્થ :–** વર્ણના પાંચ પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) કૃષ્ણ વર્ણ (૨) નીલ વર્ણ (૩) લાલ વર્ણ (૪) પીળો વર્ણ, (૫) શ્વેત વર્ણ.

**૪ पंच रसा पण्णत्ता, तं जहा– तित्ता, कडुया, कसाया, अंबिला, महुरा ।**

**ભાવાર્થ :–** રસના પાંચ પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) તિક્ત રસ (૨) કટુક રસ (૩) કષાય રસ (૪) આમ્લ રસ (૫) મધુર રસ.

**૫ पंच कामगुणा पण्णत्ता, तं जहा– सद्दा, रूवा, गंधा, रसा, फासा ।**

**ભાવાર્થ :–** કામગુણના પાંચ પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) શબ્દ (૨ ) રૂપ (૩) ગંધ (૪) રસ (૫) સ્પર્શ.

**૬ पंचहिं ठाणेहिं जीवा सज्जंति, तं जहा– सद्देहिं, रूवेहिं, गंधेहिं, रसेहिं फासेहिं । एवं रज्जंति मुच्छंति गिज्झंति अज्झोववज्जंति विणिग्घायमावज्जंति।**

**ભાવાર્થ :–** પાંચ સ્થાનોમાં(કામગુણોમાં) જીવ આસક્ત બને છે, તે આ પ્રમાણે છે– (૧) શબ્દમાં (૨) રૂપમાં (૩) ગંધમાં (૪) રસમાં (૫) સ્પર્શમાં. તે જ પ્રમાણે પાંચ કામગુણોમાં જીવ અનુરક્ત, મૂર્ચ્છિત, ગૃદ્ધ, અધ્યુપપન્ન–અતિ આસક્ત થાય છે અને વિનાશને પ્રાપ્ત થાય છે.

**૭ पंच ठाणा अपरिण्णाया जीवाणं अहियाए असुभाए अखमाए अणिस्सेस्साए अणाणुगामियत्ताए भवंति, तं जहा– सद्दा, रूवा, गंधा, रसा, फासा ।**

**ભાવાર્થ :–** પાંચ કામગુણોનું અપરિજ્ઞાન– અજ્ઞાન અને તેના અપ્રત્યાખ્યાન જીવોના અહિત માટે, અશુભ માટે, અસામર્થ્ય માટે, અકલ્યાણ માટે અને અનનુગામિતા–અમોક્ષ(સંસારવાસ) માટે હોય છે, તે આ પ્રમાણે છે– (૧) શબ્દ (૨) રૂપ (૩) ગંધ (૪) રસ (૫) સ્પર્શ.

**૮ पंच ठाणा सुपरिण्णाया जीवाणं हियाए सुभाए *जाव* आणुगामियत्ताए भवंति, तं जहा– सद्दा, रूवा, गंधा, रसा, फासा ।**

**ભાવાર્થ :–** પાંચ કામગુણોનું પરિજ્ઞાન– જ્ઞાન અને તેના પ્રત્યાખ્યાન જીવોના હિત માટે, શુભ માટે, સામર્થ્ય માટે, કલ્યાણ માટે અને અનુગામિતા(મોક્ષ) માટે હોય છે, તે આ પ્રમાણે છે– (૧) શબ્દ (૨) રૂપ (૩) ગંધ (૪) રસ (૫) સ્પર્શ.

**૯** **पंच ठाणा अपरिण्णाया जीवाणं दुग्गइ-गमणाए भवंति, तं जहा– सद्दा, रूवा, गंधा, रसा, फासा ।**

**ભાવાર્થ :–** પાંચ કામગુણોનું અજ્ઞાન અને તેના અપ્રત્યાખ્યાન, એ જીવો માટે દુર્ગતિદાયક છે, તે આ પ્રમાણે છે– (૧) શબ્દ (૨) રૂપ (૩) ગંધ (૪) રસ (૫) સ્પર્શ.

**૧૦** **पंच ठाणा सुपरिण्णाया जीवाणं सुग्गइ-गमणाए भवंति, तं जहा– सद्दा, रूवा, गंधा, रसा, फासा ।**

**ભાવાર્થ :–** પાંચ કામગુણોનું જ્ઞાન અને તેના પ્રત્યાખ્યાન, એ જીવો માટે સુગતિદાયક છે, તે આ પ્રમાણે છે– (૧) શબ્દ (૨) રૂપ (૩) ગંધ (૪) રસ (૫) સ્પર્શ.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં પાંચ ઈન્દ્રિયો, તેના શબ્દાદિ પાંચ વિષયો અને તેની આસક્તિના પરિણામનું નિરૂપણ છે.

પાંચમું સ્થાન હોવાથી વર્ણ અને રસના પાંચ-પાંચ ભેદનું કથન કર્યું છે. ગંધના બે અને સ્પર્શના આઠ ભેદો હોવાથી તેનું કથન કર્યું નથી. ઈન્દ્રિયના આ પાંચ વિષયો કામગુણ રૂપ છે. ઈન્દ્રિયો અને ઈન્દ્રિયોના વિષયો પાંચ-પાંચ છે. તેથી તેનો સબંધ, તેની આસક્તિ, પરિજ્ઞા વગેરે પણ પાંચ-પાંચ છે.

**कामगुणा :–** કામ એટલે અભિલાષા, ઈચ્છા, વિષયેચ્છા અને ગુણ એટલે તેને પુષ્ટ કરનાર કે ઉત્પન્ન કરનાર; આ રીતે ઈચ્છાઓ અને વિષયેચ્છાઓને પરિપુષ્ટ કરનાર, વધારનાર શબ્દ, રૂપ આદિ ઈન્દ્રિય વિષયોને કામગુણ કહે છે.

**सज्जंति :–** ઈન્દ્રિયોનો વિષય સાથે સંબંધ કરવો.

**रज्जंति :–** ઈન્દ્રિયવિષયો પ્રત્યે રાગભાવ કરવો, આસક્તિ કરવી.

**मुच्छंति :–** અત્યંત આસક્તિના કારણે ઈન્દ્રિયવિષયના કટુ પરિણામ જોયા વિના તેના સંરક્ષણ માટે સતત ચિંતિત રહેવું.

**गिज्झंति :–** વિષયોમાં અસંતૃષ્ટ રહેવું, તેમાં તૃપ્ત ન થવું અને તેની આકાંક્ષા રાખવી.

**अज्झोववज्जंति :–** અધ્યુપપન્નતા. વિષય સેવનમાં એકચિત્ત બની જવું, તેની પ્રાપ્તિમાં દત્તચિત્ત બની જવું.

**विणिग्घायमावज्जंति :–** વિશેષ ઘાતની પ્રાપ્તિ. (૧) વિષય સેવનથી મૃત્યુની પ્રાપ્તિ. (૨) વિષય સેવનથી આત્મગુણનો નાશ અને દુર્ગતિની પ્રાપ્તિ. (૩) જન્મ મરણની પ્રાપ્તિ.

**अपरिण्णाया :–** અપરિજ્ઞાત. ઈન્દ્રિયોના વિષયોનું સ્વરૂપ ન જાણવું અને તેનો ત્યાગ ન કરવો અર્થાત્ અજ્ઞાનતાથી વિષયોમાં સંલગ્ન રહેવું.

**सुपरिण्णाया :–** સુપરિજ્ઞાત. ઇન્દ્રિયોના વિષયોનું સ્વરૂપ જાણી, તેનો ત્યાગ કરવો અર્થાત્ વિષયો પ્રત્યેની આસક્તિનો ત્યાગ કરવો. જ્ઞાનદશામાં રહી ઇન્દ્રિયવિષયોથી થતા કર્મ બંધથી દૂર રહેવું.

**अहियाए असुभाए...:–** સૂત્રમાં અપરિજ્ઞાત વિષયોનું પરિણામ પ્રદર્શિત કરવા અહિત, અશુભ વગેરે અને સુપરિજ્ઞાત વિષયોનું પરિણામ પ્રદર્શિત કરવા હિત, શુભ વગેરે પાંચ-પાંચ શબ્દોનો પ્રયોગ છે. તે પ્રતિપાદ્ય વિષયની મહત્તા સૂચિત કરે છે. **अहित**=દુઃખરૂપ **अशुभ**=પુણ્યરહિત **अक्षम**=અસમર્થ **अणिस्सेस**= અકલ્યાણ **अणाणुगामिय**=ઉપકાર રૂપ ન થાય, મોક્ષસાધનામાં સાથ ન આપનાર. આ રીતે ઇન્દ્રિય વિષયોનું અજ્ઞાન અને તેની આસક્તિ દુર્ગતિ અને દુઃખની પરંપરાનું સર્જન કરે છે.

ઇન્દ્રિય વિષયોનું જ્ઞાન અને તેની અનાસક્તિ સુગતિ અને સુખની પરંપરાનું સર્જન કરે છે.

## દુર્ગતિ-સુગતિના કારણો :–

**૧૧ पंचहिं ठाणेहिं जीवा दोग्गइं गच्छंति, तं जहा– पाणाइवाएणं, मुसावाएणं, अदिण्णादाणेणं, मेहुणेणं, परिग्गहेणं ।**

**ભાવાર્થ :–** પાંચ કારણે જીવ દુર્ગતિમાં જાય છે, તે આ પ્રમાણે છે– (૧) હિંસાથી (૨) અસત્ય ભાષણથી (૩) ચોરીથી (૪) કુશીલસેવનથી (૫) પરિગ્રહથી.

**૧૨ पंचहिं ठाणेहिं जीवा सोग्गइं गच्छंति, तं जहा– पाणाइवायवेरमणेणं, मुसावायवेरमणेणं, अदिण्णादाणवेरमणेणं, मेहुणवेरमणेणं, परिग्गहवेरमणेणं ।**

**ભાવાર્થ :–** પાંચ કારણે જીવ સુગતિમાં જાય છે, તે આ પ્રમાણે છે– (૧) હિંસા ત્યાગથી (૨) અસત્યના ત્યાગથી (૩) ચોરીના ત્યાગથી (૪) કુશીલસેવનના ત્યાગથી (૫) પરિગ્રહના ત્યાગથી.

## વિવેચન :–

આ સૂત્રમાં પ્રાણાતિપાત વગેરે પાંચ અવ્રતોને દુર્ગતિના કારણ કહ્યા છે. અવ્રત અશુભ આશ્રવરૂપ છે. અશુભ આશ્રવથી અશુભ કર્મબંધ થાય છે અને તેના ફળ સ્વરૂપે દુર્ગતિ પ્રાપ્ત થાય છે. પ્રાણાતિપાત આદિ પાંચે અવ્રતોના ત્યાગથી સંવર થાય છે અર્થાત્ મુખ્યતયા નવા કર્મ બંધાતા નથી અને ગૌણતાએ શુભકર્મ બંધાય છે. જેથી જીવ સુગતિને પ્રાપ્ત કરે છે.

## ભદ્રા આદિ પડિમા :–

**૧૩ पंच पडिमाओ पण्णत्ताओ, तं जहा– भद्दा, सुभद्दा, महाभद्दा, सव्वतोभद्दा, भद्दुत्तरपडिमा ।**

**ભાવાર્થ :–** પાંચ પડિમા (અભિગ્રહ, પ્રતિજ્ઞા) છે, તે આ પ્રમાણે છે– (૧) ભદ્રા (૨) સુભદ્રા (૩) મહાભદ્રા (૪) સર્વતોભદ્રા (૫) ભદ્રોત્તર પ્રતિજ્ઞા.

**વિવેચન :–**

ભદ્રા વગેરે ચાર અભિગ્રહરૂપ પ્રતિજ્ઞાઓનું વર્ણન સ્થાન- ૨, ઉદ્દે.-૩, સૂત્ર- ૬ તથા સ્થાન- ૪, ઉદ્દે.- ૧, સૂત્ર-૩૯ પ્રમાણે જાણવું. અહીં પાંચમું સ્થાન હોવાથી પાંચમી ભદ્રોત્તર પ્રતિજ્ઞાનો વિશેષ ઉલ્લેખ છે.

**ભદ્રોત્તર પ્રતિમા :–** ભદ્રા એટલે કલ્યાણપ્રદાતા અને ઉત્તર એટલે પ્રધાન, પરમ. આ પ્રતિમા પરમ કલ્યાણપ્રદ હોવાથી તેને ભદ્રોત્તર પ્રતિમા કહે છે. તેનો પ્રારંભ પાંચ ઉપવાસથી થાય છે અને નવ ઉપવાસ સુધી ક્રમશઃ વધે છે. તેની પ્રથમ પરિપાટીમાં પાંચ મહિના અને પચ્ચીસ દિવસ તપના તથા પચ્ચીસ દિવસ પારણાના થાય છે. તેની ચાર પરિપાટીમાં ૭૦૦ દિવસ તપના અને ૧૦૦ દિવસ પારણાના થાય છે. વિશેષ વર્ણન અંતગડ સૂત્ર પ્રમાણે જાણવું.

**સ્થાવરકાય અને તેના અધિપતિ દેવો :–**

**૧૪ पंच थावरकाया पण्णत्ता, तं जहा– इंदे थावरकाए, बंभे थावरकाए, सिप्पे थावरकाए, सम्मती थावरकाए, पायावच्चे थावरकाए ।**

**ભાવાર્થ :–** પાંચ સ્થાવરકાય છે, તે આ પ્રમાણે છે– (૧) ઈન્દ્રસ્થાવરકાય– પૃથ્વીકાય (૨) બ્રહ્મ સ્થાવરકાય– અપ્કાય (૩) શિલ્પસ્થાવરકાય– તેજસ્કાય (૪) સમ્મતિસ્થાવરકાય– વાયુકાય (૫) પ્રાજાપત્ય સ્થાવરકાય– વનસ્પતિકાય.

**૧૫ पंच थावरकायाहिवई पण्णत्ता, तं जहा– इंदे थावरकायाहिवई, बंभे थावरकायाहिवई, सिप्पे थावरकायाहिवई, सम्मती थावरकायाहिवई, पायावच्चे थावरकायाहिवई ।**

**ભાવાર્થ :–** પાંચ સ્થાવરકાયના પાંચ અધિપતિ છે, તે આ પ્રમાણે છે– (૧) પૃથ્વી સ્થાવરકાયના અધિપતિ ઈન્દ્ર. (૨) પાણી સ્થાવરકાયના અધિપતિ બ્રહ્મ. (૩) અગ્નિ સ્થાવરકાયના અધિપતિ શિલ્પ. (૪) વાયુ સ્થાવરકાયના અધિપતિ સમ્મતિ (૫) વનસ્પતિ સ્થાવરકાયના અધિપતિ પ્રજાપતિ.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં પાંચ સ્થાવરકાય અને તેના અધિપતિ દેવોના નામ કહ્યા છે. જેવી રીતે દિશાઓના અધિપતિ ઈન્દ્ર, અગ્નિ આદિ છે, નક્ષત્રોના અધિપતિ અશ્વ, યમ આદિ છે. તેવી રીતે પ્રસ્તુત સૂત્રમાં પાંચ સ્થાવરકાયના અધિપતિઓનું કથન છે. તે અધિપતિ દેવો કઈ જાતિના છે, ક્યાં રહે છે ઈત્યાદિ સ્પષ્ટીકરણ સૂત્રમાં નથી. ભગવતીસૂત્ર શતક-૩, ઉદ્દેશક-૭ માં લોકગત પદાર્થોના અધિપતિ શકેન્દ્ર, ઈશાનેન્દ્ર અને તેના લોકપાલોને દર્શાવ્યા છે.

**ક્ષુભિત-અક્ષુભિત જ્ઞાન :–**

**१६** पंचहिं ठाणेहिं ओहिदंसणे समुप्पज्जिउकामे वि तप्पढमयाए खंभाएज्जा, तं जहा– अप्भूयं वा पुढविं पासित्ता तप्पढमयाए खंभाएज्जा । कुंथुरासिभूयं वा पुढविं पासित्ता तप्पढमयाए खंभाएज्जा । महइमहालयं वा महोरगसरीरं पासित्ता तप्पढमयाए खंभाएज्जा । देवं वा महिड्ढियं महज्जुइयं महाणुभागं महायसं महाबलं महासोक्खं पासित्ता तप्पढमयाए खंभाएज्जा ।

पुरेसु वा पोराणाइं उरालाइं महइमहालयाइं महाणिहाणाइं पहीणसामियाइं पहीणसेउयाइं पहीणगुत्तागाराइं उच्छिण्णसामियाइं उच्छिण्णसेउयाइं उच्छिण्ण गुत्तागाराइं जाइं इमाइं गामागर णगर खेड कब्बड मडंब दोणमुह-पट्टणासमसंबाह सण्णिवेसेसु सिंघाडग तिग चउक्क चच्चर चउम्मुह महापहपहेसु णगर णिद्धमणेसु सुसाण सुण्णागार गिरिकंदरसंति सेलोवट्ठावण भवणगिहेसु सण्णिक्खित्ताइ चिट्ठंति, ताइं वा पासित्ता तप्पढ मयाए खंभाएज्जा ।

इच्चेएहिं पंचहिं ठाणेहिं ओहिदंसणे समुप्पज्जिउकामे तप्पढमयाए खंभाएज्जा ।

**ભાવાર્થ :–** તત્કાળ ઉત્પન્ન થયેલું (અવધિજ્ઞાન) અવધિદર્શન પાંચ કારણે પોતાની પ્રારંભિક ક્ષણોમાં જ ક્ષુભિત(વિચલિત) થઈ જાય છે, નાશ પામે છે, યથા–

(૧) જલમય પૃથ્વી(પાણીની બહુલતાવાળી પૃથ્વી)ને જોઈને તે પ્રાથમિક ક્ષણોમાં જ ક્ષુભિત-વિચલિત થઈ જાય છે.

(૨) કંથવા જેવી ક્ષુદ્ર જીવરાશિથી વ્યાપ્ત પૃથ્વીને જોઈને તે પોતાની પ્રાથમિક ક્ષણોમાં ક્ષુભિત થઈ જાય છે.

(૩) મહોરગ વગેરેના મોટા મોટા શરીરને જોઈને તે પોતાની પ્રાથમિક ક્ષણોમાં ક્ષુભિત થઈ જાય છે.

(૪) મહર્ધિક, મહાદ્યુતિક, મહાનુભાગ, મહાન યશસ્વી અને મહાન સુખવાળા દેવોને જોઈને તે પોતાની પ્રાથમિક ક્ષણોમાં ક્ષુભિત થઈ જાય છે.

(૫) પુર, ગ્રામ, આકર, નગર, ખેટ, કર્બટ, મડંબ, દ્રોણમુખ, પતન, આશ્રમ, સંબાહ, સન્નિવેશ, શૃંગાટક, (ત્રણ રસ્તાની વચ્ચેના ત્રિકોણ ભાગ), ત્રણ રસ્તા, ચાર રસ્તા, ચોક(જ્યાં અનેક માર્ગ મળતાં હોય) ચતુર્મુખ = દેવકુલાદિ, જ્યાંથી ચારે દિશામાં રસ્તા જતાં હોય તેવી ચોકડી, નાના-મોટા માર્ગો, નગરનું પાણી બહાર કાઢતી ગટરો(ખાળો), શ્મશાનો, શૂન્યઘરો, ગિરિકન્દરાઓ, શાન્તિ-

ગૃહો, પર્વતો, પર્વતોની નજીકના સ્થાનો, ભવનો-ગૃહો વગેરે સ્થાનોમાં કે જ્યાં જૂના વિશાળ મહાનિધાનો(ભંડારો) દટાયેલા છે, જેના સ્વામીનું મૃત્યુ થઈ ગયું છે, જેના માર્ગ પ્રાયઃ નષ્ટ થઈ ગયા છે, જેના નામ અને સંકેત પ્રાયઃ વિસ્મૃત થઈ ગયા છે અને જેના કોઈ વારસદાર નથી, તેવા ધન ભંડારો જોઈને, તેઓ પોતાની પ્રાથમિક ક્ષણોમાં જ ક્ષુભિત થઈ જાય છે.

આ પાંચ કારણોથી અવધિદર્શન પોતાની પ્રાથમિક ક્ષણોમાં જ વિચલિત થઈ જાય છે.

**૧૭ पंचहिं ठाणेहिं केवलवरणाणदंसणे समुप्पज्जिउकामे तप्पढमयाए णो खंभाएज्जा, तं जहा– अप्‌भूतं वा पुढविं पासित्ता तप्पढमयाए णो खंभाएज्जा । सेसं तहेव *जाव* भवणगिहेसु सण्णिक्खित्ताइं चिट्ठंति, ताइं वा पासित्ता तप्पढमयाए णो खंभाएज्जा ।**

**इच्चेएहिं पंचहिं ठाणेहिं केवलवरणाणदंसणे समुप्पज्जिउकामे तप्पढ मयाए णो खंभाएज्जा ।**

**ભાવાર્થ :–** તત્કાળ ઉત્પન્ન થયેલું કેવળજ્ઞાન-કેવળદર્શન પાંચ કારણે પોતાની પ્રારંભિક ક્ષણોમાં કે પછીની કોઈ પણ ક્ષણોમાં ક્યારે ય નષ્ટ થતું નથી, તે આ પ્રમાણે છે–

(૧) જળમય પૃથ્વીને જોઈ તે પ્રાથમિક ક્ષણોમાં નષ્ટ થતું નથી. તે જ રીતે (૨) કંથવા આદિથી વ્યાપ્ત પૃથ્વીને જોઈને (૩) વિશાળકાય મહોરગને જોઈને (૪) મહર્ધિક દેવને જોઈને (૫) ***યાવત્*** ભવન-ગૃહો વગેરે સ્થાનોમાં રાખેલા વિશાળ મહાભંડાર જોઈને પણ કેવળજ્ઞાન, કેવળદર્શન નષ્ટ થતું નથી.

આ પાંચ કારણોથી ઉત્પન્ન થયેલું કેવળજ્ઞાન-દર્શન પ્રાથમિક ક્ષણોમાં (કે ક્યારે ય) ક્ષુબ્ધ થતું નથી.

## વિવેચન :–

પ્રસ્તુત સૂત્રોમાં અવધિજ્ઞાન, અવધિદર્શન નષ્ટ થવાના પાંચ કારણોનો નિર્દેશ છે અને તે જ કારણો ઉપસ્થિત હોવા છતાં કેવળજ્ઞાન, કેવળદર્શન નષ્ટ થતું નથી, તેનું કથન છે.

અવધિજ્ઞાનના બે પ્રકાર છે. પ્રતિપાતિ અને અપ્રતિપાતિ. અપ્રતિપાતિ અવધિજ્ઞાન નષ્ટ થતું નથી. પ્રતિપાતિ અવધિજ્ઞાન કોઈ પણ નિમિત્તથી નાશ પામે છે. સૂત્રકારે તત્કાલ ઉત્પન્ન થયેલાં અવધિ-જ્ઞાનના નાશ થવાના પાંચ કારણોનો નિર્દેશ કર્યો છે.

તપ-સંયમની સાધનાથી અવધિજ્ઞાન-દર્શન પ્રાપ્ત થાય છે અને પ્રાપ્ત થયેલા જ્ઞાનની સ્થિરતા માટે ગંભીરતા વગેરે ગુણો જરૂરી છે. ગુણોની યોગ્યતા વિના જ્ઞાન સ્થિર રહેતું નથી. સાધક અવધિ જ્ઞાનના માધ્યમે જીવોથી વ્યાપ્ત સંપૂર્ણ લોક, વિશાળકાય જીવો, વિશાળ ધનભંડાર વગેરે સૂત્રોક્ત કોઈ પણ કલ્પનાતીત પદાર્થોને પ્રત્યક્ષ જુએ અને તે આશ્ચર્યચકિત થાય, ક્યારેક શંકાશીલ બને, ક્યારેક તેના

અંતરમાં કુતૂહલવૃત્તિ, ભયની વૃત્તિ અથવા અહંકારની ભાવના જાગૃત થાય; ઈત્યાદિ કોઈ પણ પ્રકારે તેનું ચિત્ત ચંચળ બની જાય તો, ઉત્પન્ન થયેલું અવધિજ્ઞાન-દર્શન નાશ પામે છે.

કેવળજ્ઞાન-દર્શન ક્ષાયિક, અપ્રતિપાતિ જ્ઞાન છે, તે શુદ્ધ આત્મગુણ છે. મોહનીયાદિ ચાર ઘાતિકર્મના ક્ષય પછી જ કેવળજ્ઞાન-દર્શન ઉત્પન્ન થાય છે. તેથી કેવળજ્ઞાની સાધક પૂર્ણ ગંભીર અને આત્મ સ્વરૂપમાં જ સ્થિર હોય છે. તેઓમાં આંશિક પણ ચંચળતાની શક્યતા નથી. તેથી તે જ્ઞાન કોઈ પણ નિમિત્તથી નષ્ટ થતું નથી.

સૂત્રમાં અવધિજ્ઞાનના નાશ થવાના પ્રતિપક્ષમાં કેવળજ્ઞાન-કેવલદર્શન નાશ ન થવાના એક સરખા પાંચ કારણોનું કથન છે. કેવળજ્ઞાન નાશ ન થવાના સૂત્રમાં પણ સૂત્રકારે **'तप्पढमयाए'** શબ્દ પ્રયોગ કર્યો છે, વાસ્તવમાં કેવળજ્ઞાન કેવળદર્શન પ્રાથમિક ક્ષણમાં કે પછી કોઈ પણ કાલમાં, કોઈ પણ કારણથી નષ્ટ થતું નથી. કારણ કે કેવળજ્ઞાન કેવળદર્શન સાદિ-અનંત અને અપ્રતિપાતિ છે.

**નિધાનના વિશેષણો :– पोराणाइं** = પ્રાચીનકાળથી જમીનમાં દટાયેલા હોવાથી તેને પુરાણા-જૂના કહ્યા છે. **उरालाइं** = વિશાળ. **महइ-महालया** = તે ભંડાર ખૂબ મોટા હોવાથી તેને મહતિમહાન= મોટામાં મોટા, અતિ મહાલય કહ્યા છે. **महाणिहाणाइं** = મહાનિધાન. **पहीणसामियाइं- उच्छिण्ण–सामियाइं** = તે ભંડારોના માલિક, સ્વામી નષ્ટ થઈ ગયા છે, જડમૂળથી નાશ પામ્યા છે. **पहीणसेउयाइं-उच्छिण्णसेउयाइं** = પ્રહીણ- સેતુક. પુત્ર, પૌત્ર વગેરે સર્વ વારસદારો નષ્ટ થઈ ગયા છે અથવા આ નિધાનોના અસ્તિત્વને જાણનાર કોઈ નથી. **पहीणगुत्तागाराइं, उच्छिण्णगुत्तागाराइं** = આ ભંડારોના સ્વામીના ગોત્ર કે કુળને જાણનાર વ્યક્તિ કે વ્યક્તિના ઘર નાશ પામી ગયા હોય, હૈયાત ન હોય.

## નૈરયિકાદિના શરીરમાં વર્ણ, રસ :–

**१८ णेरइयाणं सरीरगा पंचवण्णा पंचरसा पण्णत्ता, तं जहा– किण्हा, णीला, लोहिया, हालिद्दा, सुक्किल्ला । तित्ता, कडुया, कसाया, अंबिला, महुरा । एवं णिरंतरं** *जाव* **वेमाणियाणं ।**

**ભાવાર્થ :–** નારકી જીવોના શરીર પાંચ વર્ણ અને પાંચ રસવાળા છે, તે આ પ્રમાણે છે– (૧) કાળા, નીલા, લાલ, પીળા અને સફેદ વર્ણવાળા તથા (૨) તીખા, કડવા, કષાયેલા, ખાટા અને મીઠા રસવાળા હોય છે.

તે જ રીતે વૈમાનિક દેવો સુધીના સર્વ દંડકોના જીવોના શરીર પાંચવર્ણ અને પાંચ રસવાળા હોય છે.

## વિવેચન :–

સ્થૂળ દષ્ટિથી નારકી આદિ જીવોના શરીર અશુભ વર્ણ અને અશુભ રસવાળા અને દેવોના શરીર શુભ વર્ણ અને શુભ રસવાળા હોય છે. પરંતુ સૈદ્ધાંતિક દષ્ટિએ નારકી આદિ દરેક જીવોના શરીર પાંચે ય વર્ણ, પાંચે ય રસવાળા પુદ્ગલોથી નિર્મિત હોય છે. ઔદારિક કે વૈક્રિય શરીર સ્થૂલ શરીર છે.

તેથી તેમાં પાંચ વર્ણ, બે ગંધ, પાંચ રસ અને આઠ સ્પર્શ હોય જ છે. પરંતુ અહીં પાંચમા સ્થાનમાં પાંચની સંખ્યાને અનુલક્ષીને કથન હોવાથી બે ગંધ અને આઠ સ્પર્શનું કથન નથી.

**ઔદારિકાદિ શરીરમાં વર્ણાદિ :–**

**૧૯ पंच सरीरगा पण्णत्ता, तं जहा– ओरालिए, वेउव्विए, आहारए, तेयए, कम्मए ।**

**ભાવાર્થ :–** શરીરના પાંચ પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) ઔદારિક શરીર (૨) વૈક્રિય શરીર (૩) આહારક શરીર (૪) તૈજસ્ શરીર (૫) કાર્મણ શરીર.

**૨૦ ओरालियसरीरे पंचवण्णे पंचरसे पण्णत्ते, तं जहा– किण्हे, णीले, लोहिए हालिद्दे, सुक्किल्ले । तित्ते, कडुए, कसाए, अंबिले, महुरे । एवं वेउव्विय सरीरे** *जाव* **कम्मगसरीरे पंचवण्णे पंचरसे पण्णत्ते, तं जहा– किण्हे** *जाव* **सुक्किल्ले । तित्ते** *जाव* **महुरे ।**

**ભાવાર્થ :–** ઔદારિક શરીર પાંચ વર્ણ અને પાંચ રસયુક્ત છે, તે આ પ્રમાણે છે– કાળા, નીલા, લાલ, પીળા અને શ્વેત વર્ણવાળા અને તીખા, કડવા, કષાયેલા, ખાટા અને મધુર રસવાળા હોય છે. તે જ રીતે વૈક્રિય શરીરથી કાર્મણ શરીર સુધીના દરેક શરીર પાંચ વર્ણ અને પાંચ રસયુક્ત હોય છે, તે આ પ્રમાણે છે– કાળાથી શ્વેત પર્યંત પાંચ વર્ણ અને તીખાથી, મધુર પર્યંત પાંચ રસવાળા હોય છે.

**૨૧ सव्वे वि णं बादरबोंदिधरा कलेवरा पंचवण्णा पंचरसा दुगंधा अट्ठफासा ।**

**ભાવાર્થ :–** સર્વ બાદર(સ્થૂલ) શરીરધારીના કલેવર-શરીર પાંચ વર્ણ, પાંચ રસ, બે ગંધ અને આઠ સ્પર્શવાળા હોય છે.

**વિવેચન :–**

પૂર્વ સૂત્રોમાં દંડકવર્તી જીવોના સામાન્ય શરીરની અપેક્ષાએ પાંચ વર્ણ અને પાંચ રસનું કથન છે અને પ્રસ્તુત સૂત્રોમાં ઔદારિક આદિ પાંચે ય શરીરની અપેક્ષાએ પાંચ વર્ણ અને પાંચ રસનું નિરૂપણ છે. અંતિમ સૂત્રમાં સર્વ સ્થૂલ શરીરોમાં પાંચ વર્ણ, બે ગંધ, પાંચ રસ અને આઠ સ્પર્શ હોવાનું નિરૂપણ છે. કાર્મણ શરીર સૂક્ષ્મ શરીર છે. તેમાં પાંચ વર્ણ, બે ગંધ, પાંચ રસ અને ચાર સ્પર્શ હોય છે.

**દુર્ગમ અને સુગમ સ્થાનો :–**

**૨૨ पंचहिं ठाणेहिं पुरिम–पच्छिमगाणं जिणाणं दुग्गमं भवइ, तं जहा–**

**दुआइक्खं, दुव्विभज्जं, दुपस्सं दुतितिक्खं, दुरणुचरं ।**

**ભાવાર્થ :–** પહેલા અને છેલ્લા તીર્થંકરના શાસનમાં પાંચ સ્થાન દુર્ગમ-કઠિન હોય છે, તે આ પ્રમાણે છે– (૧) ધર્મ તત્ત્વનું આખ્યાન કરવું (૨) ભેદાનુભેદ સાથે વસ્તુ તત્ત્વનો ઉપદેશ આપવો (૩) તત્ત્વોનું યુક્તિપૂર્વક નિર્દેશન કરવું. (૪) પરિષહો-ઉપસર્ગો સહન કરવા (૫) સંયમનું પાલન અને ધર્મનું આચરણ કરવું.

**૨૩ पंचहिं ठाणेहिं मज्झिमगाणं जिणाणं सुग्गमं भवइ, तं जहा– सुआइक्खं, सुविभज्जं, सुपस्सं, सुतितिक्खं, सुरणुचरं ।**

**ભાવાર્થ :–** મધ્યવર્તી બાવીસ તીર્થંકરોના શાસનમાં પાંચ સ્થાન સુગમ છે, તે આ પ્રમાણે છે– (૧) ધર્મ તત્ત્વનું આખ્યાન કરવું (૨) ભેદાનુભેદ સાથે વસ્તુ તત્ત્વનો ઉપદેશ આપવો (૩) તત્ત્વોનું યુક્તિપૂર્વક નિર્દેશન કરવું (૪) પરિષહો-ઉપસર્ગો સહન કરવા (૫) સંયમનું પાલન અને ધર્મનું આચરણ કરવું.

**વિવેચન :–**

પ્રત્યેક કાલચક્રના ચોવીસ તીર્થંકરોમાં પ્રથમ અને અંતિમ તીર્થંકરોના સાધુઓ માટે પાંચ સ્થાન દુર્ગમ અને મધ્યના બાવીસ તીર્થંકરોના શાસનમાં તે જ પાંચ સ્થાન સુગમ બની જાય છે.

પ્રથમ તીર્થંકરના સાધુ ઋજુ અને જડ પ્રકૃતિવાળા હોય છે તથા અંતિમ તીર્થંકરના સાધુ વક્ર અને જડ પ્રકૃતિવાળા હોય છે તેથી તેઓનો ક્ષયોપશમ મંદ હોય છે. જ્યારે બાવીસ તીર્થંકરના સાધુઓ ઋજુ અને પ્રાજ્ઞ હોવાથી તેઓનો ક્ષયોપશમ વિશેષ-વિશેષતર હોય છે. તથાપ્રકારના કાલના પ્રભાવે, ક્ષયો-પશમની તરતમતાના કારણે જ સૂત્રોક્ત પાંચે સ્થાન દુર્ગમ અને સુગમ બને છે.

સૂત્રોક્ત પાંચ સ્થાનમાંથી પ્રથમના ત્રણ, ધર્મના નિરૂપણની કઠિનતા અને સુગમતા દર્શાવે છે અને અંતિમ બે ધર્મના આચરણરૂપ સંયમ-તપની કઠિનતા અને સુગમતા દર્શાવે છે.

સૂત્રોક્ત આ કથનને એકાંતિક ન સમજતાં અનેકાંતિક દષ્ટિકોણથી સમજવું જોઈએ. કારણ કે પ્રથમ અને અંતિમ તીર્થંકરોના શાસનમાં પણ ગણધરો તથા ચૌદપૂર્વીઓ અને ચાર બુદ્ધિના સ્વામી ઘણા શ્રમણો હોય છે. તેઓને ધર્મનું આખ્યાન આદિ સુગમ હોય છે. મોક્ષગામી ઘણા જીવોને વિકટતપ અને સંયમ પણ સુગમ હોય છે; માટે સૂત્રનો વિષય સાપેક્ષ છે.

**ખંતી આદિ શ્રમણધર્મની અનુજ્ઞા :–**

**૨૪ पंच ठाणाइं समणेणं भगवया महावीरेणं समणाणं णिग्गंथाणं णिच्चं वण्णियाइं णिच्चं कित्तियाइं णिच्चं बुइयाइं णिच्चं पसत्थाइं णिच्चमब्भणुण्णायाइं भवंति, तं जहा– खंती, मुत्ती, अज्जवे, मद्दवे, लाघवे ।**

**ભાવાર્થ :–** શ્રમણ ભગવાન મહાવીરે શ્રમણ-નિર્ગ્રંથો માટે પાંચ સ્થાન સદા વર્ણિત કર્યા છે, કીર્તિત કર્યા

છે, વ્યક્ત કર્યા છે– સ્પષ્ટ વાણીથી કહ્યા છે, પ્રશંસિત કર્યા છે, અભ્યનુજ્ઞાત કર્યા છે અર્થાત્ ધારણ કરવાની આજ્ઞા આપી છે, તે આ પ્રમાણે છે– (૧) ક્ષમા (૨) નિર્લોભતા (૩) સરલતા (૪) મૃદુતા (૫) લઘુતા.

**૨૫ पंच ठाणाइं समणेणं भगवया महावीरेणं समणाणं णिग्गंथाणं णिच्चं वण्णियाइं णिच्चं कित्तियाइं णिच्चं बुइयाइं णिच्चं पसत्थाइं णिच्चं अब्भणुण्णायाइं भवंति, तं जहा– सच्चे, संजमे, तवे, चियाए, बंभचेरवासे ।**

**ભાવાર્થ :–** શ્રમણ ભગવાન મહાવીરે શ્રમણ નિર્ગ્રંથો માટે પાંચ સ્થાન વર્ણિત કર્યા છે, કીર્તિત કર્યા છે, વ્યક્ત કર્યા છે, પ્રશંસિત કર્યા છે અને અભ્યનુજ્ઞાત કર્યા છે, તે આ પ્રમાણે છે– (૧) સત્ય (૨) સંયમ (૩) તપ (૪) ત્યાગ (૫) બ્રહ્મચર્ય.

### વિવેચન :–

પ્રસ્તુત સૂત્રમાં દસ ધર્મોનું કથન પાંચમું સ્થાન હોવાથી પાંચ-પાંચ પ્રકારે, બે સૂત્ર દ્વારા કર્યું છે. દસમા સ્થાનમાં આ જ દસ ધર્મોનું કથન દસ શ્રમણધર્મ રૂપે કર્યું છે.

**દશવિધ યતિધર્મ :–** (૧) **खंती**– ક્ષમા. ક્રોધનો નિગ્રહ. (૨) **मुत्ती**– મુક્તિ. લોભનો નિગ્રહ. (૩) **अज्जवे**– આર્જવ, સરળતા. માયાનો નિગ્રહ. (૪) **मद्दवे**– માર્દવ. માનનો નિગ્રહ. (૫) **लाघवे**– લાઘવ. ઉપકરણની અલ્પતા તથા ઋદ્ધિ, રસ, શાતા આ ત્રણ ગૌરવનો ત્યાગ. (૬) **सच्चे**– સત્ય. કાયા, ભાવ, ભાષાની સત્યતા અને અવિસંવાદ યોગ અર્થાત્ કથની અને કરણીની સમાનતા (૭) **संजमे**– સંયમ. અહિંસાદિ વ્રત, સમિતિઓનું યથાર્થ પાલન, ઈન્દ્રિય સંયમ (૮) **तवे**– તપ. વિષય, કષાયનો નિગ્રહ કરી આત્માને ધ્યાન, સ્વાધ્યાયથી ભાવિત કરવો. (૯) **चियाए**– ત્યાગ. આસક્તિ છોડી પદાર્થ પ્રતિ વૈરાગ્યભાવ રાખવો તથા સાંભોગિક સાધુને આહાર, ઉપકરણ વગેરે આપવા. (૧૦) **बंभचेरवासे**– નવવાડ સહિત બ્રહ્મચર્યપાલનમાં દત્તચિત્ત રહેવું.

### આહાર સંબંધી અભિગ્રહો :–

**૨૬ पंच ठाणाइं समणेणं भगवया, महावीरेणं समणाणं णिग्गंथाणं णिच्चं वण्णियाइं** *जाव* **अब्भणुण्णायाइं भवंति, तं जहा– उक्खित्तचरए, णिक्खित्तचरए, अंतचरए, पंतचरए, लूहचरए ।**

**ભાવાર્થ :–** શ્રમણ ભગવાન મહાવીરે શ્રમણ, નિર્ગ્રંથો માટે પાંચ અભિગ્રહ સ્થાનો સદા વર્ણિત કર્યા છે ***યાવત્*** અભ્યનુજ્ઞાત કર્યા છે, તે આ પ્રમાણે છે– (૧) ઉત્ક્ષિપ્તચરક– જેમાં રસોઈ બનાવી હોય તેમાંથી બહાર કાઢી, બીજા પાત્રમાં રાખેલો આહાર ગ્રહણ કરવાનો અભિગ્રહ ધારણ કરવો. (૨) નિક્ષિપ્તચરક– ગૃહસ્થે જેમાં રસોઈ બનાવી હોય તે જ પાત્રમાંથી આહાર ગ્રહણ કરવાનો અભિગ્રહ ધારણ કરવો. (૩) અંતચરક– ગૃહસ્થ ભોજન કરી લે પછી વધેલો આહાર ગ્રહણ કરવાનો અભિગ્રહ ધારણ કરવો.

(૪) પ્રાન્તચરક– તુચ્છ તથા વાસી આહાર ગ્રહણ કરવાનો અભિગ્રહ ધારણ કરવો. (૫) રુક્ષચરક– સર્વ પ્રકારના રસોથી રહિત, રુક્ષ આહાર ગ્રહણ કરવાનો અભિગ્રહ ધારણ કરવો.

**૨૭ पंच ठाणाइ समणेणं भगवया महावीरेणं समणाणं णिग्गंथाणं णिच्चं वण्णियाइं** *जाव* **अब्भणुण्णायाइं भवंति, तं जहा- अण्णायचरए, अण्णगिलायचरए, मोणचरए संसट्ठकप्पिए, तज्जायसंसट्ठकप्पिए ।**

**ભાવાર્થ :–** શ્રમણ–ભગવાન મહાવીર સ્વામીએ શ્રમણ નિર્ગ્રંથો માટે પાંચ અભિગ્રહ સ્થાનો સદા વર્ણિત કર્યા છે ***યાવત્*** અભ્યનુજ્ઞાત કર્યા છે, તે આ પ્રમાણે છે– (૧) અજ્ઞાતચરક–સાધુ ગોચરી લેવા આવશે, એમ જેને અનુમાન કે કલ્પના પણ ન હોય તેવા ઘરેથી ભિક્ષા લેવાનો અભિગ્રહ કરવો. (૨) અન્નગ્લાયક ચરક– અમનોજ્ઞ દેખાતા કે ગણાતા આહાર લેવાનો અભિગ્રહ કરવો. (૩) મૌનચરક– બોલ્યા વિના મૌનપૂર્વક ભિક્ષા લેવાનો અભિગ્રહ કરવો. (૪) સંસૃષ્ટકલ્પિક– ભોજનથી ખરડાયેલા હાથ અને કડછી આદિથી ભિક્ષા લેવાનો અભિગ્રહ કરવો. (૫) તજ્જાતસંસૃષ્ટકલ્પિક– દેય(દેવા યોગ્ય) દ્રવ્યથી ખરડાયેલા હાથ આદિથી ભિક્ષા લેવાનો અભિગ્રહ કરવો.

**૨૮ पंच ठाणाइं समणेणं भगवया महावीरेणं समणाणं णिग्गंथाणं णिच्चं वण्णियाइं** *जाव* **अब्भणुण्णायाइं भवंति, तं जहा- उवणिहिए, सुद्धेसणिए, संखादत्तिए, दिट्ठलाभिए, पुट्ठलाभिए ॥**

**ભાવાર્થ :–** શ્રમણ ભગવાન મહાવીરે શ્રમણ નિર્ગ્રંથો માટે પાંચ અભિગ્રહ સ્થાનો સદા વર્ણિત કર્યા છે ***યાવત્*** અભ્યનુજ્ઞાત કર્યા છે, તે આ પ્રમાણે છે– (૧) ઔપનિધિક– દાતાની પાસે રાખેલો આહાર લેવાનો અભિગ્રહ કરવો. (૨) શુદ્ધૈષણિક– કોઈપણ પ્રકારની છૂટછાટ કે અપવાદસેવન વિના પૂર્ણ નિર્દોષ આહારની ગવેષણા કરવાનો અભિગ્રહ કરવો. (૩) સંખ્યાદત્તિક– પરિમિત દત્તિઓનો આહાર લેવાનો અભિગ્રહ કરવો. (૪) દૃષ્ટલાભિક– સામે દેખાતા હોય તેવા આહાર પાણી લેવાનો અભિગ્રહ કરવો. (૫) પૃષ્ટ લાભિક– ભિક્ષામાં શું લેશો ? એમ પૂછાયા પછી જ ભિક્ષા લેવાનો અભિગ્રહ કરવો.

**૨૯ पंच ठाणाइं समणेणं भगवया महावीरेणं समणाणं णिग्गंथाणं णिच्चं वण्णियाइं** *जाव* **अब्भणुण्णायाइं भवंति, तं जहा- आयंबिलिए, णिव्विइए, पुरिमड्ढिए, परिमितपिंडवाइए, भिण्णपिंडवाइए ॥**

**ભાવાર્થ :–** શ્રમણ ભગવાન મહાવીરે શ્રમણ નિર્ગ્રંથો માટે પાંચ અભિગ્રહ સ્થાનો સદા વર્ણિત કર્યા છે ***યાવત્*** અભ્યનુજ્ઞાત કર્યા છે, તે આ પ્રમાણે છે– (૧) આયંબિલ કરવું. (૨) વિગયોનો ત્યાગ કરવો. (૩) બે પોરસી કરવી. (૪) અલ્પ આહારની માત્રાનો અભિગ્રહ કરવો. (૫) ટૂકડા કરેલા ખાદ્ય પદાર્થ લેવાનો અભિગ્રહ કરવો અર્થાત્ આખી રોટલી કે આખા લાડવા વગેરે ન લેવા.

**૩૦ पंच ठाणाइं समणेणं भगवया महावीरेणं समणाणं णिग्गंथाणं णिच्चं वण्णियाइं *जाव* अब्भणुण्णायाइं भवंति, तं जहा– अरसाहारे, विरसाहारे, अंताहारे, पंताहारे, लूहाहारे ।**

**ભાવાર્થ :–** શ્રમણ ભગવાન મહાવીરે શ્રમણ નિર્ગ્રંથો માટે પાંચ અભિગ્રહ સ્થાનો સદા વર્ણિત કર્યા છે ***યાવત્*** અભ્યનુજ્ઞાત કર્યા છે, તે આ પ્રમાણે છે– (૧) અરસાહાર– હીંગ આદિથી વઘાર ન કર્યો હોય તેવો આહાર લેવાનો અભિગ્રહ કરવો. (૨) વિરસાહાર– જૂના ધાન્યથી નિર્મિત આહાર લેવાનો અભિગ્રહ કરવો. (૩) અંત્યાહાર– વધેલો આહાર, કોદરા વગેરે નિસ્સાર ધાન્યમાંથી તૈયાર કરેલો આહાર લેવાનો અભિગ્રહ કરવો. (૪) પ્રાન્તાહાર– તુચ્છ, વાસી, ઠંડો આહાર લેવાનો અભિગ્રહ કરવો. (૫) રૂક્ષાહાર– રુક્ષ એટલે લૂખો-સૂકો આહાર લેવાનો અભિગ્રહ કરવો.

**૩૧ पंच ठाणाइं समणेणं भगवया महावीरेणं समणाणं णिग्गंथाणं णिच्चं वण्णियाइं *जाव* अब्भणुण्णायाइं भवंति, तं जहा– अरसजीवी, विरसजीवी, अंतजीवी, पंतजीवी, लूहजीवी ।**

**ભાવાર્થ :–** શ્રમણ ભગવાન મહાવીરે શ્રમણ નિર્ગ્રંથો માટે પાંચ અભિગ્રહ સ્થાનો સદા વર્ણિત કર્યા છે ***યાવત્*** અભ્યનુજ્ઞાત કર્યા છે, તે આ પ્રમાણે છે– (૧) અરસજીવી– જીવન પર્યંત રસ રહિત આહાર કરવો. (૨) વિરસજીવી– જીવન પર્યંત અમનોજ્ઞ રસવાળો આહાર કરવો (૩) અંત્યજીવી– જીવન પર્યંત નિઃસાર આહાર કરવો. (૪) પ્રાન્તજીવી– જીવન પર્યંત તુચ્છ આહાર કરવો. (૫) રૂક્ષ જીવી– જીવન પર્યંત લૂખો સૂકો આહાર કરવો.

### વિવેચન :–

પ્રસ્તુત છ સૂત્રો દ્વારા સૂત્રકારે પાંચ, પાંચ પ્રકારના અભિગ્રહના કથન દ્વારા ૩૦ પ્રકારના અભિગ્રહો અને અભિગ્રહધારી મુનિઓનું કથન કર્યું છે. તે સૂત્રાર્થથી સ્પષ્ટ છે. અભિગ્રહધારી મુનિઓ આહાર સંબંધી વિવિધ પ્રકારના અભિગ્રહ ધારણ કરી, આહારની ગવેષણા કરે અને સંકલ્પિત આહાર મળે તો જ ગ્રહણ કરે છે.

અભિગ્રહનો સમાવેશ બાહ્ય તપમાં થાય છે. આ ત્રીસ પ્રકારના અભિગ્રહો છ પ્રકારના બાહ્ય તપમાંથી ભિક્ષાચર્યા અને રસપરિત્યાગ નામના તપમાં સમાવિષ્ટ છે. આ ત્રીસ ભેદનું વર્ણન શ્રી ભગવતી સૂત્ર અને ઔપપાતિક સૂત્રમાં પણ છે.

### આસન સંબંધી અભિગ્રહો :–

**૩૨ पंच ठाणाइं समणेणं भगवया महावीरेणं समणाणं णिग्गंथाणं णिच्चं**

**वण्णियाइं** *जाव* **अब्भणुण्णायाइं भवंति, तं जहा– ठाणाइए, उक्कुडुआसणिए, पडिमट्ठाई, वीरासणिए, णेसज्जिए ।**

**ભાવાર્થ :–** શ્રમણ ભગવાન મહાવીરે શ્રમણ નિર્ગ્રંથો માટે પાંચ આસન સ્થાનો સદા વર્ણિત કર્યા છે ***યાવત્*** અભ્યનુજ્ઞાત કર્યા છે, તે આ પ્રમાણે છે– (૧) ઊભા રહેવું (૨) ઉકડૂ-ઉભડક આસને બેસવું. (૩) સંપૂર્ણ રાત્રિ પર્યંત કાયોત્સર્ગ કરી ઊભા રહેવું (૪) વીરાસને બેસવું. (૫) પલાંઠી વાળીને બેસવું.

**૩૩ पंच ठाणाइं समणेणं भगवया महावीरेणं समणाणं णिग्गंथाणं णिच्चं वण्णियाइं** *जाव* **अब्भणुण्णायाइं भवंति, तं जहा– दंडायतिए, लगंडसाई, आयावए, अवाउडए अकंडूयए ।**

**ભાવાર્થ :–** શ્રમણ ભગવાન મહાવીરે શ્રમણ નિર્ગ્રંથો માટે પાંચ આસન સ્થાનો સદા વર્ણિત કર્યા છે ***યાવત્*** અભ્યનુજ્ઞાત કર્યા છે, તે આ પ્રમાણે છે– (૧) કાષ્ઠના દંડ સમાન પગ સીધા રાખી ચત્તા સૂવું. (૨) વૃક્ષની લાકડીની જેમ વાંકાચૂકાં સૂવું. (૩) ગરમીની આતાપના લેવી. (૪) શીત પરીષહને સહન કરવા માટે વસ્ત્ર રહિત રહેવું. (૫) અકંડૂયક– ખંજવાળ ન કરવી.

## વિવેચન :–

અહીં બે સૂત્ર દ્વારા દસ પ્રકારના આસનનું કથન છે. આ દસે પ્રકારના આસનમાં સ્થિત મુનિ કાયક્લેશ તપ કરનાર છે.

**આસનની મહત્તા :–** મુનિ સૂત્રોક્ત આસન સંયમ-શરીર નિર્વાહાર્થે અને કર્મનિર્જરાર્થે ધારણ કરે છે. તે ઉપરાંત વિવિધ પ્રકારના આસન કરવાથી શરીરની ક્ષમતા અને સ્થિરતા વધે છે. શરીરની સ્થિરતા સાધકને ધ્યાનાદિ આભ્યંતર તપમાં સહાયક બને છે અને શરીરની ક્ષમતાથી ઉપસર્ગ-પરીષહને સહન કરવાની શક્તિ વધે છે.

**આતાપનાના ત્રણ આસન :–** આતાપના એટલે સૂર્યના તાપને સહેવો. ઔપપાતિક સૂત્રની ટીકામાં આતાપનાના ત્રણ પ્રકાર કહ્યા છે. (૧) **નિપન્ન–** ચત્તા, ઉંધા કે પડખાભેર સૂઈને લેવાતી આતાપના (૨) **અનિપન્ન–** ગોદોહન, ઉભડક કે પલાંઠીવાળી બેસીને લેવાતી આતાપના (૩) **ઊર્ધ્વસ્થિત–** ઊભા રહીને લેવાતી આતાપના.

## વૈયાવચ્ચનું ફળ :–

**૩૪ पंचहिं ठाणेहिं समणे णिग्गंथे महाणिज्जरे महापज्जवसाणे भवइ, तं जहा– अगिलाए आयरियवेयावच्चं करेमाणे, अगिलाए उवज्झायवेयावच्चं करेमाणे, अगिलाए थेरवेयावच्चं करेमाणे, अगिलाए तवस्सिवेयावच्चं**

**करेमाणे, अगिलाए गिलाणवेयावच्चं करेमाणे ।**

**ભાવાર્થ :–** પાંચ સ્થાન દ્વારા શ્રમણ નિર્ગ્રંથો મહાનિર્જરા અને સંસારનો અંત કરે છે, તે આ પ્રમાણે છે– (૧) અગ્લાનભાવે–ખેદ રહિત, ઉત્સાહ સહિત આચાર્યની વૈયાવચ્ચ કરવી (૨) અગ્લાનભાવે ઉપાધ્યાયની વૈયાવચ્ચ કરવી (૩) અગ્લાનભાવે સ્થવિરની વૈયાવચ્ચ કરવી (૪) અગ્લાનભાવે તપસ્વીની વૈયાવચ્ચ કરવી (૫) અગ્લાનભાવે રોગી મુનિની વૈયાવચ્ચ કરવી.

**૩૫ पंचहिं ठाणेहिं समणे णिग्गंथे महाणिज्जरे महापज्जवसाणे भवइ, तं जहा– अगिलाए सेहवेयावच्चं करेमाणे, अगिलाए कुलवेयावच्चं करेमाणे, अगिलाए गणवेयावच्चं करेमाणे, अगिलाए संघवेयावच्चं करेमाणे, अगिलाए साहम्मिय- वेयावच्चं करेमाणे ।**

**ભાવાર્થ :–** પાંચ સ્થાન દ્વારા શ્રમણ નિર્ગ્રંથ મહાનિર્જરા અને સંસારનો અંત કરે છે, તે આ પ્રમાણે છે– (૧) અગ્લાન ભાવે નવદીક્ષિત મુનિની વૈયાવચ્ચ કરવી (૨) અગ્લાન ભાવે કુલની(એક ગુરુના સમુદાયવર્તી સાધુઓની) વૈયાવચ્ચ કરવી (૩) અગ્લાન ભાવે ગણની(અનેક કુલ સમૂહની) વૈયાવચ્ચ કરવી (૪) અગ્લાન ભાવે સંઘની(અનેક ગણ સમૂહની) વૈયાવચ્ચ કરવી (૫) અગ્લાન ભાવે સાધર્મિકની (સમાન સમાચારીવાળા શ્રમણોની) વૈયાવચ્ચ કરવી.

**વિવેચન :–**

પ્રસ્તુત બે સૂત્રોમાં દશ પ્રકારની વૈયાવચ્ચ અને તેના ફળનું કથન છે. સ્થાન-૧૦, સૂત્ર-૧૭ માં માત્ર વૈયાવચ્ચના દસ પ્રકારનું કથન છે.

**वेयावच्चे :–** ગુરુ કે આચાર્ય આદિના સેવા કાર્યમાં પ્રવૃત્ત થવું, તેને વૈયાવચ્ચ કહે છે.

આચાર્ય, ઉપાધ્યાય આદિ પરીષહથી ઘેરાઈ જાય, રોગથી ગ્લાનાવસ્થાને પ્રાપ્ત થાય, મિથ્યાત્વાદિથી ગ્રસ્ત બની જાય; આવી કોઈપણ પરિસ્થિતિમાં આચાર્યાદિને આહાર, પાણી આદિ લાવીને આપવા, વગેરે પ્રવૃત્તિ નિષ્કામભાવે, અગ્લાન અને અખિન્ન ભાવે, પ્રસન્ન ચિત્તથી કરવી, તેને વૈયાવચ્ચ કહે છે. વ્યક્તિ ભેદ અને સમૂહ ભેદથી વૈયાવચ્ચના દસ પ્રકાર દર્શાવવામાં આવ્યા છે. સંઘ વૈયાવૃત્ય અને સાધર્મિક વૈયાવૃત્યમાં બધા ભેદ સમાવિષ્ટ થઈ જાય પરંતુ વિશેષ સ્પષ્ટતા માટે સૂત્રકારે દસ ભેદનો ઉલ્લેખ કર્યો છે, વાસ્તવમાં તે ધર્મ અને સંઘના જ અંગ છે.

**अगिलाए :–** બહુમાન પૂર્વક, ખેદ કે ખિન્નતા વિના.

**વૈયાવચ્ચનું ફળ :–** અગ્લાન ભાવથી વૈયાવૃત્ય કરનાર સાધક કર્મોનો ક્ષય કરે છે. આત્યન્તિક પર્યવસાન (સંપૂર્ણ કર્મનો ક્ષય) કરી, મોક્ષને પ્રાપ્ત કરે છે.

**સંબંધ વિચ્છેદ કરવાના કારણો :–**

**३६** **पंचहिं ठाणेहिं समणे णिग्गंथे साहम्मियं संभोइयं विसंभोइयं करेमाणे णाइक्कमइ, तं जहा– सकिरियट्ठाणं पडिसेवित्ता भवइ । पडिसेवित्ता णो आलोएइ । आलोइत्ता णो पट्ठवेइ । पट्ठवेत्ता णो णिव्विसइ । जाइं इमाइं थेराणं ठिइपकप्पाइं भवंति ताइं अइयंचिय-अइयंचिय पडिसेवेइ, से हंद ! हं पडिसेवामि, किं मे थेरा करेस्संति ?**

**ભાવાર્થ :–** પાંચ કારણથી શ્રમણ નિર્ગ્રંથ પોતાના સાધર્મિક સાધુ સાથે સંબંધ વિચ્છેદ કરે તો ભગવાનની આજ્ઞાનું અતિક્રમણ કરતા નથી, તે આ પ્રમાણે છે– (૧) અશુભ કર્મ બંધાય તેવા, ન કરવા યોગ્ય કાર્યનું પ્રતિસેવન કરે તો. (૨) દોષોનું સેવન કરી આલોચના ન કરે તો. (૩) આલોચના કરી, ગુરુએ આપેલા પ્રાયશ્ચિત્તનો પ્રારંભ ન કરે તો. (૪) પ્રાયશ્ચિત્તનું પૂર્ણપણે વહન ન કરે તો. (૫) સ્થવિરોના જે સ્થિતિકલ્પ હોય અર્થાત્ ગચ્છની જે મર્યાદાઓ હોય, તેનું નિઃસંકોચપણે(નિર્લ્લજ્જપણે) ઉલ્લંઘન કરે અને આ પ્રમાણે બોલે કે હું દોષનું પ્રતિસેવન કરું તો સ્થવિરો મને શું કરી શકશે ?

**પારાંચિત્ત પ્રાયશ્ચિત્તના કારણો :–**

**३७** **पंचहिं ठाणेहिं समणे णिग्गंथे साहम्मियं पारंचियं करेमाणे णाइक्कमइ, तं जहा– कुले वसइ कुलस्स भेदाए अब्भुट्ठित्ता भवइ । गणे वसइ गणस्स भेदाए अब्भुट्ठेत्ता भवइ । हिंसप्पेही । छिद्दप्पेही । अभिक्खणं-अभिक्खणं पसिणायतणाइं पउंजित्ता भवइ ।**

**ભાવાર્થ :–** પાંચ કારણે શ્રમણ નિર્ગ્રંથ પોતાના સાધર્મિકને પારાંચિત નામનું દસમું પ્રાયશ્ચિત્ત આપતાં ભગવાનની આજ્ઞાનું અતિક્રમણ કરતા નથી, તે આ પ્રમાણે છે– (૧) જે સાધુ જે કુળમાં રહેતા હોય, તેમાં જ ભેદ કરવાનો પ્રયત્ન કરે. (૨) જે સાધુ જે ગણમાં રહેતા હોય, તેમાં જ ભેદ કરવાનો પ્રયત્ન કરે. (૩) હિંસાપ્રેક્ષી– જે કુલ, ગણ કે સાધુની ઘાત ઇચ્છે. (૪) છિદ્રપ્રેક્ષી– જે કુલ અને ગણમાં રહેનારા સદસ્યોના દૂષણ જુએ. (૫) જે વારંવાર પ્રશ્નવિદ્યાનો પ્રયોગ કરે.

**વિવેચન :–**

દસ પ્રકારના પ્રાયશ્ચિત્તમાં દસમું પારાંચિત પ્રાયશ્ચિત્ત છે. કુળ, ગણમાં ભેદ પડાવવાની પ્રવૃત્તિ કરે, કલહના બીજ રોપે, આચાર્યાદિની ઘાત ઇચ્છે, આચાર્યાદિના દોષ શોધે વગેરે મોટા દોષોના કારણે અંતિમ પારાંચિત પ્રાયશ્ચિત આપવામાં આવે છે.

**पसिणायतणाइं :–** અંગુષ્ટ, હાથ વગેરેમાં દેવતાને બોલાવી લોકોને પ્રશ્નોના જવાબ આપી ચમત્કાર

બતાવવા, સાવદ્ય અનુષ્ઠાનો યુક્ત પ્રશ્નોના ઉત્તર આપવા, આ રીતે પ્રશ્નના માધ્યમે અસંયમના આયતનો (સ્થાનો)ના પ્રતિસેવનને **પ્રશ્નાયતન** કહે છે.

### ગચ્છ સંગઠન અને વિઘટનના કારણો :–

**૩૮ आयरियउवज्झायस्स णं गणंसि पंच वुग्गहट्ठाणा पण्णत्ता, तं जहा– आयरियउवज्झाए णं गणंसि आणं वा धारणं वा णो सम्मं पउंजित्ता भवइ । आयरियउवज्झाए णं गणंसि अहाराइणियाए किइकम्मं णो सम्मं पउंजित्ता भवइ । आयरियउवज्झाए णं गणंसि जे सुत्तपज्जवजाए धारेइ, ते काले-काले णो सम्ममणुप्पवाइत्ता भवइ । आयरियउवज्झाए णं गणंसि गिलाणसेहवेयावच्चं णो सम्ममब्भुट्ठित्ता भवइ । आयरियउवज्झाए णं गणंसि अणापुच्छियचारी यावि हवइ, णो आपुच्छियचारी ।**

**ભાવાર્થ :–** આચાર્ય અને ઉપાધ્યાયના ગચ્છમાં ભેદ પડવાના પાંચ કારણો છે, તે આ પ્રમાણે છે– (૧) આચાર્ય અને ઉપાધ્યાય ગણમાં આજ્ઞા તથા ધારણાનું સમ્યક્ સંચાલન ન કરી શકે (૨) આચાર્ય અને ઉપાધ્યાય ગણમાં દીક્ષા પર્યાયના ક્રમથી શ્રમણોમાં વિનય, વંદન વ્યવહાર કરાવી ન શકે (૩) આચાર્ય અને ઉપાધ્યાય જે જે સૂત્રના અર્થ-પરમાર્થને જાણે છે, તેની યથાસમયે સમ્યક્પ્રકારે વાચના ન આપે (૪) આચાર્ય અને ઉપાધ્યાય ગણમાં રોગી અને નવદીક્ષિત સાધુઓની વૈયાવૃત્ત્ય માટે સમુચિત વ્યવસ્થા કરી ન શકે (૫) આચાર્ય અને ઉપાધ્યાય ગણમાં વિચારણા કરવા યોગ્ય વિષયોમાં કોઈને પૂછ્યા વિના પોતાની ઈચ્છા પ્રમાણે જ કરે.

**૩૯ आयरियउवज्झायस्स णं गणंसि पंच अवुग्गहट्ठाणा पण्णत्ता, तं जहा– आयरियउवज्झाए णं गणंसि आणं वा धारणं वा सम्मं पउंजित्ता भवइ । आयरिय- उवज्झाए णं गणंसि आहाराइणियाए सम्मं किइकम्मं पउंजित्ता भवइ । आयरिय- उवज्झाए णं गणंसि जे सुत्तपज्जवजाए धारेइ, ते काले-काले सम्मं अणुपवाइत्ता भवइ । आयरियउवज्झाए णं गणंसि गिलाणसेहवेयावच्चं सम्मं अब्भुट्ठित्ता भवइ। आयरियउवज्झाए णं गणंसि आपुच्छियचारी यावि भवइ, णो अणापुच्छियचारी ।**

**ભાવાર્થ :–** આચાર્ય અને ઉપાધ્યાયના ગચ્છમાં સંગઠન રહેવાના પાંચ કારણો છે, તે આ પ્રમાણે છે– (૧) આચાર્ય અને ઉપાધ્યાય ગણમાં આજ્ઞા તથા ધારણાનું સમ્યક્ સંચાલન કરે.(૨) આચાર્ય અને ઉપાધ્યાય ગણમાં દીક્ષાપર્યાય અનુસાર વિનય વ્યવહારનું સમ્યક્ પરિપાલન કરાવે. (૩) આચાર્ય અને ઉપાધ્યાય પોતાના ઉપસ્થિત શ્રુતજ્ઞાનની અને તેના અર્થ પરમાર્થની યથાસમયે શિષ્યોને સમ્યક્ પ્રકારે વાચના આપે. (૪) આચાર્ય અને ઉપાધ્યાય ગણમાં રોગી તથા નવદીક્ષિત સાધુઓની વૈયાવૃત્ત્ય માટે

સમુચિત વ્યવસ્થા કરે (૫) આચાર્ય અને ઉપાધ્યાય ગણમાં વિચારણા યોગ્ય વિષયોની સ્થવિરો સાથે વિચારણા કરીને, દરેક સાધુની ભાવના જાણીને જ ગંભીર વિષયોનો નિર્ણય કરે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં ગચ્છનું સંગઠન તૂટવાના અને ગચ્છ સંગઠિત રહેવાના કારણો સૂચિત કર્યા છે.

બંને સૂત્રોનો સાર એ છે કે– જે ગચ્છમાં આચાર્ય કે ગુરુના આહાર, વિહાર, ચાતુર્માસ સંબંધી આદેશોનું યોગ્ય રીતે પાલન થાય, આચાર-વિચારનું એકરૂપતાથી સમ્યક્ પાલન થાય, દરેક સાધુ વડીલોનું સમ્યક્ સમ્માન કરે, યોગ્ય વિનય વ્યવહાર કરે; આચાર્ય, ઉપાધ્યાય કે વડીલ ગુરુ શિષ્યોને શિક્ષિત કરવાના અને શાસ્ત્ર ભણાવવાના પોતાના કર્તવ્યનું પૂર્ણ રીતે પાલન કરે, તેમાં ઉપેક્ષા ન રાખે, શાસ્ત્રાનુસાર વાચના આપે; જ્ઞાન, ધ્યાનની પૂર્ણ વ્યવસ્થા કરે; પ્રત્યેક સાધુ સેવાધર્મનું મહત્વ સમજી યથાર્થ પાલન કરે, પદવીધર પણ પોતાની સ્વતંત્ર ઈચ્છાથી નિર્ણય ન કરે તો ગચ્છના સંગઠનનો વિકાસ થાય અને સંગઠન સુચારુ રૂપથી ચાલે.

**वुग्गहठाणा :–** કલહના સ્થાન, ઝગડાના કારણો, નિમિત્તો, સંઘભેદના કારણો, ગચ્છ છિન્ન-ભિન્ન થવાના કારણો, સંગઠન તૂટવાના નિમિત્તો.

**सुत्त पज्जवजाए धारेइ :–** સુત્ત = સૂત્ર અને પર્યવજાત = અનેક પર્યાયો. આચાર્ય-ઉપાધ્યાય અનેક અર્થ પરમાર્થથી સૂત્રોને ધારણ કરે છે. આ પદનું તાત્પર્ય એ છે કે આચાર્ય, ઉપાધ્યાય જે જે સૂત્રોના જે જે અર્થ પરમાર્થ જાણતા હોય તે પરમાર્થની યથાસમયે શિષ્યોને વાચના દ્વારા ધારણા કરાવે.

**નિષધાના પ્રકાર :–**

**૪૦ पंच णिसिज्जाओ पण्णत्ताओ, तं जहा– उक्कुडुया, गोदोहिया, समपायपुता, पलियंका, अद्धपलियंका ।**

**ભાવાર્થ :–** નિષિદ્યા-આસન, બેસવાની રીતના પાંચ પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) ઉભડક બેસવું. (૨) ગાયને દોહવાના આસને બેસવું. (બંને ઘૂંટણને(ગોઠણને) જમીનથી ઊંચા રાખી, પંજાના બળ પર બેસવું) (૩) બન્ને પગ અને પૂંઠને ભૂમિનો સ્પર્શ કરાવી બેસવું. (૪) પલાંઠીવાળીને બેસવું. (૫) અર્ધ પલાંઠીવાળી બેસવું.

**આર્જવ સ્થાન :–**

**૪૧ पंच अज्जवट्ठाणा पण्णत्ता, तं जहा– साहुअज्जवं साहुमद्दवं, साहुलाघवं, साहुखंती साहुमुत्ती ।**

**ભાવાર્થ :–** પાંચ પ્રકારના આર્જવસ્થાન(સંવરસ્થાન અથવા મોક્ષસ્થાન) છે, તે આ પ્રમાણે છે– (૧) સાધુની સરળતા (૨) સાધુની મૃદુતા(કોમળતા) (૩) સાધુની લઘુતા (૪) સાધુની ક્ષમા (૫) સાધુની નિર્લોભતા.

**વિવેચન :–**

**अज्जवट्ठाणा :–** આર્જવ એટલે ઋજુતા, મોક્ષ. પ્રસંગાનુસાર અહીં તેનો અર્થ સંવર થાય છે. ક્ષમા રાખવી, સરળતા રાખવી, વગેરે શુભભાવો સાધુ માટે સંવર અને મોક્ષના હેતુ છે.

**જ્યોતિષી દેવના પ્રકાર :–**

**૪૨ पंच विहा जोइसिया पण्णत्ता, तं जहा- चंदा, सूरा, गहा, णक्खत्ता, ताराओ ।**

**ભાવાર્થ :–** જ્યોતિષી દેવ પાંચ પ્રકારના છે, તે આ પ્રમાણે છે– (૧) ચંદ્ર (૨) સૂર્ય (૩) ગ્રહ (૪) નક્ષત્ર (૫) તારા.

**પાંચ પ્રકારના દેવ :–**

**૪૩ पंचविहा देवा पण्णत्ता, तं जहा- भवियदव्वदेवा, णरदेवा, धम्मदेवा, देवाहिदेवा भावदेवा ।**

**ભાવાર્થ :–** દેવના પાંચ પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) ભવ્યદ્રવ્યદેવ– ભવિષ્યમાં દેવ પર્યાય પામવાના છે, તેવા મનુષ્ય અને તિર્યંચ (૨) નરદેવ– રાજા, મહારાજા ચક્રવર્તી વગેરે. (૩) ધર્મદેવ– આચાર્ય, ઉપાધ્યાય, સાધુ વગેરે. (૪) દેવાધિદેવ– અરિહંત, તીર્થંકર. (૫) ભાવદેવ– દેવપર્યાયમાં વર્તતા જીવો.

**પરિચારણા :–**

**૪૪ पंचविहा परिचारणा पण्णत्ता, तं जहा- कायपरिचारणा, फासपरिचारणा, रूवपरिचारणा, सद्दपरिचारणा, मणपरिचारणा ।**

**ભાવાર્થ :–** કુશીલ સેવનના પાંચ પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) શરીરથી મૈથુન સેવન કરવું. (૨) કુશીલભાવે સ્ત્રી– પુરુષને આલિંગન કરવું. (૩) રૂપ પરિચારણા– કુશીલભાવે સ્ત્રી-પુરુષના રૂપ જોવા (૪) કુશીલભાવે સ્ત્રી– પુરુષના ગીતાદિ સાંભળવા (૫) કુશીલભાવે સ્ત્રી– પુરુષનું ચિંતન, મનન કરવું.

**વિવેચન :–**

પરિચારણા એટલે કુશીલનું સેવન. કાયપરિચારણાની જેમ સ્પર્શ, રૂપદર્શન, શબ્દશ્રવણ અને માનસિક સંકલ્પ દ્વારા અબ્રહ્મેચ્છા તૃપ્ત થઈ શકે છે. વૃત્તિકારે આ પાંચે પરિચારણા દેવ સંબંધી કહી છે. બાર દેવલોક પર્યંતના દેવોને અબ્રહ્મેચ્છા હોય છે. બાર દેવલોક પછી અબ્રહ્મેચ્છા હોતી નથી. તેમાં ૧, ૨ દેવલોકમાં કાયપરિચારણા, ૩, ૪ દેવલોકમાં સ્પર્શપરિચારણા, ૫, ૬ દેવલોકમાં રૂપપરિચારણા, ૭, ૮ દેવલોકમાં શબ્દપરિચારણા, ૯ થી ૧૨ દેવલોકમાં મનપરિચારણા હોય છે. નવ ગ્રૈવેયક અને પાંચ અનુત્તર વિમાનમાં પરિચારણા હોતી નથી.

દેવલોકોમાં જ્યાં કાયપરિચારણા કહી છે ત્યાં સ્પર્શ, રૂપ, શબ્દ અને મનપરિચારણા હોય છે પરંતુ જ્યાં સ્પર્શપરિચારણા કહી છે, ત્યાં કાયપરિચારણા હોતી નથી; ત્યાં રૂપ, શબ્દ અને મન આ ત્રણ પરિચારણા હોય છે. આ રીતે દેવોમાં પ્રત્યેક પરિચારણામાં તેની પૂર્વની પરિચારણા હોતી નથી, પછીની પરિચારણા હોય છે.

મનુષ્યો અને તિર્યંચોમાં સર્વ પ્રકારની પરિચારણા હોય છે.

**ચમરેન્દ્ર, બલીન્દ્રની અગ્રમહિષી :–**

**૪૫ चमरस्स णं असुरिंदस्स असुरकुमाररण्णो पंच अग्गमहिसीओ पण्णत्ताओ, तं जहा– काली, राई, रयणी, विज्जू , मेहा ।**

**ભાવાર્થ :–** અસુરેન્દ્ર અસુરકુમાર રાજા ચમરેન્દ્રને પાંચ અગ્રમહિષીઓ છે, યથા– (૧) કાલી (૨) રાત્રી (૩) રજની (૪) વિદ્યુત (૫) મેઘા.

**૪૬ बलिस्स णं वइरोयणिंदस्स वइरोयणरण्णो पंच अग्गमहिसीओ पण्णत्ताओ, तं जहा– सुंभा, णिसुंभा, रंभा, णिरंभा, मदणा ।**

**ભાવાર્થ :–** વૈરોચનેન્દ્ર વૈરોચનરાજ બલિને પાંચ અગ્રમહિષીઓ છે, યથા– (૧) શુંભા (૨) નિશુંભા (૩) રંભા (૪) નિરંભા (૫) મદના.

**વિવેચન :–**

ચમરેન્દ્ર અને બલીન્દ્રને પાંચ-પાંચ અગ્રમહિષીઓ છે. પાંચમું સ્થાન હોવાથી સૂત્રકારે પાંચ અગ્રમહિષીવાળા બે ઈન્દ્રનું જ કથન કર્યું છે. શેષ સર્વ દેવેન્દ્રોની અગ્રમહિષીઓનું કથન જીવાભિગમ સૂત્ર અને ભગવતી સૂત્રમાં છે.

**ઈન્દ્રોની સેનાઓ-સેનાધિપતિઓ :–**

**૪૭ चमरस्स णं असुरिंदस्स असुरकुमारण्णो पंच संगामिया अणिया,**

**पंच संगामिया अणियाहिवई पण्णत्ता, तं जहा– पायत्ताणिए, पीढाणिए, कुंजराणिए, महिसाणिए, रहाणिए ।**

**दुमे पायत्ताणियाहिवई, सोदामे आसराया पीढाणियाहिवई, कुंथू हत्थिराया कुंजराणियाहिवई, लोहियक्खे महिसाणियाहिवई, किण्णरे रहाणियाहिवई ।**

**ભાવાર્થ :–** અસુરેન્દ્ર અસુરકુમારરાજ ચમરની સંગ્રામ કરનારી પાંચ સેના અને પાંચ સેનાપતિ છે, તે આ પ્રમાણે છે– (૧) પાયદળસેના. (૨) અશ્વસેના. (૩) ગજસેના. (૪) મહિષસેના. (૫) રથસેના.

સેનાપતિઓના નામ આ પ્રમાણે છે– (૧) પાયદળસેનાના અધિપતિ 'દ્રુમ' (૨) અશ્વસેનાના અધિપતિ 'અશ્વરાજ સોદામા' (૩) હસ્તિસેનાના અધિપતિ 'હસ્તિરાજ કુન્થુ' (૪) મહિષસેનાના અધિપતિ 'લોહિતાક્ષ' અને (૫) રથસેનાના અધિપતિ 'કિન્નર' છે.

**૪૮ बलिस्स णं वइरोयणिंदस्स वइरोयणरण्णो पंच संगामिया अणिया, पंच संगामियाणियाहिवई पण्णत्ता, तं जहा– पायत्ताणिए पीढाणिए, कुंजराणिए महिसाणिए रहाणिए ।**

**महद्दुमे पायत्ताणयाहिवई, महासोदामे आसराया पीढाणियाहिवई, मालंकारे हत्थिराया कुंजराणियाहिवई, महालोहियक्खे महिसाणियाहिवई, किंपुरिसे रहाणियाहिवई ।**

**ભાવાર્થ :–** વૈરોચનેન્દ્ર વૈરોચનરાજ બલીન્દ્રની સંગ્રામ કરનારી પાંચ સેનાઓ અને પાંચ સેનાધિપતિઓ છે, તે આ પ્રમાણે છે– પાયદળસેના (૨) અશ્વસેના (૩) હસ્તિસેના (૪) મહિષસેના (૫) રથસેના.

(૧) પાયદળસેનાના અધિપતિ 'મહાદ્રુમ', (૨) અશ્વસેનાના અધિપતિ 'અશ્વરાજ મહાસોદામ', (૩) હસ્તિસેનાના અધિપતિ 'હસ્તિરાજ માલંકાર', (૪) મહિષસેનાના અધિપતિ 'મહાલોહિતાક્ષ', (૫) રથસેનાના અધિપતિ 'કિંપુરુષ' છે.

**૪૯ धरणस्स णं णागकुमारिंदस्स णागकुमाररण्णो पंच संगामिया अणिया, पंच संगामियाणियाहिवई पण्णत्ता, तं जहा– पायत्ताणिए पीढाणिए, कुंजराणिए महिसाणिए रहाणिए ।**

**भद्दसेणे पायत्ताणियाहिवई, जसोधरे आसराया पीढाणियाहिवई, सुदंसणे हत्थिराया कुंजराणियाहिवई, णीलकंठे महिसाणियाहिवई, आणंदे रहाणियाहिवई।**

**ભાવાર્થ :–** નાગકુમારરાજ, નાગકુમારેન્દ્ર ધરણેન્દ્રની સંગ્રામ કરનારી પાંચ સેનાઓ અને પાંચ

સેનાધિપતિઓ છે, તે આ પ્રમાણે છે– (૧) પાયદળસેના (૨) અશ્વસેના (૩) હસ્તિસેના (૪) મહિષસેના (૫) રથસેના.

(૧) પાયદળસેનાના અધિપતિ 'ભદ્રસેન', (૨) અશ્વસેનાના અધિપતિ 'અશ્વરાજ યશોધર', (૩) હસ્તિસેનાના અધિપતિ 'હસ્તિરાજ સુદર્શન', (૪) મહિષસેનાના અધિપતિ 'નીલકંઠ' (૫) રથસેનાના અધિપતિ 'આનંદ' છે.

**૫૦ भूयाणंदस्स णं णागकुमारिंदस्स णागकुमाररण्णो पंच संगामियाणिया, पंच संगामियाणियाहिवई पण्णत्ता, तं जहा– पायत्ताणिए पीठाणिए कुंजराणिए महिसाणिए रहाणिए ।**

**दक्खे पायत्ताणियाहिवई, सुग्गीवे आसराया पीढाणियाहिवई, सुविक्कमे हत्थिराया कुंजराणियाहिवई, सेयकंठे महिसाणियाहिवई, णंदुत्तरे रहाणियाहिवई। एवं जहा धरणस्स तहा सव्वेसिं दाहिणिल्लाणं** *जाव* **घोसस्स । जहा भूयाणंदस्स तहा सव्वेसिं उत्तरिल्लाणं** *जाव* **महाघोसस्स ।**

**ભાવાર્થ :–** નાગકુમારેન્દ્ર નાગકુમારરાજ ભૂતાનંદની સંગ્રામ કરનારી પાંચ સેનાઓ અને પાંચ સેનાના અધિપતિ દેવો છે, તે આ પ્રમાણે છે– (૧) પાયદળસેના (૨) અશ્વસેના (૩) હસ્તિસેના (૪) મહિષસેના (૫) રથસેના.

(૧) પાયદળસેનાના અધિપતિ 'દક્ષ', (૨) અશ્વસેનાના અધિપતિ 'અશ્વરાજ સુગ્રીવ' (૩) હસ્તિસેનાના અધિપતિ 'હસ્તિરાજ સુવિક્રમ', (૪) મહિષસેનાના અધિપતિ 'શ્વેતકંઠ' અને (૫) રથસેનાના અધિપતિ 'નંદોત્તર' છે.

આ રીતે ધરણેન્દ્રની જેમ જ દક્ષિણ દિશાના સર્વ અધિપતિ ઈન્દ્રો અર્થાત્ વેણુદેવ, હરિકાંત, અગ્નિશિખ, પૂર્ણ, જલકાંત, અમિતગતિ, વેલમ્બ અને ઘોષની પાંચ સેનાઓ અને પાંચ સેનાના અધિપતિ દેવો જાણવા.

ભૂતાનંદની જેમ જ સર્વ ઉત્તરદિશાધિપતિ ઈન્દ્રો અર્થાત્ વેણુદાલિ, હરિસ્સહ, અગ્નિમાનવ, વિશિષ્ટ, જલપ્રભ, અમિતવાહન, પ્રભંજન અને મહાઘોષની પાંચ-પાંચ સેનાઓ અને પાંચ-પાંચ સેનાના અધિપતિ દેવો જાણવા.

**૫૧ सक्कस्स णं देविंदस्स देवरण्णो पंच संगामिया अणिया, पंच संगामिया अणियाहिवई पण्णत्ता, तं जहा– पायत्ताणिए, पीढाणिए, कुंजराणिए, उसभाणिए, रहाणिए ।**

**हरिणेगमेसी पायत्ताणियाहिवई, वाऊ आसराया पीढाणियाहिवई, एरावणे हत्थिराया कुंजराणियाहिवई, दामड्ढी उसभाणियाहिवई, माढरे रहाणियाहिवई ।**

**ભાવાર્થ :–** દેવેન્દ્ર દેવરાજ શક્રની સંગ્રામ કરનારી પાંચ સેનાઓ અને પાંચ સેનાના પાંચ અધિપતિ દેવો છે, તે આ પ્રમાણે છે– (૧) પાયદળસેના (૨) અશ્વસેના (૩) હસ્તિસેના (૪) વૃષભસેના (૫) રથસેના.

(૧) પાયદળસેનાના અધિપતિ 'હરિણૈગમેષી', (૨) અશ્વસેનાના અધિપતિ 'અશ્વરાજ વાયુ', (૩) હસ્તિસેનાના અધિપતિ 'હસ્તિરાજ ઐરાવત' છે, (૪) વૃષભસેનાના અધિપતિ 'દામર્દ્ધિ' અને (૫) રથસેનાના અધિપતિ 'માઢર' છે.

**૫૨ ईसाणस्स णं देविंदस्स देवरण्णो पंच संगामिया अणिया पंच संगामिया अणियाहिवई पण्णत्ता, तं जहा– पायत्ताणिए, पीढाणिए, कुंजराणिए, उसभाणिए, रहाणिए ।**

**लहुपरक्कमे पायत्ताणियाहिवई, महावाऊ आसराया पीढाणियाहिवई, पुप्फदंते हत्थिराया कुंजराणियाहिवई, महादामड्ढी उसभाणियाहिवई, महामाढरे रहाणियाहिवई।**

**जहा सक्कस्स तहा सव्वेसिं दाहिणिल्लाणं** *जाव* **पाणयस्स । जहा ईस्साणस्स तहा सव्वेसिं उत्तरिल्लाणं** जाव **अच्चुयस्स ।**

**ભાવાર્થ :–** દેવેન્દ્ર દેવરાજ ઈશાનની સંગ્રામ કરનારી પાંચ સેનાઓ અને પાંચ સેનાના અધિપતિઓ છે, તે આ પ્રમાણે છે– પાયદળસેના, અશ્વસેના, હસ્તિસેના, વૃષભસેના, રથસેના.

(૧) પાયદળસેનાના અધિપતિ 'લઘુપરાક્રમ', (૨) અશ્વસેનાના અધિપતિ 'અશ્વરાજ મહાવાયુ', (૩) હસ્તિસેનાના અધિપતિ 'હસ્તિરાજ પુષ્પદંત', (૪) વૃષભસેનાના અધિપતિ 'મહાદામર્દ્ધિ' (૫) રથસેનાના અધિપતિ 'મહામાઢર' છે.

દેવેન્દ્ર દેવરાજ શક્રેન્દ્રની જેમ જ પ્રાણત પર્યંતના સર્વ દક્ષિણ દિશાના વૈમાનિક ઈન્દ્રોના અર્થાત્ સનત્કુમારેન્દ્ર, બ્રહ્મલોકેન્દ્ર, મહાશુક્રેન્દ્ર, પ્રાણતેન્દ્રની પાંચ સેના અને પાંચ સેનાધિપતિદેવો જાણવા.

દેવેન્દ્ર દેવરાજ ઈશાનેન્દ્રની જેમ જ અચ્યુત પર્યંતના સર્વ ઉત્તર દિશાના વૈમાનિક ઈન્દ્રોના અર્થાત્ માહેન્દ્ર, લાંતકેન્દ્ર, સહસ્રારેન્દ્ર, અચ્યુતેન્દ્રની પાંચ સેનાઓ અને પાંચ સેનાધિપતિ દેવો જાણવા.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં ભવનપતિ અને વૈમાનિક દેવોના ઈન્દ્રોની પાંચ-પાંચ સેનાઓ અને તેના પાંચ-પાંચ સેનાધિપતિઓનું કથન છે. તેમાં ભવનપતિ દેવોના ઈન્દ્રોને મહિષસેના હોય છે જ્યારે વૈમાનિક દેવોના

ઈન્દ્રોને વૃષભસેના હોય છે. શેષ ચાર સેનાના નામ એક સમાન છે. સાતમા સ્થાનમાં સાત-સાત સેના અને સાત સેનાધિપતિના નામ કહ્યા છે.

અહીં જે કુંજરસેના, મહિષસેના, અશ્વસેના વગેરે સેનાના નામમાં તિર્યંચના નામે સેના કહી છે. તે સેનામાં દેવો તેવા રૂપ વિકુર્વી યુદ્ધ કરે છે, તે અપેક્ષાએ તે નામ સમજવા. દેવલોકમાં હાથી, ઘોડા વગેરે તિર્યંચો નથી. નવમાં દશમા દેવલોકના ઈન્દ્ર પ્રાણતેન્દ્ર છે તેની ગણના દક્ષિણમાં થાય છે અને અગિયારમાં બારમા દેવલોકના ઈન્દ્ર અચ્યુતેન્દ્રની ગણના ઉત્તરમાં થાય છે.

**ભવનપતિ ઈન્દ્રોની પાંચ સેના અને અધિપતિ :–**

| ઈન્દ્ર | પાયદળ સેનાધિપતિ | અશ્વસેનાના અધિપતિ | ગજસેનાના અધિપતિ | મહિષસેનાના અધિપતિ | રથસેનાના અધિપતિ |
|---|---|---|---|---|---|
| ચમરેન્દ્ર | દ્રુમ | અશ્વરાજ સોદામ | હસ્તિરાજ કુંથુ | લોહિતાક્ષ | કિન્નર |
| બલીન્દ્ર | મહાદ્રુમ | મહાસોદામ | માલંકાર | મહાલોહિતાક્ષ | કિંપુરુષ |
| ધરણેન્દ્રાદિ દક્ષિણ દિશાના નવનિકાયના ઈન્દ્રો | ભદ્રસેન | યશોધર | સુદર્શન | નીલકંઠ | આનંદ |
| ભૂતાનંદાદિ ઉત્તરદિશાના નવનિકાયના ઈન્દ્રો | દક્ષ | સુગ્રીવ | સુવિક્રમ | શ્વેતકંઠ | નંદોત્તર |

**વૈમાનિક ઈન્દ્રોની પાંચ સેના અને અધિપતિ :–**

| ઈન્દ્ર | પાયદળ સેનાધિપતિ | અશ્વસેનાના અધિપતિ | ગજસેનાના અધિપતિ | વૃષભ સેનાના અધિપતિ | રથસેનાના અધિપતિ |
|---|---|---|---|---|---|
| શક્રેન્દ્ર | હરિણૈગમેષી | અશ્વરાજ વાયુ | હસ્તિરાજ ઐરાવત | દામર્દ્ધિ | માઢર |
| ઈશાનેન્દ્ર | લઘુપરાક્રમ | મહાવાયુ | પુષ્પદંત | મહાદામર્દ્ધિ | મહામાઢર |
| સનત્કુમારેન્દ્ર | હરિણૈગમેષી | વાયુ | ઐરાવત | દામર્દ્ધિ | માઢર |
| માહેન્દ્ર | લઘુપરાક્રમ | મહાવાયુ | પુષ્પદંત | મહાદામર્દ્ધિ | મહામાઢર |
| બ્રહ્મલોકેન્દ્ર | હરિણૈગમેષી | વાયુ | ઐરાવત | દામર્દ્ધિ | માઢર |

| | | | | | |
|---|---|---|---|---|---|
| લાંતકેન્દ્ર | લઘુપરાક્રમ | મહાવાયુ | પુષ્પદંત | મહાદામર્દ્ધિ | મહામાઢર |
| મહાશુક્રેન્દ્ર | હરિણૈગમેષી | વાયુ | ઐરાવત | દામર્દ્ધિ | માઢર |
| સહસ્રારેન્દ્ર | લઘુપરાક્રમ | મહાવાયુ | પુષ્પદંત | મહાદામર્દ્ધિ | મહામાઢર |
| પ્રાણતેન્દ્ર | હરિણૈગમેષી | વાયુ | ઐરાવત | દામર્દ્ધિ | માઢર |
| અચ્યુતેન્દ્ર | લઘુપરાક્રમ | મહાવાયુ | પુષ્પદંત | મહાદામર્દ્ધિ | મહામાઢર |

**પરિષદના દેવોની સ્થિતિ :–**

**૫૩ सक्कस्स णं देविंदस्स देवरण्णो अब्भंतरपरिसाए देवाणं पंच पलिओवमाइं ठिई पण्णत्ता ।**

**ભાવાર્થ :–** દેવેન્દ્ર દેવરાજ શક્રની અંતરંગ પરિષદના દેવોની સ્થિતિ પાંચ પલ્યોપમની છે.

**૫૪ ईसाणस्स णं देविंदस्स देवरण्णो अब्भंतरपरिसाए देवीणं पंच पलिओवमाइं ठिई पण्णत्ता ।**

**ભાવાર્થ :–** દેવેન્દ્ર દેવરાજ ઈશાનની અંતરંગ પરિષદની દેવીઓની સ્થિતિ પાંચ પલ્યોપમની છે.

**પ્રતિઘાતના પ્રકાર :–**

**૫૫ पंचविहा पडिहा पण्णत्ता, तं जहा– गइपडिहा, ठिईपडिहा, बंधणपडिहा, भोगपडिहा, बलवीरिय-पुरिसक्कार-परक्कमपडिहा ।**

**ભાવાર્થ :–** પ્રતિઘાત (અવરોધ)ના પાંચ પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) ગતિ પ્રતિઘાત– અશુભ પ્રવૃત્તિ દ્વારા શુભ ગતિનો અવરોધ (૨) સ્થિતિ પ્રતિઘાત– ઉદીરણા દ્વારા કર્મ સ્થિતિનું અલ્પીકરણ (૩) બંધન પ્રતિઘાત– શુભ ઔદારિક શરીર, ઔદારિક બંધનાદિની પ્રાપ્તિનો અવરોધ (૪) ભોગ પ્રતિઘાત– ભોગ્ય સામગ્રીને ભોગવવાનો પ્રતિઘાત (૫) બલ-વીર્ય-પુરુષાકાર અને પરાક્રમ પ્રાપ્તિનો પ્રતિઘાત અર્થાત્ અંતરાય કર્મના ઉદયે તપ, સંયમમાં પુરુષાર્થ કરવાનો અવરોધ.

**વિવેચન :–**

**पडिहा :– प्रतिहननं प्रतिघः ।** પ્રતિહનનને પ્રતિઘ કહે છે. તેનો અર્થ પ્રતિઘાત થાય છે. પ્રતિઘાતના વિવિધ અર્થ થાય છે, યથા– (૧) વિનાશ (૨) અવરોધ (૩) સ્ખલન (૪) અલ્પીકરણ (૫) અંતરાય. અહીં તે બાધક અર્થમાં પ્રયુક્ત છે. સૂત્રગત પાંચ પ્રકારના પ્રતિઘાતનો અર્થ, નિશ્ચય અને વ્યવહારથી બે રીતે કરવામાં આવે છે.

**(१) गइपडिहा(ગતિ પ્રતિઘાત) :–** (૧) જડ અથવા ચેતન પદાર્થનું બીજી વસ્તુના અવરોધથી રોકાઈ જવું. પ્રાણી, વસ્તુ વગેરેની ગતિ દિવાલ આદિથી અવરોધ પામે છે. (૨) આત્મામાં શુભ ગતિ યોગ્ય કર્મ પુદ્ગલો સંચિત થવા છતાં અશુભ અધ્યવસાય આદિ તથા વિપરીત કર્મના ઉદયના કારણે તે ગતિ પ્રાપ્ત ન થાય તેને ગતિપ્રતિઘાત કહેવાય છે. જેમ કુંડરીકને દીક્ષા લઈને દેવગતિ પ્રાપ્ત થાત પરંતુ પરિણામ પરિવર્તિત થતાં દેવગતિ પ્રાપ્ત ન થઈ અર્થાત્ તેને દેવગતિનો પ્રતિઘાત થયો.

**(२) ठिई पडिहा(સ્થિતિ પ્રતિઘાત) :–** (૧) વ્યવહારથી જે વસ્તુનું અસ્તિત્વ સુદીર્ઘકાળ સુધી રહેવાનું હતું પરંતુ વિપરીત તત્ત્વના યોગે સ્થિતિ અલ્પ થઈ જાય અથવા વસ્તુ સર્વથા નષ્ટ થઈ જાય. યથા– દૂધમાં લીંબુનું ટીપું પડી જતાં દૂધનું બગડી જવું (૨) દીર્ઘકાળની સ્થિતિવાળા કર્મને અલ્પકાળની સ્થિતિવાળા બનાવવા તે સ્થિતિ પ્રતિઘાત કહેવાય છે.

**(३) बंधण पडिहा(બંધન પ્રતિઘાત) :–** (૧) ઈષ્ટ વસ્તુનું ઈષ્ટ વસ્તુ સાથે બંધન ન થાય અને અશુભ વસ્તુ સાથે બંધન થઈ જાય. (૨) દુષ્ટ પરિણામો દ્વારા ઔદારિક શરીર, ઔદારિક અંગોપાંગ વગેરે પ્રશસ્ત પ્રકૃતિઓનો પ્રતિઘાત થાય,પ્રશસ્ત પ્રકૃતિઓનું બંધન અટકી જાય તે, બંધન પ્રતિઘાત કહેવાય છે.

**(४) भोग पडिहा(ભોગ પ્રતિઘાત) :–** (૧) ધન-સ્ત્રી આદિ સુખ, ભોગવિલાસની સામગ્રી નાશ પામે તે. (૨) નિશ્ચયથી પ્રશસ્ત ગતિ, સ્થિતિ, બંધન આદિનો પ્રતિઘાત થાય તેથી ભોગનો પણ પ્રતિઘાત થાય છે. પ્રશસ્ત ગતિ આદિ પ્રાપ્ત જ ન થાય તો તદ્પ્રાયોગ્ય ભોગ પણ પ્રાપ્ત થતાં નથી.

**(५) बल वीरिय पुरिसक्कार परक्कम पडिहा(બળ,વીર્ય, પુરુષાકાર પરાક્રમ પ્રતિઘાત) :–** બીમારી આદિના કારણે, બલ ક્ષીણ થવાથી અથવા અન્ય કોઈ પણ કારણે હતોત્સાહ થવું, સ્વાભિમાન ખોઈ બેસવું, તે વ્યવહારિક બલ-વીર્ય-પુરુષાકાર પરાક્રમ પ્રતિઘાત છે. નિશ્ચયથી– મોહકર્મ અને અંતરાય કર્મના ઉદયે સંયમ-તપમાં પુરુષાર્થ ન થાય, જ્ઞાનાવરણીય કર્મના તીવ્ર ઉદયે જ્ઞાન રુચિ જ ન થાય, સ્વાધ્યાયાદિનું મન ન થાય; પ્રશસ્ત ગતિ, સ્થિતિ આદિનો પ્રતિઘાત થવાથી જેમ ભોગ પ્રતિઘાત થાય છે તેમ તે વ્યક્તિ પ્રશસ્ત માર્ગે પોતાના બલવીર્ય આદિનું પરાક્રમ પણ કરી શકતા નથી; તે જ બલવીર્ય પુરુષાકાર પરાક્રમ પ્રતિઘાત કહેવાય છે.

**આજીવકના પ્રકાર :–**

**૫૬ पंचविहे आजीवे पण्णत्ते, तं जहा– जाईआजीवे, कुलाजीवे, कम्माजीवे, सिप्पाजीवे, लिंगाजीवे ।**

**ભાવાર્થ :–** આજીવક(આજીવિકા ચલાવનારા પુરુષ)ના પાંચ પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) પોતાની બ્રાહ્મણાદિ જાતિ બતાવી આજીવિકા ચલાવનારા. (૨) પોતાના ઉગ્રકુળ આદિ કુળ બતાવી આજીવિકા ચલાવનારા. (૩) કૃષિ આદિ કર્મથી આજીવિકા ચલાવનારા. (૪) શિલ્પ આદિ કળાથી આજીવિકા ચલાવનારા. (૫) સાધુવેષ આદિ લિંગ ધારણ કરી આજીવિકા ચલાવનારા.

**વિવેચન :-**

**आजीवे :- आजीवति आश्रयति लब्धिपूजताख्यत्याद्यर्थ तपश्चर्यादिकं यः सः आजीवः पाखंडि विशेषः ।** લબ્ધિ, પૂજ્યતા, ખ્યાતિ વગેરેની પ્રાપ્તિ નિમિત્તે જે તપશ્ચર્યાદિ કરે તેને આજીવક કહે છે. તે પાષંડી વિશેષ છે. જાતિ આજીવક વગેરે સૂત્રાર્થથી સ્પષ્ટ છે. વૃત્તિકારે પ્રાચીન ગાથાના ઉલ્લેખ દ્વારા લિંગ આજીવકના સ્થાને ગણાજીવક ગ્રહણ કરવાની સૂચના આપી છે. ગણાજીવક એટલે પોતાના મલ્લાદિ ગણ બતાવી આજીવિકા ચલાવનારા.

**રાજચિહ્ન :-**

**૫૭ पंच रायककुहा पण्णत्ता, तं जहा- खग्गं, छत्तं, उप्फेसं, पाणहाओ, वालवीयणे ।**

**ભાવાર્થ :-** પાંચ પ્રકારના રાજચિહ્ન છે, તે આ પ્રમાણે છે– (૧) તલવાર (૨) છત્ર (૩) મુકુટ (૪) ઉપાનહ(પાદરક્ષક-જૂતા) (૫) ચામર.

**વિવેચન :-**

પ્રસ્તુત સૂત્રમાં રાજ્ય સમૃદ્ધિના સૂચક પાંચ રાજચિહ્નોનું નિરૂપણ કર્યું છે. જેમાં રાજાની તલવાર આત્મરક્ષા, શૂરવીરતા અને કર્તવ્યપાલન માટે હોય છે; છત્ર, ચામર અને મુકુટ શોભા માટે હોય છે અને ઉપાનહ-મોજડી ચરણ રક્ષણ અને શોભા બંને માટે હોય છે.

**ઉપસર્ગ સહેવા માટેની ચિંતનિકાઓ :-**

**૫૮ पंचहिं ठाणेहिं छउमत्थे णं उदिण्णे परिस्सहोवसग्गे सम्मं सहेज्जा खमेज्जा तितिक्खेजा अहियासेज्जा, तं जहा-**

**उदिण्णकम्मे खलु अयं पुरिसे उम्मत्तगभूए, तेण मे एस पुरिसे अक्कोसइ वा अवहसइ वा णिच्छोडेइ वा णिब्भंछेइ वा बंधेइ वा रुंभइ वा छविच्छेयं करेइ वा, पमारं वा णेइ, उद्दवेइ वा, वत्थं वा पडिग्गहं वा कंबलं वा पायपुंछणं वा आच्छिदइ वा विच्छिदइ वा भिंदइ वा अवहरइ वा ॥१॥**

**जक्खाइट्ठे खलु अयं पुरिसे, तेण मे एस पुरिसे अक्कोसइ वा** *जाव* **अवहरइ वा ॥२॥**

**ममं च णं तब्भववेयणिज्जे कम्मे उदिण्णे भवइ, तेण मे एस पुरिसे**

**अक्कोसइ वा *जाव* अवहरइ वा ॥३॥**

**ममं च णं सम्मं असहमाणस्स अखममाणस्स अतितिक्खमाणस्स अणहियासेमाणस्स किं मण्णे कज्जइ ? एगंतसो मे पावे कम्मे कज्जइ ॥४॥**

**ममं च णं सम्मं सहमाणस्स खममाणस्स तितिक्खमाणस्स अहियासेमाणस्स किं मण्णे कज्जइ ? एगंतसो मे णिज्जरा कज्जइ ॥५॥**

**इच्चेएहिं पंचहिं ठाणेहिं छउमत्थे उदिण्णे परिसहोवसग्गे सम्मं सहेज्जा खमेज्जा तितिक्खेज्जा अहियासेज्जा ।**

**ભાવાર્થ :–** પાંચ પ્રકારના ચિંતન વડે છદ્મસ્થ પુરુષ ઉદીર્ણ (ઉદય અથવા ઉદીરણા પ્રાપ્ત) પરીષહો અને ઉપસર્ગોને સમ્યગ્ રીતે, અવિચલ ભાવે સહન કરે છે, ક્ષમા રાખે છે, તિતિક્ષા રાખે છે અને તેનાથી પ્રભાવિત થતા નથી, તે આ પ્રમાણે છે–

(૧) આ પુરુષ નિશ્ચયથી ઉદયાધીન છે. તેથી તે ઉન્મત જેવો બની મારા ઉપર આક્રોશ કરે છે(ગાળો આપે છે), મારો ઉપહાસ કરે છે, મને બહાર કાઢવાની ધમકી આપે છે, મારી નિર્ભર્ત્સના કરે છે, મને દોરડાદિથી બાંધે છે, મને કારાગૃહ કે ઓરડામાં રુંધે છે, અંગોનું છેદન કરે છે, મૂર્ચ્છિત કરે છે, ઉપદ્રવ(કષ્ટ) આપે છે; વસ્ત્ર, પાત્ર, કમ્બલ, પાદપ્રોંચ્છનનું છેદન કરે છે, વિચ્છેદન કરે છે, તોડી-ફોડી નાંખે છે, લઈ જાય છે.

(૨) આ પુરુષ નિશ્ચયથી યક્ષાવિષ્ટ(ભૂત-પ્રેતાદિથી પ્રેરિત) છે, તેથી મારા ઉપર આક્રોશ કરે છે વગેરે અપહરણ સુધીનું કથન પૂર્વવત્ સમજવું.

(૩) મારું આ ભવમાં વેદન કરવા યોગ્ય કર્મ ઉદયમાં આવ્યું છે. તેથી આ પુરુષ મારી ઉપર આક્રોશ કરે છે વગેરે અપહરણ સુધીનું કથન પૂર્વવત્ સમજવું.

(૪) જો હું આ ઉપસર્ગને સમ્યક્ પ્રકારે, અવિચલ ભાવે સહન કરીશ નહીં, ક્ષમા રાખીશ નહીં, તિતિક્ષા રાખીશ નહીં અને તેનાથી પ્રભાવિત થઈ જઈશ તો મને એકાન્ત રૂપે પાપકર્મોનો સંચય થશે.

(૫) જો હું તે પરીષહ, ઉપસર્ગને સમ્યક્ પ્રકારે અવિચલ ભાવે સહન કરીશ, ક્ષમા રાખીશ, તિતિક્ષા રાખીશ અને તેનાથી પ્રભાવિત થઈશ નહીં તો મને એકાંત રૂપે કર્મ નિર્જરાનો લાભ થશે.

આ પાંચ પ્રકારના ચિંતન ના આધારે છદ્મસ્થ પુરુષ ઉદયમાં આવેલા પરીષહ અને ઉપસર્ગને સમ્યક પ્રકારે અવિચલ ભાવે સહન કરે છે, ક્ષમા રાખે છે, તિતિક્ષા રાખે છે અને તેનાથી પ્રભાવિત થતા નથી.

**૫૯ पंचहिं ठाणेहिं केवली उदिण्णे परिसहोवसग्गे सम्मं सहेज्जा खमेज्जा तितिक्खेज्जा अहियासेज्जा, तं जहा–**

**खित्तचित्ते खलु अयं पुरिसे, तेण मे एस पुरिसे अक्कोसइ वा** *जाव* **अवहरइ वा । दित्तचित्ते खलु अयं पुरिसे, तेण मे एस पुरिसे अक्कोसइ वा** *जाव* **अवहरइ वा । जक्खाइट्ठे खलु अयं पुरिसे, तेण मे एस पुरिसे अक्कोसइ वा** *जाव* **अवहरइ वा । ममं च णं तब्भववेयणिज्जे कम्मे उदिण्णे भवइ, तेण मे एस पुरिसे अक्कोसइ वा** *जाव* **अवहरइ वा ।**

**ममं च णं सम्मं सहमाणं खममाणं तितिक्खमाणं अहियासेमाणं पासेत्ता बहवे अण्णे छउमत्था समणा णिग्गंथा उदिण्णे-उदिण्णे परीसहोवसग्गे एवं सम्मं सहिस्संति खमिस्संति तितिक्खिस्संति अहियासिस्संति ।**

**इच्चेएहिं पंचहिं ठाणेहिं केवली उदिण्णे परीसहोवसग्गे सम्मं सहेज्जा खमेज्जा तितिक्खेज्जा अहियासेज्जा ।**

**ભાવાર્થ :–** પાંચ કારણે કેવલી ભગવાન ઉદયમાં આવેલા પરીષહ અને ઉપસર્ગને સમ્યક્ પ્રકારે અવિચલ ભાવે સહન કરે છે, ક્ષમા રાખે છે, તિતિક્ષા રાખે છે અને તેનાથી પ્રભાવિત થતા નથી, તે આ પ્રમાણે છે–

(૧) આ પુરુષ નિશ્ચયથી વિક્ષિપ્ત ચિત્તવાળો છે, શોક આદિથી બેભાન છે, તેથી મારા ઉપર આક્રોશ કરે છે, મને ગાળો આપે છે, મારો ઉપહાસ કરે છે, મને બહાર નીકળી જવાની ધમકી આપે છે, મારી નિર્ભર્ત્સના કરે છે, બાંધે છે, રુંધે છે, છવિચ્છેદ કરે છે, મૂર્ચ્છિત કરે છે, ઉપદ્રવિત કરે છે, વસ્ત્ર, પાત્ર, કમ્બલ, પાદ-પ્રોંચ્છનને છીનવી લે છે, છેદન કરે છે, વિચ્છેદન કરે છે, તોડી-ફોડી નાંખે છે, લઈ જાય છે.

(૨) આ પુરુષ નિશ્ચયથી ઉન્માદ યુક્ત છે. તેથી મારા ઉપર આક્રોશ કરે છે વગેરે અપહરણ સુધીનું કથન પૂર્વવત્ સમજવું.

(૩) આ પુરુષ નિશ્ચયથી યક્ષાવિષ્ટ છે, તેથી મારા ઉપર આક્રોશ કરે છે વગેરે અપહરણ સુધીનું કથન પૂર્વવત્ સમજવું.

(૪) મારા આ ભવમાં વેદન કરવા યોગ્ય કર્મો ઉદયમાં આવ્યા છે તેથી આ પુરુષ મારી ઉપર આક્રોશ કરે છે વગેરે અપહરણ સુધીનું કથન પૂર્વવત્ સમજવું.

(૫) મને સમ્યક્ પ્રકારે અવિચલભાવે પરીષહો અને ઉપસર્ગોને સહન કરતાં, ક્ષમા રાખતાં, તિતિક્ષા રાખતાં અને પ્રભાવિત નહીં થતાં જોઈને, અન્ય અનેક છદ્મસ્થ શ્રમણ નિર્ગ્રંથો ઉદયમાં આવેલા પરીષહ અને ઉપસર્ગોને તે જ રીતે સમ્યક્ પ્રકારે અવિચલ ભાવે સહન કરશે, ક્ષમા રાખશે, તિતિક્ષા રાખશે અને તેનાથી પ્રભાવિત થશે નહીં.

ઉપરોક્ત પાંચ કારણે કેવળી ઉદયમાં આવેલા પરીષહ અને ઉપસર્ગને સમ્યક્ પ્રકારે અવિચલ ભાવે સહન કરે છે, ક્ષમા રાખે છે, તિતિક્ષા રાખે છે અને તેનાથી પ્રભાવિત થતા નથી.

## વિવેચન :–

પ્રસ્તુત સૂત્રોમાં પરીષહ-ઉપસર્ગોને સમ્યક્ પ્રકારે સહન કરવા માટેની છદ્મસ્થ અને કેવળીની પાંચ પ્રકારની શ્રેષ્ઠ વિચારધારા પ્રગટ કરી છે અથવા શ્રમણોને પરીષહ અને ઉપસર્ગ સહન કરવા માટે વિચારણા રૂપે માર્ગદર્શન પ્રસ્તુત કર્યું છે.

પૂર્વકૃત કર્મના ઉદયે સાધકને ઉપસર્ગ કે પરીષહનો સંયોગ થાય ત્યારે તે વસ્તુ સ્વરૂપને સમજીને પોતાના પૂર્વકૃત કર્મોદયનો વિચાર કરી અને સમ્યક્ પ્રકારે સહન કરવાના સુપરિણામને ચિંતન સામે રાખી, જો સહન કરે તો તે અનંતકર્મોની નિર્જરા કરે છે.

આ રીતે બંને સૂત્રોમાં સાધકોને પૂર્વકૃત કર્મો ભોગવવાની અને તપ, સંયમ અને નિયમ સંબંધી કષ્ટોને સમભાવે સહન કરવાની સમ્યગ્ રીત સમજાવી છે.

તે ઉપરાંત મહાપુરુષોનું અનુકરણ સામાન્ય જન કરતા હોય છે. સામાન્ય સાધકોને પ્રેરણા મળે તે આશયથી કેવળી ભગવાન પણ ઉપસર્ગ પરીષહને સમભાવે સહન કરે છે.

અહીં કેવળી શબ્દથી શ્રુતકેવળી, અવધિજ્ઞાની અને મનઃપર્યવ જ્ઞાની વગેરે વિશિષ્ટ જ્ઞાની પુરુષનું ગ્રહણ થાય છે, તેમ ટીકાકારે નિર્દેશ કર્યો છે. કેવળજ્ઞાનીને વેદનીય કર્મજન્ય ૧૧ પરીષહ હોય છે અને તે પરીષહના સમયે કેવળજ્ઞાની તેને સંપૂર્ણ સમભાવે જ સહન કરે છે. કેવળીને સહન કરવા માટે સૂત્રોક્ત કોઈ પણ વિચારધારા કે ચિંતન હોતું નથી. વિચાર કે ચિંતન મનથી થાય છે. કેવળીને ક્ષાયિક જ્ઞાન-કેવળ જ્ઞાન હોવાથી વિચારણાઓ-ચિંતનિકાઓ હોતી નથી. કેવળી ભગવાન કોઈપણ પરિસ્થિતિમાં પોતાના જ્ઞાન સ્વરૂપમાં જ સ્થિર હોય છે. તેથી અહીં કેવળી શબ્દથી શ્રુતકેવળી આદિનું ગ્રહણ છે તેમ સમજવું. સૂત્રોક્ત પાંચ-પાંચ પ્રકારની વિચારધારા ભાવાર્થથી સ્પષ્ટ છે.

**सहइ खमइ... :–** આ શબ્દો એકાર્થક જેવા લાગે છે તેમ છતાં તેમાં આ પ્રમાણે ભિન્નતા છે– **सहइ** = કાયાથી હિંમત રાખી સહન કરે, હાય-વોય કે અધીરતા ન કરે. **खमइ** = મનથી ક્ષમા કરે, મનમાં પણ ક્રોધ ન કરે. **तितिक्खइ** = નિર્જરાર્થે સહન કરે અને સમભાવમાં રમણ કરે. **अहियासेइ** = આનંદાનુભૂતિ અને ઉત્સાહ સાથે સહન કરે.

**आच्छिंदइ** = આંચકી લે છે, અલ્પછેદન કરે છે. **विच्छिंदइ** = વિશેષ છેદન કરે છે, વિશેષ પ્રકારે છીનવી લે છે. **भिंदइ** = તોડફોડ કરે છે, વિનષ્ટ કરે છે. **अवहरइ** = અપહરણ કરે છે, લઈ જાય છે.

**खित्तचित्ते** = ખેદથી ઉન્માદને પ્રાપ્ત, વિક્ષિપ્ત ચિત્તવાળો, **दित्तचित्ते** = હર્ષથી ઉન્માદ પ્રાપ્ત, પાગલ. **जक्खाइट्ठे** = યક્ષાવિષ્ટ, ભૂત-પ્રેતથી બાધિત.

**परीसहोवसग्गा** = **પરીષહ–** સંયમી જીવનના, નિયમોનું પાલન કરતાં કર્મ નિર્જરાર્થે જે

સહન કરવામાં આવે તે. ભૂખ, તરસ, ઠંડી, ગરમી, રોગ અને મેલ આદિ ૨૨ પરીષહ છે. કેવળજ્ઞાનીને ૨૨ માંથી વેદનીય કર્મજન્ય ૧૧ પરીષહ હોય છે. શેષ મોહનીય આદિ કર્મજનિત પરીષહ તેઓને હોતા નથી. **ઉપસર્ગ–** દેવ, મનુષ્ય અને તિર્યંચ પશુ આદિ દ્વારા જે કષ્ટ આપવામાં આવે તેને ઉપસર્ગ કહે છે. પરીષહમાં પણ ઉપસર્ગનો સમાવેશ થાય છે માટે બંને શબ્દોનો સંયુક્ત પ્રયોગ પણ થાય છે.

## હેતુ-અહેતુઓનું નિરૂપણ :–

**૬૦ पंच हेऊ पण्णत्ता, तं जहा– हेउं ण जाणइ, हेउं ण पासइ, हेउं ण बुज्झइ, हेउं णाभिगच्छइ, हेउं अण्णाणमरणं मरइ ।**

**ભાવાર્થ :–** પાંચ હેતુ છે અર્થાત્ વ્યક્તિની અપેક્ષાએ હેતુની પાંચ અવસ્થાઓ થાય છે, તે આ પ્રમાણે છે–(૧) હેતુ = આશ્રવ, કર્મબંધના હેતુ. કેટલીક વ્યક્તિ હેતુને જાણતી નથી અર્થાત્ સંસાર પરિભ્રમણના કારણોને સમ્યક્ પ્રકારે જાણતી નથી. (૨) કેટલીક વ્યક્તિ હેતુને જોતી નથી અર્થાત્ દુઃખના કારણોને સમ્યક્ પ્રકારે જોતી નથી. (૩) કેટલીક વ્યક્તિ હેતુને સમજતી નથી અર્થાત્ મોક્ષના ઉપાયભૂત સાધનોને શ્રદ્ધાપૂર્વક સ્વીકારતી નથી. (૪) કેટલીક વ્યક્તિ હેતુને પ્રાપ્ત કરતી નથી અર્થાત્ સંસારથી પાર થવાના સાધનોને સ્વીકારતી નથી. (૫) કેટલીક વ્યક્તિ હેતુપૂર્વક અજ્ઞાન મરણે મરે છે અર્થાત્ અજ્ઞાનદશામાં મરવાના કારણોથી મરે છે.

**૬૧ पंच हेऊ पण्णत्ता, तं जहा– हेउणा ण जाणइ, हेउणा ण पासइ, हेउणा ण बुज्झइ, हेउणा णाभिगच्छइ, हेउणा अण्णाणमरणं मरइ ।**

**ભાવાર્થ :–** પાંચ હેતુ છે, તે આ પ્રમાણે છે– (૧) કેટલાક લોકોને હેતુ(આશ્રવ) દ્વારા સંસાર ભ્રમણ થાય તેનું જ્ઞાન હોતું નથી તેમજ (૨-૩) કેટલાક લોકોને આ વાતનું વિજ્ઞાન કે શ્રદ્ધાન હોતું નથી (૪) કેટલાક આ સંસાર ભ્રમણથી બચવાના ઉપાયોનું આચરણ કરતા નથી (૫) અંતે આ તત્ત્વજ્ઞાન, વિજ્ઞાન આદિના અભાવ રૂપ અજ્ઞાન મરણથી તેઓ મરે છે.

**૬૨ पंच हेऊ पण्णत्ता, तं जहा– हेउं जाणइ, हेउं पासइ, हेउं बुज्झइ, हेउं अभिगच्छइ, हेउं छउमत्थमरणं मरइ ।**

**ભાવાર્થ :–** પાંચ હેતુ છે, તે આ પ્રમાણે છે– (૧-૩) કેટલાક લોકોને બંધના કારણનું (આશ્રવનું) જ્ઞાન, વિજ્ઞાન અને શ્રદ્ધાન હોય છે (૪) તેઓને આશ્રવના ત્યાગ રૂપ આચરણ પણ હોય છે (૫) અંતે તેઓ આ જ્ઞાન, વિજ્ઞાન આદિ હોવાથી પૂર્વ સૂત્રોક્ત અજ્ઞાન મરણથી મરતા નથી પરંતુ કેવળજ્ઞાની ન થવાને કારણે તે છદ્મસ્થ અવસ્થામાં છદ્મસ્થ મરણથી મરે છે.

**૬૩ पंच हेऊ पण्णत्ता, तं जहा– हेउणा जाणइ, हेउणा पासइ, हेउणा बुज्झइ, हेउणा अभिगच्छइ, हेउणा छउमत्थमरणं मरइ ।**

**ભાવાર્થ :–** પાંચ હેતુ છે, તે આ પ્રમાણે છે– (૧-૩) **हेउणा** = આશ્રવ દ્વારા અર્થાત્ આશ્રવના સેવનથી સંસાર ભ્રમણ થાય છે. આ તત્ત્વનું કેટલાક લોકોને જ્ઞાન, વિજ્ઞાન અને શ્રદ્ધાન હોય છે (૪) કેટલાક તે જ્ઞાન, વિજ્ઞાન, શ્રદ્ધાન સાથે તે આશ્રવોના સેવનનો ત્યાગ કરે છે. (૫) અંતે તે જ્ઞાન, વિજ્ઞાન આદિ હોવાના કારણે તેઓ અજ્ઞાન મરણથી ન મરતાં, કેવળજ્ઞાન ન હોવાથી છદ્મસ્થ મરણથી મરે છે.

**૬૪ पंच अहेऊ पण्णत्ता, तं जहा– अहेउं ण जाणइ, अहेउं ण पासइ, अहेउं ण बुज्झइ, अहेउं णाभिगच्छइ, अहेउं छउमत्थमरणं मरइ ।**

**ભાવાર્થ :–** પાંચ અહેતુ છે, તે આ પ્રમાણે છે– (૧) અહેતુ = સંવર, પાપોનો ત્યાગ, આશ્રવોનો ત્યાગ. કેટલાક લોકોને સંવર તત્ત્વનું જ્ઞાન હોતું નથી. તેમજ (૨-૪) સંવરનું વિજ્ઞાન, શ્રદ્ધાન અને આચરણ હોતું નથી. (૫) આ રીતે પૂર્વ ચાર સૂત્ર વર્ણિત આશ્રવને જાણનારા પણ જો સંવર અને તેના આચરણનું પરમ ફળ મોક્ષ છે તેને સારી રીતે ન જાણે, ન આદરે તેથી તે કેવળજ્ઞાન પ્રાપ્ત કરતા નથી અને છદ્મસ્થ મરણથી મરે છે.

**૬૫ पंच अहेऊ पण्णत्ता, तं जहा– अहेउणा ण जाणइ, अहेउणा ण पासइ, अहेउणा ण बुज्झइ, अहेउणा णाभिगच्छइ, अहेउणा छउमत्थमरणं मरइ ।**

**ભાવાર્થ :–** પાંચ અહેતુ છે, તે આ પ્રમાણે છે– (૧-૪) **हेउणा** = કેટલાક લોકોને સંવર દ્વારા ક્રમશઃ સંસારથી મુક્તિ થાય છે, આ પ્રકારના જ્ઞાન, વિજ્ઞાન, શ્રદ્ધાન તથા આચરણનો અભાવ હોય છે. (૫) તેથી તે પણ કેવળજ્ઞાનના અભાવે છદ્મસ્થ મરણથી મરે છે.

**૬૬ पंच अहेऊ पण्णत्ता, तं जहा– अहेउं जाणइ, अहेउं पासइ, अहेउं बुज्झइ, अहेउं अभिगच्छइ, अहेउं केवलिमरणं मरइ ।**

**ભાવાર્થ :–** પાંચ અહેતુ છે, તે આ પ્રમાણે છે– (૧-૫) કેટલાક સાધકોને સંવર તત્ત્વનું સારી રીતે જ્ઞાન, વિજ્ઞાન અને આચરણ હોવાથી અંતે તેઓ કેવળજ્ઞાન પ્રાપ્ત કરી, કેવળીમરણને પ્રાપ્ત કરે છે.

**૬૭ पंच अहेऊ पण्णत्ता, तं जहा– अहेउणा जाणइ, अहेउणा पासइ, अहेउणा बुज्झइ, अहेउणा अभिगच्छइ, अहेउणा केवलिमरणं मरइ ।**

**ભાવાર્થ :–** પાંચ અહેતુ છે, તે આ પ્રમાણે છે– (૧-૫) કેટલાક લોકોને, ''સંવરના સેવનથી મુક્તિ થાય છે,'' આ પ્રકારનું જ્ઞાન, વિજ્ઞાન, શ્રદ્ધાન અને સમ્યક્ આચરણ હોવાથી અંતે તેઓ કેવળજ્ઞાન પ્રાપ્ત કરી કેવળી મરણથી મરે છે.

## વિવેચન :–

સૂત્રકારે પ્રસ્તુત આઠ સૂત્ર દ્વારા અષ્ટવિધ તત્ત્વનું નિરૂપણ કર્યું છે. પાંચમું સ્થાન હોવાથી આ આઠે સૂત્રમાં પાંચ-પાંચ બોલનું કથન છે, તે આ પ્રમાણે છે– **जाणइ** = જાણવું, જ્ઞાન થવું. **पासइ** = જોવું,

સમજવું, વિજ્ઞાન થવું. **बुज्झइ** = બોધ, શ્રદ્ધા થવી. **अभिगच्छइ** = પ્રાપ્ત કરવું, અપનાવવું, આચરણ કરવું **मरणं मरइ** = તે તે જ્ઞાન, શ્રદ્ધાન, આચરણ સંબંધિત અવસ્થામાં મૃત્યુ થવું.

**हेऊ** = હેતુ એટલે કારણ, સાધન, કર્મબંધના કારણ. **हेऊणा** = હેતુથી એટલે કારણથી પ્રાપ્ત ફળ. કર્મબંધથી પ્રાપ્ત સંસાર. **अहेऊ** = અહેતુ એટલે અકારણ. કર્મબંધના અકારણ અર્થાત્ સંવર. **अहेऊणा** = અહેતુથી એટલે સંવરથી પ્રાપ્ત મોક્ષ. આ સૂત્રોની અર્થ વિચારણા બે પ્રકારે થાય છે– (૧) કર્મદષ્ટિએ (૨) જ્ઞાનદષ્ટિએ.

**કર્મદષ્ટિએ વિચારણા :–** અહીં હેતુ એટલે કર્મબંધના કારણો-આશ્રવ. હેતુથી એટલે આશ્રવ દ્વારા પ્રાપ્ત સંસાર પરિભ્રમણાદિ. અહેતુ એટલે સંવર અને અહેતુથી એટલે સંવર દ્વારા પ્રાપ્ત મોક્ષ.

(૧-૨) **हेउं, हेउणा ण जाणइ** = કેટલાક લોકોને આશ્રવ અને આશ્રવ દ્વારા પ્રાપ્ત સંસાર પરિભ્રમણનું જ્ઞાન, વિજ્ઞાન, શ્રદ્ધાન તથા તેના ત્યાગરૂપ આચરણ હોતું નથી. તેવા અજ્ઞાની જીવો અજ્ઞાન મરણે મરે છે.

(૩-૪) **हेउं, हेउणा जाणइ** = કેટલાક લોકોને આશ્રવ અને આશ્રવ દ્વારા પ્રાપ્ત સંસાર પરિભ્રમણનું જ્ઞાન, વિજ્ઞાન, શ્રદ્ધાન હોય છે અને ત્યાગરૂપ આચરણ પણ હોય છે. તેવા જ્ઞાની જીવો(કેવળજ્ઞાન અપ્રાપ્ત જીવ) પંડિત મરણે-છદ્મસ્થ મરણે મરે છે.

(૫-૬) **अहेउं, अहेउणा ण जाणइ** = કેટલાક લોકોને સંવર અને સંવર દ્વારા પ્રાપ્ત થનાર મોક્ષના જ્ઞાન, વિજ્ઞાન, શ્રદ્ધાન અને આચરણના અભાવે કેવળજ્ઞાન પ્રાપ્ત થતું નથી, તેઓ છદ્મસ્થ મરણે મરે છે.

(૭-૮) **अहेउं, अहेउणा जाणइ** = કેટલાક લોકો સંવર અને સંવર દ્વારા પ્રાપ્ત થનાર મોક્ષના જ્ઞાન, વિજ્ઞાન, શ્રદ્ધાન અને આચરણના કારણે કેવળજ્ઞાન પ્રાપ્ત કરે છે અને કેવળી મરણે મરે છે.

**જ્ઞાન દષ્ટિએ વિચારણા :–** અહીં હેતુ એટલે કારણ. પદાર્થોના જ્ઞાનમાં આગમ કે આપ્તપુરુષના વચન કારણ રૂપ છે. હેતુથી એટલે આગમ આદિ દ્વારા થતું સૂક્ષ્માદિ પદાર્થનું જ્ઞાન.

અહેતુ એટલે બાહ્ય નિમિત્ત વિના આત્મસમુત્પન્ન પ્રત્યક્ષજ્ઞાન(અવધિજ્ઞાન આદિ) અને અહેતુથી એટલે પ્રત્યક્ષજ્ઞાન(અવધિજ્ઞાન આદિ) દ્વારા આલોકિત પદાર્થોનું સ્પષ્ટ જ્ઞાન.

(૧-૨) **हेउं, हेउणा ण जाणइ** = કેટલાક લોકોને આગમ કે આપ્તપુરુષના વચનનું અને આત્માદિ હેતુગ્રાહ્ય પદાર્થોનું જ્ઞાન, વિજ્ઞાન, શ્રદ્ધાન કે આચરણ હોતું નથી. તેવા મતિ, શ્રુત અજ્ઞાની જીવો અજ્ઞાન મરણે મરે છે.

(૩-૪) **हेउं, हेउणा जाणइ** = કેટલાક લોકોને આગમ કે આપ્તપુરુષના વચનનું જ્ઞાન, વિજ્ઞાનાદિ હોય છે પરંતુ તદ્નુસાર આચરણ હોતું નથી. તેવા મતિ-શ્રુતજ્ઞાની છદ્મસ્થપણે પંડિત મરણે મરે છે.

(૫-૬) **अहेउं, अहेउणा ण जाणइ** = કેટલાક લોકોને સર્વદ્રવ્ય, સર્વપર્યાયનું જ્ઞાન, વિજ્ઞાનાદિ હોતા નથી. (તેઓને આંશિકજ્ઞાન હોય છે.) તેથી તેઓ (વિકલ પ્રત્યક્ષજ્ઞાની) છદ્મસ્થ મરણે મરે છે.

(૭-૮) **अहेउं, अहेउणा जाणइ** = કેટલાક પ્રત્યક્ષજ્ઞાનીને સર્વ દ્રવ્ય, સર્વ પર્યાયનું જ્ઞાન, વિજ્ઞાનાદિ

હોય છે. તેથી તેઓ (સકલ પ્રત્યક્ષજ્ઞાની-કેવળી હોવાથી) કેવળ મરણે મરે છે.

તાત્પર્ય એ છે કે પ્રથમ બે સૂત્રમાં મતિ, શ્રુત અજ્ઞાનીનું, ત્રીજા-ચોથા બે સૂત્રમાં મતિ, શ્રુતજ્ઞાની, પાંચમા, છઠ્ઠા બે સૂત્રમાં વિકલ પ્રત્યક્ષજ્ઞાની અને સાતમા, આઠમા સૂત્રમાં સકલ પ્રત્યક્ષજ્ઞાનીનું કથન છે.

આ સૂત્રોમાં પ્રયુક્ત હેતુ શબ્દથી કાર્યકારણ ભાવને અનુલક્ષીને ન્યાય દષ્ટિથી(ન્યાયગ્રંથોમાં વર્ણિત વિવેચના વિધિથી) સાધ્ય, સાધક, દષ્ટાંત, ઉપનય, નિગમન રૂપે પણ વિશ્લેષણ કરી શકાય છે. પરંતુ સૂત્રોમાં અજ્ઞાનમરણ, છાદ્મસ્થિક મરણ અને કેવળીમરણનું કથન હોવાથી અહીં જ્ઞાન તથા આચરણની પ્રમુખતાએ વિશ્લેષણ કર્યું છે.

હેતુ સંબંધી આ સંક્ષિપ્ત સૂત્રોનું તાત્પર્ય સમજવું અતિ કઠિન છે. તેથી જ નવાંગી ટીકાકાર આચાર્યશ્રી અભયદેવસૂરિજીએ આ સૂત્રની સુવિસ્તૃત વિવેચના કરીને અંતે આ પ્રમાણે કહ્યું છે કે– **अर्थगमनिका-मात्रमेवेदम् । अष्टानामप्येषां सूत्राणां भावार्थं तु बहुश्रुताः विदन्ति ।** = અમોએ ઉક્ત સૂત્રોના અર્થ ભગવતી સૂત્રની ચૂર્ણિ અનુસાર લખ્યા છે. તે સૂત્ર અને પદોની ગમનિકા(શબ્દપરક અર્થ વિવેચના)માત્ર છે. વિશેષમાં આ સૂત્રોનો વાસ્તવિક અર્થ-પરમાર્થ તો બહુશ્રુત આચાર્ય જ જાણે છે.

### કેવળજ્ઞાનીના અનુત્તર સ્થાનો :–

**૬૮ केवलिस्स णं पंच अणुत्तरा पण्णत्ता, तं जहा– अणुत्तरे णाणे, अणुत्तरे दंसणे, अणुत्तरे चरित्ते, अणुत्तरे तवे, अणुत्तरे वीरिए ।**

**ભાવાર્થ :–** કેવલીના પાંચ સ્થાન અનુત્તર-સર્વોત્તમ હોય છે, તે આ પ્રમાણે છે– (૧) અનુત્તર જ્ઞાન (૨) અનુત્તર દર્શન (૩) અનુત્તર ચારિત્ર (૪) અનુત્તર તપ (૫) અનુત્તર વીર્ય– મોક્ષ માર્ગમાં પરાક્રમ.

### વિવેચન :–

ચાર ઘાતિકર્મોનો ક્ષય થાય ત્યારે કેવળજ્ઞાન પ્રાપ્ત કરીને જીવ કેવળી બને છે. ત્યારે તેને જ્ઞાનાવરણીય કર્મના સર્વથા ક્ષયથી અનુત્તર કેવળજ્ઞાન, દર્શનાવરણીય કર્મના સર્વથા ક્ષયથી કેવળદર્શન પ્રાપ્ત થાય છે. મોહનીય કર્મના ક્ષયથી અનુત્તર ચારિત્રની પ્રાપ્તિ થાય છે. તપ ચારિત્રનો જ એક પ્રકાર છે. તેરમા ગુણસ્થાનકની અંતિમ ક્ષણોમાં જીવ શુક્લ ધ્યાનના અંતિમ ભેદોમાં પ્રવૃત્ત થાય છે, તે તેનું અનુત્તર તપ છે. વીર્યાંતરાય કર્મના ક્ષયથી અનુત્તર વીર્ય = શક્તિ પ્રગટે છે.

**अणुत्तरे वीरिए :–** પરમ શુક્લ લેશ્યા. શુક્લ ધ્યાન, યથાખ્યાત ચારિત્ર આદિના સદ્ભાવે કેવલીને મહત્તમ કર્મ નિર્જરા થાય છે, તે જ તેનું અનુત્તર વીર્ય(મોક્ષ પ્રાપ્તિરૂપ પરાક્રમ) છે.

### તીર્થંકરોના જન્માદિ સમયના નક્ષત્રો :–

**૬૯ पउमप्पहे णं अरहा पंच चित्ते होत्था, तं जहा– चित्ताहिं चुए चइत्ता**

**गब्भं वक्कंते । चित्ताहिं जाए । चित्ताहिं मुंडे भवित्ता अगाराओ अणगारियं पव्वइए । चित्ताहिं अणंते अणुत्तरे णिव्वाघाए णिरावरणे कसिणे पडिपुण्णे केवलवरणाणदंसणे समुप्पण्णे । चित्ताहिं परिणिव्वुए ।**

**ભાવાર્થ :–** પદ્મપ્રભ તીર્થંકરના જન્માદિ પાંચ પ્રસંગો ચિત્રા નક્ષત્રમાં થયા છે, તે આ પ્રમાણે છે– (૧) ચિત્રા નક્ષત્રમાં દેવલોકથી ચ્યવીને ગર્ભમાં આવ્યા. (૨) ચિત્રા નક્ષત્રમાં જન્મ થયો. (૩) ચિત્રા નક્ષત્રમાં મુંડિત થઈને, ગૃહસ્થ ધર્મનો ત્યાગ કરી શ્રમણ ધર્મમાં પ્રવ્રજિત થયા. (૪) ચિત્રા નક્ષત્રમાં તેઓને અનંત, અનુત્તર, નિર્વ્યાઘાત, નિરાવરણ, સંપૂર્ણ, પરિપૂર્ણ, શ્રેષ્ઠ કેવલજ્ઞાન, કેવલદર્શન ઉત્પન્ન થયું. (૫) ચિત્રા નક્ષત્રમાં નિર્વાણ પામ્યા.

**૭૦ एवमेएणं अभिलावेणं इमाओ गाहाओ अणुगंतव्वाओ–**

**पउमप्पभस्स चित्ता, मूले पुण होइ पुप्फदंतस्स ।**
**पुव्वासाढा सीयलस्स, उत्तर विमलस्स भद्दवया ॥१॥**

**रेवइ य अणंतजिणो, पूसो धम्मस्स संतिणो भरणी ।**
**कुंथुस्स कत्तियाओ, अरस्स तह रेवइओ य ॥२॥**

**मुणिसुव्वयस्स सवणो, आस्सिणि णमिणो य णेमिणो चित्ता ।**
**पासस्स विसाहाओ, पंच य हत्थुत्तरे वीरो ॥३॥**

**ભાવાર્થ :–** શ્રી પદ્મપ્રભ તીર્થંકરના ચિત્રા નક્ષત્રમાં તેમજ પુષ્પદંત– શ્રી સુવિધિનાથ પ્રભુના મૂળ નક્ષત્રમાં, શ્રી શીતળનાથ પ્રભુના પૂર્વાષાઢા નક્ષત્રમાં, શ્રી વિમળનાથ પ્રભુના ઉત્તરભાદ્રપદા નક્ષત્રમાં, શ્રી અનંતનાથ પ્રભુના રેવતી નક્ષત્રમાં, શ્રી ધર્મનાથ પ્રભુના પુષ્ય નક્ષત્રમાં, શ્રી શાંતિનાથ પ્રભુના ભરણી નક્ષત્રમાં, શ્રી કુંથુનાથ પ્રભુના કૃતિકા નક્ષત્રમાં, શ્રી અરનાથ પ્રભુના રેવતી નક્ષત્રમાં, શ્રી મુનિસુવ્રત સ્વામીના શ્રવણ નક્ષત્રમાં, શ્રી નમિનાથ પ્રભુના અશ્વિની નક્ષત્રમાં, શ્રી નેમનાથ પ્રભુના ચિત્રા નક્ષત્રમાં, શ્રી પાર્શ્વનાથ પ્રભુના વિશાખા નક્ષત્રમાં, શ્રી મહાવીર સ્વામીના હસ્તોતરા = ઉત્તરા ફાલ્ગુની નક્ષત્રમાં જન્મ આદિ પાંચ-પાંચ પ્રસંગો થયા છે.

**૭૧ समणे भगवं महावीरे पंचहत्थुत्तरे होत्था, तं जहा– हत्थुत्तराहिं चुए चइत्ता गब्भं वक्कंते । हत्थुत्तराहिं गब्भाओ गब्भं साहरिए । हत्थुत्तराहिं जाए । हत्थुत्तराहिं मुंडे भवित्ता अगाराओ अणगारियं पव्वइए । हत्थुत्तराहिं अणंते अणुत्तरे णिव्वाघाए णिरावरणे कसिणे पडिपुण्णे केवलवरणाणदंसणे समुप्पण्णे ।**

**ભાવાર્થ :–** શ્રમણ ભગવાન મહાવીરના પાંચ(પ્રસંગો) હસ્તોત્તરા (ઉત્તરાફાલ્ગુની) નક્ષત્રમાં થયા છે,

તે આ પ્રમાણે છે– (૧) હસ્તોત્તરા નક્ષત્રમાં સ્વર્ગથી ચ્યવીને(નીકળીને) ગર્ભમાં આવ્યા. (ર) હસ્તોત્તરા નક્ષત્રમાં દેવાનંદાના ગર્ભથી ત્રિશલાના ગર્ભમાં સંહરણ થયું. (૩) હસ્તોત્તરા નક્ષત્રમાં જન્મ થયો. (૪) હસ્તોત્તરા નક્ષત્રમાં ગૃહવાસનો ત્યાગ કરી અણગારિતામાં પ્રવ્રજિત થયા. (પ) હસ્તોત્તરા નક્ષત્રમાં અનંત, અનુત્તર, નિર્વ્યાઘાત, નિરાવરણ, સંપૂર્ણ, પરિપૂર્ણ શ્રેષ્ઠ કેવલજ્ઞાન-દર્શન ઉત્પન્ન થયું.

## વિવેચન :–

પ્રસ્તુત સૂત્રોમાં ચૌદ તીર્થંકરોના જન્માદિ સમયના નક્ષત્રોનું નિરૂપણ છે. શેષ તીર્થંકરોના જન્માદિ પાંચે પ્રસંગ એક જ નક્ષત્રમાં થયા નથી. પણ જુદા જુદા નક્ષત્રમાં થયા છે, તેથી તેનું ગ્રહણ આ પાંચમા સ્થાનમાં થયું નથી.

**જન્માદિ પાંચ પ્રસંગ :–** તીર્થંકરોના જીવનમાં મહત્ત્વપૂર્ણ અનેક ઘટનાઓ હોય પરંતુ અહીં ચ્યવન, જન્મ, દીક્ષા, કેવળજ્ઞાનની પ્રાપ્તિ અને નિર્વાણ, આ પાંચ જ ગ્રહણ કરવામાં આવ્યા છે. આ પાંચેમાંથી જન્મ, દીક્ષાદિ ચાર પ્રસંગને મહોત્સવરૂપે ઉજવવા આવવાનો ઈન્દ્રો તથા દેવોનો વ્યવહાર છે. ૬૪ ઈન્દ્રો આ પ્રસંગને ઉજવે છે. ચ્યવન અને ઉત્પત્તિ સમયે ચૌદ સ્વપ્ન, સ્વપ્ન પાઠકોનું આવાગમન અને તીર્થંકરના ભવનો શુભારંભ થાય, તેથી જ આ પાંચ ઘટનાઓ શાસ્ત્રોમાં અનેક સ્થળે અંકિત છે.

આચારાંગ સૂત્રમાં ભગવાન મહાવીરના ગર્ભ સાહરણ સહિત છ ઘટનાનો ઉલ્લેખ છે. પ્રભુનું નિર્વાણ સ્વાતિ નક્ષત્રમાં થયું છે, તેથી તે પ્રસંગને બાદ કરી શેષ પાંચ પ્રસંગનો અહીં ઉલ્લેખ કર્યો છે. જો કે ગર્ભ સાહરણ સમયે ઈન્દ્રોનું આગમન થયું નથી પણ ઈન્દ્રનું આસન ચલાયમાન થયું અને ઈન્દ્રની આજ્ઞાથી હરિણૈગમેષી દેવનું આગમન થયું હતું તેથી મહત્ત્વપૂર્ણ ઘટનામાં તેનું ગ્રહણ થયું છે. જન્માદિ ઘટનાનું નક્ષત્ર જ સંહરણ સમયે હોવાથી, નક્ષત્રની સમાનતાના કારણે પાંચમા સ્થાનમાં તેની ગણના કરવામાં આવી છે.

તીર્થંકરોના જન્માદિ સમયે જે નક્ષત્રનો યોગ ચંદ્ર સાથે હોય તે નક્ષત્ર જન્મ નક્ષત્ર કહેવાય છે.

**તીર્થંકરોના પાંચ પ્રસંગ પ્રાપ્ત નક્ષત્રો :–**

| ક્રમ | તીર્થંકર | નામ | પાંચ પ્રસંગોનું નક્ષત્ર |
|---|---|---|---|
| ૧ | છઠ્ઠા | પદ્મપ્રભ સ્વામી | ચિત્રા |
| ર | નવમા | પુષ્પદંત-સુવિધિનાથ સ્વામી | મૂળ |
| ૩ | દસમા | શીતલનાથ સ્વામી | પૂર્વાષાઢા |
| ૪ | તેરમા | વિમલનાથ સ્વામી | ઉત્તરભાદ્રપદા |
| પ | ચૌદમા | અનંતનાથ સ્વામી | રેવતી |
| ૬ | પંદરમા | ધર્મનાથ સ્વામી | પુષ્ય |
| ૭ | સોળમા | શાંતિનાથ સ્વામી | ભરણી |

| | | | |
|---|---|---|---|
| ૮ | સત્તરમા | કુંથુનાથ સ્વામી | કૃતિકા |
| ૯ | અઢારમા | અરનાથ સ્વામી | રેવતી |
| ૧૦ | વીસમા | મુનિસુવ્રત સ્વામી | શ્રવણ |
| ૧૧ | એકવીસમા | નમિનાથ સ્વામી | અશ્વિની |
| ૧૨ | બાવીસમા | અરિષ્ટનેમિ-નેમનાથ સ્વામી | ચિત્રા |
| ૧૩ | ત્રેવીસમા | પાર્શ્વનાથ સ્વામી | વિશાખા |
| ૧૪ | ચોવીસમા | મહાવીર પ્રભુ-વર્ધમાન સ્વામી | હસ્તોત્તરા-ઉત્તરાફાલ્ગુની |

**નક્ષત્ર યોગ :–** નક્ષત્ર કથનનું તાત્પર્ય એ છે કે તીર્થંકર પ્રભુના તે જન્માદિ દિવસના પ્રસંગે ચંદ્ર સાથે સૂત્રોક્ત નક્ષત્રોનો સંયોગ થાય અર્થાત્ તે દિવસે અને તે સમયે આકાશમાં નિરંતર ગમન કરતાં ચંદ્ર અને તે નક્ષત્રના વિમાન કેટલોક સમય એક સાથે સંચરણ કરે. ત્યારપછી બંને દેવોની ગતિની તીવ્રતા મંદતાના કારણે તે આગળ પાછળ થઈ જાય અને ચંદ્ર સાથે તે નક્ષત્ર પછીનું બીજું નક્ષત્ર આવી જાય. આ રીતે એક પછી એક નક્ષત્રનો ક્રમિક સંયોગ બદલાતો રહે છે, તેને નક્ષત્રયોગ કહે છે.

## ॥ સ્થાન–૫/૧ સંપૂર્ણ ॥

# સ્થાન–૫

## ઉદ્દેશક–૨

**મહાનદી પાર કરવાની મર્યાદા :–**

**१ णो कप्पइ णिग्गंथाणं वा णिग्गंथीणं वा इमाओ उद्दिट्ठाओ गणियाओ वियंजियाओ पंच महण्णवाओ महाणईओ अंतो मासस्स दुक्खुत्तो वा तिक्खुत्तो वा उत्तरित्तए वा संतरित्तए वा, तं जहा– गंगा, जउणा, सरऊ, एरवई, मही ।**

**पंचहिं ठाणेहिं कप्पइ, तं जहा– भयंसि वा, दुब्भिक्खंसि वा, पव्वहेज्ज वा णं कोई, दओघंसि वा एज्जमाणंसि महया वा, अणारिएसु ।**

**ભાવાર્થ :–** નિર્ગ્રંથ અને નિર્ગ્રંથીઓને, મહાનદીરૂપે કહેવાયેલી, ગણાયેલી, પ્રસિદ્ધ મહાર્ણવ જેવી પાંચ મહાનદીઓને એક મહિનામાં બે વાર કે ત્રણવાર ઉતરવી, નૌકાથી પાર કરવી કલ્પતી નથી, તેના નામ આ પ્રમાણે છે– (૧) ગંગા (૨) યમુના (૩) સરયૂ (૪) ઐરાવતી (૫) મહી.

પાંચ કારણે આ મહાનદીઓ ઉતરવી કે નૌકાથી પાર કરવી કલ્પે છે, તે આ પ્રમાણે છે– (૧) ઉપકરણ અપહરણ આદિ કોઈપણ પ્રકારનો ભય હોય ત્યારે (૨) દુર્ભિક્ષ હોય ત્યારે (૩) કોઈ વ્યક્તિ પરાણે ગંગાદિ નદીમાં ડૂબાડે ત્યારે (૪) પૂર આવે ત્યારે (૫) અનાર્ય પુરુષો ઉપદ્રવ કરે ત્યારે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં સાધુ-સાધ્વીઓ માટે મહાનદીઓ ચાલીને ઉતરવાની કે નૌકાથી પાર કરવાની મર્યાદાના અતિક્રમણનો નિષેધ કર્યો છે અને તે નિષેધનો અપવાદ પણ સૂચિત કર્યો છે. **महानईओ**– જે નદીઓ ખૂબ ઊંડી હોય તેને મહાનદી કહે છે. સૂત્રકારે મહાનદી માટે ચાર વિશેષણ પ્રસ્તુત કર્યા છે.

**उद्दिट्ठाओ :–** ઉદ્દિષ્ટ. તે તે નદીને ઉદ્દેશીને આ 'મહાનદી' છે, તેમ કહેવામાં આવતું હોય.

**गणियाओ :–** ગણિતક. જેની મહાનદીરૂપે ગણના થતી હોય.

**वियंजियाओ :–** વ્યંજિત. ગંગા, યમુના વગેરે પોતાના નામથી જ મહાનદી રૂપે પ્રસિદ્ધ હોય.

**महण्णवाओ :–** મહાર્ણવ. જે નદીમાં સમુદ્રની જેમ અગાધ જલરાશિ હોય, જે નદીઓ સમુદ્રમાં મળતી હોય તેને મહાર્ણવ કહે છે.

અહીં પાંચ નામ જ આપ્યા છે પરંતુ ઉપલક્ષણથી આવી બીજી નદીઓનો પણ સમાવેશ થઈ જાય છે.

ટીકાકારે નદી ઉતરવાના કે નૌકા દ્વારા પાર કરવાના સંભવિત ચાર દોષોની ચર્ચા કરી છે (૧) મગર મચ્છાદિ દ્વારા ગળી જવાનો ભય, (૨) ચાંચીયાઓ દ્વારા લૂંટાઈ જવાનો ભય, (૩) જલકાયિક જીવોની વિરાધના અને (૪) અન્ય ત્રસ જીવોની વિરાધના તથા ડૂબી જાય તો આત્મવિરાધના વગેરે દોષોની સંભાવના રહે છે.

સાધુને અહિંસાદિ વ્રતની આરાધના માટે આ પાંચ મહાનદીઓ અને ઉપલક્ષણથી અન્ય મહા-નદીઓને પાર કરવી કલ્પનીય નથી પરંતુ રાજાદિકનો ભય વગેરે સૂત્રોક્ત કારણો ઉપસ્થિત થાય ત્યારે સંયમ જીવનની સુરક્ષા માટે અપવાદ માર્ગે નદીને ઉતરવી કલ્પે છે. તેમાં પણ મહાવ્રતની જ રક્ષા છે.

### વર્ષાવાસ કલ્પમાં વિહાર નિષેધ :-

**૨ णो कप्पइ णिग्गंथाण वा णिग्गंथीण व पढमपाउसंसि गामाणुगामं दूइज्जित्तए । पंचहिं ठाणेहिं कप्पइ, तं जहा– भयंसि वा, दुब्भिक्खंसि वा, पव्वहेज्ज वा णं कोई, दओघंसि वा एज्जमाणंसि महया वा, अणारिएहिं ।**

**ભાવાર્થ :–** નિર્ગ્રંથ અને નિર્ગ્રંથીઓને પ્રથમ પ્રાવૃષમાં ગ્રામાનુગ્રામ વિહાર કરવો કલ્પતો નથી પરંતુ પાંચ કારણે વિહાર કરવો કલ્પે છે, તે આ પ્રમાણે છે– (૧) ઉપકરણ અપહરણ વગેરેનો ભય હોય, (૨) દુર્ભિક્ષ હોય, (૩) રાજાદિ દ્વારા નગરમાંથી નીકળી જવાનો આદેશ અપાયો હોય, (૪) પૂર આવ્યું હોય, (૫) અનાર્યો ઉપદ્રવ કરતા હોય.

**૩ वासावासं पज्जोसवियाणं णो कप्पइ णिग्गंथाण वा णिग्गंथीण वा गामाणुगामं दूइज्जित्तए ।**

**पंचहिं ठाणेहिं कप्पइ, तं जहा– णाणट्ठयाए, दंसणट्ठयाए चरित्तट्ठयाए आयरिय-उवज्झाया वा से वीसुंभेज्जा, आयरिय-उवज्झायाण वा बहिया वेयावच्चकरणयाए।**

**ભાવાર્થ :–** પર્યુષણા કલ્પ વ્યતીત થયા પછી વર્ષાવાસમાં નિર્ગ્રંથ અને નિર્ગ્રંથીઓને ગ્રામાનુગ્રામ વિહાર કરવો કલ્પતો નથી પરંતુ પાંચ કારણે વિહાર કરવો કલ્પે છે, તે આ પ્રમાણે છે–

(૧) વિશેષ જ્ઞાનની પ્રાપ્તિ માટે (૨) દર્શન પ્રભાવક શાસ્ત્રના અર્થ સમજવા માટે (૩) ચારિત્રની રક્ષા માટે (૪) આચાર્ય અને ઉપાધ્યાયનું મૃત્યુ થાય તો તે માટે (૫) વર્ષાવાસક્ષેત્રની બહાર રહેનારા આચાર્ય અને ઉપાધ્યાયની વૈયાવચ્ચ કરવા માટે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં પ્રાવૃષ અને વર્ષાવાસ આ બે શબ્દ દ્વારા સંપૂર્ણ ચાતુર્માસનું કથન છે. તેમાં વિહાર કરવાનો નિષેધ કર્યો છે. પ્રાવૃષ શબ્દથી અષાઢ અને શ્રાવણ માસ અર્થાત્ સંવત્સરી સુધીનો કાળ અને વર્ષાવાસ શબ્દથી સંવત્સરીથી કારતક સુદ પૂનમ સુધીનો કાળ ગ્રહણ કર્યો છે. આ બંને સૂત્રનો સંયુક્ત અર્થ આ પ્રમાણે થાય કે ચાતુર્માસમાં સાધુ-સાધ્વીને વિહાર કરવો કલ્પતો નથી. આ ઉત્સર્ગ માર્ગ છે. સૂત્રોમાં જ તેનો અપવાદ બતાવતા કહ્યું છે કે સૂત્રોક્ત કારણ ઉપસ્થિત થાય તો ચાતુર્માસમાં પણ સાધુ-સાધ્વી વિહાર કરી શકે છે. આ પાંચ-પાંચ(દશે ય) કારણો અપવાદના સૂચક છે. આ કારણો સૂત્રાર્થથી સ્પષ્ટ છે.

**ગુરુ પ્રાયશ્ચિત્ત :–**

**૪** **पंच अणुग्घाइया पण्णत्ता, तं जहा– हत्थकम्मं करेमाणे, मेहुणं पडिसेवेमाणे, राईभोयणं भुंजेमाणे, सागारियपिंडं भुंजेमाणे, रायपिंडं भुंजेमाणे ।**

**ભાવાર્થ :–** પાંચ વ્યક્તિ અનુદ્‌ઘાતિક એટલે ગુરુ પ્રાયશ્ચિત્તને યોગ્ય છે, તે આ પ્રમાણે છે– (૧) હસ્ત કર્મ કરનારા (૨) મૈથુન પ્રતિસેવના કરનારા (૩) રાત્રિભોજન કરનારા (૪) શય્યાતર પિંડ ભોગવનારા (૫) રાજપિંડ ભોગવનારા.

**વિવેચન :–**

પ્રસ્તુતસૂત્રમાં બે પ્રકારના પ્રાયશ્ચિત્તમાંથી ગુરુ પ્રાયશ્ચિત્ત યોગ્ય દોષોનું કથન છે. પ્રાયશ્ચિત્ત શાસ્ત્રમાં તેનું વિશેષ વર્ણન છે. આ સૂત્ર વ્યવહાર સૂત્ર ઉદ્દેશક-૪માં પણ છે.

**અંતઃપુર પ્રવેશ નિષેધના અપવાદ :–**

**૫** **पंचहिं ठाणेहिं समणे णिग्गंथे रायंतेउरमणुपविसमाणे णाइक्कमइ, तं जहा– णगरे सिया सव्वओ समंता गुत्ते गुत्तदुवारे, बहवे समणमाहणा णो संचाएंति भत्ताए पाणाए वा णिक्खमित्तए वा पविसित्तए वा, तेसिं विण्णवणट्ठयाए रायंतेउरमणु- पविसेज्जा ॥१॥ पाडिहारियं वा पीढ -फलग-सेज्जा-संथारगं पच्चप्पिणमाणे रायंतेउर- मणुपविसेज्जा ॥२॥ हयस्स वा गयस्स वा दुट्ठस्स आगच्छमाणस्स भीए रायंतेउरमणु- पविसेज्जा॥३॥ परो व णं सहसा वा बलसा वा बाहाए गहाय रायंतेउरमणुपविसेज्जा ॥४॥ बहिया व णं आरामगयं वा उज्जाणगयं वा रायंतेउरजणो सव्वओ समंता संपरिक्खिवित्ता णं सण्णिवेसिज्जा ॥५॥ इच्चेतेहिं पंचहिं ठाणेहिं समणे णिग्गंथे रायंतेउरमणुपविसमाणे णाइक्कमइ ।**

**ભાવાર્થ :–** પાંચ કારણે શ્રમણ નિર્ગ્રંથ રાજાના અંતઃપુરમાં પ્રવેશ કરે તો પણ જિનાજ્ઞાનું ઉલ્લંઘન કરતાં નથી, તે આ પ્રમાણે છે–

(૧) જે નગરના કિલ્લાના દ્વાર બંધ થઈ ગયા હોય અને શ્રમણો, માહણો ભક્ત-પાન માટે નગર બહાર આવાગમન કરી શકતા ન હોય, તો તે પ્રયોજનનું નિવેદન કરવા, (રાજાને તે કારણ જણાવવા) સાધુ રાજાના અંતઃપુરમાં પ્રવેશ કરી શકે છે.

(૨) પ્રાતિહારિક-પાઢીયારી વસ્તુ પીઢ, ફલક, શય્યા, સંસ્તારકને પાછા સોંપવા, સાધુ રાજાના અંતઃપુરમાં પ્રવેશ કરી શકે છે.

(૩) સામે આવી ગયેલા દુષ્ટ ઘોડા, હાથીથી ભયભીત બનેલા સાધુ પોતાની રક્ષા માટે રાજાના અંતઃપુરમાં પ્રવેશ કરી શકે છે.

(૪) અન્ય કોઈ વ્યક્તિ સહસા, બલપૂર્વક હાથ પકડીને અંતઃપુરમાં લઈ જાય તો તે સાધુ જિનાજ્ઞાનું ઉલ્લંઘન કરતા નથી.

(૫) કોઈ સાધુ નગર બહાર આરામ-પુષ્પ ઉદ્યાન, ઉદ્યાન-વૃક્ષના ઉદ્યાનમાં ઉતર્યા હોય અને ત્યાં (ક્રીડા કરવા માટે) રાજાનું અંતઃપુર આવી જાય, રાજપુરુષોએ તે સ્થાનને ચારે બાજુથી ઘેરી લીધું હોય, નીકળવાના દરવાજા બંધ કરી દીધા હોય, તેવા સમયે સાધુ ઉદ્યાનમાં રહી ગયા હોય, તો પણ જિનાજ્ઞાનું ઉલ્લંઘન થતું નથી.

આ પાંચ કારણે શ્રમણ-નિર્ગ્રંથ રાજાના અંતઃપુરમાં પ્રવેશ કરે છતાં તીર્થંકરની આજ્ઞાનું ઉલ્લંઘન કરતા નથી.

## વિવેચન :–

સામાન્ય રૂપે સાધુને રાજાના અંતઃપુરમાં જવાનો નિષેધ છે પરંતુ વિશેષ પરિસ્થિતિવશ અપવાદ રૂપે જવું પડે તો તેનો આગાર છે. પ્રસ્તુત સૂત્રમાં અંતઃપુરમાં પ્રવેશ કરવાના પાંચ કારણનો નિર્દેશ છે. આ સૂત્ર આપવાદિક સૂત્ર છે.

## ગર્ભધારણ કરવા ન કરવાના કારણો :–

**૬** **पंचहिं ठाणेहिं इत्थी पुरिसेण सद्धिं असंवसमाणी वि गब्भं धरेज्जा, तं जहा– इत्थी दुव्वियडा दुण्णिसण्णा सुक्कपोग्गले अधिट्ठिज्जा । सुक्कपोग्गलसंसिट्ठे वा से वत्थे अंतोजोणीए अणुपवेसेज्जा । सयं वा से सुक्कपोग्गले अणुपवेसेज्जा। परो वा से सुक्कपोग्गले अणुपवेसेज्जा । सीओदगवियडेण वा से आयममाणीए सुक्कपोग्गला अणुपवसेज्जा; इच्चेएहिं पंचहिं ठाणेहिं इत्थी पुरिसेण सद्धिं असंवसमाणी वि गब्भं धरेज्जा ।**

**ભાવાર્થ :–** પાંચ કારણે સ્ત્રી, પુરુષ સાથે સંવાસ ન કરે છતાં પણ ગર્ભ ધારણ કરે છે, તે આ પ્રમાણે છે–

(૧) અનાવૃત-નગ્ન અને દુર્નિષણ-વિવૃત યોનિમુખરૂપે, પુરુષ વીર્યથી સ્પર્શાયેલા સ્થાનને આક્રાન્ત કરી બેસે અને સ્ત્રી શુક્ર પુદ્ગલોને આકર્ષિત કરે અર્થાત્ એ સ્થાન પર રહેલા શુક્રપુદ્ગલો સ્ત્રીની યોનિમાં પ્રવેશે તો. (૨) શુક્ર પુદ્ગલોથી સંસૃષ્ટ વસ્ત્રને સ્ત્રીની યોનિમાં પ્રવેશ કરાવે. (૩) સ્વયં સ્ત્રી શુક્ર-પુદ્ગલોને યોનિમાં પ્રવેશ કરાવે. (૪) બીજી કોઈ વ્યક્તિ શુક્ર-પુદ્ગલોને સ્ત્રીની યોનિમાં પ્રવેશ કરાવે. (૫) શીતલ પાણીવાળી નદી કે કુંડ વગેરેમાં સ્નાન કરતી સ્ત્રીની યોનિમાં તે પાણીમાં રહેલા શુક્ર પુદ્ગલ પ્રવેશ કરે. આ પાંચ કારણે પુરુષ સાથે સંવાસ ન કરવા છતાં સ્ત્રી ગર્ભ ધારણ કરે છે.

**૭ पंचहिं ठाणेहिं इत्थी पुरिसेण सद्धिं संवसमाणी वि गब्भं णो धरेज्जा, तं जहा– अप्पत्तजोव्वणा, अइकंतजोव्वणा, जाइवंज्झा, गेलण्णपुट्ठा, दोमणंसिया; इच्चेएहिं पंचहिं ठाणेहिं इत्थी पुरिसेण सद्धिं संवसमाणी वि गब्भं णो धरेज्जा ।**

**ભાવાર્થ :–** પાંચ કારણે સ્ત્રી, પુરુષ સાથે સંવાસ કરે તોપણ ગર્ભ ધારણ કરી શકતી નથી, તે આ પ્રમાણે છે– (૧) અપ્રાપ્ત-યૌવના– સ્ત્રી(બાલિકા) યુવાવસ્થાને અપ્રાપ્ત, અરજસ્ક હોય, (૨) અતિક્રાન્ત-યૌવના– સ્ત્રીની યુવાવસ્થા વ્યતીત થઈ ગઈ હોય, તેવી અરજસ્કા વૃદ્ધા હોય, (૩) જાતિ-વન્ધ્યા– જન્મથી જ જે સ્ત્રી માસિક ધર્મથી રહિત વાંજણી હોય. (૪) ગ્લાન-સ્પૃષ્ટા– સ્ત્રી રોગથી પીડિત હોય, (૫) દૌમનસ્થિકા– સહવાસ સમયે સ્ત્રી ભય, શોકાદિથી વ્યાપ્ત ચિત્તવાળી હોય. આ પાંચ કારણે પુરુષ સાથે સંવાસ કરવા છતાં સ્ત્રી ગર્ભ ધારણ કરી શકતી નથી.

**૮ पंचहिं ठाणेहिं इत्थी पुरिसेण सद्धिं संवसमाणी वि णो गब्भं धरेज्जा, तं जहा– णिच्चोउया, अणोउया, वावण्णसोया, वाविद्धसोया, अणंगपडिसेवणी; इच्चेएहिं पंचहिं ठाणेहिं इत्थी पुरिसेण सद्धिं संवसमाणी वि गब्भं णो धरेज्जा ।**

**ભાવાર્થ :–** પાંચ કારણે સ્ત્રી, પુરુષ સાથે સંવાસ કરવા છતાં ગર્ભ ધારણ કરી શકતી નથી, તે આ પ્રમાણે છે– (૧) નિત્ય ઋતુકા– જે સ્ત્રી કાયમ ઋતુમતિ(રજસ્વલા) રહેતી હોય (૨) અનૃતુકા– જે સ્ત્રી ક્યારે ય ઋતુમતિ ન થતી હોય (૩) વ્યાપન્નશ્રોતા– જે સ્ત્રી નષ્ટ ગર્ભાશયવાળી (૪) વ્યાવિદ્ધ શ્રોતા– જે સ્ત્રીના ગર્ભાશયની શક્તિ ક્ષીણ થઈ ગઈ હોય (૫) અનંગપ્રતિસેવિણી– અપ્રાકૃતિક કામ ક્રીડા કરતી હોય, આ પાંચ કારણે પુરુષ સાથે સંવાસ કરવા છતાં સ્ત્રી ગર્ભ ધારણ કરી શકતી નથી.

**૯ पंचहिं ठाणेहिं इत्थी पुरिसेण सद्धिं संवसमाणी वि गब्भं णो धरेज्जा, त जहा– उउम्मि णो णिगामपडिसेविणी यावि भवइ । समागया वा से सुक्कपोग्गला पडिविद्धंसंति । उदिण्णे वा से पित्तसोणिए । पुरा वा देवकम्मुणा । पुत्तफले वा णो णिव्विट्ठे भवइ; इच्चेएहिं पंचहिं ठाणेहिं इत्थी**

**पुरिसेण सद्धिं संवसमाणी वि गब्भं णो धरेज्जा ।**

**ભાવાર્થ :–** પાંચ કારણે સ્ત્રી પુરુષ સાથે સંવાસ કરવા છતાં પણ ગર્ભ ધારણ કરી શકતી નથી, તે આ પ્રમાણે છે– (૧) જે સ્ત્રી ઋતુકાલમાં વીર્યપાત ન થાય ત્યાં સુધી પુરુષનું સેવન ન કરે, (૨) સ્ત્રીની યોનિમાં આવેલા શુક્ર-પુદ્‌ગલો વિનષ્ટ થઈ જતા હોય, (૩) જો સ્ત્રીનું પિત્ત પ્રધાન શોણિત(રક્ત-રજ) ઉદીર્ણ થઈ ગયું હોય, (૪) દેવ પ્રયોગથી દેવ દ્વારા શ્રાપ અપાયો હોય અને ગર્ભ ધારણ કરવા યોગ્ય ન રહી હોય, (૫) પુત્ર ફળદાયી કર્મ બાંધ્યું ન હોય. આ પાંચ કારણે પુરુષ સાથે સંવાસ કરવા છતાં સ્ત્રી ગર્ભ ધારણ કરી શકતી નથી.

**નિર્ગ્રંથ-નિર્ગ્રંથીના સાથે રહેવાનાં કારણો :–**

**१०** **पंचहिं ठाणेहिं णिग्गंथा णिग्गंथीओ य एगयओ ठाणं वा सेज्जं वा णिसीहियं वा चेएमाणे णाइक्कमंति, तं जहा–**

**अत्थेगइया णिग्गंथा य णिग्गंथीओ य एगं महं अगामियं छिण्णावायं दीहमद्धमडविमणुपविट्ठा, तत्थेगयओ ठाणं वा सेज्जं वा णिसीहियं वा चेए माणा णाइक्कमंति ।**

**अत्थेगइया णिग्गंथा य णिग्गंथीओ य गामंसि वा णगरंसि वा खेडंसि वा कब्बडंसि वा मडंबंसि वा पट्टणंसि वा दोणमुहंसि वा आगरंसि वा णिगमंसि वा आसमंसि वा सण्णिवेसंसि वा रायहाणिंसि वा वासं उवागया, एगइया जत्थ उवस्सयं लभंति, एगइया णो लभंति, तत्थेगयओ ठाणं वा सेज्जं वा णिसीहियं वा चेएमाणा णाइक्कमंति ।**

**अत्थेगइया णिग्गंथा य णिग्गंथीओ य णागकुमारावासंसि वा सुवण्णकुमारा- वासंसि वा वासं उवागया, तत्थेगयओ ठाणं वा सेज्जं वा णिसीहियं वा चेएमाणा णाइक्कमंति ।**

**आमोसगा दीसंति, ते इच्छंति णिग्गंथीओ चीवरपडियाए पडिगाहित्तए, तत्थेगयओ ठाणं वा सेज्जं वा णिसीहियं वा चेएमाणा णाइक्कमंति ।**

**जुवाणा दीसंति, ते इच्छंति णिग्गंथीओ मेहुणपडियाए पडिगाहित्तए, तत्थेगयओ ठाणं वा सेज्जं वा णिसीहियं वा चेएमाणा णाइक्कमंति ।**

**इच्चेएहिं पंचहिं ठाणेहिं णिग्गंथा णिग्गंथीओ य एगयओ ठाणं वा सेज्जं वा णिसीहियं वा चेएमाणा णाइक्कमंति ।**

**ભાવાર્થ :–** પાંચ કારણે નિર્ગ્રંથો અને નિર્ગ્રંથીઓ એક મકાનમાં કાયોત્સર્ગ, શયન અને સ્વાધ્યાય કરવા છતાં ભગવાનની આજ્ઞાનું ઉલ્લંઘન કરતાં નથી.

(૧) કદાચિત્ કેટલાક નિર્ગ્રંથ કે નિર્ગ્રંથીઓનો કોઈ મોટા ગ્રામ રહિત, આવાગમન રહિત, લાંબા માર્ગ-વાળી અટવી(વનસ્થળી)માં પ્રવેશ થયો હોય, તે સમયે એક મકાનમાં અવસ્થાન, શયન અને સ્વાધ્યાય કરવા છતાં ભગવાનની આજ્ઞાનું અતિક્રમણ કરતા નથી.

(ર) ક્યારેક કેટલાક નિર્ગ્રંથો અને નિર્ગ્રંથીઓને કોઈ ગ્રામ, નગર, ખેટ, કર્બટ, મડંબ, પતન, આકર, દ્રોણમુખ, નિગમ, આશ્રમ, સન્નિવેશ કે રાજધાનીમાં પહોંચ્યા પછી બેમાંથી એક વર્ગને ઉતરવા ઉપાશ્રય મળે, એક વર્ગને ન મળે ત્યારે એક ઉપાશ્રયમાં અવસ્થાન, શયન અને સ્વાધ્યાય કરવા છતાં ભગવાનની આજ્ઞાનું અતિક્રમણ કરતા નથી.

(૩) કદાચિત્ કેટલાક નિર્ગ્રંથ અને નિર્ગ્રંથીઓ નાગકુમારના આવાસમાં, સુવર્ણકુમારના કે અન્ય કોઈ દેવના આવાસમાં નિવાસ કરવા એક સાથે પહોંચે અને ત્યાં(અતિશૂન્યતા કે જનબહુલતાદિ કારણે) નિર્ગ્રંથીઓની રક્ષા માટે એક મકાનમાં અવસ્થાન, શયન કે સ્વાધ્યાય કરવા છતાં મુનિ ભગવાનની આજ્ઞાનું અતિક્રમણ કરતા નથી.

(૪) (જો કોઈ અરક્ષિત સ્થાને નિર્ગ્રંથીઓ ઉતર્યા હોય ત્યાં) ચોર-લૂંટારા દેખાતા હોય, તેઓ નિર્ગ્રંથી-ઓના વસ્ત્રાદિ ચોરી જવા ઈચ્છતા હોય, તો તે સમયે નિર્ગ્રંથ અને નિર્ગ્રંથીઓ એક મકાનમાં અવસ્થાન, શયન અને સ્વાધ્યાય કરવા છતાં ભગવાનની આજ્ઞાનું અતિક્રમણ કરતાં નથી.

(પ) (જો કોઈ સ્થાને નિર્ગ્રંથીઓ ઊતર્યા હોય અને ત્યાં) ગુંડા જેવા યુવકો દેખાતા હોય, તે નિર્ગ્રંથીઓ સાથે મૈથુનની ઈચ્છાથી તેમને પકડવા ઈચ્છતા હોય, તો ત્યાં નિર્ગ્રંથ અને નિર્ગ્રંથીઓ એક મકાનમાં અવસ્થાન, શયન અને સ્વાધ્યાય કરવા છતાં ભગવાનની આજ્ઞાનું અતિક્રમણ કરતા નથી.

આ પાંચ કારણે નિર્ગ્રંથ અને નિર્ગ્રંથીઓ એક મકાનમાં અવસ્થાન, શયન અને સ્વાધ્યાય કરવા છતાં ભગવાનની આજ્ઞાનું ઉલ્લંઘન કરતા નથી.

**૧૧ पंचहिं ठाणेहिं समणे णिग्गंथे अचेलए सचेलियाहिं णिग्गंथीहिं सद्धिं संवसमाणे णाइक्कमइ, तं जहा–**

**खित्तचित्ते समणे णिग्गंथे, णिग्गंथेहिं अविज्जमाणेहिं अचेलए सचेलियाहिं णिग्गंथीहिं सद्धिं संवसमाणे णाइक्कमइ ।**

**एवमेएणं गमएणं दित्तचित्ते, जक्खाइट्ठे, उम्मायपत्ते, णिग्गंथीपव्वाइयए समणे णिग्गंथे णिग्गंथेहिं अविज्जमाणेहिं अचेलिए सचेलियाहिं णिग्गंथीहिं सद्धिं संवसमाणे णाइक्कमइ ।**

**ભાવાર્થ :–** પાંચ કારણે અચેલક શ્રમણ નિર્ગ્રંથ, અન્ય નિર્ગ્રંથ ન હોય ત્યારે તે સચેલક નિર્ગ્રંથીઓ સાથે રહે તોપણ ભગવાનની આજ્ઞાનું ઉલ્લંઘન કરતા નથી. તે આ પ્રમાણે છે–

(૧) શોક આદિથી વિક્ષિપ્ત ચિત્તવાળા કોઈ અચેલક નિર્ગ્રંથ સચેલક નિર્ગ્રંથીઓ સાથે રહે તો પણ ભગવાનની આજ્ઞાનું ઉલ્લંઘન કરતા નથી.

(૨ થી ૪) અતિહર્ષથી દપ્તચિત્ત, યક્ષાવિષ્ટ કે વાયુપ્રકોપથી ઉન્માદને પ્રાપ્ત, અચેલક નિર્ગ્રંથ સચેલક નિર્ગ્રંથીઓ સાથે રહે તોપણ ભગવાનની આજ્ઞાનું ઉલ્લંઘન કરતા નથી.

(૫) નિર્ગ્રંથીઓ દ્વારા પ્રવ્રજિત(દીક્ષિત) અચેલક શ્રમણ નિર્ગ્રંથ અન્ય નિર્ગ્રંથ ન હોય તો સચેલક નિર્ગ્રંથીઓ સાથે રહેવા છતાં ભગવાનની આજ્ઞાનું ઉલ્લંઘન કરતાં નથી.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં સૂત્રકારે સાધુ-સાધ્વીને સાથે રહેવા માટેની આપવાદિક પરિસ્થિતિનું કથન કર્યું છે.

સામાન્ય રીતે સાધુ-સાધ્વીને એક સ્થાનમાં રહેવાનો કે સ્વાધ્યાયાદિ કરવાનો નિષેધ છે પરંતુ વિશેષ પરિસ્થિતિવશ સૂત્રોક્ત પાંચ-પાંચ કારણથી સાધુ-સાધ્વી ક્વચિત કિંચિત્ સમય માટે સાથે રહી શકે છે.

સૂત્રકારે પ્રથમ પાંચ કારણોમાં સાધ્વીજીની સહાયતા માટે સાધુને સાથે રહેવાનું કથન કર્યું છે. યથા– વિહારાદિમાં કોઈ વિકટ જંગલ કે નિર્જન માર્ગ પસાર કરવાના હોય, કોઈક સ્થાનમાં ચોર, લૂંટારાનો ભય હોય, કોઈ યક્ષાદિ દેવાધિષ્ઠિત સ્થાનમાં દેવાદિના ઉપદ્રવનો સંભવ હોય વગેરે પરિસ્થિતિમાં સાધ્વીજીના શીલની સુરક્ષા માટે સાધુ-સાધ્વી સાથે રહી શકે છે.

ત્યારપછીના પાંચ કારણોમાં સાધુની સહાયતા માટે સાધ્વીજીને સાથે રહેવાનું કથન કર્યું છે. યથા– કોઈ સાધુ કોઈ પણ કારણથી એકલા થઈ ગયા હોય, તે ઉન્મત્ત બની ગયા હોય, ક્યારેક યક્ષાદિનો ઉપદ્રવ હોય, ક્યારેક સાધ્વીજી દ્વારા પ્રતિબોધિત થઈને પ્રવ્રજિત થયા હોય, તેવી કોઈપણ પરિસ્થિતિમાં તે સાધુને અન્ય સાધુનો યોગ ન થાય ત્યાં સુધી સાધ્વીજીઓ સાથે રાખીને સંયમભાવમાં સ્થિર કરી શકે છે.

આ રીતે આપવાદિક પરિસ્થિતિનો યોગ્ય નિર્ણય કરીને સાધુ-સાધ્વીજી સાથે રહેવું તે સંયમ ભાવની પુષ્ટિ માટે જ છે.

**આશ્રવ સંવર પ્રકાર :–**

**૧૨ पंच आसवदारा पण्णत्ता, तं जहा– मिच्छत्तं, अविरई, पमाओ, कसाया, जोगा ।**

**ભાવાર્થ :–** આશ્રવના પાંચ દ્વાર (કારણ) છે, તે આ પ્રમાણે છે– (૧) મિથ્યાત્વ (૨) અવિરતિ (૩) પ્રમાદ (૪) કષાય (૫) યોગ.

**१३ पंच संवरदारा पण्णत्ता, तं जहा– सम्मत्तं, विरई, अपमाओ, अकसाइत्तं, अजोगित्तं ।**

**ભાવાર્થ :–** સંવરના પાંચ દ્વાર છે, તે આ પ્રમાણે છે– (૧) સમ્યક્ત્વ (૨) વિરતિ (૩) અપ્રમાદ (૪) અકષાય (૫) અયોગ.

**વિવેચન :–**

**आसव** = આશ્રવ. કર્મબંધના કારણો, જેના દ્વારા કર્મો આવે તે આશ્રવ. **संवर** = કર્મબંધના કારણોનો નિરોધ કરવો, આવતા કર્મોને અટકાવવા તે સંવર. કર્મબંધના પાંચ કારણો છે અને તેને રોકવા રૂપ સંવરના પણ પાંચ પ્રકાર છે. **मिच्छत्तं** = વિપરીત તત્ત્વશ્રદ્ધા. **सम्मत्तं** = સમ્યક્ તત્ત્વશ્રદ્ધા. **अविरई** = પાપકર્મનો ત્યાગ ન કરવો, **विरई** = પાપકર્મનો ત્યાગ કરવો. **पमाओ** = આત્મિક અનુત્સાહ, યોગ્ય કાર્યમાં પ્રવૃત્ત ન થવું, અયોગ્ય કાર્યમાં પ્રવૃત્ત થવું. **अपमाओ** = આત્મિક ઉત્સાહ, યોગ્ય કાર્ય કરવું, **कसाया** = આત્માનો રાગ-દ્વેષાત્મક ઉત્તાપ, **अकसाइत्तं** = રાગ-દ્વેષની નિવૃત્તિ. સમભાવ, શાંતિ **जोगा** = મન, વચન, કાયાનો વ્યાપાર. **अजोगित्तं** = મનાદિ યોગ પ્રવૃત્તિનો નિરોધ.

**દંડના પ્રકાર :–**

**१४ पंच दंडा पण्णत्ता, तं जहा– अट्ठादंडे, अणट्ठादंडे, हिंसादंडे, अकम्हादंडे, दिट्ठी-विप्परियासियादंडे ।**

**ભાવાર્થ :–** દંડના પાંચ પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) અર્થ દંડ– પ્રયોજન વશ પોતા માટે અથવા બીજા માટે જીવ હિંસા થાય તેવા કાર્ય કરવા (૨) અનર્થ દંડ– પ્રયોજન વિના જીવઘાત થાય તેવા કાર્ય કરવા (૩) હિંસા દંડ– આ વ્યક્તિએ મને માર્યું હતું, મારે છે કે મારશે તેવા ભયથી હિંસાદિ કરવી (૪) અકસ્માત્ દંડ– અકસ્માત્ જીવહિંસા થવી, અન્યને મારવા જાય અને અન્ય જીવ મરી જાય (૫) દષ્ટિ વિપર્યાસ દંડ– મિત્રને શત્રુ સમજીને વધ કરવો.

**વિવેચન :–**

જેના દ્વારા આત્મા દંડાય તે દંડ. સૂત્રકૃતાંગ સૂત્રમાં બીજા શ્રુતસ્કંધના બીજા અધ્યયનમાં જે તેર ક્રિયા બતાવી છે. તેમાંથી પાંચ ક્રિયાને અહીં દંડરૂપે કહી છે.

**પચ્ચીસ ક્રિયાઓ :–**

**१५ पंच किरियाओ पण्णत्ताओ, तं जहा– आरंभिया, पारिग्गहिया, मायावत्तिया, अपच्चक्खाणकिरिया, मिच्छादंसणवत्तिया ।**

**ભાવાર્થ :–** પાંચ પ્રકારની ક્રિયાઓ છે, તે આ પ્રમાણે છે– (૧) આરંભિકી ક્રિયા (૨) પારિગ્રહિકી ક્રિયા (૩) માયાપ્રત્યયા ક્રિયા (૪) અપ્રત્યાખ્યાન ક્રિયા (૫) મિથ્યાદર્શનપ્રત્યયા ક્રિયા.

**१६ मिच्छादिट्ठियाणं णेरइयाणं पंच किरियाओ पण्णत्ताओ, तं जहा– आरंभिया, पारिग्गहिया, मायावत्तिया, अपच्चक्खाणकिरिया, मिच्छादंसणवत्तिया ।**

**एवं सव्वेसिं णिरंतरं** *जाव* **मिच्छद्दिट्ठियाणं वेमाणियाणं, णवरं–विगलिंदिया मिच्छद्दिट्ठी ण भण्णंति । सेसं तहेव ।**

**ભાવાર્થ :–** મિથ્યાદષ્ટિ નારકીને પાંચ ક્રિયાઓ હોય છે, તે આ પ્રમાણે છે– (૧) આરંભિકી ક્રિયા (૨) પારિગ્રહિકી ક્રિયા (૩) માયાપ્રત્યયા ક્રિયા (૪) અપ્રત્યાખ્યાન ક્રિયા (૫) મિથ્યાદર્શનપ્રત્યયા ક્રિયા.

તે રીતે મિથ્યાદષ્ટિ વૈમાનિકો સુધીના સર્વ દંડકોમાં પાંચ ક્રિયા હોય છે. કેવલ વિકલેન્દ્રિયના વર્ણનમાં 'મિથ્યાદષ્ટિ' વિશેષણ વિના સામાન્ય રીતે વિકલેન્દ્રિયમાં પાંચ ક્રિયા કહેવી. શેષ સર્વનું કથન સમાન જાણવું.

**१७ पंच किरियाओ पण्णत्ताओ, तं जहा– काइया, अहिगरणिया, पाओसिया, पारितावणिया, पाणाइवायकिरिया । णेरइयाणं पंच एवं चेव । एवं णिरंतरं** *जाव* **वेमाणियाणं ।**

**ભાવાર્થ :–** પાંચ પ્રકારની ક્રિયાઓ છે, તે આ પ્રમાણે છે– (૧) કાયિકી ક્રિયા (૨) અધિકરણિકી ક્રિયા (૩) પ્રાદ્વેષિકી ક્રિયા (૪) પારિતાપનિકી ક્રિયા (૫) પ્રાણાતિપાતિકી ક્રિયા.

નૈરયિકોમાં આ પાંચ ક્રિયા હોય છે. તે જ રીતે વૈમાનિકો સુધીના સર્વ દંડકોમાં આ પાંચ ક્રિયા હોય છે.

**१८ पंच किरियाओ पण्णत्ताओ, तं जहा– दिट्ठिया, पुट्ठिया, पाडुच्चिया, सामंतोवणिवाइया, साहत्थिया । एवं णेरइयाणं** *जाव* **वेमाणियाणं ।**

**ભાવાર્થ :–** પાંચ પ્રકારની ક્રિયાઓ છે, તે આ પ્રમાણે છે– (૧) દષ્ટિજા ક્રિયા (૨) પૃષ્ટિજા ક્રિયા (૩) પ્રાતીત્યકી ક્રિયા (૪) સામન્તોપનિપાતિકી ક્રિયા (૫) સ્વહસ્તિકી ક્રિયા.

નારકીથી વૈમાનિક સુધીના સર્વ દંડકોમાં આ પાંચ ક્રિયાઓ હોય છે.

**१९ पंच किरियाओ पण्णत्ताओ, तं जहा– णेसत्थिया, आणवणिया, वेयारणिया, अणाभोगवत्तिया, अणवकंखवत्तिया । एवं** *जाव* **वेमाणियाणं ।**

**ભાવાર્થ :–** પાંચ પ્રકારની ક્રિયાઓ છે, તે આ પ્રમાણે છે– (૧) નૈસૃષ્ટિકી ક્રિયા (૨) આજ્ઞાપનિકી ક્રિયા (૩) વેદારણિકી ક્રિયા (૪) અનાભોગપ્રત્યયા ક્રિયા (૫) અનવકાંક્ષપ્રત્યયા ક્રિયા.

નારકીથી વૈમાનિક સુધીના સર્વ દંડકોમાં આ પાંચ ક્રિયાઓ હોય છે.

**૨૦ पंच किरियाओ पण्णत्ताओ, तं जहा– पेज्जवत्तिया, दोसवत्तिया, पओग– किरिया, समुदाणकिरिया, इरियावहिया । एवं मणुस्साण वि । सेसाणं णत्थि ।**

**ભાવાર્થ :–** પાંચ પ્રકારની ક્રિયાઓ છે, તે આ પ્રમાણે છે– (૧) રાગપ્રત્યયા ક્રિયા (૨) દ્વેષપ્રત્યયા ક્રિયા (૩) પ્રયોગ ક્રિયા (૪) સામુદાણિયા ક્રિયા (૫) ઈર્યાપથિકી ક્રિયા. આ પાંચેય ક્રિયાઓ મનુષ્યમાં જ હોય છે. શેષ દંડકોમાં હોતી નથી.

## વિવેચન :–

પ્રસ્તુત સૂત્રમાં પાંચ-પાંચના સમૂહથી પચ્ચીસ ક્રિયાનો ઉલ્લેખ છે. બીજા સ્થાનના બીજા ઉદ્દેશકમાં બે-બે ક્રિયાના બાર સૂત્રો દ્વારા ચોવીસ ક્રિયાનું વર્ણન છે. ત્યાં પણ આ જ ક્રિયાઓનો નામોલ્લેખ છે.

**णवरं विगलिंदिया मिच्छद्दिट्ठी ण भण्णंति :–** વિકલેન્દ્રિયમાં મિથ્યાદષ્ટિ વિશેષણ ન કહેવું જોઈએ. **विगलिंदिय–** વિકલ=અપૂર્ણ છે ઇન્દ્રિય જેને, તે વિકલેન્દ્રિય છે. આ પરિભાષા અનુસાર જેને પાંચથી ન્યૂન ઇન્દ્રિય હોય તેવા પાંચ સ્થાવર, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય અને ચૌરેન્દ્રિય તે આઠ દંડકના જીવો વિકલેન્દ્રિય કહેવાય છે. પ્રસ્તુતમાં વિકલેન્દ્રિય શબ્દથી આઠ દંડકનું ગ્રહણ કર્યું છે. તેમાં પાંચ સ્થાવરના જીવો એકાંત મિથ્યાત્વી છે. કેટલાક બેઇન્દ્રિયાદિ જીવોને અપર્યાપ્ત અવસ્થામાં સાસ્વાદન સમ્યગ્દર્શન હોય છે પરંતુ સાસ્વાદન સમ્યગ્દર્શન મિથ્યાત્વાભિમુખ જ હોવાથી તે જીવોને મિથ્યાત્વની ક્રિયા લાગે છે. આ રીતે પાંચ સ્થાવર અને ત્રણ વિકલેન્દ્રિયમાં સર્વ જીવોને મિથ્યાત્વજન્ય ક્રિયા લાગતી હોવાથી તેમાં મિથ્યાદષ્ટિ વિશેષણની આવશ્યકતા રહેતી નથી. મિથ્યાત્વી જીવોને જ સૂત્રોક્ત પાંચ ક્રિયાઓ હોય છે.

૧૬ દંડકના જીવોમાં સમ્યક્ અને મિથ્યા તે બંને દષ્ટિ હોવાથી પાંચ ક્રિયાનું કથન કરવા માટે મિથ્યાદષ્ટિ વિશેષણ આપ્યું છે. મિથ્યાદષ્ટિ નારક આદિમાં પાંચ ક્રિયા હોય છે અને સમકિતી નારકાદિમાં પાંચ ક્રિયાઓ હોતી નથી. ચાર, ત્રણ આદિ ક્રિયા હોય છે પરંતુ આ પાંચમું સ્થાન હોવાથી તેનો પ્રસંગ નથી સમ્યગ્દષ્ટિનો નિષેધ કરવા માટે ૧૬ દંડકમાં મિથ્યાદષ્ટિ વિશેષણ લગાડ્યું છે.

**एवं मणुस्साण वि, सेसाणं णत्थि :–** સૂત્ર-૨૦માં કથિત રાગપ્રત્યયા, દ્વેષપ્રત્યયા, પ્રયોગ ક્રિયા, સામુદાનિકી અને ઈર્યાપથિકી ક્રિયા, આ પાંચ ક્રિયા મનુષ્યોને જ હોય છે.કારણ કે તે પાંચ ક્રિયામાં ઈર્યાપથિકી ક્રિયા વીતરાગી મનુષ્યોને જ હોય છે. અન્ય દંડકના જીવોમાં ઈર્યાપથિક ક્રિયા હોતી નથી. શેષ ચાર ક્રિયાઓ જ હોય છે. તેથી સૂત્રકારે **'सेसाणं णत्थि'** શબ્દ પ્રયોગ કરીને શેષ દંડકોમાં આ પાંચ ક્રિયાનો નિષેધ કર્યો છે.

**समुदाणकिरिया :–** મન, વચન, કાયાની પ્રવૃત્તિને સમુદાનક્રિયા કહે છે. પરંપરાએ તેનો અર્થ આ પ્રમાણે પ્રચલિત છે– અનેક મનુષ્યો દ્વારા એક સાથે સમાન પ્રવૃત્તિના આધારે થતી સમાન ક્રિયા અને સમાન બંધ. જેમ કે– સિનેમા, નાટક, ટી.વી. વગેરે સાથે જોતા સમાન પાપ પ્રવૃત્તિના કારણે સમાન પાપ ક્રિયા થાય છે, તેને સામુદાનિક ક્રિયા કહે છે.

ક્રિયાનો અર્થ, ક્રિયાના પ્રકારો અને તેનું વિસ્તૃત વર્ણન સ્થાન-૨, ઉદ્દે.-૧, સૂત્ર-૨ થી ૧૩ પ્રમાણે સમજવું.

**પરિજ્ઞાના પ્રકાર :–**

**૨૧ पंचविहा परिण्णा पण्णत्ता, तं जहा– उवहिपरिण्णा, उवस्सयपरिण्णा, कसाय- परिण्णा, जोगपरिण्णा, भत्तपाणपरिण्णा ।**

**ભાવાર્થ :–** પરિજ્ઞાના પાંચ પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) ઉપધિ પરિજ્ઞા (૨) ઉપાશ્રય પરિજ્ઞા (૩) કષાય પરિજ્ઞા (૪) યોગ પરિજ્ઞા (૫) ભક્ત-પાન પરિજ્ઞા.

**વિવેચન :–**

**परिण्णा :–** પરિજ્ઞા એટલે જાણવું, જ્ઞાન. જ્ઞાનનું ફળ વિરતિ છે. એટલે પરિજ્ઞાનો અર્થ ત્યાગ પણ થાય છે. પરિજ્ઞાના સ્વરૂપ દર્શક બે ભેદ છે– જ્ઞપરિજ્ઞા અને પ્રત્યાખ્યાન પરિજ્ઞા.

**उवहि :–** સંયમ જીવનના નિર્વાહ માટે આવશ્યક રજોહરણ, વસ્ત્ર, પાત્ર વગેરે ઉપકરણોને ઉપધિ કહે છે.

**उवस्सय :–** સંયમ નિર્વાહ માટે જે સ્થાનનો આશ્રય લેવાય તેને ઉપાશ્રય કહે છે.

આ બંનેને જ્ઞપરિજ્ઞાથી જાણી પ્રત્યાખ્યાન પરિજ્ઞાથી તેની ઉપરના મમત્વનો ત્યાગ કરવો જોઈએ. કષાય વગેરેના સ્વરૂપને જાણી તેના પ્રત્યાખ્યાન કરવા, તેને પરિજ્ઞા કહે છે.

**આગમાદિ વ્યવહાર :–**

**૨૨ पंचविहे ववहारे पण्णत्ते, तं जहा– आगमे, सुए, आणा, धारणा, जीए । जहा से तत्थ आगमे सिया, आगमेणं ववहारं पट्ठवेज्जा । णो से तत्थ आगमे सिया जहा से तत्थ सुए सिया, सुएणं ववहारं पट्ठवेज्जा । णो से तत्थ सुए सिया जहा से तत्थ आणा सिया, आणाए ववहारं पट्ठ– वेज्जा । णो से तत्थ आणा सिया जहा से तत्थ धारणा सिया, धारणाए ववहारं पट्ठवेज्जा । णो से तत्थ धारणा सिया जहा से तत्थ जीए सिया, जीएणं ववहारं पट्ठवेज्जा ।**

**इच्चेएहिं पंचहिं ववहारेहिं ववहारं पट्ठवेज्जा– आगमेणं सुएणं आणाए धारणाए जीएणं ।**

**जहा-जहा से तत्थ आगमे सुए आणा धारणा जीए तहा-तहा ववहारं पट्ठवेज्जा । से किमाहु भंते ? आगमबलिया समणा णिग्गंथा ।**

**इच्चेयं पंचविहं ववहारं जया-जया जहिं-जहिं तया-तया तहिं-तहिं अणिस्सिओवस्सियं सम्मं ववहरमाणे समणे णिग्गंथे आणाए आराहए भवइ ।**

**ભાવાર્થ :–** વ્યવહારના પાંચ પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) આગમ વ્યવહાર (૨) શ્રુત વ્યવહાર (૩) આજ્ઞા વ્યવહાર (૪) ધારણા વ્યવહાર (૫) જીત વ્યવહાર.

**૧.** જ્યાં આગમ હોય અર્થાત્ જ્યાં આગમથી વિધિ-નિષેધનો બોધ થાય ત્યાં આગમથી વ્યવહારની પ્રસ્થાપના કરવી. **૨.** જ્યાં આગમ ન હોય, શ્રુત હોય ત્યાં શ્રુતથી વ્યવહારની પ્રસ્થાપના કરવી. **૩.** જ્યાં શ્રુત ન હોય, આજ્ઞા હોય ત્યાં આજ્ઞાથી વ્યવહારની પ્રસ્થાપના કરવી. **૪.** જ્યાં આજ્ઞા ન હોય, ધારણા હોય ત્યાં ધારણાથી વ્યવહારની પ્રસ્થાપના કરવી. **૫.** જ્યાં ધારણા ન હોય, જીત વ્યવહાર હોય ત્યાં જીતથી વ્યવહારની પ્રસ્થાપના કરવી.

આ રીતે આગમ, શ્રુત, આજ્ઞા, ધારણા અને જીત, આ પાંચે વ્યવહારથી વ્યવહારની પ્રસ્થાપના કરવી જોઈએ.

આગમ, શ્રુત, આજ્ઞા, ધારણા અને જીત વ્યવહારમાં જ્યાં જે હોય ત્યાં તેનાથી વ્યવહારની પ્રસ્થાપના કરવી.

પ્રશ્ન– હે ભગવન્ ! તેનું શું કારણ છે અર્થાત્ એમ શા માટે કહ્યું છે કે પહેલા આગમ વ્યવહાર અને ત્યાર પછી અંતે જીત વ્યવહાર હોય છે. ?

ઉત્તર– હે ગૌતમ ! શ્રમણોના વ્યવહારોમાં આગમની જ પ્રધાનતા હોય છે આ પાંચ પ્રકારના વ્યવહારમાં જ્યારે જ્યાં, જે વિષયમાં જે વ્યવહાર ઉચિત હોય ત્યારે, ત્યાં, તે અનિશ્રિતોપશ્રિત એટલે મધ્યસ્થ ભાવથી યથાક્રમે સમ્યગ્ વ્યવહાર કરનારા શ્રમણ નિર્ગ્રંથો ભગવાનની આજ્ઞાના આરાધક થાય છે.

## વિવેચન :–

**વ્યવહાર :–** સાધુ જીવનની આચાર સંહિતા, સાધુના કર્તવ્ય, અકર્તવ્ય, પ્રવૃત્તિ, નિવૃત્તિના નિર્ણયોને વ્યવહાર કહે છે. વ્યવહારનું આચરણ કરનાર વ્યક્તિ પણ કાર્ય-કારણના અભેદની અપેક્ષાએ વ્યવહાર કહેવાય છે.

સાધુ જીવનમાં પાંચ પ્રકારના વ્યવહારના આધારે પ્રાયશ્ચિત્તનો વ્યવહાર થાય છે.

**(૧) આગમ વ્યવહાર :–** કેવળજ્ઞાની, મનઃપર્યવજ્ઞાની, અવધિજ્ઞાની, ચૌદપૂર્વી, દશપૂર્વી કે નવપૂર્વી વગેરે વિશિષ્ટ જ્ઞાનીના વ્યવહારને, નિર્ણયને આગમ વ્યવહાર કહે છે.

**(૨) શ્રુત વ્યવહાર :–** નવપૂર્વથી ન્યૂન જ્ઞાનવાળા બહુશ્રુતોના શાસ્ત્રાધારથી કરાતા વ્યવહારને, નિર્ણયને શ્રુત વ્યવહાર કહે છે.

**(૩) આજ્ઞા વ્યવહાર :–** ગીતાર્થ સાધુની આજ્ઞા પ્રમાણે પ્રાયશ્ચિત્તાદિ વ્યવહાર થાય તેને આજ્ઞા વ્યવહાર કહે છે.

**(૪) ધારણા વ્યવહાર :–** ગુરુ પરંપરાથી પ્રાયશ્ચિત્તના વિધાનોની ધારણા કરી હોય અને તેના આધારે જે વ્યવહાર થાય તેને ધારણા વ્યવહાર કહે છે.

**(૫) જીત વ્યવહાર :–** જે વિષયમાં આગમાદિ પૂર્વોક્ત ચાર વ્યવહાર ઉપલબ્ધ ન હોય ત્યારે પરંપરાથી જે વ્યવહાર થાય તેને જીત વ્યવહાર કહે છે.

આ પાંચે પ્રકારના વ્યવહારમાં આગમ વ્યવહારની જ પ્રધાનતા હોય છે. તેમાં પણ ક્રમશઃ કેવળ જ્ઞાની, મનઃપર્યવજ્ઞાની આદિની પ્રધાનતા હોય છે. આગમ વ્યવહારીની અનુપસ્થિતિમાં શ્રુત વ્યવહારી આદિની ક્રમશઃ પ્રધાનતા સમજવી જોઈએ.

વર્તમાને આગમ વ્યવહારી પુરુષો નથી. શેષ ચાર પ્રકારના વ્યવહારથી પ્રાયશ્ચિત્તાદિનું કથન અને તત્ત્વ નિર્ણય આદિ થાય છે.

આ સૂત્રોનું તાત્પર્ય એ છે કે પ્રાયશ્ચિત્ત કાર્યમાં કે કોઈ વસ્તુતત્ત્વના નિર્ણય કરવામાં પ્રાથમિકતા આગમજ્ઞાનીના નિર્ણયને આપવી જોઈએ. આગમજ્ઞાની વ્યક્તિ ન હોય ત્યારે શ્રુતજ્ઞાની આદિના ક્રમથી, તે પછી પછીના જ્ઞાનીને પ્રાથમિકતા આપવી જોઈએ અને તદ્નુસાર નિર્ણય કરવો જોઈએ. પાંચ પ્રકારના વ્યવહારના વિસ્તૃત વિવેચન માટે માટે જુઓ– શ્રી વ્યવહાર સૂત્ર અને શ્રી ભગવતી સૂત્ર– શતક-૮, ઉદ્દે.-૮.

## ઈન્દ્રિયવિષયોની જાગૃતિ, સુષુપ્તિ :-

**૨૩ संजयमणुस्साणं सुत्ताणं पंच जागरा पण्णत्ता, तं जहा– सद्दा रूवा, गंधा, रसा फासा ।**

**ભાવાર્થ :–** સૂતેલા સંયત મનુષ્યોના પાંચ વિષયો જાગૃત હોય છે, તે આ પ્રમાણે છે– (૧) શબ્દ (૨) રૂપ (૩) ગંધ (૪) રસ (૫) સ્પર્શ.

**૨૪ संजयमणुस्साणं जागराणं पंच सुत्ता पण्णत्ता, तं जहा– सद्दा** *जाव* **फासा ।**

**ભાવાર્થ :–** જાગૃત સંયત મનુષ્યોના પાંચ વિષયો સુપ્ત હોય છે, તે આ પ્રમાણે છે– શબ્દ ***યાવત્*** સ્પર્શ.

**૨૫ असंजयमणुस्साणं सुत्ताणं वा जागराणं वा पंच जागरा पण्णत्ता, तं जहा- सद्दा *जाव* फासा ।**

**ભાવાર્થ :–** સુપ્ત કે જાગૃત અસંયત મનુષ્યોના પાંચ વિષયો જાગૃત હોય છે, તે આ પ્રમાણે છે– શબ્દ ***યાવત્*** સ્પર્શ.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં સુપ્ત, જાગૃત સંયમી અને સુપ્ત-જાગૃત અસંયમીના ઈન્દ્રિય વિષયનું નિરૂપણ છે.

**સુપ્ત સંયમી :–** જે સંયમી સાધકની સાધના સૂઈ જાય છે, પ્રમાદમાં પોઢી જાય છે, તેની ઈન્દ્રિયો શબ્દાદિ વિષયમાં પ્રવૃત્તિ કરે છે. સુપ્ત સંયતમાં પ્રમાદનો સદ્ભાવ હોવાથી શબ્દાદિ વિષયો કર્મબંધના કારણ બને છે, તેથી તેના વિષયોને જાગૃત કહ્યા છે.

**જાગૃત સંયમી :–** જે સંયમી સાધકની સાધના જાગૃત છે તે જાગૃત સંયત અપ્રમાદી હોય છે. પ્રમાદના અભાવના કારણે શબ્દાદિ વિષયો તેના માટે કર્મબંધનું કારણ બનતા નથી, તેથી તેના વિષયોને સુપ્ત કહ્યા છે.

**સુપ્ત-જાગૃત અસંયમી :–** અસંયમી મનુષ્ય જાગૃત હોય કે સુષુપ્ત હોય, તેની બંને અવસ્થામાં પ્રમાદનો સદ્ભાવ હોવાથી તેના શબ્દાદિ વિષયો કર્મબંધનું કારણ બને છે. પ્રમાદના કારણે તેને કર્મબંધ થતો જ રહે છે માટે તેના વિષયોને જાગૃત કહ્યા છે.

**આશ્રવ સંવરનાં કારણો :–**

**૨૬ पंचहिं ठाणेहिं जीवा रयं आइज्जंति, तं जहा- पाणाइवाएणं, मुसावाएणं, अदिण्णादाणेणं, मेहुणेणं, परिग्गहेणं ।**

**ભાવાર્થ :–** પાંચ કારણે જીવ કર્મરજને ગ્રહણ કરે છે, તે આ પ્રમાણે છે– (૧) પ્રાણાતિપાતથી (૨) મૃષાવાદથી (૩) અદત્તાદાનથી (૪) મૈથુનસેવનથી (૫) પરિગ્રહથી.

**૨૭ पंचहिं ठाणेहिं जीवा रयं वमंति, तं जहा- पाणाइवायवेरमणेणं, मुसावायवेर- मणेणं, अदिण्णादाणवेरमणेणं, मेहुणवेरमणेणं, परिग्गहवेरमणेणं ।**

**ભાવાર્થ :–** પાંચ કારણે જીવ કર્મરજનું વમન કરે છે, તે આ પ્રમાણે છે– (૧) પ્રાણાતિપાત વિરમણથી (૨) મૃષાવાદ વિરમણથી (૩) અદત્તાદાન વિરમણથી (૪) મૈથુન વિરમણથી (૫) પરિગ્રહ વિરમણથી.

**વિવેચન :–**

પ્રાણાતિપાતથી પરિગ્રહ પર્યંતના પાંચે પાપો જીવને કર્મબંધ કરાવવામાં કારણભૂત છે, તે આસ્રવ

રૂપ છે. તેથી કર્મરજના ગ્રહણમાં નિમિત્ત બને છે.

પ્રાણાતિપાત વિરમણથી પરિગ્રહ વિરમણ પર્યંતના ભાવો સંવરરૂપ હોવાથી કર્મક્ષયમાં કારણભૂત છે.

## પાંચમી ભિક્ષુપ્રતિમાની દત્તિઓ :–

**૨૮ पंचमासियं णं भिक्खुपडिमं पडिवण्णस्स अणगारस्स कप्पंति पंच दत्तीओ भोयणस्स पडिगाहेत्तए, पंच पाणगस्स ।**

**ભાવાર્થ :–** પાંચ માસની ભિક્ષુ પ્રતિમા ધારણ કરનાર અણગારને પાંચ દત્તિ ભોજનની અને પાંચ દત્તિ પાણીની ગ્રહણ કરવી કલ્પે છે.(પડિમાનું વિશેષ વર્ણન દશાશ્રુત સ્કંધસૂત્ર પ્રમાણે જાણવું.)

## ચારિત્રની ઘાત અને વિશોધિ :–

**૨૯ पंचविहे उवघाए पण्णत्ते, तं जहा– उग्गमोवघाए, उप्पायणोवघाए, एसणोव- घाए परिकम्मोवघाए, परिहरणोवघाए ।**

**ભાવાર્થ :–** ઉપઘાત(અશુદ્ધિ-દોષ) પાંચ પ્રકારના છે, તે આ પ્રમાણે છે– **(૧) ઉદ્ગમ ઉપઘાત–** આધાકર્માદિ ઉદ્ગમ દોષોથી થતી ચારિત્રની ઘાત. **(૨) ઉત્પાદનોપઘાત–** ઉત્પાદન દોષોથી થતી ચારિત્રની ઘાત. **(૩) એષણોપઘાત–** શંકિત આદિ એષણાના દોષોથી થતી ચારિત્રની ઘાત. **(૪) પરિકર્મોપઘાત–** વસ્ત્ર, પાત્રાદિને સ્વચ્છ અને સુંદર બનાવવા નિમિત્તે થતી ચારિત્રની ઘાત. **(૫) પરિહરણોપઘાત–** અકલ્પનીય ઉપકરણોના ઉપભોગથી થતી ચારિત્રની ઘાત.

**૩૦ पंचविहा विसोही पण्णत्ता, तं जहा– उग्गमविसोही, उप्पायणविसोही, एसणविसोही, परिकम्मविसोही, परिहरणविसोही ।**

**ભાવાર્થ :–** વિશોધિના પાંચ પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) ઉદ્ગમ વિશોધિ– આધાકર્માદિ ઉદ્ગમજનિત દોષોની વિશુદ્ધિ. (૨) ઉત્પાદન વિશોધિ– ઉત્પાદનજનિત દોષોની વિશુદ્ધિ. (૩) એષણા વિશોધિ– શંકિત આદિ એષણાજનિત દોષોની વિશુદ્ધિ. (૪) પરિકર્મ વિશોધિ– વસ્ત્ર, પાત્રાદિ પરિકર્મ-જનિત દોષોની વિશુદ્ધિ. (૫) પરિહરણ વિશોધિ– અકલ્પનીય ઉપકરણોના ઉપભોગજનિત દોષોની વિશુદ્ધિ.

## વિવેચન :–

પ્રસ્તુત સૂત્રમાં આહાર સંબંધી દોષો અને તેની વિશોધિનું કથન છે. **उवघाए** = દોષ. દૂષિત આહાર ગ્રહણ કરવાથી ચારિત્રમાં દોષ લાગે છે. તેના દ્વારા ચારિત્રની ઘાત થાય છે માટે તેને ઉપઘાત કહે છે. દોષ

રહિત આહાર ગ્રહણ કરવાને અથવા પ્રાયશ્ચિત્ત દ્વારા ચારિત્રને શુદ્ધ કરવામાં આવે તેને **विसोही** કહે છે.

સ્થાન-૩, ઉદ્દે.-૪, સૂત્ર-૭માં ત્રણ પ્રકારના ઉપઘાત અને ત્રણ પ્રકારની વિશોધિનું કથન છે. અહીં પાંચમાં સ્થાનમાં પૂર્વોક્ત ત્રણમાં પરિકર્મ અને પરિહરણને ઉમેરીને પાંચ પ્રકારના ઉપઘાત અને વિશોધિનું કથન છે.

**परिकम्म :–** પરિકર્મ. પાત્રને સુંદર અને સુશોભિત કરવા, જરૂરિયાત વિના વસ્ત્રને નાના મોટા કરવા. વિશેષ કારીગરી પૂર્વક સિલાઈ કરવી. થીંગડા દેવા, નિવાસસ્થાનનું સમારકામ, રંગકામ કરાવવું, વગેરે ક્રિયા કરવી તે.

**परिहरण :–** અકલ્પનીય ઉપધિ, ઉપકરણ ગ્રહણ કરવા.

## દુર્લભ-સુલભ બોધિનાં કારણો :-

**૩૧ पंचहिं ठाणेहिं जीवा दुल्लहबोहियत्तए कम्मं पकरेंति, तं जहा– अरहंताणं अवण्णं वयमाणे, अरहंतपण्णत्तस्स धम्मस्स अवण्णं वयमाणे, आयरिय-उवज्झायाणं अवण्णं वयमाणे, चाउवण्णस्स संघस्स अवण्णं वयमाणे, विवक्क-तव-बंभचेराणं देवाणं अवण्णं वयमाणे ।**

**ભાવાર્થ :–** પાંચ કારણે જીવ દુર્લભબોધિ બને તેવા મોહનીય આદિ કર્મ ઉપાર્જન કરે છે, તે આ પ્રમાણે છે– (૧) અરિહંત ભગવંત(તીર્થંકર પ્રભુ)ના અવર્ણવાદ કરે, (૨) તીર્થંકર પ્રરૂપિત ધર્મના અવર્ણવાદ કરે, (૩) આચાર્ય-ઉપાધ્યાયના અવર્ણવાદ કરે, (૪) ચતુર્વિધ સંઘના અવર્ણવાદ કરે, (૫) તપ અને બ્રહ્મચર્યના પરિપાક રૂપે દિવ્ય ગતિ પામેલા દેવોના અવર્ણવાદ કરે.

**૩૨ पंचहिं ठाणेहिं जीवा सुलहबोहियत्ताए कम्मं पकरेंति, तं जहा– अरहंताणं वण्णं वयमाणे, अरहंतपण्णत्तस्स धम्मस्स वण्णं वयमाणे, आयरियउवज्झायाणं वण्णं वयमाणे, चाउवण्णस्स संघस्स वण्णं वयमाणे विवक्क-तव-बंभचेराणं देवाणं वण्णं वयमाणे ।**

**ભાવાર્થ :–** પાંચ કારણે જીવ સુલભબોધિ બને, તેવા કર્મ ઉપાર્જન કરે છે, તે આ પ્રમાણે છે– (૧) તીર્થંકર પ્રભુના ગુણગાન કરે, (૨) તીર્થંકર પ્રરૂપિત ધર્મના ગુણગાન કરે, (૩) આચાર્ય-ઉપાધ્યાયના ગુણગાન કરે, (૪) ચતુર્વિધ સંઘના ગુણગાન કરે, (૫) તપ અને બ્રહ્મચર્યના વિપાક રૂપે દિવ્યગતિને પામેલા દેવના ગુણગાન કરે.

## વિવેચન :-

અરિહંત, ધર્મ વગેરેના અવર્ણવાદથી જીવ મિથ્યાત્વ મોહનીય કર્મનો બંધ કરે છે, મિથ્યાત્વને

ગાઢ બનાવે છે, દુર્લભ બોધિત્વને પ્રાપ્ત થાય છે. **દુર્લભબોધિ–** શુદ્ધધર્મની સમજણ, ધર્મરુચિ, ધર્મ શ્રદ્ધાને "બોધિ" કહે છે, તેની અપ્રાપ્તિ તે દુર્લભબોધિ. મિથ્યાત્વ મોહનીયના ઉદયે જૈનધર્મની પ્રાપ્તિ, રુચિ અને શ્રદ્ધા થતી નથી અર્થાત્ સાચા ધર્મની સમજણ પ્રાપ્ત થતી નથી.

**अवण्णं :–** અવર્ણ એટલે અશ્લાઘા, નિંદા, અવજ્ઞાયુક્ત વચન બોલવા કે અવજ્ઞા કરવી; કોઈના અવગુણ પ્રગટ કરવા, તેને અવર્ણવાદ કહે છે અને **वण्णं** = વર્ણ એટલે શ્લાઘા, પ્રશંસા કરવી, ગુણગાન ગાવા, બહુમાનપૂર્વકના વચનો બોલવા.

## પ્રતિસંલીનતા-અપ્રતિસંલીનતા :–

**૩૩** **पंच पडिसंलीणा पण्णत्ता, तं जहा– सोइंदियपडिसंलीणे, चक्खिदियपडि-संलीणे, घाणिंदियपडिसंलीणे, जिब्भिदियपडिसंलीणे, फासिंदियपडिसंलीणे ।**

**ભાવાર્થ :–** પ્રતિસંલીનતા(ઇન્દ્રિય વિષયનો નિગ્રહ કરનારના) પાંચ પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) શ્રોતેન્દ્રિય પ્રતિસંલીન– શુભ, અશુભ શબ્દમાં રાગદ્વેષ ન કરનારા. (૨) ચક્ષુરિન્દ્રિય પ્રતિસંલીન– શુભ, અશુભ રૂપમાં રાગદ્વેષ ન કરનારા. (૩) ઘ્રાણેન્દ્રિય પ્રતિસંલીન– શુભ, અશુભ ગંધમાં રાગદ્વેષ ન કરનારા. (૪) જિહ્વેન્દ્રિય પ્રતિસંલીન– શુભ, અશુભ રસમાં રાગદ્વેષ ન કરનારા. (૫) સ્પર્શેન્દ્રિય પ્રતિસંલીન– શુભ, અશુભ સ્પર્શમાં રાગદ્વેષ ન કરનારા.

**૩૪** **पंच अपडिसंलीणा पण्णत्ता, तं जहा– सोइंदिय-अपडिसंलीणे, चक्खिदिय-अपडिसंलीणे, घाणिंदिय-अपडिसंलीणे, जिब्भिदिय-अपडिसंलीणे, फासिंदियअपडि- संलीणे ।**

**ભાવાર્થ :–** અપ્રતિસંલીન–ઇન્દ્રિય વિષયનો નિગ્રહ ન કરનારના પાંચ પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) શ્રોતેન્દ્રિય અપ્રતિસંલીન– શુભ, અશુભ શબ્દમાં રાગદ્વેષ કરનારા. (૨) ચક્ષુરિન્દ્રિય અપ્રતિસંલીન– શુભ, અશુભ રૂપમાં રાગદ્વેષ કરનારા. (૩) ઘ્રાણેન્દ્રિય અપ્રતિસંલીન– શુભ, અશુભ ગંધમાં રાગદ્વેષ કરનારા. (૪) રસનેન્દ્રિય અપ્રતિસંલીન– શુભ, અશુભ રસમાં રાગદ્વેષ કરનારા. (૫) સ્પર્શેન્દ્રિય અપ્રતિ-સંલીન– શુભ, અશુભ સ્પર્શમાં રાગદ્વેષ કરનારા.

## વિવેચન :–

**पडिसंलीणा :–** વિષયો તરફ જતી ઇન્દ્રિયોને પાછીવાળી આત્મામાં સ્થાપિત કરવી, પ્રાપ્ત વિષયમાં રાગદ્વેષ ન કરવો, તેને પ્રતિસંલીનતા કહે છે. તે બાહ્યતપનો છટ્ઠો પ્રકાર છે. પ્રતિસંલીનતાના ચાર પ્રકાર છે. ઇન્દ્રિય પ્રતિસંલીનતા, કષાય પ્રતિસંલીનતા, યોગપ્રતિસંલીનતા, વિવક્ત શયનાસન પ્રતિસંલીનતા. પ્રસ્તુતમાં ઇન્દ્રિય પ્રતિસંલીનતાના પાંચ પ્રકારનો ઉલ્લેખ છે.

**સંવર-અસંવરના પ્રકાર :–**

**૩૫ पंचविहे संवरे पण्णत्ते, तं जहा– सोइंदियसंवरे** *जाव* **फासिंदियसंवरे ।**

**ભાવાર્થ :–** સંવરના પાંચ પ્રકાર છે, તે આ પ્રમાણે છે– શ્રોતેન્દ્રિય સંવર ***યાવત્*** સ્પર્શેન્દ્રિય સંવર.

**૩૬ पंचविहे असंवरे पण्णत्ते, तं जहा– सोइंदियअसंवरे** *जाव* **फासिंदिय-असंवरे ।**

**ભાવાર્થ :–** અસંવરના પાંચ પ્રકાર છે, તે આ પ્રમાણે છે– શ્રોતેન્દ્રિય અસંવર ***યાવત્*** સ્પર્શેન્દ્રિય અસંવર.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં પાંચ ઈન્દ્રિયના સંવર-અસંવરનું કથન છે. સંવર = રોકવું, અટકાવવું. ઈન્દ્રિયોને વિષયમાં જતી રોકવી કે તે વિષયભોગના પ્રત્યાખ્યાન કરવા, તે ઈન્દ્રિય સંવર છે. સંવર કરવાથી કર્મનો આશ્રવ અટકે છે. ઈન્દ્રિયોના વિષયોમાં લીન રહેવાથી અને તેમાં રાગદ્વેષ કરવાથી કર્મ બંધ થાય છે માટે તે અસંવરરૂપ છે.

સ્થાન-૬, સૂત્ર-૧૪,૧૫માં પાંચ ઈન્દ્રિય અને મન સહિત છ પ્રકારના સંવર, અસંવરનું; સ્થાન-૮, સૂત્ર-૧૪,૧૫ માં પાંચ ઈન્દ્રિય અને ત્રણયોગ સહિત આઠ પ્રકારના સંવર-અસંવરનું કથન છે.

**ચારિત્રના પાંચ પ્રકાર :–**

**૩૭ पंचविहे संजमे पण्णत्ते, तं जहा– सामाइयसंजमे, छेदोवट्ठावणियसंजमे, परिहारविसुद्धियसंजमे, सुहमसंपरायसंजमे, अहक्खायचरित्तसंजमे ।**

**ભાવાર્થ :–** સંયમના પાંચ પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) સામાયિક સંયમ– સર્વ સાવદ્ય કાર્યોનો પરિત્યાગ કરવો (૨) છેદોપસ્થાપનીય સંયમ– પંચમહાવ્રતોનું પુનઃ આરોપણ કરવું, વડી દીક્ષા દેવામાં આવે તે. (૩) પરિહારવિશુદ્ધિક સંયમ– તપસ્યા વિશેષની સાધના કરવી (૪) સૂક્ષ્મ સંપરાય સંયમ– દશમા ગુણસ્થાનનો સંયમ (૫) યથાખ્યાત ચારિત્ર સંયમ– ૧૧મા ગુણસ્થાનથી ચૌદમા ગુણસ્થાનવર્તી વીતરાગી જીવોનો વીતરાગ સંયમ.

**વિવેચન :–**

**સંયમ :–** ઈન્દ્રિયાદિનું સંયમન-નિગ્રહ તે સંયમ. તેમજ અઢાર પાપોનો ત્યાગ, પાપથી અટકી જવું, અલગ થઈ જવું , તેને સંયમ કહે છે. પાંચ પ્રકારના સંયમનું વર્ણન આ પ્રમાણે છે–

**(૧) સામાયિક સંયમ :–** સમઃ = રાગદ્વેષ રહિતની, અયઃ = ગમન-પ્રવૃત્તિ. રાગદ્વેષ રહિત બની જે પ્રવૃત્તિ થાય તે અને સર્વ સાવદ્ય–પાપકારી કાર્યોનો ત્યાગ તે સામાયિક છે.

પ્રથમ અને અંતિમ તીર્થંકરના સમયમાં દીક્ષા સમયે સામાયિક સંયમ આપવામાં આવે છે. તત્પશ્ચાત્ છેદોપસ્થાપનીય સંયમ આપવામાં આવે છે. મધ્યના બાવીસ તીર્થંકરના સમયમાં સંયમ ગ્રહણ સમયે જ યાવત્જીવન માટે સામાયિક ચારિત્ર અપાય છે.

**(૨) છેદોપસ્થાપનીય સંયમ :–** જે સંયમમાં પૂર્વ પર્યાયનો છેદ કરી, મહાવ્રતનું આરોપણ કરવામાં આવે, તેને છેદોપસ્થાપનીય સંયમ કહે છે. વડી દીક્ષામાં મહાવ્રતોનો સ્વીકાર કરાય છે તેને અને કોઈ મોટા દોષનું સેવન કરે ત્યારે પૂર્વ દીક્ષા પર્યાયનો છેદ કરી પુનઃ મહાવ્રત આપવામાં આવે છે તેને, છેદોપસ્થાપનીય સંયમ કહે છે.

**(૩) પરિહાર વિશુદ્ધ સંયમ :–** તપ વિશેષ દ્વારા વિશુદ્ધ એવા સંયમને પરિહાર વિશુદ્ધ સંયમ કહે છે. અઢાર મહિના પર્યંત નવ સાધુ આ સંયમનું પાલન કરે છે. તેમાં છ મહિના ચાર સાધુ તપ કરે તે પારિહારિક નિર્વિશમાન કહેવાય, ચાર સાધુ સેવા કરે તે અનુપારિહારિક નિર્વિષ્ટકાયિક કહેવાય છે અને એક વાચનાચાર્ય બને છે. તત્પશ્ચાત્ છ મહિના તપ કરતાં હોય તે સેવા કરે, સેવા કરનાર તપ કરે અને એક વાચનાચાર્ય રહે છે. પછી છ મહિના વાચનાચાર્ય તપ કરે, શેષ સાધુ સેવા કરે અને એક વાચનાચાર્ય બને. આ રીતે ૧૮ મહિનાનો એક કલ્પ પૂર્ણ થાય પછી તે સાધુઓ ગચ્છમાં આવી જાય અથવા જીવનપર્યંત તે જ રીતે ક્રમપૂર્વક તપ સાધના કરતા રહે છે.

**(૪) સૂક્ષ્મ સંપરાય સંયમ :–** સૂક્ષ્મ લોભ જ માત્ર ઉદયમાં હોય તેવા દસમા ગુણસ્થાનવર્તી જીવોનું ચારિત્ર, સૂક્ષ્મ સંપરાય સંયમ કહેવાય છે.

**(૫) યથાખ્યાત સંયમ :–** કષાય રહિત વીતરાગીનું ચારિત્ર, યથાખ્યાત સંયમ કહેવાય છે. પાંચ પ્રકારના સંયમનું વિસ્તૃત વિવેચન શ્રી ભગવતી સૂત્ર શતક-૨૫માં છે.

### આરંભ-અનારંભજનિત સંયમ-અસંયમ :–

**૩૮ एगिंदिया णं जीवा असमारंभमाणस्स पंचविहे संजमे कज्जइ, तं जहा– पुढविकाइयसंजमे, आउकाइयसंजमे, तेउकाइयसंजमे, वाउकाइयसंजमे, वणस्सइ- काइयसंजमे ।**

**ભાવાર્થ :–** એકેન્દ્રિય જીવોનો આરંભ, સમારંભ ન કરનારાને પાંચ પ્રકારે સંયમ થાય છે, તે આ પ્રમાણે છે– (૧) પૃથ્વીકાયિક સંયમ (૨) અપ્કાયિક સંયમ (૩) તેજસ્કાયિક સંયમ (૪) વાયુકાયિક સંયમ (૫) વનસ્પતિકાયિક સંયમ.

**૩૯ एगिंदिया णं जीवा समारभमाणस्स पंचविहे असंजमे कज्जइ, तं जहा–**

**पुढविकाइयअसंजमे** *जाव* **वणस्सइकाइयअसंजमे ।**

**ભાવાર્થ :–** એકેન્દ્રિય જીવોનો આરંભ કરનારને પાંચ પ્રકારનો અસંયમ થાય છે, તે આ પ્રમાણે છે– (૧) પૃથ્વીકાયિક અસંયમ ***યાવત્*** વનસ્પતિકાયિક અસંયમ.

**૪૦ पंचिंदिया णं जीवा असमारभमाणस्स पंचविहे संजमे कज्जइ, तं जहा– सोइंदियसंजमे** *जाव* **फासिंदियसंजमे ।**

**ભાવાર્થ :–** પંચેન્દ્રિય જીવોનો આરંભ-સમારંભ ન કરનારાને પાંચ પ્રકારે સંયમ થાય છે, તે આ પ્રમાણે છે– શ્રોતેન્દ્રિય સંયમ ***યાવત્*** સ્પર્શેન્દ્રિય સંયમ. (કારણ કે તે પાંચ ઇન્દ્રિયોનો વ્યાઘાત કરતા નથી.)

**૪૧ पंचिंदिया णं जीवा समारंभमाणस्स पंचविहे असंजमे कज्जइ, तं जहा– सोइंदिय-असंजमे** *जाव* **फासिंदिय-असंजमे ।**

**ભાવાર્થ :–** પંચેન્દ્રિય જીવોનો ઘાત કરનારાને પાંચ પ્રકારે અસંયમ થાય છે, તે આ પ્રમાણે છે– શ્રોતેન્દ્રિય અસંયમ ***યાવત્*** સ્પર્શેન્દ્રિય અસંયમ.

**૪૨ सव्वपाणभूयजीवसत्ताणं असमारभमाणस्स पंचविहे संजमे कज्जइ, तं जहा– एगिंदियसंजमे** *जाव* **पंचिंदियसंजमे ।**

**ભાવાર્થ :–** સર્વ પ્રાણ, ભૂત, જીવ અને સત્ત્વોની ઘાત ન કરનારને પાંચ પ્રકારે સંયમ થાય છે, તે આ પ્રમાણે છે– એકેન્દ્રિય સંયમ ***યાવત્*** પંચેન્દ્રિય સંયમ.

**૪૩ सव्वपाणभूयजीवसत्ताणं समारभमाणस्स पंचविहे असंजमे कज्जइ, तं जहा– एगिंदिय-असंजमे** *जाव* **पंचिंदिय-असंजमे ।**

**ભાવાર્થ :–** સર્વ પ્રાણ, ભૂત, જીવ અને સત્ત્વની ઘાત કરનારને પાંચ પ્રકારે અસંયમ થાય છે, તે આ પ્રમાણે છે– એકેન્દ્રિય અસંયમ ***યાવત્*** પંચેન્દ્રિય અસંયમ.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં સમારંભ પદ દ્વારા આરંભનું સૂચન છે અથવા મધ્યમપદના ગ્રહણ દ્વારા આદિ પદ સંરંભ અને અંતિમપદ આરંભનું પણ ગ્રહણ થઈ જાય છે.

સંરંભ– સંકલ્પ, સમારંભ– પૂર્વ પ્રયત્ન, આરંભ = પૃથ્વીકાયાદિ જીવોની ઘાત કરવી.

અહીં ત્રણ સૂત્ર દ્વારા એકેન્દ્રિયમાં પાંચ સ્થાવરની અપેક્ષાએ, પંચેન્દ્રિયમાં પાંચ ઇન્દ્રિયોની

અપેક્ષાએ અને પ્રાણી-ભૂતઆદિ દ્વારા એકેન્દ્રિયથી પંચેન્દ્રિય પર્યંતના પાંચ જાતિના જીવોની અપેક્ષાએ, એમ ત્રણ પ્રકારે પાંચ-પાંચ સંયમ-અસંયમનું કથન છે. એકેન્દ્રિય જીવની ઘાત ન કરે તો પૃથ્વી આદિ પાંચ એકેન્દ્રિય જીવ સંબંધી સંયમ થાય છે અને પંચેન્દ્રિય જીવની ઘાત ન કરે તો શ્રોતેન્દ્રિય વગેરે પાંચ ઈન્દ્રિયરૂપ પ્રાણોનો વ્યાઘાત(નાશ) ન થાય, તેથી તે પાંચ પ્રકારનો સંયમ કહેવાય છે.

સૂત્રકારે આ ત્રણ સૂત્ર દ્વારા ૧૭ પ્રકારના સંયમમાંથી દશ પ્રકારના સંયમનું કથન કર્યું છે.

## અગ્રબીજ આદિ વનસ્પતિ :–

**૪૪ पंचविहा तणवणस्सइकाइया पण्णत्ता, तं जहा– अग्गबीया, मूलबीया, पोरबीया, खंधबीया, बीयरूहा ।**

**ભાવાર્થ :–** તૃણ વનસ્પતિકાયિક જીવના પાંચ પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) અગ્રબીજ (૨) મૂલબીજ (૩) પર્વબીજ (૪) સ્કંધબીજ (૫) બીજરુહ.

### વિવેચન :–

પ્રસ્તુત સૂત્રમાં તૃણ વનસ્પતિના પાંચ પ્રકાર દર્શાવ્યા છે. સ્થાન-૪, ઉદ્દે.-૧, સૂત્ર-૧૫માં ચાર પ્રકાર; સ્થાન-૬, સૂત્ર-૧૧માં છ પ્રકાર; સ્થાન-આઠમાં આઠ પ્રકાર અને સ્થાન-દશમાં તૃણવનસ્પતિના દશપ્રકાર દર્શાવ્યા છે. અહીં તૃણ વનસ્પતિથી માત્ર તૃણ(ઘાસ) ગ્રહણ ન કરતાં સર્વ બાદર વનસ્પતિનું ગ્રહણ થાય છે.

ઉપરોક્ત સ્થાન-૪,૫ અને ૬માં બીજરૂપ કે ઊગવાની અપેક્ષાએ ભેદ દર્શાવ્યા છે અને સ્થાન-૮, સૂત્ર–૩૫ અને સ્થાન–૧૦, સૂત્ર–૧૪૭માં વિભાગની અપેક્ષાએ ભેદ દર્શાવ્યા છે.

## પંચાચાર :–

**૪૫ पंचविहे आयारे पण्णत्ते, तं जहा– णाणायारे, दंसणायारे, चरित्तायारे, तवायारे, वीरियायारे ।**

**ભાવાર્થ :–** આચારના પાંચ પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) જ્ઞાનાચાર (૨) દર્શનાચાર (૩) ચારિત્રા-ચાર (૪) તપાચાર (૫) વીર્યાચાર.

### વિવેચન :–

**आयारे** = આચાર. આચાર શબ્દના ત્રણ અર્થ છે– આચરણ, વ્યવહાર, આસેવન. આચાર મનુષ્યનો ક્રિયાત્મક પક્ષ છે. પ્રસ્તુત સૂત્રમાં જ્ઞાન, દર્શન, ચારિત્રના ક્રિયાત્મક પક્ષનો નિર્દેશ છે.

**णाणायारे :–** શ્રુતજ્ઞાનની પ્રાપ્તિ માટે આગમોનું અધ્યયન જ્ઞાનના ચૌદ અતિચાર રહિત પણે કરવું, તે જ્ઞાનાચાર. કાલ, વિનય વગેરે જ્ઞાનના આઠ આચાર છે.

**दंसणायारे :–** શંકાદિ આઠ દોષો ટાળીને શુદ્ધ સમ્યક્ત્વની આરાધના કરવી તે દર્શનાચાર છે.

**चरित्तायारे :–** સમિતિ, ગુપ્તિ આદિ દ્વારા સમ્યક્ચારિત્રની આરાધના કરવી તે ચારિત્રાચાર છે.

**तवायारे :–** અનશન આદિ બાર પ્રકારના તપની આરાધના કરવી તે તપાચાર છે.

**वीरियायारे :–** આ ચારે પ્રકારના આચારનું દઢતાપૂર્વક પાલન કરવા પોતાની શક્તિનો વ્યાપાર, તે વીર્યાચાર છે. વીર્યાચાર એટલે શક્તિને કામે લગાડવી, શક્તિનો ઉપયોગ કરવો.

### આચાર પ્રકલ્પ : પ્રાયશ્ચિત્ત વિધાન :–

**૪૬ पंचविहे आयारपकप्पे पण्णत्ते, तं जहा– मासिए उग्घाइए, मासिए अणुग्घाइए चउमासिए उग्घाइए, चउमासिए अणुग्घाइए, आरोवणा ।**

**ભાવાર્થ :–** આચાર પ્રકલ્પ(નિશીથ સૂત્રોક્ત પ્રાયશ્ચિત્ત વિધાન)ના પાંચ પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) લઘુમાસિક પ્રાયશ્ચિત્ત (૨) ગુરુમાસિક પ્રાયશ્ચિત્ત (૩) લઘુ ચૌમાસી પ્રાયશ્ચિત્ત (૪) ગુરુ ચૌમાસી પ્રાયશ્ચિત્ત (૫) પ્રાયશ્ચિત્તને આરોપિત કરવું.

### વિવેચન :–

પ્રસ્તુત સૂત્રોમાં પ્રાયશ્ચિત્તના ભેદ-પ્રભેદનું કથન છે.

**આચાર પ્રકલ્પ–** નિશીથ સૂત્ર કથિત લઘુ-ગુરુ માસિક આદિ પાંચ પ્રકારના પ્રાયશ્ચિત્તને આચાર પ્રકલ્પ કહે છે. **उग्घाइए** એટલે લઘુ અને **अणुग्घाइए** નો અર્થ છે ગુરુ.

### આરોપણાના પ્રકાર :–

**૪૭ आरोवणा पंचविहा पण्णत्ता, तं जहा– पट्ठविया, ठविया, कसिणा, अकसिणा, हाडहडा ।**

**ભાવાર્થ :–** આરોપણાના પાંચ પ્રકાર છે યથા– **(૧) પ્રસ્થાપિત–** પ્રાયશ્ચિત્તગત કોઈ એક તપનો પ્રારંભ કરવો. **(૨) સ્થાપિત–** પ્રાયશ્ચિત્ત પ્રાપ્ત તપ હમણાં ન કરવું. **(૩) કૃત્સ્ના–** અનુગ્રહ રહિત પરિપૂર્ણ પ્રાયશ્ચિત્ત કરાવવું. **(૪) અકૃત્સ્ના–** અનુગ્રહ યુક્ત અલ્પ(ઓછું) પ્રાયશ્ચિત્ત કરાવવું **(૫) હાડહડા–** પ્રાપ્ત પ્રાયશ્ચિત્ત તે જ વખતે કે તે જ દિવસે કરાવવું.

**જંબૂદ્વીપના વક્ષસ્કાર પર્વતો :–**

**૪૮ जंबुद्दीवे दीवे मंदरस्स पव्वयस्स पुरत्थिमे णं सीयाए महाणइए उत्तरे णं पंच वक्खारपव्वया पण्णत्ता, तं जहा– मालवंते चित्तकूडे, पम्हकूडे, णलिणकूडे, एगसेले ।**

**ભાવાર્થ :–** જંબૂદ્વીપ નામના દ્વીપમાં મંદર પર્વતના પૂર્વભાગમાં સીતા મહાનદીની ઉત્તર દિશામાં પાંચ વક્ષસ્કાર પર્વત છે, તે આ પ્રમાણે છે– (૧) માલ્યવાન(ગજદંત પર્વત) (૨) ચિત્રકૂટ (૩) પક્ષ્મકૂટ (૪) નલિનકૂટ (૫) એક શૈલ.

**૪૯ जंबुद्दीवे दीवे मंदरस्स पव्वयस्स पुरत्थिमे णं सीयाए महाणईए दाहिणे णं पंच वक्खारपव्वया पण्णत्ता, तं जहा– तिकूडे, वेसमणकूडे, अंजणे, मायंजणे, सोमणसे ।**

**ભાવાર્થ :–** જંબૂદ્વીપ નામના દ્વીપમાં મંદર પર્વતના પૂર્વભાગમાં સીતા મહાનદીની દક્ષિણ દિશામાં પાંચ વક્ષસ્કાર પર્વત છે, તે આ પ્રમાણે છે– (૧) ત્રિકૂટ (૨) વૈશ્રમણકૂટ (૩) અંજન (૪) માતાંજન (૫) સોમનસ(ગજદંત પર્વત).

**૫૦ जंबुद्दीवे दीवे मंदरस्स पव्वयस्स पच्चत्थिमे णं सीओयाए महाणईए दाहिणे णं पंच वक्खारपव्वया पण्णत्ता, तं जहा– विज्जुप्पभे, अंकावई, पम्हावई, आसीविसे, सुहावहे ।**

**ભાવાર્થ :–** જંબૂદ્વીપ નામના દ્વીપમાં મંદર પર્વતના પશ્ચિમ ભાગમાં સીતોદા મહાનદીની દક્ષિણ દિશામાં પાંચ વક્ષસ્કાર પર્વત છે, તે આ પ્રમાણે છે– (૧) વિદ્યુત્પ્રભ(ગજદંત પર્વત) (૨) અંકાવતી (૩) પક્ષ્માવતી (૪) આશીવિષ (૫) સુખાવહ.

**૫૧ जंबुद्दीवे दीवे मंदरस्स पव्वयस्स पच्चत्थिमे णं सीओयाए महाणईए उत्तरे णं पंच वक्खारपव्वया पण्णत्ता, तं जहा– चंदपव्वए, सूरपव्वए, णागपव्वए, देवपव्वए गंधमादणे ।**

**ભાવાર્થ :–** જંબૂદ્વીપ નામના દ્વીપમાં મંદર પર્વતના પશ્ચિમ ભાગમાં સીતોદા મહાનદીની ઉત્તર દિશામાં પાંચ વક્ષસ્કાર પર્વત છે, તે આ પ્રમાણે છે– (૧) ચંદ્ર પર્વત (૨) સૂર્ય પર્વત (૩) નાગ પર્વત (૪) દેવ પર્વત (૫) ગંધમાદન(ગજદંત પર્વત).

**વિવેચન :–**

પ્રસ્તુત ચાર સૂત્રોમાં ૨૦ વક્ષસ્કાર પર્વતનું કથન છે. તેમાં ગંધમાદન અને માલ્યવાન ગજદંત

પર્વત ઉત્તરકુરુ ક્ષેત્રની અને સોમનસ અને વિદ્યુત્પ્રભ ગજદંતા પર્વત દેવકુરુ ક્ષેત્રની મર્યાદા કરે છે. શેષ ૧૬ વક્ષસ્કાર પર્વતો મહાવિદેહ ક્ષેત્રની વિજયોની મર્યાદા કરે છે.

### દેવકુરુ ઉત્તરકુરુના મહાદ્રહો :–

**૫૨ जंबुद्दीवे दीवे मंदरस्स पव्वयस्स दाहिणे णं देवकुराए कुराए पंच महद्दहा पण्णत्ता, तं जहा– णिसहदहे, देवकुरुदहे, सूरदहे, सुलसदहे, विज्जुप्पभदहे ।**

**ભાવાર્થ :–** જંબૂદ્વીપ નામના દ્વીપમાં મંદર પર્વતના દક્ષિણ ભાગમાં દેવકુરુ નામક કુરુક્ષેત્રમાં પાંચ મહાદ્રહ છે, તે આ પ્રમાણે છે– (૧) નિષધ દ્રહ (૨) દેવકુરુ દ્રહ (૩) સૂર્ય દ્રહ (૪) સુલસ દ્રહ (૫) વિદ્યુત્પ્રભ દ્રહ.

**૫૩ जंबुद्दीवे दीवे मंदरस्स पव्वयस्स उत्तरे णं उत्तरकुराए कुराए पंच महादहा पण्णत्ता, तं जहा– णीलवंतदहे, उत्तरकुरुदहे, चंददहे, एरावणदहे, मालवंतदहे ।**

**ભાવાર્થ :–** જંબૂદ્વીપ નામના દ્વીપમાં મંદર પર્વતના ઉત્તર ભાગમાં ઉત્તરકુરુ નામના કુરુક્ષેત્રમાં પાંચ મહાદ્રહ છે, તે આ પ્રમાણે છે– (૧) નીલવંત દ્રહ (૨) ઉત્તરકુરુ દ્રહ (૩) ચન્દ્ર દ્રહ (૪) ઐરાવણ દ્રહ (૫) માલ્યવંત દ્રહ.

### વક્ષસ્કાર પર્વતનું પ્રમાણ :–

**૫૪ सव्वेवि णं वक्खारपव्वया सीया-सीओयाओ महाणईओ मंदरं वा पव्वयंतेण पंच जोयणसयाइं उड्ढं उच्चत्तेणं, पंचगाउसयाइं उव्वेहेणं ।**

**ભાવાર્થ :–** સર્વ વક્ષસ્કાર પર્વત સીતોદા અને સીતા નદીની પાસે અને મંદર પર્વતની પાસે પાંચ સો યોજન ઊંચા અને પાંચસો ગાઉ ઊંડા છે.

### વિવેચન :–

મહાવિદેહક્ષેત્રમાં વિજયની મર્યાદા કરતા સોળ વક્ષસ્કાર પર્વતો છે. તે ઉત્તર, દક્ષિણ લાંબા અને પૂર્વ પશ્ચિમ પહોળા છે. તે પર્વતો સીતા-સીતોદા નદી સમીપે ૫૦૦ યોજન ઊંચા અને ૫૦૦ ગાઉ(૧૨૫ યોજન) ઊંડા છે અને નીલવંત તથા નિષધ પર્વત પાસે તે ૪૦૦ યોજન ઊંચા છે. પાંચમું સ્થાન હોવાથી અહીં ૫૦૦ યોજન ઊંચાઈનું જ કથન છે. ચાર ગજદંતા પર્વત પણ વક્ષસ્કારપર્વત છે તે મેરુપર્વત પાસે ૫૦૦ યોજન ઊંચા છે, માટે તેનું પણ અહીં કથન છે. આ રીતે સીતા નદી પાસે આઠ અને સીતોદા નદી પાસે આઠ તથા મેરુ પાસે ચાર એમ કુલ ૨૦ પર્વતના પાંચસો યોજન હોવાનું કથન પ્રસ્તુત સૂત્રમાં છે.

### ધાતકીખંડ-પુષ્કરવરના પર્વતાદિ :–

**૫૫ धायइसंडे दीवे पुरत्थिमद्धे णं मंदरस्स पव्वयस्स पुरत्थिमे णं सीयाए महाणईए उत्तरे णं पंच वक्खारपव्वया पण्णत्ता, तं जहा– मालवंते, एवं जहा जंबुद्दीवे तहा** *जाव* **पुक्खरवरदीवड्ढे पच्चत्थिमद्धे वक्खारपव्वया दहा य उच्चत्तं भाणियव्वं ।**

**ભાવાર્થ :–** ધાતકીખંડ દ્વીપના પૂર્વાર્ધમાં મંદર પર્વતની પૂર્વમાં તથા સીતા મહાનદીની ઉત્તરમાં પાંચ વક્ષસ્કાર પર્વત છે, તે આ પ્રમાણે– (૧) માલ્યવાન્ (૨) ચિત્રકૂટ (૩) પક્ષ્મકૂટ (૪) નલિનકૂટ (૫) એક શૈલ.

તે રીતે ધાતકીખંડ દ્વીપના પશ્ચિમાર્ધમાં તથા અર્ધપુષ્કરવર દ્વીપના પૂર્વાર્ધ અને પશ્ચિમાર્ધમાં પણ જંબૂદ્વીપની જેમ પાંચ-પાંચ વક્ષસ્કાર પર્વત, દ્રહ અને વક્ષસ્કાર પર્વતોની ઊંચાઈ-ઊંડાઈ કહેવી જોઈએ.

### સમયક્ષેત્રમાં પંચ સંખ્યક સ્થાનો :–

**૫૬ समयक्खेत्ते णं पंच भरहाइं, पंच एरवयाइं, एवं जहा चउट्ठाणे बिईयउद्देसे तहा एत्थवि भाणियव्वं** *जाव* **पंच मंदरा पंच मंदरचूलियाओ, णवरं–उसुयारा णत्थि ।**

**ભાવાર્થ :–** સમયક્ષેત્ર(અઢી દ્વીપ)માં પાંચ ભરત, પાંચ ઐરવત ક્ષેત્ર છે. ચોથા સ્થાનમાં બીજા ઉદ્દેશામાં જેમ વર્ણન કર્યું છે, તેમ અહીં પણ જાણવું. ***યાવત્*** સમયક્ષેત્રમાં પાંચ મંદર, પાંચ મંદર ચૂલિકા છે. વિશેષતા એ કે અહીં ઈષુકાર પર્વતનું કથન નથી.(કારણ કે તે પર્વત સમયક્ષેત્રમાં ચાર હોય છે, પાંચ નથી હોતા. માટે પાંચમા સ્થાનમાં તેનું કથન થતું નથી)

### ઋષભદેવ આદિની અવગાહના :–

**૫૭ उसभे णं अरहा कोसलिए पंच धणुसयाइं उड्ढं उच्चत्तेणं होत्था ।**

**ભાવાર્થ :–** કૌશલિક- કુશળ દેશમાં ઉત્પન્ન તીર્થંકર અર્હંત ઋષભદેવની પાંચસો ધનુષ્યની ઊંચાઈ હતી.

**૫૮ भरहे णं राया चाउरंतचक्कवट्टी पंच धणुसयाइं उड्ढं उच्चत्तेणं होत्था ।**

**ભાવાર્થ :–** ચાતુરંત ચક્રવર્તી ભરત રાજાની પાંચસો ધનુષની ઊંચાઈ હતી.

**૫૯ बाहुबली णं अणगारे, बंभी णं अज्जा, सुंदरी णं अज्जा पंच धणुसयाइं उड्ढं उच्चत्तेणं होत्था ।**

**ભાવાર્થ :–** બાહુબલી અણગાર, આર્યા બ્રાહ્મી, આર્યા સુંદરી પણ પાંચસો ધનુષ્યની ઊંચાઈવાળા હતા.

**જાગૃત થવાના કારણો :–**

**६० पंचहिं ठाणेहिं सुत्ते विबुज्झेज्जा, तं जहा– सद्देणं, फासेणं, भोयणपरिणामेणं, णिद्दक्खएणं, सुविणदंसणेणं ।**

**ભાવાર્થ :–** પાંચ કારણે સૂતો માનવ જાગે છે, તે આ પ્રમાણે છે– (૧) શબ્દ– અવાજ સાંભળવાથી (૨) સ્પર્શથી– કોઈનો સ્પર્શ થવાથી (૩) ભોજન પરિણામથી અર્થાત્ ભૂખ લાગવાથી (૪) નિદ્રાક્ષયથી– નિદ્રા પૂર્ણ થઈ જવાથી (૫) સ્વપ્ન દર્શનથી– સ્વપ્ન આવવાથી.

**સાધ્વીને અવલંબન આપવાના કારણો :–**

**६१ पंचहिं ठाणेहिं समणे णिग्गंथे, णिग्गंथी गिण्हमाणे वा अवलंबमाणे वा णाइक्कमइ, तं जहा–**

**णिग्गंथिं च णं अण्णयरे पसुजाइए वा पक्खिजाइए वा ओहाएज्जा, तत्थ णिग्गंथे णिग्गंथिं गिण्हमाणे वा अवलंबमाणे वा णाइक्कमइ ।**

**णिग्गंथे णिग्गंथिं दुग्गंसि वा विसमंसि वा पक्खलमाणिं वा पवडमाणिं वा गिण्हमाणे वा अवलंबमाणे वा णाइक्कमइ ।**

**णिग्गंथे णिग्गंथिं सेयंसि वा पंकंसि वा पणगंसि वा उदगंसि वा उक्कसमाणिं वा उबुज्जमाणिं वा गिण्हमाणे वा अवलंबमाणे वा णाइक्कमइ ।**

**णिग्गंथे णिग्गंथिं णावं आरुभमाणिं वा आरोहमाणिं वा गिण्हमाणे वा अवलंबमाणे वा णाइक्कमइ ।**

**खित्तचित्तं दित्तचित्तं जक्खाइट्ठं उम्मायपत्तं उवसग्गपत्तं साहिगरणं सपायच्छित्तं** *जाव* **भत्तपाणपडियाइक्खियं अट्ठजायं वा णिग्गंथिं णिग्गंथे गिण्हमाणे वा अवलंबमाणे वा णाइक्कमइ ।**

**ભાવાર્થ :–** પાંચ કારણે શ્રમણ નિર્ગ્રંથ, નિર્ગ્રંથીને પકડે અથવા અવલંબન આપે તો પણ ભગવાનની આજ્ઞાનું અતિક્રમણ કરતા નથી, તે આ પ્રમાણે છે–

(૧) કોઈ પશુજાતીય, પક્ષી જાતીય પ્રાણી નિર્ગ્રંથી ઉપર આક્રમણ કરે ત્યારે નિર્ગ્રંથીને પકડતા કે સહારો(અવલંબન) આપતા નિર્ગ્રંથ, ભગવાનની આજ્ઞાનું ઉલ્લંઘન કરતા નથી.

(૨) દુર્ગમ અથવા વિષમ સ્થાનમાં લપસતી કે પડતી નિર્ગ્રંથીને પકડતા કે અવલંબન આપતા નિર્ગ્રંથ, ભગવાનની આજ્ઞાનું અતિક્રમણ કરતા નથી.

(૩) ગારામાં, કીચડમાં, શેવાળમાં કે પાણીમાં ફસાયેલી, અથવા પાણીમાં તણાતી નિર્ગ્રંથીને પકડતા કે અવલંબન દેતા નિર્ગ્રંથ, ભગવાનની આજ્ઞાનું ઉલ્લંઘન કરતા નથી.

(૪) નિર્ગ્રંથીને નાવમાં ચઢાવતા કે ઉતારતા નિર્ગ્રંથ, ભગવાનની આજ્ઞાનું અતિક્રમણ કરતા નથી.

(૫) ક્ષિપ્તચિત્ત, દપ્તચિત્ત, યક્ષાવિષ્ટ, ઉન્માદ પ્રાપ્ત, ઉપસર્ગ પ્રાપ્ત, કલહરત, પ્રાયશ્ચિત્તનું વહન કરતી, ભક્ત-પાન પ્રત્યાખ્યાન્(ઉપવાસી), અર્થજાત(સ્વપતિ અથવા અન્ય કોઈ દ્વારા સંયમથી પતિત કરાતી) નિર્ગ્રંથીને પકડતા અથવા અવલંબન દેતા નિર્ગ્રંથ, ભગવાનની આજ્ઞાનું અતિક્રમણ કરતા નથી.

## વિવેચન :–

પ્રસ્તુત સૂત્ર બ્રહ્મચર્ય મહાવ્રતનું અપવાદ સૂત્ર છે. નિર્ગ્રંથીનો સ્પર્શ કરવો નિર્ગ્રંથ માટે સર્વથા વર્જ્ય છે. તેમ છતાં કોઈ પરિસ્થિતિ વિશેષને કારણે નિર્ગ્રંથ નિર્ગ્રંથીનો હાથ વગેરે પકડી તેને સહારો આપી શકે છે. તેના સંયમની રક્ષા કરી શકે છે. તે પાંચ કારણો આ સૂત્રમાં બતાવ્યા છે. તે ભાવાર્થથી સ્પષ્ટ છે. વિશેષાર્થ માટે જુઓ– વ્યવહાર સૂત્ર.

પ્રત્યેક કારણમાં ગ્રહણ અને અવલંબન આ બે પદનો પ્રયોગ કર્યો છે. **गेण्हमाणे** = નિર્ગ્રંથીને પકડીને રાખવી, ઉપાડી લેવી, તે ગ્રહણ છે. **अवलंबमाणे** = હાથથી કે શરીરથી તેને સહારો આપવો, તે અવલંબન છે.

**दुग्गंसि** :– દુર્ગમસ્થાન, દુર્ગમ પ્રદેશ. ટીકાકારે તેના ત્રણ પ્રકાર કહ્યા છે– (૧) વૃક્ષદુર્ગ– સઘનઝાડી (૨) શ્વાપદ દુર્ગ– હિંસક પશુઓના નિવાસ સ્થાન (૩) મનુષ્ય દુર્ગ– મ્લેચ્છાદિ મનુષ્યોની વસ્તી. સાધારણ રીતે ઊંચી-નીચી ભૂમિને દુર્ગમ કહે છે.

પાંચમાં કારણમાં ક્ષિપ્તચિત્ત વગેરે નવ અવસ્થાઓ દર્શાવી છે. તે આ પ્રમાણે છે–

**(૧) खित्तचित्तं**– રાગ, ભય કે અપમાનાદિથી જેનું ચિત્ત વિક્ષિપ્ત હોય. **(૨) दित्तचित्तं**– સન્માન, લાભ, ઐશ્વર્ય આદિના મદથી અથવા દુર્જય શત્રુને જીતવાથી જેનું ચિત્ત દર્પવાળું બન્યું હોય. **(૩) जक्खाइट्ठं**– પૂર્વભવના વૈર, રાગાદિથી યક્ષ દ્વારા અધિષ્ઠિત હોય, **(૪) उम्मायपत्तं**– પિત્ત-વિકારથી ઉન્મત અથવા પાગલ બની ગઈ હોય, **(૫) उवसग्गपत्तं**– દેવ, મનુષ્ય અથવા તિર્યંચકૃત ઉપદ્રવથી પીડિત હોય. **(૬) साहिगरणं**– કલહ, લડાઈ, કે ઝગડાથી યુક્ત હોય. **(૭) सपायच्छित्तं**– પ્રાયશ્ચિતના ભયથી ભયભીત હોય, **(૮) भत्तपाणपडियाइक्खियं**– જીવન પર્યંત અશન–પાનનો ત્યાગ કર્યો હોય. **(૯) अट्ठजायं**– અર્થ(પ્રયોજન) વિશેષથી ધનાદિ માટે કોઈપણ વ્યક્તિ દ્વારા સંયમથી ચલિત કરાતી હોય.

ઉપર્યુક્ત સર્વ દશાઓમાં નિર્ગ્રંથીની રક્ષા માટે નિર્ગ્રંથ તેને ગ્રહણ કરી શકે અથવા અવલંબન આપી શકે છે. આ પ્રકારની પ્રવૃત્તિમાં નિર્ગ્રંથની સંયમ રક્ષાની જ નિષ્કામ ભાવના હોવાથી તેના વ્રતમાં કોઈ દોષ લાગતો નથી અને તેમાં ભગવાનની આજ્ઞાનું ઉલ્લંઘન પણ થતું નથી.

સૂત્રકારે સ્થાન-૬, સૂત્ર-ર૨માં આ નવ અવસ્થામાંથી પ્રથમની છ અવસ્થાઓ સાધ્વીને ગ્રહણ કરવાના કે અવલંબન આપવાના કારણરૂપે દર્શાવી છે.

## આચાર્ય-ઉપાધ્યાયના અતિશય :–

**૬૨** **आयरिय-उवज्झायस्स णं गणंसि पंच अइसेसा पण्णत्ता, तं जहा–**

**आयरिय-उवज्झाए अंतो उवस्सयस्स पाए णिगिज्झिय-णिगिज्झिय पप्फोडेमाणे वा पमज्जेमाणे वा णाइक्कमइ । आयरिय-उवज्झाए अंतो उवस्सयस्स उच्चारपासवणं विगिंचमाणे वा विसोहेमाणे वा णाइक्कमइ । आयरिय-उवज्झाए पभू इच्छा वेया- वडियं करेज्जा, इच्छा णो करेज्जा । आयरिय-उवज्झाए अंतो उवस्सयस्स एगरायं वा दुरायं वा एगओ वसमाणे णाइकम्मइ । आयरिय-उवज्झाए बाहिं उवस्सयस्स एगरायं वा दुरायं वा एगओ वसमाणे णाइक्कमइ ।**

**ભાવાર્થ :–** ગણમાં આચાર્ય અને ઉપાધ્યાયના પાંચ અતિશય(વિશેષ અધિકાર) હોય છે, તે આ પ્રમાણે છે– (૧) આચાર્ય અને ઉપાધ્યાય ઉપાશ્રયમાં સાવધાનીપૂર્વક પગની ધૂળને ખંખેરે કે પોંજે તો આજ્ઞાનું અતિક્રમણ(ઉલ્લંઘન) કરતા નથી. (૨) આચાર્ય અને ઉપાધ્યાય ઉપાશ્રયમાં મળ-મૂત્રનો વ્યુત્સર્ગ અને વિશોધન કરે તો આજ્ઞાનું અતિક્રમણ કરતા નથી. (૩) આચાર્ય અને ઉપાધ્યાય સમર્થ હોવા છતાં પોતાની ઈચ્છાનુસાર અન્ય સાધુની વૈયાવચ્ચ કરે અથવા ન કરે તો પણ આજ્ઞાનું ઉલ્લંઘન કરતા નથી. (૪) આચાર્ય અને ઉપાધ્યાય ઉપાશ્રયમાં એક કે બે રાત્રિ એકલા રહે તો પણ આજ્ઞાનું ઉલ્લંઘન કરતા નથી. (૫) આચાર્ય અને ઉપાધ્યાય ઉપાશ્રયની બહાર એક કે બે રાત્રિ એકલા રહે તો પણ આજ્ઞાનું ઉલ્લંઘન કરતા નથી.

## વિવેચન :–

જૈન શાસનમાં વ્યવસ્થાની દષ્ટિએ સાત પદ(પદવી)નો નિર્દેશ છે. તેમાં આચાર્ય અને ઉપાધ્યાય બે પદ અલગ કહ્યા છે. સૂત્રના અર્થની વાચના આપે તે આચાર્ય અને સૂત્રની વાચના આપે તે ઉપાધ્યાય કહેવાય છે. ક્યારેક બંને કાર્ય એક જ વ્યક્તિ સંપાદિત કરતી હોય છે.

પ્રસ્તુત સૂત્રમાં આચાર્ય-ઉપાધ્યાયના પાંચ અતિશેષ બતાવ્યા છે.

**अइसेसा :–** વિશેષ વિધિ, આચાર્યાદિની વિશેષ વિધિને અતિશેષ કહે છે. સાધુઓ કરતા આચાર્ય-

ઉપાધ્યાયને જે વિશેષ અધિકાર પ્રાપ્ત થયા હોય તે અધિકારને જ અહીં અતિશય રૂપે કહ્યા છે. તે સૂત્રાર્થથી સ્પષ્ટ છે. વ્યવહાર સૂત્ર ઉદ્દે.-૬, સૂત્ર-૨ માં પણ આ અતિશયો નિર્દિષ્ટ છે.

## આચાર્ય-ઉપાધ્યાયના ગણ ત્યાગનાં કારણો :–

**६३ पंचहिं ठाणेहिं आयरिय-उवज्झायस्स गणावक्कमणे पण्णत्ते, तं जहा– आयरिय-उवज्झाए गणंसि आणं वा धारणं वा णो सम्मं पउंजित्ता भवइ । आयरिय-उवज्झाए गणंसि अहारायणियाए किइकम्मं वेणइयं णो सम्मं पउंजित्ता भवइ । आयरिय-उवज्झाए गणंसि जे सुयपज्जवजाए धारेइ, ते काले-काले णो सम्ममणुपवादेत्ता भवइ । आयरिय-उवज्झाए गणंसि सगणियाए वा परगणियाए वा णिग्गंथीए बहिल्लेसे भवइ । मित्ते णाइगणे वा से गणाओ अवक्कमेज्जा, तेसिं संगहोवग्गहट्ठयाए गणावक्कमणे पण्णत्ते ।**

**ભાવાર્થ :–** પાંચ કારણે આચાર્ય-ઉપાધ્યાય ગણથી અપક્રમણ કરે છે(ગણથી પૃથક્ થાય છે), તે આ પ્રમાણે છે–

(૧) ગણમાં આચાર્ય કે ઉપાધ્યાયની આજ્ઞા અને ધારણાનું સમ્યક્ પાલન થતું ન હોય. (૨) આચાર્ય કે ઉપાધ્યાય ગણમાં નાના-મોટાના ક્રમથી વંદન અને વિનયાદિનો સમ્યક પ્રયોગ કરાવી શકતા ન હોય. (૩) આચાર્ય અને ઉપાધ્યાયે જે શ્રુતપર્યાય ધારણ કર્યા હોય, તેની સમયે સમયે સમ્યક્ વાચના આપી શકતા ન હોય. (૪) આચાર્ય કે ઉપાધ્યાય પોતાના ગણની અથવા બીજાના ગણની નિર્ગ્રંથી પ્રતિ બહિર્લેશ્ય(આસક્ત) થયા હોય. (૫) આચાર્ય કે ઉપાધ્યાયના મિત્ર, જ્ઞાતિજન-કુટુંબી આદિ ગણમાંથી નીકળી ગયા હોય, તેઓને પુનઃ ગણમાં લાવવા હોય અથવા તેનો ઉપકાર કરવો હોય તો તે ગણથી પૃથક્ થાય છે.

## વિવેચન :–

સાધુ-સાધ્વી તથા આચાર્ય, ઉપાધ્યાયે ગચ્છમાં જ રહેવું જોઈએ. તેમ છતાં સૂત્રોક્ત પાંચ કારણોમાંથી કોઈ પણ કારણ ઉપસ્થિત થાય તો આચાર્ય કે ઉપાધ્યાય ગણને છોડે છે. આ અપવાદ માર્ગ છે.

આચાર્ય અને ઉપાધ્યાય ગણના સ્વામી હોય છે. તેઓ સંઘનું સંચાલન સારી રીતે કરતા હોય છે પરંતુ તેઓને એવો અનુભવ થાય કે હવે આ ગણમાં મારી આજ્ઞા કે ધારણાની અવહેલના થાય છે, જ્ઞાનનો ઉપયોગ થતો નથી તો તેઓ ગણથી પૃથક્ થઈ શકે છે.

**बहिल्लेसे :–** આચાર્યાદિ બ્રહ્મચર્યમાં ચલચિત્ત થઈ ગયા હોય તો તે પદવીધર ગણ ત્યાગ કરી શકે છે. પરંતુ પદવી ધારણ કરીને જિનશાસનની અવહેલના કરવી તે યોગ્ય નથી.

તાત્પર્ય એ છે કે આચાર્ય અને ઉપાધ્યાયે આત્મસાધના સાથે સંઘ કે ગણની પ્રતિષ્ઠા, મર્યાદા અને પ્રખ્યાતિ વધતી રહે તેવા કર્તવ્યો કરવા જોઈએ.

**ઋદ્ધિમાન મનુષ્યો :–**

**૬૪ पंचविहा इड्ढिमंता मणुस्सा पण्णत्ता, तं जहा– अरहंता, चक्कवट्टी, बलदेवा, वासुदेवा, भावियप्पाणो अणगारा ।**

**ભાવાર્થ :–** ઋદ્ધિમાન્ મનુષ્યના પાંચ પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) તીર્થંકર (૨) ચક્રવર્તી (૩) બલદેવ (૪) વાસુદેવ (૫) ભાવિતાત્મા અણગાર.

**વિવેચન :–**

**इड्ढि :–** સામાન્યરૂપે વૈભવ, ઐશ્વર્ય અને સંપદાને ઋદ્ધિ કહે છે. વૃત્તિકારે આમર્ષૌષધિ વગેરે અઠ્યાવીસ યોગશક્તિને ઋદ્ધિ કહી છે. અર્હંત, ચક્રવર્તી વગેરે પદ અને પદજન્ય ઋદ્ધિ તથા યોગજન્ય ઋદ્ધિ કર્મના ક્ષય, ઉપશમ કે ક્ષયોપશમથી પ્રાપ્ત થાય છે. અહીં પાંચ પ્રકારના ઋદ્ધિમાન પુરુષોનો ઉલ્લેખ છે. તેમાંથી પ્રથમના ચારની ઋદ્ધિ તેના પદ આશ્રી છે. ભાવિતાત્મા અણગારની ઋદ્ધિ સંયમ-તપજન્ય લબ્ધિઓની અપેક્ષાએ છે.

**भावियप्पाणो अणगारा :–** (૧) તપ સંયમથી આત્માને પુષ્ટ કરનાર સાધકને ભાવિતાત્મા અણગાર કહેવાય છે. (૨) જેનો આત્મા અનિત્યાદિ બાર ભાવનાઓ, મૈત્રી વગેરે ચાર ભાવનાઓ, અભય, સહિષ્ણુતા વગેરેથી ભાવિત હોય છે, તેને ભાવિતાત્મા અણગાર કહે છે.

ચક્રવર્તી, બળદેવ, વાસુદેવની ઋદ્ધિ પુણ્યના ઉદયથી હોય છે. અર્હંતોની ઋદ્ધિ પૂર્વોપાર્જિત પુણ્યોદય અને વર્તમાનભવમાં ઘાતિકર્મના ક્ષયથી હોય છે અને ભાવિતાત્મા અણગારની ઋદ્ધિઓ વર્તમાન ભવની તપસ્યા વિશેષથી પ્રાપ્ત થાય છે.

**॥ સ્થાન ૫/૨ સંપૂર્ણ ॥**

# સ્થાન-૫

## ઉદ્દેશક-૩

**અસ્તિકાય દ્રવ્યો :-**

**१ पंच अत्थिकाया पण्णत्ता, तं जहा- धम्मत्थिकाए, अधम्मत्थिकाए, आगास- त्थिकाए, जीवत्थिकाए, पोग्गलत्थिकाए ।**

**ભાવાર્થ :-** પાંચ અસ્તિકાય છે, તે આ પ્રમાણે છે– (૧) ધર્માસ્તિકાય (૨) અધર્માસ્તિકાય (૩) આકાશાસ્તિકાય (૪) જીવાસ્તિકાય (૫) પુદ્‌ગલાસ્તિકાય.

**२ धम्मत्थिकाए अवण्णे अगंधे अरसे अफासे अरूवी अजीवे सासए अवट्ठिए लोगदव्वे । से समासओ पंचविहे पण्णत्ते, तं जहा- दव्वओ, खेत्तओ, कालओ, भावओ, गुणओ ।**

**दव्वओ णं धम्मत्थिकाए एगं दव्वं । खेत्तओ लोगपमाणमेत्ते । कालओ ण कयाइ णासी, ण कयाइ ण भवइ, ण कयाइ ण भविस्सइ; भुविं च भवइ य भविस्सइ य, धुवे णिइए सासए अक्खए अव्वए अवट्ठिए णिच्चे । भावओ अवण्णे अगंधे अरसे अफासे । गुणओ गमणगुणे ।**

**ભાવાર્થ :-** ધર્માસ્તિકાય અવર્ણ, અગંધ, અરસ, અસ્પર્શ, અરૂપી, અજીવ, શાશ્વત, અવસ્થિત અને લોકવ્યાપી દ્રવ્ય છે.

સંક્ષેપથી તેના પાંચ પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) દ્રવ્યથી (૨) ક્ષેત્રથી (૩) કાળથી (૪) ભાવથી (૫) ગુણથી.

(૧) દ્રવ્યની અપેક્ષાએ– ધર્માસ્તિકાય એક દ્રવ્ય છે. (૨) ક્ષેત્રની અપેક્ષાએ– તે લોક પ્રમાણ છે. (૩) કાળની અપેક્ષાએ– તે કયારે ય ન હતું, એમ નથી; કયારે ય (વર્તમાને) નથી, એમ પણ નથી અને ભવિષ્યમાં નહીં હોય, એમ પણ નથી. તે ભૂતકાળમાં હતું, વર્તમાનમાં છે અને ભવિષ્યમાં હશે. તેથી તે ધ્રુવ, નિયત, શાશ્વત, અક્ષય, અવ્યય, અવસ્થિત અને નિત્ય છે. (૪) ભાવની અપેક્ષાએ– તે વર્ણ, ગંધ, રસ, સ્પર્શ રહિત છે. (૫) ગુણની અપેક્ષાએ તે ચલણ ગુણવાળું છે અર્થાત્ ગતિશીલ જીવો અને પુદ્‌ગલોને ગમન કરવામાં સહાયક છે.

**३ अधम्मत्थिकाए एवं चेव, णवरं गुणओ ठाणगुणे ।**

**ભાવાર્થ :–** અધર્માસ્તિકાય દ્રવ્ય પણ ધર્માસ્તિકાયની જેમ જ અવર્ણાદિરૂપ છે. તેમાં વિશેષતા એ છે કે તે ગુણની અપેક્ષાએ સ્થિરતાગુણવાળું છે અર્થાત્ સ્થિર થતાં જીવો અને પુદ્‌ગલોને સ્થિર થવામાં સહાયક છે.

**४ आगासत्थिकाए एवं चेव णवरं खेत्तओ लोगालोग-पमाणमित्ते, गुणओ अवगाहणागुणे सेसं तं चेव ।**

**ભાવાર્થ :–** આકાશાસ્તિકાય દ્રવ્ય પણ ધર્માસ્તિકાયની જેમ જ અવર્ણાદિરૂપ છે. તેમાં વિશેષતા એ છે કે તે ક્ષેત્રની અપેક્ષાએ લોકાલોક પ્રમાણ અને ગુણની અપેક્ષાએ અવગાહના ગુણવાળું છે.

**५ जीवत्थिकाए णं एवं चेव, णवरं– दव्वओ णं जीवत्थिकाए अणंताइ दव्वाइं, गुणओ उवओगगुणे ।**

**ભાવાર્થ :–** જીવાસ્તિકાય દ્રવ્ય પણ ધર્માસ્તિકાયાદિની જેમ જ અવર્ણાદિરૂપ છે. તેમાં વિશેષતા એ છે કે દ્રવ્યની અપેક્ષાએ જીવાસ્તિકાય અનંત દ્રવ્ય છે. ગુણની અપેક્ષાએ ઉપયોગ ગુણવાળું છે.

**६ पोग्गलत्थिकाए पंचवण्णे पंचरसे दुगंधे अट्ठफासे रूवी अजीवे सासए अवट्ठिए लोगदव्वे** *जाव* **दव्वओ णं पोग्गलत्थिकाए अणंताइं दव्वाइं । खेत्तओ लोगपमाणमेत्ते, कालओ ण कयाइ णासि** *जाव* **भावओ वण्णमंते गंधमंते रसमंते फासमंते । गुणओ गहणगुणे ।**

**ભાવાર્થ :–** પુદ્‌ગલાસ્તિકાય પાંચ વર્ણ, પાંચ રસ, બે ગંધ, આઠ સ્પર્શવાળું, રૂપી, અજીવ, શાશ્વત અવસ્થિતાદિરૂપ છે. ***યાવત્*** (૧) દ્રવ્યની અપેક્ષાએ– પુદ્‌ગલાસ્તિકાય અનંત દ્રવ્ય છે. (૨) ક્ષેત્રની અપેક્ષાએ– તે લોક પ્રમાણ છે. (૩) કાલની અપેક્ષાએ– તે(ભૂતકાળમાં)ન હતું તેમ નથી, વર્તમાને નથી તેમ નથી, ભવિષ્યમાં રહેશે નહીં, તેમ પણ નથી. તેથી તે નિત્ય છે તેમ જાણવું. (૪) ભાવની અપેક્ષાએ– તે વર્ણવાન, ગંધવાન, રસવાન અને સ્પર્શવાન છે. (૫) ગુણની અપેક્ષાએ– પુદ્‌ગલાસ્તિકાય ગ્રહણ ગુણ-વાળું છે અર્થાત્ ઔદારિક આદિ શરીરરૂપે ગ્રહણ કરાય છે અને ઇન્દ્રિયો દ્વારા પણ ગ્રાહ્ય છે. પુરણ, ગલન ગુણવાળું તથા મળવું, છૂટા પડવું આદિ સ્વભાવવાળું છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં પંચાસ્તિકાય દ્રવ્યોનું સ્વરૂપ દર્શન છે.

**अत्थिकाए :–** અસ્તિ એટલે વિદ્યમાન અને કાય એટલે પ્રદેશોનો સમુદાય. જે દ્રવ્યો વિદ્યમાન હોવાની

સાથે પ્રદેશોના સમુદાય રૂપ હોય તે અસ્તિકાય કહેવાય છે. પ્રસ્તુત સૂત્રમાં આ પાંચે દ્રવ્યોનું દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ અને ગુણ આ પાંચ અપેક્ષાએ કથન કર્યુ છે.

**દ્રવ્યથી :–** ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય અને આકાશાસ્તિકાય અખંડ દ્રવ્ય હોવાથી દ્રવ્યથી એક રૂપ છે. જીવ અને પુદ્‌ગલ અનંત છે.

**ક્ષેત્રથી :–** આકાશાસ્તિકાયને છોડીને શેષ દ્રવ્યો લોક પ્રમાણ છે. ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય સમગ્ર રૂપે લોકમાં વ્યાપક છે. જ્યારે એક જીવ અને એક પુદ્‌ગલ દ્રવ્ય સંપૂર્ણ લોકમાં વ્યાપ્ત નથી, પરંતુ અનંત જીવો અને અનંત પુદ્‌ગલોની અપેક્ષાએ તે સંપૂર્ણ લોકમાં ભરેલા છે. તેમજ એક જીવમાં લોક પ્રમાણ અસંખ્યાત આત્મપ્રદેશો હોય છે. આકાશાસ્તિકાય, લોક અને અલોકમાં સમગ્ર રૂપે વ્યાપ્ત છે. તેથી તે લોકાલોક પ્રમાણ છે.

**કાલથી :–** પાંચે દ્રવ્યો ત્રિકાલ શાશ્વત છે. પાંચે દ્રવ્યોની નિત્યતા પ્રદર્શિત કરવા સૂત્રકારે સાત વિશેષણોનો પ્રયોગ કર્યો છે.

**ધ્રુવાદિ સાત વિશેષણો :– धुवे** = ત્રણે કાળમાં તેઓનું અસ્તિત્વ હોવાથી ધ્રુવ છે. **णिइए** = સદા એક જ રૂપે સ્થિત હોવાથી નિયત, **सासए** = કાયમ તેનો સદ્‌ભાવ હોવાથી શાશ્વત, **अक्खए** = ક્યારે ય ક્ષય ન થવાથી, પરિપૂર્ણ હોવાથી અક્ષય, **अव्वए** = અવ્યય, પર્યાયોનો નાશ થવા છતાં ક્યારે ય નષ્ટ થતું ન હોવાથી અવ્યય, **अवट्ठिए** = નિશ્ચલ. ઉત્પત્તિ-વિનાશ વચ્ચે નિશ્ચલ હોવાથી અવસ્થિત, **णिच्चे** = તેના ગુણો ત્રૈકાલિક હોવાથી તે નિત્ય છે.

**ભાવથી :–** ધર્માસ્તિકાયાદિ ચાર દ્રવ્યો વર્ણાદિ રહિત અર્થાત્‌ અરૂપી છે અને પુદ્‌ગલાસ્તિકાય વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ યુક્ત અર્થાત્‌ રૂપી છે.

**ગુણથી :–** તે પાંચે દ્રવ્યોના ભિન્ન–ભિન્ન ગુણ છે.

**गमणगुणे :–** ગમન સહાય. ગતિશીલ જીવ અને પુદ્‌ગલની ગતિમાં સહાયક બનવું તે ધર્માસ્તિકાયનો ગુણ છે.

**ठाणगुणे :–** સ્થિર સહાય. જીવ અને પુદ્‌ગલની સ્થિરતામાં સહાયક થવું તે અધર્માસ્તિકાયનો ગુણ છે.

**अवगाहणागुणे :–** અવગાહના આપવી. દ્રવ્યોને સ્થાન આપવું તે આકાશાસ્તિકાયનો ગુણ છે.

**उवओगगुणे :–** પદાર્થને જાણવા તત્પર થવા રૂપ વ્યાપારને ઉપયોગ કહે છે. ઉપયોગ તે જીવનો ગુણ છે.

**गहणगुणे :–** ગ્રહણ ગુણ. એક પુદ્‌ગલ દ્રવ્ય બીજા પુદ્‌ગલને ગ્રહણ કરે, ભેગા થાય, છૂટા થાય, જીવો પણ તેને ગ્રહણ કરે. આ રીતે ગ્રહણ, ધારણ અને નિસ્સરણ યોગ્ય હોવાથી પુદ્‌ગલ દ્રવ્યને ગ્રહણ ગુણવાળું કહ્યું છે.

**પંચાસ્તિકાય દ્રવ્યો :–**

| વિગત | ધર્માસ્તિકાય | અધર્માસ્તિકાય | આકાશાસ્તિકાય | જીવાસ્તિકાય | પુદ્ગલાસ્તિકાય |
|---|---|---|---|---|---|
| દ્રવ્યથી | એક | એક | એક | અનંત | અનંત |
| ક્ષેત્રથી | લોક પ્રમાણ | લોક પ્રમાણ | લોકાલોક પ્રમાણ | લોક પ્રમાણ | લોક પ્રમાણ |
| કાળથી | ત્રણે કાળમાં અસ્તિત્વ | ત્રણે કાળમાં અસ્તિત્વ | ત્રણે કાળમાં અસ્તિત્વ | ત્રણે કાળમાં અસ્તિત્વ | ત્રણે કાળમાં અસ્તિત્વ |
| ભાવથી | અરૂપી | અરૂપી | અરૂપી | અરૂપી | રૂપી |
| ગુણથી | ચલન સહાય | સ્થિર સહાય | અવગાહના | ઉપયોગ | ગ્રહણગુણ |

**ગતિના પ્રકાર :–**

**૭ पंच गईओ पण्णत्ताओ, तं जहा– णिरयगई, तिरियगई, मणुयगई, देवगई, सिद्धिगई ।**

**ભાવાર્થ :–** ગતિના પાંચ પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) નરકગતિ (ર) તિર્યંચગતિ (૩) મનુષ્યગતિ (૪) દેવગતિ (પ) સિદ્ધગતિ.

**વિવેચન :–**

પ્રથમની ચાર ગતિમાં ગતિ નામકર્મના ઉદયે જીવ જે અવસ્થા વિશેષને પ્રાપ્ત થાય, તેને ગતિ કહે છે. પાંચમી સિદ્ધગતિમાં જીવ કર્મના ક્ષયથી પોતાની સહજ સ્વભાવ દશાને પ્રાપ્ત થાય, તેને સિદ્ધગતિ કહે છે. ત્યાં પણ જીવ ગમન કરીને જાય છે. તે અપેક્ષાએ તેને ગતિ કહી છે.

**ઈન્દ્રિય-વિષયો :–**

**૮ पंच इंदियत्था पण्णत्ता, तं जहा– सोइंदियत्थे, चक्खिदियत्थे, घाणिंदियत्थे, जिब्भिदियत्थे, फासिंदियत्थे ।**

**ભાવાર્થ :–** ઈન્દ્રિયોના પાંચ અર્થ(વિષય) છે, તે આ પ્રમાણે છે– (૧) શ્રોત્રેન્દ્રિયનો અર્થ(વિષય) શબ્દ (ર) ચક્ષુરિન્દ્રિયનો વિષય રૂપ (૩) ઘ્રાણેન્દ્રિયનો વિષય ગંધ (૪) જિહ્વેન્દ્રિયનો વિષય રસ (પ) સ્પર્શેન્દ્રિયનો વિષય સ્પર્શ છે.

**વિવેચન :–**

**ઈન્દ્રિય :–** ઈન્દ્ર એટલે આત્મા, તેનું જે સાધન તે ઈન્દ્રિય. ઈન્દ્રિય દ્વારા જે વિષય ગ્રહણ થાય તેને અર્થ કહે

છે. કાન, આંખ, નાક, જીભ, ત્વચા તે પાંચ ઇન્દ્રિય છે. શબ્દ, રૂપ, ગંધ, રસ, સ્પર્શ તેના વિષય છે.

પ્રસ્તુત સૂત્રમાં પાંચ ઇન્દ્રિયાર્થનું કથન છે. સ્થાન-૬, સૂત્ર-૧૩માં નોઇન્દ્રિય સહિત છ ઇન્દ્રિયાર્થનું કથન છે.

**મુંડન પ્રકાર :–**

**૧ पंच मुंडा पण्णत्ता, तं जहा– सोइंदियमुंडे, चक्खिंदियमुंडे, घाणिंदियमुंडे, जिब्भिंदियमुंडे, फासिंदियमुंडे । अहवा पंच मुंडा पण्णत्ता, तं जहा– कोहमुंडे, माणमुंडे, मायामुंडे, लोभमुंडे, सिरमुंडे ।**

**ભાવાર્થ :–** મુંડ(ઇન્દ્રિય વિષયમાં રાગદ્વેષનો ત્યાગ કરનાર, ઇન્દ્રિય વિજેતા)ના પાંચ પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) શ્રોતેન્દ્રિય મુંડ– શુભ, અશુભ શબ્દોમાં રાગદ્વેષના વિજેતા (૨) ચક્ષુરિન્દ્રિય મુંડ– શુભ, અશુભ રૂપોમાં રાગદ્વેષના વિજેતા (૩) ઘ્રાણેન્દ્રિય મુંડ– શુભ, અશુભ ગંધમાં રાગદ્વેષના વિજેતા (૪) જિહ્વેન્દ્રિય મુંડ– શુભ, અશુભ રસમાં રાગદ્વેષના વિજેતા (૫) સ્પર્શેન્દ્રિય મુંડ– શુભ અશુભ સ્પર્શમાં રાગદ્વેષના વિજેતા.

અથવા મુંડના પાંચ પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) ક્રોધ મુંડ– ક્રોધ કષાયના વિજેતા (૨) માન મુંડ– માન કષાયના વિજેતા (૩) માયા મુંડ– માયા કષાયના વિજેતા (૪) લોભ મુંડ– લોભ કષાયના વિજેતા (૫) શિરો મુંડ– મસ્તકના કેશનું મુંડન કરનાર, મુંડ મસ્તકવાળા.

**વિવેચન :–**

**મુંડન :– मुंडनम्–अपनयनं मुंडः** । મુંડ એટલે દૂર કરવું. તેના બે ભેદ છે, દ્રવ્યથી અને ભાવથી. **દ્રવ્યમુંડન–** મસ્તક પરના વાળને દૂર કરવા. શિરોમુંડન તે દ્રવ્ય મુંડન છે. **ભાવમુંડન–** ઇન્દ્રિયોના વિષયોમાંથી આસક્તિને દૂર કરવી, તેમાં રાગદ્વેષ ન કરવા તથા ક્રોધાદિ કષાયને દૂર કરવા, કષાય વિજયને ભાવમુંડન કહે છે.

**ઇન્દ્રિયમુંડન–** ઇન્દ્રિયોને તેના વિષયમાં આસક્ત થવા ન દેવી; ઈષ્ટ, અનિષ્ટ પદાર્થ પ્રતિ રાગદ્વેષના પરિણામ થવા ન દેવા, તેમાં સમભાવ રાખવો તે ઇન્દ્રિયમુંડન છે. પાંચ ઇન્દ્રિયોની અપેક્ષાએ તેના પાંચ ભેદ છે.

**કષાયમુંડન–** ક્રોધ, માન, માયા અને લોભ આ ચારે કષાયોથી નિવૃત્ત થવું તે કષાયમુંડન છે. ચાર કષાયની અપેક્ષાએ તેના ચાર ભેદ છે.

દસ પ્રકારના મુંડનમાંથી પ્રથમના નવ પ્રકારના મુંડન ભાવમુંડન છે અને અંતિમ મુંડન દ્રવ્ય મુંડન છે. અહીં સૂત્રકારે પાંચમું સ્થાન હોવાથી પાંચ પાંચના બે આલાપક દ્વારા દસ મુંડનનું કથન કર્યું છે. સ્થાન-૧૦, સૂત્ર-૯૧માં આ જ દસ મુંડનનું એક સૂત્ર દ્વારા કથન કર્યું છે.

### ત્રણે લોકમાં બાદર શરીરી જીવો :-

**૧૦ अहेलोगे णं पंच बायरा पण्णत्ता, तं जहा– पुढविकाइया, आउकाइया, वाउ- काइया, वणस्सइकाइया, ओराला तसा पाणा ।**

**ભાવાર્થ :–** અધોલોકમાં પાંચ પ્રકારના બાદર જીવો છે, તે આ પ્રમાણે છે– (૧) પૃથ્વીકાયિક (૨) અપ્કાયિક (૩) વાયુકાયિક (૪) વનસ્પતિકાયિક (૫) ઉદાર ત્રસ(બેઇન્દ્રિયાદિ) પ્રાણી.

**૧૧ उड्ढलोगे णं पंच बायरा पण्णत्ता, तं जहा– एवं चेव ।**

**ભાવાર્થ :–** ઊર્ધ્વલોકમાં અધોલોકની જેમ જ પાંચ પ્રકારના બાદર જીવો જાણવા.

**૧૨ तिरियलोगे णं पंच बायरा पण्णत्ता, तं जहा एगिंदिया *जाव* पंचिंदिया ।**

**ભાવાર્થ :–** તિર્યગ્‌લોકમાં પાંચ પ્રકારના બાદર જીવો છે, તે આ પ્રમાણે છે– એકેન્દ્રિય ***યાવત્*** પંચેન્દ્રિય જીવો.

**૧૩ पंचविहा बायरतेउकाइया पण्णत्ता, तं जहा– इंगाले, जाले, मुम्मुरे, अच्ची, अलाए ।**

**ભાવાર્થ :–** બાદર તેજસ્કાયિક જીવોના પાંચ પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) અંગાર– સળગેલો અગ્નિપિંડ-કોલસાની અગ્નિ (૨) જવાલા– બળતી અગ્નિની મૂળમાંથી છેદાયેલી શિખા (૩) મુર્મુર– રાખથી ઢંકાયેલા અગ્નિકણ(ભારેલો અગ્નિ) (૪) અર્ચિ– બળતા કાષ્ઠાદિની અછિન્ન જ્વાળા (૫) અલાત– બળતા લાકડા અથવા ભટ્ટાની અગ્નિ.

**૧૪ पंचविहा बादरवाउकाइया पण्णत्ता, तं जहा– पाईणवाए, पडीणवाए, दाहि- णवाए, उदीणवाए, विदिसवाए ।**

**ભાવાર્થ :–** બાદર વાયુકાયિક જીવના પાંચ પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) પૂર્વ દિશાનો પવન (૨) પશ્ચિમ દિશાનો પવન (૩) દક્ષિણ દિશાનો પવન (૪) ઉત્તર દિશાનો પવન (૫) વિદિશાઓનો પવન અર્થાત્ ઈશાન, અગ્નિ, નૈઋત્ય, વાયવ્ય, ઊર્ધ્વ અને અધો દિશાઓનો વાયુ.

### વિવેચન :-

પ્રસ્તુત સૂત્રોમાં ઊર્ધ્વલોક અને અધોલોકમાં બાદર જીવોનું કથન પૃથ્વીકાય વગેરે કાયથી કર્યું છે. છકાયમાંથી અગ્નિકાયને છોડી શેષ પાંચકાય ઊર્ધ્વ અને અધોલોકમાં હોય છે. બાદર અગ્નિ તિર્યગ્લોકમાં હોય છે અને તેમાં પણ અઢીદ્વીપમાં જ હોય છે. જંબૂદ્વીપના મહાવિદેહ ક્ષેત્રની બે વિજય અધોલોક સુધી વ્યાપ્ત છે, તે આશ્રી ત્યાં અગ્નિકાય સંભવે છે પરંતુ તે ક્ષેત્ર અત્યંત અલ્પ હોવાથી તેની વિવક્ષા અહીં કરી નથી.

તિર્યગ્લોકમાં એકેન્દ્રિય વગેરે જાતિની અપેક્ષાએ બાદર જીવોનું કથન સૂત્રકારે કર્યુ છે. કાયની અપેક્ષાએ ત્યાં છ કાય હોય છે. પાંચમું સ્થાન હોવાથી પાંચના ગ્રહણ માટે પાંચ જાતિથી કથન કર્યુ છે.

બાદર અગ્નિ તથા બાદર વાયુના પાંચ-પાંચ પ્રકાર સૂત્રાર્થથી સ્પષ્ટ છે.

## અચિત્ત વાયુ :-

**૧૫ पंचविहा अचित्ता वाउकाइया पण्णत्ता, तं जहा– अक्कंते, धंते, पीलिए, सरीराणुगते, संमुच्छिमे ।**

**ભાવાર્થ :–** અચિત્તવાયુના પાંચ પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) આક્રાન્તવાયુ– જોર-જોરથી ભૂમિ ઉપર પગ પછાડવાથી ઉત્પન્ન વાયુ (૨) ધ્માત વાયુ– શંખાદિ ફૂંકવાથી ઉત્પન્ન થતો વાયુ (૩) પીડિત વાયુ– ભીના વસ્ત્રાદિને ઝાટકવાથી ઉત્પન્ન થતો વાયુ (૪) શરીરાનુગત વાયુ– ઉચ્છ્વાસ, અપાન અને ઓડકાર આદિ દ્વારા શરીરમાંથી નીકળતો વાયુ (૫) સંમૂર્ચ્છિમ વાયુ– પંખાના ચાલવાથી ઉત્પન્ન થતો વાયુ.

## વિવેચન :-

પૂર્વોક્ત સૂત્રમાં પાંચ સચિત્ત વાયુનું કથન કર્યું હતું, પ્રસ્તુત સૂત્રમાં પાંચ પ્રકારના અચિત્ત વાયુનું કથન છે. સૂત્રોક્ત પાંચે પ્રકારના વાયુ ઉત્પત્તિ સમયે અચિત્ત હોય છે.

વાયુનું શસ્ત્ર વાયુ જ છે. અચિત્તવાયુથી સચિત્ત વાયુની વિરાધના થાય છે. તે વાયુ ઉત્પન્ન થાય ત્યારે અચિત્ત હોય છે પછી તે સચિત્ત પણ થઈ જાય છે.

## નિર્ગ્રંથના પાંચ પ્રકાર :-

**૧૬ पंच णियंठा पण्णत्ता, तं जहा– पुलाए, बउसे, कुसीले, णियंठे, सिणाए ।**

**ભાવાર્થ :–** નિર્ગ્રંથના પાંચ પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) પુલાક– નિઃસાર ધાન્યકણની જેમ ચારિત્રને લબ્ધિ પ્રયોગ વડે નિઃસાર કરનારા નિર્ગ્રંથો. (૨) બકુશ– ચારિત્રના ઉત્તર ગુણમાં દોષ લગાડનારા નિર્ગ્રંથો. (૩) કુશીલ– તેના બે ભેદ છે– (૧) મૂલગુણ અને ઉત્તરગુણ બંનેમાંથી કોઈમાં પણ દોષ લગાડનાર પ્રતિસેવના કુશીલ કહેવાય છે. (૨) કોઈપણ પ્રકારે દોષ સેવન ન કરનારા નિર્ગ્રંથો કષાયકુશીલ કહેવાય છે. (૪) નિર્ગ્રંથ– મોહનીય કર્મનો ક્ષય કે ઉપશમ કરનારા વીતરાગી નિર્ગ્રંથો. ૧૧મા તથા ૧૨મા ગુણસ્થાનવર્તી સાધુ. (૫) સ્નાતક– ચાર ઘાતિકર્મોનો ક્ષય કરનારા ૧૩-૧૪મા ગુણસ્થાનવર્તી જિન.

**૧૭ पुलाए पंचविहे पण्णत्ते, तं जहा– णाणपुलाए, दंसणपुलाए, चरित्तपुलाए, लिंगपुलाए, अहासुहुमपुलाए णामं पंचमे ।**

**ભાવાર્થ :–** પુલાક નિર્ગ્રંથના પાંચ પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) જ્ઞાન પુલાક– જ્ઞાનના નિમિત્તે પુલાક લબ્ધિનો પ્રયોગ કરે તે. (૨) દર્શન પુલાક– દર્શનના નિમિત્તે પુલાક લબ્ધિનો પ્રયોગ કરે તે. (૩) ચારિત્ર પુલાક– ચારિત્રના નિમિત્તે પુલાક લબ્ધિનો પ્રયોગ કરે તે. (૪) લિંગ પુલાક– ઉપકરણ અને વેશભૂષા નિમિત્તે પુલાક લબ્ધિનો પ્રયોગ કરે તે. (૫) યથાસૂક્ષ્મ પુલાક– અન્ય કોઈપણ નિમિત્તે પુલાક લબ્ધિનો પ્રયોગ કરે તે.

**१८ बउसे पंचविहे पण्णत्ते, तं जहा– आभोगबउसे, अणाभोगबउसे, संवुडबउसे, असंवुडबउसे, अहासुहुमबउसे णामं पंचमे ।**

**ભાવાર્થ :–** બકુશ નિર્ગ્રંથના પાંચ પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) આભોગ બકુશ– સંયમ સ્વરૂપને જાણવા છતાં જાણી જોઈને શરીરાદિને વિભૂષિત કરનારા (૨) અનાભોગ બકુશ– સંયમ સ્વરૂપને નહીં જાણતા શરીરાદિને વિભૂષિત કરનારા (૩) સંવૃત બકુશ– છૂપી રીતે શરીરાદિને વિભૂષિત કરનારા (૪) અસંવૃત બકુશ– પ્રગટરૂપે શરીરાદિને વિભૂષિત કરનારા (૫) યથાસૂક્ષ્મબકુશ– પ્રગટ કે અપ્રગટરૂપે શરીરાદિની સૂક્ષ્મ વિભૂષા કરનારા.

**१९ कुसीले पंचविहे पण्णत्ते, तं जहा– णाणकुसीले, दंसणकुसीले, चरित्तकुसीले, लिंगकुसीले, अहासुहुमकुसीले णामं पंचमे ।**

**ભાવાર્થ :–** કુશીલ નિર્ગ્રંથના પાંચ પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) જ્ઞાન કુશીલ– જ્ઞાનના નિમિત્તે મૂલગુણ કે ઉત્તરગુણમાં દોષ લગાડનારા. (૨) દર્શન કુશીલ– દર્શન અને દાર્શનિક સિદ્ધાંતોના નિમિત્તે દોષ સેવન કરનારા. (૩) ચારિત્ર કુશીલ– ચારિત્ર પાલન નિમિત્તે દોષ સેવન કરનારા. (૪) લિંગ કુશીલ– સાધુલિંગ નિમિત્તે દોષ સેવન કરનારા. (૫) યથાસૂક્ષ્મ કુશીલ– જ્ઞાનાદિ સિવાયના અન્ય કોઈપણ નિમિત્તે સંયમમાં દોષ લગાડનારા.

**२० णियंठे पंचविहे पण्णत्ते, तं जहा– पढमसमयणियंठे, अपढसमयणियंठे, चरिमसमयणियंठे, अचरिमसमयणियंठे, अहासुहुमणियंठे णामं पंचमे ।**

**ભાવાર્થ :–** નિર્ગ્રંથ(છદ્મસ્થ વીતરાગ)ના પાંચ પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) પ્રથમ સમય નિર્ગ્રંથ– નિર્ગ્રંથ દશાને પ્રાપ્ત પ્રથમ સમયવર્તી નિર્ગ્રંથ. (૨) અપ્રથમ સમય નિર્ગ્રંથ– નિર્ગ્રંથ દશાને પ્રાપ્ત દ્વિતીય આદિ સમયવર્તી નિર્ગ્રંથ. (૩) ચરમ સમયવર્તી નિર્ગ્રંથ– નિર્ગ્રંથ દશાના અંતિમ સમયવર્તી નિર્ગ્રંથ. (૪) અચરમ સમયવર્તી નિર્ગ્રંથ– અંતિમ સમય સિવાય શેષ સમયવર્તી નિર્ગ્રંથ. (૫) યથાસૂક્ષ્મ નિર્ગ્રંથ– નિર્ગ્રંથ દશાના અંતર્મુહૂર્તમાં પ્રથમ અથવા ચરમ આદિની વિવક્ષા વિના સર્વ સમયોમાં વર્તમાન નિર્ગ્રંથ.

**२१ सिणाए पंचविहे पण्णत्ते, तं जहा– अच्छवी, असबले, अकम्मंसे, संसुद्धणाण- दंसणधरे अरहा जिणे केवली, अपरिस्साई ।**

**ભાવાર્થ :–** સ્નાતક નિર્ગ્રંથના પાંચ પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) અચ્છવિ સ્નાતક– કાય યોગનો નિરોધ કરનારા (૨) અસબલ સ્નાતક– નિર્દોષ ચારિત્રના ધારક (૩) અકર્માંશ સ્નાતક– કર્મોનો સર્વથા નાશ કરનારા (૪) સંશુદ્ધ જ્ઞાન-દર્શનધર સ્નાતક– વિમલ કેવલજ્ઞાન, કેવલ દર્શનના ધારક અર્હંત, કેવળી, જિન (૫) અપરિશ્રાવી સ્નાતક– સંપૂર્ણ કાય યોગનો નિરોધ કરનારા અયોગી જિન.

### વિવેચન :–

પ્રસ્તુત સૂત્રમાં પુલાક આદિ નિર્ગ્રંથોના સામાન્યરૂપે પાંચ પાંચ ભેદ કહ્યા છે. આ ભેદ અને તેનું વિસ્તૃત વર્ણન ભગવતી સૂત્ર શતક-૨૫ પ્રમાણે જાણવું.

**પુલાક લબ્ધિ :–** નવ પૂર્વથી અધિક શ્રુતજ્ઞાનધારી કોઈ શ્રમણને આ લબ્ધિ ઉત્પન્ન થાય છે. આ લબ્ધિના પ્રયોગથી રાજા, ચક્રવર્તી વગેરેના અવિવેકપૂર્ણ આદેશ વ્યવહારના સમયે તેને દંડિત કરી શકાય છે, શિક્ષા આપી શકાય છે, ભયભીત કરી શકાય છે. આ લબ્ધિપ્રયોગ કરનાર શ્રમણ પુલાક નિર્ગ્રંથ કહેવાય છે અને પુલાક લબ્ધિની સત્તાવાળા નિર્ગ્રંથ કષાયકુશીલ નિર્ગ્રંથ કહેવાય છે.

### સાધુને કલ્પનીય વસ્ત્ર અને રજોહરણ :–

**૨૨ कप्पइ णिग्गंथाण वा णिग्गंथीण वा पंच वत्थाइं धारित्तए वा परिहरेत्तए वा, तं जहा– जंगिए, भंगिए, साणए, पोत्तिए, तिरीडपट्टए णामं पंचमए ।**

**ભાવાર્થ :–** નિર્ગ્રંથ અને નિર્ગ્રંથીઓને પાંચ પ્રકારના વસ્ત્ર રાખવા અને તેનો ઉપયોગ કરવો કલ્પે છે, તે આ પ્રમાણે છે– (૧) જાંગમિક– જંગમ એટલે ત્રસ જીવો, ઘેટા વગેરેની રૂંવાટીથી બનતા કંબલ વગેરે (૨) ભાંગિક– અતસી(અળસી)ની છાલથી બનેલા વસ્ત્રો (૩) સાનિક– શણના વસ્ત્ર (૪) પોતક– કપાસ(રૂ)થી બનેલા વસ્ત્રો (૫) તિરીટ પટ્ટ– લોધ્રની છાલથી બનેલા વસ્ત્રો.

**૨૩ कप्पइ णिग्गंथाण वा णिग्गंथीण वा पंच रयहरणाइं धारित्तए वा परिहरेत्तए वा, तं जहा– उण्णिए, उट्टिए, साणए, वच्चापिच्चिए, मुंजपिच्चिए णामं पंचमए ।**

**ભાવાર્થ :–** નિર્ગ્રંથ અને નિર્ગ્રંથીઓને પાંચ પ્રકારના રજોહરણ રાખવા અને ધારણ કરવા કલ્પે છે, તે આ પ્રમાણે– (૧) ઔર્ણિક– ઘેટાની ઉનથી બનેલો રજોહરણ (૨) ઔષ્ટ્રિક– ઊંટના વાળથી બનેલો રજોહરણ (૩) સાનિક– સણથી બનેલો રજોહરણ (૪) વચ્ચાપિચ્ચિય– વલ્લજ નામના તૃણમાંથી બનેલો રજોહરણ (૫) મુંજપિચ્ચિય– મુંજને કૂટીને તેમાંથી બનેલો રજોહરણ.

### વિવેચન :–

પ્રસ્તુત સૂત્રમાં **जंगिए, भंगिए, साणए, पोत्तिए** અને **तिरीडपट्टए** તે પાંચ પ્રકારના

વસ્ત્રનું કથન છે. સ્થાન-૩, ઉદ્દે.-૩, સૂત્ર-૮માં સાધુને કલ્પનીય ત્રણ પ્રકારનાં વસ્ત્રનું કથન છે, યથા– (૧) **जंगिए**– ઉનના વસ્ત્ર, (૨) **भंगिए**–શણના વસ્ત્ર, (૩) **खोमिए**– રૂના વસ્ત્ર.

ત્યાં **भंगिए** શબ્દથી જ શણ આદિ સર્વ વનસ્પતિજન્ય વસ્ત્રનું ગ્રહણ થાય છે. પરંતુ અહીં શણના વસ્ત્ર માટે **'साणए'** શબ્દપ્રયોગ હોવાથી **भंगिए** શબ્દનો અર્થ અતસીની છાલ આદિ વનસ્પતિજન્ય વસ્ત્ર કર્યો છે.

આ સૂત્રમાં સાધુને પાંચ પ્રકારના રજોહરણ ધારણ કરવા કલ્પનીય કહ્યા છે. જે ભાવાર્થથી સ્પષ્ટ છે. વિશેષ વિવેચન છેદ સૂત્રમાં છે.

**वच्चापिच्चिय, मुंजापिच्चिय:– वच्च** એટલે દર્ભના આકારવાળું એક પ્રકારનું મોટું ઘાસ, મુંજ પણ એક પ્રકારનું ઘાસ છે. **पिच्चिय** એટલે કૂટવું. આ ઘાસને કૂટી તેમાંથી તાર કાઢી રજોહરણ બનાવવા. આ બંને પ્રકારના રજોહરણ ઊનાદિના રજોહરણ કરતા કઠોર હોય છે. માટે ઉત્સર્ગ માર્ગમાં સાધુ તેને ગ્રહણ ન કરે. આ સૂત્રના વિસ્તૃત વિવેચન માટે જુઓ– ***શ્રી બૃહત્કલ્પ સૂત્ર ઉદ્દે.-૩.***

### સાધુના નિશ્રાસ્થાન :-

**૨૪ धम्मण्णं चरमाणस्स पंच णिस्साट्ठाणा पण्णत्ता, तं जहा– छक्काया, गणे, राया, गाहावई, सरीरं ।**

**ભાવાર્થ :–** ધર્માચરણ કરનારા સાધુના પાંચ નિશ્રા(આલંબન) સ્થાન છે, તે આ પ્રમાણે છે– (૧) ષટ્કાય (૨) ગણ (૩) રાજા (૪) ગૃહપતિ (૫) શરીર.

### વિવેચન :-

**णिस्साट्ठाणा:–** આલંબન સ્થાન, ઉપકારક સ્થાન તેમજ ઉપયોગી સ્થાનને નિશ્રાસ્થાન કહેવાય છે. સાધુ માટે પાંચ સ્થાન ઉપયોગી છે. તેની ઉપયોગિતાનો સંકેત વૃત્તિકારે આ પ્રમાણે કર્યો છે– **छक्काया–** છ કાય નિશ્રાના છ પ્રકાર છે– **(૧) પૃથ્વી નિશ્રા–** ભૂમિ પર ઊભા રહેવું, બેસવું, સૂવું, મળ-મૂત્ર વિસર્જનાદિ ક્રિયામાં પૃથ્વીની ઉપયોગિતા છે. **(૨) જળ નિશ્રા–** વસ્ત્ર ધોવા, તૃષા નિવારણ, શરીર શુદ્ધિ કરવી વગેરે ક્રિયામાં પાણીની ઉપયોગિતા છે. **(૩) અગ્નિ નિશ્રા–** અગ્નિ દ્વારા પક્વ રસોઈની પ્રાપ્તિ, ભસ્માદિ મેળવવા વગેરેમાં અગ્નિની ઉપયોગિતા છે. **(૪) વાયુ નિશ્રા–** શ્વાસરૂપે અચિત્ત વાયુનું ગ્રહણ. રોમાહાર વગેરેમાં વાયુની ઉપયોગિતા છે. **(૫) વનસ્પતિ નિશ્રા–** સંસ્તારક, પાટ, ફલક, વસ્ત્ર, ઔષધિની પ્રાપ્તિમાં વનસ્પતિની ઉપયોગિતા છે. **(૬) ત્રસ નિશ્રા–** દૂધ, દહીં, ઘી, ઉનના વસ્ત્ર, રજોહરણ વગેરેની પ્રાપ્તિમાં તથા મનુષ્ય, દેવ વગેરે સંયમ સાધનામાં સહાયક બને તે ત્રસ જીવોની ઉપયોગિતા છે.

**ગણ નિશ્રા :–** ગણમાં રહેવાથી વિનયની પ્રાપ્તિ થાય છે. નિરંતર થતી સારણા, વારણાથી અનેક પ્રકારના દોષોથી રક્ષા થાય છે અને ઘણા કર્મોની નિર્જરા થાય છે તે ગણની ઉપયોગિતા છે.

**રાજા નિશ્રા :–** જૈન શ્રમણ રાજાની આજ્ઞા અનુસાર જ તેના રાજ્યમાં વિચરણ કરે છે. આ રીતે સાધુને ધર્મપાલનમાં રાજા પણ આલંબનભૂત બને છે.

**ગૃહસ્થ નિશ્રા :–** ગૃહસ્થ સાધુને વસતિ-ઉપાશ્રય, વસ્ત્ર, પાત્ર, આહાર, ઔષધિ વગેરે આપી, તેની સાધનામાં મહાન ઉપકારી બને છે. તે જ તેની ઉપયોગિતા છે.

**શરીર નિશ્રા :–** આત્મ સાધના શરીરના માધ્યમથી જ થઈ શકે છે. તેથી તેની અત્યંત ઉપયોગિતા છે.

### નિધિના પ્રકાર :–

**૨૫ पंच णिही पण्णत्ता, तं जहा– पुत्तणिही, मित्तणिही, सिप्पणिही, धणणिही, धण्णणिही ।**

**ભાવાર્થ :–** નિધિના પાંચ પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) પુત્રનિધિ (૨) મિત્રનિધિ (૩) શિલ્પનિધિ (૪) ધનનિધિ (૫) ધાન્યનિધિ.

### વિવેચન :–

ધન આદિના નિધાન અથવા ભંડારને નિધિ કહે છે, પુત્ર વૃદ્ધાવસ્થામાં માતા-પિતાની સેવા કરે છે, નિર્વાહ કરે છે, આનંદ અને સુખનું નિમિત્ત બને છે. મિત્ર સમયે સમયે ઉત્તમ વિચારણા દ્વારા સહાયતા કરે છે. તે પણ આનંદનું નિમિત્ત છે માટે નિધિરૂપ છે. શિલ્પકલા આજીવિકાનું સાધન છે. ધન અને ધાન્ય તો સાક્ષાત્ સદા ઉપકારક અને નિર્વાહનું કારણ છે. તેથી આ પાંચને નિધિ કહે છે.

### શુદ્ધિકારક દ્રવ્યો :–

**૨૬ पंचविहे सोए पण्णत्ते, तं जहा– पुढविसोए, आउसोए, तेउसोए, मंतसोए, बंभसोए ।**

**ભાવાર્થ :–** શૌચ(શુદ્ધિ)ના પાંચ પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) પૃથ્વીશૌચ (૨) જલશૌચ (૩) અગ્નિશૌચ (૪) મંત્રશૌચ (૫) બ્રહ્મશૌચ.

### વિવેચન :–

**सोए :–** શુદ્ધિ અને શુદ્ધિના સાધનને શૌચ કહે છે. તેના બે પ્રકાર છે– (૧) દ્રવ્યશૌચ– બાહ્ય મલિનતાની શુદ્ધિ અને તેની શુદ્ધિના સાધન (૨) ભાવશૌચ– આત્માની મલિનતા રૂપ કષાયાદિ ભાવોની શુદ્ધિ અને તેની શુદ્ધિના સાધન.

(૧, ૨, ૩) માટી, પાણી, અગ્નિશૌચ– આ ત્રણે દ્રવ્યોથી વાસણ, વસ્ત્ર, સુવર્ણાદિની શુદ્ધિ થાય

છે. (૪) મંત્રશૌચ– મંત્ર બોલીને ગૃહ શુદ્ધિ થાય, તેમજ કોઈ મકાનાદિમાં વ્યંતરાદિ દેવોનો વાસ હોય તેને મંત્રાદિ દ્વારા દૂર કરી શકાય છે. તેથી મંત્ર દ્રવ્યશૌચ છે અને મંત્ર બોલીને મનની શુદ્ધિ કરવી તે ભાવશૌચ છે. બ્રહ્મશૌચ બ્રહ્મચર્યાદિ સદ્ અનુષ્ઠાનથી આત્માની શુદ્ધિ થાય છે. વૃત્તિકાર કહે છે કે બ્રહ્મશૌચથી સત્યશૌચ, તપશૌચ, ઈન્દ્રિયનિગ્રહશૌચ અને સર્વભૂત દયાશૌચનું ગ્રહણ થઈ જાય છે. આ ભાવશૌચ છે.

આ રીતે સૂત્રોક્ત પાંચ પ્રકારના શૌચમાંથી પ્રથમના ત્રણ પ્રકાર દ્રવ્યશૌચમાં અને ચોથો પ્રકાર દ્રવ્ય અને ભાવ બન્નેમાં ઘટે છે અને પાંચમો પ્રકાર ભાવશૌચ છે.

## છદ્મસ્થ અને કેવળીના જ્ઞાનની ક્ષમતા :-

**૨૭ पंच ठाणाइं छउमत्थे सव्वभावेणं ण जाणइ ण पासइ, तं जहा- धम्मत्थिकायं, अधम्मत्थिकायं, आगासत्थिकायं, जीवं असरीरपडिबद्धं, परमाणुपोग्गलं ।**

**एयाणि चेव उप्पण्णाणदंसणधरे अरहा जिणे केवली सव्वभावेणं जाणइ, पासइ तं जहा- धम्मत्थिकायं, अधम्मत्थिकायं, आगासत्थिकायं, जीवं असरीरपडिबद्धं, परमाणुपोग्गलं ।**

**ભાવાર્થ :–** છદ્મસ્થ મનુષ્ય પાંચ સ્થાનને સર્વથા સંપૂર્ણરૂપે જાણતા નથી અને જોતા નથી, તે આ પ્રમાણે છે– (૧) ધર્માસ્તિકાય (૨) અધર્માસ્તિકાય (૩) આકાશાસ્તિકાય (૪) શરીર રહિત જીવ (૫) પુદ્ગલ પરમાણુ.

પરંતુ સંપૂર્ણ જ્ઞાન અને દર્શનના ધારક અર્હંત, જિન, કેવલી, આ પાંચ સ્થાનને સર્વ ભાવથી સંપૂર્ણરૂપે જાણે છે અને જુએ છે, તે આ પ્રમાણે છે– (૧) ધર્માસ્તિકાય (૨) અધર્માસ્તિકાય (૩) આકાશાસ્તિકાય (૪) શરીર રહિત જીવ (૫) પુદ્ગલ પરમાણુ.

## વિવેચન :-

**છદ્મસ્થ :–** છદ્મનો અર્થ છે આવરણ. જે જીવોને ઘાતીકર્મોનું આવરણ વિદ્યમાન હોય, તે છદ્મસ્થ કહેવાય છે. બાર ગુણસ્થાન સુધીના સર્વ જીવો છદ્મસ્થ છે. તેઓ દ્રવ્યને સર્વથાભાવે, સર્વરૂપે, સર્વ પર્યાયને જાણી કે જોઈ શકતા નથી. પરમાવધિ, વિપુલમતિ મનઃપર્યવજ્ઞાની, શ્રુત કેવળીનું જ્ઞાન અતિ નિર્મળ હોવા છતાં તેઓ દ્રવ્યની સર્વ પર્યાયને જાણી શકતા નથી.

કેવળજ્ઞાન અને કેવળ દર્શનના ધારક, ૧૩-૧૪ ગુણસ્થાનવર્તી કેવળી ભગવાન તથા સિદ્ધ ભગવાન સર્વ દ્રવ્યને સર્વ પર્યાય સહિત જાણે અને જુએ છે.

છદ્મસ્થના અવિષયભૂત અને કેવળીના વિષયભૂત દશ સ્થાન છે, તે દસ સ્થાન આ પ્રમાણે છે–

(૧) ધર્માસ્તિકાય (૨) અધર્માસ્તિકાય (૩) આકાશાસ્તિકાય (૪) શરીર મુક્ત જીવાસ્તિકાય (આ ચાર અરૂપી છે.) (૫) રૂપી હોવા છતાં સૂક્ષ્મ એવા પરમાણુ પુદ્ગલ (૬) શબ્દ (૭) ગંધ (૮) વાયુ (૯) આ જીવ જિન થશે કે નહીં અને (૧૦) આ જીવ સર્વ દુઃખનો અંત કરશે કે નહીં. સૂત્રકારે પ્રસ્તુત સૂત્રમાં તથા સ્થાન-૬, સૂત્ર-૪; સ્થાન-૭, સૂત્ર-૭૬; સ્થાન-૮, સૂત્ર-૨૯ અને સ્થાન-૧૦, સૂત્ર-૧૦૧માં તે તે સ્થાનાનુસાર તેનું કથન કર્યું છે.

**મહા નરકાવાસ :–**

**૨૮ अहोलोए णं पंच अणुत्तरा महइमहालया महाणिरया पण्णत्ता, तं जहा– काले, महाकाले, रोरुए, महारोरुए, अप्पइट्ठाणे ।**

**ભાવાર્થ :–** અધોલોકમાં પાંચ અનુત્તર, મહતિમહાન મહાનરકાવાસા છે, તે આ પ્રમાણે છે– (૧) કાલ (૨) મહાકાલ (૩) રૌરુક (૪) મહારૌરુક (૫) અપ્રતિષ્ઠાન.

**વિવેચન :–**

સૂત્રોક્ત પાંચે ય નરકાવાસ સાતમી નરકના છે. સાતમી નરકમાં આ પાંચ જ નરકાવાસ હોય છે. તે **अणुत्तरा** સર્વોત્કૃષ્ટ વેદનાવાળા હોય છે. તેનાથી અધિક વેદનાવાળા અન્ય કોઈ નરકાવાસ નથી, તેથી તેને અનુત્તર કહ્યા છે. **महइमहालया**– તેનો ક્ષેત્ર વિસ્તાર વિસ્તૃત છે. તેમાં ચાર નરકાવાસનો ક્ષેત્ર વિસ્તાર અસંખ્યાત યોજન અને અપ્રતિષ્ઠાન નરકાવાસનો ક્ષેત્ર વિસ્તાર અલ્પ હોવા છતાં વેદના, સ્થિતિ, અવગાહનાની અપેક્ષાએ મહાન છે.

**મહા વિમાન :–**

**૨૯ उड्ढलोए णं पंच अणुत्तरा महइमहालया महाविमाणा पण्णत्ता, तं जहा– विजये, वेजयंते, जयंते, अपराजिए, सव्वट्ठसिद्धे ।**

**ભાવાર્થ :–** ઊર્ધ્વલોકમાં પાંચ અનુત્તર, મહતિમહાન, મહાવિમાન છે, તે આ પ્રમાણે છે–

(૧) વિજય (૨) વૈજયંત (૩) જયંત (૪) અપરાજિત (૫) સર્વાર્થસિદ્ધ.

**વિવેચન :–**

ઊર્ધ્વલોકમાં આ પાંચ અનુત્તર દેવવિમાન છે. ત્યાંના દેવોની સંપદા અને આયુષ્ય સર્વોત્કૃષ્ટ છે તેથી તે અનુત્તર કહેવાય છે. તેનું ક્ષેત્ર પ્રમાણ પણ વિસ્તૃત છે.

**સત્ત્વ આશ્રી પુરુષના પ્રકાર :–**

**૩૦ पंच पुरिसजाया पण्णत्ता, तं जहा– हिरिसत्ते, हिरिमणसत्ते, चलसत्ते,**

**थिरसत्ते, उदयणसत्ते ।**

**ભાવાર્થ :–** પુરુષના પાંચ પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) હ્રી સત્ત્વ– મન(ઇચ્છા) વિના લજ્જાવશ હિંમત રાખનારા (૨) હ્રી મન સત્ત્વ– મનથી લજ્જાવશ હિંમત રાખનારા (૩) ચલ સત્ત્વ– હિંમત હારનારા (૪) સ્થિર સત્ત્વ– વિકટ પરિસ્થિતિમાં પણ હિંમત ટકાવી રાખનારા દૃઢ મનોબલી (૫) ઉદયન સત્ત્વ– ઉત્તરોત્તર પ્રવર્ધમાન સત્ત્વ અથવા વિકાસશીલ પરાક્રમવાળા.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં માનવીય સત્ત્વની તરતમતા નિર્દિષ્ટ છે.

**હ્રી સત્ત્વ :–** હ્રી = લજ્જા, સત્ત્વ = સામર્થ્ય, શક્તિ, માનસિક ધૈર્ય, મનોબળ. લજ્જાથી ઉત્પન્ન થતાં સામર્થ્યને હ્રી સત્ત્વ કહે છે. જેમ કોઈ યોદ્ધો યુદ્ધ મેદાનમાંથી પાછો ફરીશ તો લોકો હાંસી કરશે, આ પ્રકારની લજ્જાના કારણે પોતાની પ્રવૃત્તિ ટકાવી રાખે છે. લોકલાજના કારણે તે મન વિના પણ યુદ્ધમાં પ્રવૃત્તિશીલ બની રહે છે.

**હ્રી મન સત્ત્વ :–** લજ્જાથી પોતાના મનને પણ સત્ત્વશીલ બનાવી રાખે છે. અર્થાત્ જે વ્યક્તિ લજ્જાના કારણે મનમાં પણ ઉત્સાહશીલ બની મનયુક્ત કાયાથી પ્રવૃત્તિશીલ બની રહે છે. તે હ્રી મન સત્ત્વ પુરુષ કહેવાય છે.

**ચલ સત્ત્વ :–** જે વ્યક્તિ શક્તિશાળી હોય પરંતુ શક્તિ પ્રદર્શનના પ્રસંગે શિથિલ બની જાય, ધૈર્યથી વિચલિત થઈ જાય, અસ્થિર બની જાય; તે ચલ સત્ત્વવાળા કહેવાય છે.

**સ્થિર સત્ત્વ :–** જેની શક્તિ પાછળ ઉત્સાહનો મહાસાગર લહેરાતો હોય. પરીષહ-ઉપસર્ગોની સામે તે અડગ ઊભા રહે. પોતાનું પૌરુષ બતાવે, ક્યારે ય ગભરાય નહીં, તે સ્થિર સત્ત્વ કહેવાય છે.

**ઉદયન સત્ત્વ :–** જેનું સત્ત્વ ઉદીયમાન હોય, અનંત શક્તિયુક્ત હોય તેને ઉદયન સત્ત્વ કહે છે.

સ્થિર સત્ત્વ અને ઉદયન સત્ત્વ ઉત્કૃષ્ટ છે. હ્રી સત્ત્વ અને હ્રી મન સત્ત્વ મધ્યમ છે જ્યારે ચલ સત્ત્વ જઘન્ય છે. સ્થાન-૪, ઉદ્દે.-૩, સૂત્ર-૮૨માં ચાર પ્રકારના સત્ત્વ કહ્યા છે. અહીં ઉદયન સત્ત્વ સહિત પાંચ પ્રકારના સત્ત્વનું કથન છે.

**ગમન દૃષ્ટિએ મત્સ્ય તથા ભિક્ષુ પ્રકાર :–**

**૩૧** **पंच मच्छा पण्णत्ता, तं जहा– अणुसोयचारी, पडिसोयचारी, अंतचारी, मज्झचारी, सव्वचारी ।**

**एवामेव पंच भिक्खागा पण्णत्ता, तं जहा– अणुसोयचारी, पडिसोयचारी, अंतचारी, मज्झचारी, सव्वचारी ।**

**ભાવાર્થ :–** મત્સ્ય(મચ્છ)ના પાંચ પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) જલ પ્રવાહની દિશામાં ચાલનારા (૨) જલ પ્રવાહની વિપરીત દિશામાં ચાલનારા (૩) જલ પ્રવાહના કિનારે-કિનારે ચાલનારા (૪) જલ પ્રવાહની મધ્યમાં ચાલનારા (૫) પાણીમાં સર્વત્ર વિચરણ કરનારા.

તે જ રીતે ભિક્ષુના પાંચ પ્રકાર છે, તે આ પ્રમાણે છે– અનુશ્રોતચારી, પ્રતિશ્રોતચારી, અંતચારી, મધ્યચારી અને સર્વચારી.

## વિવેચન :–

પ્રસ્તુત સૂત્રમાં અભિગ્રહધારી મુનિના ભિક્ષા ગ્રહણ સંબંધી(અભિગ્રહોની) પ્રરૂપણા છે. પ્રસ્તુત સૂત્રાનુસાર અભિગ્રહધારી ભિક્ષુ ભિક્ષાર્થે પાંચ પ્રકારે ગમન કરે છે.

**(૧) અનુશ્રોતચારી :–** ઉપાશ્રયની પાસેના ઘરથી કે શેરીના પ્રારંભના ઘરથી ક્રમશઃ ગોચરીનો પ્રારંભ કરનારા ભિક્ષુ અનુશ્રોતચારી કહેવાય છે.

**(૨) પ્રતિશ્રોતચારી :–** શેરીના છેલ્લા ઘરથી ગોચરીનો પ્રારંભ કરનારા. વિપરીત ક્રમથી ગોચરી કરતાં કરતાં ઉપાશ્રયે આવનારા ભિક્ષુ પ્રતિશ્રોતચારી કહેવાય છે.

**(૩) અંતચારી :–** નગર-ગ્રામાદિ કે શેરીના અંત ભાગમાં રહેલા ઘરોથી ભિક્ષા લેનારા ભિક્ષુ અંતચારી કહેવાય છે.

**(૪) મધ્યચારી :–** નગર, ગ્રામાદિ કે શેરીના મધ્યભાગમાં સ્થિત ઘરોથી ગોચરી કરનારા ભિક્ષુ મધ્યચારી કહેવાય છે.

**(૫) સર્વચારી :–** નગર, ગ્રામ કે શેરીના સર્વ ઘરોમાં ગમે ત્યાંથી ભિક્ષા લેનાર સાધુ સર્વચારી કહેવાય છે.

સ્થાન-૪, ઉદ્દે.-૪, સૂત્ર-૩૪માં મત્સ્યની ઉપમા દ્વારા ચાર પ્રકારના ભિક્ષુઓનું કથન છે. અહીં સર્વચારી સહિત પાંચ પ્રકારના ભિક્ષુ કહ્યા છે.

### યાચકના પ્રકાર :–

**૩૨ पंच वणीमगा पण्णत्ता, तं जहा– अतिहिवणीमगे, किवणवणीमगे, माहण- वणीमगे, साणवणीमगे, समणवणीमगे ।**

**ભાવાર્થ :–** વનીપક(યાચક)ના પાંચ પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) અતિથિવનીપક (૨) કૃપણ વનીપક (૩) બ્રાહ્મણ વનીપક (૪) શ્વાન વનીપક (૫) શ્રમણ વનીપક.

## વિવેચન :–

યાચકોની વિવિધ પ્રકારની વૃત્તિ અને પ્રવૃત્તિના આધારે તેના પાંચ ભેદ થાય છે.

**(૧) અતિથિ વનીપક :–** અતિથિદાનની પ્રશંસા કરી ભોજનની યાચના કરનાર.

**(૨) કૃપણ વનીપક :–** કૃપણદાન અર્થાત્ રોગી, હીન અંગવાળાને દાન દેવાથી મહાફળ થાય તેમ, કૃપણદાનની પ્રશંસા કરી ભોજનની યાચના કરનાર.

**(૩) બ્રાહ્મણ વનીપક :–** બ્રાહ્મણ તો ભૂદેવ કહેવાય વગેરે વાક્યો દ્વારા બ્રાહ્મણદાનની પ્રશંસા કરી ભોજનની યાચના કરનાર.

**(૪) શ્વાન વનીપક :–** કૂતરાના દાનની પ્રશંસા કરે, જેમ કે– કૂતરા, કાગડા વગેરેને દાન આપવાથી મહાપુણ્યનો બંધ થાય તેમ પશુદાનની પ્રશંસા કરી ભોજનની યાચના કરનાર.

**(૫) શ્રમણ વનીપક :–** શ્રમણ દાનની પ્રશંસા કરી ભોજનની યાચના કરનાર. અહીં શ્રમણ શબ્દથી શાક્ય, તાપસ, ગૈરિક, આજીવક અને નિર્ગ્રંથનું ગ્રહણ થાય છે. પ્રશંસાવૃત્તિથી અને સાધુવેષના આધારે મેળવેલા આહાર, પાણીથી જીવન નિર્વાહ કરનારા જ શ્રમણ વનીપક કહેવાય છે. શુદ્ધ સાધુવૃત્તિવાળા નિર્ગ્રંથ વનીપક કહેવાતા નથી.

### અચેલકતાની પ્રશસ્તતા :–

**૩૩ पंचहिं ठाणेहिं अचेलए पसत्थे भवइ, तं जहा– अप्पापडिलेहा, लाघविए पसत्थे, रूवे वेसासिए, तवे अणुण्णाए, विउले इंदियणिग्गहे ।**

**ભાવાર્થ :–** પાંચ કારણે અચેલક શ્રમણ પ્રશસ્ત(પ્રશંસા પ્રાપ્ત) હોય છે, તે આ પ્રમાણે છે–

(૧) અચેલકની પ્રતિલેખના અલ્પ હોય છે (૨) અચેલકની લાઘવતા પ્રશસ્ત હોય છે (૩) અચેલકનું રૂપ વિશ્વાસ યોગ્ય હોય છે (૪) અચેલકનું તપ અનુજ્ઞાત(જિનાજ્ઞા પ્રમાણે) હોય છે (૫) અચેલકનો ઈન્દ્રિય નિગ્રહ મહાન હોય છે.

### વિવેચન :–

**अचेलए :–** ચેલનો અર્થ છે વસ્ત્ર અને અચેલનો અર્થ છે– વસ્ત્ર રહિત. અલ્પ વસ્ત્રને ધારણ કરનાર પણ અચેલક કહેવાય છે. અચેલકના બે પ્રકાર છે. (૧) જિનકલ્પી અચેલક (૨) સ્થવિરકલ્પી અચેલક. જિનકલ્પી અચેલક સર્વથા વસ્ત્ર રહિત હોય છે જ્યારે સ્થવિર કલ્પી અચેલક અલ્પ મૂલ્યવાળા, પરિમિત, જીર્ણ વસ્ત્રને ધારણ કરે છે. અલ્પ ઉપધિના કારણે પ્રતિલેખના અલ્પ કરવી વગેરે પાંચ કારણથી અચેલકતાને પ્રશસ્ત કહેવામાં આવે છે. તે પાંચ કારણ સૂત્રાર્થથી સ્પષ્ટ છે.

### ઉત્કટ શક્તિસંપન્ન પુરુષના પ્રકાર :–

**૩૪ पंच उक्कला पण्णत्ता, तं जहा– दंडुक्कले, रज्जुक्कले, तेणुक्कले, देसुक्कले, सव्वुक्कले ।**

**ભાવાર્થ :–** પાંચ ઉત્કલ(ઉત્કટ શક્તિ-સંપન્ન) પુરુષ છે, તે આ પ્રમાણે છે– (૧) દંડોત્કલ (૨) રાજ્યોત્કલ (૩) સ્તેનોત્કલ (૪) દેશોત્કલ (૫) સર્વોત્કલ.

**વિવેચન :-**

**उक्कला :–** ઉત્કલ, ઉત્કટ. વૃત્તિકારે પ્રસ્તુત સૂત્રગત 'ઉત્કલ' શબ્દનો 'ઉત્કટ' અર્થ કરીને વ્યાખ્યા કરી છે.

**(૧) दंडुक्कले :–** દંડ એટલે આજ્ઞા. ગુરુજનોની કઠોરમાં કઠોર આજ્ઞા પાળનારા સાધકને દંડોત્કટ કહેવાય છે. દંડનો બીજો અર્થ અનુશાસનાત્મક કાર્યવાહી થાય છે. વ્યક્તિ આજ્ઞા અને અનુશાસન બંન્નેનું પાલન કરતાં મહાન બનવાનો પ્રયાસ કરે છે. વ્યાવહારિક ક્ષેત્રે કઠોર અનુશાસનમાં રહી કાર્ય કરનારા સૈનિકો, આરક્ષકો આદિ પણ દંડોત્કટ કહેવાય છે. તાત્પર્ય એ છે કે જેની આજ્ઞા પ્રબળ હોય, અપરાધ માટે જેનો દંડ પ્રબળ હોય, જેનું સેના બળ પ્રબળ હોય, દંડ દ્વારા આગળ વધે તે દંડોત્કલ કહેવાય છે.

**(૨) रज्जुक्कले :–** જે વ્યક્તિ રાજકીય પ્રભુતાના બળે કઠિન કાર્ય કરે, રાજકીય સન્માન તથા પ્રતિષ્ઠાને કારણે જે મહાન ગણાય, તે રાજ્યોત્કલ કહેવાય છે.

**(૩) तेणुक्कले :–** જે વ્યક્તિ ચોરી કરવા કઠિન, સાહસિક કાર્યો કરે, જે ચોર, ડાકુનો સરદાર હોય અને તેમાં પોતાની મહત્તા સમજે, તે સ્તેનોત્કલ કહેવાય છે.

**(૪) देसुक्कले :–** જે વ્યક્તિ કોઈ દેશ વિશેષ અથવા સ્થાન વિશેષના પ્રભાવે કઠિન શ્રમ કરનારા હોય તેવા લોકોને સ્થાન આદિના પ્રભાવે જે મહત્તા પ્રાપ્ત થાય તે દેશોત્કલ કહેવાય છે.

**(૫) सव्वुक्कले :–** જે વ્યક્તિ સર્વ પ્રકારે શ્રમશીલ અને સર્વ રૂપે મહાન હોય, તે સર્વોત્કલ કહેવાય.

**સમિતિ :-**

**૩૫ पंच समिईओ पण्णत्ताओ, तं जहा– इरियासमिई, भासासमिई, एसणासमिई, आयाणभंडमत्त-णिक्खेवणा-समिई, उच्चारपासवण-खेलसिंघाण-जल्लपारिठावणिया- समिई ।**

**ભાવાર્થ :–** સમિતિના પાંચ પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) ઈર્યા સમિતિ– સાવધાનીપૂર્વક ચાલવું, સાડા ત્રણ હાથ ભૂમિ જોતાં જોતાં ચાલવું (૨) ભાષા સમિતિ– સાવધાનીપૂર્વક બોલવું, હિત, મિત, પ્રિય વચન બોલવા. (૩) એષણા સમિતિ– સાવધાનીપૂર્વક ગૌચરી લેવી, નિર્દોષ ભિક્ષા લેવી. (૪) આદાન ભંડમત્ત નિક્ષેપણા સમિતિ– વસ્ત્ર, પાત્ર આદિ કોઈ પણ વસ્તુ સાવધાનીપૂર્વક લેવી, મૂકવી, વાપરવી. (૫) ઉચ્ચાર, પ્રસ્રવણ, શ્લેષ્મ, જલ્લ, સિંઘાણપારિસ્થાપનિકા સમિતિ– મલ, મૂત્ર, શ્લેષ્મ-કફ, શરીરનો મેલ, નાસિકાનો મેલ વગેરેને નિર્જન અને નિર્દોષ સ્થાનમાં પરઠવું.

**વિવેચન :–**

**समिई** = સમિતિ, સમ્યક્ પ્રવૃત્તિ. ચાલવા, બોલવા વગેરેની ક્રિયા શાસ્ત્રોક્ત વિધિ અનુસાર સમ્યક્ પ્રકારે કરવી તેને સમિતિ કહે છે. તેના પાંચ પ્રકારનું સ્વરૂપ ભાવાર્થથી સ્પષ્ટ છે.

**સંસારી જીવના પાંચ પ્રકાર :–**

**૩૬ पंचविहा संसारसमावण्णगा जीवा पण्णत्ता, तं जहा– एगिंदिया, बेइंदिया, तेइंदिया, चउरिंदिया, पंचिंदिया ।**

**ભાવાર્થ :–** સંસાર સમાપન્નક(સંસારી) જીવના પાંચ પ્રકાર છે યથા– (૧) એકેન્દ્રિય (૨) બેઇન્દ્રિય (૩) તેઇન્દ્રિય (૪) ચૌરેન્દ્રિય (૫) પંચેન્દ્રિય.

**એકેન્દ્રિયાદિ જીવોની ગતિ આગતિ :–**

**૩૭ एगिंदिया पंचगइया पंचागइया पण्णत्ता, तं जहा– एगिंदिए एगिंदिएसु उववज्जमाणे एगिंदिएहिंतो वा** *जाव* **पंचिंदिएहिंतो वा उववज्जेज्जा । से चेव णं से एगिंदिए एगिंदियत्तं विप्पजहमाणे एगिंदियत्ताए वा** *जाव* **पंचिंदियत्ताए वा गच्छेज्जा ।**

**बेइंदिया पंचगइया पंचागइया एवं चेव । एवं** *जाव* **पंचिंदिया पंचगइया पंचागइया पण्णत्ता, तं जहा– पंचिंदिए** *जाव* **गच्छेज्जा ।**

**ભાવાર્થ :–** એકેન્દ્રિય જીવો પંચગતિક છે અને પંચઆગતિક હોય છે. તે આ પ્રમાણે છે– (૧) એકેન્દ્રિય જીવ એકેન્દ્રિય, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચૌરિન્દ્રિય અને પંચેન્દ્રિયમાંથી નીકળીને એકેન્દ્રિયમાં ઉત્પન્ન થાય છે અર્થાત્ એકેન્દ્રિયમાં આવે છે. (૨) તે જ એકેન્દ્રિય જીવ એકેન્દ્રિય પર્યાયને છોડીને એકેન્દ્રિય, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચૌરિન્દ્રિય અથવા પંચેન્દ્રિયમાં ઉત્પન્ન થાય છે અર્થાત્ એકેન્દ્રિય જીવ પાંચેય જાતિમાં જાય છે.

બેઇન્દ્રિય જીવ પંચ ગતિક અને પંચ આગતિક હોય છે. તે એકેન્દ્રિયની જેમ જ જાણવું. તે જ રીતે પંચેન્દ્રિય પર્યંતના સર્વ જીવો પંચ ગતિક અને પંચ આગતિક હોય છે. ***યાવત્*** પંચેન્દ્રિય જીવો મરીને પાંચ પ્રકારના જીવોમાં ઉત્પન્ન થઈ શકે છે.

**વિવેચન :–**

**गइ–आगइ :–** જવું-આવવું. એકેન્દ્રિયાદિ જીવ આયુષ્ય પૂર્ણ કરી જે ગતિમાં જાય તે ગતિ કહેવાય છે અને જે ગતિમાંથી આવી એકેન્દ્રિયાદિમાં ઉત્પન્ન થાય તે આગતિ કહેવાય છે. એકેન્દ્રિયથી પંચેંદ્રિય પર્યંતના જીવોની પાંચ ગતિ, પાંચ આગતિ સૂત્રાર્થથી સ્પષ્ટ છે.

## સર્વ જીવના પ્રકાર :–

**३८** **पंचविहा सव्वजीवा पण्णत्ता, तं जहा– कोहकसाई, माणकसाई, मायाकसाई, लोभकसाई, अकसाई । अहवा–पंचविहा सव्वजीवा पण्णत्ता, तं जहा– णेरइया, तिरिक्खजोणिया, मणुस्सा, देवा, सिद्धा ।**

**ભાવાર્થ :–** સર્વ જીવના પાંચ પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) ક્રોધ કષાયી (૨) માન કષાયી (૩) માયા કષાયી (૪) લોભ કષાયી (૫) અકષાયી. અથવા સર્વ જીવના પાંચ પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) નારક (૨) તિર્યંચ (૩) મનુષ્ય (૪) દેવ (૫) સિદ્ધ.

## કઠોળની યોનિનું કાળમાન :–

**३९** **अह भंते! कल-मसुर-तिल-मुग्ग-मास-णिप्फाव-कुलत्थ-आलिसंदग-सतिण-पलि- मंथगाण-एएसि णं धण्णाणं कुट्ठाउत्ताणं पल्लाउत्ताणं मंचाउत्ताणं मालाउत्ताणं ओलित्ताणं विलित्ताणं लंछियाणं मुद्दियाणं पिहियाणं केवइयं कालं जोणी संचिट्ठइ ?**

**गोयमा ! जहण्णेणं अंतोमुहुत्तं, उक्कोसेणं पंच संवच्छराइं । तेण परं जोणी पमिलायइ, तेण परं जोणी पविद्धंसइ, तेण परं जोणी विद्धंसइ, तेण परं बीए अबीए भवइ, तेण परं जोणी वोच्छेए पण्णत्ते ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! વટાણા, મસૂર, તલ, મગ, અડદ, નિષ્પાવ(એક પ્રકારનું ધાન્ય) કળથી, ચોળા, તુવેર અને કાળા ચણા, આ ધાન્યને કોઠીમાં, પલ્યમાં, માંચડામાં, માલ્યમાં(મેડામાં) સુરક્ષિત રાખી, ઢાંકણુ ઢાંકી, છાણથી લીંપી, ચારે બાજુથી લીંપીને, રેખાઓથી લાંછિત કરી, મુદ્રિત(બંધ) કરી, સારી રીતે સુરક્ષિત રાખી દેવામાં આવે તો તેની યોનિ(ઉત્પાદ શક્તિ) કેટલા કાલ સુધી રહી શકે છે ?

ઉત્તર– હે ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ પાંચ વર્ષ સુધી તેની ઉત્પાદક શક્તિ રહી શકે છે. ત્યાર પછી તેની યોનિ ક્રમશઃ મ્લાન થાય છે. ત્યાર પછી તેની યોનિ ક્રમશઃ વિધ્વસ્ત થાય છે. ત્યાર પછી યોનિ ક્રમશઃ ક્ષીણ થાય છે, ત્યાર પછી બીજ અબીજ થાય છે, ત્યાર પછી તેની યોનિનો વિચ્છેદ થઈ જાય છે.

## વિવેચન :–

ત્રીજા સ્થાનના પ્રથમ ઉદ્દેશકમાં પાંચ પ્રકારના અનાજની યોનિનો સ્થિતિકાળ દર્શાવેલ છે. પ્રસ્તુત સૂત્રમાં દસ પ્રકારના કઠોળ ધાન્યનો યોનિ કાલ દર્શાવ્યો છે. **जोणी** = ઉત્પાદન શક્તિ. સારી રીતે સાચવેલા કઠોળની અંકુર ઉત્પાદન શક્તિ પાંચ વરસ પછી ક્રમશઃ નાશ પામે છે. તેનું સંપૂર્ણ વર્ણન સ્થાન-૩, ઉદ્દે.-૧, સૂત્ર-૫૫ પ્રમાણે જાણવું.

**પાંચ પ્રકારના સંવત્સર :–**

**૪૦** **पंच संवच्छरा पण्णत्ता, तं जहा– णक्खत्तसंवच्छरे, जुगसंवच्छरे, पमाण- संवच्छरे, लक्खणसंवच्छरे, सणिच्छरसंवच्छरे ।**

**ભાવાર્થ :–** સંવત્સર(વર્ષ)ના પાંચ પ્રકાર છે, તે આ પ્રમાણે છે– **(૧) નક્ષત્ર સંવત્સર :–** નક્ષત્રની ગતિના આધારે નિશ્ચિત થતાં સંવત્સરને નક્ષત્ર સંવત્સર કહે છે. **(૨) યુગ સંવત્સર :–** પાંચ વર્ષના સમુદાય રૂપ યુગને યુગ સંવત્સર કહે છે. **(૩) પ્રમાણ સંવત્સર :–** ચંદ્ર, સૂર્ય, નક્ષત્ર આદિ સંવત્સરોના અહોરાત્ર પ્રમાણને પ્રમાણ સંવત્સર કહે છે. **(૪) લક્ષણ સંવત્સર :–** ચંદ્ર, સૂર્ય વગેરે સંવત્સરો સૂત્રનિર્દિષ્ટ લક્ષણોથી યુક્ત હોય તો તેને લક્ષણ સંવત્સર કહે છે.

**(૫) શનૈશ્ચર સંવત્સર :–** શનિ મહાગ્રહના ૨૮ નક્ષત્ર અથવા ૧૨ રાશિને ભોગવવાના કાળને શનૈશ્ચર સંવત્સર કહે છે.

**૪૧** **जुगसंवच्छरे पंचविहे पण्णत्ते, तं जहा– चंदे, चंदे, अभिवड्ढिए, चंदे, अभिवड्ढिए चेव ।**

**ભાવાર્થ :–** યુગ સંવત્સરના પાંચ પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) ચંદ્ર સંવત્સર– ૧૨ ચંદ્ર માસને ચંદ્ર સંવત્સર કહે છે. (૨) ચંદ્ર સંવત્સર (૩) અભિવર્ધિત સંવત્સર– એક અધિક માસ સહિતના ૧૩ ચંદ્ર માસને અભિવર્ધિત સંવત્સર કહે છે. (૪) ચંદ્ર સંવત્સર (૫) અભિવર્ધિત સંવત્સર.

**૪૨** **पमाणसंवच्छरे पंचविहे पण्णत्ते, तं जहा– णक्खत्ते, चंदे, उऊ, आइच्चे, अभिवड्ढिए ।**

**ભાવાર્થ :–** પ્રમાણ સંવત્સરના પાંચ પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) નક્ષત્ર સંવત્સર– ૩૨૭$\frac{૫૧}{૬૭}$ દિવસ પ્રમાણ છે. (૨) ચંદ્ર સંવત્સર– ૩૫૪$\frac{૧૨}{૬૨}$ દિવસ પ્રમાણ છે. (૩) ઋતુ સંવત્સર– ૩૬૦ દિવસ પ્રમાણ છે. (૪) આદિત્ય સંવત્સર– ૩૬૬ દિવસ પ્રમાણ છે. (૫) અભિવર્ધિત સંવત્સર– ૩૮૩$\frac{૪૪}{૬૨}$ દિવસ પ્રમાણ છે.

**૪૩** **लक्खणसंवच्छरे, पंचविहे पण्णत्ते, तं जहा–**

**समगं णक्खत्ता जोगं जोयंति, समगं उऊ परिणमंति ।**
**णच्चुण्हं णाइसीओ, बहूदओ होइ णक्खत्तो ॥ १ ॥**

**ससिं समग पुण्णमासिं, जोएंति विसमचारि णक्खत्ता ।**
**कडुओ बहूदओ वा, तमाहु संवच्छरं चंदं ॥ २ ॥**

विसमं पवालिणो परिणमंति, अणुदुऊ देंति पुप्फफलं ।
वासं ण सम्मं वासइ, तमाहु संवच्छरं कम्मं ॥ ३ ॥

पुढविदगाणं तु रसं, पुप्फफलाणं तु देइ आइच्चो ।
अप्पेण वि वासेणं, सम्मं णिप्फज्जए सस्सं ॥ ४ ॥

आइच्च–तेअ–तविया, खणलवदिवसा उऊ परिणमंति ।
पूरेइ य णिण्णथले, तमाहु अभिवड्ढियं जाण ॥ ५ ॥

**ભાવાર્થ :–** લક્ષણ સંવત્સરના પાંચપ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) નક્ષત્ર સંવત્સર (૨) ચંદ્ર સંવત્સર (૩) ઋતુ સંવત્સર (૪) આદિત્ય સંવત્સર (૫) અભિવર્ધિત સંવત્સર.

## વિવેચન :–

પ્રસ્તુત સૂત્રોમાં સૂર્ય, ચંદ્ર, નક્ષત્ર વગેરેની ભિન્ન-ભિન્ન ગતિ આધારિત જુદા-જુદા સંવત્સર અને તેના ભેદનું નિરૂપણ છે. તેમાં નક્ષત્ર સંવત્સરના ૧૨ પ્રકાર અને શનૈશ્ચર સંવત્સરના ૨૮ પ્રકાર હોવાથી સૂત્રકારે પાંચમા સ્થાનમાં તેનું ગ્રહણ કર્યું નથી. શેષ યુગ સંવત્સર, પ્રમાણ સંવત્સર અને લક્ષણ સંવત્સરના પાંચ-પાંચ ભેદ ભાવાર્થથી સ્પષ્ટ છે. તેના વિસ્તૃત વિવેચન માટે જુઓ : શ્રી જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિસૂત્ર વક્ષસ્કાર-૭, સૂત્ર-૧૧૫ થી ૧૨૧.

**(૧) નક્ષત્ર લક્ષણ સંવત્સર :–** કૃતિકા આદિ નક્ષત્રોનો યથા સમયે ચંદ્ર-સૂર્ય સાથે યોગ થતો હોય; જે માસનું જે મુખ્ય નક્ષત્ર હોય તે સ્વભાવથી પૂર્ણિમાના દિવસે યોગ ધરાવતું હોય, ઋતુ સમરૂપે પરિણમિત થતી હોય, અતિ ગરમી કે ઠંડી ન હોય, પરિપૂર્ણ વર્ષા હોય, આ લક્ષણોથી યુક્ત સંવત્સરને નક્ષત્ર સંવત્સર કહે છે.

**(૨) ચંદ્ર લક્ષણ સંવત્સર :–** માસથી વિષમ નામવાળા નક્ષત્ર પૂર્ણિમાના દિવસે ચંદ્ર સાથે યોગ કરતા હોય, ઋતુ કષ્ટકર હોય, અતિવૃષ્ટિ હોય, આ લક્ષણોથી યુક્ત સંવત્સરને ચંદ્ર સંવત્સર કહે છે.

**(૩) કર્મ-ઋતુ લક્ષણ સંવત્સર :–** વિષમ કાળે વનસ્પતિ અંકુરિત થાય, વૃક્ષ પર ફૂલો આવે, યથોચિત વર્ષા ન થાય, આ લક્ષણોથી યુક્ત સંવત્સરને કર્મ-ઋતુ સંવત્સર કહે છે.

**(૪) આદિત્ય લક્ષણ સંવત્સર :–** પૃથ્વી, જળ, પુષ્પ, ફળ વગેરેમાં સૂર્ય યથાર્થ રસ પ્રદાન કરે, વરસાદ થોડો હોવા છતાં પર્યાપ્ત માત્રામાં અનાજ નિષ્પન્ન થાય, આ લક્ષણોથી યુક્ત સંવત્સરને આદિત્ય સંવત્સર કહે છે.

**(૫) અભિવર્દ્ધિત લક્ષણ સંવત્સર :–** સૂર્યના પ્રચંડ તાપથી ભૂમિ પરિતપ્ત રહે, ઋતુઓનું પરિણમન અત્યલ્પકાલીન હોય, નિમ્ન સ્થળો પાણીથી પૂર્ણ ભરેલા રહે, આ લક્ષણોથી યુક્ત સંવત્સરને અભિવર્દ્ધિત સંવત્સર કહે છે.

**શરીરમાંથી જીવ નીકળવાના માર્ગ :–**

**૪૪ पंचविहे जीवस्स णिज्जाणमग्गे पण्णत्ते, तं जहा– पाएहिं, ऊरूहिं, उरेणं, सिरेणं सव्वंगेहिं ।**

**पाएहिं णिज्जायमाणे णिरयगामी भवइ, ऊरूहिं णिज्जायमाणे तिरियगामी भवइ, उरेणं णिज्जायमाणे मणुयगामी भवइ, सिरेणं णिज्जायमाणे देवगामी भवइ, सव्वंगेहिं णिज्जायमाणे सिद्धिगइ पज्जवसाणे पण्णत्ते ।**

**ભાવાર્થ :–** શરીરમાંથી જીવ નીકળવાના પાંચ માર્ગ છે, તે આ પ્રમાણે છે– (૧) પગ (ર) સાથળ (૩) હૃદય (૪) મસ્તક (પ) સર્વાંગ.

(૧) પગથી નિર્યાણ કરનારો(નીકળેલો) જીવ નરકગામી હોય, (ર) સાથળથી નીકળેલો જીવ તિર્યંચગામી હોય, (૩) હૃદયથી નીકળેલો જીવ મનુષ્યગામી હોય, (૪) મસ્તકથી નીકળેલો જીવ દેવગામી હોય, (પ) સર્વાંગથી નીકળેલો જીવ સિદ્ધગતિમાં પર્યવસિત હોય છે.

**વિવેચન :–**

**णिज्जाणमग्गे :–** મૃત્યુ સમયે આત્મપ્રદેશો શરીરના જે ભાગમાંથી કે શરીરના જે માર્ગથી નિર્ગમન કરે, બહાર નીકળે તેને અહીં નિર્યાણ માર્ગ કહ્યો છે. પાંચ નિર્યાણ માર્ગ અને તેના ફળ સૂત્રાર્થથી સ્પષ્ટ છે.

**બંધાદિનો છેદ, ઉત્પત્તિકાળ :–**

**૪પ पंचविहे छेयणे पण्णत्ते, तं जहा– उप्पायछेयणे, वियच्छेयणे, बंधच्छेयणे, पएसच्छेयणे, दोधारच्छेयणे ।**

**ભાવાર્થ :–** છેદન(વિભાગ)ના પાંચ પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) ઉત્પાદ છેદન– ઉત્પાદ પર્યાયના આધારે વિભાગ કરવો (ર) વ્યય છેદન– વિનાશ પર્યાયના આધારે વિભાગ કરવો (૩) બંધ છેદન– કર્મ બંધનું છેદન અથવા પુદ્‌ગલ સ્કંધનું વિભાજન (૪) પ્રદેશ છેદન– નિર્વિભાગી વસ્તુના પ્રદેશનું બુદ્ધિથી વિભાજન (પ) દ્વિધા છેદન– કોઈ વસ્તુના બે ભાગ કરવા.

**૪૬ पंचविहे आणंतरिए पण्णत्ते, तं जहा–उप्पायाणंतरिए, वियाणंतरिए, पए- साणंतरिए, समयाणंतरिए, सामण्णाणंतरिए ।**

**ભાવાર્થ :–** આનન્તર્ય(અવિરહકાળ–અંતર રહિત)ના પાંચ પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) ઉત્પાદ આનન્તર્ય– નિરંતર ઉત્પત્તિ (ર) વ્યય આનન્તર્ય– નિરંતર વિનાશ (૩) પ્રદેશ આનન્તર્ય– નિરંતર

પ્રદેશોની સંલગ્નતા (૪) સમય આનન્તર્ય– સમયની નિરંતરતા (૫) સામાન્ય આનન્તર્ય– કોઈ પર્યાય વિશેષની વિવક્ષા ન કરતા સામાન્ય નિરંતરતા.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં ઉત્પાદ, વ્યય વગેરેના છેદ અને આનંતર્યનું કથન છે.

**छेयणे :–** છેદન એટલે છેદ થવો, વિભાગ થવો. ટીકાકારે તેનો અર્થ વિરહકાળ પણ કર્યો છે.

**आणंतरिए :–** આનંતર્ય. સમયે-સમયે નિરંતર ઉત્પન્ન થવું.

**उप्पायच्छेयणे :–** ઉત્પત્તિનો છેદ, નાશ અર્થાત્ ઉત્પત્તિ ન થવી. જેમ કે– નરકમાં નારકીઓની ઉત્પત્તિનો છેદ થાય, ઉત્પત્તિ અટકી જાય. આ ઉત્પત્તિ અટકે અને પુનઃ ઉત્પન્ન થાય તે જ વિરહકાળ કહેવાય છે. એકેન્દ્રિયમાં ઉત્પાદ છેદ થતો નથી. નૈરયિકોમાં ૧૨ મુહૂર્ત પર્યંત ઉત્પાદ છેદ હોય છે. આ રીતે પ્રત્યેક દંડકના વિરહકાલ અનુસાર તેનો ઉત્પાદ છેદ જાણવો.

**वियच्छेयणे :–** વ્યય, નાશ, ચ્યવન, મરણનો છેદ. એકેન્દ્રિયમાં મરણનો અભાવ ક્યારે ય હોતો નથી. તેમાં વ્યય છેદનકાળ નથી. નરકાદિ દંડકોમાં ૧૨ મુહૂર્તનો વ્યય છેદનકાળ છે.

**बंधच्छेयणे :–** બંધનો છેદ થવો. કર્મપ્રકૃતિના બંધ વિચ્છેદને બંધ છેદ કહે છે. જેમ કે– ચોથા ગુણસ્થાને મિથ્યાત્વ મોહનીય કર્મનો બંધ વિચ્છેદ થાય છે અર્થાત્ તે કર્મ બંધાતું નથી.

**पएसच्छेयणे :–** પ્રદેશછેદ. સ્કંધ સાથે જોડાયેલા દ્રવ્યના નિર્વિભાગ અંશને પ્રદેશ કહે છે. પુદ્ગલ દ્રવ્ય સિવાય શેષ દ્રવ્યના પ્રદેશ છૂટા પડતા જ નથી તેથી તેનાં પ્રદેશનો છેદ શક્ય નથી. પુદ્ગલ દ્રવ્યમાં એક, બે, સંખ્યાત, અસંખ્યાત, અનંતપ્રદેશ છૂટા પડે છે તેને પ્રદેશ છેદન કહે છે.

**दोधारच्छेयणे :–** બે ધારી તલવારથી છેદન કરવું, તલવારાદિથી બે ભાગ કરવા તે દ્વિધાર છેદન છે. સંયમ અને તપથી કર્મોને છેદવા, કર્મોનો સ્થિતિઘાત, રસઘાત કરવો તેને પણ બે ધાર છેદન કહે છે.

**उप्पायाणंतरिए :–** સમયે-સમયે થતી નિરંતર ઉત્પત્તિને ઉત્પાદ આનંતર્ય કહે છે. જેમ કે નરકાદિ ગતિમાં અસંખ્યાત સમય સુધી નારકીઓ નિરંતર ઉત્પન્ન થાય છે. એકેન્દ્રિયમાં નિત્ય નિરંતર ઉત્પત્તિ છે.

**वियाणंतरिए :–** વ્યય નિરંતરતા. નરકાદિમાં અસંખ્યાત સમય સુધી નિરંતર મૃત્યુ થતું રહે છે. એકેન્દ્રિયમાં નિત્ય નિરંતર વ્યય હોય છે.

**पएसाणंतरिए :–** અરૂપી દ્રવ્યમાં પ્રદેશો જોડાયેલા, સ્કંધરૂપે જ હોય છે. પ્રદેશોના આ સાતત્યને પ્રદેશ આનંતર્ય કહે છે.

**समयाणंतरिए :–** સમય આનંતર્ય. સમયનો વિરહ ક્યારેય થતો નથી, એક સમય વ્યતીત થતાં બીજો

સમય, તેમ એક પછી એક સમયની નિરંતરતાને સમય આનંતર્ય કહે છે. સમયે-સમયે થતાં કાર્યને પણ સમયાનંતર્ય કહી શકાય.

**सामण्णाणंतरिए :–** સામાન્ય આનંતર્ય, શ્રામણ્ય આનંતર્ય. ઉત્પાદ, વ્યય વગેરે વિશેષ પર્યાયની વિવક્ષા વિનાની નિરંતરતાને **સામાન્ય આનંતર્ય** કહે છે. ક્ષપક શ્રેણી અને ઉપશમ શ્રેણીમાં ચારિત્રની નિરંતરતા હોય છે અર્થાત્ તેની વચ્ચે ચરિત્ર પરિણામનો વ્યવધાન થતો નથી(વિરહ પડતો નથી) તેને શ્રામણ્ય આનંતર્ય કહે છે.

**અનંતના પ્રકાર :–**

**૪૭ पंचविहे अणंतए पण्णत्ते, तं जहा– णामाणंतए, ठवणाणंतए, दव्वाणंतए, गणणाणंतए पएसाणंतए ।**

**अहवा– पंचविहे अणंतए पण्णत्ते, तं जहा– एगतोणंतए, दुहओणंतए, देसवित्थाराणंतए, सव्ववित्थाराणंतए, सासयाणंतए ।**

**ભાવાર્થ :–** અનંતના પાંચ પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) નામ અનંત (૨) સ્થાપના અનંત (૩) દ્રવ્ય અનંત (૪) ગણના અનંત (૫) પ્રદેશ અનંત

અથવા અનંતના પાંચ પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) એકતઃ અનંત (૨) દ્વિધા અનંત (૩) દેશ વિસ્તાર અનંત (૪) સર્વ વિસ્તાર અનંત (૫) શાશ્વત અનંત.

**વિવેચન :–**

**अणंतए** = જેનો અંત ન હોય તે અનંત. પ્રસ્તુત સૂત્રમાં અનંત શબ્દનો પ્રયોગ અનેક સંદર્ભમાં થયો છે. તેમાં પ્રથમના ત્રણ ભેદમાં નામાદિ ત્રણ નિક્ષેપથી અને શેષ સાત ભેદમાં ભાવ નિક્ષેપથી કથન છે.

**(૧) णामाणंतए :–** નામ અનંત. કોઈ વ્યક્તિ કે વસ્તુનું નામ 'અનંત' રાખવું. જેમ અનંતનાથ, અનંત ચતુર્દશી.

**(૨) ठवणाणंतए :–** સ્થાપના અનંત. સચિત્ત કે અચિત્ત વસ્તુ, મૂર્તિ, નકશામાં અનંતની સ્થાપના કરવી.

નામ અને સ્થાપના અનંતમાં અનંત શબ્દના અર્થની મુખ્યતા નથી પરંતુ નામકરણ અને આરોપણાની મુખ્યતા છે.

**(૩) दव्वाणंतए :–** દ્રવ્ય અનંત. જીવ, પુદ્‌ગલ અને કાળ દ્રવ્ય અનંત છે. તેમાં વ્યક્તિ કે વસ્તુ રૂપે દ્રવ્યની અનંતતા સૂચિત છે.

**(૪) गणणाणंतए :–** ગણના અનંત. સંખ્યાની દષ્ટિએ અનંત. જૈન ગણિત પ્રમાણે ગણનાના ત્રણ પ્રકાર છે. સંખ્યાત, અસંખ્યાત અને અનંત. સંખ્યાતની ગણના થાય છે. અસંખ્યાતની ગણના થતી નથી તેમ છતાં તે સાંત છે. દેવ વગેરે કોઈપણ તેનો અંત પામી શકે છે પરંતુ અનંતની ગણના થતી નથી અને તેનો અંત પણ આવતો નથી. દેવો પણ તેનો અંત પામી શકતા નથી.

**(૫) पएसाणंतए :–** પ્રદેશ અનંત. આકાશમાં અને અનંતપ્રદેશી પુદ્‌ગલ દ્રવ્યમાં પ્રદેશ અનંત હોય છે. અહીં તે પ્રદેશની અનંતતા સૂચિત છે.

**(૬) एगओ अणंतए :–** એક બાજુ અનંતની ગણનાને એકતઃ અનંત કહે છે. જેમ એક આકાશપ્રદેશની એક શ્રેણીમાં લંબાઈની અપેક્ષાએ અનંતપ્રદેશ છે, તે એકતઃ અનંત છે અથવા કેવળ અતીતકાલના કે કેવળ અનાગતના અનંત સમયની ગણના કરવી.

**(૭) दुहओ अणंतए :–** બે બાજુથી અનંતની ગણનાને દ્વિધા અનંત કહે છે. જેમ પ્રતર ક્ષેત્રમાં લંબાઈ અને પહોળાઈ બંને અપેક્ષાએ અનંતપ્રદેશ છે અથવા અતીતકાળ અને ભવિષ્યકાળ બંનેની અપેક્ષાએ અનંત સમયની ગણના કરવી. એકતઃ અને ઉભયતઃમાં અનંત શબ્દ ક્ષેત્ર અને કાળ વિસ્તારને સૂચિત કરે છે.

**(૮) देसवित्थाराणंतए :–** દેશ વિસ્તાર અનંત. દિશા અને પ્રતરની અપેક્ષાએ અનંત. દિશાઓનો પ્રારંભ મેરુ પર્વતના મધ્યભાગે સ્થિત રુચક પ્રદેશોથી થાય છે. પૂર્વાદિ કોઈ એક દિશા રૂપ ક્ષેત્ર વિશેષને એક દેશ કહે છે. તે એક દેશનો વિસ્તાર અને તેમાં અનંત આકાશપ્રદેશ છે તેને દેશ વિસ્તાર અનંત કહે છે.

**(૯) सव्ववित्थाराणंतए :–** સર્વ વિસ્તાર અનંત. ક્ષેત્ર વ્યાપકતાની દષ્ટિએ અનંત. સંપૂર્ણ આકાશ પ્રદેશની અનંતતા.

**(૧૦) सासयाणंतए :–** શાશ્વત અનંત. શાશ્વતતા અને નિત્યતાની દષ્ટિએ અનંત. આદિ-અંત રહિત સ્થિતિવાળા જીવાદિ પદાર્થને શાશ્વત અનંત કહે છે.

સ્થાન-૧૦, સૂત્ર-૫૯માં આ જ દસ પ્રકારના અનંતનું કથન છે.

### જ્ઞાન અને જ્ઞાનાવરણીયકર્મ પ્રકાર :–

**૪૮ पंचविहे णाणे पण्णत्ते, तं जहा– आभिणिबोहियणाणे, सुयणाणे, ओहिणाणे, मणपज्जवणाणे, केवलणाणे ।**

**ભાવાર્થ :–** જ્ઞાનના પાંચ પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) આભિનિબોધિક જ્ઞાન (૨) શ્રુતજ્ઞાન (૩) અવધિજ્ઞાન (૪) મનઃપર્યવજ્ઞાન (૫) કેવળજ્ઞાન.

**૪૯ पंचविहे णाणावरणिज्जे कम्मे पण्णत्ते, तं जहा–**

**आभिणिबोहिय-णाणावर- णिज्जे, सुयणाणावरणिज्जे, ओहिणाणावरणिज्जे, मणपज्जव-णाणावरणिज्जे, केवल- णाणावरणिज्जे ।**

**ભાવાર્થ :–** જ્ઞાનાવરણીયકર્મના પાંચ પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) આભિનિબોધિક જ્ઞાનાવરણીય (૨) શ્રુત જ્ઞાનાવરણીય (૩) અવધિ જ્ઞાનાવરણીય (૪) મનઃ પર્યવ જ્ઞાનાવરણીય (૫) કેવલ જ્ઞાનાવરણીય.

**વિવેચન :–**

પ્રસ્તુતમાં આત્માના જ્ઞાનગુણ અને તેને આવરણ કરનાર જ્ઞાનાવરણીય કર્મનું કથન છે. જ્ઞાનના પાંચ પ્રકાર છે. તેથી તેને આવરણ કરનાર કર્મના પણ પાંચ પ્રકાર છે. જ્ઞાનાદિનું સ્વરૂપ વર્ણન નંદીસૂત્ર પ્રમાણે જાણવું.

**(૧) આભિનિબોધિક જ્ઞાનાવરણીય :–** ચાર પ્રકારની બુદ્ધિથી જે જ્ઞાન થાય તે અશ્રુત-નિશ્રિત મતિજ્ઞાન કહેવાય છે અને ઈન્દ્રિય તથા મનના માધ્યમે, શ્રુત(આગમ) અનુભવે ઉત્પન્ન મતિ દ્વારા જે જ્ઞાન થાય તે શ્રુત-નિશ્રિત મતિજ્ઞાન કહેવાય છે. આ બંને પ્રકારના જ્ઞાનને આવરિત કરનારા કર્મને મતિજ્ઞાનાવરણીય કર્મ કહે છે.

**(૨) શ્રુતજ્ઞાનાવરણીય કર્મ :–** પાંચ ઈન્દ્રિય અને મન દ્વારા ગ્રહિત વિષયમાં વિશિષ્ટ વિચારણા દ્વારા જે જ્ઞાન થાય તે તથા શ્રવણની મુખ્યતાએ, શાસ્ત્રના માધ્યમે જે જ્ઞાન થાય તે શ્રુતજ્ઞાન કહેવાય છે. તેને આવરિત કરનારા કર્મને શ્રુતજ્ઞાનાવરણીય કર્મ કહે છે.

**(૩) અવધિજ્ઞાનાવરણીય કર્મ :–** ઈન્દ્રિય અને મનની સહાયતા વિના સાક્ષાત્ આત્માથી થતાં, રૂપી પદાર્થને વિષય કરતાં, ક્ષેત્ર-કાળની મર્યાદા ધરાવતા જ્ઞાનને અવધિજ્ઞાન કહે છે. તેને આવરણ કરતા કર્મને અવધિજ્ઞાનાવરણીય કર્મ કહે છે.

**(૪) મનઃપર્યવ જ્ઞાનાવરણીય કર્મ :–** સંજ્ઞી જીવોના મનોગત ભાવોને જાણે તે મનઃપર્યવજ્ઞાન અને તેને આવરણ કરનારા કર્મને મનઃપર્યવ જ્ઞાનાવરણીય કર્મ કહે છે.

**(૫) કેવળ જ્ઞાનાવરણીય કર્મ :–** લોકાલોકને, ત્રણે કાળને, સર્વ દ્રવ્યને જાણે તે કેવળજ્ઞાન અને તેને આવરણ કરનારા કર્મને કેવળ જ્ઞાનાવરણીય કર્મ કહે છે.

**સ્વાધ્યાયના પાંચ પ્રકાર :–**

**૫૦ पंचविहे सज्झाए पण्णत्ते, तं जहा– वायणा, पुच्छणा, परियट्टणा, अणुप्पेहा, धम्मकहा ।**

**ભાવાર્થ :–** સ્વાધ્યાયના પાંચ પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) વાચના– પઠન પાઠન કરવું (૨) પૃચ્છના– સંદિગ્ધ વિષય અંગે પૂછવું (૩) પરિવર્તના– ભણેલા વિષયને ફેરવવો (૪) અનુપ્રેક્ષા– વિષયનું

વારંવાર ચિંતન કરવું (૫) ધર્મકથા– ધર્મની ચર્ચા કરવી. તેનું નિરૂપણ, પ્રરૂપણ, વ્યાખ્યાન કરવું.

**પ્રત્યાખ્યાનની શુધ્ધિ :–**

**૫૧ पंचविहे पच्चक्खाणे पण्णत्ते, तं जहा– सद्दहणसुद्धे, विणयसुद्धे, अणुभासणा- सुद्धे, अणुपालणासुद्धे, भावसुद्धे ।**

**ભાવાર્થ :–** પ્રત્યાખ્યાનના પાંચ પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) શ્રદ્ધાન શુદ્ધ પ્રત્યાખ્યાન (૨) વિનય શુદ્ધ પ્રત્યાખ્યાન (૩) અનુભાષણ શુદ્ધ પ્રત્યાખ્યાન (૪) અનુપાલના શુદ્ધ પ્રત્યાખ્યાન (૫) ભાવ શુદ્ધ પ્રત્યાખ્યાન.

**વિવેચન :–**

**પ્રત્યાખ્યાન :–** નિશ્ચિત કાલ મર્યાદા પર્યંત અથવા યાવજ્જીવન પર્યંત પાપકારી પ્રવૃત્તિનો અથવા પદાર્થોનો ત્યાગ કરવો તેને પ્રત્યાખ્યાન કહે છે.

ત્યાગની શુદ્ધિ માટે તેમાં શ્રદ્ધા, વિનય, સામર્થ્ય આદિ અન્ય ગુણો આવશ્યક છે. શુદ્ધિની અપેક્ષાએ સૂત્રકારે તેના પાંચ ભેદ કર્યા છે.

**सद्दहण सुद्धे :–** શ્રદ્ધાપૂર્વક, સમજણપૂર્વક, રુચિપૂર્વક જે પ્રત્યાખ્યાન કરવામાં આવે તે શ્રદ્ધાન શુદ્ધ પ્રત્યાખ્યાન છે.

**विणय सुद्धे :–** જે પ્રત્યાખ્યાન વિનયની અપેક્ષાએ શુદ્ધ હોય તેને વિનયશુદ્ધ પ્રત્યાખ્યાન કહે છે. ગુરુજનોની સમક્ષ મન, વચન, કાયાના વિનયપૂર્વક પ્રત્યાખ્યાનનો સ્વીકાર કરવો, તે વિનયશુદ્ધ પ્રત્યાખ્યાન છે.

**अणुभासणासुद्धे :–** પ્રત્યાખ્યાન સ્વીકાર કરાવવા માટે ગુરુજનો જે શબ્દોનું ઉચ્ચારણ કરે, તેનું પુનઃ ઉચ્ચારણ કરવું તેને અનુભાષણ શુદ્ધ પ્રત્યાખ્યાન કહે છે. જેમ કે– પ્રત્યાખ્યાન કરાવતા ગુરુજનો 'વોસિરેહ' શબ્દ બોલે ત્યારે શિષ્ય 'વોસિરામિ' શબ્દનું ઉચ્ચારણ કરીને પ્રત્યાખ્યાનનો સ્વીકાર કરે તે અનુભાષણ શુદ્ધ પ્રત્યાખ્યાન છે.

**अणुपालणासुद्धे :–** સ્વીકૃત પ્રત્યાખ્યાનનું દુર્ભિક્ષમાં, રોગાદિ કોઈ પણ ઉપસર્ગ કે પરિષહના સમયે યથાવત્ પાલન કરવું, પ્રત્યાખ્યાનનો ભંગ ન કરવો તે અનુપાલના શુદ્ધ પ્રત્યાખ્યાન છે.

**भावसुद्धे :–** રાગ, દ્વેષ, મોહ, આશંસા, નિદાન આદિ કોઈ પણ દોષ વિના, શુદ્ધ ભાવે પ્રત્યાખ્યાન કરવા તે ભાવશુદ્ધ પ્રત્યાખ્યાન છે.

**પાંચ પ્રકારના પ્રતિક્રમણ :–**

**૫૨ पंचविहे पडिक्कमणे पण्णत्ते, तं जहा– आसवदारपडिक्कमणे, मिच्छत्त-**

**पडिक्कमणे, कसायपडिक्कमणे, जोगपडिक्कमणे, भावपडिक्कमणे ।**

**ભાવાર્થ :–** પ્રતિક્રમણના પાંચપ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) આશ્રવદ્વાર પ્રતિક્રમણ– હિંસા આદિ આશ્રવોથી નિવૃત્ત થવું (૨) મિથ્યાત્વ પ્રતિક્રમણ– મિથ્યાત્વથી નિવૃત્ત થવું (૩) કષાય પ્રતિક્રમણ– કષાયોથી નિવૃત્ત થવું (૪) યોગ પ્રતિક્રમણ– મન, વચન, કાયાની અશુભ પ્રવૃત્તિથી નિવૃત્ત થવું (૫) ભાવ પ્રતિક્રમણ– રાગ દ્વેષ આદિ કલુષિત ભાવોથી નિવૃત્ત થવું.

**વિવેચન :–**

પચ્ચક્ખાણ લીધા પછી તેમાં કોઈ ત્રુટિ રહી જાય તો તેને દૂર કરવા માટે પ્રતિક્રમણ આવશ્યક છે. **પ્રતિક્રમણ–**અશુભ યોગમાં ગયેલા આત્માને ત્યાંથી પાછો વાળી શુભ યોગમાં સ્થિર કરવો. પ્રમાદને ત્યાગી અપ્રમાદી બનવું. આત્મા પ્રમાદવશ પરગુણો તરફ જાય છે, ત્યાંથી પાછા ફરવું તે પ્રતિક્રમણ.

અતિચારની શુદ્ધિના માર્ગે આવવું તે દ્રવ્ય પ્રતિક્રમણ છે અને મિથ્યાભાવોથી નિવૃત્ત થવું તે ભાવ પ્રતિક્રમણ છે. વિષય ભેદના આધારે તેના સૂત્રોક્ત પાંચ પ્રકાર છે. જે ભાવાર્થથી સ્પષ્ટ થાય છે.

**વાચના આદાન પ્રદાનના કારણો :–**

**૫૩ पंचहिं ठाणेहिं सुत्तं वाएज्जा, तं जहा– संगहट्ठयाए, उवग्गहट्ठयाए, णिज्ज-रट्ठयाए, सुत्ते वा मे पज्जवयाए भविस्सइ, सुत्तस्स वा अवोच्छित्ति-णयट्ठयाए ।**

**ભાવાર્થ :–** સૂત્રની વાંચના આપવાના પાંચ કારણ છે, તે આ પ્રમાણે છે– (૧) શિષ્યોને શ્રુત સંપન્ન બનાવવા માટે. (૨) શિષ્યોના ઉપકાર માટે, (૩) કર્મોની નિર્જરા કરવા માટે, (૪) વાચના દ્વારા પોતાના શ્રુતને પુષ્ટ કરવા માટે, (૫) શ્રુતના પઠન-પાઠન દ્વારા શ્રુતજ્ઞાનની પરંપરા ચાલુ રાખવા માટે.

**૫૪ पंचहिं ठाणेहिं सुत्तं सिक्खेज्जा, तं जहा– णाणट्ठयाए, दंसणट्ठयाए, चरित्त- ट्ठयाए, वुग्गहविमोयणट्ठयाए, जहत्थे वा भावे जाणिस्सामीति कट्टु ।**

**ભાવાર્થ :–** સૂત્ર શીખવાના પાંચ કારણ છે, તે આ પ્રમાણે છે– (૧) જ્ઞાનાર્થે (૨) દર્શનાર્થે (૩) ચારિત્રાર્થે (૪) વ્યુદ્‌ગ્રહ વિમોચનાર્થે (૫) યથાર્થ ભાવજ્ઞાનાર્થે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં વાચના આપવાના અને વાચના લેવાના પાંચ-પાંચ કારણોની સમીક્ષા કરી છે અર્થાત્ વાચના દાતા ગુરુ અને વાચના ગ્રહણ કરનાર શિષ્યના પાંચ-પાંચ લાભનું નિરૂપણ છે.

**વાચના આપવાના પાંચ લાભ :–** (૧) વાચના દ્વારા શિષ્યો શ્રુતજ્ઞાન સંપન્ન બને છે. ગચ્છમાં શ્રુત સંપન્ન અને બહુશ્રુત સંતોની વૃદ્ધિ થાય છે. (૨) શિષ્યોના ઉપકાર માટે– જ્ઞાન સંપન્ન સાધક જ સંયમ માર્ગમાં દઢ બની શકે છે, તેની શિષ્ય પરંપરામાં તે વાચના આપવાની યોગ્યતા કેળવી શકે છે, ગણમર્યાદા યથોચિત

રીતે જાળવી શકે. શિષ્યો માટે આવા અનેક ઉપકાર થાય છે. (૩) નિર્જરા માટે– વાચના લેવી અને દેવી તે બંને સ્વાધ્યાય તપની અંતર્ગત છે માટે વાચના દાતા ગુરુ અને શિષ્યને બંનેને મહાન નિર્જરા થાય છે. (૪) શ્રુતજ્ઞાનની પુષ્ટિ માટે– વાચના આપવાથી વાચના આપનારનું શ્રુતજ્ઞાન વિશેષ પુષ્ટ અને નિર્મળ થતું જાય છે. (૫) શ્રુત પરંપરા ટકાવવા માટે– વાચના આપવાથી જ ગુરુ શિષ્યની પરંપરાએ શ્રુત પરંપરા અવિચ્છિન્ન રહી શકે છે.

**વાચના લેવાના પાંચ લાભ :–** (૧) જ્ઞાન માટે– શ્રુતના અધ્યયનથી જ કેવલી પ્રરૂપિત ધર્મતત્ત્વોનો બોધ થાય તેમજ આગમ રહસ્યો પ્રગટ થાય છે. (૨) દર્શન માટે– શ્રુતના અધ્યયનથી દર્શન વિશુદ્ધિ થાય છે. શ્રદ્ધાદઢ બને છે. (૩) ચારિત્ર માટે– શ્રુતના અધ્યયનથી જ ચારિત્રના આચાર–વિચારનું જ્ઞાન થાય છે. આચાર વિચારના જ્ઞાન પછી તેનું શુદ્ધ પાલન થઈ શકે છે. (૪) વ્યુદ્ગ્રહ વિમોચન– શ્રુતના અધ્યયનથી મિથ્યા અભિનિવેશ છૂટી જાય છે. (૫) યથાર્થ ભાવ જ્ઞાન માટે– શ્રુતના અધ્યયનથી જીવાજીવ રૂપ તત્ત્વનું, દ્રવ્ય, ગુણ, પર્યાયનું યથાર્થ જ્ઞાન થાય છે.

## સૌધર્મ ઈશાન દેવ વિમાનના વર્ણ, ઊંચાઈ :–

**૫૫ सोहम्मीसाणेसु णं कप्पेसु विमाणा पंचवण्णा पण्णत्ता, तं जहा– किण्हा, णीला, लोहिया, हालिद्दा, सुक्किल्ला ।**

**ભાવાર્થ :–** સૌધર્મ અને ઈશાન કલ્પના વિમાન પાંચ વર્ણવાળા છે, તે આ પ્રમાણે છે– (૧) કાળા (૨) નીલા (૩) લાલ (૪) પીળા (૫) સફેદ.

**૫૬ सोहम्मीसाणेसु णं कप्पेसु विमाणा पंचजोयणसयाइं उड्ढं उच्चत्तेणं पण्णत्ता ।**

**ભાવાર્થ :–** સૌધર્મ અને ઈશાન કલ્પના વિમાન પાંચસો યોજનના ઊંચા છે.

**૫૭ बंभलोगलंतएसु णं कप्पेसु देवाणं भवधारणिज्जसरीरगा उक्कोसेणं पंचरयणी उड्ढं उच्चत्तेणं पण्णत्ता ।**

**ભાવાર્થ :–** બ્રહ્મલોક અને લાંતક કલ્પના દેવોની ભવધારણીય શરીરની ઊંચાઈ પાંચ હાથની છે.

## પુદ્ગલોનો ત્રૈકાલિક બંધ :–

**૫૮ णेरइया णं पंचवण्णे पंचरसे पोग्गले बंधिंसु वा बंधंति वा बंधस्संति वा, तं जहा– किण्हे *जाव* सुक्किल्ले । तित्ते *जाव* महुरे । एवं *जाव* वेमाणिया ।**

**ભાવાર્થ :–** નારક જીવોએ પાંચ વર્ણ અને પાંચ રસવાળા પુદ્ગલોને કર્મરૂપે ભૂતકાળમાં બાંધ્યા હતા, વર્તમાનમાં બાંધે છે અને ભવિષ્યમાં બાંધશે. તે આ પ્રમાણે છે– કૃષ્ણ ***યાવત્*** શુકલ વર્ણવાળા પુદ્ગલો અને તિક્ત રસ ***યાવત્*** મધુર રસવાળા પુદ્ગલો.

નારકની જેમ વૈમાનિક સુધીના સર્વ દંડકોના જીવોએ પાંચ વર્ણ અને પાંચ રસવાળા પુદ્ગલોને કર્મરૂપે ભૂતકાળમાં બાંધ્યા હતા, વર્તમાનમાં બાંધે છે અને ભવિષ્યમાં બાંધશે.

**જંબૂદ્વીપની મહાનદીને સમર્પિત નદીઓ :–**

**૫૯ जंबुद्दीवे दीवे मंदरस्स पव्वयस्स दाहिणे णं गंगं महाणइं पंच महाणइओ समप्पेंति, तं जहा– जउणा, सरऊ, आदी, कोसी, मही ।**

**ભાવાર્થ :–** જંબૂદ્વીપ નામના દ્વીપમાં મંદર પર્વતના દક્ષિણ ભાગમાં(ભરત ક્ષેત્રમાં) પાંચ મહાનદીઓ ગંગા મહાનદીને સમર્પિત થાય છે અર્થાત્ તેમાં મળે છે, તે આ પ્રમાણે છે– (૧) યમુના (૨) સરયુ (૩) આદી (૪) કોસી (૫) મહી.

**૬૦ जंबुद्दीवे दीवे मंदरस्स पव्वयस्स दाहिणे णं सिंधुं महाणइं पंच महाणईओ समप्पेंति, तं जहा– सयद्दू, वियत्था, विभासा, एरावई, चंदभागा ।**

**ભાવાર્થ :–** જંબૂદ્વીપ નામના દ્વીપમાં મંદર પર્વતના દક્ષિણ ભાગમાં (ભરત ક્ષેત્રમાં) પાંચ મહાનદીઓ સિંધુ મહાનદીને સમર્પિત થાય છે અર્થાત્ તેમાં મળે છે, તે આ પ્રમાણે છે– (૧) શતદ્રુ-સતલજ (૨) વિતસ્તા-ઝેલમ (૩) વિપાશા (૪) ઐરાવતી-રાવી (૫) ચન્દ્રભાગા.

**૬૧ जंबुद्दीवे दीवे मंदरस्स पव्वयस्स उत्तरे णं रत्तं महाणइं पंच महाणइओ समप्पेंति, तं जहा– किण्हा, महाकिण्हा, णीला, महाणीला, महातीरा ।**

**ભાવાર્થ :–** જંબૂદ્વીપ નામના દ્વીપમાં મંદર પર્વતના ઉત્તર ભાગમાં(ઐરવત ક્ષેત્રમાં) પાંચ મહાનદીઓ રક્ત મહાનદીને સમર્પિત થાય છે, તે આ પ્રમાણે છે– (૧) કૃષ્ણા (૨) મહાકૃષ્ણા (૩) નીલા (૪) મહાનીલા (૫) મહાતીરા.

**૬૨ जंबुद्दीवे दीवे मंदरस्स पव्वयस्स उत्तरे णं रत्तवइं महाणइं पंच महाणइओ समप्पेंति, तं जहा– इंदा, इंदसेणा, सुसेणा, वारिसेणा, महाभोगा ।**

**ભાવાર્થ :–** જંબૂદ્વીપ નામના દ્વીપમાં મંદર પર્વતના ઉત્તર ભાગમાં (ઐરવત ક્ષેત્રમાં) પાંચ મહાનદીઓ રક્તવતી મહાનદીને સમર્પિત થાય છે, તે આ પ્રમાણે છે– (૧) ઈન્દ્રા (૨) ઈન્દ્રસેના (૩) સુષેણા (૪) વારિષેણા (૫) મહાભોગા.

**કુમારાવસ્થામાં દીક્ષિત તીર્થંકરો :–**

**૬૩ पंच तित्थयरा कुमारवासमज्झे वसित्ता मुंडे भवित्ता अगाराओ अणगारियं पव्वइया, तं जहा– वासुपुज्जे, मल्ली, अरिट्ठणेमी, पासे, वीरे ।**

**ભાવાર્થ :–** પાંચ તીર્થંકર રાજકુમાર અવસ્થામાં જ મુંડિત થઈ, અગારથી અણગાર બની પ્રવ્રજિત થયા, તે આ પ્રમાણે છે– (૧) વાસુપૂજ્ય (૨) મલ્લી (૩) અરિષ્ટનેમિ (૪) પાર્શ્વ (૫) મહાવીર.

**વિવેચન :–**

ઉપરોક્ત પાંચ તીર્થંકરો રાજકુલમાં જન્મ્યા અને કુમારવાસમાં જ ગૃહવાસ છોડી દીક્ષિત થયા છે. અહીં 'કુમાર' શબ્દ રાજ્યગાદીના અસ્વીકારને સૂચવે છે. તેઓ રાજા બન્યા વિના રાજકુમાર અવસ્થામાં જ દીક્ષિત થયા છે.

**ઈન્દ્રોની સભાઓ :–**

**૬૪ चमरचंचाए रायहाणीए पंच सभा पण्णत्ता, तं जहा– सुहम्मासभा उववायसभा, अभिसेयसभा, अलंकारियसभा, ववसायसभा ।**

**ભાવાર્થ :–** ચમરચંચા રાજધાનીમાં પાંચ સભા કહી છે, તે આ પ્રમાણે છે– (૧) સુધર્મા સભા– દેવોની સભા-મળવાનું સ્થાન. (૨) ઉપપાત સભા– ઉત્પત્તિ સ્થાન (૩) અભિષેક સભા– અભિષેકનું સ્થાન (૪) અલંકારિક સભા– શરીર સજાવટ ભવન (૫) વ્યવસાય સભા– અધ્યયનગૃહ અર્થાત્ કોઈપણ કાર્યના નિર્ણયનું સ્થાન.

**૬૫ एगमेगे णं इंदट्ठाणे पंच सभाओ पण्णत्ताओ, तं जहा– सभासुहम्मा, उववायसभा, अभिसेयसभा, अलंकारियसभा, ववसायसभा ।**

**ભાવાર્થ :–** તે રીતે એક–એક ઈન્દ્ર સ્થાનમાં(નિવાસ સ્થાનમાં) પાંચ-પાંચ સભા છે, તે આ પ્રમાણે છે– (૧) સુધર્મા સભા (૨) ઉપપાત સભા (૩) અભિષેક સભા (૪) અલંકારિક સભા (૫) વ્યવસાય સભા.

**પાંચ તારાવાળા નક્ષત્ર :–**

**૬૬ पंच णक्खत्ता पंचतारा पण्णत्ता, तं जहा– धणिट्ठा, रोहिणी, पुणव्वसू, हत्थो, विसाहा ।**

**ભાવાર્થ :–** પાંચ નક્ષત્ર પાંચ-પાંચ તારાવાળા છે, તે આ પ્રમાણે છે– (૧) ધનિષ્ઠા (૨) રોહિણી (૩) પુનર્વસુ (૪) હસ્ત (૫) વિશાખા.

**પાંચ જાતિ આશ્રી પાપકર્મનો સંચય :–**

**૬૭ जीवा णं पंचट्ठाणणिव्वत्तिए पोग्गले पावकम्मत्ताए चिणिंसु वा चिणंति वा चिणिस्संति, वा, तं जहा– एगिंदियणिव्वत्तिए, बेइंदियणिव्वत्तिए,**

**तेइंदियणिव्व- त्तिए, चउरिंदियणिव्वत्तिए, पंचिंदियणिव्वत्तिए । एवं चिण, उवचिण, बंध, उदीर, वेद तह णिज्जरा चेव ।**

**ભાવાર્થ :–** જીવે પાંચ સ્થાનથી નિર્વર્તિત પુદ્ગલોનો પાપકર્મરૂપે ભૂતકાળમાં સંચય કર્યો હતો, વર્તમાનમાં કરે છે અને ભવિષ્યમાં કરશે, તે આ પ્રમાણે છે– (૧) એકેન્દ્રિય નિર્વર્તિત પુદ્ગલોનો (૨) બેઇન્દ્રિય નિર્વર્તિત પુદ્ગલોનો (૩) તેઇન્દ્રિય નિર્વર્તિત પુદ્ગલોનો (૪) ચૌરેન્દ્રિય નિર્વર્તિત પુદ્ગલોનો (૫) પંચેન્દ્રિય નિર્વર્તિત પુદ્ગલોનો.

આ રીતે પાંચ સ્થાનથી નિર્વર્તિત પુદ્ગલોનો પાપકર્મ રૂપે ચય, ઉપચય, બંધ, ઉદીરણા, વેદન અને નિર્જરા ભૂતકાળમાં કરી હતી, વર્તમાનમાં કરે છે અને ભવિષ્યમાં કરશે.

## વિવેચન :–

પ્રસ્તુત સૂત્રમાં પાપકર્મના બંધક એકેન્દ્રિયથી પંચેન્દ્રિય તે પાંચ જાતિના જીવો દ્વારા ઉપાર્જિત પાપ કર્મના ચયાદિનું કથન છે. સ્થાન-૨, ઉદ્દે.-૪, સૂત્ર-૨૪માં ત્રસ-સ્થાવર બે પ્રકારના જીવ આશ્રી; સ્થાન-૩, ઉદ્દે.-૪, સૂત્ર-૮૧માં ત્રણ વેદ આશ્રી; સ્થાન-૪, ઉદ્દે.-૪, સૂત્ર-૧૩૯માં ચાર ગતિ આશ્રી; પ્રસ્તુત સ્થાન-૫, ઉદ્દે.-૩, સૂત્ર-૬૭માં પાંચ જાતિ આશ્રી; સ્થાન-૬, સૂત્ર-૧૧૭માં છકાય આશ્રી; સ્થાન-૭, સૂત્ર-૧૪૪માં ચાર ગતિ અને ત્રણ વેદ આશ્રી; સ્થાન-૮, સૂત્ર-૧૨૧માં ચાર ગતિમાં પ્રથમ-અપ્રથમ સમયવર્તી જીવ આશ્રી; સ્થાન-૯, સૂત્ર-૮૦માં પાંચ કાય, ચાર જાતિ આશ્રી; સ્થાન-૧૦, સૂત્ર-૧૫૯માં પાંચ જાતિમાં પ્રથમ-અપ્રથમ સમયવર્તી જીવ આશ્રી પાપકર્મના ચયાદિનું કથન છે.

આ જીવો મિથ્યાત્વાદિ કારણોથી પાપરૂપ કર્મોને ગ્રહણ કરે છે. કર્મ પુદ્ગલોને ગ્રહણ કરવાની છ અવસ્થાનું અહીં વર્ણન છે. તેનું સ્વરૂપ આ પ્રમાણે છે–

**ચય :–** કષાય પરિણત જીવ જે કર્મ દલિકોને અર્થાત્ કર્મ પુદ્ગલોને ગ્રહણ કરે, તેને ચય કહે છે.

**ઉપચય :–** ચય થયેલા કર્મોમાં વારંવાર વૃદ્ધિ કરવી તે ઉપચય છે અર્થાત્ અબાધાકાલ પછીની કર્મોની જે નિષેક રચના થાય તેને વારંવાર પુષ્ટ કરવી, ઉપચિત કરવી તે ઉપચય કહેવાય છે.

**બંધ :–** ચય, ઉપચયથી આત્મામાં સંગ્રહિત કર્મવર્ગણાના પુદ્ગલો પ્રકૃતિ બંધ આદિ ચાર અને જ્ઞાનાવરણીય આદિ આઠ વિભાગોમાં વિભક્ત થઈ આત્મા સાથે ક્ષીરનીરની જેમ સંબંધિત થઈ જાય, એકમેક થઈ જાય તેને બંધ કહે છે.

**ઉદીરણા :–** જ્યારે કર્મ સ્વતઃ પરિપાકને પ્રાપ્ત થાય અને તેના ફળનો અનુભવ કરાવે તે ઉદય અને સાધના વિશેષથી કર્મને ઉદયમાં લાવવા તે ઉદીરણા કહેવાય છે.

**વેદન :–** કર્મના ઉદયને અહીં વેદન કહ્યું છે. ઉદય અથવા ઉદીરણા દ્વારા કર્મફલની સારી-નરસી અનુભૂતિ કરવી અર્થાત્ કર્મફલ ભોગવવા, તે વેદન કહેવાય છે.

**નિર્જરા :–** આત્મપ્રદેશોથી કર્મનું અંશતઃ છૂટવું તે નિર્જરા કહેવાય છે. ઉદીરણા અને વેદના પછી કર્મોની નિર્જરા થાય છે.

## પાંચ પ્રદેશાદિ પુદ્ગલની અનંતતા :–

**૬૮** **पंचपएसिया खंधा अणंता पण्णत्ता । पंचपएसोगाढा पोग्गला अणंता पण्णत्ता** *जाव* **पंचगुणलुक्खा पोग्गला अणंता पण्णत्ता ।**

**ભાવાર્થ :–** પાંચ પ્રદેશવાળા પુદ્ગલ સ્કંધ અનંત છે. પાંચ આકાશ પ્રદેશો ઉપર અવગાઢ પુદ્ગલ સ્કંધ અનંત છે. પાંચ સમયની સ્થિતિવાળા પુદ્ગલ સ્કંધ અનંત છે. પાંચ ગુણ કાળા ***યાવત્*** પાંચ ગુણ રૂક્ષ પુદ્ગલ સ્કંધ અનંત છે. આ રીતે શેષ વર્ણ, રસ, ગંધ અને સ્પર્શવાળા પુદ્ગલ સ્કંધ પણ અનંત છે.

### વિવેચન :–

પ્રસ્તુત સૂત્રમાં પાંચ પ્રદેશી, પાંચ પ્રદેશાવગાઢ, પાંચ સમય સ્થિતિક, પાંચ ગુણ કાળાથી પાંચગુણ રૂક્ષ પર્યંતના પુદ્ગલ દ્રવ્યનું વર્ણન છે અર્થાત્ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવથી પંચત્વ સૂચિત અનંત પુદ્ગલોનું વર્ણન છે.

**દ્રવ્યથી :–** પાંચ પરમાણુ ભેગા મળી પાંચ પ્રદેશી સ્કંધ બને છે. તે અનંત છે.

**ક્ષેત્રથી :–** પાંચ આકાશ પ્રદેશને અવગાહીને રહેલા પુદ્ગલ સ્કંધ પાંચ પ્રદેશાવગાઢ સ્કંધ કહેવાય છે. તે અનંત છે.

**કાળથી :–** પાંચ સમયની સ્થિતિવાળા સ્કંધો અનંત છે.

**ભાવથી :–** વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ તે પુદ્ગલ દ્રવ્યના ગુણ છે. પ્રત્યેક વર્ણાદિમાં એક અંશથી અનંત અંશ સુધીના અનંત પર્યાયો હોય છે. જેમ કે– એક ગુણ કાળો, બે ગુણ કાળો, સંખ્યાતગુણ કાળો, અસંખ્યાત ગુણ કાળો અને અનંતગુણ કાળો વર્ણ. આ રીતે કાળા વર્ણની અનંત પર્યાય છે. તેમાંથી પાંચ ગુણ કાળા પાંચ ગુણ નીલા વગેરે વર્ણવાળા પુદ્ગલો અનંત છે. તે જ પ્રમાણે વર્ણ, ગંધ, રસ, સ્પર્શના પ્રત્યેક ગુણમાં પંચ ગુણત્વધારી પુદ્ગલો અનંત છે. પાંચમા સ્થાનના કારણે પ્રસ્તુત સૂત્રમાં સર્વ પાંચ ગુણવાળા વિષયોનું નિરૂપણ છે. છટ્ઠા સ્થાનમાં છ પ્રદેશી વગેરેનું કથન છે. શેષ આઠ વગેરે સ્થાનમાં તે તે સ્થાનની સંખ્યા સદશ પ્રદેશાદિનું કથન જાણવું.

**॥ સ્થાન–૫/૩ સંપૂર્ણ ॥**

# છઠ્ઠું સ્થાન

## પરિચય

★ પ્રસ્તુત સ્થાનમાં છ સંખ્યા સંબંધિત વિષય સંકલિત છે. ઉદ્દેશક રહિત આ સ્થાન ગણવ્યવસ્થા, દાર્શનિક, તાત્ત્વિક, ઐતિહાસિક, વ્યાવહારિક, જ્યોતિષ, વૈદ્યકીય આદિ અનેક વિષયોથી સમૃદ્ધ છે.

★ આ સ્થાનના પ્રારંભમાં **छहिं ठाणेहिं संपण्णे अणगारे अरिहइ गणं धारित्तए ।** સૂત્ર દ્વારા સૂત્રકારે ગચ્છના પ્રમુખ શ્રમણ-શ્રમણીઓના ગુણોનું કથન કર્યા પછી ગણમાં રહેતા સાધુને માટે હિતકારી અને અહિતકારી સ્થાનોનું વર્ણન કર્યું છે. તે ઉપરાંત ગણગત સાધુ કેવી પરિસ્થિતિમાં સાધ્વીને સહારો આપી શકે તેના નિયમોના વર્ણન દ્વારા ગચ્છ વ્યવસ્થાની આપવાદિક સ્થિતિ સ્પષ્ટ કરી છે.

★ જ્ઞાન અને જ્ઞાનીમાં એકત્વ સ્વીકારી છ પ્રકારના જ્ઞાની-અજ્ઞાનીના કથન દ્વારા પ્રત્યક્ષ-પરોક્ષ-જ્ઞાનનું વર્ણન કર્યું છે. પરોક્ષ એવા મતિજ્ઞાનના અવગ્રહાદિ ચાર ભેદ, તે પ્રત્યેકના બહુ, બહુ બહુ આદિ બાર ભેદનું નિરૂપણ કરી તાત્ત્વિક વિષયનું નિરૂપણ કર્યું છે.

★ જૈનદર્શન રૂપી અને અરૂપી બે તત્ત્વને સ્વીકારે છે. રૂપી પદાર્થો ઈન્દ્રિયો દ્વારા ગ્રાહ્ય છે. અરૂપી પદાર્થો ઈન્દ્રિય દ્વારા ગ્રાહ્ય નથી. જૈનદર્શન માન્ય છ દ્રવ્યમાંથી એક પુદ્ગલ દ્રવ્ય રૂપી છે. શેષ પાંચ દ્રવ્ય અરૂપી છે. આ છ એ છ દ્રવ્ય જ્ઞેય છે, જ્ઞાતા દ્વારા તે જણાય છે અને તેને જાણવાનું સાધન જ્ઞાન છે. દ્રવ્યની અનંત પર્યાય-અવસ્થાઓ હોય છે. સામાન્ય જ્ઞાની તે સર્વ પર્યાયને જાણી શકતા નથી.

★ **छ ठाणाइं छउमत्थे सव्व भावेण ण जाणइ ण पासइ ।** પરમાણુ પુદ્ગલ અને શબ્દ રૂપી છે, તેમ છતાં પરોક્ષજ્ઞાની તેને પૂર્ણરૂપે જાણી શકતા નથી.

★ જૈનદર્શન યથાર્થવાદી છે. તે યથાર્થ વાદનો અસ્વીકાર કરતું નથી. ઈન્દ્રિયજન્ય સુખાનુભૂતિ યથાર્થ છે. તેનો અસ્વીકાર કરવાથી વાસ્તવિકતાનો લોપ થાય છે. ''ઈન્દ્રિય જન્ય સુખ સુખ નથી, તે દુઃખ જ છે.'' આ એકાન્તિક દષ્ટિકોણ છે. સંતુલિત દષ્ટિકોણ તો એ જ છે કે ઈન્દ્રિયથી સુખ પણ મળે છે અને દુઃખ પણ મળે છે. આધ્યાત્મિક સુખની તુલનામાં ઈન્દ્રિય સુખનું મૂલ્ય નગણ્ય છે પરંતુ જે છે તેને સૂત્રકારે યથાર્થ સ્વીકૃતિ આપી છે– **छव्विहे साए छव्विहे असाए पण्णत्ते ।** આ બે સૂત્ર દ્વારા પાંચ ઈન્દ્રિય અને મન જનિત સુખ-દુઃખના છ-છ પ્રકાર દર્શાવ્યા છે.

★ ગતિ-આગતિ, ઈન્દ્રિયાર્થ, સંવર-અસંવર, સંહનન, સંસ્થાન, દિશા, લેશ્યા, આયુષ્ય બંધાદિના નિરૂપણ દ્વારા તાત્ત્વિક અને સૈદ્ધાંતિક રહસ્યોને પ્રગટ કર્યા છે.

- ★ ચક્રવર્તી, તીર્થંકર વગેરેની ઊંચાઈ, તેમનો રાજ્યકાળ, છદ્મસ્થકાળ, સહદીક્ષિત સંખ્યા, દીક્ષા, નિર્વાણાદિ સમયના તપ વગેરે ઐતિહાસિક તથ્યોના નિરૂપણ દ્વારા ઐતિહાસિક પક્ષને ઉજાગર કર્યો છે.

- ★ શરીરને ધારણ કરવું કે નહીં ? ભોજન કરવું કે નહીં ? આ પ્રશ્નોના ઉત્તર જૈનદર્શને સાપેક્ષ દષ્ટિએ આપ્યા છે. આધ્યાત્મિક ક્ષેત્રે સાધનાનું સ્વતંત્ર મૂલ્ય છે. શરીર મૂલ્યવાન ત્યારે જ છે, જો તે સાધનામાં ઉપયોગી હોય અને ભોજનનું મૂલ્ય ત્યારે જ છે જ્યારે તે સાધનામાં પ્રવૃત્ત શરીરનું પોષક હોય. જો શરીર સાધનામાં પ્રતિકૂળ બનતું હોય, ભોજન સાધનામાં વિઘ્નરૂપ હોય, તો તે ઉપયોગી નથી. તેથી જ શરીરને ધારણ કરવું અને ન કરવું, ભોજન કરવું અને ન કરવું, આ બંને વાત જૈનદર્શનને સ્વીકાર્ય છે. તેથી જ કહ્યું છે કે સાધક છ કારણે આહાર કરી શકે અને છ કારણે આહારનો ત્યાગ પણ કરી શકે છે.

- ★ ભોજન પરિણમનના નિરૂપણ દ્વારા સૂત્રકારે વ્યાવહારિક વિષયોનો સ્પર્શ કર્યો છે.

- ★ આત્માર્થી વ્યક્તિ સાધના પથ પર આગળ વધવા ચિંતન કરે છે અને તે અનુભવના આધારે સાધના આગળ વધારે છે. અનાત્મવાન વ્યક્તિ સાધનાના માર્ગ પર ચાલવા છતાં પોતાના અહંને પોષે છે. આત્મવાન જ્ઞાનના પ્રકાશમાં જીવનને સરળ બનાવે છે. અનાત્મવાન જ્ઞાનથી પોતાને ભારે બનાવે છે. તે તર્ક, વિવાદ, આગ્રહનો આશ્રય લઈ પોતાના અહંને વધારે છે. આત્મવાન તપ દ્વારા આત્માને ઉજ્જવલ કરે છે. અનાત્મવાન તપ દ્વારા લબ્ધિ(શક્તિઓ) મેળવી, તેનો દુરુપયોગ કરે છે અને તેને લાભ થાય ત્યારે તે પોતાની સફળતાની પ્રશંસામાં, ગુણકીર્તનમાં મગ્ન બની આત્માનું અહિત કરે છે. આત્મવાન પૂજા-સત્કારમાંથી પ્રેરણા લઈ પોતાની યોગ્યતા વધારે છે. **"छट्ठाणा अत्तवओ हियाए, सुभाए, खमाए णीसेसाए, आणुगामियत्ताए ।"** આવા અનેક વ્યાવહારિક વિષયોથી આ સ્થાન સભર છે. વિષના પરિણામ વગેરે દ્વારા વૈદ્યકીય વિષયની જાણકારી આપી છે. ચંદ્ર, નક્ષત્ર, ઘટતી-વધતી તિથિઓ દ્વારા જ્યોતિષ સંબંધી તથ્યો ઉદ્‌ઘાટિત કર્યા છે.

- ★ આ રીતે આ સ્થાનમાં ભૂગોળ, ઈતિહાસ, જ્યોતિષ, લોકસ્થિતિ, કાલચક્ર, તત્ત્વ, શરીર રચના, દુર્લભતા અને પુરુષાર્થને પડકારતા અસંભવ કાર્યો આદિ અનેક વિષય સંકલિત છે.

# સ્થાન–૬

## ગણનાયકની યોગ્યતાઓ :–

**१ छहिं ठाणेहिं संपण्णे अणगारे अरिहइ गणं धारित्तए, तं जहा– सड्ढी पुरिसजाए, सच्चे पुरिसजाए, मेहावी पुरिसजाए, बहुस्सुए पुरिसजाए, सत्तिमं, अप्पाधिकरणे ।**

**ભાવાર્થ :–** છ સ્થાનથી યુક્ત અણગાર(શ્રમણ-શ્રમણી) ગણધારણ કરવા માટે અર્થાત્ સંઘાડાના (સાધુ-સાધ્વી સમુદાયના) પ્રમુખ બની વિચરણ કરવા માટે યોગ્ય છે. તે આ પ્રમાણે છે– (૧) શ્રદ્ધાવાન પુરુષ (૨) સત્યવાદી પુરુષ (૩) મેધાવી પુરુષ (૪) બહુશ્રુત પુરુષ (૫) શક્તિમાન પુરુષ (૬) અલ્પાધિ-કરણ–ક્લેશ કંકાશ કરનાર ન હોય.

## વિવેચન :–

પ્રસ્તુત સૂત્રમાં સંઘાડાના મુખ્ય બની પોતાની પ્રમુખતાએ સ્વતંત્ર વિચરણ કરનારા શ્રમણ-શ્રમણીઓની યોગ્યતા સૂચક છ ગુણો દર્શાવ્યા છે–

**गणं धारित्तए :–** ગણને ધારણ કરનાર. સામાન્ય રૂપે આચાર્યને ગણધારક કે ગણિ કહેવામાં આવે છે. દશાશ્રુતસ્કંધ સૂત્ર, વ્યવહાર સૂત્રમાં સ્વતંત્ર રૂપે આચાર્યના ગુણોનું કથન છે. વ્યવહાર સૂત્રના ત્રીજા ઉદ્દેશકના પ્રથમ બે સૂત્રોમાં ગણ ધારણ કરીને વિચરવા ઈચ્છતા શ્રમણોએ ગણ ધારણ કરવા માટે આજ્ઞા લેવાની હોય છે, તેની વિધિનું કથન અને તે સાધુ ગુણસંપન્ન હોવા જોઈએ તેવું સૂચન છે. અહીં તેના છ ગુણો સ્પષ્ટ રૂપે દર્શાવ્યા છે. તેથી સ્પષ્ટ થાય છે કે પ્રસ્તુત સૂત્રમાં **गणं धारित्तए** શબ્દપ્રયોગથી સંઘાડાના પ્રમુખ બની, પોતાની પ્રમુખતાએ સ્વતંત્ર વિચરણ કરનાર શ્રમણ કે શ્રમણીનું કથન છે અને તે સાધુ કે સાધ્વી સમુદાયના મુખ્ય શ્રમણ કે શ્રમણીને ગણધારક કહ્યા છે. સંઘાડાના સુચારુ સંચાલનને અનુલક્ષીને ગણધારકમાં છ ગુણ હોવા જરૂરી છે; તે છ ગુણ આ પ્રમાણે છે–

**(१) सड्ढी :–** શ્રદ્ધાવાન. ગણધારક સાધુ કે સાધ્વીને જિનેશ્વર અને જિનાજ્ઞા પ્રતિ તથા સંયમ જીવન અને ગણ મર્યાદા પ્રતિ આસ્થા-શ્રદ્ધા હોવી જોઈએ. શ્રદ્ધાવાન ગણધારક જ નેશ્રાપ્રાપ્ત સાધુઓની શ્રદ્ધાને મજબૂત બનાવી શકે છે. તેમને સાધના માર્ગમાં સ્થિર રાખી શકે છે.

**(२) सच्चे :–** સત્યવાન. સત્યના બે અર્થ છે. (૧) યથાર્થ વચન (૨) પ્રતિજ્ઞા પાલનમાં સમર્થ.

યથાર્થવાદી જ યથાર્થનું પ્રતિપાદન કરી શકે છે. યથાર્થ ભાષીના વચન જ લોકમાં આદેય બને છે અને તે જ લોકોમાં વિશ્વસનીય સ્થાન મેળવી શકે છે.

પ્રતિજ્ઞા પાલનમાં સમર્થ અને દઢ મનોબલી ગણધારક જ પોતાની નેશ્રામાં રહેલા સાધુઓને નિયમોના પાલનમાં દઢ બનાવી શકે છે.

**(૩) मेहावी :–** મેધાવીના ત્રણ અર્થ છે. (૧) **मर्यादया धावतीत्येवंशीलमिति** । ગચ્છની મર્યાદામાં રહેવું, તે જેનો સ્વભાવ છે તે. સ્વયં મર્યાદાવાન હોય તે જ શિષ્ય સમુદાયને મર્યાદાનું પાલન કરાવી શકે. (૨) **मेधा श्रुतग्रहण शक्तिस्तद्वत्** । શ્રુત ગ્રહણ શક્તિથી સંપન્ન વ્યક્તિ શીઘ્રતાએ શ્રુત ગ્રહણ કરી, શિષ્યોને શ્રુતનો અભ્યાસ કરાવી શકે છે. (૩) બુદ્ધિમાન. ચારે પ્રકારની બુદ્ધિના ધારક હોય તે ઉપસ્થિત પરિસ્થિતિઓનો ઉકેલ શોધી શકે છે.

**(૪) बहुस्सुए :–** બહુશ્રુત, વિશાળ પ્રમાણમાં સૂત્ર અને અર્થના જાણકાર. છેદ સૂત્રોના અર્થ અને પરમાર્થને ધારણ કરનાર પણ બહુશ્રુત કહેવાય છે. બહુશ્રુત ગણધારક જ નેશ્રા પ્રાપ્ત શ્રમણોને જ્ઞાનાદિ પ્રાપ્ત કરાવી શકે છે અને યથાર્થ પ્રાયશ્ચિત્ત દ્વારા શુદ્ધિ કરાવી શકે છે.

**(૫) सत्तिमं :–** શક્તિમાન. શારીરિક શક્તિથી સંપન્ન. સ્વસ્થ શરીર અને દઢ સંહનનવાળા હોય તે વિવિધ કાર્યો કરવામાં સમર્થ બને છે.

**(૬) अप्पाधिकरणे :–** કલહ અને કલેશ રહિત. અધિકરણ એટલે કલહ. કલહ, કલેશના કારણે શાસન અને ધર્મની હીલના થાય છે. સંઘાડાના પ્રમુખ, ગણધારક સાધુ શાંત, પ્રશાંત સ્વભાવી હોવા જોઈએ.

આ છ ગુણના ધારક શ્રમણ સંઘાડાના મુખી બનીને વિચરણ કરી શકે છે.

**पुरिसजाए–** પુરુષજાત. આ સૂત્રમાં આ શબ્દ જાતિવાચક છે. તેથી આ શબ્દ દ્વારા શ્રમણ અને શ્રમણી બંનેનું ગ્રહણ થાય છે.

## સાધુ દ્વારા સાધ્વીને સહારો આપવાના કારણો :–

**२ छहिं ठाणेहिं णिग्गंथे णिग्गंथिं गिण्हमाणे वा अवलंबमाणे वा णाइक्कमइ, तं जहा– खित्तचित्तं, दित्तचित्तं, जक्खाइट्ठं, उम्मायपत्तं, उवसग्गपत्तं, साहिगरणं ।**

**ભાવાર્થ :–** છ કારણે નિર્ગ્રંથ-નિર્ગ્રંથીને પકડી રાખે અથવા અવલંબન આપે તો પણ તે ભગવાનની આજ્ઞાનું અતિક્રમણ કરતા નથી. તે આ પ્રમાણે છે–

નિર્ગ્રંથી (૧) વિક્ષિપ્ત ચિત્ત હોય (૨) દિપ્ત ચિત્ત હોય (૩) યક્ષાવિષ્ટ હોય (૪) ઉન્માદ થયો હોય (૫) ઉપસર્ગ આવ્યો હોય (૬) કલહને પ્રાપ્ત થઈ હોય.

**વિવેચન :-**

સાધ્વીને સહારો આપવાના પાંચ કારણ સ્થાન-૫, ઉદ્દે.-૨, સૂત્ર-૬૧મા આપ્યા છે. તેમાં પાંચમા કારણમાં નવ અવસ્થાઓ બતાવી છે. તેમાંની છ અવસ્થાઓને જ પ્રસ્તુત સૂત્રમાં છ કારણરૂપે પ્રગટ કરી છે.

## કાળ ધર્મ પ્રાપ્ત સાધુ-સાધ્વીનું અંત્યકાર્ય :-

**૩ छहिं ठाणेहिं णिग्गंथा णिग्गंथीओ य साहम्मियं कालगयं समायरमाणा णाइक्कमंति, तं जहा– अंतोहिंतो वा बाहिं णीणेमाणा, बाहीहिंतो वा णिब्बाहिं णीणेमाणा, उवेहेमाणा वा, उवासमाणा वा, अणुण्णवेमाणा वा, तुसिणीए वा संपव्वयमाणा ।**

**ભાવાર્થ :–** નિર્ગ્રંથ અને નિર્ગ્રંથી મૃત્યુ પ્રાપ્ત સાધર્મિકનું છ પ્રકારે અંત્યકર્મ કરે તો પણ ભગવાનની આજ્ઞાનું અતિક્રમણ કરતા નથી અર્થાત્ મૃત સાધર્મિક સંબંધી છ પ્રકારની પ્રવૃત્તિ કરી શકે છે.

(૧) મૃતકના શરીરને ઉપાશ્રયમાંથી કે રૂમમાંથી હોલમાં બહાર લાવે (૨) ઉપાશ્રયની બહાર લઈ જાય (૩) ઉત્પ્રેક્ષ્યમાણ– સારસંભાળ રાખે કે દેખરેખ રાખે, મૃત શરીરના અંગાદિનું છેદન કરે (૪) મૃતક પાસે રાત્રિ જાગરણ કરે (૫) મૃતકની પરિચર્યા માટે શ્રમણોને આજ્ઞા આપે. (૬) મૃત શરીરને એકાંતમાં વિસર્જિત કરવા મૌન ભાવે સ્વયં જાય.

**વિવેચન :-**

પ્રસ્તુત સૂત્રમાં સાધુ-સાધ્વીના મૃતક શરીર સંબંધી સાધુ-સાધ્વી દ્વારા કરાતા છ કાર્યની સ્પષ્ટતા કરવામાં આવી છે.

જ્યારે કોઈ સાધુ-સાધ્વી કાળધર્મ(મૃત્યુ) પામે ત્યારે સહવર્તી સાધુ કે સાધ્વી સામાન્ય વિધિ અનુસાર તો ત્યાં ઉપસ્થિત ગૃહસ્થોને તે મૃતક શરીર સોંપી દે છે, વોસિરાવી દે છે. પરંતુ કોઈ વિશિષ્ટ પરિસ્થિતિમાં એટલે ગૃહસ્થ ઉપસ્થિત ન હોય ત્યારે સાધુ કે સાધ્વી મૃત શરીર સંબંધી છ ક્રિયા કરી શકે છે– (૧) સહવર્તી સાધુના મૃત શરીરને સ્થાનાંતરિત કરી શકે છે. અંદરથી બહાર અર્થાત્ ઓરડામાંથી બહાર હોલ,ગેલેરી વગેરેમાં રાખી શકે છે. (૨) ઉપાશ્રયની અંદર રાખવામાં ભયાદિ જણાય તો ઉપાશ્રયની બહાર રાખી શકે છે. (૩) ગૃહસ્થ હાજર ન હોય કે અન્ય વિશિષ્ટ કારણસર સાધુઓ તે મૃત શરીરની સાર-સંભાળ, તેના વસ્ત્રાદિની દેખરેખ રાખી શકે છે. (૪) આવશ્યકતા જણાય તો મૃત શરીર પાસે બેસીને ૨-૪ કલાક કે રાત્રિ પર્યંત તેનું ધ્યાન રાખી શકે છે. (૫) અન્ય શ્રમણને મૃત સાધુની પરિચર્યા સંબંધી આજ્ઞા આપી શકે છે. (૬) ગૃહસ્થોનો સંયોગ ન જ થાય તો સાધુ કે સાધ્વી સ્વયં તે મૃત શરીરને વસ્ત્ર, ફલકાદિ સાધન દ્વારા મૌનપૂર્વક ઉપાડી ગામની બહાર લઈ જઈને, ત્યાં મૃત શરીરનો ત્યાગ કરી શકે છે, તેને પરઠવી શકે છે. આ વિધાનમાં સંયમી જીવનની મર્યાદા તેમજ વ્યવહાર શુદ્ધિનું લક્ષ્ય છે.

## છદ્મસ્થ અને કેવળીના જ્ઞાનની ક્ષમતા :-

**૪** **छ ठाणाइं छउमत्थे सव्वभावेणं ण जाणइ ण पासइ, तं जहा– धम्मत्थिकायं, अधम्मत्थिकायं, आगासं, जीवमसरीरपडिबद्धं, परमाणुपोग्गलं, सद्दं ।**

**एयाणि चेव उप्पण्ण-णाण-दंसणधरे अरहा जिणे केवली सव्वभावेणं जाणइ पासइ, तं जहा– धम्मत्थिकायं, अधम्मत्थिकायं, आगासं, जीवमसरीरपडिबद्धं, परमाणुपोग्गलं, सद्दं ।**

**ભાવાર્થ :–** છદ્મસ્થ પુરુષ છ સ્થાનને સર્વથા જાણતા નથી અને જોતા નથી, તે આ પ્રમાણે છે–(૧) ધર્માસ્તિકાય (૨) અધર્માસ્તિકાય (૩) આકાશ (૪) શરીર રહિત જીવ (૫) પુદ્‌ગલ પરમાણુ (૬) શબ્દ.

સંપૂર્ણ જ્ઞાન દર્શનના ધારક અર્હંત, જિન, કેવલી આ છ સ્થાનને સર્વભાવથી સંપૂર્ણરૂપે જાણે છે અને જુએ છે, તે આ પ્રમાણે છે– (૧) ધર્માસ્તિકાય (૨) અધર્માસ્તિકાય (૩) આકાશ (૪) શરીર રહિત જીવ (૫) પુદ્‌ગલ પરમાણુ (૬) શબ્દ.

## વિવેચન :-

પ્રસ્તુત સૂત્રમાં છદ્મસ્થના જ્ઞાનની અપૂર્ણતા અને કેવળજ્ઞાનની પૂર્ણતાનું નિરૂપણ છે. સ્થાન-૫, ઉદ્દે.-૩, સૂત્ર-૨૭માં પાંચ વસ્તુનું કથન છે. અહીં શબ્દ સહિત છ વસ્તુ છદ્મસ્થ સંપૂર્ણ રીતે ન જાણે, તે કથન છે.

**जाणइपासइ :–** જાણવું, જોવું. જ્ઞાનથી જાણવું અને દર્શનથી જોવું. સૂત્રોક્ત છ પદાર્થમાં પાંચ અરૂપી પદાર્થ છે. માટે તે ચક્ષુગ્રાહ્ય નથી તેમજ અવધિ દર્શનથી પણ ગ્રાહ્ય નથી. તે માત્ર કેવળ જ્ઞાન, દર્શનના વિષયભૂત છે. માટે કેવલી જ તે પાંચ પદાર્થોને જાણે દેખે છે.

શબ્દ પૌદગલિક છે અને રૂપી છે. તેમ છતાં ચક્ષુગ્રાહ્ય નથી. છદ્મસ્થો તેને શ્રોતેન્દ્રિય દ્વારા ગ્રહણ કરે છે પરંતુ તે પુદ્‌ગલોને છદ્મસ્થો જાણી કે જોઈ શકતા નથી. કેવળી તે શબ્દરૂપ પુદ્‌ગલોને જાણે જુએ છે. વિશિષ્ટ અવધિજ્ઞાની શબ્દ પરિણત પુદ્‌ગલોને એક દેશથી જાણે જુએ છે પરંતુ સર્વ ભાવથી(પર્યાયથી) જાણતા નથી.

## અસંભવિત કાર્યો :-

**૫** **छहिं ठाणेहिं सव्वजीवाणं णत्थि इड्ढीइ वा जुईइ वा जसेइ वा बलेइ वा वीरिएइ वा पुरिसक्कार-परक्कमेइ वा, तं जहा– जीवं वा अजीवं करणयाए । अजीवं वा जीवं करणयाए । एगसमए णं वा दो भासाओ भासित्तए । सयं**

**कडं वा कम्मं वेएमि वा मा वा वेएमि । परमाणुपोग्गलं वा छिंदित्तए वा भिंदित्तए अगणि- काएणं वा समादहित्तए । बहिया वा लोगंते गमणयाए ।**

**ભાવાર્થ :–** સર્વ જીવોમાં નિમ્નોક્ત છ કાર્ય કરવાની ઋદ્ધિ, દ્યુતિ, યશ, બલ, વીર્ય અને પુરુષાકાર પરાક્રમ કરવાનું સામર્થ્ય હોતું નથી, તે આ પ્રમાણે છે–

(૧) જીવને અજીવ કરવાનું (૨) અજીવને જીવ કરવાનું (૩) એક સમયમાં બે ભાષા બોલવાનું (૪) સ્વયંકૃત કર્મોનું વેદન કરવા અથવા ન કરવા સંબંધી નિશ્ચય કરવાનું (૫) પુદ્ગલ પરમાણુનું છેદન-ભેદન કરવાનું કે તેને અગ્નિમાં બાળવાનું. (૬) લોકાન્તની બહાર જવાનું.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં સર્વ જીવોને માટે છ અસંભવિત કાર્યોનું કથન છે. કેવળી ભગવાન સર્વ ભાવોને જાણી શકે છે. તેઓ અનંત શક્તિના ધારક છે તેમ છતાં સર્વ કાર્ય કરવામાં સમર્થ નથી. તેથી સૂત્રોક્ત છ કાર્ય છદ્મસ્થ કે કેવલી કોઈ પણ જીવો કરી શકતા નથી.

### જીવનિકાયના છ પ્રકાર :–

**६ छज्जीवणिकाया पण्णत्ता, तं जहा– पुढविकाइया, आउकाइया, तेउकाइया, वाउकाइया, वणस्सइकाइया, तसकाइया ।**

**ભાવાર્થ :–** છ જીવનિકાય પ્રરૂપેલ છે, તે આ પ્રમાણે છે– (૧) પૃથ્વીકાયિક (૨) અપ્કાયિક (૩) તેઉકાયિક (૪) વાયુકાયિક (૫) વનસ્પતિકાયિક (૬) ત્રસકાયિક.

### તારા આકારના ગ્રહો :–

**७ छ तारग्गहा पण्णत्ता, तं जहा– सुक्के, बुहे, बहस्सइ, अंगारए, सणिच्छरे केऊ ।**

**ભાવાર્થ :–** છ તારારૂપ ગ્રહ છે અર્થાત્ તારાના આકારવાળા છ ગ્રહ છે, તે આ પ્રમાણે છે– (૧) શુક્ર (૨) બુધ (૩) બૃહસ્પતિ (૪) અંગારક(મંગળ) (૫) શનિશ્ચર (૬) કેતુ.

**વિવેચન :–**

જૈનાગમોમાં પાંચ પ્રકારના જ્યોતિષીદેવોનું વર્ણન છે. યથા– ચંદ્ર, સૂર્ય, ગ્રહ, નક્ષત્ર અને તારા. તેમાં ચંદ્રના પરિવારરૂપ ૮૮ ગ્રહોનું વર્ણન છે. તે ૮૮ ગ્રહોમાંથી સૂત્રોક્ત ૬ ગ્રહો તારાના આકારવાળા છે. લોકમાં નવગ્રહો મહાગ્રહ રૂપે પ્રસિદ્ધ છે. તેમાં સૂત્રોક્ત છ ગ્રહોના નામ ઉપરાંત અન્ય ત્રણ ચંદ્ર, સૂર્ય

અને રાહુ ને પણ ગ્રહ કહ્યા છે. જૈનાગમ અનુસાર સૂર્ય-ચંદ્ર ગ્રહ નથી. તે જ્યોતીષી દેવોના ઈન્દ્ર છે અને રાહુ ચંદ્ર વિમાનની નીચે ચાલતો નિત્ય રાહુ નામનો ગ્રહ જ છે. તેમ છતાં જીવન જ્યોતિષ(રાશિ, જન્મકુંડલી વગેરે)માં તે નવ ગ્રહોનું વર્ણન હોય છે. તેમાંથી અહીં છ ને તારાના આકારવાળા અર્થાત્ અલ્પ વિસ્તાર-વાળા કહ્યા છે અને તે લૌકિક નવગ્રહમાંથી સૂર્ય(રવિ), ચન્દ્ર અને રાહુ આ ત્રણ ગ્રહો મહા વિસ્તારવાળા હોય તેમ જણાય છે.

### છકાય જીવ અને તેની ગતિ આગતિ :-

**૮ छव्विहा संसारसमावण्णगा जीवा पण्णत्ता, तं जहा- पुढविकाइया, आउकाइया, तेउकाइया, वाउकाइया, वणस्सइकाइया, तसकाइया ।**

**ભાવાર્થ :-** સંસાર સમાપન્નક જીવના છ પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) પૃથ્વીકાયિક (૨) અપ્કાયિક (૩) તેજસ્કાયિક (૪) વાયુકાયિક (૫) વનસ્પતિકાયિક (૬) ત્રસકાયિક.

**૯ पुढविकाइया छगइया छआगइया पण्णत्ता, तं जहा- पुढविकाइए पुढविकाइ-एसु उववज्जमाणे पुढविकाइएहिंतो वा** *जाव* **तसकाइएहिंतो वा उववज्जेज्जा ।**

**से चेव णं से पुढविकाइए पुढविकाइयत्तं विप्पजहमाणे पुढविकाइयत्ताए वा,** *जाव* **तसकाइयत्ताए वा गच्छेज्जा ।**

**आउकाइया छगइया, छआगइया एवं चेव** *जाव* **तसकाइया वि छगइया छआगइया ।**

**ભાવાર્થ :-** પૃથ્વીકાયિક જીવની છ પ્રકારની ગતિ અને છ પ્રકારની આગતિ છે, તે આ પ્રમાણે છે– (૧) પૃથ્વીકાયિક જીવ પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય, વાયુકાય, વનસ્પતિકાય કે ત્રસકાયમાંથી આવીને ઉત્પન્ન થાય છે.

તે જ પૃથ્વીકાયનો જીવ પૃથ્વીકાયની પર્યાય છોડી પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય, વાયુકાય, વનસ્પતિકાય કે ત્રસકાયમાં ઉત્પન્ન થાય છે. તે જ રીતે અપ્કાયિક આદિ ત્રસકાયિક સુધીના સર્વ જીવોની છ પ્રકારની ગતિ-આગતિ જાણવી.

### જ્ઞાન આદિ અપેક્ષાએ જીવના પ્રકાર :-

**૧૦ छव्विहा सव्वजीवा पण्णत्ता, तं जहा- आभिणिबोहियणाणी** *जाव* **केवलणाणी, अण्णाणी ।**

**अहवा- छव्विहा सव्वजीवा पण्णत्ता, तं जहा- एगिंदिया** *जाव* **पंचिंदिया, अणिंदिया ।**

**अहवा छव्विहा सव्वजीवा पण्णत्ता, तं जहा– ओरालियसरीरी, वेउव्वियसरीरी, आहारगसरीरी, तेयगसरीरी, कम्मगसरीरी, असरीरी ।**

**ભાવાર્થ :–** સર્વ જીવના છ પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧ થી ૫) આભિનિબોધિક જ્ઞાની(મતિજ્ઞાની)થી કેવળજ્ઞાની અને (૬) અજ્ઞાની(મિથ્યાજ્ઞાની).

અથવા સર્વ જીવના છ પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧ થી ૫) એકેન્દ્રિયથી પંચેન્દ્રિય અને (૬) અનિન્દ્રિય(સિદ્ધ).

અથવા સર્વ જીવના છ પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) ઔદારિક શરીરી (ર) વૈક્રિયશરીરી (૩) આહારક શરીરી (૪) તૈજસ શરીરી (૫) કાર્મણ શરીરી (૬) અશરીરી-મુક્ત જીવ.

**તૃણ-વનસ્પતિના પ્રકાર :–**

**૧૧ छव्विहा तणवणस्सइकाइया पण्णत्ता, तं जहा– अग्गबीया, मूलबीया, पोरबीया, खंधबीया, बीयरूहा, संमुच्छिमा ।**

**ભાવાર્થ :–** તૃણ(બાદર)વનસ્પતિકાયિક જીવોના છ પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) અગ્રબીજ (ર) મૂલબીજ (૩) પર્વબીજ (૪) સ્કંધબીજ (૫) બીજરૂહ (૬) સંમૂર્ચ્છિમ.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં તૃણ વનસ્પતિના છ પ્રકારનું કથન છે. સ્થાન ૫, ઉદ્દે.- ર, સૂત્ર-૪૪માં તૃણ વનસ્પતિના પાંચ પ્રકારનું વર્ણન છે. અહીં સંમૂર્ચ્છિમ સહિત છ પ્રકારનું વર્ણન છે.

**સંમૂર્ચ્છિમ :–** બીજાદિ વિના, પુદ્ગલ સંયોગ માત્રથી ઉત્પન્ન થતી વનસ્પતિને સંમૂર્ચ્છિમ વનસ્પતિ કહે છે.

**છ બોલની દુર્લભતા :–**

**૧૨ छट्ठाणाइं सव्वजीवाणं णो सुलभाइं भवंति, तं जहा– माणुस्सए भवे, आरिए खेत्ते जम्मं, सुकुले पच्चायाई, केवलीपण्णत्तस्स धम्मस्स सवणया, सुयस्स वा सद्दहणया, सद्दहियस्स वा पत्तियस्स वा रोइयस्स वा सम्मं काएणं फासणया ।**

**ભાવાર્થ :–** છ સ્થાન સર્વ જીવોને સુલભ નથી, તે આ પ્રમાણે છે– (૧) મનુષ્ય ભવ (ર) આર્યક્ષેત્રમાં જન્મ (૩) સુકુલમાં ઉત્પત્તિ (૪) કેવલિ પ્રજ્ઞપ્ત ધર્મનું શ્રવણ (૫) સાંભળેલા ધર્મ ઉપર શ્રદ્ધા (૬) શ્રદ્ધા, પ્રતીતિ અને રુચિ કરેલા ધર્મનું કાયાથી સમ્યક્ આચરણ.

## વિવેચન :-

શ્રી ઉત્તરાધ્યયન સૂત્રના ત્રીજા અધ્યયનમાં ચાર બોલની અને કોઈક અપેક્ષાએ દશ બોલની દુર્લભતાનું કથન છે. અહીં છટ્ઠું સ્થાન હોવાથી છ બોલની દુર્લભતા કહી છે.

આ છ બોલમાં પ્રથમ ત્રણ બોલ માનવતા અને ગુણ સંપન્નતા પ્રગટ કરવા માટે છે અને અંતિમ ત્રણ બોલ આત્મ કલ્યાણની અપેક્ષાએ છે. તે સંસારી જીવોમાંથી અલ્પ સંખ્યક જીવોને જ પુણ્યયોગે સુલભ થાય છે.

## ઇન્દ્રિય વિષયો :-

**૧૩ छ इंदियत्था पण्णत्ता, तं जहा– सोइंदियत्थे, चक्खिदियत्थे, घाणिंदियत्थे, जिब्भिदियत्थे, फासिंदियत्थे, णोइंदियत्थे ।**

**ભાવાર્થ:–** ઈન્દ્રિયોના છ વિષય છે, તે આ પ્રમાણે છે– (૧) શ્રોત્રેન્દ્રિયનો વિષય– શબ્દ (૨) ચક્ષુરિન્દ્રિયનો વિષય– રૂપ (૩) ઘ્રાણેન્દ્રિયનો વિષય– ગંધ (૪) જીહ્વેન્દ્રિયનો વિષય– રસ (૫) સ્પર્શેન્દ્રિયનો વિષય– સ્પર્શ (૬) નોઇન્દ્રિયનો વિષય– શ્રુત.

## વિવેચન :-

પાંચ ઈન્દ્રિય અને તેના પાંચ વિષયોનું કથન ભાવાર્થથી સ્પષ્ટ છે. સ્થાન-૫, ઉદ્દે.-૩, સૂત્ર-૮માં પાંચ ઈન્દ્રિય અને તેના પાંચ વિષયનું કથન છે. આ છટ્ઠું સ્થાન હોવાથી સૂત્રકારે નોઇન્દ્રિય સહિત છ ઈન્દ્રિયો અને તેના છ વિષયોનું કથન કર્યું છે.

**णोइंदियत्थे :–** નોઇન્દ્રિય = મન. આ પદમાં 'નો' શબ્દ દેશ નિષેધ અર્થમાં અને સાદશ્ય અર્થમાં પ્રયુક્ત થયો છે. જે ઔદારિક રૂપ હોય અને જેમાં અર્થને ગ્રહણ કરવાની શક્તિ હોય તેને ઈન્દ્રિય કહે છે.

નોઇન્દ્રિય પદમાં 'નો' શબ્દને નિષેધ અર્થમાં માનીએ તો મન ઔદારિક રૂપ નથી તેથી તેને ઈન્દ્રિય કહી શકાય નહીં. જો 'નો' શબ્દને સાદશ્ય અર્થમાં સ્વીકારીએ તો ઈન્દ્રિયની સમાન અર્થ પરિચ્છેદકત્વ- વિષયગ્રહણ શક્તિ મનમાં પણ છે તેથી તે ઈન્દ્રિયની સમાન છે.

આ રીતે મનની ઈન્દ્રિય સાથે કંઈક સામ્યતા અને કંઈક અસામ્યતા હોવાથી સૂત્રકારે તેને નોઇન્દ્રિય કહ્યું છે અને તેનો વિષય સમગ્ર શ્રુત-શ્રુતજ્ઞાન છે. શ્રી તત્ત્વાર્થ સૂત્રમાં પણ **श्रुतमनिन्द्रियस्य।** અધ્યાય-૨/૨૨. શ્રુતજ્ઞાનને અનિન્દ્રિય-મનનો વિષય કહ્યો છે. અક્ષર શ્રુત, અનક્ષર શ્રુત આદિ સમગ્ર શ્રુત મન દ્વારા ગ્રહણ થઈ શકે છે.

## ઈન્દ્રિય આશ્રી સંવર-અસંવર :-

**૧૪ छव्विहे संवरे पण्णत्ते, तं जहा– सोइंदियसंवरे *जाव* णोइंदियसंवरे ।**

**ભાવાર્થ :–** સંવરના છ પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧ થી ૫) શ્રોત્રેન્દ્રિય સંવર ***યાવત્*** સ્પર્શેન્દ્રિય સંવર (૬) નોઇન્દ્રિય સંવર.

**१५ छव्विहे असंवरे पण्णत्ते, तं जहा– सोइंदिय-असंवरे** *जाव* **णोइंदिय-असंवरे।**

**ભાવાર્થ :–** અસંવરના છ પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧ થી ૬) શ્રોત્રેન્દ્રિય અસંવર ***યાવત્*** નોઇન્દ્રિય અસંવર સુધીના છ અસંવર.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં સંવર-અસંવરનું કથન છે. સંવર એટલે કર્મ બંધનું અટકવું, કર્મનો બંધ ન થવો. પાંચ ઇન્દ્રિય અને છટ્ઠું મન, આ છ ઇન્દ્રિયોના વિષયમાં આસક્ત થાય, રાગ-દ્વેષ કરે તો કર્મોનો બંધ થાય છે અને તે વિષયમાં અનાસક્ત રહે તો કર્મબંધ થતો નથી. સ્થાન-૫, ઉદ્દે.-ર, સૂત્ર-૩૫,૩૬માં પાંચ પ્રકારના સંવરનું કથન છે. અહીં નોઇન્દ્રિયરૂપ મન સહિત છનું કથન છે.

**ઇન્દ્રિયજન્ય શાતા-અશાતા :–**

**१६ छव्विहे साए पण्णत्ते, तं जहा– सोइंदियसाए** *जाव* **णोइंदियसाए ।**

**ભાવાર્થ :–** સુખના છ પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧ થી ૬) શ્રોત્રેન્દ્રિય સુખ ***યાવત્*** નોઇન્દ્રિય સુખ અર્થાત્ કાન, આંખ, નાક, મુખ, સ્પર્શ તથા મન સંબંધી સુખ.

**१७ छव्विहे असाए पण्णत्ते, तं जहा– सोइंदियअसाए** *जाव* **णोइंदियअसाए ।**

**ભાવાર્થ :–** દુઃખના છ પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧ થી ૬) શ્રોત્રેન્દ્રિય દુઃખ ***યાવત્*** નોઇન્દ્રિય દુઃખ;

**વિવેચન :–**

**साए** નો અર્થ છે શાતા, સુખ. પાંચ ઇન્દ્રિય અને મન, આ છ દ્વારા જે સુખ-દુઃખનો અનુભવ થાય તે ઇન્દ્રિયજન્ય સુખ કે દુઃખ કહેવાય છે. જેમ કે– શ્રોતેન્દ્રિય દ્વારા પ્રશંસાત્મક શબ્દ સાંભળી સુખ થાય, તિરસ્કારાત્મક શબ્દ સાંભળી દુઃખ થાય, તો તે શ્રોતેન્દ્રિય સુખ અને શ્રોતેન્દ્રિય દુઃખ કહેવાય છે. આ પ્રમાણે શેષ ઇન્દ્રિય અને મનની શાતા-અશાતા જાણવી.

**પ્રાયશ્ચિત્તના પ્રકાર :–**

**१८ छव्विहे पायच्छित्ते पण्णत्ते, तं जहा– आलोयणारिहे, पडिक्कमणारिहे, तदुभयारिहे, विवेगारिहे, विउस्सग्गारिहे, तवारिहे ।**

**ભાવાર્થ :–** પ્રાયશ્ચિતના છ પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) આલોચના યોગ્ય– ગુરુ સમક્ષ આલોચના કરવા માત્રથી દોષોની શુદ્ધિ થાય તે. (૨) પ્રતિક્રમણ યોગ્ય– મિચ્છામિ દુક્કડં બોલવા દ્વારા જે દોષોની શુદ્ધિ થાય તે. (૩) તદુભયારિહે– આલોચના અને પ્રતિક્રમણ બંને દ્વારા જે દોષોની શુદ્ધિ થાય તે. (૪) વિવેક યોગ્ય– દોષિત આહાર-પાણી આદિના ત્યાગથી, પરઠી દેવાથી જે દોષોની શુદ્ધિ થાય તે. (૫) વ્યુત્સર્ગ યોગ્ય– કાયોત્સર્ગ આદિ પ્રયોગ દ્વારા કાયચેષ્ટાના નિરોધથી જે દોષોની શુદ્ધિ થાય તે. (૬) તપ યોગ્ય– ઉપવાસ આદિ તપ દ્વારા જે દોષોની શુદ્ધિ થાય તે.

**વિવેચન :–**

સંયમમાં સ્ખલના થાય, અતિચારોનું-દોષોનું સેવન થઈ જાય, તો તેની શુદ્ધિ માટે પ્રાયશ્ચિત્તનું વિધાન છે. અપરાધની લઘુતા અને ગુરુતાના આધારે તેનું પ્રતિપાદન થયું છે. અપરાધની લઘુતા, ગુરુતાનો નિર્ણય દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવના આધારે પ્રાયશ્ચિત્ત આપનાર ગુરુ દ્વારા થાય છે. એક જ પ્રકારના અપરાધ માટે ભિન્ન ભિન્ન પ્રકારનું પ્રાયશ્ચિત્ત સંભવે છે. પ્રાયશ્ચિત્તની વિવિધતાનું કારણ પક્ષપાત નથી પણ વિવેક છે. સ્થાન-૮, સૂત્ર-૨૩ માં આઠ પ્રકાર, સ્થાન-૯, સૂત્ર-૩૯માં નવ પ્રકાર અને સ્થાન-૧૦, સૂત્ર-૬૫માં દશ પ્રકારના પ્રાયશ્ચિત્ત સ્થાનનું વિધાન છે. પ્રસ્તુત સૂત્રમાં છ સ્થાનની મુખ્યતાએ છ પ્રકારના પ્રાયશ્ચિત્તનું કથન છે. નિશીથ સૂત્ર પ્રાયશ્ચિત્ત સૂત્ર છે. તેમાં આ સર્વ પ્રાયશ્ચિત્તોનું વિસ્તૃત વર્ણન છે.

**મનુષ્યોના પ્રકાર :–**

**૧૯ छव्विहा मणुस्सा पण्णत्ता, तं जहा– जंबूदीवगा, धायइसंडदीव-पुरत्थिमद्धगा, धायइसंडदीव-पच्चत्थिमद्धगा, पुक्खरवरदीवड्ढ-पुरत्थिमद्धगा, पुक्खरवरदीवड्ढ- पच्चत्थिमद्धगा, अंतरदीवगा ।**

**अहवा–छव्विहा मणुस्सा पण्णत्ता, तं जहा– संमुच्छिममणुस्सा, कम्मभूमगा, अकम्मभूमगा, अंतरदीवगा; गब्भवक्कंतिय मणुस्सा-कम्मभूमगा, अकम्मभूमगा, अंतरदीवगा ।**

**ભાવાર્થ :–** મનુષ્યોના છ પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) જંબૂદ્વીપમાં ઉત્પન્ન (૨) ધાતકી ખંડદ્વીપના પૂર્વાર્ધમાં ઉત્પન્ન (૩) ધાતકીખંડના પશ્ચિમાર્ધમાં ઉત્પન્ન (૪) પુષ્કરવર દ્વીપાર્ધના પૂર્વાર્ધમાં ઉત્પન્ન (૫) પુષ્કરવર દ્વીપાર્ધના પશ્ચિમાર્ધમાં ઉત્પન્ન (૬) અંતર્દ્વીપોમાં ઉત્પન્ન મનુષ્ય.

અથવા છ પ્રકારના મનુષ્યો છે, તે આ પ્રમાણે છે– (૧) કર્મભૂમિમાં ઉત્પન્ન સંમૂર્ચ્છિમ મનુષ્ય (૨) અકર્મભૂમિમાં ઉત્પન્ન સંમૂર્ચ્છિમ મનુષ્ય (૩) અંતર્દ્વીપમાં ઉત્પન્ન સંમૂર્ચ્છિમ મનુષ્ય (૪) કર્મભૂમિમાં ઉત્પન્ન ગર્ભજ મનુષ્ય (૫) અકર્મભૂમિમાં ઉત્પન્ન ગર્ભજ મનુષ્ય (૬) અંતર્દ્વીપમાં ઉત્પન્ન ગર્ભજ મનુષ્ય.

**૨૦ छव्विहा इड्ढिमंता मणुस्सा पण्णत्ता, तं जहा– अरहंता, चक्कवट्टी,**

**बलदेवा, वासुदेवा, चारणा, विज्जाहरा ।**

**ભાવાર્થ :–** વિશિષ્ટ ઋદ્ધિવાળા મનુષ્યોના છ પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) તીર્થંકર (૨) ચક્રવર્તી (૩) બલદેવ (૪) વાસુદેવ (૫) ચારણલબ્ધિધર મુનિરાજ (૬) વિદ્યાધર.

**૨૧ छव्विहा अणिड्ढिमंता मणुस्सा पण्णत्ता, तं जहा– हेमवयगा, हेरण्णवयगा, हरिवासगा, रम्मगवासगा, कुरुवासिणो, अंतरदीवगा ।**

**ભાવાર્થ :–** ઋદ્ધિ રહિત મનુષ્યોના છ પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) હેમવત ક્ષેત્રના મનુષ્ય (૨) હેરણ્યવત ક્ષેત્રના મનુષ્ય (૩) હરિવર્ષ ક્ષેત્રના મનુષ્ય (૪) રમ્યક્વર્ષ ક્ષેત્રના મનુષ્ય (૫) દેવકુરુ-ઉત્તર કુરુ ક્ષેત્રના મનુષ્ય (૬) છપ્પન અંતર્દ્વીપોના મનુષ્ય.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં મનુષ્યોનું ભિન્ન-ભિન્ન રીતે વિભાજન કરવામાં આવ્યું છે. પ્રથમ બે વિભાજન ક્ષેત્ર આશ્રિત છે. અંતના બે વિભાજન ઋદ્ધિ સંપન્નતા-અસંપન્નતા આશ્રિત છે.

**ક્ષેત્ર આશ્રિત મનુષ્યોના છ ભેદ :–** મનુષ્યને ઉત્પન્ન થવાના– જંબૂદ્વીપ, ધાતકીખંડ, અર્ધ પુષ્કરદ્વીપ (અઢીદ્વીપ)ક્ષેત્ર છે. તેમાં જંબૂદ્વીપ મધ્યમાં થાળીના આકારે છે. ધાતકી ખંડ અને અર્ધ પુષ્કર દ્વીપ વલયાકારે છે. તેના પૂર્વ, પશ્ચિમ બે-બે વિભાગ થઈ શકે છે. આ રીતે તેના કુલ ચાર ભેદ થાય છે અને લવણ સમુદ્રના અંતરદ્વીપને ગણતાં મનુષ્યને ઉત્પન્ન થવાનાં છ સ્થાન થાય છે. તે છ ક્ષેત્રની અપેક્ષાએ મનુષ્યોના છ પ્રકાર છે. અથવા મનુષ્ય ક્ષેત્રના ત્રણ પ્રકાર છે. કર્મભૂમિના ક્ષેત્રો, અકર્મભૂમિના ક્ષેત્રો અને અંતર દ્વીપ ક્ષેત્ર. પ્રત્યેક ક્ષેત્રના સંમૂર્ચ્છિમ અને ગર્ભજ મનુષ્યોને ગણતાં છ પ્રકાર થાય છે.

**ઋદ્ધિ આશ્રિત મનુષ્યોના ભેદ :–** તીર્થંકર અલૌકિક આધ્યાત્મિક ઋદ્ધિ સંપન્ન છે. ચક્રવર્તી, બળદેવ, વાસુદેવ શારીરિક શક્તિ અને વૈભવરૂપ ઋદ્ધિથી સંપન્ન છે. જંઘાચારણ લબ્ધિથી અને વિદ્યાચારણ લબ્ધિથી સંપન્ન મુનિ શક્તિમાન અને વૈભવશાળી છે. વિદ્યાધરો આકાશગામિની વગેરે અનેક વિદ્યા રૂપ ઋદ્ધિથી સંપન્ન હોય છે.

તીર્થંકર, ચક્રવર્તી, બળદેવ અને વાસુદેવની ઋદ્ધિ પૂર્વોપાર્જિત પુણ્યના પ્રભાવે હોય છે. વૈતાઢ્ય નિવાસી વિદ્યાધરોની ઋદ્ધિ કુલ પરંપરાથી પ્રાપ્ત પણ હોય છે અને આ ભવમાં વિદ્યાઓની સાધનાથી પણ પ્રાપ્ત હોય છે. આ ચારણઋદ્ધિ મહાન્ તપસ્વી સાધુઓને કઠિન તપસ્યાથી પ્રાપ્ત થાય છે. શ્રી ભગવતી સૂત્રમાં ચારણલબ્ધિના જંઘાચારણ અને વિદ્યાચારણ તેવા બે પ્રકાર કહ્યા છે.

અકર્મભૂમિના મનુષ્યો સંયમ-તપનું આચરણ કરી શકતા નથી અને વિશિષ્ટ ઋદ્ધિને પ્રાપ્ત થતાં નથી. તેથી તે મનુષ્યોને ઋદ્ધિ રહિત કહ્યા છે.

**ઉત્સર્પિણી અવસર્પિણીના કાલભેદ :–**

**२२ छव्विहा ओसप्पिणी पण्णत्ता, तं जहा– सुसमसुसमा, सुसमा, सुसमदूसमा, दूसमसुसमा, दूसमा, दूसमदूसमा ।**

**ભાવાર્થ :–** અવસર્પિણીકાલના છ પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) સુષમસુષમા (૨) સુષમા (૩) સુષમદુષમા (૪) દુષમસુષમા (૫) દુષમા (૬) દુષમદુષમા.

**२३ छव्विहा उस्सप्पिणी पण्णत्ता, तं जहा– दुस्समदुस्समा, दुस्समा, दुस्समसुसमा, सुसमदुस्समा, सुसमा, सुसमसुसमा ।**

**ભાવાર્થ :–** ઉત્સર્પિણીકાલના છ પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) દુષમદુષમા (૨) દુષમા (૩) દુષમસુષમા (૪) સુષમદુષમા (૫) સુષમા (૬) સુષમસુષમા.

**સુષમ સુષમાકાલમાં આયુષ્યાદિ :–**

**२४ जंबुद्दीवे दीवे भरहेरवएसु वासेसु तीयाए उस्सप्पिणीए सुसमसुसमाए समाए मणुया छ धणुसहस्साइं उड्ढमुच्चत्तेणं होत्था, छच्च अद्धपलिओवमाइं परमाउं पालयित्था ।**

**ભાવાર્થ :–** જંબૂદ્વીપ નામના દ્વીપમાં ભરત, ઐરવત ક્ષેત્રમાં અતીત ઉત્સર્પિણીના સુષમસુષમા કાળમાં મનુષ્યોની ઊંચાઈ છ હજાર ધનુષ્યની(ત્રણ ગાઉની) અને ઉત્કૃષ્ટ આયુષ્ય છ અર્ધ પલ્યોપમ અર્થાત્ ત્રણ પલ્યોપમનું હતું.

**२५ जंबुद्दीवे दीवे भरहेरवएसु वासेसु इमीसे ओसप्पिणीए सुसमसुसमाए समाए मणुया छ धणुसहस्साइं उड्ढमुच्चत्तेणं पण्णत्ता, छच्च अद्धपलिओवमाइं परमाउं पालयित्था ।**

**ભાવાર્થ :–** જંબૂદ્વીપ નામના દ્વીપમાં ભરત, ઐરવત ક્ષેત્રમાં આ અવસર્પિણીના સુષમસુષમા કાળમાં મનુષ્યોની ઊંચાઈ છ હજાર ધનુષ્યની(ત્રણ ગાઉની) અને ઉત્કૃષ્ટ આયુષ્ય છ અર્ધ પલ્યોપમનું(ત્રણ પલ્યોપમ)નું હોય છે.

**२६ जंबुद्दीवे दीवे भरहेरवएसु वासेसु आगमेस्साए उस्सप्पिणीए सुसम-सुसमाए समाए मणुया छ धणुसहस्साइं उड्ढमुच्चत्तेणं भविस्संति, छच्च अद्धपलिओवमाइं परामाउं पालइस्संति ।**

**ભાવાર્થ :–** જંબૂદ્વીપ નામના દ્વીપમાં ભરત, ઐરવત ક્ષેત્રમાં આગામી ઉત્સર્પિણીના સુષમસુષમાકાળ માં મનુષ્યોની ઊંચાઈ છ હજાર ધનુષ્યની(ત્રણ ગાઉની) અને ઉત્કૃષ્ટ આયુષ્ય છ અર્ધ પલ્યોપમ(ત્રણ પલ્યોપમ)નું થશે.

**૨૭ जंबुद्दीवे दीवे देवकुरु-उत्तरकुरुकुरासु मणुया छ धणुस्साहस्साइं उड्ढं उच्चत्तेणं पण्णत्ता, छच्च अद्धपलिओवमाइं परमाउं पालेंति ।**

**एवं धायइसंडदीवपुरत्थिमद्धे चत्तारि आलावगा** *जाव* **पुक्खरवरदीवड्ढ-पच्चत्थिमद्धे चत्तारि आलावगा ।**

**ભાવાર્થ :–** જંબૂદ્વીપ નામના દ્વીપના દેવકુરુ, ઉત્તરકુરુ નામના કુરુક્ષેત્રમાં મનુષ્યની ઊંચાઈ છ હજાર ધનુષ્યની(ત્રણ ગાઉની) હોય છે અને ઉત્કૃષ્ટ આયુષ્ય છ અર્ધ પલ્યોપમનું(ત્રણ પલ્યોપમનું) હોય છે.

તે જ રીતે ધાતકીખંડ દ્વીપના પૂર્વાર્ધ અને પશ્ચિમાર્ધ તથા અર્ધ પુષ્કરવર દ્વીપના પૂર્વાર્ધ અને પશ્ચિમાર્ધમાં પણ સુષમસુષમા કાલમાં મનુષ્યોની ઊંચાઈ છ હજાર ધનુષ્ય અને ઉત્કૃષ્ટ આયુષ્ય છ અર્ધ પલ્યોપમનું (ત્રણ પલ્યોપમનું) હોય છે. અહીં પણ જંબૂદ્વીપના સૂત્રની સમાન ચારે સૂત્રો જાણવા જોઈએ.

**સંઘયણના પ્રકાર :–**

**૨૮ छव्विहे संघयणे पण्णत्ते, तं जहा– वइरोसभ-णाराय-संघयणे, उसभ-णाराय संघयणे, णाराय-संघयणे, अद्धणाराय-संघयणे, खीलिया-संघयणे, छेवट्ट-संघयणे ।**

**ભાવાર્થ :–** સંઘયણના છ પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) વજ્રઋષભ નારાચ સંઘયણ (૨) ઋષભ નારાચ સંઘયણ (૩) નારાચ સંઘયણ (૪) અર્ધનારાચ સંઘયણ (૫) કીલિકા સંઘયણ (૬) છેવટ્ટુ સંઘયણ.

**વિવેચન :–**

**संघयण :–** સંહનન. હાડકાની રચના, હાડકાની મજબૂતાઈ અને શરીરની મજબૂતાઈને સંહનન કહે છે.

**वइरोसभणाराय :–** વજ્રઋષભ નારાચ સંઘયણ. વજ્ર = ખીલી, ઋષભ = પાટો, નારાચ = બંને બાજુ મર્કટ બંધ. બે હાડકા જોડાતા હોય ત્યાં બંને બાજુ મર્કટ બંધ હોય, ઉપર પાટાની જેમ હાડકું વીંટળાયેલું હોય અને તેના ઉપર ખીલી જેવા હાડકાથી મજબૂત કરેલું હોય.

**उसभणाराय** = બે હાડકાની સંધિમાં બંને બાજુ મર્કટ બંધ હોય અને ઉપર પાટાની જેમ હાડકું વીંટળાયેલું હોય. **णाराय** = હાડકાની સંધિ પાસે બંને બાજુ મર્કટ બંધ હોય. **अद्धणाराय** = એક બાજુ મર્કટ બંધ હોય. **खीलिया**– બે હાડકા, ખીલી જેવા હાડકાથી જોડાયેલા હોય. **छेवट्ट**– હાડકે હાડકા પરસ્પર માત્ર સ્પર્શીને રહ્યા હોય.

આ છ પ્રકારના હાડકાના જોડાણની મજબૂતાઈ ઉત્તરોત્તર ઘટતી જાય છે. એકેન્દ્રિય, વિકલેન્દ્રિય અને સર્પ વગેરે પંચેન્દ્રિય જીવોના શરીરમાં હાડકા હોતાં નથી. તેમ છતાં તે જીવોના શરીરની સ્વાભાવિક મજબૂતાઈની તરતમતાના આધારે તેમાં આગમોક્ત સંઘયણો સમજવા જોઈએ.

**સંસ્થાનના પ્રકાર :–**

**૨૯ छव्विहे संठाणे पण्णत्ते, तं जहा– समचउरंसे, णग्गोहपरिमंडले, साई, खुज्जे, वामणे, हुंडे ।**

**ભાવાર્થ :–** સંસ્થાનના છ પ્રકાર છે, તે આ પ્રમાણે– (૧) સમચતુરસ્ર (૨) ન્યગ્રોધ પરિમંડલ (૩) સાદી (૪) કુબ્જ (૫) વામન (૬) હુંડ.

**વિવેચન :–**

**संठाणे :–** સંસ્થાન. શરીરના અવયવોની રચના, આકૃતિ કે શરીરની શોભા.

**(૧) समचउरंसे :–** જે શરીરમાં સર્વ અંગ સપ્રમાણ હોય, પદ્માસને બેસે તો બંન્ને હાથ તથા બંન્ને પગના ખૂણા સમાન થાય તે સમચતુરસ્ર સંસ્થાન કહેવાય છે.

**(૨) णग्गोह परिमंडले :–** ન્યગ્રોધ = વટવૃક્ષ. વટવૃક્ષની જેમ જેનું શરીર નાભિથી ઉપર સપ્રમાણ હોય અને નાભિથી નીચે ન્યૂનાધિક હોય તે ન્યગ્રોધ પરિમંડલ સંસ્થાન કહેવાય છે.

**(૩) साई :–** જેનું શરીર નાભિથી નીચે પ્રમાણોપેત અને નાભિથી ઉપર ન્યૂનાધિક હોય તે સાદી સંસ્થાન કહેવાય છે.

**(૪) खुज्जे :–** જેના શરીરમાં હાથ, પગ, મસ્તક વગેરે સપ્રમાણ હોય પરંતુ વાંસો અને છાતી ન્યૂનાધિક પ્રમાણવાળા હોય તે કુબ્જ સંસ્થાન કહેવાય છે.

**(૫) वामणे :–** જેના શરીરની ઊંચાઈ જનસામાન્યની અપેક્ષાએ બહુ ઓછી હોય અર્થાત્ અન્ય મનુષ્યો જ્યારે ૯૬ અંગુલ (એક ધનુષ્ય પ્રમાણ) હોય ત્યારે જે મનુષ્યની ઊંચાઈ લગભગ બાવન અંગુલ પ્રમાણ હોય તો તે મનુષ્યનું સંસ્થાન વામન કહેવાય છે.

**(૬) हुंडे :–** જેના શરીરના કોઈ પણ અવયવ પ્રમાણ યુક્ત ન હોય, જેનું શરીર બેડોળ હોય તે હુંડ સંસ્થાન કહેવાય છે.

**આત્માર્થી અનાત્માર્થીનું પરિણમન :–**

**૩૦ छट्ठाणा अणत्तवओ अहियाए असुभाए अखमाए अणीसेसाए**

**अणाणुगामियत्ताए भवंति, तं जहा– परियाए, परियाले, सुए, तवे, लाभे, पूयासक्कारे ।**

**ભાવાર્થ :–** અનાત્મવાન-અનાત્માર્થી માટે છ સ્થાન અહિતકર, અશુભકર, અક્ષમકર, અનિશ્રેયસકર અને અનાનુગામિકતા (અશુભાનુબંધ) માટે હોય છે, તે આ પ્રમાણે છે– (૧) સંયમ પર્યાય (ર) શિષ્ય પરિવાર (૩) શ્રુત જ્ઞાન (૪) તપ (પ) લાભ (૬) પૂજા સત્કાર.

**૩૧ छट्ठाणा अत्तवतो हियाए सुभाए खमाए णीसेसाए आणुगामियत्ताए भवंति, तं जहा– परियाए, परियाले, सुए, तवे, लाभे, पूयासक्कारे ।**

**ભાવાર્થ :–** આત્મવાન-આત્માર્થી માટે છ સ્થાન હિતકર, શુભકર, ક્ષમકર(સામર્થ્યકર) નિઃશ્રેયસ્કર અને અનુગામિકતા(શુભાનુબંધ) માટે હોય છે, તે આ પ્રમાણે છે– (૧) સંયમ પર્યાય (ર) શિષ્ય પરિવાર (૩) શ્રુતજ્ઞાન (૪) તપ (પ) લાભ (૬) પૂજા-સત્કાર.

**વિવેચન :–**

સૂત્રગત આત્મવાન અને અનાત્મવાન, આ બંને શબ્દ વિશેષ વિમર્શણીય છે. પ્રત્યેક પ્રાણી આત્મવાન જ હોય છે. અહીં આત્મવાન શબ્દ વિશેષ અર્થને સૂચિત કરે છે.

**अत्तवओ :–** જે વ્યક્તિ પોતાના આત્મભાવમાં સ્થિર હોય અથવા આત્મભાવમાં સ્થિર થવા માટે પુરુષાર્થ શીલ હોય, આત્મસાધના જ જેનું મુખ્ય ધ્યેય હોય તેવા આત્માર્થી સાધકને અહીં આત્મવાન કહ્યા છે.

તેનાથી વિપરીત આત્મસાધનાના લક્ષ્ય રહિત બાહ્ય-ભૌતિક ભાવોમાં રમણકરનાર સાધકને અનાત્મવાન કહ્યા છે.

આત્મસાધનાના લક્ષ્ય રહિત વ્યક્તિને પ્રાપ્ત થયેલા પ્રત્યેક સાધનો બંધનું નિમિત્ત બને છે. તેની સંયમ પર્યાય, શિષ્ય પરિવાર, શ્રુતજ્ઞાન આદિ શુભ નિમિત્તો પણ અહંકારનું નિમિત્ત બને છે; સર્વ સંયોગો અશાંતિજનક બને છે અને જેનું આત્મસાધનાનું લક્ષ્ય દઢતમ થઈ ગયું હોય તેને કોઈપણ સંયોગો લાભનું કારણ બને છે; સર્વ સંયોગો સંવર, નિર્જરા અને શાંતિજનક બને છે. તેથી જ સૂત્રોક્ત છ સ્થાન તેના વિકાસ અને ઉત્થાનના કારણ ભૂત કહ્યા છે. જેમ જેમ સાધકના શ્રુત, તપ આદિની વૃદ્ધિ થાય, તેમ તે વિનમ્ર અને ઉદાર બનતો જાય છે. તેથી આ છ સ્થાન આત્મવાન વ્યક્તિ માટે હિતકર અને સુખકર હોય છે અને અનાત્મવાન વ્યક્તિ માટે આ જ છ સ્થાન અહિતકર અને અસુખકર હોય છે.

તાત્પર્ય એ છે કે પ્રત્યેક વ્યક્તિની આંતરિક યોગ્યતા પ્રમાણે બાહ્ય સંયોગો લાભ કે નુકશાન કરી શકે છે.

**આર્ય મનુષ્યોના પ્રકાર :–**

**૩ર छव्विहा जाइ-आरिया मणुस्सा पण्णत्ता, तं जहा–**

**अंबट्ठा य कलंदा य, वेदेहा वेदिगादिया ।**
**हरिया चुंचुणा चेव, छप्पया इब्भजाइओ ॥ १ ॥**

**ભાવાર્થ :–** જાતિથી આર્ય પુરુષના છ પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) અંબષ્ઠ (૨) કલન્દ (૩) વૈદેહ (૪) વૈદિક (૫) હરિત (૬) ચુંચુણ. આ છ ઈભ્યજાતિના મનુષ્ય છે.

**३३ छव्विहा कुलारिया मणुस्सा पण्णत्ता, तं जहा– उग्गा, भोगा, राइण्णा, इक्खागा, णाया, कोरव्वा ।**

**ભાવાર્થ :–** કુલથી આર્ય મનુષ્યના છ પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) ઉગ્ર (૨) ભોગ (૩) રાજન્ય (૪) ઈક્ષ્વાકુ (૫) જ્ઞાત (૬) કૌરવ.

**વિવેચન :-**

પ્રસ્તુત સૂત્રોમાં જાતિ અને કુલની અપેક્ષાએ આર્યના છ-છ ભેદ કહ્યા છે.

જેનો માતૃપક્ષ વિશુદ્ધ હોય તે જાતિઆર્ય અને જેનો પિતૃપક્ષ વિશુદ્ધ હોય તે કુલઆર્ય કહેવાય છે. પ્રાચીન ભારતમાં બે પ્રકારની વ્યવસ્થા હતી. માતૃસત્તાક અને પિતૃસત્તાક. માતૃસત્તાક વ્યવસ્થાને 'જાતિ' અને પિતૃસત્તાક વ્યવસ્થાને 'કુલ' કહે છે. પ્રસ્તુત સૂત્રોમાં છ ઈભ્યજાતિનો ઉલ્લેખ છે.

**इब्भ :–** ઈભનો અર્થ છે હાથી. જે વ્યક્તિ હાથી રાખવામાં સમર્થ હોય તે ઈભ્ય કહેવાય છે. ટીકામાં જનશ્રુતિ આધારિત બીજો અર્થ પણ છે કે જેની પાસે ઊંચી સૂંઢ કરેલો હાથી પણ ન દેખાય તેટલી ધનરાશિ હોય તેને ઈભ્ય કહે છે. તેઓની જાતિ તે ઈભ્યજાતિ કહેવાય છે. **उग्गा** = ઉગ્ર. ભગવાન ઋષભદેવે જેની કોટવાળરૂપે નિયુક્તિ કરી હતી તેવો આરક્ષક વર્ગ ઉગ્ર કહેવાયો. તેમના વંશજો પણ ઉગ્ર નામથી પ્રસિદ્ધિ પામ્યા. **भोगा** = જે ગુરુસ્થાનીય ક્ષત્રિય હતા, તે ભોગ કહેવાય અને તેના વંશજ ભોગ કુળના કહેવાય. **राइण्णा** = રાજાના મિત્ર સ્થાનીય ક્ષત્રિયોના વંશજ. **इक्खागा** = ભગવાન ઋષભદેવના વંશજ. **णाया** = મહાવીર સ્વામીના વંશજ. **कोरव्वा** = કુરુવંશમાં ઉત્પન્ન, શાંતિનાથ પ્રભુના વંશજ.

**લોકસ્થિતિ :-**

**३४ छव्विहा लोगट्ठिइ पण्णत्ता, तं जहा– आगासपइट्ठिए वाए, वायपइट्ठिए उदही, उदहिपइट्ठिया पुढवी, पुढविपइट्ठिया तसा थावरा पाणा, अजीवा जीवपइट्ठिया, जीवा कम्मपइट्ठिया ।**

**ભાવાર્થ :–** લોકસ્થિતિના છ પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) આકાશ પ્રતિષ્ઠિત વાયુ, (૨) વાયુ પ્રતિષ્ઠિત પાણી, (૩) પાણી પ્રતિષ્ઠિત પૃથ્વી, (૪) પૃથ્વી પ્રતિષ્ઠિત ત્રસ-સ્થાવર જીવ, (૫) જીવ પ્રતિષ્ઠિત અજીવ- જીવના આધારે અજીવ-શરીરાદિ છે. (૬) કર્મ પ્રતિષ્ઠિત જીવ છે– સંસારી જીવો કર્મ આધારિત છે.

**વિવેચન :–**

**લોકસ્થિતિ :–** ક્ષેત્રરૂપ લોકની નૈસર્ગિક વ્યવસ્થાને લોકસ્થિતિ કહે છે. સ્થાન-૩, ઉદ્દે.-૨, સૂત્ર-૨૩માં ત્રણ પ્રકારે, સ્થાન-૪, ઉદ્દે.-૨, સૂત્ર-૩૯માં ચાર પ્રકારે અને પ્રસ્તુત સૂત્રમાં છ પ્રકારે અને સ્થાન-૮, સૂ-૧૭માં આઠ પ્રકારે લોકસ્થિતિનું વર્ણન છે. ભગવતી સૂત્ર શતક-૧, ઉદ્દે.-૬, સૂત્ર-૨૦,૨૧(ગુરુપ્રાણ આગમ બત્રીસી)માં પણ આઠ પ્રકારની લોકસ્થિતિનું વર્ણન છે.

આધાર આધેયની અપેક્ષાએ આ લોકસ્થિતિનું કથન છે. આકાશ દ્રવ્ય જ સર્વ દ્રવ્યને સ્થાન આપે છે. તે સ્વયં વિશાળ અને સ્વપ્રતિષ્ઠિત છે. તેનો કોઈ આધાર નથી માટે સર્વ પ્રથમ આધેય રૂપે આકાશનું કથન છે. ત્યારપછી લોકસ્થિતિમાં વાયુ આદિ પરસ્પર આધાર-આધેય ભાવે રહેલા છે.

**છ દિશાઓમાં ગતિ આદિ :–**

**૩૫ छद्दिसाओ पण्णत्ताओ, तं जहा– पाईणा, पडीणा, दाहिणा, उदीणा, उड्ढा, अधा ।**

**ભાવાર્થ :–** દિશાના છ પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) પૂર્વ (૨) પશ્ચિમ (૩) દક્ષિણ (૪) ઉત્તર (૫) ઊર્ધ્વ (૬) અધો.

**૩૬ छहिं दिसाहिं जीवाणं गई पवत्तई, तं जहा– पाईणाए, पडीणाए, दाहिणाए, उदीणाए, उड्ढाए, अधाए ।**

**ભાવાર્થ :–** જીવોની ગતિ છ દિશામાં થાય છે, તે આ પ્રમાણે છે– (૧) પૂર્વ (૨) પશ્ચિમ (૩) દક્ષિણ (૪) ઉત્તર (૫) ઊર્ધ્વ અને (૬) અધો.

**૩૭ छहिं दिसाहिं जीवाणं आगई, वक्कंती, आहारे, वुड्ढी, णिवुड्ढी, विगुव्वणा, गईपरियाए, समुग्घाए, कालसंजोगे, दंसणाभिगमे, णाणाभिगमे, जीवाभिगमे, अजीवाभिगमे पण्णत्ते, तं जहा– पाईणाए, पडीणाए, दाहिणाए, उदीणाए, उड्ढाए अधाए । एवं पंचिंदिय-तिरिक्ख-जोणियाण वि, मणुस्साण वि ।**

**ભાવાર્થ :–** છ દિશામાં જીવોની આગતિ, અવક્રાન્તિ, આહાર, વૃદ્ધિ, હાનિ, વિકુર્વણા, ગતિ-પર્યાય, સમુદ્ઘાત, કાલ સંયોગ, દર્શનાભિગમ, જ્ઞાનાભિગમ, જીવાભિગમ અને અજીવાભિગમ થાય છે, તે આ પ્રમાણે છે– (૧) પૂર્વ (૨) પશ્ચિમ (૩) દક્ષિણ (૪) ઉત્તર (૫) ઊર્ધ્વ (૬) અધો. તે જ રીતે પંચેન્દ્રિય તિર્યગ્યોનિકોની અને મનુષ્યોની ગતિ આગતિ આદિ છએ દિશામાં થાય છે.

**વિવેચન :–**

સ્થાન-૩, ઉદ્દે.-૨, સૂત્ર-૨૪ દ્વારા પૂર્વાદિ ચાર દિશાને તિર્યગ્દિશામાં સમાવિષ્ટ કરી તિર્યગ્, ઊર્ધ્વ

અને અધો ત્રણ દિશાનું કથન કરી, તે ત્રણ દિશામાં જીવની ગતિ-આગતિ વગેરેનું કથન કર્યું છે. આ છઠ્ઠું સ્થાન હોવાથી અહીં પૂર્વાદિ ચાર અને ઊર્ધ્વ, અધો તેમ છ દિશાનું કથન છે.

સૂત્રમાં વિદિશાનું ગ્રહણ નથી. તેના અનેક કારણ સમજી શકાય છે– (૧) વિદિશા દિશા નથી. (૨) વિદિશા એક પ્રદેશી છે અને જીવનો સ્વભાવ અસંખ્યાત પ્રદેશી શ્રેણી પર અવગાહના કરવાનો છે. (૩) જીવોની ગતિ વગેરે સર્વ પ્રવૃત્તિ વિદિશામાં થતી નથી પરંતુ છ દિશામાં જ થાય છે (૪) આ છઠ્ઠું સ્થાન હોવાથી અહીં છ દિશાનું જ ગ્રહણ કર્યું છે.

**गई** = ગતિ. વિવક્ષિત ભવમાંથી અન્ય ભવ માટે જીવનું ગમન. **आगई** = આગતિ. અન્ય ભવમાંથી વિવક્ષિત ભવ માટે જીવનું આગમન. **वक्कंति** = અવક્રાંતિ. ઉત્પત્તિ સ્થાનમાં જીવનું ઉત્પન્ન થવું. **आहारे** = આહાર. શરીર યોગ્ય પુદ્‌ગલોનું ગ્રહણ. **वुड्ढी** = શરીરના પુદ્‌ગલોમાં વૃદ્ધિ થવી. **णिवुड्ढि** = વાત, પિત્ત આદિ દ્વારા શરીર પુદ્‌ગલોમાં હ્રાસ(હાનિ) થવો. **विग्गुणा** = શરીરને ભિન્ન-ભિન્ન રૂપે પરિણમાવવું. **गईपरियाए** = ગતિ પર્યાય. ગમન કરવું, અહીં ગતિ પર્યાયથી શરીરધારી જીવનું ગમનાગમન ગ્રહણ કર્યું છે. **समुग्घाए** = સમુદ્‌ઘાત. વેદનાદિના કારણે આત્મપ્રદેશોનું મૂળ શરીરને છોડ્યા વિના બહાર નીકળવું. આત્મપ્રદેશોને શરીરથી બહાર ફેલાવી કર્મોનો ઘાત કરવો. **कालसंजोगे** = કાળસંયોગ. કાલાનુસાર જુદી-જુદી અવસ્થાઓ પ્રાપ્ત થવી. **दंसणाभिगमे** = દર્શનાભિગમ. ચક્ષુદર્શન આદિ દર્શન દ્વારા વસ્તુનો સામાન્ય બોધ થવો. **णाणाभिगमे** = જ્ઞાનાભિગમ. મત્યાદિ જ્ઞાન દ્વારા વસ્તુનો વિશેષ બોધ થવો. **जीवाभिगमे** = ગુણપ્રત્યયિક અવધિ વગેરે જ્ઞાન દ્વારા જીવનો બોધ થવો. **अजीवागमे** = ગુણપ્રત્યયિક અવધિ વગેરે જ્ઞાન દ્વારા અજીવનો-પુદ્‌ગલાદિ દ્રવ્યોનો બોધ થવો.

૨૪ દંડકના જીવોમાંથી મનુષ્ય અને તિર્યંચ પંચેંદ્રિયના આ સર્વ કાર્ય છ દિશામાં થાય છે. તે સિવાયના બાવીસ દંડકના જીવોના ગતિ વગેરે સર્વ કાર્ય છ દિશામાં થતા નથી. જેમ નારકી દેવરૂપે અને દેવ નારકી રૂપે ઉત્પન્ન થઈ શકતા નથી. તેથી ઊર્ધ્વ-અધોદિશામાં તેની ગતિ અને આગતિનો અભાવ થાય છે. લોકાંતે સ્થિત પૃથ્વી આદિ જીવો છ દિશામાંથી આહાર ગ્રહણ કરતા નથી. બેઈદ્રિય વગેરે દંડકમાં જીવાભિગમ વગેરે થતો નથી. આ રીતે ઉપરોક્ત સર્વ કાર્ય શેષ દંડકના જીવોને થતાં ન હોવાથી સૂત્રકારે બાવીસ દંડકનું અહીં કથન કર્યું નથી. અહીં મનુષ્ય-તિર્યંચ પંચેંદ્રિયની અપેક્ષાએ જીવાભિગમ-અજીવાભિગમમાં ગુણપ્રત્યયિક અવધિજ્ઞાન સમજવું. તે જ છ દિશામાં સંભવે છે. ભવપ્રત્યયિક અવધિ-જ્ઞાનીમાં નારકી, જ્યોતિષ્ક દેવો તિર્યગ્ અવધિજ્ઞાનવાળા હોય છે; ભવનપતિ, વ્યંતર ઊર્ધ્વ અવધિવાળા હોય છે; વૈમાનિક અધો અવધિવાન હોય છે.

### આહાર કરવા, ન કરવાના કારણો :–

**૩૮ छहिं ठाणेहिं समणे णिग्गंथे आहारमाहारेमाणे णाइक्कमइ, तं जहा–**

**वेयण वेयावच्चे, ईरियट्ठाए य संजमट्ठाए ।**
**तह पाणवत्तियाए, छट्ठं पुण धम्मचिंताए ॥ १ ॥**

**ભાવાર્થ :–** છ કારણે શ્રમણ-નિર્ગ્રંથ આહાર ગ્રહણ કરે તો તે ભગવાનની આજ્ઞાનું અતિક્રમણ કરતાં નથી. તે કારણ આ પ્રમાણે છે–

(૧) વેદના– ક્ષુધાની પીડા દૂર કરવા. (૨) ગુરુજનોની વૈયાવૃત્ત્ય કરવા. (૩) ઈર્યાસમિતિનું પાલન કરવા. (૪) સંયમની રક્ષા કરવા. (૫) પ્રાણ ટકાવી રાખવા. (૬) ધર્મનું ચિંતન કરવા.

**૩૯ छहिं ठाणेहिं समणे णिग्गंथे आहारं वोच्छिंदमाणे णाइक्कमइ, तं जहा–**

**आयंके उवसग्गे, तितिक्खणे बंभचेरगुत्तीए ।**
**पाणिदया तवहेउं, सरीरवुच्छेयणट्ठाए ॥ १ ॥**

**ભાવાર્થ :–** છ કારણે શ્રમણ-નિર્ગ્રંથ આહારનો પરિત્યાગ કરે તો તે ભગવાનની આજ્ઞાનું અતિક્રમણ કરતા નથી. તે આ પ્રમાણે છે– (૧) જ્વરાદિ આકસ્મિક રોગ આવે, (૨) દેવ, મનુષ્ય, તિર્યંચકૃત ઉપદ્રવ આવે, (૩) બ્રહ્મચર્યની સુરક્ષા માટે ચિકિત્સારૂપે (૪) પ્રાણીઓની દયા માટે (૫) તપની વૃદ્ધિ માટે (૬) શરીરનો સંપૂર્ણ ત્યાગ કરવા માટે અર્થાત્ સંલેખના-સંથારો કરવા માટે.

## વિવેચન :–

પ્રસ્તુત સૂત્રોમાં સાધુના આહાર ગ્રહણના અને ત્યાગના છ-છ કારણોનો નિર્દેશ છે. સાધકોનો સંપૂર્ણ પુરુષાર્થ દેહભાવથી દૂર થઈ આત્મભાવમાં સ્થિર થવા માટે જ હોય છે. સાધુ શરીરાદિની પુષ્ટિ માટે આહાર કરતા નથી. પરંતુ સૂત્રોક્ત છ કારણ ઉપસ્થિત થાય ત્યારે આહાર ગ્રહણ કરે છે અને કારણ વિશેષ ઉપસ્થિત થાય તો આહારનો ત્યાગ પણ કરી દે છે.

**(૧) ईरियट्ठाए :–** ઈર્યાર્થ. ઈર્યા એટલે માર્ગ-ગમન અને **अट्ठाए** એટલે તેની વિશુદ્ધિ અર્થે. આગળ સાડા ત્રણ હાથ ભૂમિને જોઈને ચાલવું, તેને ઈર્યાવિશુદ્ધિ કહે છે. ભૂખના કારણે કે અશક્તિના કારણે સાધુ ઈર્યાપથની વિશુદ્ધિ બરાબર જાળવી શકતા નથી. ભૂખ અને અશક્તિના કારણે અન્ય સાધુની વૈયાવચ્ચ કે સંયમ વગેરેનું ઉચિત પાલન થઈ શકતું નથી. તેથી ઉપરોક્ત કારણે જ સાધુ આહાર ગ્રહણ કરે છે. શરીર જ્યારે સાધનામાં સહાયક ન બને ત્યારે આહારનો ત્યાગ કરી, શરીરનો ત્યાગ કરી શકે છે. આહાર ત્યાગના કારણો સૂત્રાર્થથી સ્પષ્ટ છે. આ રીતે સાધુને આહાર ગ્રહણ કરવો કે તેનો ત્યાગ કરવો, તે બંનેમાં સંયમ ભાવની પુષ્ટિ અને સાધનાનો વિકાસ છે. તેમાં જ જિનાજ્ઞાની આરાધના છે.

## ઉન્માદના કારણો :–

**૪૦ छहिं ठाणेहिं आया उम्मायं पाउणेज्जा तं जहा– अरहंताणं अवण्णं वयमाणे, अरहंतपण्णत्तस्स धम्मस्स अवण्णं वयमाणे, आयरिय-उवज्झायाणं अवण्णं वयमाणे, चाउव्वण्णस्स संघस्स अवण्णं वयमाणे, जक्खावेसेण चेव, मोहणिज्जस्स चेव कम्मस्स उदएणं ।**

**ભાવાર્થ :–** છ કારણે આત્મા ઉન્માદ–પાગલપણું પામે છે, તે આ પ્રમાણે છે– (૧) અરિહંતોના અવર્ણવાદ કરવાથી. (૨) અરિહંત પ્રજ્ઞપ્ત ધર્મના અવર્ણવાદ કરવાથી. (૩) આચાર્ય અને ઉપાધ્યાયના અવર્ણવાદ કરવાથી. (૪) ચતુર્વિધ સંઘના અવર્ણવાદ કરવાથી. (૫) શરીરમાં યક્ષનો પ્રવેશ થવાથી. (૬) મોહનીય કર્મના ઉદયથી.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં ઉન્માદ પ્રાપ્તિના છ કારણનું કથન છે. તેમાં પ્રથમ પાંચ કારણ ઉન્માદ પ્રાપ્તિના નિમિત્ત કારણ રૂપ છે અને અંતિમ કારણ–'મોહનીય કર્મનો ઉદય' તેનું ઉપાદાન કારણ છે.

**પ્રમાદના છ પ્રકાર :–**

**૪૧ छव्विहे पमाए पण्णत्ते, तं जहा– मज्जपमाए, णिद्दपमाए, विसयपमाए, कसायपमाए, जूयपमाए, पडिलेहणापमाए ।**

**ભાવાર્થ :–** પ્રમાદના-અહિત પ્રવૃત્તિના છ પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) મદ્ય પ્રમાદ (૨) નિદ્રા પ્રમાદ (૩) શબ્દાદિ ઈન્દ્રિય વિષય પ્રમાદ (૪) ક્રોધાદિ કષાય પ્રમાદ (૫) દ્યુત(જુગાર) પ્રમાદ (૬) પ્રતિલેખના સંબંધી પ્રમાદ.

**વિવેચન :–**

**पमाए :–** અહિતમાં પ્રવૃત્તિ અને હિતમાં અપ્રવૃત્તિને પ્રમાદ કહે છે. મદ્યપાન ચિત્તવૃત્તિને ભ્રાંત કરે છે. ભ્રાંત ચિત્ત પાપ પ્રવૃત્તિમાં મસ્ત બની અનંત સંસારનું કારણ બને છે. તે જ રીતે નિદ્રા, ઈન્દ્રિય વિષય આદિ સૂત્રોક્ત પ્રત્યેક કારણ ચિત્તને ચંચળ અથવા ભ્રાંત બનાવે છે. વિવેકનો નાશ કરે છે.

શુભ પ્રવૃત્તિનો નાશ થવાથી અનંત સંસારમાં પરિભ્રમણ થાય છે. તેથી તેને પ્રમાદસ્થાન કહ્યા છે.

**પ્રમાદી-અપ્રમાદીની પ્રતિલેખના :–**

**૪૨ छव्विहा पमायपडिलेहणा पण्णत्ता, तं जहा–**

**आरभडा संमद्दा, वज्जेयव्वा य मोसली तइया ।**
**पप्फोडणा चउत्थी, विक्खित्ता वेइया छट्ठी ॥ १ ॥**

**ભાવાર્થ :–** પ્રમાદપૂર્વક કરેલી પ્રતિલેખના(વસ્ત્ર–પાત્રાદિનું નિરીક્ષણ)ના છ પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) આરભડા– ઉતાવળથી વસ્ત્રાદિને સમ્યક્ પ્રકારે જોયા વિના પ્રતિલેખના કરવી. (૨) સંમર્દા– વસ્ત્રાદિમાં કરચલી, ખૂણા રહે તેમ પકડી પ્રતિલેખના કરવી. (૩) મોસલી– વસ્ત્રના છેડા જમીનને કે

અન્ય વસ્ત્રાદિને સ્પર્શે તે રીતે પ્રતિલેખન કરવું. (૪) પ્રસ્ફોટના– વિના કારણ વસ્ત્રોને ઝાટકતા પ્રતિલેખના કરવી. (૫) વિક્ષિપ્તા– પ્રતિલેખિત વસ્ત્રોને અપ્રતિલેખિત વસ્ત્રો ઉપર રાખવા. (૬) વેદિકા– અયોગ્ય આસને બેસીને પ્રતિલેખના કરવી.

**૪૩** **छव्विहा अप्पमायपडिलेहणा पण्णत्ता, तं जहा–**

**अणच्चावियं अवलियं अणाणुबंधिं अमोसलिं चेव ।**
**छप्पुरिमा णव खोडा, पाणिपाणविसोहणी ॥ १ ॥**

**ભાવાર્થ :–** પ્રમાદ-રહિત કરેલી પ્રતિલેખનાના છ પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) અનર્તિતા– શરીર અથવા વસ્ત્રને હલાવ્યા વિના પ્રતિલેખના કરવી (૨) અવલિતા– શરીર અથવા વસ્ત્રને નમાવ્યા વિના પ્રતિલેખના કરવી. (૩) અનાનુબંધી– ઉતાવળ રહિત-વસ્ત્રોને ઝાટક્યા વિના પ્રતિલેખના કરવી. (૪) અમોસલી– વસ્ત્ર જમીન કે અન્ય વસ્ત્રાદિને સ્પર્શે નહીં, તેમ પ્રતિલેખના કરવી. (૫) છપુરિમ–નવખોડા– વસ્ત્રના શાસ્ત્રોક્ત ૬ વિભાગ કરી, નવ વાર દષ્ટિ ફેરવીને પ્રતિલેખના કરવી. (૬) પ્રાણી–પ્રાણ વિશોધિની– વસ્ત્ર આદિ ઉપર ચાલતા કોઈ પ્રાણી નજરે દેખાય તો તેને પોતાના હાથે યતનાપૂર્વક સુરક્ષિત સ્થાને હિંસા ન થાય તેમ મૂકી દેવા. આ રીતે જીવ રક્ષાના લક્ષ્યપૂર્વક પ્રતિલેખના કરવી.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં પ્રતિલેખનની વિધિ અને તેના દોષોનું નિરૂપણ છે.

**પ્રતિલેખના :–** વસ્ત્ર, પાત્ર વગેરે ઉપધિનું દષ્ટિથી સારી રીતે નિરીક્ષણ કરવું. તે જ રીતે સ્થાન, કાળ વગેરેના નિરીક્ષણને પણ પ્રતિલેખના કહે છે. વ્યવહાર ભાષામાં પ્રતિલેખના માટે 'પડિલેહણ' અથવા 'પલેવણા' શબ્દ વપરાય છે.

**પ્રમાદ-અપ્રમાદ પ્રતિલેખના :–** ઉપયોગ વિના, અવિધિએ પ્રતિલેખના કરવામાં આવે તો તે પ્રમાદ પ્રતિલેખના અને ઉપયોગપૂર્વક, વિધિવત્ પ્રતિલેખના કરવામાં આવે તો તે અપ્રમાદ પ્રતિલેખના કહેવાય છે. તે બંનેના છ-છ પ્રકારનું સ્પષ્ટીકરણ ભાવાર્થથી સ્પષ્ટ છે.

**વેદિકા પ્રતિલેખના :–** વેદિકા એટલે બેસવાની રીત. તેના પાંચ પ્રકાર છે– (૧) ઊર્ધ્વવેદિકા બંને ઘૂંટણોની ઉપર હાથ રાખી પ્રતિલેખના કરવી (૨) અધોવેદિકા– બંને ઘૂંટણોની નીચે હાથ રાખી પ્રતિલેખના કરવી. (૩) તિર્યગ્વેદિકા– બંને જાંઘની બાજુમાં હાથ રાખી પ્રતિલેખના કરવી (૪) દ્વિધાવેદિકા– બંને હાથની વચ્ચે બંને જાનુને રાખી પ્રતિલેખના કરવી (૫) એકતોવેદિકા– બંને હાથની વચ્ચે એક જાનુને રાખી પ્રતિલેખના કરવી. આ બધી પ્રતિલેખના સદોષ હોવાના કારણે વર્જનીય છે.

**છ પુરિમા, નવ ખોડા :–** વસ્ત્રનું સારી રીતે પ્રતિલેખન કરવા માટે વસ્ત્રના ત્રણ વિભાગ કરવામાં આવે તેને પુરિમા વિભાગ કહે છે. તે પ્રત્યેક પુરિમ વિભાગના ત્રણ-ત્રણ દષ્ટિખંડ અર્થાત્ પ્રતિલેખના કરવા

પુરિમાના ઉપર, મધ્ય અને નીચેના ભાગમાં, એમ ત્રણવાર દષ્ટિ ફેરવવા માટે દષ્ટિથી જે ત્રણ વિભાગ થાય તેને ખોડા કહે છે.

વસ્ત્રની એક બાજુના ત્રણ પુરિમા અને નવ ખોડા થાય છે. તે જ રીતે વસ્ત્રની બીજી બાજુના પણ ત્રણ પુરિમા અને નવ ખોડા, તે જ રીતે વસ્ત્રને ઉથલાવી, આગળ અને પાછળના ભાગના ત્રણ-ત્રણ પુરિમા અને નવ-નવ ખોડા થાય છે. આ રીતે એક વસ્ત્રના કુલ ૧૨ પુરિમા અને ૩૬ ખોડા થાય છે.

પ્રતિલેખના વિધિનું સંપૂર્ણ વિવેચન શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર, અધ્ય-૨૬માં આપેલું છે.

**છ લેશ્યાઓ :–**

**૪૪ छ लेसाओ पण्णत्ताओ, तं जहा– कण्हलेसा, णीललेसा, काउलेसा, तेउलेसा, पम्हलेसा, सुक्कलेसा ।**

**ભાવાર્થ :–** લેશ્યાના છ પ્રકાર છે, તે આ પ્રમાણે છે–

(૧) કૃષ્ણ લેશ્યા (૨) નીલ લેશ્યા (૩) કાપોત લેશ્યા (૪) તેજો લેશ્યા (૫) પદ્મ લેશ્યા (૬) શુક્લ લેશ્યા.[સ્થાન-૧, સૂત્ર-૩૪ પ્રમાણે જાણવું ]

**૪૫ पंचिदियतिरिक्खजोणियाणं छ लेसाओ पण्णत्ताओ, तं जहा– कण्हलेसा, णीललेसा, काउलेसा, तेउलेसा, पम्हलेसा, सुक्कलेसा । एवं मणुस्स-देवाण वि ।**

**ભાવાર્થ :–** પંચેન્દ્રિય તિર્યંચ યોનિમાં જીવોને છ લેશ્યા હોય છે, તે આ પ્રમાણે છે– (૧) કૃષ્ણ લેશ્યા (૨) નીલ લેશ્યા (૩) કાપોત લેશ્યા (૪) તેજો લેશ્યા (૫) પદ્મ લેશ્યા (૬) શુક્લ લેશ્યા. તે જ રીતે મનુષ્યમાં છ લેશ્યાઓ હોય છે. તે જ રીતે સમુચ્ચય રૂપે સર્વ દેવોમાં છ-છ લેશ્યા હોય છે.

**લોકપાલની અગ્રમહિષીઓ :–**

**૪૬ सक्कस्स णं देविंदस्स देवरण्णो सोमस्स महारण्णो छ अग्गमहिसीओ पण्णत्ताओ ।**

**ભાવાર્થ :–** દેવરાજ દેવેન્દ્ર શક્રના લોકપાલ સોમ મહારાજને છ અગ્રમહિષીઓ છે.

**૪૭ सक्कस्स णं देविंदस्स देवरण्णो जमस्स महारण्णो छ अग्गमहिसीओ पण्ण- त्ताओ ।**

**ભાવાર્થ :–** દેવરાજ દેવેન્દ્ર શક્રના લોકપાલ યમ મહારાજને છ અગ્રમહિષીઓ છે.

**છ પલ્યોપમની સ્થિતિવાળા દેવ :–**

**૪૮** **ईसाणस्स णं देविंदस्स देवरण्णो मज्झिमपरिसाए देवाणं छ पलिओवमाइं ठिई पण्णत्ता ।**

**ભાવાર્થ :–** દેવરાજ દેવેન્દ્ર ઈશાનની મધ્યમ પરિષદ્‌ના દેવોની સ્થિતિ છ પલ્યોપમની છે.

**છ-છ મહત્તરિકા દેવીઓ :–**

**૪૯** **छ दिसाकुमारि-महत्तरियाओ पण्णत्ताओ, तं जहा– रूवा, रूवंसा, सुरूवा, रूववती, रूवकंता, रूवप्पभा ।**

**ભાવાર્થ :–** (દિશાકુમારેન્દ્રની) છ દિશાકુમારી મહત્તરિકા દેવીઓ છે, તે આ પ્રમાણે છે– (૧) રૂપા (૨) રૂપાંશા (૩) સુરૂપા (૪) રૂપવતી (૫) રૂપકાન્તા (૬) રૂપપ્રભા.

**૫૦** **छ विज्जुकुमारि-महत्तरियाओ पण्णत्ताओ, तं जहा– अला, सक्का, सतेरा, सोयामणि, इंदा, घणविज्जुया ।**

**ભાવાર્થ :–** (વિદ્યુતકુમારેન્દ્રની) છ વિદ્યુતકુમારી મહત્તરિકા દેવીઓ છે, તે આ પ્રમાણે છે– (૧) અલા (૨) શક્રા (૩) શતેરા (૪) સૌદામિની (૫) ઈન્દ્રા (૬) ઘન વિદ્યુતા.

**વિવેચન :–**

જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ સૂત્ર વક્ષસ્કાર-૫માં છપ્પન દિશાકુમારી મહત્તરિકાઓનો નિવાસ સ્થાન સહિત પરિચય મળે છે. પ્રસ્તુત સૂત્રગત છ દિશાકુમારી મહત્તરિકાઓ તે છપ્પન દિશાકુમારિકાઓથી ભિન્ન છે.

**છ-છ અગ્રમહિષી દેવીઓ :–**

**૫૧** **धरणस्स णं णागकुमारिंदस्स णागकुमाररण्णो छ अग्गमहिसीओ पण्णत्ताओ, तं जहा– अला, सक्का, सतेरा, सोयामणि, इंदा, घणविज्जुया ।**

**ભાવાર્થ :–** નાગકુમારરાજ નાગકુમારેન્દ્ર ધરણની છ અગ્રમહિષીઓ છે, તે આ પ્રમાણે છે– (૧) અલા (૨) શક્રા (૩) શતેરા (૪) સૌદામિની (૫) ઈન્દ્રા (૬) ઘનવિદ્યુતા.

**૫૨** **भूताणंदस्स णं णागकुमारिंदस्स णागकुमाररण्णो छ अग्गमहिसीओ पण्णत्ताओ, तं जहा– रूवा, रूवंसा, सुरूवा, रूववती, रूवकंता, रूवप्पभा । जहा धरणस्स तहा सव्वेसिं दाहिणिल्लाणं *जाव* घोसस्स । जहा भूताणंदस्स तहा सव्वेसिं उत्तरिल्लाणं *जाव* महाघोसस्स ।**

**ભાવાર્થ :–** નાગકુમારરાજ નાગકુમારેન્દ્ર ભૂતાનંદની છ અગ્રમહિષીઓ છે, તે આ પ્રમાણે છે– (૧) રૂપા (૨) રૂપાંશા (૩) સુરૂપા (૪) રૂપવતી (૫) રૂપકાન્તા (૬) રૂપપ્રભા.

જે રીતે ધરણેન્દ્રની છ અગ્રમહિષીઓ છે, તે રીતે વેણુદેવ, હરિકાન્ત, અગ્નિશિખ, પૂર્ણ, જલકાન્ત, અમિતગતિ, વેલમ્બ અને ઘોષ પર્યંતના સર્વ ભવનપતિના દક્ષિણેન્દ્રોની છ-છ અગ્રમહિષીઓ જાણવી.

જે રીતે ભૂતાનંદની છ અગ્રમહિષીઓ કહી છે, તે જ રીતે ભવનપતિના ઈન્દ્ર વેણુદાતિ, હરિસ્સહ, અગ્નિમાનવ, વિશિષ્ટ, જલપ્રભ, અમિતવાહન, પ્રભંજન અને મહાઘોષ, આ સર્વ ઉત્તર દિશાના ઈન્દ્રોની છ-છ અગ્રમહિષીઓ જાણવી.

**ભવનપતિ દેવોના સામાનિક દેવો :–**

**૫૩ धरणस्स णं णागकुमारिंदस्स णागकुमाररण्णो छस्सामाणिय-साहस्सीओ पण्णत्ताओ । एवं भूताणंदस्स वि** *जाव* **महाघोसस्स ।**

**ભાવાર્થ :–** નાગકુમારરાજ નાગકુમારેન્દ્ર ધરણના છ હજાર સામાનિક દેવ છે. તે જ રીતે ઉત્તર દિશાના નાગકુમારરાજ નાગકુમારેન્દ્ર ભૂતાનંદનું કથન કરવું ***યાવત્*** મહાઘોષ સુધી સર્વ ભવનપતિ દેવોનું કથન કરવું. તેઓને છ-છ હજાર સામાનિક દેવો જાણવા.

**મતિના ભેદ-પ્રભેદ :–**

**૫૪ छव्विहा ओग्गहमई पण्णत्ता, तं जहा– खिप्पमोगिण्हइ, बहुमोगिण्हइ, बहुविधमोगिण्हइ, धुवमोगिण्हिइ, अणिस्सियमोगिण्हइ, असंदिद्धमोगिण्हइ ।**

**ભાવાર્થ :–** અવગ્રહમતિ(સામાન્યરૂપે અર્થને ગ્રહણ કરનારા મતિજ્ઞાન)ના છ ભેદ છે, તે આ પ્રમાણે છે– (૧) ક્ષિપ્ર અવગ્રહમતિ– શંખ આદિ શબ્દોને શીઘ્ર ગ્રહણ કરનારી બુદ્ધિ, મતિ. (૨) બહુ અવગ્રહમતિ– શંખ આદિના અનેક પ્રકારના શબ્દોને ગ્રહણ કરનારી મતિ. (૩) બહુવિધ અવગ્રહમતિ– ઘણા પ્રકારના વાજિંત્રોના, અનેક પ્રકારના શબ્દ વગેરે ગ્રહણ કરનારી મતિ. (૪) ધ્રુવ અવગ્રહમતિ– એક વાર ગ્રહણ કરેલી વસ્તુને પુનઃ ગ્રહણ કરે ત્યારે તે જ પ્રકારે જાણવાની મતિ. (૫) અનિશ્રિત અવગ્રહમતિ– કોઈ લિંગ, ચિહ્નનો આશ્રય લીધા વિના જાણનારી મતિ. (૬) અસંદિગ્ધ અવગ્રહમતિ– સંદેહ રહિત સામાન્ય રૂપે ગ્રહણ કરનારી મતિ.

**૫૫ छव्विहा ईहामई पण्णत्ता, तं जहा– खिप्पमीहइ** *जाव* **असंदिद्धमीहइ ।**

**ભાવાર્થ :–** ઈહામતિ(અવગ્રહથી જાણેલા પદાર્થને વિશેષ જાણવાની ઈચ્છા)ના છ પ્રકાર છે, તે આ પ્રમાણે છે– ક્ષિપ્ર ઈહા ***યાવત્*** અસંદિગ્ધ ઈહા.

**૫૬ छव्विहा अवायमइ पण्णत्ता, तं जहा– खिप्पमवेइ** *जाव* **असंदिद्धमवेइ ।**

**ભાવાર્થ :–** અવાયમતિના(ઈહાથી જાણેલા પદાર્થનો નિશ્ચય કરવો, તેના) છ પ્રકાર છે, તે આ પ્રમાણે છે– ક્ષિપ્ર અવાય ***યાવત્*** અસંદિગ્ધ અવાય.

**૫૭ छव्विहा धारणामइ पण्णत्ता, तं जहा– बहुं धरेइ, बहुविहं धरेइ, पोराणं धरेइ, दुद्धरं धरेइ, अणिस्सिअं धरेइ, असंदिद्धं धरेइ ।**

**ભાવાર્થ :–** ધારણામતિના(અવાયથી નિશ્ચિત થયેલા પદાર્થને કાલાન્તરમાં પણ સ્મૃતિમાં રાખવો, તેના) છ પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) બહુ ધારણામતિ (૨) બહુવિધ ધારણામતિ (૩) પુરાણ ધારણામતિ– જૂના પદાર્થની ધારણા રાખનારી મતિ. (૪) દુર્ધર ધારણામતિ-દુર્ધર-ગહન પદાર્થની ધારણા કરનારી મતિ. (૫) અનિશ્રિત ધારણામતિ (૬) અસંદિગ્ધ ધારણામતિ.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં ઇન્દ્રિયના વિષયને ગ્રહણ કરવાના પ્રકારનું નિદર્શન છે. ઇન્દ્રિયથી થતાં જ્ઞાનને મતિજ્ઞાન કહે છે. સ્થાન-૪, ઉદ્દે.-૪, સૂત્ર-૯૭માં મતિજ્ઞાનના ચાર પ્રકાર કહ્યા છે– (૧) અવગ્રહ– આ કાંઈક છે તેવા પ્રકારે નામ, જાતિ આદિની કલ્પનાથી રહિત, સામાન્ય વિષયને ગ્રહણ કરવું (૨) ઈહા– આ શું હશે ? તેવી જિજ્ઞાસા પછી આ અમુક હોવું જોઈએ તેવા નિશ્ચય તરફ ઢળવું (૩) નિશ્ચયાત્મક, નિર્ણયાત્મક જ્ઞાન. (૪) ધારણા– તે નિશ્ચયને ધારી રાખવો, કાલાન્તરમાં પણ તેનું વિસ્મરણ ન થવું.

મતિજ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમ પ્રમાણે અવગ્રહાદિ મતિજ્ઞાન ક્યારેક વિષયને શીઘ્ર ગ્રહણ કરે છે, તો ક્યારેક વિષયને ગ્રહણ કરવામાં મંદ બની જાય છે. આ રીતે મતિજ્ઞાન ઇન્દ્રિયના વિષયને બાર પ્રકારે ગ્રહણ કરે છે. છઠ્ઠું સ્થાન હોવાથી અહીં તેના છ ભેદોનું જ કથન છે. શેષ છ ભેદ તે પદના વિરોધી પદ છે. તે બારે ભેદોનું સ્પષ્ટીકરણ આ પ્રમાણે છે–

**(૧) બહુ :–** અનેક. તે સંખ્યા અને પરિમાણ(માપ) બંનેની અપેક્ષાએ થઈ શકે છે. વસ્તુની અનેક પર્યાયને તથા ઘણા પરિમાણવાળા દ્રવ્યને જાણે અને વિશાળ પરિમાણવાળા વિષયને પણ જાણે તેને બહુ કહે છે.

**(૨) અલ્પ :–** કોઈ એક જ વિષયને અથવા એક જ પર્યાયને સ્વલ્પમાત્રામાં જાણે તેને અલ્પ કહે છે.

**(૩) બહુ વિધ :–** કોઈ એક દ્રવ્યને, એક જ વસ્તુને અથવા એક જ વિષયને ઘણા પ્રકારે જાણે, જેમ કે વસ્તુનો આકાર, પ્રકાર, રંગ, રૂપ, લંબાઈ, પહોળાઈ, જાડાઈ તેમ જ તેની અવધિ ઇત્યાદિ પ્રકારે જાણે તેને બહુવિધ કહે છે.

**(૪) અલ્પવિધ :–** કોઈપણ વસ્તુની પર્યાયને, જાતિ અથવા સંખ્યા આદિને અલ્પ પ્રકારે જાણે પણ તેના ભેદ-પ્રભેદ વગેરે ન જાણે તેને અલ્પવિધ કહે છે.

**(૫) ક્ષિપ્ર :–** કોઈ પણ વિષયને ઇન્દ્રિય અથવા મનથી શીઘ્ર જાણી લે. યથા– સ્પર્શેન્દ્રિય દ્વારા અંધકારમાં પણ કોઈ વ્યક્તિ અથવા વસ્તુને ઓળખી લે તેને ક્ષિપ્ર કહે છે.

**(૬) અક્ષિપ્ર :–** ક્ષયોપશમની મંદતા અથવા ઉપયોગની વિક્ષિપ્તતાના કારણે કોઈપણ વિષયને થોડા સમય પછી જાણી શકે તેને અક્ષિપ્ર કહે છે.

**(૭) અનિશ્રિત :–** કોઈપણ હેતુ અથવા નિમિત્ત વિના વસ્તુને કે તેના ગુણને જાણી લે તેને અનિશ્રિત કહે છે.

**(૮) નિશ્રિત :–** કોઈપણ હેતુ, યુક્તિ, નિમિત્ત, લિંગ આદિ વડે જાણે તેને નિશ્રિત કહે છે.

**(૯) અસંદિગ્ધ :–** દ્રવ્યનું અથવા પર્યાયનું જે કાંઈ જ્ઞાન થાય તે સંદેહ રહિત જાણે તેને અસંદિગ્ધ કહે છે.

**(૧૦) સંદિગ્ધ :–** કોઈપણ વિષયનું સંદેહપૂર્વક જ્ઞાન થાય તેને સંદિગ્ધ કહે છે.

**(૧૧) ધ્રુવ :–** જે વિષયને જાણ્યો છે તે જ્ઞાન કાયમ રહે, ટકી રહે તેને ધ્રુવ કહે છે.

**(૧૨) અધ્રુવ :–** થયેલું જ્ઞાન પલટાતું રહે તેવા અસ્થિર જ્ઞાનને અધ્રુવ કહે છે.

પ્રસ્તુત સૂત્રમાં ધારણાના છ પ્રકારમાં ક્ષિપ્ર અને ધ્રુવના સ્થાને પોરાણ અને 'દુર્ધર' શબ્દનો પ્રયોગ છે અને ક્રમમાં ભિન્નતા છે.

**पोराणं :–** ભૂતકાળના અર્થને ધારણ કરવા. જેમ અમુક મુનિએ અમુક વર્ષ, માસ, પક્ષમાં અમુક દિવસે અમુક સમયે દીક્ષા ગ્રહણ કરી હતી. સામાન્ય માણસને વિસ્મૃતિ થઈ જાય તેવા કાળજ્ઞાનની ધારણા.

**दुद्धर :–** બુદ્ધિના પરિશ્રમ વડે ધારણા કરી શકાય તેવી ધારણાને દુર્ધર ધારણા કહે છે. ગણિતસંબંધી જ્યોતિષ સંબંધી ભંગજાળ વગેરે કઠિન વિષયને ધારણ કરવા.

### બાહ્ય આભ્યંતર તપના પ્રકાર :–

**૫૮ छव्विहे बाहिरए तवे पण्णत्ते, तं जहा– अणसणं, ओमोदरिया, भिक्खायरिया, रसपरिच्चाए, कायकिलेसो, पडिसंलीणता ।**

**ભાવાર્થ :–** બાહ્ય તપના છ પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) અનશન (૨) ઊણોદરી (૩) ભિક્ષાચર્યા (૪) રસપરિત્યાગ (૫) કાયકલેશ (૬) પ્રતિસંલીનતા.

**૫૯ छव्विहे अब्भंतरिए तवे पण्णत्ते, तं जहा– पायच्छित्तं, विणओ, वेयावच्चं, सज्झाओ, झाणं, विउस्सग्गो ।**

**ભાવાર્થ :–** આભ્યંતર તપના છ પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) પ્રાયશ્ચિત્ત (૨) વિનય (૩) વૈયાવચ્ચ (૪) સ્વાધ્યાય (૫) ધ્યાન (૬) વ્યુત્સર્ગ.

**વિવેચન :–**

નિર્જરાના મુખ્ય સાધનભૂત તપના છ બાહ્ય અને છ આભ્યંતર, તેમ કુલ બાર ભેદ છે.

**બાહ્યતપ :–** જે તપને લોકો બાહ્યદષ્ટિએ તપરૂપે ઓળખે છે અથવા જે તપ બાહ્ય શરીરને તપાવે, કૃશ કરે અને કર્મોનો ક્ષય કરે છે તેને બાહ્યતપ કહે છે. તેના છ પ્રકાર છે, તે આ પ્રમાણે છે–

**(१) अणसण :–** અભોજન. અલ્પ સમય કે જીવનપર્યંત આહારનો ત્યાગ.

**(२) ओमोयरिया :–** અવમોદરિકા, ઉણોદરી. અવમ = ન્યૂન, અલ્પ, ઉદર = પેટ. પેટને ઉણું રાખવું. ભૂખ કરતા અલ્પ આહાર લેવો. ઉપકરણ, ક્રોધાદિ કષાયની અલ્પતા કરવી.

**(३) भिक्खायरिया :–** ભિક્ષાચર્યા. વિવિધ પ્રકારના અભિગ્રહ-સંકલ્પ સહ ભિક્ષા લેવા માટે જવું. ભિક્ષાચર્યા નિર્જરાનું કારણ હોવાથી તપ કહેવાય છે.

**(४) रसपरिच्चाए :–** રસપરિત્યાગ. ઘી-દૂધ વગેરે રસવંતા આહારનો ત્યાગ કરવો.

**(५) कायकिलेसो :–** કાયકલેશ. દેહાધ્યાસ છોડવા માટે શરીરને કષ્ટ આપવું. વીરાસન વગેરે આસને બેસવું. કેશલુંચન કરવું.

**(६) पडिसंलीणया :–** ઇન્દ્રિયોને વિષયાદિથી ગોપવવી. વિષયો તરફ જતી વૃત્તિઓને પાછી વાળીને આત્મભાવમાં લીન કરવી.

**આભ્યંતર તપ :–** જે તપને બાહ્યદષ્ટિએ લોકો તપ રૂપે ઓળખતા નથી પરંતુ કર્મનિર્જરામાં જે નિમિત્તભૂત છે, તેને આભ્યંતર તપ કહે છે. તેના છ ભેદ આ પ્રમાણે છે.

**पायच्छित्तं :–** લાગેલા દોષો અને અતિચારોની શુદ્ધિ કરવી.

**विणओ :– विनीयते इति विनयः ।** જે ક્રિયા દ્વારા કર્મો દૂર થાય તે વિનય. જ્ઞાની, રત્નાધિક વગેરે પ્રત્યે બહુમાન આદિ વિનયની પ્રવૃત્તિ છે. શાસ્ત્રોમાં તેના અનેક ભેદ-પ્રભેદ છે.

**वेयावच्चं :–** આચાર્ય ગુરુ વગેરેની સેવા ભક્તિ કરવી.

**सज्झाओ :–** સ્વાધ્યાય. શ્રુતજ્ઞાનની આરાધના કરવી શાસ્ત્રોનું અધ્યયન, મનન કરવું.

**झाणं :–** ધ્યાન. જિનેશ્વરની આજ્ઞાદિ કોઈપણ એક વિષયમાં ચિત્તને સ્થિર કરવું.

**विउसग्गो :–** વ્યુત્સર્ગ. ગણ, શરીર, ઉપધિ, કષાયાદિને છોડવા, તેનો ત્યાગ કરવો.

**વાદના છ પ્રકાર :–**

**૬૦ छव्विहे विवादे पण्णत्ते, तं जहा– ओसक्कइत्ता, उस्सक्कइत्ता,**

**अणुलोमइत्ता, पडिलोमइत्ता, भइत्ता, भेलइत्ता ।**

**ભાવાર્થ :–** વિવાદ(શાસ્ત્રાર્થ)ના છ પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) વાદીના તર્કનો પ્રત્યુત્તર ધ્યાનમાં ન આવે, તો સમય પસાર કરવા તે વિષયથી દૂર રહેવું. (૨) શાસ્ત્રાર્થની પૂર્ણ તૈયારી થઈ જાય કે તુરંત વાદીને પરાજિત કરવા આગળ આવવું. (૩) વિવાદમાં પ્રમુખ વ્યક્તિને પોતાની કરી લેવી અથવા પ્રતિવાદીના પક્ષનું એકવાર સમર્થન કરી, તેને પોતાને અનુકૂળ કરી લેવા. (૪) શાસ્ત્રાર્થની પૂર્ણ તૈયારી થઈ જાય પછી વિવાદના પ્રમુખ તથા પ્રતિપક્ષીની ઉપેક્ષા કરવી. (૫) વિવાદમાં મુખ્ય વ્યક્તિની સેવા કરી તેને પોતાના પક્ષમાં કરવા. (૬) નિર્ણાયકોમાં પોતાના સમર્થકોનો બહુમત કરવો.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં છ પ્રકારના વિવાદનું નિરૂપણ કર્યું છે.

**વિવાદ :–** લબ્ધિ, ખ્યાતિ આદિની કામનાથી, જય-પરાજયની ભાવનાપૂર્વક છળપ્રધાન જે ચર્ચા થાય છે તેને વિવાદ કહે છે.

વાદ-વિવાદ અથવા શાસ્ત્રાર્થના મૂળ ચાર અંગ છે. વાદી, પ્રતિવાદી, સભ્ય, સભાપતિ.

(૧) વાદી– પૂર્વપક્ષની સ્થાપના કરે (૨) પ્રતિવાદી– વાદીના પક્ષનું ખંડન કરી પોતાના પક્ષનું સ્થાપન કરે (૩) સભ્ય– સાંભળવા આવેલા હોય તે નિર્ણાયક. (૪) સભાપતિ– વાદવિવાદ સમયે કલહ ન થાય અને શાંતિ જળવાઈ રહે તે માટે જે નિયામક હોય તે પ્રમુખ વ્યક્તિ.

વ્યાખ્યાનુસાર કોઈને હરાવવાની બુદ્ધિથી વાદ-વિવાદ થાય તે વિજિગીષુવાદ કહેવાય અને શંકાના સમાધાન માટે શાસ્ત્રાર્થ કરાય તે તત્ત્વ-નિર્ણયવાદ કહેવાય છે. તેના છ પ્રકારનું સ્વરૂપ ભાવાર્થથી સ્પષ્ટ છે.

**ક્ષુદ્ર પ્રાણીના પ્રકાર :–**

**६१ छव्विहा खुड्डा पाणा पण्णत्ता, तं जहा– बेइंदिया, तेइंदिया, चउरिंदिया, संमुच्छिम-पंचिंदिय-तिरिक्खजोणिया, तेउकाइया, वाउकाइया ।**

**ભાવાર્થ :–** ક્ષુદ્ર પ્રાણીના છ પ્રકાર છે, તે આ પ્રમાણે છે–

(૧) બેઇન્દ્રિય (૨) તેઇન્દ્રિય (૩) ચૌરેન્દ્રિય (૪) સંમૂર્ચ્છિમ તિર્યંચ પંચેન્દ્રિય (૫) તેઉકાયિક (૬) વાયુકાયિક.

**વિવેચન :–**

સ્થાન-૪, ઉદ્દેશક-૪માં ચાર પ્રકારના ક્ષુદ્ર પ્રાણીનું કથન છે. અહીં તેઉ. વાયુ સહિત છ પ્રકારના ક્ષુદ્ર પ્રાણીનું કથન છે. **खुड्डा** = ક્ષુદ્ર. **क्षुद्राः अधमाः** ।– સ્થાનાંગવૃત્તિ. વૃત્તિકારે પ્રસ્તુત સૂત્રમાં ક્ષુદ્રનો

અર્થ અધમ કર્યો છે. આ છ પ્રાણીઓને અધમ માનવાના બે કારણ છે. તેમાં દેવો આવીને ઉત્પન્ન થતા નથી અને અનંતર ભવમાં તેઓ સિદ્ધ થઈ શકતા નથી. સંમૂર્ચ્છિમ તિર્યંચો અસંજ્ઞી છે. તેઓમાં પૂર્ણ વિવેક ન હોવાથી તેને ક્ષુદ્ર કહ્યા છે.

## ગોચરચર્યાના પ્રકાર :–

**૬૨** **छव्विहा गोयरचरिया पण्णत्ता, तं जहा– पेडा, अद्धपेडा, गोमुत्तिया, पतंग- वीहिया, संबुक्कावट्टा, गंतुंपच्चागया ।**

**ભાવાર્થ :–** ગોચરચર્યા(ગૌચરીની ભ્રમણ વિધિ) છ પ્રકારની છે, તે આ પ્રમાણે છે–

**(૧) પેટા–** પેટીના આકારે અથવા ગામના કોઈપણ એક વિભાગમાં ગૌચરી માટે ભ્રમણ કરવું **(ર) અર્ધપેટા–** અર્ધપેટીના આકારે અથવા એક વિભાગના પણ અર્ધ વિભાગમાં ગૌચરી માટે ભ્રમણ કરવું **(૩) ગોમૂત્રિકા–** ગોમૂત્રિકાના આકારે ભ્રમણ કરવું **(૪) પતંગવીથિકા–** પતંગિયાની ગતિ પ્રમાણે ગૌચરી માટે ભ્રમણ કરવું **(પ) શંબૂકાવર્તા–** શંખાવર્તના આકારે ગૌચરી માટે ભ્રમણ કરવું **(૬) ગત્યા-પ્રત્યાગતા–** ઉપાશ્રયમાંથી નીકળતા અથવા પાછા વળતાં ગૌચરી કરવી.

## વિવેચન :–

**गोयरचरिया :–** ગોચર ચર્યા. ગાયની ચરવાની ક્રિયા જેવી જે ચર્યા તે ગોચરચર્યા કહેવાય છે. ગાય ઊંચાનીચા સ્થાનમાં ચરે છે, તેમ સાધુ રાગદ્વેષ રહિતપણે ઉચ્ચ, મધ્યમ અને સાધારણ કુળમાં ભિક્ષાર્થે ચર્યા– ભ્રમણ કરે છે. ગોચરચર્યાને ભિક્ષાચર્યા પણ કહે છે. તેના છ પ્રકાર છે– (૧) **पेडा**– પેટા. પેટી-મંજૂષામાં વિભાગ હોય તેમ ગ્રામાદિના ચાર વિભાગ કરી કોઈ એક વિભાગમાં ભિક્ષાર્થે ભ્રમણ કરવું. (ર) **अद्धपेडा**– અર્ધપેટા. પેટા ગોચરચર્યાના ચાર વિભાગ કરી, એક વિભાગના (પેટાના) અર્ધ ભાગમાં ભિક્ષા માટે જવું. (૩) **गोमुत्तिया**– ગોમૂત્રિકા. ગોમૂત્રિકાની જેમ ડાબેથી જમણે અને જમણે ડાબે ભિક્ષાર્થ ભ્રમણ કરવું (૪) **पतंगवीहिया**– પતંગિયાની જેમ વચ્ચેના ઘર છોડી ફરતાં છૂટા-છવાયા ઘરોમાં ભ્રમણ કરવું. (પ) **संबुक्कावट्टा**– શંબૂકાવર્ત. શંખની જેમ આવર્ત્ત લઈ ભ્રમણ કરવું અર્થાત્ ગ્રામાદિના મધ્યભાગના ઘરોથી શરૂ કરી બહારના ઘરો સુધી ભ્રમણ કરવું અથવા બહારથી શરૂ કરી મધ્યભાગના ઘરો સુધી ભિક્ષા પ્રાપ્તિ માટે ભ્રમણ કરવું. (૬) **गंतुं पच्चागता**– ગત્યા પ્રત્યાગતા. જે ગોચરચર્યામાં જઈને આવવું હોય અર્થાત્ એક ગૃહ પંક્તિમાંથી ભિક્ષા ગ્રહણ કરતા જવું અને પછી સામેની બીજી ગૃહ પંક્તિમાંથી ભિક્ષા ગ્રહણ કરતા સ્વસ્થાને પાછા ફરવું. વિસ્તૃત વિવેચન માટે જુઓ શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર અધ્ય. ૩૦.

## અતિનિકૃષ્ટ મહાનરક :–

**૬૩** **जंबुद्दीवे दीवे मंदरस्स पव्वयस्स दाहिणे णं इमीसे रयणप्पभाए पुढ**

**वीए छ अवक्कंत-महाणिरया पण्णत्ता, तं जहा– लोले, लोलुए, उद्दड्ढे, णिद्दड्ढे, जरए, पज्जरए ।**

**ભાવાર્થ :–** જંબૂદ્વીપ નામના દ્વીપના મંદર પર્વતના દક્ષિણ ભાગમાં આ રત્નપ્રભા પૃથ્વીમાં છ અપક્રાન્ત (અતિનિકૃષ્ટ) મહાનરક-નરકાવાસ છે, તે આ પ્રમાણે છે– (૧) લોલ (૨) લોલુપ (૩) ઉદગ્ધ (૪) નિર્દગ્ધ (૫) જરક (૬) પ્રજરક.

**૬૪ चउत्थीए णं पंकप्पभाए पुढवीए छ अवक्कंत-महाणिरया पण्णत्ता, तं जहा– आरे, वारे, मारे, रोरे, रोरुए, खाडखडे ।**

**ભાવાર્થ :–** ચોથી પંક પ્રભા પૃથ્વીમાં છ અપક્રાન્ત મહાનરક-નરકાવાસ છે, તે આ પ્રમાણે છે– (૧) આર (૨) વાર (૩) માર (૪) રૌર (૫) રૌરુક (૬) ખાડખડ.

**વિવેચન :–**

**अवक्कंत** શબ્દનું સંસ્કૃતરૂપ **अपक्रान्त** થાય છે. અપક્રાન્ત = શુભભાવથી રહિત, અતિનિકૃષ્ટ. પ્રથમ નરક પૃથ્વી રત્નપ્રભામાં છ નરકાવાસ અતિ નિકૃષ્ટ છે. જો કે નરકના બધા જ નરકાવાસ નિકૃષ્ટ જ છે. પરંતુ આ છ નરકાવાસમાં નિકૃષ્ટતાની માત્રા અતિ વધુ છે. તે જ પ્રમાણે ચોથી નરકમાં પણ છ નરકાવાસ અતિનિકૃષ્ટ છે.

**દેવલોકમાં વિમાન-પ્રસ્તટ :–**

**૬૫ बंभलोगे णं कप्पे छ विमाण-पत्थडा पण्णत्ता, तं जहा– अरए, विरए, णीरए, णिम्मले, वितिमिरे, विसुद्धे ।**

**ભાવાર્થ :–** બ્રહ્મલોક કલ્પમાં છ વિમાન પ્રસ્તટ છે, તે આ પ્રમાણે છે– (૧) અરજ (૨) વિરજ (૩) નીરજ (૪) નિર્મલ (૫) વિતિમિર (૬) વિશુદ્ધ.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં પાંચમા દેવલોકની પ્રસ્તટ(પાથડા)ની સંખ્યાનું કથન છે. પ્રસ્તટ એટલે પૃથ્વીતલ.

**विमाणपत्थडा**–પ્રતરરૂપે રહેલા વિમાનોને વિમાન પ્રસ્તટ કહે છે. પાંચમા દેવલોકમાં છ તલ છે અને તે છ તલમાં દેવ વિમાન છે. જેમ મનુષ્ય લોકમાં માળવાળા ઘર હોય છે. તેમ પાંચમા દેવલોકમાં છ પ્રસ્તટ છે.

**દેવલોકમાં પ્રસ્તટની સંખ્યા :–** પહેલા-બીજા દેવલોકમાં-૧૩. ત્રીજા ચોથા દેવલોકમાં-૧૨. પાંચમા દેવલોકમાં-૬. છટ્ઠા દેવલોકમાં-૫. સાતમા દેવલોકમાં-૪. આઠમા દેવલોકમાં-૪. નવમા-દસમા દેવલોકમાં-

૪. અગિયારમા બારમા દેવલોકમાં-૪. નવ ગ્રૈવેયક વિમાનમાં-૯. અનુત્તર વિમાનમાં-૧. સર્વ મળીને દેવલોકમાં કુલ ૬૨ વિમાન પ્રસ્તટ છે.

**ચંદ્રયોગી નક્ષત્રો :–**

**६६ चंदस्स णं जोइसिंदस्स जोइसरण्णो छ णक्खत्ता पुव्वंभागा समखेत्ता तीसइ- मुहुत्ता पण्णत्ता, तं जहा– पुव्वाभद्दवया, कत्तिया, महा, पुव्वफग्गुणी, मूलो, पुव्वा- साढा ।**

**ભાવાર્થ :–** જ્યોતિષરાજ– જ્યોતિષેન્દ્ર ચંદ્રના પૂર્વભાગી-પૂર્વસેવ્ય, સમક્ષેત્રી, ત્રીસ મુહૂર્ત સુધી યોગ કરનારા છ નક્ષત્ર છે, તે આ પ્રમાણે છે– (૧) પૂર્વભાદ્રપદા (૨) કૃતિકા (૩) મઘા (૪) પૂર્વા ફાલ્ગુની (૫) મૂલ (૬) પૂર્વાષાઢા.

**६७ चंदस्स णं जोइसिंदस्स जोइसरण्णो छ णक्खत्ता णत्तंभागा अवड्ढक्खेत्ता पण्णरस मुहुत्ता पण्णत्ता, तं जहा– सयभिसया, भरणी, अद्दा, अस्सेसा, साती, जेट्ठा ।**

**ભાવાર્થ :–** જ્યોતિષરાજ, જ્યોતિષેન્દ્ર ચંદ્રના નક્તભાગી(સમયોગી) અપાર્ધક્ષેત્રી પંદર મુહૂર્ત સુધી ભોગ કરનારા છ નક્ષત્ર છે, તે આ પ્રમાણે છે– (૧) શતભિષક (૨) ભરણી (૩) આર્દ્રા (૪) આશ્લેષા (૫) સ્વાતિ (૬) જયેષ્ઠા.

**६८ चंदस्स णं जोइसिंदस्स जोइसरण्णो छ णक्खत्ता, उभयभागा दिवड्ढखेत्ता पणयालीसमुहुत्ता पण्णत्ता, तं जहा– रोहिणी, पुणव्वसू, उत्तराफग्गुणी, विसाहा, उत्तरासाढा, उत्तराभद्दवया ।**

**ભાવાર્થ :–** જ્યોતિષરાજ જ્યોતિષેન્દ્ર ચંદ્રના ઉભયયોગી દ્વયાર્ધક્ષેત્રી, ૪૫ મુહૂર્ત સુધી યોગ કરનારા છ નક્ષત્ર છે, તે આ પ્રમાણે છે– (૧) રોહિણી (૨) પુનર્વસુ (૩) ઉત્તરા ફાલ્ગુની (૪) વિશાખા (૫) ઉત્તરા– ષાઢા (૬) ઉત્તર ભાદ્રપદા.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં ચંદ્ર અને નક્ષત્રના યોગની અપેક્ષાએ નક્ષત્રોના ત્રણ વિભાગ કર્યા છે.

**(૧) સમક્ષેત્રી નક્ષત્રો :–** ચંદ્ર સાથે ૩૦ મુહૂર્ત યોગ કરનાર નક્ષત્રોનું ક્ષેત્ર સમક્ષેત્ર કહેવાય છે. તે નક્ષત્રોને સમક્ષેત્રી કહે છે. તે નક્ષત્રો પૂર્વસેવ્ય છે અર્થાત્ અગ્રભાગથી ચંદ્ર સાથે યોગ કરે છે.

**(૨) અર્ધ સમક્ષેત્રી નક્ષત્રો :–** ચંદ્ર સાથે ૧૫ મુહૂર્ત યોગ કરનાર નક્ષત્રોનું ક્ષેત્ર અર્ધ સમક્ષેત્ર છે. તે

નક્ષત્રોને અર્ધ સમક્ષેત્રી કહે છે. તે અંતિમ-પાછળના ભાગથી રાત્રે જ યોગ કરે છે. તેથી તેને નક્તભાગી કહ્યા છે.

**(૩) દ્વયાર્દ્ધ સમક્ષેત્રી નક્ષત્રો :–** ચંદ્ર સાથે ૪૫ મુહૂર્ત યોગ કરનાર નક્ષત્રોનું ક્ષેત્ર દ્વયાર્ધ સમક્ષેત્ર છે. તે નક્ષત્રો દ્વયાર્ધ સમક્ષેત્રી કહેવાય છે. તે નક્ષત્રો ચંદ્ર સાથે આગળ અને પાછળ બંને બાજુથી યોગ કરે છે તેથી તેને ઊભયયોગી કહ્યા છે.

### કુલકર ઊંચાઈ :–

**૬૯** अभिचंदे णं कुलकरे छ धणुसयाइं उड्ढं उच्चत्तेणं होत्था ।

**ભાવાર્થ :–** અભિચંદ્ર કુલકર છસો ધનુષ્યની ઊંચાઈવાળા હતા.

### ભરત ચક્રીનો રાજ્યકાળ :–

**૭૦** भरहे णं राया चाउरंतचक्कवट्टी छ पुव्वसयसहस्साइं महाराया होत्था ।

**ભાવાર્થ :–** ચાતુરંત ચક્રવર્તી ભરત રાજા છ લાખ પૂર્વ સુધી મહારાજ પદ ઉપર રહ્યા.

### પાર્શ્વનાથ પ્રભુના વાદી મુનિઓ :–

**૭૧** पासस्स णं अरहओ पुरिसादाणियस्स छ सया वादीणं सदेवमणुयासुराए परिसाए अपराजियाणं संपया होत्था ।

**ભાવાર્થ :–** પુરુષાદાનીય ત્રેવીસમા તીર્થંકર પાર્શ્વનાથની દેવ, મનુષ્ય અને અસુરોની પરિષદમાં અપરાજિત એવા છસો વાદી મુનિઓની સંપદા હતી.

### વાસુપૂજ્ય પ્રભુના સહદીક્ષિત સાધુઓ :–

**૭૨** वासुपुज्जे णं अरहा छहिं पुरिससएहिं सद्धिं मुंडे भवित्ता, अगाराओ, अणगारियं पव्वइए ।

**ભાવાર્થ :–** વાસુપૂજ્ય નામના બારમા તીર્થંકર છસો પુરુષો સાથે મુંડિત થઈ, ગૃહસ્થવાસને છોડી અણગાર ધર્મમાં પ્રવ્રજિત થયા હતા.

### ચંદ્રપ્રભુનો છદ્મસ્થકાળ :–

**૭૩** चंदप्पभे णं अरहा छम्मासे छउमत्थे होत्था ।

**ભાવાર્થ :–** ચંદ્રપ્રભુ તીર્થંકર છ મહિના સુધી છદ્મસ્થ રહ્યા.

## આરંભ અનારંભ જનિત સંયમ-અસંયમ :–

**૭૪** **तेइंदिया णं जीवा असमारभमाणस्स छव्विहे संजमे कज्जइ, तं जहा– घाणमयाओ सोक्खाओ अववरोवेत्ता भवइ । घाणमएणं दुक्खेणं असंजोए त्ता भवइ । जिब्भामयाओ सोक्खाओ अववरोवेत्ता भवइ, जिब्भामएणं दुक्खेणं असंजोएत्ता भवइ । फासामयाओ सोक्खाओ अववरोवेत्ता भवइ । फासमएणं दुक्खेणं असंजोएत्ता भवइ ।**

**ભાવાર્થ :–** તેઇન્દ્રિય જીવોની ઘાત ન કરનારા પુરુષને છ પ્રકારનો સંયમ થાય છે. તે આ પ્રમાણે છે– (૧) તે પુરુષ ઘ્રાણ જનિત સુખનો વિયોગ કરાવનાર થતો નથી (ર) ઘ્રાણ જનિત દુઃખનો સંયોગ કરાવનાર થતો નથી (૩) રસ જનિત સુખનો વિયોગ કરાવનાર થતો નથી (૪) રસ જનિત દુઃખનો સંયોગ કરાવનાર થતો નથી. (૫) સ્પર્શ જનિત સુખનો વિયોગ કરાવનાર થતો નથી (૬) સ્પર્શ જનિત દુઃખનો સંયોગ કરાવનાર થતો નથી.

**૭૫** **तेइंदिया णं जीवा समारभमाणस्स छव्विहे असंजमे कज्जइ, तं जहा– घाणमयाओ सोक्खाओ ववरोवेत्ता भवइ, घाणमएणं दुक्खेणं संजोएत्ता भवइ । जिब्भामयाओ सोक्खाओ ववरोवेत्ता भवइ, जिब्भामएणं दुक्खेणं संजोएत्ता भवइ । फासामयाओ सोक्खाओ ववरोवेत्ता भवइ, फासामएणं दुक्खेणं संजोएत्ता भवइ ।**

**ભાવાર્થ :–** તેઇન્દ્રિય જીવોની ઘાત કરનારાને છ પ્રકારનો અસંયમ થાય છે, તે આ પ્રમાણે છે– (૧) તે પુરુષ ઘ્રાણ જનિત સુખનો નાશ કરનાર થાય છે. (ર) ઘ્રાણ જનિત દુઃખનો સંયોગ કરાવનાર બને છે. (૩) રસ જનિત સુખનો નાશ કરનાર થાય છે. (૪) રસ જનિત દુઃખનો સંયોગ કરાવનાર બને છે. (૫) સ્પર્શ જનિત સુખનો નાશ કરનાર થાય છે. (૬) સ્પર્શજનિત દુઃખનો સંયોગ કરાવનાર બને છે.

## વિવેચન :–

પ્રસ્તુત સૂત્રમાં તેઈંદ્રિય જીવોના ઘાતથી થતાં ૬ પ્રકારના અસંયમ અને ઘાત નહીં કરવાથી થતાં ૬ પ્રકારના સંયમનું કથન છે. તેઈંદ્રિય જીવોને સ્પર્શ, જિહ્વા અને ઘ્રાણ આ ત્રણ ઈંદ્રિય હોય છે. પ્રત્યેક ઈંદ્રિયના ઘાતથી તે તે ઈંદ્રિયજન્ય સુખનો વિયોગ અને દુઃખનો સંયોગ થાય છે. આ રીતે પ્રત્યેક ઈંદ્રિયની ઘાતથી બે રીતે અસંયમ અને ઈંદ્રિય રૂપ પ્રાણને કષ્ટ ન આપે તો બે રીતે સંયમ થાય છે. તેથી બેઈંદ્રિય જીવોના ઘાતથી ૪ પ્રકારે, તેઈંદ્રિય જીવોની ઘાતથી ૬ પ્રકારે, ચૌરેન્દ્રિય જીવોની ઘાતથી આઠ પ્રકારે અને પંચેન્દ્રિય જીવોની ઘાતથી દસ પ્રકારે અસંયમ અને ઘાત ન કરે તો સંયમ થાય છે. સ્થાન-૪, ઉદ્દે.-૪, સૂત્ર-૧૦૫,૧૦૬ માં બેઈંદ્રિય, સ્થાન-૮, સૂત્ર-૩૬,૩૭માં ચૌરેન્દ્રિય, સ્થાન-૧૦, સૂત્ર-રર,ર૩માં પંચેન્દ્રિય જીવો સંબંધી સંયમ અને અસંયમનું કથન છે.

### જંબૂદ્વીપના ક્ષેત્ર, પર્વત, કૂટ :–

**૭૬ जंबुद्दीवे दीवे छ अकम्मभूमीओ पण्णत्ताओ, तं जहा– हेमवए, हेरण्णवए, हरिवासे, रम्मगवासे, देवकुरा, उत्तरकुरा ।**

**ભાવાર્થ :–** જંબૂદ્વીપ નામના દ્વીપમાં છ અકર્મભૂમિઓ છે, તે આ પ્રમાણે છે– (૧) હેમવત (૨) હેરણ્યવત (૩) હરિવાસ (૪) રમ્યકવાસ (૫) દેવકુરુ (૬) ઉત્તરકુરુ.

**૭૭ जंबुद्दीवे दीवे छव्वासा पण्णत्ता, तं जहा– भरहे एरवए हेमवए हेरण्णवएहरिवासे, रम्मगवासे ।**

**ભાવાર્થ :–** જંબૂદ્વીપ નામના દ્વીપમાં છ વર્ષ(ક્ષેત્ર) છે, તે આ પ્રમાણે છે– (૧) ભરત (૨) ઐરવત (૩) હેમવત (૪) હેરણ્યવત (૫) હરિવાસ (૬) રમ્યક્વાસ.

**૭૮ जंबुदीवे दीवे छ वासहरपव्वया पण्णत्ता, तं जहा– चुल्लहिमवंते महाहिम- वंते, णिसढे, णीलवंते, रुप्पी, सिहरी ।**

**ભાવાર્થ :–** જંબૂદ્વીપ નામના દ્વીપમાં છ વર્ષધર પર્વત છે, તે આ પ્રમાણે છે– (૧) ચુલ્લહિમવંત (૨) મહાહિમવંત (૩) નિષધ (૪) નીલવંત (૫) રુક્મિ (૬) શિખરી.

**૭૯ जंबुद्दीवे दीवे मंदरस्स पव्वयस्स दाहिणेणं छ कूडा पण्णत्ता, तं जहा– चुल्लहिमवंतकूडे, वेसमणकूडे, महाहिमवंतकूडे, वेरुलियकूडे, णिसढकूडे, रुयगकूडे ।**

**ભાવાર્થ :–** જંબૂદ્વીપ નામના દ્વીપમાં મંદર પર્વતના દક્ષિણ ભાગમાં(ત્રણ વર્ષધર પર્વતો પર) છ કૂટ છે, તે આ પ્રમાણે છે– (૧) ચુલ્લહિમવંત કૂટ (૨) વૈશ્રમણ કૂટ (૩) મહાહિમવંત કૂટ (૪) વૈડૂર્ય કૂટ (૫) નિષધ કૂટ (૬) રુચક કૂટ.

**૮૦ जंबुद्दीवे दीवे मंदरस्स पव्वयस्स उत्तरेणं छ कूडा पण्णत्ता, तं जहा– णीलवंतकूडे, उवदंसणकूडे, रुप्पिकूडे, मणिकंचणकूडे, सिहरिकूडे, तिगिंछि– कूडे ।**

**ભાવાર્થ :–** જંબૂદ્વીપ નામના દ્વીપમાં મંદર પર્વતના ઉત્તર ભાગમાં (ત્રણ વર્ષધર પર્વતો પર) છ કૂટ છે, તે આ પ્રમાણે છે– (૧) નીલવંતકૂટ (૨) ઉપદર્શનકૂટ (૩) રુક્મિકૂટ (૪) મણિકાંચનકૂટ (૫) શિખરી કૂટ (૬) તિગિંછિ કૂટ.

**વિવેચન :-**

જંબૂદ્વીપના મેરુ પર્વતની દક્ષિણ દિશામાં ચુલ્લહિમવંત, મહાહિમવંત અને નિષધ આ ત્રણ વર્ષધર પર્વત છે. તેમાં ચુલ્લહિમવંત વર્ષધર પર્વત પર ૧૧ કૂટ, મહાહિમવંત વર્ષધર પર્વત પર આઠ કૂટ અને નિષધ વર્ષધર પર્વત પર નવ કૂટ છે.

છઠ્ઠુ સ્થાન હોવાથી સૂત્રકારે મેરુ પર્વતની ૧૦,૦૦૦ યોજનની પહોળાઈ જેટલા દક્ષિણ દિશાના ક્ષેત્રમાં આવતા પ્રત્યેક પર્વતના મધ્યના બે-બે કૂટોને ગ્રહણ કરીને છ કૂટોનું કથન કર્યું છે.

તે જ રીતે ઉત્તર દિશામાં નીલવંત વર્ષધર પર્વત પર નવકૂટ, રુકિમ વર્ષધર પર્વત પર આઠ કૂટ અને શિખરી વર્ષધર પર્વત પર ૧૧ કૂટ છે. પૂર્વવત્ તે દરેક પર્વતના બે-બે કૂટને ગ્રહણ કરીને ઉત્તર દિશામાં છ કૂટ થાય છે.

**જંબૂદ્વીપના મહાદ્રહ :-**

**૮૧ जंबुद्दीवे दीवे छ महद्दहा पण्णत्ता, तं जहा– पउमद्दहे, महापउमद्दहे, तिगिंछिद्दहे, केसरिद्दहे, महापोंडरीयद्दहे, पुंडरीयद्दहे ।**

**तत्थ णं छ देवयाओ महिड्ढियाओ** *जाव* **पलिओवमट्ठिइयाओ परिवसंति, तं जहा– सिरी, हिरी, धिई, किई, बुद्धी, लच्छी ।**

**ભાવાર્થ :–** જંબૂદ્વીપ નામના દ્વીપમાં છ મહાદ્રહ છે, તે આ પ્રમાણે છે– (૧) પદ્મદ્રહ (ર) મહાપદ્મદ્રહ (૩) તિગિંછદ્રહ (૪) કેશરીદ્રહ (૫) મહાપુંડરીકદ્રહ (૬) પુંડરીકદ્રહ.

ત્યાં મહર્ધિક ***યાવત્*** પલ્યોપમની સ્થિતિવાળી છ દેવીઓ નિવાસ કરે છે, તે આ પ્રમાણે છે– (૧) શ્રી દેવી (ર) હ્રી દેવી (૩) ધૃતિ દેવી (૪) કીર્તિ દેવી (૫) બુદ્ધિ દેવી (૬) લક્ષ્મી દેવી.

**વિવેચન :-**

જંબુદ્વીપના છ વર્ષધર પર્વત પર ક્રમશઃ એક-એક મહાદ્રહ છે અને તેના ઉપર ક્રમશઃ એક-એક દેવીઓ નિવાસ કરે છે.

**જંબૂદ્વીપની મહાનદીઓ, અંતરનદીઓ :-**

**૮ર जंबुदीवे दीवे मंदरस्स पव्वयस्स दाहिणेणं छ महाणईओ पण्णत्ताओ, तं जहा– गंगा, सिंधू, रोहिया, रोहितंसा, हरी, हरिकंता ।**

**ભાવાર્થ :–** જંબૂદ્વીપ નામના દ્વીપમાં મંદરપર્વતના દક્ષિણ ભાગમાં છ મહાનદીઓ કહી છે, તે આ પ્રમાણે છે– (૧) ગંગા (ર) સિન્ધુ (૩) રોહિતા (૪) રોહિતાંશા (૫) હરિ (૬) હરિકંતા.

**૮૩ जंबुद्दीवे दीवे मंदरस्स पव्वयस्स उत्तरे णं छ महाणईओ पण्णत्ताओ, तं जहा– णरकंता, णारिकंता, सुवण्णकूला, रुप्पकूला, रत्ता, रत्तवती ।**

**ભાવાર્થ :–** જંબૂદ્વીપ નામના દ્વીપમાં મંદરપર્વતના ઉત્તર ભાગમાં છ મહાનદીઓ કહી છે, તે આ પ્રમાણે છે– (૧) નરકન્તા (૨) નારીકન્તા (૩) સુવર્ણકૂલા (૪) રુપ્યકૂલા (૫) રક્તા (૬) રક્તવતી.

**૮૪ जंबुद्दीवे दीवे मंदरस्स पव्वयस्स पुरत्थिमेणं सीयाए महाणईए उभयकूले छ अंतरणईओ पण्णत्ताओ, तं जहा– गाहावई, दहवई, पंकवई, तत्तजला, मत्तजला, उम्मत्तजला ।**

**ભાવાર્થ :–** જંબૂદ્વીપ નામના દ્વીપમાં મંદરપર્વતના પૂર્વભાગમાં સીતા મહાનદીની(ઉત્તર-દક્ષિણ)બંન્ને બાજુએ છ અંતર નદીઓ છે, તે આ પ્રમાણે છે– (૧) ગ્રાહવતી (૨) દ્રહવતી (૩) પંકવતી (૪) તપ્ત જલા (૫) મત્તજલા (૬) ઉન્મત્તજલા.

**૮૫ जंबुद्दीवे दीवे मंदरस्स पव्वयस्स पच्चत्थिमे णं सीतोदाए महाणईए उभयकूले छ अंतरणईओ पण्णत्ताओ, तं जहा– खीरोदा, सीहसोता, अंतोवाहिणी, उम्मि- मालिणी, फेणमालिणी, गंभीरमालिणी ।**

**ભાવાર્થ :–** જંબૂદ્વીપ નામના દ્વીપમાં મંદર પર્વતના પશ્ચિમ ભાગમાં સીતોદા મહાનદીની બંન્ને બાજુએ છ અંતર નદીઓ છે, તે આ પ્રમાણે છે– (૧) ક્ષીરોદા (૨) સિંહસ્રોતા (૩) અંતર્વાહિની (૪) ઉર્મિમાલિની (૫) ફેનમાલિની (૬) ગંભીરમાલિની.

## વિવેચન :–

પ્રસ્તુત સૂત્રોમાં જંબૂદ્વીપની નદીઓનું કથન કર્યું છે. જંબૂદ્વીપના મેરુપર્વતથી દક્ષિણ વિભાગમાં ત્રણ ક્ષેત્ર છે. તે પ્રત્યેક ક્ષેત્રમાં બે-બે મહાનદીઓ પ્રવાહિત થાય છે. ભરતક્ષેત્રમાં ગંગા અને સિંધુ, હેમવત ક્ષેત્રમાં રોહિતા અને રોહિતાંશા, હરિવર્ષ ક્ષેત્રમાં હરિ(હરિસલિલા) અને હરિકંતા નદી. આ રીતે દક્ષિણ વિભાગમાં છ મહાનદીઓ છે.

ઉત્તર દિશામાં રમ્યક્ વર્ષક્ષેત્રમાં નરકંતા અને નારીકંતા, હેરણ્યવત ક્ષેત્રમાં સુવર્ણકૂલા અને રુપ્યકૂલા, ઐરવત ક્ષેત્રમાં રક્તા અને રક્તવતી નદી. આ રીતે ઉત્તર વિભાગમાં છ મહાનદીઓ થાય છે.

પૂર્વ મહાવિદેહ ક્ષેત્રમાં સીતા મહાનદી વહે છે. પૂર્વ મહાવિદેહ ક્ષેત્રના ઉત્તર અને દક્ષિણ વિભાગમાં આઠ-આઠ વિજય છે. તેને વિભાજિત કરનાર ચાર-ચાર વક્ષસ્કાર પર્વત અને ત્રણ-ત્રણ અંતર નદીઓ છે. તેથી સીતાનદીની ઉત્તર દિશામાં ત્રણ અને દક્ષિણ દિશામાં ત્રણ, તેમ બંને બાજુની કુલ છ અંતર નદીઓ સીતા નદીને મળે છે.

પશ્ચિમ મહાવિદેહમાં સીતોદા નદી વહે છે. સીતા નદીની જેમ જ સીતોદા નદીને બંને બાજુની છ અંતર નદીઓ મળે છે. આ રીતે સૂત્રકારે છટ્ઠા સ્થાનને અનુલક્ષીને છ-છ નદીઓનું કથન કર્યું છે.

**ધાતકીખંડ આદિમાં ક્ષેત્ર પર્વતાદિ :–**

**૮૬ धायइसंडदीव-पुरत्थिमद्धे णं छ अकम्मभूमीओ पण्णत्ताओ, तं जहा– हेमवए हेरण्णवए हरिवासे, रम्मगवासे, देवकुरा, उत्तरकुरा ।**

**एवं जहा जंबुद्दीवे दीवे** *जाव* **अंतरणईओ** *जाव* **पुक्खरवरदीवद्ध-पच्चत्थिमद्धे भाणियव्वं ।**

**ભાવાર્થ :–** ધાતકીખંડ દ્વીપના પૂર્વાર્ધમાં છ અકર્મભૂમિઓ છે, તે આ પ્રમાણે છે– (૧) હેમવત (ર) હેરણ્યવત (૩) હરિવાસ (૪) રમ્યક્વાસ (પ) દેવકુરુ (૬) ઉત્તરકુરુ.

જંબૂદ્વીપ નામના દ્વીપમાં વર્ષ, વર્ષધર પર્વત આદિથી અંતર નદી સુધીના વર્ણનની સમાન ધાતકીખંડ દ્વીપના પૂર્વાર્ધ, પશ્ચિમાર્ધમાં તથા પુષ્કરવર દ્વીપાર્ધના પૂર્વાર્ધ અને પશ્ચિમાર્ધમાં પણ જાણવું જોઈએ.

**છ ઋતુ :–**

**૮૭ छ उऊ पण्णत्ता, तं जहा– पाउसे, वरिसारत्ते, सरए, हेमंते, वसंते, गिम्हे।**

**ભાવાર્થ :–** છ પ્રકારની ઋતુ કહી છે, તે આ પ્રમાણે છે– (૧) પ્રાવૃટ્ ઋતુ– શ્રાવણ અને ભાદરવો (ર) વર્ષા ઋતુ– આસો અને કારતક (૩) શરદ ઋતુ– માગસર અને પોષ માસ (૪) હેમંત ઋતુ– મહા અને ફાગણ (પ) વસંતઋતુ– ચૈત્ર અને વૈશાખ (૬) ગ્રીષ્મ ઋતુ– જેઠ અને અષાઢ.

**વિવેચન :–**

લૌકિક વ્યવહારમાં વર્ષા, શરદ, હેમંત, શિશિર, વસંત અને ગ્રીષ્મ આ છ ઋતુ મનાય છે અને વર્ષાનો પ્રારંભ શ્રાવણથી થાય છે. બે-બે મહિનાની એક-એક ઋતુ ગણતા જેઠ-અષાઢને ગ્રીષ્મઋતુ કહે છે.

**ઘટતી વધતી તિથિઓ :–**

**૮૮ छ ओमरत्ता पण्णत्ता, तं जहा– तइए पव्वे, सत्तमे पव्वे, एक्कारसमे पव्वे, पण्णरसमे पव्वे, एगूणवीसइमे पव्वे, तेवीसइमे पव्वे ।**

**ભાવાર્થ :–** છ અવમરાત્રિ–ક્ષય તિથિ છે, તે આ પ્રમાણે છે– (૧) ત્રીજા પર્વમાં– ભાદ્રપદના કૃષ્ણ પક્ષમાં (ર) સાતમા પર્વમાં–કારતકના કૃષ્ણપક્ષમાં (૩) અગિયારમા પર્વમાં– પોષના કૃષ્ણ પક્ષમાં (૪)

પંદરમા પર્વમાં– ફાગણના કૃષ્ણ પક્ષમાં (૫) ઓગણીસમા પર્વમાં– વૈશાખના કૃષ્ણ પક્ષમાં (૬) ત્રેવીશમા પર્વમાં– અષાઢના કૃષ્ણ પક્ષમાં.

**૮૯ छ अतिरत्ता पण्णत्ता, तं जहा– चउत्थे पव्वे, अट्ठमे पव्वे, दुवालसमे पव्वे, सोलसमे पव्वे, वीसइमे पव्वे, चउवीसइमे पव्वे ।**

**ભાવાર્થ :–** છ અતિરાત્રિ (વૃદ્ધિવાળી તિથિ) છે, તે આ પ્રમાણે છે– (૧) ચોથા પર્વમાં– ભાદ્રપદના શુકલપક્ષમાં (૨) આઠમા પર્વમાં– કારતકના શુકલપક્ષમાં (૩) બારમા પર્વમાં– પોષના શુકલપક્ષમાં (૪) સોળમા પર્વમાં– ફાગણના શુકલપક્ષમાં (૫) વીસમા પર્વમાં– વૈશાખના શુકલપક્ષમાં (૬) ચોવીસમા પર્વમાં– અષાઢના શુકલપક્ષમાં.

## વિવેચન :–

**ओमरत्ता :–** અવમરાત્ર. ક્ષય પામતી–ઘટતી તિથિને અવમરાત્ર કહે છે. અવમ એટલે હીન, ક્ષય પામતી રાત્રિ. **पव्वे** = પર્વ. અમાસ અને પૂનમને પર્વ કહે છે. ઉપલક્ષણથી અહીં પક્ષને જ પર્વ કહે છે. તૃતીય, સપ્તમ વગેરે પર્વમાં(પક્ષમાં) તિથિ ક્ષય થાય છે. કુલ એક વરસમાં છ ક્ષયતિથિ છે. તે ચંદ્ર સંવત્સરની અપેક્ષાએ છે.

**अइरत्ता :–** અતિરાત્ર. વૃદ્ધિ પામતી તિથિને અથવા અધિક દિવસને અતિરાત્રિ કહે છે. ચોથા, આઠમા વગેરે છ પક્ષમાં એક-એક તિથિ વૃદ્ધિ પામે છે. તે સૂર્ય સંવત્સરની અપેક્ષાએ છે.

કૃષ્ણપક્ષમાં તિથિ ક્ષય પામે અને શુક્લપક્ષમાં તિથિ વૃદ્ધિને પામે છે. ચંદ્રમાસનો અને યુગનો પ્રારંભ શ્રાવણ મહિનાથી થાય છે. ત્યાંથી એક મહિનાના બે પક્ષના હિસાબે ગણતરી કરતાં ભાદરવા વદ, કારતક વદ, પોષ વદ, ફાગણ વદ, વૈશાખ વદ અને અષાઢ વદમાં તિથિનો ક્ષય થાય છે. તે જ રીતે વધતી તિથિ માટે ગણના કરતાં ભાદ્રપદ શુક્લપક્ષ, કારતક શુક્લપક્ષ, પોષ શુક્લપક્ષ, ફાગણ શુક્લપક્ષ, વૈશાખ શુક્લપક્ષ અને અષાઢ શુક્લ પક્ષમાં તિથિ વૃદ્ધિ પામે છે.

## અર્થાવગ્રહાદિ પ્રકાર :–

**૯૦ आभिणिबोहियणाणस्स णं छव्विहे अत्थोग्गहे पण्णत्ते, तं जहा– सोइंदिय अत्थोग्गहे, चक्खिदिय-अत्थोग्गहे, घाणिंदिय-अत्थोग्गहे, जिब्भिदिय-अत्थोग्गहे, फासिंदिय-अत्थोग्गहे, णोइंदिय-अत्थोग्गहे ।**

**ભાવાર્થ :–** આભિનિબોધિક જ્ઞાન(મતિજ્ઞાન)ના છ પ્રકારના અર્થાવગ્રહ છે, તે આ પ્રમાણે છે– (૧) શ્રોત્રેન્દ્રિય અર્થાવગ્રહ (૨) ચક્ષુરિન્દ્રિય અર્થાવગ્રહ (૩) ઘ્રાણેન્દ્રિય અર્થાવગ્રહ (૪) જિહ્વેન્દ્રિય અર્થાવગ્રહ (૫) સ્પર્શેન્દ્રિય અર્થાવગ્રહ (૬) નોઇન્દ્રિય અર્થાવગ્રહ.

**વિવેચન :–**

અવગ્રહના બે ભેદ– વ્યંજનાવગ્રહ અને અર્થાવગ્રહ.

ઈન્દ્રિય અને શબ્દાદિ વિષય સંબંધી અવ્યક્ત જ્ઞાનને વ્યંજનાવગ્રહ કહે છે. વ્યંજનાગ્રહ ચક્ષુ અને મનને છોડીને શેષ ચાર ઈન્દ્રિયો દ્વારા જ થાય છે. ચક્ષુ અને મન અપ્રાપ્યકારી છે. તે વિષયને દૂરથી જ ગ્રહણ કરી લે છે. વિષય અને આ બે ઈન્દ્રિયનો સંયોગ થતો નથી માટે તે બંનેમાં વ્યંજનાવગ્રહ નથી. વ્યંજનાવગ્રહનો સમય અસંખ્યાત સમયનો છે. વ્યંજનાવગ્રહ થયા પછી "આ કાંઈક છે" તેવા સામાન્ય ગ્રાહી જ્ઞાનને અર્થાવગ્રહ કહે છે. તેનો સમય માત્ર એક સમય છે. તે વસ્તુના સામાન્ય ધર્મને જાણે છે.

**अत्थोग्गहे :–** નામ, જાતિ આદિની કલ્પનાથી રહિત, આ કાંઈક છે, કાંઈક સંભળાયું, કાંઈક ગંધ આવી, આ રીતે અર્થાવગ્રહ માત્ર સામાન્યને ગ્રહણ કરે છે. પાંચ ઈન્દ્રિય અને મન, આ છ ઈન્દ્રિય દ્વારા અર્થાવગ્રહ થાય છે માટે અર્થાવગ્રહના છ પ્રકાર છે.

**અવધિજ્ઞાનના પ્રકાર :–**

**૯૧ छव्विहे ओहिणाणे पण्णत्ते, तं जहा– आणुगामिए, अणाणुगामिए, वड्ढमाणएहायमाणए, पडिवाई, अपडिवाई ।**

**ભાવાર્થ :–** અવધિજ્ઞાનના છ પ્રકાર છે, તે આ પ્રમાણે– (૧) આનુગામિક (૨) અનાનુગામિક (૩) વર્ધમાન (૪) હીયમાન (૫) પ્રતિપાતી (૬) અપ્રતિપાતી.

**વિવેચન :–**

ઈન્દ્રિય અને મનની સહાયતા વિના, દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવની મર્યાદાપૂર્વક, રૂપી પદાર્થોને જે જ્ઞાન જાણે તે અવધિજ્ઞાન કહેવાય છે. તેના છ ભેદ છે.

**(૧) આનુગામિક–** આનુગામિક અવધિજ્ઞાની જ્યાં જાય ત્યાં તે અવધિજ્ઞાન સાથે જાય છે. અર્થાત્ જ્યાં જાય ત્યાંના વિષયભૂત પદાર્થને જાણે છે. જેમ કે નેત્ર જ્યાં જાય ત્યાં સાથે જાય, ટોર્ચનો પ્રકાશ વ્યક્તિની સાથે જાય છે.

**(૨) અનાનુગામિક–** અનાનુગામિક અવધિજ્ઞાનીને જે સ્થાને જ્ઞાન થયું હોય તે જ ક્ષેત્રના પદાર્થને જાણે. અન્ય ક્ષેત્રમાં જાય તો અવધિજ્ઞાનના વિષયભૂત પદાર્થ જણાય નહીં. જેમ કે થાંભલાની લાઈટ.

**(૩) વર્ધમાન–** જે અવધિજ્ઞાન ઉત્પન્ન થયા પછી પરિણામની વિશુદ્ધિથી વધતું જાય તે. જેમ ઈંધણ નાંખતા અગ્નિ વધુ પ્રજ્વલિત થાય તેમ.

**(૪) હીયમાન–** જે અવધિજ્ઞાન ઉત્પન્ન થયા પછી સંકલેશ પરિણામને કારણે ઉત્તરોત્તર ઘટતું જાય તે

હીયમાન અવધિજ્ઞાન. જેમ ઈંધણ કાઢતાં, અગ્નિ ધીમે-ધીમે ઘટતી જાય તેમ.

**(૫) પ્રતિપાતી–** જે અવધિજ્ઞાન ઉત્પન્ન થયા પછી નાશ પામે. જેમ ફૂંક મારવાથી દીવો બુઝાય તેમ.

**(૬) અપ્રતિપાતી–** જે અવધિજ્ઞાન ઉત્પન્ન થયા પછી નાશ ન પામે, ભવ પર્યંત અથવા કેવળજ્ઞાનની પ્રાપ્તિ થાય ત્યાં સુધી ટકી રહે.

### ન બોલવા યોગ્ય વચન :–

**૧૨ णो कप्पइ णिग्गंथाण वा णिग्गंथीण वा इमाइं छ अवयणाइं वइत्तए, तं जहा- अलियवयणे, हीलियवयणे, खिंसियवयणे, फरुसवयणे, गारत्थिय-वयणे, विउसवियं वा पुणो उदीरित्तए ।**

**ભાવાર્થ :–** નિર્ગ્રંથ અને નિર્ગ્રંથીઓએ છ પ્રકારના વચન બોલવા ન જોઈએ, તે આ પ્રમાણે છે– (૧) અલીક વચન– અસત્ય વચન (૨) હીલિત વચન– અવહેલના યુક્ત વચન (૩) ખિંસિત વચન– માર્મિક વચન (૪) પરુષ વચન– કઠોર વચન (૫) ગાર્હસ્થિક વચન– ગૃહસ્થાવાસના સંબંધ સૂચક કાકા, મામા વગેરે વચન (૬) વ્યવસિત ઉદીરિત વચન–શાંત થયેલા કલહની ઉદીરણા કરનારું વચન.

### વિવેચન :–

પ્રસ્તુત સૂત્રોમાં સાધુના બીજા મહાવ્રત અને ભાષા સમિતિની સુરક્ષા માટે છ પ્રકારના ન બોલવા યોગ્ય વચનનું કથન કર્યું છે.

### દોષારોપાણ કરનારને પ્રાયશ્ચિત્ત :–

**૧૩ छ कप्पस्स पत्थारा पण्णत्ता, तं जहा- पाणाइवायस्स वायं वयमाणे, मुसावायस्स वायं वयमाणे, अदिण्णादाणस्स वायं वयमाणे, अविरइवायं वयमाणे, अपुरिसवायं वयमाणे, दासवायं वयमाणे । इच्चेए छ कप्पस्स पत्थारे पत्थारेत्ता सम्मं अपडिपूरेमाणे तट्ठाणपत्ते ।**

**ભાવાર્થ :–** સાધ્વાચારના છ મોટા પ્રાયશ્ચિત્ત વિકલ્પ છે, તે આ પ્રમાણે છે– (૧) પ્રાણાતિપાત સંબંધી આરોપાત્મક વચન બોલે. (૨) મૃષાવાદ સંબંધી આરોપાત્મક વચન બોલે. (૩) અદત્તાદાન સંબંધી આરોપાત્મક વચન બોલે. (૪) અબ્રહ્મચર્ય સંબંધી આરોપાત્મક વચન બોલે. (૫) પુરુષત્વ હીનતાના અર્થાત્ નપુંસકતાના આરોપાત્મક વચન બોલે. (૬) દાસત્વ સંબંધી આરોપાત્મક વચન બોલે.

આ છ કલ્પમાં આક્ષેપ સ્થાપિત કરી જો કોઈ સાધુ તેને સમ્યક્ પ્રકારે પ્રમાણિત ન કરી શકે તો, તે પોતે જ આરોપિત દોષ સંબંધી પ્રાયશ્ચિત્તના ભાગી થાય છે.

## વિવેચન :-

**કલ્પ પ્રસ્તાર :–** કલ્પ એટલે સાધુના આચાર અને પ્રસ્તાર એટલે મોટા પ્રાયશ્ચિત્ત. સાધ્વાચારની વિશુદ્ધિ અર્થે અતિચારોનું સેવન કરનાર સાધુ માટે પ્રાયશ્ચિત્તની વિશેષ પ્રકારની વિધિ હોય છે, તેને પ્રસ્તાર કહે છે. પ્રસ્તારો કલ્પની વિશુદ્ધિ માટે હોવાથી તેનો કલ્પ સાથે સંબંધ છે.

કોઈ સાધુ અન્ય સાધુ પર પ્રાણાતિપાત આદિ પાપ સેવન સંબંધી આરોપ મૂકે કે તેણે આ પાપ કર્યું છે અને તે સિદ્ધ ન કરી શકે તો આરોપ મૂકનાર સાધુ પ્રાયશ્ચિત્તના ભાગીદાર બને છે. પાપ સેવનના સૂત્રોક્ત છ પ્રકારની અપેક્ષાએ કલ્પ પ્રસ્તારના છ પ્રકાર થાય છે. તેના વિસ્તૃત વિવેચન માટે જુઓ : શ્રી બૃહત્કલ્પ સૂત્ર ઉદ્દેશક-૬.

## સાધ્વાચારની વિઘાતક પ્રવૃત્તિઓ :-

**૧૪ छ कप्पस्स पलिमंथू पण्णत्ता, तं जहा– कोकुइए संजमस्स पलिमंथू, मोहरिए सच्चवयणस्स पलिमंथू, चक्खूलोलुए ईरियावहियाए पलिमंथू, तिंतिणिए एसणागोयरस्स पलिमंथू, इच्छा लोभिए मुत्तिमग्गस्स पलिमंथू, भिज्जा णिदाणकरणे मोक्खमग्गस्स पलिमंथू, सव्वत्थ भगवया अणिदाणया पसत्था ।**

**ભાવાર્થ :–** છ પ્રવૃત્તિ સાધુ આચારની વિઘાતક(સાધુપણાનો નાશ કરનાર)છે, તે આ પ્રમાણે છે– (૧) ચંચળતા સંયમ વિઘાતક છે. (૨) વાચાળતા સત્ય વચનની વિઘાતક છે. (૩) નેત્ર વિષયક લોલુપતા ઈર્યા સમિતિની વિઘાતક છે. (૪) ચિડીયાપણું એષણા સમિતિનો વિઘાતક છે. (૫) અતિલોભ, નિષ્પરિગ્રહ રૂપ મુક્તિમાર્ગનો નાશક છે. (૬) ચક્રવર્તી, વાસુદેવ આદિના પૌદ્ગલિક ભોગો સંબંધિત નિદાનો મોક્ષના વિનાશક છે. ભગવાને અનિદાનતાને સર્વત્ર પ્રશસ્ત કહી છે.

## વિવેચન :-

**कप्पस्स पलिमंथू :–** કલ્પ = સાધુનો આચાર, પલિમંથુ-નષ્ટ કરનાર ચેષ્ટાઓ. સાધ્વાચારના કે આચાર મર્યાદાના ઘાતક તત્ત્વોને પલિમંથુ કહે છે. તેવી અનેક પ્રવૃત્તિ હોય છે. પરંતુ સૂત્રકારે અહીં મુખ્ય છ સંયમ નાશક પ્રવૃત્તિઓનું કથન કર્યું છે.

**(૧) કૌકુચિત :–** કુત્સિત શારીરિક ચેષ્ટાઓને, કુચેષ્ટાને કૌકુચિત કહે છે, તેના ત્રણ પ્રકાર છે. સ્થાન, શરીર અને ભાષા. નટની જેમ વિષમ સ્થાનમાં ઊભા રહેવું, બેસવું, સૂવું, હરવું, ફરવું વગેરે ક્રિયાઓ 'સ્થાન-કૌકુચિત' કહેવાય છે. નિષ્પ્રયોજન હાથ, પગ, મોઢુ વગેરે અંગોને હલાવવા, ભાંડ આદિની જેમ ચેષ્ટાઓ કરવી તે 'શરીર-કૌકુચિત' છે. હાસ્ય ઉત્પાદક વચન બોલવા, પશુપક્ષીઓની નકલ કરવી, લોકોને હસાવવા માટે અનાર્ય દેશની ભાષા બોલવી, વિભિન્ન દેશવાસી સ્ત્રી-પુરુષોના વાણી-વિલાસની નકલ કરવી, તે 'ભાષા-કૌકુચિત' છે. ઉક્ત સર્વ પ્રકારની કુચેષ્ટાઓ સાધુ માટે નિષિદ્ધ છે, તે કુચેષ્ટાઓથી

સંયમનો ઘાત થાય છે.

**(૨) મૌખરિક :–** મુખર એટલે વાચાળ. વાચાળ વ્યક્તિને મૌખરિક કહે છે. વિચાર્યા વિના બોલે કે પ્રમાણથી વધારે બોલે કે ગમે તેમ બોલે તે અન્યને દુશ્મન બનાવે છે. વાચાળતાના કારણે અસત્ય-ભાષણની પણ સંભાવના રહે છે તેથી મૌખરિકતા સત્યની ઘાતક છે.

**(૩) ચક્ષુ લોલુપ :–** જે સાધુ ચક્ષુ લોલુપી હોય, ચારે બાજુ દષ્ટિ ફેરવ્યા કરે, આજુબાજુના દશ્ય જોવામાં આસક્ત બને, લોભામણા દશ્યો અને સ્ત્રી, પુરુષોના ગમનાગમનની ક્રિયાને જોવામાં તલ્લીન બની જાય તે ઈર્યા સમિતિનું સમ્યક્ પ્રકારે પાલન કરી શકતા નથી. તેથી ચક્ષુલોલુપી ઈર્યાસમિતિનો ઘાતક બને છે. તેમાં છ કાય જીવોની અને સંયમની વિરાધના થાય છે.

**(૪) તિંતિણક :–** વસ્તુ પ્રાપ્ત ન થાય તો ખિન્ન બની બકવાસ કરવાથી એષણાનો ઘાત થાય છે. સાધુને આહાર, ઉપધિ અને શય્યા, આ ત્રણ વસ્તુની આવશ્યકતા છે. તે ન મળે તો ખેદ પામનાર સાધક એષણાની શુદ્ધિ કરી શકતા નથી. આવી સ્થિતિમાં તે દીન બની એષણીય, અનેષણીયની પરવા કર્યા વિના જ વસ્તુ પ્રાપ્ત કરવા પ્રયત્ન કરે છે. તેથી તણતણાટ કરવાના સ્વભાવવાળા સાધુ એષણાસમિતિના ઘાતક થાય છે.

**(૫) ઈચ્છાલોભિક :–** ઈચ્છા અને લોભ-તૃષ્ણાની માત્રા વધવાથી સંતોષનો ઘાત થાય છે. તેના દ્વારા નિર્લોભતા અને નિષ્પરિગ્રહતારૂપ મોક્ષ માર્ગનો ઘાત થાય છે.

**(૬) ભિંધ્યા નિદાન :–** ભિંધ્યા = લોભ અને નિદાન = પ્રાર્થના, અભિલાષા. લોભથી થતી પ્રાર્થના આર્તધ્યાનને પોષણ આપે છે. ઋદ્ધિ, પદવી કે વિષયસુખની પ્રાપ્તિ માટે પોતાના સંયમના ફળને માંગવાથી મોક્ષમાર્ગનો ઘાત થાય છે. પલિમંથુના વિસ્તૃત વિવેચન માટે જુઓ– શ્રી બૃહત્કલ્પ સૂત્ર ઉદ્દે.–૬.

## કલ્પસ્થિતિ :–

**૯૫ छव्विहा कप्पट्ठिई पण्णत्ता, तं जहा– सामाइयकप्पट्ठिई, छेओवट्ठावणियकप्पट्ठिई, णिव्विसमाणकप्पट्ठिई, णिव्विट्ठकप्पट्ठिई, जिणकप्पट्ठिई, थेरकप्पट्ठिई ।**

**ભાવાર્થ :–** કલ્પસ્થિતિના છ પ્રકાર છે, તે આ પ્રમાણે છે–

**(૧) સામાયિક કલ્પસ્થિતિ :–** સર્વ પાપોની નિવૃત્તિરૂપ સામાયિકની મર્યાદા.(તેમાં પ્રથમ અને અંતિમ તીર્થંકરના સમયમાં ૧૦ કલ્પનું પાલન હોય છે. મધ્યના બાવીસ તીર્થંકરોના શાસનમાં ચાર કલ્પ અનિવાર્ય હોય છે. શેષ છ કલ્પનું પાલન સ્વૈચ્છિક હોય છે.)

**(૨) છેદોપસ્થાપનીય કલ્પસ્થિતિ :–** નવદીક્ષિત સાધુનો શૈક્ષકાલ પૂર્ણ થાય પછી પંચ મહાવ્રત ધારણ કરાવવા રૂપ મર્યાદા.(તેમાં દશ પ્રકારના કલ્પનું પાલન અનિવાર્ય છે.)

**(૩) નિર્વિશમાન કલ્પસ્થિતિ :–** પરિહારવિશુદ્ધ સંયમમાં તપારાધનાનો સ્વીકાર કરનારાની મર્યાદા.

**(૪) નિર્વિષ્ટ કલ્પસ્થિતિ :–** પરિહારવિશુદ્ધ સંયમમાં વૈયાવચ્ચની સાધના કરનારાની મર્યાદા.

**(૫) જિન કલ્પસ્થિતિ :–** શરીર પ્રતિ વીતરાગ તુલ્ય થઈ વિચરણ કરનારાની મર્યાદા.

**(૬) સ્થવિરકલ્પસ્થિતિ :–** સંઘમાં રહેનાર સાધુની મર્યાદા.

**મહાવીર સ્વામીનું દીક્ષાદિ સમયનું તપ :–**

**૯૬ समणे भगवं महावीरे छट्ठेणं भत्तेणं अपाणएणं मुंडे भविता अगाराओ अणगारियं पव्वइए ।**

**ભાવાર્થ :–** શ્રમણ ભગવાન મહાવીર સ્વામી ચૌવિહારા ષષ્ઠભક્ત–બે ઉપવાસની તપસ્યામાં મુંડિત થઈ ગૃહવાસથી અણગાર ધર્મમાં પ્રવ્રજિત થયા.

**૯૭ समणस्स णं भगवओ महावीरस्स छट्ठेणं भत्तेणं अपाणएणं अणंते अणुत्तरे णिव्वाघाए णिरावरणे कसिणे पडिपुण्णे केवलवरणाणदंसणे समुप्पण्णे ।**

**ભાવાર્થ :–** શ્રમણ ભગવાન મહાવીરને ચૌવિહારા ષષ્ઠભક્ત–બે ઉપવાસની તપસ્યામાં અનંત, અનુત્તર, નિર્વ્યાઘાત, નિરાવરણ, કૃત્સ્ન, પરિપૂર્ણ, શ્રેષ્ઠ કેવલ જ્ઞાન-દર્શન ઉત્પન્ન થયું.

**૯૮ समणे भगवं महावीरे छट्ठेणं भत्तेणं अपाणएणं सिद्धे, बुद्धे, मुत्ते, अंतगडे परिणिव्वुडे सव्वदुक्खप्पहीणे ।**

**ભાવાર્થ :–** શ્રમણ ભગવાન મહાવીર ચૌવિહારા ષષ્ઠ ભક્ત–બે ઉપવાસની તપસ્યામાં સિદ્ધ, બુદ્ધ, મુક્ત, અંતકૃત, પરિનિવૃત્ત અને સર્વ દુઃખોથી રહિત થયા.

**દેવ વિમાનોની ઉંચાઈ :–**

**૯૯ सणंकुमार माहिंदेसु णं कप्पेसु विमाणा छ जोयणसयाइं उड्ढंउच्चत्तेणं पण्णत्ता।**

**ભાવાર્થ :–** સનત્કુમાર(ત્રીજા) અને માહેન્દ્ર(ચોથા) દેવલોકના વિમાનની ઊંચાઈ છ સો યોજનની છે.

**દેવોની અવગાહના :–**

**૧૦૦ सणंकुमार-माहिंदेसु णं कप्पेसु देवाणं भवधारणिज्जगा सरीरगा उक्कोसेणं छ रयणीओ उड्ढं उच्चत्तेणं पण्णत्ता ।**

**ભાવાર્થ :–** સનત્કુમાર અને માહેન્દ્ર કલ્પના દેવોના ભવધારણીય શરીરની ઉત્કૃષ્ટ અવગાહના-ઊંચાઈ છ હાથ પ્રમાણ છે.

**ભોજન પરિણામ :–**

**૧૦૧ छव्विहे भोयणपरिणामे पण्णत्ते, तं जहा– मणुण्णे, रसिए, पीणणिज्जे, बिंहणिज्जे, मयणिज्जे, दप्पणिज्जे ।**

**ભાવાર્થ :–** ભોજન પરિણામ અથવા વિપાકના છ પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) મનોજ્ઞ (૨) રસ યુક્ત–રસવંતો (૩) રક્તાદિ ધાતુઓમાં સમતા લાવે તેવો (૪) બૃહણીય– રસ, માંસાદિ ધાતુની વૃદ્ધિ કરે તેવો (૫) મદનીય– કામ શક્તિને વધારનારો, (દીપનીય–પાચન શક્તિ વધારનારો) (૬) દર્પણીય– શરીરનું પોષણ કરનારો, ઉત્સાહવર્ધક.

**વિવેચન :–**

**भोयणपरिणाम :–** ભોજન પરિણામ. આહારના પરિણામ એટલે પર્યાય, સ્વભાવ કે ધર્મને ભોજન પરિણામ કહે છે. આહારની પરિણતિ કે પરિણમનને પણ ભોજન પરિણામ કહે છે. અભિલષણીય-મનને ગમે તેવા, ભાવે તેવા ભોજનને મનોજ્ઞ કહે છે. મનોજ્ઞતા તે આહારની પર્યાય-પરિણામ છે. પરિણામ પરિણામીમાં અભેદનો ઉપચાર કરી (બંનેને એક માનીને) ભોજનને જ મનોજ્ઞ, રસાળ કહ્યા છે. આ છ પ્રકાર ભોજનના વિશેષણ નથી પરંતુ તેની પર્યાય કે સ્વભાવ જ છે, તેમ સમજવું. છ એ પ્રકારના ભોજન પરિણામ ભાવાર્થથી સ્પષ્ટ છે.

**વિષ-પરિણામ :–**

**૧૦૨ छव्विहे विसपरिणामे पण्णत्ते, तं जहा– डक्के, भुत्ते, णिवइए, मंसाणुसारी, सोणियाणुसारी, अट्ठिमिंजाणुसारी ।**

**ભાવાર્થ :–** વિષપરિણામના છ પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) દંષ્ટ– સર્પ ડંશે, કૂતરા વગેરે કરડે પછી અસર કરનારું વિષ. (૨) ભુક્ત– ભોગવ્યા પછી અસર કરનારું વિષ. (૩) નિપતિત– શરીરના બહારના ભાગમાં સ્પર્શ થયા પછી અસર કરનારું વિષ. (૪) માંસાનુસારી– માંસ સુધીની ધાતુઓ ઉપર અસર કરનારું વિષ. (૫) શોણિતાનુસારી– રક્ત સુધીની ધાતુઓ ઉપર અસર કરનારું વિષ. (૬) અસ્થિ-મજ્જાનુસારી– અસ્થિ અને મજ્જા સુધી અસર કરનારું વિષ.

**પ્રશ્નોના પ્રકાર :–**

**૧૦૩ छव्विहे पट्ठे पण्णत्ते, तं जहा– संसयपट्ठे, वुग्गहपट्ठे, अणुजोगी, अणुलोमे, तहणाणे, अतहणाणे ।**

**ભાવાર્થ :–** પ્રશ્નોના છ પ્રકાર છે, તે આ પ્રમાણે– (૧) સંશય પ્રશ્ન– સંશય–શંકા દૂર કરવા પૂછાતા

પ્રશ્નો, (૨) વ્યુદ્‌ગ્રહ પ્રશ્ન– મિથ્યાભિનિવેશથી બીજાને પરાજિત કરવા પૂછાતા પ્રશ્નો (૩) અનુયોગી પ્રશ્ન– સૂત્રાદિના અર્થ–વ્યાખ્યા સમજવા પૂછાતા પ્રશ્નો (૪) અનુલોમ પ્રશ્ન– શુભભાવથી, કુશળ સમાચાર માટે પૂછાતા પ્રશ્નો (૫) તથાજ્ઞાન પ્રશ્ન– પોતાને જ્ઞાન હોવા છતાં અન્યની જ્ઞાનવૃદ્ધિ માટે પૂછાતા પ્રશ્નો (૬) અતથાજ્ઞાન પ્રશ્ન– સ્વયંની જાણકારી માટે પૂછાતા પ્રશ્નો.

**ઉપપાત વિરહ સ્થાનો :–**

**१०४ चमरचंचा णं रायहाणी उक्कोसेणं छम्मासा विरहिया उववाएणं ।**

**ભાવાર્થ :–** ચમરચંચા રાજધાની ઉત્કૃષ્ટ છ મહિના સુધી ઉત્પત્તિથી રહિત હોય છે. અર્થાત્ ચમરેન્દ્રનો વિરહકાલ છ માસનો છે.

**१०५ एगमेगे णं इंदट्ठाणे उक्कोसेणं छम्मासे विरहिए उववाएणं ।**

**ભાવાર્થ :–** આ જ રીતે દરેક ઇન્દ્ર સ્થાન ઉત્કૃષ્ટ છ માસ સુધી ઇન્દ્રના ઉપપાતથી રહિત હોય છે.

**१०६ अहेसत्तमा णं पुढवी उक्कोसेणं छम्मासा विरहिया उववाएणं ।**

**ભાવાર્થ :–** સાતમી નરક ઉત્કૃષ્ટ છ મહિના સુધી નારક જીવના ઉપપાત રહિત હોય છે.

**१०७ सिद्धिगई णं उक्कोसेणं छम्मासा विरहिया उववाएणं ।**

**ભાવાર્થ :–** સિદ્ધગતિ ઉત્કૃષ્ટ છ મહિના સુધી સિદ્ધ જીવોના ઉપપાત રહિત હોય છે.

**આયુબંધ સમયે બંધાતી પ્રકૃતિઓ :–**

**१०८ छव्विहे आउयबंधे पण्णत्ते, तं जहा– जाइणाम-णिहत्ताउए, गइणामणिहत्ताउए ठिइणाम-णिहत्ताउए, ओगाहणाणाम-णिहत्ताउए,पएसणाम-णिहत्ताउए, अणुभागणाम- णिहत्ताउए ।**

**ભાવાર્થ :–** આયુષ્ય બંધના છ પ્રકાર હોય છે, તે આ પ્રમાણે છે– (૧) જાતિનામનિધત્તાયુ– આયુષ્ય કર્મના બંધની સાથે જાતિનામ કર્મનું સંબંધિત થવું. (૨) ગતિનામનિધત્તાયુ– આયુષ્ય કર્મના બંધની સાથે ગતિનામ કર્મનું સંબંધિત થવું. (૩) સ્થિતિનામનિધત્તાયુ– આયુષ્ય કર્મના બંધની સાથે સ્થિતિનું સંબંધિત થવું. (૪) અવગાહના નામ નિધત્તાયુ– આયુષ્ય કર્મના બંધ સાથે શરીરનામકર્મનું સંબંધિત થવું. (૫) પ્રદેશનામ નિધત્તાયુ– આયુષ્ય કર્મના બંધની સાથે અન્ય કર્મ પ્રદેશોનું સંબંધિત થવું. (૬) અનુભાગ નામ નિધત્તાયુ– આયુષ્ય કર્મના બંધ સાથે અનુભાગનું સંબંધિત થવું.

**१०९ णेरइयाणं छव्विहे आउयबंधे पण्णत्ते, तं जहा– जाइणाम णिहत्ताउए,**

**गतिणाम णिहत्ताउए, ठिइणाम णिहत्ताउए, ओगाहणा-णाम-णिहत्ताउए, पए सणाम णिहत्ताउए, अणुभागणाम णिहत्ताउए । एवं** *जाव* **वेमाणियाणं ।**

**ભાવાર્થ :–** નારકી જીવોનો આયુષ્ય બંધ છ પ્રકારે થાય છે, તે આ પ્રમાણે છે– (૧) જાતિનામનિધત્તાયુ (૨) ગતિનામનિધત્તાયુ (૩) સ્થિતિનામનિધત્તાયુ (૪) અવગાહનાનામનિધત્તાયુ (૫) પ્રદેશનામનિધત્તાયુ (૬) અનુભાગનામનિધત્તાયુ. તે જ રીતે વૈમાનિક સુધીના સર્વ દંડકોના જીવોમાં આયુષ્ય કર્મબંધ છ પ્રકારના જાણવા.

**વિવેચન :–**

ચારે ગતિના જીવો પોત-પોતાના ભવમાં આગામી ભવનું આયુષ્ય બાંધે છે. તે આયુષ્યનો બંધ તે ભવના જીવન દરમ્યાન એક જ વાર થાય છે. જ્યારે આગામી ભવના આયુષ્યનો બંધ થાય ત્યારે તે આગામી ભવને અનુરૂપ ગતિ વગેરે છ બોલનો બંધ થાય છે.

**નિધત્તાયુ નિષિક્તાયુ :–** એક સાથે જેટલા કર્મ પુદ્ગલો જે રૂપે ભોગવાય તે કર્મોની તે રૂપમાં રચના થવાને નિષેક કહે છે. **निषेकश्चकर्म पुद्‌गलानां प्रतिसमयानुभवनरचनेति।** – સ્થાનાંગવૃત્તિ. પ્રતિ સમયે અનુભવવા યોગ્ય પુદ્ગલોની રચનાને નિષેક કહે છે. અબાધાકાળને છોડી પ્રથમ સ્થિતિમાં પ્રત્યેક કર્મના ઘણા કર્મદલિકો ભોગવાય છે અને પછીની સ્થિતિઓમાં હીન, વિશેષ હીન કર્મદલિકો ભોગવાય છે. ઉત્કૃષ્ટ સ્થિતિ પર્યંત સર્વ કર્મો આ ક્રમથી જ ભોગવાય છે. નિષેકરૂપે કર્મબંધ થાય તેને નિધત અને આયુષ્યના બંધ સમયે ગતિ, જાતિ વગેરે છ બોલ સાથે આયુષ્ય નિધત-નિષિકત થાય તેને નિધતાયુ કહે છે.

આગામી ભવના આયુષ્ય બંધ સાથે એકેન્દ્રિય વગેરે પાંચ જાતિમાંથી ભવાયુને અનુરૂપ એક **જાતિ**, નરકાદિ ચાર ગતિમાંથી તે ભવાયુને અનુરૂપ એક **ગતિ,** અમુક સમયની **સ્થિતિ**–કાળમર્યાદા, **અવગાહના**– ઔદારિક કે વૈક્રિય શરીરમાંથી કોઈ એક શરીરની અવગાહના **પ્રદેશ**–આયુષ્ય– જાત્યાદિ કર્મોનો પ્રદેશ સંચય **અનુભાગ**–વિપાક શક્તિ, આયુષ્ય સાથે આ છ બોલનો બંધ થાય છે. અર્થાત્ સત્તામાં રહેલી પ્રકૃતિઓમાંથી તત્પ્રાયોગ્ય આ છ પ્રકૃતિઓનું જોડાણ આયુષ્ય બંધ સાથે થાય છે.

સૂત્રગત ગતિનામ, જાતિનામ, અવગાહનાનામમાં પ્રકૃતિબંધનું ગ્રહણ છે અને સ્થિતિનામ, પ્રદેશનામ, અનુભાગનામમાં તે ગતિઆદિના સ્થિતિબંધ, પ્રદેશબંધ અને અનુભાગ બંધનું ગ્રહણ કર્યું છે. આ સ્થિતિબંધ આદિ ત્રણે ય બંધ ગતિ, જાતિ વગેરે નામ કર્મની પ્રકૃતિઓથી સંબંધિત હોવાથી, તેને સ્થિતિનામ આદિ રૂપે કહ્યા છે.

**પરભવના આયુબંધનો સમય :–**

**૧૧૦ णेरइया णियमा छम्मासावसेसाउया परभवियाउयं पगरेंति । एवं असुरकुमारा वि** *जाव* **थणियकुमारा ।**

**ભાવાર્થ :–** પોતાના આયુષ્યના છ મહિના શેષ રહે ત્યારે નારકી જીવો નિયમથી પરભવનું આયુષ્ય બાંધે છે. આ રીતે અસુરકુમારથી સ્તનિતકુમાર સુધીના સર્વ ભવનપતિ દેવો પણ આયુષ્યના છ મહિના શેષ રહે ત્યારે નિયમા પરભવનું આયુષ્ય બાંધે છે.

**१११ असंखेज्जवासाउया सण्णिपंचिंदियतिरिक्खजोणिया णियमं छम्मासावसेसाउया परभवियाउयं पगरेंति ।**

**ભાવાર્થ :–** અસંખ્યેય વર્ષના આયુષ્યવાળા સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યગ્યોનિક જીવો આયુષ્યના છ માસ બાકી રહે ત્યારે નિયમા પરભવના આયુષ્યનો બંધ કરે છે.

**११२ असंखेज्जवासाउया सण्णिमणुस्सा णियमं छम्मासावसेसाउया परभवियाउयं पगरेंति ।**

**ભાવાર્થ :–** અસંખ્યેય વર્ષના આયુષ્યવાળા સંજ્ઞીમનુષ્યો આયુષ્યના છ માસ શેષ રહે ત્યારે નિયમા પરભવના આયુષ્યનો બંધ કરે છે.

**११३ वाणमंतरा जोइसिया वेमाणिया जहा णेरइया ।**

**ભાવાર્થ :–** વાણવ્યંતર, જ્યોતિષી અને વૈમાનિક દેવો, નારક જીવોની જેમ આયુષ્યના છ મહિના શેષ રહે ત્યારે નિયમા પરભવનું આયુષ્ય બાંધે છે.

**વિવેચન :–**

સૂત્રોક્ત નારકી, દેવો, યુગલિક તિર્યંચો, યુગલિક મનુષ્યો પોતાના આયુષ્યના છ મહિના શેષ રહે ત્યારે જ પરભવના આયુષ્યનો બંધ કરે છે અને સંખ્યાત વર્ષના આયુષ્યવાળા મનુષ્ય, તિર્યંચો પોતાના આયુષ્યના ત્રીજા-ત્રીજા ભાગે બંધ કરે છે અને ત્યારે બંધ ન થાય તો અંતે છેલ્લા અંતર્મુહૂર્તમાં તો અવશ્ય આયુષ્યનો બંધ કરે છે. આ છટ્ઠું સ્થાન હોવાથી આયુષ્યના છ મહિના શેષ હોય ત્યારે આયુષ્ય બંધ કરનારા જીવોનું જ કથન કર્યું છે.

**ઔદયિકાદિ ભાવ :–**

**११४ छव्विहे भावे पण्णत्ते, तं जहा– ओदइए, उवसमिए, खइए, खओवसमिए, पारिणामिए, सण्णिवाइए ।**

**ભાવાર્થ :–** ભાવના છ પ્રકાર છે, તે આ પ્રમાણે છે – (૧) ઔદયિક ભાવ– કર્મના ઉદયથી જીવને ક્રોધ, માનાદિની પ્રાપ્તિ થવી. (૨) ઔપશમિક ભાવ– મોહકર્મના ઉપશમથી જીવને સમ્યક્ત્વાદિની પ્રાપ્તિ થવી. (૩) ક્ષાયિક ભાવ– ઘાતિ કર્મોના ક્ષયથી જીવને કેવળજ્ઞાનાદિની પ્રાપ્તિ થવી. (૪) ક્ષાયોપશમિક ભાવ– ઘાતિકર્મોના ક્ષયોપશમથી મતિ-શ્રુત જ્ઞાનાદિ પર્યાયની પ્રાપ્તિ થવી. (૫) પારિણામિક ભાવ–

કોઈ કર્મના ઉદય આદિ વિના અનાદિકાલીન જીવત્વાદિ પરિણામ. (૬) સાન્નિપાતિક ભાવ– ઉપર્યુક્ત ભાવોના સંયોગથી થતો ભાવ.

## વિવેચન :-

ભાવ એટલે પર્યાય, અવસ્થા; કર્મના ઉદય, ક્ષય વગેરે દ્વારા જીવની જે અવસ્થા થાય તેને ઔદયિક ભાવ વગેરે કહે છે. પારિણામિકભાવ દ્રવ્યના પરિણામ રૂપ છે.

સાન્નિપાતિક ભાવ બે, ત્રણ, ચાર કે પાંચ ભાવોના સંયોગથી બને છે. જેમ કોઈ ભવ્ય મનુષ્ય ઔપશમિક સમ્યક્ત્વી, અવધિજ્ઞાની હોય. તો તેમાં ઔદયિક, ઔપશમિક, ક્ષાયોપશમિક અને પારિણામિક આ ચાર ભાવોનો સંયોગી સાન્નિપાતિક ભાવ થાય છે. તે પાંચ ભાવોમાં દ્વિસંયોગી ૧૦, ત્રિસંયોગી ૧૦, ચતુઃ સંયોગી ૫ અને પંચ સંયોગી ૧. આ રીતે સર્વ મળીને સાન્નિપાતિકભાવના કુલ ૨૬ ભંગ થાય છે.

ગુરુપ્રાણ આગમ બત્રીસીના અનુયોગ દ્વાર સૂત્રના અગિયારમા પ્રકરણમાં તેનું વિસ્તૃત વર્ણન છે.

## પ્રતિક્રમણ પ્રકાર :-

**૧૧૫ छव्विहे पडिक्कमणे पण्णत्ते, तं जहा– उच्चारपडिक्कमणे, पासवण– पडिक्कमणे, इत्तरिए, आवकहिए, जंकिंचिमिच्छा, सोमणंतिए ।**

**ભાવાર્થ :–** પ્રતિક્રમણના છ પ્રકાર છે, તે આ પ્રમાણે છે – (૧) ઉચ્ચાર પ્રતિક્રમણ– મલ વિસર્જન પછી પાછા આવી ઈર્યાવહી સૂત્રથી થતું પ્રતિક્રમણ. (૨) પ્રસ્રવણ પ્રતિક્રમણ– મૂત્ર વિસર્જન પછી પાછા આવી ઈર્યાવહી સૂત્રથી થતું પ્રતિક્રમણ. (૩) ઈત્વરિક પ્રતિક્રમણ– દેવસીય, રાત્રિક આદિ પ્રતિક્રમણ. (૪) યાવત્કથિત પ્રતિક્રમણ– મારણાંતિક સંલેખનાના સમયે કરવામાં આવતું પ્રતિક્રમણ. (૫) યત્કિંચિત્ મિથ્યા દુષ્કૃત્ય– સાધારણ દોષ લાગે ત્યારે તેની શુદ્ધિ માટે 'મિચ્છામિ દુક્કડં' કહી પશ્ચાતાપ પ્રગટ કરવા રૂપ પ્રતિક્રમણ કરવું. (૬) સ્વપ્નાન્તિક પ્રતિક્રમણ– દુઃસ્વપ્નાદિ જોયા પછી પ્રથમ શ્રમણ સૂત્રથી કરવામાં આવતું પ્રતિક્રમણ.

## છ તારાવાળા નક્ષત્ર :-

**૧૧૬ कत्तियाणक्खत्ते छत्तारे पण्णत्ते । असिलेसाणक्खत्ते छत्तारे पण्णत्ते ।**

**ભાવાર્થ :–** કૃતિકા નક્ષત્રના છ તારા છે. અશ્લેષા નક્ષત્રના છ તારા છે.

## છકાય જીવો આશ્રી પાપકર્મનો સંચય :-

**૧૧૭ जीवा णं छट्ठाणणिव्वत्तिए पोग्गले पावकम्मत्ताए चिणिंसु वा चिणंति वा चिणिस्संति वा, तं जहा– पुढविकाइयणिव्वत्तिए, आउकाइयणिव्वत्तिए, तेउकाइय णिव्वत्तिए, वाउकाइयणिव्वत्तिए, वणस्सइकाइयणिव्वत्तिए तसकायणिव्वत्तिए।**

**एवं चिण-उवचिण-बंध-उदीर-वेय तह णिज्जरा चेव ।**

**ભાવાર્થ :–** જીવે છ સ્થાન નિર્વર્તિત કર્મ પુદ્ગલોને પાપકર્મ રૂપે ભૂતકાળમાં ગ્રહણ કર્યા હતા, વર્તમાનમાં ગ્રહણ કરે છે અને ભવિષ્યમાં ગ્રહણ કરશે, તે આ પ્રમાણે–

(૧) પૃથ્વીકાય નિર્વર્તિત (૨) અપ્કાય નિર્વર્તિત (૩) તેઉકાય નિર્વર્તિત (૪) વાયુકાય નિર્વર્તિત (૫) વનસ્પતિકાય નિર્વર્તિત (૬) ત્રસકાય નિર્વર્તિત.

તે જ રીતે સર્વ જીવોએ છ કાય નિર્વર્તિત કર્મ પુદ્ગલોનો પાપકર્મ રૂપે ઉપચય, બંધ, ઉદીરણા, વેદન અને નિર્જરણ ભૂતકાળમાં કર્યું હતું, વર્તમાનમાં કરે છે અને ભવિષ્યમાં કરશે.

**વિવેચન :–**

સ્થાન-૫, ઉદ્દે.-૩, સૂત્ર-૬૭માં પાંચ જાતિની અપેક્ષાએ પાંચ સ્થાન નિર્વર્તિત કર્મ પુદ્ગલોને ગ્રહણ કરવાનું કથન છે. અહીં છટ્ઠું સ્થાન હોવાથી છ કાયની અપેક્ષાએ છ સ્થાન નિર્વર્તિત કર્મ પુદ્ગલ ગ્રહણ કરવાનું કથન છે.

**છ પ્રદેશાદિ પુદ્ગલની અનંતતા :–**

**૧૧૮ छप्पएसिया णं खंधा अणंता पण्णत्ता ।**

**ભાવાર્થ :–** છ પ્રદેશી સ્કંધ અનંત છે.

**૧૧૯ छप्पएसोगाढा पोग्गला अणंता पण्णत्ता ।**

**ભાવાર્થ :–** છ પ્રદેશાવગાઢ પુદ્ગલ અનંત છે.

**૧૨૦ छसमयट्ठिईया पोग्गला अणंता पण्णत्ता ।**

**ભાવાર્થ :–** છ સમયની સ્થિતિવાળા પુદ્ગલ અનંત છે.

**૧૨૧ छगुणकालगा पोग्गला** *जाव* **छगुणलुक्खा पोग्गला अणंता पण्णत्ता ।**

**ભાવાર્થ :–** છ ગુણ કાળાવર્ણાદિવાળા પુદ્ગલ અનંત છે.

આ રીતે શેષ વર્ણ, ગંધ, રસ અને સ્પર્શના છ ગુણવાળા પુદ્ગલ અનંત અનંત છે.

**॥ સ્થાન–૬ સંપૂર્ણ ॥**

# સાતમું સ્થાન

## પરિચય

★ પ્રસ્તુત સ્થાનમાં સાત સંખ્યા સંબંધિત વિષયોનું સંકલન છે.

★ ઉદ્દેશક રહિત આ સ્થાનમાં સૈદ્ધાન્તિક, વ્યાવહારિક, ભૌગોલિક, જ્યોતિષ્ક, ઐતિહાસિક આદિ અનેક વિષયોનું નિરૂપણ છે.

★ સાધના વ્યક્તિગત હોય છે, છતાં કેટલાક કારણોથી તેને સામૂહિક રૂપ આપવામાં આવ્યું છે. તે માટે જ તીર્થંકરોએ સંઘની વ્યવસ્થા કરી છે. જ્ઞાન, દર્શન, ચારિત્રની સમ્યક્ આરાધના માટે જૈન શ્રમણો સંઘના સભ્ય બને છે. સંઘમાં અનેક ગણ હોય છે. સાધુ જે ગણમાં રહે છે તે ગણના નિયમો અને વ્યવસ્થાનું પાલન તે નિષ્ઠાપૂર્વક કરે છે. જ્યારે સાધકને એમ લાગે કે આ ગણમાં મારા જ્ઞાનાદિનો વિકાસ થઈ શકે તેમ નથી, ત્યારે તે ગણ પરિવર્તન માટે સ્વતંત્ર હોય છે. સાધનામાં પરિપક્વ બની ગયા પછી એકાકી રહેવા માટે ગણની સંમતિ તે મેળવી શકે છે. **सत्तविहे गणावक्कमणे पण्णत्ते** । આ સૂત્ર દ્વારા સૂત્રકારે ગણ પરિવર્તનના સાત કારણ પ્રગટ કર્યા છે.

★ સાધનાનું સૂત્ર છે અભય. ભગવાને કહ્યું છે કે જે નિર્ભય નથી તે અહિંસક નથી, તે સત્યવાદી અને અપરિગ્રહી પણ થઈ શકતા નથી. વ્યક્તિ બીજાથી પોતાને હીન માને અથવા બીજાથી પોતે ચડિયાતો છે, તેવું બતાવવા સદા ભયભીત રહે છે. મનુષ્યને મનુષ્યનો ભય હોય તેને ઈહલોકભય કહે છે. મનુષ્યને પશુનો ભય હોય તેને પરલોકભય કહે છે. ધન અપહરણ, મૃત્યુ, રોગ, અપયશ આદિ અનેક પ્રકારના ભય મનુષ્યને સતાવે છે. **'सत्त भयट्ठाणा पण्णत्ता'** । આ સૂત્ર દ્વારા આ વાત ને પ્રગટ કરી છે.

★ અહિંસાના ઉપાસકો અભયને સ્વીકારે છે. જ્યારે રાજનૈતિક વ્યક્તિઓ ભયની ઉપયોગિતાને સ્વીકારે છે. તેઓના મતે દંડના ભય વિના કે કોઈ પણ જાતના અનુશાસન વિના સમાજ વ્યવસ્થા શક્ય નથી. તેથી આ સ્થાનમાં દંડનીતિના ક્રમિક વિકાસના સોપાન પ્રગટ કર્યા છે. મનુષ્ય સ્વયં શાસિત હોય તો દંડ પ્રયોગની આવશ્યકતા ન રહે. જેટલું આત્માનુશાસન ઓછું તેટલો દંડ પ્રયોગ વધુ હોય. યુગલિક કાળ અને પછીના કાળમાં સ્વયંનું અનુશાસન ક્રમશઃ ઓછું થયું તેમ દંડનીતિનો વિકાસ થવા લાગ્યો.

★ મનુષ્ય અનેક શક્તિનો પુંજ છે. તે ચિંતન કરી શકે છે અને ચિંતનને ભાષાના માધ્યમે વ્યક્ત પણ કરી શકે છે. સંસ્કૃતિના વિકાસ સાથે તેની ભાષા એટલી વિકસિત થઈ ગઈ કે મનુષ્યે તેની અભિવ્યક્તિમાં લાલિત્ય લાવવા પ્રયત્ન કર્યો અને તે પ્રયત્નના કારણે ગદ્ય-પદ્ય શૈલીનો વિકાસ

થયો. કાવ્યશાસ્ત્ર અને સંગીતશાસ્ત્રની દીર્ઘકાલીન પરંપરા છે. સૂત્રકારે હેય, ઉપાદેયની મીમાંસા સાથે જ્ઞેયવિષયનું પણ સંકલન કર્યું છે. સ્વરમંડળનું વિશદ વર્ણન તેનું જ ઉદાહરણ છે.

★ રાજાઓમાં શિરોમણી ચક્રવર્તી છે. તેના રત્નોનું વર્ણન આ સ્થાનમાં છે.

★ સંઘમાં આચાર્ય, ઉપાધ્યાયનું અગ્રિમસ્થાન છે. તેથી તેઓના વિશેષ અધિકારનું વર્ણન સૂત્રકારે અતિશયો દ્વારા કર્યું છે. તે ઉપરાંત જીવસ્થિતિ, લોકસ્થિતિ, સંસ્થાન, ગોત્ર, નય, આસન, પર્વત, સુષમ-દુષમા કાળના લક્ષણો, સંયમ, અસંયમ, આરંભ, ધાન્ય સ્થિતિ, સમુદ્ઘાત, પ્રવચન નિહ્નવ, નક્ષત્ર, વિનય વગેરે અનેક વિષયો આ સ્થાનમાં સંકલિત છે.

❖ ❖ ❖

# સ્થાન-૭

## ગણત્યાગનાં કારણો :-

**૧ सत्तविहे गणावक्कमणे पण्णत्ते, तं जहा– सव्वधम्मा रोएमि । एगइया रोएमि एगइया णो रोएमि । सव्वधम्मा वितिगिच्छामि । एगइया वितिगिच्छामि एगइया णो वितिगिच्छामि । सव्वधम्मा जुहुणामि । एगइया जुहुणामि एगइया णो जुहुणामि । इच्छामि णं भंते ! एगल्लविहारपडिमं उवसंपिज्जत्ता णं विहरित्तए ।**

**ભાવાર્થ :–** ગણાપક્રમણ અર્થાત્ ગણત્યાગના સાત કારણ છે, તે આ પ્રમાણે છે– (૧) સર્વ ધર્મમાં અર્થાત્ શ્રુત અને ચારિત્રના સર્વ વિષયોને જાણવાની મારી રુચિ છે.(આ ગણમાં તેની પૂર્તિના સાધન નથી; તેમ વિચારીને કોઈ શ્રમણ ગણનો ત્યાગ કરે છે.) (૨) કેટલાક ધર્મોમાં મારી રુચિ છે અને કેટલાક ધર્મોમાં મારી રુચિ નથી.(જેમાં મારી રુચિ છે તેની પૂર્તિના સાધન આ ગણમાં નથી; તેમ વિચારીને કોઈ શ્રમણ, ગણનો ત્યાગ કરે છે.) (૩) સર્વ ધર્મમાં મને સંશય છે.(તે સંશયને દૂર કરવા માટે આ ગણમાં કોઈ સાધન નથી તેમ વિચારીને કોઈ શ્રમણ, ગણનો ત્યાગ કરે છે.)

(૪) કેટલાક ધર્મોમાં મને સંશય છે અને કેટલાક ધર્મોમાં મને સંશય નથી.(તે સંશયને દૂર કરવા માટે ગચ્છમાં કોઈ સાધન નથી; તેમ વિચારીને કોઈ શ્રમણ ગણનો ત્યાગ કરે છે.) (૫) હું સર્વ ધર્મનું જ્ઞાન બીજાને આપવા ઈચ્છું છું.(આ ગણમાં યોગ્ય પાત્ર નથી કે જેને હું સર્વ ધર્મ આપી શકું; તેમ વિચારીને કોઈ શ્રમણ ગણનો ત્યાગ કરે છે.) (૬) હું કેટલાક ધર્મનું જ્ઞાન બીજાને આપવા ઈચ્છું છું અને કેટલાક ધર્મનું જ્ઞાન બીજાને આપવાની મારી ઈચ્છા નથી.(આ ગણમાં એવી કોઈ વ્યવસ્થા નથી; તેમ વિચારીને કોઈ શ્રમણ ગણનો ત્યાગ કરે છે.) (૭) કોઈ શ્રમણ એકાકી રહેવા ઈચ્છે, સમૂહમાં રહી ન શકે, ત્યારે તે ગણાપક્રમણ કરે છે. તે શ્રમણ આ રીતે નિવેદન કરીને ગણનો ત્યાગ કરે કે હે ભગવન્ ! હું એકલવિહાર ચર્યાને સ્વીકારી વિહાર કરવા ઈચ્છું છું [આ રીતે નિવેદન કરીને તે શ્રમણ ગણનો ત્યાગ કરે છે.]

## વિવેચન :-

સ્થાન-૫, ઉદ્દે.-૨, સૂત્ર-૬૩માં આચાર્યાદિના ગણ ત્યાગના પાંચ કારણોનું નિરૂપણ છે. તે પાંચ કારણોમાં આચાર્યાદિને પોતાની નેશ્રામાં રહેલા સાધુઓનો અસંતોષ મુખ્ય કારણ છે. પ્રસ્તુત પ્રસંગમાં

સામાન્ય સાધુઓના ગણ ત્યાગના સાત કારણોનું કથન છે. તેમાં પણ સાધુઓને પોતાના ગચ્છ સમુદાય પ્રત્યેનો અસંતોષ મુખ્ય કારણ છે.

**गणावक्कमणे** :– ગણાપક્રમણ. ગણમાંથી નીકળી જવું, ગચ્છનો ત્યાગ કરવો, ગચ્છ પરિવર્તન કરવું. તેના બે પ્રકાર છે. યથા– પ્રશસ્ત અને અપ્રશસ્ત.

(૧) સાધુને પોતાના ગણમાં રત્નત્રયની આરાધના માટે અથવા તેના વિકાસ માટે યોગ્ય વાતાવરણ ન હોય ત્યારે તે સાધુ ગચ્છનો ત્યાગ કરે છે. આ રીતે શુદ્ધ આશયથી ગણનો ત્યાગ કરે તે પ્રશસ્ત ગણાપક્રમણ છે.

(ર) સ્વચ્છંદવૃત્તિ, રસલોલુપતા, વિનય-વૈયાવચ્ચમાં પ્રમાદ અને શિથિલાચાર મનોવૃત્તિ વગેરે અપ્રશસ્ત કારણોથી જે શ્રમણ ગણનો ત્યાગ કરે તો તે અપ્રશસ્ત ગણાપક્રમણ છે.

ભાષ્યકારે આ વિષયનું સ્પષ્ટીકરણ કરતાં કહ્યું છે કે અપ્રશસ્ત કારણોથી થતો ગચ્છ ત્યાગ કલ્પનીય નથી. પ્રશસ્ત કારણોથી બહુશ્રુત અને ગુણસંપન્ન સમર્થ સાધક ગણત્યાગ કરે તે જ કલ્પનીય છે. પ્રશસ્ત આશય હોવા છતાં જો તે સાધક બહુશ્રુત ન હોય કે સમર્થ ન હોય તો તેનું ગણત્યાગનું પ્રયોજન સફળ થતું નથી તેથી અબહુશ્રુતાદિનો ગણત્યાગ અકલ્પનીય કહ્યો છે. આ રીતે સર્વાંગી દષ્ટિકોણથી વિચારણાપૂર્વક કરેલો ગણત્યાગ જ પૂર્ણ સફળ બને છે.

પ્રસ્તુત સૂત્રમાં પ્રશસ્ત કારણોથી થતાં ગણાપક્રમણની વિચારણા છે અને આઠમા સ્થાનના પ્રથમ સૂત્રમાં ગણાપક્રમણ કરનારની યોગ્યતા સંબંધી વિચારણા છે.

**सव्वधम्मा** :– અહીં 'સર્વધર્મ' શબ્દ સર્વવિરતિ અર્થમાં પ્રયુક્ત થયો છે. તેથી સર્વ વિરતિ ધર્મપાલનના પ્રત્યેક અનુષ્ઠાનોનો સમાવેશ સર્વ ધર્મમાં થઈ જાય છે. યથા– અપૂર્વશ્રુતનું ગ્રહણ; વિસ્મૃત શ્રુતનું અનુસંધાન; પૂર્વ પઠિત શ્રુતનું પરાવર્તન; મહાવ્રત, સમિતિ, ગુપ્તિનું પાલન; વિનય, વૈયાવચ્ચ આદિ સર્વધર્મ પદથી ગ્રહણ થાય છે.

**जुहुणामि** :– ઈચ્છું છું, ચાહું છું. હું કેટલાક ધર્મોનું સમ્યગ્ રીતે પાલન કરવા માટે ગણનો ત્યાગ કરવા ઈચ્છું છું.

**एगल्लविहारपडिमं** :– અહીં **'पडिमं'** શબ્દ પ્રયોગ સાપેક્ષ છે– તેનો અર્થ વિશિષ્ટ પ્રકારની તપ સાધના માટે થયો નથી. કારણ કે જિનકલ્પ અથવા વિશિષ્ટ પ્રકારે પ્રતિમાનો સ્વીકાર કરનાર સાધુ ગુરુની આજ્ઞાપૂર્વક ગચ્છનો ત્યાગ કરીને વિશિષ્ટ સાધના કરે છે અને પ્રતિમાનો કલ્પ પૂર્ણ થતાં તે સાધુ પુનઃ ગચ્છમાં સન્માન સાથે આવી જાય છે. પ્રતિમા ધારક વિશિષ્ટ તપસ્વી સાધુ ગચ્છની જ સંપદા ગણાય છે. તેથી તેના ત્યાગને ગણાપક્રમણ(ગણથી નીકળવા)રૂપ ગચ્છ ત્યાગ કહી શકાય નહીં.

પરંતુ જે સાધુ પોતાના કોઈ પણ અન્ય સંકલ્પથી ગણાપક્રમણ કરીને એકલા રહે છે તે સદાને માટે ગુરુ નિશ્રાનો ત્યાગ કરે છે. તે ગુરુ કે ગચ્છની આજ્ઞામાં ગણાતા નથી પરંતુ તે સ્વતંત્ર રીતે જ વિચરણ

કરે છે. અહીં તેવા સાધુ માટે **एगल्लविहारपडिमं** શબ્દ પ્રયોગ છે. શેષ કથન ભાવાર્થથી સ્પષ્ટ છે.

**વિભંગજ્ઞાનના પ્રકાર :–**

**२** **सत्तविहे विभंगणाणे पण्णत्ते, तं जहा– एगदिसिं लोगाभिगमे, पंचदिसिं लोगाभिगमे, किरियावरणे जीवे, मुदग्गे जीवे, अमुदग्गे जीवे, रूवी जीवे, सव्वमिणं जीवा ।**

**तत्थ खलु इमे पढमे विभंगणाणे-जया णं तहारूवस्स समणस्स वा माहणस्स वा विभंगणाणे समुप्पज्जइ, से णं तेणं विभंगणाणेणं समुप्पणेणं पासइ पाईणं वा पडिणं वा दाहिणं वा उदीणं वा उड्ढं वा जाव सोहम्मे कप्पे । तस्स णं एवं भवइ-अत्थि णं मम अइसेसे णाणदंसणे समुप्पण्णे एगदिसिं लोगाभिगमे । संतेगइया समणा वा माहणा वा एवमाहंसु-पंचिदिसिं लोगाभिगमे । जे ते एवमाहंसु, मिच्छं ते एवमाहंसु । पढमे विभंगणाणे ।**

**अहावरे दोच्चे विभंगणाणे– जया णं तहारूवस्स समणस्स वा माहणस्स वा विभंगणाणे समुप्पज्जइ । से णं तेणं विभंगणाणेणं समुप्पणेणं पासइ पाईणं वा पडिणं वा दाहिणं वा उदीणं वा उड्ढं वा जाव सोहम्मे कप्पे । तस्स णं एवं भवइ– अत्थि णं मम अइसेसे णाणदंसणे समुप्पण्णे– पंचदिसिं लोगाभिगमे । संतेगइया समणा वा माहणा वा एवमाहंसु– एगदिसिं लोगाभिगमे । जे ते एवमाहंसु, मिच्छं ते एवमाहंसु । दोच्चे विभंगणाणे ।**

**अहावरे तच्चे विभंगणाणे– जया णं तहारूवस्स समणस्स वा माहणस्स वा विभंगणाणे समुप्पज्जइ । से णं तेणं विभंगणाणेणं समुप्पण्णेणं पासइ पाणे अइवाएमाणे, मुसं वयमाणे, अदिण्णमादियमाणे, मेहुणं पडिसेवमाणे, परिग्गहं परिगिण्हमाणे, राइभोयणं भुंजमाणे, पावं च णं कम्मं कीरमाणं णो पासइ । तस्स णं एवं भवइ– अत्थि णं मम अइसेसे णाणदंसणे समुप्पण्णे– किरियावरणे जीवे । संतेगइया समणा वा माहणा वा एवमाहंसु– णो किरियावरणे जीवे । जे ते एवमाहंसु मिच्छं ते एवमाहंसु । तच्चे विभंगणाणे ।**

**अहावरे चउत्थे विभंगणाणे– जया णं तहारूवस्स समणस्स वा माहणस्स वा विभंगणाणे समुप्पज्जइ । से णं तेणं विभंगणाणेणं समुप्पण्णेणं देवामेव पासइ बाहिरब्भंतरए पोग्गले परियाइत्ता पुढेगत्तं णाणत्तं फुसित्ता फुरित्ता फुट्टित्ता**

विउव्वित्ता णं चिट्ठित्तए । तस्स णं एवं भवइ– अत्थि णं मम अइसेसे णाणदंसणे समुप्पण्णे– मुदग्गे जीवे । संतेगइया समणा वा माहणा वा एवमाहंसु– अमुदग्गे जीवे । जे ते एवमाहंसु, मिच्छं ते एवमाहंसु । चउत्थे विभंगणाणे ।

अहावरे पंचमे विभंगणाणे– जया णं तहारूवस्स समणस्स वा माहणस्स वा विभंगणाणे समुप्पज्जइ । से णं तेणं विभंगणाणेणं समुप्पण्णेणं देवामेव पासइ बाहिरब्भंतरए पोग्गलए अपरियाइत्ता पुढेगत्तं णाणत्तं फुसित्ता फुरित्ता फुट्टित्ता विउव्वित्ता णं चिट्ठित्तए । तस्स णं एवं भवइ– अत्थि णं मम अइसेसे णाणदंसणे समुप्पण्णे– अमुदग्गे जीवे । संतेगइया समणा वा माहणा वा एवमाहंसु– मुदग्गे जीवे । जे ते एवमाहंसु, मिच्छं ते एवमाहंसु । पंचमे विभंगणाणे ।

अहावरे छट्ठे विभंगणाणे– जया णं तहारूवस्स समणस्स वा माहणस्स वा विभंगणाणे समुप्पज्जइ । से णं तेणं विभंगणाणेणं समुप्पण्णेणं देवामेव पासइ बाहिरब्भंतरए पोग्गले परियाइत्ता वा अपरियाइत्ता वा पुढेगत्तं णाणत्तं फुसित्ता फुरित्ता फुट्टित्ता विउव्वित्ता णं चिट्ठित्तए । तस्स णं एवं भवइ– अत्थि णं मम अइसेसे णाणदंसणे समुप्पण्णे– रूवी जीवे । संतेगइया समणा वा माहणा वा एवमाहंसु– अरूवी जीवे । जे ते एवमाहंसु, मिच्छं ते एवमाहंसु । छट्ठे विभंगणाणे।

अहावरे सत्तमे विभंगणाणे– जया णं तहारूवस्स समणस्स वा माहणस्स वा विभंगणाणे समुप्पज्जइ । से णं तेणं विभंगणाणेणं समुप्पण्णेणं पासइ सुहुमेणं वायुकाएणं फुडं पोग्गलकायं एयंतं वेयंतं चलंतं खुब्भंतं फंदंतं घट्टंतं उदीरेंतं तं तं भावं परिणमंतं । तस्स णं एवं भवइ– अत्थि णं मम अइसेसे णाणदंसणे समुप्पण्णे– सव्वमिणं जीवा । संतेगइया समणा वा माहणा वा एवमाहंसु– जीवा चेव, अजीवा चेव । जे ते एवमाहंसु, मिच्छं ते एवमाहंसु । तस्स णं इमे चत्तारि जीवणिकाया णो सम्ममुवगया भवंति, तं जहा– पुढविकाइया, आउकाइया, तेउकाइया, वाउकाइया । इच्चेएहिं चउहिं जीवणिकाएहिं मिच्छादंडं पवत्तेइ । सत्तमे विभंगणाणे।

**भावार्थ :–** વિભંગજ્ઞાન(મિથ્યાત્વી જીવના અવધિજ્ઞાન)ના સાત પ્રકાર છે, તે આ પ્રમાણે છે–

(૧) એક દિશામાં સંપૂર્ણ લોકને જાણે. (૨) પાંચ દિશાઓમાં સર્વ લોકને જાણે. (૩) જીવને ક્રિયાનું આવરણ છે, કર્મનું નહીં તેમ જાણે. (૪) જીવ પુદ્ગલ નિર્મિત જ છે, તેમ જાણે. (૫) જીવ પુદ્ગલ

નિર્મિત નથી, તેમ જાણે. (૬) જીવ રૂપી છે, તેમ જાણે. (૭) આ સર્વ દશ્યમાન જગત જીવ જ છે, તેમ જાણે.

**પહેલું વિભંગ જ્ઞાન :–** જ્યારે તથારૂપના શ્રમણ-માહણને વિભંગજ્ઞાન ઉત્પન્ન થાય છે, ત્યારે તે ઉત્પન્ન થયેલા વિભંગજ્ઞાનથી પૂર્વ, પશ્ચિમ, દક્ષિણ, ઉત્તર અને સૌધર્મ કલ્પ સુધી ઊર્ધ્વ દિશા, આ પાંચ દિશાઓ-માંથી કોઈ પણ એક દિશાને જુએ છે. તે સમયે તેના મનમાં એવો વિચાર ઉત્પન્ન થાય છે કે મને સાતિશય જ્ઞાન-દર્શન પ્રાપ્ત થયું છે. હું એક દિશામાં જ લોકને જોઈ શકું છું. કેટલાક શ્રમણ-માહણ કહે છે કે લોક પાંચ દિશામાં છે, તે મિથ્યા કહે છે. આ પહેલું વિભંગજ્ઞાન છે.

**બીજું વિભંગ જ્ઞાન :–** જ્યારે તથારૂપના શ્રમણ-માહણને વિભંગજ્ઞાન ઉત્પન્ન થાય છે, ત્યારે તે ઉત્પન્ન થયેલા વિભંગજ્ઞાનથી પૂર્વ, પશ્ચિમ, દક્ષિણ, ઉત્તર અને ઊર્ધ્વ દિશામાં સૌધર્મકલ્પ સુધી જુએ છે. તે સમયે તેના મનમાં એવો વિચાર આવે છે કે મને સાતિશય (સંપૂર્ણ) જ્ઞાન-દર્શન પ્રાપ્ત થયું છે. હું પાંચ દિશાઓમાં લોકને જોઈ રહ્યો છું. કેટલાક શ્રમણ-માહણ કહે છે કે લોક એક જ દિશામાં છે, તે મિથ્યા કહે છે. આ બીજું વિભંગ જ્ઞાન છે.

**ત્રીજું વિભંગજ્ઞાન :–** જ્યારે તથારૂપના શ્રમણ-માહણને વિભંગજ્ઞાન ઉત્પન્ન થાય છે ત્યારે તે ઉત્પન્ન થયેલા વિભંગજ્ઞાનથી જીવોને હિંસા કરતાં, અસત્ય બોલતાં, અદત્ત ગ્રહણ કરતાં, મૈથુન સેવન કરતાં, પરિગ્રહને ગ્રહણ કરતાં અને રાત્રિ ભોજન કરતાં જુએ છે પરંતુ તે કાર્યો દ્વારા થતાં કર્મબંધને જોતા નથી. ત્યારે તેના મનમાં એવો વિચાર આવે છે કે મને સાતિશય જ્ઞાન-દર્શન પ્રાપ્ત થયું છે. હું જોઈ રહ્યો છું કે જીવ ક્રિયાથી આવૃત છે પરંતુ કર્મોથી આવૃત નથી. કેટલાક શ્રમણ માહણ કહે છે કે જીવ ક્રિયાથી આવૃત હોતો નથી, તેઓ મિથ્યા કહે છે. આ ત્રીજું વિભંગજ્ઞાન છે.

**ચોથુ વિભંગજ્ઞાન :–** જ્યારે તથારૂપના શ્રમણ માહણને વિભંગજ્ઞાન ઉત્પન્ન થાય છે ત્યારે તે ઉત્પન્ન થયેલા વિભંગજ્ઞાનથી દેવોને બાહ્ય (શરીરના ક્ષેત્રાવગાઢ ક્ષેત્રની બહાર) અને આભ્યંતર (શરીરના અવગાઢ ક્ષેત્રની અંદર) પુદ્‌ગલોને ગ્રહણ કરી વિક્રિયા કરતા જુએ છે. તે દેવો પુદ્‌ગલોનો સ્પર્શ કરી, સ્પંદિત કરી, સ્ફુરિત કરી ક્યારેક એક રૂપવાળી, ક્યારેક વિવિધ રૂપવાળી વિક્રિયા કરે છે. તે જોઈને તેના મનમાં એવો વિચાર આવે છે કે મને સાતિશય જ્ઞાન-દર્શન પ્રાપ્ત થયું છે. હું જીવને પુદ્‌ગલોથી બનેલો જોઈ રહ્યો છું. કેટલાક શ્રમણ-માહણ કહે છે કે જીવ પુદ્‌ગલોથી બનેલો નથી, તેઓ મિથ્યા કહે છે. આ ચોથું વિભંગ જ્ઞાન છે.

**પાંચમું વિભંગજ્ઞાન :–** જ્યારે તથારૂપના શ્રમણ-માહણને વિભંગજ્ઞાન ઉત્પન્ન થાય છે ત્યારે તે ઉત્પન્ન થયેલા વિભંગજ્ઞાનથી બાહ્ય અને આભ્યંતર પુદ્‌ગલોને ગ્રહણ કર્યા વિના ઉત્તર વિક્રિયા કરતા દેવોને જુએ છે. આ દેવો પુદ્‌ગલોનો સ્પર્શ કરી, સ્પંદિત કરી, સ્ફુરિત કરી ક્યારેક એક રૂપવાળી, ક્યારેક અનેક રૂપ-વાળી વિક્રિયા કરે છે. તે જોઈને તેના મનમાં એવો વિચાર ઉત્પન્ન થાય છે કે મને સાતિશય જ્ઞાન-દર્શન પ્રાપ્ત થયું છે. હું જોઈ રહ્યો છું કે જીવ પુદ્‌ગલોથી બનેલો નથી, કેટલાક શ્રમણ-માહણ કહે છે કે જીવ પુદ્‌ગલોથી બનેલો છે, તેઓ મિથ્યા કહે છે. આ પાંચમું વિભંગજ્ઞાન છે.

**છટ્ઠું વિભંગજ્ઞાન :–** જ્યારે તથારૂપના શ્રમણ-માહણને વિભંગજ્ઞાન ઉત્પન્ન થાય છે ત્યારે તે ઉત્પન્ન

થયેલા વિભંગજ્ઞાનથી દેવોને બાહ્ય-આભ્યંતર પુદ્ગલોને ગ્રહણ કરીને અને ગ્રહણ કર્યા વિના વિક્રિયા કરતા જુએ છે. તે દેવો પુદ્ગલોનો સ્પર્શ કરી, સ્પંદિત કરી, સ્ફુરિત કરી ક્યારેક એક રૂપવાળી, ક્યારેક અનેક રૂપવાળી વિક્રિયા કરે છે. તે સમયે તેના મનમાં એવો વિચાર ઉત્પન્ન થાય છે કે મને સાતિશય જ્ઞાન-દર્શન પ્રાપ્ત થયું છે. જીવ રૂપી જ છે, તેવું હું જોઈ રહ્યો છું કેટલાક શ્રમણ-માહણ કહે છે કે જીવ અરૂપી છે. તેઓ મિથ્યા કહે છે. આ છઠ્ઠું વિભંગજ્ઞાન છે.

**સાતમું વિભંગજ્ઞાન :–** જ્યારે તથારૂપના શ્રમણ-માહણને વિભંગજ્ઞાન ઉત્પન્ન થાય છે ત્યારે તે ઉત્પન્ન થયેલા વિભંગજ્ઞાનથી સૂક્ષ્મ = મંદ વાયુના સ્પર્શથી પુદ્ગલ રાશિને કંપિત થતી, વિશેષરૂપે કંપિત થતી, ચલિત થતી, ક્ષુબ્ધ થતી, સ્પંદિત થતી, બીજા પદાર્થોનો સ્પર્શ કરતી, બીજા પદાર્થોને પ્રેરિત કરતી, વિવિધ પર્યાયમાં પરિણત થતી જુએ છે. તે જોઈને તેના મનમાં એવો વિચાર ઉત્પન્ન થાય છે કે મને અતિશય યુક્ત જ્ઞાન, દર્શન પ્રાપ્ત થયું છે. હું જોઈ રહ્યો છું કે આ પદાર્થોમાં કંપનાદિ જીવના ધર્મો હોવાથી સર્વ પુદ્ગલો જીવ રૂપ જ છે. કેટલાક શ્રમણ-માહણ કહે છે કે(લોકમાં કે પદાર્થોમાં) જીવ પણ છે અને અજીવ પણ છે. તેઓ મિથ્યા કહે છે. તે વિભંગજ્ઞાનીને પૃથ્વીકાયિક, અપ્કાયિક, તેજસ્કાયિક, વાયુકાયિક, આ ચાર જીવનિકાયોનું સમ્યગ્જ્ઞાન નથી. અચલનાદિ અવસ્થાવાળા પૃથ્વી આદિને તે જીવરૂપે સ્વીકારતા નથી. તે ચલનાદિ ધર્મવાળા ત્રસ જીવને તથા ખીલવું, કરમાઈ જવું ઇત્યાદિ ધર્મવાળી વનસ્પતિને જ જીવરૂપે સ્વીકારે છે. આ ચાર જીવનિકાયોને જીવરૂપ ન માની, તેના ઉપર મિથ્યા દંડનો હિંસા પ્રયોગ કરે છે. આ સાતમું વિભંગજ્ઞાન છે.

## વિવેચન :–

**વિભંગણાણે** = મિથ્યાદષ્ટિ જીવને ઇન્દ્રિય અને મનની સહાયતા વિના રૂપી પદાર્થનું જે જ્ઞાન થાય છે તેને વિભંગજ્ઞાન કહે છે. વિભંગજ્ઞાન ચારે ગતિના પંચેન્દ્રિય જીવોને સંભવે છે.

પ્રસ્તુત સૂત્રમાં ત્રણ ગતિના જીવોને થતાં વિભંગજ્ઞાનની ચર્ચા નથી. પરંતુ શ્રમણ-માહણને બાલ તપ આદિથી ઉત્પન્ન થયેલા વિભંગજ્ઞાનનું વર્ણન છે.

સમ્યગ્દષ્ટિને અવધિજ્ઞાન ઉત્પન્ન થાય ત્યારે પ્રારંભિક ક્ષણોમાં તે વિસ્મિત અવશ્ય થાય છે પણ ભ્રમિત થતા નથી. છ દ્રવ્ય, નવ તત્ત્વ આદિના જ્ઞાન અને જિનવાણી પ્રત્યેની શ્રદ્ધાથી તે સમજે છે કે મને જે જ્ઞાન પ્રાપ્ત થયું છે તે મારા ક્ષયોપશમ અનુસાર મર્યાદિત જ્ઞાન થયું છે. હું સીમિત ક્ષેત્રવર્તી પદાર્થને જાણું છું. લોક અને તેમાં રહેનારા પદાર્થ અસીમ છે. તે સર્વને તે જિન પ્રરૂપિત આગમ અનુસાર જ જાણે છે.

મિથ્યાદષ્ટિ જીવને બાલતપ, સંયમ સાધના આદિ દ્વારા વિભંગજ્ઞાન ઉત્પન્ન થાય છે. વિભંગજ્ઞાન દ્વારા તેને જે જે જણાય છે તે જોઈને તે વિસ્મિત થાય છે અને શ્રદ્ધાના અભાવમાં તે ભ્રાંત બની જાય છે, તે શ્રુતજ્ઞાનથી વિચલિત થઈ જાય છે. તે માનવા લાગે છે કે મને જે જ્ઞાન થયું છે, તેવું અને તેટલું જ આ જગત છે. તેનાથી વિપરીત અન્ય લોકો જે કહે છે, તે મિથ્યા છે. તેવા વિભંગજ્ઞાની બાલ શ્રમણાદિની સાત પ્રકારની માન્યતા પ્રસ્તુત સૂત્રમાં દર્શાવી છે. તે સૂત્રાર્થથી સ્પષ્ટ છે.

## અંડજાદિ યોનિ પ્રકાર :-

**૩** **सत्तविहे जोणिसंगहे पण्णत्ते, तं जहा– अंडया, पोयया, जराउया, रसया, संसेइमा, संमुच्छिमा, उब्भिया ।**

**ભાવાર્થ :–** યોનિસંગ્રહના સાત પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) અંડજ– ઈંડાથી ઉત્પન્ન થનારા પક્ષી-સર્પ આદિ. (૨) પોતજ– ચામડીના આવરણ વિના ઉત્પન્ન થનારા હાથી-સિંહ આદિ. (૩) જરાયુજ– ચર્મ આવરણ રૂપ જરાયુ (જેર) થી ઉત્પન્ન થનારા મનુષ્ય વગેરે. (૪) રસજ– કાળ મર્યાદાથી અતિક્રાંત, દૂધ, દહીં આદિ પદાર્થોના રસ વિકૃત થતાં તેમાં ઉત્પન્ન થનારા જીવ. (૫) સંસ્વેદજ– પસીનાથી ઉત્પન્ન થતા જૂ, લીખ વગેરે. (૬) સંમૂર્ચ્છિમ– તદનુકૂલ પુદ્‌ગલોના સંયોગથી ઉત્પન્ન થતી ઈયળ વગેરે. (૭) ઉદ્‌ભિજ– ભૂમિ ભેદીને ઉત્પન્ન થનારા શલભાદિ જીવ અથવા વનસ્પતિ.

## વિવેચન :-

જીવોને ઉત્પન્ન થવાના સ્થાન વિશેષને યોનિ કહે છે. યોનિ એટલે ઉત્પત્તિસ્થાન. ઉત્પત્તિ સ્થાનના આધારે જીવોના જુદા-જુદા પ્રકાર થાય છે. સ્થાન-૩, ઉદ્દે.-૧, સૂત્ર-૨૦માં જલચર, ખેચરના કથનમાં અંડજ, પોતજ અને સંમૂર્ચ્છિમ, તે ત્રણ પ્રકારના યોનિ સંગ્રહનો ઉલ્લેખ છે. અહીં સાત પ્રકારના યોનિ સંગ્રહનું કથન છે.

## અંડજાદિ જીવોની ગતિ આગતિ :-

**૪** **अंडया सत्तगइया सत्तागइया पण्णत्ता, तं जहा– अंडए अंडएसु उववज्जमाणे अंडगेहिंतो वा, पोयजेहिंतो वा, जराउजेहिंतो वा, रसजेहिंतो वा, संसेयगेहिंतो वा, संमुच्छिमेहिंतो वा, उब्भिगेहिंतो वा, उववज्जेज्जा ।**

**सच्चेव णं से अंडए अंडगत्तं विप्पजहमाणे अंडगत्ताए वा, पोयगत्ताए वा, जराउजत्ताए वा, रसजत्ताए वा, संसेयगत्ताए वा, संमुच्छिमत्ताए वा, उब्भिगत्ताए वा गच्छेज्जा ।**

**ભાવાર્થ :–** અંડજ જીવ સાત ગતિવાળા અને સાત આગતિવાળા છે, તે આ પ્રમાણે છે– અંડજ જીવ, અંડજમાં ઉત્પન્ન થતાં અંડજ, પોતજ, જરાયુજ, સંસ્વેદજ, રસજ, સંમૂર્ચ્છિમ, ઉદ્‌ભિજમાંથી આવીને ઉત્પન્ન થાય છે.

અંડજ જીવ અંડજ યોનિને છોડીને અંડજ, પોતજ, જરાયુજ, રસજ, સંસ્વેદજ, સંમૂર્ચ્છિમ, ઉદ્‌ભિજરૂપે ઉત્પન્ન થાય છે અર્થાત્ સાત યોનિમાં ઉત્પન્ન થાય છે.

**૫** **पोयया सत्तगइया सत्तागइया एवं चेव । एवं सत्तण्ह वि गइरागई भाणियव्वा** *जाव* **उब्भियत्ति ।**

**ભાવાર્થ :–** પોતજ જીવ સાત ગતિમાં જાય અને સાત ગતિમાંથી આવે છે. તે જ રીતે ઉદ્‌ભિજ સુધીની સાતે યોનિના જીવો સાત ગતિમાં જાય છે. સાત ગતિમાંથી આવે છે.

**આચાર્યાદિના સંગ્રહ-અસંગ્રહ સ્થાન :–**

**૬** **आयरिय-उवज्झायस्स णं गणंसि सत्त संगहठाणा पण्णत्ता, तं जहा– आयरिय-उवज्झाए णं गणंसि आणं वा धारणं वा सम्मं पउंजित्ता भवइ । आयरिय-उवज्झाए णं गणंसि आहाराइणियाए किइकम्मं सम्मं पउंजित्ता भवइ । आयरिय-उवज्झाए णं गणंसि जे सुत्तपज्जवजाए धारेइ ते काले-काले सम्ममणुप्पवाइत्ता भवइ । आयरिय-उवज्झाए णं गणंसि गिलाणसेहवेयावच्चं सम्ममब्भुट्ठित्ता भवइ । आयरिय-उवज्झाए णं गणंसि आपुच्छियचारी यावि भवइ, णो अणापुच्छियचारी । आयरिय-उवज्झाए णं गणंसि अणुप्पण्णाइं उवगरणाइं सम्मं उप्पाइत्ता भवइ । आयरिय-उवज्झाए णं गणंसि पुव्वुप्पणाइं उवकरणाइं सम्मं सारक्खेत्ता संगोवित्ता भवइ, णो असम्मं सारक्खेत्ता संगोवित्ता भवइ ।**

**ભાવાર્થ :–** આચાર્ય અને ઉપાધ્યાય માટે ગણમાં સાત સંગ્રહસ્થાન– જ્ઞાન અભિવૃદ્ધિ અને શિષ્યાદિની વૃદ્ધિના કારણ છે, તે આ પ્રમાણે છે– (૧) આચાર્ય અને ઉપાધ્યાય ગણમાં આજ્ઞા તથા ધારણાનું સમ્યક્ સંચાલન કરે. (૨) આચાર્ય અને ઉપાધ્યાય ગણમાં દીક્ષાપર્યાય અનુસાર વિનય વ્યવહારનું સમ્યક્ પરિપાલન કરાવે. (૩) આચાર્ય અને ઉપાધ્યાય ઉપસ્થિત શ્રુતજ્ઞાન અને તેના અર્થ, પરમાર્થની યથાસમયે શિષ્યોને સમ્યગ્ રીતે વાચના આપે. (૪) આચાર્ય અને ઉપાધ્યાય ગણમાં રોગી તથા નવદીક્ષિત સાધુઓની સમ્યગ્ રીતે વૈયાવચ્ચ થાય તેવી વ્યવસ્થા કરે. (૫) આચાર્ય અને ઉપાધ્યાય ગણને પૂછીને અન્યત્ર વિહાર કરે, ગણમાં વિચારવા યોગ્ય વિષયોની સ્થવિરોની સાથે વિચારણા કરીને, ગણવર્તી સાધુઓની ભાવના જાણીને ત્યારપછી જ નિર્ણય કરે. સ્થવિરો આદિને પૂછ્યા વિના કોઈ નિર્ણય ન કરે. (૬) આચાર્ય અને ઉપાધ્યાય ગણ માટે અનુપલબ્ધ ઉપકરણોને સમ્યક્ પ્રકારે પ્રાપ્ત કરે. (૭) આચાર્ય અને ઉપાધ્યાય ગણમાં પૂર્વ-ઉપલબ્ધ ઉપકરણોનું સમ્યક્ પ્રકારે સંરક્ષણ, સંગોપન કરે પરંતુ અસમ્યક્ પ્રકારે(વિધિનું અતિક્રમણ કરી) સંરક્ષણ અને સંગોપન કરે નહીં.

**૭** **आयरिय-उवज्झायस्स णं गणंसि सत्त असंगहठाणा पण्णत्ता, तं जहा– आयरिय-उवज्झाए णं गणंसि आणं वा धारणं वा णो सम्मं पउंजित्ता भवइ । आयरिय-उवज्झाए णं गणंसि आहाराइणियाए किइकम्मं णो सम्मं पउंजित्ता**

**भवइ । आयरिय-उवज्झाए णं गणंसि जे सुत्तपज्जवजाए धारेइ ते काले-काले णो सम्म- मणुप्पवाइत्ता भवइ । आयरिय-उवज्झाए णं गणंसि गिलाणसेहवेयावच्चं णो सम्म-मब्भुट्ठित्ताभवइ । आयरिय-उवज्झाए णं गणंसि अणापुच्छियचारि यावि हवइ, णो आपुच्छियचारी । आयरिय-उवज्झाए णं गणंसि अणुप्पण्णाइं उवगरणाइं णो सम्मं उप्पाइत्ता भवइ ।आयरिय-उवज्झाए णं गणंसि पच्चुप्पण्णाणं उवगरणाणं णो सम्मं सारक्खेत्ता संगोवेत्ता भवइ ।**

**ભાવાર્થ :–** આચાર્ય અને ઉપાધ્યાય માટે ગણમાં સાત અસંગ્રહ સ્થાન-જ્ઞાન હાનિ અને શિષ્યાદિની હાનિના કારણો છે, તે આ પ્રમાણે છે– (૧) આચાર્ય અને ઉપાધ્યાય ગણમાં આજ્ઞા અને ધારણાનું સમ્યક્ સંચાલન કરી ન શકે. (૨) આચાર્ય અને ઉપાધ્યાય ગણમાં દીક્ષા પર્યાયના ક્રમથી શ્રમણોમાં વિનય, વંદન વ્યવહાર કરાવી ન શકે. (૩) આચાર્ય અને ઉપાધ્યાય ઉપસ્થિત શ્રુતજ્ઞાન અને તેના અર્થ, પરમાર્થને ધારણ કરે છે, જાણે છે તેની યથાસમયે સમ્યગ્ રીતે વાચના ન આપે. (૪) આચાર્ય અને ઉપાધ્યાય રોગી, નવદીક્ષિત સાધુઓની વૈયાવૃત્ત્યાદિ માટે સમ્યક્ પ્રકારે, સમુચિત વ્યવસ્થા ન કરે. (૫) આચાર્ય અને ઉપાધ્યાય ગણને(સ્થવિર કે વડીલ શ્રમણોને) પૂછ્યા વિના અન્યત્ર વિહાર કરે. તેમજ ગણમાં વિચારણા કરવા યોગ્ય વિષયોની સ્થવિરો સાથે ચર્ચા વિચારણા કર્યા વિના પોતાની ઈચ્છા પ્રમાણે કરે. (૬) આચાર્ય અને ઉપાધ્યાય ગણ માટે અનુપલબ્ધ ઉપકરણોની પ્રાપ્તિનું ધ્યાન ન રાખે. (૭) આચાર્ય અને ઉપાધ્યાય ગણમાં પૂર્વ ઉપલબ્ધ ઉપકરણોનું સમ્યક્ પ્રકારે સંરક્ષણ કે સંગોપન ન કરે.

**વિવેચન :–**

એક ગણમાં રહેતા સર્વ સાધુઓના સાધક જીવનનો સર્વાંગી વિકાસ થાય અને ગણમાં શાંતિ સમાધિ જળવાઈ રહે તે માટે સૂત્રકારે અહીં આચાર્યાદિને માટે સાત સંગ્રહસ્થાનનું કથન કર્યું છે.

પાંચમા સ્થાનના પ્રથમ ઉદ્દેશકમાં આચાર્ય-ઉપાધ્યાયના વિગ્રહ અવિગ્રહ સ્થાનરૂપે પાંચ કારણ પ્રદર્શિત કર્યા છે. તે પાંચ સ્થાન તથા ઉપકરણ પ્રાપ્તિ અને ઉપકરણ સંરક્ષણ, આ બે સ્થાન સહિત અહીં સાત સ્થાનને સંગ્રહસ્થાન-અસંગ્રહસ્થાન કહ્યા છે. સ્થાન-૫, ઉદ્દે.-૨, સૂત્ર-૬૩માં આચાર્યાદિના ગણ પરિત્યાગના પાંચ કારણમાંથી પ્રથમના ત્રણ કારણનું પ્રથમના ત્રણ અસંગ્રહ સ્થાનરૂપે અહીં કથન છે.

**संगह-असंगहठाणा :–** સંગ્રહ એટલે વૃદ્ધિ, અસંગ્રહ એટલે હાનિ. ગચ્છમાં જ્ઞાન વૃદ્ધિ અને શિષ્યાદિની વૃદ્ધિના કારણોને સંગ્રહસ્થાન કહે છે તથા હાનિના કારણોને અસંગ્રહસ્થાન કહે છે. જો આચાર્ય ગચ્છમાં આજ્ઞાદિનું પાલન, વંદનાદિ વ્યવહારનું સમ્યગ્ રીતે પાલન કરાવી શકે તો ગણમાં જ્ઞાન વૃદ્ધિ અને સાધુઓની સંખ્યા વૃદ્ધિ થાય. અન્યથા જ્ઞાનાદિ ક્ષીણ થતાં જાય છે.

**आणं धारणं :–** આજ્ઞા, ધારણા. તેના બે પ્રકારે અર્થ થાય છે– (૧) વિધેયાત્મક આદેશને આજ્ઞા અને નિષેધાત્મક આદેશને ધારણા કહે છે. (૨) આચાર સંબંધી આદેશ આજ્ઞા કહેવાય અને વિચાર સંબંધી

આદેશ અર્થાત્ શ્રદ્ધા પ્રરૂપણા સંબંધી આદેશને ધારણા કહેવાય છે. જે ગચ્છમાં આજ્ઞા, ધારણા, સારણા, વારણા નથી, તે ગચ્છ સંયમી દ્વારા પરિત્યાજ્ય બની જાય છે.

## આહાર, પાણી અને સ્થાન સંબંધી પડિમાઓ :–

**૮ सत्त पिंडेसणाओ पण्णत्ताओ । सत्त पाणेसणाओ पण्णत्ताओ । सत्त उग्गह- पडिमाओ पण्णत्ताओ ।**

**ભાવાર્થ :–** પિંડૈષણાના સાત પ્રકાર છે. પાણૈષણાના સાત પ્રકાર છે. અવગ્રહ પ્રતિમાના સાત પ્રકાર છે.

### વિવેચન :–

**पिंडेसणाओ :–** પિંડ એટલે આહાર અને એષણા એટલે અન્વેષણ. સાધુના આહાર અન્વેષણ સંબંધી અર્થાત્ આહાર ગ્રહણ કરવા સંબંધી વિવિધ અભિગ્રહોને પિંડૈષણા કહે છે. શ્રી આચારાંગ સૂત્રમાં તેનું વિસ્તૃત કથન છે. અહીં સાતની સંખ્યા માત્રથી સંક્ષિપ્ત કથન છે.

સાત પ્રકારની **પિંડૈષણા** આ પ્રમાણે છે– (૧) સંસૃષ્ટપિંડૈષણા– હાથ અથવા કડછી આદિ સાધન ખાદ્ય વસ્તુથી લિપ્ત હોય, તેવા દાતા પાસેથી આહાર લેવો. (૨) અસંસૃષ્ટ પિંડૈષણા– હાથ અથવા કડછી આદિ ખાદ્ય પદાર્થથી અલિપ્ત હોય (ખરડાયેલા ન હોય), તેવા દાતા પાસેથી આહાર લેવો. (૩) ઉદ્‌ધૃત પિંડૈષણા– જેમાં રસોઈ બનાવી છે, તે પાત્રમાંથી કાઢી, અન્ય વાસણમાં આહાર રાખ્યો હોય તે આહાર લેવો. (૪) અલ્પલેપિક પિંડૈષણા– રૂક્ષ આહાર લેવો. (૫) અવગ્રહિત પિંડૈષણા– જમવા માટે પીરસાતો આહાર લેવો. (૬) પ્રગ્રહિત પિંડૈષણા– જમવા માટે પીરસેલો અને વ્યક્તિ દ્વારા જમવા માટે ગ્રહણ કરાયેલો આહાર લેવો. (૭) ઉજ્ઝિતધર્મા પિંડૈષણા– ઘરના લોકો જમી લે, ત્યાર પછી વધેલો અને ફેંકવા યોગ્ય આહાર લેવો.

**पाणेसणाओ :–** પીવા યોગ્ય પાણી આદિની ગવેષણાને પાણેસણા કહે છે. તેના પણ સાત પ્રકાર પિંડૈષણાની સમાન જાણવા. પરંતુ તેમાં ચોથી અલ્પલેપિક પાણૈષણામાં વિશેષતા છે.

**અલ્પલેપિક પાણેસણા :–** અહીં અલ્પ શબ્દ અભાવ અર્થમાં છે. જે પાણીથી પાત્ર ખરડાય નહીં, બીજા પાણીથી તે પાત્રને ધોવું ન પડે તેવું પાણી લેવું. યથા– ગરમ પાણી, રાખ, ચૂના આદિનું ધોવણ પાણી આદિ.

**उग्गह पडिमाओ :–** ઉપાશ્રય અથવા કોઈ સ્થાન પ્રાપ્તિ સંબંધી પ્રતિજ્ઞાને **અવગ્રહ પ્રતિમા** કહેવાય છે. તેના સાત પ્રકાર આ પ્રમાણે છે– (૧) હું અમુક પ્રકારના સ્થાનમાં રહીશ, બીજા સ્થાનમાં નહીં. (૨) હું અન્ય સાધુઓ માટે સ્થાનની યાચના કરીશ તથા બીજા દ્વારા યાચિત સ્થાનમાં પણ રહીશ. (૩) હું બીજા માટે સ્થાનની યાચના કરીશ પરંતુ બીજા દ્વારા યાચિત સ્થાનમાં રહીશ નહીં. (૪) હું બીજા માટે

સ્થાનની યાચના કરીશ નહીં પરંતુ બીજા દ્વારા યાચિત સ્થાનમાં રહીશ. (૫) હું મારા માટે સ્થાનની યાચના કરીશ પરંતુ બીજા માટે નહીં. (૬) શય્યાતરને ત્યાં પરાળ (ઘાસ) આદિ સહજ પ્રાપ્ત થશે તો લઈશ, અન્યથા ઉકડૂ ,નૈષધિકાદિ આસને બેસીને રાત વ્યતીત કરીશ. (૭) શય્યાતરને ત્યાં સહજ ઢાળેલા લાકડાના પાટીયા વગેરે પ્રાપ્ત થશે તો લઈશ. અન્યથા ઉકડૂ આદિ આસનથી બેઠા બેઠા જ રાત વ્યતીત કરીશ. અવગ્રહ સંબંધી ઉપરોક્ત સર્વ પ્રતિજ્ઞાઓનો સ્વીકાર ગુરુની આજ્ઞાપૂર્વક થાય છે. તેનો સમાવેશ વૃત્તિસંક્ષેપ તપમાં થાય છે.

### આચાર-ચૂલા :–

**૯** **सत्त सत्तिक्कया पण्णत्ता ।**

**ભાવાર્થ :–** સાત સપ્તૈકકા કહ્યા છે.

### વિવેચન :–

આચાર ચૂલાની બીજી ચૂલિકામાં ઉદ્દેશક રહિત સાત અધ્યયન છે. તેમાં ઉદ્દેશક ન હોવાથી તે બધા એક સમાન છે. પ્રત્યેક અધ્યયનના નામ સપ્ત એકક છે.

તે નામ આ પ્રમાણે છે– (૧) સ્થાનસપ્તૈકકા (૨) નૈષધિકી સપ્તૈકકા (૩) ઉચ્ચાર પ્રસ્રવણવિધિ સપ્તૈકકા (૪) શબ્દ સપ્તૈકકા (૫) રૂપ સપ્તૈકકા (૬) પરક્રિયા સપ્તૈકકા (૭) અન્યોન્ય ક્રિયા સપ્તૈકકા. તેનું વિશેષ વિવરણ આચારાંગ સૂત્રથી જાણવું.

### સૂત્રકૃતાંગ સૂત્રના સાત અધ્યયન :–

**૧૦** **सत्त महज्झयणा पण्णत्ता ।**

**ભાવાર્થ :–** સાત મહાન અધ્યયન કહ્યા છે.

### વિવેચન :–

સૂયગડાંગ સૂત્રના બીજા શ્રુતસ્કંધના સાત અધ્યયન છે. તે પહેલા શ્રુતસ્કંધના અધ્યયનોની અપેક્ષાએ મોટા હોવાથી તેને મહાન અધ્યયન કહે છે.

### સપ્ત સપ્તમિકા ભિક્ષુ પ્રતિમા :–

**૧૧** **सत्त-सत्तमिया णं भिक्खुपडिमा एगुणपण्णाए राइंदिएहिं एगेण य छण्णउए णं भिक्खासएणं अहासुत्तं अहाकप्पं अहातच्चं अहामग्गं सम्मं काएणं फासिया**

**पालिया सोहिया तीरिया किट्टिया आराहिया यावि भवइ ।**

**ભાવાર્થ :–** સપ્ત-સપ્તમિકા (૭×૭) ભિક્ષુ પ્રતિમા ૪૯ દિવસ-રાત તથા ૧૯૬ ભિક્ષાદત્તિઓ દ્વારા યથાસૂત્ર, યથાકલ્પ, યથાતથ્ય, યથામાર્ગ, સમ્યક્ પ્રકારે કાયાથી આચરિત, પાલિત, શોધિત, પૂરિત, કીર્તિત અને આરાધિત કરાય છે.

### વિવેચન :–

**भिक्खुपडिमा :–** સંયમની ઉત્કૃષ્ટ આરાધના માટે ધારણ કરાતા વિશેષ પ્રકારના અભિગ્રહ અથવા પ્રતિજ્ઞાને ભિક્ષુ પડિમા કહે છે. પ્રસિદ્ધ એવી ભિક્ષુની ૧૨ પડિમાથી ભિન્ન પડિમાનું અહીં કથન છે.

શ્રી અંતગડ સૂત્ર અને વ્યવહાર સૂત્રમાં ચાર ભિક્ષુ પ્રતિમાઓનું વર્ણન છે. તેમાં સપ્ત સપ્તમિકા નામે પ્રથમ ભિક્ષુ પ્રતિમા છે, તેનું અહીં વર્ણન છે. સપ્ત સપ્તમિકા પ્રતિમા સાત સપ્તાહમાં પૂર્ણ થાય છે. તેના આરાધક મુનિ દત્તિની સંખ્યા પ્રમાણે આહાર-પાણી ગ્રહણ કરે છે, એક જ ધારથી પ્રાપ્ત થતાં આહાર અને પાણીને એક દત્તિ કહે છે.

આ પ્રતિમાના આરાધક પ્રથમ સપ્તાહમાં પ્રતિદિન એક દત્તિ આહાર અને એક દત્તિ પાણીને ગ્રહણ કરે છે. બીજા સપ્તાહમાં બે દત્તિ આહાર અને બે દત્તિ પાણી ગ્રહણ કરે છે. ત્રીજા સપ્તાહમાં ત્રણ-ત્રણ દત્તિ આહાર અને પાણી ગ્રહણ કરે છે. તે રીતે અનુક્રમે સાતમા સપ્તાહમાં આહાર-પાણીની સાત-સાત દત્તિ ગ્રહણ કરે છે.

આ રીતે ગણના કરતાં પ્રથમ સપ્તાહમાં ૭×૧ = ૭ દત્તિ, બીજા સપ્તાહમાં ૭×૨ = ૧૪ દત્તિ, ત્રીજા સપ્તાહમાં ૭×૩ = ૨૧, ચોથા સપ્તાહમાં ૭×૪ = ૨૮, પાંચમા સપ્તાહમાં ૭×૫ = ૩૫, છઠ્ઠા સપ્તાહમાં ૭×૬ = ૪૨ અને સાતમા સપ્તાહમાં ૭×૭ = ૪૯ દત્તિ થાય છે; તે સર્વ મળીને સાત સપ્તાહના ૪૯ દિવસમાં ૧૯૬ દત્તિ થાય છે.

### અધોલોક સ્થિતિ :–

**૧૨ अहेलोगे णं सत्त पुढवीओ पण्णत्ताओ । सत्त घणोदहीओ पण्णत्ताओ । सत्त घणवाया पण्णत्ता । सत्त तणुवाया पण्णत्ता । सत्त ओवासंतरा पण्णत्ता ।**

**एएसु णं सत्तसु ओवासंतरेसु सत्त तणुवाया पइट्ठिया । एएसु णं सत्तसु तणुवाएसु सत्त घणवाया पइट्ठिया । एएसु णं सत्तसु घणवाएसु सत्त घणोदही पइट्ठिया । एएसु णं सत्तसु घणोदहीसु पिंडलग-पिहुल-संठाण-संठियाओ सत्त पुढवीओ पण्णत्ताओ, तं जहा– पढमा *जाव* सत्तमा ।**

**ભાવાર્થ :–** અધોલોકમાં સાત પૃથ્વી છે, સાત ઘનોદધિ છે, સાત ઘનવાત છે, સાત તનુવાત છે, સાત આકાશાન્તર(આકાશ) છે.

આ સાત આકાશાન્તર ઉપર સાત તનુવાત પ્રતિષ્ઠિત છે. આ સાત તનુવાત ઉપર સાત ઘનવાત પ્રતિષ્ઠિત છે. આ સાત ઘનવાત ઉપર સાત ઘનોદધિ પ્રતિષ્ઠિત છે. આ સાત ઘનોદધિ ઉપર ફૂલની ટોપલી જેવા પહોળા સંસ્થાનવાળી સાત પૃથ્વી છે, યથા– પહેલી ***યાવત્*** સાતમી પૃથ્વી.

**૧૩ एयासि णं सत्तण्ह पुढवीणं सत्त णामधेज्जा पण्णत्ता, तं जहा– घम्मा, वंसा, सेला, अंजणा, रिट्ठा, मघा, माघवई ।**

**ભાવાર્થ :–** આ સાત પૃથ્વીના નામ આ પ્રમાણે છે– (૧) ઘમા (૨) વંશા (૩) શેલા (૪) અંજના (૫) રિષ્ટા (૬) મઘા (૭) માઘવતી.

**૧૪ एयासि णं सत्तण्हं पुढवीणं सत्त गोत्ता पण्णत्ता, तं जहा– रयणप्पभा, सक्करप्पभा, वालुयप्पभा, पंकप्पभा, धूमप्पभा, तमा, तमतमा ।**

**ભાવાર્થ :–** આ સાત પૃથ્વીઓના સાત ગોત્ર આ પ્રમાણે છે– (૧) રત્નપ્રભા (૨) શર્કરાપ્રભા (૩) વાલુકા પ્રભા (૪) પંકપ્રભા (૫) ધૂમ પ્રભા (૬) તમઃ પ્રભા (૭) તમસ્તમા પ્રભા.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં સાત નરક એક બીજા ઉપર કેવી રીતે પ્રતિષ્ઠિત છે, તે દર્શાવ્યું છે. પ્રથમ નરક પૃથ્વીની નીચે ઘનોદધિ છે, તેની નીચે ઘનવાત, તેની નીચે તનુવાત, તેની નીચે આકાશ અને તેની નીચે બીજી નરક પૃથ્વી છે. આ રીતે એક પછી એક નરક પૃથ્વી, ઘનોદધિ, ઘનવાત, તનુવાત અને આકાશ આ રીતે ક્રમથી ગોઠવાયેલા છે, તે પરસ્પર આધારિત છે, એક બીજા ઉપર પ્રતિષ્ઠિત છે. સ્થાન ૩, ૪, ૬, ૮માં ક્રમશઃ ત્રણ, ચાર, છ અને આઠ પ્રકારની લોકસ્થિતિરૂપે આ વર્ણન છે. અહીં અધોલોકની સ્થિતિરૂપે તે જ વર્ણન છે.

પહેલી નરક કરતાં બીજી, બીજી કરતાં ત્રીજી તે રીતે નરક પૃથ્વીઓ ક્રમશઃ વિસ્તૃત છે. તેથી તેનો આકાર ફૂલની ટોપલી જેવો લાગે છે.

**पिंडलग-पिहुल-संठाणसंठियाओ :–** પિંડલક એટલે ફૂલની ટોપલી, તેના જેવી પૃથુલ(**पिहुल**) નીચે-નીચે વિસ્તૃત આકારવાળી નરક ભૂમિઓ છે. પાઠાંતર **छत्तातिच्छत्तसंठाणसंठियाओ** છે. તેનો અર્થ છે– છત્ર ઉપર છત્ર, તેવા ઉપરા-ઉપરી સાત છત્ર જેવો તેનો આકાર છે. તેમાં નીચેનું છત્ર સહુથી મોટું, ઉપર ઉપર ક્રમશઃ નાના છત્ર હોય તેવો સાત પૃથ્વીઓનો આકાર છે.

**બાદર વાયુકાયના પ્રકાર :–**

**૧૫ सत्तविहा बायरवाउकाइया पण्णत्ता, तं जहा– पाईणवाए, पडीणवाए, दाहिणवाए, उदीणवाए, उड्ढवाए, अहेवाए, विदिसिवाए ।**

**ભાવાર્થ :–** બાદર વાયુકાયિક જીવના સાત પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) પૂર્વવાયુ પૂર્વ દિશાનો વાયુ (ર) પશ્ચિમવાયુ (૩) દક્ષિણવાયુ (૪) ઉત્તરવાયુ (પ) ઊર્ધ્વવાયુ (૬) અધોવાયુ (૭) વિદિશાવાયુ.

**અજીવ સંસ્થાન :–**

**૧૬ सत्त संठाणा पण्णत्ता, तं जहा– दीहे, रहस्से, वट्टे, तंसे, चउरंसे, पिहुले, परिमंडले ।**

**ભાવાર્થ :–** સંસ્થાન (આકાર)ના સાત પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) દીર્ઘ-લાંબુ (ર) હ્રસ્વ (૩) ગોળાકાર-નારંગી જેવું. (૪) ત્રિકોણ (પ) ચોરસ (૬) સ્થૂલ-જાડું, ઘનાકાર (૭) પરિમંડલ– વલયાકાર, ચૂડીના આકારે ગોળ.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં અજીવ સંસ્થાનનું કથન છે. અજીવમાં વૃત્તાદિ પાંચ સંસ્થાન હોય છે. હ્રસ્વ અને પૃથુલ સંસ્થાન સાપેક્ષ છે. સાતમું સ્થાન હોવાથી તે બે સંસ્થાન સહિત અહીં સાત સંસ્થાનનું નિરૂપણ છે.

**ભય સ્થાન :–**

**૧૭ सत्त भयट्ठाणा पण्णत्ता, तं जहा– इहलोगभए, परलोगभए, आदाणभए, अकम्हाभए, वेयणभए, मरणभए, असिलोगभए ।**

**ભાવાર્થ :–** ભય સ્થાનના સાત પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) ઇહલોક ભય– સજાતીયભય. જેમ કે– મનુષ્યને મનુષ્યનો ભય, તિર્યંચને તિર્યંચનો ભય. (ર) પરલોક ભય– વિજાતીયનો ભય. મનુષ્યને તિર્યંચનો ભય. તિર્યંચને મનુષ્યનો ભય. (૩) આદાન ભય– સંપત્તિ આદિના અપહરણનો, ચોરીનો ભય. (૪) અકસ્માત્ ભય– બાહ્ય નિમિત્ત વિના ઉત્પન્ન થતો ભય, પોતાના જ વિચારથી ઉત્પન્ન થતો ભય. (પ) વેદના ભય– રોગ, પીડા આદિનો ભય (૬) મરણ ભય– મૃત્યુનો ભય (૭) અશ્લોક ભય– અપકીર્તિનો ભય.

**વિવેચન :–**

**भयट्ठाणा :–** ભય મોહનીય કર્મના ઉદયથી ઉત્પન્ન થતાં આત્મ પરિણામના સ્થાન-આશ્રયને ભયસ્થાન કહે છે. તેના સાત પ્રકાર ભાવાર્થથી સ્પષ્ટ છે.

**છદ્મસ્થ અને કેવળીના લક્ષણો :–**

**૧૮ सत्तहिं ठाणेहिं छउमत्थं जाणेज्जा, तं जहा– पाणे अइवाएत्ता भवइ । मुसं वइत्ता भवइ । अदिण्णं आदित्ता भवइ । सद्दफरिसरसरूवगंधे आसाएत्ता भवइ ।**

**पूयासक्कारं अणुवूहेत्ता भवइ । इमं सावज्जंति पण्णवेत्ता पडिसेवेत्ता भवइ । णो जहावाई तहाकारी यावि भवइ ।**

**ભાવાર્થ :–** સાત સ્થાનથી(લક્ષણોથી) છદ્મસ્થને ઓળખી શકાય છે, તે આ પ્રમાણે છે– (૧) જે પ્રાણી ઘાત કરે છે (૨) જે અસત્ય બોલે છે (૩) જે અદત્ત વસ્તુને ગ્રહણ કરે છે (૪) જે શબ્દ, સ્પર્શ, રસ, રૂપ અને ગંધનો આસ્વાદ લે છે (૫) જે પોતાના પૂજા અને સત્કારની અનુમોદના કરે છે (૬) જે 'આ સાવદ્ય (સદોષ) છે' તેમ કહે છે અને તેનું પ્રતિસેવન પણ કરે છે (૭) જે જેવું કહે તેવું કરતા નથી.

**૧૯ सत्तहिं ठाणेहिं केवली जाणेज्जा, तं जहा– णो पाणे अइवाइत्ता भवइ । णो मुसं वइत्ता भवइ । णो अदिण्णं आदित्ता भवइ । णो सद्दफरिसरसरूवगंधे आसाएत्ता भवइ । णो पूयासक्कारं अणुवूहेत्ता भवइ । इमं सावज्जंति पण्णवेत्ता णो पडिसेवेत्ता भवइ । जहावाई तहाकारी यावि भवइ ।**

**ભાવાર્થ :–** સાત લક્ષણથી કેવળીને ઓળખી શકાય છે, તે આ પ્રમાણે– (૧) જે પ્રાણીઓની ઘાત કરતા નથી (૨) જે મૃષા બોલતા નથી (૩) જે અદત્ત વસ્તુ લેતા નથી (૪) જે શબ્દ, સ્પર્શ, રસ, રૂપ અને ગંધનો આસ્વાદ લેતા નથી (૫) પોતાના પૂજા અને સત્કારની અનુમોદના કરતા નથી (૬) જે 'આ સાવદ્ય-સદોષ છે,' તેમ કહે છે અને તેનું પ્રતિસેવન કરતા નથી. (૭) જે જેવું કહે છે તેવું જ કરે છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં છદ્મસ્થ અને કેવળીને ઓળખવાના સાત-સાત કારણોનો નિર્દેશ છે.

કેવળજ્ઞાન આત્મગુણ હોવાથી અરૂપી છે. તેથી કેવળીની કે છદ્મસ્થની ઓળખાણ ચર્મચક્ષુથી થતી નથી. સૂત્રકારે તેની ઓળખ માટે સાત-સાત પ્રવૃત્તિનું કથન કર્યું છે.

પ્રાણાતિપાત આદિ સૂત્રોક્ત સાતે પ્રવૃત્તિ રાગ-દ્વેષજન્ય છે. તેવી પ્રવૃત્તિ વીતરાગી-કેવળી કરતાં નથી. તેથી તેવી પ્રવૃત્તિ કરનાર છદ્મસ્થ અને સૂત્રોક્ત પ્રવૃત્તિ ન કરનાર કેવળી છે. તેમ જાણી શકાય છે.

**ગોત્ર પરિચય :–**

**૨૦ सत्त मूलगोत्ता पण्णत्ता, तं जहा– कासवा, गोयमा, वच्छा, कोच्छा, कोसिआ, मंडवा, वासिट्ठा ।**

**ભાવાર્થ :–** મૂલ ગોત્ર (એક પુરુષથી ઉત્પન્ન થતી વંશ-પરંપરા) સાત છે, તે આ પ્રમાણે છે– (૧) કાશ્યપ (૨) ગૌતમ (૩) વત્સ (૪) કુત્સ (૫) કૌશિક (૬) માંડવ્ય (૭) વાશિષ્ઠ.

**२१** **जे कासवा ते सत्तविहा पण्णत्ता, तं जहा– ते कासवा, ते संडिल्ला, ते गोला, ते वाला, ते मुंजइणो, ते पव्वइणो, ते वरिसकण्हा ।**

**ભાવાર્થ :–** કાશ્યપ ગોત્રના સાત પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) કાશ્યપ (૨) શાંડિલ્ય (૩) ગોલ (૪) બાલ (૫) મૌજ્જકી (૬) પર્વતી (૭) વર્ષકૃષ્ણ.

**२२** **जे गोयमा ते सत्तविहा पण्णत्ता, तं जहा– ते गोयमा, ते गग्गा, ते भारद्दा, ते अंगिरसा, ते सक्कराभा, ते भक्खराभा, ते उदत्ताभा ।**

**ભાવાર્થ :–** ગૌતમ ગોત્રના સાત પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) ગૌતમ (૨) ગાર્ગ્ય (૩) ભારદ્વાજ (૪) આંગિરસ (૫) શર્કરાભ (૬) ભાસ્કરાભ (૭) ઉદત્તાભ.

**२३** **जे वच्छा ते सत्तविहा पण्णत्ता, तं जहा– ते वच्छा, ते अग्गेया, ते मित्तेया, ते सामलिणो, ते सेलयया, ते अट्ठिसेणा, ते वीयकण्हा ।**

**ભાવાર્થ :–** વત્સ ગોત્રના સાત પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) વત્સ (૨) આગ્નેય (૩) મૈત્રેય (૪) શાલ્મલિ (૫) શૈલક (૬) અસ્થિષેણ (૭) વીતકૃષ્ણ.

**२४** **जे कोच्छा ते सत्तविहा पण्णत्ता, तं जहा– ते कोच्छा, ते मोग्गलायणा, ते पिंगलायणा, ते कोडीणा, ते मंडलिणो, ते हारिता, ते सोमया ।**

**ભાવાર્થ :–** કૌત્સ ગોત્રના સાત પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) કૌત્સ (૨) મૌદ્ગલાયન (૩) પિંગલાયન (૪) કૌડિન્ય (૫) મંડલી (૬) હારિત (૭) સૌમ્ય.

**२५** **जे कोसिआ ते सत्तविहा पण्णत्ता, तं जहा– ते कोसिआ, ते कच्चायणा, ते सालंकायणा, ते गोलिकायणा, ते पक्खिकायणा, ते अग्गिच्चा, ते लोहिच्चा ।**

**ભાવાર્થ :–** કૌશિક ગોત્રના સાત પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) કૌશિક (૨) કાત્યાયન (૩) સાલંકાયન (૪) ગોલિકાયન (૫) પાક્ષિકાયન (૬) આગ્નેય (૭) લોહિત્ય.

**२६** **जे मंडवा ते सत्तविहा पण्णत्ता, तं जहा– ते मंडवा, ते आरिट्ठा, ते संमुता, ते तेला, ते एलावच्चा, ते कंडिल्ला, ते खारायणा ।**

**ભાવાર્થ :–** માંડવ્યગોત્રના સાત પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) માંડવ્ય (૨) અરિષ્ટ (૩) સમ્મુત (૪) તેલા (૫) એલાપત્ય (૬) કાંડિલ્ય (૭) ક્ષારાયણ.

**૨૭ जे वसिट्ठा ते सत्तविहा पण्णत्ता, तं जहा– ते वासिट्ठा, ते उंजायणा, ते जारुकण्हा, ते वग्घावच्चा, ते कोडिण्णा, ते सण्णी, ते पारासरा ।**

**ભાવાર્થ :–** વશિષ્ઠ ગોત્રના સાત પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) વાશિષ્ઠ (૨) ઉજ્જાયણ (૩) જરાત્કૃષ્ણ (૪) વ્યાઘ્રાપત્ય (૫) કૌડિન્ય (૬) સન્ની (૭) પરાશર.

**વિવેચન :–**

કોઈ એક મહાપુરુષથી ઉત્પન્ન થયેલી વંશ પરંપરાને ગોત્ર કહે છે. પ્રારંભમાં સાત ગોત્ર હોય છે. કાલાન્તરે તેમાંથી અનેક ઉત્તર ભેદ થાય છે.(એક એક ગોત્રના સાત-સાત ભેદ થતાં તેના ૭×૭ = ૪૯ ભેદ થાય છે).

વ્યાખ્યા ગ્રંથમાં સાત મૂળ ગોત્રનો પરિચય આ પ્રકારે છે– (૧) કાશ્યપ ગોત્ર– મુનિસુવ્રત અને અરિષ્ટનેમિને છોડીને શેષ ૨૨ તીર્થંકર, બધા ચક્રવર્તી (ક્ષત્રિય), ભગવાન મહાવીરના ૭ થી ૧૧ ગણધર (બ્રાહ્મણ) અને જંબૂ સ્વામી (વૈશ્ય) આદિ સર્વ કાશ્યપ ગોત્રીય હતા. (૨) ગૌતમ ગોત્ર– મુનિસુવ્રત અને અરિષ્ટનેમિ તીર્થંકર, નારાયણ અને પદ્મને છોડીને બધા બળદેવ અને વાસુદેવ તથા ઈન્દ્રભૂતિ, અગ્નિભૂતિ અને વાયુભૂતિ આ ત્રણ ગણધર ગૌતમ ગોત્રીય હતા. (૩) વત્સગોત્ર– દશવૈકાલિક સૂત્રના રચયિતા શય્યમ્ભવ આદિ વત્સ ગોત્રીય હતા. (૪) કૌત્સ ગોત્ર– શિવભૂતિ આદિ કૌત્સ ગોત્રીય હતા. (૫) કૌશિક ગોત્ર– ષડુલુક (રોહગુપ્ત નિહ્નવ) આદિ કૌશિક ગોત્રીય હતા. (૬) માંડવ્ય ગોત્ર– મંડુઋષિના વંશજો માંડવ્ય ગોત્રીય હતા. (૭) વાશિષ્ઠ ગોત્ર– વશિષ્ઠ ઋષિના વંશજ વાશિષ્ઠ ગોત્રીય કહેવાયા. છટ્ઠા ગણધર અને આર્ય સુહસ્તિ આદિ પણ વાશિષ્ઠ ગોત્રીય હતા.

**નયના પ્રકાર :–**

**૨૮ सत्त मूल णया पण्णत्ता, तं जहा– णेगमे, संगहे, ववहारे, उज्जुसुए, सद्दे, समभिरूढे, एवंभूए ।**

**ભાવાર્થ :–** મૂલ નય સાત છે તે, આ પ્રમાણે છે– (૧) નૈગમનય– ભેદ અને અભેદને ગ્રહણ કરે (૨) સંગ્રહનય– કેવલ અભેદને ગ્રહણ કરે (૩) વ્યવહારનય– કેવલ ભેદને ગ્રહણ કરે (૪) ઋજુસૂત્રનય– વર્તમાન ક્ષણવર્તી પર્યાયને વસ્તુરૂપે સ્વીકારે (૫) શબ્દનય– ભિન્ન–ભિન્ન લિંગ, કારકાદિના ભેદથી વસ્તુમાં ભેદ સ્વીકારે (૬) સમભિરુઢનય– લિંગાદિનો ભેદ ન હોવા છતાં પર્યાયવાચી શબ્દોના ભેદથી વસ્તુમાં ભેદ સ્વીકારે (૭) એવંભૂતનય– વર્તમાન ક્રિયા પરિણત વસ્તુને જ વસ્તુ માને.

**વિવેચન :–**

**નય :–** અનંત ધર્માત્મક વસ્તુના એક ધર્મને પ્રધાન કરી, અન્ય ધર્મોને ગૌણ કરીને જાણે તે નય. તેના સાતભેદના વિસ્તૃત વર્ણન માટે જુઓ– પ્રાણ આગમ બત્રીસી-અનુયોગદ્વાર સૂત્ર, પ્રકરણ-૮.

**સાત સ્વરોનું સ્વરૂપ :-**

**૨૯** सत्त सरा पण्णत्ता, तं जहा–

सज्जे रिसभे गंधारे, मज्झिमे पंचमे सरे ।
धेवए चेव णेसादे, सरा सत्त वियाहिया ॥१॥

**ભાવાર્થ :-** સ્વર સાત છે, તે આ પ્રમાણે છે– (૧) ષડ્જ (૨) ઋષભ (૩) ગાન્ધાર (૪) મધ્યમ (૫) પંચમ (૬) ધૈવત (૭) નિષાદ.

**વિવેચન :-**

સાત સ્વરોનું સ્વરૂપ આ પ્રમાણે છે– (૧) ષડ્જ– નાસિકા, કંઠ, છાતી, તાલુ, જિહ્વા અને દાંત. આ છ સ્થાનથી ઉત્પન્ન થતો સ્વર. (૨) ઋષભ– નાભિથી નીકળી કંઠ અને મસ્તક સાથે સમાહત થઈને ઋષભ(બળદ) જેવી ગર્જના કરનારો સ્વર. (૩) ગાન્ધાર– નાભિથી નીકળી કંઠ અને મસ્તક સાથે સમાહત થઈ વિવિધ પ્રકારની ગંધને ધારણ કરનારો સ્વર. (૪) મધ્યમ– નાભિથી નીકળી, છાતી અને હૃદય સાથે સમાહત થઈ, ફરી નાભિ તરફ જાય તે મહાનાદ શરીરના મધ્ય ભાગથી નીકળતો હોવાથી તે મધ્યમ સ્વર કહેવાય છે. (૫) પંચમ– નાભિ, વક્ષ, હૃદય, કંઠ અને મસ્તક, આ પાંચ સ્થાનથી ઉત્પન્ન થતો સ્વર. (૬) ધૈવત– પૂર્વોક્ત બધા સ્વરોનું અનુસંધાન કરનારો સ્વર. (૭) નિષાદ– બધા સ્વરોને સમાહિત કરનારો સ્વર.

**સ્વર સ્થાન :-**

**૩૦** एएसि णं सत्तण्हं सराणं सत्त सरट्ठाणा पण्णत्ता, तं जहा–

सज्जं तु अग्गजिब्भाए, उरेण रिसभं सरं ।
कंठुग्गतेण गंधारं, मज्झजिब्भाए मज्झिमं ॥१॥

णासाए पंचमं बूया, दंतोट्ठेण य धेवतं ।
मुद्धाणेण य णेसादं, सरट्ठाणा वियाहिया ॥२॥

**ભાવાર્થ :-** સાત સ્વરોના સાત સ્થાન છે, તે આ પ્રમાણે છે– (૧) ષડ્જ સ્વરનું સ્થાન– જિહ્વાનો અગ્રભાગ (૨) ઋષભ સ્વરનું સ્થાન– ઉરસ્થલ (૩) ગાન્ધાર સ્વરનું સ્થાન– કંઠ (૪) મધ્યમ સ્વરનું સ્થાન– જિહ્વાનો મધ્યભાગ (૫) પંચમ સ્વરનું સ્થાન– નાસિકા (૬) ધૈવત સ્વરનું સ્થાન– દંત-ઓષ્ઠ સંયોગ (૭) નિષાદ સ્વરનું સ્થાન– મસ્તક.

**જીવ નિઃસૃત સ્વર :-**

**૩૧** सत्त सरा जीवणिस्सिया पण्णत्ता, तं जहा–

सज्जं रवइ मयूरो, कुक्कुडो रिसभं सरं ।
हंसो णदइ गंधारं, मज्झिमं तु गवेलगा ॥१॥

अह कुसुमसंभवे काले, कोइला पंचमं सरं ।
छट्ठं च सारसा कोंचा, णेसायं सत्तमं गजो ॥२॥

**ભાવાર્થ :–** જીવ નિઃસૃત સાત સ્વર છે, તે આ પ્રમાણે છે– (૧) મોર ષડ્જ સ્વરમાં, (૨) કૂકડો ઋષભ સ્વરમાં, (૩) હંસ ગાંધાર સ્વરમાં, (૪) ગવેલક(ઘેટા) મધ્યમ સ્વરમાં, (૫) કોયલ(વસંત ઋતુમાં) પંચમ સ્વરમાં, (૬) ક્રૌંચ અને સારસ ધૈવત સ્વરમાં અને (૭) હાથી નિષાદ સ્વરમાં બોલે છે.

**અજીવનિઃસૃત સ્વર :–**

**૩૨** सत्त सरा अजीवणिस्सिया पण्णत्ता, तं जहा–

सज्जं रवइ मुइंगो, गोमुही रिसभं सरं ।
संखो णदइ गंधारं, मज्झिमं पुण झल्लरी ॥१॥

चउचलणपइट्ठाणा, गोहिया पंचमं सरं ।
आडंबरो धैवतियं, महाभेरी य सत्तमं ॥२॥

**ભાવાર્થ :–** અજીવ નિઃસૃત સાત સ્વર છે, તે આ પ્રમાણે છે– (૧) મૃદંગ ષડ્જ સ્વર (૨) ગૌમુખી ઋષભ સ્વર (૩) શંખ ગાંધાર સ્વર (૪) ઝાલર મધ્યમ સ્વર (૫) ચાર પગ ઉપર પ્રતિષ્ઠિત ગોધિકા(વાદ્ય વિશેષ) પંચમ સ્વર (૬) ઢોલ ધૈવત સ્વર અને (૭) મહાભેરી નિષાદ સ્વર રેલાવે છે.

**સ્વર લક્ષણ :–**

**૩૩** एएसिं णं सत्तण्हं सराणं सत्त सरलक्खणा पण्णत्ता, तं जहा–

सज्जेण लभइ वित्तिं, कयं च ण विणस्सइ ।
गावो मित्ता य पुत्ता य, णारीणं चेव वल्लभो ॥१॥

रिसभेण उ एसज्जं, सेणावच्चं धणाणि य ।
वत्थगंधमलंकारं, इत्थिओ सयणाणि य ॥२॥

गंधारे गीतजुत्तिणा, वज्जत्ती कलाहिया ।
भवंति कइणो पण्णा, जे अण्णे सत्थपारगा ॥३॥

मज्झिमसरसंपण्णा, भवंति सुहजीविणो ।
खायइ पियइ देइ, मज्झिमसरमस्सिओ ॥४॥

पंचमसरसंपण्णा, भवंति पुढवीपइ ।
सूरा संगहकत्तारो, अणेगगणणायगा ॥५॥

धेवयसरसंपण्णा, भवंति कलहप्पिया ।
साउणिया वग्गुरिया, सोयरिया मच्छबंधा य ॥६॥

चंडाला मुट्ठिया मेया, जे अण्णे पावकम्मिणो ।
गोघायगा य जे चोरा, णेसायं सरमस्सिता ॥७॥

**ભાવાર્થ :–** આ સાત સ્વરોના સાત સ્વર લક્ષણ છે, તે આ પ્રમાણે છે–

(૧) ષડ્જ સ્વરવાળા મનુષ્યો આજીવિકા પ્રાપ્ત કરે છે. તેનો પ્રયત્ન વ્યર્થ જતો નથી. તેને ગાય, મિત્ર, પુત્ર હોય છે અને તે સ્ત્રીઓને પ્રિય હોય છે.

(૨) ઋષભ સ્વરવાળા મનુષ્યો ઐશ્વર્ય, સેનાપતિત્ત્વ, ધન, વસ્ત્ર, ગન્ધ, આભૂષણ, સ્ત્રી, શયન અને આસનને પ્રાપ્ત કરે છે.

(૩) ગાંધાર સ્વરવાળા મનુષ્યો ગાવામાં કુશળ, વાજિંત્ર વૃત્તિવાળા, કલા નિપુણ, કવિ, પ્રાજ્ઞ અને અનેક શાસ્ત્રોના પારગામી હોય છે.

(૪) મધ્યમ સ્વરવાળા મનુષ્યો સુખજીવી હોય છે, પોતાની રુચિ અનુરૂપ સુખેથી ખાઈ-પીને જીવે છે અને દાન આપે છે.

(૫) પંચમ સ્વરવાળા મનુષ્યો ભૂમિપાલ, શૂરવીર, સંગ્રાહક અને અનેક ગણોના નાયક હોય છે.

(૬) ધૈવત સ્વરવાળા મનુષ્યો કલહપ્રિય, પક્ષીઓને મારનારા, હરણ, ડુક્કર અને માછલા વગેરેને મારનારા હોય છે.

(૭) નિષાદ સ્વરવાળા મનુષ્યો ચાંડાલ, વધિક, મુક્કેબાજ, ગોઘાતક, ચોર અને અનેક પ્રકારના પાપ કરનારા હોય છે.

## સ્વરના ગ્રામ અને મૂર્ચ્છનાઓ :–

**૩૪** **एएसि णं सत्तण्हं सराणं तओ गामा पण्णत्ता, तं जहा– सज्जगामे, मज्झिमगामे, गंधारगामे ।**

**ભાવાર્થ :–** આ સાત સ્વરોમાં ત્રણ ગ્રામ (સંવાદી સ્વરોનો સમૂહ) હોય છે, તે આ પ્રમાણે છે– (૧)

ષડ્જગ્રામ (૨) મધ્યમગ્રામ (૩) ગાન્ધારગ્રામ.

**३५** **सज्जगामस्स णं सत्त मुच्छणाओ पण्णत्ताओ, तं जहा–**

**मंगी कोरव्वीया, हरी य रयणी य सारकंता य ।**
**छट्ठी य सारसी णाम, सुद्धसज्जा य सत्तमा ॥१॥**

**ભાવાર્થ :–** ષડજ્ગ્રામના આરોહ-અવરોહ અથવા ઉતાર-ચઢાવ રૂપ સાત મૂર્ચ્છના કહી છે, તે આ પ્રમાણે છે– (૧) મંગી (૨) કૌરવીયા (૩) હરિત (૪) રજની (૫) સારકાન્તા (૬) સારસી (૭) શુદ્ધ ષડ્જા.

**३६** **मज्झिमगामस्स णं सत्त मुच्छणाओ पण्णत्ताओ, तं जहा–**

**उत्तरमंदा रयणी, उत्तरा उत्तरायता ।**

**अस्सोकंता य सोवीरा, अभीरु हवइ सत्तमा ॥१॥**

**ભાવાર્થ :–** મધ્યમ સ્વરની સાત મૂર્ચ્છના કહી છે, તે આ પ્રમાણે છે– (૧) ઉત્તર મન્દ્રા (૨) રજની (૩) ઉત્તરા (૪) ઉત્તરાયતા (૫) અશ્વક્રાન્તા (૬) સૌવીરા (૭) અભીરુ.

**३७** **गंधारगामस्स णं सत्त मुच्छणाओ पण्णत्ताओ, तं जहा–**

**णंदिया खुद्दिमा पूरिमा य, चउत्थी य सुद्धगंधारा ।**
**उत्तरगंधारा वि य, पंचमिया हवइ मुच्छा उ ॥१॥**

**सुट्ठुत्तरमायामा, सा छट्ठी णियमसो उ णायव्वा ।**
**अह उत्तरायता कोडिमा य, सा सत्तमी मुच्छा ॥२॥**

**ભાવાર્થ :–** ગાંધાર ગ્રામની સાત મૂર્ચ્છના કહી છે, તે આ પ્રમાણે– (૧) નંદીતા (૨) ક્ષુદ્રિમા (૩) પૂરિમા (૪) શુદ્ધ ગાન્ધારા (૫) ઉત્તર ગાન્ધારા (૬) સુષ્ઠુતર આયામા (૭) ઉત્તરાયતા કોટિમા.

**સ્વરની ઉત્પત્તિ વિષયક વિવિધ નિરૂપણ :–**

**३८** **सत्त सरा कओ संभवंति, गीयस्स का भवइ जोणी ।**
**कइ समया उस्सासा, कइ वा गीयस्स आगारा ॥१॥**

**सत्त सरा णाभीओ, भवंति गीयं च रुण्णजोणीयं ।**
**पदसमया ऊसासा, तिण्णि य गीयस्स आगारा ॥२॥**

**आइमिउ आरंभता, समुव्वहंता य मज्झगारंमि ।**
**अवसाणे य झवेंता, तिण्णि य गेयस्स आगारा ॥३॥**

**ભાવાર્થ :–** (૧) સાત સ્વર કયાંથી ઉત્પન્ન થાય છે ? (૨) ગીતની યોની કઈ છે ? (૩) ગીતનો ઉચ્છ્‌વાસકાળ કેટલા સમયનો છે ? (૪) ગીતના આકાર કેટલા હોય છે ? ॥૧॥

(૧) સાત સ્વર નાભિથી ઉત્પન્ન થાય છે. (૨) ગીતની યોનિ રુદન છે. (૩) પાદસમ જેટલો ગીતનો ઉચ્છ્‌વાસકાળ છે. અર્થાત્ છંદનું કોઈ એક ચરણ ગાતા એક ઉચ્છવાસ જેટલો સમય લાગે છે. (૪) ગીતના ત્રણ આકાર હોય છે. આદિમાં મૃદુ, મધ્યમાં તીવ્ર અને અંતમાં મંદ. ॥૨–૩॥

**ગાયકની યોગ્યતા :–**

**૩૯** **छद्दोसे अट्ठगुणे, तिण्णि य वित्ताइं दो य भणिइओ ।**
**जो णाहिइ सो गाहिइ, सुसिक्खिओ रंगमज्झम्मि ॥४॥**

**ભાવાર્થ :–** ગીતના છ દોષ, આઠ ગુણ, ત્રણ વૃત્ત(પદ્ય) અને બે ભણિતિઓ(ભાષાઓ) હોય છે. જે તેને જાણે છે તે જ સુશિક્ષિત વ્યક્તિ રંગમંચ ઉપર ગાઈ શકે છે. ॥૪॥

**ગીતના દોષ :–**

**૪૦** **भीयं दुयं रहस्सं, गायंतो मा य गाहि उत्तालं ।**
**काकस्सरमणुणासं च, होंति गेयस्स छद्दोसा ॥५॥**

**ભાવાર્થ :–** ગીતના છ દોષ આ પ્રમાણે છે– (૧) ભીત દોષ– ડરતા-ડરતા ગાવું (૨) દ્રુત દોષ– શીઘ્રતાથી ગાવું (૩) હ્રસ્વ દોષ– શબ્દને લઘુ બનાવીને ગાવું (૪) ઉત્તાલ દોષ– તાલ અનુસાર ન ગાવું (૫) કાકસ્વર દોષ– કાગડાની જેમ કર્ણકટુ સ્વરથી ગાવું (૬) અનુનાસ દોષ– નાકના સ્વરથી ગાવું.

**ગીતના ગુણ :–**

**૪૧** **पुण्णं रत्तं अलंकियं च, वत्तं तहा अविघुट्ठं ।**
**महुरं समं सुललियं, अट्ठ गुणा होंति गेयस्स ॥६॥**

**उर-कंठ-सिर-विसुद्धं च, गेज्जंते मिउ-रिभिय-पदबद्धं ।**
**समतालपदुक्खेवं, सत्तसरसीहरं गेयं ॥७॥**

**तंतिसमं तालसमं, पादसमं लयसमं गहसमं च ।**
**णीससियऊससियसमं, संचारसमा सरा सत्त ॥८॥**

**ભાવાર્થ :–** ગીતના ૮ ગુણ આ પ્રમાણે છે– (૧) પૂર્ણ ગુણ– સ્વરના આરોહ-અવરોહ આદિથી પરિપૂર્ણ ગાવું (૨) રક્તગુણ– ગાયક અને શ્રોતા ગવાતા રાગમાં મસ્ત બની જાય તેમ રાગથી ભાવિત થઈ ગાવું (૩) અલંકૃત ગુણ– વિવિધ શુભ સ્વરોથી સંપન્ન થઈ ગાવું (૪) વ્યક્ત ગુણ– સ્પષ્ટ રીતે ગાવું (૫)

અવિઘુષ્ટ ગુણ– નિયત અથવા નિયમિત સ્વરથી ગાવું. મોટો અવાજ ન કરવો (૬) મધુર ગુણ– મધુર સ્વરથી ગાવું (૭) સમગુણ–તાલ–વીણા આદિનું અનુસરણ કરતાં ગાવું (૮) સલલિતગુણ– લલિત-કોમલ લયથી ગાવું. ॥૬॥

ગીતના બીજા પણ આઠ ગુણ આ પ્રમાણે છે– (૧) ઉરો વિશુદ્ધ– જે સ્વર ઉરઃસ્થલમાં વિશાળ થાય છે (૨) કંઠ વિશુદ્ધ– જે સ્વર કંઠમાં ફાટતો નથી (૩) શિરો વિશુદ્ધ– જે સ્વર મસ્તકથી ઉત્પન્ન થઈ નાસિકામાં મિશ્રિત થતો નથી (૪) મૃદુ– જે રાગ કોમલ સ્વરથી ગવાય છે (૫) રિભિત– જે ગીતમાં સ્વરોનું ઘોલન હોય છે (૬) પદબદ્ધ– ગેય પદોની નિબદ્ધ રચના. જે ગીતમાં પદોની રચના વિશિષ્ટ હોય છે. (૭) સમતાલ પદોત્ક્ષેપ– જેમાં તાલ, ઝાંઝ આદિ વાદ્યધ્વનિ અને નર્તકના પાદ નિક્ષેપ આ બધું સમ હોય, અર્થાત્ એક બીજા સાથે મેળમાં હોય છે. (૮) સપ્ત સ્વર સીભર– જેમાં સાત સ્વર તંત્રી આદિ સમ હોય છે. ॥૭॥

સપ્તસ્વર સીભરની વ્યાખ્યા આ પ્રકારે છે– (૧) તન્ત્રીસમ– તંત્રી સ્વરોની સાથે-સાથે ગવાતું ગીત (૨) તાલસમ– તાલ-વાદનની સાથે-સાથે ગવાતું ગીત (૩) પાદસમ– સ્વરને અનુકૂળ નિર્મિત ગેયપદ અનુસાર ગવાતું ગીત (૪) લયસમ– વીણા આદિને આહત કરી જે લય ઉત્પન્ન થાય તદનુસાર ગવાતું ગીત (૫) ગ્રહસમ– વીણા આદિના સ્વરાનુસાર ગવાતું ગીત (૬) નિઃશ્વસિતોચ્છ્વસિત સમ– શ્વાસ લેવા અને મૂકવાના ક્રમાનુસાર ગવાતું ગીત (૭) સંચારસમ– સિતાર આદિ સાથે ગવાતું ગીત. આ રીતે ગીતના સ્વરતંત્રી આદિ સાથે સંબંધિત થઈ સાત પ્રકાર થાય છે. ॥૮॥

### ગેયપદના ગુણ :–

**૪૨** **णिद्दोसं सारवंतं च, हेउजुत्तमलंकियं ।**
**उवणीयं सोवयारं च, मियं मधुरमेव य ॥९॥**

**ભાવાર્થ :–** ગેય પદના આઠ ગુણ આ પ્રકારે છે– (૧) નિર્દોષ– બત્રીશ દોષ રહિત હોવું (૨) સારવન્ત– સારભૂત અર્થથી યુક્ત હોવું (૩) હેતુ યુક્ત– અર્થ સાધક હેતુથી સંયુક્ત હોવું (૪) અલંકૃત– કાવ્યગત અલંકાર યુક્ત હોવું (૫) ઉપનીત– ઉપસંહારથી યુક્ત હોવું (૬) સોપચાર– કોમલ, અવિરુદ્ધ અને અલજ્જનીય અર્થનું પ્રતિપાદન કરવું અથવા વ્યંગ કે હાંસીથી સંયુક્ત હોવું (૭) મિત– અલ્પ પદ અને અલ્પ અક્ષરવાળા હોવું (૮) મધુર– શબ્દ, અર્થ અને પ્રતિપાદનની અપેક્ષાએ પ્રિય હોવું. ॥૯॥

### ગીતના વૃત્ત-છંદ :–

**૪૩** **सममद्धसमं चेव, सव्वत्थ विसमं च जं ।**
**तिण्णि वित्तप्पयाराइं, चउत्थं णोवलब्भइ ॥१०॥**

**ભાવાર્થ :–** વૃત્ત– છન્દના ત્રણ પ્રકાર છે– (૧) સમ– જેમાં ચરણ અને અક્ષર સમાન હોય અર્થાત્ ચાર ચરણ હોય અને તેમાં ગુરુ-લઘુ અક્ષર પણ સમાન હોય અથવા જેના ચારે ચરણ સમાન હોય (૨) અર્ધસમ– જેમાં ચરણ અથવા અક્ષરમાંથી કોઈ એક સમ હોય અથવા વિષમ ચરણ હોવા છતાં તેમાં

ગુરુ-લઘુ અક્ષર સમાન હોય અથવા જેના પ્રથમ અને તૃતીય ચરણ તથા દ્વિતીય અને ચતુર્થ ચરણ સમાન હોય (૩) સર્વ વિષમ– જેના ચરણ અને અક્ષર બધું વિષમ હોય અથવા જેના ચારે ચરણ વિષમ હોય. આ ત્રણ સિવાય વૃત્ત-છંદનો ચોથો પ્રકાર નથી. ॥૧૦॥

**ગીતની ભાષા :–**

**૪૪** **सक्कया पागया चेव, दोण्णि य भणिइ आहिया ।**
**सरमंडलम्मि गिज्जंते, पसत्था इसिभासिया ॥११॥**

**ભાવાર્થ :–** ભણિતિ- ગીતની ભાષાના બે પ્રકાર છે– સંસ્કૃત અને પ્રાકૃત. આ બંન્ને પ્રશસ્ત અને ઋષિ ભાષિત છે અને સ્વરમંડલમાં ગવાય છે. ॥૧૧॥

**ગાયકના પ્રકાર :–**

**૪૫** **केसी गायइ महुरं, केसी गायइ खरं च रुक्खं च ।**
**केसी गायइ चउरं, केसी विलंबं दुतं केसी ॥**
**विस्सरं पुण केरिसी ॥१२॥**

**सामा गायाइ महुरं, काली गायइ खरं च रुक्खं च ।**
**गोरी गायइ चउरं, काणं विलंब दुयं अंधा ॥**
**विस्सरं पुण पिंगला ॥१३॥**

**ભાવાર્થ :–** પ્રશ્ન– કઈ સ્ત્રી મધુર સ્વરમાં, કઈ સ્ત્રી કઠોર અને રુક્ષ સ્વરમાં, કઈ સ્ત્રી ચતુરાઈથી, કઈ સ્ત્રી વિલમ્બિત સ્વરમાં, કઈ સ્ત્રી દ્રુત(શીઘ્ર) સ્વરમાં તથા કઈ સ્ત્રી વિકૃત સ્વરમાં ગાય છે ? ॥૧૨॥

ઉત્તર– શ્યામા સ્ત્રી મધુર સ્વરમાં, કાળી સ્ત્રી ખર-કઠોર અને રુક્ષ સ્વરમાં, ગોરી સ્ત્રી ચતુરાઈથી, કાણી સ્ત્રી વિલંબિત(મંદ), અંધ સ્ત્રી દ્રુત(શીઘ્ર) અને પિંગલા સ્ત્રી વિસ્વર-વિકૃત સ્વરમાં ગાય છે. ॥૧૩॥

**સ્વર મંડળ ઉપસંહાર :–**

**૪૬** **सत्त सरा तओ गामा, मुच्छणा एकवीसई ।**
**ताणा एगूणपण्णासा, समत्तं सरमंडलं ॥१४॥**

**ભાવાર્થ :–** આ રીતે સાત સ્વર, ત્રણ ગ્રામ અને ૨૧ મૂર્ચ્છના થાય છે. પ્રત્યેક સ્વર તાનથી ગવાય છે. તેથી તેના ૭×૭ = ૪૯ ભેદ થાય છે. આ રીતે સપ્ત-સ્વરમંડલનું વર્ણન સમાપ્ત થયું. ॥૧૪॥

**વિવેચન :–**

સ્વરનો સામાન્ય અર્થ છે ધ્વનિ, નાદ. સંગીત શાસ્ત્રમાં સ્વરનો વિશેષ અર્થ દષ્ટિગોચર થાય છે–

જે ધ્વનિ પોતાની શ્રુતિ પ્રમાણે મર્યાદિત અંતરે સ્થિત હોય, જે સ્નિગ્ધ હોય, મર્યાદિત કંપન હોય અને કોઈપણ જાતના પ્રયત્ન વિના શ્રોતાને આકૃષ્ટ કરે તેને સ્વર કહે છે. **सरट्ठाणा** = સ્વરના ઉપકાર = વિશેષતા પ્રદાન કરનાર સ્થાનને સ્વરસ્થાન કહે છે. જે સ્વરની ઉત્પત્તિમાં જે સ્થાનનો વ્યાપાર પ્રધાન હોય તે સ્થાનને સ્વરસ્થાન કહે છે. ગૌણરૂપે તો અન્ય-અન્ય સ્થાનનો પણ વ્યાપાર હોય છે. **गामा** = આ શબ્દ સમૂહવાચી છે. સંવાદી સ્વરોના સમૂહને ગ્રામ કહે છે. તેમાં શ્રુતિઓ વ્યવસ્થિતરૂપે વિદ્યમાન હોય છે. **मुच्छणा** = સ્વરોનો ક્રમપૂર્વક આરોહ, અવરોહ, મૂર્ચ્છના, તાન, વર્ણ, ક્રમ, અલંકાર વગેરેના આશ્રયરૂપ છે. મૂર્ચ્છના સર્વ રાગોની જન્મભૂમિ છે. **ताणा** = સ્વર વિસ્તાર. એક પ્રકારનો ભાષાજનક રાગ.

અનુયોગ દ્વાર સૂત્રમાં પણ સંપૂર્ણ સ્વર મંડળનું વર્ણન છે. અનુયોગ દ્વાર તથા સ્થાનાંગમાં આ સ્વર પ્રકરણની સમાનતા છે. ક્યાંક શબ્દ ભેદ છે. જેમ– સપ્તસીભરમાં ઠાણાંગમાં પ્રથમ ભેદ 'તંત્રીસમ' કહ્યો છે જ્યારે અનુયોગદ્વાર સૂત્રમાં 'અક્ષરસમ' છે. સ્વર, મૂર્ચ્છના વગેરેની વિશદ વ્યાખ્યા પૂર્વગત સ્વર પ્રાભૃતમાં હતી. હાલમાં તે લુપ્ત થઈ ગયું છે. માટે તેની જાણકારી 'ભારતનાટ્ય', વૈશાખીવાદી ગ્રંથોથી મેળવવી રહી.

**સપ્તસ્વર : ગુણ : ગુણીફલ :–**

| વિગત | ષડ્જ | ઋષભ | ગાંધાર | મધ્યમ | પંચમ | ધૈવત | નિષાદ |
|---|---|---|---|---|---|---|---|
| સ્થાન | જિહ્વાગ્ર | વક્ષઃસ્થલ | કંઠ | જિહ્વામધ્યભાગ | નાસિકા | દંતોષ્ઠ | મૂર્ધા |
| જીવનિશ્રિત | મયૂર | કૂકડો | હંસ | ગવેલક | કોયલ | સારસ | હાથી |
| અજીવ નિશ્રિત | મૃદંગ | ગોમુખવાદ્ય | શંખ | ઝાલર | ગોધિકા | નગારું | મહાભેરી |
| ફળ | આજીવિકા મેળવે; સફળ પ્રયત્નવાન; ગોધન, પુત્ર-મિત્રનો સંયોગ થાય; સ્ત્રીઓને પ્રિય બને. | ઐશ્વર્યવાન, સેનાપતિત્વની પ્રાપ્તિ, ધન-ધાન્યાદિ ભોગ સામગ્રી મેળવે. | શ્રેષ્ઠ આજીવિકા મેળવે, શ્રેષ્ઠ કલાકાર બને, શ્રેષ્ઠ કવિ બને, કર્તવ્યશીલ, બુદ્ધિમાન, ચતુર, શાસ્ત્ર પારંગત હોય. | સુખજીવી રુચિ પ્રમાણે ખાનાર-પીનાર હોય. | પૃથ્વીપતિ બને, શૂરવીર, સંગ્રાહક બને, અનેક ગણનો નાયક બને. | કલહપ્રિય હોય, શાકુનિક, વાગુરિક, શૌકરિક, મત્સ્ય-વધક હોય. | ચાંડાલ, વધિક મુક્કાબાજ, ગોઘાતક, ચોર, અનેક પાપ કરનાર હોય. |
| તાન | સાત | સાત | સાત | સાત | સાત | સાત | સાત |
| ઉત્પત્તિ | નાભિથી | નાભિથી | નાભિથી | નાભિથી | નાભિથી | નાભિથી | નાભિથી |
| | | સપ્ત સ્વરના ત્રણ ગ્રામ અને ૨૧ મૂર્ચ્છના છે<br>સપ્ત સ્વરમાં ગવાતા ગીતની વિગત | | | | | |
| ગીતની | **યોનિ** | **ઉચ્છ્વાસકાળ** | **આકાર** | **દોષ** | **ગુણ** | **વૃત્ત-છંદ** | **ભણિતિ** |
| | રૂદન | પાદસમ | ત્રણ | છ | આઠ | ત્રણ | **બે ભાષા** |

**કાયક્લેશ તપના પ્રકાર :–**

**૪૭ सत्तविहे कायकिलेसे पण्णत्ते, तं जहा– ठाणाइए, उक्कुडुयासणिए, पडिमठाई, वीरासणिए, णेसज्जिए, दंडायइए, लगंडसाई ।**

**ભાવાર્થ :–** કાયકલેશ તપના સાત પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) સ્થાનાયતિક– ઊભા રહેવું (૨) ઉકડુઆસને બેસવું (૩) પ્રતિમા સ્થાયી– સમય મર્યાદા નિશ્ચિત કરી કાયોત્સર્ગ કરવો, (૪) વીરાસને બેસવું (૫) નૈષધિક– પલાંઠીવાળી બેસવું (૬) દંડાયતિક– દંડાની સમાન સીધા ચત્તા સૂઈ અવસ્થિત રહેવું (૭) વાંકી-ચૂકી લાકડીની જેમ શયન કરવાને લગંડશાયી આસન કહે છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં કાયક્લેશ તપના સાત પ્રકારનું કથન છે.

**કાયક્લેશ તપ :–** શરીર પ્રત્યેની આસક્તિનો ત્યાગ કરવા માટે, દેહ મૂર્ચ્છા ભાવ દૂર કરવા માટે વિશેષ પ્રક્રિયાપૂર્વક શરીરને કષ્ટ આપવું અને ઉપસર્ગ-પરીષહાદિને સહન કરવાના સામર્થ્યને વધારવા માટે શારીરિક કષ્ટ સહન કરવું, તેને કાયક્લેશ તપ કહે છે, તે બાહ્ય તપમાં પાંચમા પ્રકારનું તપ છે.

અહીં કાયક્લેશ તપમાં સાત પ્રકારના આસનનું નિરૂપણ છે. શ્રી ઔપપાતિક સૂત્રમાં વિવિધ પ્રકારના આસન અને તે ઉપરાંત આતાપના, શરીરસંસ્કાર અથવા વિભૂષાનો ત્યાગ આદિને પણ કાયકલેશ તપ કહ્યો છે.

સ્થાન-૫, ઉદ્દે.-૧, સૂત્ર-૩૨, ૩૩માં કાયક્લેશ તપના વિવિધ આસનાદિ ૧૦ પ્રકારનું કથન છે. આ સાતમા સ્થાનમાં તેમાંથી સાત પ્રકારનું કથન છે. તથા સ્થાન-૫, ઉદ્દે.-૧, સૂત્ર-૪૦માં પાંચ પ્રકારની નિષદ્યાનું કથન છે. અહીં કાયક્લેશ તપમાં નિષદ્યા નામના એક આસનનો સમાવેશ કર્યો છે.

**જંબૂદ્વીપના ક્ષેત્ર : પર્વત : નદી :–**

**૪૮ जंबुद्दीवे दीवे सत्त वासा पण्णत्ता, तं जहा– भरहे, एरवए, हेमवए, हेरण्णवए, हरिवासे, रम्मगवासे, महाविदेहे ।**

**ભાવાર્થ :–** જંબૂદ્વીપ નામક દ્વીપમાં સાત વર્ષ(ક્ષેત્ર) છે, તે આ પ્રમાણે છે– (૧) ભરત (૨) ઐરવત (૩) હેમવત (૪) હેરણ્યવત (૫) હરિવાસ (૬) રમ્યક્વાસ (૭) મહાવિદેહ.

**૪૯ जंबुद्दीवे दीवे सत्त वासहरपव्वया पण्णत्ता, तं जहा– चुल्लहिमवंते, महाहिमवंते, णिसढे, णीलवंते, रुप्पी, सिहरी, मंदरे ।**

**ભાવાર્થ :–** જંબૂદ્વીપ નામના દ્વીપમાં સાત વર્ષધર પર્વત છે, તે આ પ્રમાણે છે– (૧) ચુલ્લહિમવંત (૨)

મહા હિમવંત (૩) નિષધ (૪) નીલવાન (૫) રુક્મિ (૬) શિખરી (૭) મંદર(મેરુ) પર્વત.

**૫૦ जंबुद्दीवे दीवे सत्त महाणईओ पुरत्थाभिमुहीओ लवणसमुद्दं समप्पेंति, तं जहा– गंगा, रोहिता, हरि, सीता, णरकंता, सुवण्णकूला, रत्ता ।**

**ભાવાર્થ :–** જંબૂદ્વીપ નામના દ્વીપમાં પૂર્વાભિમુખ વહેતી સાત મહાનદીઓ લવણ સમુદ્રને મળે છે, તે આ પ્રમાણે છે– (૧) ગંગા (૨) રોહિતા (૩) હરિસલિલા (૪) સીતા (૫) નરકન્તા (૬) સુવર્ણકૂલા અને (૭) રક્તા.

**૫૧ जंबुद्दीवे दीवे सत्त महाणईओ पच्चत्थाभिमुहीओ लवणसमुद्दं समप्पेंति, तं जहा– सिंधू, रोहितंसा, हरिकंता, सीतोदा, णारिकंता, रूप्पकूला, रत्तवई ।**

**ભાવાર્થ :–** જંબૂદ્વીપ નામના દ્વીપમાં પશ્ચિમાભિમુખ વહેતી સાત મહાનદીઓ લવણ સમુદ્રમાં મળે છે. તે આ પ્રમાણે છે– (૧) સિન્ધુ (૨) રોહિતાંશા (૩) હરિકન્તા (૪) સીતોદા (૫) નારીકન્તા (૬) રુપ્યકૂલા (૭) રક્તવતી.

**૫૨ धायइसंडदीवपुरत्थिमद्धे णं सत्त वासा पण्णत्ता, तं जहा– भरहे** *जाव* **महाविदेहे ।**

**ભાવાર્થ :–** ધાતકીખંડ દ્વીપના પૂર્વાર્ધમાં સાત વર્ષ (ક્ષેત્ર) છે, તે આ પ્રમાણે છે– ભરત ***યાવત્*** મહા વિદેહ.

**૫૩ धायइसंडदीवपुरत्थिमद्धे णं सत्त वासहरपव्वया पण्णत्ता, तं जहा– चुल्ल-हिमवंते** *जाव* **मंदरे ।**

**ભાવાર્થ :–** ધાતકીખંડ દ્વીપના પૂર્વાર્ધમાં સાત વર્ષધર પર્વત છે, તે આ પ્રમાણે છે– (૧) ચુલ્લ હિમવંત ***યાવત્*** મંદર.

**૫૪ धायइसंडदीवपुरत्थिमद्धे णं सत्त महाणईओ पुरत्थाभिमुहीओ कालोयसमुद्दं समप्पेंति, तं जहा– गंगा** *जाव* **रत्ता ।**

**ભાવાર્થ :–** ધાતકીખંડ દ્વીપના પૂર્વાર્ધમાં સાત મહાનદીઓ પૂર્વાભિમુખ વહેતી કાલોદ સમુદ્રમાં મળે છે. તે આ પ્રમાણે છે– ગંગા ***યાવત્*** રક્તા.

**૫૫ धायइसंडदीवपुरत्थिमद्धे णं सत्त महाणईओ पच्चत्थाभिमुहीओ लवणसमुद्दं समप्पेंति, तं जहा– सिंधु** *जाव* **रत्तावई ।**

**ભાવાર્થ :–** ધાતકીખંડ દ્વીપના પૂર્વાર્ધમાં સાત મહાનદીઓ પશ્ચિમાભિમુખ વહેતી લવણ સમુદ્રમાં મળે છે, તે આ પ્રમાણે છે– સિંધુ ***યાવત્*** રક્તવતી.

**५६ धायइसंडदीवे पच्चत्थिमद्धे णं सत्त वासा एवं चेव, णवरं पुरत्थाभिमुहीओ लवणसमुद्दं समप्पेंति, पच्चत्थाभिमुहीओ कालोदं । सेसं तं चेव ।**

**ભાવાર્થ :–** ધાતકીખંડ દ્વીપના પશ્ચિમાર્ધમાં સાત વર્ષ ક્ષેત્ર, સાત વર્ષધર પર્વત, સાત મહાનદીઓ ધાતકીખંડ દ્વીપના પૂર્વાર્ધની સમાન છે. વિશેષતા એ છે કે પૂર્વાભિમુખી નદીઓ લવણ સમુદ્રમાં અને પશ્ચિમાભિમુખી નદીઓ કાલોદ સમુદ્રમાં મળે છે. શેષ વર્ણન પૂર્વવત્ જાણવું.

**५७ पुक्खरवरदीवड्ढपुरत्थिमद्धे णं सत्त वासा तहेव, णवरं पुरत्थाभिमुहीओ पुक्खरोदं समुद्दं समप्पेंति, पच्चत्थाभिमुहीओ कालोदं समुद्दं समप्पेंति । सेसं तं चेव ।**

**ભાવાર્થ :–** પુષ્કરવર દ્વીપના પૂર્વાર્ધમાં સાત વર્ષ-ક્ષેત્ર, સાત વર્ષધર પર્વત અને સાત મહાનદી ધાતકીખંડ દ્વીપના પૂર્વાર્ધની સમાન જ છે. વિશેષતા એ છે કે પૂર્વાભિમુખી નદીઓ પુષ્કરોદ સમુદ્રમાં અને પશ્ચિમાભિમુખી નદીઓ કાલોદ સમુદ્રમાં મળે છે.

**५८ एवं पच्चत्थिमद्धे वि णवरं पुरत्थाभिमुहीओ कालोदं समुद्दं समप्पेंति, पच्चत्थाभिमुहीओ पुक्खरोदं समप्पेंति । सवत्थ वासा वासहरपव्वया णईओ य भाणियव्वाणि ।**

**ભાવાર્થ :–** તેમજ અર્ધ પુષ્કરવરદ્વીપના પશ્ચિમાર્ધમાં સાત વર્ષ-ક્ષેત્ર, સાત વર્ષધર પર્વત અને સાત મહાનદીઓ ધાતકીખંડ દ્વીપના પશ્ચિમાર્ધની સમાન જ છે. વિશેષતા એ છે કે પૂર્વાભિમુખી નદીઓ કાલોદ સમુદ્રમાં અને પશ્ચિમાભિમુખી નદીઓ પુષ્કરોદ સમુદ્રમાં મળે છે.

### વિવેચન :–

પ્રસ્તુત સૂત્રોમાં અઢીદ્વીપ ક્ષેત્રમાં સાત-સાત ક્ષેત્ર, વર્ષધર પર્વત અને મહાનદીઓનું કથન છે.

**વર્ષ-ક્ષેત્ર :–** જંબૂદ્વીપમાં છ વર્ષધર પર્વત સાત ક્ષેત્રનું વિભાજન કરે છે.

**વર્ષધર પર્વત :–** જંબૂદ્વીપમાં છ વર્ષધર પર્વત છે. સાતમું સ્થાન હોવાથી સૂત્રકારે મેરુપર્વતની ગણના વર્ષધર પર્વતમાં કરીને સાત વર્ષધર પર્વત કહ્યા છે. મેરુ પર્વત મહાવિદેહ ક્ષેત્રના પૂર્વ-પશ્ચિમ બે વિભાગ કરે છે તેથી કોઈક અપેક્ષાએ તેને વર્ષધર પર્વત કહી શકાય છે.

**મહાનદી :–** જંબૂદ્વીપના સાત ક્ષેત્રમાં બે-બે મહાનદીઓ વહે છે. આ રીતે ૧૪ મહાનદીઓમાંથી સાત નદી પૂર્વાભિમુખી વહે છે અને સાત નદી પશ્ચિમાભિમુખી વહે છે.

જંબૂદ્વીપની સમાન ધાતકીખંડ અને અર્ધપુષ્કર દ્વીપના પૂર્વ અને પશ્ચિમ વિભાગમાં સાત-સાત ક્ષેત્રો, પર્વતો અને મહાનદીઓ છે.

**કુલકર :-**

**૫૯** **जंबुद्दीवे दीवे भारहे वासे तीयाए उस्सप्पिणीए सत्त कुलगरा होत्था, तं जहा–**

**मित्तदामे सुदामे य, सुपासे य सयंपभे ।**
**विमलघोसे सुघोसे य, महाघोसे य सत्तमे ॥१॥**

**ભાવાર્થ :–** જંબૂદ્વીપ નામના દ્વીપમાં ભરત વર્ષમાં અતીત ઉત્સર્પિણી કાળમાં સાત કુલકર થયા, તે આ પ્રમાણે છે– (૧) મિત્રદામા (૨) સુદામા (૩) સુપાર્શ્વ (૪) સ્વયંપ્રભ (૫) વિમલઘોષ (૬) સુઘોષ (૭) મહાઘોષ.

**૬૦** **जंबुद्दीवे दीवे भारहे वासे इमीसे ओसप्पिणीए सत्त कुलकरा होत्था–**

**पढमित्थ विमलवाहण, चक्खुम जसमं चउत्थमभिचंदे ।**
**ततो य पसेणइए, मरुदेवे चेव णाभी य ॥१॥**

**ભાવાર્થ :–** જંબૂદ્વીપ નામના દ્વીપમાં ભરતવર્ષમાં આ અવસર્પિણીમાં સાત કુલકર થયા, તે આ પ્રમાણે છે– (૧) વિમલવાહન (૨) ચક્ષુષ્માન (૩) યશસ્વી (૪) અભિચંદ્ર (૫) પ્રસેનજીત (૬) મરુદેવ (૭) નાભિ.

**૬૧** **एएसि णं सत्तण्हं कुलकराणं सत्त भारियाओ हुत्था, तं जहा–**

**चंदयसा चंदकंता, सुरूव पडिरूव चक्खुकंता य ।**
**सिरिकंता मरुदेवी, कुलकरइत्थीण णामाइं ॥१॥**

**ભાવાર્થ :–** આ સાત કુલકરની સાત પત્નીઓ હતી, તે આ પ્રમાણે છે– (૧) ચંદ્રયશા (૨) ચંદ્રકન્તા (૩) સુરૂપા (૪) પ્રતિરૂપા (૫) ચક્ષુષ્કન્તા (૬) શ્રીકન્તા (૭) મરુદેવી.

**૬૨** **जंबुद्दीवे दीवे भारहे वासे आगमिस्साए उस्सप्पिणीए सत्त कुलकरा भविस्संति–**

**मित्तवाहण सुभोमे य, सुप्पभे य सयंपभे ।**
**दत्ते सुहुमे सुबंधू य, आगमेस्सिण होक्खइ ॥१॥**

**ભાવાર્થ :–** જંબૂદ્વીપ નામના દ્વીપના ભરત વર્ષમાં આગામી ઉત્સર્પિણીકાલમાં સાત કુલકર થશે, તે આ પ્રમાણે છે– (૧) મિત્રવાહન (૨) સુભૌમ (૩) સુપ્રભ (૪) સ્વયંપ્રભ (૫) દત્ત (૬) સૂક્ષ્મ (૭) સુબંધુ.

**૬૩** **विमलवाहणे णं कुलकरे सत्तविहा रुक्खा उवभोगत्ताए हव्वमागच्छिंसु, तं जहा–**

**मतंगया य भिंगा, चित्तंगा चेव होंति चित्तरसा ।**
**मणियंगा य अणियणा, सत्तमगा कप्परुक्खा य ॥१॥**

**ભાવાર્થ :–** વિમલવાહન કુલકરના સમયમાં સાત પ્રકારના વૃક્ષ નિરંતર ઉપભોગમાં આવતા હતા, તે આ પ્રમાણે છે– (૧) મતંગા-મદાંગક (૨) ભૃંગ (૩) ચિત્રાંગ (૪) ચિત્રરસ (૫) મણ્યંગ (૬) અનગ્નક (૭) સાતમું કલ્પવૃક્ષ.

**વિવેચન :–**

**कुलकर :–** કુળ મર્યાદાના વ્યવસ્થાપક હોય તે કુલકર કહેવાય છે.

ૠષભદેવ ભગવાનની પૂર્વે યુગલિક વ્યવસ્થા હતી. તેમાં કુળ, વર્ગ, જાતિ વગેરે કાંઈ ન હતું. કાળ પરિવર્તન સાથે તે વ્યવસ્થા તૂટવા લાગી અને કુળ વ્યવસ્થાનો વિકાસ થયો. લોકો 'કુળ'ના રૂપે સંગઠિત થઈ રહેવા લાગ્યા. કુળના મુખી 'કુલકર' નામે ઓળખાવા લાગ્યા. તે કુળના અધિપતિ કહેવાતા, તે કુળની સંપૂર્ણ વ્યવસ્થા જાળવતા હતા. અપરાધીને દંડ આપવાનો તેને અધિકાર હતો. સાત કુલકરના નામાદિની વિગત પ્રસ્તુત સૂત્રોમાં આપી છે.

વિમલવાહન નામના પ્રથમ કુલકરના સમયમાં ઉપભોગ યોગ્ય સાત પ્રકારના વૃક્ષ હતા. **मतंगया–** મતંગક. અહીં 'મત્ત' પદથી આનંદજનક પેય પદાર્થો, ગ્રહિત છે. આનંદદાયક પેય વસ્તુ જેના અંગભૂત છે, તેવા પદાર્થો આપનારા વૃક્ષ. **भिंगा–** ભૃંગાર વગેરે વિવિધ પાત્રો આપનારા વૃક્ષ. **चितंगा–** વિવિધ પ્રકારની માળા આપનારા વૃક્ષ. **चित्तरसा–** મધુરાદિ વિવિધ રસ આપનારા વૃક્ષ. **मणियंगा–** મણિમય આભૂષણ આપનારા વૃક્ષ. **अणियणा–** અનગ્ન-વિવિધ પ્રકારના વસ્ત્રો આપનારા વૃક્ષ. **सत्तमगा कप्परुक्खा–** સાતમું કલ્પવૃક્ષ. ઈચ્છિત વસ્તુ(પરિશેષ સર્વ વસ્તુ)આપનાર વૃક્ષને કલ્પવૃક્ષ કહે છે.

શ્રી જીવાભિગમ સૂત્રમાં યુગલિકકાલના દશ પ્રકારના વૃક્ષનું વિસ્તૃત વર્ણન છે. અહીં સાતમું સ્થાન હોવાથી સૂત્રકારે સાત પ્રકારના વૃક્ષનું કથન કર્યું છે. તેમાં સાતમા પ્રકારના વૃક્ષનું નામ જ કલ્પવૃક્ષ છે.

ક્રમશઃ યુગલિકકાલ પૂર્ણ થઈ રહ્યો હોય ત્યારે વૃક્ષની સંખ્યા અને તેનો પ્રભાવ પણ ક્રમશઃ ક્ષીણ થાય છે. પ્રથમ કુલકર વિમલવાહનના સમયમાં કાલ પ્રભાવે જ અંતિમ ચાર પ્રકારના વૃક્ષનો અભાવ થઈ જાય છે. પરંતુ તે ચારે વૃક્ષો દ્વારા પ્રાપ્ત થતાં પદાર્થોની પૂર્તિ માટે સાતમા પ્રકારનું વૃક્ષ ક્ષેત્ર સ્વભાવથી અથવા દેવ પ્રભાવથી ઉત્પન્ન થાય છે. તે વૃક્ષ ચારે વૃક્ષ દ્વારા પ્રાપ્ત થતાં પદાર્થોની પૂર્તિ કરે છે. તેથી અહીં સૂત્રકારે સાતમા પ્રકારના વૃક્ષને 'કલ્પવૃક્ષ' નામે પ્રરૂપિત કર્યું છે. વ્યાખ્યાગ્રંથો અનુસાર તે દેવાધિષ્ઠિત હોય છે.

**દંડનીતિ :–**

**६४ सत्तविहा दंडणीइ पण्णत्ता, तं जहा– हक्कारे, मक्कारे, धिक्कारे,**

**परिभासे, मंडलबंधे, चारए, छविच्छेए ।**

**ભાવાર્થ :–** દંડનીતિના સાત પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) હકાર– હા, તે આ શું કર્યું ? (૨) મકાર– હવે એવું કરતો નહીં (૩) ધિક્કાર– ધિક્કાર છે તને, તે આવું કર્યું ? (૪) પરિભાષ– અલ્પકાળ માટે નજર કેદ કરવા અથવા ક્રોધપૂર્ણ શબ્દથી બેઠા રહેવાનો આદેશ આપવો (૫) મંડલબંધ– નિયત ક્ષેત્રથી બહાર ન જવા દેવાનો આદેશ આપવો (૬) ચારક– જેલ(ખાના)માં બંધ રાખવાનો આદેશ આપવો (૭) છવિચ્છેદ– હાથ, પગ આદિ શરીરના અંગ કાપવાનો આદેશ આપવો.

### વિવેચન :–

**दण्डणीइ–** દંડનીતિ. અપરાધીને શિક્ષા આપવી તેને દંડ કહે છે. દંડરૂપ જે નીતિ તે દંડનીતિ. સાત પ્રકારની દંડનીતિમાંથી પ્રથમની ત્રણ દંડનીતિ કુલકરના સમયમાં પ્રવર્તમાન હતી. પ્રથમના બે કુલકરના સમયમાં હકારનીતિ; ત્રીજા, ચોથા કુલકરના સમયમાં નાના અપરાધ માટે હકાર, નીતિ મોટા અપરાધ માટે મકારનીતિ અને પાંચમા, છઠ્ઠા, સાતમા કુલકરના સમયમાં જઘન્ય અપરાધ માટે હકાર નીતિ, મધ્યમ અપરાધ માટે મકાર નીતિ અને ઉત્કૃષ્ટ અપરાધ માટે ધિક્કાર નીતિ પ્રવર્તમાન હતી. શેષ ચાર નીતિ ચક્રવર્તી ભરતના સમયથી શરૂ થઈ. તદ્ વિષયક ભિન્ન-ભિન્ન વિચારધારા પ્રચલિત છે. (૧) અંતિમ ચાર નીતિમાંથી બે નીતિ પરિભાષ અને મંડલબંધ, ૠષભદેવ સ્વામીએ શરૂ કરી અને અંતિમ બે નીતિ ભરતચક્રીની માણવકનિધિથી શરૂ થઈ. (૨) એક માન્યતા એવી છે કે બંધન, બેડી, માર વગેરે ૠષભદેવના રાજ્યમાં અને મૃત્યુદંડની સજા ભરત રાજાના સમયમાં ચાલુ થઈ.

### ચક્રવર્તિના રત્ન :–

**૬૫ एगमेगस्स णं रण्णो चाउरंतचक्कवट्टिस्स सत्त एगिंदियरयणा पण्णत्ता, तं जहा– चक्करयणे, छत्तरयणे, चम्मरयणे, दंडरयणे, असिरयणे, मणिरयणे, काकणि- रयणे ।**

**ભાવાર્થ :–** પ્રત્યેક ચાતુરંત ચક્રવર્તી રાજાના સાત એકેન્દ્રિય રત્ન હોય છે, તે આ પ્રમાણે છે–

(૧) ચક્રરત્ન– આકાશમાં ચાલતું, ચક્રવર્તીને માર્ગ બતાવે અને વિજય પ્રાપ્ત કરાવે. (૨) છત્રરત્ન– વૃષ્ટિ, વાયુ, તાપ આદિથી રક્ષા કરે. (૩) ચર્મરત્ન– નાવાકારે પરિણમીને ચક્રવર્તીની સેનાને નદી આદિ પાર કરાવે. (૪) દંડરત્ન– વિષમ ભૂમિ સમ કરે. તિમિસ્રગુફા અને ખંડપ્રપાત ગુફાના દ્વાર ખોલે. (૫) અસિરત્ન– શત્રુઓનો નાશ કરે, પહાડાદિનું ભેદન કરે. (૬) મણિરત્ન– તત્કાલ સૂર્ય જેવો દિવ્ય પ્રકાશ કરે, ભયનું નિવારણ કરે. (૭) કાકણિરત્ન– આલેખિત મંડલાકાર રેખાઓ દ્વારા દીર્ઘકાળ પર્યંત સૂર્ય જેવો પ્રકાશ આપે.

**૬૬ एगमेगस्स णं रण्णो चाउरंतचक्कवट्टिस्स सत्त पंचिंदियरयणा पण्णत्ता,**

**तं जहा– सेणावइरयणे, गाहावइरयणे वड्ढइरयणे, पुरोहियरयणे, इत्थिरयणे, आसरयणे, हत्थिरयणे ।**

**ભાવાર્થ :–** પ્રત્યેક ચાતુરંત ચક્રવર્તી રાજાના સાત પંચેન્દ્રિય રત્ન હોય છે, તે આ પ્રમાણે છે–

(૧) સેનાપતિ રત્ન– યુદ્ધનું સંચાલન કરે, નિષ્કુટના ખંડ ૫ર વિજય પ્રાપ્ત કરે. (૨) ગાથાપતિ રત્ન– અન્નભંડારના અધિપતિ હોય, ભોજ્ય સામગ્રી ઉત્પન્ન કરે, ધાન્યને શીઘ્ર ઉગાડે. (૩) વર્ધકીરત્ન– વાસ્તુશાસ્ત્રાનુસાર ગ્રામ, ગૃહ, પુલ, પડાવ આદિનું નિર્માણ કરે. (૪) પુરોહિત રત્ન– પુરોહિતનું કામ કરે, શાંતિકર્મ કરે. (૫) સ્ત્રીરત્ન– ચક્રવર્તીને ભોગ્ય હોય. (૬) અશ્વરત્ન– નિષ્કુટ વિજયયાત્રા દરમ્યાન સેનાપતિ તેના ઉપર સવારી કરે અને તે વિજય પ્રાપ્ત કરાવે. (૭) હસ્તિરત્ન– તેના ઉપર ચક્રવર્તી સવારી કરે અને તે વિજય પ્રાપ્ત કરાવે.

## વિવેચન :–

ઉપરોક્ત બે સૂત્રોમાં ચક્રવર્તીના ૧૪ રત્નોના નામ નિર્દેશ છે. તેમાં પ્રથમ સૂત્રમાં સાત એકેન્દ્રિય રત્નોના નામ છે. ચક્ર, છત્ર આદિ પૃથ્વીકાયિક જીવોના શરીરથી નિર્મિત હોવાથી તેને એકેન્દ્રિય કહ્યા છે અને સેનાપતિ આદિ સાત રત્નમાં પાંચ સંજ્ઞી મનુષ્ય અને બે સન્ની તિર્યંચ છે. તેઓ પાંચે ઈન્દ્રિયોથી પરિપૂર્ણ હોવાથી પંચેન્દ્રિય કહ્યા છે. તે ચૌદ રત્નો પોત-પોતાની જાતિમાં સર્વોત્કૃષ્ટ સંપદાવાન અને દેવાધિષ્ઠિત હોય છે માટે તે રત્ન કહેવાય છે. વિસ્તૃત વિવેચન માટે જુઓ– જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ સૂત્ર, વક્ષસ્કાર-૩.

## દુઃષમા અને સુષમાકાળના લક્ષણ :–

**૬૭ सत्तहिं ठाणेहिं ओगाढं दुस्समं जाणेज्जा, तं जहा– अकाले वरिसइ, काले ण वरिसइ, असाहू पुज्जंति, साहू ण पुज्जंति, गुरुहिं जणो मिच्छं पडिवण्णो, मणोदुहया, वइदुहया ।**

**ભાવાર્થ :–** સાત લક્ષણોથી દુઃષમાકાળની અવસ્થિતિ જણાય છે, તે આ પ્રમાણે છે– (૧) અકાલ વર્ષા (૨) સમયે વર્ષાનો અભાવ (૩) અસાધુઓની પૂજા (૪) સાધુઓની પૂજાનો અભાવ (૫) ગુરુજનો પ્રતિ લોકોનો અસદ્‌વ્યવહાર (૬) મનમાં ઉદ્વેગ અથવા ખેદ, મનોદુઃખ (૭) વચન-વ્યવહાર સંબંધી દુઃખ, વાચિક દુઃખ.

**૬૮ सत्तहिं ठाणेहिं ओगाढं सुसमं जाणेज्जा, तं जहा– अकाले ण वरिसइ, काले वरिसइ, असाहू ण पुज्जंति, साहू पुज्जंति, गुरुहिं जणो सम्मं पडिवण्णो, मणोसुहया, वइसुहया ।**

**ભાવાર્થ :–** સાત લક્ષણોથી સુષમાકાળની અવસ્થિતિ જણાય છે, તે આ પ્રમાણે છે– (૧) અકાલમાં વર્ષાનો અભાવ (૨) સમયે વર્ષા (૩) અસાધુઓની પૂજાનો અભાવ (૪) સાધુઓની પૂજા (૫) ગુરુજનો પ્રતિ લોકોનો સદ્વ્યવહાર (૬) મનનું સુખ (૭) વચન વ્યવહારનું સુખ.

**વિવેચન :–**

સુષમાકાલ અને દુઃષમાકાલના અન્ય અનેક લક્ષણો છે પરંતુ સાતમું સ્થાન હોવાથી સૂત્રકારે સાત-સાત લક્ષણોનું નિરૂપણ કર્યુ છે. સુષમાકાલ સુખાનુભૂતિજન્ય અને દુઃષમાકાલ દુઃખાનુભૂતિજન્ય લક્ષણોથી યુક્ત હોય છે.

**સંસારી જીવોના પ્રકાર :–**

**૬૯ सत्तविहा संसारसमावण्णगा जीवा पण्णत्ता, तं जहा– णेरइया, तिरिक्ख-जोणिया, तिरिक्खजोणिणीओ, मणुस्सा, मणुस्सीओ, देवा, देवीओ ।**

**ભાવાર્થ :–** સંસાર-સમાપન્નક જીવના સાત પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) નૈરયિક (૨) તિર્યંચ (૩) તિર્યંચાણી (૪) મનુષ્ય (૫) મનુષ્યાણી (૬) દેવ (૭) દેવી.

**અકાળ મરણના કારણો :–**

**૭૦ सत्तविहे आउभेदे पण्णत्ते, तं जहा–**

**अज्झवसाण-णिमित्ते, आहारे वेयणा पराघाए ।**
**फासे आणापाणू, सत्तविहं भिज्जए आउं ॥१॥**

**ભાવાર્થ :–** આયુર્ભેદ (અકાલ-મરણ)ના સાત કારણ છે, તે આ પ્રમાણે છે– (૧) અધ્યવસાન– રાગયુક્ત, દ્વેષયુક્ત, ભયયુક્ત આદિ પરિણામોની તીવ્રતા (૨) નિમિત્ત– શસ્ત્રાઘાત આદિનું નિમિત્ત (૩) આહાર– આહારની ન્યૂનાધિકતા અથવા નિરોધ (૪) વેદના– જ્વર, આતંક, રોગ આદિની તીવ્રતા (૫) પરાઘાત– પરના આઘાતથી ખાડા આદિમાં પડી જવું વગેરે બાહ્ય આઘાત. (૬) સ્પર્શ– સર્પાદિના ડંખ વગેરે સ્પર્શ. (૭) આણપ્રાણ– શ્વાસોશ્વાસનો નિરોધ.

**વિવેચન :–**

**आउभेदे–** આયુષ્યનો ભેદ એટલે વિનાશ. અકાલ મરણને આયુષ્યભેદ કહે છે. જેમ કોઈ વ્યક્તિ પીપર વગેરે ખાદ્ય પદાર્થને ચગળીને કે મમળાવીને ખાય તો લાંબો સમય ચાલે અને તે જ વસ્તુને કકડાવીને ખાઈ જાય તો અલ્પ સમયમાં ખલાસ થઈ જાય છે. તેમ ધીરે-ધીરે લાંબા સમય સુધીના ભોગ્ય દલિકો અકાલ મૃત્યુ સમયે અંતઃમુહૂર્તમાં ભોગવાઈ જાય છે. સપ્તમ સ્થાનના અનુરોધથી અહીં અકાલ

મરણના સાત કારણ બતાવ્યા છે. આ સિવાય રક્તક્ષય, કલેશ વૃદ્ધિ, હિમપાત, વજપાત, અગ્નિ, ઉલ્કાપાત, પર્વત અને વૃક્ષાદિ ઉપરથી પડવાથી પણ અકાલમાં આયુષ્યનો ભેદ-વિનાશ થાય છે.

### કાય, લેશ્યાશ્રિત જીવના પ્રકાર :–

**૭૧ सत्तविहा सव्वजीवा पण्णत्ता, तं जहा– पुढविकाइया, आउकाइया, तेउकाइया, वाउकाइया, वणस्सइकाइया, तसकाइया, अकाइया ।**

**अहवा सत्तविहा सव्वजीवा पण्णत्ता, तं जहा– कण्हलेसा, णीललेसा, काउलेसा, तेउलेसा, पम्हलेसा, सुक्कलेसा, अलेसा ।**

**ભાવાર્થ :–** સર્વ જીવના સાત પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) પૃથ્વીકાય (૨) અપ્કાય (૩) તેજસ્કાય (૪) વાયુકાય (૫) વનસ્પતિકાય (૬) ત્રસકાય (૭) અકાય.

અથવા સર્વ જીવના સાત પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) કૃષ્ણલેશી (૨) નીલલેશી (૩) કાપોતલેશી (૪) તેજોલેશી (૫) પદ્મલેશી (૬) શુકલલેશી (૭) અલેશી.

### બ્રહ્મદત્ત ચક્રવર્તીની ઊંચાઈ, આયુ :–

**૭૨ बंभदत्ते णं राया चाउरंतचक्कवट्टी सत्त धणूइं उड्ढं उच्चत्तेणं, सत्त य वाससयाइं परमाउं पालइत्ता कालमासे कालं किच्चा अहेसत्तमाए पुढवीए अप्पइट्ठाणे णरए णेरइयत्ताए उववण्णे ।**

**ભાવાર્થ :–** ચાતુરંત ચક્રવર્તી રાજા બ્રહ્મદત્ત સાત ધનુષ્ય ઊંચા હતા. તે સાતસો વર્ષનું ઉત્કૃષ્ટ આયુષ્ય પૂર્ણ કરી, મૃત્યુના સમયે મૃત્યુ પામીને, નીચે સાતમી નરક પૃથ્વીમાં અપ્રતિષ્ઠાન નામના નરકાવાસમાં નારકીરૂપે ઉત્પન્ન થયા.

### મલ્લીનાથ પ્રભુના સહ પ્રવ્રજિત રાજાઓ :–

**૭૩ मल्ली णं अरहा अप्पसत्तमे मुंडे भवित्ता अगाराओ अणगारियं पव्वइए, तं जहा– मल्ली विदेहरायवरकण्णगा, पडिबुद्धी इक्खागराया, चंदच्छाये अंगराया, रुप्पी कुणालाहिवई, संखे कासीराया, अदीणसत्तू कुरुराया, जितसत्तू पंचालराया ।**

**ભાવાર્થ :–** મલ્લિ અર્હત પોતાના સહિત સાતની સંગાથે(છ રાજા અને પોતે સાતમા)મુંડિત થઈને અગારથી અણગારિતામાં પ્રવ્રજિત થયા, તે આ પ્રમાણે છે– (૧) વિદેહરાજાની વરકન્યા મલ્લિ (૨) ઈક્ષ્વાકુવંશીય અયોધ્યાના રાજા પ્રતિબુદ્ધિ (૩) અંગ દેશના રાજા ચન્દ્રચ્છાય (૪) કુણાલ દેશના રાજા રુક્મિ (૫) કાશી દેશના રાજા શંખ (૬) કુરુદેશના રાજા અદીનશત્રુ (૭) પંચાલ દેશના રાજા જિતશત્રુ.

### દર્શનના સાત પ્રકાર :–

**૭૪** **सत्तविहे दंसणे पण्णत्ते, तं जहा– सम्मद्दंसणे, मिच्छद्दंसणे, सम्मामिच्छदंसणे, चक्खुदंसणे, अचक्खुदंसणे, ओहिदंसणे, केवलदंसणे ।**

**भावार्थ :–** દર્શનના સાત પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) સમ્યગ્દર્શન– વસ્તુના સ્વરૂપની યથાર્થ શ્રદ્ધા (૨) મિથ્યાદર્શન– વસ્તુના સ્વરૂપની અયથાર્થ શ્રદ્ધા (૩) સમ્યગ્મિથ્યાદર્શન– યથાર્થ અને અયથાર્થ રૂપ મિશ્ર શ્રદ્ધા (૪) ચક્ષુ દર્શન– ચક્ષુદર્શનાવરણીય કર્મના ક્ષયોપશમથી પ્રાપ્ત આંખ દ્વારા પદાર્થોને જોવા, (૫) અચક્ષુ દર્શન– અચક્ષુદર્શનાવરણીય કર્મના ક્ષયોપશમથી પ્રાપ્ત આંખ સિવાયની શેષ ઈન્દ્રિયો અને મનથી પદાર્થોને પરોક્ષ રીતે જોવા (૬) અવધિ દર્શન– અવધિદર્શનાવરણીય કર્મના ક્ષયોપમશથી ઈન્દ્રિયોની સહાયતા વિના આત્માથી રૂપી પદાર્થોને જોવા (૭) કેવલદર્શન– કેવલ દર્શનાવરણીય કર્મના ક્ષયથી સમસ્ત પદાર્થોને જોવા.

### વિવેચન :–

**दंसणे :–** દર્શન શબ્દના અનેક અર્થ છે. શ્રદ્ધા, સામાન્ય બોધ, જોવું વગેરે અર્થમાં દર્શન શબ્દ પ્રયુક્ત થાય છે. પ્રસ્તુત સૂત્રમાં સાત અને સ્થાન-૮, સૂત્ર-૪૧માં સ્વપ્નદર્શન સહિત આઠ પ્રકારના દર્શનનો ઉલ્લેખ છે. તેમાં પ્રથમના ત્રણ પ્રકાર, દર્શનમોહનીય કર્મના ઉદય, ક્ષય, ક્ષયોપશમાદિ સાથે સંબંધિત છે અને ત્યાર પછીના ચાર પ્રકાર, દર્શનાવરણીય કર્મના ક્ષય, ક્ષયોપશમાદિ સાથે સંબંધિત છે.

### છદ્મસ્થ-વીતરાગીને કર્મોનો ઉદય :–

**૭૫** **छउमत्थ–वीयरागे णं मोहणिज्जवज्जाओ सत्त कम्मपयडीओ वेएइ, तं जहा– णाणावरणिज्जं, दंसणावरणिज्जं, वेयणिज्जं, आउयं, णामं, गोयं, अंतराइयं ।**

**भावार्थ :–** છદ્મસ્થ વીતરાગી(૧૧મા તથા ૧૨મા ગુણસ્થાનવર્તી) સાધુ મોહનીય કર્મને છોડીને શેષ સાત કર્મ પ્રકૃતિઓનું વેદન કરે છે, તે આ પ્રમાણે છે– (૧) જ્ઞાનાવરણીય (૨) દર્શનાવરણીય (૩) વેદનીય (૪) આયુષ્ય (૫) નામ (૬) ગોત્ર (૭) અંતરાય.

### છદ્મસ્થ અને કેવળીના જ્ઞાનની ક્ષમતા :–

**૭૬** **सत्त ठाणाइं छउमत्थे सव्वभावेणं ण जाणइ ण पासइ, तं जहा– धम्मत्थिकायं, अधम्मत्थिकायं, आगासत्थिकायं, जीवं असरीरपडिबद्धं, परमाणुपोग्गलं, सद्दं, गंधं।**

**एयाणि चेव उप्पण्णणाण दंसणधरे अरहा जिणे केवली सव्वभावेणं जाणइ पासइ, तं जहा– धम्मत्थिकायं, अधम्मत्थिकायं, आगासत्थिकायं, जीवं असरीर- पडिबद्धं, परमाणुपोग्गलं, सद्दं, गंधं ।**

**ભાવાર્થ :–** છદ્મસ્થ જીવ સાત પદાર્થોને સંપૂર્ણપણે જાણતા નથી અને જોતા નથી, તે આ પ્રમાણે છે– (૧) ધર્માસ્તિકાય (૨) અધર્માસ્તિકાય (૩) આકાશાસ્તિકાય (૪) શરીર રહિત જીવ (૫) પરમાણુ પુદ્‌ગલ (૬) શબ્દ (૭) ગંધ.

પરંતુ સંપૂર્ણ જ્ઞાન અને દર્શનના ધારક એવા અર્હત જિન, કેવલી, આ પદાર્થોને સંપૂર્ણ રૂપે જાણે છે અને જુએ છે, તે આ પ્રમાણે છે– (૧) ધર્માસ્તિકાય (૨) અધર્માસ્તિકાય (૩) આકાશાસ્તિકાય (૪) શરીર મુક્ત જીવ (૫) પરમાણુ પુદ્‌ગલ (૬) શબ્દ (૭) ગન્ધ.

## વિવેચન :–

સ્થાન-૫, ઉદ્દે.-૩, સૂત્ર-૨૭માં કેવળી અને છદ્મસ્થના વિષયભૂત અને અવિષયભૂત પાંચ સ્થાનનું કથન છે. સ્થાન-૬, સૂત્ર-૯માં શબ્દ સહિત છ સ્થાનનું કથન છે. અહીં શબ્દ અને ગંધ સહિત સાત સ્થાનનું નિરૂપણ છે. છદ્મસ્થો શબ્દ અને ગંધને ઈન્દ્રિયો દ્વારા ગ્રહણ કરી શકે છે પરંતુ તેના પુદ્‌ગલો અત્યંત સૂક્ષ્મ હોવાથી તેને જાણી શકતા નથી.

શેષ સંપૂર્ણ વિવરણ પાંચમાં સ્થાન પ્રમાણે જાણવું.

## પ્રભુ મહાવીરની ઊંચાઈ :–

**૭૭ समणे भगवं महावीरे वइरोसभणारायसंघयणे समचउरंस–संठिए सत्त रयणीओ उड्ढं उच्चत्तेणं होत्था ।**

**ભાવાર્થ :–** વજ્રઋષભનારાચ સંહનન અને સમચતુરસ્ર સંસ્થાનવાળા શ્રમણ ભગવાન મહાવીરના શરીરની ઊંચાઈ સાત હાથ પ્રમાણ હતી.

## વિકથા :–

**૭૮ सत्त विकहाओ पण्णत्ताओ, तं जहा– इत्थिकहा, भत्तकहा, देसकहा, रायकहा, मिउकालुणिया, दंसणभेयणी, चरित्तभेयणी ।**

**ભાવાર્થ :–** વિકથાના સાત પ્રકાર છે, તે આ પ્રમાણે છે–

(૧) સ્ત્રીકથા– વિભિન્ન દેશની સ્ત્રીઓની કથા, વાર્તાલાપ. તેમજ પ્રતિપક્ષમાં પુરુષોની કથા પણ સમજવી. (૨) ભક્તકથા– વિભિન્ન દેશોના ભોજન-પાન સંબંધી વાર્તાલાપ. (૩) દેશકથા– વિભિન્ન દેશોની રહેણી-કરણી આદિ સંબંધી વાર્તાલાપ. (૪) રાજ્યકથા– વિભિન્ન રાજ્યના વિધિ-વિધાન આદિ સંબંધિત વાર્તાલાપ. (૫) મૃદુકારુણિકી– ઈષ્ટવિયોગ પ્રદર્શક કરુણરસ પ્રધાન કથા. (૬) દર્શનભેદીની– સમ્યગ્દર્શનનો વિનાશ કરે તેવી કથા. (૭) ચારિત્રભેદિની– સમ્યક્ચારિત્રનો વિનાશ કરે તેવી કથા.

### વિવેચન :–

ચોથા સ્થાનના બીજા ઉદ્દેશક સૂત્ર-૨૧ થી ૨૫માં ચાર પ્રકારની વિકથા કહી છે. તેમાં મૃદુકારુણિકી, દર્શનભેદિની, ચારિત્રભેદિની, આ ત્રણ ભેદ સહિત સાત પ્રકારની વિકથાનું અહીં કથન છે. તેના અર્થ સૂત્રાર્થથી સ્પષ્ટ છે.

### આચાર્ય-ઉપાધ્યાયના અતિશય :–

**૭૧** **आयरिय-उवज्झायस्स णं गणंसि सत्त अइसेसा पण्णत्ता, तं जहा– आयरिय- उवज्झाए अंतो उवस्सयस्स पाए णिगिज्झिय-णिगिज्झिय पप्फोडेमाणे वा पमज्जेमाणे वा णाइक्कमइ । आयरिय-उवज्झाए अंतो उवस्सयस्स उच्चारपासवणं विगिंचमाणे वा विसोहेमाणे वा णाइक्कमइ । आयरिय-उवज्झाए पभू इच्छा वेयावडियं करेज्जा, इच्छा णो करेज्जा । आयरिय-उवज्झाए अंतो उवस्सयस्स एगरायं वा दुरायं वा एगओ वसमाणे णाइक्कमइ । आयरिय-उवज्झाए बाहिं उवस्सयस्स एगरायं वा दुरायं वा ए गओ वसमाणे णाइक्कमइ । उवकरणाइसेसे । भत्तपाणाइसेसे ।**

**ભાવાર્થ :–** ગણમાં આચાર્ય અને ઉપાધ્યાયના સાત અતિશય(વિશેષ અધિકાર) છે, તે આ પ્રમાણે છે–

(૧) આચાર્ય અને ઉપાધ્યાય ઉપાશ્રયમાં પગની ધૂળ ખંખેરે કે પ્રમાર્જિત કરે તો સમાચારીનું ઉલ્લંઘન થતું નથી.(સામાન્ય શ્રમણોને ઉપાશ્રયની બહાર પ્રમાર્જન કરવાનું હોય છે.) (૨) આચાર્ય અને ઉપાધ્યાય ઉપાશ્રયમાં ઉચ્ચાર-પ્રસ્રવણનો વ્યુત્સર્ગ અને વિશોધન કરે તો સમાચારીનું ઉલ્લંઘન થતું નથી. (૩) આચાર્ય અને ઉપાધ્યાય સમર્થ હોય તો પણ બીજા સાધુની વૈયાવચ્ચ ઈચ્છાનુસાર કરે અથવા ન પણ કરે, (૪) આચાર્ય અને ઉપાધ્યાય ઉપાશ્રયમાં એક રાત અથવા બે રાત એકલા રહે તો સમાચારીનું ઉલ્લંઘન થતું નથી. (૫) આચાર્ય અને ઉપાધ્યાય ઉપાશ્રયની બહાર એક અથવા બે રાત એકલા રહે તો સમાચારીનું ઉલ્લંઘન થતું નથી. (૬) આચાર્ય અને ઉપાધ્યાયના ઉપકરણ વિશેષતાવાળા હોય (૭) આચાર્ય ઉપાધ્યાયના ભોજન પાણી વિશેષતા યુક્ત હોય.

### વિવેચન :–

સ્થાન-૫, ઉદ્દે.-૨, સૂત્ર-૬૨માં આચાર્યના પાંચ અતિશયનું નિરૂપણ છે. અહીં ઉપકરણ અતિશય અને ભોજન પાણીના અતિશય સહિત સાત અતિશયનું કથન છે.

**उवकरणाइसेसे :–** ઉપકરણ અતિશય. આચાર્ય, ઉપાધ્યાયના વસ્ત્ર, પાત્ર આદિ ઉપકરણો સામાન્ય સાધુઓથી વર્ણ અને મૂલ્યની અપેક્ષાએ શ્રેષ્ઠ–શ્રેષ્ઠતમ હોય છે અને પરિમાણની અપેક્ષાએ પણ પરિપૂર્ણ હોય છે.

આચાર્યાદિ ગચ્છના નાયક હોવાથી તેને ગણવર્તી સર્વ સાધુઓનું નેતૃત્વ કરવાનું હોય છે. તેથી શાસન હિત, શાસન પ્રભાવના આદિ વિશિષ્ટ પ્રયોજન વશ તેઓ વિભૂષાના ભાવ રાખ્યા વિના શ્રેષ્ઠતમ વસ્ત્ર, પાત્ર આદિ ઉપકરણો ધારણ કરી શકે છે અને વાપરી શકે છે.

**भत्तपाणाइसेसे** :– ભોજન-પાણીનો અતિશય. સામાન્ય રીતે સાધુઓ ગરિષ્ટ પદાર્થોનો આહાર કરતા નથી. પરંતુ આચાર્યાદિને ગચ્છની જવાબદારીનું વહન કરવા માટે કોઈ વિશેષ પ્રકારના આહાર-પાણીની આવશ્યકતા હોય તો સંયમ મર્યાદા અનુસાર પ્રતિદિન વિગયાદિથી યુક્ત સ્નિગ્ધ પદાર્થોનો આહાર કરી શકે છે.

સૂત્રકારનું પ્રસ્તુત કથન આચાર્યાદિ વિશિષ્ટ પદવીધારી સાધકો માટે જ છે. સામાન્ય સાધુઓ માટે તેનું અનુકરણ કરવું હિતાવહ નથી. અન્ય શ્રમણો વસ્ત્રની ઊણોદરી કરતાં બે વસ્ત્ર, એક વસ્ત્ર અને લઘુ વસ્ત્ર આદિ રાખી શકે છે અને ક્ષમતાનુસાર મેલનો પરીષહ સહન કરી શકે છે. તેમ આચાર્ય આદિ કરતા નથી. પ્રસ્તુત બે અતિશયના કથનમાં સૂત્રકારનો અનેકાંત દષ્ટિકોણ પ્રગટ થાય છે.

### આરંભાદિ આશ્રી સંયમ-અસંયમ :–

**૮૦ सत्तविहे संजमे पण्णत्ते, तं जहा– पुढविकाइयसंजमे, आउकाइयसंजमे, तेउकाइयसंजमे, वाउकाइयसंजमे, वणस्सइकाइयसंजमे, तसकाइयसंजमे, अजीव- काइयसंजमे ।**

**ભાવાર્થ** :– સંયમના સાત પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) પૃથ્વીકાય સંયમ (૨) અપ્કાય સંયમ (૩) તેઉકાય સંયમ (૪) વાયુકાય સંયમ (૫) વનસ્પતિકાય સંયમ (૬) ત્રસકાય સંયમ (૭) અજીવકાય સંયમ (અજીવ વસ્તુઓનું ગ્રહણ અને ઉપભોગ યતનાથી અને વિવેકપૂર્વક કરવો.)

**૮૧ सत्तविहे असंजमे पण्णत्ते, तं जहा– पुढविकाइय असंजमे** *जाव* **अजीव- काइय असंजमे ।**

**ભાવાર્થ** :– અસંયમના સાત પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) પૃથ્વીકાય અસંયમ (૨) અપ્કાય અસંયમ (૩) તેઉકાય અસંયમ (૪) વાયુકાય અસંયમ (૫) વનસ્પતિકાય અસંયમ (૬) ત્રસકાય અસંયમ (૭) અજીવકાય અસંયમ-અજીવ વસ્તુઓના ગ્રહણ અને પરિભોગમાં યતના કે વિવેક ન રાખવો.

**૮૨ सत्तविहे आरंभे पण्णत्ते, तं जहा– पुढविकाइय आरंभे** *जाव* **अजीवकाइय- आरंभे । एवं अणारंभे वि । एवं सारंभे वि, एवं असारंभे वि । एवं समारंभे वि, एवं असमारंभे वि ।**

**ભાવાર્થ** :– આરંભના સાત પ્રકાર છે, તે આ પ્રમાણે છે– પૃથ્વીકાય આરંભથી અજીવકાય આરંભ. તે જ પ્રમાણે સાત પ્રકારના અનારંભ છે. તે જ પ્રમાણે(પૂર્વે કહ્યા છે તેમ) સાત પ્રકારના સારંભ અને સાત

પ્રકારના અસારંભ જાણવા. તે જ પ્રમાણે(પૂર્વવત્) સાત પ્રકારના સમારંભ અને સાત પ્રકારના અસમારંભ જાણવા.

## વિવેચન :–

સ્થાન-૫, ઉદ્દેશક-૨, સૂત્ર–૩૮-૪૩માં પાંચ એકેન્દ્રિય જીવોનાં આરંભાદિથી પાંચ પ્રકારના સંયમ, અસંયમનું કથન છે. અહીં ત્રસકાય અને અજીવકાય સહિત સાત પ્રકારના સંયમાદિનું કથન છે.

**संजमे**– પૃથ્વી વગેરે જીવોનું સંઘટન અર્થાત્ સ્પર્શ ન કરવો, પરિતાપ ન પહોંચાડવો કે ઉપદ્રવ ન કરવો તેને સંયમ કહે છે. પૃથ્વીકાય આદિના આરંભથી અસંયમ અને અનારંભથી સંયમ થાય છે.

**अजीव संजमे**– વસ્ત્ર, પાત્ર વગેરે અજીવ છે. તેને યત્નાપૂર્વક ગ્રહણ કરવા, યતનાપૂર્વક મૂકવા તથા યત્નાપૂર્વકનો ઉપભોગ કરવો તેને અજીવ સંયમ કહે છે. **सारंभे**–સરંભ. પૃથ્વી આદિ જીવોના વધનો સંકલ્પ કરવો. **समारंभे**– સમારંભ. પૃથ્વ્યાદિ જીવોને પરિતાપ, દુઃખ પહોંચાડવું. હિંસાદિ પ્રવૃત્તિ માટે સાધન સામગ્રી ભેગી કરવી. **आरंभे**– વધ કરવો. હિંસાદિ પ્રવૃત્તિનો પ્રારંભ કરવો.

## ધાન્યયોનિનું કાલમાન :–

**૮૩ अह भंते! अयसि-कुसुम्भ-कोद्दव-कंगु-रालग-वरट्ट-कोद्दूसग-सण-सरिसव-मूलगबीयाणं एएसिं णं धण्णाणं कोट्ठाउत्ताणं पल्लाउत्ताणं मंचाउत्ताणं मालाउत्ताणं ओलित्ताणं विलित्ताणं लंछियाणं मुद्दियाणं पिहियाणं केवइयं कालं जोणी संचिट्ठइ?**

**गोयमा ! जहण्णेणं अंतोमुहुत्तं, उक्कोसेणं सत्त संवच्छराइं । तेण परं जोणी पमिलायइ, तेण णरं जोणी विद्धंसइ, तेण परं जोणी पविद्धंसइ, तेण परं बीए अबीए भवइ, तेण परं जोणीवोच्छेदे पण्णत्ते ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! અળસી, કુસુમ્ભ, કોદ્રવ, કંગુ(કાંગ), રાળ, વરટ(ગોળ ચણા) કોદ્રવ વિશેષ, સણ, સરસવ, મૂળાના-બી, આદિ ધાન્ય જે કોઠાગારમાં, પલ્યમાં, મંચમાં, મેડામાં રહેલું છે, અવલિપ્ત, લિપ્ત, લાંછિત, મુદ્રિત, પિહિત છે. તેની યોનિ(ઉત્પાદક શક્તિ) કેટલા કાળ સુધી રહે છે ?

ઉત્તર– હે ગૌતમ ! તેની યોનિ જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ સાત વર્ષ રહે છે. ત્યાર પછી યોનિ મ્લાન થઈ જાય છે, ત્યારપછી વિધ્વસ્ત થઈ જાય છે, ત્યારપછી પ્રવિધ્વસ્ત થઈ જાય છે, બીજ અબીજ થઈ જાય છે અને ત્યારપછી યોનિનો પૂર્ણતયા વ્યવછેદ થાય છે.

## વિવેચન :–

સૂત્રકારે સ્થાન-૩, ઉદ્દે.-૧, સૂત્ર-૫૫માં ધાન્યની ત્રણ વર્ષની યોનિ સ્થિતિનું, સ્થાન-૫, ઉદ્દે.-૩,

સૂત્ર-૪૧માં ધાન્યની પાંચ વર્ષની યોનિ સ્થિતિ અને આ સૂત્રમાં ધાન્યની ઉત્કૃષ્ટ ૭ વર્ષની યોનિ સ્થિતિનું કથન કર્યુ છે. સાત વર્ષ પછી ધીરે ધીરે અળસી, કાંગાદિ ધાન્યની ઉત્પાદન શક્તિ ઘટતાં-ઘટતાં નાશ પામે છે. વગેરે સંપૂર્ણ વિવરણ ત્રીજા સ્થાન પ્રમાણે જાણવું.

**આયુષ્ય સ્થિતિ :–**

**૮૪ बायरआउकाइयाणं उक्कोसेणं सत्त वाससहस्साइं ठिई पण्णत्ता ।**

**ભાવાર્થ :–** બાદર અપ્કાયિક જીવોની સ્થિતિ સાત હજાર વર્ષની છે.

**૮૫ तच्चाए णं वालुयप्पभाए पुढवीए उक्कोसेणं णेरइयाणं सत्त सागरोवमाइं ठिई पण्णत्ता ।**

**ભાવાર્થ :–** ત્રીજી વાલુકાપ્રભા પૃથ્વીના નૈરયિકોની ઉત્કૃષ્ટ સ્થિતિ સાત સાગરોપમની છે.

**૮૬ चउत्थीए णं पंकप्पभाए पुढवीए जहण्णेणं णेरइयाणं सत्त सागरोवमाइं ठिई पण्णत्ता ।**

**ભાવાર્થ :–** ચોથી પંકપ્રભા પૃથ્વીના નારક જીવોની જઘન્ય સ્થિતિ સાત સાગરોપમની છે.

**અગ્રમહિષીઓ :–**

**૮૭ सक्कस्स णं देविंदस्स देवरण्णो वरुणस्स महारण्णो सत्त अग्गमहिसीओ पण्णत्ताओ ।**

**ભાવાર્થ :–** દેવેન્દ્ર દેવરાજ શક્રેન્દ્રના લોકપાલ મહારાજ ‘વરુણ’ની સાત અગ્રમહિષીઓ છે.

**૮૮ ईसाणस्स णं देविंदस्स देवरण्णो सोमस्स महारण्णो सत्त अग्गमहिसीओ पण्णत्ताओ ।**

**ભાવાર્થ :–** દેવેન્દ્ર દેવરાજ ઈશાનના લોકપાલ મહારાજ 'સોમ'ની સાત અગ્રમહિષીઓ છે.

**૮૯ ईसाणस्स णं देविंदस्स देवरण्णो जमस्स महारण्णो सत्त अग्गमहिसीओ पण्णत्ताओ ।**

**ભાવાર્થ :–** દેવેન્દ્ર દેવરાજ ઈશાનના લોકપાલ મહારાજ યમની સાત અગ્રમહિષીઓ છે.

## દેવ સ્થિતિ, પરિવાર, ઊંચાઈ આદિ :–

**૯૦ ईसाणस्स णं देविंदस्स देवरण्णो अब्भिंतरपरिसाए देवाणं सत्त पलिओवमाइं ठिई पण्णत्ता ।**

**ભાવાર્થ :–** દેવેન્દ્ર દેવરાજ ઈશાનના આભ્યંતર પરિષદ્‌ના દેવોની સ્થિતિ સાત પલ્યોપમની છે.

**૯૧ सक्कस्स णं देविंदस्स देवरण्णो अग्गमहिसीणं देवीणं सत्त पलिओवमाइं ठिई पण्णत्ता ।**

**ભાવાર્થ :–** દેવેન્દ્ર દેવરાજ શક્રની અગ્રમહિષી દેવીઓની સ્થિતિ સાત પલ્યોપમની છે.

**૯૨ सोहम्मे कप्पे परिग्गहियाणं देवीणं उक्कोसेणं सत्त पलिओवमाइं ठिई पण्णत्ता ।**

**ભાવાર્થ :–** સૌધર્મદેવલોકમાં પરિગૃહીતા દેવીઓની ઉત્કૃષ્ટ સ્થિતિ સાત પલ્યોપમની છે.

**૯૩ सारस्सयमाइच्चाणं देवाणं सत्त देवा सत्तदेवसया पण्णत्ता ।**

**ભાવાર્થ :–** સારસ્વત અને આદિત્ય લોકાંતિક દેવોના સ્વામીરૂપે સાત દેવો છે અને તેને સાતસો દેવોનો પરિવાર છે. (તે વિમાનમાં મુખ્ય સાત-સાત દેવો રહે છે)

**૯૪ गद्दतोयतुसियाणं देवाणं सत्त देवा सत्त देवसहस्सा पण्णत्ता ।**

**ભાવાર્થ :–** ગર્દતોય અને તુષિત લોકાન્તિક દેવોના સ્વામીરૂપે સાત દેવો છે અને તેને સાત હજાર દેવોનો પરિવાર છે.

**૯૫ सणंकुमारे कप्पे देवाणं उक्कोसेणं सत्त सागरोवमाइं ठिई पण्णत्ता ।**

**ભાવાર્થ :–** સનત્કુમારકલ્પમાં દેવોની ઉત્કૃષ્ટ સ્થિતિ સાત સાગરોપમની છે.

**૯૬ माहिंदे कप्पे देवाणं उक्कोसेणं साइरेगाइं सत्त सागरोवमाइं ठिई पण्णत्ता ।**

**ભાવાર્થ :–** માહેન્દ્રકલ્પમાં દેવોની ઉત્કૃષ્ટ સ્થિતિ સાત સાગરોપમથી કંઈક અધિક છે.

**૯૭ बंभलोगे कप्पे देवाणं जहण्णेणं सत्त सागरोवमाइं ठिई पण्णत्ता ।**

**ભાવાર્થ :–** બ્રહ્મલોકકલ્પમાં દેવોની જઘન્ય સ્થિતિ સાત સાગરોપમની છે.

**९८ बंभलोय-लंतएसु णं कप्पेसु विमाणा सत्त जोयणसयाइं उड्ढं उच्चत्तेणं पण्णत्ता ।**

**ભાવાર્થ :–** બ્રહ્મલોક અને લાંતક કલ્પમાં વિમાનોની ઊંચાઈ સાતસો યોજનની કહી છે.

**९९ भवणवासीणं देवाणं भवधारणिज्जा सरीरगा उक्कोसेणं सत्त रयणीओ उड्ढं उच्चत्तेणं पण्णत्ता । एवं वाणमंतराणं । एवं जोइसियाणं ।**

**ભાવાર્થ :–** ભવનવાસી દેવોના ભવધારણીય શરીરની ઉત્કૃષ્ટ ઊંચાઈ સાત હાથની છે. તે જ પ્રમાણે વાણવ્યંતર અને જ્યોતિષી દેવોની ઊંચાઈ સાત હાથની છે.

**१०० सोहम्मीसाणेसु णं कप्पेसु देवाणं भवधारणिज्जा सरीरगा उक्कोसेणं सत्त रयणीओ उड्ढं उच्चत्तेणं पण्णत्ता ।**

**ભાવાર્થ :–** સૌધર્મ અને ઈશાનકલ્પના દેવોના ભવધારણીય શરીરની ઊંચાઈ સાત હાથની છે.

### નંદીશ્વરદ્વીપના અંતરાલના દ્વીપ-સમુદ્રો :–

**१०१ णंदिस्सरवरस्स णं दीवस्स अंतो सत्त दीवा पण्णत्ता, तं जहा– जंबुद्दीवे, धायइसंडे, पुक्खरवरे, वरुणवरे, खीरवरे, घयवरे, खोयवरे ।**

**ભાવાર્થ :–** નંદીશ્વર દ્વીપના અંતરાલમાં સાત દ્વીપ છે, તે આ પ્રમાણે છે– (૧) જંબૂદ્વીપ (૨) ધાતકી ખંડ (૩) પુષ્કરવર (૪) વરુણવર (૫) ક્ષીરવર (૬) ઘૃતવર (૭) ક્ષોદવર દ્વીપ.

**१०२ णंदीसरवरस्स णं दीवस्स अंतो सत्त समुद्दा पण्णत्ता, तं जहा– लवणे, कालोदे, पुक्खरोदे, वरुणोदे, खीरोदे, घओदे, खोओदे ।**

**ભાવાર્થ :–** નંદીશ્વર દ્વીપના અંતરાલમાં સાત સમુદ્ર છે, તે આ પ્રમાણે છે– (૧) લવણ સમુદ્ર (૨) કાલોદ (૩) પુષ્કરોદ (૪) વરુણોદ (૫) ક્ષીરોદ (૬) ઘૃતોદ (૭) ક્ષોદોદ.

### વિવેચન :–

મધ્યલોકમાં એક દ્વીપ અને એક સમુદ્ર તેમ અસંખ્ય દ્વીપ સમુદ્રો છે. તેમાં નંદીશ્વર દ્વીપ આઠમો દ્વીપ છે. તેથી તેના અંતરાલમાં સાત દ્વીપ અને સાત સમુદ્રો છે.

### સાત પ્રકારની શ્રેણીઓ :–

**१०३ सत्त सेढीओ पण्णत्ताओ, तं जहा– उज्जुआयता, एगओवंका,**

**दुहओवंका, एगओखहा, दुहओखहा, चक्कवाला, अद्धचक्कवाला ।**

**ભાવાર્થ :–** શ્રેણી(આકાશ પ્રદેશની પંક્તિઓ) સાત છે, તે આ પ્રમાણે– (૧) ઋજુ આયતા– સીધી અને લાંબી શ્રેણી (૨) એકતો વક્રા– એક દિશામાં વક્ર શ્રેણી (૩) દ્વિતો વક્રા– બે દિશામાં વક્ર શ્રેણી (૪) એકતઃ ખહા– એક દિશામાં અંકુશની જેમ વળેલી શ્રેણી. જેની એક બાજુ (છેડે) ત્રસનાડીનું આકાશ હોય (૫) દ્વિતઃ ખહા– બંન્ને દિશાઓમાં અંકુશની જેમ વળેલી શ્રેણી. તેની બંન્ને બાજુ ત્રસનાડીની બહારનું આકાશ હોય (૬) ચક્રવાલા– ચક્રની જેમ વલયાકાર શ્રેણી (૭) અર્ધ ચક્રવાલા– અર્ધ ચંદ્રની જેમ અર્ધવલયાકાર શ્રેણી.

## વિવેચન :-

**सेढीओ** = શ્રેણીઓ. જીવ અને પુદ્‌ગલનું સ્વાભાવિક ગમન આકાશ પ્રદેશની પંક્તિ અનુસાર થાય છે. જીવ અને પુદ્‌ગલની ગતિના માધ્યમરૂપ આ આકાશપ્રદેશની પંક્તિઓને શ્રેણિ કહે છે. તે શ્રેણીઓ તાણા-વાણાની જેમ આખા લોકમાં વ્યાપ્ત છે. જીવ પુદ્‌ગલની આ સ્વાભાવિક ગતિ અને પરપ્રેરિતગતિના આધારે પ્રસ્તુતમાં સાતશ્રેણી નિર્દિષ્ટ છે.

**(१) उज्जुआयता–** ઋજુઆયતા. જીવ અને પુદ્‌ગલ ઊર્ધ્વલોકથી અધોલોક, અધોલોકથી ઊર્ધ્વલોકમાં, પૂર્વથી પશ્ચિમ આદિ દિશામાં ગમન કરતાં એક પણ વળાંક ન લેતાં સમરેખામાં ગતિ કરે તે માર્ગને ઋજુઆયતા શ્રેણિ કહે છે.

**(२) एगओवंका–** એકતોવક્રા. આકાશપ્રદેશની શ્રેણીઓ તાણા-વાણાની જેમ આડી અને ઊભી સીધી-ઋજુ જ હોય છે. તેમાં વળાંક હોતા નથી. આ માર્ગે ગમન કરતાં જીવ અને પુદ્‌ગલ વળાંક લે તે અપેક્ષાએ શ્રેણીને વક્ર કહેવામાં આવે છે. એક વળાંકવાળી શ્રેણી એટલે જીવ અને પુદ્‌ગલની એક વળાંકવાળી ગતિનો માર્ગ. જીવ અને પુદ્‌ગલ એક શ્રેણી પર ઋજુગતિએ ગમન કરતા જ્યારે બીજી શ્રેણી પર જાય ત્યારે તેને વળાંક લેવો પડે છે અને તે માર્ગને એકતોવક્રા શ્રેણી કહે છે. જેમ કે કોઈ જીવ કે પુદ્‌ગલને અધોસ્થાનના પૂર્વભાગમાંથી ઊર્ધ્વ સ્થાનના પશ્ચિમભાગમાં જવાનું હોય ત્યારે તે પ્રથમ ઊર્ધ્વ સ્થાનની પૂર્વદિશામાં ઋજુગતિથી પહોંચે અને ત્યાંથી વળાંક લઈ પશ્ચિમ દિશામાં જાય.

**(३) दुहओवंका–** દ્વિતોવક્રા. જીવ અને પુદ્‌ગલ બે વળાંક લઈ ગતિ કરે તે માર્ગને દ્વિતોવક્રા શ્રેણી કહે છે. જેમ કે કોઈ જીવ કે પુદ્‌ગલ ઊર્ધ્વસ્થાનના અગ્નિકોણમાંથી અધોસ્થાનના વાયવ્યકોણમાં જાય ત્યારે તે પ્રથમ સમયે અગ્નિકોણથી તિરછી ગતિ કરી નૈઋત્ય તરફ જાય છે. ત્યાં વળાંક લઈ બીજા સમયે વાયવ્ય તરફ જાય અને ત્યાં વળાંક લઈ ત્રીજા સમયે અધોસ્થાનના વાયવ્યકોણમાં પહોંચે છે. બે વળાંકવાળી ગતિમાં ત્રણ સમય વ્યતીત થાય છે. આ શ્રેણી ત્રસનાડી, સ્થાવરનાડી બંનેમાં હોય છે.

**(४) एगओखहा–** એકતઃખહા. જેની એકબાજુ ત્રસનાડીનું આકાશ અને એક બાજુ અંકુશની જેમ વળાંકવાળી ગતિ-ગમન માર્ગ હોય. જેમ કે કોઈ સ્થાવર જીવ કે પુદ્‌ગલ ત્રસનાડીની ડાબી બાજુથી

ત્રસનાડીમાં પ્રવેશ કરી, બે-ત્રણ વળાંક લઈ નિયત સ્થાને પહોંચે છે. તે ત્રસનાડીની બહારનું આકાશ એટલે સ્થાવર નાડીનું આકાશ એક બાજુ સ્પર્શે છે. તેથી તેને એકતઃખહા કહે છે. તેમાં એકતોવક્રા, દ્વિતોવક્રાની જેમ વળાંકવાળી ગતિ હોય છે. ત્રસનાડીના સ્પર્શની અપેક્ષાએ એકતોવક્રા અને દ્વિતોવક્રાથી તે અલગ છે.

(૫) **दुहओखहा–** દ્વિતઃખહા. કોઈ જીવ કે પુદ્‌ગલ સ્થાવરનાડીમાંથી ત્રસનાડીમાં કોઈપણ એકબાજુથી પ્રવેશ કરી, બે કે ત્રણ વળાંક લઈ ત્રસનાડીની બીજી બાજુ સ્થાવર નાડીમાં રહેલા નિયત સ્થાને પહોંચે છે. ત્યારે આ શ્રેણી(માર્ગ) ત્રસનાડીની બહાર બંને બાજુના આકાશને સ્પર્શે છે. તેથી તેને દ્વિતોખહા કહે છે.

(૬) **चक्कवाला–** ચક્રવાલ. ગોળાકાર ગતિ. જીવ અને પુદ્‌ગલની સ્વાભાવિક ગતિ આકાશ શ્રેણી અનુસાર થાય છે. તેથી તેની ગોળાકાર ગતિ સંભવિત નથી. જીવ અને પુદ્‌ગલની પરપ્રેરિત ગતિ ચક્રવાલ હોય શકે છે.

(૭) **अद्धचक्कवाला–** અર્ધચક્રવાલ. અર્ધ ગોળાકાર શ્રેણી. અર્ધચક્રવાલ ગતિ પણ પરપ્રેરિત ગતિની અપેક્ષાએ સમજવી.

### ઈન્દ્રોની સેના અને સેનાપતિ :–

**૧૦૪ चमरस्स णं असुरिंदस्स असुरकुमाररण्णो सत्त अणिया, सत्त अणियाहिवई पण्णत्ता, तं जहा– पायत्ताणिए, पीढाणिए, कुंजराणिए, महिसाणिए, रहाणिए, णट्टाणिए, गंधव्वाणिए ।**

**दुमे पायत्ताणियाहिवई, सोदामे आसराया पीढाणियाहिवई, कुंथू हत्थिराया कुंजराणियाहिवई, लोहियक्खे महिसाणियाहिवई, किण्णरे रहाणियाहिवई, रिट्ठे णट्टाणियाहिवई, गीयरई गंधव्वाणियाहिवई ।**

**ભાવાર્થ :–** અસુરેન્દ્ર અસુરકુમારરાજ ચમરની સાત સેના અને સાત સેનાધિપતિઓ છે, તે આ પ્રમાણે છે– સેના (૧) પાયદળસેના (૨) અશ્વસેના (૩) હસ્તિસેના (૪) મહિષસેના (૫) રથસેના (૬) નર્તક સેના (૭) ગન્ધર્વ(ગાયક) સેના.

સેનાપતિ (૧) પાયદળસેનાના અધિપતિ 'દ્રુમ' છે (૨) અશ્વસેનાના અધિપતિ 'અશ્વરાજ સોદામ' છે (૩) હસ્તિસેનાના અધિપતિ 'હસ્તિરાજ કુંથુ' છે (૪) મહિષસેનાના અધિપતિ 'લોહિતાક્ષ' છે (૫) રથસેનાના અધિપતિ 'કિન્નર' છે (૬) નર્તકસેનાના અધિપતિ 'રિષ્ટ' છે (૭) ગન્ધર્વસેનાના અધિપતિ 'ગીતરતિ' છે.

**૧૦૫ बलिस्स णं वइरोयणिंदस्स वइरोयणरण्णो सत्ताणिया, सत्त अणियाहिवई, पण्णत्ता, तं जहा– पायत्ताणिए** *जाव* **गंधव्वाणिए ।**

**महद्दुमे पायत्ताणियाहिवई** *जाव* **किंपुरिसे रहाणियाहिवई, महारिट्ठे णट्टा- णियाहिवई, गीतजसे गंधव्वाणियाहिवई ।**

**ભાવાર્થ :–** વૈરોચનેન્દ્ર વૈરોચનરાજ બલીની સાત સેના અને સાત સેનાધિપતિઓ છે, તે આ પ્રમાણે છે– (૧) પાયદળસેના (૨) અશ્વસેના (૩) હસ્તિસેના (૪) મહિષસેના (૫) રથસેના (૬) નર્તકસેના (૭) ગંધર્વસેના.

**સેનાપતિ :–** (૧) પાયદળ સેનાના અધિપતિ 'મહાદ્રુમ' છે (૨) અશ્વસેનાના અધિપતિ 'અશ્વરાજ મહાસુદામા' છે (૩) હસ્તિસેનાના અધિપતિ 'હસ્તિરાજ માલંકાર' છે (૪) મહિષસેનાના અધિપતિ 'મહાલોહિતાક્ષ' છે (૫) રથસેનાના અધિપતિ 'કિંપુરુષ' છે (૫) નર્તકસેનાના અધિપતિ 'મહારિષ્ટ' છે (૬) ગાયકસેનાના અધિપતિ 'ગીતયશ' છે.

**१०६ धरणस्स णं णागकुमारिंदस्स नागकुमाररण्णो सत्त अणिया, सत्त अणियाहिवई पण्णत्ता, तं जहा– पायत्ताणिए** *जाव* **गंधव्वाणिए ।**

**भद्दसेणे पायत्ताणियाहिवई** *जाव* **आणंदे रहाणियाहिवई, णंदणे णट्टाणियाहिवई, तेतली गंधव्वाणियाहिवई ।**

**ભાવાર્થ :–** નાગકુમારેન્દ્ર નાગકુમારરાજ ધરણની સાત સેના અને સાત સેનાધિપતિ છે, તે આ પ્રમાણે છે– (૧) પાયદળસેના (૨) અશ્વસેના (૩) હસ્તિસેના (૪) મહિષસેના (૫) રથસેના (૬) નર્તકસેના (૭) ગંધર્વસેના.

સેનાપતિ– (૧) પાયદળ સેનાના અધિપતિ 'ભદ્રસેન' છે (૨) અશ્વસેનાના અધિપતિ 'અશ્વરાજ યશોધર' છે (૩) હસ્તિસેનાના અધિપતિ 'હસ્તિરાજ સુદર્શન' છે (૪) મહિષસેનાના અધિપતિ 'નીલકંઠ' છે (૫) રથસેનાના અધિપતિ 'આનંદ' છે (૬) નર્તકસેનાના અધિપતિ 'નંદન' છે (૭) ગંધર્વસેનાના અધિપતિ 'તેતલી' છે.

**१०७ भूयाणंदस्स णं णागकुमारिंदस्स णागकुमाररण्णो सत्त अणिया, सत्त अणिया- हिवई पण्णत्ता, तं जहा– पायत्ताणिए** *जाव* **गंधव्वाणिए ।**

**दक्खे पायत्ताणियाहिवई** *जाव* **णंदुत्तरे रहाणियाहिवई, रती णट्टाणियाहिवई, माणसे गंधव्वाणियाहिवई ।**

**ભાવાર્થ :–** નાગકુમારેન્દ્ર નાગકુમારરાજ ભૂતાનંદની સાત સેના અને સાત સેનાધિપતિ છે, તે આ પ્રમાણે છે–

સેના– (૧) પાયદળસેના (૨) અશ્વસેના (૩) હસ્તિસેના (૪) મહિષસેના (૫) રથસેના (૬) નર્તકસેના (૭) ગંધર્વસેના.

સેનાપતિ– (૧) પાયદળ સેનાના અધિપતિ 'દક્ષ' છે (૨) અશ્વસેનાના અધિપતિ 'અશ્વરાજ સુગ્રીવ' છે (૩) હસ્તિસેનાના અધિપતિ 'હસ્તિરાજ સુવિક્રમ' છે (૪) મહિષસેનાના અધિપતિ 'શ્વેતકંઠ' છે (૫) રથસેનાના અધિપતિ 'નન્દોત્તર' છે (૬) નર્તકસેનાના અધિપતિ 'રતિ' છે (૭) ગંધર્વસેનાના અધિપતિ 'માનસ' છે.

**૧૦૮ जहा धरणस्स तहा सव्वेसिं दाहिणिल्लाणं** *जाव* **घोसस्स ।**

**ભાવાર્થ :–** જે રીતે ધરણની સેના અને સેનાપતિ છે, તેવી રીતે દક્ષિણ દિશાના ભવનવાસી દેવોના ઇન્દ્ર, વેણુદેવ, હરિકાન્ત, અગ્નિશિખ, પૂર્ણ, જલકાન્ત, અમિતગતિ, વેલંબ અને ઘોષની સાત-સાત સેના અને સાત-સાત સેનાપતિ જાણવા.

**૧૦૯ जहा भूयाणंदस्स तहा सव्वेसिं उत्तरिल्लाणं** *जाव* **महाघोसस्स ।**

**ભાવાર્થ :–** જે રીતે ભૂતાનંદની સેના અને સેનાપતિ છે, તે રીતે ઉત્તરદિશાના ભવનવાસી દેવોના ઇન્દ્ર વેણુદાલિ, હરિસ્સહ, અગ્નિમાનવ, વિશિષ્ટ, જલપ્રભ, અમિતવાહન, પ્રભંજન અને મહાઘોષની પણ સાત-સાત સેના અને સાત-સાત સેનાપતિ જાણવા.

**૧૧૦ सक्कस्स णं देविंदस्स देवरण्णो सत्त अणिया, सत्त अणियाहिवई पण्णत्ता, तं जहा– पायत्ताणीए** *जाव* **रहाणिए, णट्टाणिए, गंधव्वाणिए ।**

**हरिणेगमेसी पायत्ताणियाहिवई** *जाव* **माढरे रहाणियाहिवई, सेए णट्टा-णियाहिवई, तुंबुरु गंधव्वाणियाहिवई ।**

**ભાવાર્થ :–** દેવેન્દ્ર દેવરાજ શક્રની સાત સેના અને સાત સેનાધિપતિ છે, તે આ પ્રમાણે છે– સેના– (૧) પાયદળસેના (૨) અશ્વસેના (૩) હસ્તિસેના (૪) વૃષભસેના (૫) રથસેના (૬) નર્તકસેના (૭) ગંધર્વસેના.

સેનાપતિ– (૧) પાયદળ સેનાના અધિપતિ 'હરિણૈગમેષી' છે (૨) અશ્વસેનાના અધિપતિ 'અશ્વરાજ વાયુ' છે (૩) હસ્તિસેનાના અધિપતિ 'હસ્તિરાજ ઐરાવણ' છે (૪) વૃષભસેનાના અધિપતિ 'દામર્દ્ધિ' છે (૫) રથસેનાના અધિપતિ 'માઠર' છે (૬) નર્તકસેનાના અધિપતિ 'શ્વેત' છે (૭) ગંધર્વસેનાના અધિપતિ 'તુંબુરુ' છે.

**૧૧૧ ईसाणस्स णं देविंदस्स देवरण्णो सत्त अणिया, सत्त अणियाहिवई पण्णत्ता, तं जहा– पायत्ताणिए** *जाव* **गंधव्वाणिए ।**

**लहुपरक्कमे पायत्ताणियाहिवई** *जाव* **महासेए णट्टाणियाहिवई, रते गंधव्वा- णियाहिवई ।**

**ભાવાર્થ :–** દેવેન્દ્ર દેવરાજ ઈશાનની સાત સેના અને સાત સેનાપતિ છે, તે આ પ્રમાણે છે–

સેના– (૧) પાયદળસેના (૨) અશ્વસેના (૩) હસ્તિસેના (૪) વૃષભસેના (૫) રથસેના (૬) નર્તકસેના (૭) ગંધર્વસેના.

સેનાપતિ– (૧) પદાતિસેનાના અધિપતિ ‘લઘુપરાક્રમ’ છે (૨) અશ્વસેનાના અધિપતિ ‘અશ્વરાજ મહાવાયુ’ છે (૩) હસ્તિસેનાના અધિપતિ ‘હસ્તિરાજ પુષ્પદંત’ છે (૪) વૃષભસેનાના અધિપતિ ‘મહાદામર્દ્ધિ’ છે (૫) રથસેનાના અધિપતિ ‘મહામાઠર’ છે (૬) નર્તકસેનાના અધિપતિ ‘મહાશ્વેત’ છે (૭) ગંધર્વસેનાના અધિપતિ 'રત' છે.

**૧૧૨ जहा सक्कस्स तहा सव्वेसिं दाहिणिल्लाणं** *जाव* **आरणस्स ।**

**ભાવાર્થ :–** જેવી રીતે શક્રની સેના અને સેનાપતિ છે, તેવી રીતે દેવેન્દ્ર દેવરાજ સનત્કુમાર, બ્રહ્મ, શુક્ર, આનત અને આરણ, આ સર્વ દક્ષિણેન્દ્રોની સાત-સાત સેના અને સાત-સાત સેનાપતિ જાણવા.

**૧૧૩ जहा ईसाणस्स तहा सव्वेसिं उत्तरिल्लाणं** *जाव* **अच्चुयस्स ।**

**ભાવાર્થ :–** જેવી રીતે ઈશાનેન્દ્રની સેના અને સેનાપતિ છે, તેવી રીતે દેવેન્દ્ર દેવરાજ, માહેન્દ્ર, લાંતક, સહસ્રાર, પ્રાણત અને અચ્યુત, આ સર્વ ઉત્તરેન્દ્રોની પણ સાત-સાત સેના અને સાત-સાત સેનાપતિ જાણવા.

**૧૧૪ चमरस्स णं असुरिंदस्स असुरकुमाररण्णो दुमस्स पायत्ताणियाहिवई सत्त कच्छाओ पण्णत्ताओ, तं जहा– पढमा कच्छा** *जाव* **सत्तमा कच्छा ।**

**ભાવાર્થ :–** અસુરેન્દ્ર અસુરકુમારરાજ ચમરની પાયદળસેનાના અધિપતિ દ્રુમની સાત કક્ષા છે, તે આ પ્રમાણે છે– પહેલી કક્ષા ***યાવત્*** સાતમી કક્ષા.

**૧૧૫ चमरस्स णं असुरिंदस्स असुरकुमाररण्णो दुमस्स पायत्ताणियाहिवइस्स पढमाए कच्छाए चउसट्ठि देवसहस्सा पण्णत्ता । जावइया पढमा कच्छा तब्बिगुणा दोच्चा कच्छा । जावइया दोच्चा कच्छा तब्बिगुणा तच्चा कच्छा । एवं** *जाव* **जावइया छट्ठा कच्छा तब्बिगुणा सत्तमा कच्छा ।**

**ભાવાર્થ :–** અસુરેન્દ્ર અસુરકુમારરાજ ચમરની પાયદળ સેનાના અધિપતિ દ્રુમની પહેલી કક્ષામાં ૬૪ હજાર દેવો છે. બીજી કક્ષામાં બમણા ૧,૨૮,૦૦૦(એક લાખ અઠ્યાવીસ હજાર) દેવો છે, ત્રીજી કક્ષામાં તેનાથી બમણા ૨,૫૬,૦૦૦(બે લાખ છપ્પન હજાર) દેવો છે. આ રીતે બમણા બમણા કરતાં ૭મી કક્ષામાં ૪૦,૯૬,૦૦૦(ચાલીસ લાખ, છન્નું હજાર) દેવો જાણવા.

**૧૧૬ एवं बलिस्सवि, णवरं महद्दुमे सट्ठिदेवसाहस्सिओ । सेसं तं चेव ।**

**ભાવાર્થ :–** તે જ રીતે વૈરોચનેન્દ્ર વૈરોચનરાજ બલિના પાયદળ સેનાના અધિપતિ મહાદ્રુમની પહેલી

કક્ષામાં ૬૦ હજાર દેવ છે. ત્યાર પછીની કક્ષામાં ક્રમશઃ બમણા-બમણા હોય છે. આ રીતે બમણા-બમણા કરતાં સાતમી કક્ષમાં ૩૮,૪૦,૦૦૦(આડત્રીસ લાખ ચાલીસ હજાર) દેવો જાણવા.

**११७ धरणस्स एवं चेव, णवरं अट्ठावीसं देवसहस्सा । सेसं तं चेव ।**

**ભાવાર્થ :–** તે જ રીતે નાગકુમારેન્દ્ર નાગકુમારરાજ ધરણની પાયદળ સેનાના અધિપતિ ભદ્રસેનની પહેલી કક્ષામાં ૨૮ હજાર દેવો છે. ત્યાર પછીની કક્ષાઓમાં ક્રમશઃ બમણા-બમણા કરતાં સાતમી કક્ષામાં ૧૭,૯૨,૦૦૦(સત્તર લાખ બાણું હજાર) દેવો જાણવા.

**११८ जहा धरणस्स तहा** *जाव* **महाघोसस्स, णवरं पायत्ताणियाहिवई अण्णे, ते पुव्वभणिया ।**

**ભાવાર્થ :–** ધરણની સમાન જ મહાઘોષ સુધી સર્વ ઈન્દ્રના પાયદળ સેનાપતિઓની કક્ષાના દેવોની સંખ્યા જાણવી. વિશેષતા એ છે કે તેઓના દક્ષિણ અને ઉત્તર દિશાના પાયદળ સેનાપતિ ભિન્ન ભિન્ન છે. જે પૂર્વકથિત છે.

**११९ सक्कस्स णं देविंदस्स देवरण्णो हरिणेगमेसिस्स सत्त कच्छाओ पण्णत्ताओ, तं जहा– पढमा कच्छा एवं जहा चमरस्स तहा** *जाव* **अच्चुयस्स । णाणत्तं पायत्ताणियाहिवईणं । ते पुव्वभणिया । देवपरिमाणं इमं– सक्कस्स चउरासीइं देवसहस्सा, ईसाणस्स असीइं देवसहस्साइं** *जाव* **अच्चुयस्स लहुपरक्कमस्स दस देवसहस्सा, एवं** *जाव* **जावइया छट्ठा कच्छा तब्बिगुणा सत्तमा कच्छा देवा इमाए गाहाए अणुगंतव्वा–**

**चउरासीइ असीइ, बावत्तरी सत्तरी य सट्ठी य ।**
**पण्णा चत्तालीसा, तीसा वीसा य दससहस्सा ॥१॥**

**ભાવાર્થ :–** દેવેન્દ્ર દેવરાજ શક્રના પાયદળ સેનાના અધિપતિ હરિનૈગમેષીની સાત કક્ષા છે, તે આ પ્રમાણે છે– પહેલી કક્ષાથી સાતમી કક્ષા. જેમ ચમરની સાત કક્ષા કહી, તેવી રીતે અચ્યુત કલ્પ સુધીના સર્વ દેવેન્દ્રોની પાયદળ સેનાના અધિપતિઓની સાત-સાત કક્ષા જાણવી.

તેઓના પાયદળ સેનાના અધિપતિઓના જુદા-જુદા નામોનું કથન પહેલા કર્યું છે. તેઓની પ્રથમ કક્ષાઓના દેવોનું પરિમાણ (સંખ્યા), આ પ્રકારે છે–

શક્રની પાયદળ સેનાની પહેલી કક્ષામાં ૮૪,૦૦૦ દેવો છે. ઈશાનની પાયદળ સેનાની પહેલી કક્ષામાં ૮૦,૦૦૦ દેવો ***યાવત્*** અચ્યુતના લઘુપરાક્રમ સેનાધિપતિની પાયદળસેનાની પ્રથમ કક્ષામાં ૧૦,૦૦૦ દેવો છે. ત્યાંથી છટ્ઠી કક્ષા, સાતમી કક્ષા સુધી બમણી સંખ્યા કરતાં સાતમી કક્ષામાં છ લાખ ચાલીસ હજાર(૬,૪૦,૦૦૦) દેવો જાણવા. દેવોની પાયદળસેના ગાથાનુસાર જાણવી.

**ગાથાર્થ :–** શક્રની પાયદળસેનાના અધિપતિની પહેલી કક્ષામાં ૮૪ હજાર દેવો છે અને સાતમી કક્ષામાં ત્રેપન લાખ છોત્તેર હજાર(૫૩,૭૬,૦૦૦) દેવો છે.

ઈશાનેન્દ્રની પાયદળસેનાના અધિપતિની પહેલી કક્ષામાં ૮૦ હજાર દેવો છે. સનત્કુમારની પાયદળસેનાના અધિપતિની પહેલી કક્ષામાં ૭૨ હજાર દેવો છે. માહેન્દ્રની પાયદળસેનાના અધિપતિની પહેલી કક્ષામાં ૭૦ હજાર દેવો છે. બ્રહ્મની પાયદળસેનાના અધિપતિની પહેલી કક્ષામાં ૬૦ હજાર દેવો છે. લાતંકની પાયદળસેનાના અધિપતિની પહેલી કક્ષામાં ૫૦ હજાર દેવો છે. શુક્રની પાયદળસેનાના અધિપતિની પહેલી કક્ષામાં ૪૦ હજાર દેવો છે. સહસ્રારની પાયદળસેનાના અધિપતિની પહેલી કક્ષામાં ૩૦ હજાર દેવો છે. પ્રાણતની પાયદળસેનાના અધિપતિની પહેલી કક્ષામાં ૨૦ હજાર દેવો છે. અચ્યુતની પાયદળસેનાના અધિપતિની પહેલી કક્ષામાં ૧૦ હજાર દેવો છે. ઉક્ત સર્વ દેવેન્દ્રોની શેષ કક્ષાઓના દેવોનું પ્રમાણ પહેલી કક્ષાના દેવોના પરિમાણથી સાતમી કક્ષા સુધી બમણું-બમણું જાણવું.

## વિવેચન :–

સ્થાન-૫, ઉદ્દે.-૧, સૂત્ર-૪૭-૫૨માં ભવનપતિ, વૈમાનિક દેવોના ઈન્દ્રોની પાંચ સેના અને પાંચ સેનાધિપતિનું કથન છે. અહીં નર્તકસેના અને ગંધર્વસેના સહિત સાત સેનાનું કથન કર્યું છે. શેષ કથન ભાવાર્થથી સ્પષ્ટ છે.

## વચનના પ્રકાર :–

**१२० सत्तविहे वयणविकप्पे पण्णत्ते, तं जहा– आलावे, अणालावे, उल्लावे, अणुल्लावे, संलावे, पलावे, विप्पलावे ।**

**ભાવાર્થ :–** વચન–વિકલ્પ, વચનના (બોલવાના) સાત પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) આલાપ– ઓછું બોલવું (૨) અનાલાપ– ખોટું બોલવું (૩) ઉલ્લાપ– કાકલૂદીપૂર્વક બોલવું (૪) અનુલ્લાપ– વારંવાર બોલ્યા કરવું (૫) સંલાપ– પરસ્પર બોલવું (૬) પ્રલાપ– નિરર્થક બકવાદ કરવો (૭) વિપ્રલાપ– વિરુદ્ધ વચન બોલવા, વિવિધ પ્રકારે બકવાદ કરવો.

## વિનયના ભેદ-પ્રભેદ :–

**१२१ सत्तविहे विणए पण्णत्ते, तं जहा– णाणविणए दंसणविणए, चरित्तविणए, मणविणए, वइविणए, कायविणए, लोगोवयारविणए ।**

**ભાવાર્થ :–** વિનયના સાત પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) જ્ઞાન વિનય– જ્ઞાન અને જ્ઞાનીનો વિનય કરવો. (૨) દર્શન વિનય– સમ્યગ્દર્શન અને સમ્યગ્દષ્ટિનો વિનય કરવો, તેના આચાર પાલન પ્રતિ બહુમાન રાખવું. (૩) ચારિત્ર વિનય– ચારિત્ર અને ચારિત્રવાનનો વિનય કરવો. ચારિત્ર ધારણ કરવું. (૪) મનોવિનય– મનની અશુભ પ્રવૃત્તિ રોકી, શુભ પ્રવૃત્તિમાં મનને જોડવું. (૫) વાગ્ વિનય– વચનની

અશુભ પ્રવૃત્તિ રોકી, વચનને શુભ પ્રવૃત્તિમાં જોડવું. (૬) કાય વિનય–કાયાની અશુભ પ્રવૃત્તિ રોકી, કાયાને શુભ પ્રવૃત્તિમાં જોડવી. (૭) લોકોપચાર વિનય– લોક વ્યવહાર અનુસાર યથાયોગ્ય વિનય કરવો.

**૧૨૨ पसत्थमणविणए सत्तविहे पण्णत्ते, तं जहा- अपावए, असावज्जे, अकिरिए, णिरुवक्केसे, अणण्हयकरे, अच्छविकरे, अभूयाभिसंकणे ।**

**ભાવાર્થ :–** પ્રશસ્ત મનોવિનયના સાત પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) પાપ રહિત નિર્મળ મનોવૃત્તિ રાખવી. મનને શુભ ચિંતનમાં પ્રવૃત્ત કરવું. (૨) સાવદ્ય, ચોરી વગેરે ગર્હિત કાર્ય કરવાનો વિચાર ન કરવો. (૩) મનથી કાયિકી, અધિકરણિકી આદિ ક્રિયાઓનું ચિંતન ન કરવું (૪) મનથી કલેશ, શોક આદિ ન કરવા. (૫) કર્મોનો આશ્રવ થાય તેવા હિંસાદિ પાપો મનથી ન કરવા. (૬) પ્રાણીઓને પીડા થાય તેવા કાર્યો મનથી ન કરવા. (૭) બીજા જીવોને ભય કે શંકા આદિ ઉત્પન્ન કરવાનો મનથી વિચાર ન કરવો.

**૧૨૩ अपसत्थमणविणए सत्तविहे पण्णत्ते तं जहा- पावए, सावज्जे, सकिरिए, सोवक्केसे, अण्हयकरे, छविकरे, भूयाभिसंकणे ।**

**ભાવાર્થ :–** અપ્રશસ્ત મનોવિનયના સાત પ્રકાર છે, તે આ પ્રમાણે છે–

(૧) પાપકાર્યોનું ચિંતન કરવું. (૨) ગર્હિત, લોકનિંદિત કાર્યોનું ચિંતન કરવું. (૩) કાયિકી, અધિકરણિકી આદિ પાપક્રિયાઓનું ચિંતન કરવું. (૪) મનથી કલેશ, શોક આદિ કરવા. (૫) કર્મોનો આશ્રવ થાય તેવા હિંસાદિ પાપોનું મનથી ચિંતન કરવું. (૬) પ્રાણીઓને પીડા પહોંચે તેવા કાર્યોનો વિચાર કરવો. (૭) બીજાને ભય, શંકા આદિ ઉત્પન્ન કરવાનો વિચાર કરવો.

**૧૨૪ पसत्थवइविणए सत्तविहे पण्णत्ते, तं जहा- अपावए,असावज्जे,अकिरिए, णिरुवक्केसे, अणण्हयकरे, अच्छविकरे, अभूयाभिसंकणे ।**

**ભાવાર્થ :–** પ્રશસ્ત વાગ્–વિનયના સાત પ્રકાર છે, તે આ પ્રમાણે– (૧) નિષ્પાપ વચન બોલવા (૨) નિર્દોષ વચન બોલવા (૩) પાપ ક્રિયા રહિત વચન બોલવા (૪) ક્લેશ રહિત વચન બોલવા (૫) કર્મોનો આશ્રવ ન થાય તેવા વચન બોલવા (૬) પ્રાણીઓનો ઘાત ન થાય તેવા વચન બોલવા (૭) પ્રાણીઓને ભય–શંકાદિ ઉત્પન્ન ન થાય તેવા વચન બોલવા.

**૧૨૫ अपसत्थवइविणए सत्तविहे पण्णत्ते, तं जहा- पावए, सावज्जे, सकिरिए, सोवक्केसे, अण्हयकरे, छविकरे, भूयाभिसंकणे ।**

**ભાવાર્થ :–** અપ્રશસ્ત વાગ્વિનયના સાત પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) પાપયુક્ત વચન બોલવા (૨) સદોષ વચન બોલવા. (૩) પાપક્રિયા થાય તેવા વચન બોલવા (૪) ક્લેશકારક વચન બોલવા (૫) કર્મોનો આશ્રવ થાય તેવા વચન બોલવા (૬) પ્રાણીઓનો ઘાત થાય તેવા વચન બોલવા (૭) પ્રાણીઓને ભય શંકાદિ ઉત્પન્ન થાય તેવા વચન બોલવા.

**१२६ पसत्थकायविणए सत्तविहे पण्णत्ते, तं जहा– आउत्तं गमणं, आउत्तं ठाणं, आउत्तं णिसीयणं, आउत्तं तुयट्टणं, आउत्तं उल्लंघणं, आउत्तं पल्लंघणं, आउत्तं सव्विंदियजोगजुंजणया ।**

**ભાવાર્થ :–** પ્રશસ્ત કાયવિનયના સાત પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) યતનાપૂર્વક ગમન કરવું (૨) યતનાપૂર્વક ઊભા રહેવું, કાયોત્સર્ગ કરવો (૩) યતનાપૂર્વક બેસવું (૪) યતનાપૂર્વક સૂવું, પડખા ફેરવવા (૫) યતનાપૂર્વક ઊંબરા, ખાળ-ગટર વગેરે એકવાર ઓળંગવા (૬) યતનાપૂર્વક ઊંબરા, ખાળ-ગટર વગેરે વારંવાર ઓળંગવા (૭) યતનાપૂર્વક સર્વ ઈન્દ્રિયોનો વ્યાપાર કરવો.

**१२७ अपसत्थकायविणए सत्तविहे पण्णत्ते, तं जहा– अणाउत्तं गमणं, अणाउत्तं ठाणं, अणाउत्तं णिसीयणं, अणाउत्तं तुयट्टणं, अणाउत्तं उल्लंघणं, अणाउत्तं पल्लघंणं, अणाउत्तं सव्विंदियजोगजुंजणया ।**

**ભાવાર્થ :–** અપ્રશસ્ત કાયવિનયના સાત પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) અયતનાપૂર્વક ચાલવું (૨) અયતનાપૂર્વક ઊભા રહેવું (૩) અયતનાપૂર્વક બેસવું (૪) અયતનાપૂર્વક સૂવું, પડખા ફેરવવા (૫) અયતનાપૂર્વક ઊંબરા વગેરે એકવાર ઓળંગવા. (૬) અયતનાપૂર્વક ઊંબરા, ખાળ ગટર વગેરે વારંવાર ઓળંગવા (૭) અયતનાપૂર્વક સર્વેન્દ્રિયનો વ્યાપાર કરવો.

**१२८ लोगोवयारविणए सत्तविहे पण्णत्ते, तं जहा– अब्भासवत्तियं, परच्छंदाणुवत्तियं, कज्जहेउं, कयपडिकइया, अत्तगवेसणया, देसकालण्णया, सव्वत्थेसु अपडिलोमया ।**

**ભાવાર્થ :–** લોકોપચાર વિનયના સાત પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) શ્રુત ગ્રહણ કરવા ગુરુનો વિનય કરવો (૨) આચાર્ય આદિના અભિપ્રાય અનુસાર ચાલવું (૩) કોઈ પ્રયોજનપૂર્વક વિનય કરવો (૪) પ્રત્યુપકારની ભાવનાથી વિનય કરવો (૫) રોગપીડિત માટે ઔષધ આદિની અન્વેષણા કરવી (૬) દેશ કાલ અનુસાર અવસરોચિત વિનય કરવો (૭) સર્વ વિષયોમાં અનુકૂળ આચરણ કરવું.

**વિવેચન :–**

**विणए :–** જે ક્રિયા દ્વારા કર્મો દૂર થાય તે વિનય. જ્ઞાની, રત્નાધિક વગેરે પ્રત્યે બહુમાન આદિ વિનયની પ્રવૃત્તિ છે. પ્રસ્તુતમાં તેના અનેક ભેદ-પ્રભેદ છે.

જ્ઞાન, દર્શનાદિ દ્વારા કર્મ ક્ષય થાય છે. તેથી તેને વિનય કહે છે. જ્ઞાનાદિ પ્રત્યે ભક્તિ, બહુમાન રાખવા તે જ્ઞાનાદિ વિનય છે. ઔપપાતિક સૂત્રમાં જ્ઞાનવિનયના પાંચ, દર્શન વિનયના બે, ચારિત્ર વિનયના પાંચ પ્રકાર કહ્યા છે. પરંતુ સંખ્યાની અસમાનતાના કારણે અહીં તેનો નિર્દેશ નથી. ઔપપાતિક સૂત્રમાં

મન વિનય, વચન વિનયના બાર-બાર પ્રકાર નિર્દિષ્ટ છે, તેમાંથી આ સાતમા સ્થાનમાં સાત ભેદનું જ કથન છે. કાય વિનય અને લોકોપચાર વિનયના ભેદ ઠાણાંગ સૂત્ર અને ઔપપાતિક સૂત્રમાં સમાન છે. વિનયના ભેદ-પ્રભેદ સૂત્રાર્થથી સ્પષ્ટ છે.

**સમુદ્‌ઘાત :–**

**१२९ सत्त समुग्घाया पण्णत्ता, तं जहा– वेयणासमुग्घाए, कसायसमुग्घाए, मारणंतिय समुग्घाए, वेउव्वियसमुग्घाए,तेजससमुग्घाए, आहारगसमुग्घाए, केवलिसमुग्घाए।**

**ભાવાર્થ :–** સમુદ્‌ઘાતના સાત પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) વેદના સમુદ્‌ઘાત (૨) કષાય સમુદ્‌ઘાત (૩) મારણાંતિક સમુદ્‌ઘાત (૪) વૈક્રિય સમુદ્‌ઘાત (૫) તૈજસ સમુદ્‌ઘાત (૬) આહારક સમુદ્‌ઘાત (૭) કેવળી સમુદ્‌ઘાત.

**१३० मणुस्साणं सत्त समुग्घाया पण्णत्ता एवं चेव ।**

**ભાવાર્થ :–** મનુષ્યોમાં સાત સમુદ્‌ઘાત છે તેનું વર્ણન પૂર્વવત્ જાણવું.

**વિવેચન :–**

**समुग्घाए :–** (૧) **सम–एकीभावेन, उत्–प्राबल्येन च घातो–निर्जरा समुद्घातः।** સમ = એક સાથે, ઉદ્ = ઉત્કૃષ્ટપણે, ઘાત = કર્મોનો ઘાત. જે ક્રિયામાં એકી સાથે ઉત્કૃષ્ટપણે કર્મોનો ઘાત-નિર્જરા થાય તે ક્રિયાને સમુદ્‌ઘાત કહે છે. (૨) વિશેષ પરિસ્થિતિમાં આત્મપ્રદેશોનું બહાર પ્રક્ષેપણ કરવું તે ક્રિયાને સમુદ્‌ઘાત કહે છે.

(૧) વેદના સમુદ્‌ઘાત અશાતાવેદનીય કર્મને આશ્રિત છે. (૨) કષાય સમુદ્‌ઘાત કષાય મોહનીય કર્મને આશ્રિત છે. (૩) મારણાંતિક સમુદ્‌ઘાત અંતિમ અંતર્મુહૂર્તગત આયુષ્ય કર્માશ્રિત છે. (૪) વૈક્રિય સમુદ્‌ઘાત વૈક્રિય નામકર્મને આશ્રિત છે. (૫) આહારક સમુદ્‌ઘાત આહારક નામકર્મને આશ્રિત છે. (૬) કેવળી સમુદ્‌ઘાત વેદનીય, નામ, ગોત્રકર્મને આશ્રિત છે.

**પ્રવચન-નિહ્નવ :–**

**१३१ समणस्स णं भगवओ महावीरस्स तित्थंसि सत्त पवयणणिण्हगा पण्णत्ता, तं जहा– बहुरता, जीवपएसिया, अवत्तिया, सामुच्छेइया, दोकिरिया, तेरासिया, अबद्धिया ।**

**ભાવાર્થ :–** શ્રમણ ભગવાન મહાવીરના તીર્થમાં સાત પ્રવચન નિહ્નવ (આગમથી વિપરીત પ્રરૂપણા કરનારા) થયા, તે આ પ્રમાણે છે– (૧) બહુરત નિહ્નવ (૨) જીવ પ્રદેશ નિહ્નવ (૩) અવ્યક્તિક નિહ્નવ (૪) સામુચ્છેદિક નિહ્નવ (૫) દ્વૈક્રિય નિહ્નવ (૬) ત્રૈરાશિક નિહ્નવ (૭) અબદ્ધિક નિહ્નવ.

**१३२** **एएसि णं सत्तण्हं पवयणणिण्हगाणं सत्त धम्मायरिया होत्था, तं जहा– जमाली, तीसगुत्ते, आसाढे, आसमित्ते, गंगे, छलुए, गोट्ठामाहिले ।**

**ભાવાર્થ :–** સાત પ્રવચન નિહ્નવોના સાત ધર્માચાર્ય થયા, તે આ પ્રમાણે છે– (૧) જમાલી (૨) તિષ્યગુપ્ત (૩) આષાઢ (૪) અશ્વમિત્ર (૫) ગંગ (૬) ષડુલૂક (૭) ગોષ્ઠા માહિલ.

**१३३** **एएसि णं सत्तण्हं पवयणणिण्हगाणं सत्तउप्पत्तिणगरा होत्था, तं जहा–**

**सावत्थी उसभपुरं, सेयविया मिहिल उल्लगातीरं ।**
**पुरिमंतरंजि दसपुरं, णिण्हगउप्पत्तिणगराइं ॥१॥**

**ભાવાર્થ :–** આ સાત પ્રવચન નિહ્નવોની ઉત્પત્તિ સાત નગરમાં થઈ છે, તે આ પ્રમાણે છે– (૧) શ્રાવસ્તી (૨) ઋષભપુર (૩) શ્વેતાંબિકા (૪) મિથિલા (૫) ઉલ્લુકાતીર (૬) પૂરિમંતરંજિકા (૭) દશપુર.

## વિવેચન :–

ભગવાન મહાવીરના સમયે અને તેઓના નિર્વાણ પછી ભગવાન મહાવીરની પરંપરામાં કેટલાક સૈદ્ધાંતિક વિષયમાં મત-ભેદ થયા. વિચારના આમૂલચૂલ પરિવર્તનના કારણે કેટલાક સાધુઓએ અન્ય ધર્મનો સ્વીકાર કર્યો, તેનો અહીં ઉલ્લેખ નથી. અહીં તે સાધુઓનો ઉલ્લેખ છે કે જેઓને કોઈ એક વિષયમાં, ભગવાનની પરંપરાથી મતભેદ થયો હોય અને વર્તમાન શાસનમાંથી અલગ થઈ ગયા હોય, પરંતુ અન્ય ધર્મનો સ્વીકાર કર્યો ન હોય. તેથી તેઓ અન્યધર્મી ન કહેવાયા પરંતુ જિનશાસનના નિહ્નવ કહેવાયા.

**णिण्हगा–** નિહ્નવ. પ્રસ્તુતમાં 'પ્રવચન નિહ્નવ' શબ્દનો પ્રયોગ કર્યો છે. તેનો અર્થ છે– જિન-પ્રવચનના કોઈ એક વિષયનો અપલાપ-નિષેધ કરનાર.

આ નિહ્નવોનો ઉત્પત્તિકાળ ભગવાન મહાવીરને કેવળજ્ઞાન પ્રાપ્તિના ચૌદમાં વર્ષથી લઈને તેઓના નિર્વાણ પછી ૫૮૪ વર્ષ સુધીનો છે.

**(૧) પ્રથમ નિહ્નવ બહુરત વાદ :–** ભગવાન મહાવીરની કૈવલ્ય પ્રાપ્તિને ૧૪ વર્ષ વીત્યા પછી શ્રાવસ્તી નગરીમાં જમાલીએ બહુરતવાદની ઉત્પત્તિ કરી. તેઓની માન્યતા અનુસાર કોઈપણ કાર્ય ઘણા સમયે નિષ્પન્ન થાય છે. એક સમયમાં કાર્ય નિષ્પન્ન થતું નથી. ઘણા સમયે કાર્ય નિષ્પન્ન થાય, તેવા સિદ્ધાંતમાં જે રત-રક્ત છે તેને બહુરત નિહ્નવ કહે છે.

જમાલી કુંડપુર નગરના નિવાસી હતા. તેમની માતા સુદર્શના અને પત્ની પ્રિયદર્શના હતી. તેણે ૫૦૦ પુરુષ સાથે ભગવાન મહાવીર પાસે દીક્ષા લીધી. તેની સાથે તેની પત્નીએ પણ એક હજાર સ્ત્રીઓ સાથે દીક્ષા લીધી.

જમાલી અગિયાર અંગના જ્ઞાતા થયા. તેઓ વિવિધ તપસ્યા કરતા, ગ્રામાનુગ્રામ વિહાર કરતા એકદા પાંચસો સાધુઓ સાથે શ્રાવસ્તી નગરીમાં પહોંચ્યા. ઘોર તપશ્ચરણ તથા પારણામાં લૂખા–સૂકા

આહારને કારણે તેઓ રોગથી ઘેરાઈ ગયા, પિત્ત જ્વરથી તેઓનું શરીર બળવા લાગ્યું. બેસવામાં અસમર્થ થવાથી પોતાના સાધુઓને કહ્યું– ''શ્રમણો ! સંથારો પાથરો, પથારી કરો.''સાધુઓ સંથારો પાથરવા લાગ્યા. વેદના અસહ્ય થતાં સાધુઓને ફરીથી પૂછ્યું– પથારી પથરાઈ ગઈ ? જવાબ મળ્યો– હજી પથારી પથરાઈ નથી પરંતુ પાથરી રહ્યા છીએ. તીવ્ર વેદના અને મિથ્યાત્વ મોહનીયના ઉદયપ્રભાવે તે વિચારવા લાગ્યા કે– ભગવાન ''ક્રિયમાણને કૃત'' કહે છે. ભગવાનનો આ સિદ્ધાંત મિથ્યા છે. હું પ્રત્યક્ષ જોઈ રહ્યો છું કે પથારી પથરાઈ રહી છે તો તેને પથરાઈ ગઈ એમ કેમ કહી શકાય ? આ ઘટનાને આધારે તેઓએ નિર્ણય કર્યો કે ક્રિયમાણને કૃત ન કહેવાય, કારણ કે કાર્યની સમાપ્તિ અંતિમ ક્ષણે થાય છે. તેની પહેલા તે 'કૃત' કહેવાય નહીં. તેઓએ પોતાના સાધુઓને બોલાવીને કહ્યું– ભગવાન મહાવીરના સિદ્ધાંત 'કરાતું કર્યું, ચાલતું ચાલ્યું' વગેરે મિથ્યા છે. આ પ્રત્યક્ષ જુઓ કે તમે પથારી કરી રહ્યા છો પરંતુ પથારી પથરાઈ ગઈ નથી. તે સંસ્તીર્યમાણ છે, સંસ્તૃત નથી. માટે કાર્ય પૂર્ણ થાય ત્યારે જ પૂર્ણ કહેવું જોઈએ.

જમાલી જીવનના અંત સુધી પોતાના મતનો– બહુરતવાદનો પ્રચાર કરતા રહ્યા. જમાલીનું વિસ્તૃત વર્ણન ભગવતી સૂત્રના નવમા શતકમાં છે.

**(૨) જીવપ્રાદેશિક નિહ્નવ :–** ભગવાન મહાવીરની કેવલજ્ઞાન પ્રાપ્તિને ૧૬ વર્ષ થયા પછી ઋષભપુરમાં જીવ પ્રાદેશિકવાદ નામના નિહ્નવની ઉત્પત્તિ થઈ. જીવના ચરમ (અંતિમ) પ્રદેશમાં જ જીવત્વની પ્રરૂપણા કરનાર તિષ્યગુપ્તાચાર્યના અનુયાયીઓ જીવપ્રાદેશિક નિહ્નવ કહેવાય છે.

ચૌદપૂર્વના જ્ઞાતા આચાર્ય વસુ પાસે તેમના શિષ્ય તિષ્યગુપ્ત આત્મપ્રવાદ પૂર્વ શીખતા હતા. તેમાં ભગવાન મહાવીર અને ગૌતમનો સંવાદ આવ્યો. ગૌતમે પૂછ્યું– ''ભગવન્ ! શું જીવના એક પ્રદેશને જીવ કહી શકાય છે ?'' ભગવાને કહ્યું– ના. ગૌતમે ફરી પૂછ્યું– ''ભગવન્ ! શું બે, ત્રણ આદિ સંખ્યાત, અસંખ્યાત પ્રદેશને જીવ કહી શકાય છે.'' ભગવાને કહ્યું– ''નહીં. અખંડ ચૈતન્ય દ્રવ્યમાં એક પ્રદેશ પણ ઓછો હોય તો તેને જીવ કહી શકાય નહીં.''

ભગવાનનો આ જવાબ સાંભળી તિષ્યગુપ્તના મનમાં શંકા ઉત્પન્ન થઈ. અંતિમ પ્રદેશ વિના શેષ પ્રદેશ જીવ નથી. અંતિમ પ્રદેશ યુક્ત હોય તો જ જીવ જીવ કહેવાય છે માટે અંતિમ પ્રદેશ જ જીવ છે. આચાર્ય વસુએ તેમને ખૂબ સમજાવ્યા પરંતુ તેણે પોતાનો આગ્રહ છોડ્યો નહીં, ત્યારે તેને સંઘથી અલગ કર્યા.

તિષ્યગુપ્ત પોતાની માન્યતાનો પ્રચાર કરતા આમલકલ્પા નગરીમાં પહોંચ્યા. ત્યાં મિત્રશ્રી નામના શ્રમણોપાસક રહેતા હતા. અન્ય લોકો સાથે તેઓ ધર્મોપદેશ સાંભળવા ગયા. તિષ્યગુપ્તે પોતાની માન્યતાની રજૂઆત કરી. મિત્રશ્રીએ જાણી લીધું કે આ સાધુ મિથ્યા પ્રરૂપણા કરી રહ્યા છે. એક દિવસ તિષ્યગુપ્ત ભિક્ષા માટે મિત્રશ્રીના ઘેર ગયા. ત્યારે મિત્રશ્રીએ અનેક પ્રકારના ભોજ્ય પદાર્થ તેમની સામે રાખ્યા અને તે પદાર્થનો અંતિમ– છેલ્લો છેલ્લો અંશ તોડીને તેને આપવા લાગ્યા.

આ રીતે તેણે ચોખાનો એક કણ, ઘાસનું એક તણખલું અને વસ્ત્રના છેડાનો એક તાર કાઢી તેને આપ્યા. તિષ્યગુપ્ત વિચારતા હતા કે ભોજ્ય સામગ્રી પછી આપશે પરંતુ મિત્રશ્રી તેમના ચરણોમાં વંદન કરી બોલ્યા– ''અહો ! હું પુણ્યશાળી છું કે આપ જેવા ગુરુજન મારે ત્યાં પધાર્યા.'' આ સાંભળતા જ

તિષ્યગુપ્ત ક્રોધિત થઈ બોલ્યા– ''તેં મારું અપમાન કર્યું છે.'' મિત્રશ્રી એ કહ્યું– ''મેં આપનું અપમાન કર્યું નથી પરંતુ આપની માન્યતા અનુસાર જ આપને ભિક્ષા આપી છે. આપ વસ્તુના અંતિમ પ્રદેશને જ વસ્તુ માનો છો બીજા પ્રદેશોને નહીં. તેથી મેં પ્રત્યેક પદાર્થના અંતિમ અંશ આપને આપ્યા છે.'' તિષ્યગુપ્ત સમજી ગયા. તેઓએ કહ્યું– ''આર્ય ! આ વિષયમાં હું આપનું અનુશાસન ઈચ્છું છું.'' મિત્રશ્રીએ તેમને સમજાવીને, ફરી યથાવિધિ ભિક્ષા આપી. આ ઘટનાથી તિષ્યગુપ્ત પોતાની ભૂલ સમજી ગયા અને ભગવાનના શાસનમાં સમ્મિલિત થયા.

**(૩) અવ્યક્તિક નિહ્નવ :–** ભગવાન મહાવીરના નિર્વાણ પછી ૨૧૪ વર્ષે શ્વેતાંબિકા નગરીમાં અવ્યક્ત-વાદની ઉત્પત્તિ થઈ. તેના પ્રવર્તક અષાઢાચાર્યના શિષ્ય હતા.

આ વ્યક્તિ સંયત છે કે નહીં તેને કેમ જાણી શકાય ? આ રીતે બધું અવ્યક્ત છે માટે કોઈને વંદનાદિ કરાય નહીં. સંયતાદિના પરિજ્ઞાનના વિષયમાં સંદિગ્ધ માન્યતાવાળાને અવ્યક્તિક કહે છે.

શ્વેતાંબિકા નગરીમાં અષાઢાચાર્ય પોતાના શિષ્યોને યોગાભ્યાસ કરાવતા હતા. એકવાર તેમને હૃદય શૂલની પીડા થઈ. તે રોગમાં જ તેમનું મૃત્યુ થયું. મરીને સૌધર્મ સ્વર્ગમાં ઉત્પન્ન થયા. અવધિજ્ઞાનનો ઉપયોગ મૂકયો તેમાં પોતાના મૃત શરીરને અને યોગાભ્યાસમાં લીન શિષ્યોને જોયા. યોગાભ્યાસની તલ્લીનતાના કારણે શિષ્યો આચાર્યના મૃત્યુને જાણી શક્યા નહીં. તેઓનો યોગાભ્યાસ પૂર્ણ કરાવવા દેવરૂપ આચાર્ય અષાઢે પોતાના મૃત શરીરમાં પ્રવેશ કરી પોતાના શિષ્યો ને કહ્યું ''વૈરાત્રિક કરો.'' શિષ્યોએ તેઓને વંદન કરી તેમ કર્યું. જ્યારે તેઓની યોગ સાધના પૂર્ણ થઈ, ત્યારે પ્રગટ થઈને કહ્યું– 'શ્રમણો ! મને ક્ષમા કરો' હું અસંયતિ હોવા છતાં આપ સંયતોને વંદન કરાવ્યા છે. આમ કહી પોતાના મૃત્યુ પછીનો સર્વ વૃત્તાંત કહ્યો, અને પછી પોતાના સ્થાને ગયા.

દેવના ગયા પછી શ્રમણોના મનમાં સંદેહ થયો. કોણ જાણે કે કોણ સાધુ છે અને કોણ દેવ છે ? નિશ્ચયપૂર્વક કંઈ જાણી શકાતું નથી, બધી વસ્તુ અવ્યક્ત છે. આ રીતે તેઓનું મન સંદેહવાળું થયું અને પરસ્પર વંદન કરવાનું બંધ કર્યું. સ્થવિરોએ તેમને સમજાવ્યા પરંતુ સમજ્યા નહીં ત્યારે તેઓને સંઘ બહાર મૂક્યા.

અવ્યક્તવાદને માનનારાઓનું કહેવું છે કે કોઈ પણ વસ્તુના વિષયમાં નિશ્ચયપૂર્વક કંઈ પણ કહી શકાતું નથી કારણ કે બધુ અવ્યક્ત છે.

આ અવ્યક્ત મતને માનનાર સાધુ સમુદાય એકદા રાજગૃહ નગરમાં પધાર્યો. ત્યાં શ્રમણોપાસક શ્રી બલભદ્ર રાજાએ તે સાધુઓને પકડાવી કોરડા મારવાનો આદેશ આપ્યો. ત્યારે સાધુઓએ કહ્યું, તમે શ્રાવક થઈ અમોને – સાધુઓને કોરડા મરાવશો ? ત્યારે રાજાએ કહ્યું તમે ચોર છો કે ગુપ્તચર છો કે સાધુ છો, તે કેમ જાણી શકાય ? બધુ અવ્યક્ત છે. આ ઘટનાથી પોતાની માન્યતા ભ્રાંત છે તેવું સમજાઈ જતાં, તે માન્યતાને છોડી પરસ્પર વંદનાદિ વ્યવહાર કરવા લાગ્યા અને સંઘમાં સમ્મિલિત થઈ ગયા.

અવ્યક્તવાદનું પ્રવર્તન અષાઢાચાર્યે કર્યું નથી તેના પ્રવર્તક તેમના શિષ્યો હતા. પરંતુ આ મત પ્રવર્તનમાં અષાઢાચાર્યનું દેવરૂપ નિમિત્ત બન્યું તેથી તેઓ આ મતના પ્રવર્તક તરીકે પ્રસિદ્ધ થયા છે.

વૃત્તિકારના મતે અષાઢાચાર્ય અવ્યક્ત મતના સ્થાપક શ્રમણોના આચાર્ય હતા. તેથી અવ્યક્તવાદના આચાર્યરૂપે તેમનો ઉલ્લેખ કર્યો છે.

**(૪) સામુચ્છેદિક નિહ્નવ :–** ભગવાન મહાવીરના નિર્વાણ પછી ૨૨૦ વર્ષે મિથિલાપુરીમાં સમુચ્છેદ-વાદની ઉત્પત્તિ થઈ. તેના પ્રવર્તક આચાર્ય અશ્વમિત્ર હતા. જે વસ્તુની ઉત્પત્તિ થાય છે, તે સંપૂર્ણરૂપે નાશ પામે છે અર્થાત્ સમસ્ત વસ્તુ ક્ષણિક છે. આવી માન્યતા ધરાવનાર અશ્વમિત્ર અને તેના અનુયાયીને સામુચ્છેદિક નિહ્નવ કહે છે.

એક વખત મિથિલા નગરીમાં આચાર્ય મહાગિરિ પધાર્યા હતા. તેના શિષ્યનું નામ કૌંડિન્ય અને પ્રશિષ્યનું નામ અશ્વમિત્ર હતું. તે વિદ્યાનુવાદ પૂર્વની નૈપુણિક વસ્તુનું અધ્યયન કરી રહ્યા હતા. તેમાં છિન્નચ્છેદનય અનુસાર એક સૂત્ર એવું હતું કે પહેલા સમયમાં ઉત્પન્ન થયેલા સર્વ નારકજીવ વિચ્છિન્ન થઈ જાય છે, તે રીતે સર્વ જીવ વિચ્છિન્ન થઈ જાય છે. આ પર્યાયવાદનું પ્રકરણ સાંભળી અશ્વમિત્રના મનમાં શંકા થઈ. તેણે વિચાર્યું કે જો વર્તમાન સમયમાં ઉત્પન્ન સર્વ જીવ વિચ્છિન્ન થઈ જાય તો, સુકૃત-દુષ્કૃત કર્મોનું વેદન કોણ કરશે ? કારણ કે ઉત્પન્ન થયા પછી બધા નાશ પામે છે.

ગુરુએ કહ્યું– વત્સ ! ઋજુસૂત્ર નયની અપેક્ષાએ આ પ્રમાણે કહ્યું છે. સર્વ નયોની અપેક્ષાએ નહીં. નિર્ગ્રંથ પ્રવચન સર્વનય સાપેક્ષ હોય છે. તેથી તું શંકા કરીશ નહી. એક પર્યાયના વિનાશથી વસ્તુનો સર્વથા વિનાશ થતો નથી. ઈત્યાદિ અનેક પ્રકારે આચાર્યે સમજાવ્યા છતાં તેઓ સમજ્યા નહીં ત્યારે આચાર્યે તેમને સંઘ બહાર મૂક્યા.

એકવાર તે કંપિલ્લપુરમાં આવ્યા. ખંડરક્ષા નામના શ્રાવકે તેમને પકડાવી માર મરાવ્યો. અશ્વમિત્રે કહ્યું તમે શ્રાવક થઈ સાધુને મરાવો છો તે યોગ્ય ન કહેવાય. ખંડરક્ષા શ્રાવકે ઉત્તર આપ્યો કે તમારા મતે શ્રાવક વિચ્છિન્ન થઈ ગયા છે અને જે પ્રવ્રજિત થયા છે તે પણ વિચ્છિન્ન થઈ ગયા છે. ન હું શ્રાવક છું કે ન તમે સાધુ. તમે તો ચોર છો. તુરંત જ અશ્વમિત્રે ભગવાનના સિદ્ધાંતની યથાર્થતા જાણી લીધી. તેને સમજીને તેઓ સંઘમાં સમ્મિલિત થઈ ગયા.

**(૫) દ્વિક્રિય નિહ્નવ :–** ભગવાન મહાવીરના નિર્વાણ પછી ૨૨૮ વર્ષે ઉલ્લુકાતીર નગરમાં દ્વિક્રિયાવાદની ઉત્પત્તિ થઈ. તેના પ્રવર્તક આચાર્ય ગંગ હતા.

એક સમયમાં બે ક્રિયાનો અનુભવ થાય છે, આવી માન્યતા ધરાવનાર ગંગાચાર્યના અનુયાયીને દ્વિક્રિય નિહ્નવ કહે છે.

પ્રાચીન કાળમાં ઉલ્લુકા નદીના એક કિનારે એક ગામડું હતું અને બીજા કિનારે ઉલ્લુકાતીર નામનું નગર હતું. ત્યાં આચાર્ય મહાગિરિના શિષ્ય આચાર્ય ધનગુપ્ત હતા. તેમના શિષ્યનું નામ ગંગ હતું. તેઓ પણ આચાર્ય હતા. એક વખત તેઓ શરદઋતુમાં પોતાના આચાર્યને વંદન કરવા નીકળ્યા. માર્ગમાં ઉલ્લુકા નદી હતી. તેઓ નદીમાં ઉતર્યા. તેઓના મસ્તકે વાળ ન હતા, ઉપર સૂરજ તપી રહ્યો હતો અને નીચે પાણીમાં ઠંડક હતી. નદી પાર કરતા સમયે માથા ઉપર સૂર્યની ગરમી અને પગમાં ઠંડકનો અનુભવ

થઈ રહ્યો હતો. તે વિચારવા લાગ્યા– આગમમાં કહ્યું છે કે "એક સમયમાં એક જ ક્રિયાનું વેદન થાય, બે ક્રિયાનું નહીં પરંતુ મને સ્પષ્ટરૂપે એક સાથે બે ક્રિયાઓનું વેદન થઈ રહ્યું છે."

તે પોતાના આચાર્ય પાસે પહોંચ્યા અને પોતાનો અનુભવ તેઓને સંભળાવ્યો. ગુરુએ કહ્યું– વત્સ ! વસ્તુતઃ એક સમયમાં એક જ ક્રિયાનું વેદન થાય, બે ક્રિયાનું નહીં. સમય અને મનનો ક્રમ અત્યંત સૂક્ષ્મ છે. છદ્મસ્થને સમયાંતરનો ખ્યાલ આવતો નથી. બે ક્રિયા સાથે થઈ શકે છે પણ બે ક્રિયામાં ઉપયોગ સાથે હોતો નથી તેથી તેનો અનુભવ સાથે થતો નથી. અનુભવ સમયાંતરે જ થાય છે. ગુરુના સમજાવવા છતાં તે સમજ્યા નહીં. ત્યારે તેઓએ ગંગને સંઘ બહાર મૂક્યા.

સંઘ બહાર રહીને દ્વિક્રિયાવાદનો પ્રચાર ચાલુ રાખ્યો અને તેમના અનુયાયી એક ક્ષણમાં એક સાથે બે ક્રિયાનું વેદન માનતા હતા.

એકવાર ગંગાચાર્યે રાજગૃહનગરીના મણિનાગ યક્ષના ચૈત્યમાં બિરાજમાન થઈ પ્રવચનમાં દ્વિક્રિયા વેદનનું નિરૂપણ કર્યું. યક્ષે ગંગને ઉપાલંભ આપ્યો. હે સાધુ ! આ જ ક્ષેત્રમાં પ્રભુ મહાવીરે એક સમયમાં એક જ ક્રિયાના વેદનની પ્રરૂપણા કરી છે અને તું તેનાથી વિપરીત પ્રરૂપણા કરે છે ? શું તું પ્રભુથી વિશેષજ્ઞાની છો ? યક્ષની વાત સાંભળીને સાધુને ક્ષોભ થયો ત્યારે તેણે મિથ્યામતને છોડી દીધો અને તેમને સંઘમાં સમ્મિલિત કરવામાં આવ્યા.

**(૬) ત્રૈરાશિક નિહ્નવ :–** ભગવાન મહાવીરના નિર્વાણ પછી ૫૪૪ વર્ષે અંતરંજિકા નગરીમાં ત્રૈરાશિક મતનું પ્રવર્તન થયું. તેના પ્રવર્તક રોહગુપ્ત(ષડુલૂક) હતા.

જીવ, અજીવ, નોજીવ નોઅજીવ, આ પ્રકારની ત્રણ રાશિ માનનાર, રોહગુપ્તના અનુયાયી ત્રૈરાશિક નિહ્નવ કહેવાય છે.

એક વખત અંતરંજિકા નગરીમાં આચાર્ય શ્રીગુપ્ત પધાર્યા હતા. તેના સંસાર પક્ષના ભાણેજ રોહ-ગુપ્ત નામે શિષ્ય હતા. એકવાર તેણે પોટ્ટશાલ નામના પરિવ્રાજકની સાથે વાદ કરવાનું નિશ્ચિત કર્યું અને ગુરુને તે વાત કરી. આચાર્ય કહે– વત્સ ! તેં આ બરાબર કર્યું નથી. તે પરિવ્રાજક સાત વિદ્યાઓમાં પારંગત છે. તે તારાથી બળવાન્ છે. રોહગુપ્તે પૂછ્યું, ગુરુદેવ ! હવે શું કરવું ? આચાર્ય કહે– વત્સ ! હવે ડરવાની જરૂર નથી. હું તેની પ્રતિપક્ષી સાત વિદ્યા શીખવું છું. તું યથાસમયે તેનો ઉપયોગ કરજે. આચાર્યે તેને પ્રતિપક્ષી સાત વિદ્યાઓ શીખવી.

(૧) વૃશ્ચિક વિદ્યા સામે માયુરી વિદ્યા (૨) સર્પ વિદ્યા સામે નાકુલી વિદ્યા (૩) મૂષક વિદ્યા સામે બીડલી વિદ્યા (૪) મૃગી વિદ્યા સામે વ્યાઘ્રી વિદ્યા (૫) વરાહી વિદ્યા સામે સિંહી વિદ્યા (૬) કાક વિદ્યા સામે ઉલૂકી (ઘૂવડ) વિદ્યા (૭) પોતાકી વિદ્યા સામે ઉલાવડી વિદ્યા.

તે ઉપરાંત આચાર્યે રજોહરણને મંત્રિત કરી તેને આપ્યો અને કહ્યું– "યથોચિત સમયે આ સાત વિદ્યાઓનો પ્રયોગ કરીને પરિવ્રાજકને પરાજિત કરજે અને તેનાથી વિશેષ જરૂર પડે ત્યારે આ રજોહરણ ફેરવજે. પરિવ્રાજક તને પરાજિત કરી શકશે નહીં."

રોહગુપ્ત સાત વિદ્યાઓ શીખીને અને ગુરુના આશીર્વાદ લઈને રાજસભામાં ગયા અને બન્ને શાસ્ત્રાર્થ માટે ઉદ્યત થયા. સહુપ્રથમ પરિવ્રાજકે જૈન દર્શન સંમત પોતાનો પૂર્વ પક્ષ સ્થાપિત કરતાં કહ્યું કે રાશિના બે પ્રકાર છે. યથા– જીવરાશિ અને અજીવરાશિ. રોહગુપ્તે તરત જ તેનું ખંડન કરતા કહ્યું કે પરિવ્રાજકનું કથન મિથ્યા છે. કારણ કે રાશિના ત્રણ પ્રકાર છે. યથા– જીવરાશિ, અજીવરાશિ અને નોજીવ નો અજીવ રાશિ, વિશ્વમાં સ્પષ્ટરૂપે ત્રણ રાશિ જોવા મળે છે. મનુષ્ય, તિર્યંચ આદિ જીવ; ઘટ, પટ આદિ અજીવ અને ગરોળી વગેરેની કપાયેલી પૂંછ વગેરેનો ત્રીજા ભેદમાં સમાવેશ થાય છે. તેણે આ વાતની પુષ્ટી અનેક યુક્તિઓથી કરી. આ રીતે રોહગુપ્તે જૈનદર્શન સંમત ત્રણ રાશિ ન હોવા છતાં પરિવ્રાજકને હરાવવા ત્રણ રાશિની સ્થાપના કરી અને પરિવ્રાજકને નિરુત્તર કર્યો.

પોતાની હાર થયેલી જાણી પરિવ્રાજકને ગુસ્સો આવ્યો. ક્રોધિત થયેલા પરિવ્રાજકે એક પછી એક વિદ્યાઓનો પ્રયોગ ચાલુ કર્યો. રોહગુપ્ત સામે પ્રતિપક્ષી વિદ્યાઓથી તેને નિષ્ફળ કરતા ગયા. પરિવ્રાજકે અંતિમ શસ્ત્રના રૂપમાં ગર્દભી વિદ્યાનો પ્રયોગ કર્યો. રોહગુપ્તે મંત્રિત રજોહરણ ફેરવ્યો અને તેને પરાજિત કર્યો. ઉપસ્થિત સભાસદોએ પરિવ્રાજકને પરાજિત જાહેર કર્યો અને રોહગુપ્ત વિજયી થયા.

રોહગુપ્ત વિજય પ્રાપ્ત કરી આચાર્ય પાસે આવ્યા અને સંપૂર્ણ ઘટના કહી સંભળાવી. આચાર્યે કહ્યું– "વત્સ ! તેં અસત્ પ્રરૂપણા કેમ કરી ? તેં છેલ્લે કેમ સ્પષ્ટતા ન કરી કે રાશિ ત્રણ નથી. માત્ર પરિવ્રાજકને પરાસ્ત કરવા માટે જ મેં ત્રણ રાશિઓનું સમર્થન કર્યું છે."

આચાર્યે ફરી કહ્યું– "હજુ સમય છે, જા અને સ્પષ્ટીકરણ કરી આવ." રોહગુપ્ત પોતાનો પક્ષ છોડવા તૈયાર ન થયા. ત્યારે આચાર્યે રાજા પાસે જઈને કહ્યું રાજન્ ! મારા શિષ્ય રોહગુપ્તે જૈન સિદ્ધાંત વિપરીત તત્ત્વની સ્થાપના કરી છે. જિનમત અનુસાર બે રાશિ છે. ઘણું સમજાવવા છતાં રોહગુપ્ત પોતાની ભૂલનો સ્વીકાર કરતો નથી. માટે તેને રાજસભામાં બોલાવો, હું તેની સાથે ચર્ચા કરીશ. રાજાએ રોહગુપ્તને બોલાવ્યો છ મહિના વ્યતીત થઈ ગયા પણ રોહગુપ્તે ત્રીજી રાશિનો આગ્રહ છોડયો નહીં અંતે આચાર્યે કહ્યું– જો વાસ્તવમાં રાશિ ત્રણ હોય તો 'કુત્રિકાપણ'માંથી ત્રીજી રાશિ– નોજીવ નોઅજીવ મંગાવો.

રાજાને સાથે લઈને સર્વ લોકો 'કુત્રિકાપણમાં' ગયા અને ત્રણે રાશિની માંગણી કરી. તેણે જીવ અને અજીવ બે વસ્તુ આપી પરંતુ 'નોજીવ નોઅજીવ' નામની ત્રીજી વસ્તુ આ સંસારમાં નથી, તેમ કહ્યું ત્યારે રાજાને આચાર્યનું વચન સત્ય લાગ્યું અને રોહગુપ્તને હદ પારની સજા કરી. આચાર્યે તેને સંઘ બહાર મૂકયો. ત્યારે તે અભિમાનપૂર્વક પોતાના મતની પ્રરૂપણા કરતો વિચરવા લાગ્યો. અંતે તેણે વૈશેષિક મતની સ્થાપના કરી.

**(૭) અબદ્ધિક નિહ્નવ :–** ભગવાન મહાવીરના નિર્વાણ પછી ૫૮૪ વર્ષે દશપુર નગરમાં અબદ્ધિકમતનો પ્રારંભ થયો. તેના પ્રવર્તક ગોષ્ઠામાહિલ હતા.

કર્મ જીવ સાથે સ્પૃષ્ટ થાય છે. બદ્ધ થતાં નથી. તેવું માનનારને અબદ્ધિક કહે છે. ગોષ્ઠામાહિલના અનુયાયી અબદ્ધિક નિહ્નવ છે.

ગોષ્ઠામાહિલે માતાના કહેવાથી જૈનાચાર્ય તોસલિપુત્ર પાસે જઈ પ્રવ્રજિત થઈ, દષ્ટિવાદ ભણવાનો

આરંભ કર્યો. આર્યવજ પાસે નવ પૂર્વ ભણી દશમાં પૂર્વનું અધ્યયન કરી રહ્યા હતા.

એકદા આચાર્ય દુર્બલિકા પુષ્યમિત્ર અર્થની વાચના આપી રહ્યા હતા. આઠમા કર્મપ્રવાદ પૂર્વમાં કર્મનું વિવેચન ચાલતું હતું. તેમાં કથન હતું કે કર્મનો બંધ ત્રણ પ્રકારે થાય છે. (૧) સ્પૃષ્ટ– કેટલાક કર્મો જીવ પ્રદેશો સાથે માત્ર સ્પર્શ કરે છે અને સૂકી દિવાલ ઉપર લાગેલી ધૂળ જેવા હોવાથી જલદી ખરી જાય છે. (૨) બદ્ધ સ્પૃષ્ટ– કેટલાક કર્મો જીવ પ્રદેશોનો સ્પર્શ કરી બંધાય છે. તે કાલાન્તરે ખરી જાય છે. જેમ ભીની દિવાલ ઉપર લાગેલી ધૂળ થોડી ચોંટી જાય અને થોડી ખરી જાય. (૩) બદ્ધ સ્પૃષ્ટ નિકાચિત– કેટલાક કર્મો જીવ પ્રદેશો સાથે ગાઢ રૂપે બંધાય છે અને દીર્ઘકાલ સુધી રહીને કર્મની સ્થિતિ પૂર્ણ થયા પછી જ ક્ષય થાય છે.

ઉક્ત વ્યાખ્યાન સાંભળી ગોષ્ઠામાહિલનું મન શંકિત થયું. તેણે કહ્યું કે કર્મને જીવની સાથે બદ્ધ માનવાથી મોક્ષનો અભાવ થશે. પછી કોઈ પણ જીવનો મોક્ષ થશે નહીં. તેથી આ સિદ્ધાંત બરાબર છે કે કર્મ જીવ સાથે સ્પૃષ્ટ જ થાય છે, બંધાતા નથી, કારણ કે કાલાન્તરમાં તે જીવ કર્મથી રહિત થાય છે. જે મુક્ત થાય, છૂટી જાય તે એકાત્મરૂપે બદ્ધ થઈ શકે નહીં.

તે પોતાની માન્યતાનો પ્રચાર કરવા લાગ્યો. ‘‘કર્મ આત્માનો સ્પર્શ જ કરે છે પરંતુ તેની સાથે લોલીભૂત થઈ એકીભાવે બંધાતા નથી.’’ અંત સુધી પોતાની માન્યતાને છોડી નહીં.

ઉક્ત સાત નિહ્નવોમાં જમાલિ, રોહગુપ્ત તથા ગોષ્ઠામાહિલ આ ત્રણે પોતાના આગ્રહને છેવટ સુધી છોડ્યો નહીં અને પોતાના મતનો પ્રચાર કરતા રહ્યા.

શેષ ચાર નિહ્નવોએ પોતાનો આગ્રહ છોડી, ભગવાનના શાસનનો સ્વીકાર કર્યો. છે.

**સાત નિહ્નવ :–**

| ક્રમ | પ્રવર્તક | નગરી | મત | સમય | શાસનમાં સમ્મિલિત થયા |
|---|---|---|---|---|---|
| ૧ | જમાલી | શ્રાવસ્તી | બહુરત– ઘણા સમય પછી અંતિમ સમયમાં કાર્ય થાય છે | વીર નિર્વાણ પૂર્વે ૧૬ વર્ષે | ના |
| ૨ | તિષ્યગુપ્ત | ઋષભપુર | જીવપ્રાદેશિક– વસ્તુનો અંતિમ અંશ જ વસ્તુ છે. શેષ અંશ અવસ્તુ છે | વીર નિર્વાણ પૂર્વે ૧૪ વર્ષે | હા |
| ૩ | આષાઢાચાર્ય | શ્વેતાંબિકા | અવ્યક્તવાદ– સર્વ સંદેહશીલ છે. | વીર નિર્વાણ પછી ૨૧૪ વર્ષે | હા |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૪ | અશ્વમિત્ર | મિથિલા | સમુચ્છેદવાદ– એક પર્યાયના વિનાશમાં વસ્તુનો સર્વથા નાશ થાય છે. | વીર નિર્વાણ પછી ૨૨૦ વર્ષે | હા |
| ૫ | આચાર્યગંગ | ઉલ્લૂક તીર નગર | દ્વિક્રિયાવાદ– એક સમયમાં બે ક્રિયાનું વેદન થાય છે. | વીર નિર્વાણ પછી ૨૨૮ વર્ષે | હા |
| ૬ | રોહગુપ્ત | અંતરંજિકા | ત્રૈરાશિકવાદ– જીવ, અજીવ અને નોજીવ–નોઅજીવ આ ત્રણ રાશિ છે. | વીર નિર્વાણ પછી ૫૪૪ વર્ષે | ના |
| ૭ | ગોષ્ઠામાહિલ | દશપુર | અબદ્ધકવાદ– કર્મ આત્મા સાથે માત્ર સ્પર્શ કરે છે. એકીભાવે બંધાતા નથી. | વીર નિર્વાણ પછી ૫૮૪ વર્ષે | ના |

**શાતા-અશાતા વેદનીયનું ફળ :–**

**१३४ सायावेयणिज्जस्स णं कम्मस्स सत्तविहे अणुभावे पण्णत्ते, तं जहा– मणुण्णा सद्दा, मणुण्णा रूवा, मणुण्णा गंधा, मणुण्णा रसा, मणुण्णा फासा, मणोसुहया, वइसुहया ।**

**ભાવાર્થ :–** શાતાવેદનીય કર્મનો અનુભાવ(ફળ) સાત પ્રકારે થાય છે, તે આ પ્રમાણે છે– (૧) મનોજ્ઞ શબ્દ (૨) મનોજ્ઞરૂપ (૩) મનોજ્ઞગંધ (૪) મનોજ્ઞરસ (૫) મનોજ્ઞસ્પર્શ (૬) મનનું સુખ (૭) વચન સુખ.

**१३५ असायावेयणिज्जस्स णं कम्मस्स सत्तविहे अणुभावे पण्णत्ते, तं जहा– अमणुण्णा सद्दा, अमणुण्णा रूवा, अमणुण्णा गंधा, अमणुण्णा रसा, अमणुण्णा फासा, मणोदुहया, वइदुहया ।**

**ભાવાર્થ :–** અશાતાવેદનીય કર્મનો અનુભાવ સાત પ્રકારે થાય છે, તે આ પ્રમાણે– (૧) અમનોજ્ઞ શબ્દ (૨) અમનોજ્ઞ રૂપ (૩) અમનોજ્ઞ ગંધ (૪) અમનોજ્ઞ રસ (૫) અમનોજ્ઞ સ્પર્શ (૬) મનનું દુઃખ (૭) વચનનું દુઃખ.

**વિવેચન :–**

**अणुभावे** = અનુભાવ. **अणुभावे ति विपाकः उदयो रस इत्यर्थः ।**– સ્થાનાંગવૃત્તિ.

કર્મના વિપાક, ઉદય, રસને અનુભાવ કહે છે. શાતાવેદનીયના ઉદયે જીવને મનોજ્ઞ શબ્દાદિ પ્રાપ્ત થાય છે. અશાતાના ઉદયે અમનોજ્ઞ શબ્દાદિ પ્રાપ્ત થાય છે.

**સાત તારા અને પૂર્વાદિ દ્વારવાળા નક્ષત્રો :–**

**१३६ महा णक्खत्ते सत्त तारे पण्णत्ते ।**

**ભાવાર્થ :–** મઘા નક્ષત્ર સાત તારાવાળું છે.

**१३७ अभिईयादिया णं सत्त णक्खत्ता पुव्वदारिया पण्णत्ता, तं जहा– अभिई, सवणो, धणिट्ठा, सतभिसया, पुव्वभद्दवया, उत्तरभद्दवया, रेवई ।**

**ભાવાર્થ :–** અભિજિત આદિ સાત નક્ષત્ર પૂર્વ દ્વારવાળા છે, તે આ પ્રમાણે છે– (૧) અભિજિત (૨) શ્રવણ (૩) ધનિષ્ઠા (૪) શતભિષા (૫) પૂર્વભાદ્રપદા (૬) ઉત્તરભાદ્રપદા (૭) રેવતી.

**१३८ अस्सिणियादिया णं सत्त णक्खत्ता दाहिणदारिया पण्णत्ता, तं जहा– अस्सिणी, भरणी, कित्तिया, रोहिणी, मिगसिरे, अद्दा, पुणव्वसु ।**

**ભાવાર્થ :–** અશ્વિની આદિ સાત નક્ષત્ર દક્ષિણ દ્વારવાળા છે, તે આ પ્રમાણે છે– (૧) અશ્વિની (૨) ભરણી (૩) કૃતિકા (૪) રોહિણી (૫) મૃગશિર (૬) આદ્રા (૭) પુનર્વસુ.

**१३९ पुस्सादिया णं सत्त णक्खत्ता अवरदारिया पण्णत्ता, तं जहा– पुस्सो, असिलेसा, मघा, पुव्वाफग्गुणी, उत्तराफग्गुणी, हत्थो, चित्ता ।**

**ભાવાર્થ :–** પુષ્ય આદિ સાત નક્ષત્ર પશ્ચિમ દ્વારવાળા છે, તે આ પ્રમાણે– (૧) પુષ્ય (૨) અશ્લેષા (૩) મઘા (૪) પૂર્વા ફાલ્ગુની (૫) ઉત્તરા ફાલ્ગુની (૬) હસ્ત (૭) ચિત્રા.

**१४० साइआइया तं सत्त णक्खत्ता उत्तरदारिया पण्णत्ता, तं जहा– साइ, विसाहा, अणुराहा, जेट्ठा, मूलो, पुव्वासाढा, उत्तरासाढा ।**

**ભાવાર્થ :–** સ્વાતિ આદિ સાત નક્ષત્ર ઉત્તર દ્વારવાળા છે, તે આ પ્રમાણે– (૧) સ્વાતિ (૨) વિશાખા (૩) અનુરાધા (૪) જ્યેષ્ઠા (૫) મૂલ (૬) પૂર્વાષાઢા (૭) ઉત્તરાષાઢા.

**કૂટ :–**

**१४१ जंबुद्दीवे दीवे सोमणसे वक्खारपव्वए सत्त कूडा पण्णत्ता, तं जहा–**

**सिद्धे सोमणसे तह, बोद्धव्वे मंगलावईकूडे ।**<br>
**देवकुरु विमल कंचण, विसिट्ठकूडे य बोद्धव्वे ॥१॥**

**ભાવાર્થ :–** જંબૂદ્વીપ નામના દ્વીપમાં સોમનસ નામના વક્ષસ્કાર પર્વત ઉપર સાત ફૂટ છે, તે આ પ્રમાણે છે– (૧) સિદ્ધકૂટ (૨) સોમનસકૂટ (૩) મંગલાવતી કૂટ (૪) દેવકુરુકૂટ (૫) વિમલકૂટ (૬) કાંચન કૂટ (૭) વિશિષ્ટ કૂટ.

**१४२** **जंबुद्दीवे दीवे गंधमायणे वक्खारपव्वए सत्त कूडा पण्णत्ता, तं जहा–**

**सिद्धे य गंधमायण, बोद्धव्वे गंधिलावईकूडे ।**
**उत्तरकुरु फलिहे, लोहियक्खे आणंदणे चेव ॥१॥**

**ભાવાર્થ :–** જંબૂદ્વીપ નામના દ્વીપમાં ગંધમાદન વક્ષસ્કાર પર્વત પર સાત ફૂટ છે, તે આ પ્રમાણે છે– (૧) સિદ્ધકૂટ (૨) ગંધમાદન કૂટ (૩) ગંધિલાવતી કૂટ (૪) ઉત્તર કૂટ (૫) સ્ફટિક કૂટ (૬) લોહિતાક્ષ કૂટ (૭) આનંદન કૂટ.

### કુલકોટી :–

**१४३** **बेइंदियाणं सत्त जाइ–कुलकोडि-जोणीपमुह-सयसहस्सा पण्णत्ता ।**

**ભાવાર્થ :–** બેઇન્દ્રિય જાતિની યોનિ પ્રમુખમાં સાત લાખ કુલકોટી કહી છે.

### વિવેચન :–

બેઇન્દ્રિય જાતિ નામકર્મના ઉદયે સ્પર્શેન્દ્રિય અને જીહ્વેન્દ્રિય પ્રાપ્ત બેઇન્દ્રિય જીવોની બે લાખ યોનિ છે અને સાત લાખ કુલ કોટિ છે.

**યોનિ–** ઉત્પત્તિ સ્થાન, **કુલકોટિ–** એક વર્ણ, એક આકારવાળા જીવ એક કુળના કહેવાય. તેનાથી ભિન્ન વર્ણ, ભિન્ન આકારવાળા તે જ જાતિના જીવની બીજી કુળકોટિ કહેવાય. એક ઉત્પત્તિ સ્થાનમાં અનેક વર્ણાદિવાળા અનેક કુળ ઉત્પન્ન થઈ શકે છે. જેમ કે– છાણ રૂપ એક યોનિ સ્થાનમાં અનેક પ્રકારના ભિન્ન-ભિન્ન વર્ણ, આકારાદિવાળા કૃમિ ઉત્પન્ન થઈ શકે છે. આ રીતે બેઇન્દ્રિય જીવોની બે લાખ યોનિમાં સાત લાખ કુલકોટિ સંભવે છે.

### પાપકર્મનો ચય-ઉપચય :–

**१४४** **जीवा णं सत्तट्ठाणणिव्वत्तिए पोग्गले पावकम्मत्ताए चिणिंसु वा चिणंति वा चिणिस्संति वा, तं जहा– णेरइयणिव्वत्तिए, तिरिक्खजोणिय-णिव्वत्तिए, तिरिक्ख-जोणिणी-णिव्वत्तिए, मणुस्स-णिव्वत्तिए, मणुस्सी-णिव्वत्तिए, देवणिव्वत्तिए, देवी-णिव्वत्तिए । एवं-चिण-उवचिण-बंध-उदीर-वेद तह णिज्जरा चेव ।**

**ભાવાર્થ :–** જીવે સાત સ્થાનેથી નિર્વર્તિત-ઉપાર્જિત પુદ્ગલોનો પાપકર્મરૂપે સંચય કર્યો હતો, કરે છે અને કરશે, તે આ પ્રમાણે છે– (૧) નૈરયિક નિર્વર્તિત પુદ્ગલોનો (૨) તિર્યગ્યોનિક નિર્વર્તિત પુદ્ગલોનો (૩) તિર્યંચાણી નિર્વર્તિત પુદ્ગલોનો (૪) મનુષ્ય નિર્વર્તિત પુદ્ગલોનો (૫) મનુષ્યાણી નિર્વર્તિત પુદ્ગલોનો (૬) દેવ નિર્વર્તિત પુદ્ગલોનો (૭) દેવી નિર્વર્તિત પુદ્ગલોનો.

આ રીતે જીવે સાત સ્થાનથી નિર્વર્તિત પુદ્ગલોનો પાપકર્મરૂપે ઉપચય, બંધ, ઉદીરણા, વેદન અને નિર્જરણ કર્યુ હતું, કરે છે અને કરશે.

## પુદ્ગલ સ્કંધની અનંતતા :–

**१४५ सत्तपएसिया खंधा अणंता पण्णत्ता ।**

**ભાવાર્થ :–** સાત પ્રદેશવાળા પુદ્ગલ સ્કંધ અનંત છે.

**१४६ सत्तपएसोगाढा पोग्गला** *जाव* **सत्तगुणलुक्खा पोग्गला अणंता पण्णत्ता ।**

**ભાવાર્થ :–** સાત પ્રદેશાવગાઢ પુદ્ગલ સ્કંધ અનંત છે. સાત સમયની સ્થિતિવાળા પુદ્ગલ સ્કંધ અનંત છે. સાત ગુણકાળા વર્ણાદિવાળા પુદ્ગલ અનંત છે. તે જ રીતે શેષ વર્ણ, ગંધ, રસ અને સ્પર્શના રૂક્ષ સ્પર્શ પર્યંત સાત ગુણવાળા પુદ્ગલ સ્કંધ અનંત છે.

**॥ સ્થાન–૭ સંપૂર્ણ ॥**

# આઠમું સ્થાન

## પરિચય

★ પ્રસ્તુત સ્થાનમાં આઠ સંખ્યા સંબંધિત નિરૂપણ છે. ઉદ્દેશક રહિતના આ સ્થાનમાં જીવવિજ્ઞાન, કર્મશાસ્ત્ર, લોકસ્થિતિ, ગણ વ્યવસ્થા, જ્યોતિષ, આયુર્વેદ, ઈતિહાસ, ભૂગોળ વગેરે અનેક વિષય સંકલિત છે.

★ મનુષ્યોની પ્રકૃતિ સમાન હોતી નથી. કોઈ વ્યક્તિ સરળ હોય છે, તો કોઈ વ્યક્તિ માયાચારી હોય છે. જેનો આત્મા પાપ પ્રત્યે ગ્લાનિ અનુભવતો હોય, ધર્મ પ્રત્યે આસ્થાવાન હોય, ''કૃત કર્મનું ફળ અવશ્ય ભોગવવું પડે'' આ કર્મ સિદ્ધાંત પ્રત્યે વિશ્વાસ હોય, તે માયાચારનું સેવન કરતા નથી અને કદાચ માયાનું સેવન થઈ જાય તો તેમાં તે પ્રસન્ન થતા નથી. માયાના લૌકિક અને લોકોત્તરિક ફળનું ચિંતન કરનાર વ્યક્તિ જ માયાની આલોચના કરે છે. પ્રાયશ્ચિત્ત અને તપકર્મ સ્વીકારી આત્માને શુદ્ધ બનાવે છે. **अट्ठहिं ठाणेहिं मायी मायं कट्टु आलोएज्जा... अहारिहं पायच्छित्तं तवोकम्मं पडिवज्जेज्जा ।**

★ કર્મ સિદ્ધાંતથી અજ્ઞાત અને માયાના ફળનું ચિંતન ન કરનાર વ્યક્તિ માયા કરીને મનમાં પ્રસન્ન થાય છે. તે પોતાના અહંને પુષ્ટ કરે છે. તે એ પ્રમાણે વિચારે છે કે આલોચના કરવાથી મારી પ્રતિષ્ઠાને ઝાંખપ લાગશે, મારો અપયશ ફેલાશે માટે આલોચના કરતાં નથી. અન્યથી પોતે મહાન છે, તેવી ભાવનાના કારણે તેનામાં વિશેષ અહં જાગૃત થાય છે. અહંનું બીજું નામ મદ છે. પ્રસ્તુત સ્થાનમાં આઠ પ્રકારના મદનું કથન છે. **अट्ठ मयट्ठाणा पण्णत्ता ।**

★ વ્યક્તિ જે જાતિમાં ઉત્પન્ન થાય છે તે જાતિનો તેને મદ થાય છે કે મારી જાતિ શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ છે. કોઈને બળનો મદ થાય કે હું શક્તિશાળી છું. કોઈને તપનો મદ થાય કે મારા જેવું તપ બીજા કોઈ કરી ન શકે. આ રીતે આઠ પ્રકારના મદના કારણે વ્યક્તિમાં મૃદુતા સમાપ્ત થઈ જાય છે.

★ માયા અને મદ મનુષ્યમાં માનસિક વિકાર ઉત્પન્ન કરે છે. વિકૃત મનવાળી વ્યક્તિ શરીરથી પણ અસ્વસ્થ બની જાય છે. પ્રાયઃ શારીરિક રોગોનું કારણ મનોવિકાર છે. રુગ્ણમન શરીરને રુગ્ણ બનાવે છે. માનસિક વિકાર દૂર થતાં શરીર સ્વસ્થ બની જાય છે. કેટલાક શારીરિક રોગો માનસિક દોષોથી ઉત્પન્ન થાય છે. પ્રાચીનકાળમાં તેની ચિકિત્સા આયુર્વેદ પદ્ધતિથી કરવામાં આવતી હતી. વર્તમાનમાં પણ આયુર્વેદ પદ્ધતિ જીવંત છે. આયુર્વેદ ચિકિત્સા પદ્ધતિના આઠ અંગ હોય છે. **अट्ठविहे आयुवेए पण्णत्ते...** । આ રીતે સૂત્રકારે આઠ સંખ્યામાં તેનું સંકલન કર્યું છે. આ સ્થાનમાં નિમિત્ત જ્ઞાન વગેરે લૌકિક વિષયો પણ સંકલિત છે.

★ જૈનદર્શનમાં અનેકાંતનો પ્રયોગ માત્ર તત્ત્વવાદના ક્ષેત્રમાં જ નહીં પરંતુ આચાર અને વ્યવસ્થાના

ક્ષેત્રમાં પણ જોવા મળે છે. સાધના એકલાએ કરવી કે સંઘ(સમૂહ)માં, આ વિષય પર જૈનાગમોમાં સર્વાંગીણ દષ્ટિથી વિચાર કર્યો છે. જૈનદર્શનમાં સંઘ મહત્ત્વપૂર્ણ સ્થાન ધરાવે છે. સાધક સંઘમાં દીક્ષિત થઈ, આધ્યાત્મિક વિકાસ કરે છે. એકલા રહી સાધનાના ઉચ્ચશિખરે પહોંચવું, પ્રત્યેક વ્યક્તિ માટે સંભવિત નથી. તેમ છતાં સંઘબદ્ધતા જ સાધનાનો એકમાત્ર વિકલ્પ નથી. સાધક એકલા રહી સાધના કરી શકે છે. એકાંત સાધના માર્ગ કેટલાક અંશે કઠિન હોય છે. વિશિષ્ટ યોગ્યતા હોય તે જ એકલા રહી સાધના કરી શકે છે. શ્રદ્ધા વગેરે આઠ ગુણધારણ કરનાર એકલ વિહાર કરી શકે છે. સૂત્રકારે આ રીતે સંઘબદ્ધતા અને એકલવિહાર બંનેને સ્વીકૃતિ આપી છે.

★ જૈન ભૂગોળરૂપે મહાવિદેહ ક્ષેત્રગત ૩૨ વિજયનું વર્ણન આ સ્થાનમાં છે. કેવળી સમુદ્ઘાતના આઠ સમયની અવસ્થાઓનું વિશદ નિરૂપણ આ સ્થાનમાં જોવા મળે છે. અનેક વિષયોની વિવિધતાથી સભર આ સ્થાન ધર્મરુચિને જાળવી રાખે છે અને જ્ઞાનવૃદ્ધિ સાથે આચાર પ્રેરક બને છે.

❖❖❖

# સ્થાન–૮

## એકલ વિહારીના આઠ ગુણ :–

**१ अट्ठहिं ठाणेहिं संपण्णे अणगारे अरिहइ एगल्लविहारपडिमं उवसंपज्जित्ताणं विहरित्तए, तं जहा– सड्ढी पुरिसजाए, सच्चे पुरिसजाए, मेहावी पुरिसजाए बहुस्सुए पुरिसजाए, सत्तिमं, अप्पाहिगरणे, धिइमं, वीरियसंपण्णे ।**

**ભાવાર્થ :–** આઠ સ્થાનોથી સંપન્ન અણગાર એકાકી વિહાર પ્રતિમાને સ્વીકારી, એકાકીપણે વિચરવા માટે યોગ્ય છે, તે આ પ્રમાણે છે– (૧) શ્રદ્ધાવાન પુરુષ (૨) સત્યવાદી પુરુષ (૩) મેધાવી પુરુષ (૪) બહુશ્રુત પુરુષ (૫) શક્તિમાન પુરુષ (૬) અલ્પાધિકરણ પુરુષ (૭) ધૃતિમાન પુરુષ (૮) વીર્યસંપન્ન પુરુષ.

## વિવેચન :–

પ્રસ્તુત સૂત્રમાં એકલવિહાર પ્રતિમાનો સ્વીકાર કરનાર સાધુના આઠ ગુણોનું કથન છે.

છઠ્ઠા સ્થાનમાં ગણપ્રમુખ-સંઘાડાના મુખ્ય થઈને વિચરણ કરનાર શ્રમણોના આવશ્યક છ ગુણોનું કથન છે. અહીં ધૈર્યવાન અને વીર્યસંપન્ન,બે ગુણ સહિત આઠ ગુણોનું નિરૂપણ છે.

એકલવિહાર કરનાર શ્રમણે પોતાના આત્મવિકાસની જવાબદારી પોતે જ વહન કરવાની હોય છે. સંયમી જીવનમાં તેને વિશેષ જાગૃત અને સાવધાન રહેવાનું હોય છે. તેની સફળતા માટે તેનામાં વિશેષ ગુણોની આવશ્યકતા છે. તેથી જ સૂત્રકારે અહીં સંઘાડા પ્રમુખના ગુણો કરતાં એકલવિહારીના બે વિશેષ ગુણોનું કથન કર્યું છે. છ ગુણોનું કથન સ્થાન-૬, સૂત્ર-૧ પ્રમાણે જાણવું.

**धिइमं :–** ધૃતિમાન, ધૈર્યવાન. ધૃતિમાનનો અર્થ 'દઢમનોબળ' અથવા 'મક્કમ નિર્ધાર' થાય છે. સાધકે સાધનાનો જે માર્ગ સ્વીકાર્યો છે, તે માર્ગ પર તે જ શ્રદ્ધાથી એકાકીપણે ટકી રહેવા માટે ધીરતા હોવી અત્યંત જરૂરી છે.

એકાકી વિચરણ કરનાર શ્રમણે નિર્મિત થતી પ્રત્યેક શારીરિક, માનસિક કે બાહ્ય કોઈપણ વિકટ પરિસ્થિતિઓ એકાકીપણે જ સહન કરવાની હોય છે. વિકટ પરિસ્થિતિમાં જો તે સાધુ ચંચળ બની જાય,

કોઈપણ પ્રકારની ઉતાવળ કરે તો તે પરિસ્થિતિને સમભાવપૂર્વક સહન કરી શકતા નથી. પરંતુ તે સમયે ધૈર્ય ધારણ કરે તો જ હિંમતપૂર્વક પરિસ્થિતિનો સ્વીકાર કરવામાં તે સફળ થઈ શકે છે. તેથી એકાકી વિચરણ કરનાર શ્રમણ ધૈર્યવાન હોય તે અત્યંત જરૂરી છે.

**वीरियसंपण्णे :–** વીર્યસંપન્ન. આ આઠ ગુણોમાં પાંચમો ગુણ **सत्तिमं** = શક્તિમાન કહ્યો છે. તે શારીરિક ક્ષમતાની અપેક્ષાએ છે અને વીર્યસંપન્નતામાં પુરુષાકાર પરાક્રમ અર્થાત્ પુરુષાર્થ, ઉત્સાહ, હિંમત વગેરે આંતરિક ગુણોની અપેક્ષાએ છે.

એકાકી શ્રમણને પ્રત્યેક કાર્ય એકાકીપણે જ કરવાના હોય છે. તેથી સંયમ સાધનાના કે શાસન પ્રભાવનાના કાર્યોમાં તેનો ઉત્સાહ અને પરાક્રમ જળવાઈ રહે તે જરૂરી છે. જો ઉત્સાહના સ્થાને આળસ કે પ્રમાદ જેવા અવગુણ પ્રવેશ કરી જાય તો શક્તિ હોવા છતાં તે નિષ્ફળ જાય છે. તેથી એકાકી વિચરણ કરનાર શ્રમણમાં વીર્યસંપન્નતા ગુણની અનિવાર્યતા છે.

આ રીતે બે વિશિષ્ટ ગુણોના કથનથી સૂત્રકારે એકાકી વિચરનાર શ્રમણોની સફળતા માટેનું માર્ગદર્શન આપ્યું છે.

## અંડજાદિ યોનિ પ્રકાર :-

**૨ अट्ठविहे जोणिसंगहे पण्णत्ते, तं जहा– अंडया, पोयया, जराउया, रसया, संसेइया, संमुच्छिमा, उब्भिया, उववाइया ।**

**ભાવાર્થ :–** યોનિસંગ્રહના આઠ પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) અંડજ– ઈંડાથી ઉત્પન્ન થનારા પક્ષી, સર્પ આદિ. (૨) પોતજ– ચામડીના આવરણ વિના ઉત્પન્ન થનારા હાથી–સિંહ આદિ. (૩) જરાયુજ– ચર્મ આવરણ રૂપ જરાયુ(જર)થી ઉત્પન્ન થનારા મનુષ્ય વગેરે. (૪) રસજ– કાળ મર્યાદાથી અતિક્રાંત, દૂધ, દહીં, આદિ પદાર્થોમાં રસ પરિવર્તિત થતાં ઉત્પન્ન થનારા જીવ. (૫) સંસ્વેદજ– પસીનાથી ઉત્પન્ન થતાં જૂ, લીખ વગેરે. (૬) સંમૂર્ચ્છિમ– તદનુકૂલ પુદ્ગલોના સંયોગથી ઉત્પન્ન થતી ઇયળ વગેરે. (૭) ઉદ્‌ભિજ્જ– ભૂમિ ભેદથી ઉત્પન્ન થનારા શલભાદિ જીવ અથવા વનસ્પતિ. (૮) ઔપપાતિક– દેવ શય્યા કે નરક કુંભીઓમાં ઉત્પન્ન થનારા દેવ, નારકી.

## વિવેચન :-

સ્થાન-૭, સૂત્ર-૩માં સાત પ્રકારના યોનિસંગ્રહમાં 'ઔપપાતિક' ઉમેરીને અહીં આઠ પ્રકારના યોનિસંગ્રહનું અહીં નિરૂપણ છે.

**ઔપપાતિક :–** ઉપપાત જન્મ ધારણ કરનારા નારક અને દેવોની ઔપપાતિક યોનિ કહેવાય છે. શેષ કથન ભાવાર્થથી સ્પષ્ટ છે.

**અંડજાદિ જીવોની ગતિ-આગતિ :–**

**३ अंडया अट्ठगइया अट्ठागइया पण्णत्ता, तं जहा– अंडए अंडएसु उववज्जमाणे अंडएहिंतो वा, पोयएहिंतो वा *जाव* उववाइएहिंतो वा उववज्जेज्जा ।**

**से चेव णं से अंडए अंडगत्तं विप्पजहमाणे अंडयत्ताए वा *जाव* उववाइयत्ताए वा गच्छेज्जा । एवं पोयया वि जराउया वि । सेसाणं गइरागइ णत्थि ।**

**ભાવાર્થ :–** અંડજ જીવોની આઠ પ્રકારની ગતિ અને આઠ પ્રકારની આગતિ કહી છે, તે આ પ્રમાણે છે– અંડજ જીવ ઈંડાથી, પોતજથી ***યાવત્*** ઔપપાતિકથી આવીને ઉત્પન્ન થાય છે.

તે જ અંડજ જીવ વર્તમાનની અંડજ પર્યાયને છોડીને અંડજ ***યાવત્*** ઔપપાતિકરૂપે ઉત્પન્ન થાય છે. તે જ રીતે પોતજ અને જરાયુજની પણ આઠ ગતિ અને આઠ આગતિ જાણવી. શેષ રસજ આદિ જીવોની આઠ પ્રકારની ગતિ અને આગતિ નથી.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં અંડજ, પોતજ અને જરાયુજ ત્રણ પ્રકારના જીવોની આઠ પ્રકારની ગતિ અને આગતિનું કથન કર્યું છે. શેષ પાંચ પ્રકારના જીવોની આઠ પ્રકારની ગતિ કે આગતિ થતી નથી. કારણ કે રસજ, સંસ્વેદજ વગેરે જીવો સંમૂર્ચ્છિમ હોવાથી નરક કે દેવગતિમાં ઔપપાતિક રૂપે ઉત્પન્ન થતાં નથી અને ઔપપાતિક જીવો પણ રસજ આદિમાં જતા નથી.

**કર્મોનો ચય-અપચય :–**

**४ जीवा णं अट्ठ कम्मपगडीओ चिणिंसु वा चिणंति वा चिणिस्संति वा, तं जहा– णाणावरणिज्जं, दरिसणावरणिज्जं, वेयणिज्जं, मोहणिज्जं, आउयं, णामं, गोयं, अंतराइयं ।**

**ભાવાર્થ :–** જીવોએ આઠ કર્મ પ્રકૃતિઓનો અતીતકાળમાં સંચય કર્યો હતો, કરે છે અને કરશે, તે આ પ્રમાણે છે– (૧) જ્ઞાનાવરણીય (૨) દર્શનાવરણીય (૩) વેદનીય (૪) મોહનીય (૫) આયુષ્ય (૬) નામ (૭) ગોત્ર (૮) અંતરાય.

**५ णेरइया णं अट्ठ कम्मपगडीओ चिणिंसु वा चिणंति वा चिणिस्संति वा एवं चेव । एवं णिरंतरं *जाव* वेमाणियाणं ।**

**ભાવાર્થ :–** નારકી જીવોએ આઠ કર્મ પ્રકૃતિનો સંચય કર્યો હતો, કરે છે અને કરશે વગેરે કથન કરવું. તે જ રીતે વૈમાનિક સુધીના સર્વ દંડકોના જીવોએ આઠ કર્મ પ્રકૃતિનો સંચય કર્યો હતો, કરે છે અને કરશે.

**૬** **जीवा णं अट्ठ कम्मपगडीओ उवचिणिंसु वा उवचिणंति वा उवचिणिस्संति वा, एवं चेव । एवं-चिण-उवचिण-बंध-उदीर-वेय तह णिज्जरा चेव । एए छ चउवीसा दंडगा भाणियव्वा ।**

**ભાવાર્થ :–** જીવોએ આઠ કર્મ પ્રકૃતિઓનો ઉપચય કર્યો હતો, કરે છે અને કરશે વગેરે પૂર્વવત્ જાણવું. (૧) સંચય, (૨) ઉપચય, (૩) બંધ, (૪) ઉદીરણા, (૫) વેદન, (૬) નિર્જરણ કર્યું હતું, કરે છે, અને કરશે.

નારકીથી લઈ વૈમાનિક સુધીના ચોવીસ દંડકોના જીવોમાં આઠ કર્મ પ્રકૃતિઓના સંચયાદિ છ આલાપક(સૂત્રો)કહેવા.

## વિવેચન :–

પ્રસ્તુત સૂત્રમાં આઠ કર્મ અને તેની ચયાદિ અવસ્થાઓનું ત્રણ કાળ આશ્રી નિરૂપણ છે. (૧) **જ્ઞાનાવરણીયકર્મ**–આત્માના જ્ઞાનગુણને આવરિત કરનાર કર્મ. (૨) **દર્શનાવરણીયકર્મ**–આત્માના દર્શનગુણને આવરિત કરનાર કર્મ. (૩) **વેદનીયકર્મ**– આત્માને સુખ–દુઃખ કે શાતા અશાતા પ્રાપ્ત કરાવનાર કર્મ. (૪) **મોહનીયકર્મ**– આત્માને મોહિત, ભ્રમિત, મત્ત કરનારું કર્મ. (૫) **આયુષ્યકર્મ**– આત્માને મનુષ્યાદિ ભવમાં રોકી રાખતું કર્મ (૬) **નામકર્મ**– આત્માને મનુષ્યાદિ ગતિ, પંચેન્દ્રિયાદિ જાતિ, ઔદારિક શરીર આદિ પ્રાપ્ત કરાવતું કર્મ. (૭) **ગોત્રકર્મ**– આત્માને ઊંચ, નીચાદિરૂપે પ્રસિદ્ધ કરતું કર્મ. (૮) **અંતરાયકર્મ**– તપ, દાનાદિમાં આત્મશક્તિની ફોરવણીમાં વિઘ્ન ઊભું કરતું કર્મ.

સામાન્યરૂપે જીવો અને વિશેષરૂપે ચોવીસ દંડકગત જીવો ત્રણે કાળમાં કર્મોનો ચયાદિ કરે છે. કારણ કે જીવ અને કર્મનો સંબંધ અનાદિકાલીન છે અને તે સિદ્ધ ન થાય ત્યાં સુધી રહેવાનો છે. કર્મોના ચય, ઉપચય આદિનું સ્પષ્ટીકરણ પાંચમા સ્થાનના ત્રીજા ઉદ્દેશકના સૂત્ર-૬૭ અનુસાર જાણવું.

## આલોચના : આલોચક અને તેના પરિણામ :–

**૭** **अट्ठहिं ठाणेहिं मायी मायं कट्टु णो आलोएज्जा, णो पडिक्कमेज्जा, णो णिंदेज्जा, णो गरिहेज्जा, णो विउट्टेज्जा, णो विसोहेज्जा, णो अकरणयाए अब्भुट्ठेज्जा, णो अहारिहं पायच्छित्तं तवोकम्मं पडिवज्जेज्जा, तं जहा– करिंसु वाहं, करेमि वाहं, करिस्सामि वाहं, अकित्ती वा मे सिया, अवण्णे वा मे सिया, अविणए वा मे सिया, कित्ती वा मे परिहाइस्सइ, जसे वा मे परिहाइस्सइ ।**

**ભાવાર્થ :–** આઠ કારણથી(આઠ પ્રકારની વિચારણાથી) અસંયમાચરણ રૂપ દોષ સેવન કરનાર (માયાવી) દોષનું સેવન કરીને તેની આલોચના, પ્રતિક્રમણ, નિંદા, ગર્હા, તે દોષોનો ત્યાગ, તેની વિશુદ્ધિ કરીને પુનઃ ન કરવા માટે કૃત પ્રતિજ્ઞ થતા નથી, યથાયોગ્ય તપરૂપ પ્રાયશ્ચિત્તનો સ્વીકાર કરતા નથી. તે આઠ કારણો આ પ્રમાણે છે–

(૧) મેં અતિચારોનું સેવન કરી જ લીધું છે, હવે થઈ ગયેલા તે દોષોની આલોચનાથી શું લાભ ? (૨) વર્તમાનમાં પણ હું અતિચારોનું સેવન કરી રહ્યો છું, તો તેની આલોચના શા માટે ? (૩) ભવિષ્યમાં પણ હું આ દોષ સેવન કરવાનો જ છું તો તેની આલોચનાથી શું ? (૪) આલોચના કરવાથી મારી અપકીર્તિ(અલ્પક્ષેત્રીય અપયશ) થશે. (૫) આલોચના કરવાથી મારો અવર્ણવાદ(નિંદા), વિસ્તૃત ક્ષેત્રમાં અપયશ થશે. (૬) આલોચના કરવાથી મારો અવિનય થશે. (૭) આલોચના કરવાથી મારી કીર્તિ ઓછી થશે. (૮) આલોચના કરવાથી મારો યશ ઘટી જશે.

આ આઠ પ્રકારની વિચારણાથી દોષ સેવન કરનાર આલોચનાદિ કરતા નથી.

**૮ अट्ठहिं ठाणेहिं मायी मायं कट्टु आलोएज्जा** *जाव* **पडिवज्जेज्जा, तं जहा– मायिस्स णं अस्सिं लोए गरहिए भवइ । उववाए गरहिए भवइ । आयाइ गरहिया भवइ । एगमवि मायी मायं कट्टु णो आलोएज्जा** *जाव* **णो पडिवज्जेज्जा, णत्थि तस्स आराहणा । एगमवि मायी मायं कट्टु आलोएज्जा** *जाव* **पडिवज्जेज्जा, अत्थि तस्स आराहणा । बहुसो वि मायी मायं कट्टु णो आलोएज्जा** *जाव* **णो पडिवज्जेज्जा, णत्थि तस्स आराहणा । बहुसो वि मायी मायं कट्टु आलोएज्जा** *जाव* **पडिवज्जेज्जा, अत्थि तस्स आराहणा । आयरिय-उवज्झायस्स वा मे अइसेसे णाणदंसणे समुप्पज्जेज्जा, से य मममालोएज्जा, मायी णं एस ।**

**ભાવાર્થ :–** આઠ પ્રકારના વિચારોથી દોષ સેવન કરનાર(માયાવી) માયાથી પોતાના તે દોષની આલોચના, પ્રતિક્રમણ, નિંદા, ગર્હા, વ્યાવૃત્તિ, વિશુદ્ધિ કરે છે, ફરી તે દોષને ન કરવા સંકલ્પબદ્ધ થાય છે; યથાયોગ્ય તપરૂપ પ્રાયશ્ચિત્ત સ્વીકારે છે. તે આઠ પ્રકારના વિચારો આ પ્રમાણે છે–

(૧) દોષ સેવન કરનારનો આ ભવ ગર્હિત થાય છે (૨) પરભવ ગર્હિત થાય છે (૩) તે પછીનો જન્મ કે ભવોભવ ગર્હિત થાય છે. (૪) દોષસેવી વ્યક્તિ એક વાર દોષ સેવન કરી તેની આલોચના ન કરે ***યાવત્*** તપરૂપ પ્રાયશ્ચિત્ત ન સ્વીકારે તો તે આરાધક થતા નથી. (૫) દોષસેવી વ્યક્તિ એકવાર દોષ સેવન કરી તેની આલોચના કરે ***યાવત્*** તપરૂપ પ્રાયશ્ચિત્ત સ્વીકારે તો તે આરાધક થાય છે. (૬) દોષસેવી વ્યક્તિ અનેકવાર દોષનું સેવન કરીને તેની આલોચના ન કરે ***યાવત્*** તપરૂપ પ્રાયશ્ચિત્ત ન સ્વીકારે તો તે આરાધક થતા નથી. (૭) દોષસેવી વ્યક્તિ અનેકવાર દોષનું સેવન કરીને તેની આલોચના કરે ***યાવત્*** તપરૂપ પ્રાયશ્ચિત્ત સ્વીકારે તો તે આરાધક થાય છે. (૮) મારા આચાર્ય અને ઉપાધ્યાયને અતિશયજ્ઞાન અને દર્શન(અવધિ આદિ જ્ઞાન) ઉત્પન્ન થાય તો તે જાણી લેશે કે 'આ દોષાચરણ કરનાર છે' માટે હું પ્રાયશ્ચિત્ત કરી લઉં.

આ આઠ પ્રકારના વિચારોથી દોષ સેવન કરનાર માયાવી પોતાના દોષની આલોચના કરે છે.

**૯ मायी णं मायं कट्टु से जहाणामए अयागरेइ वा तंबागरेइ वा तउआगरेइ**

**वा सीसागरेइ वा रुप्पागरेइ वा सुवण्णागरेइ वा तिलागणीइ वा तुसागणीइ वा बुसागणीइ वा णलागणीइ वा दलागणीइ वा सोंडियालिंछाणि वा भंडियालिंछाणि वा गोलियालिंछाणि वा कुंभारावाएइ वा कवेल्लुआवाएइ वा इट्टावाएइ वा जंतवाडचुल्लीइ वा लोहारंबरिसाणि वा तत्ताणि समजोइभूयाणि किंसुकफुल्ल-समाणाणि उक्कासहस्साइं विणिम्मुय-माणाइं-विणिम्मुयमाणाइं, जालासहस्साइं पमुंचमाणाइं-पमुंचमाणाइं इंगालसहस्साइं पविक्खिरमाणाइं-पविक्खिरमाणाइं, अंतो-अंतो झियायंति, एवामेव मायी मायं कट्टु अंतो-अंतो झियाइ । जं पि य णं अण्णे केइ वयंति तं पि य णं मायी जाणइ अहमेसे अभिसंकिज्जामि अभिसंकिज्जामि।**

**ભાવાર્થ :–** અકરણીય કાર્ય કર્યા પછી તે અપરાધી, લોઢાની ભટ્ટી(લોઢું ગાળવાની ભટ્ટી), તાંબાની ભટ્ટી, જસતની ભટ્ટી, સીસાની ભટ્ટી, ચાંદીની ભટ્ટી, સોનાની ભટ્ટી, તલની અગ્નિ, તુષની અગ્નિ, ભૂસાની અગ્નિ, નળિયા પકાવવાની અગ્નિ અથવા પાનની અગ્નિ, સુંડિકાનો ચૂલો અર્થાત્ સૂરા કે અર્ક કાઢવાની ભટ્ટી, ભંડિકાની અગ્નિ– થાળી આદિને ગરમ કરવાની ભટ્ટી, ગોલિકાની અગ્નિ– મોટા વાસણ પકાવવા કે રંગવાની ભટ્ટી, કુંભારના નિંભાડા, ચૂનાની ભટ્ટી, ઈંટ પકાવવાની ભટ્ટી, ગોળ બનાવવાની ભટ્ટી, લુહારની ભટ્ટી, તપ્ત, અગ્નિમય કેસુડાના ફૂલ જેવી લાલ-લાલ હજારો ચિનગારીઓ, અનેક જ્વાલાઓ નીકળી રહી હોય તેવી, હજારો અંગારાવાળી તે ભટ્ટીઓ અંદર-અંદર બળ્યા કરે છે; તેમ તે દોષ સેવન કરીને અંદર-અંદર બળ્યા કરે છે. જો કોઈ પરસ્પર વાતો કરે તો તેના મનમાં શંકા થાય કે તેઓ ''મારી વાતો કરે છે.''

**૧૦ मायी णं मायं कट्टु अणालोइय अपडिक्कंते कालमासे कालं किच्चा अण्णयरेसु देवलोएसु देवत्ताए उववत्तारो भवंति, तं जहा– णो महिड्ढिएसु णो महज्जुइएसु णो महाणुभागेसु णो महायसेसु णो महाबलेसु णो महासोक्खेसु णो दुरंगइएसु णो चिरट्ठिइएसु । से णं तत्थ देवे भवइ णो महिड्ढए *जाव* णो चिरट्ठिईए ।**

**जावि य से तत्थ बाहिरब्भंतरिया परिसा भवइ, सावि य णं णो आढाइ णो परिजाणाइ णो महरिहेणं आसणेणं उवणिमंतेइ, भासं पि य से भासमाणस्स जाव चत्तारि पंच देवा अवुत्ता चेव अब्भुट्ठेंति– मा बहुं देवे! भासउ, मा बहुं देवे! भासउ ।**

**ભાવાર્થ :–** દોષસેવી સાધક દોષોનું સેવન કરીને તેની આલોચના, પ્રતિક્રમણ કર્યા વિના કાળના સમયે કાળ કરીને(અન્યગુણોના પ્રભાવે) કોઈ દેવલોકમાં દેવરૂપે ઉત્પન્ન થાય છે પરંતુ ત્યાં મહાઋદ્ધિવાન, મહા દ્યુતિમાન, મહાનુભાગ– વિક્રિયાદિ મહાશક્તિવાન, મહાયશસ્વી, મહાબળવાન, મહાસૌખ્યવાન, ઊંચી

ગતિવાળા કે દીર્ઘસ્થિતિવાળા દેવલોકમાં ઉત્પન્ન થતા નથી. પરંતુ તે અલ્પઋદ્ધિવાળા ***યાવત્*** અલ્પ સ્થિતિવાળા દેવ થાય છે.

ત્યાં દેવલોકમાં તેની બાહ્ય-આભ્યંતર પરિષદ હોય છે, તે પણ તેનો આદર કરતી નથી, તેને સ્વામીરૂપે સ્વીકારતી નથી, મોટી વ્યક્તિને બેસવા યોગ્ય આસન ઉપર બેસવા માટે નિમંત્રિત કરતી નથી, જ્યારે તે દેવ સભામાં ભાષણ કરવાનું ચાલુ કરે ત્યારે કોઈના કહ્યા વિના ચાર-પાંચ દેવો ઊભા થઈને તેને બોલવાનો નિષેધ કરતાં કહે છે કે 'તમે વધુ ન બોલો, હવે બોલવાનું બંધ કરો'.

**૧૧ से णं तओ देवलोगाओ आउक्खएणं भवक्खएणं ठिइक्खएणं अणंतरं चयं चइत्ता इहेव माणुस्सए भवे जाइं इमाइं कुलाइं भवंति, तं जहा– अंतकुलाणि वा पंतकुलाणि वा तुच्छकुलाणि वा दरिद्दकुलाणि वा भिक्खागकुलाणि वा किवण-कुलाणि वा, तहप्पगारेसु कुलेसु पुमत्ताए पच्चायाइ । से णं तत्थ पुमे भवइ दुरूवे दुवण्णे दुग्गंधे दुरसे दुफासे, अणिट्ठे अकंते अप्पिए अमणुण्णे अमणामे हीणस्सरे दीणस्सरे अणिट्ठस्सरे अकंतस्सरे अप्पियस्सरे अमणुण्णस्सरे अमणामस्सरे अणाए ज्जवयणे पच्चायाए ।**

**जा वि य तत्थ बाहिरब्भंतरिया परिसा भवइ, सा वि य णं णो आढाइ णो परिजाणाइ णो महरिहेणं आसणेणं उवणिमंतेइ, भासं पि य से भासमाणस्स जाव चत्तारि पंच जणा अवुत्ता चेव अब्भुट्ठेंति– मा बहुं अज्जउत्तो ! भासउ, मा बहुं अज्जउत्तो भासउ ।**

**ભાવાર્થ :–** તે દેવ આયુક્ષય, ભવક્ષય, સ્થિતિક્ષય કરીને, દેવલોકમાંથી ચ્યવીને, આ મનુષ્ય લોકમાં અંતકુળ, પ્રાંતકુળ, તુચ્છકુળ, દરિદ્રકુળ, ભિક્ષુકકુળ, કૃપણકુળ અથવા તેવા પ્રકારના અન્ય હીન કુળમાં મનુષ્ય રૂપે ઉત્પન્ન થાય છે.

ત્યાં તે કુરૂપ, કુવર્ણ, કુગંધ, અનિષ્ટ રસ અને કઠોર સ્પર્શવાળા; અનિષ્ટ, અકાન્ત, અપ્રિય, અમનોજ્ઞ, મનને ન ગમે તેવા હીન સ્વર, દીન સ્વર, અનિષ્ટ સ્વર, અકાન્ત સ્વર, અપ્રિય સ્વર, અમનોજ્ઞ સ્વર, અરુચિકર સ્વર અને અનાદેય વચનવાળા હોય છે.

ત્યાં તેની બાહ્ય અને આભ્યંતર પરિષદ પણ તેનો આદર કરતી નથી, તેને સ્વામીરૂપે સ્વીકારતી નથી, મહાન વ્યક્તિને યોગ્ય એવા આસન પર બેસવાનું નિમંત્રણ આપતી નથી. જ્યારે તે બોલવા ઊભા થાય ત્યારે ચાર-પાંચ મનુષ્યો કોઈના કહ્યા વિના ઊભા થઈ જાય છે અને કહે છે કે– "આર્ય પુત્ર ! વધુ ન બોલો, વધુ ન બોલો."

**૧૨ मायी णं मायं कट्टु आलोइय-पडिक्कंते कालमासे कालं किच्चा अण्णयरेसु**

देवलोएसु देवत्ताए उववत्तारो भवंति, तं जहा– महिड्ढिएसु *जाव* चिरट्ठिईएसु । से णं तत्थ देवे भवइ महिड्ढिए *जाव* चिरट्ठिईए । हार-विराइय-वच्छे, कडक-तुडिय-थंभिय-भुए अंगदकुंडल-मट्ठ-गंडतल-कण्णपीढधारी विचित्तहत्थाभरणे विचित्त-वत्था- भरणे विचित्तमालामउली-कल्लाणगपवर-वत्थ-परिहिए, कल्लाणग-पवर-गंध-मल्ला- णुलेवणधरे भासुरबोंदि पलंब वणमालधरे दिव्वेणं वण्णेणं दिव्वेणं गंधेणं दिव्वेणं रसेणं दिव्वेणं फासेणं दिव्वेणं संघाएणं दिव्वेणं संठाणेणं दिव्वाए इड्ढीए दिव्वाए जुईए दिव्वाए पभाए दिव्वाए छायाए दिव्वाए अच्चीए दिव्वेणं तेए णं दिव्वाए लेस्साए दस दिसाओ उज्जोवेमाणे पभासेमाणे महयाहय-णट्ट-गीय-वाइय-तंती-तल- ताल-तुडिय-घण-मुइंग-पडुप्पवाइय-रवेणं दिव्वाइं भोगभोगाइं भुंजमाणे विहरइ ।

जा वि य से तत्थ बाहिरब्भंतरिया परिसा भवइ, सा वि य णं आढाइ, परिजाणाइ, महरिहेणं आसणेणं उवणिमंतेइ, भासं पि य से भासमाणस्स जाव चत्तारि पंच देवा अणुत्ता चेव अब्भुट्ठेंति– बहुं देवे ! भासउ, बहुं देवे ! भासउ ।

**ભાવાર્થ :–** દોષસેવી વ્યક્તિ જો દોષની આલોચના, પ્રતિક્રમણ કરી, કાળના સમયે કાળ કરી કોઈ એક દેવલોકમાં ઉત્પન્ન થાય છે. ત્યાં તે મહાૠદ્ધિવાન ***યાવત્*** દીર્ઘ સ્થિતિવાન દેવલોકમાં ઉત્પન્ન થાય છે.

તે ત્યાં મહાૠદ્ધિવાન ***યાવત્*** દીર્ઘ સ્થિતિવાળા દેવ બને છે.

તેનું વક્ષઃસ્થળ હારથી સુશોભિત હોય છે. તેની ભુજાઓમાં કડા, તોડા અને અંગદ(બાજૂબંધ) હોય છે, તેના કાનમાં ચંચલ અને ગાલ સુધી સ્પર્શતા કુંડળ હોય છે. તે વિવિધ હસ્તના આભરણ, વિવિધ વસ્ત્રાભરણ, વિવિધ માળા યુક્ત મુગટ અને કલ્યાણકારી પ્રધાન વસ્ત્રો ધારણ કરે છે. તે કલ્યાણકારી પ્રધાન ગન્ધ, માલ્ય અને વિલેપનનો લેપ કરે છે. તે પોતાના તેજસ્વી શરીર પર પ્રલંબ વનમાળા (આભૂષણ વિશેષ) ધારણ કરે છે. તે દિવ્યવર્ણ, દિવ્ય ગંધ, દિવ્ય રસ, દિવ્ય સ્પર્શ, દિવ્ય સંઘાતન, દિવ્ય સંસ્થાન અને દિવ્ય ૠદ્ધિ, દિવ્ય દ્યુતિ, દિવ્ય પ્રભા, દિવ્ય કાંતિ, દિવ્ય અર્ચિ, દિવ્ય તેજ અને દિવ્ય લેશ્યાથી દશે દિશાઓને ઉદ્યોતિત કરે છે, પ્રભાસિત કરે છે. તે નાટ્ય, ગીત તથા કુશલ વાદકો દ્વારા જોરથી વગાડેલા વાજિંત્ર, તંત્ર, તાલ,ત્રુટિત, ઘન અને મૃદંગની મહાન ધ્વનિથી યુક્ત દિવ્ય ભોગોને ભોગવે છે.

તેની બાહ્ય અને આભ્યંતર પરિષદ તેનો આદર કરે છે, તેને સ્વામી રૂપે સ્વીકારે છે, મહાન વ્યક્તિને યોગ્ય આસન પર તેને બેસવા નિમંત્રિત કરે છે. જ્યારે તે ભાષણ માટે ઊભા થાય છે ત્યારે કોઈના કહ્યા વિના ચાર કે પાંચ દેવો ઊભા થઈને કહે છે. 'હે દેવ ! હજુ વધુ બોલો– હજુ થોડો સમય ભાષણ ચાલુ રાખો.'

**१३** से णं ताओ देवलोगाओ आउक्खएणं *जाव* चइत्ता इहेव माणुस्साए

**भवे जाइं इमाइं कुलाइं भवंति– अड्ढाइं दित्ताइं वित्थिण्ण-विउल- भवण-सयणासण जाणवाहणाइं बहुधण-बहुजायरूव-रययाइं आओग- पओग-संपउत्ताइं विच्छड्डिय-पउर-भत्तपाणाइं बहुदासी-दास-गो- महिस-गवेलय-प्पभूयाइं बहुजणस्स अपरिभूयाइं, तहप्पगारेसु कुलेसु पुमत्ताए पच्चायाइ । से णं तत्थ पुमे भवइ सुरूवे सुवण्णे सुगंधे सुरसे सुफासे; इट्ठे कंते पिए मणुण्णे मणामे, अहीणस्सरे अदीणस्सरे इट्ठस्सरे कंतस्सरे पियस्सरे मणुण्णस्सरे मणामस्सरे आदेज्जवयणे पच्चायाए ।**

**जा वि य से तत्थ बाहिरब्भंतरिया परिसा भवइ, सा वि य णं आढाइ परिजाणाइ महरिहेणं आसणेणं उवणिमंतेइ, भासंपि य से भासमाणस्स** *जाव* **चत्तारि पंच जणा अणुत्ता चेव अब्भुट्ठेंति– बहुं अज्जउत्ते ! भासउ; बहुं अज्जउत्ते! भासउ ।**

**ભાવાર્થ :–** તે દેવ આયુક્ષય, ભવક્ષય અને સ્થિતિક્ષય કરીને, દેવલોકમાંથી ચ્યવીને, આ મનુષ્યલોકમાં સમૃદ્ધકુળ, ઉન્નતકુળમાં વિસ્તીર્ણ અને વિપુલ શયનાસન, યાન અને વાહનવાળા, બહુધન, બહુ સુવર્ણ, બહુ ચાંદીવાળા, આયોગ-પ્રયોગ (લેન-દેન)માં સંપ્રયુક્ત, વિપુલ આહાર-પાણીવાળા અનેક દાસી-દાસ, ગાય-ભેંસ, ઘેટા વગેરેથી યુક્ત અને ઘણી વ્યક્તિઓથી અપરાજિત એવા ઉચ્ચ કુળમાં મનુષ્યરૂપે ઉત્પન્ન થાય છે.

ત્યાં તે સુરૂપ, સુવર્ણ, સુગંધ, સુરસ અને સુસ્પર્શ, ઈષ્ટ, કાન્ત, પ્રિય, મનોજ્ઞ, મનોહર, અહીનસ્વર, અદીનસ્વર, ઈષ્ટસ્વર, કાન્તસ્વર, પ્રિયસ્વર, મનોજ્ઞસ્વર, મનોહરસ્વર અને આદેય વચનવાળા હોય છે.

તેની બાહ્ય અને આભ્યંતર પરિષદ તેનો આદર કરે છે. તેને પોતાના સ્વામીરૂપે સ્વીકારે છે, મહાન વ્યક્તિને બેસવા યોગ્ય આસન ઉપર બેસવા માટે નિમંત્રિત કરે છે. તે જ્યારે ભાષણ આપવાનો પ્રારંભ કરે છે, ત્યારે ચાર-પાંચ મનુષ્યો અન્ય કોઈના કહ્યા વિના ઊભા થઈને કહે છે– ''હે આર્ય પુત્ર ! હજુ વધુ બોલો. હજુ વધારે બોલો.'' (આ રીતે તેને વધુ બોલવા માટે સસન્માન પ્રેરણા કરે છે.)

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં આલોચના કરવા અને ન કરવાના આઠ-આઠ કારણોના નિર્દેશ સાથે તેના પરિણામનું પ્રતિપાદન છે. આલોચના ન કરવાનું મુખ્ય કારણ માયા કપટનો ભાવ છે.

સ્થાન-૩, ઉદ્દે.-૩, સૂત્ર-૧માં આલોચના ન કરવાના નવ કારણોનું કથન ત્રણ સૂત્રો દ્વારા કર્યું છે. તેમાંથી આઠ કારણોને અહીં ગ્રહણ કર્યા છે. તેનું વિવેચન પૂર્વવત્ જાણવું.

સ્થાન-૩માં આલોચના કરવાના નવ કારણો ત્રણ સૂત્રો દ્વારા કહ્યા છે. તેમાંથી પ્રથમ ત્રણ કારણોને અહીં ગ્રહણ કર્યા છે. શેષ કારણોમાં ભિન્નતા છે.

પ્રસ્તુત સૂત્રગત આલોચનાના આઠ કારણોને જોતાં સ્પષ્ટ જણાય છે કે આલોચના કરવાનું મુખ્ય કારણ ભય છે. વ્યક્તિને આ ભવ, પરભવ કે ભવાંતરમાં પ્રાપ્ત દુઃખ, અપમાન, અપકીર્તિ આદિનો ભય હોય છે. તેમજ ગુરુ આદિ જાણી લેશે તો બદનામી થશે, એ પણ ભયસ્વરૂપ છે. ખરેખર ! કોઈપણ પ્રકારનો ભય વ્યક્તિને આલોચના કરવા પ્રેરે છે અને પાપ કરતા રોકે છે.

પરંતુ કેટલાક સાધકો વિચારે છે કે છદ્મસ્થ દશામાં દોષ સેવન થવું સહજ છે પરંતુ દોષસેવન પછી જાગૃત થઈને યથાતથ્ય રૂપે તેની આલોચના આદિ કરવી તે સાધકોનું, આરાધક બનવા માટેનું પરમ કર્તવ્ય છે. તેથી તે કોઈપણ પ્રકારના ભય વિના આરાધક બનવા માટે સાધના માર્ગમાં આલોચનાના મહત્ત્વને સમજીને આલોચના કરે છે.

આ રીતે સૂત્રકારે વિવિધ વિચારધારાઓ દ્વારા સાધકોની વિવિધ પ્રકારની કક્ષાને સમજાવી છે.

સૂત્રમાં આલોચના ન કરનારની માનસિક પરિસ્થિતિનું વર્ણન અનેક પ્રકારની અગ્નિની ઉપમાથી કર્યું છે. તેમજ તેને આ ભવ આદિમાં પ્રાપ્ત થતાં ખેદ, શોકાદિનું તાદશ્ય ચિત્ર સૂત્રાર્થમાં સ્પષ્ટ છે.

પાપકર્મના નાશ માટે આલોચના અત્યંત આવશ્યક ક્રિયા હોવાથી સૂત્રકારે તેની ક્રમિક પદ્ધતિ સમજાવી છે.

**आलोएज्जा** = દોષોને દોષ રૂપે સ્વીકારી ગુરુ સમક્ષ તેનું યથાતથ્ય નિવેદન કરવું. વિશુદ્ધિ માટેનું આ મહત્ત્વનું અંગ છે. **पडिक्कमेज्जा** = પ્રતિક્રમણ કરવું. તે દોષ સેવન અંગે 'મિચ્છામિ દુક્કડમ્' કરવું. **णिंदेज्जा** = પોતાના દોષો માટે આત્મગ્લાનિ અનુભવવી. આત્મ સાક્ષીએ તેનો પાશ્ચાત્તાપ કરવો. **गरिहेज्जा** = પોતાના દોષો માટે ગુરુની સાક્ષીએ સ્વનિંદા કરવી. **विउट्टेज्जा** = દોષ સેવન કરતા અટકી જવું. **विसोहेज्जा** = ફરીથી દોષો ન સેવવાની ભાવના, વિચારણા કરવી. **अकरणयाए अब्भुट्ठेज्जा** = પુનઃ તે અતિચારોનું સેવન ન કરવા માટે દઢતમ નિશ્ચય કરવો. **अहारिहं पायच्छित्तं तवोकम्मं** = અતિચારને યોગ્ય, ગુરુ દ્વારા પ્રદત્ત તપ રૂપ પ્રાયશ્ચિત્તનો સ્વીકાર કરવો.

આલોચનાથી તપ સ્વીકાર પર્યંતની પ્રક્રિયાથી સાધક અતિચારોની શુદ્ધિ કરી શકે છે.

પ્રસ્તુત સૂત્રોના કેટલાક અપ્રસિદ્ધ શબ્દોના ભાવ આ પ્રમાણે છે. **णलागणि–** નલાગ્નિ– નરકટની અગ્નિ. નળીયાદિ પકાવવાની અર્થાત્ નીંભાડાની અગ્નિ અથવા નરકટ નામના પાતળા લાંબા પાન અને પાતળી ગાંઠવાળા ડીંટિયાવાળો એક છોડ છે, તેની અગ્નિ નરકટ અગ્નિ કહેવાય છે. **सोंडिया भंडिया.. गोलिया लिंछाणी–** સોંડિયા પેટી આકારનું એક વાસણ જેમાં મદ્ય બનાવવામાં આવે છે. તે મદ્ય પકાવવા જે અગ્નિ કરવામાં આવે તેને સુંડિકાગ્નિ કહે છે. વૃત્તિકારે 'ભંડિકા'નો અર્થ હાંડી અને 'ગોલિકા'નો અર્થ મોટી હાંડી કર્યો છે. તે હાંડીમાં જે અગ્નિ હોય તે ભંડિકાગ્નિ અને ગોલિકાગ્નિ કહેવાય છે. **लिंछाणि** એટલે ચૂલો. સોંડિય વગેરેને ગરમ કરવાનો ચૂલો. વૃત્તિકારે પ્રાચીન મતના ઉલ્લેખ કરતાં 'સોંડિય' વગેરેને અગ્નિના આશ્રયસ્થાન રૂપ વિભિન્ન પ્રકારના ચૂલા કહ્યા છે.

**आउ.. भव.. ठिइक्खएणं :–** આગમોમાં પ્રાયઃ મૃત્યુના વર્ણનમાં આ ત્રણે શબ્દ એક સાથે જોવા

મળે છે. આ ત્રણે શબ્દ એકાર્થક હોવા છતાં તેમાં ભેદ પણ છે. **આયુક્ષય–** મનુષ્યાદિ પર્યાય– અવસ્થામાં નિમિત્તભૂત આયુષ્યકર્મના પુદ્ગલોની નિર્જરા. **ભવક્ષય–** વર્તમાન ભવને યોગ્ય ગતિ અને જાતિના અનુબંધનો નાશ થવો. **સ્થિતિક્ષય–** આયુષ્યના સ્થિતિબંધનો ક્ષય. આયુષ્યના પ્રદેશોની સમાપ્તિ સાથે તે ભવના કારણભૂત સર્વ કર્મનો ક્ષય થાય છે.

આ સૂત્રોમાં મનુષ્ય સંબંધિત છ કુળનો નામોલ્લેખ છે. કુળ શબ્દ સમૂહવાચી છે. વૃત્તિકારે તેની વ્યાખ્યા આ પ્રમાણે કરી છે. **अंतकुलाणि–** મ્લેચ્છકુળ. વરુટ વગેરે ક્ષુદ્રકુળ. **पंतकुलाणि–** ચાંડાલ વગેરે કુળ. **तुच्छकुलाणि–** નાના પરિવારવાળા, થોડા મનુષ્ય હોય તેવા, તુચ્છ વિચારવાળા, અગંભીર આશય– વાળા કુળ. **दरिद्दकुलाणि–** નિર્ધનકુળ. **भिक्खागकुलाणि–** ભિક્ષુકકુળ. ભિક્ષાથી જીવન નિર્વાહ કરનાર યાચકકુળ. **किवणकुलाणि–** દાન દ્વારા જીવન નિર્વાહ કરનાર કુળ. ખેલ-તમાશા દ્વારા આજીવિકા ચલાવનારા કુળ. કૃપણ લોકોના કુળ.

દેવો માટે પ્રયુક્ત કેટલાક વિશેષણોનો અર્થ આ પ્રમાણે છે, **दिव्वाए पभाइ** = દિવ્ય પ્રભા–દેવ સંબંધી માહાત્મ્ય, **दिव्वाए छायाए** = દિવ્ય છાયા–પ્રતિબિંબ, **दिव्वाए अच्चिए** = દિવ્ય અર્ચિ, શરીરમાંથી નીકળતી તેજોમય જ્યોતિ. **दिव्वेणं तेएणं** = દિવ્યતેજ, શરીરની કાંતિ, **दिव्वाए लेस्साए** = દિવ્ય લેશ્યા, શુક્લ વગેરે અંતસ્થ પરિણામ. **उज्जोवेमाणे** = સ્થૂળ વસ્તુઓને પ્રકાશિત કરવી. **पभासेमाणे** = સૂક્ષ્મ વસ્તુઓને પ્રકાશિત કરવી.

### સંવર-અસંવર :–

**૧૪ अट्ठविहे संवरे पण्णत्ते, तं जहा– सोइंदिय-संवरे, चक्खिंदिय-संवरे, घाणिंदिय-संवरे, जिब्भिंदिय-संवरे, फासिंदिय-संवरे, मणसंवरे, वइसंवरे, कायसंवरे ।**

**ભાવાર્થ :–** સંવરના આઠ પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) શ્રોત્રેન્દ્રિય સંવર (ર) ચક્ષુરિન્દ્રિય સંવર (૩) ઘ્રાણેન્દ્રિય સંવર (૪) જિહ્વેન્દ્રિય સંવર (૫) સ્પર્શેન્દ્રિય સંવર (૬) મન સંવર (૭) વચન સંવર (૮) કાય સંવર.

**૧૫ अट्ठविहे असंवरे पण्णत्ते, तं जहा– सोइंदिय-असंवरे, चक्खिंदिय-असंवरे, घाणिंदिय-असंवरे, जिब्भिंदिय-असंवरे, फासिंदिय-असंवरे, मण-असंवरे, वइ-असंवरे, काय-असंवरे ।**

**ભાવાર્થ :–** અસંવરના આઠ પ્રકાર છે, તે આ પ્રમાણે– (૧) શ્રોત્રેન્દ્રિય અસંવર (ર) ચક્ષુરિન્દ્રિય અસંવર (૩) ઘ્રાણેન્દ્રિય અસંવર (૪) જિહ્વેન્દ્રિય અસંવર (૫) સ્પર્શેન્દ્રિય અસંવર (૬) મન અસંવર (૭) વચન અસંવર (૮) કાય અસંવર.

### વિવેચન :–

સ્થાન-૫, ઉદ્દે.-ર, સૂત્ર-૩૫, ૩૬માં પાંચ ઇન્દ્રિયના પાંચ પ્રકારના સંવરનું કથન હતું. અહીં મન,

વચન અને કાયસંવર સહિત આઠ પ્રકારના સંવરનું નિરૂપણ છે.

**સ્પર્શના આઠ પ્રકાર :–**

**१६ अट्ठ फासा पण्णत्ता, तं जहा– कक्खडे, मउए, गरुए, लहुए, सीए, उसिणे, णिद्धे, लुक्खे ।**

**ભાવાર્થ :–** સ્પર્શના આઠ પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) કર્કશ (૨) મૃદુ (૩) ગુરુ (૪) લઘુ (૫) શીત (૬) ઉષ્ણ (૭) સ્નિગ્ધ (૮) રુક્ષ.

**લોકસ્થિતિ :–**

**१७ अट्ठविहा लोगट्ठिई पण्णत्ता, तं जहा– आगासपइट्ठिए वाए, वायपइट्ठिए उदही, उदहिपइट्ठिया पुढवी, पुढविपइट्ठिया तसा थावरा पाणा, अजीवा जीवपइट्ठिया जीवा कम्मपइट्ठिया, अजीवा जीवसंगहिया, जीवा कम्मसंगहिया ।**

**ભાવાર્થ :–** લોક સ્થિતિના આઠ પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) વાયુ–તનુવાત આકાશના આધારે રહે છે (૨) ઘનોદધિ વાયુના આધારે રહે છે (૩) પૃથ્વી ઘનોદધિના આધારે રહે છે (૪) ત્રસ-સ્થાવર પ્રાણીઓ પૃથ્વીના આધારે રહે છે (૫) અજીવ(શરીર)જીવના આધારે રહે છે (૬) જીવ કર્મના આધારે રહે છે (૭) અજીવ જીવ દ્વારા સંગ્રહિત છે (૮) જીવ કર્મ દ્વારા સંગ્રહિત છે.

**વિવેચન :–**

સ્થાન-૩, ઉદ્દે.-૨, સૂત્ર-૨૩માં ત્રણ પ્રકારની, સ્થાન-૪, ઉદ્દે.-૨, સૂત્ર-૩૯માં ચાર પ્રકારની અને સ્થાન-૬, સૂત્ર-૩૪માં છ પ્રકારની લોક સ્થિતિનું નિરૂપણ છે. અહીં અંતિમ બે બોલ સહિત આઠ પ્રકારની લોક સ્થિતિનું કથન છે. જીવ અને અજીવમાં પરસ્પર આધાર-આધેય ભાવ છે તેથી તે બંનેને પરસ્પર પ્રતિષ્ઠિત કહ્યા છે અને જીવ અને અજીવમાં પરસ્પર સંગ્રાહ્ય-સંગ્રાહક ભાવ છે તેથી તે બંનેને પરસ્પર સંગ્રહિત કહ્યા છે. તે લોક સ્થિતિ આ પ્રમાણે છે–

(૧) આકાશના આધારે વાયુ રહે છે. વાયુના બે પ્રકાર છે.– **૧.** તનુવાત–પાતળી હવા અને **૨.** ઘનવાત– ઘનીભૂત થયેલી હવા, ઘટ્ટ હવા. આકાશના આધારે તનુવાત અને તનુવાતના આધારે ઘનવાત રહે છે. (૨) વાયુ(ઘનવાયુ)ના આધારે ઉદધિ–પાણી રહે છે. અર્થાત્ ઘનવાયુના આધારે ઘનોદધિ-હિમશિલા જેવું ઘન પાણી છે. (૩) ઘનોદધિના આધારે પૃથ્વી છે. (૪) પૃથ્વીના આધારે ત્રસ-સ્થાવર પ્રાણી રહે છે. આ કથન સ્થૂલ દષ્ટિએ જ સમજવું. સૂક્ષ્મ જીવ આખા લોકમાં છે. સૂક્ષ્મ જીવ તથા વાયુ વગેરે પૃથ્વી આધારિત નથી. (૫) જીવના આધારે અજીવ રહે છે. વૃત્તિકારે અજીવનો અર્થ ઔદારિકાદિ શરીર કર્યો છે. **अजीवा औदारिकादिपुदगलाः ।** –સ્થાનાંગ વૃત્તિ. (૬) કર્મના આધારે જીવ રહે છે. સંસારી જીવો

સકર્મા છે. જીવની મનુષ્યાદિ અવસ્થાઓ કર્મ આધારિત જ છે. (૭) અજીવ જીવ દ્વારા સંગ્રહિત છે. શરીર, કર્મ વગેરે જીવના સંગ્રહરૂપ છે. જીવ કર્મ બાંધે છે, કર્મનો સંચય કરે છે તે અપેક્ષાએ અજીવને જીવ દ્વારા સંગ્રહિત કહ્યા છે. (૮) જીવ કર્મ દ્વારા સંગ્રહિત છે. સંસારી જીવ, કર્માનુસાર જ વિવિધ અવસ્થાઓ પ્રાપ્ત કરે છે.

જીવ અને પુદ્ગલ એકબીજાના ઉપકારી છે, માટે તે બંને પરસ્પર એક બીજાના આધાર રૂપ છે. જીવ કર્મ બાંધે છે તો કર્મ દ્વારા બંધાઈને જીવ સંસારમાં પરિભ્રમણ કરે છે, આ રીતે તે બંને પરસ્પર સંગ્રહિત છે.

અહીં પાંચમા અને સાતમા બોલના તથા છઠ્ઠા તથા આઠમા બોલના કથનમાં માત્ર વિવક્ષા ભેદ છે, તાત્ત્વિક ભેદ નથી.

**ગણિસંપદા :–**

**૧૮ अट्ठविहा गणिसंपया पण्णत्ता, तं जहा– आयारसंपया, सुयसंपया, सरीरसंपया, वयणसंपया, वायणासंपया, मइसंपया, पओगमईसंपया, संगहपरिण्णा णाम अट्ठमा ।**

**ભાવાર્થ :–** ગણિ (આચાર્ય) સંપદાના આઠ પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) આચારસંપદા (૨) શ્રુતસંપદા (૩) શરીરસંપદા (૪) વચનસંપદા (૫) વાચનાસંપદા (૬) મતિસંપદા (૭) પ્રયોગસંપદા (૮) સંગ્રહપરિજ્ઞા.

**વિવેચન :–**

**સંપદા :–** સમૃદ્ધિ. જ્ઞાનાદિ આત્મગુણોની સંપત્તિ. આચાર્યને સમગ્ર ગણનું સંચાલન કરવાનું હોય છે તેથી તે સ્વયં જ્ઞાન, દર્શન, આચાર, વિચારથી સમૃદ્ધ હોય, તો જ શિષ્ય પરિવારનો સર્વાંગી વિકાસ કરાવી શકે છે. તે દષ્ટિકોણથી શાસ્ત્રકારે આચાર્યની આઠ સંપદાનું કથન કર્યું છે. શ્રી દશાશ્રુતસ્કંધ સૂત્રમાં આઠ સંપદાનું ભેદ-પ્રભેદથી વર્ણન છે. સંક્ષિપ્તમાં તે આ પ્રમાણે છે–

**(૧) આચારસંપદા–** સંયમ સમૃદ્ધિ. ચારિત્રનું દઢતાથી પાલન કરતા હોય. **(૨) શ્રુતસંપદા–** શ્રુત સમૃદ્ધિ. સમગ્ર શાસ્ત્રોના જ્ઞાતા હોય. જ્ઞાન-પ્રચાર અને પ્રસાર કરવામાં સમર્થ હોય, શ્રોતાના પ્રશ્નોનું સમાધાન કરવાની શક્તિથી યુક્ત હોય. **(૩) શરીરસંપદા–** શારીરિક સૌંદર્ય. એક પણ અંગ લજ્જાસ્પદ ન હોય, જ્ઞાનેન્દ્રિય અને કર્મેન્દ્રિય પૂર્ણ હોય, સંહનન સ્થિર હોય, શરીર સ્વસ્થ હોય. **(૪) વચનસંપદા–** વચનનું કૌશલ્ય. આદેય, મધુર, સત્ય, સંતોષકારક, સ્પષ્ટ અને મધ્યસ્થ ભાવે વચન બોલનાર હોય. **(૫) વાચનાસંપદા–** શિષ્યોને મનોવૈજ્ઞાનિક પદ્ધતિથી શાસ્ત્રો ભણાવવામાં કુશળ હોય, કયા શિષ્યને કેટલું, કેવું અને ક્યારે અધ્યયન કરાવવું ઉચિત છે; આ સર્વ વાતો જાણતા હોય. **(૬) મતિસંપદા–** બુદ્ધિ કૌશલ્ય. મતિજ્ઞાનની ઉત્કૃષ્ટતાને મતિ સંપદા કહે છે. અવગ્રહ, ઈહા, અવાય અને ધારણા, ક્ષિપ્રાદિ ભેદ યુક્ત વિશિષ્ટ બુદ્ધિ સંપન્ન હોય. **(૭) પ્રયોગમતિસંપદા–** વાદ કૌશલ્ય. શાસ્ત્રાર્થના અનુકૂળ-પ્રતિકૂળ સમયના

જાણકાર હોય. (૮) **સંગ્રહપરિજ્ઞાસંપદા–** સંઘ વ્યવસ્થામાં નિપુણ હોય. જ્ઞાન, દર્શન, ચારિત્રના સહયોગી બાહ્ય સાધનોનો ઉપયોગપૂર્વક સંગ્રહ કરનારા હોય.

### મહાનિધિ :–

**૧૯ एगमेगे णं महाणिही अट्ठचक्कवालपइट्ठाणे अट्ठट्ठजोयणाइं उड्ढं उच्चत्तेणं पण्णत्ते ।**

**ભાવાર્થ :–** ચક્રવર્તીની પ્રત્યેક મહાનિધિ આઠ-આઠ ચક્રના આધારે છે અને તે આઠ-આઠ યોજન ઊંચી છે.

### સમિતિ :–

**૨૦ अट्ठ समईओ पण्णत्ताओ, तं जहा– इरियासमिइ, भासासमिइ, एसणासमिइ, आयाणभंड-मत्तणिक्खेवणा-समिइ, उच्चारपासवण- खेलसिंघाणजल्ल-परिट्ठावणिया- समिइ, मणसमिइ, वइसमिइ, कायसमिइ ।**

**ભાવાર્થ :–** સમિતિના આઠ પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) ઈર્યાસમિતિ– સમ્યગ્ રીતે ગમન કરવું. (૨) ભાષાસમિતિ– સમ્યગ્ રીતે બોલવું. (૩) એષણાસમિતિ– સમ્યગ્ રીતે આહારાદિને ગ્રહણ કરવા (૪) આદાન ભંડ માત્ર નિક્ષેપણા સમિતિ– ઉપકરણોને સમ્યગ્ રીતે લેવા-મૂકવા. (૫) ઉચ્ચાર પ્રસ્રવણ ખેલ જલ્લ સિંઘાણ પરિષ્ઠાપના સમિતિ– વડીનીતાદિનો સમ્યગ્ રીતે ત્યાગ કરવો (૬) મનસમિતિ– મનયોગનું સમ્યક્ પ્રવર્તન કરવું. (૭) વચનસમિતિ–વચનયોગનું સમ્યક્ પ્રવર્તન કરવું (૮) કાયસમિતિ કાયયોગનું સમ્યક્ પ્રવર્તન કરવું.

### વિવેચન :–

આગમ ગ્રંથોમાં પાંચ સમિતિ અને મન, વચન, કાયા આ ત્રણ ગુપ્તિનું કથન છે. અહીં તે આઠેને સમિતિ કહી છે. **સમિઇ–** સમ્યક્ પ્રવર્તન, ઉપયોગપૂર્વક-સમ્યક્ પ્રકારની પ્રવૃત્તિ. ગુપ્તિનો અર્થ છે ગોપન, નિરોધ કરવો. મન, વચન, કાયાનો નિરોધ થાય ત્યારે તેને ગુપ્તિ અને જ્યારે તેનું સમ્યક્ પ્રવર્તન થાય ત્યારે તેને સમિતિ કહે છે. સૂત્રકારે અહીં મનાદિના સમ્યક્ પ્રવર્તનની અપેક્ષાએ તેને સમિતિ કહી છે.

### આલોચના કરાવનાર-કરનારના ગુણ :–

**૨૧ अट्ठहिं ठाणेहिं संपण्णे अणगारे अरिहइ आलोयणं पडिच्छित्तए, तं जहा– आयारवं, आधारवं, ववहारवं, ओवीलए, पकुव्वए, अपरिस्साई, णिज्जावए, अवाय- दंसी ।**

**ભાવાર્થ :–** આઠ ગુણોથી સંપન્ન અણગાર આલોચના સાંભળવા માટે યોગ્ય હોય છે, તે આ પ્રમાણે છે–

(૧) આચારવાન– જ્ઞાન દર્શન, ચારિત્ર, તપ અને વીર્ય, આ પાંચ આચારથી સંપન્ન હોય. (૨) આધારવાન– આલોચના લેનાર, જે જે અતિચારોની આલોચના કરે, તે સર્વ અતિચારોના જાણકાર હોય. (૩) વ્યવહારવાન– આગમ, શ્રુત, આજ્ઞા, ધારણા અને જીત, આ પાંચ પ્રકારના વ્યવહારના જ્ઞાતા હોય. (૪) અપવ્રીડક– આલોચના કરનાર વ્યક્તિ લજ્જા તથા સંકોચથી મુક્ત થઈ યથાર્થ આલોચના કરી શકે તેવી પ્રેરણા આપનાર હોય. (૫) પ્રકારી– અપરાધોની આલોચના કરાવી, પ્રાયશ્ચિત આપી, અતિચારની શુદ્ધિ કરાવવામાં સમર્થ હોય. (૬) અપરિશ્રાવી– આલોચકના દોષો બીજાની સામે પ્રગટ કરનાર ન હોય. ગંભીર વ્યક્તિ જ આલોચના સાંભળી શકે છે. (૭) નિર્યાપક– સાધક મોટા પ્રાયશ્ચિત્તનું પણ વહન કરી શકે, તે રીતે સહયોગ આપનાર હોય. (૮) અપાયદર્શી– પ્રાયશ્ચિત્તનો ભંગ થવાથી તથા અસમ્યગ્ આરાધનાથી ઉત્પન્ન દોષોને બતાવનાર હોય.

**૨૨ अट्ठहिं ठाणेहिं संपण्णे अणगारे अरिहइ अत्तदोसमालोइत्तए, तं जहा– जाइसंपण्णे, कुलसंपण्णे, विणयसंपण्णे, णाणसंपण्णे, दंसणसंपण्णे, चरित्तसंपण्णे, खंते, दंते ।**

**ભાવાર્થ :–** આઠ ગુણથી સંપન્ન અણગાર પોતાના દોષોની આલોચના કરવા માટે યોગ્ય હોય છે. (૧) જાતિ સંપન્ન (૨) કુલ સંપન્ન (૩) વિનય સંપન્ન (૪) જ્ઞાન સંપન્ન (૫) દર્શન સંપન્ન (૬) ચારિત્ર સંપન્ન (૭) ક્ષમાશીલ (૮) જિતેન્દ્રિય.

**વિવેચન :–**

સ્થાન-૧૦, સૂત્ર-૬૩, ૬૪માં આલોચકના અમાયી અને અપશ્ચાનુતાપી તથા આલોચના કરાવનારના પ્રિયધર્મા, દઢધર્મા આ બે-બે ગુણ સહિત દસ-દસ ગુણોનું કથન છે.

**પ્રાયશ્ચિત્ત પ્રકાર :–**

**૨૩ अट्ठविहे पायच्छित्ते पण्णत्ते, तं जहा– आलोयणारिहे, पडिक्कमणारिहे, तदुभयारिहे, विवेगारिहे, विउसग्गारिहे, तवारिहे, छेयारिहे, मूलारिहे ।**

**ભાવાર્થ :–** પ્રાયશ્ચિત્તના આઠ પ્રકાર છે, તે આ પ્રમાણે– (૧) આલોચના યોગ્ય (૨) પ્રતિક્રમણ યોગ્ય (૩) આલોચના અને પ્રતિક્રમણ ઉભય યોગ્ય (૪) વિવેક યોગ્ય (૫) વ્યુત્સર્ગ યોગ્ય (૬) તપ યોગ્ય (૭) છેદ– દીક્ષા પર્યાયના છેદથી શુદ્ધિને યોગ્ય (૮) મૂળ– મહાવ્રતના પુનઃ આરોપણથી શુદ્ધિને યોગ્ય.

**વિવેચન :–**

સ્થાન-૬, સૂત્ર-૧૮ માં પ્રથમ છ પ્રકારના પ્રાયશ્ચિત્તનું નિરૂપણ છે અહીં છેદ અને મૂળ પ્રાયશ્ચિત્ત

સહિત આઠ પ્રકારના પ્રાયશ્ચિત્તનું કથન છે. સ્થાન-૧૦, સૂત્ર-૬૫માં દશ પ્રકારના પ્રાયશ્ચિત્તનું કથન છે.

**આઠ મદ :–**

**૨૪ अट्ठ मयट्ठाणा पण्णत्ता, तं जहा– जाइमए, कुलमए, बलमए, रूवमए तवमए, सुयमए, लाभमए, इस्सरियमए ।**

**ભાવાર્થ :–** મદસ્થાન (અભિમાન ઉત્પાદક નિમિત્તો)ના આઠ પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) જાતિમદ (૨) કુલમદ (૩) બલમદ (૪) રૂપમદ (૫) તપમદ (૬) શ્રુતમદ (૭) લાભમદ (૮) ઐશ્વર્યમદ.

**અક્રિયાવાદી :–**

**૨૫ अट्ठ अकिरियावाई पण्णत्ता, तं जहा– एगावाई, अणेगावाई, मितवाई, णिम्मितवाई, सायवाई, समुच्छेयवाई, णिययवाई, ण संतिपरलोगवाई ।**

**ભાવાર્થ :–** અક્રિયાવાદીના આઠ પ્રકાર છે, તે આ પ્રમાણે– (૧) એકવાદી– એક જ તત્ત્વને માનનારા (૨) અનેકવાદી– એકત્વનો સર્વથા અસ્વીકાર કરી, અનેકત્વને માનનારા (૩) મિતવાદી– જીવોને પરિમિત માનનારા (૪) નિર્મિતવાદી– ઈશ્વરને સૃષ્ટિના નિર્માતા(કર્તા) માનનારા (૫) સાતાવાદી– સુખથી જ સુખની પ્રાપ્તિ માનનારા (૬) સમુચ્છેદવાદી– ક્ષણિકવાદી, વસ્તુને સર્વથા વિનશ્વર માનનારા (૭) નિત્યવાદી– વસ્તુને સર્વથા નિત્ય માનનારા (૮) અસત્ પરલોકવાદી– નાસ્તિત્વ વાદી– મોક્ષ તથા પરલોકને ન માનનારા.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં અક્રિયાવાદીના આઠ પ્રકારોનું પ્રતિપાદન છે.

શ્રી સૂયગડાંગ સૂત્રના બારમા અધ્યયનમાં ચાર પ્રકારના સમવસરણનું કથન છે. તે ચાર સમવસરણમાં એક અક્રિયાવાદ નામનું સમવસરણ છે.

**અક્રિયાવાદ :–** એકાંતે જીવાદિ પદાર્થોનો નિષેધ કરે, ક્રિયા, કર્મબંધ, કર્મફળ આદિનો સ્વીકાર ન કરે, નિષેધ કરે તે અક્રિયાવાદી કહેવાય છે.

પ્રસ્તુત પ્રસંગમાં અક્રિયાવાદનો પ્રયોગ અનાત્મવાદી અને એકાંતવાદી બે અર્થમાં થયો છે. સૂત્રોક્ત આઠ પ્રકારમાંથી છ પ્રકાર એકાંતવાદી છે અને સમુચ્છેદવાદી અને અસત્પરલોકવાદી અનાત્મવાદી છે. અક્રિયાવાદના ૮૪ ભેદ પ્રસિદ્ધ છે. અહીં આઠમા સ્થાનને અનુલક્ષીને સૂત્રકારે તેના આઠ પ્રકાર કહ્યા છે.

**(૧) એકવાદી :–** આ જગતમાં બ્રહ્મ એક જ તત્ત્વ સત્ય છે. જગત મિથ્યા છે, આ પ્રકારની એકવાદી પરંપરાનો સ્વીકાર કરનાર બ્રહ્મ-અદ્વૈતવાદી **એકવાદી** છે.

**(૨) અનેકવાદી :–** ધર્મ-ધર્મી, અવયવ-અવયવી આદિ સર્વથા ભિન્ન ભિન્ન છે. આ રીતે વસ્તુના સામાન્ય ધર્મનો નિષેધ કરી અનેક સ્વરૂપ વિશેષધર્મનો સ્વીકાર કરનાર વૈશેષિકો **અનેકવાદી** છે.

**(૩) મિતવાદી :–** જીવની પરિમિત સંખ્યાને માનનાર અને આત્માને તંદુલપ્રમાણ, અંગુષ્ઠપ્રમાણ માનનાર ઉપનિષદનો મત મિતવાદી છે. તેમજ લોક સાત દ્વીપ અને સાત સમુદ્ર પ્રમાણ છે, તેમ માનનાર પૌરાણિકો **મિતવાદી** છે.

**(૪) નિર્મિતવાદી :–** આ સૃષ્ટિનું નિર્માણ ઈશ્વરકૃત છે. તે વિચારધારાને અનુસરનાર નૈયાયિક અને વૈશેષિકો **નિર્મિતવાદી** છે.

**(૫) સાતવાદી :–** સુખથી જ સુખ પ્રાપ્ત થાય છે, માટે ખાઓ-પીઓ અને મોજ કરો, આ પ્રકારની વિચારધારાને અનુસરનાર **સાતવાદી** છે.

**(૬) સમુચ્છેદવાદી :–** પ્રત્યેક પદાર્થ ક્ષણિક છે, ઉત્પત્તિની બીજી જ ક્ષણે તેનો સર્વથા ઉચ્છેદ થાય છે. તે પરંપરાને અનુસરનાર બૌદ્ધો **સમુચ્છેદવાદી** છે.

**(૭) નિત્યવાદી :–** પદાર્થ કૂટસ્થ નિત્ય છે. કારણરૂપમાં પ્રત્યેક વસ્તુ વિદ્યમાન છે, કોઈ પણ નવો પદાર્થ ઉત્પન્ન થતો નથી તેમજ કોઈ પદાર્થનો નાશ પણ થતો નથી. આ રીતે જગતની એકાંતે નિત્યતાને સ્વીકારનાર **નિત્યવાદી** છે.

**(૮) અસત્પરલોકવાદી :–** પરલોક કે મોક્ષને ન માનનાર ચાર્વાકો **અસત્પરલોકવાદી** છે.

## શુભાશુભ સૂચક મહાનિમિત્ત :–

**૨૬ अट्ठविहे महाणिमित्ते पण्णत्ते, तं जहा- भोमे, उप्पाए, सुविणे, अंतलिक्खे, अंगे, सरे, लक्खणे, वंजणे ।**

**ભાવાર્થ :–** આઠ પ્રકારના શુભાશુભ–સૂચક મહાનિમિત્ત છે, તે આ પ્રમાણે છે–

(૧) ભૌમ– ભૂમિની સ્નિગ્ધતા, રુક્ષતા, ભૂકંપ આદિ દ્વારા તેનું શુભાશુભ ફળ જાણવું. (૨) ઉત્પાત– રુધિર વર્ષા આદિ દ્વારા તેનું શુભાશુભ ફળ જાણવું. (૩) સ્વપ્ન– સ્વપ્નો દ્વારા તેનું શુભાશુભ ફળ જાણવું. (૪) અંતરિક્ષ– આકાશગત વિવિધ વર્ણો દ્વારા તેનું શુભાશુભ ફળ જાણવું. (૫) અંગ– શરીરના અંગો જોઈને તેનું શુભાશુભ ફળ જાણવું. (૬) સ્વર– ષડ્જ વગેરે સ્વર દ્વારા તેનું શુભાશુભ ફળ જાણવું. (૭) લક્ષણ– સ્ત્રી, પુરુષોના શરીરગત ચક્ર આદિ લક્ષણો દ્વારા તેનું શુભાશુભ ફળ જાણવું. (૮) વ્યંજન, તલ, મસ આદિ દ્વારા તેનું શુભાશુભ ફળ જાણવું.

## વિવેચન :–

**નિમિત્તશાસ્ત્ર :–** અતીન્દ્રિય પદાર્થના જ્ઞાનમાં જે નિમિત્તભૂત થાય તેને નિમિત્ત કહે છે. તેનું પ્રતિપાદક જે શાસ્ત્ર તે નિમિત્તશાસ્ત્ર છે. તેના આઠ પ્રકાર ભાવાર્થથી સ્પષ્ટ છે.

**વચન-વિભક્તિ :–**

**૨૭** **अट्ठविहा वयणविभत्ती पण्णत्ता, तं जहा–**

**णिद्देसे पढमा होइ, बिइया उवएसणे ।**
**तइया करणम्मि कया, चउत्थी संपयावणे ॥१॥**

**पंचमी य अपायाणे, छट्ठी सस्सामिवायणे ।**
**सत्तमी सण्णिहाणत्थे, अट्ठमी आमंतणी भवे ॥२॥**

**ભાવાર્થ :–** વચન વિભક્તિના આઠ પ્રકાર છે. તે આ પ્રમાણે છે–

(૧) નિર્દેશ પ્રતિપાદક અર્થમાં કર્તા માટે પ્રથમા વિભક્તિ. (૨) ઉપદેશ ક્રિયાના પ્રતિપાદનમાં દ્વિતીયા વિભક્તિ. (૩) કરણ અર્થમાં તૃતીયા વિભક્તિ. (૪) સંપ્રદાન– સ્વાહા અર્થમાં ચતુર્થી વિભક્તિ. (૫) અપાદાન– છૂટા પડવાના અર્થમાં પંચમી વિભક્તિ. (૬) સ્વ-સ્વામિત્વ બતાવવા ષષ્ઠી વિભક્તિ. (૭) સન્નિધાન– આધાર, કાળ ભાવમાં સપ્તમી વિભક્તિ. (૮) સંબોધન– આમંત્રણ અર્થમાં અષ્ટમી વિભક્તિ વપરાય છે.

**૨૮**

**तत्थ पढमा विभत्ती, णिद्देसे सो इमो अहं व त्ति ।**
**बिइया पुण उवदेसे, भण कुण व इमं व तं वत्ति ॥३॥**

**तइया करणम्मि कया- णीयं व कयं व तेण व मए वा ।**
**हंदि णमो साहाए, हवइ चउत्थी पयाणम्मि ॥४॥**

**अवणे गिण्हसु तत्तो, इत्तोत्ति वा पंचमि अवादाणे ।**
**छट्ठी तस्स इमस्स वा, गयस्स वा सामि-संबंधे ॥५॥**

**हवइ पुण सत्तमी तम्मिमम्मि आहारकालभावे य ।**
**आमंतणी भवे अट्ठमी उ जह हे जुवाण ! त्ति ॥६॥**

**ભાવાર્થ :–** (૧) નિર્દેશ અર્થમાં પ્રથમા વિભક્તિ, જેમ કે– તે, આ, હું (૨) ઉપદેશ અર્થમાં દ્વિતીયા વિભક્તિ, જેમ કે– તેમને કહો, આને કહો, (૩) કરણ અર્થમાં તૃતીયા વિભક્તિ, જેમ કે– મારા વડે કહેવાયેલ, તેના દ્વારા કહેવાયેલ, મારા કે તેના દ્વારા કરાયેલ, (૪) સંપ્રદાન અર્થમાં તથા નમઃ, સ્વાહા અવ્યય સાથે ચતુર્થી વિભક્તિ, જેમકે **'नमो जिनाय'** જિનને નમસ્કાર **'अग्नये स्वाहा' 'विप्राय गां ददाति'** – બ્રાહ્મણને ગાય આપે છે. (૫) અપાદાનઅર્થમાં પંચમી વિભક્તિ, જેમકે આને અહીંથી દૂર કરો, આને અહીંથી લઈ લો. (૬) સ્વામી સંબંધમાં ષષ્ઠી વિભક્તિ, જેમ કે– તેની અથવા આની આ

વસ્તુ છે. (૭) આધાર, કાલ, ભાવમાં સપ્તમી વિભક્તિ, જેમ કે– તે ફલાદિ આમાં છે. (૮) સંબોધન આમંત્રણ અર્થમાં અષ્ટમી વિભક્તિ, જેમ કે– હે યુવાન !

## વિવેચન :–

આ સૂત્ર દ્વારા સૂત્રકારે વચન વિભક્તિનું સ્વરૂપ સ્પષ્ટ કર્યું છે. જે કહેવાય તે વચન અને તે વચનોના કર્તા કર્મરૂપ અર્થ જેના દ્વારા પ્રગટ થાય તે વિભક્તિ. વચનપદોની વિભક્તિ તે વચન વિભક્તિ કહેવાય છે. જેમકે લક્ષ્મણે રામને ફળ આપ્યું. લક્ષ્મણ, રામ અને ફળ વચન છે. 'એ' અને 'ને' વિભક્તિ છે. વચનને વિભક્તિ લાગવાથી લક્ષ્મણ કર્તા, ફળ કર્મ અને રામ સંપ્રદાન છે, તેમ જાણી શકાય છે. આ સૂત્રમાં નામ તથા સર્વનામને લાગતી વિભક્તિનું કથન છે. ક્રિયાપદની વિભક્તિનું કથન નથી. તે આઠ વિભક્તિનું સ્પષ્ટીકરણ આ પ્રમાણે છે–

**(૧) પ્રથમા વિભક્તિ-કર્તા કારક :–** જે નામ કે સર્વનામ કર્તા અર્થમાં પ્રયુક્ત થાય, તેને માટે પ્રથમા વિભક્તિનો પ્રયોગ કરાય છે. ગુજરાતીમાં પ્રથમા વિભક્તિમાં ક્યારેક 'એ' પ્રત્યય લાગે છે તો ક્યારેક પ્રત્યય લાગતો નથી. જેમ કે– રામે ફળ ખાધું. અહીં રામ કર્તા છે તેને 'એ' પ્રત્યય લાગ્યો છે. 'રામ જાય છે' આ વાક્યમાં કર્તા રામને કોઈ પ્રત્યય લાગ્યો નથી. સંક્ષેપમાં કર્તા કારકનો પ્રત્યય 'એ' છે.

**(૨) દ્વિતીયા વિભક્તિ-કર્મકારક :–** જેના પર ક્રિયાનું ફળ લાગુ પડે તે અથવા ક્રિયામાં પ્રવર્તિત કરાવવાની ઈચ્છા ઉત્પન્ન કરવા ઉપદેશ આપે તે. ઉપદેશ અર્થમાં દ્વિતીયા વિભક્તિનો પ્રયોગ થાય છે. જેમ કે– રામે ફળને ખાધું. ખાવારૂપ ક્રિયાની અસર ફળ પર પડે છે માટે અહીં ફળ કર્મ કહેવાય છે. ગુજરાતી ભાષામાં કર્મકારકમાં ક્યારેક 'ને' પ્રત્યય લાગે છે, ક્યારેક પ્રત્યય લાગતા નથી 'રામે ફળ ખાધુ' આ વાક્યમાં ફળ કર્મ છે. તેને પ્રત્યય લાગ્યો નથી.

**(૩) તૃતીયા વિભક્તિ-કરણ કારક :–** ક્રિયાની સિદ્ધિમાં જે સૌથી વધુ સહાયક અને ઉપકારક સાધન હોય તે કરણ કહેવાય છે. જેમ કે– કઠિયારો કુહાડીથી લાકડું કાપે છે, તે સોયથી વસ્ત્ર સાંધે છે. અહીં કાપવારૂપ અને સાંધવારૂપ ક્રિયામાં કુહાડી અને સોય સહાયક સાધન છે માટે તે કરણ કહેવાય અને તેને તૃતીયા વિભક્તિનો પ્રત્યય–'થી' લાગેલો છે. કરણ કારકના પ્રત્યય છે– 'થી, થકી, વડે અને દ્વારા'

**(૪) ચતુર્થી વિભક્તિ-સંપ્રદાન કારક :–** જેને માટે ક્રિયા કરાય છે તે સંપ્રદાન કહેવાય છે. જેમ કે– સીતા રામને માટે માળા ગૂંથે છે. અહીં ગૂંથવારૂપ ક્રિયા રામને માટે કરાય છે, તેથી રામને માટે ચતુર્થી વિભક્તિનો પ્રયોગ થયો છે. ચતુર્થીનો પ્રત્યય છે– માટે. નમઃ, સ્વાહા જેવા પદ જેના માટે વપરાય તેના માટે પણ ચતુર્થીના પ્રત્યય સંસ્કૃત, પ્રાકૃત ભાષામાં વપરાય છે. જેમ કે **गुरवे नमः ।** ગુરુને નમસ્કાર. અહીં 'ગુરુ' શબ્દ માટે ચતુર્થી વિભક્તિનો પ્રયોગ થયો છે.

**(૫) પંચમી વિભક્તિ-અપાદાન કારક :–** પૃથક્ થાય છે કે અલગ પડે છે, તેવો બોધ જેનાથી થાય તે અપાદાન કહેવાય છે. જેમ કે– વૃક્ષ પરથી ફૂલ પડ્યું, છાપરા ઉપરથી પક્ષી ઊડ્યું. વૃક્ષ અને ફૂલ છૂટા પડે છે. અહીં ફૂલ તો કર્તા છે, તે વૃક્ષ પરથી અલગ થાય છે તેથી વૃક્ષને માટે પંચમી વિભક્તિનો પ્રયોગ છે.

તેમજ છાપરાને માટે પણ પંચમી વિભક્તિનો પ્રયોગ થયો છે. પંચમીનો પ્રત્યય છે– થી, પરથી, ઉપરથી.

**(૬) ષષ્ઠી વિભક્તિ-સ્વામિત્વ કારક :–** માલિકી બતાવવી કે સંબંધ બતાવવો તે સ્વામિત્વ કારક છે અને તેના માટે ષષ્ઠી વિભક્તિનો પ્રયોગ થાય છે. જેમ કે– 'પ્રિયાની બોલપેન ખોવાઈ ગઈ.' અહીં બોલપેનની માલિક પ્રિયા છે, તેથી પ્રિયાને માટે ષષ્ઠી વિભક્તિનો પ્રયોગ થયો છે. ષષ્ઠી વિભક્તિના પ્રત્યય છે– નો, ની, નું, ના.

**(૭) સપ્તમી વિભક્તિ-સન્નિધાન કારક :–** વસ્તુનો આધાર તે સન્નિધાન કહેવાય છે. જે આધાર હોય તેના માટે સપ્તમી વિભક્તિનો પ્રયોગ થાય છે. જેમ કે– ડાળ ઉપર પક્ષી બેઠું છે. અહીં ડાળ પક્ષીના આધારરૂપ છે તેથી તેના માટે સપ્તમી વિભક્તિનો પ્રયોગ થયો છે. સપ્તમીના પ્રત્યય છે– માં, પર, ઉપર.

**(૮) અષ્ટમી વિભક્તિ-સંબોધન કારક :–** કોઈને સંબોધન કરવાના અર્થમાં અષ્ટમી વિભક્તિનો પ્રયોગ થાય છે. જેમ કે– 'હે રામ! તમે મારી સાથે આવશો ?' અહીં રામને સંબોધન કર્યું છે માટે તે અષ્ટમી વિભક્તિ કહેવાય. અષ્ટમી વિભક્તિ નામને જ લાગે છે, સર્વનામને નહીં. તેના પ્રત્યય છે– હે, અરે. આ સંબોધન સૂચક પ્રત્યયોનો પ્રયોગ નામની પૂર્વે જ થાય.

## છદ્મસ્થ અને કેવળીના જ્ઞાનની ક્ષમતા :–

**૨૯ अट्ठ ठाणाइं छउमत्थे सव्वभावेणं ण जाणइ ण पासइ, तं जहा– धम्मत्थिकायं, अधम्मत्थिकायं, आगासत्थिकायं, जीवं असरीरपडिबद्धं, परमाणुपोग्गलं, सद्दं, गंधं, वायं ।**

**एयाणि चेव उप्पण्णणाणदंसणधरे अरहा जिणे केवली सव्वभावेणं जाणइ पासइ, तं जहा– धम्मत्थिकायं, अधम्मत्थिकायं, आगासत्थिकायं, जीवं असरीर- पडिबद्धं, परमाणुपोग्गलं, सद्दं, गंधं, वायं ।**

**ભાવાર્થ :–** છદ્મસ્થ મનુષ્ય આઠ સ્થાનને સંપૂર્ણરૂપે જાણતા નથી અને જોતા નથી, તે આ પ્રમાણે છે– (૧) ધર્માસ્તિકાય (૨) અધર્માસ્તિકાય (૩) આકાશાસ્તિકાય (૪) શરીર રહિત જીવ (૫) પરમાણુ પુદ્ગલ (૬) શબ્દ (૭) ગંધ (૮) વાયુ.

પરંતુ સંપૂર્ણ જ્ઞાન, દર્શનના ધારક એવા અર્હત્ જિન, કેવળી આ આઠ પદાર્થને સંપૂર્ણરૂપે જાણે છે અને જુએ છે, તે આ પ્રમાણે છે– (૧) ધર્માસ્તિકાય (૨) અધર્માસ્તિકાય (૩) આકાશાસ્તિકાય (૪) શરીર રહિત જીવ (૫) પરમાણુ પુદ્ગલ (૬) શબ્દ (૭) ગંધ (૮) વાયુ.

## વિવેચન :–

સ્થાન-૫, ઉદ્દે.-૩, સૂત્ર-૨૭માં છદ્મસ્થના અવિષયભૂત અને કેવળીના વિષયભૂત પ્રથમ પાંચ સ્થાન, સ્થાન-૭, સૂત્ર-૭૬માં સાત સ્થાનનું નિરૂપણ છે. અહીં વાયુ સહિત આઠ સ્થાનનું કથન છે. છદ્મસ્થ

જીવો વાયુ-હવાનો સ્પર્શાદિ અનુભવ કરી શકે છે પરંતુ તેને જોઈ શકતા નથી. કેવળી ભગવાન તેને જોઈ શકે છે.

**આયુર્વેદ પ્રકાર :–**

**૩૦ अट्ठविहे आउवेदे पण्णत्ते, तं जहा– कुमारभिच्चे, कायतिगिच्छा, सालाई, सल्लहत्ता, जंगोली, भूइविज्जा, खारतंते, रसायणे ।**

**ભાવાર્થ :–** આયુર્વેદના આઠ પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) કુમારભૃત્ય– બાળકોનું ભરણપોષણ અને બાળરોગોના ઈલાજ બતાવતું શાસ્ત્ર. (૨) કાયચિકિત્સા– તાવ, કોઢ વગેરે શારીરિક રોગોના ઈલાજ બતાવતું શાસ્ત્ર. (૩) શાલાક્ય– શલાકા લોઢાની ગરમ સળી દ્વારા કાન, નાક, મુખાદિના રોગોના ઈલાજ બતાવતું શાસ્ત્ર. (૪) શલ્યહત્યા– શરીરમાં તીરાદિ ખૂંચી ગયા હોય તેને બહાર કાઢી, તેનો ઈલાજ બતાવતું શાસ્ત્ર. શરીરના કોઈ સ્થાનમાં ચેકો મૂકી ગાંઠ વગેરે કાઢી નાંખવાના (ઓપરેશન)ના ઉપાય બતાવતું શાસ્ત્ર. (૫) જંગોલી– સર્પ, વીંછી વગેરેના વિષ ઉપશમનના ઈલાજ બતાવતું શાસ્ત્ર. (૬) ભૂતવિદ્યા– ભૂત, પિશાચ, ગૃહ, પિતૃ જનિત ઉપસર્ગના ઉપશમન, શાંતિકર્મ બતાવતું શાસ્ત્ર. (૭) ક્ષારતંત્ર– વીર્યવર્ધક ઔષધિઓ, વીર્ય સ્ખલન અટકાવવાના ઉપાય બતાવતું શાસ્ત્ર (૮) રસાયણ– પારદ વગેરેના રસ દ્વારા આયુષ્ય, બુદ્ધિની વૃદ્ધિ, સદા યુવાન રહેવાના ઉપાય બતાવતું શાસ્ત્ર.

**વિવેચન :–**

આયુ એટલે જીવન અને વેદ એટલે જાણવું. જીવનનું સંરક્ષણ, રોગોના પ્રતિકારના ઉપાયો જેના દ્વારા જાણી શકાય તે આયુર્વેદ. જે શાસ્ત્રના બોધ દ્વારા મનુષ્ય વ્યાધિઓનો પ્રતિકાર કરી, પથ્યાહારનું સેવન કરી, તંદુરસ્ત જીવન પ્રાપ્ત કરે છે, તે શાસ્ત્રને આયુર્વેદ કહે છે. તેના પ્રકાર સૂત્રાર્થથી સ્પષ્ટ છે.

**અગ્રમહિષીઓ :–**

**૩૧ सक्कस्स णं देविंदस्स देवरण्णो अट्ठ अग्गमहिसीओ पण्णत्ताओ, तं जहा– पउमा, सिवा, सची, अंजू, अमला, अच्छरा, णवमिया, रोहिणी ।**

**ભાવાર્થ :–** દેવેન્દ્ર દેવરાજ શક્રની આઠ અગ્રમહિષીઓ છે, તે આ પ્રમાણે– (૧) પદ્મા, (૨) શિવા, (૩) શચી, (૪) અંજુ, (૫) અમલા, (૬) અપ્સરા, (૭) નવમિકા, (૮) રોહિણી.

**૩૨ ईसाणस्स णं देविंदस्स देवरण्णो अट्ठ अग्गमहिसीओ पण्णत्ताओ, तं जहा– कण्हा, कण्हराई, रामा, रामरक्खिता, वसू, वसुगुत्ता, वसुमित्ता, वसुंधरा ।**

**ભાવાર્થ :–** દેવેન્દ્ર દેવરાજ ઈશાનની આઠ અગ્રમહિષીઓ છે, તે આ પ્રમાણે– (૧) કૃષ્ણા, (૨) કૃષ્ણરાજી, (૩) રામા, (૪) રામરક્ષિતા, (૫) વસુ, (૬) વસુગુપ્તા, (૭) વસુમિત્રા, (૮) વસુન્ધરા.

**૩૩ सक्कस्स णं देविंदस्स देवरण्णो सोमस्स महारण्णो अट्ठ अग्गमहिसीओ पण्णत्ताओ । ईसाणस्स णं देविंदस्स देवरण्णो वेसमणस्स महारण्णो अट्ठ अग्गमहिसीओ पण्णत्ताओ ।**

**ભાવાર્થ :–** દેવેન્દ્ર દેવરાજ શક્રના લોકપાલ મહારાજ સોમની આઠ અગ્રમહિષીઓ છે. દેવેન્દ્ર દેવરાજ ઈશાનના લોકપાલ મહારાજ વૈશ્રમણની આઠ અગ્રમહિષીઓ છે.

**મહાગ્રહ :–**

**૩૪ अट्ठ महग्गहा पण्णत्ता, तं जहा– चंदे, सूरे, सुक्के, बुहे, बहस्सई, अंगारे, सणिंचरे, केऊ ।**

**ભાવાર્થ :–** આઠ મહાગ્રહ છે, તે આ પ્રમાણે– (૧) ચન્દ્ર (૨) સૂર્ય (૩) શુક્ર (૪) બુધ (૫) બૃહસ્પતિ (૬) અંગાર (૭) શનિશ્ચર (૮) કેતુ.

**તૃણ વનસ્પતિના આઠ અંગ :–**

**૩૫ अट्ठविहा तणवणस्सइकाइया पण्णत्ता, तं जहा– मूले, कंदे, खंधे, तया, साले, पवाले, पत्ते, पुप्फे ।**

**ભાવાર્થ :–** તૃણ વનસ્પતિકાયિકના આઠ પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) મૂલ– મૂળિયા (૨) કંદ– થડનો અધોભાગ (૩) સ્કંધ– થડ (૪) ત્વચા– છાલ (૫) શાખા– મોટી ડાળી (૬) પ્રવાલ– કૂંપળ (૭) પત્ર– પાંદડા (૮) પુષ્પ.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં તૃણ વનસ્પતિ શબ્દનો પ્રયોગ છે. બાદર વનસ્પતિના દસ પ્રકારમાં 'તૃણ' નામે સાતમો પ્રકાર છે. અહીં તૃણ વનસ્પતિ શબ્દ દ્વારા સમગ્ર બાદર વનસ્પતિનું ગ્રહણ થાય છે. પ્રત્યેક બાદર વનસ્પતિમાં દસ અંગ હોય છે. અહીં ફળ અને બીજને છોડીને મૂળ, કંદ વગેરે આઠ પ્રકારનું કથન છે, સ્થાન-૧૦, સૂત્ર-૧૪૭માં વૃક્ષાદિ વનસ્પતિના દસ અંગનું કથન છે.

**આરંભ અનારંભજનિત સંયમ અસંયમ :–**

**૩૬ चउरिंदिया णं जीवा असमारभमाणस्स अट्ठविहे संजमे कज्जइ, तं जहा– चक्खुमाओ सोक्खाओ अववरोवेत्ता भवइ *जाव* फासामएणं दुक्खेणं असंजोगेत्ता भवइ ।**

**ભાવાર્થ :–** ચૌરિન્દ્રિય જીવોની ઘાત ન કરનારને આઠ પ્રકારે સંયમ થાય છે, તે આ પ્રમાણે છે– તે જીવ ચક્ષુરિન્દ્રિય સંબંધી સુખનો વિયોગ કરતા નથી ***યાવત્*** સ્પર્શેન્દ્રિય સંબંધી દુઃખનો સંયોગ કરતા નથી.

**૩૭ चउरिंदिया णं जीवा समारभमाणस्स अट्ठविहे असंजमे कज्जइ, तं जहा– चक्खुमाओ सोक्खाओ ववरोवेत्ता भवइ** *जाव* **फासामएणं दुक्खेणं संजोगेत्ता भवइ ।**

**ભાવાર્થ :–** ચૌરિન્દ્રિય જીવોની ઘાત કરનારાને આઠ પ્રકારે અસંયમ થાય છે, તે આ પ્રમાણે છે– ચક્ષુરિન્દ્રિય સંબંધી સુખનો વિયોગ કરે છે ***યાવત્*** સ્પર્શનેન્દ્રિય સંબંધી દુઃખનો સંયોગ કરે છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં આઠ પ્રકારના સંયમ-અસંયમનું કથન કર્યું છે. ચક્ષુરિન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય, જિહ્વેન્દ્રિય અને સ્પર્શેન્દ્રિય, તે ચાર ઇન્દ્રિયજન્ય સુખનો વિયોગ અને દુઃખનો સંયોગ કરવાથી આઠ પ્રકારનો અસંયમ થાય છે અને તેનો ત્યાગ કરવાથી આઠ પ્રકારનો સંયમ થાય છે. સ્થાન-૫, ઉદ્દે.-૨ સૂત્ર– ૩૮-૪૩માં પાંચ સ્થાવરની અપેક્ષાએ, એકેન્દ્રિયાદિ પાંચ જાતિની અપેક્ષાએ અને પાંચ ઇન્દ્રિયની અપેક્ષાએ પાંચ પ્રકારના સંયમ-અસંયમનું કથન છે.

**આઠ સૂક્ષ્મ :–**

**૩૮ अट्ठ सुहुमा पण्णत्ता, तं जहा– पाणसुहुमे, पणगसुहुमे, बीयसुहुमे, हरियसुहुमे, पुप्फसुहुमे, अंडसुहुमे, लेणसुहुमे, सिणेहसुहुमे ।**

**ભાવાર્થ :–** સૂક્ષ્મ જીવના આઠ પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) પ્રાણ સૂક્ષ્મ– કુંથું આદિ પ્રાણી (૨) પનક સૂક્ષ્મ– પંચવર્ણી લીલફૂગ (૩) બીજ સૂક્ષ્મ– રાજગરાના બીજ, ખસખસના દાણા વગેરે સૂક્ષ્મ બીજ (૪) હરિત સૂક્ષ્મ– બીજમાંથી કોંટો ફૂટે તે. (૫) પુષ્પસૂક્ષ્મ– વડ, પીપળ આદિના સૂક્ષ્મ પુષ્પ (૬) અંડ સૂક્ષ્મ– માખી, કીડી આદિના સૂક્ષ્મ ઈંડા (૭) લયન સૂક્ષ્મ– કીડીના દર આદિ (૮) સ્નેહ સૂક્ષ્મ– ઝાકળ, ઠાર, ધુમ્મસ આદિ પાણીના સૂક્ષ્મ જીવ.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં આઠ સૂક્ષ્મનું કથન છે. અહીં સૂક્ષ્મ નામકર્મના ઉદયવાળા સૂક્ષ્મ સ્થાવરકાય જીવોનું ગ્રહણ નથી. સૂત્રોક્ત આઠે પ્રકારના જીવો બાદર હોવા છતાં તેનું શરીર અતિ સૂક્ષ્મ હોવાથી તેને સૂક્ષ્મ કહ્યા છે. શ્રી દશવૈકાલિક સૂત્રના અધ્યયન-૮, ગાથા-૧૫માં આઠ પ્રકારના સૂક્ષ્મનું કથન છે. પ્રાણ સૂક્ષ્મ જીવો બેઠા હોય ત્યારે દેખાતા નથી પણ હલનચલન કરે તો જ દેખાય છે. શેષ સૂક્ષ્મ શબ્દાર્થથી સ્પષ્ટ છે.

**ભરતેશ્વરના આઠ પટોધર રાજા :–**

**૩૯ भरहस्स णं रण्णो चाउरंतचक्कवट्टिस्स अट्ठ पुरिसजुगाइं अणुबद्धं सिद्धाइं बुद्धाइं मुत्ताइं अंतगडाइं परिणिव्वुडाइं सव्वदुक्खप्पहीणाइं, तं जहा– आइच्चजसे, महाजसे, अइबले, महाबले, तेयवीरिए कत्तवीरिए दंडवीरिए, जलवीरिए ।**

**ભાવાર્થ :–** ચાતુરંત ચક્રવર્તી ભરત રાજાના આઠ પટોધર રાજાઓ અનુક્રમથી સિદ્ધ, બુદ્ધ, મુક્ત, પરિનિવૃત્ત અને સમસ્ત દુઃખોથી રહિત થયા, તે આ પ્રમાણે છે– (૧) આદિત્યયશ, (૨) મહાયશ, (૩) અતિબલ, (૪) મહાબલ, (૫) તેજોવીર્ય, (૬) કાર્તવીર્ય, (૭) દંડવીર્ય, (૮) જલવીર્ય.

**પાર્શ્વનાથના ગણ અને ગણધર :–**

**૪૦ पासस्स णं अरहओ पुरिसादाणियस्स अट्ठ गणा अट्ठ गणहरा होत्था, तं जहा– सुभे, अज्जघोसे, वसिट्ठे, बंभयारी, सोमे, सिरिधरे, वीरभद्दे, जसोभद्दे ।**

**ભાવાર્થ :–** પુરુષાદાનીય(લોક–પ્રિય) અર્હત્ પાર્શ્વનાથના આઠ ગણ અને આઠ ગણધર થયા છે, તે આ પ્રમાણે છે– (૧) શુભ, (૨) આર્યઘોષ, (૩) વશિષ્ઠ, (૪) બ્રહ્મચારી, (૫) સોમ, (૬) શ્રીધર, (૭) વીરભદ્ર, (૮) યશોભદ્ર.

**દર્શનના પ્રકાર :–**

**૪૧ अट्ठविहे दंसणे पण्णत्ते, तं जहा– सम्मदंसणे, मिच्छदंसणे, सम्मामिच्छदंसणे, चक्खुदंसणे, अचक्खुदंसणे, ओहिदंसणे, केवलदंसणे, सुविणदंसणे ।**

**ભાવાર્થ :–** દર્શનના આઠ પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) સમ્યગ્દર્શન, (૨) મિથ્યાદર્શન, (૩) સમ્યગ્મિથ્યાદર્શન (૪) ચક્ષુદર્શન, (૫) અચક્ષુદર્શન, (૬) અવધિદર્શન, (૭) કેવલદર્શન, (૮) સ્વપ્ન દર્શન.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં સ્વપ્નદર્શન સહિત આઠ પ્રકારના દર્શનનું કથન છે. સ્થાન-૭, સૂત્ર-૭૪માં સાત પ્રકારના દર્શનનું કથન છે. પ્રથમના ત્રણ પ્રકાર દર્શન મોહનીયના ક્ષય, ક્ષયોપશમ, ઉદયથી પ્રાપ્ત થાય છે અને પછીના ચાર પ્રકાર દર્શનાવરણીય કર્મના ક્ષયોપશમ, ક્ષયથી પ્રાપ્ત થાય છે. સ્વપ્નદર્શન દર્શનાવરણીય કર્મના ઉદયજન્ય છે.

**ઔપમિક કાલ :–**

**૪૨ अट्ठविहे अद्धोवमिए पण्णत्ते । तं जहा– पलिओवमे, सागरोवमे,**

**ओसप्पिणी, उस्सप्पिणी, पोग्गलपरियट्टे, तीतद्धा, अणागयद्धा, सव्वद्धा ।**

**ભાવાર્થ :–** ઔપમિક કાલના આઠ પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) પલ્યોપમ (૨) સાગરોપમ (૩) અવસર્પિણી (૪) ઉત્સર્પિણી (૫) પુદ્‌ગલ પરાવર્તન (૬) અતીત અદ્ધા (૭) અનાગત અદ્ધા (૮) સર્વદ્ધા (સર્વકાલ).

**વિવેચન :–**

શ્રી અનુયોગ દ્વાર સૂત્રમાં ઉપમાકાલના બે ભેદનું કથન છે, પલ્યોપમ અને સાગરોપમ. પ્રસ્તુત સૂત્રમાં પલ્યોપમ, સાગરોપમ તથા તેનાથી નિષ્પન્ન થતાં વિવિધ કાલભેદ સહિત ઉપમાકાલના આઠ ભેદનું કથન છે.

**અવસર્પિણી-ઉત્સર્પિણી :–** ૧૦ ક્રોડાક્રોડી સાગરોપમનો એક અવસર્પિણી અને ૧૦ ક્રોડાક્રોડી સાગરોપમનો એક ઉત્સર્પિણીકાલ છે.

**પુદ્‌ગલ પરાવર્તન :–** સમસ્ત લોકાકાશના પુદ્‌ગલોને જીવ જેટલા સમયમાં સ્પર્શ કરે છે, તેટલા સમયને પુદ્‌ગલ પરાવર્તન કહે છે. પુદ્‌ગલ પરાવર્તનનું કાળમાન અસંખ્ય ઉત્સર્પિણી, અવસર્પિણી પ્રમાણ છે. તેના ઔદારિક પુદ્‌ગલ પરાવર્તન વગેરે સાતભેદ છે. તેનું વર્ણન ભગવતી સૂત્ર શતક-૧૨ ઉદ્દેશક-૪ માં છે.

**ઔદારિક પુદ્‌ગલ પરાવર્તન :–** લોકગત ઔદારિક શરીર યોગ્ય સમસ્ત પુદ્‌ગલો જીવ દ્વારા ઔદારિક શરીરરૂપે ગ્રહણ અને પરિણમન કરવામાં તથા છોડવામાં જેટલો સમય વ્યતીત થાય તેને ઔદારિક પુદ્‌ગલ પરાવર્તન કહે છે. તે જ રીતે વૈક્રિય, તૈજસ, કાર્મણ, મન, વચન, કાયા, પ્રાણાપાન પુદ્‌ગલ પરાવર્તન પણ સમજવું.

અતીત, અનાગત અને સર્વકાળ પણ અનંતો છે. તેથી તે પણ ઉપમાકાળ છે.

### અરિષ્ટનેમીની યુગાંતકર, પર્યાયાન્તર ભૂમિ :–

**૪૩ अरहओ णं अरिट्ठणेमिस्स** जाव **अट्ठमाओ पुरिसजुगाओ जुगंतकरभूमी । दुवासपरियाए अंतमकासी ।**

**ભાવાર્થ :–** અર્હત્ અરિષ્ટનેમિની આઠમા યુગ પુરુષ સુધી યુગાન્તર ભૂમિ રહી અર્થાત્ તેમની આઠ પાટ સુધી મોક્ષ ગમનનો ક્રમ ચાલુ રહ્યો અને તેઓને કેવળજ્ઞાન પ્રાપ્ત થયા પછી બે વર્ષે મોક્ષે જવાની શરૂઆત થઈ અર્થાત્ તેઓની પર્યાયાન્તકર ભૂમિ બે વર્ષની છે.

**વિવેચન :–**

**अंतकरभूमी :–** અંતકર=કર્મોનો અંત કરી મોક્ષમાં જનારા જીવો, ભૂમિ=કાળ. મોક્ષગામી જીવોનો કાળ બે પ્રકારનો કહ્યો છે.

**(૧) યુગાંતકર ભૂમિ :–** યુગ = પાંચ પાંચ વર્ષના કાળને યુગ કહે છે. આ યુગરૂપી કાળ ક્રમિક છે. તે જ રીતે ગુરુ-શિષ્ય પરંપરા પણ ક્રમિક હોય છે. તેથી અહીં યુગ શબ્દથી ગુરુ શિષ્ય પરંપરાનું ગ્રહણ થાય છે. મોક્ષગામી ગુરુ શિષ્ય, પ્રશિષ્યની પરંપરાનો કાળ તે યુગાંતકર ભૂમિ કહેવાય છે. તીર્થંકર પછી જ્યાં સુધી આચાર્ય પરંપરા મોક્ષને પ્રાપ્ત થાય ત્યાં સુધીની પાટ સંખ્યા તેમની યુગાંતકર ભૂમિ કહેવાય છે. પ્રભુ નેમનાથના મોક્ષગમન પછી આઠ પાટ પરંપરાના પટ્ટધર આચાર્યો મોક્ષે ગયા છે. તે પછી પટ્ટધર આચાર્ય દેવલોકગામી થયા. અન્ય શ્રમણોની અપેક્ષાએ મોક્ષ માર્ગ ચાલુ રહ્યો.

**(૨) પર્યાયાન્તર ભૂમિ :–** તીર્થ સ્થાપના પશ્ચાત્ જેટલા સમય પછી મોક્ષગમનની શરૂઆત થાય, તે સમયને પર્યાયાન્તર ભૂમિ કહે છે. દા.ત. નેમનાથ ભગવાને તીર્થની સ્થાપના કરી, ત્યાર પછી બે વર્ષે તે તીર્થમાંથી સાધુ વગેરે મોક્ષે ગયા. તેથી નેમનાથ ભગવાનની પર્યાયાન્તર ભૂમિ બે વર્ષની કહી છે. આઠમા સ્થાનને કારણે અહીં બે વર્ષની પર્યાયાન્તર ભૂમિનું સ્વતંત્ર કથન નથી પરંતુ યુગાંતકર ભૂમિના કથનની સાથે તેનો સંકેત માત્ર છે.

### મહાવીર સ્વામીના દીક્ષિત રાજાઓ :–

**૪૪** **समणेणं भगवया महावीरेणं अट्ठ रायाणो मुंडे भवेत्ता अगाराओ अणगारियं पव्वइया, तं जहा–**

**वीरंगए वीरजसे, संजय एणिज्जए य रायरिसी ।**
**सेये सिवे उद्दायणे, तह संखे कासिवद्धणे ॥१॥**

**ભાવાર્થ :–** શ્રમણ ભગવાન મહાવીરે આઠ રાજાઓને મુંડિત કરી, આગારથી અણગારપણામાં પ્રવ્રજિત કર્યા હતા, તે આ પ્રમાણે છે– (૧) વીરાંગદ, (૨) વીરયશ, (૩) સંજય, (૪) એણેયક(શ્વેતાંબીના પરદેશી રાજાના આત્મીયજન), (૫) શ્વેત(આમલકલ્પા નગરીના રાજા), (૬) શિવ(હસ્તિનાપુરના રાજા), (૭) ઉદાયન(પોતાનું રાજ્ય ભાણેજને આપનાર સિંધુ-સૌવીર દેશના રાજા) (૮) શંખ કાશીવર્ધન (અંતગડ વર્ણિત અલક્ષ રાજા).

### આહારના પ્રકાર :–

**૪૫** **अट्ठविहे आहारे पण्णत्ते, तं जहा– मणुण्णे असणे, पाणे, खाइमे, साइमे । अमणुण्णे असणे, पाणे, खाइमे, साइमे ।**

**ભાવાર્થ :–** આહારના આઠ પ્રકાર છે, તે આ પ્રમાણે છે– મનોજ્ઞ અશન, પાન, ખાદ્ય, સ્વાદ્ય, અને અમનોજ્ઞ અશન, પાન, ખાદ્ય, સ્વાદ્ય.

### કૃષ્ણરાજિ :–

**૪૬** **उप्पिं सणंकुमार-माहिंदाणं कप्पाणं हेट्ठिं बंभलोए कप्पे रिट्ठविमाण-पत्थडे,**

**एत्थ णं अक्खाडग-समचउरंस-संठाण-संठियाओ अट्ठ कण्हराईओ पण्णत्ताओ, तं जहा– पुरत्थिमे णं दो कण्हराईओ, दाहिणे णं दो कण्हराईओ, पच्चत्थिमे णं दो कण्हराईओ, उत्तरे णं दो कण्हराईओ । पुरत्थिमा अब्भंतरा कण्हराई दाहिणं कण्हराइं पुट्ठा । दाहिणा अब्भंतरा कण्हराई पच्चत्थिमं बाहिरं कण्हराइं पुट्ठा । पच्चत्थिमा अब्भंतरा कण्हराई उत्तरं बाहिरं कण्हराइं पुट्ठा । उत्तरा अब्भंतरा कण्हराई पुरत्थिमं बाहिरं कण्हराइं पुट्ठा । पुरत्थिमपच्चत्थिमिल्लाओ बाहिराओ दो कण्हराईओ छलंसाओ । उत्तरदाहिणाओ बाहिराओ दो कण्हराईओ तंसाओ । सव्वाओ वि णं अब्भंतरकण्हराईओ चउरंसाओ ।**

**ભાવાર્થ :–** સનતકુમાર અને માહેન્દ્ર કલ્પની ઉપર અને બ્રહ્મલોક કલ્પની નીચે રિષ્ટ નામના વિમાનના પ્રસ્તટમાં સમચતુરસ્ર(ચતુષ્કોણ) સંસ્થાનવાળા અખાડા જેવા વિભાગમાં આઠ કૃષ્ણરાજિ(કૃષ્ણવર્ણના પુદ્‌ગલોની પંક્તિઓથી યુક્ત ક્ષેત્ર) છે, તે આ પ્રમાણે– (૧) પૂર્વ દિશામાં બે (૨) દક્ષિણ દિશામાં બે (૩) પશ્ચિમ દિશામાં બે (૪) ઉત્તર દિશામાં બે.

પૂર્વની આભ્યંતર કૃષ્ણરાજિ દક્ષિણની બાહ્ય કૃષ્ણરાજિ સાથે સ્પૃષ્ટ છે. દક્ષિણની આભ્યંતર કૃષ્ણરાજિ પશ્ચિમની બાહ્ય કૃષ્ણરાજિ સાથે સ્પૃષ્ટ છે. પશ્ચિમની આભ્યંતર કૃષ્ણરાજિ ઉત્તરની બાહ્ય કૃષ્ણરાજિ સાથે સ્પૃષ્ટ છે. ઉત્તરની આભ્યંતર કૃષ્ણરાજિ પૂર્વની બાહ્ય કૃષ્ણરાજિ સાથે સ્પૃષ્ટ છે. પૂર્વ અને પશ્ચિમની બાહ્ય બે કૃષ્ણરાજિ ષટ્‌કોણ આકારે છે. ઉત્તર અને દક્ષિણની બાહ્ય બે કૃષ્ણરાજિ ત્રિકોણ આકારે છે. સમસ્ત આભ્યંતર કૃષ્ણરાજિ ચતુષ્કોણ આકારવાળી છે.

**૪૭ एयासि णं अट्ठण्हं कण्हराईणं अट्ठ णामधेज्जा पण्णत्ता, तं जहा– कण्हराई इ वा मेहराई इ वा मघा इ वा माघवई इ वा वायफलिहे इ वा वायपलिक्खोभे इ वा देवफलिहे इ वा देवपलिक्खोभे इ वा ।**

**ભાવાર્થ :–** ઉપરોક્ત આઠ કૃષ્ણરાજિના આઠ નામ છે, તે આ પ્રમાણે છે– (૧) કૃષ્ણરાજિ, (૨) મેઘરાજિ, (૩) મઘા, (૪) માઘવતિ, (૫) વાતપરિઘ, (૬) વાતપરિક્ષોભ, (૭) દેવપરિઘ, (૮) દેવપરિક્ષોભ.

**વિવેચન :–**

પાંચમા દેવલોકના રિષ્ટ નામના ત્રીજા પ્રતરમાં પૃથ્વીશિલારૂપ આઠ કૃષ્ણરાજિઓ ચારે દિશામાં સ્થિત છે. તે કાળા વર્ણની અને નક્કર પૃથ્વીમય છે. તેના ત્રણ આકાર છે. ષટ્‌કોણ આકારની બે, ત્રિકોણ આકારની બે અને સમચોરસ આકારની ચાર કૃષ્ણરાજિ છે. તેની દિશા અને વિદિશાઓ ભાવાર્થથી સ્પષ્ટ છે.

**કૃષ્ણરાજિના પર્યાયવાચી નામ :–** તેના સાર્થક આઠ નામ છે– (૧) કાળા વર્ણની પૃથ્વી અને પુદ્‌ગલનું

પરિણામ હોવાથી અથવા કાળા પુદ્ગલોની રાજિ-રેખારૂપ(લંબાઈ વધુ પહોળાઈ ઓછી હોવાથી) તેનું નામ **કૃષ્ણરાજિ** છે. (૨) કાળા મેઘની રેખા સમાન હોવાથી તેનું નામ **મેઘરાજિ** છે. (૩) છઠ્ઠી નરકનું નામ મઘા છે, તેની સમાન અંધકારવાળી હોવાથી તેનું નામ **મઘા** છે. (૪) સાતમી નરકની સમાન ગાઢાંધકારવાળી હોવાથી તેનું નામ **માઘવતી** છે. (૫) આંધી સમાન સઘન અંધકારવાળી અને દુર્લંઘ્ય હોવાથી તેનું નામ **વાતપરિઘા** છે. (૬) આંધી સમાન અંધકારવાળી અને ક્ષોભનું કારણ હોવાથી તેનું નામ **વાત પરિક્ષોભા** છે. (૭) દેવોને માટે પરિઘ એટલે ભોગલ(આગળિયા) સમાન હોવાથી તેનું નામ **દેવપરિઘા** છે. (૮) દેવોને માટે પણ ક્ષોભનું કારણ હોવાથી તેનું નામ **દેવ પરિક્ષોભ** છે.

## લોકાન્તિક દેવ અને તેની સ્થિતિ :–

**૪૮ एयासि णं अट्ठण्हं कण्हराईणं अट्ठसु ओवासंतरेसु अट्ठ लोगंतियविमाणा पण्णत्ता, तं जहा– अच्ची, अच्चिमाली, वइरोयणे, पभंकरे, चंदाभे, सुराभे, सुपइट्ठाभे, अग्गिच्चाभे ।**

**ભાવાર્થ :–** આ આઠ કૃષ્ણરાજિના આઠ અવકાશાન્તરમાં આઠ લોકાન્તિક દેવોના વિમાન છે– તે આ પ્રમાણે છે– (૧) અર્ચિ, (૨) અર્ચિમાલી, (૩) વૈરોચન, (૪) પ્રભંકર, (૫) ચંદ્રાભ, (૬) સૂર્યાભ, (૭) સુપ્રતિષ્ઠાભ, (૮) અગ્નેયાભ.

**૪૯ एतेसु णं अट्ठसु लोगंतियविमाणेसु अट्ठविहा लोगंतिया देवा पण्णत्ता, तं जहा–**

**सारस्सयमाइच्चा, वण्ही वरुणा य गद्दतोया य ।**
**तुसिया अव्वाबाहा, अग्गिच्चा चेव बोद्धव्वा ॥१॥**

**ભાવાર્થ :–** આ આઠ લોકાન્તિક વિમાનોમાં આઠ પ્રકારના લોકાન્તિક દેવો રહે છે, તે આ પ્રમાણે– (૧) સારસ્વત, (૨) આદિત્ય, (૩) વહ્નિ, (૪) વરુણ, (૫) ગર્દતોય, (૬) તુષિત, (૭) અવ્યાબાધ, (૮) અગ્ન્યર્ચ(રિષ્ટાભ).

**૫૦ एएसि णं अट्ठण्हं लोगंतियदेवाणं अजहण्णमणुक्कोसेणं अट्ठ सागरोवमाइं ठिई पण्णत्ता ।**

**ભાવાર્થ :–** આ આઠ લોકાન્તિક દેવોની અજઘન્ય, અનુત્કૃષ્ટ આઠ સાગરોપમની સ્થિતિ છે.

**વિવેચન :–**

આઠ કૃષ્ણરાજિનો આશ્રય કરીને નવ લોકાન્તિક દેવોના નવ વિમાન છે. આઠમું સ્થાન હોવાથી

અહીં આઠે કૃષ્ણરાજીઓના આભ્યંતરક્ષેત્ર(ચોરસ)ની બરાબર મધ્યમાં સ્થિત એક રિષ્ટ નામના લોકાન્તિક વિમાન અને દેવનું કથન નથી. તેઓની આઠ સાગરોપમની સ્થિતિ મુખ્ય દેવોની અપેક્ષાએ સમજવી જોઈએ. તેઓના સામાન્ય દેવોની સ્થિતિ આઠ સાગરથી કંઈક ન્યૂન થઈ શકે છે, તેમ આચાર્યોનો અભિમત છે.

### ધર્માસ્તિકાયાદિના મધ્યપ્રદેશ :–

**૫૧ अट्ठ धम्मत्थिकाय मज्झपएसा पण्णत्ता । अट्ठ अधम्मत्थिकाय मज्झपए सा पण्णत्ता । अट्ठ आगासत्थिकाय मज्झपएसा पण्णत्ता । अट्ठ जीव मज्झपए सा पण्णत्ता ।**

**ભાવાર્થ :–** ધર્માસ્તિકાયના આઠ મધ્ય-પ્રદેશ(રુચક-પ્રદેશ) કહ્યા છે. અધર્માસ્તિકાયના આઠ, આકાશાસ્તિકાયના આઠ અને જીવના આઠ મધ્યપ્રદેશ છે.

### વિવેચન :–

ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, લોકાકાશ અને જીવ, આ ચાર દ્રવ્યના પ્રદેશો સમાન છે. તે ચારે અરૂપી દ્રવ્યોના અસંખ્ય પ્રદેશોમાં મધ્યભાગના આઠ પ્રદેશને રુચક પ્રદેશ કહે છે. જીવના રુચક પ્રદેશમાં સંકોચ-વિસ્તાર થતો નથી પરંતુ શેષ પ્રદેશોમાં સંકોચ વિસ્તાર થાય છે. ધર્માસ્તિકાયાદિ ત્રણ દ્રવ્યો લોકવ્યાપી સ્થિત દ્રવ્ય છે અને તેના મધ્યના આઠ રુચક પ્રદેશ પણ સ્થિત જ છે.

### મહાપદ્મ પ્રભુના શાસનમાં દીક્ષિત રાજાઓ :–

**૫૨ अरहा णं महापउमे अट्ठ रायाणो मुंडा भवित्ता अगाराओ अणगारियं पव्वा- वेस्सइ, तं जहा– पउमं, पउमगुम्मं, णलिणं, णलिणगुम्मं, पउमद्धयं, धणुद्धयं, कणगरहं, भरहं ।**

**ભાવાર્થ :–** અર્હત મહાપદ્મ(આવતી ચોવીસીના પ્રથમ તીર્થંકર) આઠ રાજાઓને મુંડિત કરી અગારથી અણગારપણામાં પ્રવ્રજિત કરશે, તે આ પ્રમાણે છે– (૧) પદ્મ, (૨) પદ્મગુલ્મ, (૩) નલિન, (૪) નલિન-ગુલ્મ, (૫) પદ્મધ્વજ, (૬) ધનુર્ધ્વજ, (૭) કનકરથ, (૮) ભરત.

### કૃષ્ણ વાસુદેવની પટ્ટરાણીઓ :–

**૫૩ कण्हस्स णं वासुदेवस्स अट्ठ अग्गमहिसीओ अरहओ णं अरिट्ठणेमिस्स अंतिए मुंडा भवेत्ता अगाराओ अणगारियं पव्वइया सिद्धाओ बुद्धाओ मुत्ताओ अंतगडाओ परिणिव्वुडाओ सव्वदुक्खप्पहीणाओ, तं जहा–**

**पउमावई य गोरी, गंधारी लक्खणा सुसीमा य ।**
**जंबवई सच्चभामा, रुप्पिणी अग्गमहिसीओ ॥१॥**

**ભાવાર્થ :–** કૃષ્ણવાસુદેવની આઠ અગ્રમહિષીઓ અર્હત અરિષ્ટનેમિ પાસે મુંડિત થઈ ગૃહવાસથી અણગારપણામાં પ્રવ્રજિત થઈ, સિદ્ધ, બુદ્ધ, મુક્ત, અંતકૃત, પરિનિવૃત્ત અને સમસ્ત દુઃખોથી મુક્ત થઈ છે, તે આ પ્રમાણે છે– (૧) પદ્માવતી, (૨) ગોરી, (૩) ગાન્ધારી, (૪) લક્ષ્મણા, (૫) સુષીમા, (૬) જામ્બવતી, (૭) સત્યભામા, (૮) રુક્ષ્મણી.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં કૃષ્ણ વાસુદેવની આઠ રાણીઓનો ઉલ્લેખ છે. તેનું વિસ્તૃત વર્ણન અંતકૃતદશાંગ સૂત્રમાં છે. તે આઠે ય રાણીઓએ વીસ વર્ષ સંયમનું પાલન કરી, એક માસના સંથારાપૂર્વક સિદ્ધ દશાને પ્રાપ્ત કરી છે.

**પૂર્વગત વસ્તુ :–**

**૫૪ वीरियपुव्वस्स णं अट्ठ वत्थू अट्ठ चूलवत्थू पण्णत्ता ।**

**ભાવાર્થ :–** વીર્યપ્રવાદ પૂર્વની આઠ વસ્તુ(મૂળ અધ્યયન) અને આઠ ચૂલિકા વસ્તુ કહી છે.

**ગતિના પ્રકાર :–**

**૫૫ अट्ठ गईओ पण्णत्तओ, तं जहा– णिरयगई, तिरियगई, मणुयगई, देवगई, सिद्धिगई, गुरुगई, पणोल्लणगई, पब्भारगई ।**

**ભાવાર્થ :–** ગતિના આઠ પ્રકાર છે, તે આ પ્રમાણે– (૧) નરક ગતિ, (૨) તિર્યંચગતિ, (૩) મનુષ્ય ગતિ, (૪) દેવ ગતિ, (૫) સિદ્ધ ગતિ, (૬) ગુરુગતિ, (૭) પ્રણોદનગતિ, (૮) પ્રાગ્ભાર ગતિ.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં આઠ પ્રકારની ગતિનું કથન છે. તેમાં પ્રથમ ચાર પ્રકારની ગતિમાં ગતિ શબ્દનો અર્થ 'આયુષ્ય પૂર્ણ થતાં નારકાદિ ભવમાં જન્મ ધારણ કરવા માટે થતી ગતિ' અર્થાત્ 'ભવાંતર માટેની ગતિ' તે પ્રમાણે થાય છે.

**સિદ્ધ ગતિ :–** સર્વ કર્મનો ક્ષય થતાં સિદ્ધક્ષેત્રને પ્રાપ્ત કરવા રૂપ ગતિ.

અંતિમ ત્રણ પ્રકારની ગતિમાં ગતિ શબ્દનો અર્થ 'એક સ્થાનથી બીજા સ્થાનને પ્રાપ્ત કરવું અર્થાત્ સ્થાનાંતર કરવું.' તે પ્રમાણે થાય છે.

**ગુરુ ગતિ :–** પરમાણુ આદિની સ્વાભાવિક ગતિને ગુરુ ગતિ કહે છે.

**પ્રણોદન ગતિ :–** બીજાની પ્રેરણાથી થતી ગતિને પ્રણોદન ગતિ કહે છે.

**પ્રાગ્ભાર ગતિ :–** નૌકામાં ભરેલા ભારથી નીચેની તરફ ગતિ થાય તેમ બીજા દ્રવ્યના ભારથી જે ગતિ થાય તેને પ્રાગ્ભારગતિ કહે છે. શેષ ગતિઓ પ્રસિદ્ધ છે.

### દેવદેવીઓના અષ્ટ યોજનવાળા દ્વીપ :–

**૫૬ गंगा-सिंधु-रत्ता-रत्तवइ देवीणं दीवा अट्ठ-अट्ठ जोयणाइं आयामविक्खंभेणं पण्णत्ता ।**

**ભાવાર્થ :–** ગંગા, સિંધુ, રક્તા, રક્તાવતી, આ ચાર નદીઓની અધિષ્ઠાત્રી દેવીઓના દ્વીપ આઠ-આઠ યોજનના લાંબા-પહોળા છે.

**૫૭ उक्कामुह-मेहमुह-विज्जुमुह-विज्जुदंतदीवा णं दीवा अट्ठ-अट्ठ जोयणसयाइं आयामविक्खंभेणं पण्णत्ता ।**

**ભાવાર્થ :–** (છપ્પન અંતર દ્વીપમાંથી) ઉલ્કામુખ, મેઘમુખ, વિદ્યુન્મુખ અને વિદ્યુદન્ત દ્વીપ આઠસો-આઠસો યોજન લાંબા પહોળા છે.

### આઠ લાખ યોજન ચક્રવાલ વિષ્કંભ :–

**૫૮ कालोदे णं समुद्दे अट्ठ जोयणसयसहस्साइं चक्कवालविक्खंभेणं पण्णत्ते ।**

**ભાવાર્થ :–** કાલોદ સમુદ્રનો ચક્રવાલ-વિષ્કમ્ભ (ગોળાઈની અપેક્ષાથી) આઠ લાખ યોજનનો છે.

**૫૯ अब्भंतरपुक्खरद्धे णं अट्ठ जोयणसयसहस्साइं चक्कवालविक्खंभेणं पण्णत्ते। एवं बाहिरपुक्खरद्धे वि ।**

**ભાવાર્થ :–** આભ્યંતર પુષ્કરાર્ધ દ્વીપનો ચક્રવાલ વિષ્કમ્ભ આઠ લાખ યોજનનો છે. તે જ રીતે બાહ્ય પુષ્કરાર્ધદ્વીપનો પણ ચક્રવાલ વિષ્કંભ આઠ લાખ યોજનનો છે.

### કાકણિરત્ન :–

**૬૦ एगमेगस्स णं रण्णो चाउरंतचक्कवट्टिस्स अट्ठसोवण्णिए काकणिरयणे छत्तले दुवालसंसिए अट्ठकण्णिए अधिकरणिसंठिए ।**

**ભાવાર્થ :–** પ્રત્યેક ચાતુરંત ચક્રવર્તી રાજાનું કાકણિરત્ન વજનની અપેક્ષાએ આઠ સુવર્ણ પ્રમાણવાળું હોય છે. તેને છ તલ, બાર ખૂણા, આઠ કર્ણિકા હોય છે. તેનું સંસ્થાન એરણ જેવું હોય છે.

## વિવેચન :–

'સુવર્ણ' એટલે પ્રાચીન કાળનો સોનાનો સિક્કો. તેનું વજન એંસી(૮૦) ચણોઠી પ્રમાણ હતું.

આ માપ ભરત-ચક્રવર્તીના કાલાનુસાર જાણવું જોઈએ અને બધા ચક્રવર્તીઓના કાકણિરત્ન પોત પોતાના સમય પ્રમાણે હોય છે. તેનો આકાર એરણ જેવો હોય છે.

## માગધ-યોજનનું માપ :–

**૬૧ मागहस्स णं जोयणस्स अट्ठ धणुसहस्साइं णिधत्ते पण्णत्ते ।**

**ભાવાર્થ :–** માગધદેશમાં યોજનનું પ્રમાણ આઠ હજાર ધનુષ્ય છે.

## વિવેચન :–

પ્રસ્તુત સૂત્રમાં મગધદેશમાં પ્રચલિત યોજનનું માપ દર્શાવ્યું છે. **मागधग्रहणात् क्वचिदन्यपि योजनं स्यादिति प्रतिपादितं, तत्र यस्मिन् देशे षोडशभिर्धनुः शतैगव्यूतं स्यात्तत्रषड्भिः सहैश्चतुर्भिः शतैर्धनुषां योजनं भवतीति ।** – *[સ્થાનાંગ વૃત્તિ]* તેના ઉપરથી ફલિત થાય છે કે અન્ય દેશોમાં યોજનનું માપ ભિન્ન-ભિન્નરૂપે પ્રચલિત હશે. મગધમાં ૮૦૦૦ ધનુષ્યનો એક યોજન અને અન્ય દેશોમાં ૬૪૦૦ ધનુષ્યનું એક યોજન પ્રચલિત હતું.

## જંબૂવૃક્ષ અને કૂટ શાલ્મલી વૃક્ષની ઊંચાઈ :–

**૬૨ जंबू णं सुदंसणा अट्ठ जोयणाइं उड्ढं उच्चत्तेणं, बहुमज्झदेसभाए अट्ठ जोयणाइं विक्खंभेणं, साइरेगाइं अट्ठ जोयणाइं सव्वग्गेणं पण्णत्ता । कूडसामली णं अट्ठ जोयणाइं एवं चेव ।**

**ભાવાર્થ :–** સુદર્શન જંબૂવૃક્ષ આઠ યોજન ઊંચુ, બહુમધ્ય ભાગમાં આઠ યોજન પહોળું અને સર્વ પરિમાણમાં(સંપૂર્ણ વૃક્ષની ઊંચાઈ) સાધિક આઠ યોજન છે. કૂટશાલ્મલી વૃક્ષ પણ આઠ યોજન પ્રમાણ-વાળું છે.

## વિવેચન :–

જંબૂદ્વીપના ઉત્તરકુરુ ક્ષેત્રના પૂર્વાર્ધમાં સુદર્શન જંબૂવૃક્ષ સ્થિત છે. **सव्वग्गेणं**– સર્વ પરિમાણ. અહીં જે સાધિક આઠ યોજનની ઊંચાઈ કહી છે તે જમીનમાં ઊંડાઈની અપેક્ષાએ છે. જંબૂવૃક્ષની જમીનથી ઉપર ઊંચાઈ આઠ યોજન છે અને તે જમીનમાં બે ગાઉ ઊંડું છે; તેથી કુલ ઊંચાઈ બે ગાઉ અધિક આઠ યોજનની છે. અહીં અધિક શબ્દથી બે ગાઉ ગ્રહણ કરવાના છે.

**તિમિસ્ર અને ખંડપ્રપાત ગુફાની ઊંચાઈ :–**

**૬૩ तिमिसगुहा णं अट्ठ जोयणाइं उड्ढं उच्चत्तेणं ।**

**ભાવાર્થ :–** તિમિસ્ર ગુફા આઠ યોજન ઊંચી છે.

**૬૪ खंडप्पवायगुहा णं अट्ठ जोयणाइं उड्ढं उच्चत्तेणं ।**

**ભાવાર્થ :–** ખંડપ્રપાત ગુફા આઠ યોજન ઊંચી છે.

**જંબૂદ્વીપના મહાવિદેહક્ષેત્રની વિજય, પર્વતાદિ :–**

**૬૫ जंबुद्दीवे दीवे मंदरस्स पव्वयस्स पुरत्थिमे णं सीयाए महाणईए उभओ कूले अट्ठ वक्खारपव्वया पण्णत्ता, तं जहा– चित्तकूडे, पम्हकूडे, णलिणकूडे, एगसेले, तिकूडे, वेसमणकूडे, अंजले, मायंजणे ।**

**ભાવાર્થ :–** જંબૂદ્વીપ નામના દ્વીપમાં મંદર પર્વતની પૂર્વમાં સીતા મહાનદીના બંને કિનારે આઠ વક્ષસ્કાર પર્વત છે, તે આ પ્રમાણે છે– (૧) ચિત્રકૂટ, (૨) પક્ષ્મકૂટ, (૩) નલિનકૂટ, (૪) એકશૈલ, (૫) ત્રિકૂટ, (૬) વૈશ્રમણકૂટ, (૭) અંજનકૂટ, (૮) માતંજનકૂટ.

**૬૬ जंबुद्दीवे दीवे मंदरस्स पव्वयस्स पच्चत्थिमेणं सीओयाए महाणईए उभओ कूले अट्ठ वक्खारपव्वया पण्णत्ता, तं जहा– अंकावई, पम्हावई, आसीविसे, सुहावहे, चंदपव्वए, सूरपव्वए, णागपव्वए, देवपव्वए ।**

**ભાવાર્થ :–** જંબૂદ્વીપ નામના દ્વીપમાં મંદર પર્વતની પશ્ચિમમાં સીતોદા મહાનદીના બંને કિનારે આઠ વક્ષસ્કાર પર્વત છે, તે આ પ્રમાણે છે– (૧) અંકાવતી, (૨) પક્ષ્માવતી, (૩) આશીવિષ, (૪) સુખાવહ, (૫) ચન્દ્ર પર્વત, (૬) સૂર પર્વત, (૭) નાગ પર્વત, (૮) દેવ પર્વત.

**૬૭ जंबुद्दीवे दीवे मंदरस्स पव्वयस्स पुरत्थिमे णं सीयाए महाणइए उत्तरे णं अट्ठ चक्कवट्टिविजया पण्णत्ता, तं जहा– कच्छे, सुकच्छे, महाकच्छे, कच्छगावई, आवत्ते, मंगलावत्ते, पुक्खले, पुक्खलावई ।**

**ભાવાર્થ :–** જંબૂદ્વીપ નામના દ્વીપમાં મંદરપર્વતની પૂર્વમાં સીતા મહાનદીની ઉત્તરમાં ચક્રવર્તીની આઠ વિજયો(વિજયક્ષેત્ર) છે, તે આ પ્રમાણે છે– (૧) કચ્છ, (૨) સુકચ્છ, (૩) મહાકચ્છ, (૪) કચ્છકાવતી, (૫) આવર્ત, (૬) મંગલાવર્ત, (૭) પુષ્કલ, (૮) પુષ્કલાવતી.

**૬૮** **जंबुद्दीवे दीवे मंदरस्स पव्वयस्स पुरत्थिमे णं सीयाए महाणईए दाहिणे णं अट्ठ चक्कवट्टिविजया पण्णत्ता, तं जहा- वच्छे, सुवच्छे, महावच्छे, वच्छगावई, रम्मे, रम्मगे, रमणिज्जे, मंगलावई ।**

**ભાવાર્થ :–** જંબૂદ્વીપ નામના દ્વીપમાં મંદર પર્વતની પૂર્વમાં સીતા મહાનદીની દક્ષિણમાં ચક્રવર્તીની આઠ વિજયો છે, તે આ પ્રમાણે છે– (૧) વત્સ, (૨) સુવત્સ, (૩) મહાવત્સ, (૪) વત્સકાવતી, (૫) રમ્ય, (૬) રમ્યક્, (૭) રમણીય, (૮) મંગલાવતી.

**૬૯** **जंबुद्दीवे दीवे मंदरस्स पव्वयस्स पच्चत्थिमे णं सीओयाए महाणईए दाहिणे णं अट्ठ चक्कवट्टिविजया पण्णत्ता, तं जहा- पम्हे, सुपम्हे, महापम्हे, पम्हगावई, संखे, णलिणे, कुमुए, सलिलावई ।**

**ભાવાર્થ :–** જંબૂદ્વીપ નામના દ્વીપમાં મંદર પર્વતની પશ્ચિમમાં સીતોદા મહાનદીની દક્ષિણમાં ચક્રવર્તીની આઠ વિજયો છે, તે આ પ્રમાણે છે– (૧) પક્ષ્મ, (૨) સુપક્ષ્મ, (૩) મહાપક્ષ્મ, (૪) પક્ષ્મકાવતી, (૫) શંખ, (૬) નલિન, (૭) કુમુદ, (૮) સલીલાવતી.

**૭૦** **जंबुद्दीवे दीवे मंदरस्स पव्वयस्स पच्चत्थिमे णं सीओयाए महाणईए उत्तरे णं अट्ठ चक्कवट्टिविजया पण्णत्ता, तं जहा- वप्पे, सुवप्पे, महावप्पे, वप्पगावई, वग्गू, सुवग्गू, गंधिल्ले, गंधिलावई ।**

**ભાવાર્થ :–** જંબૂદ્વીપ નામના દ્વીપમાં મંદર પર્વતની પશ્ચિમમાં સીતોદા મહાનદીની ઉત્તરમાં ચક્રવર્તીની આઠ વિજયો છે, તે આ પ્રમાણે છે– (૧) વપ્ર, (૨) સુવપ્ર, (૩) મહાવપ્ર, (૪) વપ્રકાવતી, (૫) વલ્ગુ, (૬) સુવલ્ગુ, (૭) ગંધિલ, (૮) ગંધિલાવતી.

**૭૧** **जंबुद्दीवे दीवे मंदरस्स पव्वयस्स पुरत्थिमे णं सीयाए महाणइए उत्तरे णं अट्ठ रायहाणीओ पण्णत्ताओ, तं जहा- खेमा, खेमपुरी, रिट्ठा, रिट्ठपुरी, खग्गी, मंजूसा, ओसही, पुंडरीगिणी ।**

**ભાવાર્થ :–** જંબૂદ્વીપ નામના દ્વીપમાં મંદર પર્વતની પૂર્વમાં સીતા મહાનદીની ઉત્તરમાં આઠ રાજધાનીઓ છે, તે આ પ્રમાણે છે– (૧) ક્ષેમા, (૨) ક્ષેમપુરી, (૩) રિષ્ટ, (૪) રિષ્ટપુરી, (૫) ખડ્ગી, (૬) મંજૂષા, (૭) ઔષધિ, (૮) પૌંડરીકિણી.

**૭૨** **जंबुद्दीवे दीवे मंदरस्स पव्वयस्स पुरत्थिमे णं सीयाए महाणईए दाहिणे णं अट्ठ रायहाणीओ पण्णत्ताओ, तं जहा- सुसीमा, कुंडला, अपराजिया, पभंकरा, अंकावई, पम्हावई, सुभा, रयणसंचया ।**

**ભાવાર્થ :–** જંબૂદ્વીપ નામના દ્વીપમાં મંદર પર્વતની પૂર્વમાં સીતા મહાનદીની દક્ષિણમાં આઠ રાજધાનીઓ છે, તે આ પ્રમાણે છે– (૧) સુસીમા, (૨) કુંડલા, (૩) અપરાજિત, (૪) પ્રભંકરા, (૫) અંકાવતી, (૬) પક્ષ્માવતી, (૭) શુભા, (૮) રત્નસંચયા.

**૭૩ जंबुद्दीवे दीवे मंदरस्स पव्वयस्स पच्चत्थिमे णं सीओयाए महाणईए दाहिणे णं अट्ठ रायहाणीओ, तं जहा– आसपुरा, सीहपुरा, महापुरा, विजयपुरा, अवराजिता, अवरा, असोया, वीतसोगा ।**

**ભાવાર્થ :–** જંબૂદ્વીપ નામના દ્વીપમાં મંદર પર્વતની પશ્ચિમ દિશામાં સીતોદા મહાનદીની દક્ષિણમાં આઠ રાજધાનીઓ છે, તે આ પ્રમાણે છે– (૧) અશ્વપુરી, (૨) સિંહપુરી, (૩) મહાપુરી, (૪) વિજયપુરી, (૫) અપરાજિતા, (૬) અપરા, (૭) અશોકા, (૮) વિતશોકા.

**૭૪ जंबुद्दीवे दीवे मंदरस्स पव्वयस्स पच्चत्थिमे णं सीओयाए महाणईए उत्तरे णं अट्ठ रायहाणीओ पण्णत्ताओ, तं जहा– विजया, वेजयंती, जयंती, अपराजिया, चक्कपुरा, खग्गपुरा, अवज्झा, अउज्झा ।**

**ભાવાર્થ :–** જંબૂદ્વીપ નામના દ્વીપમાં મંદર પર્વતની પશ્ચિમમાં સીતોદા મહાનદીની ઉત્તરમાં આઠ રાજધાનીઓ છે, તે આ પ્રમાણે છે– (૧) વિજ્યા, (૨) વૈજયંતી, (૩) જયંતિ, (૪) અપરાજિતા, (૫) ચક્રપુરી, (૬) ખડ્ગપુરી, (૭) અવધ્યા, (૮) અયોધ્યા.

**૭૫ जंबुद्दीवे दीवे मंदरस्स पव्वयस्स पुरत्थिमे णं सीयाए महाणईए उत्तरे णं उक्कोसपए अट्ठ अरहंता, अट्ठ चक्कवट्टी, अट्ठ बलदेवा, अट्ठ वासुदेवा उप्पज्जिंसु वा उप्पज्जंति वा उप्पज्जिस्संति वा ।**

**ભાવાર્થ :–** જંબૂદ્વીપ નામના દ્વીપમાં મંદરપર્વતની પૂર્વમાં સીતા મહાનદીની ઉત્તરમાં ઉત્કૃષ્ટ-વધુમાં વધુ આઠ તીર્થંકર, આઠ ચક્રવર્તી, આઠ બળદેવ અને આઠ વાસુદેવ ઉત્પન્ન થયા હતા, ઉત્પન્ન થાય છે અને ઉત્પન્ન થશે.

**૭૬ जंबुद्दीवे दीवे मंदरस्स पव्वयस्स पुरत्थिमे णं सीयाए महाणईए दाहिणे णं उक्कोसपए एवं चेव ।**

**ભાવાર્થ :–** જંબૂદ્વીપ નામના દ્વીપમાં મંદરપર્વતની પૂર્વમાં સીતા મહાનદીની દક્ષિણમાં ઉત્કૃષ્ટ આઠ તીર્થંકર, આઠ ચક્રવર્તી, આઠ બળદેવ, આઠ વાસુદેવ ઉત્પન્ન થયા હતા, ઉત્પન્ન થાય છે અને ઉત્પન્ન થશે.

**૭૭ जंबुद्दीवे दीवे मंदरस्स पव्वयस्स पच्चत्थिमे णं सीओयाए महाणईए दाहिणे णं उक्कोसपए एवं चेव । एवं उत्तरेण वि ।**

**ભાવાર્થ :–** જંબૂદ્વીપ નામના દ્વીપમાં મંદરપર્વતની પશ્ચિમમાં સીતોદા મહાનદીની દક્ષિણમાં ઉત્કૃષ્ટ આઠ તીર્થંકર ઉત્પન્ન થયા હતા, વગેરે પૂર્વવત્ જાણવું. તે જ રીતે તેની ઉત્તરમાં પણ જાણવું.

**૭૮ जंबुद्दीवे दीवे मंदरस्स पव्वयस्स पुरत्थिमे णं सीयाए महाणईए उत्तरे णं अट्ठ दीहवेयड्ढा, अट्ठ तिमिसगुहाओ, अट्ठ खंडगप्पवायगुहाओ, अट्ठ कयमालगा देवा, अट्ठ णट्टमालगा देवा, अट्ठ गंगाकुंडा, अट्ठ गंगाओ, अट्ठ सिंधुकुंडा, अट्ठ सिंधूओ, अट्ठ उसभकूडा पव्वया, अट्ठ उसभकूडदेवा पण्णत्ता ।**

**ભાવાર્થ :–** જંબૂદ્વીપ નામના દ્વીપમાં મંદરપર્વતની પૂર્વમાં સીતા મહાનદીની ઉત્તરમાં આઠ દીર્ઘ વૈતાઢ્ય પર્વત, આઠ તિમિસ્રગુફા, આઠ ખંડપ્રપાતગુફા, આઠ કૃતમાલકદેવ, આઠ નૃત્તમાલકદેવ, આઠ ગંગાકુંડ, આઠ સિંધુ કુંડ, આઠ ગંગા નદી, આઠ સિંધુ નદી, આઠ ઋષભકૂટ પર્વત અને આઠ ઋષભકૂટ દેવ છે.

**૭૯ जंबुद्दीवे दीवे मंदरस्स पव्वयस्स पुरत्थिमे णं सीयाए महाणईए दाहिणे णं अट्ठ दीहवेयड्ढा एवं चेव** *जाव* **अट्ठ उसभकूडदेवा पण्णत्ता, णवरं एत्थ रत्ता-रत्तवती, तासिं चेव कुंडा ।**

**ભાવાર્થ :–** જંબૂદ્વીપ નામના દ્વીપમાં મંદરપર્વતની પૂર્વમાં સીતા મહાનદીની દક્ષિણમાં આઠ દીર્ઘ વૈતાઢ્ય પર્વત; આઠ તિમિસ્ર ગુફા, આઠ ખંડપ્રપાતગુફા, આઠ કૃતમાલકદેવ, આઠ નૃત્તમાલક દેવ, આઠ રક્તાકુંડ, આઠ રક્તવતી કુંડ, આઠ રક્તા નદી, આઠ રક્તવતી નદી, આઠ ઋષભકૂટ પર્વત અને આઠ ઋષભકૂટ દેવ છે.

**૮૦ जंबुद्दीवे दीवे मंदरस्स पव्वयस्स पच्चत्थिमे णं सीओयाए महाणईए दाहिणे णं अट्ठ दीहवेयड्ढा** *जाव* **अट्ठ णट्टमालगा देवा, अट्ठ गंगाकुंडा, अट्ठ सिंधुकुंडा, अट्ठ गंगाओ, अट्ठ सिंधुओ, अट्ठ उसभकूडा पव्वया, अट्ठ उसभकूडदेवा पण्णत्ता ।**

**ભાવાર્થ :–** જંબૂદ્વીપ નામના દ્વીપમાં મંદર પર્વતની પશ્ચિમમાં સીતોદા મહાનદીની દક્ષિણમાં આઠ દીર્ઘ વૈતાઢ્ય પર્વત, આઠ તિમિસ્રગુફા, આઠ ખંડપ્રપાતગુફા, આઠ કૃતમાલકદેવ, આઠ નૃત્તમાલકદેવ, આઠ ગંગાકુંડ, આઠ સિંધુકુંડ, આઠ ગંગા નદી, આઠ સિંધુ નદી, આઠ ઋષભકૂટ પર્વત અને આઠ ઋષભકૂટ દેવ છે.

**૮૧ जंबुद्दीवे दीवे मंदरस्स पव्वयस्स पच्चत्थिमे णं सीओयाए महाणईए उत्तरे णं अट्ठ दीहवेयड्ढा** *जाव* **अट्ठ णट्टमालगा देवा पण्णत्ता । अट्ठ रत्ताकुंडा, अट्ठ रत्तावइकुंडा, अट्ठ रत्ताओ, अट्ठ रत्तावईओ, अट्ठ उसभकूडपव्वया, अट्ठ उसभकूडदेवा पण्णत्ता ।**

**ભાવાર્થ :–** જંબૂદ્વીપ નામના દ્વીપમાં મંદરપર્વતની પશ્ચિમમાં સીતોદા મહાનદીની ઉત્તરમાં આઠ દીર્ઘ

વૈતાઢ્ય પર્વત, આઠ તિમિસ્રગુફા, આઠ ખંડપ્રપાતગુફા, આઠ કૃતમાલકદેવ, આઠ નૃત્તમાલકદેવ, આઠ રક્તાકુંડ, આઠ રક્તવતીકુંડ, આઠ રક્તા નદી, આઠ રક્તવતી નદી, આઠ ઋષભકૂટ પર્વત અને આઠ ઋષભકૂટ દેવ છે.

**૮૨ मंदरचूलिया णं बहुमज्झदेसभाए अट्ठ जोयणाइं विक्खंभेणं पण्णत्ता ।**

**ભાવાર્થ :–** મંદર પર્વતની ચૂલિકા બહુમધ્યદેશ ભાગમાં આઠ યોજન પહોળી છે.

## વિવેચન :–

પ્રસ્તુત સૂત્રોમાં જંબૂદ્વીપમાં મહાવિદેહ ક્ષેત્રના વક્ષસ્કાર પર્વતો, વિજયો, તેની રાજધાનીઓ આદિનું આઠ-આઠ સંખ્યાની દષ્ટિએ નિરૂપણ છે.

મહાવિદેહ ક્ષેત્રના મુખ્ય બે વિભાગ છે. પૂર્વમહાવિદેહ અને પશ્ચિમ મહાવિદેહ. પૂર્વી અને પશ્ચિમી વિભાગમાં ક્રમશઃ સીતા અને સીતોદા નદી વહે છે. તેથી તે નદીઓના કારણે તે બંનેના બે-બે વિભાગ થાય છે. ઉત્તરી વિભાગ અને દક્ષિણી વિભાગ. આ રીતે મહાવિદેહ ક્ષેત્રના ચાર વિભાગ થાય છે.

**વક્ષસ્કાર પર્વત :–** મહાવિદેહ ક્ષેત્રની વિજયોનું વિભાજન કરનાર વક્ષસ્કાર પર્વતો અને અંતર નદીઓ છે. એક વિભાગની વિજયનું વિભાજન ચાર વક્ષસ્કાર પર્વતો અને ત્રણ અંતર નદીઓથી થાય છે. સીતા નદીના ઉત્તરી અને દક્ષિણી વિભાગમાં ચાર-ચાર કુલ આઠ વક્ષસ્કાર પર્વતો છે.

તે રીતે સીતોદા નદીના ઉત્તર અને દક્ષિણ કિનારે પણ આઠ વક્ષસ્કાર પર્વતો છે.

**વિજય અને રાજધાની :–** મહાવિદેહ ક્ષેત્રના એક-એક વિભાગમાં આઠ-આઠ વિજયો અને તેની આઠ-આઠ રાજધાનીઓ છે. તે વિજયો ભરતક્ષેત્ર કરતાં અધિક વિસ્તારવાળી છે, તેમાં છ-છ ખંડ હોય છે. તે ચક્રવર્તીના વિજયસ્થાનરૂપ છે. તેથી તેને ચક્રવર્તી વિજય કહે છે. આ રીતે કુલ ૩૨ વિજયો અને તેની ૩૨ રાજધાનીઓ છે.

**તીર્થંકરાદિની સંખ્યા :–** મહાવિદેહ ક્ષેત્રની પ્રત્યેક વિજયોમાં એક-એક તીર્થંકર હોવાથી એક-એક વિભાગમાં આઠ-આઠ તીર્થંકરો હોય. ચારે વિભાગમાં કુલ ૩૨ તીર્થંકર હોય છે.

સૂત્રકારે આઠમા સ્થાનની અપેક્ષાએ પ્રત્યેક વિભાગમાં આઠ ચક્રવર્તી, આઠ બલદેવ, આઠ વાસુદેવનું કથન કર્યું છે. શ્રી જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ સૂત્રમાં મહાવિદેહ ક્ષેત્રમાં ઉત્કૃષ્ટ ૩૨ તીર્થંકર, ૨૮-૨૮ ચક્રવર્તી, વાસુદેવ, બલદેવનું કથન કર્યું છે કારણ કે જ્યાં છ ખંડના અધિપતિ ચક્રવર્તી હોય ત્યાં ત્રણ ખંડના અધિપતિ વાસુદેવ હોતા નથી અને જ્યાં ત્રણ ખંડના અધિપતિ વાસુદેવ હોય ત્યાં છ ખંડના અધિપતિ ચક્રવર્તી હોતા નથી. તેથી જે વિજયમાં ચક્રવર્તી હોય ત્યાં વાસુદેવ હોતા નથી અને જે વિજયમાં વાસુદેવ હોય ત્યાં ચક્રવર્તી હોતા નથી. મહાવિદેહક્ષેત્રના ચારે વિભાગમાં ઓછામાં ઓછા એક-એક તીર્થંકર, ચક્રવર્તી, વાસુદેવ આદિ ઉત્તમ પુરુષો અવશ્ય હોય છે. આ રીતે જઘન્ય ચાર સંખ્યાએ ચાર વિજયમાં

ચક્રવર્તી હોય, તો તે સમયે શેષ અઠ્યાવીસ વિજયમાં વાસુદેવ હોય શકે. જઘન્ય ચાર સંખ્યાએ ચાર વિજયમાં વાસુદેવ આદિ હોય તો તે સમયે શેષ અઠ્યાવીસ વિજયમાં ચક્રવર્તી હોય શકે છે. આ રીતે મહાવિદેહ ક્ષેત્રમાં ઉત્કૃષ્ટ સંખ્યાએ ચક્રવર્તી, વાસુદેવ અને બળદેવ અઠ્યાવીસ સંભવે છે અને આ રીતે મહાવિદેહના પૂર્વાદિ ચારે વિભાગમાં ઉત્કૃષ્ટપદે સાત-સાત ચક્રવર્તી અથવા સાત-સાત વાસુદેવ સંભવે છે.

**ધાતકીખંડ પુષ્કરાર્દ્ધદ્વીપના સ્થાનો :–**

**૮૩ धायइसंडदीवपुरत्थिमद्धे णं धायइरुक्खे अट्ठ जोयणाइं उड्ढं उच्चत्तेणं, बहुमज्झदेसभाए अट्ठ जोयणाइं विक्खंभेणं, साइरेगाइं अट्ठ जोयणाइं सव्वग्गेणं पण्णत्ते । एवं धायइरुक्खाओ आढवेत्ता सच्चेव जंबूदीववत्तव्वया भाणियव्वा** *जाव* **मंदरचूलियत्ति । एवं पच्चत्थिमद्धे वि महाधायइरुक्खाओ आढवेत्ता** *जाव* **मंदर- चूलियत्ति ।**

**ભાવાર્થ :–** ધાતકીખંડ દ્વીપના પૂર્વાર્ધમાં ધાતકી વૃક્ષ આઠ યોજન ઊંચુ, બહુ મધ્ય દેશ ભાગમાં આઠ યોજન પહોળું અને સંપૂર્ણ વૃક્ષની ઊંચાઈ સાધિક આઠ યોજનની છે. આ જ રીતે ધાતકીખંડના પૂર્વાર્ધમાં ધાતકી વૃક્ષથી લઈને મંદરચૂલિકા સુધીનું વર્ણન જંબૂદ્વીપની જેમ જાણવું. આ જ રીતે ધાતકીખંડના પશ્ચિમાર્ધમાં મહાધાતકી વૃક્ષથી લઈને મંદરચૂલિકા સુધીનું વર્ણન જંબૂદ્વીપની સમાન જાણવું.

**૮૪ एवं पुक्खरवरदीवड्ढपुरत्थिमद्धेवि पउमरुक्खाओ आढवेत्ता** *जाव* **मंदर चूलियत्ति ।**

**ભાવાર્થ :–** આ રીતે પુષ્કરવરદ્વીપાર્ધના પૂર્વાર્ધમાં પદ્મવૃક્ષથી મંદરચૂલિકા સુધીનું સર્વ વર્ણન જંબૂદ્વીપની સમાન જાણવું.

**૮૫ एवं पुक्खरवरदीवड्ढपच्चत्थिमद्धे वि महापउमरुक्खाओ** *जाव* **मंदरचूलियत्ति।**

**ભાવાર્થ :–** આ રીતે પુષ્કરવરદ્વીપાર્ધના પશ્ચિમાર્ધમાં મહાપદ્મ વૃક્ષથી મંદરચૂલિકા સુધીનું વર્ણન જંબૂદ્વીપની સમાન જાણવું.

**ભદ્રશાલવનના દિશાહસ્તિ કૂટ :–**

**૮૬ जंबुद्दीवे दीवे मंदरे पव्वए भद्दसालवणे अट्ठ दिसाहत्थिकूडा पण्णत्ता, तं जहा–**

**पउमुत्तर णीलवंते, सुहत्थि अंजणागिरी ।**
**कुमुदे य पलासे य, वडेंसे रोयणागिरी ॥१॥**

**ભાવાર્થ :–** જંબૂદ્વીપ નામના દ્વીપમાં મંદરપર્વતના, ભદ્રશાલવનમાં આઠ દિશાહસ્તિ કૂટ (પૂર્વ આદિ દિશાઓમાં હાથી સમાન આકારવાળા શિખર પર્વતો છે, તે આ પ્રમાણે છે– (૧) પદ્મોત્તર, (૨) નીલવાન, (૩) સુહસ્તિ, (૪) અંજનગિરિ, (૫) કુમુદ, (૬) પલાશ, (૭) અવતંસક, (૮) રોચનગિરિ.

**જંબૂદ્વીપ જગતી :–**

**૮૭ जंबुद्दीवस्स णं दीवस्स जगई अट्ठ जोयणाइं उड्ढं उच्चत्तेणं, बहुमज्झदेसभाए अट्ठ जोयणाइं विक्खंभेणं पण्णत्ता ।**

**ભાવાર્થ :–** જંબૂદ્વીપ નામના દ્વીપની જગતી આઠ યોજન ઊંચી અને બહુમધ્યભાગમાં આઠ યોજન વિસ્તૃત છે.

**જંબૂદ્વીપના પર્વત, કૂટ :–**

**૮૮ जंबुद्दीवे दीवे मंदरस्स पव्वयस्स दाहिणे णं महाहिमवंते वासहरपव्वए अट्ठ कूडा पण्णत्ता, तं जहा–**

**सिद्ध महाहिमवंते, हिमवंते रोहिता हिरीकूडे ।**
**हरिकंता हरिवासे, वेरुलिए चेव कूडा उ ॥१॥**

**ભાવાર્થ :–** જંબૂદ્વીપ નામના દ્વીપમાં મંદરપર્વતની દક્ષિણમાં મહાહિમવંત વર્ષધર પર્વત ઉપર આઠ કૂટ છે, તે આ પ્રમાણે છે– (૧) સિદ્ધકૂટ, (૨) મહાહિમવંત કૂટ, (૩) હિમવંત કૂટ, (૪) રોહિત કૂટ, (૫) હ્રીકૂટ, (૬) હરિકંતા કૂટ, (૭) હરિવર્ષ કૂટ, (૮) વૈડૂર્ય કૂટ.

**૮૯ जंबुद्दीवे दीवे मंदरस्स पव्वयस्स उत्तरे णं रुप्पिम्मि वासहरपव्वए अट्ठ कूडा पण्णत्ता, तं जहा–**

**सिद्धे य रुप्पि रम्मग, णरकंता बुद्धि रुप्पकूडे य ।**
**हिरण्णवए मणिकंचणे, य रुप्पिम्मि कूडा उ ॥१॥**

**ભાવાર્થ :–** જંબૂદ્વીપ નામના દ્વીપમાં મંદરપર્વતની ઉત્તરમાં રુક્મિ વર્ષધર પર્વત ઉપર આઠ કૂટ છે, તે આ પ્રમાણે છે– (૧) સિદ્ધ કૂટ, (૨) રુક્મિ કૂટ, (૩) રમ્યક્ કૂટ, (૪) નરકંતા કૂટ, (૫) બુદ્ધિ કૂટ, (૬) રૂપ્ય કૂટ, (૭) હૈરણ્યવત કૂટ, (૮) મણિકાંચન કૂટ.

**દિશાકુમારી દેવીઓ :–**

**૯૦ जंबुद्दीवे दीवे मंदरस्स पव्वयस्स पुरत्थिमे णं रुयगवरे पव्वए अट्ठ कूडा**

पण्णत्ता, तं जहा–

रिट्ठे तवणिज्ज कंचण, रयय दिसासोत्थिए पलंबे य ।
अंजणे अंजणपुलए, रुयगस्स पुरत्थिमे कूडा ॥१॥

तत्थ णं अट्ठ दिसाकुमारिमहत्तरियाओ महिड्ढियाओ *जाव* पलिओवम-ट्ठिईयाओ परिवसंति, तं जहा–

णंदुत्तरा य णंदा, आणंदा णंदिवद्धणा ।
विजया य वेजयंति, जयंती अपराजिया ॥२॥

**ભાવાર્થ :–** જંબૂદ્વીપ નામના દ્વીપના મંદર પર્વતની પૂર્વમાં રુચકવર દ્વીપમાં રુચકવરપર્વત ઉપર આઠ કૂટ છે, તે આ પ્રમાણે છે– (૧) રિષ્ટકૂટ, (૨) તપનીય કૂટ, (૩) કાંચન કૂટ, (૪) રજત કૂટ, (૫) દિશાસ્વસ્તિક કૂટ, (૬) પ્રલમ્બ કૂટ, (૭) અંજન કૂટ, (૮) અંજનપુલક કૂટ.

ત્યાં મહાૠદ્ધિવાળી ***યાવત્*** એક પલ્યોપમની સ્થિતિવાળી આઠ મહત્તરિકાઓ(દિશાકુમારી દેવીઓ) રહે છે, તે આ પ્રમાણે છે– (૧) નંદોત્તરા, (૨) નન્દા, (૩) આનંદા, (૪) નંદિવર્ધના, (૫) વિજ્યા, (૬) વૈજયંતી, (૭) જયંતિ, (૮) અપરાજિતા.

**९१** जंबुद्दीवे दीवे मंदरस्स पव्वयस्स दाहिणे णं रुयगवरे पव्वए अट्ठ कूडा पण्णत्ता, तं जहा–

कणए कंचणे पउमे, णलिणे ससि दिवायरे चेव ।
वेसमणे वेरुलिए, रुयगस्स उ दाहिणे कूडा ॥१॥

तत्थ णं अट्ठ दिसाकुमारिमहत्तरियाओ महिड्ढियाओ *जाव* पलिओवमट्ठिईयाओ परिवसंति, तं जहा–

समाहारा सुप्पतिण्णा, सुप्पबुद्धा जसोहरा ।
लच्छिवई सेसवई, चित्तगुत्ता वसुंधरा ॥२॥

**ભાવાર્થ :–** જંબૂદ્વીપ નામના દ્વીપમાં મંદર પર્વતની દક્ષિણમાં રુચકવર પર્વત ઉપર આઠ કૂટ છે, તે આ પ્રમાણે છે– (૧) કનક કૂટ, (૨) કાંચન કૂટ, (૩) પદ્મ કૂટ, (૪) નલિન કૂટ, (૫) શશી કૂટ, (૬) દિવાકર કૂટ, (૭) વૈશ્રમણ કૂટ, (૮) વૈડુર્ય કૂટ. ત્યાં મહાૠદ્ધિવાળી ***યાવત્*** એક પલ્યોપમની સ્થિતિવાળી આઠ મહત્તરિકા દિશાકુમારી દેવીઓ રહે છે, તે આ પ્રમાણે છે– (૧) સમાહારા, (૨) સુપ્રતિજ્ઞા, (૩) સુપ્રબુદ્ધા, (૪) યશોધરા, (૫) લક્ષ્મીવતી, (૬) શેષવતી, (૭) ચિત્રગુપ્તા, (૮) વસુંધરા.

**९२** **जंबुद्दीवे दीवे मंदरस्स पव्वयस्स पच्चत्थिमे णं रुयगवरे पव्वए अट्ठ कूडा पण्णत्ता, तं जहा–**

**सोत्थिए य अमोहे य, हिमवंत मंदरे तहा ।**
**रुयगे रुयगुत्तमे चंदे, अट्ठमे य सुदंसणे ॥१॥**

**तत्थ णं अट्ठ दिसाकुमारिमहत्तरियाओ महिड्ढियाओ** *जाव* **पलिओवमट्ठिईयाओ परिवसंति, तं जहा–**

**इलादेवी सुरादेवी, पुढवी पउमावई ।**
**एगणासा णवमिया, सीया भद्दा य अट्ठमा ॥२॥**

**ભાવાર્થ :–** જંબૂદ્વીપ નામના દ્વીપમાં મંદર પર્વતની પશ્ચિમમાં રુચકવરપર્વત ઉપર આઠ કૂટ છે, તે આ પ્રમાણે છે– (૧) સ્વસ્તિકકૂટ, (૨) અમોહકૂટ, (૩) હિમવાનકૂટ, (૪) મંદરકૂટ, (૫) રુચકકૂટ, (૬) રુચકોત્તમકૂટ, (૭) ચંદ્રકૂટ, (૮) સુદર્શનકૂટ.

ત્યાં ઋદ્ધિવાળી ***યાવત્*** એક પલ્યોપમની સ્થિતિવાળી આઠ મહત્તરિકા દિશાકુમારી દેવીઓ છે, તે આ પ્રમાણે છે– (૧) ઈલાદેવી, (૨) સુરાદેવી, (૩) પૃથ્વી, (૪) પદ્માવતી, (૫) એકનાસા, (૬) નવમિકા, (૭) સીતા, (૮) ભદ્રા.

**९३** **जंबुद्दीवे दीवे मंदरस्स पव्वयस्स उत्तरे णं रुयगवरे पव्वए अट्ठ कूडा पण्णत्ता, तं जहा–**

**रयण रयणुच्चए या, सव्वरयण रयणसंचए चेव ।**
**विजये य वेजयंते, जयंते अपराजिए ॥१॥**

**तत्थ णं अट्ठ दिसाकुमारिमहत्तरियाओ महिड्ढियाओ** *जाव* **पलिओवमट्ठिईयाओ परिवसंति, तं जहा–**

**अलंबुसा मिस्सकेसी, पोंडरिगी य वारुणी ।**
**आसा सव्वगा चेव, सिरी हिरी चेव उत्तरओ ॥२॥**

**ભાવાર્થ :–** જંબૂદ્વીપ નામના દ્વીપમાં મંદરપર્વતની ઉત્તરમાં રુચકવરપર્વત ઉપર આઠ કૂટ છે, જેમ કે– (૧) રત્નકૂટ, (૨) રત્નોચ્ચયકૂટ, (૩) સર્વરત્નકૂટ, (૪) રત્નસંચયકૂટ, (૫) વિજયકૂટ, (૬) વૈજયંત-કૂટ, (૭) જયંત કૂટ, (૮) અપરાજિત કૂટ.

ત્યાં મહાઋદ્ધિવાળી ***યાવત્*** એક પલ્યોપમની સ્થિતિવાળી આઠ મહત્તરિકા દિશાકુમારી દેવીઓ

રહે છે. જેમ કે– (૧) અલંબુષા, (૨) મિશ્રકેશી, (૩) પૌંડરિકી, (૪) વારુણી, (૫) આશા, (૬) સર્વગા, (૭) શ્રી, (૮) હ્રી.

**૯૪** **अट्ठ अहेलोगवत्थव्वाओ दिसाकुमारिमहत्तरियाओ पण्णत्ताओ, तं जहा–**

**भोगंकरा भोगवई, सुभोगा भोगमालिणी ।**
**सुवच्छा वच्छमित्ता य वारिसेणा बलाहगा ॥१॥**

**ભાવાર્થ :–** આઠ મહત્તરિકા દિશાકુમારીઓ અધોલોકમાં રહે છે, તે આ પ્રમાણે છે– (૧) ભોગંકરા, (૨) ભોગવતી, (૩) સુભોગા, (૪) ભોગમાલિની, (૫) સુવત્સા, (૬) વત્સમિત્રા, (૭) વારિષેણા, (૮) બલાહકા.

**૯૫** **अट्ठ उड्ढलोगवत्थव्वओ दिसाकुमारिमहत्तरियाओ पण्णत्ताओ, तं जहा–**

**मेघंकरा मेघवई, सुमेघा मेघमालिणी ।**
**तोयधारा विचित्ता य, पुप्फमाला अणिंदिया ॥१॥**

**ભાવાર્થ :–** આઠ મહત્તરિકા દિશાકુમારી દેવીઓ ઊર્ધ્વલોકમાં રહે છે, તે આ પ્રમાણે છે– (૧) મેઘંકરા, (૨) મેઘવતી, (૩) સુમેઘા, (૪) મેઘમાલિની, (૫) તોયધારા, (૬) વિચિત્રા, (૭) પુષ્પમાલા, (૮) અનિંદિતા.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં ૫૬ દિશાકુમારિકા દેવીઓમાંથી ૪૮ દિશાકુમારી દેવીઓનું નામ અને સ્થાન સહિત નિરૂપણ છે.

રુચકવર દ્વીપના રુચકવર પર્વતની ચારે દિશામાં આઠ-આઠ કૂટ છે અને તેના પર આઠ-આઠ દેવીઓ રહે છે. તેથી ૮×૪ = ૩૨ દિશાકુમારી દેવીઓ થાય છે.

તે રુચકવર પર્વતની ચારે વિદિશામાં એક-એક કૂટ છે અને તેના પર એક-એક દેવીઓ રહે છે. રુચકવર પર્વતની બરાબર મધ્યભાગમાં ચારે દિશામાં એક-એક કૂટ છે. તેના ઉપર એક-એક દેવી તેમ કુલ ચાર દેવીઓ રહે છે. વિદિશાની ચાર દેવીઓ અને મધ્ય કૂટની ચાર દેવીઓનું કથન સૂત્રકારે અહીં આઠમું સ્થાન હોવાથી કર્યું નથી.

આઠ દિશાકુમારી દેવીઓ અધોલોકમાં અને આઠ દેવીઓ ઊર્ધ્વલોકમાં(મેરુ પર્વતના નંદનવનના આઠ કૂટમાં) રહે છે. આ રીતે ૩૨ + ૮ + ૮ = ૪૮ દેવીઓનો નામોલ્લેખ આ સૂત્રમાં છે. શેષ ૪+૪, કુલ મળી ૫૬ દિશાકુમારિકાઓ તીર્થંકરોના જન્મ સમયે તેઓનું સૂતિકા કર્મ કરવા આવે છે.

**તિર્યંચ મિશ્રોપપન્નક દેવલોક :–**

**९६ अट्ठ कप्पा तिरिय-मिस्सोववण्णगा पण्णत्ता, तं जहा– सोहम्मे, ईसाणे, सणंकुमारे, माहिंदे, बंभलोगे, लंतए, महासुक्के, सहस्सारे ।**

**ભાવાર્થ :–** તિર્યંચ મિશ્રોપપન્નક(અર્થાત્ તિર્યંચ અને મનુષ્ય બંને ઉત્પન્ન થઈ શકે તેવા) આઠ દેવલોક છે, તે આ પ્રમાણે છે– (૧) સૌધર્મ (૨) ઈશાન (૩) સનત્કુમાર (૪) માહેન્દ્ર (૫) બ્રહ્મલોક (૬) લાંતક (૭) મહાશુક્ર (૮) સહસ્રાર(નવમા દેવલોકથી ઉપરના દેવલોકમાં એક મનુષ્યો જ ઉત્પન્ન થાય છે.)

**९७ एएसु णं अट्ठसु कप्पेसु अट्ठ इंदा पण्णत्ता, तं जहा– सक्के, ईसाणे, सणंकुमारे, माहिंदे, बंभे, लंतए, महासुक्के, सहस्सारे ।**

**ભાવાર્થ :–** આ આઠ દેવલોકોમાં આઠ ઈન્દ્રો છે, તે આ પ્રમાણે– (૧) શક્ર, (૨) ઈશાન, (૩) સનત્કુમાર, (૪) માહેન્દ્ર, (૫) બ્રહ્મ, (૬) લાંતક, (૭) મહાશુક્ર, (૮) સહસ્રાર.

**९८ एएसि णं अट्ठण्हं इंदाणं अट्ठ परियाणिया विमाणा पण्णत्ता, तं जहा– पालए पुप्फए, सोमणसे, सिरिवच्छे, णंदियावत्ते, कामकमे, पीइमणे, मणोरमे ।**

**ભાવાર્થ :–** આ આઠ ઈન્દ્રોના આઠ પારિયાનિક(યાત્રામાં ઉપયોગી) યાન વિમાન છે, તે આ પ્રમાણે છે– (૧) પાલક, (૨) પુષ્પક, (૩) સોમનસ, (૪) શ્રીવત્સ, (૫) નંદાવર્ત, (૬) કામક્રમ, (૭) પ્રીતિમન, (૮) મનોરમ.

**અષ્ટ અષ્ટમિકી ભિક્ષુ પ્રતિમા :–**

**९९ अट्ठट्ठमिया णं भिक्खुपडिमा चउसट्ठीए राइंदिएहिं दोहि य अट्ठासीएहिं भिक्खासएहिं अहासुत्तं, अहाकप्पं अहामग्गं, अहातच्चं, सम्मं काएणं फासिया पालिया सोहिया तीरिया किट्टिया अणुपालिया यावि भवइ ।**

**ભાવાર્થ:–** અષ્ટાષ્ટમિકા ભિક્ષુપ્રતિમા ૬૪ દિવસ તથા ૨૮૮ ભિક્ષાદત્તિથી યથાસૂત્ર, યથાકલ્પ, યથામાર્ગ, યથાતત્ત્વ, તથા સમ્યક્પ્રકારે કાયાથી સ્પૃષ્ટ, પાલિત, શોધિત, તીરિત અને અનુપાલિત કરાય છે.

**વિવેચન :–**

સ્થાન-૭, સૂત્ર-૧૧માં સપ્ત સપ્તમિકા પ્રતિમાનું નિરૂપણ છે. તે જ પ્રમાણે અહીં અષ્ટ-અષ્ટમિકા પ્રતિમાનું સ્વરૂપ સમજવું જોઈએ. અહીં પ્રતિમાનું કાલમાન અને દત્તીની સંખ્યા વધારે છે.

**दोहि य अट्ठासीएहिं भिक्खासएहिं :–** પ્રથમ આઠ દિવસમાં એક દત્તિ આહાર-પાણી ૧ × ૮ = ૮ દત્તિ બીજા આઠ દિવસમાં બે-બે દત્તિ આહાર-પાણી ૨ × ૮ = ૧૬ દત્તિ, ત્રીજા આઠ દિવસમાં

ત્રણ-ત્રણ દત્તિ આહાર-પાણી ૩ × ૮ = ૨૪ દત્તિ. આ રીતે ક્રમશઃ સર્વ મળી ૮ + ૧૬ + ૨૪ + ૩૨ + ૪૦ + ૪૮ + ૫૬ + ૬૪ = ૨૮૮ દત્તિ થાય છે અને આઠ અષ્ટકના ૮ × ૮ = ૬૪ દિવસ થાય છે.

આ પ્રતિમાના આરાધકો વચ્ચે-વચ્ચે ઊણોદરી, ઉપવાસ આદિ તપ કરે તો દત્તિની સંખ્યા ન્યૂન પણ થાય છે. પરંતુ સૂત્રોક્ત દત્તિ સંખ્યાથી અધિક દત્તિ ગ્રહણ કરતા નથી. આ પડિમા સાધુ-સાધ્વી કોઈપણ સ્વીકાર કરી શકે છે. આ પડિમાધારી સાધક સ્વગવેષણાથી પ્રાપ્ત ભિક્ષાનો જ ઉપયોગ કરે છે. અર્થાત્ પોતાની ગૌચરી સ્વયં પોતે જ કરે છે અને તેમાં આહારપાણીની દત્તિ સંખ્યા સંબંધી નિયમોનું પાલન કરે છે.

**સંસાર સમાપન્નક જીવોના પ્રકાર :–**

**૧૦૦ अट्ठविहा संसारसमावण्णगा जीवा पण्णत्ता, तं जहा– पढमसमय-णेरइया, अपढमसमय-णेरइया, पढमसमय-तिरिक्खजोणिया, अपढमसमय-तिरिक्खजोणिया, पढमसमय-मणुया, अपढमसमय-मणुया, पढमसमय-देवा, अपढमसमय-देवा ।**

**ભાવાર્થ :–** સંસાર સમાપન્નક જીવોના આઠ પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) નરકાયુના પ્રથમ સમયમાં વર્તતા નારકી. (૨) નરકાયુના પ્રથમ સમય સિવાય, શેષ સમયમાં વર્તતા નારકી. (૩) તિર્યંચાયુના પ્રથમ સમયમાં વર્તતા તિર્યંચ. (૪) તિર્યંચાયુના પ્રથમ સમય સિવાય, શેષ સમયમાં વર્તતા તિર્યંચ. (૫) મનુષ્યાયુના પ્રથમ સમયમાં વર્તતા મનુષ્ય. (૬) મનુષ્યાયુના પ્રથમ સમય સિવાય, શેષ સમયમાં વર્તતા મનુષ્ય. (૭) દેવાયુના પ્રથમ સમયમાં વર્તતા દેવ. (૮) દેવાયુના પ્રથમ સમય સિવાય, શેષ સમયમાં વર્તતા દેવ.

**૧૦૧ अट्ठविहा सव्वजीवा पण्णत्ता, तं जहा– णेरइया, तिरिक्खजोणिया, तिरिक्ख- जोणिणीओ, मणुस्सा, मणुस्सीओ, देवा, देवीओ, सिद्धा ।**

**अहवा अट्ठविहा सव्वजीवा पण्णत्ता, तं जहा– आभिणिबोहियणाणी, सुयणाणी, ओहिणाणी, मणपज्जवणाणी, केवलणाणी, मइअण्णाणी, सुयअण्णाणी, विभंगणाणी ।**

**ભાવાર્થ :–** સર્વ જીવોના આઠ પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) નારક, (૨) તિર્યંચ, (૩) તિર્યંચાણી, (૪) મનુષ્ય, (૫) મનુષ્યાણી, (૬) દેવ, (૭) દેવી, (૮) સિદ્ધ.

અથવા સર્વ જીવોના આઠ પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) આભિનિબોધિકજ્ઞાની, (૨) શ્રુતજ્ઞાની, (૩) અવધિજ્ઞાની, (૪) મનઃપર્યવજ્ઞાની, (૫) કેવળજ્ઞાની, (૬) મતિ અજ્ઞાની, (૭) શ્રુત અજ્ઞાની, (૮) વિભંગજ્ઞાની.

**પ્રથમ-અપ્રથમ સમયાશ્રિત સંયમ પ્રકાર :–**

**૧૦૨ अट्ठविहे संजमे पण्णत्ते, तं जहा– पढमसमयसुहुमसंपराय-सरागसंजमे, अपढमसमयसुहुमसंपराय-सरागसंजमे, पढमसमयबादरसंपराय-सरागसंजमे, अपढमसमयबादरसंपराय-सरागसंजमे, पढमसमयउवसंतकसाय-वीयरागसंजमे, अपढमसमयउवसंतकसाय-वीयरागसंजमे, पढमसमयखीणकसाय-वीयरागसंजमे, अपढमसमयखीणकसाय-वीयरागसंजमे ।**

**ભાવાર્થ :–** સંયમના આઠ પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) પ્રથમ સમય સૂક્ષ્મસંપરાય સરાગ સંયમ(સૂક્ષ્મ લોભ યુક્ત ૧૦મા ગુણસ્થાનનો પ્રથમ સમય) (૨) અપ્રથમ સમય સૂક્ષ્મસંપરાય સરાગ સંયમ (૩) પ્રથમ સમય બાદર સંપરાય સરાગ સંયમ(છ થી નવ ગુણસ્થાનના પ્રથમ સમય) (૪) અપ્રથમ સમય બાદર સંપરાય સરાગ સંયમ (૫) પ્રથમ સમય ઉપશાંત કષાય વીતરાગ સંયમ (મોહનીયકર્મ સર્વથા ઉપશાંત હોય તેવા ૧૧મા ગુણસ્થાનનો પ્રથમ સમય) (૬) અપ્રથમ સમય ઉપશાંત કષાય વીતરાગ સંયમ (૭) પ્રથમ સમય ક્ષીણકષાય વીતરાગ સંયમ (મોહનીયકર્મનો સર્વથા ક્ષય થયો હોય તેવા ૧૨મા ગુણસ્થાનનો પ્રથમ સમય) (૮) અપ્રથમ સમય ક્ષીણકષાય વીતરાગ સંયમ.

**વિવેચન :–**

સંયમના બે પ્રકાર છે. સરાગ સંયમ અને વીતરાગ સંયમ. તે બંનેના બે-બે ભેદ થાય છે. (૧) બાદર સંપરાય સરાગ સંયમ(૬ થી ૯ ગુણસ્થાનનો સંયમ), (૨) સૂક્ષ્મ સંપરાય સરાગ સંયમ(દશમા ગુણસ્થાનનો સંયમ) (૩) ઉપશાંત કષાય વીતરાગ સંયમ(૧૧મા ગુણસ્થાનનો સંયમ) (૪) ક્ષીણ કષાય વીતરાગ સંયમ(૧૨ થી ૧૪ ગુણસ્થાનનો સંયમ), તે ચારેના પ્રથમ અને અપ્રથમ સમય રૂપ બે-બે ભેદ કરતા આઠ ભેદ થાય છે.

**આઠ પૃથ્વીઓ :–**

**૧૦૩ अट्ठ पुढवीओ पण्णत्ताओ, तं जहा– रयणप्पभा, सक्करप्पभा, वालुयप्पभा, पंकप्पभा, धूमप्पभा, तमा, अहेसत्तमा, ईसिपब्भारा ।**

**ભાવાર્થ :–** પૃથ્વી આઠ છે, તે આ પ્રમાણે છે– (૧) રત્નપ્રભા, (૨) શર્કરાપ્રભા, (૩) વાલુકાપ્રભા, (૪) પંકપ્રભા, (૫) ધૂમપ્રભા, (૬) તમઃપ્રભા, (૭) અધઃ સપ્તમ (તમતમાપ્રભા) (૮) ઈષત્પ્રાગ્ભારા.

**૧૦૪ ईसिपब्भाराए णं पुढवीए बहुमज्झदेसभागे अट्ठजोयणिए खेत्ते अट्ठ जोयणाइं बाहल्लेणं पण्णत्ते ।**

**ભાવાર્થ :–** ઈષત્પ્રાગભારા પૃથ્વીના મધ્યભાગવર્તી આઠ યોજન લંબાઈ પહોળાઈના ક્ષેત્રની જાડાઈ આઠ યોજન છે.

**१०५ ईसिपब्भाराए णं पुढवीए अट्ठ णामधेज्जा पण्णत्ता, तं जहा– ईसि इ वा, ईसिपब्भारा इ वा, तणू इ वा, तणुतणू इ वा, सिद्धी इ वा, सिद्धालए इ वा, मुत्ती इ वा, मुत्तालए इ वा ।**

**ભાવાર્થ :–** ઈષત્પ્રાગ્ભારા પૃથ્વીના આઠ નામ છે, તે આ પ્રમાણે– (૧) ઈષત્, (૨) ઈષત્પ્રાગ્ભારા, (૩) તનુ, (૪) તનુતનુ, (૫) સિદ્ધિ, (૬) સિદ્ધાલય, (૭) મુક્તિ, (૮) મુક્તાલય.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં સાત નરક પૃથ્વીઓ અને આઠમી ઈષત્પ્રાગ્ભારા પૃથ્વીનું કથન છે. ઈષત્પ્રાગભારા પૃથ્વી ઊર્ધ્વલોકમાં સિદ્ધ ક્ષેત્રની સમીપની પૃથ્વી છે. સૂત્રકારે તેના સાર્થક આઠ નામ દર્શાવ્યા છે. (૧) રત્નપ્રભા વગેરે પૃથ્વીથી નાની હોવાથી ઈષત્. (૨) રત્નપ્રભાદિ પૃથ્વીથી તેની ઊંચાઈ વગેરે, પ્રાગ્ભાર– પ્રમાણ ઈષત્–નાનું હોવાથી ઈષત્પ્રાગ્ભારા. (૩) ક્રમશઃ તેના છેડા સુધી પાતળી થતી હોવાથી તનુ. (૪) તે અત્યંત પાતળી હોવાથી તનુતનુ. (૫–૬) સિદ્ધ જીવો તેની સમીપે સ્થિત છે તેથી સિદ્ધિ અને સિદ્ધાલય(સિદ્ધ શિલા). (૭-૮) તે પૃથ્વીની ઉપર આઠ કર્મથી મુક્ત જીવો રહે છે, તેથી તેને મુક્તિ અને મુક્તાલય કહે છે. ઈષત્પ્રાગ્ભારા પૃથ્વીના બાર સાર્થક નામ છે. અહીં આઠમું સ્થાન હોવાથી સૂત્રકારે આઠ નામનો ઉલ્લેખ કર્યો છે.

**જાગૃત રહેવા યોગ્ય સ્થાન :–**

**१०६ अट्ठहिं ठाणेहिं (समणाणं णिग्गंथाणं) सम्मं घडियव्वं, जइयव्वं, परक्कमियव्वं, अस्सिं च णं अट्ठे णो पमाएयव्वं भवइ, तं जहा–**

**असुयाणं धम्माणं सम्मं सवणयाए अब्भुट्ठेयव्वं भवइ । सुयाणं धम्माणं ओगिण्हणयाए, उवधारणयाए अब्भुट्ठेयव्वं भवइ । णवाणं कम्माणं संजमेणमकरणयाए अब्भुट्ठेयव्वं भवइ । पोराणाणं कम्माणं तवसा विगिंचणयाए विसोहणयाए अब्भुट्ठेयव्वं भवइ । असंगहियपरिजणस्स संगिण्हयाए अब्भुट्ठेयव्वं भवइ । सेहं आयारगोयरं गहणयाए अब्भुट्ठेयव्वं भवइ । गिलाणस्स अगिलाए वेयावच्चकरणयाए अब्भुट्ठेयव्वं भवइ । साहम्मियाणं अहिगरणंसि उप्पण्णंसि तत्थ अणिस्सिओवस्सिओ अप-क्खग्गाही मज्झत्थभावभूए, कहण्णु साहम्मिया अप्पसद्दा अप्पझंझा अप्पतुमंतुमा उवसामणयाए अब्भुट्ठेयव्वं भवइ ।**

**ભાવાર્થ :–** આઠ કર્તવ્યોમાં સાધકે સમ્યક્ ચેષ્ટા કરવી જોઈએ, સમ્યક્ પ્રયત્ન કરવો જોઈએ, સમ્યક્ પરાક્રમ કરવું જોઈએ અને તે આઠ કર્તવ્યોમાં જરા પણ પ્રમાદ કરવો ન જોઈએ. યથા–

(૧) અશ્રુત ધર્મને સમ્યક્ પ્રકારે સાંભળવા ઉદ્યમવંત રહેવું જોઈએ. (૨) સાંભળેલા ધર્મને મનથી ગ્રહણ કરવા અને સ્મૃતિમાં રાખવા ઉદ્યમવંત રહેવું જોઈએ. (૩) સંયમ દ્વારા નવા કર્મોનો નિરોધ કરવા ઉદ્યમવંત રહેવું જોઈએ. (૪) તપશ્ચરણથી જૂના કર્મોનો ક્ષય કરવા અને વિશોધન કરવા ઉદ્યમવંત રહેવું જોઈએ. (૫) અસંગૃહીત પરિજન(શિષ્ય)નો સંગ્રહ કરવા ઉદ્યમવંત રહેવું જોઈએ. (૬) શૈક્ષ(નવદીક્ષિત) મુનિને આચાર-ગોચરનો સમ્યગ્ બોધ આપવા ઉદ્યમવંત રહેવું જોઈએ. (૭) ગ્લાન સાધુની અગ્લાનભાવે વૈયાવૃત્ત્ય કરવા ઉદ્યમવંત રહેવું જોઈએ. (૮) સાધર્મિકોમાં પરસ્પર કલહ ઉત્પન્ન થાય તો ''આ મારા સાધર્મિક કઈ રીતે કષાય યુક્ત બોલચાલથી, કલહથી, તૂં તૂં અને હું, તૂં ના વાક્યુદ્ધ થી મુક્ત થાય'' એવો વિચાર કરીને, કોઈપણ પ્રકારની આકાંક્ષા કે અપેક્ષાથી રહિત થઈ, કોઈનો પણ પક્ષ લીધા વિના માધ્યસ્થ ભાવને સ્વીકારી તે કલહને ઉપશાંત કરવા ઉદ્યમવંત રહેવું જોઈએ.

**વિવેચન :–**

સૂત્રકારે સાધકને જાગૃત રહેવાના આઠ સ્થાનનો નિર્દેશ કર્યો છે. તે આઠ સ્થાન ભાવાર્થથી સ્પષ્ટ છે. આઠે સ્થાનમાં જાગૃત રહેનાર સાધકનો સંયમ પરિપક્વ બને છે. તેમાં પ્રયુકત કેટલાક વિશિષ્ટ શબ્દોના અર્થ આ પ્રમાણે છે– **संघडियव्वं**– અપ્રાપ્તની પ્રાપ્તિ માટે ચેષ્ટા. **जइयव्वं**– પ્રયત્ન. પ્રાપ્તનું સંરક્ષણ. **परक्कमियव्वं**– પરાક્રમ. પ્રાપ્તિના સંરક્ષણ માટે ઉત્સાહિત રહેવું. શક્તિ ક્ષીણ થાય તો પણ વિશેષ ઉત્સાહ રાખવો. **आयारगोयरं**– આચારગોચર. તેના બે અર્થ છે– (૧) ગોચર એટલે વિષય. આચારનો વિષય મહાવ્રતાદિ છે. (૨) આચાર એટલે જ્ઞાનાદિ પાંચ આચાર, ગોચર એટલે ભિક્ષાચર્યા; પ્રતિલેખના આદિ સર્વ વિધિ.

**अप्प सद्दा, अप्प झंझा, अप्प तुमं तुमा :–** આ શબ્દો દ્વારા સૂત્રકારે કલેશના ત્રણ રૂપ દર્શાવ્યા છે. અન્ય સૂત્રમાં આ ત્રણ શબ્દોના સ્થાને પાંચ શબ્દ પ્રાપ્ત થાય છે યથા– **अप्पसद्दे, अप्प झंझे, अप्प कलहे, अप्पकसाए, अप्प तुमं तुमे ।** તે શબ્દોના ક્રમિક અર્થ આ પ્રમાણે છે– (૧) આગ્રહ યુક્ત બોલાચાલી (૨) માનસિક સંતાપ યુક્ત બોલાચાલી (૩) હાથ લાંબા કરી બોલવું વગેરે શારીરિક ચેષ્ટા સહિતની બોલાચાલી (૪) કષાય સહિત અપશબ્દ પ્રયોગ યુક્ત બોલાચાલી (૫) આક્ષેપ-પ્રત્યાક્ષેપ પૂર્વક બોલાચાલી.

**દેવવિમાનની ઊંચાઈ :–**

**૧૦૭ महासुक्क-सहस्सारेसु णं कप्पेसु विमाणा अट्ठ जोयणसयाइं उड्ढं उच्चत्तेणं पण्णत्ता ।**

**ભાવાર્થ :–** મહાશુક્ર અને સહસ્રાર દેવલોકમાં વિમાન આઠસો યોજન ઊંચા છે.

### અરિષ્ટનેમિનો વાદી પરિવાર :-

**૧૦૮ अरहओ णं अरिट्ठणेमिस्स अट्ठसया वाईणं सदेवमणुयासुराए परिसाए वाए अपराजियाणं उक्कोसिया वाइसंपया होत्था ।**

**ભાવાર્થ :–** અર્હત્ અરિષ્ટનેમિના વાદી મુનિની ઉત્કૃષ્ટ સંપદા આઠસો હતી; જે દેવ, મનુષ્ય અને અસુરોની પરિષદમાં વાદ-વિવાદના સમયે કોઈથી પરાજિત થતા નહીં.

### કેવલીસમુદ્ઘાતનું કાલમાન :-

**૧૦૯ अट्ठसमइए केवलिसमुग्घाए पण्णत्ते, तं जहा– पढमे समए दंडं करेइ, बीए समए कवाडं करेइ, तइए समए मंथं करेइ, चउत्थे समए लोगं पूरेइ, पंचमे समए लोगं पडिसाहरइ, छट्ठे समए मंथं पडिसाहरइ, सत्तमे समए कवाडं पडिसाहरइ, अट्ठमे समए दंडं पडिसाहरइ ।**

**ભાવાર્થ :–** કેવલી સમુદ્ઘાતના આઠ સમય છે, તે આ પ્રમાણે છે– (૧) પહેલા સમયે દંડ કરે (૨) બીજા સમયે કપાટ કરે (૩) ત્રીજા સમયે મન્થાન કરે (૪) ચોથા સમયે લોકપૂરણ કરે (૫) પાંચમા સમયે લોક વ્યાપ્ત આત્મપ્રદેશોને સંહરે (૬) છટ્ઠા સમયે મંથાન સંહરે (૭) સાતમા સમયે કપાટ સંહરે (૮) આઠમા સમયે દંડ સંહરે.

### વિવેચન :-

પ્રસ્તુત સૂત્રમાં કેવલી સમુદ્ઘાતની પ્રક્રિયા અને તેના કાલમાનનું નિરૂપણ છે.

જ્યારે કેવળીનું આયુષ્યકર્મ અંતર્મુહૂર્ત પ્રમાણ શેષ હોય અને વેદનીય નામ, ગોત્ર, કર્મની સ્થિતિ વધારે હોય ત્યારે તે સ્થિતિનું આયુષ્યકર્મ સાથે સમીકરણ કરવા(ચારે કર્મની સ્થિતિ સમાન કરવા) સ્વાભાવિક રીતે સમુદ્ઘાત થાય છે. આ ક્રિયાનું કાળમાન આઠ સમયનું છે.

**अट्ठ समइए :–** આઠ સમયની પ્રક્રિયા. **પ્રથમ સમય–** કેવળી સમુદ્ઘાતના પ્રથમ સમયમાં કેવળી ભગવાનના આત્મપ્રદેશો શરીરમાંથી બહાર નીકળે છે અને ઊર્ધ્વ-અધો લોકાન્ત સુધી ફેલાય છે. તેની પહોળાઈ શરીર પ્રમાણ હોય છે. તેથી તેનો આકાર દંડ જેવો થાય છે. **બીજો સમય–** દંડાકારે ફેલાયેલા તે જ આત્મપ્રદેશો પૂર્વ-પશ્ચિમ લોકાન્ત સુધી ફેલાય છે. તેનો આકાર કપાટ,(બે દિશાના કમાડ, દરવાજા) જેવો થાય છે. **ત્રીજો સમય–** કપાટાકારે ફેલાયેલા તે જ આત્મપ્રદેશો ઉત્તર-દક્ષિણમાં લોકાન્ત સુધી ફેલાય છે. આ સમયે લોકના નિષ્કુટ અને વાતવલય સિવાયના સંપૂર્ણ લોકમાં આત્મપ્રદેશ વ્યાપ્ત બની જાય છે. તેનો(આત્મપ્રદેશોનો) આકાર મંથાન જેવો થાય છે. **ચોથો સમય–** મંથાનાકારે ફેલાયેલા તે જ

આત્મપ્રદેશો નિષ્કુટ(ખુણાઓ) અને વાત વલયમાં ફેલાતા સંપૂર્ણ લોક વ્યાપ્ત બને છે અને તેની લોક પૂરણાવસ્થા થાય છે. **પાંચમો સમય–** ખુણાઓ અને વલયોમાંથી આત્મપ્રદેશોને સંકોચી મંથાનાવસ્થાને પ્રાપ્ત થાય છે. **છટ્ઠો સમય–** ઉત્તર-દક્ષિણ દિશામાંથી આત્મપ્રદેશોને સંકોચી કપાટાવસ્થાને પ્રાપ્ત કરે છે. **સાતમો સમય–** પૂર્વ-પશ્ચિમ દિશામાંથી આત્મપ્રદેશોને સંકોચી દંડાવસ્થાને પ્રાપ્ત કરે છે. **આઠમો સમય–** ઊર્ધ્વ-અધો લોકાન્તથી આત્મપ્રદેશોને સંકોચી શરીર પ્રમાણાવસ્થામાં આવી જાય છે.

આ સમુદ્‌ઘાતના પ્રથમ ચાર સમયમાં કેવળીના આત્મપ્રદેશો ઉત્તરોત્તર ફેલાતા જાય છે અને પછીના ચાર સમયોમાં તે જ ક્રમથી સંકોચિત થતા આઠમા સમયમાં તે શરીરમાં પ્રવેશ કરી પૂર્વવત્ શરીરાકારમાં અવસ્થિત થઈ જાય છે.

આ આઠ સમયમાં નામ, ગોત્ર, વેદનીય કર્મની સ્થિતિ, અનુભાગ અને પ્રદેશોની ક્રમશઃ ઉત્તરોત્તર અસંખ્યાતગુણી નિર્જરા થઈને, તેની સ્થિતિ અંતર્મુહૂર્ત પ્રમાણ થઈ જાય છે. ત્યારે તે સયોગી જિન યોગ-નિરોધની ક્રિયા કરતાં અયોગી બની ચૌદમા ગુણસ્થાનકમાં પ્રવેશ કરે છે અને 'અ,ઈ,ઉ,ૠ,ૡ' આ પાંચ લઘુ અક્ષરોના પ્રમાણકાળમાં શેષ ચારે અઘાતિ કર્મોની એક સાથે નિર્જરા કરે છે અને મુક્તિ પામે છે.

## અનુત્તરોપપાતિક સાધુ સંખ્યા :-

**૧૧૦ समणस्स णं भगवओ महावीरस्स अट्ठ सया अणुत्तरोववाइयाणं गइकल्लाणाणं ठिईकल्लाणाणं आगमेसिभद्दाणं उक्कोसिया अणुत्तरोववाइयसंपया होत्था ।**

**ભાવાર્થ :–** શ્રમણ ભગવાન મહાવીરના અનુત્તરવિમાનમાં ઉત્પન્ન થનારા સાધુઓની ઉત્કૃષ્ટ સંપદા આઠસો હતી. તેઓ કલ્યાણગતિવાળા, કલ્યાણ સ્થિતિવાળા અને આગામી કાળમાં નિર્વાણ પ્રાપ્ત કરનારા છે.

## વાણવ્યંતર દેવ અને ચૈત્યવૃક્ષ :-

**૧૧૧ अट्ठविहा वाणमंतरा देवा पण्णत्ता, तं जहा– पिसाया, भूया, जक्खा, रक्खसा, किण्णरा, किंपुरिसा, महोरगा, गंधव्वा ।**

**ભાવાર્થ :–** વાણવ્યંતર દેવના આઠ પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) પિશાચ, (૨) ભૂત, (૩) યક્ષ, (૪) રાક્ષસ, (૫) કિન્નર, (૬) કિંપુરુષ, (૭) મહોરગ, (૮) ગંધર્વ.

**૧૧૨ एएसि णं अट्ठविहाणं वाणमंतरदेवाणं अट्ठ चेइयरुक्खा पण्णत्ता, तं जहा–**

**कलंबो उ पिसायाणं, वडो जक्खाण चेइयं ।**
**तुलसी भूयाण भवे, रक्खसाणं च कंडओ ॥१॥**

**असोओ किण्णराणं च, किंपुरिसाणं तु चंपओ ।**
**णागरुक्खो भुयंगाणं, गंधव्वाण य तेंदुओ ॥२॥**

**ભાવાર્થ :–** આઠ પ્રકારના વાણવ્યંતર દેવોના આઠ ચૈત્યવૃક્ષ છે, તે આ પ્રમાણે છે– (૧) પિશાચોનું ચૈત્યવૃક્ષ કદમ્બ છે (૨) યક્ષોનું ચૈત્યવૃક્ષ વટ છે (૩) ભૂતોનું ચૈત્યવૃક્ષ તુલસી છે (૪) રાક્ષસોનું ચૈત્યવૃક્ષ કંડક છે (૫) કિન્નરોનું ચૈત્યવૃક્ષ અશોક છે (૬) કિંપુરુષનું ચૈત્યવૃક્ષ ચંપક છે (૭) મહોરગનું ચૈત્યવૃક્ષ નાગવૃક્ષ છે (૮) ગંધર્વોનું ચૈત્યવૃક્ષ તિંદુકવૃક્ષ છે.

**વિવેચન :–**

પ્રસ્તુતમાં વ્યંતર દેવોના આઠ પ્રકારનું કથન છે. આગમમાં વ્યંતર દેવોના આઠ, સોળ, છવ્વીસ અને જીવના ૫૬૩ ભેદની ગણનામાં છવ્વીસ વ્યંતરના પર્યાપ્તા-અપર્યાપ્તા તેમ બાવન પ્રકાર દર્શાવ્યા છે. આ આઠમું સ્થાન હોવાથી અહીં વ્યંતરોના મુખ્ય આઠ ભેદ કહ્યા છે.

**चेइय रुक्खा :–** ચૈત્યવૃક્ષ. આગમમાં બે પ્રકારના ચૈત્યવૃક્ષનો ઉલ્લેખ છે– તીર્થંકરના ચૈત્યવૃક્ષ અને દેવોના ચૈત્યવૃક્ષ. ચૈત્ય શબ્દના અનેક અર્થ થાય છે. ચૈત્યવૃક્ષમાં તે શબ્દ જ્ઞાન અને આનંદ અર્થમાં છે.

(૧) તીર્થંકર સંબંધિત ચૈત્ય વૃક્ષમાં ચૈત્ય શબ્દ જ્ઞાન સૂચક છે. તીર્થંકરોને જે વૃક્ષ નીચે કેવળજ્ઞાન ઉત્પન્ન થાય, તે વૃક્ષને ચૈત્યવૃક્ષ કહે છે.

(૨) દેવો સંબંધિત ચૈત્ય વૃક્ષમાં ચૈત્ય શબ્દ આનંદ સૂચક છે. જે વૃક્ષ દેવોના ચિત્તને આનંદિત, પ્રફુલ્લિત કરે; જે વૃક્ષ દેવોને રુચિકર હોય તેને ચૈત્યવૃક્ષ કહે છે. આઠ પ્રકારના વ્યંતર દેવોને ભિન્ન-ભિન્ન વૃક્ષ પ્રિય હોય છે. તે વૃક્ષ, તે તે દેવોનું ચૈત્યવૃક્ષ કહેવાય છે.

**मणिपीठिकानामुपरिवर्त्तिनः सर्वरत्नमया उपरिच्छत्रध्वजादिभिरलङ्कृताः सुधर्म्मादिसभानामग्रतो ये श्रूयते त एत इति संभाव्यते ।** – *[સ્થાનાંગ વૃત્તિ.]* દેવોના ચૈત્યવૃક્ષ મણિપીઠિકા ઉપર સ્થાપિત હોય છે. તે સર્વ રત્નમય હોય છે. તેનો ઉપરનો ભાગ છત્ર, ધ્વજા આદિથી વિભૂષિત હોય છે. તે તે દેવોની સુધર્મા સભાની આગળ તે સ્થાપિત હોય છે.

**સૂર્ય વિમાનનું અંતર :–**

**૧૧૩ इमीसे रयणप्पभाए पुढवीए बहुसमरमणिज्जाओ भूमिभागाओ अट्ठजोयणसए उड्ढं अबाहाए सूरविमाणे चारं चरइ ।**

**ભાવાર્થ :–** આ રત્નપ્રભા પૃથ્વીના બહુસમરમણીય ભૂમિભાગથી એટલે સમભૂમિથી આઠસો યોજનની ઊંચાઈ પર સૂર્ય વિમાન ભ્રમણ કરે છે.

**૧૧૪ अट्ठ णक्खत्ता चंदेणं सद्धिं पमद्दं जोगं जोएंति, तं जहा– कत्तिया, रोहिणी, पुणव्वसू, महा, चित्ता, विसाहा, अणुराधा, जेट्ठा ।**

**ભાવાર્થ :–** આઠ નક્ષત્ર ચંદ્રમા સાથે પ્રમર્દયોગ કરે છે, તે આ પ્રમાણે છે– (૧) કૃતિકા, (૨) રોહિણી, (૩) પુનર્વસુ, (૪) મઘા, (૫) ચિત્રા, (૬) વિશાખા, (૭) અનુરાધા, (૮) જયેષ્ઠા.

**વિવેચન :–**

**પ્રમર્દ યોગ :–** જે નક્ષત્રો ચંદ્રની બરાબર ઉપર કે નીચે સીધીરેખાએ રહીને સાથે ચાલે તેવા નક્ષત્રોનો ચંદ્ર સાથે પ્રમર્દ યોગ કહેવાય છે. જયેષ્ઠા નક્ષત્રને ચંદ્ર સાથે પ્રમર્દયોગ જ થાય છે અને સૂત્રોક્ત સાત નક્ષત્રો ચંદ્ર સાથે દક્ષિણાભિમુખી, ઉત્તરાભિમુખી અને પ્રમર્દ તે ત્રણે પ્રકારના યોગ કરે છે.

**દ્વીપ-સમુદ્રના દ્વાર :–**

**૧૧૫ जंबुद्दीवस्स णं दीवस्स दारा अट्ठ जोयणाइं उड्ढं उच्चत्तेणं पण्णत्ता ।**

**ભાવાર્થ :–** જંબૂદ્વીપ નામના દ્વીપના ચારે દ્વાર આઠ-આઠ યોજન ઊંચા છે.

**૧૧૬ सव्वेसिं पि णं दीवसमुद्दाणं दारा अट्ठ जोयणाइं उड्ढं उच्चत्तेणं पण्णत्ता ।**

**ભાવાર્થ :–** સર્વદ્વીપ તથા સમુદ્રોના દ્વાર આઠ-આઠ યોજન ઊંચા કહ્યા છે.

**કર્મ સ્થિતિબંધ :–**

**૧૧૭ पुरिसवेयणिज्जस्स णं कम्मस्स जहण्णेणं अट्ठसंवच्छराइं बंधठिई पण्णत्ता ।**

**ભાવાર્થ :–** પુરુષ વેદમોહનીય કર્મનો જઘન્ય બંધ આઠ વર્ષનો છે.

**૧૧૮ जसोकित्तीणामस्स णं कम्मस्स जहण्णेणं अट्ठ मुहुत्ताइं बंधठिई पण्णत्ता ।**

**ભાવાર્થ :–** યશોકીર્તિ નામકર્મનો જઘન્ય સ્થિતિ બંધ આઠ મુહૂર્તનો છે.

**૧૧૯ उच्चागोयस्स णं कम्मस्स जहण्णेणं अट्ठ मुहुत्ताइं बंधठिई पण्णत्ता ।**

**ભાવાર્થ :–** ઉચ્ચગોત્ર કર્મનો જઘન્ય સ્થિતિ બંધ આઠ મુહૂર્તનો છે.

**તેઈન્દ્રિયની કુલકોટી :–**

**૧૨૦ तेइंदियाणं अट्ठ जाइ-कुलकोडि-जोणीपमुह-सयसहस्सा पण्णत्ता ।**

**ભાવાર્થ :–** તેઈન્દ્રિય જાતિની યોનિ પ્રમુખમાં આઠ લાખ કુલકોટી કહી છે.

### વિવેચન :-

સાતમાં સ્થાનમાં બેઈન્દ્રિયની સાત લાખ કુલ કોટી દર્શાવી છે. અહીં તેઈન્દ્રિયની આઠ લાખ કુલ કોટિ દર્શાવી છે. ઉત્પત્તિ સ્થાનને યોનિ અને એક ઉત્પત્તિ સ્થાનમાં ઉત્પન્ન થતી અનેક પ્રકારની જાતિઓ કુલ કોટી કહેવાય છે.

### પાપકર્મનો ચય-ઉપચય આદિ :-

**૧૨૧ जीवा णं अट्ठठाणणिव्वत्तिए पोग्गले पावकम्मत्ताए चिणिंसु वा चिणंति वा चिणिस्संति वा, तं जहा– पढमसमयणेरइयणिव्वत्तिए *जाव* अपढ समयदेवणिव्व– त्तिए । एवं चिण-उवचिण *जाव* णिज्जरा चेव ।**

**ભાવાર્થ :–** જીવે આઠ સ્થાનથી નિર્વર્તિત પુદ્ગલોનો પાપકર્મરૂપે અતીતકાળમાં સંચય કર્યો હતો. વર્તમાનમાં કરે છે અને ભવિષ્યમાં કરશે, તે આ પ્રમાણે છે– (૧) પ્રથમ સમયના નૈરયિક નિર્વર્તિત (કર્મ)પુદ્ગલોનો (૨) અપ્રથમ સમયના નૈરયિક નિર્વર્તિત પુદ્ગલોનો (૩) પ્રથમ સમયના તિર્યંચ નિર્વર્તિત પુદ્ગલોનો (૪) અપ્રથમ સમયના તિર્યંચ નિર્વર્તિત પુદ્ગલોનો (૫) પ્રથમ સમયના મનુષ્ય નિર્વર્તિત પુદ્ગલોનો (૬) અપ્રથમ સમયના મનુષ્ય નિર્વર્તિત પુદ્ગલોનો (૭) પ્રથમ સમયના દેવ નિર્વર્તિત પુદ્ગલોનો (૮) અપ્રથમ સમયના દેવ નિર્વર્તિત પુદ્ગલોનો.

આ રીતે કર્મના ચયની જેમ ઉપચય, બંધ, ઉદીરણા, વેદના અને નિર્જરા સંબંધી ત્રૈકાલિક આઠ-આઠ વિકલ્પ જાણવા.

### આઠ પ્રદેશી પુદ્ગલની અનંતતા :-

**૧૨૨ अट्ठपएसिया खंधा अणंता पण्णत्ता । अट्ठपएसोगाढा पोग्गला अणंता पण्णत्ता *जाव* अट्ठगुणलुक्खा पोग्गला अणंता पण्णत्ता ।**

**ભાવાર્થ :–** આઠ પ્રદેશી પુદ્ગલ સ્કંધ અનંત છે. આઠ પ્રદેશાવગાઢ પુદ્ગલ અનંત છે ***યાવત્*** આઠ ગુણવાળા રૂક્ષ પુદ્ગલ અનંત છે અર્થાત્ સર્વ વર્ણ, ગંધ, રસ અને સ્પર્શના આઠ ગુણવાળા પુદ્ગલ અનંત છે.

**॥ સ્થાન–૮ સંપૂર્ણ ॥**

# નવમું સ્થાન

## પરિચય

★ પ્રસ્તુત સ્થાન નવસંખ્યાથી સંબંધિત છે. ઉદ્દેશક રહિત આ સ્થાનનું પ્રથમ સૂત્ર ભગવાન મહાવીરના સમયની ગણ વ્યવસ્થા અને ગણની અખંડતાના કારણભૂત અમાત્સર્ય ભાવનું નિરૂપણ કરે છે. ગણની અખંડતા માટે ગણસભ્યનું વિરોધી વલણ લાકડાને કોરી ખાતા ઘુણ-ઊધઈ જેવું છે. આચાર્યાદિથી પ્રતિકૂળ આચરણ કરનારને ગણથી અલગ કરવામાં જ ગણની સુરક્ષા છે.

★ ઐતિહાસિક તથ્યોને અભિવ્યક્ત કરતા સૂત્રો આ સ્થાનમાં સંકલિત છે. જેમકે ભગવાન મહાવીરના તીર્થમાં નવ વ્યક્તિએ તીર્થંકર નામ કર્મનો બંધ કર્યો. તેમાં સાત પુરુષો અને બે સ્ત્રીઓનો ઉલ્લેખ છે. આ સ્થાનમાં ભવિષ્યમાં થનાર તીર્થંકરના વિષયમાં વિવિધ જાણકારી મળે છે. કેટલાક શ્રાવક-શ્રાવિકાના જીવન ઉત્કર્ષનું કથન પણ આ સ્થાનમાં જોવા મળે છે. આ રીતે આ સ્થાન ઐતિહાસિક દૃષ્ટિએ મહત્ત્વપૂર્ણ છે.

★ આ સ્થાનમાં દેવવિમાન, જંબૂદ્વીપના કૂટ વગેરે નિરૂપણ દ્વારા ભૌગોલિક વિષયનું વર્ણન છે.

★ મહારાજ શ્રેણિક આગામી ઉત્સર્પિણીમાં પ્રથમ તીર્થંકર થશે. તેમનો નરકથી નીકળી, તીર્થંકરરૂપે જન્મ થવો, ત્યાંથી નિર્વાણ પર્યંતનું વિસ્તૃત વર્ણન છે. ભાવી તીર્થંકરના જીવનને વર્ણવતા આ સૂત્ર દ્વારા જ ભગવાન મહાવીરના દર્શનનું સમગ્રતયા જ્ઞાન થઈ જાય છે. તે સૂત્રમાં મહાવીર સ્વામી દ્વારા પ્રરૂપિત તત્ત્વદર્શન, શ્રમણચર્યા અને શ્રાવકચર્યાનું  તથા સંઘ વ્યવસ્થાનું નિરૂપણ છે.

★ આ સૂત્રોમાં ઈશ્વર, તલવર વગેરે અધિકારી વર્ગનો ઉલ્લેખ છે. તેની વ્યાખ્યાઓ દ્વારા તે સમયની રાજ્યવ્યવસ્થા અને સામાજિક વ્યવસ્થાનું જ્ઞાન મળે છે.

★ પ્રસ્તુત સ્થાનમાં "**णवहिं ठाणेहिं रोगुप्पत्ति सिया ।**" આ સૂત્ર મનનીય છે. રોગોત્પત્તિના નવ કારણમાંથી આઠ કારણ શારીરિક રોગોની ઉત્પત્તિના હેતુ છે અને નવમું કારણ ઈન્દ્રિયવિષયોનું અતિસેવન માનસિક રોગ પણ ઉત્પન્ન કરે છે.

★ અબ્રહ્મચર્યથી બચવાના નવ વ્યાવહારિક ઉપાયોનો ઉલ્લેખ બ્રહ્મચર્ય ગુપ્તિ સૂત્રમાં કર્યો છે. તેમાં અંતિમ ઉપાય છે– **णो साया सोक्खपडिबद्धे यावि भवइ ।** શાતા અને સુખમાં આસક્ત ન થવું અર્થાત્ બ્રહ્મચારીએ સુખશીલિયા બનવું ન જોઈએ. આ ઉપાય શ્રમણને સતત શ્રમશીલ અને કષ્ટ સહિષ્ણુ બનવાની પ્રેરણા આપે છે.

★ નક્ષત્ર ચંદ્રનો યોગ, ગ્રહ માર્ગ વગેરે જ્યોતિષ સંબંધી સૂત્રો પણ આ સ્થાનમાં સંકલિત છે.

★ આ રીતે વિષયોના વૈવિધ્યથી ભરપૂર આ સ્થાન રસરુચિ જાળવવા સાથે આત્મવિકાસમાં યોગદાન આપે છે.

❖❖❖

# સ્થાન–૯

### ગચ્છથી અલગ કરવાના કારણો :–

**૧ णवहिं ठाणेहिं समणे णिग्गंथे संभोइयं विसंभोइयं करेमाणे णाइक्कमइ, तं जहा– आयरियपडिणीयं, उवज्झायपडिणीयं, थेरपडिणीयं, कुलपडिणीयं, गण- पडिणीयं, संघपडिणीयं, णाणपडिणीयं, दंसणपडिणीयं, चरित्तपडिणीयं ।**

**ભાવાર્થ :–** શ્રમણ નિર્ગ્રંથ નવ કારણે ગચ્છગત સાધુને ગચ્છથી અલગ કરે તો તે તીર્થંકરની આજ્ઞાનું અતિક્રમણ કરતા નથી, તે આ પ્રમાણે છે– (૧) આચાર્ય પ્રત્યે પ્રતિકૂળ આચરણ કરનારા (૨) ઉપાધ્યાય પ્રત્યે પ્રતિકૂળ આચરણ કરનારા (૩) સ્થવિર પ્રત્યે પ્રતિકૂળ આચરણ કરનારા (૪) કુળ પ્રત્યે(એક ગુરુ પરંપરા) પ્રતિકૂળ વર્તન કરનારા (૫) ગણ(ગચ્છ-સમુદાય)પ્રત્યે પ્રતિકૂળ આચરણ કરનારા (૬) ચતુર્વિધ સંઘ પ્રત્યે પ્રતિકૂળ આચરણ કરનારા(૭) સમ્યગ્જ્ઞાન પ્રત્યે પ્રતિકૂળ આચરણ કરનારા (૮) સમ્યગ્દર્શન પ્રત્યે પ્રતિકૂળ આચરણ કરનારા (૯) સમ્યક્ ચારિત્ર પ્રત્યે પ્રતિકૂળ આચરણ કરનારા.

### વિવેચન :–

સ્થાન-૫, ઉદ્દે.-૧, સૂત્ર-૩૯માં ગચ્છગત સાધુને નિષ્કાસિત કરવાના પાંચ કારણોનો નિર્દેશ છે અને અહીં નવ કારણોનું કથન છે. જે ભાવાર્થથી સ્પષ્ટ છે.

પૂર્વોક્ત પાંચ કારણો અને અહીં કહેલા નવ કારણોમાં ભિન્નતા છે. પૂર્વના પાંચ કારણોમાં સંયમ વિપરીત આચરણ તેમજ તેની આલોચના ન કરવા આદિને કારણરૂપ કહ્યા છે. આ સૂત્રગત નવ કારણોમાં સંયમ પ્રતિ, સંઘ પ્રતિ અને ગુરુ-વડીલ પ્રતિ વિરોધીપણું–વિરુદ્ધ ભાવ અને વિપરીત આચરણને કારણ રૂપ કહ્યા છે.

કોઈ સાધુ આચાર્યાદિની આજ્ઞા વિરુદ્ધ તેમજ સમ્યગ્દર્શન, જ્ઞાન કે ચારિત્રથી વિપરીત આચરણ કરે તો તે સાધુને ગચ્છમાંથી બહાર કાઢી શકાય છે.

### આચારાંગ સૂત્રના નવ અધ્યયન :–

**૨ णव बंभचेरा पण्णत्ता, तं जहा– सत्थपरिण्णा, लोगविजओ, सीओसणिज्जं, सम्मत्तं, आवंती, धूयं, विमोहो, उवहाणसुयं, महापरिण्णा ।**

**ભાવાર્થ :–** આચારાંગ સૂત્રના બ્રહ્મચર્ય નામક પ્રથમ શ્રુતસ્કંધના નવ અધ્યયન છે, તેના નામ આ પ્રમાણે છે– (૧) શસ્ત્રપરિજ્ઞા, (૨) લોકવિજય, (૩) શીતોષ્ણીય, (૪) સમ્યક્ત્વ, (૫) આવંતી-લોકસાર, (૬) ધૂત, (૭) વિમોહ, (૮) ઉપધાન શ્રુત, (૯) મહાપરિજ્ઞા.

**વિવેચન :–**

શ્રી આચારાંગ સૂત્રના પ્રથમ શ્રુતસ્કંધનું નામ 'બ્રહ્મચર્ય' છે. 'બ્રહ્મચર્ય' સંયમનો પર્યાયવાચી શબ્દ છે, બ્રહ્મચર્ય સંયમી જીવનનો પ્રાણ છે. આચારાંગ સૂત્રના પ્રથમ શ્રુતસ્કંધના નવે ય અધ્યયનના ભાવો સંયમ ભાવને પરિપુષ્ટ કરે છે. તેથી નવ અધ્યયનાત્મક પ્રથમ શ્રુતસ્કંધ **णवबंभचेरा** નામથી પ્રસિદ્ધ છે. શ્રી નિશીથ સૂત્ર ઉદ્દેશક-૧૯માં પ્રાયશ્ચિત્ત વિધાનના પ્રસંગે નવ અધ્યયનાત્મક પ્રથમ શ્રુતસ્કંધ માટે **णवबंभचेराइं** શબ્દ પ્રયોગ થયો છે.

**महापरिण्णा :–** મહાપરિજ્ઞા. આ અધ્યયન વર્તમાનમાં અનુપલબ્ધ છે અર્થાત્ તેનો વિચ્છેદ થયો છે. વર્તમાને ઉપલબ્ધ આચારાંગ સૂત્રમાં 'મહાપરિજ્ઞા' નામનું અધ્યયન વિચ્છેદ થયેલા સાતમા અધ્યયન રૂપે પ્રસિદ્ધ છે, તેમ છતાં પ્રસ્તુત પ્રસંગમાં કોઈપણ અજ્ઞાત કારણે તેમાં ક્રમભેદ જણાય છે.

**બ્રહ્મચર્યની વાડ :–**

**३ णव बंभचेरगुत्तीओ पण्णत्ताओ, तं जहा– विवित्ताइं सयणासणाइं सेवित्ता भवइ; णो इत्थिसंसत्ताइं णो पसुसंसत्ताइं णो पंडगसंसत्ताइं सयणासणाइं सेवित्ता भवइ । णो इत्थीणं कहं कहेत्ता भवइ । णो इत्थिठाणाइं सेवित्ता भवइ । णो इत्थीणं इंदियाइं मणोहराइं मणोरमाइं आलोइत्ता णिज्झाइत्ता भवइ । णो पणीयरसभोई भवइ । णो पाणभोयणस्स अइमायं आहारए सया भवइ । णो पुव्वरयं पुव्वकीलियं सरेत्ता भवइ । णो सद्दाणुवाई णो रूवाणुवाइ णो सिलोगाणुवाइ भवइ । णो सायासोक्खपडिबद्धे यावि भवइ ।**

**ભાવાર્થ :–** બ્રહ્મચર્યની નવ ગુપ્તિ(વાડ) કહી છે, તે આ પ્રમાણે છે– (૧) બ્રહ્મચારીએ સ્ત્રી, પશુ, નપુંસક રહિત સ્થાનમાં શયન, આસન કરવું પરંતુ સ્ત્રી, પશુ, નપુંસક આદિ રહેતા હોય તેવા સ્થાનમાં રહેવું નહીં. (૨) બ્રહ્મચારીએ વિષય બુદ્ધિથી સ્ત્રી સંબંધી કથા-વાર્તા કરવી નહીં અથવા એકલી સ્ત્રીઓ હોય, તો તેની સાથે કથા-વાર્તા(પ્રવચનાદિ) કરવા નહીં. (૩) બ્રહ્મચારીએ સ્ત્રીના આસન ઉપર અંતર્મુહૂર્ત વ્યતીત થયા પહેલાં બેસવું નહીં. (૪) બ્રહ્મચારીએ સ્ત્રીના મનોહર; મનોરમ અંગોપાંગ નીરખવા નહીં. એકાગ્રતાપૂર્વક તેનું ચિંતન કરવું નહીં. (૫) બ્રહ્મચારીએ ઘી-તેલ આદિથી યુક્ત અતિ પ્રણીત આહાર કરવો નહીં. અર્થાત્ વિગય, મહાવિગયરૂપ અતિપૌષ્ટિક વિકારવર્ધક આહાર કરવો નહીં. (૬) બ્રહ્મચારીએ અધિક માત્રામાં આહાર પાણી કરવા નહીં. (૭) બ્રહ્મચારીએ પૂર્વે ભોગવેલા કામભોગ સંભારવા નહીં.

(૮) બ્રહ્મચારીએ મનોજ્ઞ શબ્દ, રૂપ અને કીર્તિ-પ્રશંસાનું અનુસરણ કરવું નહીં અર્થાત્ અભિલાષા કરવી નહીં તેમજ સ્ત્રી આદિના રૂપને આસક્તિપૂર્વક કે વારંવાર જોવા નહીં. (૯) બ્રહ્મચારીએ શાતાવેદનીય જનિત સુખમાં આસક્ત થવું નહીં અતિ સુખશીલ બનવું નહીં.

**૪ णव बंभचेर–अगुत्तीओ पण्णत्ताओ, तं जहा– णो विवित्ताइं सयणासणाइं सेवित्ता भवइ; इत्थीसंसत्ताइं पसुसंसत्ताइं पंडगसंसत्ताइं सयणासणाइं सेवित्ता भवइ। इत्थीणं कहं कहेत्ता भवइ । इत्थिठाणाइं सेवित्ता भवइ । इत्थीणं इंदियाइं मणोहराइं मणोरमाइं आलोइत्ता णिज्झाइत्ता भवइ । पणीयरसभोई भवइ । पाणभोयणस्स अइमायं आहारए सया भवइ । पुव्वरयं पुव्वकीलियं सरित्ता भवइ । सद्दाणुवाई रूवाणुवाई सिलोगाणुवाई भवइ । सायासोक्खपडिबद्धे यावि भवइ ।**

**ભાવાર્થ :–** બ્રહ્મચર્યની નવ અગુપ્તિ અથવા વિરાધના કહી છે, તે આ પ્રમાણે છે– (૧) બ્રહ્મચારી પુરુષ વિવિક્ત(એકાંત)સ્થાનમાં શયન, આસન ન કરે પરંતુ સ્ત્રી, પશુ, નપુંસક સહિત સ્થાનમાં રહે (૨) બ્રહ્મચારી પુરુષ સ્ત્રીઓની વિકથા ભરેલી વાતો કરે કે માત્ર સ્ત્રીઓને કથા કહે (૩) બ્રહ્મચારી પુરુષ સ્ત્રીના બેસવાના સ્થાનોનું સેવન કરે અર્થાત્ અંતર્મુહૂર્ત વ્યતીત થયા પૂર્વે સ્ત્રીના આસન પર બેસે તેમજ સ્ત્રી સાથે એક આસને બેસે. (૪) બ્રહ્મચારી પુરુષ સ્ત્રીની મનોહર, મનોરમ્ય ઇન્દ્રિયોને જુએ અને તેનું ચિંતન કરે (૫) બ્રહ્મચારી પુરુષ નિત્ય પ્રણીત રસવાળો આહાર કરે (૬) બ્રહ્મચારી પુરુષ સદા અધિક માત્રામાં આહાર કરે (૭) બ્રહ્મચારી પુરુષ પૂર્વે ભોગવેલા ભોગનું સ્મરણ કરે (૮) બ્રહ્મચારી પુરુષ મનોજ્ઞ શબ્દ, રૂપ અને કીર્તિ-પ્રશંસાનું અનુસરણ કરે, તેની અભિલાષા રાખે તેમજ તેમાં આસક્ત બને (૯) બ્રહ્મચારી પુરુષ શાતાવેદનીયજનિત ઇન્દ્રિય સુખમાં આસક્ત થાય, સુખશીલ બને. આ રીતે આચરણ કરનારનું બ્રહ્મચર્ય દૂષિત થાય છે પરંતુ સુરક્ષિત રહેતું નથી.

### વિવેચન :–

બ્રહ્મચર્યની સુરક્ષા માટે આ નવ ગુપ્તિ ખેતરની વાડ સમાન છે. બ્રહ્મચારી પુરુષે જેમ સ્ત્રી આદિની વાતો ન કરવી, તેમ બ્રહ્મચારી સ્ત્રીએ પુરુષની કથાવાર્તા ન કરવી. પુરુષો જે સ્થાનમાં રહેતા હોય તે સ્થાનમાં ન રહેવું, તેમ સર્વત્ર સમજવું. સૂત્રોક્ત નવ વાડનું પાલન ન કરે તો બ્રહ્મચર્યની વિરાધના થાય છે અને યથાર્થ પાલન કરે તો બ્રહ્મચર્યની સુંદર અને સફળ આરાધના થાય છે.

### ચોથા-પાંચમા તીર્થંકર વચ્ચેનું અંતર :–

**૫ अभिणंदणाओ णं अरहओ सुमई अरहा णवहिं सागरोवमकोडीसयसहस्सेहिं वीइक्कंतेहिं समुप्पण्णे ।**

**ભાવાર્થ :–** તીર્થંકર અભિનંદન સ્વામી પછી નવ લાખ ક્રોડ સાગરોપમ વ્યતીત થયા પછી અર્હત્

સુમતિનાથ ઉત્પન્ન થયા. અર્થાત્ ચોથા તીર્થંકર અભિનંદન સ્વામીનું શાસન નવ લાખ ક્રોડ સાગરોપમ સુધી ચાલ્યું.

**નવ તત્ત્વ :–**

**૬ णव सब्भावपयत्था पण्णत्ता, तं जहा– जीवा, अजीवा, पुण्णं, पावं, आसवो, संवरो, णिज्जरा, बंधो, मोक्खो ।**

**ભાવાર્થ :–** સદ્ભાવરૂપ પારમાર્થિક પદાર્થ નવ છે, તે આ પ્રમાણે છે– (૧) જીવ (૨) અજીવ (૩) પુણ્ય (૪) પાપ (૫) આશ્રવ (૬) સંવર (૭) નિર્જરા (૮) બંધ (૯) મોક્ષ.

**વિવેચન :–**

પદાર્થ એટલે વસ્તુ. જૈનદર્શનમાં તે નવ તત્ત્વના નામે પ્રસિદ્ધ છે. સ્થાનાંગ સૂત્રના પ્રથમ સ્થાનમાં એક એક બોલ દ્વારા નવે ય તત્ત્વનું કથન છે. જ્ઞાન અને ઉપયોગથી યુક્ત હોય, સુખ-દુઃખને જાણે તે જીવ છે. જડ લક્ષણવાળું અજીવ તત્ત્વ છે. અન્યને સુખી કરવાની ભાવના અને તદનુરૂપ આચરણ તે પુણ્ય છે. પુણ્ય શુભ ફળદાયી હોય છે અને તેના અન્નપુણ્ય આદિ નવ પ્રકાર છે. અન્યને દુઃખ પીડા પહોંચાડવાની ભાવના અને તદનુરૂપ આચરણ તે પાપ છે. પાપ અશુભ ફળદાયી હોય છે અને તેના હિંસાદિ અઢાર પ્રકાર છે. કર્મોનું આવવું તે આશ્રવ તત્ત્વ છે. આવતા કર્મને અટકાવવા તે સંવર છે. એકદેશથી કર્મનો ક્ષય થવો, તે નિર્જરા તત્ત્વ છે. કર્મપુદ્ગલ અને આત્મપ્રદેશોનું એકમેક થવું તે બંધ તત્ત્વ છે. સંપૂર્ણ કર્મોનો ક્ષય થવો તે મોક્ષ તત્ત્વ કહેવાય છે.

**સંસારી જીવ અને તેની ગતિ આગતિ :–**

**૭ णवविहा संसारसमावण्णगा जीवा पण्णत्ता, तं जहा– पुढविकाइया, आउकाइया, तेउकाइया, वाउकाइया, वणस्सइकाइया, बेइंदिया, तेइंदिया, चउरिंदिया, पंचिंदिया ।**

**ભાવાર્થ :–** સંસાર સમાપન્નક જીવના નવ પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) પૃથ્વીકાયિક, (૨) અપ્કાયિક, (૩) તેઉકાયિક, (૪) વાયુકાયિક, (૫) વનસ્પતિકાયિક, (૬) બેઇન્દ્રિય, (૭) તેઇન્દ્રિય, (૮) ચૌરેન્દ્રિય, (૯) પંચેન્દ્રિય.

**૮ पुढविकाइया णवगइया णवआगइया पण्णत्ता, तं जहा– पुढविकाइया पुढविकाइएसु उववज्जमाणे पुढविकाइएहिंतो वा** *जाव* **पंचिंदिएहिंतो वा उववज्जेज्जा ।**

**से चेव णं से पुढविकाइए पुढविकायत्तं विप्पजहमाणे पुढविकाइयत्ताए वा *जाव* पंचिंदियत्ताए वा गच्छेज्जा । एवमाउकाइयावि *जाव* पंचिंदियत्ति ।**

**ભાવાર્થ :–** પૃથ્વીકાયિક જીવની નવ ગતિ અને નવ આગતિ કહી છે, તે આ પ્રમાણે છે– (૧) પૃથ્વી-કાયિકમાં ઉત્પન્ન થનારા પૃથ્વીકાયિક જીવ પૃથ્વીકાયિક ***યાવત્*** પંચેન્દ્રિયમાંથી આવીને ઉત્પન્ન થાય છે.

તે જ પૃથ્વીકાયિક જીવ પૃથ્વીકાયિકપણાને છોડીને પૃથ્વીકાયમાં ***યાવત્*** પંચેન્દ્રિય પર્યંતના નવ સ્થાનમાં ઉત્પન્ન થાય છે.

તે જ રીતે અપ્કાયથી લઈને પંચેન્દ્રિય સુધીના સર્વજીવની નવ ગતિ અને નવ આગતિ કહી છે.

**સર્વ જીવોના પ્રકાર, અવગાહનાદિ :–**

**९ णवविहा सव्वजीवा पण्णत्ता, तं जहा– एगिंदिया, बेइंदिया, तेइंदिया, चउरिंदिया, णेरइया, पंचिंदियतिरिक्खजोणिया, मणुया, देवा, सिद्धा ।**

**अहवा णवविहा सव्वजीवा पण्णत्ता, तं जहा– पढमसमयणेरइया, अपढम- समयणेरइया, पढमसमयतिरिया, अपढमसमयतिरिया, पढमसमयमणुया, अपढम- समयमणुया, पढमसमयदेवा, अपढमसमयदेवा, सिद्धा ।**

**ભાવાર્થ :–** સર્વ જીવોના નવ પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) એકેન્દ્રિય, (૨) બેઇન્દ્રિય, (૩) તેઇન્દ્રિય, (૪) ચૌરેન્દ્રિય, (૫) નારક, (૬) તિર્યંચ પંચેન્દ્રિય, (૭) મનુષ્ય, (૮) દેવ, (૯) સિદ્ધ.

અથવા સર્વ જીવોના નવ પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) પ્રથમ સમયવર્તી નારક(નરકાયુ ઉદયના પ્રથમ સમયવાળા નારકીઓ) (૨) અપ્રથમ સમયવર્તી નારક(નરકાયુ ઉદયના પ્રથમ સમય પછીના સમયવાળા નારકીઓ) (૩) પ્રથમ સમયવર્તી તિર્યંચ (૪) અપ્રથમ સમયવર્તી તિર્યંચ (૫) પ્રથમ સમયવર્તી મનુષ્ય (૬) અપ્રથમ સમયવર્તી મનુષ્ય (૭) પ્રથમ સમયવર્તી દેવ (૮) અપ્રથમ સમયવર્તી દેવ (૯) સિદ્ધ.

**१० णवविहा सव्वजीवोगाहणा पण्णत्ता, तं जहा– पुढविकाइय-ओगाहणा आउकाइय-ओगाहणा *जाव* पंचिंदिय-ओगाहणा ।**

**ભાવાર્થ :–** સર્વ જીવોની અવગાહના નવ પ્રકારની છે, તે આ પ્રમાણે છે– પૃથ્વીકાય જીવોની અવગાહના, અપ્કાય જીવોની અવગાહના ***યાવત્*** પંચેન્દ્રિય જીવોની અવગાહના.

**११ जीवा णं णवहिं ठाणेहिं संसारं वत्तिंसु वा वत्तंति वा वत्तिस्संति वा, तं जहा– पुढविकाइयत्ताए *जाव* पंचिंदियत्ताए ।**

**ભાવાર્થ :–** જીવે સંસારમાં નવ સ્થાને પરિભ્રમણ કર્યું હતું, કરે છે અને કરશે, તે આ પ્રમાણે છે– પૃથ્વીકાય રૂપે ***યાવત્*** પંચેન્દ્રિયરૂપે.

**વિવેચન :–**

**ओगाहणा :–** જીવ જેમાં અવગાહિત થાય અર્થાત્ જેમાં રહે તે શરીર, તેની અવગાહના કહેવાય છે. સંસારી સર્વ જીવોના શરીરના નવ પ્રકાર છે. શેષ કથન ભાવાર્થથી સ્પષ્ટ છે.

**રોગોત્પત્તિના કારણો :–**

**१२ णवहिं ठाणेहिं रोगुप्पत्ती सिया, तं जहा– अच्चासणयाए, अहियासणयाए, अइणिद्दाए अइजागरिएणं, उच्चार-णिरोहेणं, पासवण-णिरोहेणं, अद्धाण-गमणेणं, भोयण-पडिकूलयाए, इंदियत्थ-विकोवणयाए ।**

**ભાવાર્થ :–** નવ સ્થાનથી રોગની ઉત્પત્તિ થાય છે, તે આ પ્રમાણે છે– (૧) વધુ ભોજન કરવાથી (૨) એક આસને લાંબો સમય બેસવાથી (૩) વધારે સૂવાથી (૪) વધારે જાગવાથી (૫) મળની(વડીનીતની) બાધા રોકવાથી (૬) પેશાબની બાધા રોકવાથી (૭) વધુ ચાલવાથી (૮) ભોજનની પ્રતિકૂળતાથી (૯) ઈન્દ્રિયવિષયોનું અતિસેવન કરવાથી અર્થાત્ અતિશ્રમ, અતિપ્રેક્ષણ, અતિ કામસેવન વગેરે કારણો સર્વ રોગોત્પત્તિ સર્જક છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં સૂત્રકારે રોગોત્પત્તિના નવ કારણોનું દિગ્દર્શન કરીને નિરોગી રહેવા માટે હિતશિક્ષા આપી છે.

આહાર, નિહાર, વિહાર આદિ દૈનિક પ્રવૃત્તિની અનિયમિતતા તેમજ ઈન્દ્રિયવિષયોનું અતિમાત્રામાં સેવન કરવું વગેરે રોગોની ઉત્પત્તિના મુખ્ય કારણો છે. નિરોગી રહેવા માટે તે કારણોનો ત્યાગ કરવો જરૂરી છે.

સંક્ષેપમાં– સાધકે નિરોગી રહેવા માટે આહાર, પાણીમાં નિયમિતતા અને સંયમ રાખવો; બેસવાની, સૂવાની, ચાલવાની આદિ શારીરિક પ્રવૃત્તિઓ વિવેકપૂર્વક કરવી; મળ-મૂત્ર આદિ કુદરતી હાજતોને રોકવી નહીં; પાંચે ઈન્દ્રિયોના વિષયોમાંથી કોઈપણ વિષયમાં અંધ થવું નહીં.

આ પ્રકારના વિવેકથી વ્યક્તિ રોગોથી દૂર રહી શકે છે. સૂત્રોક્ત નવ કારણોમાંથી આઠ કારણો શારીરિક રોગજનક છે અને નવમું કારણ ઈન્દ્રિયવિષયોનું અતિસેવન પ્રાયઃ માનસિક વિકૃતિને ઉત્પન્ન કરે છે.

વૃત્તિકારે બતાવ્યું છે કે વધુ બેસવાથી કે કઠોર આસને બેસવાથી મસાનો રોગ થાય છે. વધુ ખાવાથી કે વારંવાર ખાવાથી અજીર્ણ અને પેટના વિવિધ રોગો થાય છે. માટે જીવનોપયોગી પ્રવૃત્તિઓમાં દરેક રીતે વિવેક રાખવાથી માનવ નીરોગી અને સુખી રહી શકે છે.

**દર્શનાવરણીયકર્મના ભેદ :–**

**૧૩ णवविहे दरिसणावरणिज्जे कम्मे पण्णत्ते, तं जहा– णिद्दा, णिद्दाणिद्दा, पयला, पयला-पयला, थीणगिद्धी, चक्खुदंसणावरणे, अचक्खुदंसणावरणे, ओहि- दंसणावरणे, केवलदंसणावरणे ।**

**ભાવાર્થ :–** દર્શનાવરણીય કર્મના નવ પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) નિદ્રા– હળવી નિદ્રાથી સૂવું, જેને સુખપૂર્વક જગાડી શકાય, સુખે ઊંઘે, સુખે જાગે. (૨) નિદ્રા નિદ્રા– ગાઢ નિદ્રાથી સૂવું, જેને મુશ્કેલીથી ઉઠાડી શકાય. (૩) પ્રચલા– ઊભા ઊભા અથવા બેઠા બેઠા નિદ્રા લેવી. (૪) પ્રચલા પ્રચલા– ચાલતાં-ચાલતાં નિદ્રા લેવી.

(૫) સ્ત્યાનર્દ્ધિ(થીણદ્ધી) નિદ્રા– એક પ્રકારની ઘોર નિદ્રા. તેને સ્ત્યાનગૃદ્ધિ પણ કહેવાય છે. દિવસે વિચારેલા કાર્યો રાત્રે ઘોર નિદ્રામાં કરે. આ નિદ્રામાં ઉત્કૃષ્ટપણે અર્ધ વાસુદેવ જેટલું બળ આવે છે અને અપ્રશસ્ત વિચારો આવે છે.

(૬) ચક્ષુદર્શનાવરણ– ચક્ષુની પ્રાપ્તિમાં અને તેનાથી થતાં બોધમાં બાધક થનારું કર્મ. (૭) ચક્ષુદર્શનાવરણ– ચક્ષુ સિવાય શેષ ઈન્દ્રિયની પ્રાપ્તિમાં અને તેનાથી થતા બોધમાં બાધક થનારું કર્મ. (૮) અવધિદર્શનાવરણ– અવધિ દર્શનની પ્રાપ્તિમાં બાધક થનારું કર્મ. (૯) કેવલદર્શનાવરણ– કેવલદર્શનની પ્રાપ્તિમાં બાધક થનારું કર્મ.

**જ્યોતિષી દેવો વિષયક નિરૂપણ :–**

**૧૪ अभिई णं णक्खत्ते साइरेगे णवमुहुत्ते चंदेण सद्धिं जोगं जोएइ ।**

**ભાવાર્થ :–** અભિજિત નક્ષત્ર સાધિક નવ મુહૂર્ત સુધી ચંદ્ર સાથે યોગ કરે છે.

**૧૫ अभिइआइया णं णव णक्खत्ता णं चंदस्स उत्तरेणं जोगं जोएंति, तं जहा– अभिई, सवणो धणिट्ठा, सयभिसया, पुव्वाभद्दवया, उत्तराभद्दवया, रेवई, अस्सिणी, भरणी ।**

**ભાવાર્થ :–** અભિજિત આદિ નવ નક્ષત્ર ચંદ્ર સાથે ઉત્તરદિશાથી યોગ કરે છે, તે આ પ્રમાણે છે– (૧) અભિજિત, (૨) શ્રવણ, (૩) ધનિષ્ઠા, (૪) શતભિષક, (૫) પૂર્વભાદ્રપદા, (૬) ઉત્તરભાદ્રપદા, (૭) રેવતી, (૮) અશ્વિની, (૯) ભરણી.

**૧૬ इमीसे णं रयणप्पभाए पुढवीए बहुसमरमणिज्जाओ भूमिभागाओ णव**

**जोयणसयाइं उड्ढं अबाहाए उवरिल्ले तारारूवे चारं चरइ ।**

**ભાવાર્થ :–** આ રત્નપ્રભા પૃથ્વીના બહુસમરમણીય ભૂમિભાગથી નવસો યોજનની ઊંચાઈએ સર્વથી ઉપરના તારા વિમાનો ભ્રમણ કરે છે.

**જંબૂદ્વીપમાં પ્રવેશતા મત્સ્યો :–**

**૧૭** **जंबुद्दीवे णं दीवे णवजोयणिया मच्छा पविसिंसु वा पविसंति वा पविसिस्संति वा ।**

**ભાવાર્થ :–** જંબૂદ્વીપ નામના દ્વીપમાં(લવણ સમુદ્રમાંથી) નવ યોજન પ્રમાણ મત્સ્ય અતીત કાળે પ્રવેશ કરતા હતાં, વર્તમાનમાં કરે છે અને ભવિષ્યમાં કરશે.

**વિવેચન :–**

**णव जोयणिया :–** ઉત્સેધાંગુલ પ્રમાણથી નવયોજન(૩૬ ગાઉ)ની અવગાહનાવાળા લવણ સમુદ્રના મત્સ્યો જંબૂદ્વીપમાં પ્રવેશે છે.

સામાન્ય રૂપે લવણ સમુદ્રનું પાણી જંબૂદ્વીપની જગતી(કોટ)ના કારણે જંબૂદ્વીપમાં પ્રવેશી શકતું નથી પરંતુ જંબૂદ્વીપની જગતીમાં અનેક સ્થાને જગતીને ભેદતા નાના-મોટા વિવિધ પ્રકારના માર્ગો(નીકો) છે કે જેના દ્વારા લવણ સમુદ્રનું પાણી જંબૂદ્વીપમાં આવે છે. જંબૂદ્વીપમાં પ્રવેશ કરતા આ પાણીના કારણે જ માગધ, વરદામ અને પ્રભાસ તીર્થ કે ખાડીઓ વગેરે થાય છે. લવણ સમુદ્રમાંથી જંબૂદ્વીપમાં પ્રવેશ કરનારા પાણી સાથે વિવિધ અવગાહનાવાળા મત્સ્ય પણ પ્રવેશ કરે છે. અહીં નવમા સ્થાનના કારણે નવ યોજનના મત્સ્ય પ્રવેશ કરવાનું કથન છે તેમ સમજવું જોઈએ. નદીઓના માધ્યમથી પણ સમુદ્રના મચ્છ દ્વીપમાં આવી શકે છે.

**બલદેવ-વાસુદેવના પિતા :–**

**૧૮** **जंबुद्दीवे दीवे भारहे वासे इमीसे ओसप्पिणीए णव बलदेव-वासुदेव-पियरो होत्था, तं जहा–**

**पयावई य बंभे, रोद्दे सोमे सिवे इ य ।**
**महसीहे अग्गिसीहे, दसरहे णवमे य वसुदेवे ॥१॥**

**इत्तो आढत्तं जहा समवाये णिरवसेसं** *जाव* **एगा से गब्भवसही, सिज्झिहिइ आगमेसेणं ॥**

**ભાવાર્થ :–** જંબૂદ્વીપ નામના દ્વીપમાં ભરત વર્ષમાં આ જ અવસર્પિણીમાં થયેલા નવ બલદેવ અને નવ વાસુદેવના નવ પિતાના નામ આ પ્રમાણે છે– (૧) પ્રજાપતિ, (૨) બ્રહ્મ, (૩) રૌદ્ર, (૪) સોમ, (૫) શિવ, (૬) મહાસિંહ, (૭) અગ્નિસિંહ, (૮) દશરથ, (૯) વસુદેવ. આ રીતે સમવાયાંગ સૂત્ર કથિત સંપૂર્ણ વર્ણન અહીં સમજવું જોઈએ ***યાવત્*** તે એક ભવ કરી મોક્ષ જશે.

**૧૯ जंबुद्दीवे दीवे भारहे वासे आगमेसाए उस्सप्पिणीए णव बलदेव-वासुदेवपियरो भविस्संति, णव बलदेव-वासुदेवमायरो भविस्संति । एवं जहा समवाए णिरवेसेसं** *जाव* **महाभीमसेणे, सुग्गीवे य अपच्छिमे ।**

**एए खलु पडिसत्तू, कित्तिपुरिसाण वासुदेवाणं ।**
**सव्वे वि चक्कजोही, हम्मेहिंती सचक्केहिं ॥१॥**

**ભાવાર્થ :–** જંબૂદ્વીપ નામના દ્વીપમાં ભરત ક્ષેત્રમાં આગામી ઉત્સર્પિણીમાં નવ બલદેવ અને નવ વાસુદેવના નવ માતા-પિતા થશે. આ રીતે જેમ સમવાયાંગમાં વર્ણન કર્યું છે, તેવું જ વર્ણન મહાભીમસેન અને સુગ્રીવ સુધીનું અહીં જાણવું.

**ગાથાર્થ–** તે કીર્તિપુરુષ વાસુદેવના પ્રતિશત્રુ(પ્રતિવાસુદેવ) થશે. તે બધા ચક્રાયુદ્ધી થશે અને તે બધા પોતાના જ ચક્રથી વાસુદેવ દ્વારા મૃત્યુ પામશે.

### વિવેચન :–

વાસુદેવ અને બળદેવ બંને ભાઈઓ જ હોય છે. બળદેવ મોટા અને વાસુદેવ નાના હોય છે. તે બંનેના પિતા એક જ હોય જ્યારે માતા ભિન્ન-ભિન્ન હોય છે. વાસુદેવની પૂર્વે પ્રતિવાસુદેવ થાય, તેઓ ત્રણ ખંડ ઉપર વિજય મેળવે છે. વાસુદેવ સાથે યુદ્ધ થાય તેમાં પ્રતિવાસુદેવ વાસુદેવને મારવા ચક્ર મૂકે, તે ચક્ર વાસુદેવને કાંઈ કરે નહીં પરંતુ તેને અધીન થઈ જાય છે, તેના હાથમાં સ્થિર થઈ જાય છે. પછી વાસુદેવ તે ચક્રને પ્રયત્નપૂર્વક પ્રતિવાસુદેવ ઉપર ફેંકે છે. પુણ્ય ક્ષીણ થવાથી પ્રતિવાસુદેવનું પોતાનું જ ચક્ર પોતાનો શિરચ્છેદ કરી નાંખે છે અને પ્રતિવાસુદેવે જીતેલા ત્રણ ખંડના અધિપતિ વાસુદેવ બની જાય છે. આ સંપૂર્ણ વર્ણન સમવાયાંગ સૂત્રમાંથી જાણવું.

### ચક્રવર્તી નવ નિધિ :–

**૨૦ एगमेगे णं महाणिही णव-णव जोयणाइं विक्खंभेणं पण्णत्ते ।**

**ભાવાર્થ :–** એક એક મહાનિધિ નવ-નવ યોજન વિસ્તૃત છે.

**૨૧ एगमेगस्स णं रण्णो चाउरंतचक्कवट्टिस्स णव महाणिहिओ पण्णत्ता,**

तं जहा–

णेसप्पे पंडुयए, पिंगलए सव्वरयणे महापउमे ।
काले य महाकाले, माणवगे महाणिही संखे ॥१॥

णेसप्पम्मि णिवेसा, गामागरणगरपट्टणाणं च ।
दोणमुहमडंबाणं खंधावारावणगिहाणं ॥२॥

गणियस्स य उप्पत्ती, माणुम्माणस्स जं पमाणं च ।
धण्णस्स य बीयाण य, उप्पत्ती पंडुए भणिया ॥३॥

सव्वा आभरणविही, पुरिसाणं जा य होइ महिलाणं ।
आसाण य हत्थीण य, पिंगलणिहिम्मि सा भणिया ॥४॥

रयणाइं सव्वरयणे, चउदस वि वराइं चक्कवट्टिस्स ।
उप्पज्जंते एगिंदियाइं, तह पंचिंदियाइं च ॥५॥

वत्थाण य उप्पत्ती, णिप्फत्ती चेव सव्वभत्तीणं ।
रंगाण य धोव्वाण य, सव्वा एसा महापउमे ॥६॥

काले कालण्णाणं, भव्वपुराणं च तिसु वि वंसेसु ।
सिप्पसयं कम्माणि य, तिण्णि पयाए हियकराणि ॥७॥

लोहस्स य उप्पत्ती होइ, महाकाले आगराणं च ।
रुप्पस्स सुवण्णस्स य, मणिमुत्तसिलप्पवालाणं ॥८॥

जोहाण य उप्पत्ती, आवरणाणं च पहरणाणं च ।
सव्वा य जुद्धणीई, माणवगे दंडणीई य ॥९॥

णट्टविही णाडगविही, कव्वस्स य चउव्विहस्स उप्पत्ती ।
संखे महाणिहिम्मि, तुडियंगाणं च सव्वेसिं ॥१०॥

चक्कट्ठपइट्ठाणा, अट्ठुस्सेहा य णव य विक्खंभा ।
बारसदीहा मंजूसंठिया, जाण्हवीइ मुहे ॥११॥

**वेरूलियमणिकवाडा, कणगमया विविहरयणपडिपुण्णा ।**
**ससि-सूर-चक्क-लक्खण, अणुसम-वयणोववत्ती य ॥१२॥**

**पलिओवमट्ठिईया, णिहि-सरिस-णामा य तत्थ खलु देवा ।**
**जेसिं ते आवासा, अक्किज्जा आहिवच्चा य ॥१३॥**

**एए णव-णिहिरयणा, पभूय-धणरयण-संचयसमिद्धा ।**
**जे वसमुपगच्छंति, भरहाहिव-चक्कवट्टीणं ॥१४॥**

**ભાવાર્થ :–** એક-એક ચાતુરંત ચક્રવર્તી રાજાની નવ-નવ મહાનિધિ છે, તે આ પ્રમાણે છે– (૧) નૈસર્પનિધિ (૨) પાંડુક નિધિ (૩) પિંગલક નિધિ (૪) સર્વરત્ન નિધિ (૫) મહાપદ્મનિધિ (૬) કાલનિધિ (૭) મહાકાલનિધિ (૮) માણવકનિધિ (૯) શંખનિધિ. તે નિધિઓ પોતપોતાનાં નામના દેવોથી અધિષ્ઠિત હોય છે. ॥૧॥

**નૈસર્પનિધિ–** ગામ, ખાણ, નગર, પતન, દ્રોણમુખ, મંડબ, છાવણી, દુકાન, ઘર વગેરેની સમગ્ર રચના વિધિ અર્થાત્ વાસ્તુશાસ્ત્ર સંબંધી સર્વવિધિનું જ્ઞાન આ નિધિ દ્વારા પ્રાપ્ત થાય છે અને તત્સંબંધી કેટલીક સામગ્રીઓનો સંગ્રહ પણ તેમાં હોય છે. ॥૨॥

**પાંડુકનિધિ–** ગણના, માપ, તોલ વગેરેની વિધિ તથા ગણી શકાય તેવા નાળિયેરાદિ, માપી શકાય તેવા ધાન્યાદિ અને તોળી શકાય તેવા ગોળ-સાકરાદિ પદાર્થોની ઉત્પાદનવિધિ વગેરેનું જ્ઞાન, આ નિધિ દ્વારા પ્રાપ્ત થાય છે. તેમજ માપ, તોલાદિ યોગ્ય ધાન્ય, બીજ વગેરે પદાર્થોનો સંગ્રહ, સંરક્ષણ પણ આ નિધિમાં હોય છે. ॥૩॥

**પિંગલનિધિ–** સ્ત્રીના, પુરુષના અને હાથી, ઘોડા વગેરે પશુઓના આભૂષણો બનાવવાની અને તેનો ઉપયોગ કરવાની વિધિનું જ્ઞાન આ નિધિ દ્વારા પ્રાપ્ત થાય છે અને તે આભૂષણોનો સંગ્રહ પણ આ નિધિમાં હોય છે. ॥૪॥

**સર્વરત્ન નિધિ–** સાત એકેન્દ્રિય રત્ન અને સાત પંચેંદ્રિય રત્ન; ચક્રવર્તીના આ ૧૪ શ્રેષ્ઠ રત્નો અને અન્ય અનેક રત્નોની ઉત્પત્તિ, નિષ્પત્તિ તથા તેના ઉપયોગ સંબંધી જાણકારી અને સંગ્રહ આ નિધિમાં હોય છે. આ નિધિ સર્વ રત્નના ભંડાર રૂપ છે. ॥૫॥

**મહાપદ્મનિધિ–** સર્વ પ્રકારના વસ્ત્રોની ઉત્પત્તિ, તેની ડીઝાઈન, રંગવા, ધોવા વગેરે વિધિનું જ્ઞાન આ નિધિ દ્વારા થાય છે. તેમજ તત્સંબંધી કેટલીય સાધન સામગ્રી પણ આ નિધિમાં હોય છે. ॥૬॥

**કાલનિધિ–** ત્રણે કાળનું જ્ઞાન, જ્યોતિષજ્ઞાન, પૂર્વભવોનું જ્ઞાન; તીર્થંકર, ચક્રવર્તી, વાસુદેવ આ ત્રણેના વંશની ઉત્પત્તિનું જ્ઞાન તથા ૧૦૦ શિલ્પનું જ્ઞાન અને કૃષિ કર્મ આદિ કર્મોનું જ્ઞાન, આ નિધિ દ્વારા થાય છે. તેમજ આ નિધિમાં તત્સંબંધી વિવિધ સાધનો, ચિત્રો પણ હોય છે. ॥૭॥

**મહાકાલનિધિ–** લોઢું, રૂપું, સોનું, મણિ, મોતી, સ્ફટિક, પ્રવાલ વગેરેની ઉત્પત્તિ અને તેની ખાણો સંબંધી જ્ઞાન આ નિધિ દ્વારા પ્રાપ્ત થાય છે અને તે પદાર્થોનો સંગ્રહ પણ આ નિધિમાં હોય છે. ॥૮॥

**માણવક નિધિ–** યોદ્ધાઓ, તેના કવચ, શસ્ત્રો; ચક્રવ્યૂહાદિ યુદ્ધનીતિ; સામ, દામ આદિ ચાર પ્રકારની દંડનીતિ સંબંધી વિવિધ પ્રકારનું જ્ઞાન, આ નિધિ દ્વારા પ્રાપ્ત થાય છે તથા તત્સંબંધી કેટલોય સંગ્રહ આ નિધિમાં હોય છે. ॥૯॥

**શંખ નિધિ–** નટ વિધિ, નાટય-અભિનય વિધિ, કાવ્ય વિધિ, ધર્માદિ ચાર પ્રકારના પુરુષાર્થ અથવા સંસ્કૃતાદિ ચાર પ્રકારની ભાષા નિબદ્ધ કાવ્ય વિધિનું જ્ઞાન તથા વાદ્યોનું જ્ઞાન આ નિધિ દ્વારા પ્રાપ્ત થાય છે અને તત્સંબંધી વિવિધ સામગ્રી, ચિત્રો વગેરે પણ આ નિધિમાં હોય છે. ॥૧૦॥

આ સર્વ નિધિઓનો આકાર મંજૂષા-પટારા જેવો હોય છે. તે પ્રત્યેક નિધિને આઠ-આઠ પૈડાં હોય છે. તેની ઊંચાઈ આઠ યોજન, પહોળાઈ નવ યોજન અને લંબાઈ બાર યોજન હોય છે. તે નિધિઓ ગંગામુખ સ્થાને અર્થાત્ ગંગાનદીના સમુદ્ર પ્રવેશ સ્થાને હોય છે. ॥૧૧॥

આ નિધિઓના કમાડ વૈડુર્યમણિ જડિત સુવર્ણમય, અનેક રત્નોથી પરિપૂર્ણ; ચંદ્ર, સૂર્ય તથા ચક્રના ચિહ્નથી યુક્ત તેમજ સમ(અવિષમ) રચનાવાળા હોય છે. ॥૧૨॥

નિધિના નામની સમાન નામવાળા દેવો તેના અધિપતિ દેવ છે. તે દેવોની એક પલ્યોપમની સ્થિતિ છે. તે નિધિઓ જ તે દેવના આવાસ રૂપ છે અર્થાત્ તે દેવો તેમાં જ વસે છે. તે નિધિઓ દેવાધિષ્ઠત હોવાથી કોઈ તેને ખરીદી શકતું નથી. ॥૧૩॥

આ નવ નિધિઓ ઘણા ધન, રત્નના સંચયથી સમૃદ્ધિવંત હોય છે. તે ભરતાધિપતિ ભરત વગેરે ચક્રવર્તીઓને વશવર્તી થઈ જાય છે. ॥૧૪॥

## વિવેચન :-

પ્રસ્તુત સૂત્રમાં નવનિધિઓનો ઉલ્લેખ છે.

**નવનિધિનું સ્થાન :–** ગંગામુખ-ગંગાનદી પૂર્વદિશામાં જ્યાં સમુદ્રને મળે છે, ત્યાં ગંગાનદીના દક્ષિણી કિનારે નવનિધિ રહે છે. તે નવનિધિ દેવ અધિષ્ઠિત છે. તેના અધિષ્ઠાયક દેવોના આવાસ તે નિધિમાં જ હોય છે.

**નવ નિધિનું સ્વરૂપ :–** નિધિના સ્વરૂપ વિષયક બે પ્રકારના અર્થ ઉપલબ્ધ છે. (૧) નિધિઓ દિવ્ય કલ્પ ગ્રંથ રૂપે છે અને (૨) નિધિઓ તે તે વસ્તુના સંગ્રહ રૂપ છે. તે બંને અર્થ અવિરોધિ અને સ્વીકાર કરવા યોગ્ય છે. બંનેના સુમેળથી નિધિઓનું સર્વાંગીણ સ્વરૂપ પ્રાપ્ત થાય છે. તે સંબંધી સર્વ વિષય ભાવાર્થ-ગાથાર્થમાં સ્પષ્ટ છે.

**ચક્રવર્તીની નવનિધિ :–**

| | નિધિનામ | અધિષ્ઠાયકદેવ | નિધિગત વસ્તુ |
|---|---|---|---|
| ૧ | નૈસર્પ નિધિ | નૈસર્પ દેવ | ગામ-નગર-ગૃહાદિ સ્થાપના વિધિના ગ્રંથો |
| ૨ | પાંડુક નિધિ | પાંડુક દેવ | ધન, ધાન્ય, માન વિધિ તથા તે સર્વની ઉત્પત્તિ વિધિના ગ્રંથો |
| ૩ | પિંગળ નિધિ | પિંગળ દેવ | સ્ત્રી, પુરુષ, ગજ, અશ્વાદિ આભરણ વિધિના ગ્રંથો |
| ૪ | મહાપદ્મ નિધિ | મહાપદ્મ દેવ | વસ્ત્ર ઉત્પત્તિ, તેને રંગવા, ધોવાની વિધિના ગ્રંથો |
| ૫ | સર્વરત્ન નિધિ | સર્વરત્ન દેવ | ચક્રાદિ ચૌદ રત્ન તથા અન્ય સર્વ રત્નની ઉત્પત્તિ વિધિના ગ્રંથો |
| ૬ | કાલ નિધિ | કાલ દેવ | ૬૩ શલાકાપુરુષ ચરિત્ર,જ્યોતિષ,શિલ્પાદિ શાસ્ત્ર વિધિના ગ્રંથો |
| ૭ | મહાકાલ નિધિ | મહાકાલ દેવ | મણિ, રત્ન, પ્રવાલ, ધાતુ વગેરેની ખાણો તથા તેની પ્રાપ્તિ વિધિના ગ્રંથો |
| ૮ | માણવક નિધિ | માણવક દેવ | સર્વ શસ્ત્ર ઉત્પત્તિ, યુદ્ધનીતિ, બખ્તરાદિની ઉત્પત્તિ વિધિના ગ્રંથો |
| ૯ | શંખ નિધિ | શંખ દેવ | ગાયન, નાટ્ય, કાવ્ય, વાજિંત્રાદિ વિધિના ગ્રંથો |

**વિગયના પ્રકાર :–**

**૨૨ णव विगईओ पण्णत्ताओ, तं जहा– खीरं, दधिं, णवणीयं, सप्पिं, तेलं, गुलो, महुं, मज्जं, मंसं ।**

**ભાવાર્થ :–** વિગયના નવ પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) દૂધ, (૨) દહીં, (૩) નવનીત(માખણ), (૪) ઘી, (૫) તેલ, (૬) ગોળ, (૭) મધ, (૮) મદ્ય, (૯) માંસ.

**વિવેચન :–**

**विगइओ :–** 'વિગય' શબ્દ જૈન ધર્મનો પારિભાષિક શબ્દ છે. તેના અર્થ આ પ્રમાણે છે– (૧) **वि–विशेषेण, गई = गति–प्रगतिं = पुष्टिं करोति यः इति विगयः ।** જે પદાર્થો શરીરની વિશેષ રૂપે પુષ્ટિ કરે તે પદાર્થને વિગય કહે છે. (૨) **विगइ = विकृतया विकारकारित्वात् ।** વિકૃતિ અર્થાત્ વિકાર. જે પદાર્થ શરીર અને મનમાં વિકાર ઉત્પન્ન કરે તેને વિગય કહે છે.

સ્થાન ૪ ઉ. ૧ સૂ. ૯૮ થી ૧૦૦માં ચાર-ચાર પ્રકારે વિગય અને મહાવિગયનું કથન છે. અહીં નવમા સ્થાનની અપેક્ષાએ સૂત્રકારે નવ વિગયનું કથન કર્યું છે. તેમાં દૂધ, દહીં, ઘી, તેલ, ગોળ, તે પાંચ વિગય છે અને માખણ, મધ, મદ્ય, માંસ, આ ચારે ય મહાવિગય છે.

**गुलो :–** ગોળ. ગોળના કથનથી ઇક્ષુરસથી નિર્મિત ગોળ, સાકર વગેરે સર્વ પદાર્થોનો સંગ્રહણ થઈ જાય છે.

**શરીરના નવ સ્રોત :–**

**૨૩ णवसोयपरिस्सवा बोंदी पण्णत्ता, तं जहा– दो सोत्ता, दो णेत्ता, दो घाणा, मुहं, पोसए, पाऊ ।**

**ભાવાર્થ :–** શરીરમાંથી મેલ નીકળવાના નવ માર્ગ છે, તે આ પ્રમાણે– બે કાન, બે નેત્ર, બે નાક, એક મુખ, એક ઉપસ્થ(મૂત્રેન્દ્રિય) અને એક અપાન(મળદ્વાર).

**વિવેચન :–**

**बोंदी**–શરીર. અહીં **'बोंदी'** શબ્દ ઔદારિક શરીર અર્થમાં પ્રયુક્ત છે કારણ કે ઔદારિક શરીરમાં જ નવ સ્રોત છે. વૈક્રિયાદિ શરીરમાંથી અશુચિ વહેતી નથી.

**પુણ્ય પ્રકાર :–**

**૨૪ णवविहे पुण्णे, पण्णत्ते, तं जहा– अण्णपुण्णे, पाणपुण्णे, वत्थपुण्णे, लेणपुण्णे, सयणपुण्णे, मणपुण्णे, वइपुण्णे, कायपुण्णे, णमोक्कारपुण्णे ।**

**ભાવાર્થ :–** નવ પ્રકારના પુણ્ય છે, અર્થાત્ પુણ્યોપાર્જન થાય તેવી પ્રવૃત્તિના નવ પ્રકાર છે– તે આ પ્રમાણે છે– (૧) અન્ન પુણ્ય (૨) પાન પુણ્ય (૩) વસ્ત્ર પુણ્ય (૪) લયન(ભવન) પુણ્ય (૫) શયન પુણ્ય (૬) મન પુણ્ય (૭) વચન પુણ્ય (૮) કાય પુણ્ય (૯) નમસ્કાર પુણ્ય.

**વિવેચન :–**

નવ તત્ત્વોમાં ત્રીજું પુણ્ય તત્ત્વ છે. પ્રસ્તુત સૂત્રમાં તેના નવ પ્રકાર દર્શાવ્યા છે.

પુણ્ય શબ્દનો વ્યુત્પત્તિ અર્થ આ પ્રમાણે છે– **पुणति-शुभीकरोति; पुनाति वा पवित्री करोति आत्मानं इति पुण्यं** । મન વચન અને કાયાના જે કાર્યો આત્માનું શુભ કરે, જે આચરણ આત્માને પવિત્ર બનાવે તે પુણ્ય કહેવાય છે.

બીજી રીતે– જે આચરણથી અન્ય પ્રાણીઓને શાતા-સુખ ઉપજે તે સર્વ આચરણ પુણ્ય કહેવાય છે. શાસ્ત્રકારે તે સર્વ કાર્યો અને વ્યવહારોને નવ ભેદમાં સમાવિષ્ટ કર્યા છે.

(૧) આહાર ઈચ્છુક પ્રાણીઓને ભોજન કે ખાદ્ય પદાર્થ આપવા તે અન્નપુણ્ય છે. મનુષ્યો માટે અન્નક્ષેત્ર આદિ ચલાવવા, દાનશાળા ખોલવી, દરરોજ પોતાની શક્તિ પ્રમાણે કૂતરા, ગાય વગેરે પશુઓને રોટલાદિ ખાદ્ય પદાર્થ ખવડાવવા, પક્ષીઓને ચણ નાંખવી ઈત્યાદિ સર્વ પ્રવૃત્તિઓ **અન્નપુણ્ય** છે.

(૨) તરસ્યા પ્રાણીઓને પાણી પીવડાવવું તે પાન પુણ્ય કહેવાય છે. યથા– પાણીની પરબ ચલાવવી,

પશુઓ માટે પાણીના અવેડા ભરાવવા, દુષ્કાળના સમયે ગામમાં, ગલીઓમાં કે ઘરોમાં પાણી પહોંચાડવું વગેરે **પાનપુણ્ય** છે. આ જ રીતે (૩) મકાન, નિવાસસ્થાન, વિશ્રામસ્થાન વગેરેના દાનની પ્રવૃત્તિઓ **લયનપુણ્ય** છે. ઉપાશ્રય, પૌષધશાળા બનાવવામાં ધર્મ અનુમોદનાની પ્રમુખતા છે તેથી તેમાં ધર્મ અને નિર્જરાની પ્રમુખતા છે. છતાં તેનો પણ લયનપુણ્યમાં સમાવેશ થઈ શકે છે. (૪) બેસવા સૂવાના સાધનોનું દાન કરવું **શયનપુણ્ય** છે. (૫) સૂતરાઉ, ઉની વગેરે વિવિધ પ્રકારના પહેરવા, ઓઢવાના વસ્ત્રોનું દાન કરવું તે **વસ્ત્રપુણ્ય** છે. (૬) જીવ માત્ર પ્રત્યે શુભ, પવિત્ર અને સુખદાયી મનોભાવ રાખવા તે **મનપુણ્ય** છે. (૭) પ્રાણીઓને આનંદ થાય, સુખ પહોંચે તેવા અનુકૂળ અને મનોજ્ઞ શબ્દોનો પ્રયોગ કરવો, મધુર અને કોમળ વચનો દ્વારા અન્યને શાતા પહોંચાડવી તે **વચનપુણ્ય** છે. (૮) કાયા દ્વારા અન્યની સેવા કરીને, સહયોગ આપીને શાતા પમાડવી તે **કાયપુણ્ય** છે. (૯) પૂજ્ય વ્યક્તિને કે પ્રાણીને માન-સન્માન આપવું અથવા નમસ્કાર કરવા તે **નમસ્કારપુણ્ય** છે.

આ નવ પ્રકારના કાર્યો જીવો માટે સુખ અને શાતાજનક છે, તેમાં સ્વાર્થભાવનો નાશ થાય છે. તેથી તે કાર્યો આત્માને પણ પવિત્ર કરે છે. તે નવ પ્રકારના કાર્યોથી જીવને શુભ કર્મોનો બંધ થાય છે.

**પુણ્ય, પાપ અને ધર્મ સાથે કર્મનો સંબંધ :–**

**(૧) પુણ્ય જનક** સૂત્રોક્ત નવ પ્રકારના કાર્યો કરવાથી શુભ કર્મોનો બંધ થાય છે. કારણ કે તે કાર્યોમાં જીવો પ્રત્યે અનુકંપાભાવ, કરુણાભાવ અને સેવાભાવ હોય છે. તે પ્રવૃત્તિઓમાં હિંસાત્મક આવશ્યક પ્રવૃત્તિ થાય છે. જેમ કે– અન્યને ભોજન કરાવવા માટે રસોઈ બનાવવા આરંભ-સમારંભ કરવો પડે છે. તેનાથી કિંચિત્ અશુભકર્મનો બંધ થાય છે પરંતુ તે નગણ્ય છે કારણ કે તે પ્રવૃત્તિમાં પરમાર્થ ભાવની જ પ્રધાનતા છે.

**(૨) પાપજનક** અઢાર પ્રકારના કાર્યો કરતાં, જીવન નિર્વાહ માટે અને કુટુંબના ભરણપોષણ માટે વિવિધ પ્રવૃત્તિઓ કરતાં પાપકર્મનો બંધ થાય છે. કારણ કે તે કાર્યોમાં મુખ્યત્વે મોહ, સ્વાર્થ, સંસારભાવની જ પ્રધાનતા છે. તેથી અશુભ કર્મોનો બંધ થાય છે. તે પ્રવૃત્તિમાં પણ અન્ય જીવોને શાતા થાય, તથા પારિવારિકજનો સુખ-શાતાનો અનુભવ કરે, તેથી કિંચિત્ શુભ કર્મોનો બંધ પણ થાય છે.

**(૩) ધાર્મિક અનુષ્ઠાનો–** વ્રત, નિયમ, સ્વાધ્યાય, ધ્યાન, સામાયિક, પૌષધ, તપ-ત્યાગ વગેરે મોક્ષ માટે અને આત્મવિશુદ્ધિના લક્ષ્યે હોય છે. તેનાથી મુખ્યત્વે કર્મનિર્જરા જ થાય છે. તે પ્રવૃત્તિથી અન્ય જીવોને અભયદાન મળે અને સદ્વ્યવહાર વગેરે યોગની શુભ પ્રવૃત્તિ થાય, તેનાથી પુણ્ય કર્મનો બંધ થાય છે. તેમજ શરીરની સૂક્ષ્મ ક્રિયાઓથી જીવ વિરાધના આદિ થાય તો કિંચિત્ અશુભ કર્મોનો બંધ પણ થાય છે. તેમ છતાં તે પ્રવૃત્તિમાં નિર્જરાની પ્રધાનતા હોવાથી અન્ય સર્વ ગૌણ બની જાય છે.

આ રીતે પુણ્ય, પાપ અને ધર્મજન્ય પ્રવૃત્તિઓનું સ્વરૂપ જાણી શકાય છે. પુણ્યના કાર્યોમાં શુભ કર્મબંધની મુખ્યતા, પાપના કાર્યોમાં અશુભ કર્મબંધની મુખ્યતા અને ધર્મના કાર્યોમાં નિર્જરાની મુખ્યતા છે. તે મુખ્યતાના કારણે જ તે પ્રવૃત્તિઓ પુણ્ય, પાપ અને ધર્માચરણ કહેવાય છે.

**પાપબંધક સ્થાનો :–**

**૨૫ णव पावस्सायतणा पण्णत्ता, तं जहा– पाणाइवाए, मुसावाए, अदिण्णादाणे, मेहुणे, परिग्गहे, कोहे, माणे, माया, लोभे ।**

**ભાવાર્થ :–** પાપના આયતન(સ્થાન) નવ છે, તે આ પ્રમાણે છે– (૧) પ્રાણાતિપાત, (૨) મૃષાવાદ, (૩) અદત્તાદાન, (૪) મૈથુન, (૫) પરિગ્રહ, (૬) ક્રોધ, (૭) માન, (૮) માયા, (૯) લોભ.

**વિવેચન :–**

પાપના સ્થાન અઢાર છે પરંતુ આ નવ સંખ્યક સ્થાન હોવાથી સૂત્રકારે અહીં નવ પાપસ્થાનક કહ્યા છે. તેનું સ્વરૂપ સ્થાન-૧ પ્રમાણે જાણવું.

**નવ પાપશ્રુત :–**

**૨૬ णवविहे पावसुयपसंगे पण्णत्ते, तं जहा–**

**उप्पाए णिमित्ते मंते, आइक्खिए तिगिच्छिए ।**
**कला आवरणे अण्णाणे मिच्छापवयणे ति य ॥१॥**

**ભાવાર્થ :–** પાપશ્રુત પ્રસંગ(પાપના કારણભૂત શાસ્ત્ર)ના નવ પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) ઉત્પાતશ્રુત– પ્રકૃતિ વિપ્લવ અને રાષ્ટ્ર વિપ્લવ સૂચક શાસ્ત્ર (૨) નિમિત્તશ્રુત– ભૂત, વર્તમાન અને ભવિષ્યના ફલ સૂચક શાસ્ત્ર (૩) મંત્રશ્રુત– મંત્રવિદ્યા પ્રતિપાદક શાસ્ત્ર (૪)આખ્યાયિકશ્રુત– પરોક્ષ ભાવદર્શકની માતંગવિદ્યા શાસ્ત્ર (૫) ચિકિત્સાશ્રુત– રોગ નિવારક ઔષધિદર્શક આયુર્વેદ શાસ્ત્ર (૬) કલાશ્રુત– સ્ત્રી, પુરુષની કલાના જ્ઞાપક શાસ્ત્ર (૭) આવરણશ્રુત– ભવન નિર્માણની વાસ્તુવિદ્યાના શાસ્ત્ર (૮) અજ્ઞાનશ્રુત– નૃત્ય, નાટક, સંગીત આદિના શાસ્ત્ર (૯) મિથ્યાપ્રવચન– કુતીર્થિક, મિથ્યાત્વીના શાસ્ત્ર.

**વિવેચન :–**

પાપશ્રુત પ્રસંગ– જે શાસ્ત્ર પાપબંધના કારણ રૂપ હોય તેને પાપશ્રુત કહે છે. પ્રસંગનો અર્થ આસેવન કે વિસ્તાર છે. **प्रसंग–तथा सेवारुपः विस्तारो वा– સ્થાનાંગવૃત્તિ.**

સમવાયાંગ ૨૯/૧માં ઓગણત્રીસ પાપશ્રુત પ્રસંગનો ઉલ્લેખ છે. ત્યાં મૂળ આઠ પાપશ્રુત પ્રસંગ કહ્યા છે પરંતુ પ્રસ્તુત સૂત્રમાં ઉલ્લેખિત નામોથી તે ભિન્ન છે.

**નિપુણ વ્યક્તિઓ :–**

**૨૭ णव णेउणिया वत्थू पण्णत्ता, तं जहा–**

**संखाणे णिमित्ते, काइया पोराणे पारिहत्थिए ।**
**परपंडिए वाई य, भूइकम्मे तिगिच्छिए ॥१॥**

**ભાવાર્થ :–** નૈપુણિક વસ્તુ(પુરુષ) નવ છે, અર્થાત્ કોઈ વસ્તુમાં નિપુણતા પ્રાપ્ત કરનારા પુરુષના નવ પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) સંખ્યાન નૈપુણિક– ગણિત શાસ્ત્રના વિશેષજ્ઞ. (૨) નિમિત્ત નૈપુણિક– મુહૂર્ત આદિ નિમિત્ત શાસ્ત્રના વિશેષજ્ઞ. (૩) કાય નૈપુણિક– ઈડા, પિંગળા આદિ પ્રાણ તત્ત્વના વિશેષજ્ઞ. (૪) પુરાણ નૈપુણિક– પુરાણ આદિ શાસ્ત્ર અથવા ઈતિહાસ વિશેષજ્ઞ. (૫) પારિહસ્તિક નૈપુણિક– સ્વભાવથી જ સમસ્ત કાર્યમાં દક્ષ. (૬) પરપંડિત નૈપુણિક– અનેક શાસ્ત્રોમાં નિપુણ. (૭) વાદી– શાસ્ત્રાર્થ અથવા વાદ-વિવાદ કરવામાં કુશળ. (૮) ભૂતિકર્મ નૈપુણિક– મંત્રિત ભસ્મ દ્વારા જ્વરાદિને અથવા યક્ષાવેશને ઉતારવામાં કુશળ. (૯) ચિકિત્સા નૈપુણિક– આયુર્વેદ શાસ્ત્રમાં નિપુણ.

### વિવેચન :–

**णेउणिया–** નૈપુણિક. નિપુણનો અર્થ છે સૂક્ષ્મજ્ઞાન. જે વ્યક્તિ જે વિષયમાં સૂક્ષ્મ જ્ઞાનવાન હોય તેને તે વિષયના નૈપુણિક કહે છે. વૃત્તિકારે તેનો બીજો અર્થ પણ કર્યો છે– અનુપ્રવાદ નામના નવમા પૂર્વમાં સૂત્રોક્ત નામવાળા નવ અધ્યયન છે.

### મહાવીર સ્વામીના નવ ગણ :–

**૨૮ समणस्स णं भगवओ महावीरस्स णव गणा होत्था, तं जहा– गोदासगणे, उत्तरबलिस्सहगणे, उद्देहगणे, चारणगणे, उद्दवाइयगणे, विस्सवाइयगणे, कामड्ढियगणे, माणवगणे, कोडियगणे ।**

**ભાવાર્થ :–** શ્રમણ ભગવાન મહાવીર સ્વામીના નવ ગણ(વિભાજન વિશેષ) હતા, તે આ પ્રમાણે છે– (૧)ગોદાસ ગણ, (૨) ઉત્તરબલ્લિસહ ગણ, (૩) ઉદ્દેહ ગણ, (૪) ચારણ ગણ, (૫) ઉદ્દવાદિક ગણ (૬) વિશ્વવાદિક ગણ (૬) કામર્દ્ધિક ગણ, (૮) માનવ ગણ, (૯) કોટિક ગણ.

### વિવેચન :–

પ્રસ્તુત સૂત્રમાં ભગવાન મહાવીર સ્વામીના નવ ગણોના નામ કહ્યા છે. આ જ નવમા સ્થાનના એંસીમાં સૂત્રમાં ભગવાન મહાવીર દ્વારા કથિત વચન છે કે **"જેમ મારે નવ ગણ અને અગિયાર ગણધર છે તેમ પદ્મનાભ તીર્થંકર(શ્રેણિકના જીવ)ને પણ નવ ગણ અને અગિયાર ગણધર થશે."** આ બંને સૂત્ર દ્વારા સ્પષ્ટ થાય છે કે ભગવાન મહાવીરના શ્રમણોને અધ્યયન અધ્યાપન માટે નવ વિભાગોમાં વિભક્ત કરવામાં આવ્યા હતાં. તે નવ વિભાગમાંથી સાત વિભાગના શ્રમણોના ગણધારક એક એક ગણધર હતા અને આઠમા નવમા ગણના ગણધારક બે-બે ગણધર હતા. તે ગણોના નામ ગણધારક

એવા ગણધરોના નામ ઉપરથી નિશ્ચિત થયા નથી પરંતુ અન્ય કોઈ અપેક્ષાએ રાખવામાં આવ્યા હતા, તે નામો આજે ઉપલબ્ધ છે પણ નામકરણની અપેક્ષા ઉપલબ્ધ નથી. નામકરણની વિવિધ અપેક્ષાઓ હોય છે. જે વર્તમાનમાં ઉપલબ્ધ જૈનોના વિવિધ ગચ્છોના નામ ઉપરથી અનુભવ કરી શકાય છે.

## નવકોટિ શુદ્ધ આહાર :–

**૨૯ समणेणं भगवया महावीरेणं समणाणं णिग्गंथाणं णवकोडिपरिसुद्धे भिक्खे पण्णत्ते, तं जहा– ण हणइ, ण हणावेइ, हणंतं णाणुजाणइ, ण पयइ, ण पयावेइ, पयंतं णाणुजाणइ, ण किणइ, ण किणावेइ, किणंतं णाणुजाणइ ।**

**ભાવાર્થ :–** શ્રમણ ભગવાન મહાવીરે શ્રમણ નિર્ગ્રંથો માટે નવ કોટિ શુદ્ધ ભિક્ષાનું નિરૂપણ કર્યું છે, તે આ પ્રમાણે છે– (૧) આહારાદિ માટે સ્વયં જીવોની ઘાત કરે નહીં (૨) ઘાત કરાવે નહીં (૩) ઘાત કરનારની અનુમોદના કરે નહીં (૪) આહારાદિ સ્વયં રાંધે નહીં (૫) બીજા પાસે રંધાવે નહીં (૬) રાંધતા હોય તેની અનુમોદના કરે નહીં (૭) આહારાદિ સ્વયં ખરીદે નહીં, (૮) બીજા પાસેથી ખરીદીને મંગાવે નહીં (૯) ખરીદીને લાવેલા આહારાદિને ગ્રહણ કરે નહીં, તેની અનુમોદના કરે નહીં.

## વિવેચન :–

અહિંસા મહાવ્રતનું નવકોટિથી સંપૂર્ણ રીતે પાલન કરવા માટે શ્રમણોને નવકોટિ વિશુદ્ધ આહાર ગ્રહણ કરવાનો હોય છે. આહારાદિ તૈયાર કરવામાં કે ખરીદવામાં હિંસા આદિ દોષ થાય છે. તેથી તે સાધુને માટે અગ્રાહ્ય છે.

## ઈશાનકલ્પના નવ સંખ્યક સ્થાન :–

**૩૦ ईसाणस्स णं देविंदस्स देवरण्णो वरुणस्स महारण्णो णव अग्गमहिसीओ पण्णत्ताओ ।**

**ભાવાર્થ :–** દેવેન્દ્ર દેવરાજ ઈશાનના લોકપાલ મહારાજા વરુણની નવ અગ્રમહિષીઓ છે.

**૩૧ ईसाणस्स णं देविंदस्स देवरण्णो अग्गमहिसीणं णव पलिओवमाइं ठिई पण्णत्ता ।**

**ભાવાર્થ :–** દેવેન્દ્ર દેવરાજ ઈશાનની અગ્રમહિષીઓની સ્થિતિ નવ પલ્યોપમની છે.

**૩૨ ईसाणे कप्पे उक्कोसेणं देवीणं णव पलिओवमाइं ठिई पण्णत्ता ।**

**ભાવાર્થ :–** ઈશાન દેવલોકની દેવીઓની ઉત્કૃષ્ટ સ્થિતિ નવ પલ્યોપમની છે.

**લોકાંતિક, ગ્રૈવેયક વિમાન :–**

**३३** **णव देवणिकाया पण्णत्ता, तं जहा–**

**सारस्सयमाइच्चा, वण्ही वरुणा य गद्दतोया य ।**
**तुसिया अव्वाबाहा, अग्गिच्चा चेव रिट्ठा य ॥१॥**

**ભાવાર્થ :–** દેવસમૂહ(લોકાન્તિક દેવ) નવ છે, તે આ પ્રમાણે છે– (૧) સારસ્વત, (૨) આદિત્ય, (૩) વહ્નિ, (૪) વરુણ, (૫) ગર્દતોય, (૬) તુષિત, (૭) અવ્યાબાધ, (૮) અગ્ન્યર્ચ(આગ્નેય-મરુત) (૯) રિષ્ટ.

**३४** **अव्वाबाहाणं देवाणं णव देवा णव देवसया पण्णत्ता । एवं अग्गिच्चाणं । एवं रिट्ठाणं ।**

**ભાવાર્થ :–** અવ્યાબાધ નામના સાતમા લોકાંતિકના સ્વામી દેવ નવ છે અને તેનો નવસો દેવોનો પરિવાર છે.

તે જ પ્રમાણે આઠમા અગ્ન્યર્ચ જાતિના અને નવમા રિષ્ટ જાતિના લોકાંતિક દેવોના સ્વામી દેવ નવ છે અને તેનો નવસો દેવોનો પરિવાર છે.

**३५** **णव गेवेज्ज विमाण पत्थडा पण्णत्ता, तं जहा– हेट्ठिम हेट्ठिम गेविज्ज विमाण पत्थडे, हेट्ठिम मज्झिम गेविज्ज विमाण पत्थडे, हेट्ठिम उवरिम गेविज्ज विमाण पत्थडे, मज्झिम हेट्ठिम गेविज्ज विमाण पत्थडे, मज्झिम मज्झिम गेविज्ज विमाण पत्थडे, मज्झिम उवरिम गेविज्ज विमाण पत्थडे, उवरिम हेट्ठिम गेविज्ज विमाण पत्थडे, उवरिम मज्झिम गेविज्ज विमाण पत्थडे, उवरिम उवरिम गेविज्ज विमाण पत्थडे ।**

**ભાવાર્થ :–** ગ્રૈવેયક વિમાનના પ્રસ્તટ(પ્રતર) નવ છે, જેમ કે– (૧) અધસ્તન ત્રિકના અધસ્તન ગ્રૈવેયક વિમાન પ્રતર (૨) અધસ્તન ત્રિકના મધ્યમ ગ્રૈવેયક વિમાન પ્રતર (૩) અધસ્તન ત્રિકના ઉપરિતન ગ્રૈવેયક વિમાન પ્રતર (૪) મધ્યમ ત્રિકના અધસ્તન ગ્રૈવેયક વિમાન પ્રતર (૫) મધ્યમ ત્રિકના મધ્યમ ગ્રૈવેયક વિમાન પ્રતર (૬) મધ્યમ ત્રિકના ઉપરિતન ગ્રૈવેયક વિમાન પ્રતર (૭) ઉપરિતન ત્રિકના અધસ્તન ગ્રૈવેયક વિમાન પ્રતર (૮) ઉપરિતન ત્રિકના મધ્યમ ગ્રૈવેયક વિમાન પ્રતર (૯) ઉપરિતન ત્રિકના ઉપરિતન ગ્રૈવેયક વિમાન પ્રતર.

**३६** **एएसि णं णवण्हं गेविज्ज विमाण पत्थडाणं णव णामधिज्जा पण्णत्ता, तं जहा–**

**भद्दे सुभद्दे सुजाए, सोमणसे पियदंसणे ।**
**सुदंसणे अमोहे य, सुप्पबुद्धे जसोधरे ॥१॥**

**ભાવાર્થ :–** આ ગ્રૈવેયક વિમાનોના નવ પ્રસ્તટોના નવ નામ છે, તે આ પ્રમાણે છે– (૧) ભદ્ર, (૨) સુભદ્ર, (૩) સુજાત, (૪) સોમનસ, (૫) પ્રિયદર્શન, (૬) સુદર્શન, (૭) અમોઘ, (૮) સુપ્રબુદ્ધ, (૯) યશોધર.

**વિવેચન :–**

આઠમા સ્થાનના ૪૮, ૪૯સૂત્રમાં આઠ કૃષ્ણરાજીઓના આઠ અવકાશાન્તરોમાં આઠ લોકાન્તિક વિમાનનું કથન છે. તેમાં સારસ્વત વગેરે આઠ દેવ રહે છે. નવમા રિષ્ટ નામના લોકાન્તિક દેવ કૃષ્ણરાજીની મધ્યમાં રિષ્ટાભ વિમાનમાં નિવાસ કરે છે. લોકાંતિક દેવોનું વિશેષ વર્ણન ભગવતી સૂત્ર શતક-૬ ઉદ્દેશક-૫માં છે. નવ ગ્રૈવેયક વિમાનનું કથન ભાવાર્થથી સ્પષ્ટ છે.

**આયુષ્ય પરિણામ :–**

**૩૭ णवविहे आउपरिणामे पण्णत्ते, तं जहा– गइपरिणामे, गइबंधणपरिणामे, ठिईपरिणामे, ठिईबंधणपरिणामे, उड्ढंगारवपरिणामे, अहेगारवपरिणामे, तिरियंगारव- परिणामे, दीहंगारवपरिणामे, रहस्संगारवपरिणामे ।**

**ભાવાર્થ :–** આયુ પરિણામના(આયુ સ્વભાવના), નવ પ્રકાર છે. તે આ પ્રમાણે છે–

(૧) ગતિ પરિણામ– જીવને દેવાદિ નિયત ગતિ પ્રાપ્ત કરાવવાનો આયુષ્યનો સ્વભાવ. જે ગતિમાં જવું હોય તે ગતિમાં પહોંચાડી દેનારું આયુષ્ય કર્મ તે ગતિ પરિણામ કહેવાય.

(૨) ગતિ બંધન પરિણામ– નિશ્ચિત ગતિને યોગ્ય કર્મબંધ કરાવવાનો આયુષ્યનો સ્વભાવ. જેમ– નરકાયુના સ્વભાવથી જ નારકી, મનુષ્ય અથવા તિર્યંચ ગતિનામકર્મનો બંધ કરે છે. કારણ કે નારકો મરીને નરક કે દેવગતિમાં જતા નથી.

(૩) સ્થિતિ પરિણામ– ભવ સંબંધિત અંતર્મુહૂર્તથી લઈને ૩૩ સાગરોપમ સુધીની સ્થિતિના યથાયોગ્ય સ્થાને લઈ જનારું આયુષ્ય કર્મ તે સ્થિતિ પરિણામ કહેવાય.

(૪) સ્થિતિબંધ પરિણામ– આયુષ્ય કર્મની જે શક્તિથી જીવ આગામી ભવનું પ્રતિનિયત સ્થિતિનું આયુષ્ય કર્મ બાંધે છે, અર્થાત્ યોગ્ય સ્થિતિ બંધ કરાવવાનો આયુષ્યનો સ્વભાવ છે. જેમ કે કોઈ તિર્યંચ પચેંદ્રિયનો જીવ જો દેવાયુનો બંધ કરે તો તે વધારેમાં વધારે ૧૮ સાગરોપમનું આયુષ્ય બાંધે અને નરકના આયુષ્યનો બંધ કરે તો ૩૩ સાગરોપમનું આયુષ્ય બાંધી શકે છે.

(૫) ઊર્ધ્વ ગૌરવ પરિણામ–જે આયુષ્ય સ્વભાવથી જીવની ગમન શક્તિ ઊર્ધ્વ દિશા તરફ થાય, તે ઊર્ધ્વ ગૌરવ પરિણામ. અહીં ગૌરવનો અર્થ છે ગમન.

(૬) અધો ગૌરવ પરિણામ– જે આયુષ્ય શક્તિથી જીવ નીચી દિશા તરફ જાય.

(૭) તિર્યગ્ગૌરવ પરિણામ– જે આયુષ્ય શક્તિથી જીવ પૂર્વાદિ દિશાઓમાં જાય.

(૮) દીર્ઘ ગૌરવ પરિણામ–જે આયુષ્ય શક્તિથી જીવ ઘણા દૂર સુધી જાય. એક લોકાન્તથી બીજા લોકાન્ત સુધી ગમન કરે.

(૯) હ્રસ્વ ગૌરવ પરિણામ– જે આયુષ્ય શક્તિથી જીવને થોડે દૂર સુધી જ જવાની શક્તિ પ્રાપ્ત થાય.

### વિવેચન :–

**આયુષ્ય પરિણામ–** આયુષ્ય તે એક કર્મ વિશેષ છે. તે કર્મોદય જીવને તે તે ભવમાં રોકી રાખે છે. પરિણામ એટલે સ્વભાવ, શક્તિ, ધર્મ. આયુષ્ય પરિણામ એટલે આયુષ્યનો સ્વભાવ, આયુષ્યની શક્તિ.

આગામી ભવનું આયુષ્ય બંધાય તે સાથે તે આયુષ્યના સ્વભાવ અને શક્તિથી ગતિ વગેરે પરિણામ નિશ્ચિત થાય છે. દેવ આયુષ્યનો બંધ થાય તો તે આયુષ્યનો સ્વભાવ છે કે તે દેવગતિ પ્રાપ્ત થાય છે. દેવાયુનો બંધ થયો હોય તો સ્વભાવથી જ દેવ પ્રાયોગ્ય કર્મોનો વિશેષ સંગ્રહ થાય છે. માટે તે ગતિ, સ્થિતિ આદિને આયુષ્ય પરિણામ કહ્યા છે.

### નવનવમિકા ભિક્ષુ પડિમા :–

**૩૮ णवणवमिया णं भिक्खुपडिमा एगासीईए राइंदिएहिं चउहि य पंचुत्तरेहिं भिक्खासएहिं अहासुत्तं *जाव* आराहिया यावि भवइ ।**

**ભાવાર્થ :–** નવ નવમિકા ભિક્ષુ પ્રતિમા ૮૧ દિવસ-રાતથી તથા ૪૦૫ ભિક્ષાદત્તિઓથી યથાસૂત્ર, યથાઅર્થ, યથાતત્ત્વ, યથામાર્ગ, યથાકલ્પ તથા સમ્યક્ પ્રકારે કાયાથી આચરિત, પાલિત, શોધિત, પૂરિત કીર્તિત અને આરાધિત કરાય છે.

### વિવેચન :–

નવમી ભિક્ષુ પ્રતિમા નવ નવમિકા ૯×૯ = ૮૧ અહોરાત્રની હોય છે. પ્રથમ નવદિવસમાં એકદત્તિ આહાર, એક દત્તિ પાણી; બીજા નવ દિવસમાં બે દત્તિ આહાર, બેદત્તિ પાણી. આ રીતે પ્રથમ નવ દિવસમાં આહાર-પાણીની ૯ દત્તિ, બીજા નવ દિવસમાં ૧૮ દત્તિ, ત્રીજા નવ દિવસમાં ૨૭, તે જ રીતે ક્રમશઃ ૩૬, ૪૫, ૫૪, ૬૩, ૭૨, ૮૧ = કુલ ૪૦૫ દત્તિ ઉત્કૃષ્ટ રૂપે આ પ્રતિમામાં થાય છે.

### પ્રાયશ્ચિત પ્રકાર :–

**૩૯ णवविहे पायच्छित्ते पण्णत्ते, तं जहा– आलोयणारिहे, पडिक्कमणारिहे, तदुभयारिहे, विवेगारिहे विउस्सग्गारिहे, तवारिहे, छेयारिहे, मूलारिहे, अणवट्ठप्पारिहे।**

**ભાવાર્થ :–** પ્રાયશ્ચિત્ત નવ પ્રકારના છે, તે આ પ્રમાણે છે– (૧) આલોચના યોગ્ય– જે દોષની શુદ્ધિ આલોચનાથી થાય. (૨) પ્રતિક્રમણ યોગ્ય– જે દોષની શુદ્ધિ 'તસ્સ મિચ્છામિ દુક્કડમ્' કહેવાથી થાય. (૩) તદુભય યોગ્ય–જે દોષની શુદ્ધિ આલોચના અને પ્રતિક્રમણ બંનેથી થાય. (૪) વિવેક યોગ્ય– જે દોષની શુદ્ધિ 'હવે પછી ફરી આવું નહીં કરું' તેમ ગુરુ સાક્ષીએ પ્રતિજ્ઞા કરવાથી થાય અથવા તેવા પ્રકારના દોષ યુક્ત આહારના ત્યાગથી કે પરઠવાથી પ્રાયશ્ચિત્ત થઈ જાય તે વિવેક યોગ્ય પ્રાયશ્ચિત કહેવાય. (૫) વ્યુત્સર્ગ યોગ્ય– જે દોષની શુદ્ધિ કાયોત્સર્ગથી થાય. (૬) તપ યોગ્ય– જે દોષની શુદ્ધિ તપ વિશેષથી થાય. (૭) છેદ યોગ્ય– જે દોષની શુદ્ધિ દીક્ષા પર્યાયનો છેદ કરવાથી થાય. (૮) મૂલ યોગ્ય– જે દોષની શુદ્ધિ મહાવ્રતોનું ફરી આરોપણ કરવાથી થાય. (૯) અનવસ્થાપ્ય યોગ્ય–જે દોષની શુદ્ધિ વિશિષ્ટ તપસ્યાપૂર્વક પુનઃ દીક્ષા આપવાથી થાય.

## વિવેચન :–

છટ્ઠાસ્થાન સૂત્ર-૧૮માં છ પ્રકારના, આઠમા સ્થાન સૂત્ર-૨૩માં આઠ પ્રકારના પ્રાયશ્ચિત્તનું કથન છે. અહીં નવમા સ્થાનમાં અનવસ્થાપ્ય સહિત નવ પ્રકારના પ્રાયશ્ચિત્તનું નિરૂપણ છે.

## જંબૂદ્વીપના ફૂટ :–

**૪૦ जंबुद्दीवे दीवे मंदरस्स पव्वयस्स दाहिणे णं भरहे वासे दीहवेयड्ढे णव कूडा पण्णत्ता, तं जहा–**

**सिद्धे भरहे खंडग, माणी वेयड्ढ पुण्ण तिमिसगुहा ।**
**भरहे वेसमणे या, भरहे कूडाण णामाइं ॥१॥**

**ભાવાર્થ :–** જંબૂદ્વીપ નામના દ્વીપમાં મંદર પર્વતની દક્ષિણમાં ભરત ક્ષેત્રના દીર્ઘ વૈતાઢ્ય પર્વતના નવ ફૂટ છે, તે આ પ્રમાણે છે– (૧) સિદ્ધાયતન ફૂટ, (૨) ભરત ફૂટ, (૩) ખંડપ્રપાત ગુફા ફૂટ, (૪) માણિભદ્ર ફૂટ, (૫) વૈતાઢ્ય ફૂટ, (૬) પૂર્ણભદ્ર ફૂટ, (૭) તિમિસ્રાગુફા ફૂટ, (૮) ભરત ફૂટ, (૯) વૈશ્રમણ ફૂટ.

**૪૧ जंबुद्दीवे दीवे मंदरस्स पव्वयस्स दाहिणे णं णिसहे वासहरपव्वए णव कूडा पण्णत्ता, तं जहा–**

**सिद्धे णिसहे हरिवासे, विदेह हरि धिइ य सीओया ।**
**अवरविदेहे रुयगे, णिसहे कूडाण णामाणि ॥१॥**

**ભાવાર્થ :–** જંબૂદ્વીપ નામના દ્વીપમાં મંદરપર્વતની દક્ષિણમાં નિષધ વર્ષધર પર્વત ઉપર નવ ફૂટ છે, તે આ પ્રમાણે છે– (૧) સિદ્ધાયતન ફૂટ, (૨) નિષધ ફૂટ, (૩) હરિવર્ષ ફૂટ, (૪) પૂર્વવિદેહ ફૂટ, (૫) હરિ ફૂટ, (૬) ધૃતિ ફૂટ, (૭) સીતોદા ફૂટ, (૮) અપરવિદેહ ફૂટ, (૯) રુચક ફૂટ.

**૪૨ जंबुद्दीवे दीवे मंदरपव्वए णंदणवणे णव कूडा पण्णत्ता, तं जहा–**

**णंदणे मंदरे चेव, णिसहे हेमवए रयय रुयए य ।**
**सागरचित्ते वइरे, बलकूडे चेव बोद्धव्वे ॥१॥**

**ભાવાર્થ :–** જંબૂદ્વીપ નામના દ્વીપમાં મંદરપર્વતના નંદનવનમાં નવ કૂટ છે, તે આ પ્રમાણે છે– (૧) નંદન કૂટ, (૨) મંદર કૂટ, (૩) નિષધ કૂટ, (૪) હેમવત કૂટ, (૫) રજત કૂટ, (૬) રુચક કૂટ, (૭) સાગરચિત્ર કૂટ, (૮) વજ્ર કૂટ, (૯) બલ કૂટ.

**૪૩ जंबुद्दीवे दीवे मालवंतवक्खारपव्वए णव कूडा पण्णत्ता, तं जहा–**

**सिद्धे य मालवंते, उत्तरकुरु कच्छ सागरे रयए ।**
**सीया य पुण्णणामे, हरिस्सहकूडे य बोद्धव्वे ॥१॥**

**ભાવાર્થ :–** જંબૂદ્વીપ નામના દ્વીપમાં(મંદરપર્વતની ઉત્તરમાં ઉત્તરકુરુના પશ્ચિમ ભાગમાં) માલ્યવાન્ વક્ષસ્કાર પર્વત ઉપર નવ કૂટ છે, તે પ્રમાણે છે– (૧) સિદ્ધાયતન કૂટ, (૨) માલ્યવાન્ કૂટ, (૩) ઉત્તરકુરુ કૂટ, (૪) કચ્છ કૂટ, (૫) સાગર કૂટ, (૬) રજત કૂટ, (૭) સીતા કૂટ, (૮) પૂર્ણભદ્ર કૂટ, (૯) હરિસ્સહ કૂટ.

**૪૪ जंबुद्दीवे दीवे कच्छे दीहवेयड्ढे णव कूडा पण्णत्ता, तं जहा–**

**सिद्धे कच्छे खंडग माणी, वेयड्ढ पुण्ण तिमिसगुहा ।**
**कच्छे वेसमणे य, कच्छे कूडाण णामाइं ॥१॥**

**ભાવાર્થ :–** જંબૂદ્વીપ નામના દ્વીપમાં(પૂર્વ મહાવિદેહમાં)કચ્છ વિજયના દીર્ઘ વૈતાઢ્ય પર્વત ઉપર નવ કૂટ છે, તે આ પ્રમાણે છે– (૧) સિદ્ધાયતન કૂટ, (૨) કચ્છ કૂટ, (૩) ખંડપ્રપાતગુફા કૂટ, (૪) માણિભદ્ર કૂટ, (૫) વૈતાઢ્ય કૂટ (૬) પૂર્ણભદ્ર કૂટ, (૭) તિમિસગુફા કૂટ, (૮) કચ્છ કૂટ, (૯) વૈશ્રમણ કૂટ. આ કચ્છ વિજયના વૈતાઢ્ય પર્વત પરના કૂટોના નામો છે.

**૪૫ जंबूद्दीवे दीवे सुकच्छे दीहवेयड्ढे णव कूडा पण्णत्ता, तं जहा–**

**सिद्धे सुकच्छे खंडग माणी, वेयड्ढ पुण्ण तिमिसगुहा ।**
**सुकच्छे वेसमणे य, सुकच्छे कूडाण णामाइं ॥१॥**

**एवं** *जाव* **पोक्खलावइम्मि दीहवेयड्ढे । एवं वच्छे दीहवेयड्ढे । एवं** *जाव* **मंगलावइम्मि दीहवेयड्ढे ।**

**ભાવાર્થ :–** જંબૂદ્વીપ નામના દ્વીપમાં(પૂર્વ મહાવિદેહ ક્ષેત્રમાં) સુકચ્છ વિજયવર્તી દીર્ઘ વૈતાઢ્ય પર્વત ઉપર નવ કૂટ છે, તે આ પ્રમાણે છે– (૧) સિદ્ધાયતન કૂટ, (૨) સુકચ્છ કૂટ, (૩) ખંડપ્રપાતગુફા કૂટ, (૪)

માણિભદ્ર કૂટ, (૫) વૈતાઢ્ય કૂટ, (૬) પૂર્ણભદ્ર કૂટ, (૭) તિમિસ્રગુફા કૂટ, (૮) સુકચ્છ કૂટ, (૯) વૈશ્રમણ કૂટ. આ સુકચ્છ વિજયના વૈતાઢ્ય પર્વત પરના કૂટોના નામો છે.

તે જ રીતે મહાકચ્છ, કચ્છકાવતી, આવર્ત, મંગલાવર્ત, પુષ્કલ અને પુષ્કલાવતી વિજયના દીર્ઘ વૈતાઢ્ય પર્વતોની ઉપર નવ-નવ કૂટ છે. તે જ રીતે વત્સ વિજયના દીર્ઘ વૈતાઢ્ય પર્વત ઉપર નવ કૂટ છે. તે જ રીતે સુવત્સ, મહાવત્સ, વત્સકાવતી, રમ્ય, રમ્યક્, રમણીય, મંગલાવતી વિજયના વૈતાઢ્ય પર્વત ઉપર નવ-નવ કૂટ જાણવા.

**૪૬ जंबूद्दीवे दीवे विज्जुप्पभे वक्खारपव्वए णव कूडा पण्णत्ता, तं जहा–**

**सिद्धे य विज्जुणामे, देवकुरा पम्ह कणग सोवत्थी ।**
**सीओदा य सयजले, हरिकूडे चेव बोद्धव्वे ॥१॥**

**ભાવાર્થ :–** જંબૂદ્વીપ નામના દ્વીપમાં વિદ્યુત્પ્રભ વક્ષસ્કાર પર્વત ઉપર નવ કૂટ છે, તે આ પ્રમાણે છે– (૧) સિદ્ધાયતન કૂટ, (૨) વિદ્યુત્પ્રભ કૂટ, (૩) દેવકુરુ કૂટ, (૪) પક્ષ્મ કૂટ, (૫) કનક કૂટ, (૬) સ્વસ્તિક કૂટ, (૭) સીતોદા કૂટ, (૮) શતજલ કૂટ, (૯) હરિ કૂટ.

**૪૭ जंबुद्दीवे दीवे पम्हे दीहवेयड्ढे णव कूडा पण्णत्ता, तं जहा–**

**सिद्धे पम्हे खंडग माणी, वेयड्ढ पुण्ण तिमिसगुहा ।**
**पम्हे वेसमणे य, पम्हे कूडाण णामाइं ॥१॥**

**ભાવાર્થ :–** જંબૂદ્વીપ નામના દ્વીપમાં[પશ્ચિમ મહાવિદેહ ક્ષેત્રમાં] પક્ષ્મવિજયના દીર્ઘ વૈતાઢ્ય પર્વત ઉપર નવ કૂટ છે, તે આ પ્રમાણે છે– (૧) સિદ્ધાયતન કૂટ, (૨) પક્ષ્મ કૂટ, (૩) ખંડપ્રપાતગુફા કૂટ, (૪) માણિભદ્ર કૂટ, (૫) વૈતાઢ્ય કૂટ, (૬) પૂર્ણભદ્ર કૂટ, (૭) તિમિસ્રગુફા કૂટ, (૮) પક્ષ્મ કૂટ, (૯) વૈશ્રમણ કૂટ. આ પક્ષ્મ વિજયના કૂટોના નામ છે.

**૪૮ एवं चेव** *जाव* **सलिलावइम्मि दीहवेयड्ढे । एवं वप्पे दीहवेयड्ढे । एवं** *जाव* **गंधिलावइम्मि दीहवेयड्ढे णव कूडा पण्णत्ता, तं जहा–**

**सिद्धे गंधिल खंडग माणी, वेयड्ढ पुण्ण तिमिसगुहा ।**
**गंधिलावइ वेसमणे, कूडाणं होंति णामाइं ॥१॥**

**एवं सव्वेसु दीहवेयड्ढेसु दो कूडा सरिसणामगा, सेसा ते चेव ।**

**ભાવાર્થ :–** તે જ રીતે સુપક્ષ્મ, મહાપક્ષ્મ, પક્ષ્માવતી, શંખ, નલિન, કુમુદ અને સલિલાવતી વિજયના દીર્ઘ વૈતાઢ્ય પર્વત ઉપર નવ-નવ કૂટ છે.

તે જ રીતે વપ્ર વિજયના દીર્ઘ વૈતાઢ્ય પર્વત ઉપર નવ કૂટ છે.

તે જ રીતે સુવપ્ર, મહાવપ્ર, વપ્રકાવતી, વલ્ગુ, સુવલ્ગુ, ગંધિલ અને ગંધિલાવતી વિજયના દીર્ઘ વૈતાઢ્ય પર્વત ઉપર નવ-નવ કૂટ છે, તે આ પ્રમાણે છે– (૧) સિદ્ધાયતન કૂટ, (૨) ગંધિલાવતી કૂટ, (૩) ખંડપ્રપાતગુફા કૂટ, (૪) માણિભદ્ર કૂટ, (૫) વૈતાઢ્ય કૂટ, (૬) પૂર્ણભદ્ર કૂટ, (૭) તિમિસ્રગુફા કૂટ, (૮) ગંધિલાવતી કૂટ, (૯) વૈશ્રમણ કૂટ.

તે જ રીતે બધા દીર્ઘ વૈતાઢ્યો ઉપર બબ્બે(બીજું અને આઠમું) કૂટ સરખા નામવાળા છે અને તે વિજયના નામના છે. શેષ સાત કૂટ સમાન નામવાળા હોય છે.

**૪૯** **जंबुद्दीवे दीवे मंदरस्स पव्वयस्स उत्तरे णं णीलवंते वासहरपव्वए णव कूडा पण्णत्ता, तं जहा–**

**सिद्धे णीलवंते विदेह, सीया कित्ती य णारिकंता य ।**
**अवरविदेहे रम्मगकूडे, उवदंसणे चेव ॥१॥**

**ભાવાર્થ :–** જંબૂદ્વીપ નામના દ્વીપમાં મંદરપર્વતની ઉત્તરમાં નીલવંત વર્ષધર પર્વત ઉપર નવ કૂટ છે, તે આ પ્રમાણે છે– (૧) સિદ્ધાયતન કૂટ, (૨) નીલવાન કૂટ, (૩) પૂર્વવિદેહ કૂટ, (૪) સીતા કૂટ, (૫) કીર્તિ કૂટ, (૬) નારિકંતા કૂટ, (૭) અપરવિદેહ કૂટ, (૮) રમ્યક્ કૂટ, (૯) ઉપદર્શન કૂટ.

**૫૦** **जंबुद्दीवे दीवे मंदरस्स पव्वयस्स उत्तरे णं एरवए दीहवेयड्ढे णव कूडा पण्णत्ता, तं जहा–**

**सिद्धेरवए खंडग माणी, वेयड्ढ पुण्ण तिमिसगुहा ।**
**एरवए वेसमणे, एरवए कूडणामाइं ॥१॥**

**ભાવાર્થ :–** જંબૂદ્વીપ નામના દ્વીપમાં મંદરપર્વતની ઉત્તરમાં ઐરવત ક્ષેત્રના દીર્ઘ વૈતાઢ્ય પર્વત ઉપર નવ કૂટ છે, તે આ પ્રમાણે છે– (૧) સિદ્ધાયતન કૂટ, (૨) ઐરવત કૂટ, (૩) ખંડપ્રપાતગુફા કૂટ, (૪) માણિભદ્ર કૂટ, (૫) વૈતાઢ્ય કૂટ, (૬) પૂર્ણભદ્ર કૂટ (૭) તિમિસ્રગુફા કૂટ, (૮) ઐરવત કૂટ, (૯) વૈશ્રમણ કૂટ.

**ભગવાન પાર્શ્વનાથની ઊંચાઈ :–**

**૫૧** **पासे णं अरहा पुरिसादाणिए वज्जरिसहणारायसंघयणे समचउरंस संठाण- संठिए णव रयणीओ उड्ढं उच्चत्तेणं होत्था ।**

**ભાવાર્થ :–** પુરુષાદાનીય તીર્થંકર પાર્શ્વનાથ પ્રભુ વજ્રઋષભનારાચ સંહનન, સમચતુરસ્ર સંસ્થાન-વાળા અને નવ હાથ ઊંચા હતા.

## તીર્થંકર નામકર્મ બાંધનારા જીવો :–

**૫૨ समणस्स णं भगवओ महावीरस्स तित्थंसि णवहिं जीवेहिं तित्थयरणामगोत्ते कम्मे णिव्वत्तिए, तं जहा– सेणिएणं, सुपासेणं, उदाइणा, पोट्टिलेणं अणगारेणं, दढाउणा, संखेणं, सतएणं, सुलसाए सावियाए, रेवईए ।**

**ભાવાર્થ :–** શ્રમણ ભગવાન મહાવીરના તીર્થમાં નવ જીવોએ તીર્થંકર નામ ગોત્ર કર્મ અર્જિત કર્યું છે, તે આ પ્રમાણે છે– (૧) શ્રેણિક, (૨) સુપાર્શ્વ, (૩) ઉદાયી, (૪) પોટ્ટિલ અણગાર, (૫) દઢાયુ, (૬) શંખ શ્રાવક, (૭) શતક શ્રાવક, (૮) સુલસા શ્રાવિકા, (૯) રેવતી શ્રાવિકા.

## વિવેચન :–

ભગવાન મહાવીર સ્વામીના તીર્થમાં, ભગવાનની ઉપસ્થિતિમાં નવ જીવોએ તીર્થંકર નામકર્મનો બંધ કર્યો છે, તેઓનો પરિચય આ પ્રમાણે છે–

**(૧) શ્રેણિક :–** તેઓ મગધદેશના રાજા હતા. તેઓનું વિસ્તૃત વર્ણન નિરયાવલિકા સૂત્રમાં છે. તે આગામી ચોવીસીમાં, આવતી ઉત્સર્પિણી કાળના ત્રીજા આરામાં પદ્મનાભ(મહાપદ્મ) નામના પ્રથમ તીર્થંકર થશે.

**(૨) સુપાર્શ્વ :–** તેઓ ભગવાન મહાવીરના કાકા હતા. તેઓ આવતી ચોવીસીમાં 'સૂર' નામે બીજા તીર્થંકર થશે.

**(૩) ઉદાયી :–** તે શ્રેણિકના પ્રપૌત્ર અને કોણિકના પુત્ર હતા. પિતાના મૃત્યુ બાદ તેઓએ પાટલી પુત્ર નગર વસાવ્યું અને ત્યાં જ રહેતા હતા. જૈનધર્મ પ્રતિ તેઓને પરમ આસ્થા હતી. પર્વતિથિઓમાં પૌષધ કરીને ધર્મ આરાધના કરતા હતા. એક શત્રુરાજાના પુત્રે ઉદાયી રાજાને મારી નાંખવા ષડયંત્ર રચ્યું. તે પાટલીપુત્ર આવી રાજાના સેવક તરીકે રહી છિદ્ર શોધવા લાગ્યો. તે એક પણ છિદ્ર શોધી ન શક્યો. તે સમય દરમ્યાન તેણે જોયું કે આ રાજ્યમાં જૈન સાધુઓ કોઈ પણ જાતની પૂછપરછ વિના રાજમહેલમાં આવાગમન કરી શકે છે. રાજકુળમાં પ્રવેશ કરવાની લાલસા તથા રાજા ઉદાયીને મારી નાંખવાનો ઉપાય મેળવવા તેણે જૈન આચાર્ય પાસે દીક્ષા લીધી. મનમાં કપટ તથા વૈરભાવ રાખીને તે સાધ્વાચારનું પૂર્ણ રીતે પાલન કરવા લાગ્યો અને વિનય દ્વારા આચાર્યના દિલને જીતી લીધું. મહારાજ ઉદાયી પ્રત્યેક આઠમ-ચૌદસના પૌષધ કરીને આચાર્ય પાસે ધર્મકથા સાંભળતા હતા. એકદા રાજાએ પૌષધ કર્યો. રાત્રે ધર્મ જાગરણ કરી, રાજા અને આચાર્ય બંને નિદ્રાધીન થયા. કપટી સાધુએ ધારદાર કાતર પોતાની પાસે છૂપાવીને રાખી હતી. યોગ્ય અવસર જોઈને તેને રાજાના ગળામાં ખોસી દીધી. રાજાનું કોમળ ગળુ છેદાઈ ગયું અને લોહી વહેવા લાગ્યું. તે પાપી શ્રમણ ત્યાંથી બહાર નીકળી ગયો. સાધુ હોવાથી પહેરગીરોએ તેને રોક્યો નહીં.

રક્તની ધારા વહેતી વહેતી આચાર્યની પથારી પાસે પહોંચી. એક જ આસન ઉપર સૂતેલા આચાર્ય રક્તની ભિનાશથી જાગી ગયા અને જોયું તો, રાજાનું ગળું છેદાયેલું હતું, શિષ્યની અનુપસ્થિતિથી પરિસ્થિતિ પામી ગયા. આચાર્યે વિચાર્યું જૈન શાસનની નિંદા થશે કે એક આચાર્યે શ્રાવક રાજાને મારી નાંખ્યા. શાસનને નિંદાથી બચાવવા આચાર્યે સંથારાના પ્રત્યાખ્યાન કરી તે જ કાતરથી પોતાનું મૃત્યુ સ્વીકારી લીધું. પ્રાતઃ કાળે નગરમાં વાત ફેલાઈ ગઈ કે રાજા તથા આચાર્યની હત્યા તેના શિષ્યે કરી છે, તે કપટી, વેષધારી સાધુ કોઈ રાજાનો પુત્ર હોવો જોઈએ. સૈનિકોના શોધવા છતાં મળતો નથી. પ્રજાએ રાજા અને આચાર્યના દેહની અંત્યક્રિયા કરી. તે ઉદાયી રાજા આવતી ચોવીસીમાં 'સુપાર્શ્વ' નામે ત્રીજા તીર્થંકર થશે.

(૪) **પોટ્ટિલ અણગાર**નો જીવ 'સ્વયંપ્રભ' નામના ચોથા તીર્થંકર થશે. વિસ્તૃત વર્ણન જ્ઞાતાસૂત્રમાં છે.

(૫) **દઢાયુનો** જીવ 'સર્વાનુભૂતિ' નામના પાંચમા તીર્થંકર થશે. તેનો પરિચય અપ્રાપ્ત છે.

**(૬) શંખ :–** શ્રાવસ્તી નગરીમાં શંખ શ્રાવક હતા. તેમનું વિસ્તૃત વર્ણન ભગવતી સૂત્ર શતક ૧૨/૧ માં છે. તે મહાવિદેહથી મુક્ત થશે પરંતુ તીર્થંકર થશે નહીં. આવતી ચોવીસીમાં ઉદય નામના સાતમા તીર્થંકર થનાર 'શંખ' અજ્ઞાત છે.

**(૭) શતક :–** તેનો પરિચય આગમમાં અનુપલબ્ધ છે. ટીકાકારે શંખ શ્રાવકના સહચારી પુષ્કલી શ્રાવકનું અપરનામ શતક બતાવ્યું છે પણ તેવું કોઈ આગમથી ફલિત થતું નથી. શતક આવતી ચોવીસીમાં શતકીર્તિ નામના દસમા તીર્થંકર થશે.

**(૮) સુલસા :–** રાજગૃહ નગરમાં પ્રસેનજિત રાજા(શ્રેણિકના પિતા) રાજ્ય કરતા હતા. તેમનો નાગ નામનો સારથી હતો અને તેની પત્નીનું નામ સુલસા હતું. એકવાર દેવસભામાં સુલસાના સમ્યક્ત્વની પ્રશંસા થઈ. તે સાંભળી એક દેવને તેની પરીક્ષા કરવાનું મન થયું અને તે સાધુનો વેશ લઈ સુલસાને ઘેર આવ્યો. તેણે સુલસા પાસે ઔષધિ માટે લક્ષપાક તેલની યાચના કરી. પ્રમોદિત ભાવે સુલસાએ લક્ષપાક તેલનું પાત્ર લીધું પણ દેવ માયાથી તે પડીને ફૂટી ગયું. તે જ રીતે બીજું, ત્રીજું પાત્ર પણ ફૂટી ગયું. છતાં પણ સુલસાને ખેદ ન થયો. પ્રસન્ન ચિત્તે તેલ વહોરાવવાના જ ભાવ રાખ્યા. તે જોઈ દેવ પ્રસન્ન થયા. તેણે સુલસાને ૩૨ ગુટિકા આપી અને કહ્યું કે પ્રત્યેક ગુટિકાના સેવનથી એક એક પુત્રની પ્રાપ્તિ થશે. સુલસાએ ૩૨ લક્ષણયુક્ત એક જ પુત્ર થાય તેવા ભાવથી ૩૨ ગુટિકા એક સાથે લઈ લીધી અને તે ૩૨ પુત્રની માતા બની. દઢ શ્રદ્ધાશીલ સુલસા આગામી ચોવીસીમાં 'નિર્મમ' નામના સોળમા તીર્થંકર થશે.

**(૯) રેવતી :–** એકવાર ભગવાન મહાવીર 'મેંઢિકગ્રામ' નામના નગરમાં વિચરતા હતા. ત્યાં તેમને પિતજ્વરના કારણે અતિસાર લોહીવા-મરડાનો રોગ થયો. લોકોમાં વાયકા ફેલાઈ ગઈ કે ગોશાલાએ મૂકેલી તેજોલેશ્યાના કારણે ભગવાનને મરડો થયો છે અને છ મહિનામાં કાળધર્મ પામી જશે. ભગવાનના શિષ્ય સિંહમુનિએ આ વાત સાંભળી ત્યારે તેઓ ભગવાન પ્રત્યેના સ્નેહના કારણે રૂદન કરવા લાગ્યા. ભગવાને સિંહ મુનિને પાસે બોલાવી કહ્યું– સિંહમુનિ ! તમે જે વિચારો છો તે યથાર્થ નથી. હું આજથી સાડાપંદર વર્ષ પર્યંત કેવળી પર્યાયમાં વિચરવાનો છું. તમે નગરમાં જાઓ ત્યાં રેવતી શ્રાવિકા રહે છે.

તેણીએ મારા માટે કોળાપાક બનાવ્યો છે, તે લેતા નહીં પરંતુ તેના ઘેર બિજોરાપાક છે, તે લઈ આવો. તે મારા માટે હિતકારી છે. સિંહમુનિ ગયા અને ભગવાનના કહ્યા પ્રમાણે બિજોરાપાક વહોરી લાવ્યા. તે રેવતી શ્રાવિકા આગામી ચોવીસીમાં ચિત્રગુપ્ત નામના સત્તરમાં તીર્થંકર થશે.

આ કથાનકોમાં તે નવ જીવોએ કેવી રીતે, કયા કારણથી તીર્થંકર નામકર્મનો બંધ કર્યો તેનો ઉલ્લેખ નથી. શંખ, રેવતીનું વર્ણન ભગવતી સૂત્રમાં પ્રાપ્ત થાય છે પણ ત્યાં તેઓ ભાવી તીર્થંકર થશે તેવો કોઈ ઉલ્લેખ નથી.

## ભાવી તીર્થંકર :–

**૫૩ एस णं अज्जो ! कण्हे वासुदेवे, रामे बलदेवे, उदए पेढालपुत्ते, पोट्टिले, सतए गाहावई, दारुए णियंठे, सच्चई णियंठीपुत्ते, सावियबुद्धे अंबडे परिव्वायए, अज्जावि णं सुपासा पासावच्चिज्जा । आगमेस्साए उस्सप्पिणीए चाउज्जामं धम्मं पण्णवइत्ता सिज्झिहिंति *जाव* अंतं काहिंति ।**

**ભાવાર્થ :–** હે આર્યો ! (૧) વાસુદેવ કૃષ્ણ, (૨) બલદેવ રામ, (૩) ઉદક પેઢાલ પુત્ર, (૪) પોટ્ટિલ, (૫) ગૃહપતિ શતક, (૬) નિર્ગ્રંથ દારુક, (૭) નિર્ગ્રંથી પુત્ર સત્યકી, (૮) શ્રાવિકા દ્વારા પ્રતિબુદ્ધ અંબડ પરિવ્રાજક, (૯) પાર્શ્વનાથ પરંપરામાં દીક્ષિત આર્યા સુપાર્શ્વા.

આ નવ આગામી ઉત્સર્પિણીમાં ચાતુર્યામ ધર્મની પ્રરૂપણા કરી સિદ્ધ, બુદ્ધ, મુક્ત, પરિનિર્વૃત્ત અને સર્વ દુઃખોનો અંત કરનારા થશે.

## વિવેચન :–

પ્રસ્તુત સૂત્રમાં સિદ્ધ થનાર નવ વ્યક્તિનું કથન છે. સમવાયાંગ સૂત્રમાં અતીત, અનાગત મહાપુરુષોના નામોનું કથન છે. સમવાયાંગના સૂત્ર-૪૦માં કથિત આગામી ચોવીસીના ૨૪ તીર્થંકરના નામાનુસાર આ સૂત્રગત નવ નામમાંથી નિર્ગ્રંથ દારુક, આર્યા સુપાર્શ્વા અને ઉદક પેઢાલપુત્ર આ ત્રણે સામાન્ય કેવળીરૂપે અને શેષ જીવો તીર્થંકરરૂપે સિદ્ધ થશે. વૃત્તિકારનો પણ મત છે કે **एतेषु च मध्यम-तीर्थंकरत्वेन उत्पत्स्यन्ते केचित्केचित्तु केवलित्वेन** ।= આ નવમાંથી કેટલાક મધ્યમના તીર્થંકરરૂપે અને કેટલાક કેવળીરૂપે ઉત્પન્ન થશે.

**चाउज्जामं धम्मं :–** ચાતુર્યામ ધર્મ. પ્રથમ અને અંતિમ તીર્થંકરના શાસનમાં પંચમહાવ્રતરૂપ ધર્મ હોય છે. મધ્યના બાવીસ તીર્થંકરોના શાસનમાં ચાર મહાવ્રત રૂપ ચાતુર્યામ ધર્મ હોય છે. સૂત્રોક્ત નવ વ્યક્તિઓ આગામી ઉત્સર્પિણીમાં મધ્યના તીર્થંકર અથવા મધ્યના તીર્થંકરોના શાસનમાં કેવળી થશે. તેથી સૂત્રકારે તેના માટે **चाउज्जामं धम्मं.....** શબ્દ પ્રયોગ કર્યો છે.

(૧) આ અવસર્પિણીમાં નવ વાસુદેવ થયા. તેમાંથી અંતિમ વાસુદેવ શ્રીકૃષ્ણ ભગવાન અરિષ્ટનેમિના

સમયમાં થયા. તેઓએ ધર્મદલાલી કરીને તીર્થંકરનામ કર્મનો બંધ કર્યો હતો. તેઓ આગામી ચોવીસીમાં 'અમમ' નામના તેરમા તીર્થંકર થશે.

(૨) આ અવસર્પિણીમાં નવ બળદેવ થયા તેમાં અંતિમ બળદેવ શ્રીકૃષ્ણના મોટાભાઈ બલરામ–(રામ) થયા. તેઓ 'નિષ્કષાય' નામના ચૌદમા તીર્થંકર થશે.

(૩) ઉદક પેઢાલપુત્ર– ઉદક નામના અણગાર પેઢાલ પુત્ર હતા. સૂત્રકૃતાંગ સૂત્રના બીજા શ્રુત સ્કંધના નાલંદીય અધ્યયનમાં ઉદક પેઢાલપુત્રનું વર્ણન છે. તેઓ પાર્શ્વ પરંપરાના હતા અને ગૌતમસ્વામી દ્વારા સંશય નિવારણ થતાં, તેણે ચાતુર્યામ ધર્મ છોડી પંચ મહાવ્રતરૂપ ધર્મ અંગીકાર કર્યો હતો.

(૪–૫) પોટ્ટિલ અને શતકનું વર્ણન પૂર્વના સૂત્રમાં છે.

(૬) કૃષ્ણ, વાસુદેવ અને ધારિણીના દારુક નામના પુત્ર અરિષ્ટનેમિ ભગવાન પાસે દીક્ષિત થઈને સિદ્ધ થઈ ગયા છે તેથી અહીં તેનાથી ભિન્ન અન્ય દારુક સમજવા. અહીં ઉલ્લેખિત દારુકનું વર્ણન ઉપલબ્ધ નથી.

(૭) સત્યકી વિદ્યાધર રાજા હતો. તે ભવિષ્યમાં તીર્થંકર થશે.

**(૮) અંબડ :–** શ્રી ઔપપાતિક સૂત્ર કથિત અંબડ શ્રાવક પ્રભુ મહાવીરના શાસનમાં થયા હતા અને તે મહાવિદેહ ક્ષેત્રમાં જન્મ ધારણ કરીને મોક્ષ ગતિ પ્રાપ્ત કરશે. અહીં સમજવાનું એ છે કે આગામી ઉત્સર્પિણી કાલમાં ચાતુર્યામ ધર્મની પ્રરૂપણા કરીને મોક્ષ પ્રાપ્ત કરનાર અંબડ, એ બીજી જ કોઈ વ્યક્તિ હશે. શાસ્ત્રમાં એક જ અંબડનું વર્ણન મળે છે.

(૯) સુપાર્શ્વા– પાર્શ્વ પરંપરાના સાધ્વી હતા.

### ભાવીના મહાપદ્મ તીર્થંકર :–

**૫૪ एस णं अज्जो ! सेणिए राया भिंभिसारे कालमासे कालं किच्चा इमीसे रयणप्पभाए पुढवीए सीमंतए णरए चउरासीइ-वाससहस्स-ठिईयंसि णिरयंसि णेरइयत्ताए उववज्जिहिइ । से णं तत्थ णेरइए भविस्सइ– काले कालोभासे गंभीरलोमहरिसे भीमे उत्तासणए परमकिण्हे वण्णेणं । से णं तत्थ वेयणं वेदिहिइ उज्जलं विउलं पगाढं कडुयं कक्कसं चंडं दुक्खं दुग्गं दिव्वं दुरहियासं ।**

**ભાવાર્થ :–** હે આર્યો ! શ્રેણિક(ભિંભિસાર) રાજા કાળના સમયે કાળ કરીને રત્નપ્રભા પૃથ્વીના સીમંતક નામના નરકાવાસમાં ૮૪ હજાર વર્ષની સ્થિતિવાળા નારકી રૂપે ઉત્પન્ન થશે. ત્યાં તે નારકીને કાળો વર્ણ, કાળી આભા, મહાલોમહર્ષક-રુંવાટી ઊભી થઈ જાય તેવો ભયંકર અને ત્રાસજનક દેખાવ તથા પરમ કૃષ્ણવર્ણ પ્રાપ્ત થશે. ત્યાં તે નારકી જ્વલંત-આગની જેમ દઝાડનારી, સમસ્ત શરીરમાં વ્યથા ઉત્પન્ન

કરનારી, પ્રગાઢ– આખા શરીરમાં ભયંકર વેદના ઉત્પન્ન કરનારી, કડવા રસની જેમ દુઃખદાયી, કર્કશ દ્રવ્યની જેમ કઠોર, તુરંત મૂર્ચ્છિત કરી નાંખે તેવી ભયંકર દુઃખરૂપ, પર્વતની જેમ દુરુલ્લંઘનીય (સરળતાથી અંત ન આવે તેવી) પરમાધામી દેવ વડે અપાતી અને અસહ્ય વેદના ભોગવશે.

**૫૫ से णं तओ णरयाओ उव्वट्टेत्ता आगमेस्साए उस्सप्पिणीए इहेव जंबुद्दीवे दीवे भरहे वासे वेयड्ढगिरिपायमूले पुंडेसु जणवएसु सतदुवारे णगरे संमुइस्स कुलकरस्स भद्दाए भारियाए कुच्छिसि पुमत्ताए पच्चायाहिइ ।**

**तए णं सा भद्दा भारिया णवण्हं मासाणं बहुपडिपुण्णाणं अद्धट्ठमाण य राइंदियाणं वीइक्कंताणं सुकुमालपाणिपायं, अहीण-पडिपुण्ण-पंचिंदिय-सरीरं, लक्खण-वंजण-गुणोववेयं, माणुम्माण-प्पमाण-पडिपुण्ण-सुजाय-सव्वंग-सुंदरगं ससिसोमाकारं कंतं पियदंसणं सुरूवं दारगं पयाहिइ । जं रयणिं च णं से दारए पयाहिइ, तं रयणिं च णं सयदुवारे णगरे सब्भिंतरबाहिरए भारग्गसो य कुंभग्गसो य पउमवासे य रयणवासे य वासे वासिहिइ ।**

**ભાવાર્થ :–** તે શ્રેણિક રાજાનો જીવ તે નરકમાંથી નીકળી આગામી ઉત્સર્પિણીમાં આ જંબૂદ્વીપ નામના દ્વીપમાં, ભરત ક્ષેત્રમાં, વૈતાઢ્ય પર્વતના પાદમૂળમાં પુંડ્ર નામના જનપદ-દેશના 'શતદ્વાર' નામના નગરમાં સન્મતિ કુલકર અને ભદ્રા નામની પત્નીના પુત્રરૂપે ઉત્પન્ન થશે.

તે ભદ્રા ભાર્યા પરિપૂર્ણ નવમાસ અને સાત રાત્રિ દિવસના ગર્ભકાળ પછી સુકુમાર હાથ-પગ યુક્ત; પરિપૂર્ણ પાંચ ઈન્દ્રિય; લક્ષણ, વ્યંજન, ગુણથી યુક્ત અવયવવાળા; માન, ઉન્માન, પ્રમાણાદિથી સર્વાંગ સુંદર શરીર ધારક; ચંદ્ર સમાન સૌમ્ય આકૃતિવાળા, કાંત, પ્રિય દર્શનવાળા, સુરૂપ એવા પુત્રને જન્મ આપશે. જે રાત્રે માતા તે બાળકને જન્મ આપશે, તે જ રાત્રે શતદ્વાર નગરની બહાર અને અંદર, સંપૂર્ણ નગરમાં ભારાગ્ર, કુંભાગ્ર પ્રમાણ પદ્મ અને રત્નોની વર્ષા થશે.

**૫૬ तए णं तस्स दारयस्स अम्मापियरो एक्कारसमे दिवसे वीइक्कंते णिवत्ते असुइजायकम्मकरणे संपत्ते बारसाहे अयमेयारूवं गोण्णं गुणणिप्फण्णं णामधिज्जं काहिंति– जम्हा णं अम्हमिमंसि दारगंसि जायंसि समाणंसि सयदुवारे णगरे सब्भिंतरबाहिरए भारग्गसो य कुंभग्गसो य पउमवासे य रयणवासे य वासे वुट्ठे, तं होउ णं अम्हमिमस्स दारगस्स णामधिज्जं महापउमे-महापउमे । तए णं तस्स दारगस्स अम्मापियरो णामधिज्जं काहिंति महापउमे त्ति ।**

**ભાવાર્થ :–** અશુચિકર્મથી નિવૃત્ત થયા પછી અને અગિયાર દિવસ વ્યતીત થયા પછી, બારમા દિવસે

માતા-પિતા તે બાળકની નામકરણ વિધિ કરશે. બાળકના જન્મ સમયે શતદ્વાર નગરની અંદર અને બહાર સર્વત્ર ભાર અને કુંભ પ્રમાણ પદ્મ અને રત્નોની વર્ષા થઈ છે, તેથી બાળકનું 'મહાપદ્મ' નામ રાખવું ઉચિત છે, તેમ વિચાર-વિમર્શ કરી, માતા-પિતા બાળકનું ગુણ નિષ્પન્ન એવું 'મહાપદ્મ' નામ નિર્ધારિત કરશે.

**૫૭ तए णं महापउमं दारगं अम्मापियरो साइरेगं अट्ठवासजायगं जाणित्ता** *जाव* **महया-महया रायाभिसेएणं अभिसिंचिहिंति । से णं तत्थ राया भविस्सइ महया- हिमवंत-महंत-मलय-मंदर-महिंदसारे रायवण्णओ** *जाव* **रज्जं पसासेमाणे विहरिस्सइ।**

**ભાવાર્થ :–** માતા પિતા મહાપદ્મ રાજકુમારને સાધિક આઠ વર્ષની ઉંમરના જાણીને ***યાવત્*** (કલાઓમાં ઉત્તીર્ણ કરશે અને યૌવન વયે પાણિગ્રહણ કરાવશે વગેરે વર્ણન જાણવું) ઘણી ધામધૂમથી તેનો રાજ્યાભિષેક કરશે અને મહાપદ્મ શતદ્વાર નગરના રાજા બનશે. તે રાજા મહાહિમવાન, મહામલય, મંદર અને માહેન્દ્ર પર્વત સમાન સર્વોચ્ચ રાજધર્મનું પાલન કરતાં રાજ્ય શાસન કરશે.

**૫૮ तए णं तस्स महापउमस्स रण्णो अण्णया कयाइ दो देवा महिड्ढिया महज्जुइया महाणुभागा महायसा महाबला महासोक्खा सेणाकम्मं काहिंति, तं जहा– पुण्णभद्दे य माणिभद्दे य ।**

**तए णं सयदुवारे णयरे बहवे राईसर-तलवर-माडंबिय-कोडुंबिय-इब्भ-सेट्ठि-सेणावइ-सत्थवाह-प्पभिइओ अण्णमण्णं सद्दावेहिंति, एवं वइस्संति– जम्हा णं देवाणुप्पिया! अम्हं महापउमस्स रण्णो दो देवा महिड्ढिया** *जाव* **महासोक्खा सेणाकम्मं करेंति, तं जहा– पुण्णभद्दे य माणिभद्दे य; तं होउ णमम्हं देवाणुप्पिया! महापउमस्स रण्णो दोच्चे वि णामधेज्जे देवसेणे, देवसेणे । तए णं तस्स महापउमस्स रण्णो दोच्चे वि णामधेज्जे भविस्सइ देवसेणे त्ति ।**

**ભાવાર્થ :–** ત્યાર પછી અન્ય કોઈ સમયે મહર્દ્ધિક, મહાદ્યુતિવાન, મહાનુભાગ, મહાયશસ્વી, મહાબલી મહાસૌખ્યપૂર્ણ એવા પૂર્ણભદ્ર અને માણિભદ્ર નામના બે દેવ, મહાપદ્મ રાજાની સેનાના સંવાહક થશે.

આ બે દેવોને પોતાના રાજાની સેનાનું સંચાલન કરતાં જોઈ તે શતદ્વાર નગરના અનેક રાજેશ્વર, તલવર, માંડબિક, કૌટુંબિક, ઈભ્ય, શ્રેષ્ઠી, સેનાપતિ, સાર્થવાહ આદિ એકબીજાને સંબોધિત કરી, એકત્રિત થઈ, આ પ્રમાણે કહેશે– હે દેવાનુપ્રિય ! મહર્દ્ધિક તથા મહાસૌખ્યવાળા પૂર્ણભદ્ર અને માણિભદ્ર નામના બે દેવ આપણા મહાપદ્મ રાજાનું સેનાકર્મ કરે છે, તેથી આપણા આ મહાપદ્મ રાજાનું બીજું નામ 'દેવસેન' હોવું જોઈએ. આ પ્રમાણે વિચાર-વિમર્શ કરી, મહાપદ્મ રાજાનું બીજુંનામ 'દેવસેન' રાખશે.

**૫૯ तए णं तस्स देवसेणस्स रण्णो अण्णया कयाई सेय-संखतल-विमल-**

**सण्णिकासे चउदंते हत्थिरयणे समुप्पज्जिहिइ । तए णं से देवसेणे राया तं सेयं संखतल-विमल-सण्णिकासं चउदंतं हत्थिरयणं दुरूढे समाणे सयदुवारं णगरं मज्झं-मज्झेणं अभिक्खणं-अभिक्खणं अइज्जाहिइ य णिज्जाहिइ य ।**

**तए णं सयदुवारे णगरे बहवे राईसर-तलवर** *जाव* **अण्णमण्णं सद्दावेहिंति, एवं वइस्संति–जम्हा णं देवाणुप्पिया! अम्हं देवसेणस्स रण्णो से संखतल-विमल-सण्णिकासे चउदंते हत्थिरयणे समुप्पण्णे, तं होउ णं अम्हं देवाणुप्पिया ! देवसेणस्स तच्चे वि णामधेज्जे, विमलवाहणे । तए णं तस्स देवसेणस्स रण्णो तच्चे वि णामधेज्जे भविस्सइ विमलवाहणे त्ति ।**

**ભાવાર્થ :–** દેવસેન નામ પ્રસિદ્ધ થયા પછી યથા સમયે તે દેવસેન રાજાને શ્વેત શંખતલ જેવા વિમળ, ચાર દંતૂશળવાળા હસ્તિરત્નની પ્રાપ્તિ થશે. તત્પશ્ચાત્ તે દેવસેન રાજા શ્વેત, શંખતલ જેવા વિમળ, ચાર દંતૂશળવાળા હસ્તિરત્ન ઉપર આરૂઢ થઈ શતદ્વાર નગરના રાજમાર્ગ ઉપર વારંવાર ગમનાગમન કરશે.

શતદ્વાર નગરના અનેક રાજેશ્વરાદિ એકબીજાને બોલાવી, એકત્રિત થઈ, આ પ્રમાણે કહેશે– "હે દેવાનુપ્રિય ! આપણા દેવસેન રાજાને શ્વેત, શંખતલ જેવા વિમળ, ચાર દંતૂશળવાળા હસ્તિરત્નની પ્રાપ્તિ થઈ છે, તેથી હે દેવાનુપ્રિય ! આપણા રાજાનું ત્રીજું નામ 'વિમલવાહન' હોવું જોઈએ." આ પ્રમાણે વિચાર વિમર્શ કરી, રાજાનું ત્રીજું નામ વિમલવાહન નિશ્ચિત કરશે.

**૬૦ तए णं से विमलवाहणे राया तीसं वासाइं अगारवासमज्झे वसित्ता अम्मापिईहिं देवत्तं गएहिं गुरुमहत्तरएहिं अब्भणुण्णाए समाणे, उउम्मि सरए, संबुद्धे अणुत्तरे मोक्खमग्गे पुणरवि लोगंतिएहिं जीयकप्पिएहिं देवेहिं, ताहिं इट्ठाहिं कंताहिं पियाहिं मणुण्णाहिं मणामाहिं उरालाहिं कल्लाणाहिं सिवाहिं धण्णाहिं मंगलाहिं सस्सिरियाहिं वग्गूहिं अभिणंदिज्जमाणे अभिथुव्वमाणे य बहिया सुभूमिभागे उज्जाणे एगं देवदूसमादाय मुंडे भवित्ता आगाराओ अणगारियं पव्वयाहिइ ।**

**ભાવાર્થ :–** તે વિમલ વાહન રાજા ત્રીસવર્ષ પર્યંત ગૃહવાસમાં રહી, માતા-પિતા દેવગતિ પામે તે પછી વડીલ, પૂજ્ય, માન આપવા યોગ્ય ગુરુજનો અને વયોવૃદ્ધ એવા મહત્તર પુરુષોની અનુજ્ઞા મેળવી શરદ-ૠતુમાં જીતકલ્પિત લોકાન્તિક દેવો દ્વારા અનુત્તર મોક્ષમાર્ગ માટે સંબુદ્ધ થશે અર્થાત્ સંયમ લેવા તત્પર બનશે. તેઓ ઈષ્ટ, કાન્ત, પ્રિય, મનોજ્ઞ, મનોહર, ઉદાર, કલ્યાણ સ્વરૂપ, શિવ, ધન્ય, માંગલિક, શ્રી યુક્ત વાણી દ્વારા અપાતા અભિનંદન અને સ્તુતિ વચનોને ઝીલતા નગરની બહાર 'સુભૂમિભાગ' નામના ઉદ્યાનમાં પહોંચશે. ત્યાં તેઓ દેવ અર્પિત દેવદૂષ્ય વસ્ત્ર ગ્રહણ કરી, મુંડિત થઈ, ગૃહવાસને ત્યાગી અણગારપણામાં પ્રવ્રજિત થશે.

**૬૧** **से णं भगवं जं चेव दिवसं मुंडे भवित्ता अगाराओ अणगारियं पव्वयाहिइ तं चेव दिवसं अयमेयारूवं अभिग्गहं अभिगिण्हिइ– साइरेगाइं दुवालस्सवासाइं णिच्चं वोसट्ठकाए चियत्तदेहे जे केइ उवसग्गा उप्पज्जिहिंति तं जहा– दिव्वा वा माणुसा वा तिरिक्खजोणिया वा ते उप्पण्णे सम्मं सहिस्सामि, खमिस्सामि, तितिक्खिस्सामि, अहियासिस्सामि । तए णं से भगवं ईरियासमिए, भासासमिए** *जाव* **गुत्तबंभयारी, अममे, अकिंचणे, छिण्णगंथे, णिरुवलेवे कंसपाए इव मुक्कतोएजहा भावणाए** *जाव* **सुहुयहुयासणे इव तेयसा जलंते ।**

**ભાવાર્થ :–** તે મહાપદ્મ ભગવાન જે દિવસે પ્રવ્રજિત થશે તે દિવસે જ આ પ્રકારનો અભિગ્રહ ગ્રહણ કરશે કે હું સાતિરેક બાર વર્ષ સુધી શરીરને સંસ્કારિત કરવાનો ત્યાગ કરી, દેહના મમત્વનો ત્યાગ કરી, દેવ, મનુષ્ય અને તિર્યંચ કૃત જે કોઈ ઉપસર્ગો આવશે તેને સહન કરીશ, ઉપસર્ગ કરનાર પ્રત્યે ક્ષમા ભાવ રાખીશ, ક્રોધ કરીશ નહીં ઉપસર્ગ સમયે દીન બનીશ નહીં, અવિચલભાવે તે ઉપસર્ગો સહન કરીશ. તે મહાપદ્મ ભગવાન ઈર્યાસમિતિ, ભાષાસમિતિ વગેરે પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિથી યુક્ત, ગુપ્તેન્દ્રિય ગુપ્ત બ્રહ્મચારી, મમત્વરહિત, ધર્મોપકરણ સિવાયની સામગ્રીથી રહિત, દ્રવ્ય-ભાવ ગ્રંથીઓથી રહિત, રાગાદિના લેપ રહિત થશે. તેઓ કાંસાના પાત્ર જેવા લેપ રહિત બનશે. જેમ શ્રી આચારાંગ સૂત્રના 'ભાવના' નામના અધ્યયનમાં છે તે પ્રમાણે(પ્રશ્નવ્યાકરણ સૂત્ર પાંચમા સંવર દ્વારના મહાવ્રતના વર્ણન પ્રમાણે) ***યાવત્*** આહુતિથી પ્રદીપ્ત અગ્નિની જેમ તેજથી દેદીપ્યમાન બનશે.

**૬૨**

**कंसे संखे जीवे, गगणे वाए य सारए सलिले ।**
**पुक्खरपत्ते कुम्मे, विहगे खग्गे य भारंडे ॥१॥**

**कुंजर वसहे सीहे, णगराया चेव सागरमखोभे ।**
**चंदे सूरे कणगे, वसुंधरा चेव सुहुयहुए ॥२॥**

**णत्थि णं तस भगवंतस्स कत्थइ पडिबंधे भवइ, से य पडिबंधे चउव्विहे पण्णत्ते तं जहा– अंडए वा पोयए वा उग्गहेइ वा पग्गहिएइ वा जण्णं जण्णं दिसं इच्छइ तण्णं तण्णं दिसं अपडिबद्धे सुचिभूए लहुभूए अप्पगंथे संजमेणं तवसा अप्पाणं भावेमाणे विहरिस्सइ ।**

**ભાવાર્થ :–** કાંસાના પાત્રની જેમ નિર્લેપ, શંખની જેમ નીરંગ, જીવની જેમ અપ્રતિહત, આકાશની જેમ નિરાલંબી, વાયુની જેમ અપ્રતિબંધ, નિર્મળ પાણીની જેમ અકલુષિત મનવાળા, કમળ પત્રની જેમ અલિપ્ત, કાચબાની જેમ ગુપ્તેન્દ્રિય, પક્ષીની જેમ મુક્ત, ગેંડાની જેમ એકાકી, ભારંડ પક્ષીની જેમ અપ્રમત્ત બની તે મહાપદ્મ મુનિ વિચરશે. ॥૧॥

હાથીની જેમ શૂરવીર, વૃષભની જેમ બળવાન, સિંહની જેમ દુર્દ્ધર-અજેય, પર્વતની જેમ અડોલ, સાગરની જેમ અક્ષુબ્ધ, ચંદ્રની જેમ શીતળ, સૂર્યની જેમ તેજસ્વી, સુવર્ણની જેમ નિર્મળ, પૃથ્વીની જેમ સહિષ્ણુ, આહુતિથી દિપ્ત અગ્નિની જેમ તેજથી દિપ્ત બની વિચરશે. ।।૨।।

તે ભગવાન અપ્રતિબદ્ધપણે (અનાસક્તભાવે) વિચરશે. પ્રતિબદ્ધતા(આસક્તિ) ચાર પ્રકારની છે. **(૧) અંડજ આસક્તિ–** ઈંડાથી ઉત્પન્ન હંસ, મોર વગેરેની આસક્તિ અથવા સૂતરમાંથી જે વસ્ત્ર બને તેને 'અંડજ' કહે છે, તે અંડજ નિર્મિત વસ્ત્ર પ્રત્યેનો મમત્વભાવ **(૨) પોતજ આસક્તિ–** પોતજ જન્મવાળા હાથી, ગાય પ્રત્યેની આસક્તિ. **पोयए** ની સંસ્કૃત છાયા **पोतक** થાય. તેનો અર્થ બાળક અને વસ્ત્ર થાય. બાળક અને વસ્ત્રની આસક્તિ. **(૩) અવગ્રહિક આસક્તિ–** ઔપગ્રહિક ઉપધિ, પાઢીયારું લઈને કાર્ય પૂર્ણ થતાં ગૃહસ્થને પાછા આપી શકાય તેવા પાટ, પાટલા વગેરે ઉપકરણો પ્રત્યેની આસક્તિ **(૪) પ્રગ્રહિક આસક્તિ–** સંયમી જીવન માટે આવશ્યક રજોહરણ, પાત્ર વગેરે ઉપકરણો પ્રત્યેની આસક્તિ.

વિમલવાહન મુનિ આ ચાર પ્રકારની પ્રતિબદ્ધતાથી રહિત બનશે. જે દિશામાં વિચરવાની ઈચ્છા થશે તે દિશામાં અપ્રતિબદ્ધ બની, ભાવ શુદ્ધિપૂર્વક, અલ્પ ઉપધિપૂર્વક, કોઈપણ પ્રકારની ગ્રંથીથી રહિત થઈ સંયમ અને તપથી આત્માને ભાવિત કરતાં વિચરશે.

**૬૩ तस्स णं भगवंतस्स अणुत्तरेणं णाणेणं अणुत्तरेणं दंसणेणं अणुत्तरेणं चरित्तेणं एवं आलएणं विहारेणं अज्जवे मद्दवे लाघवे खंती मुत्ती गुत्ती सच्च-संजम- तवगुण-सुचरिय-सोवचिय-फलपरिणिव्वाण-मग्गेणं अप्पाणं भावेमाणस्स झाणंतरियाए वट्टमाणस्स अणंते अणुत्तरे णिव्वाघाए** *जाव* **केवलवरणाणदंसणे समुप्पज्जिहिंति ।**

**तएणं से भगवं अरहा जिणे भविस्सइ, केवली सव्वण्णू सव्वदरिसी सदेवमणु-आसुरस्स लोगस्स परियागं जाणइ पासइ, सव्वलोए सव्वजीवाणं– आगइं गइं ठियं चयणं उववायं तक्कं मणोमाणसियं, भुत्तं कडं पडिसेवियं आवीकम्मं रहोकम्मं अरहा अरहस्स भागी तं तं कालं मणसवयसकाइए जोगे वट्टमाणाणं सव्वलोए सव्वजीवाणं सव्वभावे जाणमाणे पासमाणे विहरइ ।**

**तएणं से भगवं तेणं अणुत्तरेणं केवलवरणाणदंसणेणं सदेवमणुआसुर-लोगं अभिसमेच्चा समणाणं णिग्गंथाणं पंच महव्वयाइं सभावणाइं छच्च जीवणिकाय धम्मं देसेमाणे विहरिस्सइ ।**

**ભાવાર્થ :–** તે વિમલવાહન ભગવાન અનુત્તરજ્ઞાન, અનુત્તરદર્શન, અનુત્તર ચારિત્ર, અનુત્તર આલય, અનુત્તરવિહાર, આર્જવ-સરળતા, મૃદુતા, લઘુતા, ક્ષમા, નિર્લોભતા, ગુપ્તિ, સત્ય, સંયમ, તપ વગેરે ગુણોથી

તથા સમ્યક્ પ્રકારે આરાધિત, સર્વોત્કૃષ્ટ, ફળદાયી મોક્ષ માર્ગથી આત્માને ભાવિત કરતાં, ધ્યાનાન્તરિકા (શુક્લધ્યાન)માં વર્તતા હશે ત્યારે અનંત, અનુત્તર, નિર્વ્યાઘાત, નિરાવરણ, કૃત્સ્ન, પ્રતિપૂર્ણ શ્રેષ્ઠ એવા કેવળજ્ઞાન, કેવળદર્શન પ્રાપ્ત કરશે.

ત્યારે તે ભગવાન અર્હંત જિન, કેવળી, સર્વજ્ઞ, સર્વદર્શી થઈ જશે. તેઓ દેવ, મનુષ્ય, અસુરરૂપ લોકની પર્યાયને જાણશે દેખશે અને સર્વલોક, સર્વ જીવની આગતિ, ગતિ, સ્થિતિ, ચ્યવન(મૃત્યુ) ઉપપાત, જન્મ, તર્ક, મનોચિંતન, ભુક્ત-ભોજનાદિ, કૃત કાર્ય, આસેવિત પાપકર્મ, પ્રગટ કાર્ય, ગુપ્તકાર્ય જાણશે દેખશે. કોઈ કાર્ય તેમનાથી છૂપું રહેશે નહીં. સર્વલોકગત માનસિક, વાચિક, કાયિક યોગમાં વર્તમાન સર્વ જીવના સર્વભાવને જાણતાં-જોતાં વિચરશે.

તે ભગવાન તે અનુત્તર જ્ઞાન, દર્શન વડે દેવ, મનુષ્ય, અસુર લોકને જાણીને, જોઈને શ્રમણ નિર્ગ્રંથોને ભાવના સહિત પાંચ મહાવ્રત, છજીવનિકાય(સંરક્ષણ) રૂપ ધર્મની દેશના આપતા વિચરશે.

**૬૪ से जहाणामए अज्जो ! मए समणाणं णिग्गंथाणं एगे आरंभठाणे पण्णत्ते । एवामेव महापउमे वि अरहा समणाणं णिग्गंथाणं एगं आरंभठाणं पण्णवेहिइ ।**

**ભાવાર્થ :–** હે આર્યો ! જેમ શ્રમણ-નિર્ગ્રંથો માટે મેં એક આરંભ સ્થાનનું નિરૂપણ કર્યું છે, તેમ અર્હંત મહાપદ્મ પણ શ્રમણ-નિર્ગ્રંથો માટે એક આરંભ સ્થાનનું નિરૂપણ કરશે.

**૬૫ से जहाणामए अज्जो ! मए समणाणं णिग्गंथाणं दुविहे बंधणे पण्णत्ते, तं जहा– पेज्जबंधणे य, दोसबंधणे य । एवामेव महापउमे वि अरहा समणाणं णिग्गंथाणं दुविहं बंधणं पण्णवेहिइ, तं जहा– पेज्जबंधणं च, दोसबंधणं च ।**

**ભાવાર્થ :–** હે આર્યો ! જેમ શ્રમણ-નિર્ગ્રંથો માટે મેં બે પ્રકારના બંધનો રાગબંધન અને દ્વેષબંધનનું નિરૂપણ કર્યું છે. તેમ અર્હંત મહાપદ્મ પણ શ્રમણ-નિર્ગ્રંથો માટે બે પ્રકારના રાગબંધન અને દ્વેષબંધનનું નિરૂપણ કરશે.

**૬૬ से जहाणामए अज्जो ! मए समणाणं णिग्गंथाणं तओ दंडा पण्णत्ता, तं जहा– मणदंडे, वयदंडे, कायदंडे । एवामेव महापउमे वि अरहा समणाणं णिग्गंथाणं तओ दंडे पण्णवेहिइ, तं जहा– मणोदंडं वयद्दंडे कायदंडं । एवं जहा पण्हावागरणाए तहा *जाव* तेत्तीसं आसायणा पण्णवेहिइ ।**

**ભાવાર્થ :–** આર્યો ! જેમ શ્રમણ-નિર્ગ્રંથો માટે મેં ત્રણ પ્રકારના દંડોનું નિરૂપણ કર્યું છે, મનોદંડ, વચનદંડ, કાયદંડ; તેવી રીતે અર્હંત મહાપદ્મ પણ શ્રમણ નિર્ગ્રંથો માટે ત્રણ પ્રકારના દંડનું નિરૂપણ કરશે. મનોદંડ, વચનદંડ, કાયદંડ. આ રીતે પ્રશ્નવ્યાકરણ સૂત્રના પાંચમા સંવર દ્વારના વર્ણન અનુસાર તેત્રીસ આશાતના સુધી તેત્રીસ બોલની પ્રરૂપણા કરશે.

**૬૭** **से जहाणामए अज्जो ! मए समणाणं णिग्गंथाणं णग्गभावे मुंडभावे अण्हाणए अदंतवणए अच्छत्तए अणुवाहणए भूमिसेज्जा फलगसेज्जा कट्ठसेज्जा केसलोए बंभचेरवासे परघरपवेसे लद्धावलद्धवित्तीओ पण्णत्ताओ । एवामेव महापउमे वि अरहा समणाणं णिग्गंथाणं णग्गभावं** *जाव* **लद्धावलद्धवित्ती पण्णवेहिइ ।**

**ભાવાર્થ :–** હે આર્યો ! જેમ શ્રમણ નિર્ગ્રંથો માટે મેં નગ્નભાવ, મુંડભાવ, સ્નાનત્યાગ, દંતધોવન ત્યાગ, છત્રધારણ ત્યાગ, ઉપાનહ(જૂતા) ત્યાગ, ભૂમિ શય્યા, ફલકશય્યા, કાષ્ઠશય્યા, કેશલોચ, બ્રહ્મચર્ય-વાસ અને ભિક્ષા માટે પરગૃહ પ્રવેશ, લબ્ધ અલબ્ધ ભિક્ષામાં સમભાવ વૃત્તિનું નિરૂપણ કર્યું છે; તેમ અર્હત મહાપદ્મ પણ શ્રમણ-નિર્ગ્રંથો માટે નગ્ન ભાવથી લઈને લબ્ધ અલબ્ધ સમભાવ વૃત્તિ પર્યંતનું નિરૂપણ કરશે.

**૬૮** **से जहाणामए अज्जो ! मए समणाणं णिग्गंथाणं अहाकम्मिए इ वा उद्देसिए इ वा मीसज्जाए इ वा अज्झोयरए इ वा पूइए कीए पामिच्चे अच्छेज्जे अणिसट्ठे अभिहडे इ वा कंतारभत्ते इ वा दुब्भिक्खभत्ते इ वा गिलाणभत्ते इ वा वद्दलियाभत्ते इ वा पाहुणभत्ते इ वा मूलभोयणे इ वा कंदभोयणेइ वा फलभोयणे इ वा बीयभोयणेइ वा हरियभोयणेइ वा पडिसिद्धे; एवामेव महापउमे वि अरहा समणाणं णिग्गंथाणं आहाकम्मियं वा** *जाव* **पडिसेहिस्सइ ।**

**ભાવાર્થ :–** હે આર્યો ! જેમ શ્રમણ નિર્ગ્રંથો માટે મેં સાધુ નિમિત્તથી બનાવેલો **આધાકર્મી;** અન્ય સાધુના ઉદ્દેશથી બનાવેલો **ઔદેશિક;** ગૃહસ્થ અને સાધુ બંને માટે સાથે બનાવેલો **મિશ્રજાત;** ગૃહસ્થ માટે બનતા આહારમાં સાધુના નિમિત્તે અધિક બનાવેલો **અધ્વપૂરક;** દૂષિત આહારના અંશથી મિશ્રિત **પૂતિકર્મ;** ખરીદેલો **ક્રીત;** ઉધાર લાવેલો-**પામિત્ય;** છીનવીને લાવેલો **આચ્છેદ્ય,** ભાગીદારની સંમતિ વિનાનો **અનિસૃષ્ટ;** સામેથી લાવેલો **અભ્યાહ્રત;** જંગલાદિ પસાર કરવા માટે લાવેલો **કાંતારભક્ત;** દુષ્કાળમાં ભિક્ષાજીવીઓ માટે બનાવેલો **દુર્ભિક્ષભક્ત;** બિમારો માટે બનાવેલો **ગ્લાનભક્ત;** અતિવૃષ્ટિથી પીડિત લોકો માટે બનાવેલો **વાર્દલિકાભક્ત;** આગંતુક યાત્રીઓ, મહેમાનો માટે બનાવેલો **પ્રાઘુર્ણિકા- ભક્ત;** મૂલ ભોજન, કંદ ભોજન, ફૂલ ભોજન, બીજ ભોજન અને હરિત ભોજનનો નિષેધ કર્યો છે, તેમ અર્હત્ મહાપદ્મ પણ શ્રમણ નિર્ગ્રંથો માટે આધાકર્મિકથી હરિતભોજન પર્યંતનો નિષેધ કરશે.

**૬૯** **से जहाणामए अज्जो ! मए समणाणं णिग्गंथाणं पंचमहव्वइए सपडिक्कमणे अचेलए धम्मे पण्णत्ते; एवामेव महापउमे वि अरहा समणाणं णिग्गंथाणं पंचमहव्वइयं सपडिक्कमणं अचेलगं धम्मं पण्णवेहिइ ।**

**से जहाणामए अज्जो ! मए समणोवासगाणं पंचाणुव्वइए सत्तसिक्खावइए**

दुवालसविहे सावगधम्मे पण्णत्ते । एवामेव महापउमे वि अरहा समणोवासगाणं पंचाणुव्वइयं सत्तसिक्खावइयं दुवालसविहं सावगधम्मं पण्णविस्सइ ।

**ભાવાર્થ :–** હે આર્યો ! જેમ શ્રમણ-નિર્ગ્રંથ માટે મેં પ્રતિક્રમણ સહ પાંચ મહાવ્રત અને અચેલક ધર્મનું નિરૂપણ કર્યું છે, તેમ અર્હત મહાપદ્મ પણ શ્રમણ-નિર્ગ્રંથો માટે પ્રતિક્રમણ સહ પાંચ મહાવ્રત અને અચેલક ધર્મનું નિરૂપણ કરશે.

હે આર્યો ! જેમ મેં શ્રમણોપાસકો માટે પાંચ અણુવ્રત, સાત શિક્ષાવ્રત રૂપ બાર પ્રકારના શ્રાવક ધર્મનું નિરૂપણ કર્યું છે, તેમ મહાપદ્મ પણ શ્રમણોપાસકો માટે પાંચ અણુવ્રત અને સાત શિક્ષાવ્રતરૂપ બાર પ્રકારના શ્રાવક ધર્મનું નિરૂપણ કરશે.

**૭૦** से जहाणामए अज्जो ! मए समणाणं णिग्गंथाणं सेज्जायरपिंडे इ वा रायपिंडे इ वा पडिसिद्धे; एवामेव महापउमे वि अरहा समणाणं णिग्गंथाणं सेज्जायरपिंडं वा रायपिंडं वा पडिसेहिस्सइ ।

से जहाणामए अज्जो ! मम णव गणा एगारस गणधरा । एवामेव महापउमस्स वि अरहओ णव गणा एगारस गणहरा भविस्संति ।

से जहाणामए अज्जो ! अहं तीसं वासाइं अगारवासमज्झे वसित्ता मुंडे भवित्ता अगारओ अणगारियं पव्वइए, दुवालस संवच्छराइं तेरस पक्खा छउमत्थ- परियागं पाउणित्ता तेरसहिं पक्खेहिं ऊणगाइं तीसं वासाइं केवलिपरियागं पाउणित्ता, बायालीसं वासाइं सामण्णपरियागं पाउणित्ता, बावत्तरिवासाइं सव्वाउयं पालइत्ता सिज्झिस्सं *जाव* सव्वदुक्खाणमंतं करेस्सं । एवामेव महापउमे वि अरहा तीसं वासाइं अगारवासमज्झे वसित्ता मुंडे भवित्ता आगाराओ अणगारियं पव्वहिइ, दुवालस संवच्छराइं तेरसपक्खा छउमत्थपरियागं पाउणित्ता, तेरसहिं पक्खेहिं ऊणगाइं तीसं वासाइं केवलिपरियाणं पाउणित्ता, बायालीसं वासाइं सामण्णपरियागं पाउणित्ता, बावत्तरिवासाइं सव्वाउयं पालइत्ता सिज्झिहिइ *जाव* सव्वदुक्खाणमंतं काहिइ–

जस्सील-समायारो, अरहा तित्थंकरो महावीरो ।
तस्सील-समायारो, होहिइ अरहा महापउमो ॥१॥

**ભાવાર્થ :–** હે આર્યો ! જેમ શ્રમણ નિર્ગ્રંથો માટે મેં શય્યાતરપિંડ (મકાન દાતાનો આહાર) અને રાજપિંડનો પ્રતિષેધ કર્યો છે, તેમ અર્હત મહાપદ્મ પણ શ્રમણ-નિર્ગ્રંથો માટે શય્યાતરપિંડ અને રાજપિંડનો પ્રતિષેધ કરશે.

હે આર્યો ! મારે જેમ નવ ગણ અને અગિયાર ગણધર છે, તેમ અર્હત મહાપદ્મને પણ નવ ગણ અને અગિયાર ગણધર થશે.

હે આર્યો ! જેમ હું ત્રીસ વર્ષ અગારવાસમાં રહી મુંડિત થઈ અગારથી અણગારિતામાં પ્રવ્રજિત થયો, બાર વર્ષ અને ૧૩ પક્ષ સુધી છદ્મસ્થ પર્યાયનું પાલન કરી, તેર પક્ષમાં કંઈક ઓછા ત્રીસ વર્ષની કેવલી પર્યાયનું પાલન કરી, બેતાલીશ વર્ષ સુધી શ્રામણ્ય પર્યાય પાળી, ૭૨ વર્ષનું આયુષ્ય પૂર્ણ કરી સિદ્ધ થઈ સર્વ દુઃખોનો અંત કરીશ. તેમ અર્હત મહાપદ્મ પણ ત્રીસ વર્ષ સુધી અગારવાસમાં રહી ***યાવત્*** ૭૨ વર્ષનું પૂર્ણ આયુષ્ય ભોગવી સિદ્ધ, થઈ સર્વ દુઃખોનો અંત કરશે.

**ગાથાર્થ–** શાસ્ત્રકાર કહે છે કે જેવા શીલ-સદાચારવાળા અર્હત તીર્થંકર મહાવીર થયા છે. તેવા જ શીલ સદાચારવાળા અર્હત્ મહાપદ્મ થશે.

## વિવેચન :–

પ્રસ્તુત સૂત્રમાં આગામી ઉત્સર્પિણી કાળના 'મહાપદ્મ' નામના પ્રથમ તીર્થંકરનું જીવન વર્ણન છે. શ્રેણિક રાજાએ ભગવાન મહાવીર સ્વામીની ઉપસ્થિતિમાં તીર્થંકર નામકર્મનો બંધ કર્યો હતો. પરંતુ પૂર્વબદ્ધ નરકાયુના કારણે વર્તમાનમાં તેઓ પ્રથમ નરકમાં છે. નરકમાંથી નીકળી આગામી ચોવીશીમાં પ્રથમ તીર્થંકર થશે. ભગવાન મહાવીર સ્વામીએ આ વર્ણન કર્યું ત્યારે 'શ્રેણિકનું નરકે જવું' તે ભવિષ્યની ઘટના હોવાથી તેઓએ સૂત્રપાઠમાં **'उववज्जिहिइ'** જેવા ભવિષ્યકાલીન ક્રિયાપદનો પ્રયોગ કર્યો છે.

મહાપદ્મ પ્રભુના જીવનું ચ્યવન, માતાના ચૌદ સ્વપ્નો, ૫૬ દિશાકુમારિકાઓ અને ૬૪ ઈન્દ્રો દ્વારા જન્માભિષેક વગેરે ઘટનાઓ મહાવીરસ્વામીની સમાન જ થશે. જો કે મહાવિદેહના તીર્થંકર હોય કે ભરતક્ષેત્રના; અવસર્પિણી કાળના તીર્થંકર હોય કે ઉત્સર્પિણી કાળના; પ્રથમ તીર્થંકર હોય કે અંતિમ; તેમના જીવનમાં જન્મ, સ્વપ્નાદિ અનેક ઘટનાઓ એક સમાન હોય છે. સર્વ તીર્થંકરોના જન્મોત્સવ આદિની ઉજવણી કરવી તે દેવ, દેવીઓ અને ઈન્દ્રોનો જીત વ્યવહાર જ છે.

મહાપદ્મ પ્રભુ કૈવલ્ય પ્રાપ્તિ પછી ભગવાન મહાવીર સ્વામીની જેવો જ ધર્મોપદેશ આપશે. ભગવાને સ્વયંજ કહ્યું છે– "**मए... पण्णत्ते, एवामेव महापउमे वि... पण्णवेहिइ** । તીર્થંકરો કેવળજ્ઞાનના આલોકમાં તત્ત્વોનું યથાતથ્ય સ્વરૂપ નિહાળે છે અને તે જ પ્રમાણે ઉપદેશ આપે છે. તેથી સર્વ તીર્થંકરોનો ઉપદેશ એક સમાન હોય છે. તીર્થંકરો સનાતન એવા સમાનધર્મનું કથન કરે છે.

## નક્ષત્ર વિષયક નિરૂપણ સૂત્ર :–

**૭૧** **णव णक्खत्ता चंदस्स पच्छंभागा पण्णत्ता, तं जहा–**

**अभिई सवणो धणिट्ठा, रेवइ अस्सिणि मग्गसिर पूसो ।**
**हत्थो चित्ता य तहा, पच्छंभागा णव हवंति ॥१॥**

**ભાવાર્થ :–** નવ નક્ષત્ર ચંદ્રના પૃષ્ટભાગના હોય છે અર્થાત્ ચંદ્ર તેના પૃષ્ઠ ભાગથી યોગ કરે છે. તે આ પ્રમાણે છે– (૧) અભિજિત, (૨) શ્રવણ, (૩) ઘનિષ્ઠા, (૪) રેવતી, (૫) અશ્વિની, (૬) મૃગશિર, (૭) પુષ્ય, (૮) હસ્ત, (૯) ચિત્રા.

**દેવ વિમાનની ઊંચાઈ :–**

**૭૨ आणय-पाणय-आरणच्चुएसु कप्पेसु विमाणा णव जोयणसयाइं उड्ढं उच्चत्तेणं पण्णत्ता ।**

**ભાવાર્થ :–** આનત, પ્રાણત, આરણ અને અચ્યુત દેવલોકોમાં વિમાન નવ યોજન ઊંચા છે.

**વિમલવાહન કુલકરની ઊંચાઈ :–**

**૭૩ विमलवाहणे णं कुलकरे णव धणुसयाइं उड्ढं उच्चत्तेणं होत्था ।**

**ભાવાર્થ :–** વિમલવાહન કુલકર નવસો ધનુષ્ય ઊંચા હતા.

**ઋષભદેવનો શાસન પ્રવર્તન સમય :–**

**૭૪ उसभेणं अरहा कोसलिएणं इमीसे ओसप्पिणीए णवहिं सागरोवमकोडा-कोडीहिं वीइक्कंताहिं तित्थे पवत्तिए ।**

**ભાવાર્થ :–** કૌશલિક(કોશલા નગરીમાં ઉત્પન્ન) અર્હંત ઋષભદેવે આ અવસર્પિણીના નવ કોડાકોડી સાગરોપમ કાળ વ્યતીત થયા પછી તીર્થ પ્રવર્તાવ્યું.

**અંતર્દ્વીપનું માપ :–**

**૭૫ घणदंत-लट्ठदंत-गूढदंत-सुद्धदंतदीवा णं दीवा णव-णव जोयणसयाइं आयामविक्खंभेणं पण्णत्ता ।**

**ભાવાર્થ :–** (છપ્પન અંતર્દ્વીપના) ઘનદન્ત, લષ્ટદન્ત, ગૂઢદન્ત અને શુદ્ધદન્ત, આ અંતર્દ્વીપ નવસો-નવસો યોજન લાંબા પહોળા છે.

**શુક્રગ્રહ-વીથિ :–**

**૭૬ सुक्कस्स णं महागहस्स णव वीहीओ पण्णत्ताओ, तं जहा– हयवीही, गयवीही, णागवीही, वसहवीही, गोवीही, उरगवीही, अयवीही, मियवीही, वेसाण- वीही ।**

**ભાવાર્થ :–** શુક્ર મહાગ્રહની નવ વીથિઓ– પરિભ્રમણ માર્ગ છે, તે આ પ્રમાણે છે– (૧) હયવીથિ, (૨) ગજવીથિ, (૩) નાગવીથિ, (૪) વૃષભવીથિ, (૫) ગોવીથિ, (૬) ઉરગવીથિ, (૭) અજવીથિ, (૮) મૃગવીથિ, (૯) વૈશ્વાનર વીથિ.

**વિવેચન :–**

વીથિ એટલે માર્ગ. શુક્ર ગ્રહની ભ્રમણ વિધિ(ચાલ વિશેષ) ત્રણ-ત્રણ નક્ષત્રો સાથે એક-એક પ્રકારની હોય છે. તે અપેક્ષાએ સૂત્રમાં તેના નામ આપ્યા છે.

**નોકષાય વેદનીય કર્મ :–**

**૭૭ णवविहे णोकसायवेयणिज्जे कम्मे पण्णत्ते, तं जहा– इत्थिवेए, पुरिसवेए, णपुंसकवेए, हासे, रई, अरई, भये, सोगे, दुगुंछा ।**

**ભાવાર્થ :–** નોકષાય વેદનીય(ક્રોધાદિ ચાર કષાયરૂપે ન વેદાય તે) કર્મ નવ પ્રકારના છે, તે આ પ્રમાણે છે– (૧) સ્ત્રીવેદ– પુરુષની અભિલાષા, (૨) પુરુષવેદ– સ્ત્રીની અભિલાષા, (૩) નપુંસકવેદ– સ્ત્રી, પુરુષ બંનેની અભિલાષા (૪) હાસ્ય વેદનીય, (૫) રતિ (૬) અરતિ (૭) ભય (૮) શોક (૯) જુગુપ્સા –ઘૃણા ભાવ.

**વિવેચન :–**

**णो कसायवेयणिज्जे–** નોકષાય વેદનીય. તે મોહનીયકર્મમાં ચારિત્ર મોહનીયની પ્રકૃતિ છે. તેનું વેદન થતું હોવાથી સૂત્રકારે વેદનીય શબ્દનો પ્રયોગ કર્યો છે. નિષેધ, આંશિક નિષેધ, સાહચર્ય વગેરે અર્થમાં 'નો' શબ્દનો પ્રયોગ થાય છે. અહીં સાહચર્ય અર્થમાં 'નો' શબ્દ પ્રયુક્ત છે. ક્રોધ, માન, માયા, લોભ તે ચાર કષાય છે. તેના અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાન, પ્રત્યાખ્યાન, સંજ્વલન તે ચાર ભેદ છે. આ સોળ કષાયના સાહચર્યથી જે કર્મ ઉદયમાં આવે તેને નોકષાય કહે છે. નોકષાય મોહનીય કર્મ કષાય મોહનીય કર્મની સાથે રહીને જ ફળ આપે છે. નોકષાયરૂપે જે કર્મ અનુભવાય છે તે નોકષાય વેદનીય કર્મ કહેવાય છે.

**કુલકોટી :–**

**૭૮ चउरिंदियाणं णव जाइ-कुलकोडी-जोणिपमुह-सयसहस्सा पण्णत्ता ।**

**ભાવાર્થ :–** ચૌરેન્દ્રિય જીવોની(બે લાખ) યોનિમાં નવ લાખ જાતિ કુલકોટી કહી છે.

**૭૯ भुयगपरिसप्प-थलचर-पंचिंदियतिरिक्ख-जोणियाणं णव जाइ-कुलकोडी-जोणिपमुहसयसहस्सा पण्णत्ता ।**

**ભાવાર્થ :–** પંચેન્દ્રિય તિર્યંચ સ્થલચર-ભુજપરિસર્પની ચાર લાખ યોનિમાં નવ લાખ જાતિ કુલકોટી છે.

**પાપકર્મનો ચય-ઉપચય :–**

**૮૦ जीवा णं णवट्ठाणणिव्वत्तिए पोग्गले पावकम्मत्ताए चिणिंसु वा चिणंति वा चिणिस्संति वा, तं जहा– पुढविकाइयणिव्वत्तिए *जाव* पंचिंदियणिव्वत्तिए ।**

**एवं-चिण-उवचिण बंध-उदीर-वेद तह णिज्जरा चेव ।**

**ભાવાર્થ :–** જીવે નવ સ્થાનથી નિર્વર્તિત(નિર્મિત) પુદ્ગલોનો પાપકર્મરૂપે ભૂતકાળમાં સંચય કર્યો હતો, વર્તમાનમાં કરે છે અને ભવિષ્યમાં કરશે. તે આ પ્રમાણે છે– પૃથ્વીકાયિક નિર્વર્તિત પુદ્ગલોનો ***યાવત્*** પંચેન્દ્રિય નિર્વર્તિત પુદ્ગલોનો.

આ રીતે તેનો ચય, ઉપચય, બંધ, ઉદીરણ, વેદન અને નિર્જરણ કર્યું હતું, કરે છે અને કરશે.

**નવ પ્રદેશી પુદ્ગલની અનંતતા :–**

**૮૧ णवपएसिया खंधा अणंता पण्णत्ता *जाव* णवगुणलुक्खा पोग्गला अणंता पण्णत्ता ।**

**ભાવાર્થ :–** નવ પ્રદેશી પુદ્ગલ સ્કંધ અનંત છે. નવ આકાશ પ્રદેશો પર અવગાઢ પુદ્ગલ અનંત છે. નવ સમયની સ્થિતિવાળા પુદ્ગલ અનંત છે. નવ ગુણ કૃષ્ણ વર્ણાદિવાળા પુદ્ગલ અનંત છે. આ રીતે શેષ વર્ણ, ગંધ, રસ અને સ્પર્શના નવ ગુણવાળા પુદ્ગલ અનંત જાણવા જોઈએ.

**॥ સ્થાન–૯ સંપૂર્ણ ॥**

# દસમું સ્થાન

## પરિચય

★ આ સ્થાનમાં દસ સંખ્યા સંબંધિત વિષય વર્ણિત છે. ઉદ્દેશક રહિત આ સ્થાનમાં વિષયોનું વૈવિધ્ય જોવા મળે છે. આ સ્થાનમાં ન્યાયશાસ્ત્ર, ગણિતશાસ્ત્રના મુખ્ય ભેદો, વચનના પ્રકાર વગેરે વિષયો વર્ણિત છે. ગણિતશાસ્ત્ર અને તાત્ત્વિક વિષયોની પ્રધાનતા હોવા છતાં આ સ્થાનમાં આચારશુદ્ધિ અને ધર્મકથા સંબંધિત સૂત્રો પણ દૃષ્ટિગોચર થાય છે.

★ આ સ્થાનમાં અગ્નિ, વિષ, મીઠું, ક્ષાર, આમ્લતા રૂપ છ દ્રવ્ય શસ્ત્રનો તથા મન, વચન, કાયાની દુષ્પ્રવૃત્તિ અને મનની આસક્તિ રૂપ ચાર ભાવ શસ્ત્રનો નિર્દેશ છે.

★ આ સ્થાનમાં પ્રવ્રજ્યાના દસ પ્રકાર કહ્યા છે, તે વાસ્તવમાં પ્રવ્રજ્યાના કારણ છે. પ્રવ્રજ્યા ગ્રહણના અનેક કારણો હોય પરંતુ સૂત્રકારે અહીં દસ કારણોનું સંકલન કર્યું છે. આગમકારે તેના ઉદાહરણનો ઉલ્લેખ કર્યો નથી. ટીકાકારે તેના ઉદાહરણો આપ્યા છે. સેવા એ સંગઠનનું અતૂટ સૂત્ર છે. સેવા બે પ્રકારની હોય છે. શારીરિક અને માનસિક. શારીરિક રોગિષ્ઠ અવસ્થાને સરલતાથી દૂર કરી શકાય છે પણ માનસિક રોગિષ્ઠ અવસ્થાઓને દૂર કરવા ધીરજ અને સમતાની આવશ્યક્તા રહે છે. આ સ્થાનમાં સેવાના દસ પ્રકાર કહ્યા છે. તેમાં બંને પ્રકારની સેવાનું સુંદર વર્ણન પ્રતીત થાય છે.

★ ભારતીય સંસ્કૃતિમાં દાનની પરંપરા ઘણી પ્રાચીન છે. દાન દેવાના અનેક કારણો હોય છે. કેટલીક વ્યક્તિ ભયથી દાન આપે છે તો કેટલીક વ્યક્તિ પ્રસિદ્ધિ, કીર્તિ માટે દાન આપે છે તો કેટલીક વ્યક્તિ અનુકંપા કે દયાથી પ્રેરાઈને દાન આપે છે. આ સ્થાનગત દસ પ્રકારના દાનનું નિરૂપણ તત્કાલીન સમાજની પ્રચલિત પ્રેરણાઓનો ઈતિહાસ રજૂ કરે છે.

★ દસ સંજ્ઞામાંથી આઠ સંજ્ઞા સંવેગાત્મક છે અને અંતિમ લોકસંજ્ઞા અને ઓઘસંજ્ઞા જ્ઞાનાત્મક છે.

★ દસ પ્રકારના ધર્મના કથનમાં ધર્મ અને કર્તવ્ય, અલગ-અલગ છે તેનો સ્પષ્ટ ઉલ્લેખ આ સ્થાનમાં જોવા મળે છે. દસ આશ્ચર્યનું વર્ણન આ સ્થાનમાં પ્રાપ્ત થાય છે. આ દસે આશ્ચર્યની પૃષ્ઠભૂમિમાં અનેક ઐતિહાસિક તથ્ય ગર્ભિત છે.

★ આ રીતે આ સ્થાનમાં વિષયની વિવિધતા સાથે ઐતિહાસિક, ભૌગોલિક, વૈજ્ઞાનિક અને તાત્ત્વિક તથ્યોને ઉદ્‌ઘાટિત કર્યા છે.

❖❖❖

# સ્થાન-૧૦

**લોક સ્વભાવ :-**

**१** दसविहा लोगट्ठिई पण्णत्ता, तं जहा– जण्णं जीवा उद्दाइत्ता-उद्दाइत्ता तत्थेव-तत्थेव भुज्जो-भुज्जो पच्चायंति; एवंप्पेगा लोगट्ठिई पण्णत्ता ।

जण्णं जीवाणं सया समियं पावे कम्मे कज्जइ; एवंप्पेगा लोगट्ठिई पण्णत्ता।

जण्णं जीवाणं सया समियं मोहणिज्जे पावे कम्मे कज्जइ; एवंप्पेगा लोगट्ठिई पण्णत्ता ।

ण एवं भूयं वा भव्वं वा भविस्सइ वा जं जीवा अजीवा भविस्संति, अजीवा वा जीवा भविस्संति; एवंप्पेगा लोगट्ठिई पण्णत्ता ।

ण एवं भूयं वा भव्वं वा भविस्सइ वा जं तसा पाणा वोच्छिज्जिस्संति थावरा पाणा भविस्संति, थावरा पाणा वोच्छिज्जिस्संति तसा पाणा भविस्संति; एवंप्पेगा लोगट्ठिई पण्णत्ता ।

ण एवं भूयं वा भव्वं वा भविस्सइ वा जं लोए अलोए भविस्सइ, अलोए वा लोए भविस्सइ; एवंप्पेगा लोगट्ठिई पण्णत्ता ।

ण एवं भूयं वा भव्वं वा भविस्सइ वा जं लोए अलोए पविस्सइ, अलोए वा लोए पविस्सइ; एवंप्पेगा लोगट्ठिई पण्णत्ता ।

जाव ताव लोगे ताव ताव जीवा, जाव ताव जीवा ताव ताव लोए; एवंप्पेगा लोगट्ठिई पण्णत्ता ।

जाव ताव जीवाण य पोग्गलाण य गइपरियाए, ताव ताव लोए, जाव ताव लोगे ताव ताव जीवाण य पोग्गलाण य गइपरियाए, एवंप्पेगा लोगट्ठिई पण्णत्ता।

सव्वेसु वि णं लोगंतेसु अबद्धपासपुट्ठा पोग्गला लुक्खत्ताए कज्जंति, जेणं

**जीवा य पोग्गला य णो संचायंति बहिया लोगंता गमणयाए, एवंप्पेगा लोगट्ठिई पण्णत्ता ।**

**ભાવાર્થ :–** લોકસ્થિતિ અર્થાત્ લોકનો સ્વભાવ દશ પ્રકારનો છે, તે આ પ્રમાણે છે–

(૧) જીવ વારંવાર મરે છે અને ત્યાં જ(લોકમાં) વારંવાર ઉત્પન્ન થાય છે, તે એક લોકસ્થિતિ છે.

(૨) જીવ નિરંતર પાપ કર્મ કરે છે, તે એક લોકસ્થિતિ છે.

(૩) જીવ નિરંતર મોહનીયરૂપ પાપકર્મ બાંધે છે, તે એક લોક સ્થિતિ છે.

(૪) આવું ક્યારે ય થયું નથી, થતું નથી અને થશે નહીં કે જીવ અજીવ થાય અને અજીવ જીવ થાય, તે એક લોકસ્થિતિ છે.

(૫) એવું ક્યારે ય થયું નથી, થતું નથી અને થશે નહીં કે ત્રસ જીવોનો વિચ્છેદ(નાશ) થાય અને બધા જીવ સ્થાવર થઈ જાય અથવા સ્થાવર જીવોનો વિચ્છેદ થાય અને બધા જીવો ત્રસ થઈ જાય; તે એક લોકસ્થિતિ છે.

(૬) એવું ક્યારે ય થયું નથી, થતું નથી કે થશે નહીં કે લોક અલોક થઈ જાય, અલોક લોક થઈ જાય; તે એક લોકસ્થિતિ છે.

(૭) એવું ક્યારે ય થયું નથી, થતું નથી અને થશે પણ નહીં કે લોકનો પ્રવેશ અલોકમાં થઈ જાય અને અલોકનો પ્રવેશ લોકમાં થઈ જાય; તે એક લોકસ્થિતિ છે.

(૮) જ્યાં સુધી લોક છે, ત્યાં સુધી જીવ છે અને જ્યાં સુધી જીવ છે, ત્યાં સુધી લોક છે; તે એક લોકસ્થિતિ છે.

(૯) જ્યાં સુધી જીવ અને પુદ્ગલોની ગતિ પર્યાય છે, ત્યાં સુધી લોક છે અને જ્યાં સુધી લોક છે, ત્યાં સુધી જીવ અને પુદ્ગલોની ગતિ પર્યાય છે; તે એક લોકસ્થિતિ છે.

(૧૦) લોકના સર્વ અંતિમ ભાગમાં લોકાન્તે અબદ્ધ પાર્શ્વ સ્પૃષ્ટ(અબદ્ધ અને અસ્પૃષ્ટ) પુદ્ગલોને રુક્ષ કરી દેવામાં આવે છે.(સ્વભાવથી પુદ્ગલો રુક્ષ બની જાય છે.) તેથી જીવ અને પુદ્ગલ લોકાન્ત બહાર ગમન કરી શકતા નથી; તે એક લોકસ્થિતિ છે.

## વિવેચન :–

પ્રસ્તુત સૂત્રમાં લોકના વિવિધ સ્વાભાવિક સિદ્ધાંતોનું વર્ણન છે.

**लोगट्ठिई** = લોક સંબંધી જે સનાતન સત્યો છે, લોકગત દ્રવ્યોનો જે સ્વભાવ છે, તેને લોકસ્થિતિ કહે છે. આ દસમું સ્થાન છે. તેથી સૂત્રકારે અહીં દસ પ્રકારના લોક સ્વભાવ બતાવ્યા છે. તે ભાવાર્થથી સ્પષ્ટ છે.

**શબ્દ - ધ્વનિના પ્રકાર :–**

**૨ दसविहे सद्दे पण्णत्ते, तं जहा–**

**णीहारी पिंडिमे लुक्खे, भिण्णे जज्जरिए इ य ।**
**दीहे रहस्से पुहत्ते य, काकणी खिंखिणिस्सरे ॥१॥**

**ભાવાર્થ :–** શબ્દ-ધ્વનિના દશ પ્રકાર છે, તે આ પ્રમાણે છે–

(૧) નિર્હારી– રણકારયુક્ત ઘંટાદિનો ધ્વનિ (૨) પિંડિમ– રણકાર રહિત નગારાદિનો ધ્વનિ (૩) રુક્ષ– કાગડાના અવાજ જેવો કર્કશ ધ્વનિ (૪) ભિન્ન– વસ્તુ તૂટે તેનો ધ્વનિ અથવા રોગથી પીડિત વ્યક્તિનો આર્તધ્વનિ (૫) જર્જરિત– તારવાળા વાજિંત્રોનો ધ્વનિ (૬) દીર્ઘ– દૂર સુધી સંભળાય તેવો મેઘગર્જનાદિનો ધ્વનિ (૭) હ્રસ્વ– નજીકથી જ સાંભળી શકાય તેવો વીણાદિનો ધ્વનિ (૮) પૃથક્ત્વ– અનેક વાદ્યોનો ધ્વનિ (૯) કાકણી– કોયલની સમાન સૂક્ષ્મકંઠમાંથી નીકળતો તીણો ધ્વનિ (૧૦) કિંકણી સ્વર– ઘૂઘરીઓના અવાજ જેવો ધ્વનિ.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં દશ પ્રકારના ધ્વનિઓનું સૂચન છે. સૂત્રમાં ઘંટાદિના ધ્વનિનું શબ્દરૂપે કથન કર્યુ છે.

**दीहे, रहस्से, पुहत्ते :–** (૧) દીર્ઘ એટલે દીર્ઘવર્ણવાળા શબ્દ અથવા દૂર સુધી સંભળાતા શબ્દ, મોટો અવાજ. (૨) હ્રસ્વવર્ણવાળા શબ્દ અથવા નજીકમાં જ સંભળાતા શબ્દ, નાનો અવાજ. (૩) પુહત્તે = આ શબ્દ બહુવચન- અનેકના અર્થમાં પ્રયુક્ત થાય છે, તેથી અહીં અનેક વાદ્યોની ધ્વનિ, તે પ્રમાણે અર્થ થાય છે.

**દેશ અને સર્વથી ઈન્દ્રિયનું વિષયગ્રહણ :–**

**૩ दस इंदियत्थातीता पण्णत्ता, तं जहा– देसेण वि एगे सद्दाइं सुणिंसु । सव्वेण वि एगे सद्दाइं सुणिंसु । देसेण वि एगे रूवाइं पासिंसु । सव्वेण वि एगे रूवाइं पासिंसु । एवं गंधाइं रसाइं फासाइं *जाव* सव्वेण वि एगे फासाइं पडिसंवेदेंसु।**

**ભાવાર્થ :–** કેટલીક વ્યક્તિઓએ એક દેશથી શબ્દ સાંભળ્યા હતા, કેટલીક વ્યક્તિઓએ સર્વદેશથી શબ્દ સાંભળ્યા હતા. કેટલીક વ્યક્તિઓએ એકદેશથી રૂપ જોયા હતા, કેટલીક વ્યક્તિઓએ સર્વદેશથી રૂપ જોયા હતા. આ રીતે ગંધ, રસ તથા સ્પર્શના વિષયમાં પણ એકદેશથી અને સર્વદેશથી સ્પર્શનું વેદન કર્યુ હતું, ત્યાં સુધીના દસ બોલ જાણવા.

**૪ दस इंदियत्था पडुप्पण्णा पण्णत्ता, तं जहा– देसेण वि एगे सद्दाइं सुणेंति । सव्वेण वि एगे सद्दाइं सुणेंति *जाव* फासाइं । सव्वेण वि एगे फासाइं पडि- संवेदेंति ।**

**ભાવાર્થ :–** ઈન્દ્રિયના વર્તમાનકાલીન વિષય દશ છે, તે આ પ્રમાણે છે– કેટલીક વ્યક્તિઓ એક દેશથી શબ્દ સાંભળે છે, કેટલીક વ્યક્તિઓ સર્વ દેશથી શબ્દ સાંભળે છે ***યાવત્*** કેટલીક વ્યક્તિઓ સર્વ દેશથી સ્પર્શનું વેદન કરે છે, ત્યાં સુધીના દસ બોલ જાણવા.

**૫ दस इंदियत्था अणागया पण्णत्ता, तं जहा– देसेण वि एगे सद्दाइं सुणिस्संति। सव्वेण वि एगे सद्दाइं सुणिस्संति** *जाव* **सव्वेण वि एगे फासाइं पडिसंवेदेस्संति ।**

**ભાવાર્થ :–** ઈન્દ્રિયોના ભવિષ્યકાલીન વિષય દશ છે, તે આ પ્રમાણે છે– કેટલીક વ્યક્તિઓ એક દેશથી શબ્દ સાંભળશે, કેટલીક વ્યક્તિઓ સર્વ દેશથી શબ્દ સાંભળશે ***યાવત્*** કેટલીક વ્યક્તિઓ સર્વ દેશથી સ્પર્શનું વેદન કરશે, ત્યાં સુધીના દસ બોલ જાણવા.

## વિવેચન :–

પ્રસ્તુત સૂત્રમાં ઈન્દ્રિયવિષયોનું કથન છે. ઈન્દ્રિયો બે રીતે પોતાના વિષયને ગ્રહણ કરે છે. વિષય ગ્રહણ કરવાની રીતને જ અહીં વિષયરૂપે રજૂ કરેલ છે. સ્થાન-ર, ઉદ્દે. ર, સૂત્ર-૧૫માં આત્મા દેશથી અને સર્વથી એમ બે પ્રકારે શબ્દાદિને ગ્રહણ કરે છે તે પ્રમાણે કથન છે.

**देसेण वि सद्दाइं सुणंति :–** ઘણા શબ્દોમાંથી થોડા શબ્દ સાંભળવા, એક કાનથી સાંભળવું, શ્રોતેન્દ્રિયથી જ સાંભળવું, તેને દેશથી સાંભળવું કહે છે.

**सव्वेण वि सद्दाइं सुणंति :–** એક સાથે ઘણા શબ્દ સાંભળવા, બે કાનથી સાંભળવું અને સંભિન્ન શ્રોતોપલબ્ધિના કારણે સર્વ ઈન્દ્રિયોથી શબ્દ સાંભળવા, તેને સર્વથી સાંભળવું કહે છે. આ રીતે પાંચે ઈન્દ્રિયવિષયો વિષે સમજી લેવું જોઈએ.

પ્રસ્તુતમાં ત્રણે કાળ આશ્રી બે પ્રકારે વિષયગ્રહણનું કથન છે.

## અચ્છિન્ન પુદ્ગલ ચલિત થવાના કારણો :–

**૬ दसहिं ठाणेहिं अच्छिण्णे पोग्गले चलेज्जा, तं जहा– आहारिज्जमाणे वा चलेज्जा । परिणामेज्जमाणे वा चलेज्जा । उस्ससिज्जमाणे वा चलेज्जा । णिस्ससिज्जमाणे वा चलेज्जा । वेएज्जमाणे वा चलेज्जा । णिज्जरिज्जमाणे वा चलेज्जा । विउव्विज्जमाणे वा चलेज्जा । परियारिज्जमाणे वा चलेज्जा । जक्खाइट्ठे वा चलेज्जा । वायपरिगए वा चलेज्जा ।**

**ભાવાર્થ :–** દસ સ્થાનથી અચ્છિન્ન-શરીર કે સ્કંધથી સંબદ્ધ પુદ્ગલ ચલિત થાય છે– સ્થાનાંતરને પ્રાપ્ત થાય છે, તે આ પ્રમાણે છે–

(૧) આહારરૂપે ગ્રહણ કરાતા પુદ્ગલ ચલિત થાય છે અર્થાત્ એક સ્થાનેથી બીજા સ્થાને જાય

છે. (૨) આહારરૂપે પરિણત કરાતા પુદ્ગલો ચલિત થાય છે (૩) ઉચ્છવાસ રૂપે ગ્રહણ કરાતા પુદ્ગલો ચલિત થાય છે. (૪) નિઃશ્વાસ રૂપે પરિણત કરાતા પુદ્ગલો ચલિત થાય છે (૫) વેદાતા-અનુભવાતા કર્મ પુદ્ગલ ચલિત થાય છે (૬) નિર્જરા થતા, આત્માથી છૂટા થતા કર્મ પુદ્ગલો ચલિત થાય છે (૭) વિક્રિયમાણ -વૈક્રિયશરીર રૂપે પરિણત થતા પુદ્ગલો ચલિત થાય છે (૮) પરિચારણા(મૈથુન)ના સમયે વીર્યરૂપ પુદ્ગલો ચલિત થાય છે (૯) યક્ષાવિષ્ટ પુદ્ગલો ચલિત થાય છે (૧૦) શરીરગત વાયુ પ્રેરિત પુદ્ગલો ચલિત થાય છે.

## વિવેચન :-

**અછિન્ન :–** નહીં છેદાયેલા, શરીર અને સ્કંધ સાથે સંબદ્ધ પુદ્ગલો પોતાના સ્થાનથી અન્ય સ્થાનને પ્રાપ્ત કરે છે. સ્કંધથી છૂટા પડે છે. સ્થાન-૩, ઉદ્દે.-૧, સૂત્ર-૬૭માં પુદ્ગલ ચલિત થવાના ત્રણ કારણ દર્શાવ્યા છે. તે ત્રણ કારણનો વિસ્તાર કરી અહીં દસ કારણ રૂપે કહ્યા છે.

## ક્રોધોત્પત્તિનાં કારણો :-

**૭ दसहिं ठाणेहिं कोहुप्पत्ति सिया, तं जहा– मणुण्णाइं मे सद्द-फरिस-रस-रूव-गंधाइं अवहरिंसु । अमणुण्णाइं मे सद्द-फरिस-रस-रूव-गंधाइं उवहरिंसु ।**

**मणुण्णाइं मे सद्द** *जाव* **अवहरइ । अमणुण्णाइं मे सद्द** *जाव* **उवहरइ ।**

**मणुण्णाइं मे सद्द** *जाव* **अवहरिस्सइ । अमणुण्णाइं मे सद्द** *जाव* **उवहरिस्सइ। मणुण्णाइं मे सद्द** *जाव* **अवहरिंसु वा अवहरइ वा अवहरिस्सइ वा । अमणुण्णाइं मे सद्द** *जाव* **उवहरिंसु वा उवहरइ वा उवहरिस्सइ वा ।**

**मणुण्णामणुण्णाइं मे सद्द** *जाव* **अवहरिंसु वा अवहरइ वा अवहरिस्सइ वा, उवहरिंसु वा उवहरइ वा उवहरिस्सइ वा ।**

**अहं च णं आयरिय-उवज्झायाणं सम्मं वट्टामि, ममं च णं आयरिय-उवज्झाया मिच्छं विप्पडिवण्णा ।**

**ભાવાર્થ :–** દશ કારણે ક્રોધની ઉત્પત્તિ થાય છે, તે આ પ્રમાણે છે– (૧) તે પુરુષે મારા મનોજ્ઞ શબ્દ, સ્પર્શ, રસ, રૂપ, અને ગંધનું અપહરણ કર્યું હતું. (૨) તે પુરુષે મને અમનોજ્ઞ શબ્દ, સ્પર્શ, રસ, રૂપ, ગંધ આપ્યા હતા. (૩) તે પુરુષ મારા મનોજ્ઞ શબ્દાદિનું અપહરણ કરે છે. (૪) તે પુરુષ મને અમનોજ્ઞ શબ્દાદિ આપે છે. (૫) તે પુરુષ મારા મનોજ્ઞ શબ્દાદિનું અપહરણ કરશે. (૬) તે પુરુષ મને અમનોજ્ઞ શબ્દાદિ આપશે. (૭) તે પુરુષે મારા મનોજ્ઞ શબ્દાદિનું અપહરણ કર્યુ હતું, કરે છે અને કરશે. (૮) તે પુરુષે મને અમનોજ્ઞ શબ્દાદિ આપ્યા હતા, આપે છે અને આપશે. (૯) તે પુરુષે મારા મનોજ્ઞ તથા અમનોજ્ઞ શબ્દાદિનું અપહરણ કર્યુ હતું, કરે છે અને કરશે; આપ્યા હતા, આપે છે અને આપશે. (૧૦) હું

આચાર્ય અને ઉપાધ્યાય સાથે સમ્યગ્ વ્યવહાર કરું છું પરંતુ આચાર્ય અને ઉપાધ્યાય મારી સાથે પ્રતિકૂલ વ્યવહાર કરે છે.

**વિવેચન :–**

ક્રોધની ઉત્પત્તિનું મુખ્ય કારણ ઈચ્છા અને અપેક્ષાથી વિરુદ્ધ વાતાવરણ કે ઘટના છે. જીવની ઈચ્છાપૂર્તિ ન થાય ત્યારે તેને ક્રોધ ઉત્પન્ન થાય છે.

સામાન્ય રીતે સંસારી જીવો વિષય સુખના અભિલાષી હોય છે. તેના મનોજ્ઞ વિષયો દૂર થાય કે અમનોજ્ઞ વિષયોનો સંયોગ થાય ત્યારે તેમાં નિમિત્ત બનનાર વ્યક્તિ પર જીવ ક્રોધ કરે છે. સૂત્રકારે ત્રણ કાલની અપેક્ષાએ તેના વિવિધ વિકલ્પો કરી નવ ભેદ કર્યા છે અને દશમા ભેદમાં ક્રોધની ઉત્પત્તિનું કારણ ગુરુ શિષ્યના વ્યવહારને લક્ષિત કર્યો છે.

**સંયમ-અસંયમ :–**

**૮ दसविहे संजमे पण्णत्ते, तं जहा– पुढविकाइयसंजमे, आउकाइयसंजमे, तेउकाइयसंजमे, वाउकाइयसंजमे, वणस्सइकाइयसंजमे, बेइंदियसंजमे, तेइंदियसंजमे, चउरिंदियसंजमे, पंचिंदियसंजमे, अजीवकायसंजमे ।**

**ભાવાર્થ :–** સંયમના દશ પ્રકાર છે, તે આ પ્રમાણે છે–

(૧) પૃથ્વીકાયિક સંયમ (૨) અપ્કાયિક સંયમ (૩) તેઉકાયિક સંયમ (૪) વાયુકાયિક સંયમ (૫) વનસ્પતિકાયિક સંયમ (૬) બેઈન્દ્રિય સંયમ (૭) તેઈન્દ્રિય સંયમ (૮) ચૌરેન્દ્રિય સંયમ (૯) પંચેન્દ્રિય સંયમ (૧૦) અજીવકાય સંયમ.

**૯ दसविहे असंजमे पण्णत्ते, तं जहा– पुढविकाइयअसंजमे** *जाव* **वणस्सइ-काइयअसंजमे, बेइंदियअसंजमे** *जाव* **अजीवकायअसंजमे ।**

**ભાવાર્થ :–** અસંયમના દશ પ્રકાર છે, તે આ પ્રમાણે છે– પૃથ્વીકાયિક અસંયમથી અજીવકાય અસંયમ પર્યંતના દસ અસંયમ કહેવા.

**વિવેચન :–**

છકાય જીવનો આરંભ-હિંસા તે અસંયમ અને અનારંભ તે સંયમ છે. સ્થાન-૫, ઉદ્દે.-૨, સૂત્ર–૩૮-૪૩માં પાંચ સ્થાવર અથવા પાંચ જાતિના જીવોના આરંભાદિથી થતા અસંયમનું કથન છે. સ્થાન-૭, સૂત્ર–૮૦-૮૨માં છકાય અને અજીવ સહિત સાત પ્રકારના સંયમ અસંયમનું કથન છે. અહીં દશ પ્રકારના સંયમ-અસંયમનું કથન છે તે ભાવાર્થથી સ્પષ્ટ છે.

**સંવર-અસંવર :–**

**१० दसविहे संवरे पण्णत्ते, तं जहा– सोइंदियसंवरे, चक्खिदियसंवरे, घाणिंदिय- संवरे, जिब्भिदियसंवरे, फासिंदियसंवरे, मणसंवरे, वयसंवरे, काय संवरे उवगरण- संवरे, सूचीकुसग्गसंवरे ।**

**ભાવાર્થ :–** સંવરના દશ પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) શ્રોત્રેન્દ્રિય સંવર (૨) ચક્ષુરિન્દ્રિય સંવર (૩) ઘ્રાણેન્દ્રિય સંવર (૪) જિહ્વેન્દ્રિય સંવર (૫) સ્પર્શેન્દ્રિય સંવર (૬) મન સંવર (૭) વચન સંવર (૮) કાય સંવર (૯) ઉપકરણ સંવર (૧૦) સૂચી કુશાગ્ર સંવર.

**११ दसविहे असंवरे पण्णत्ते, तं जहा– सोइंदियअसंवरे *जाव* फासिंदियअसंवरे, मणअसंवरे, वयअसंवरे, कायअसंवरे, उवगरणअसंवरे, सूचीकुसग्गअसंवरे ।**

**ભાવાર્થ :–** અસંવરના દશ પ્રકાર છે, તે આ પ્રમાણે છે– શ્રોત્રેન્દ્રિય અસંવરથી સૂચી કુશાગ્ર અસંવર પર્યંતના દસ અસંવર કહેવા.

**વિવેચન :–**

આવતા કર્મને અટકાવવા, તેને સંવર કહે છે. ઈન્દ્રિયાદિ વિષયોમાં અનાસક્ત રહેવાથી સંવર થાય છે. સ્થાન-૫, ઉદ્દે.-૨, સૂત્ર-૪૦,૪૧ માં પાંચ ઈન્દ્રિયનો સંવર; સ્થાન-૬, સૂત્ર-૧૪,૧૫ માં પાંચ ઈન્દ્રિય અને અજીવ તેમ છ પ્રકારનો સંવર દર્શાવ્યો છે. સ્થાન-૮, સૂત્ર-૧૪,૧૫માં પાંચ ઈન્દ્રિય અને ત્રણયોગ સંબંધી આઠ પ્રકારના સંવરનો નિર્દેશ છે. અહીં દશ પ્રકારના સંવર-અસંવરનું કથન છે.

તે દસ પ્રકારના સંવરમાંથી પ્રથમના આઠ ભાવસંવર અને અંતિમ બે દ્રવ્યસંવર છે. સંયમી જીવનમાં આવશ્યક, ઉપયોગી સાધનોને ઉપધિ કહે છે. તે ઉપધિના બે પ્રકાર છે. રજોહરણ, પાત્ર વગેરે જે ઉપકરણો પ્રતિદિન ઉપયોગમાં આવે તેને ઔઘિક ઉપધિ કહે છે અને વિશિષ્ટ કાર્ય માટે સંયમની રક્ષા માટે જે ઉપકરણો ગ્રહણ કરી અને કાર્ય પૂર્ણ થાય ત્યારે ગૃહસ્થને પાછા આપી શકાય તેવા ઉપકરણને ઔપગ્રહિક ઉપકરણ કહે છે.

**ઉપકરણ સંવર :–** અકલ્પનીય ઔઘિક ઉપકરણોનો સ્વીકાર ન કરવો તથા ચારે બાજુ વેર-વિખેર, અવ્યવસ્થિત ન રાખતાં ઔઘિક ઉપકરણોને વ્યવસ્થિત રાખવા તેને ઉપકરણ સંવર કહે છે. ઉપકરણ સંવર ઔઘિક ઉપકરણની અપેક્ષાએ છે.

**સૂચીકુશાગ્ર સંવર :** સૂચી = સોય, કુશાગ્ર = દાભની અણી, તેને સાચવીને વ્યવસ્થિત રાખવી, જેથી શરીરને ઉપઘાત ન થાય, વાગે નહીં. સૂચી-કુશાગ્ર શબ્દ સર્વ ઔપગ્રહિક ઉપધિના સૂચક છે. આ સંવર ઔપગ્રહિક ઉપકરણની અપેક્ષાએ છે અર્થાત્ સર્વ ઔપગ્રહિક ઉપકરણો યતનાપૂર્વક વાપરવા જોઈએ.

સોય અને દર્ભની અણી ઉપર રહી શકે તેટલી અલ્પ પ્રમાણ વસ્તુને પણ યત્નાપૂર્વક લેવા-મૂકવાને સૂચીકુશાગ્ર સંવર કહે છે.

**અહં આધારિત મદ પ્રકાર :–**

**१२ दसहिं ठाणेहिं अहमंतीइ थंभिज्जा, तं जहा– जाइमएण वा, कुलमएण वा *जाव* इस्सरियमएण वा, णागसुवण्णा वा मे अंतियं हव्वमागच्छंति, पुरिसधम्माओ वा मे उत्तरिए आहोहिए णाणदंसणे समुप्पण्णे ।**

**ભાવાર્થ :–** દશ કારણે પુરુષ પોતાને 'હું જ સર્વથી શ્રેષ્ઠ છું' એમ માનીને ઘમંડી બને છે અર્થાત્ અભિમાન કરે છે, તે આ પ્રમાણે છે–

(૧) જાતિ મદથી (૨) કુળ મદથી (૩) બળ મદથી (૪) રૂપ મદથી (૫) તપ મદથી (૬) શાસ્ત્રજ્ઞાનના મદથી (૭) લાભ મદથી (૮) ઐશ્વર્ય મદથી (૯) મારી પાસે નાગકુમાર, સુવર્ણ કુમાર વગેરે દેવો હું ઈચ્છું ત્યારે તુરંત આવે છે, આ પ્રકારના લબ્ધિના મદથી (૧૦) મને સામાન્ય જનની અપેક્ષાએ વિશિષ્ટ અવધિજ્ઞાન અને અવધિદર્શન થયું છે, તેવા મદથી.

**વિવેચન :–**

**अहमंती : अहम् + अन्ती,** અહમ્ = હું, અન્ત = ચરમ કોટિનો શ્રેષ્ઠ છું, જાતિ આદિની અપેક્ષાએ હું સર્વ શ્રેષ્ઠ છું. તેમ માની જીવ ઘમંડી(અભિમાની) બની જાય છે. સ્થાન-૮, સૂત્ર-૨૪માં આઠ મદના સ્થાન કહ્યા છે. તેને અહીં 'અહમન્તી'ના સ્થાન કહ્યા છે. અહીં પૂર્વોક્ત આઠ મદ અને અંતિમ બે લબ્ધિમદ અને વિશિષ્ટ જ્ઞાનના મદ સહિત અભિમાનના દશ સ્થાનનું કથન છે. બંનેના ભાવ સમાન છે.

**સમાધિ-અસમાધિ સ્થાન :–**

**१३ दसविहा समाही पण्णत्ता, तं जहा– पाणाइवायवेरमणे, मुसावायवेरमणे, अदिण्णादाणवेरमणे, मेहुणवेरमणे, परिग्गहवेरमणे, इरियासमिई, भासासमिई, एसणासमिई, आयाण-भंडमत्त-णिक्खेवणासमिई, उच्चार-पासवण-खेल-सिंघाण- जल्ल-पारिट्ठावणिया समिई ।**

**ભાવાર્થ :–** સમાધિના દશ પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) પ્રાણાતિપાત વિરમણ (૨) મૃષાવાદ વિરમણ (૩) અદત્તાદાન વિરમણ (૪) મૈથુન વિરમણ (૫) પરિગ્રહ વિરમણ (૬) ઈર્યા સમિતિ (૭) ભાષા સમિતિ (૮) એષણા સમિતિ (૯) આદાન ભંડ પાત્ર નિક્ષેપણ સમિતિ (૧૦) ઉચ્ચાર પ્રસ્રવણ શ્લેષ્મ સિંઘાણ જલ્લ પરિષ્ઠાપના સમિતિ.

**१४ दसविहा असमाही पण्णत्ता, तं जहा– पाणाइवाए** *जाव* **परिग्गहे, इरिया असमिई** *जाव* **उच्चार-पासवण-खेल-सिंघाण- जल्ल-पारिट्ठावणिया- असमिइ ।**

**ભાવાર્થ :–** અસમાધિના દશ પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) પ્રાણાતિપાત અવિરમણ (૨) મૃષાવાદ અવિરમણ (૩) અદત્તાદાન અવિરમણ (૪) મૈથુન અવિરમણ (૫) પરિગ્રહ અવિરમણ (૬) ઈર્યા અસમિતિ (૭) ભાષા અસમિતિ (૮) એષણા અસમિતિ (૯) આદાન ભંડ પાત્રાદિ નિક્ષેપ અસમિતિ (૧૦) ઉચ્ચાર પ્રસ્રવણ શ્લેષ્મ સિંઘાણ જલ્લ પરિષ્ઠાપના અસમિતિ.

**વિવેચન :–**

**समाही :–** સમતા, રાગ-દ્વેષનો અભાવ, કર્મ અનાશ્રવ, આત્મશાંતિ, ચિત્ત સમાધિને સમાધિ કહે છે. પાંચવ્રત, પાંચ સમિતિ, આ દસના પાલનથી ચિત્ત સમાધિ અને આત્મ સમાધિની પ્રાપ્તિ થાય છે. તેનાથી વિપરીત હિંસાદિથી અને અસમિતિથી આત્માને અસમાધિની અને ચિત્તને અશાંતિની પ્રાપ્તિ થાય છે.

**પ્રવ્રજ્યા :–**

**१५ दसविहा पव्वज्जा पण्णत्ता, तं जहा– छंदा, रोसा, परिजुण्णा, सुविणा पडिस्सुया सारणिया, रोगिणिया, अणाढिया, देवसण्णत्ती वच्छाणुबंधिया ।**

**ભાવાર્થ :– (૧) છંદા–** પોતાની કે અન્યની ઈચ્છાથી દીક્ષા લેવી. **(૨) રોસા–** ક્રોધથી દીક્ષા લેવી. **(૩) પરિજીર્ણા–** દરિદ્રતાના કારણે ક્ષુધાથી પીડિત બની, દીક્ષા લેવી. **(૪) સ્વપ્ના–** સ્વપ્નમાં થતા સંકેતથી કે વિશિષ્ટ સ્વપ્નના કારણે દીક્ષા લેવી. **(૫) પ્રતિશ્રુતા–** પ્રતિજ્ઞાપૂર્વક દીક્ષા લેવી. **(૬) સ્મારણિકા–** પૂર્વભવના સ્મરણ કે જાતિસ્મરણના કારણે દીક્ષા લેવી. **(૭) રોગણિકા–** રોગના કારણે સંસારથી વિરક્ત બની દીક્ષા લેવી. **(૮) અનાદતા–** અનાદર, તિરસ્કૃત બની દીક્ષા લેવી. **(૯) દેવસંજ્ઞપ્તિ–** દેવ દ્વારા પ્રતિબોધિત થઈ દીક્ષા લેવી. **(૧૦) વત્સાનુબંધી–** પુત્ર સ્નેહથી પુત્ર માટે પુત્ર સાથે દીક્ષા લેવી.(આ દશ પ્રકારની દીક્ષાને ટીકાકારે સદષ્ટાંત સમજાવી છે, તેના માટે જુઓ પરિશિષ્ટ.)

**શ્રમણ ધર્મ :–**

**१६ दसविहे समणधम्मे पण्णत्ते, तं जहा– खंती, मुत्ती, अज्जवे, मद्दवे, लाघवे, सच्चे, संजमे, तवे, चियाए, बंभचेरवासे ।**

**ભાવાર્થ :–** શ્રમણધર્મના દસ પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) ક્ષમા-શાંતિ (૨) નિર્લોભતા (૩) આર્જવ-સરળતા (૪) માર્દવ-મૃદુતા (૫) લાઘવ-લઘુતા (૬) સત્ય (૭) સંયમ (૮) તપ (૯) ત્યાગ (સાંભોગિકને ભોજન આદિ દેવા) (૧૦) બ્રહ્મચર્યવાસ (બ્રહ્મચર્યપૂર્વક ગુરુપાસે રહેવું).

**વિવેચન :–**

સ્થાન-૫, ઉદ્દે.-૧, સૂત્ર-૨૪, ૨૫માં શ્રમણો માટે પ્રશસ્ત અને અનુમત, ક્ષમા આદિ દશ બોલનું કથન બે સૂત્ર દ્વારા કર્યું છે. અહીં તે જ દશ બોલનું કથન શ્રમણ ધર્મરૂપે કર્યું છે. તેનું વિવેચન સ્થાન પાંચ પ્રમાણે જાણવું.

**વૈયાવૃત્ય :–**

**૧૭ दसविहे वेयावच्चे पण्णत्ते, तं जहा– आयरियवेयावच्चे, उवज्झायवेयावच्चे, थेरवेयावच्चे तवस्सिवेयावच्चे, गिलाणवेयावच्चे, सेहवेयावच्चे, कुलवेयावच्चे, गणवेयावच्चे, संघवेयावच्चे, साहम्मियवेयावच्चे ।**

**ભાવાર્થ :–** વૈયાવૃત્ય-સેવાના દશ પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) આચાર્યની સેવા (૨) ઉપાધ્યાયની સેવા (૩) સ્થવિરની સેવા (૪) તપસ્વીની સેવા (૫) ગ્લાનની સેવા (૬) શૈક્ષની સેવા (૭) કુલની સેવા (૮) ગણની સેવા (૯) સંઘની સેવા (૧૦) સાધર્મિકની સેવા.

**વિવેચન :–**

વૈયાવચ્ચ આભ્યંતર તપ છે. અગ્લાનભાવે સેવા કરનાર વ્યક્તિ અનંતકર્મોની નિર્જરા કરે છે. સ્થાન-૫, ઉદ્દે.-૧, સૂત્ર-૩૪, ૩૫; તે બે સૂત્રો દ્વારા મહાનિર્જરાના સ્થાન રૂપ ૧૦ પ્રકારની વૈયાવચ્ચનું કથન છે. અહીં દશમું સ્થાન હોવાથી એક જ સૂત્રમાં દશ પ્રકારની વૈયાવચ્ચનું કથન છે.

**જીવ પરિણામ :–**

**૧૮ दसविहे जीवपरिणामे पण्णत्ते, तं जहा– गइपरिणामे, इंदियपरिणामे, कसायपरिणामे, लेसापरिणामे, जोगपरिणामे, उवओगपरिणामे, णाणपरिणामे, दंसण- परिणामे, चरित्तपरिणामे, वेयपरिणामे ।**

**ભાવાર્થ :–** જીવ પરિણામના દશ પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) ગતિ પરિણામ (૨) ઇન્દ્રિય પરિણામ (૩) કષાય પરિણામ (૪) લેશ્યા પરિણામ (૫) યોગ પરિણામ (૬) ઉપયોગ પરિણામ (૭) જ્ઞાન પરિણામ (૮) દર્શન પરિણામ (૯) ચારિત્ર પરિણામ (૧૦) વેદ પરિણામ.

**વિવેચન :–**

**પરિણામ :–** જીવની અવસ્થાઓને તેમજ અધ્યવસાયને પ્રસ્તુત સૂત્રમાં જીવ દ્રવ્યના દશ પ્રકારના પરિણામ કહ્યા છે.

**(૧) ગતિ પરિણામ–** જીવનું નારકાદિ ચાર ગતિ રૂપે પરિણત થવું, તેને ગતિ પરિણામ કહે છે. તેના ચાર

પ્રકાર છે.

**(૨) ઈન્દ્રિય પરિણામ–** જીવને સ્પર્શેન્દ્રિય આદિ ઈન્દ્રિયોની પ્રાપ્તિ થવી, તેને ઈન્દ્રિય પરિણામ કહે છે. તેના પાંચ પ્રકાર છે.

**(૩) કષાય પરિણામ–** જીવના અધ્યવસાયમાં ક્રોધ, અભિમાનાદિ ભાવો થવા, તે કષાય પરિણામ છે. તેના ચાર પ્રકાર છે.

**(૪) લેશ્યા પરિણામ–** કષાય અને યોગ સહિતની શુભાશુભ પરિણતિ, તે લેશ્યા પરિણામ છે. તેના છ પ્રકાર છે.

**(૫) યોગ પરિણામ–** મન, વચન અને કાયયોગ દ્વારા જીવની પ્રવૃત્તિ થવી, તે યોગ પરિણામ છે. તેના ત્રણ પ્રકાર છે.

**(૬) ઉપયોગ પરિણામ–** આત્માનું જ્ઞાન, દર્શન આદિ આત્મગુણો સાથે અનુસંધાન થવું, તે ઉપયોગ પરિણામ છે. તેના બે પ્રકાર છે.

**(૭) જ્ઞાન પરિણામ–** વસ્તુ તત્ત્વોના સમ્યગ્ બોધરૂપ આત્મ પરિણામ, તે જ્ઞાન પરિણામ છે. તેના પાંચ પ્રકાર છે.

**(૮) દર્શન પરિણામ–** વસ્તુ તત્ત્વોની સમ્યક્-શ્રદ્ધારૂપ આત્મ પરિણામ, તે દર્શન પરિણામ છે. તેના ત્રણ પ્રકાર છે.

**(૯) ચારિત્ર પરિણામ–** અઢાર પાપોના ત્યાગરૂપ પ્રવૃત્તિને અને સામાયિકાદિ ચારિત્રાચારના પાલનમાં પ્રવૃત્તિરૂપ આત્મપરિણામ, તે ચારિત્ર પરિણામ છે. તેના પાંચ પ્રકાર છે.

**(૧૦) વેદ પરિણામ–** સ્ત્રી આદિ સાથે રમણ કરવાની અભિલાષા રૂપ આત્મ પરિણામ, તે વેદ પરિણામ છે. તેના ત્રણ પ્રકાર છે.

ઉપરોક્ત દશ પરિણામોમાં ગતિપરિણામ, ઈન્દ્રિય પરિણામ અને યોગ પરિણામ જીવની અવસ્થા રૂપ છે અને શેષ સાત પરિણામ જીવના શુભાશુભ અધ્યવસાય રૂપ છે.

### અજીવ પરિણામ :–

**१९ दसविहे अजीवपरिणामे पण्णत्ते, तं जहा– बंधणपरिणामे, गइपरिणामे, संठाणपरिणामे, भेयपरिणामे, वण्णपरिणामे रसपरिणामे, गंधपरिणामे, फासपरिणामे, अगुरुलहुपरिणामे, सद्दपरिणामे ।**

**ભાવાર્થ :–** અજીવ પરિણામના દશ પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) બંધન પરિણામ (૨) ગતિ

પરિણામ (૩) સંસ્થાન પરિણામ (૪) ભેદ પરિણામ (૫) વર્ણ પરિણામ (૬) રસ પરિણામ (૭) ગંધ પરિણામ (૮) સ્પર્શ પરિણામ (૯) અગુરુલઘુ પરિણામ (૧૦) શબ્દ પરિણામ.

## વિવેચન :–

પ્રસ્તુત સૂત્રમાં અજીવ પરિણામ રૂપે પુદ્‍ગલની વિવિધ પર્યાયો-અવસ્થાઓનું કથન છે.

**(૧) બંધન પરિણામ–** સ્નિગ્ધતા, રૂક્ષતા આદિ ગુણના કારણે બે પુદ્‍ગલોનો પરસ્પર બંધ થાય, તે બંધન પરિણામ છે. **(૨) ગતિ પરિણામ–** પુદ્‍ગલો સ્થાનાંતરિત થાય, તે ગતિ પરિણામ છે. **(૩) સંસ્થાન પરિણામ–** પુદ્‍ગલ દ્રવ્યોમાં ગોળ, ચોરસ આદિ નિયત અથવા અનિયત આકાર થાય, તે સંસ્થાન પરિણામ છે. **(૪) ભેદ પરિણામ–** પુદ્‍ગલ દ્રવ્યમાં ખંડ, પ્રતર, ચૂર્ણ આદિ રૂપે ભેદ થાય, તે ભેદ પરિણામ છે. **(૫) વર્ણ પરિણામ–** કૃષ્ણ, નીલ આદિ પાંચ વર્ણ પરિણામ છે. **(૬) ગંધ પરિણામ–** સુરભિ અને દુરભિ તે બે ગંધ પરિણામ છે. **(૭) રસ પરિણામ–** તિક્ત આદિ પાંચ રસ પરિણામ છે. **(૮) સ્પર્શ પરિણામ–** કર્કશ આદિ આઠ સ્પર્શ પરિણામ છે. **(૯) અગુરુ લઘુ પરિણામ–** પુદ્‍ગલ દ્રવ્યમાં કર્કશ આદિ સ્પર્શ હોય છે. તેમાંથી જે પુદ્‍ગલ દ્રવ્યમાં શીત-ઉષ્ણ, સ્નિગ્ધ-રૂક્ષ તે ચાર મૂળભૂત સ્પર્શ હોય તે પુદ્‍ગલ અત્યંત સૂક્ષ્મ હોય છે અને તે ચક્ષુ ગ્રાહ્ય નથી. તેનું પરિણમન અગુરુલઘુ કહેવાય છે. આઠ પુદ્‍ગલ વર્ગણામાંથી શ્વાસોચ્છ્‌વાસ, ભાષા, મન અને કાર્મણ વર્ગણાના પુદ્‍ગલો ચઉસ્પર્શી છે અને તે અગુરુલઘુ છે. શેષ ચાર વર્ગણાના પુદ્‍ગલો આઠ સ્પર્શી અને ગુરુલઘુ છે. **(૧૦) શબ્દ પરિણામ–** પુદ્‍ગલોના પરસ્પર અથડાવાથી કે તેનું છેદન-ભેદન થવાથી વિવિધ પ્રકારનો ધ્વનિ નીકળે, તેને પુદ્‍ગલોના શબ્દ પરિણામ કહે છે.

ઉપરોક્ત દશ પ્રકારના પરિણામમાં વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ પુદ્‍ગલના ગુણ છે અને શેષ છ પરિણામ તેના કાર્ય છે.

## આકાશીય અને ઔદારિક અસ્વાધ્યાય :–

**૨૦ दसविहे अंतलिक्खए असज्झाइए पण्णत्ते, तं जहा– उक्कावाए, दिसिदाहे, गज्जिए, विज्जुए, णिग्घाए, जुवए, जक्खालित्ते, धूमिया, महिया रयुग्घाए ।**

**ભાવાર્થ :–** આકાશ સંબંધી અસ્વાધ્યાયકાલના દશ પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) ઉલ્કાપાત– વીજળી પડે અથવા તારો ખરે તો અસજ્ઝાય (૨) દિગ્દાહ– દિશા બળતી દેખાય (૩) ગર્જન– મેઘ ગર્જના (૪) વિદ્યુત– વીજળી થતી હોય (૫) નિર્ઘાત– વાદળા હોય કે ન હોય પરંતુ આકાશમાં વ્યંતર આદિ કૃત ઘોર ગર્જના અથવા વજ્રપાત થાય (૬) યૂપક– સંધ્યાની પ્રભા અને ચંદ્રની પ્રભા એક સાથે મળે અર્થાત્ સુદ એકમ, બીજનો ચંદ્ર સંધ્યા સમયે ઉદિત થાય છે; તેથી બંનેની આભા મિશ્રિત થાય તે સમય (૭) યક્ષદીપ્ત– યક્ષાદિ દ્વારા કોઈ એક દિશામાં વિજળી જેવો પ્રકાશ દેખાય, (૮) ધૂમિકા– ધૂમ્મસ વગેરે પડે (૯) મહિકા– કરા પડે (૧૦) રજોદ્‍ઘાત– ધૂળની ડમરીઓ ચડે અને આકાશ ધૂળથી વ્યાપ્ત થઈ જાય ત્યારે સ્વાધ્યાયનો નિષેધ છે.

**૨૧ दसविहे ओरालिए असज्झाइए पण्णत्ते, तं जहा- अट्ठि, मंसे, सोणिए, असुइसामंते, सुसाणसामंते, चंदोवराए, सूरोवराए, पडणे, रायवुग्गहे, उवस्सयस्स अंतो ओरालिए सरीरगे ।**

**ભાવાર્થ :–** ઔદારિક સંબંધી અસ્વાધ્યાયના દશ પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) અસ્થિ (૨) માંસ (૩) લોહી (૪) અશુચિ નજીક હોય (૫) સ્મશાન નજીક હોય (૬) ચંદ્રગ્રહણ હોય (૭) સૂર્ય ગ્રહણ હોય (૮) મુખ્ય વ્યક્તિ, રાજાદિનું મૃત્યુ થયું હોય (૯) યુદ્ધ ચાલુ હોય, (૧૦) ઉપાશ્રયની અંદર સો હાથ જેટલા અંતરે ઔદારિક શરીરનું કલેવર પડ્યું હોય, તો સ્વાધ્યાયનો નિષેધ છે.

### આરંભ-અનારંભજનિત અસંયમ સંયમ :–

**૨૨ पंचिंदिया णं जीवा असमारभमाणस्स दसविहे संजमे कज्जइ, तं जहा– सोयामयाओ सोक्खाओ अववरोवेत्ता भवइ । सोयामएणं दुक्खेणं असंजोगेत्ता भवइ *जाव* फासामएणं दुक्खेणं असंजोगेत्ता भवइ ।**

**ભાવાર્થ :–** પંચેન્દ્રિય જીવોની ઘાત ન કરનારાને દશ પ્રકારનો સંયમ થાય છે, તે આ પ્રમાણે છે– શ્રોત્રેન્દ્રિય સંબંધી સુખનો વિયોગ નહીં કરવાથી, શ્રોત્રેન્દ્રિય સંબંધી દુઃખનો સંયોગ નહીં કરવાથી **યાવત્** સ્પર્શેન્દ્રિય સંબંધી દુઃખનો સંયોગ નહીં કરવાથી.

**૨૩ पंचिंदिया णं जीवा समारभमाणस्स दसविहे असंजमे कज्जइ, तं जहा– सोयामयाओ सोक्खाओ ववरोवेत्ता भवइ । सोयामएणं दुक्खेणं संजोगेत्ता भवइ *जाव* फासामएणं दुक्खेणं संजोगेत्ता भवइ ।**

**ભાવાર્થ :–** પંચેન્દ્રિય જીવોની ઘાત કરનારાને દસ પ્રકારનો અસંયમ થાય છે, તે આ પ્રમાણે છે– શ્રોત્રેન્દ્રિય સંબંધી સુખનો વિયોગ કરવાથી, શ્રોત્રેન્દ્રિય સંબંધી દુઃખનો સંયોગ કરવાથી ***યાવત્*** સ્પર્શેન્દ્રિય સંબંધી દુઃખનો સંયોગ કરવાથી.

### વિવેચન :–

પ્રસ્તુત સૂત્રોમાં પંચેન્દ્રિય જીવની હિંસાથી થતાં અસંયમનો અને હિંસાના ત્યાગથી થતાં સંયમનો નિર્દેશ છે. પંચેન્દ્રિય જીવની ઘાતથી તેના પાંચે ઇન્દ્રિયના સુખનો નાશ થાય છે અને દુઃખનો સંયોગ થાય છે, તેની ઘાત ન કરવાથી તેના પાંચે ઇન્દ્રિયજનિત સુખનો વિયોગ થતો નથી અને દુઃખનો સંયોગ થતો નથી. આ રીતે તેને ક્રમશઃ દશ પ્રકારે અસંયમ અને સંયમ થાય છે.

સ્થાન-૫, ઉદ્દે.-૨, સૂત્ર-૪૦, ૪૧માં પંચેન્દ્રિય જીવોના સંયમ-અસંયમના કથનમાં સામાન્ય રૂપે પાંચ ઇન્દ્રિયોનું ગ્રહણ કરી, પાંચ પ્રકારના સંયમ-અસંયમનું કથન છે. જ્યારે આ સૂત્રમાં પાંચે ઇન્દ્રિયજન્ય

સુખ વિયોગ અને દુઃખ સંયોગની અપેક્ષાએ દસ પ્રકારના અસંયમનું કથન છે.

સ્થાન-૪, ઉદ્દે-૪, સ્થાન-૬, સૂત્ર-૭૪,૭૫, સ્થાન-૮, સૂત્ર-૩૬,૩૭ અને આ સ્થાન-૧૦, સૂત્ર-૨૨,૨૩માં ક્રમશઃ બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચૌરેન્દ્રિય અને પંચેન્દ્રિય જીવની ઘાતજન્ય અસંયમનું અને ઘાતના ત્યાગજન્ય સંયમનું કથન છે.

### સૂક્ષ્મના દશ પ્રકાર :–

**૨૪ दस सुहुमा पण्णत्ता, तं जहा– पाणसुहुमे, पणगसुहुमे, बीयसुहुमे, हरियसुहुमे, पुप्फसुहुमे, अंडसुहुमे, लेणसुहुमे, सिणेहसुहुमे, गणियसुहुमे, भंगसुहुमे ।**

**ભાવાર્થ :–** સૂક્ષ્મના દશ પ્રકાર છે, તે આ પ્રમાણે છે–

(૧) પ્રાણ સૂક્ષ્મ– કુંથુ વગેરે સૂક્ષ્મ પ્રાણી (૨) પનક સૂક્ષ્મ– લીલફૂગ આદિ (૩) બીજ સૂક્ષ્મ– ખસખસ, સરસવ, રાઈ વગેરેના બીજ (૪) હરિત સૂક્ષ્મ– અંકુરા વગેરે, બીજમાંથી કોંટો ફૂટે તે. (૫) પુષ્પ સૂક્ષ્મ– વડ આદિના પુષ્પ (૬) અંડ સૂક્ષ્મ– કીડી આદિના ઈંડા (૭) લયન સૂક્ષ્મ– કીડીના દર વગેરે (૮) સ્નેહ સૂક્ષ્મ– ઓસ–ઝાકળ વગેરે (૯) ગણિત સૂક્ષ્મ– સૂક્ષ્મ બુદ્ધિગમ્ય ગણિત (૧૦) ભંગ સૂક્ષ્મ– સૂક્ષ્મ બુદ્ધિગમ્ય વિકલ્પ, ભંગજાળ.

### વિવેચન :–

પ્રસ્તુત સૂત્રમાં દશ પ્રકારના સૂક્ષ્મનું કથન છે. સ્થાન-૮, સૂત્ર-૩૮માં આઠ સૂક્ષ્મ જીવોનું કથન છે. અહીં ગણિતસૂક્ષ્મ અને ભંગ સૂક્ષ્મ સહિત દશ પ્રકારના સૂક્ષ્મનું કથન છે.

**ગણિત સૂક્ષ્મ :–** જે ગણિત સૂક્ષ્મ બુદ્ધિથી જ સમજી શકાય તેને ગણિત સૂક્ષ્મ કહે છે.

**ભંગ સૂક્ષ્મ :–** ભંગ-વિકલ્પો, વિવિધ વિકલ્પો-ભંગજાળ પણ સૂક્ષ્મ બુદ્ધિથી જ સમજી શકાય છે. તેથી તેને ભંગ સૂક્ષ્મ કહે છે.

આ રીતે ગણિત અને ભંગનો વિષય સૂક્ષ્મ બુદ્ધિગમ્ય હોવાથી સૂત્રકારે તેની ગણના સૂક્ષ્મના પ્રકારમાં કરીને દશની સંખ્યા પૂર્ણ કરી છે.

### જંબૂદ્વીપની મહાનદી :–

**૨૫ जंबुद्दीवे दीवे मंदरस्स पव्वयस्स दाहिणेणं गंगा-सिंधु-महाणईओ दस महाणईओ समप्पेंति, तं जहा– जउणा, सरऊ, आवी, कोसी, मही, सतद्दू, वितत्था, विभासा, एरावती, चंदभागा ।**

**ભાવાર્થ :–** જંબૂદ્વીપ નામના દ્વીપના મંદર પર્વતની દક્ષિણમાં(ભરતક્ષેત્ર ગત) ગંગા-સિંધુ મહાનદીમાં દશ મહાનદીઓ મળે છે, તે આ પ્રમાણે છે– (૧) યમુના (૨) સરયુ (૩) આવી (૪) કોશી (૫) મહી (૬) શતદ્રુ (૭) વિતસ્તા (૮) વિપાશા (૯) ઐરાવતી (૧૦) ચંદ્રભાગા.

**२६** **जंबुद्दीवे दीवे मंदरस्स पव्वयस्स उत्तरे णं रत्ता-रत्तवईओ महाणईओ दस महाणईओ समप्पेंति, तं जहा– किण्हा, महाकिण्हा, णीला, महाणीला, महातीरा, इंदा, इंदसेणा, सुसेणा, वारिसेणा महाभोगा ।**

**ભાવાર્થ :–** જંબૂદ્વીપ નામના દ્વીપમાં મંદર પર્વતની ઉત્તરમાં(ઐરવત ક્ષેત્રગત) રક્તા અને રક્તવતી મહાનદીમાં દશ મહા નદીઓ મળે છે, તે આ પ્રમાણે છે– (૧) કૃષ્ણા (૨) મહા કૃષ્ણા (૩) નીલા (૪) મહાનીલા (૫) મહાતીરા (૬) ઈન્દ્રા (૭) ઈન્દ્ર સેના (૮) સુષેણા (૯) વારિષેણા (૧૦) મહાભોગા.

### દસ રાજધાનીઓ અને રાજાઓ :–

**२७** **जंबुद्दीवे दीवे भरहे वासे दस रायहाणीओ पण्णत्ताओ, तं जहा–**

**चंपा महुरा वाणारसी य, सावत्थी तह य साकेयं ।**
**हत्थिणाउरं कंपिल्लं, मिहिला, कोसंबी रायगिहं ॥१॥**

**ભાવાર્થ :–** જંબૂદ્વીપ નામના દ્વીપમાં ભરતક્ષેત્રમાં દશ રાજધાનીઓ છે, તે આ પ્રમાણે છે– (૧) ચમ્પા– અંગ દેશની રાજધાની (૨) મથુરા– સૂરસેન દેશની રાજધાની (૩) વાણારસી– કાશી દેશની રાજધાની (૪) શ્રાવસ્તી– કુણાલ દેશની રાજધાની (૫) સાકેત– કોશલ દેશની રાજધાની (૬) હસ્તિનાપુર– કુરુદેશની રાજધાની (૭) કામ્પિલ્ય– પાંચાલ દેશની રાજધાની (૮) મિથિલા– વિદેહ દેશની રાજધાની (૯) કૌશામ્બી– વત્સ દેશની રાજધાની (૧૦) રાજગૃહ– મગધ દેશની રાજધાની.

**२८** **एयासु णं दससु रायहाणीसु दस रायाणो मुंडा भवेत्ता अगाराओ अणगारियं पव्वइया, तं जहा– भरहे, सगरे, मघवं, सणंकुमारे, संती, कुंथू, अरे, महापउमे, हरिसेणे, जयणामे ।**

**ભાવાર્થ :–** આ દશ રાજધાનીઓમાં દશ(ચક્રવર્તી) રાજા મુંડિત થઈ ગૃહસ્થવાસથી શ્રમણધર્મમાં પ્રવ્રજિત થયા, તે આ પ્રમાણે છે– (૧) ભરત (૨) સગર (૩) મઘવા (૪) સનત્કુમાર (૫) શાંતિ (૬) કુંથુ (૭) અર (૮) મહાપદ્મ (૯) હરિષેણ (૧૦) જય.

### વિવેચન :–

પ્રસ્તુત સૂત્રમાં દસ રાજધાનીઓ અને આ દસ રાજધાનીઓમાં દસ રાજાઓએ દીક્ષા લીધી તેના

નામ ઉલ્લેખિત છે. ટીકાકારે આ વિષયમાં કોઈ સ્પષ્ટીકરણ કર્યું નથી. પરંતુ નિશીથ સૂત્રની ચૂર્ણિ– વ્યાખ્યામાં આ પ્રમાણેનું સ્પષ્ટીકરણ ઉપલબ્ધ છે યથા– **बारस चक्कीणं एयाओ रायहाणीओ । संती कुंथू य अरो, तिण्णि वि जिणचक्की एक्काहिं(नगरीहिं) जाया । तेण दस होंति । निरु चूरु उद्देशक–९ भाष्यगाथा–२५९१ पृष्ट ५६ ।**

त्रण तीर्थंकर चक्रवर्तीनी એક રાજધાની હતી, તેથી બાર ચક્રવર્તીની દસ રાજધાની કહી છે. આ રાજધાનીઓમાં કેટલીક રાજધાનીઓમાં દસ ચક્રવર્તી દીક્ષિત થયા હતા. બે ચક્રવર્તી(સુભૂમ અને બ્રહ્મદત્ત) દીક્ષિત થયા નથી.

### જંબૂદ્વીપના મેરુ પર્વતનું માપ :–

**२९ जंबुद्दीवे दीवे मंदर पव्वए दस जोयणसयाइं उव्वेहेणं, धरणितले दस जोयणसहस्साइं विक्खंभेणं, उवरिं दसजोयणसयाइं विक्खंभेणं, दसदसाइं जोयण- सहस्साइं सव्वग्गेणं पण्णत्ते ।**

**ભાવાર્થ :–** જંબૂદ્વીપ નામના દ્વીપમાં મેરુ પર્વત દસ સો (૧૦૦૦)યોજન ભૂમિમાં ઊંડો છે. ભૂમિતલ પર દશ હજાર યોજન પહોળો છે. ઉપર પંડકવનમાં દસ સો (૧૦૦૦)યોજન પહોળો છે અને તેનું સર્વ પરિમાણ (મેરુપર્વતની કુલ ઊંચાઈ) દસ, દસ હજાર = ૧,૦૦,૦૦૦(એક લાખ) યોજન છે.

### દિશા અને નામોત્પત્તિ :–

**३० जंबुद्दीवे दीवे मंदरस्स पव्वयस्स बहुमज्झदेसभागे इमीसे रयणप्पभाए पुढवीए उवरिमहेट्ठिल्लेसु खुड्डगपयरेसु, एत्थ णं अट्ठपएसिए रुयगे पण्णत्ते, जओ णं इमाओ दस दिसाओ पवहंति, तं जहा– पुरत्थिमा, पुरत्थिमदाहिणा, दाहिणा, दाहिण– पच्चत्थिमा, पच्चत्थिमा, पच्चत्थिमुत्तरा, उत्तरा, उत्तरपुरत्थिमा, उड्ढा, अहा ।**

**ભાવાર્થ :–** જંબૂદ્વીપ નામના દ્વીપમાં મંદર પર્વતના બહુ મધ્યભાગમાં આ રત્નપ્રભા પૃથ્વીના ઉપરિતન ક્ષુલ્લક પ્રતરમાં ગોસ્તનાકારે ચાર અને તેની નીચેના ક્ષુલ્લક પ્રતરમાં પણ ગોસ્તનાકારે ચાર, આ રીતે આઠ રુચક(પ્રદેશ) છે. તેમાંથી દશ દિશાઓ નીકળે છે, તે આ પ્રમાણે છે–

(૧) પૂર્વ (૨) પૂર્વદક્ષિણ-અગ્નિકોણ (૩) દક્ષિણ (૪) દક્ષિણપશ્ચિમ-નૈઋત્ય કોણ (૫) પશ્ચિમ (૬) પશ્ચિમઉત્તર-વાયવ્ય કોણ (૭) ઉત્તર (૮) ઉત્તરપૂર્વ-ઈશાન કોણ (૯) ઊર્ધ્વ દિશા (૧૦) અધો દિશા.

**३१ एतासि णं दसण्हं दिसाणं दस णामधेज्जा पण्णत्ता, तं जहा–**

**इंदा अग्गेइ जम्मा य, णेरइ वारुणी य वायव्वा ।**
**सोमा ईसाणी वि य, विमला य तमा य बोद्धव्वा ॥१॥**

**ભાવાર્થ :–** આ દિશાઓના દશ નામ છે, તે આ પ્રમાણે છે– (૧) ઐન્દ્રી (૨) આગ્નેયી (૩) યામ્યા (૪) નૈઋતી (૫) વારુણી (૬) વાયવ્યા (૭) સોમા (૮) ઈશાની (૯) વિમલા (૧૦) તમા.

**વિવેચન :–**

મેરુપર્વતના મધ્યભાગમાં આઠ રુચક પ્રદેશ છે. જે રત્નપ્રભા પૃથ્વીના ઉપરના અને તેની નીચેના બે પ્રતરમાં ગોસ્તનાકારે છે. અર્થાત્ ઉપર ચાર પ્રદેશ અને તેની નીચે ચાર પ્રદેશ ગોઠવાયેલા છે. તે રુચક પ્રદેશમાંથી દશે દિશાનો પ્રારંભ થાય છે.

**ચાર દિશા–** ઉપર નીચે ગોઠવાયેલા આઠ રુચકમાંથી બે-બે પ્રદેશથી દિશાનો પ્રારંભ થાય અને ત્યાર પછી નિરંતર બે-બે પ્રદેશની વૃદ્ધિ સાથે વિસ્તૃત થતી જાય છે. પૂર્વ, પશ્ચિમ, ઉત્તર, દક્ષિણ તે ચાર દિશા છે.

**ચાર વિદિશા–** બે દિશાની વચ્ચે એક પ્રદેશી વિદિશા છે. ચાર દિશાની વચ્ચે ક્રમશઃ ચાર વિદિશાઓ છે. તે પ્રારંભથી અંત સુધી એક પ્રદેશી છે. ઈશાન, અગ્નિ, નૈઋત્ય અને વાયવ્ય તે ચાર વિદિશાઓ, ઈશાન કોણ વગેરે નામથી પણ ઓળખાય છે.

**ઊર્ધ્વ અને અધોદિશા–** ઉપરના પ્રતરના ચાર પ્રદેશથી ઉપરની તરફ જતી દિશા ઊર્ધ્વ દિશા અને નીચેના પ્રતરના ચાર પ્રદેશથી નીચેની તરફ જતી દિશા અધોદિશા છે. તે પ્રારંભથી અંત સુધી ચાર પ્રદેશી જ હોય છે. [આકૃતિ માટે જુઓ– ગુરુ પ્રાણ બત્રીસીનું ભગવતી સૂત્ર ભા-ર, પેજ-૮.]

દિશા અને વિદિશાઓના નામ તેના અધિષ્ઠાયક દેવોથી સંબંધિત છે. યથા– પૂર્વદિશાના અધિષ્ઠાયકદેવ ઈન્દ્ર હોવાથી તેનું નામ ઐન્દ્રીદિશા છે. આ રીતે પ્રત્યેકમાં સમજવું. ઊર્ધ્વદિશા પ્રકાશ સ્વરૂપ હોવાથી તેનું નામ વિમલા અને અધોદિશા અંધકાર સ્વરૂપ હોવાથી તેનું નામ તમા છે. આ રીતે દશે દિશાઓના ગુણનિષ્પન્ન નામ છે.

**લવણ સમુદ્ર :–**

**૩૨ लवणस्स णं समुद्दस्स दस जोयणसहस्साइं गोतित्थविरहिए खेत्ते पण्णत्ते ।**

**ભાવાર્થ :–** લવણ સમુદ્રનું ગોતીર્થ રહિત, સમતલક્ષેત્ર દશ હજાર યોજનનું છે.

**૩૩ लवणस्स णं समुद्दस्स दस जोयणसहस्साइं उदगमाले पण्णत्ते ।**

**ભાવાર્થ :–** લવણ સમુદ્રની ઉદકમાલા(ભરતી) દશ હજાર યોજન પહોળી છે.

**વિવેચન :–**

**गोतित्थविरहिए :–** ગોતીર્થ વિરહિત. તળાવ આદિમાં ગાયોને ઉતરવાની ભૂમિને ગોતીર્થ કહે છે. આ ભૂમિ ઢાળવાળી હોય છે, તે સમુદ્રમાં ઊંડી-ઊંડી ઉતરતી જાય છે. લવણ સમુદ્રમાં બંને કિનારાની જમીન ૯૫-૯૫ હજાર યોજન સુધી ગોતીર્થાકાર છે. તેની વચ્ચે દસ હજાર યોજન સુધીની તલભૂમિ ગોતીર્થ રહિત, સમતલ છે.

**उदगमाले :–** ઉદકમાલ, પાણીની ભરતી. તે સમુદ્રના મધ્યભાગમાં હોય છે. તેની પહોળાઈ દસ હજાર યોજન અને ઊંચાઈ સોળ હજાર યોજનની છે.

**પાતાળ કળશ :–**

**૩૪ सव्वेवि णं महापायाला दसदसाइं जोयणसहस्साइं उव्वेहेणं पण्णत्ता, मूले दस जोयणसहस्साइं विक्खंभेणं पण्णत्ता, बहुमज्झदेसभागे एगपएसियाए सेढीए दसदसाइं जोयणसहस्साइं विक्खंभेणं पण्णत्ता, उवरिं मुहमूले दस जोयणसहस्साइं विक्खंभेणं पण्णत्ता । तेसि णं महापायालाणं कुड्डा सव्ववइरामया सव्वत्थ समा दस जोयणसयाइं बाहल्लेणं पण्णत्ता ।**

**ભાવાર્થ :–** બધા(ચારે ય) મહાપાતાળો(પાતાળ કળશો) દસ, દસ હજાર(એક લાખ) યોજન ઊંડા છે. તે મૂળ ભાગમાં દશ હજાર યોજન પહોળા છે. બહુ મધ્યભાગમાં એક પ્રદેશી શ્રેણીમાં દસ, દસ હજાર (એક લાખ) યોજન પહોળા છે અને ઉપર મુખ પાસે તે દશ હજાર યોજન પહોળા છે.

તે પાતાળ કળશોની દિવાલો વગેરે સર્વ વજ્રમય છે. તેની જાડાઈ સર્વત્ર એક હજાર યોજનની છે.

**૩૫ सव्वेवि णं खुड्डा पायाला दस जोयणसयाइं उव्वेहेणं पण्णत्ता, मूले दसदसाइं जोयणाइं विक्खंमेणं पण्णत्ता, बहुमज्झदेसभागे एगपएसियाए सेढीए दस जोयणसयाइं विक्खंभेणं पण्णत्ता, उवरिं मुहमूले दसदसाइं जोयणाइं विक्खंभेणं पण्णत्ता । तेसि णं खुड्डापायालाणं कुड्डा सव्ववइरामया सव्वत्थ समा दस जोयणाइं बाहल्लेणं पण्णत्ता ।**

**ભાવાર્થ :–** બધા નાના પાતાળ કળશો દશ સો(એક હજાર) યોજન ઊંડા છે. મૂળભાગમાં દસ દશક (સો) યોજન પહોળા છે. બહુ મધ્ય દેશ ભાગમાં એક પ્રદેશી શ્રેણીમાં તે દસ સો (એક હજાર) યોજન પહોળા છે. ઉપર મુખ પાસે સો યોજન પહોળા છે. તે નાના પાતાળ કળશોની દિવાલો સર્વ વજ્રમય છે, તેની જાડાઈ સર્વત્ર દશ યોજનની છે.

**વિવેચન :–**

જંબૂદ્વીપની ચારે દિશાઓમાં લવણ સમુદ્રમાં ૯૫,૦૦૦ (પંચાણુ હજાર) યોજન અંદર જતાં મોટા કુંભના આકારે ચાર મહાપાતાળ કળશો છે અને તે મહાપાતાળ કળશોના ચારે આંતરામાં કુલ ૭૮૮૪ નાના પાતાળકળશો છે. મહાપાતાળકળશો અને લઘુપાતાળ કળશોનું માપ ભાવાર્થથી સ્પષ્ટ છે. તેની પહોળાઈ, ઊંડાઈ વગેરેનું માપ દશની સંખ્યાથી સંબંધિત હોવાથી સૂત્રકારે દશમા સ્થાનમાં તેનું કથન કર્યું છે.

તે પાતાળકળશોમાં નીચેના ત્રિભાગમાં વાયુ, મધ્યત્રિભાગમાં વાયુ અને પાણી અને ઉપરના ત્રિભાગમાં પાણી હોય છે. તેમાં રહેલા વાયુના દબાણથી લવણ સમુદ્રનું પાણી ઉપર ઉછળે છે અને ભરતી ઓટ આવે છે.

**ધાતકીખંડ આદિના મેરુનું માપ :–**

**૩૬ धायइसंडगा णं मंदरा दसजोयणसयाइं उव्वेहेणं, धरणीतले देसूणाइं दस जोयणसहस्साइं विक्खंभेणं उवरिं दस जोयणसयाइं विक्खंभेणं पण्णत्ता ।**

**ભાવાર્થ :–** ધાતકીખંડના(બંને) મંદર-મેરુ પર્વતો ભૂમિમાં એક હજાર યોજન ઊંડા, ભૂમિતલ ઉપર કંઈક ન્યૂન ૧૦ હજાર યોજન પહોળા અને ઉપર એક હજાર યોજન પહોળા છે.

**૩૭ पुक्खरवरदीवड्ढगा णं मंदरा दस जोयणसयाइं उव्वेहेणं, एवं चेव ।**

**ભાવાર્થ :–** પુષ્કરવર દ્વીપના(બંને) મંદર-મેરુ પર્વતો આ જ રીતે ભૂમિમાં એક હજાર યોજન ઊંડા, ભૂમિતલ ઉપર કંઈક ન્યૂન ૧૦ હજાર યોજન પહોળા અને ઉપર એક હજાર યોજન પહોળા છે.

**વિવેચન :–**

જંબૂદ્વીપનો મેરુપર્વત એક લાખ યોજન છે. ધાતકીખંડ અને પુષ્કરાર્દ્ધ દ્વીપના બે-બે મેરુપર્વતની ઊંચાઈ એક લાખ યોજનની નથી. પરંતુ ૯૯૦૦૦ યોજનની છે. તેથી સૂત્રકારે ધાતકીખંડ અને પુષ્પરાર્દ્ધ દ્વીપના મેરુપર્વતની ઊંચાઈનું કથન કર્યું નથી. પરંતુ પહોળાઈ અને ઊંડાઈ દશ સંખ્યાથી સંબંધિત છે. તે ભાવાર્થથી સ્પષ્ટ છે.

**વૃત્ત વૈતાઢ્ય પર્વત :–**

**૩૮ सव्वेवि णं वट्टवेयड्ढपव्वया दस जोयणसयाइं उड्ढं उच्चत्तेणं, दस गाउयसयाइं उव्वेहेणं, सव्वत्थ समा पल्लगसंठिया, दस जोयणसयाइं विक्खंभेणं पण्णत्ता ।**

**ભાવાર્થ :–** સર્વ વૃત્ત વૈતાઢ્ય પર્વત એક હજાર યોજન ઊંચા, એક હજાર ગાઉ ઊંડા, સર્વત્ર સમાન

પહોળા પલ્યના આકારે સંસ્થિત અને દસ સો(હજાર) યોજન પહોળા છે.

**વિવેચન :–**

હેમવય, હેરણ્યવય, હરિવર્ષ અને રમ્યક્વર્ષ ક્ષેત્રની મધ્યમાં વૃત્ત વૈતાઢ્ય પર્વતો છે, તે પર્વત તે તે ક્ષેત્રના બે બે વિભાગ કરે છે. તેનો આકાર પલ્યના આકારે ગોળ અને ઉપર-નીચે સર્વત્ર સમાન છે.

**જંબૂદ્વીપના ક્ષેત્રો :–**

**૩૯ जंबुद्दीवे दीवे दस खेत्ता पण्णत्ता, तं जहा– भरहे, एरवए, हेमवए, हेरण्णवए हरिवासे, रम्मगवासे, पुव्वविदेहे, अवरविदेहे, देवकुरा, उत्तरकुरा ।**

**ભાવાર્થ :–** જંબૂદ્વીપ નામના દ્વીપમાં ૧૦ ક્ષેત્ર છે, તે આ પ્રમાણે છે–

(૧) ભરત ક્ષેત્ર (ર) ઐરવત ક્ષેત્ર (૩) હેમવત ક્ષેત્ર (૪) હેરણ્યવત ક્ષેત્ર (પ) હરિવર્ષ ક્ષેત્ર (૬) રમ્યક્વર્ષ ક્ષેત્ર (૭) પૂર્વ વિદેહ ક્ષેત્ર (૮) અપર વિદેહ ક્ષેત્ર (૯) દેવકુરુ ક્ષેત્ર (૧૦) ઉત્તરકુરુ ક્ષેત્ર.

**વિવેચન :–**

જંબૂદ્વીપમાં ભરત, ઐરવત અને મહાવિદેહ ક્ષેત્ર, તે કર્મભૂમિના ક્ષેત્ર છે અને શેષ છ અકર્મભૂમિના ક્ષેત્ર છે. આ રીતે નવ ક્ષેત્ર છે તેમાંથી મહાવિદેહ ક્ષેત્રના પૂર્વ મહાવિદેહ અને પશ્ચિમ મહાવિદેહ તેમ બે ભેદ વિવક્ષિત કરીને અહીં દસમા સ્થાનમાં દશ ક્ષેત્ર કહ્યા છે.

**મધ્યલોકના કેટલાક પર્વતોનું માપ :–**

**૪૦ माणुसुत्तरे णं पव्वए मूले दस बावीसे जोयणसए विक्खंभेणं पण्णत्ते ।**

**ભાવાર્થ :–** માનુષોત્તર પર્વત મૂળમાં ૧૦રર યોજન પહોળો છે.

**૪૧ सव्वेवि णं अंजण पव्वया दस जोयणसयाइं उव्वेहेणं, मूले दस जोयण-सहस्साइं विक्खंभेणं, उवरिं दस जोयणसयाइं विक्खंभेणं पण्णत्ता ।**

**ભાવાર્થ :–** સર્વ અંજન પર્વત ૧,૦૦૦ યોજન ઊંડા, મૂળ ભાગમાં ૧૦,૦૦૦ યોજન પહોળા અને ઉપર ૧,૦૦૦ યોજન પહોળા છે.

**૪ર सव्वेवि णं दहिमुहपव्वया दस जोयणसयाइं उव्वेहेणं, सव्वत्थ समा पल्लग- संठिया, दस जोयणसहस्साइं विक्खंभेणं पण्णत्ता ।**

**ભાવાર્થ :–** સર્વ દધિમુખ પર્વત ભૂમિમાં ૧,૦૦૦ યોજન ઊંડા, સર્વત્ર સમાન, પલ્યના આકારે સંસ્થિત અને ૧૦,૦૦૦ યોજન પહોળા છે.

**૪૩ सव्वे वि णं रतिकरपव्वया दस जोयणसयाइं उड्ढं उच्चत्तेणं दसगाउयसयाइं उव्वेहेणं, सव्वत्थ समा झल्लरिसंठिया, दस जोयणसहस्साइं विक्खंभेणं पण्णत्ता ।**

**ભાવાર્થ :–** સર્વ રતિકર પર્વત ૧,૦૦૦ યોજન ઉપર ઊંચા, ૧,૦૦૦ ગાઉ ઊંડા, સર્વત્ર સમાન, ઝાલરના આકારવાળા અને ૧૦,૦૦૦ યોજન પહોળા છે.

**૪૪ रुयगवरे णं पव्वए दस जोयणसयाइं उव्वेहेणं, मूले दस जोयणसहस्साइं विक्खंभेणं उवरिं दस जोयणसयाइं विक्खंभेणं पण्णत्ते । एवं कुंडलवरे वि ।**

**ભાવાર્થ :–** રુચકવર પર્વત ૧,૦૦૦ યોજન ઊંડા, મૂળમાં ૧૦,૦૦૦ યોજન પહોળા અને ઉપર ૧,૦૦૦ યોજન પહોળા છે. તે જ રીતે કુંડલવર પર્વત પણ રુચકવર પર્વતની સમાન પ્રમાણવાળો છે.

**વિવેચન :–**

આઠમા નંદીશ્વર દ્વીપમાં ચારે દિશાઓમાં એક-એક અંજન પર્વત છે. તે શ્યામ વર્ણના છે. તે પ્રત્યેક અંજન પર્વતની ચારે દિશાઓમાં એક-એક પુષ્કરિણી છે. આ રીતે ચાર અંજન પર્વતની ચારે દિશાઓમાં સોળ પુષ્કરિણીઓ છે. તે પ્રત્યેક પુષ્કરિણીમાં એક-એક દધિમુખપર્વત છે. આ રીતે ૧૬ દધિમુખ પર્વત છે.

નંદીશ્વર પર્વતની ચારે વિદિશાઓમાં એક-એક રતિકર પર્વત છે. રુચક નામના પંદરમા દ્વીપમાં રુચકવર પર્વત છે.

કુંડલવર નામના તેરમા દ્વીપમાં કુંડલવર પર્વત છે. તે બંને પર્વતો વલયાકારે ગોળ છે.

**દ્રવ્યાનુયોગના પ્રકાર :–**

**૪૫ दसविहे दवियाणुओगे पण्णत्ते, तं जहा– दवियाणुओगे माउयाणुओगे, एगट्ठियाणुओगे, करणाणुओगे, अप्पितणप्पिए, भाविआभाविए, बाहिराबाहिरे, सासयासासए, तहणाणे, अतहणाणे ।**

**ભાવાર્થ :–** દ્રવ્યાનુયોગના દશ પ્રકાર છે, તે આ પ્રમાણે–

(૧) દ્રવ્યાનુયોગ (૨) માતૃકાનુયોગ (૩) એકાર્થિકાનુયોગ (૪) કરણાનુયોગ (૫) અર્પિતાન-ર્પિતાનુયોગ (૬) ભાવિતાભાવિતાનુયોગ (૭) બાહ્યાબાહ્યાનુયોગ (૮) શાશ્વતાશાશ્વતાનુયોગ (૯) તથાજ્ઞાનાનુયોગ (૧૦) અતથાજ્ઞાનાનુયોગ.

**વિવેચન :–**

શ્રી ભગવાને જે અર્થનું પ્રતિપાદન કર્યું છે, તેને અનુરૂપ ગણધરો કથન કરે, તેને અનુયોગ કહે છે.

અનુયોગનો બીજો અર્થ વ્યાખ્યા છે. વ્યાખ્યેય વસ્તુના આધારે અનુયોગના ચાર પ્રકાર છે. તેમાં દ્રવ્યાનુયોગના દશ પ્રકાર છે.

**(૧) દ્રવ્યાનુયોગ :–** જે સત્ હોય, જે ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્ય યુક્ત હોય અને ગુણ પર્યાય યુક્ત હોય તે દ્રવ્ય છે. જીવમાં સદાકાળ અસ્તિત્વ ધરાવે છે તે સત્ છે, દ્રવ્યની અપેક્ષાએ ધ્રુવ છે પર્યાયઅવસ્થાની અપેક્ષાએ ઉત્પાદ-વ્યય યુક્ત છે તથા જ્ઞાન, દર્શનાદિ સહભાવી ધર્મરૂપ ગુણ અને મનુષ્ય, તિર્યંચ આદિ ક્રમભાવી ધર્મરૂપ પર્યાય હોય છે, તેથી તે દ્રવ્ય છે.

**(૨) માતૃકાનુયોગ :–** શબ્દોના મૌલિક અક્ષરોની ઉત્પત્તિ, અક્ષરોની વિચારણા તે માતૃકાનુયોગ છે. ગ્રંથોમાં ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્યને માતૃકા પદ કહે છે. તેના આધારે દ્રવ્યની વિચારણા થાય છે.

**(૩) એકાર્થિકાનુયોગ :–** એકાર્થવાચી કે પર્યાયવાચી શબ્દોની વ્યાખ્યા. જેમ કે સત્ત્વ, ભૂત, પ્રાણી, જીવ વગેરે એક અર્થના વાચક છે.

**(૪) કરણાનુયોગ :–** સાધનોની વ્યાખ્યા. કોઈ દ્રવ્યની નિષ્પત્તિમાં પ્રયુક્ત સાધનોનો વિચાર. જેમ કે ઘટની નિષ્પત્તિમાં માટી, કુંભાર, ચક્ર આદિ સાધનરૂપ છે. જીવની ક્રિયાઓમાં કાલ, સ્વભાવ, નિયતિ આદિ નિમિત્ત રૂપ છે.

**(૫) અર્પિતાનર્પિતાનુયોગ :–** મુખ્ય અથવા પ્રધાન ધર્મની વિચારણાને અર્પિત અને ગૌણ અથવા અપ્રધાન ધર્મની વિચારણાને અનર્પિત કહે છે. આ અનુયોગમાં સર્વ દ્રવ્યના ગુણ-પર્યાયોનું વિવેચન મુખ્ય અને ગૌણની વિવક્ષાથી થાય છે.

**(૬) ભાવિતાભાવિતાનુયોગ :–** દ્રવ્યાંતરથી (અન્ય દ્રવ્યથી) પ્રભાવિત, અપ્રભાવિત થવાનો વિચાર કરવો તે. જેમ કે સારા-માઠા વાતાવરણથી પ્રભાવિત થાય, તેના સંસર્ગથી ગુણદોષ આવે તે ભાવિત અવસ્થા. સારા માઠા સંસર્ગથી ભાવિત ન થાય તેને અભાવિત કહે છે.

**(૭) બાહ્યાબાહ્યાનુયોગ :–** એક દ્રવ્યથી બીજા દ્રવ્યની સાથે ભિન્નતા અને અભિન્નતા(અબાહ્ય)નો વિચાર કરવો, બાહ્ય એટલે વિસદશ-ભિન્ન અને અબાહ્ય એટલે અભિન્ન.

**(૮) શાશ્વતાશાશ્વતાનુયોગ :–** દ્રવ્યની શાશ્વતતા, અશાશ્વતતાનો વિચાર કરવો. જેમ કે જીવ દ્રવ્ય શાશ્વત છે, મનુષ્ય આદિ પર્યાયો અશાશ્વત છે.

**(૯) તથાજ્ઞાનાનુયોગ :–** જે વસ્તુ જેવી હોય, તેવું જ તેનું જ્ઞાન થાય; તે દ્રવ્યાર્થથી વિચારણા.

**(૧૦) અતથાજ્ઞાનાનુયોગ :–** દ્રવ્ય સંબંધી અયથાર્થ વિચારણા. મિથ્યાત્વી દ્વારા પ્રરૂપિત દ્રવ્યોના સ્વરૂપનું વર્ણન કરવું.

### ઉત્પાત પર્વત :–

**૪૬ चमरस्स णं असुरिंदस्स असुरकुमाररण्णो तिगिंछिकूडे उप्पायपव्वए**

**मूले दस बावीसे जोयणसए विक्खंभेणं पण्णत्ते ।**

**ભાવાર્થ** :– અસુરેન્દ્ર, અસુરકુમારરાજા ચમરનો તિગિંચ્છકૂટ નામનો ઉત્પાત પર્વત મૂળ ભાગમાં ૧૦૨૨ યોજનનો પહોળો છે.

**૪૭ चमरस्स णं असुरिंदस्स असुरकुमाररण्णो सोमस्स महारण्णो सोमप्पभे उप्पायपव्वए दस जोयणसयाइं उड्ढं उच्चत्तेणं, दस गाउयसयाइं उव्वेहेणं, मूले दस जोयणसयाइं विक्खंभेणं पण्णत्ते ।**

**ભાવાર્થ** :– અસુરેન્દ્ર, અસુરકુમારરાજા ચમરના લોકપાલ સોમમહારાજાનો સોમપ્રભ નામનો ઉત્પાત પર્વત ૧૦૦૦ યોજન ઊંચો, ૧૦૦૦ ગાઉ ઊંડો, મૂળ ભાગમાં ૧૦૦૦ યોજન પહોળો છે.

**૪૮ चमरस्स णं असुरिंदस्स असुरकुमाररण्णो जमस्स महारण्णो जमप्पभे उप्पाय- पव्वए एवं चेव । एवं वरुणस्सवि । एवं वेसमणस्स वि ।**

**ભાવાર્થ** :– અસુરેન્દ્ર અસુરકુમારરાજા ચમરના લોકપાલ યમ મહારાજાનો યમપ્રભ નામનો ઉત્પાત પર્વત સોમ મહારાજના ઉત્પાત પર્વતની સમાન છે.

તે જ રીતે વરુણ લોકપાલ અને વૈશ્રમણ લોકપાલના ઉત્પાત પર્વતનું પ્રમાણ જાણવું.

**૪૯ बलिस्स णं वइरोयणिंदस्स वइरोयणरण्णो रुयगिंदे उप्पायपव्वए मूले दस बावीसे जोयणसए विक्खंभेणं पण्णत्ते ।**

**ભાવાર્થ** :– વૈરોચનેન્દ્ર વૈરોચનરાજ બલિનો રુચકેન્દ્ર નામનો ઉત્પાત પર્વત મૂળમાં ૧૦૨૨ યોજન પહોળો છે.

**૫૦ बलिस्स णं वइरोयणिंदस्स वइरोयणरण्णो सोमस्स एवं चेव, जहा चमरस्स लोयपालाणं तं चेव बलिस्स वि ।**

**ભાવાર્થ** :– વૈરોચનેન્દ્ર વૈરોચનરાજ બલિના લોકપાલ મહારાજ સોમ, યમ, વૈશ્રમણ અને વરુણના પોત પોતાના નામવાળા ઉત્પાત પર્વતોની ઊંચાઈ ૧૦૦૦ યોજન, ઊંડાઈ ૧૦૦૦ ગાઉ અને મૂલભાગની પહોળાઈ ૧૦૦૦ યોજનની છે.

**૫૧ धरणस्स णं णागकुमारिंदस्स णागकुमाररण्णो धरणप्पभे उप्पायपव्वए दस जोयणसयाइं उड्ढं उच्चत्तेणं, दस गाउयसयाइं उव्वेहेणं, मूले दस जोयणसयाइं विक्खंभेणं ।**

**ભાવાર્થ :–** નાગકુમારેન્દ્ર નાગકુમારરાજ ધરણનો ધરણપ્રભ નામનો ઉત્પાત પર્વત ૧૦૦૦ યોજન ઊંચો, ૧૦૦૦ ગાઉ ઊંડો અને મૂળમાં ૧૦૦૦ યોજન પહોળો છે.

**૫૨ धरणस्स णं णागकुमारिंदस्स णागकुमाररण्णो कालवालस्स महारण्णो कालवालप्पभे उप्पायपव्वए जोयणसयाइं उड्ढं उच्चत्तेणं एवं चेव । एवं *जाव* संखवालस्स । एवं भूताणंदस्स वि । एवं लोगपालाण वि से जहा धरणस्स । एवं *जाव* थणियकुमाराणं सलोगपालाणं भाणियव्वं, सव्वेसिं उप्पायपव्वया भाणियव्वा सरिसणामगा ।**

**ભાવાર્થ :–** નાગકુમારેન્દ્ર નાગકુમારરાજ ધરણના લોકપાલ, કાલપાલ મહારાજના કાલપાલપ્રભ નામનો ઉત્પાત પર્વત ૧૦૦૦ યોજન ઊંચો, ૧૦૦૦ ગાઉ ઊંડો અને મૂળમાં ૧૦૦૦ યોજન પહોળો છે.

તે જ રીતે કોલપાલ, શૈલપાલ અને શંખપાલ નામના લોકપાલના પોત પોતાના નામવાળા ઉત્પાત પર્વતોની ઊંચાઈ, ઊંડાઈ અને વિસ્તાર જાણવા.

તે જ રીતે ભૂતેન્દ્ર ભૂતરાજ ભૂતાનંદના ભૂતાનન્દપ્રભ નામના ઉત્પાત પર્વતની ઊંચાઈ ૧૦૦૦ યોજન, ઊંડાઈ ૧૦૦૦ ગાઉ અને મૂલમાં વિસ્તાર ૧૦૦૦ યોજન જાણવો.

તે જ પ્રમાણે ભૂતાનંદેન્દ્રના લોકપાલો, સુવર્ણકુમારથી સ્તનિતકુમાર સુધીના ઈન્દ્રો અને તેના લોકપાલ દેવોના પોતપોતાના નામવાળા ઉત્પાદ પર્વતોનું માપ, ધરણેન્દ્રના ઉત્પાત પર્વતની સમાન જ છે. અર્થાત્ ૧૦૦૦ યોજન ઊંચા, ૧૦૦૦ ગાઉ ઊંડા અને મૂળમાં ૧૦૦૦ યોજન વિસ્તૃત છે.

**૫૩ सक्कस्स णं देविंदस्स देवरण्णो सक्कप्पभे उप्पायपव्वए दस जोयणसहस्साइं उड्ढं उच्चत्तेणं, दस गाउयसहस्साइं उव्वेहेणं, मूले दस जोयणसहस्साइं विक्खंभेणं पण्णत्ते ।**

**ભાવાર્થ :–** દેવેન્દ્ર દેવરાજ શક્રના શક્રપ્રભ નામના ઉત્પાત પર્વતની ઊંચાઈ ૧૦,૦૦૦ યોજન, ઊંડાઈ ૧૦,૦૦૦ ગાઉ અને મૂલમાં વિસ્તાર ૧૦,૦૦૦ યોજનનો છે.

**૫૪ सक्कस्स णं देविंदस्स देवरण्णो सोमस्स महारण्णो । जहा सक्कस्स तहा सव्वेसिं लोगपालाणं, सव्वेसिं च इंदाणं *जाव* अच्चुय त्ति । सव्वेसिं पमाणमेगं ।**

**ભાવાર્થ :–** દેવેન્દ્ર દેવરાજ શક્રના લોકપાલ સોમમહારાજાના સોમપ્રભ નામના ઉત્પાત પર્વતનું પ્રમાણ શક્રેન્દ્રના ઉત્પાત પર્વતની સમાન છે. અચ્યુત પર્યંતના સર્વ ઈન્દ્રના ઉત્પાત પર્વતનું વર્ણન શક્રના ઉત્પાત પર્વતની સમાન જાણવું.

## વિવેચન :-

**उप्पाय पव्वए :–** તિર્યગ્લોકમાં આવવા માટે ઈન્દ્રાદિ દેવો જે પર્વત ઉપર આવી, પોતાના યાન-વિમાનને સંક્ષિપ્ત કરે, ઉત્તરવૈક્રિય દ્વારા અનેકવિધ શરીરની રચના કરી, તિર્યગ્લોકમાં આવે તે પર્વતને ઉત્પાત પર્વત કહે છે. ભવનપતિ ઈન્દ્રો અને તેના લોકપાલાદિના ઉત્પાત પર્વતો અરુણવર નામના દ્વીપમાં છે અને વૈમાનિક ઈન્દ્રો, તેના લોકપાલાદિના ઉત્પાત પર્વતો કુંડલવર દ્વીપમાં છે.

અહીં દસમા સ્થાનના કારણે ૧૦૦૦ યોજનનું કથન ''દસ સો યોજન'' શબ્દપ્રયોગ દ્વારા કર્યું છે.

## તિર્યંચ અવગાહના :-

**૫૫ बायरवणस्सइकाइयाणं उक्कोसेणं दस जोयणसयाइं सरीरोगाहणा पण्णत्ता ।**

**ભાવાર્થ :–** બાદર વનસ્પતિકાયિક જીવોની ઉત્કૃષ્ટ અવગાહના દસ સો=૧૦૦૦ યોજનની છે. આ અવગાહના કમલનાલની અપેક્ષાએ સમજવી.

**૫૬ जलचर–पंचिंदिय–तिरिक्खजोणियाणं उक्कोसेणं दस जोयणसयाइं सरीरोगा– हणा पण्णत्ता ।**

**ભાવાર્થ :–** જલચર તિર્યંચ પંચેન્દ્રિય જીવોની ઉત્કૃષ્ટ અવગાહના ૧૦૦૦ યોજનની છે.

**૫૭ उरपरिसप्प-थलयर-पंचिंदिय-तिरिक्खजोणियाणं उक्कोसेणं दस जोयणसयाइं सरीरोगाहणा पण्णत्ता ।**

**ભાવાર્થ :–** ઉરપરિસર્પ સ્થલચર તિર્યંચ પંચેન્દ્રિય જીવોની ઉત્કૃષ્ટ અવગાહના ૧૦૦૦ યોજનની છે.

## તીર્થંકર વચ્ચેનું અંતર :-

**૫૮ संभवाओ णं अरहाओ अभिणंदणे अरहा दसहिं सागरोवमकोडिसय–सहस्सेहिं वीइक्कंतेहिं समुप्पण्णे ।**

**ભાવાર્થ :–** સંભવનાથ તીર્થંકર પછી અભિનંદન સ્વામી દશ લાખ કરોડ સાગરોપમ વીત્યા પછી ઉત્પન્ન થયા.

## અનન્તના પ્રકાર :-

**૫૯ दसविहे अणंतए पण्णत्ते, तं जहा– णामाणंतए ठवणाणंतए, दव्वाणंतए, गणणाणंतए, पएसाणंतए, एगओणंतए, दुहओणंतए, देसवित्थाराणंतए, सव्व-**

**वित्थाराणंतए सासयाणंतए ।**

**ભાવાર્થ :–** અનંતના દશ પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) નામ અનંત– કોઈ વસ્તુનું 'અનંત' એવું નામ રાખવું. (૨) સ્થાપના અનંત– કોઈ વસ્તુમાં 'અનંત'ની સ્થાપના કરવી. (૩) દ્રવ્ય અનંત– પરિમાણ પર્યાયની દષ્ટિએ 'અનંત'. જેમ કે જીવ અને પુદ્‌ગલ દ્રવ્યો અનંત છે. (૪) ગણના અનંત– સંખ્યાની દષ્ટિએ અનંત. જેમ કે અનંત સંખ્યાની ગણના કરવી. (૫) પ્રદેશ અનંત– પ્રદેશોની અપેક્ષાએ 'અનંત'ની ગણના કરવી. જેમ કે અલોકમાં અનંત આકાશપ્રદેશ છે. (૬) એકતઃ અનંત– એક બાજુ અનંતની ગણના. જેમ અતીતકાલના અથવા અનાગત કાલના અનંત સમય છે. (૭) દ્વિધા અનંત– બંન્ને બાજુથી અનંતની ગણના. જેમ અતીત અને અનાગત બંને કાળના અનંત સમય છે. (૮) દેશ વિસ્તાર અનંત– દિશા અથવા પ્રતરની અપેક્ષાએ અનંત. જેમ કે અલોકમાં ગયેલી દિશા અને તેનો એક પ્રતર પણ અનંત પ્રદેશાત્મક છે. (૯) સર્વ વિસ્તાર અનંત– ક્ષેત્રની વ્યાપકતાની દષ્ટિએ અનંત. જેમ કે લોકાલોકનું સંપૂર્ણ આકાશ દ્રવ્ય અનંત છે. (૧૦) શાશ્વત અનંત– શાશ્વતતા અને નિત્યતાની દષ્ટિએ અનંત. જેમ કે જીવાદિ દ્રવ્યો શાશ્વત અને નિત્ય છે.

**વિવેચન :–**

સ્થાન-૫, ઉદ્દે.-૩, સૂત્ર-૪૭માં બે સૂત્ર દ્વારા પાંચ-પાંચ પ્રકારના અનંતનું કથન કર્યું હતું. અહીં દશમું સ્થાન હોવાથી એક જ સૂત્રમાં દશ પ્રકારના અનંતનું કથન કર્યું છે.

**પૂર્વ વસ્તુ :–**

**૬૦ उप्पायपुव्वस्स णं दस वत्थू पण्णत्ता । अत्थि-णत्थिप्पवाय पुव्वस्स णं दस चूलवत्थू पण्णत्ता ।**

**ભાવાર્થ :–** ઉત્પાદપૂર્વમાં દશ વસ્તુ(અધ્યયન) છે. અસ્તિનાસ્તિપ્રવાદ પૂર્વમાં દશ ચૂલવસ્તુ(લઘુ અધ્યાય) છે.

**પ્રતિસેવનાના પ્રકાર :–**

**૬૧ दसविहा पडिसेवणा पण्णत्ता, तं जहा–**

**दप्प पमाय अणाभोगे, आउरे आवईसु य ।**
**संकिए सहसक्कारे, भयप्पओसा य वीमंसा ॥१॥**

**ભાવાર્થ :–** પ્રતિસેવના એટલે વ્રતોની મર્યાદાથી પ્રતિકૂળ આચરણ દશ પ્રકારે થાય છે, તે આ પ્રમાણે છે– (૧) દર્પ પ્રતિસેવના– ઉદ્ધત ભાવથી કે સ્વચ્છંદતાથી વ્રતના મૂલગુણ કે ઉત્તરગુણમાં દોષ લગાડવો તે

દર્પ પ્રતિસેવના છે. (૨) પ્રમાદ પ્રતિસેવના– કષાય, વિકથા આદિ પ્રમાદથી વ્રતને દૂષિત કરવું. (૩) અનાભોગ પ્રતિસેવના– વિસ્મૃતિવશ કે ઉપયોગ શૂન્યતાથી વ્રતને દૂષિત કરવું. (૪) આતુર પ્રતિસેવના– ભૂખ-તરસ કે રોગ આદિથી પીડિત થઈને વ્રત મર્યાદાનું ઉલ્લંઘન કરવું. (૫) આપત્પ્રતિસેવના– આપત્તિ સમયે વ્રત ભંગ કરવો. (૬) શંકિત પ્રતિસેવના– એષણીય વસ્તુમાં શંકા થવા છતાં તેનું સેવન કરવું. (૭) સહસાકરણ પ્રતિસેવના– અકસ્માત્ કોઈ અયોગ્ય નિર્ણય થઈ જવાથી વ્રતને દૂષિત કરવું. (૮) ભય પ્રતિસેવના– ભયને કારણે કોઈ વ્રતને દૂષિત કરવું. (૯) પ્રદોષ પ્રતિસેવના– દ્વેષ કે ક્રોધાદિને વશ થઈને વ્રત ભંગ કરવા. (૧૦) વિમર્શ પ્રતિસેવના– શિષ્યોની પરીક્ષા માટે કિંચિત્ દોષ સેવન કરવું.

## વિવેચન :-

**पडिसेवणा–** પ્રતિસેવના. પ્રતિષેધ, નિષેધનું આસેવન-આચરણ કરવું. પ્રાણાતિપાત આદિનું સેવન, દોષનું સેવન તે પ્રતિસેવના છે.

**आवई :–** આપત્તિ. તે ચાર પ્રકારની છે– (૧) દ્રવ્યથી યોગ્ય આહારની અપ્રાપ્તિ. (૨) ક્ષેત્રથી– અરણ્યાદિમાં વિહારની સ્થિતિ. (૩) કાળથી– દુકાળાદિ સમય. (૪) ભાવથી– રુગ્ણાવસ્થા.

**सहसक्कारे :–** અચાનક, અકસ્માત્ દોષ લાગી જાય તે. જેમ કે વરસાદ સમયે સાવધાની રાખવા છતાં મોઢામાં પાણી ચાલ્યું જાય, શરીરાદિ ભીંજાઈ જાય, તે 'સહસાકાર' પ્રતિસેવના છે. અહીં અનાભોગ, અસાવધાની, પ્રમાદથી થતી પ્રતિસેવનાનો સમાવેશ **सहसक्कार** માં નથી, કારણ કે ૧૦ પ્રતિસેવનામાં તેનો સ્વતંત્ર ભેદ છે.

## આલોચનાના દોષ :-

**૬૨** **दस आलोयणदोसा पण्णत्ता, तं जहा–**

**आकंपइत्ता अणुमाणइत्ता, जं दिट्ठं बायरं च सुहुमं वा ।**
**छण्णं सद्दाउलगं, बहुजण अव्वत्त तस्सेवी ॥१॥**

**ભાવાર્થ :–** આલોચનાના દશ દોષ છે, તે આ પ્રમાણે છે– (૧) આકંપ્ય અથવા આકમ્પિત દોષ– સેવા આદિ દ્વારા પ્રાયશ્ચિત દેનારને પ્રસન્ન કરી આલોચના કરે. ગુરુ ખુશ હોવાથી મને ઓછું પ્રાયશ્ચિત આપશે, એવું વિચારી આલોચના કરવી અથવા ધ્રૂજતા ધ્રૂજતા આલોચના કરવી. (૨) અનુમાન્ય દોષ– 'હું દુર્બળ છું', મને ઓછું પ્રાયશ્ચિત આપો એમ અનુનયપૂર્વક આલોચના કરવી. (૩) યદષ્ટ– ગુરુએ જે દોષો જોયા હોય તેની આલોચના કરવી પણ અદષ્ટ દોષોની આલોચના ન કરવી. (૪) બાદર દોષ– માત્ર મોટા મોટા દોષોની આલોચના કરવી. (૫) સૂક્ષ્મ દોષ– માત્ર નાના નાના દોષોની આલોચના કરવી. (૬) છન્ન દોષ– ગુરુ સાંભળી કે સમજી ન શકે તેમ આલોચના કરવી. (૭) શબ્દાકુલ– અન્ય અગીતાર્થ સાધુ સાંભળે તેમ જોર જોરથી બોલીને આલોચના કરવી. (૮) બહુજન દોષ– એક જ દોષની આલોચના જુદા જુદા પાસે

કરવી. (૯) અવ્યક્ત દોષ– અવ્યક્ત એટલે અગીતાર્થ, અજાણ. જેને પ્રાયશ્ચિત્ત વિધિનું જ્ઞાન ન હોય તેવા અગીતાર્થની પાસે આલોચના કરવી. (૧૦) તત્સેવી દોષ– આલોચના દેનાર જે દોષનું સેવન કરતા હોય, તેની પાસે તે દોષોની આલોચના કરવી.

## આલોચના કરનાર કરાવનારના ગુણ :–

**૬૩ दसहिं ठाणेहिं संपण्णे अणगारे अरिहइ अत्तदोसमालोएत्तए, तं जहा– जाइसंपण्णे, कुलसंपण्णे, विणयसंपण्णे, णाणसंपण्णे, दंसणसंपण्णे, चरित्तसंपण्णे, खंते, दंते, अमायी, अपच्छाणुतावी ।**

**ભાવાર્થ :–** દશ ગુણસંપન્ન અણગાર પોતાના દોષોની આલોચના કરવા માટે યોગ્ય છે, તે આ પ્રમાણે છે–

(૧) જાતિ સંપન્ન (૨) કુલ સંપન્ન (૩) વિનય સંપન્ન (૪) જ્ઞાન સંપન્ન (૫) દર્શન સંપન્ન (૬) ચારિત્ર સંપન્ન (૭) ક્ષમા સંપન્ન (૮) દમિતેન્દ્રિય (૯) માયા રહિત (૧૦) આલોચના કર્યા પછી તેનો પશ્ચાત્તાપ ન કરનાર.

**૬૪ दसहिं ठाणेहिं संपण्णे अणगारे अरिहइ आलोयणं पडिच्छित्तए, तं जहा– आयारवं, आहारवं, ववहारवं, ओवीलए, पकुव्वए, अपरिस्साई, णिज्जावए, अवाय- दंसी, पियधम्मे, दढधम्मे ।**

**ભાવાર્થ :–** દશ સ્થાનોથી સંપન્ન અણગાર આલોચના સાંભળવા યોગ્ય હોય છે, તે આ પ્રમાણે છે– (૧) આચારવાન– જે જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ અને વીર્ય, એ પાંચ આચાર સંપન્ન હોય. (૨) આધારવાન– આલોચક જે જે આલોચના કરે તે અતિચારના જાણકાર હોય. (૩) વ્યવહારવાન– આગમ, શ્રુત, આજ્ઞા, ધારણા અને જીત, આ પાંચ પ્રકારના વ્યવહારના જ્ઞાતા હોય. (૪) અપવ્રીડક– આલોચના કરનાર વ્યક્તિ લજ્જા અને સંકોચથી મુક્ત થઈ યથાર્થ આલોચના કરી શકે તેવું સાહસ ઉત્પન્ન કરાવનાર હોય. (૫) પ્રકારી– અપરાધોની આલોચના કરાવી, દોષોનું પ્રાયશ્ચિત આપી, અતિચારોની શુદ્ધિ કરાવવામાં સમર્થ હોય. (૬) અપરિશ્રાવી– આલોચકના દોષો બીજા સમક્ષ પ્રગટ કરનાર ન હોય. (૭) નિર્યાપક– જો આલોચના લેનાર વ્યક્તિ દુર્બલ હોય અને એક સાથે પૂર્ણ પ્રાયશ્ચિત વહન કરવામાં અસમર્થ હોય તો થોડા થોડા પ્રાયશ્ચિતનો નિર્વાહ કરાવનાર હોય. (૮) અપાયદર્શી– સમ્યગ્ આલોચના ન કરવાના દુષ્ફળ બતાવનાર હોય અર્થાત્ આલોચના ન કરવાથી વિરાધક બની, સંસારમાં કેવા-કેવા દુઃખો ભોગવવા પડે ? તે બતાવનાર હોય. (૯) પ્રિયધર્મા– ધર્મમાં ગાઢ પ્રેમ રાખનાર હોય. (૧૦) દઢધર્મા– આપત્કાળમાં પણ ધર્મથી વિચલિત થનાર ન હોય.

## વિવેચન :–

સ્થાન-૮, સૂત્ર-૨૨,૨૩માં આલોચના કરનાર અને આલોચના સાંભળનારના આઠ-આઠ ગુણોનું

કથન છે. અહીં અંતિમ બે-બે ગુણ સહિત દશ-દશ ગુણનું કથન છે. આલોચના કરનાર અમાયી અને અનનુપશ્ચાત્તાપી હોવા જોઈએ. (૯) અમાયી હોય તે જરૂરી છે. કારણ કે માયા કપટનો ત્યાગ કરનાર વ્યક્તિ જ યથાર્થ રીતે આલોચના કરી શકે છે. (૧૦) અને અનનુપશ્ચાત્તાપી– આલોચના કર્યા પછી પોતાની અપકીર્તિ, અપયશ આદિ થાય અથવા અન્ય કોઈ પણ પરિસ્થિતિ ઊભી થાય તો પણ તેને આલોચના કરવાનો પશ્ચાત્તાપ ન થાય, તો જ તેની આલોચના સફળ થાય છે.

આલોચના સાંભળનાર પ્રિયધર્મી અને દઢધર્મી હોવા જોઈએ. કોઈના ગમે તેવા દોષોને સાંભળીને તે સ્વયં સંયમધર્મથી વિચલિત ન થઈ જાય તે માટે ધર્મની દઢતા જરૂરી છે.

**પ્રાયશ્ચિત્ત પ્રકાર :–**

**૬૫ दसविधे पायच्छित्ते, तं जहा– आलोयणारिहे, पडिक्कमणारिहे, तदुभयारिहे, विवेगारिहे, विउसग्गारिहे, तवारिहे, छेयारिहे, मूलारिहे, अणवट्ठप्पारिहे, पारंचियारिहे।**

**ભાવાર્થ :–** પ્રાયશ્ચિત્તના દશ પ્રકાર છે. તે આ પ્રમાણે છે– (૧) આલોચના યોગ્ય– ગુરુ સમીપે નિવેદન કરવાથી જેની શુદ્ધિ થાય છે. (૨) પ્રતિક્રમણ યોગ્ય– 'મારું દુષ્કૃત્ય મિથ્યા થાઓ' આ રીતે ઉચ્ચારણ કરવાથી જે દોષની શુદ્ધિ થાય છે. (૩) તદુભય યોગ્ય– જેની શુદ્ધિ આલોચના અને પ્રતિક્રમણ બન્નેથી થાય. (૪) વિવેક યોગ્ય– જેની શુદ્ધિ ગ્રહણ કરેલા અશુદ્ધ ભક્ત-પાનાદિના ત્યાગથી થાય છે. (૫) વ્યુત્સર્ગ યોગ્ય– જે દોષની શુદ્ધિ કાઉસ્સગથી થાય છે. (૬) તપને યોગ્ય– જે દોષની શુદ્ધિ અનશનાદિ તપથી થાય છે. (૭) છેદને યોગ્ય– જે દોષની શુદ્ધિ દીક્ષા પર્યાયના છેદથી થાય છે. (૮) મૂલ યોગ્ય– જે દોષની શુદ્ધિ પુનઃ દીક્ષા દેવાથી થાય. (૯) અનવસ્થાપ્ય યોગ્ય– જે દોષની શુદ્ધિ અમુક સમય સુધી વિશિષ્ટ તપસ્યા કરાવીને, અંતે ગૃહસ્થ વેશ અંગીકાર કરાવીને પુનઃ દીક્ષા દેવાથી થાય છે. (૧૦) પારાંચિત યોગ્ય– નવમા અનવસ્થાપ્ય પ્રાયશ્ચિત્તની જેમ આ દસમા પ્રાયશ્ચિત્તની વિધિ હોય છે. પરંતુ સમયાવધિ અને તપસ્યામાં વિશેષતા હોય છે.

**વિવેચન :–**

સ્થાન-૬, સૂત્ર–૧૮માં છ પ્રકારના; સ્થાન-૮, સૂત્ર–૨૩માં આઠ પ્રકારના અને સ્થાન-૯, સૂત્ર–૩૯માં નવ પ્રકારના પ્રાયશ્ચિત્તનું કથન છે. અહીં દશમા પારંચિત પ્રાયશ્ચિત્ત સહિત દશ પ્રકારના પ્રાયશ્ચિત્તનું કથન છે. તેનું સદષ્ટાંત સ્પષ્ટીકરણ આ પ્રમાણે છે–

(૧) જ્ઞાન-ધ્યાનાદિના ગ્રહણ સમયે અવિનય રૂપ દોષનું પ્રાયશ્ચિત્ત આલોચના યોગ્ય છે. (૨) ધર્મકથાદિ પ્રવૃત્તિના કારણે અવશ્યકરણીય કાર્યોને ભૂલી જાય તો તેને માટે પ્રતિક્રમણ પ્રાયશ્ચિત્તનું વિધાન છે. (૩) ભય, ઉતાવળ, વિસ્મરણ, અજ્ઞાન, અશક્તિ, આપત્તિ વગેરે કારણોથી મહાવ્રતોમાં અતિચાર લાગે તો તેને માટે આલોચના યુક્ત પ્રતિક્રમણ પ્રાયશ્ચિત્તનું કથન છે. (૪) શક્તિનું ગોપન કર્યા વિના પુરુષાર્થશીલ હોવા છતાં પ્રાસુક આહાર ગ્રહણ કરતાં સમયે વિસ્મરણ થઈ જાય અને સદોષ આહાર

આવી જાય, પછી સ્મરણ થાય તો તેના માટે વિવેક પ્રાયશ્ચિત્ત છે. (૫) દુઃસ્વપ્ન, દુચિંતા, મહાટવી, મહાનદી પાર કરવા વગેરે પ્રવૃત્તિઓમાં થતી વિરાધના માટે વ્યુત્સર્ગ પ્રાયશ્ચિત્ત છે. (૬) જાણી જોઈને થતા પ્રમાદ માટે તપ પ્રાયશ્ચિત્ત છે. (૭) વારંવાર થતા પ્રમાદ માટે છેદ પ્રાયશ્ચિત્ત છે. (૮)મહાપરાધ માટે મૂલ પ્રાયશ્ચિત્ત છે. (૯) આચાર્યાદિ સાથે વિરોધી વર્તન માટે અનવસ્થાપ્ય પ્રાયશ્ચિત્ત છે. (૧૦) સમ્યક્ત્વની વિરાધના માટે પારાંચિત પ્રાયશ્ચિત્ત આપવામાં આવે છે.

પ્રાયશ્ચિત્ત તે એક પ્રકારની ચિકિત્સા છે. ચિકિત્સા રોગીને કષ્ટ આપવા નહીં પણ રોગ નિવારણ માટે હોય છે. તે જ રીતે પ્રાયશ્ચિત્ત પણ આલોચના કરનારના રાગાદિ અપરાધના(દોષના) ઉપશમન માટે હોય છે.

### મિથ્યાત્વના દશ પ્રકાર :–

**૬૬ दसविहे मिच्छत्ते पण्णत्ते, तं जहा– अधम्मे धम्मसण्णा, धम्मे अधम्मसण्णा, उम्मग्गे मग्गसण्णा, मग्गे उम्मग्गसण्णा, अजीवेसु जीवसण्णा, जीवेसु अजीवसण्णा, असाहुसु साहुसण्णा, साहुसु असाहुसण्णा, अमुत्तेसु मुत्तसण्णा, मुत्तेसु अमुत्त-सण्णा ।**

**ભાવાર્થ :–** મિથ્યાત્વના દશ પ્રકાર છે, તે આ પ્રમાણે છે–

(૧) અધર્મને ધર્મ માનવો (૨) ધર્મને અધર્મ માનવો (૩) ઉન્માર્ગને સન્માર્ગ માનવો (૪) સન્માર્ગને ઉન્માર્ગ માનવો (૫) અજીવને જીવ માનવા (૬) જીવને અજીવ માનવા (૭) કુસાધુને સાધુ માનવા (૮) સાધુને કુસાધુ માનવા (૯) અમુક્તને મુક્ત માનવા (૧૦) મુક્તને અમુક્ત માનવા.

### વિવેચન :–

વિપરીત માન્યતાને મિથ્યાત્વ કહે છે. પ્રસ્તુતમાં દશ પ્રકારની વિપરીત માન્યતાને દશ પ્રકારના મિથ્યાત્વ કહ્યા છે. અન્યત્ર મિથ્યાત્વના પાંચ અને પચ્ચીસ ભેદ પ્રાપ્ત થાય છે.

### તીર્થંકર, વાસુદેવ આયુષ્ય આદિ :–

**૬૭ चंदप्पभे णं अरहा दस पुव्वसयसहस्साइं सव्वाउयं पालइत्ता सिद्धे बुद्धे मुत्ते अंतगडे परिणिव्वुडे सव्वदुक्खप्पहीणे ।**

**ભાવાર્થ :–** આઠમા તીર્થંકર ચંદ્રપ્રભ સ્વામી દશ લાખ પૂર્વ વર્ષનું સંપૂર્ણ આયુષ્ય ભોગવી સિદ્ધ, બુદ્ધ, મુક્ત, અંતકૃત, પરિનિર્વૃત્ત અને સમસ્ત દુઃખોથી રહિત થયા.

**૬૮ धम्मे णं अरहा दस वाससयसहस्साइं सव्वाउयं पालइत्ता सिद्धे बुद्धे मुत्ते अंतगडे परिणिव्वुडे सव्वदुक्खप्पहीणे ।**

**ભાવાર્થ :–** પંદરમા તીર્થંકર ધર્મનાથ સ્વામી દશ લાખ વર્ષનું સંપૂર્ણ આયુષ્ય ભોગવી સિદ્ધ, બુદ્ધ, મુક્ત, અંતકૃત, પરિનિવૃત્ત અને સમસ્ત દુઃખોથી રહિત થયા.

**૬૯ णमी णं अरहा दस वाससहस्साइं सव्वाउयं पालइत्ता सिद्धे बुद्धे मुत्ते अंतगडे परिणिव्वुडे सव्वदुक्खप्पहीणे ।**

**ભાવાર્થ :–** એકવીસમા તીર્થંકર અર્હત નમિનાથ દશ હજાર વર્ષનું સંપૂર્ણ આયુષ્ય ભોગવી સિદ્ધ, બુદ્ધ, મુક્ત, અંતકૃત, પરિનિર્વૃત અને સમસ્ત દુઃખોથી રહિત થયા.

**૭૦ पुरिससीहे णं वासुदेवे दस वाससयसहस्साइं सव्वाउयं पालइत्ता छट्ठीए तमाए पुढवीए णेरइयत्ताए उववण्णे ।**

**ભાવાર્થ :–** પુરુષસિંહ નામના પાંચમા વાસુદેવ દશ લાખ વર્ષનું સંપૂર્ણ આયુષ્ય ભોગવી 'તમા' નામની છટ્ઠી પૃથ્વીમાં નારકીપણે ઉત્પન્ન થયા.

**૭૧ णेमी णं अरहा दस धणूइं उड्ढं उच्चत्तेणं, दस य वाससयाइं सव्वाउयं पालइत्ता सिद्धे बुद्धे मुत्ते अंतगडे परिणिव्वुडे सव्वदुक्खप्पहीणे ।**

**ભાવાર્થ :–** બાવીસમા તીર્થંકર શ્રી અરિષ્ટનેમિના શરીરની ઊંચાઈ દશ ધનુષની હતી. તેઓ દસ સો (એક હજાર) વર્ષનું સંપૂર્ણ આયુષ્ય ભોગવી સિદ્ધ, બુદ્ધ, મુક્ત, અંતકૃત, પરિનિર્વૃત અને સર્વ દુઃખોથી રહિત થયા.

**૭૨ कण्हे णं वासुदेवे दस धणूइं उड्ढं उच्चत्तेणं, दस य वाससयाइं सव्वाउयं पालइत्ता तच्चाए वालुयप्पभाए पुढवीए णेरइयत्ताए उववण्णे ।**

**ભાવાર્થ :–** વાસુદેવ કૃષ્ણના શરીરની ઊંચાઈ દશ ધનુષની હતી. તે દશ સો (૧૦૦૦) વર્ષનું સંપૂર્ણ આયુષ્ય ભોગવી વાલુકાપ્રભા નામની ત્રીજી પૃથ્વીમાં નારક રૂપે ઉત્પન્ન થયા.

### ભવનવાસી દેવો અને તેના ચૈત્યવૃક્ષ :–

**૭૩ दसविहा भवणवासी देवा पण्णत्ता, तं जहा– असुरकुमारा *जाव* थणिय-कुमारा ।**

**ભાવાર્થ :–** ભવનવાસી દેવના ૧૦ પ્રકાર છે, તે આ પ્રમાણે છે–

(૧) અસુરકુમાર (૨) નાગકુમાર (૩) સુવર્ણકુમાર (૪) વિદ્યુતકુમાર (૫) અગ્નિકુમાર (૬) દ્વીપકુમાર (૭) ઉદધિકુમાર (૮) દિશાકુમાર (૯) વાયુકુમાર (૧૦) સ્તનિતકુમાર.

**૭૪** **एएसि णं दसविहाणं भवणवासीणं देवाणं दस चेइयरुक्खा पण्णत्ता, तं जहा–**

**आसोत्थ सत्तिवण्णे, सामलि उंबर सिरीस दहिवण्णे ।**
**वंजुल पलास वग्घा, तए य कणियाररुक्खे ॥१॥**

**ભાવાર્થ :–** આ દશ પ્રકારના ભવનવાસી દેવોના ક્રમશઃ દશ ચૈત્યવૃક્ષ છે, તે આ પ્રમાણે છે–

(૧) અશ્વત્થ (પીપળો) (૨) સપ્તપર્ણ(સાત પાનવાળું) વૃક્ષ (૩) શાલ્મલી (સેમલ)વૃક્ષ (૪) ઉદુમ્બરા(ઉમરાનું) વૃક્ષ (૫) શિરીષ વૃક્ષ (૬) દધિપર્ણ વૃક્ષ (૭) વંજુલ(અશોક) વૃક્ષ (૮) પલાશ (ખાખરાનું)વૃક્ષ (૯) વ્યાઘ્ર(લાલ એરંડ) વૃક્ષ (૧૦) કણેરનું વૃક્ષ(કર્ણિકારનું વૃક્ષ).

**વિવેચન :–**

**वग्घा :–** આ વાયુકુમારદેવના ચૈત્યવૃક્ષનું નામ છે. તે નામ માટે અનેક પાઠાંતર મળે છે જેમ કે– **वप्प, वप्पा, वप्पो वप्पेयते, वप्पे** ઇત્યાદિ. વ્યાખ્યાકારોએ તેનો અર્થ જણાવ્યો નથી પરંતુ **पाइयसद्दमहण्णवं** (કોષ)માં વ્યાઘ્ર શબ્દના બે અર્થ છે– (૧) લાલ એરંડ વૃક્ષ અને (૨) કરંજનું વૃક્ષ. તેથી **वग्घा** શબ્દ ઉપયુક્ત લાગે છે. વિશ્વભારતી લાડનૂના **'ठाणं'** માં પણ ટિપ્પણ સાથે મૂલપાઠમાં **वग्घा** શબ્દ સ્વીકાર્યો છે.

**દસ પ્રકારના સુખ :–**

**૭૫** **दसविहे सोक्खे पण्णत्ते, तं जहा–**

**आरोग्ग दीहमाउं, अड्ढेज्जं काम भोग संतोसे ।**
**अत्थि सुहभोग णिक्खम्ममेव तत्तो अणवाहे ॥१॥**

**ભાવાર્થ :–** સુખના દશ પ્રકાર છે, તે આ પ્રમાણે છે–

(૧) આરોગ્ય (૨) દીર્ઘ આયુષ્ય (૩) ધન સંપન્નતા (૪) કામ– શબ્દ, રૂપનું સુખ (૫) ભોગ– ગંધ, રસ, સ્પર્શનું સુખ (૬) સંતોષ– નિર્લોભતા, અલ્પઇચ્છા (૭) અસ્તિ– જ્યારે જે વસ્તુની જરૂરિયાત હોય ત્યારે તેની પૂર્તિ થઈ જવી (૮) શુભ ભોગ– સુંદર રમ્ય ભોગોની પ્રાપ્તિ (૯) નિષ્ક્રમણ–પ્રવ્રજિત થવાનો યોગ મળવો (૧૦) અનાબાધ– અવ્યાબાધ સુખ, જન્મ-મૃત્યુ આદિથી રહિત એવું મુક્તિનું સુખ.

**ઉપઘાત અને વિશોધિ :–**

**૭૬** **दसविहे उवघाए पण्णत्ते, तं जहा– उग्गमोवघाए, उप्पायणोवघाए एसणोवघाए, परिकम्मोवघाए, परिहरणोवघाए, णाणोवघाए, दंसणोवघाए, चरित्तो- वघाए, अचियत्तोवघाए, सारक्खणोवघाए ।**

**ભાવાર્થ :–** ઉપઘાત(દોષ અથવા અશુદ્ધિ)ના ૧૦ પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) ઉદ્‌ગમ દોષ– ઉદ્‌ગમના સોળ દોષથી ચારિત્ર દૂષિત બને છે. (૨) ઉત્પાદના દોષ– ઉત્પાદનના સોળ દોષથી ચારિત્ર દૂષિત બને છે. (૩) એષણા દોષ– એષણાના દસ દોષથી ચારિત્ર દૂષિત બને છે. (૪) પરિકર્મ દોષ– વસ્ત્ર, પાત્ર આદિને સંસ્કારિત કરવાથી ચારિત્ર દૂષિત બને છે. (૫) પરિહરણ દોષ– અકલ્પનીય ઉપકરણોના ઉપભોગથી ચારિત્ર દૂષિત બને છે. (૬) જ્ઞાન ઉપઘાત– પ્રમાદ આદિથી જ્ઞાન દૂષિત થાય છે. (૭) દર્શન ઉપઘાત– શંકા આદિથી દર્શનનો ઉપઘાત થાય છે. (૮) ચારિત્ર ઉપઘાત– સમિતિઓનું યથાવિધિ પાલન ન કરવાથી ચારિત્ર દૂષિત બને છે. (૯) અપ્રીતિકોપઘાત– ગુરુ આદિ પ્રત્યે પૂજ્યભાવ ન રાખવાથી અને તેની વિનય ભક્તિ ન કરવાથી ચારિત્ર દૂષિત બને છે. (૧૦) સંરક્ષણ ઉપઘાત– શરીર, ઉપધિ આદિમાં મૂર્ચ્છા રાખવાથી ચારિત્ર દૂષિત બને છે.

**૭૭ दसविहा विसोही पण्णत्ता, तं जहा– उग्गमविसोही, उप्पायणविसोही, एसणाविसोही, परिकम्मविसोही, परिहरणविसोही, णाणविसोही, दंसणविसोही, चरित्तविसोही, अचियत्तविसोही, सारक्खणविसोही ।**

**ભાવાર્થ :–** વિશોધિના દશ પ્રકાર છે, તે આ પ્રમાણે છે–

(૧) ઉદ્‌ગમ વિશુદ્ધિ– ઉદ્‌ગમ સંબંધી દોષોથી રહિત ગવેષણા તે ઉદ્‌ગમ વિશુદ્ધિ. (૨) ઉત્પાદન વિશુદ્ધિ– ઉત્પાદન સંબંધી દોષોથી રહિત ગવેષણા તે ઉત્પાદન વિશુદ્ધિ. (૩) એષણા વિશુદ્ધિ– એષણા સંબંધી દોષોથી રહિત ગવેષણા તે એષણા વિશુદ્ધિ. (૪) પરિકર્મ વિશુદ્ધિ– વસ્ત્ર, પાત્રાદિને આવશ્યકતા વિના સંસ્કારિત, પરિમાર્જિત ન કરવા તે પરિકર્મ વિશુદ્ધિ. (૫) પરિહરણ વિશુદ્ધિ– અકલ્પનીય ઉપકરણોનો ઉપભોગ ન કરવો તે પરિહરણ વિશુદ્ધિ. (૬) જ્ઞાન વિશુદ્ધિ– જ્ઞાનનો સ્વાધ્યાય તથા વિધિપૂર્વક અભ્યાસ કરવાથી થતી જ્ઞાનારાધના તે જ્ઞાન વિશુદ્ધિ. (૭) દર્શન વિશુદ્ધિ– સમ્યગ્દર્શનની નિરતિચાર આરાધના કરવી તે દર્શન વિશુદ્ધિ. (૮) ચારિત્ર વિશુદ્ધિ– ચારિત્રની નિર્દોષ આરાધના કરવી તે ચારિત્ર વિશુદ્ધિ. (૯) અપ્રીતિ વિશુદ્ધિ– વિનય ભક્તિપૂર્વક ગુર્વાદિકની સેવા કરવી તે અપ્રીતિ વિશુદ્ધિ. (૧૦) સંરક્ષણ વિશુદ્ધિ– સંયમના સાધનભૂત ઉપકરણોને મૂર્ચ્છા રહિત રાખવા તે સંરક્ષણ વિશુદ્ધિ છે.

**સંક્લેશતા-અસંક્લેશતા :–**

**૭૮ दसविहे संकिलेसे पण्णत्ते, तं जहा– उवहिसंकिलेसे, उवस्सयसंकिलेसे, कसायसंकिलेसे, भत्तपाणसंकिलेसे, मणसंकिलेसे, वइसंकिलेसे, कायसंकिलेसे, णाणसंकिलेसे, दंसणसंकिलेसे, चरित्तसंकिलेसे ।**

**ભાવાર્થ :–** સંકલેશ(અસમાધિ)ના દશ પ્રકાર છે, તે આ પ્રમાણે છે–

(૧) વસ્ત્ર, પાત્રાદિ ઉપધિની અપ્રાપ્તિ વગેરેથી થતો સંકલેશ (૨) ઉપાશ્રય નિમિત્તે થતો સંકલેશ

(૩) ક્રોધાદિ નિમિત્તે થતો સંકલેશ (૪) આહારાદિ નિમિત્તે થતો સંકલેશ (૫) મનના ઉદ્વેગથી થતો સંકલેશ (૬) વચનના નિમિત્તથી થતો સંકલેશ (૭) શરીર નિમિતે થતો સંકલેશ (૮) જ્ઞાનની અશુદ્ધિ આદિથી થતો સંકલેશ (૯) દર્શન સંકલેશ– દર્શનની અશુદ્ધિ આદિથી થતો સંકલેશ (૧૦) ચારિત્ર સંકલેશ– ચારિત્રની અશુદ્ધિ આદિથી થતો સંકલેશ.

**૭૯ दसविहे असंकिलेसे पण्णत्ते, तं जहा– उवहि असंकिलेसे** *जाव* **चरित्त-असंकिलेसे ।**

**ભાવાર્થ :–** અસંક્લેશ(નિર્મળભાવ)ના દશ પ્રકાર છે, તે આ પ્રમાણે છે–

ઉપધિ અસંક્લેશ(ઉપધિ નિમિતે સંક્લેશ રહિતતા)થી ચારિત્રની નિર્મળતા સુધીના દસ બોલ જાણવા.

**વિવેચન :–**

**संकिलेसे**– સંક્લેશ. અસમાધિ, ચિત્તની મલિનતા, અશુદ્ધિ, અરતિ અને રાગ-દ્વેષની તીવ્ર પરિણતિ વગેરે તેના અનેક અર્થ છે. જ્ઞાનાદિની નિર્મળતાને અસંક્લેશ કહે છે. સૂત્રકારે સંક્લેશ અને અસંક્લેશના દશ-દશ નિમિત્ત કારણનું કથન કર્યું છે. શેષ કથન સૂત્રાર્થથી સ્પષ્ટ છે. સ્થાન-૩, ઉદ્દે.-૪, સૂત્ર-૯માં જ્ઞાનાદિ ત્રણ સંક્લેશ અને ત્રણ અસંક્લેશનું કથન છે.

**દસ પ્રકારના બળ :–**

**૮૦ दसविहे बले पण्णत्ते, तं जहा– सोइंदियबले** *जाव* **फासिंदियबले, णाणबले, दंसणबले, चरित्तबले, तवबले, वीरियबले ।**

**ભાવાર્થ :–** બળ (શબ્દાદિ વિષય ગ્રહણ સામર્થ્ય)ના દશ પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) શ્રોત્રેન્દ્રિય બળ (૨) ચક્ષુરિન્દ્રિય બળ (૩) ઘ્રાણેન્દ્રિય બળ (૪) જિહ્વેન્દ્રિય બળ (૫) સ્પર્શેન્દ્રિય બળ (૬) જ્ઞાન બળ -જ્ઞાનથી સ્પષ્ટ સમજણને કારણે ઉચ્ચ આત્મિકદશાનું સામર્થ્ય (૭) દર્શનબળ-શ્રદ્ધાનું સામર્થ્ય (૮) ચારિત્ર બળ (સાંસારિક આસકિતને ત્યાગી આત્માનંદની અનુભૂતિરૂપ ચારિત્રનું સામર્થ્ય ) (૯) તપોબળ (તપ સામર્થ્ય) (૧૦) વીર્યબળ. આત્મશક્તિનું સામર્થ્ય.

**સત્ય ભાષાના પ્રકાર :–**

**૮૧ दसविहे सच्चे पण्णत्ते, तं जहा–**

**जणवय सम्मय ठवणा, णामे रूवे पडुच्चसच्चे य ।**
**ववहार भाव जोगे, दसमे ओवम्मसच्चे य ॥१॥**

**ભાવાર્થ :–** સત્યભાષાના દશ પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) જનપદ સત્ય (૨) સમ્મત સત્ય (૩) સ્થાપના સત્ય (૪) નામ સત્ય (૫) રૂપ સત્ય (૬) પ્રતીત્ય સત્ય (૭) વ્યવહાર સત્ય (૮) ભાવ સત્ય (૯) યોગ સત્ય (૧૦) ઔપમ્ય સત્ય.

## વિવેચન :–

પ્રસ્તુત સૂત્રમાં દસ પ્રકારના સત્ય વચનનું કથન છે.

(૧) જનપદ સત્ય– જનપદ-દેશના લોકો જે વસ્તુ માટે જે નામનો પ્રયોગ કરતા હોય તે વસ્તુ માટે તે શબ્દનો પ્રયોગ કરવો તે જનપદ સત્ય છે. જેમ પાણી માટે કન્નડ દેશમાં 'નીર', તમિલમાં 'તણ્ણી' કહે છે. પાણીને નીર કહેવું તે જનપદ સત્ય છે.

(૨) સમ્મત સત્ય– જે અર્થ માટે જે શબ્દ રૂઢ હોય તેનો પ્રયોગ કરવો, જેમ કમળ અને દેડકા કાદવમાં ઉત્પન્ન થાય છે છતાં કમળ માટે પંકજ શબ્દ રૂઢ થયો છે, દેડકા માટે નહીં. કમળને પંકજ કહેવું સમ્મત સત્ય છે.

(૩) સ્થાપના સત્ય– એક વસ્તુમાં બીજી વસ્તુનું આરોપણ કરવું. શેતરંજના મહોરાને હાથી, વજીર કહેવા તે સ્થાપના સત્ય છે.

(૪) નામ સત્ય– ગુણ વિહીન વસ્તુ કે વ્યક્તિનું તે નામ રાખવું. જેમ ભિખારીને લક્ષ્મીપતિ કહેવો તે નામસત્ય છે.

(૫) રૂપ સત્ય– રૂપ કે વેશ વિશેષના આધારે વ્યક્તિને તે રૂપે માનવું, જેમ સ્ત્રી વેષધારી પુરુષને સ્ત્રી, સાધુ વેષધારી પુરુષને સાધુ કહેવા તે રૂપ સત્ય છે.

(૬) પ્રતીત્ય સત્ય– અપેક્ષાએ વસ્તુ નાની મોટી, હલકી ભારે હોય, તેને તે રૂપે કહેવી, જેમ અનામિકા આંગળી કનિષ્ઠાની અપેક્ષાએ મોટી છે, મધ્યમાની અપેક્ષાએ નાની છે. અનામિકાને મોટી કહેવી તે પ્રતીત્ય સત્ય છે.

(૭) વ્યવહાર સત્ય– લોક વ્યવહાર અનુસાર કથન કરવું, જેમ પર્વત બળે છે. વાસ્તવમાં પર્વત બળતો નથી, પર્વત પરનું ઘાસ-ઝાડ બળે છે પણ લોક વ્યવહારમાં પર્વત બળે છે; માર્ગ જાય છે; ગામ આવે છે; તેમ બોલાય તે વ્યવહાર સત્ય છે.

(૮) ભાવ સત્ય– વ્યક્ત-પ્રગટ પર્યાયની અપેક્ષાએ વસ્તુને તે રૂપે કહેવી. જેમ કાગડામાં કાળા વર્ણરૂપ પર્યાય પ્રગટ છે,(બીજા લોહી, માંસના રક્ત વગેરે વર્ણો અપ્રગટ છે) તેથી કાગડાને કાળો કહેવો તે ભાવ સત્ય છે.

(૯) યોગ સત્ય– કોઈ વસ્તુના સંયોગથી વસ્તુ કે વ્યક્તિને તે સંયોગી નામથી કથન કરવું, જેમ દંડના સંયોગથી વ્યક્તિને 'દંડી' કહેવો.

(૧૦) ઔપમ્ય સત્ય– સમાન ધર્મના આધારે વસ્તુને ઉપમા આપવામાં આવે, જેમ ચંદ્ર અને મુખમાં સૌમ્યતા રૂપ સમાન ધર્મના આધારે મુખને ચંદ્રની ઉપમા આપીને ચંદ્રમુખી કહેવું, તે ઉપમા સત્ય છે.

**અસત્ય ભાષાના પ્રકાર :–**

**૮૨ दसविहे मोसे पण्णत्ते, तं जहा–**

**कोहे माणे माया लोभे, पिज्जे तहेव दोसे य ।**
**हास भए अक्खाइय, उवघाय णिस्सिए दसमे ॥१॥**

**ભાવાર્થ :–** મૃષા (અસત્ય) વચનના દશ પ્રકાર છે, તે આ પ્રમાણે છે–

(૧) ક્રોધ નિશ્રિત મૃષા– ક્રોધના નિમિત્તે અસત્ય બોલવું. (ર) માન નિશ્રિત મૃષા– માનના નિમિત્તે અસત્ય બોલવું. (૩) માયા નિશ્રિત મૃષા– માયાના નિમિત્તે અસત્ય બોલવું. (૪) લોભ નિશ્રિત મૃષા– લોભના નિમિત્તે અસત્ય બોલવું. (૫) પ્રેયો નિશ્રિત મૃષા– રાગના નિમિત્તે અસત્ય બોલવું. (૬) દ્વેષ નિશ્રિત મૃષા– દ્વેષના નિમિત્તે અસત્ય બોલવું. (૭) હાસ્ય નિશ્રિત મૃષા– હાસ્યના નિમિત્તે અસત્ય બોલવું. (૮) ભય નિશ્રિત મૃષા– ભયના નિમિત્તે અસત્ય બોલવું. (૯) આખ્યાયિકા નિશ્રિત મૃષા– કોઈ પ્રસંગના વર્ણન સમયે અતિશયોક્તિ ભરી અસત્ય વાતો કરવી. (૧૦) ઉપઘાત નિશ્રિત મૃષા– પ્રાણી વધનો આશ્રય લઈ અસત્ય બોલવું. બીજાને પીડા ઉપજાવે તેવા સત્ય વચનો પણ અસત્ય કહેવાય છે, જેમ કે કાણાને કાણો કહેવો.

**૮૩ दसविहे सच्चामोसे पण्णत्ते, तं जहा– उप्पण्णमीसए, विगयमीसए, उप्पण्ण- विगयमीसए, जीवमीसए, अजीवमीसए,जीवाजीवमीसए,अणंतमीसए, परित्तमीसए, अद्धामीसए, अद्धद्धामीसए ।**

**ભાવાર્થ :–** સત્યમૃષા(મિશ્ર) વચનના દશ પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) જન્મ સંબંધી મિશ્ર વચન (ર) મરણ સંબંધી મિશ્ર વચન (૩) જન્મ-મરણ સંબંધી મિશ્ર વચન (૪) જીવ સંબંધી મિશ્ર વચન (૫) અજીવ સંબંધી મિશ્ર વચન (૬) જીવાજીવ સંબંધી મિશ્ર વચન (૭) અનંત સંબંધી મિશ્ર વચન (૮) પરિત્ત સંબંધી મિશ્ર વચન (૯) કાલ સંબંધી મિશ્ર વચન (૧૦) દિવસ રાત કોઈ કાલના વિભાગ સંબંધી મિશ્ર વચન.

**વિવેચન :–**

(૧) ઉત્પન્નમિશ્રવચન– ઉત્પત્તિના વિષયમાં મિશ્ર વચન બોલવા. જેમ કોઈ ગામમાં દશ બાળકોથી વધુ બાળકોનો જન્મ થયો હોય છતાં દશ બાળકોનો જન્મ થયો છે, તેમ કહેવું. જન્મેલા બાળકોની સંખ્યામાં ન્યૂનાધિકતા સંભવે છે. તેથી તે ઉત્પન્ન મિશ્ર વચન છે.

(૨) વિગત મિશ્રવચન– વિગત એટલે મરણ. મરણના વિષયમાં મિશ્ર વચન બોલવા. જેમ કે કોઈ નગરમાં દસથી વધુ વ્યક્તિ મૃત્યુ પામી હોય છતાં દશ વ્યક્તિ મૃત્યુ પામી છે, તેમ કહેવું તે વિગત મિશ્રવચન છે.

(૩) ઉત્પન્નવિગત મિશ્રવચન– ઉત્પન્ન અને મરણ સંબંધી મિશ્ર વચન કહેવા, જેમ– કોઈ નગરમાં દસથી વધુ વ્યક્તિ જન્મી હોય અને દસથી વધુ વ્યક્તિ મૃત્યુ પામી હોય છતાં દશ બાળકો જન્મ્યા અને દશ વૃદ્ધો મર્યા છે, તેમ બોલવું.

(૪) જીવમિશ્રવચન– જીવ વિષયક મિશ્રવચન કહેવા, જેમાં વધુ જીવો જીવિત હોય અને થોડા મરેલા હોય તેવા કૃમિના ઢગલાને જીવરાશી કહેવી.

(૫) અજીવમિશ્રવચન– અજીવ વિષયક મિશ્રવચન કહેવા, જેમાં વધુ જીવો મરેલા હોય અને થોડા જીવિત હોય તેવા ઢગલાને અજીવરાશિ કહેવી.

(૬) જીવઅજીવમિશ્ર વચન– જીવ અને અજીવ વિષયક મિશ્ર વચન કહેવા. જીવિત અને મૃત કૃમિની રાશિની નિશ્ચિત્ત સંખ્યા કહેવી કે આટલા કૃમિ જીવે છે, આટલા મરેલા છે પણ તેનાથી ઓછા-વધુ હોઈ શકે છે, તેથી તે મિશ્ર વચન છે.

(૭) અનંતમિશ્રવચન– અનંત વિષયક મિશ્ર વચન. પત્રાદિ સંયુક્ત કંદાદિ વનસ્પતિ માટે 'આ અનંતકાય છે' એમ કહેવું. પત્રાદિમાં અનંત જીવો હોતા નથી, તેથી તે મિશ્રવચન છે.

(૮) પરિતમિશ્રવચન– પરિત જીવ વિષયક મિશ્ર વચન કહેવા, જેમ કોઈ પ્રત્યેક વનસ્પતિની રાશિમાં અનંતકાય અલ્પ સંખ્યામાં સંયુક્ત હોય, તો પણ તેના માટે પરિતનો વ્યવહાર કરવો.

(૯) અદ્ધામિશ્રવચન– અદ્ધા અર્થાત્ કાલ-વિષયક સત્યાસત્ય બોલવું. જેમ સૂર્યાસ્તના સમયે કોઈ પાસે ઝડપથી કામ કરાવવા કહે કે ઉતાવળ કરો રાત પડી ગઈ છે, તેમ કહે તો તે અદ્ધામિશ્રવચન છે.

(૧૦) અદ્ધાઅદ્ધામિશ્રવચન– દિવસ અથવા રાતરૂપ કાળના વિભાગને અદ્ધાઅદ્ધા કહે છે, તે સંબંધી મિશ્રવચન. જેમ પ્રથમ પ્રહર પૂર્ણ થવામાં હોય ત્યારે પ્રયોજન વશ કાર્યની શીઘ્રતા માટે કહે 'મધ્યાહ્ન થઈ ગયો છે, તો તે અદ્ધાઅદ્ધામિશ્રવચન છે.

## દૃષ્ટિવાદના દસ નામો :–

**૮૪ दिट्ठिवायस्स णं दस णामधेज्जा पण्णत्ता, तं जहा- दिट्ठिवाए इ वा, हेउवाए इ वा, भूयवाए इ वा, तच्चावाए इ वा, सम्मावाए इ वा, धम्मावाए इ वा, भासाविजए इ वा, पुव्वगए इ वा, अणुयोगए इ वा, सव्वपाणभूय-जीवसत्तसुहावहे इ वा ।**

**ભાવાર્થ :–** દૃષ્ટિવાદ નામના ૧૨મા અંગના ૧૦ નામ છે, તે આ પ્રમાણે છે– (૧) દૃષ્ટિવાદ– અનેક

દષ્ટિએ વસ્તુનું પ્રતિપાદન કરતું હોવાથી દષ્ટિવાદ કહેવાય છે. (૨) હેતુવાદ– હેતુના પ્રયોગથી તેમજ અનુમાન દ્વારા વસ્તુને સિદ્ધ કરતું હોવાથી હેતુવાદ કહેવાય છે. (૩) ભૂતવાદ– સદ્‌ભૂત, વાસ્તવિક પદાર્થનું નિરૂપણ કરતું હોવાથી ભૂતવાદ કહેવાય છે. (૪) તથ્યવાદ– જીવાદિ તત્ત્વનું યથાતથ્ય પ્રતિપાદન કરતું હોવાથી તથ્યવાદ કહેવાય છે. (૫) સમ્યગ્‌વાદ– પદાર્થોના સત્ય અર્થનું પ્રતિપાદન કરતું હોવાથી સમ્યગ્‌વાદ કહેવાય છે. (૬) ધર્મવાદ– વસ્તુના પર્યાયરૂપ ધર્મોનું અથવા ચારિત્રરૂપ ધર્મનું પ્રતિપાદન કરતું હોવાથી ધર્મવાદ કહેવાય છે. (૭) ભાષા વિચય– સત્ય આદિ અનેક ભેદ પ્રભેદ યુક્ત ભાષાઓની વિચારણા હોવાથી ભાષા વિચય કહેવાય છે. (૮) પૂર્વગત– દષ્ટિવાદ અંગમાં ચૌદ પૂર્વોનું વર્ણન છે. દષ્ટિવાદના પાંચ વિભાગોમાં સર્વથી વિશાળ અને વિખ્યાત વિભાગનું નામ પૂર્વગત હોવાથી મુખ્ય વિભાગના નામે તે પૂર્વગત કહેવાય છે.(૯) અનુયોગ ગત– દષ્ટિવાદના એક વિભાગનું નામ અનુયોગ હોવાથી તે અનુયોગગત કહેવાય છે. તેમાં પ્રથમાનુયોગ, ગંડિકાનુયોગ આદિ અનુયોગોનું વર્ણન છે. (૧૦) સર્વ પ્રાણ ભૂત જીવ સત્ત્વ સુખાવહ– દષ્ટિવાદમાં સર્વ બેઇન્દ્રિયાદિ રૂપ પ્રાણી, વનસ્પતિરૂપ ભૂત, પંચેન્દ્રિય રૂપ જીવ અને પૃથ્વ્યાદિ રૂપ સત્ત્વના સુખનું પ્રતિપાદન હોવાથી તે સર્વ જીવ સુખાવહ કહેવાય છે.

**દસ પ્રકારના શસ્ત્ર :–**

**૮૫ दसविहे सत्थे पण्णत्ते, तं जहा–**

**सत्थमग्गी विसं लोणं, सिणेहो खारमंबिलं ।**
**दुप्पउत्तो मणो वाया, काओ भावो य अविरई ॥१॥**

**ભાવાર્થ :–** શસ્ત્રના દશ પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) અગ્નિ શસ્ત્ર (૨) વિષ શસ્ત્ર (૩) લવણ શસ્ત્ર (૪) સ્નેહ શસ્ત્ર (૫) ક્ષાર શસ્ત્ર (૬) અમ્લ શસ્ત્ર (૭) દુષ્પ્રયુક્ત મન (૮) દુષ્પ્રયુક્ત વચન (૯) દુષ્પ્રયુક્ત કાય (૧૦) અવિરતિ ભાવ.

**વિવેચન :–**

જીવઘાત અથવા હિંસાના સાધનને શસ્ત્ર કહે છે. તેના બે પ્રકાર છે– દ્રવ્યશસ્ત્ર અને ભાવ શસ્ત્ર. સૂત્રોક્ત દસ પ્રકારના શસ્ત્રોમાંથી પ્રથમના છ દ્રવ્ય શસ્ત્ર છે અને છેલ્લા ચાર ભાવ શસ્ત્ર છે. અગ્નિ આદિથી દ્રવ્ય-હિંસા થાય છે અને દુષ્પ્રયુક્ત મન આદિથી ભાવહિંસા થાય છે. લવણ, ક્ષાર, અમ્લ આદિ વસ્તુના સંબંધથી સચિત્ત વનસ્પતિ અચિત્ત થઈ જાય છે. તે જ રીતે સ્નેહ-તેલ,ઘી આદિથી સચિત્ત વસ્તુ અચિત્ત થઈ જાય છે. તેથી લવણાદિને શસ્ત્ર કહ્યા છે. ભાવશસ્ત્ર આત્મગુણોની ઘાત કરનારા છે.

**વાદ સંબંધી દોષો :–**

**૮૬ दसविहे दोसे पण्णत्ते, तं जहा–**

**तज्जायदोसे मतिभंगदोसे, पसत्थारदोसे परिहरणदोसे ।**
**सलक्खण-क्कारण-हेउदोसे, संकामणं णिग्गह-वत्थुदोसे ॥१॥**

**ભાવાર્થ :–** વાદના દોષ દશ પ્રકારના છે, તે આ પ્રમાણે છે–

(૧) તજ્જાત દોષ– વાદ સમયે પ્રતિવાદીથી ક્ષુબ્ધ થઈને તેના જાતિ, કુલ, આચરણ આદિ અંગે વ્યક્તિગત દોષારોપણ કરવા. (૨) મતિભંગ દોષ– તત્ત્વ વિસ્મૃતિ થવી. વાદ સમયે જ્ઞાત વિષય પણ યાદ ન આવવા. પ્રમાદ કે સંકોચવશ ઉત્તર ન આપવા. (૩) પ્રશાસ્તા દોષ– સભાના અધ્યક્ષ દ્વારા પક્ષપાત થવો. અધ્યક્ષ દ્વારા વાદીને કાંઈક યાદ કરાવવું. (૪) પરિહરણ દોષ– વાદીએ આપેલા દોષનો સમ્યગ્ હેતુથી પરિહાર ન કરવો, સમ્યગ્ હેતુથી તેનું ખંડન ન કરવું, તત્સંબંધિત અન્ય નિરૂપણ કરવું. (૫) સ્વલક્ષણ દોષ– સ્વપક્ષની સિદ્ધિ માટે અવ્યાપ્તિ, અતિવ્યાપ્તિ અથવા અસંભવ દોષ યુક્ત લક્ષણો આપવા. (૬) કારણ દોષ– જેના માટે કોઈ દૃષ્ટાંત જ ન હોય, તેવા દોષયુક્ત કારણથી વાદનો પ્રારંભ કરવો. (૭) હેતુ દોષ– અસિદ્ધ, વિરુદ્ધ અથવા અનેકાંતિક હેતુનો પ્રયોગ કરવો. (૮) સંક્રમણ દોષ– પ્રાસંગિક પ્રમેયને (સાધ્યને) છોડીને અપ્રાસંગિક સાધ્યની ચર્ચા કરવી અથવા પ્રતિવાદીના મતને સ્વીકારીને જ હેતુ , દૃષ્ટાંત આપવા. (૯) નિગ્રહ દોષ– છલ, જાતિ, વિતંડા આદિનો આશ્રય લઈને પ્રતિવાદીને પરાજિત કરવા. (૧૦) વસ્તુ દોષ– સાધન અને સાધ્ય યુક્ત પક્ષ સ્થાપનને વસ્તુ કહેવાય. જે પક્ષનું સ્થાપન જ દોષ યુક્ત હોય તે વસ્તુ દોષ કહેવાય. પક્ષ સંબંધી પ્રત્યક્ષ નિરાકૃત, અનુમાન નિરાકૃત આદિ દોષોમાંથી કોઈ દોષ હોવો.

**૮૭ दसविहे विसेसे पण्णत्ते, तं जहा–**

**वत्थु तज्जायदोसे य, दोसे एगट्ठिए इ य ।**
**कारणे य पडुप्पण्णे, दोसे णिच्चेहिय अट्ठमे ॥**
**अत्तणा उवणीए य, विसेसेइ य ते दस ॥१॥**

**ભાવાર્થ :–** વિશેષના(વાદ સંબંધી વિશેષ દોષના)દશ પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) વસ્તુદોષ વિશેષ – પક્ષ સંબંધી દોષના વિશેષ દોષ. (૨) તજ્જાત દોષ વિશેષ– વાદ સમયે પ્રતિવાદીના જન્મ, મર્મ, કર્મ આદિ પ્રગટ કરીને તેને દોષિત કરવા. (૩) મતિભંગ દોષ વિશેષ– મતિ ભંગ આદિના વિશેષ દોષો. (૪) એકાર્થિક વિશેષ– એક અર્થના વાચક શબ્દોની નિરુક્તિજનિત વિશેષ દોષ. (૫) કારણ વિશેષ– કારણના વિશેષ દોષ. (૬) પ્રત્યુત્પન્ન દોષ વિશેષ– વર્તમાનકાલીન દોષ. (૭) નિત્ય દોષ વિશેષ– વસ્તુને સર્વથા નિત્ય માનવાથી લાગતા વિશેષ દોષ. (૮) અધિક દોષ વિશેષ– વાદ સમયે દૃષ્ટાંત, ઉપનય આદિના વધુ પ્રયોગ રૂપ વિશેષ દોષ. (૯) આત્મોપનીત વિશેષ– ઉદાહરણના દોષનો એક પ્રકાર. (૧૦) વિશેષ- વસ્તુના ભેદાત્મક ધર્મ.

## વિવેચન :–

**વાદ :–** વાદી-પ્રતિવાદી વચ્ચે વિજય મેળવવા જે વાદ થાય તેમજ પોત પોતાના મંતવ્યને સિદ્ધ કરવા માટે થતી ચર્ચા તે વાદ કહેવાય છે. જિજ્ઞાસા બુદ્ધિથી જે જ્ઞાન ચર્ચા થાય તે વાદ નથી પરંતુ શંકા સમાધાન કહેવાય.

વાદ સમયે વાદી પોતાનું પ્રતિજ્ઞા વાક્ય બોલે છે અને તેને સિદ્ધ કરવા હેતુનું કથન કરે છે. પ્રતિજ્ઞા અને હેતુ આ બે વાદના મુખ્ય અંગ છે. યથા– આ પર્વતમાં અગ્નિ છે, ધૂમ દેખાતો હોવાથી. અહીં 'પર્વતમાં અગ્નિ છે', તે પ્રતિજ્ઞા વાક્ય છે અને 'ધૂમ' હેતુ છે. વાદના વિષયભૂત પક્ષ, સાધ્ય, સાધન આદિને જાણવા આવશ્યક છે, તે આ પ્રમાણે છે. **પક્ષ–** જ્યાં સાધ્ય સિદ્ધ કરવાનું છે, તે સ્થાન કે વસ્તુને પક્ષ કહે છે. **સાધ્ય–** જે સિદ્ધ કરવાનું હોય તે સાધ્ય છે. ઉપરોકત વાક્યમાં 'અગ્નિ' સાધ્ય છે. **સાધન(હેતુ)–** જેના દ્વારા સાધ્ય સિદ્ધ થાય અથવા સાધ્ય સાથે અવિનાભાવ સંબંધ ધરાવે, તેને સાધન અથવા હેતુ કહે છે. ઉપરોકત વાક્યમાં અગ્નિરૂપ સાધ્યની સિદ્ધિ માટે 'ધૂમ' સાધન છે. ધૂમ અને અગ્નિને અવિનાભાવ સંબંધ પણ છે. **વ્યાપ્તિ–** અવિનાભાવ સંબંધને વિધિ અને નિષેધથી પ્રગટ કરવો તેને વ્યાપ્તિ કહે છે. યથા– જ્યાં ધૂમ છે ત્યાં અગ્નિ છે. જ્યાં અગ્નિ નથી ત્યાં ધૂમ નથી. **દષ્ટાંત–** સાધ્યને સિદ્ધ કરતું અન્ય કોઈ પણ સ્થાન અથવા વસ્તુ. જ્યાં ધૂમ છે ત્યાં અગ્નિ છે. જેમ કે– રસોડુ. અહીં રસોડુ દષ્ટાંત છે.

વાદી અને પ્રતિવાદીએ પક્ષ, હેતુ, સાધ્ય આદિનો પ્રયોગ નિર્દોષ રીતે કરવો જોઈએ. જો તેના કોઈ પણ અંગ દૂષિત થાય તો તે વાદનો દોષ કહેવાય છે. પ્રસ્તુત બે સૂત્રોમાં વાદના દશ સામાન્ય દોષ અને દશ વિશેષ દોષનું કથન છે. તેમાંથી કેટલાક દોષ ભાવાર્થથી સ્પષ્ટ છે.

**સ્વલક્ષણ દોષના ત્રણ પ્રકાર :– અવ્યાપ્તિ :** જે લક્ષણ લક્ષ્યના એક દેશમાં જ હોય તે. જેમ કે પશુનું લક્ષણ શીંગડા કહેવું. **અતિવ્યાપ્તિ :** જે લક્ષણ લક્ષ્ય સિવાય અલક્ષ્યમાં પણ જોવા મળે. જેમ કે વાયુનું લક્ષણ 'ગતિશીલતા' કહેવું. **અસંભવ દોષ :** જે લક્ષણ લક્ષ્યમાં અંશતઃ પણ ન હોય. જેમ પુદ્ગલનું લક્ષણ ચૈતન્ય કહેવું.

**હેતુ દોષના ત્રણ પ્રકાર :– અસિદ્ધ હેતુ :–** જે હેતુ સાધ્યને સિદ્ધ કરી ન શકે, તે અસિદ્ધ હેતુ કહેવાય છે યથા– શબ્દ અનિત્ય છે ચાક્ષુષ હોવાથી. અહીં ચાક્ષુષત્વ હેતુ શબ્દની અનિત્યતાને સિદ્ધ કરી શકતો નથી, તેથીતે અસિદ્ધ છે. **વિરુદ્ધ હેતુ :–** જે હેતુ સાધ્યને નહીં પરંતુ તેનાથી વિરુદ્ધને સિદ્ધ કરે તે વિરુદ્ધ હેતુ કહેવાય છે. યથા– શબ્દ નિત્ય છે. કૃતક હોવાથી અને કૃતકત્વ હેતુ શબ્દની નિત્યતા નહીં પરંતુ અનિત્યતાને સિદ્ધ કરે છે. **અનેકાંતિક હેતુ :–** જે હેતુ પક્ષ, વિપક્ષ બંનેમાં રહે તે અનેકાંતિક કહેવાય છે યથા– શબ્દ નિત્ય છે, જ્ઞેય હોવાથી, અહીં 'જ્ઞેય' એ હેતુ છે. તે શબ્દમાં અને શબ્દ સિવાય અન્ય પદાર્થોમાં પણ રહે છે. તેથી તે હેતુ અનેકાંતિક દોષ યુક્ત છે.

**વસ્તુ દોષના પાંચ પ્રકાર :– (૧) પ્રત્યક્ષ નિરાકૃત :–** શબ્દ ચક્ષુનો વિષય છે. **(૨) અનુમાન નિરાકૃત :–** શબ્દ નિત્ય છે. **(૩) પ્રતીતિ નિરાકૃત :–** શશી ચંદ્ર નથી. **(૪) સ્વવચન નિરાકૃત :–** હું કહું છું તે મિથ્યા છે. આ પ્રકારે કહેવું તે વાક્ય દૂષિત છે. **(૫) લોકરૂઢિ નિરાકૃત :–** યથા મનુષ્યની ખોપડી પવિત્ર છે.

**વિશેષ દોષ –** સૂત્રકારે વસ્તુદોષ, તજ્જાત દોષ, મતિભંગ દોષ, કારણ દોષ વગેરે દોષોનું કથન સામાન્ય દોષ અને વિશેષ દોષ બંનેમાં કર્યું છે.

તેનું તાત્પર્ય એ છે કે જ્યારે તે(સામાન્ય)દોષોનું સેવન વિશેષરૂપે થાય ત્યારે તેની ગણના વિશેષ દોષમાં થાય છે.

**એકાર્થિક વિશેષ**– એક જ અર્થના વાચક અનેક શબ્દોનો એક સાથે પ્રયોગ કરવો. યથા– ઘટ, કુંભ, કળશ લઈ આવો.

**પ્રત્યુત્પન્ન દોષ વિશેષ**– આ દોષ વર્તમાનકાલીન છે. વર્તમાનમાં પ્રત્યક્ષ પ્રતીત થતાં દોષોને પ્રત્યુત્પન્ન દોષ કહે છે. યથા– વસ્તુ ક્ષણિક છે. કૃતક(કરેલી) હોવાથી. અહીં વસ્તુને સર્વથા ક્ષણિક માનવાથી કૃતનાશ અને અકૃતાગમ દોષ થાય છે.

**નિત્યદોષ વિશેષ**– વસ્તુને એકાંત નિત્ય માનીએ તો બાલ્યાવસ્થા, યુવાવસ્થા આદિનો અભાવ થાય છે. આ નિત્ય દોષ સામાન્યની અપેક્ષાએ વિશેષ છે.

**અધિક દોષ વિશેષ**– પ્રતિજ્ઞા, હેતુ , વ્યાપ્તિ, દષ્ટાંત, ઉપનય અને નિગમન આદિનો અતિ પ્રયોગ કરે તે અધિક દોષ છે.

**આત્મોપનીત વિશેષ**– આ દોષ દષ્ટાંત સંબંધી છે. સ્વયં પોતાના દ્વારા દષ્ટાંત સંબંધી દોષનું સેવન થાય તે આત્મોપનીત દોષ છે.

## શુદ્ધવાગ્-અનુયોગ :–

**૮૮ दसविहे सुद्धवायाणुओगे पण्णत्ते, तं जहा– चंकारे, मंकारे, पिंकारे, सेयंकारे, सायंकारे, एगत्ते, पुहत्ते, संजूहे, संकामिए, भिण्णे ।**

**ભાવાર્થ :–** વાક્ય-નિરપેક્ષ શુદ્ધ પદના અનુયોગના દશ પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) ચકાર અનુયોગ (૨) મકાર અનુયોગ (૩) પિકાર અનુયોગ (૪) સેયંકાર અનુયોગ (૫) સાયંકાર અનુયોગ (૬) એકત્વ અનુયોગ (૭) પૃથક્ત્વ અનુયોગ (૮) સંયૂથ અનુયોગ (૯) સંક્રામિત અનુયોગ (૧૦) ભિન્ન અનુયોગ.

## વિવેચન :–

(૧) ચકાર અનુયોગ– 'ચ' શબ્દના અનેક અર્થોનો વિચાર કરવો. જેમ કે કયાંક 'ચ' શબ્દ સમુચ્ચય, કયાંક અન્વાદેશરૂપે, કયાંક અવધારણ અર્થનો બોધક છે.

(૨) મકાર અનુયોગ– 'મ' શબ્દનો વિચાર કરવો, જેમ કે– **'जेणामेव–तेणामेव'** આદિ પદોમાં ''મ''નો પ્રયોગ આગમિક છે. તે લાક્ષણિક અથવા પ્રાકૃત વ્યાકરણથી સિદ્ધ થાય. અથવા 'મ' શબ્દ ''મા'' નકાર અર્થમાં વપરાય છે.

(૩) પિકારઅનુયોગ– 'અપિ' શબ્દના અર્થની વિચારણા કરવી. યથા– અપિ શબ્દ અવ્યય છે તે નિવૃત્તિ, અપેક્ષા, સમુચ્ચય આદિ અનેક અર્થોનો બોધક છે.

(૪) સેયંકારઅનુયોગ– 'સે' શબ્દના અનેક અર્થોનો વિચાર કરવો, જેમ કે કયાંક 'સે' શબ્દ 'અથ'નો વાચક હોય છે અને કયાંક 'તે'નો વાચક હોય છે.

(૫) સાયંકાર અનુયોગ– 'સાયં' આદિ નિપાત શબ્દોના અર્થનો વિચાર કરવો. જેમ કે કોઈ સ્થાને સત્ય અર્થનો, તો કોઈ સ્થાને પ્રશ્નનો બોધક છે.

(૬) એકત્વઅનુયોગ– એકવચનના અર્થનો વિચાર કરવો. જેમ કે **नाणं च दंसणं चेव चरित्तं च तवो तहा । एस मग्गोत्ति पण्णत्तो** અહીં જ્ઞાન, દર્શનાદિ સમુદિતરૂપે હોય તે જ મોક્ષમાર્ગ છે તેમ કહ્યું છે. અહીં ઘણા માટે **'मग्गो'** એક વચન શબ્દ પ્રયોગ છે.

(૭) પૃથક્ત્વ અનુયોગ– બહુવચનના અર્થનો વિચાર કરવો જેમ **'धम्मत्थिकायप्पदेसा'** આ પદમાં બહુવચનનો પ્રયોગ તેના અસંખ્યાત પ્રદેશ બતાવવા માટે છે.

(૮) સંયૂથઅનુયોગ– સાથે ઉપયોગમાં આવતા શબ્દસમૂહનો અથવા સમાસાન્ત પદના અર્થનો વિચાર કરવો, જેમ કે– **'सम्मदंसणसुद्ध'** આ સમાસાન્ત પદનો વિગ્રહ અનેક પ્રકારે કરાય છે.

(૯) સંક્રામિતઅનુયોગ– વિભક્તિ અને વચનના સંક્રમણનો વિચાર કરવો. જેમ **'साहूणं वंदणेणं नासइ पावं असंकिया भावा'** અર્થાત્ સાધુઓને વંદન કરવાથી પાપ નાશ પામે છે અને સાધુની પાસે રહેવાથી ભાવ અશંકિત થાય છે. અહીં વંદનાના પ્રસંગમાં 'સાહૂણં' છઠ્ઠી વિભક્તિ છે, તેનો ભાવ અશંકિત હોવાના સંબંધમાં પાંચમી વિભક્તિરૂપે સંક્રમિત કર્યો છે. અહીં વિભક્તિ સંક્રમણ છે, તથા **'अच्छंदा जे न भुजंति, न से चाइत्ति वुच्चइ'** અહીં **'से चाइ'** આ બહુવચનના સ્થાને એક વચનનો સંક્રમિત પ્રયોગ છે, તે વચન સંક્રમણ છે.

(૧૦) ભિન્નઅનુયોગ– ક્રમભેદ અને કાલભેદ આદિનો વિચાર. (૧) જેમ કે **तिविहं तिविहेणं** આ સંગ્રહ વાક્ય છે. તેમાં **मणेणं वायाए काएण, न करेमि, न कारवेमि, करंतंपि न समणुजाणामि** આ બે ખંડોનો સંગ્રહ કર્યો છે. દ્વિતીય ખંડમાં **न करेमि** આદિ ત્રણ વાક્યોમાં **तिविहं**નું સ્પષ્ટીકરણ છે અને પ્રથમ ખંડ **मणेणं** આદિ ત્રણ વાક્યાંશોમાં **तिविहेणं**નું સ્પષ્ટીકરણ છે. અહીં 'ન કરેમિ' આદિ પછી અને **मणेणं** આદિ પહેલા છે. આ ક્રમ ભેદ છે. (૨) કાલ ભેદ– જેમ **सक्के देविंदे देवराया वंदइ नमंसइ** અહીં અતીતના અર્થમાં વર્તમાનની ક્રિયાનો પ્રયોગ છે.

**દાનના પ્રકાર :–**

**૮૯ दसविहे दाणे पण्णत्ते, तं जहा–**

**अणुकंपा संगहे चेव, भये कालुणिए त्ति य ।**
**लज्जाए गारवेणं च, अहम्मे उण सत्तमे ॥**
**धम्मे य अट्ठमे वुत्ते, काहीइ य कतंति य ॥१॥**

**ભાવાર્થ :–** દાનના દશ પ્રકાર છે, તે આ પ્રમાણે છે–

(૧) અનુકંપા દાન– કરુણાભાવથી દાન આપવું. દીન, અનાથ, રંક, આપત્તિગ્રસ્ત રોગી વગેરે પ્રતિ દયા બુદ્ધિથી જે અપાય તે અનુકંપા દાન છે.

(૨) સંગ્રહ દાન– પૂર, દુર્ભિક્ષ, ધરતીકંપ આદિ ઉપદ્રવોથી પીડિતોને સહાય કરવી તે સંગ્રહ દાન.

(૩) ભય દાન– રાક્ષસ, પિશાચ, રાજા, મંત્રી, કોટવાળ આદિના ભયથી જે અપાય તે ભય દાન.

(૪) કારુણ્ય દાન– પુત્રાદિના વિયોગના કારણે થતો શોક, કારુણ્ય કહેવાય છે. શોકવશ પિતૃ આદિના નિમિત્તે જે દાન અપાય તે કારુણ્યદાન અર્થાત્ મૃત વ્યક્તિની પાછળ જે દાન અપાય તે.

(૫) લજ્જા દાન– લોકલજ્જાથી જે દાન અપાય તે લજ્જાદાન.

(૬) ગૌરવદાન– યશ અથવા પોતાની મોટાઈ બતાવવા જે દાન અપાય તે ગૌરવ દાન અથવા ગર્વથી અપાય તે ગર્વ દાન.

(૭) અધર્મ દાન– હિંસા, અસત્ય વગેરે પાપમાં આસક્ત વ્યક્તિને આપવું અથવા પાપયુક્ત દાન આપવું.

(૮) ધર્મ દાન– ધર્મ ભાવનાથી શ્રુત અને ચારિત્ર ધર્મના પોષણ માટે જે દાન અપાય તે ધર્મ દાન. સંયમીને અપાય તે ધર્મ દાન છે. તે દાન અક્ષય સુખનું કારણ છે.

(૯) કરિષ્યતિ દાન– 'કયારેક આ પણ મારા ઉપર ઉપકાર કરશે' આ ભાવનાથી જે દાન અપાય તે કરિષ્યતિ દાન.

(૧૦) કૃતમિતિ દાન– પહેલા કરેલા ઉપકારને યાદ કરી આપે તે.

## વિવેચન :–

દાન એટલે દેવું, દેવાના અર્થમાં સમાવિષ્ટ થતી વિવિધ દાન પ્રવૃત્તિઓનો સંગ્રહ આ દસ દાનમાં છે. જેમાં ધર્મ, પુણ્ય, કર્તવ્ય, પરિસ્થિતિ આદિ અનેક તત્ત્વોનો સમાવેશ થયો છે. નવમા સ્થાનમાં નવ પુણ્યનું કથન છે, તેમાં પણ છ પુણ્યના પ્રકાર તો દાન સ્વરૂપ જ છે. જે અહીં અનુકંપા દાનરૂપ એક જ ભેદમાં સમાવિષ્ટ થાય છે. શેષ પ્રસ્તુત દાનોનું તાત્પર્ય ભાવાર્થમાં સ્પષ્ટ કરેલ છે.

## ગતિના પ્રકાર :–

**૯૦ दसविहा गई पण्णत्ता, तं जहा– णिरयगइ, णिरयविग्गहगइ, तिरियगइ, तिरियविग्गहगइ, मणुयगइ मणुयविग्गहगइ, देवगइ, देवविग्गहगइ, सिद्धिगई, सिद्धिविग्गहगई ।**

**ભાવાર્થ :–** ગતિના દશ પ્રકાર છે, તે આ પ્રમાણે છે–

(૧) નરકગતિ– નરક સ્થાનગત જીવ (ર) નરક વિગ્રહગતિ– વાટે વહેતા જીવ (૩) તિર્યંચ ગતિ (૪) તિર્યંચ વિગ્રહગતિ (૫) મનુષ્ય ગતિ (૬) મનુષ્યવિગ્રહ ગતિ (૭) દેવ ગતિ (૮) દેવ વિગ્રહ ગતિ (૯) સિદ્ધિગતિ (૧૦) સિદ્ધિ વિગ્રહગતિ.

## વિવેચન :–

પ્રસ્તુત સૂત્રમાં સિદ્ધ ગતિ સહિત પાંચ ગતિઓનું કથન છે તેમાં 'ગતિ' અને વિગ્રહગતિ બે શબ્દપ્રયોગ કરી ગતિના ૧૦ પ્રકાર કહ્યા છે. 'ગતિ' શબ્દ પ્રયોગ સ્થાન પ્રાપ્ત જીવો માટે અને ''વિગ્રહગતિ'' શબ્દપ્રયોગ વાટે વહેતા જીવો માટે થયો છે.

**નરકગતિ–** નરકરૂપ સ્થાનને પ્રાપ્ત થયેલા જીવો. **નરક વિગ્રહગતિ–** નરકરૂપ સ્થાનને પ્રાપ્ત કરવા માટે વાટે વહેતા જીવો. આ રીતે ચારે ગતિ અને વિગ્રહ ગતિનો અર્થ સમજવો જોઈએ. **સિદ્ધગતિ–** સિદ્ધક્ષેત્રને પ્રાપ્ત થયેલા જીવો. **સિદ્ધવિગ્રહ ગતિ–** સર્વ કર્મોનો ક્ષય થયા પછી લોકાંતે પહોંચવા માટે એક સમય માત્રની ઋજુગતિને પ્રાપ્ત જીવો.

## દસ મુંડન :–

**૯૧ दस मुंडा पण्णत्ता, तं जहा– सोइंदियमुंडे, चक्खिंदियमुंडे, घाणिंदियमुंडे, जिब्भिंदियमुंडे, फासिंदियमुंडे, कोहमुंडे, माणमुंडे मायामुंडे लोभमुंडे, सिरमुंडे।**

**ભાવાર્થ :–** મુંડના દશ પ્રકાર છે, તે આ પ્રમાણે છે–

(૧) શ્રોતેન્દ્રિય મુંડ– શ્રોત્રેન્દ્રિયના વિષયનો ત્યાગ કરનારા શ્રોતેન્દ્રિયને નિયંત્રણમાં રાખનારા (ર) ચક્ષુરિન્દ્રિય મુંડ– ચક્ષુરિન્દ્રિયના વિષયનો ત્યાગ કરનારા (૩) ઘ્રાણેન્દ્રિયમુંડ– ઘ્રાણેન્દ્રિયના વિષયનો ત્યાગ કરનારા (૪) જિહ્વેન્દ્રિય મુંડ– જિહ્વેન્દ્રિયના વિષયનો ત્યાગ કરનારા (૫) સ્પર્શેન્દ્રિય મુંડ– સ્પર્શેન્દ્રિયના વિષયનો ત્યાગ કરનારા, તેને જીતનારા (૬) ક્રોધ મુંડ– ક્રોધ કષાયને જીતનારા (૭) માનમુંડ– માન કષાયને જીતનારા (૮) માયા મુંડ– માયા કષાયને જીતનારા (૯) લોભ મુંડ– લોભ કષાયને જીતનારા (૧૦) શિરો મુંડ– મસ્તકના કેશનું મુંડન કરનારા.

## વિવેચન :–

સ્થાન-૫, ઉદ્દે.-૩, સૂત્ર–૯ માં પાંચ-પાંચ પ્રકારના મુંડનું કથન છે. જ્યારે અહીં દશમું સ્થાન હોવાથી એકીસાથે દશ પ્રકારના મુંડનું કથન છે.

## સંખ્યાન-ગણિતના પ્રકાર :–

**૯ર दसविहे संखाणे पण्णत्ते, तं जहा–**

**परिकम्मं ववहारो रज्जू, रासी कला सवण्णे य ।**
**जावंतावइ वग्गो, घणो य तह वग्गवग्गो वि कप्पो य ॥१॥**

**ભાવાર્થ :–** સંખ્યાન અર્થાત્ ગણિતના દશ પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) પરિકર્મ– સરવાળો, બાદબાકી, ગુણાકાર, ભાંગાકાર આદિ ગણિત. (૨) વ્યવહાર– પાટી ગણિત. પ્રસિદ્ધ શ્રેણી વ્યવહાર, મિશ્ર વ્યવહાર આદિ. જે હિસાબનો વ્યાપાર–વાણિજ્યમાં પ્રયોગ થાય તે વ્યવહાર, જેમ– સવાયા, દોઢા, અઢીયા, ડઝન, ગ્રુસ વગેરે. (૩) રજ્જુ– ક્ષેત્ર ગણિત. રજ્જુ દ્વારા કૂવા આદિની લંબાઈ, ઊંડાઈ આદિ માપવાની વિધિ. વર્તમાનમાં સેંટીમીટર, મીટર વગેરે માપ પ્રચલિત છે. (૪) રાશિ– ધાન્યાદિના ઢગલાને માપવાનું ગણિત, માપવું, તોળવું. (૫) કલા સુવર્ણ– અંકોવાળી સંખ્યા સમાન કરવી, માત્રા અનુસાર વસ્તુઓનું એકીકરણ કરવું તથા ઔષધિ આદિના નિર્માણ સમયે રાસાયણિક દ્રવ્યોની માત્રા નિશ્ચિત કરવી આદિ કલાસુવર્ણ કહેવાય. (૬) યાવત્ તાવત્– ગુણાકાર અથવા ગુણાકારવાળા ગણિત. (૭) વર્ગ– બે સમાન સંખ્યાનું ગુણનફળ. જેમ ૪×૪ = ૧૬ તે વર્ગ છે. (૮) ઘન– ત્રણ સમાન સંખ્યાનું ગુણનફળ. જેમ ૫×૫×૫ = ૧૨૫. (૯) વર્ગ વર્ગ– વર્ગનો વર્ગ. યથા– ૨ નો વર્ગ ૪ થાય અને ૪ નો વર્ગ ૧૬, તે વર્ગ વર્ગ કહેવાય છે. (૧૦) કલ્પ– કલ્પ એટલે છેદન, વર્ગમૂળ. ભાગાકારનો ભાગાકાર કરવો, વર્ગમૂળ કાઢવું કલ્પાકલ્પગણિત છે. યથા– ૧૬નું વર્ગમૂળ ૪ છે. ચારનું વર્ગમૂળ બે છે, તે કલ્પાકલ્પ કહેવાય. અપૂર્ણાંક રાશિના છેદ ઉડાડવા તે પણ કલ્પાકલ્પ કહેવાય છે. યથા = $\frac{૧૨}{૧૮}$ સંખ્યાનો છેદ ઉડાડતા $\frac{૩}{૭}$ આવે છે.

**દસ પ્રકારના પ્રત્યાખ્યાન :–**

**૧૩ दसविहे पच्चक्खाणे पण्णत्ते, तं जहा–**

**अणागयमइक्कंतं, कोडीसहियं णियंटियं चेव ।**
**सागारमणागारं परिमाणकडं णिरवसेसं ॥**
**संकेयगं चेव अद्धाए, पच्चक्खाणं दसविहं तु ॥१॥**

**ભાવાર્થ :–** પ્રત્યાખ્યાન(તપ)ના દશ પ્રકાર છે. તે આ પ્રમાણે છે– (૧) ભવિષ્યમાં કરવાના તપને વર્તમાનમાં કરી લેવું. (૨) વર્તમાનમાં કરવાના તપને કોઈ કારણથી પછી કરવા. (૩) વર્ષીતપ વગેરે સંલગ્ન તપ કરવા. (૪) નિશ્ચિત દિવસે જ તપ કરવું. (૫) પ્રત્યાખ્યાનના પાઠમાં નિર્દિષ્ટ આગાર–છૂટ સહિત તપ કરવું. (૬) આગાર–છૂટ રહિત તપ કરવું. (૭) દત્તિ, ઘર વગેરેની મર્યાદાપૂર્વક તપ કરવું. (૮) અન્નાદિ ચારે ય પ્રકારના આહારના ત્યાગરૂપ તપ કરવું. (૯) અંગુઠી આદિના સંકેત યુક્ત તપ કરવું. (૧૦) કાળ મર્યાદા યુક્ત પોરસી આદિનું તપ કરવું.

**વિવેચન :–**

**(૧) અનાગત પ્રત્યાખ્યાન :–** ભવિષ્યમાં તપ, નિયમ અથવા પ્રત્યાખ્યાન કરવાના હોય, તેને ભવિષ્યમાં

આવનાર મુશ્કેલીના કારણે પહેલાં કરી લેવા. જેમ કે પર્યુષણમાં વૈયાવૃત્ય, પ્રવચન પ્રભાવના આદિ કાર્યો ના કારણે કોઈ શ્રમણ પર્યુષણ પહેલાં તે તપસ્યાની આરાધના કરી લે તો તેને અનાગત પ્રત્યાખ્યાન કહે છે.

**(૨) અતિક્રાંત પ્રત્યાખ્યાન :–** પહેલાં જે તપ, નિયમ અથવા પ્રત્યાખ્યાન કરવાના હતા, તે ગુરુ, તપસ્વી, રુગ્ણની સેવા આદિના કારણે થઈ શક્યા ન હોય અને તે તપ-નિયમાદિને પછી કરે તો તેને અતિક્રાંત પ્રત્યાખ્યાન કહે છે.

**(૩) કોટિ સહિત પ્રત્યાખ્યાન :–** એક પ્રત્યાખ્યાનની સમાપ્તિ તથા બીજા પ્રત્યાખ્યાનની આદિ એક જ દિવસે થાય, જેમ કે ઉપવાસના પારણે આયંબિલાદિ તપ કરવું તે કોટિ સહિત છે. અર્થાત્ નવા પ્રત્યાખ્યાનની આદિ અને જૂના પ્રત્યાખ્યાનની પૂર્ણાહુતિ, આ બંનેનું જોડાણ એક દિવસે થાય તેને કોટિ સહિત પ્રત્યાખ્યાન કહે છે.

**(૪) નિયંત્રિત પ્રત્યાખ્યાન :–** જે દિવસે જે પ્રત્યાખ્યાન કરવાનો નિશ્ચય કર્યો છે, તે દિવસે રોગાદિ કોઈ પણ પ્રકારની બાધાઓ આવે, તેમ છતાં તેને ન છોડતાં નિયમપૂર્વક પૂર્ણ કરવા, તેને નિયંત્રિત પ્રત્યાખ્યાન કહે છે.

**(૫–૬) સાગાર-અનાગાર પ્રત્યાખ્યાન :–** છૂટ સહિતના પ્રત્યાખ્યાન સાગાર પ્રત્યાખ્યાન અને છૂટ રહિતના પ્રત્યાખ્યાન અનાગાર પ્રત્યાખ્યાન છે. સાધુ અથવા શ્રાવક કોઈ પણ વિશિષ્ટ પ્રત્યાખ્યાન સાગાર સહિત પણ કરી શકે અને દઢતા હોય તો આગાર રહિત પણ કરી શકે છે. આ કારણે પ્રત્યાખ્યાનના સાગાર અને અનાગાર તેમ બે ભેદ થાય છે.

**(૭) પરિમાણ કૃત પ્રત્યાખ્યાન :–** દત્તિ, કવલ, ઘર, ભિક્ષા અથવા ભોજ્ય દ્રવ્યોની મર્યાદા કરવી. જેમ કે પાત્રમાં એક સાથે જેટલી અન્નાદિક વસ્તુ પડશે, તેટલી વસ્તુ હું વાપરીશ તે દત્તિ પરિમાણ છે. આ જ રીતે કવલ, ઘર આદિની પણ મર્યાદા થઈ શકે છે.

**(૮) નિરવશેષ પ્રત્યાખ્યાન :–** અશન-પાન-ખાદિમ અને સ્વાદિમ, આ ચારે પ્રકારના આહારના સમયની મર્યાદા સાથે સર્વથા પ્રત્યાખ્યાન કરવા.

**(૯) સંકેત પ્રત્યાખ્યાન :–** મુઠ્ઠી, અંગૂઠી, ગાંઠ અને નમસ્કાર મંત્ર આદિ પ્રત્યાખ્યાન પૂર્ણ કરવાના કોઈ પણ સંકેતપૂર્વક પ્રત્યાખ્યાન કરવા.

**(૧૦) અદ્ધા પ્રત્યાખ્યાન :–** અદ્ધા-કાલ વિશેષને નિયત કરીને પ્રત્યાખ્યાન કરવા; જેમ કે પોરસી, બે પોરસી, માસખમણ, અર્દ્ધમાસખમણ આદિ.

શ્રી ભગવતી સૂત્ર શતક-૭/૨માં સૂત્રોક્ત દશ પ્રત્યાખ્યાનને ઉત્તરગુણ પ્રત્યાખ્યાન કહ્યા છે. તે મૂળ ગુણને પુષ્ટ કરે છે, મૂળગુણોને સુશોભિત રાખે છે.

**શ્રમણ સમાચારી :–**

**૧૪** **दसविहा सामायारी पण्णत्ता, तं जहा–**

**इच्छा मिच्छा तहक्कारो, आवस्सिया य णिसीहिया ।**
**आपुच्छणा य पडिपुच्छा, छंदणा य णिमंतणा ॥**
**उवसंपया य काले, सामायारी दसविहा उ ॥१॥**

**ભાવાર્થ :–** સમાચારીના દશ પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) ઈચ્છા સમાચારી– કાર્ય કરવા કે કરાવવામાં બીજાની ઈચ્છા પ્રમાણે કાર્યાદિ કરવા. (૨) મિચ્છા સમાચારી– ભૂલ થઈ જાય તો સાધકે સ્વયં 'મિચ્છામિદુક્કડમ્' કહી આલોચના કરવી. (૩) તથાકાર સમાચારી– આચાર્યના વચનને 'તહત્તિ' કહી સ્વીકાર કરવો. (૪) આવશ્યકી સમાચારી– ઉપાશ્રયની બહાર જતાં સમયે 'હું આવશ્યક કાર્ય માટે બહાર જાઉં છું.' એમ દર્શાવવા **आवस्सही आवस्सही** શબ્દનું ઉચ્ચારણ કરવું. (૫) નૈષેધિકી સમાચારી– કાર્ય કરી પાછા આવે ત્યારે 'હું કાર્ય કરીને આવી ગયો છું' તેમ દર્શાવવા **णिस्सिही णिस्सिही** શબ્દનું ઉચ્ચારણ કરવું. (૬) આપૃચ્છા સમાચારી– કોઈ કાર્ય માટે આચાર્યને પૂછવું. (૭) પ્રતિ પૃચ્છા સમાચારી– બીજાના કામ માટે આચાર્યને વિશેષ રૂપે પૂછવું. (૮) છંદણા સમાચારી– આહાર માટે સાધર્મિક સાધુઓને આમંત્રણ આપવું. (૯) નિમંત્રણ સમાચારી– 'હું આપના માટે આહારાદિ લઈ આવું' ? આ રીતે ગુરુજનોને નિમંત્રિત કરવા. (૧૦) ઉપસંપદા સમાચારી– જ્ઞાન, દર્શન, ચારિત્રની વિશેષ પ્રાપ્તિ માટે કેટલોક સમય બીજા આચાર્ય પાસે રહેવું.

**ભગવાન મહાવીરના દસ સ્વપ્ન :–**

**૧૫** **समणे भगवं महावीरे छउमत्थकालियाए अंतिमराइयंसि इमे दस महासुमिणे पासित्ता णं पडिबुद्धे, तं जहा–**

**एगं च णं महं घोररूवदित्तधरं तालपिसायं सुमिणे पराजियं पासित्ता णं पडिबुद्धे । एगं च णं महं सुक्किलपक्खगं पुंसकोइलगं सुमिणे पासित्ता णं पडिबुद्धे। एगं च णं महं चित्तविचित्तपक्खगं पुंसकोइलं सुमिणे पासित्ता णं पडिबुद्धे । एगं च णं महं दामदुगं सव्वरयणामयं सुमिणे पासित्ता णं पडिबुद्धे । एगं च णं महं सेतं गोवग्गं सुमिणे पासित्ता णं पडिबुद्धे । एगं च णं महं पउमसरं सव्वओ समंता कुसुमियं सुमिणे पासित्ता णं पडिबुद्धे । एगं च णं महं सागरं उम्मी-वीची-सहस्सकलियं भुयाहिं तिण्णं सुमिणे पासित्ता णं पडिबुद्धे । एगं च णं महं दिणयरं तेयसा जलंतं सुमिणे पासित्ता णं पडिबुद्धे । एगं च णं महं**

**हरि-वेरुलिय-वण्णाभेणं णियएणमंतेणं माणुसुत्तरं पव्वयं सव्वओ समंता आवेढियं परिवेढियं सुमिणे पासित्ता णं पडिबुद्धे । एगं च णं महं मंदरे पव्वए मंदरचूलियाए उवरिं सीहासणवरगयं अत्ताणं सुमिणे पासित्ता णं पडिबुद्धे ।**

**ભાવાર્થ :–** શ્રમણ ભગવાન મહાવીર છદ્મસ્થકાળની છેલ્લી રાત્રિએ ૧૦ મહાસ્વપ્નો જોઈને જાગૃત થયા. તે આ પ્રમાણે છે–

(૧) મહાન ઘોર રૂપવાળા, દીપ્તિમાન એક તાલપિશાચ, તાલવૃક્ષ જેવા ઊંચા પિશાચને સ્વપ્નમાં પોતાના દ્વારા પરાજિત થતો જોઈને જાગૃત થયા. (ર) શ્વેત પાંખવાળા એક મહા નરકોકિલને સ્વપ્નમાં જોઈને જાગૃત થયા. (૩) મોટી બે ચિત્ર-વિચિત્ર પાંખવાળા એક મહા નરકોકિલને સ્વપ્નમાં જોઈને જાગૃત થયા. (૪) સર્વ રત્નમયી બે મોટી માળાને સ્વપ્નમાં જોઈને જાગૃત થયા. (૫) એક વિશાલ શ્વેત ગોવર્ગ(ગાયોના સમૂહ)ને સ્વપ્નમાં જોઈને જાગૃત થયા. (૬) ચારે બાજુથી પ્રફુલ્લિત કમળવાળા એક મોટા સરોવરને સ્વપ્નમાં જોઈને જાગૃત થયા. (૭) નાના-મોટા તરંગોથી વ્યાપ્ત એક મોટા મહાસાગરને ભુજાઓથી પાર કર્યો, તેવું સ્વપ્ન જોઈને જાગૃત થયા. (૮) મહાન તેજસ્વી, જાજ્વલ્યમાન એક સૂર્યને સ્વપ્નમાં જોઈને જાગૃત થયા. (૯) હરિત અને વૈડૂર્ય મણિના વર્ણ જેવા પોતાના આંતરડાથી ચારેબાજુથી આવેષ્ટિત પરિવેષ્ટિત વીંટળાયેલા એક મહાન માનુષોત્તર પર્વતને સ્વપ્નમાં જોઈને જાગૃત થયા. (૧૦) મન્દર પર્વતની મંદર ચૂલિકા ઉપર, એક મહાન સિંહાસન ઉપર સ્વયં બેઠા હોય, તેવું સ્વપ્ન જોઈને જાગૃત થયા.

**૯૬ जण्णं समणे भगवं महावीरे एगं च णं महं घोररूवदित्तधरं तालपिसायं सुमिणे पराजियं पासित्ता णं पडिबुद्धे, तण्णं समणेणं भगवया महावीरेणं मोहणिज्जे कम्मे मूलओ उग्घाइए ।**

**जण्णं समणे भगवं महावीरे एगं च महं सुक्किलपक्खगं पुंसकोइलगं सुमिणे पासित्ता णं पडिबुद्धे, तण्णं समणे भगवं महावीरे सुक्कज्झाणोवगए विहरइ ।**

**जण्णं समणे भगवं महावीरे एगं च णं महं चित्तविचित्तपक्खगं पुंसकोइलं सुविणे पासित्ता णं पडिबुद्धे, तण्णं समणे भगवं महावीरे ससमय-परसमयियं चित्तविचित्तं दुवालसंगं गणिपिडगं आघवेइ पण्णवेइ परूवेइ दंसेइ णिदंसेइ उवदंसेइ, तं जहा– आयारं, सूयगडं, ठाणं, समवायं, विवाहपण्णत्ति, णायधम्मकहाओ, उवासगदसाओ, अंतगडदसाओ, अणुत्तरोववाइयदसाओ, पण्हावागरणाइं, विवागसुयं, दिट्ठिवायं ।**

**जण्णं समणे भगवं महावीरे एगं च णं महं दामदुगं सव्वरयणामयं सुमिणे पासित्ता णं पडिबुद्धे, तण्णं समणे भगवं महावीरे दुविहं धम्मं पण्णवेइ, तं जहा–**

अगारधम्मं च अणगारधम्मं च ।

जण्णं समणे भगवं महावीरे एगं च णं महं सेयं गोवग्गं सुमिणे पासित्ता णं पडिबुद्धे, तण्णं समणस्स भगवओ महावीरस्स चाउव्वणाइण्णे संघे, तं जहा– समणा, समणीओ, सावगा, सावियाओ ।

जण्णं समणे भगवं महावीरे एगं च णं महं पउमसरं सव्वओ समंता कुसुमियं सुमिणे पासित्ता णं पडिबुद्धे, तण्णं समणे भगवं महावीरे चउव्विहे देवे पण्णवेइ, तं जहा– भवणवासी, वाणमंतरे, जोइसिए, वेमाणिए ।

जण्णं समणे भगवं महावीरे एगं च णं महं सागरं उम्मीवीची-सहस्स-कलियं भुयाहिं तिण्णं सुमिणे पासित्ता ण पडिबुद्धे, तण्णं समणेणं भगवया महावीरेणं अणाइए अणवदग्गे दीहमद्धे चाउरंते संसारकंतारे तिण्णे ।

जण्णं समणे भगवं महावीरे एगं च णं महं दिणयरं तेयसा जलंतं सुमिणे पासित्ता णं पडिबुद्धे, तण्णं समणस्स भगवओ महावीरस्स अणंते अणुत्तरे णिव्वाघाए णिरावरणे कसिणे पडिपुण्णे केवलवरणाणदंसणे समुप्पण्णे ।

जण्णं समणे भगवं महावीरे एगं च णं महं हरि-वेरुलिय-वण्णाभेणं णियए णं अंतेणं माणुसुत्तरं पव्वयं सव्वओ समंता आवेढियं परिवेढियं सुमिणे पासित्ता णं पडिबुद्धे तण्णं समणस्स भगवओ महावीरस्स सदेवमणुयासुरलोगे उराला कित्ति-वण्ण- सद्द-सिलोगा परिगुव्वंति– इइ खलु समणे भगवं महावीरे, इइ खलु समणे भगवं महावीरे ।

जण्णं समणे भगवं महावीरे एगं च णं महं मंदरे पव्वए मंदरचूलियाए उवरिं सीहासणवरगयं अत्ताणं सुमिणे पासित्ता णं पडिबुद्धे, तण्णं समणे भगवं महावीरे सदेवमणुयासुराए परिसाए मज्झगए केवलिपण्णत्तं धम्मं आघवेइ पण्णवेइ परूवेइ दंसेइ णिदंसेइ उवदंसेइ ।

**ભાવાર્થ :–**

(૧) શ્રમણ ભગવાન મહાવીર, ઘોર રૂપવાળા, દીપ્તિમાન એક તાલ પિશાચને સ્વપ્નમાં પોતાના દ્વારા પરાજિત થતો જોઈ જાગૃત થયા. તેના ફળ સ્વરૂપે શ્રમણ ભગવાન મહાવીરે મોહનીય કર્મને મૂળથી ઉખેડી નાંખ્યું.

(૨) શ્રમણ ભગવાન મહાવીર શ્વેત પાંખવાળા એક મહાન નરકોકિલનું સ્વપ્ન જોઈ જાગૃત થયા. તેના ફળ સ્વરૂપે શ્રમણ ભગવાન મહાવીર શુકલ ધ્યાનયુક્ત થયા.

(૩) શ્રમણ ભગવાન મહાવીર સ્વામી ચિત્ર-વિચિત્ર પાંખવાળા મહાન નરકોકિલનું સ્વપ્ન જોઈ જાગૃત થયા. તેના ફલ સ્વરૂપે શ્રમણ ભગવાન મહાવીરે સ્વસમય, પરસમયરૂપ વૈવિધ્યથી પૂર્ણ દ્વાદશાંગી ગણિપિટકનું વ્યાખ્યાન, પ્રજ્ઞાપન, પ્રરૂપણ, દર્શન, નિદર્શન અને ઉપદર્શન કર્યુ. તે દ્વાદશાંગી ગણિપિટક આ પ્રમાણે છે– (૧) આચારાંગ (૨) સૂયગડાંગ (૩) ઠાણાંગ (૪) સમવાયાંગ (૫) વ્યાખ્યા પ્રજ્ઞપ્તિ = ભગવતી (૬) જ્ઞાતા ધર્મકથા (૭) ઉપાસક દશાંગ (૮) અંતકૃત દશાંગ (૯) અનુત્તરોપપાતિક દશાંગ (૧૦) પ્રશ્નવ્યાકરણ (૧૧) વિપાક (૧૨) દષ્ટિવાદ.

(૪) શ્રમણ ભગવાન મહાવીર સર્વ રત્નમયી બે મોટી માળા સ્વપ્નમાં જોઈ જાગૃત થયા. તેના ફલ સ્વરૂપે શ્રમણ ભગવાન મહાવીરે બે ધર્મની પ્રરૂપણા કરી, અગાર ધર્મ અને અણગાર ધર્મ.

(૫) શ્રમણ ભગવાન મહાવીર એક મહાન શ્વેત ગોવર્ગ સ્વપ્નમાં જોઈ જાગૃત થયા. તેના ફળ સ્વરૂપે શ્રમણ ભગવાન મહાવીરનો ચાર તીર્થમય સંઘ થયો, તે આ પ્રમાણે છે– (૧) શ્રમણ (૨) શ્રમણી (૩) શ્રાવક (૪) શ્રાવિકા.

(૬) શ્રમણ ભગવાન મહાવીર ચારે બાજુથી પ્રફુલ્લિત કમળવાળું એક મહાન સરોવર સ્વપ્નમાં જોઈ જાગૃત થયા. તેના ફળ સ્વરૂપે શ્રમણ ભગવાન મહાવીરે ચાર પ્રકારના દેવોની પ્રરૂપણા કરી, તે આ પ્રમાણે– (૧) ભવનવાસી (૨) વાણવ્યંતર (૩) જ્યોતિષી (૪) વૈમાનિક.

(૭) શ્રમણ ભગવાન મહાવીર, નાના-મોટા તરંગોથી વ્યાપ્ત એક મોટા મહાસાગરને ભુજાઓથી તરી ગયા, તે પ્રમાણે સ્વપ્ન જોઈ જાગૃત થયા. તેના ફલ સ્વરૂપે શ્રમણ ભગવાન મહાવીરે અનાદિ અનંત, દીર્ઘકાલીન ચાતુરન્ત– નરકાદિ ચાર ગતિવાળા સંસાર કાન્તાર(મહાવન)ને પાર કર્યુ.

(૮) શ્રમણ ભગવાન મહાવીર તેજથી જાજ્વલ્યમાન એક મહાન સૂર્ય સ્વપ્નમાં જોઈ જાગૃત થયા. તેના ફલ સ્વરૂપે શ્રમણ ભગવાન મહાવીરને અનંત, અનુત્તર, નિર્વ્યાઘાત, નિરાવરણ, અખંડ, પ્રતિપૂર્ણ, શ્રેષ્ઠ એવું કેવળજ્ઞાન અને કેવળદર્શન પ્રાપ્ત થયું.

(૯) શ્રમણ ભગવાન મહાવીર, હરિત અને વૈડૂર્ય વર્ણવાળા પોતાના આંતરડાથી વીંટળાયેલ માનુષોત્તર પર્વતનું સ્વપ્ન જોઈ જાગૃત થયા. તેના ફળ સ્વરૂપે શ્રમણ ભગવાન મહાવીરની દેવ, મનુષ્ય અને અસુરોમાં ઉદાર, કીર્તિ, વર્ણ, શબ્દ અને શ્લાઘા વ્યાપ્ત થઈ. "શ્રમણ ભગવાન મહાવીર આવા છે, શ્રમણ ભગવાન મહાવીર આવા છે," આવો યશ ત્રણે લોકમાં ફેલાયો.

(૧૦) શ્રમણ ભગવાન મહાવીર સ્વપ્નમાં મંદરપર્વતની મંદરચૂલિકાની ઉપર એક મહાન સિંહાસન ઉપર પોતાને બેઠેલા જોઈ જાગૃત થયા. તેના ફળ સ્વરૂપે શ્રમણ ભગવાન મહાવીર દેવ, મનુષ્ય અને અસુરોની પરિષદની મધ્યે બિરાજમાન થઈ કેવલિપ્રજ્ઞપ્ત ધર્મનું આખ્યાન, પ્રજ્ઞાપન, પ્રરૂપણ, દર્શન, નિદર્શન અને ઉપદર્શન કર્યુ.

## વિવેચન :–

પ્રસ્તુત સૂત્રમાં ભગવાન મહાવીરના દસ સ્વપ્ન અને તેના ફળનું વર્ણન છે. તેનાથી સ્પષ્ટ છે કે

ભગવાનને છદ્મસ્થાવસ્થાની અંતિમ રાત્રિએ(અર્થાત્ વૈશાખ સુદ નોમની રાત્રિએ) સ્વલ્પનિદ્રા આવી તથા તેમાં દસ સ્વપ્ન જોયા અને નિકટતમ ભવિષ્યમાં તેના ફળરૂપે વૈશાખ સુદ દસમના દિવસે ત્રીજા પ્રહરમાં કેવળજ્ઞાનની પ્રાપ્તિ થઈ.

**સમ્યક્ત્વની દસ રુચિ :–**

**९७** **दसविहे सरागसम्मद्दंसणे पण्णत्ते, तं जहा–**

**णिसग्गुवएसरुई, आणारुई सुत्तबीयरुइमेव ।**
**अभिगम वित्थाररुई, किरिया संखेव धम्मरुई ॥१॥**

**ભાવાર્થ :–** સરાગ સમ્યગ્દર્શનના દશ પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) નિસર્ગ રુચિ– નૈસર્ગિક એટલે કોઈ બાહ્ય નિમિત્ત વિના સ્વભાવથી ઉત્પન્ન થતી ધર્મ રુચિ, સમ્યગ્દર્શન. (૨) ઉપદેશ રુચિ– ગુરુ આદિના ઉપદેશથી ઉત્પન્ન થતું સમ્યગ્દર્શન. (૩) આજ્ઞા રુચિ– તીર્થંકર પ્રભુના સિદ્ધાંતથી, તેમની આજ્ઞાને પ્રમાણ કરવાથી, સ્વીકારવાથી ઉત્પન્ન થતું સમ્યગ્દર્શન. (૪) સૂત્ર રુચિ– સૂત્રના અધ્યયનથી ઉત્પન્ન થતું સમ્યગ્દર્શન. (૫) બીજ રુચિ– બીજની જેમ સત્યના એક અંશના આધારે અનેક અંશોમાં પ્રસરતું સમ્યગ્દર્શન. એક જ વચનના મનનથી અનેક અર્થોના બોધથી ઉત્પન્ન થતું સમ્યગ્દર્શન.

(૬) અભિગમ રુચિ– સૂત્રોના સમ્યગ્ અર્થ, મર્મને સમજવાથી ઉત્પન્ન થતું સમ્યગ્દર્શન. (૭) વિસ્તાર રુચિ– સર્વ દ્રવ્ય અને પર્યાયોનું સર્વ પ્રમાણ, નય, નિક્ષેપ દ્વારા વિસ્તારપૂર્વક અધ્યયન કરવાથી ઉત્પન્ન થતું સમ્યગ્દર્શન. (૮) ક્રિયા રુચિ– ધાર્મિક ક્રિયાઓના અનુષ્ઠાનથી, સમ્યગ્ આચરણથી ઉત્પન્ન થતું સમ્યગ્દર્શન. (૯) સંક્ષેપ રુચિ– સંક્ષેપથી અર્થાત્ સ્વલ્પ જ્ઞાન કે હાર્દિક શ્રદ્ધા માત્રથી ઉત્પન્ન થતું સમ્યગ્દર્શન. જેમ કે– વરુણનાગનત્તુઆના મિત્ર. મિથ્યા આગ્રહના અભાવમાં સ્વલ્પ જ્ઞાનજનિત સમ્યગ્દર્શન. (૧૦) ધર્મ રુચિ– શ્રુતધર્મ અને ચારિત્રધર્મની ગાઢ શ્રદ્ધાથી ઉત્પન્ન થતું સમ્યગ્દર્શન.

**સંજ્ઞાના દસ પ્રકાર :–**

**९८** **दस सण्णाओ पण्णत्ताओ, तं जहा– आहारसण्णा, भयसण्णा, मेहुणसण्णा, परिग्गहसण्णा, कोहसण्णा, माणसण्णा, मायासण्णा लोभसण्णा, लोगसण्णा, ओह- सण्णा ।**

**ભાવાર્થ :–** સંજ્ઞાના દશ પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) આહાર સંજ્ઞા (૨) ભય સંજ્ઞા (૩) મૈથુન સંજ્ઞા (૪) પરિગ્રહ સંજ્ઞા (૫) ક્રોધ સંજ્ઞા (૬) માન સંજ્ઞા (૭) માયા સંજ્ઞા (૮) લોભ સંજ્ઞા (૯) લોક સંજ્ઞા અને (૧૦) ઓઘ સંજ્ઞા.

**९९** **णेरइयाणं दस सण्णाओ एवं चेव । एवं णिरंतरं** *जाव* **वेमाणियाणं ।**

**ભાવાર્થ :–** નૈરયિકોથી લઈને વૈમાનિકો સુધીના સર્વ દંડકોમાં ૧૦ સંજ્ઞા હોય છે.

## વિવેચન :–

**सण्णा**– જેના દ્વારા જીવને આહારાદિની અભિલાષા ઉત્પન્ન થાય તેને સંજ્ઞા કહે છે. આ સંજ્ઞાઓ વેદનીય તથા મોહનીય કર્મના ઉદય અને જ્ઞાનાવરણીય તથા દર્શનાવરણીય કર્મના ક્ષયોપશમને આધીન હોય છે. દશ સંજ્ઞામાંથી પ્રથમની આઠ સંવેગાત્મક અને અંતિમ બે જ્ઞાનાત્મક છે.

આહારાદિ ચાર સંજ્ઞા તથા તેની ઉત્પત્તિના કારણ સ્થાન-૪, ઉદ્દે.-૪ માં અને ક્રોધાદિ ચાર સંજ્ઞાની ઉત્પત્તિના કારણ સ્થાન-૪, ઉદ્દે.-૧માં દર્શાવ્યા છે.

**लोगसण्णा**– લોકપ્રવાહમય રુચિ અને લોકેષણા વૃત્તિ તે લોકસંજ્ઞા છે. (આચારાંગ સૂત્ર)

**ओहसण्णा**– વિચાર્યા વિના ઉપયોગ શૂન્યતાએ જે પ્રવૃત્તિ અને રુચિ થઈ જાય, સહજ સ્વભાવિક બોધ કે આચરણ થઈ જાય તે ઓઘસંજ્ઞા કહેવાય છે. જેમ કે પક્ષીઓને વરસાદ, ભૂકંપ વગેરેનો ખ્યાલ આવી જાય છે. તે જાણપણાનો સમાવેશ ઓઘસંજ્ઞામાં થાય છે.

## નૈરયિકોની દસ વેદના :–

**१०० णेरइया णं दसविहं वेयणं पच्चणुभवमाणा विहरंति, तं जहा– सीयं, उसिणं, खुहं, पिवासं, कंडुं, परज्झं, भयं, सोगं, जरं, वाहिं ।**

**ભાવાર્થ :–** નારકી જીવો દશ પ્રકારની વેદનાનો અનુભવ કરે છે, તે આ પ્રમાણે છે– (૧) શીત (૨) ઉષ્ણ (૩) ક્ષુધા (૪) તરસ (૫) ખજવાળ (૬) પરવશતા (૭) ભય (૮) શોક (૯) જરા (૧૦) વ્યાધિ.

## છદ્મસ્થ અને કેવળીના જ્ઞાનની ક્ષમતા :–

**१०१ दस ठाणाइं छउमत्थे सव्वभावेणं ण जाणइ ण पासइ, तं जहा– धम्मत्थिकायं, अधम्मत्थिकायं, आगासत्थिकायं, जीवं असरीरपडिबद्धं, परमाणुपोग्गलं, सद्दं, गंधं, वायं, अयं जिणे भविस्सइ वा ण वा भविस्सइ, अयं सव्वदुक्खाणमंतं करेस्सइ वा ण वा करेस्सइ ।**

**एयाणि चेव उप्पण्णणाणदंसणधरे अरहा जिणे केवली सव्वभावेणं जाणइ, पासइ, तं जहा– धम्मत्थिकायं, अधम्मत्थिकायं, आगासत्थिकायं, जीवं असरीर- पडिबद्धं, परमाणुपोग्गलं, सद्दं, गंधं, वायं, अयं जिणे भविस्सइ वा ण वा भविस्सइ, अयं सव्वदुक्खाणमंतं करेस्सइ वा ण वा करेस्सइ ।**

**ભાવાર્થ :–** છદ્મસ્થજીવ દશ પદાર્થને સંપૂર્ણપણે જાણતા નથી અને જોતા નથી, તે આ પ્રમાણે છે–

(૧) ધર્માસ્તિકાય (૨) અધર્માસ્તિકાય (૩) આકાશાસ્તિકાય (૪) શરીર મુક્ત જીવ (૫) પરમાણુ પુદ્ગલ (૬) શબ્દ (૭) ગંધ (૮) વાયુ (૯) આ જીવ જિન થશે કે નહીં (૧૦) આ જીવ સર્વ દુઃખોનો અંત કરશે કે નહીં.

સંપૂર્ણ જ્ઞાન-દર્શનના ધારક એવા અર્હત, જિન, કેવળી, એ દશ પદાર્થોને સંપૂર્ણરૂપે જાણે છે અને જુએ છે, તે આ પ્રમાણે છે– (૧) ધર્માસ્તિકાય (૨) અધર્માસ્તિકાય (૩) આકાશાસ્તિકાય (૪) શરીર મુક્ત જીવ (૫) પરમાણુ પુદ્ગલ (૬) શબ્દ (૭) ગંધ (૮) વાયુ (૯) આ જીવ જિન થશે કે નહીં (૧૦) આ જીવ સર્વ દુઃખોનો અંત કરશે કે નહીં.

## વિવેચન :–

છદ્મસ્થના અવિષયભૂત અને કેવળીના વિષયભૂત સ્થાનોનું નિરૂપણ ક્રમશઃ સ્થાન-૫, ઉદ્દે.-૩, સ્થાન-૬, ૭ અને ૮માં છે. પ્રસ્તુત સૂત્રમાં અંતિમ બે બોલ સહિત દશ સ્થાનનું કથન છે. તે ભાવાર્થથી સ્પષ્ટ છે.

**छउमत्थे :–** છદ્મસ્થ. સામાન્ય રીતે ઘાતિકર્મનું આવરણ જેને હોય તેને છદ્મસ્થ કહે છે પરંતુ પ્રસ્તુત પ્રસંગમાં **छद्मस्थपदेनात्र अवध्यादिरहित एव ग्राह्य इति ।** 'છદ્મસ્થ' પદથી અવધિ આદિ અતીન્દ્રિય જ્ઞાન રહિતનું ગ્રહણ થાય છે. કારણ કે અવધિજ્ઞાની શબ્દાદિને રૂપી હોવાથી જાણી શકે છે. મતિ-શ્રુતજ્ઞાની તેને જાણી શકતા નથી.

### દસ અધ્યયનવાળા દશ શાસ્ત્ર :–

**१०२ दस दसाओ पण्णत्ताओ, तं जहा– कम्मविवागदसाओ, उवासगदसाओ, अंतगडदसाओ, अणुत्तरोववाइयदसाओ, आयारदसाओ, पण्हावागरणदसाओ, बंध- दसाओ, दोगिद्धिदसाओ, दीहदसाओ, संखेवियदसाओ ।**

**ભાવાર્થ :–** દશ દશા (દશ અધ્યયન)વાળા દશ આગમ કહ્યા છે, તે આ પ્રમાણે છે– (૧) કર્મ વિપાક દશા (૨) ઉપાસક દશા (૩) અંતકૃત દશા (૪) અનુત્તરોપપાતિક દશા (૫) આચાર દશા(દશાશ્રુતસ્કંધ) (૬) પ્રશ્નવ્યાકરણ દશા (૭) બંધ દશા (૮) દ્વિગૃદ્ધિ દશા (૯) દીર્ઘ દશા (૧૦) સંક્ષેપિક દશા.

**१०३ कम्मविवागदसाणं दस अज्झयणा पण्णत्ता, तं जहा–**

**मियापुत्ते य गोत्तासे, अंडे सगडेति यावरे ।**
**माहणे णंदिसेणे य सोरिए य उदुंबरे ॥**
**सहसुद्दाहे आमलए, कुमारे लेच्छई इ य ॥१॥**

**भावार्थ :–** કર્મ વિપાક દશાના (૧૧મા અંગના પ્રથમ શ્રુતસ્કંધના દશ અધ્યયન છે, તે આ પ્રમાણે–

(૧) મૃગાપુત્ર (૨) ગોત્રાસ (૩) અંડ– અભગ્નસેન (૪) શકટ (૫) બ્રાહ્મણ-બૃહસ્પતિદત્ત (૬) નન્દિષેણ– નંદિવર્ધન-શોરિકદત્ત (૭) ઉદુમ્બર– ઉમ્બરદત્ત (૮) સહસ્રોદાહ–(સિંહસેન પુષ્પનંદી) (૯) આમલક– દેવદત્ત (૧૦) કુમાર લિચ્છવી– અંજુકુમારી.

**१०४ उवासगदसाणं दस अज्झयणा पण्णत्ता, तं जहा–**

**आणंदे कामदेवे य, गाहावई चूलणीपिया ।**
**सुरादेवे चुल्लसतए, गाहावई कुंडकोलिए ॥**
**सद्दालपुत्ते महासयए, णंदिणीपिया सालिहीपिया ॥१॥**

**भावार्थ :–** ઉપાસક દશાના (સાતમા અંગસૂત્રમાં) દશ અધ્યયન છે, તે આ પ્રમાણે છે– (૧) આનંદ (૨) કામદેવ (૩) ગૃહપતિ– ચૂલણી પિતા (૪) સુરાદેવ (૫) ચુલ્લશતક (૬) કુંડકૌલિક (૭) સકડાલપુત્ર (૮) મહાશતક (૯) નંદિનીપિતા (૧૦) સાલિહીપિતા.

**१०५ अंतगडदसाणं दस अज्झयणा पण्णत्ता, तं जहा–**

**णमि मातंगे सोमिले, रामगुत्ते सुदंसणे चेव ।**
**जमाली य भगाली य, किंकसे चिल्लाए ति य ॥**
**फाले अंबडपुत्ते य, एमेए दस आहिया ॥१॥**

**भावार्थ :–** અંતકૃત દશાના (આઠમા અંગ સૂત્રના) દશ અધ્યયન છે, તે આ પ્રમાણે છે– (૧) નમિ (૨) માતંગ (૩) સોમિલ (૪) રામગુપ્ત (૫) સુદર્શન (૬) જમાલી (૭) ભગાલી (૮) કિંકષ(કિંકિમ) (૯) ચિલ્વક-પિલ્વક (૧૦) અંબડ પુત્ર ફાલિત; આ દસ અધ્યયન જાણવા.

**१०६ अणुत्तरोववाइयदसाणं दस अज्झयणा पण्णत्ता, तं जहा–**

**इसिदासे य धण्णे य, सुणक्खत्ते, कत्तिए इ य ।**
**संठाणे सालिभद्दे य, आणंदे तेयली इ य ॥**
**दसण्णभद्दे अइमुत्ते, एमेए दस आहिया ॥१॥**

**भावार्थ :–** અનુત્તરોપપાતિક દશાના (નવમા અંગસૂત્રના) દશ અધ્યયન છે, તે આ પ્રમાણે છે– (૧) ઋષિદાસ (૨) ધન્ય (૩) સુનક્ષત્ર (૪) કાર્તિક (૫) સંસ્થાન (૬) શાલિભદ્ર (૭) આનંદ (૮) તેતલી (૯) દશાર્ણભદ્ર (૧૦) અતિમુક્ત. આ દસ અધ્યયન જાણવા.

**१०७ आयारदसाणं दस अज्झयणा पण्णत्ता, तं जहा– वीसं असमाहिट्ठाणा,**

**एगवीसं सबला, तेत्तीसं आसायणाओ, अट्ठविहा गणिसंपया, दस चित्तसमाहिट्ठाणा, एगारस उवासगपडिमाओ, बारस भिक्खुपडिमाओ, पज्जोसवणाकप्पो, तीसं मोहणिज्जट्ठाणा, आजाइट्ठाणं ।**

**ભાવાર્થ :–** આચારદશા (દશાશ્રુતસ્કંધ સૂત્ર)ના દશ અધ્યયન છે, તે આ પ્રમાણે છે– (૧) વીસ અસમાધિસ્થાન (૨) એકવીશ સબળા દોષ (૩) તેત્રીસ આશાતના (૪) અષ્ટવિધ ગણિ સંપદા (૫) દશ ચિત્તસમાધિસ્થાન (૬) અગિયાર ઉપાસક પ્રતિમા (૭) બાર ભિક્ષુ પ્રતિમા (૮) પર્યુષણા કલ્પ (૯) ત્રીશ મોહનીય સ્થાન (૧૦) આજાતિ સ્થાન.(નવ નિયાણા)

**१०८ पण्हावागरणदसाणं दस अज्झयणा पण्णत्ता, तं जहा– उवमा, संखा, इसि- भासियाइं, आयरियभासियाइं, महावीरभासियाइं, खोमगपसिणाइं, कोमलपसिणाइं, अद्दागपसिणाइं, अंगुट्ठपसिणाइं, बाहुपसिणाइं ।**

**ભાવાર્થ :–** પ્રશ્નવ્યાકરણ દશાના (દશમા અંગ સૂત્રના) દશ અધ્યયન છે, તે આ પ્રમાણે છે– (૧) ઉપમા (૨) સંખ્યા (૩) ઋષિભાષિત (૪) આચાર્ય ભાષિત (૫) મહાવીર ભાષિત (૬) ક્ષૌમક પ્રશ્ન (૭) કોમલ પ્રશ્ન (૮) આદર્શ પ્રશ્ન (૯) અંગુષ્ઠ પ્રશ્ન (૧૦) બાહુપ્રશ્ન.

**१०९ बंधदसाणं दस अज्झयणा पण्णत्ता, तं जहा– बंधे य मोक्खे य देवड्ढि दसारमंडले वि य । आयरिय-विप्पडिवत्ती, उवज्झाय-विप्पडिवत्ती, भावणा, विमुत्ती, सातो, कम्मे ।**

**ભાવાર્થ :–** બંધ દશાના દશ અધ્યયન છે, તે આ પ્રમાણે– (૧) બંધ (૨) મોક્ષ (૩) દેવર્ધિ (૪) દશાર મંડલ (૫) આચાર્ય-વિપ્રતિપત્તિ (૬) ઉપાધ્યાય-વિપ્રતિપત્તિ (૭) ભાવના (૮) વિમુક્તિ (૯) સાત (૧૦) કર્મ.

**११० दोगिद्धिदसाणं दस अज्झयणा पण्णत्ता, तं जहा– वाए, विवाए, उववाए, सुखित्ते(सुखेए), कसिणे, बायालीसं सुमिणा, तीसं महासुमिणा, बावत्तरिं सव्वसुमिणा हारे रामगुत्ते य, एमेए दस आहिया ।**

**ભાવાર્થ :–** દ્વિગૃદ્ધિ દશાના દશ અધ્યયન છે, તે આ પ્રમાણે– (૧) વાદ (૨) વિવાદ (૩) ઉપપાત (૪) સુક્ષેત્ર (૫) કૃત્સ્ન (૬) ૪૨ સ્વપ્ન (૭) ૩૦ મહાસ્વપ્ન (૮) ૭૨ સર્વ સ્વપ્ન (૯) હાર (૧૦) રામગુપ્ત. આ દશ અધ્યયન જાણવા.

**१११ दीहदसाणं दस अज्झयणा पण्णत्ता, तं जहा–**

**चंदे सूरे य सुक्के य, सिरिदेवी पभावई ।**
**दीवसमुद्दोवत्ती बहूपुत्ती मंदरे ति य ॥**
**थेरे संभूतिविजए य, थेरे पम्ह ऊसासणीसासे ॥१॥**

**ભાવાર્થ :–** દીર્ઘ દશાના દશ અધ્યયન છે, તે આ પ્રમાણે છે– (૧) ચંદ્ર (૨) સૂર્ય (૩) શુક્ર (૪) શ્રી દેવી (૫) પ્રભાવતી (૬) દ્વીપ-સમુદ્રોત્પત્તિ (૭) બહુપુત્રી મંદરા (૮) સ્થવિર સંભૂતિવિજય (૯) સ્થવિર પદ્મ (૧૦) ઉચ્છ્વાસ-નિઃશ્વાસ.

**૧૧૨ संखेवियदसाणं दस अज्झयणा पण्णत्ता, तं जहा– खुड्डिया विमाणपविभत्ती, महल्लिया विमाणपविभत्ती, अंगचूलिया, वग्गचूलिया, विवाहचूलिया, अरुणोववाए वरुणोववाए, गरुलोववाए, वेलंधरोववाए, वेसमणोववाए ।**

**ભાવાર્થ :–** સંક્ષેપિક દશાના દશ અધ્યયન છે, તે આ પ્રમાણે છે– (૧) ક્ષુલ્લિકા વિમાન પ્રવિભક્તિ (૨) મહતી વિમાન પ્રવિભક્તિ (૩) અંગચૂલિકા(આચારાદિ અંગોની ચૂલિકા) (૪) વર્ગ ચૂલિકા(અંતકૃત દશાની ચૂલિકા) (૫) વિવાહ ચૂલિકા(વ્યાખ્યાપ્રજ્ઞપ્તિની ચૂલિકા) (૬) અરુણોપપાત (૭) વરુણોપપાત (૮) ગરુડોપપાત (૯) વેલંધરોપપાત (૧૦) વૈશ્રમણોપપાત.

**વિવેચન :–**

દશ સંખ્યાથી 'દશા' શબ્દ નિષ્પન્ન થયો છે. જે ગ્રંથમાં દશ અધ્યયન છે તેને દશા કહે છે. દશા એટલે દશ અધ્યયનવાળું શાસ્ત્ર.

પ્રસ્તુત સૂત્રમાં દશ અધ્યયનવાળા દશ શાસ્ત્રોનો ઉલ્લેખ છે.

**(૧) કર્મવિપાક દશા :–** આ અગિયારમા અંગનો પ્રથમ શ્રુતસ્કંધ છે. તેમાં અશુભ કર્મોના વિપાકનું વર્ણન છે. પ્રસ્તુત સૂત્રમાં તેના જે નામો જણાવ્યા છે તેને વર્તમાનમાં ઉપલબ્ધ વિપાક સૂત્રના નામો સાથે વિવેકપૂર્વક અને ઉપયોગપૂર્વક મેળ કરીને સમજવાના છે. તે નામો ભાવાર્થથી સ્પષ્ટ છે. વિપાકસૂત્રના બીજા શ્રુતસ્કંધ એટલે સુખવિપાક સૂત્રમાં પણ દસ અધ્યયન છે. પરંતુ પ્રસ્તુતમાં સૂત્રકારે તેની વિવક્ષા કરી નથી.

**(૨) ઉપાસક દશા :–** આ સાતમા અંગમાં ભગવાન મહાવીર સ્વામીના દસ શ્રાવકોનું વર્ણન છે.

**(૩) અંતકૃત દશા :–** આ આઠમા અંગમાં સંસારનો અંત કરનાર વ્યક્તિઓનું વર્ણન છે. તેના આઠવર્ગ છે. પ્રથમ વર્ગમાં દશ અધ્યયન છે. વર્તમાનમાં ઉપલબ્ધ અંતકૃતદશાના દશ અધ્યયનના નામમાં પ્રસ્તુત સૂત્રોક્ત નામોથી ભિન્નતા છે.

**(૪) અનુત્તરોપપાતિક દશા :–** આ નવમા અંગમાં અનુત્તર વિમાનમાં ઉત્પન્ન થનારા જીવોનું વર્ણન છે. તેના ત્રણ વર્ગ છે. પ્રથમ વર્ગમાં દશ, બીજા વર્ગમાં તેર અને ત્રીજા વર્ગમાં દશ અધ્યયન છે. પ્રસ્તુત

સૂત્રોક્ત દશ અધ્યયનના નામ ત્રીજા વર્ગના હોય તેમ જણાય છે. તેમાં પણ પ્રથમ ત્રણ અધ્યયનના નામ જ સમાન છે, શેષ નામ ભિન્ન છે.

**(૫) આચાર દશા :–** તેનું રૂઢ નામ દશાશ્રુતસ્કંધ સૂત્ર છે. તેમાં જ્ઞાનાચાર વગેરેનું વર્ણન છે.

**(૬) પ્રશ્નવ્યાકરણ દશા :–** આ દશમા અંગમાં અનેકવિધ પ્રશ્નોના વ્યાકરણ-ઉત્તર છે. પ્રસ્તુત સૂત્રમાં પ્રશ્ન વ્યાકરણ સૂત્રના જે દશ અધ્યયન કહ્યા છે, તે વર્તમાનમાં ઉપલબ્ધ નથી. મૂલ પ્રશ્નવ્યાકરણમાં વિવિધ વિદ્યાઓ અને મંત્રો હશે અને કોઈ સમયે તેનો વિચ્છેદ થઈ ગયો હશે. વર્તમાનમાં ઉપલબ્ધ પ્રશ્નવ્યાકરણ સૂત્રમાં માત્ર પાંચ આસ્રવ અને પાંચ સંવરનું જ વિસ્તૃત વર્ણન છે.

પ્રસ્તુત પ્રસંગમાં સૂત્રકારે દશ દશા અને પ્રત્યેકના દશ-દશ અધ્યયનોના નામોનું કથન કર્યું છે.

તેમાં વૃત્તિકારે એકથી છ દશાના દશ-દશ અધ્યયન વિષયક કથન કર્યું છે. વર્તમાને ઉપલબ્ધ આગમોના અધ્યયનથી તે નામોમાં ઘણી ભિન્નતા પ્રતીત થાય છે.

તે ઉપરાંત અંતિમ ચાર દશાના દશ-દશ અધ્યયન માટે વૃત્તિકારે **'अस्माकम् अप्रतीता'** અમોને જ્ઞાત નથી, તેમ કહીને મૌન રહ્યા છે. તે ચાર દશા અને તેના અધ્યયનોના નામ વર્તમાને નંદી સૂત્રમાં ઉપલબ્ધ નથી. આ ચારે સૂત્ર વર્તમાનમાં અનુપલબ્ધ અને અપ્રસિદ્ધ છે. તેમ છતાં અન્ય રૂપે તેના અવશેષ મળે છે યથા–

સાતમા બંધદશા શાસ્ત્રના 'ભાવના' અને 'વિમુક્તિ' નામના બે અધ્યયન, આચારાંગ સૂત્રના દ્વિતીય શ્રુતસ્કંધમાં જોડાયા છે અને તેના માટે મહાવિદેહ ક્ષેત્રથી સ્થૂલિભદ્રની બહેન દ્વારા લાવવાની ઈતિહાસ પરંપરા પ્રચલિત છે.

નવમા દીર્ઘદશા શાસ્ત્રના સૂર્ય, ચંદ્ર, શુક્ર અને બહુપુત્રિકા આ ચાર અધ્યયન વર્તમાનમાં નિરયાવલિકા સૂત્રના ત્રીજા વર્ગમાં છે. દશમા સંક્ષેપિક દશાશાસ્ત્રના દશ અધ્યયન નંદી સૂત્રમાં દશ શાસ્ત્ર રૂપે ઉલ્લેખિત થયા છે. વ્યવહાર સૂત્રમાં પણ તેને સ્વતંત્ર શાસ્ત્રરૂપે કહ્યા છે.

### અવસર્પિણી ઉત્સર્પિણી કાળની સ્થિતિ :–

**૧૧૩ दस सागरोवमकोडाकोडीओ कालो ओसप्पिणीए ।**

**ભાવાર્થ :–** અવસર્પિણી કાળ દશ ક્રોડાક્રોડી સાગરોપમ પ્રમાણ છે.

**૧૧૪ दस सागरोवमकोडाकोडीओ कालो उस्सप्पिणीए ।**

**ભાવાર્થ :–** ઉત્સર્પિણી કાળ દશ ક્રોડાક્રોડી સાગરોપમ પ્રમાણ છે.

### નૈરયિક આદિના દસ પ્રકાર :–

**૧૧૫ दसविधा णेरइया पण्णत्ता, तं जहा– अणंतरोववण्णा, परंपरोववण्णा,**

**अणंतरावगाढा, परंपरावगाढा, अणंतराहारगा, परंपराहारगा, अणंतरपज्जत्ता, परंपरपज्जत्ता, चरिमा, अचरिमा ।**

**एवं णिरंतरं** *जाव* **वेमाणिया ।**

**ભાવાર્થ :–** નારકના દશ પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) અનન્તરોપપન્ન નારક– જેને ઉત્પન્ન થયાને એક સમય થયો છે. (૨) પરમ્પરોપપન્ન નારક– જેને ઉત્પન્ન થયાને બે આદિ સમય થયા છે. (૩) અનન્તરાવગાઢ નારક– વિવક્ષિત ક્ષેત્રથી સંલગ્ન આકાશ પ્રદેશમાં અવસ્થિત. (૪) પરંપરાવગાઢ નારક– વિવક્ષિત ક્ષેત્રથી વ્યવધાનવાળા આકાશ પ્રદેશમાં અવસ્થિત. (૫) અનન્તર આહારક નારક– પ્રથમ સમયના આહારક. (૬) પરંપર આહારક નારક– બે આદિ સમયોના આહારક. (૭) અનન્તર પર્યાપ્ત નારક– પ્રથમ સમયના પર્યાપ્ત. (૮) પરમ્પર પર્યાપ્ત નારક– બે આદિ સમયોના પર્યાપ્ત. (૯) ચરમ નારક– નરકગતિમાં છેલ્લીવાર ઉત્પન્ન થનારા. (૧૦) અચરમ નારક– જે ભવિષ્યમાં પણ નરકગતિમાં ઉત્પન્ન થવાના છે.

આ રીતે વૈમાનિક સુધીના સર્વ દંડકોમાં સર્વ જીવોના દશ-દશ પ્રકાર જાણવા જોઈએ.

**નૈરયિક અને દેવોની સ્થિતિ :–**

**११६ चउत्थीए णं पंकप्पभाए पुढवीए दस णिरयावाससयसहस्सा पण्णत्ता ।**

**ભાવાર્થ :–** ચોથી પંકપ્રભા પૃથ્વીમાં દશ લાખ નરકાવાસ છે.

**११७ रयणप्पभाए पुढवीए जहण्णेणं णेरइयाणं दसवाससहस्साइं ठिई पण्णत्ता ।**

**ભાવાર્થ :–** રત્નપ્રભા પૃથ્વીમાં નારકોની સ્થિતિ દશ હજાર વર્ષની છે.

**११८ चउत्थीए णं पंकप्पभाए पुढवीए उक्कोसेणं णेरइयाणं दस सागरोवमाइं ठिई पण्णत्ता ।**

**ભાવાર્થ :–** ચોથી પંકપ્રભા પૃથ્વીમાં નારકોની ઉત્કૃષ્ટ સ્થિતિ દશ સાગરોપમની છે.

**११९ पंचमाए धूमप्पभाए पुढवीए जहण्णेणं णेरइयाणं दस सागरोवमाइं ठिई पण्णत्ता ।**

**ભાવાર્થ :–** પાંચમી ધૂમપ્રભા પૃથ્વીમાં નારકોની જઘન્ય સ્થિતિ દશ સાગરોપમની છે.

**१२० असुरकुमाराणं जहण्णेणं दस वाससहस्साइं ठिई पण्णत्ता । एवं** *जाव* **थणियकुमाराणं ।**

**ભાવાર્થ :–** અસુરકુમાર દેવોની જઘન્ય સ્થિતિ દશ હજાર વર્ષની છે. તે જ રીતે સ્તનિતકુમાર સુધીના સર્વ ભવનવાસી દેવોની જઘન્ય સ્થિતિ દશ હજાર વર્ષની છે.

**१२१ बायरवणस्सइकाइयाणं उक्कोसेणं दस वाससहस्साइं ठिई पण्णत्ता ।**

**ભાવાર્થ :–** બાદર વનસ્પતિકાયિક જીવોની ઉત્કૃષ્ટ સ્થિતિ દશ હજાર વર્ષની છે.

**१२२ वाणमंतराणं देवाणं जहण्णेणं दस वाससहस्साइं ठिई पण्णत्ता ।**

**ભાવાર્થ :–** વાણવ્યંતર દેવોની જઘન્ય સ્થિતિ દશ હજાર વર્ષની છે.

**१२३ बंभलोगे कप्पे देवाणं उक्कोसेणं दस सागरोवमाइं ठिई पण्णत्ता ।**

**ભાવાર્થ :–** બ્રહ્મલોક નામના પાંચમા દેવલોકમાં દેવોની ઉત્કૃષ્ટ સ્થિતિ દશ સાગરોપમની છે.

**१२४ लंतए कप्पे देवाणं जहण्णेणं दस सागरोवमाइं ठिई पण्णत्ता ।**

**ભાવાર્થ :–** લાંતક નામક છઠ્ઠા દેવલોકમાં દેવોની જઘન્ય સ્થિતિ દશ સાગરોપમની છે.

### કલ્યાણકારી કાર્યો :–

**१२५ दसहिं ठाणेहिं जीवा आगमेसिभद्दत्ताए कम्मं पगरेंति, तं जहा– अणिदाण-याए, दिट्ठिसंपण्णयाए, जोगवाहियाए, खंतिखमणयाए, जिइंदिययाए, अमाइल्ल-याए, अपासत्थयाए, सुसामण्णयाए, पवयणवच्छल्लयाए, पवयणउब्भावणयाए।**

**ભાવાર્થ :–** દશ કારણે જીવ આગામી ભદ્ર કર્મ(કલ્યાણકારી કર્મો)નું ઉપાર્જન કરે છે, તે આ પ્રમાણે છે– (૧) તપના ફળની, સાંસારિક સુખની કામના ન કરવાથી. (૨) સમ્યગ્દર્શનની નિરતિચારપણે આરાધના કરવાથી. (૩) મન, વચન, કાયાની સમાધિ રાખવાથી, યોગોની શુભ પ્રવૃત્તિ કરવાથી, અશુભ પ્રવૃત્તિથી દૂર રહેવાથી. (૪) સમર્થ હોવા છતાં અપરાધીને ક્ષમા આપવાથી અને પરિણામોમાં પણ સમતા રાખવાથી. (૫) પાંચ ઇન્દ્રિયોના વિષયોને જીતવાથી. (૬) મન, વચન, કાયાની પૂર્ણ સરલતા રાખવાથી. (૭) ચારિત્ર પાલનમાં શિથિલતા ધારણ ન કરવાથી. (૮) શ્રમણ ધર્મનું યથાવિધિ આરાધન કરવાથી. (૯) શાસન અને જિનાગમ પ્રત્યે ગાઢ અનુરાગ અને આદર ભાવ રાખવાથી. (૧૦) આગમ અને શાસનની ઉચ્ચ વિશિષ્ટતાઓની પ્રવચન પ્રભાવના કરવાથી.

### વિવેચન :–

**आगमेसिभद्दत्ताए :–** ભાવીની કલ્યાણકારકતા એટલે પછીના ભવમાં સુદેવત્વ, ત્યાર પછી સુમાનુષત્વની પ્રાપ્તિ અને ત્યાર પછી પરંપરાએ મોક્ષરૂપ કલ્યાણની પ્રાપ્તિ થાય તેવું કર્મ ઉપાર્જન કરવું. તેના દસ કારણ સૂત્રાર્થથી સ્પષ્ટ છે. સ્થાન-૩, ઉદ્દે.-૧, સૂત્ર–૩૫માં સંસારકાંતારને પાર કરવાના ત્રણ કારણમાં

અને આ સૂત્રગત (૧) નિદાનરહિતતા, (૨) દષ્ટિ સંપન્નતા (૩) યોગવાહિતા, આ ત્રણે સમાન છે.

**जोगवाहियाए :–** યોગવહન. તેના બે અર્થ છે– (૧) શ્રુત ઉપધાન કરવું. તપપૂર્વક શાસ્ત્ર વાંચન કરવું, તે શ્રુત ઉપધાનને યોગવહન કહે છે. (૨) સમાધિપૂર્વક રહેવું. મન, વચન, કાયાને સમાધિમાં રાખવા, તેને યોગવહન કહે છે.

### આશંસા(ઈચ્છા) પ્રયોગ :–

**૧૨૬ दसविहे आसंसप्पओगे पण्णत्ते, तं जहा– इहलोगासंसप्पओगे, परलोगा- संसप्पओगे, दुहओलोगासंसप्पओगे, जीवियासंसप्पओगे, मरणासंसप्पओगे, कामा- संसप्पओगे, भोगासंसप्पओगे, लाभासंसप्पओगे, पूयासंसप्पओगे, सक्कारा- संसप्पओगे ।**

**ભાવાર્થ :–** આશંસા પ્રયોગના(ઈચ્છા-અભિલાષાના) દશ પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) આ લોક સંબંધી સુખની ઈચ્છા કરવી. (૨) પરલોક સંબંધી સુખની ઈચ્છા કરવી. (૩) બંન્ને લોક સંબંધી સુખની ઈચ્છા કરવી. (૪) જીવિત રહેવાની ઈચ્છા કરવી. (૫) મરવાની ઈચ્છા કરવી. (૬) કામ (શબ્દ અને રૂપ)ની ઈચ્છા કરવી. (૭) ભોગ(ગંધ, રસ અને સ્પર્શ)ની ઈચ્છા કરવી. (૮) લૌકિક લાભોની(પુત્ર, સંપત્તિ, સુખ-સામગ્રીની) ઈચ્છા કરવી. (૯) પૂજા, ખ્યાતિ, પ્રશંસા પ્રાપ્ત કરવાની ઈચ્છા કરવી. (૧૦) અન્ય વ્યક્તિ મારો આદર, સત્કાર, સન્માન કરે તેવી ઈચ્છા કરવી.

### લૌકિક અને લોકોત્તર ધર્મ :–

**૧૨૭ दसविहे धम्मे पण्णत्ते, तं जहा– गामधम्मे, णगरधम्मे, रट्ठधम्मे, पासंडधम्मे, कुलधम्मे, गणधम्मे, संघधम्मे, सुयधम्मे, चरित्तधम्मे, अत्थिकायधम्मे ।**

**ભાવાર્થ :–** ધર્મના દશ પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) ગામ સંબંધિત નીતિ-નિયમો તે **ગ્રામ ધર્મ.** (૨) નગર સંબંધિત નીતિ-નિયમો તે **નગર ધર્મ.** (૩) રાષ્ટ્ર સંબંધિત નિતી-નિયમો તે **રાષ્ટ્ર ધર્મ** (૪) અન્ય ધર્મોના વિધિ વિધાન તે **પાસંડ ધર્મ.** (૫) એક ગુરુ પરંપરાનુગત વિધિ વિધાન તે **કુલ ધર્મ.** (૬) અનેક કુલોના સમૂહ રૂપ ગણ-સમુદાયના વિધિ વિધાન તે **ગણ ધર્મ.** (૭) અનેક ગણોના સંગઠનરૂપ સંઘના કે ચતુર્વિધ સંઘના વિધિ-વિધાન તે **સંઘ ધર્મ.** (૮) દ્વાદશાંગ શ્રુત અને તેમાં પ્રરૂપિત તત્ત્વ સિદ્ધાંતો તે શ્રુત ધર્મ. (૯) સંયમની મર્યાદાઓ, મહાવ્રત, સમિતિ આદિ ધર્માચરણ રૂપ શાસ્ત્રાજ્ઞાઓ તે સર્વ **ચારિત્ર ધર્મ.** (૧૦) પંચાસ્તિકાયોનું સ્વરૂપ, ગુણ તેની ઉપયોગિતા આદિ **અસ્તિકાય ધર્મ.**

### વિવેચન :–

**धम्मे :–** ધર્મ શબ્દના અનેક અર્થ થાય છે. પ્રસ્તુતમાં ધર્મ શબ્દ વ્યવસ્થા, મર્યાદા, નીતિ નિયમો, વિધિ

વિધાનો અને સ્વરૂપ અર્થમાં પ્રયુક્ત છે. ગ્રામ, નગર ધર્માદિના અર્થ સૂત્રાર્થથી સ્પષ્ટ છે.

**સ્થવિરોના પ્રકાર :–**

**૧૨૮ दस थेरा पण्णत्ता, तं जहा– गामथेरा, णयरथेरा, रट्ठथेरा, पसत्थारथेरा, कुलथेरा, गणथेरा, संघथेरा, जाइथेरा, सुयथेरा, परियायथेरा ।**

**ભાવાર્થ :–** સ્થવિરના(જ્યેષ્ઠ અથવા વૃદ્ધ, જ્ઞાની પુરુષ) દશ પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) ગ્રામ સ્થવિર– ગ્રામના વ્યવસ્થાપક, જ્યેષ્ઠ, વૃદ્ધ અને જ્ઞાની પુરુષ. (૨) નગર સ્થવિર– નગરના વ્યવસ્થાપક, જ્યેષ્ઠ, વૃદ્ધ અને જ્ઞાની પુરુષ. (૩) રાષ્ટ્ર સ્થવિર– રાષ્ટ્રના વ્યવસ્થાપક, જ્યેષ્ઠ, વૃદ્ધ અને જ્ઞાની પુરુષ. (૪) પ્રશાસ્તા સ્થવિર– પ્રશાસન કરનારા પ્રધાન અધિકારી કે ગુરુ, આચાર્ય આદિ. (૫) કુલ સ્થવિર– લૌકિક પક્ષમાં કુલના જ્યેષ્ઠ અથવા વૃદ્ધ પુરુષ. લોકોત્તર પક્ષમાં આચાર્યની કે એક ગુરુની શિષ્ય પરંપરાના જ્યેષ્ઠ સાધુ. (૬) ગણ સ્થવિર– લૌકિક પક્ષમાં ગણ રાજ્યના પ્રધાન પુરુષ.લોકોત્તર પક્ષમાં સાધુઓના ગણ સમુદાયના જ્યેષ્ઠ સાધુ. (૭) સંઘ સ્થવિર– લૌકિક પક્ષમાં રાજ્યસંઘના પ્રધાન પુરુષ. લોકોત્તર પક્ષમાં સંઘના જ્યેષ્ઠ સાધુ. (૮) જાતિ સ્થવિર– ૬૦ વર્ષ કે તેથી વધુ ઉંમરવાળા સાધુ. (૯) શ્રુત સ્થવિર– સ્થાનાંગ અને સમવાયાંગ શ્રુતના ધારક સાધુ. (૧૦) પર્યાય સ્થવિર– ૨૦ વર્ષ કે તેથી વધુ દીક્ષા પર્યાય–વાળા સાધુ.

**વિવેચન :–**

**थेरा** સ્થવિર. સ્થવિર એટલે જ્યેષ્ઠ. તે જ્યેષ્ઠતા જન્મ, શ્રુત, અધિકાર, ગુણ વગેરે અનેક સંદર્ભમાં માપી શકાય છે. અવ્યવસ્થિત લોકોને સન્માર્ગે સુવ્યવસ્થામાં સ્થાપિત કરે તે સ્થવિર. શિષ્યોમાં અનુત્પન્ન શ્રદ્ધાને ઉત્પન્ન કરે, શ્રદ્ધા વિચલિત થાય તેને પુનઃ તેમાં સ્થિર કરે તેને સ્થવિર કહે છે.

ગ્રામ, નગર, રાષ્ટ્ર વગેરેના વડીલ અથવા વ્યવસ્થાપક, બુદ્ધિમાન, લોકમાન્ય વ્યક્તિ ક્રમશઃ ગ્રામસ્થવિર વગેરે કહેવાય છે.

**પુત્રના પ્રકાર :–**

**૧૨૯ दस पुत्ता पण्णत्ता, तं जहा– अत्तए, खेत्तए, दिण्णए, विण्णए, उरसे, मोहरे, सोंडीरे, संवुड्ढे, उवयाइते, धम्मंतेवासी ।**

**ભાવાર્થ :–** પુત્રના દશ પ્રકાર છે. તે આ પ્રમાણે છે– (૧) આત્મજ– પિતાની અપેક્ષાએ પુત્ર આત્મજ કહેવાય. (૨) ક્ષેત્રજ– સંતાનોત્પત્તિ માટે સ્ત્રી ક્ષેત્ર રૂપ છે, તેથી માતાની અપેક્ષાએ ક્ષેત્રજ કહેવાય. અહીં ક્ષેત્રનો અર્થ ભાર્યા છે. તેનાથી ઉત્પન્ન થયેલા પુત્રને ક્ષેત્રજ કહે છે. જે પુત્ર માતાના નામથી પ્રસિદ્ધ થાય તે પણ ક્ષેત્રજ કહેવાય છે. (૩) દત્તક– માતા-પિતા દ્વારા કોઈને સહર્ષ દીધેલો પુત્ર દત્તક પુત્ર કહેવાય

છે. (૪) વિજ્ઞક(વિનેયક)– વિદ્યાગુરુના શિષ્ય. અક્ષર જ્ઞાન, ધાર્મિક જ્ઞાન આપનાર ગુરુ શિષ્યને પુત્રની જેમ રાખે, તેથી તે શિષ્ય ગુરુ માટે વિજ્ઞક પુત્ર કહેવાય છે અથવા જેની પાસે રહીને પુત્ર બાલ્યકાલ વ્યતીત કરે અને જેનાથી પૂર્ણ શિક્ષિત થાય તે, તેનો વિજ્ઞક પુત્ર કહેવાય છે. (૫) ઔરસ– સ્નેહવશ સ્વીકારેલો પુત્ર. જેના ઉપર પુત્રવત્ સ્નેહ ઉત્પન્ન થયો હોય અથવા જે બાળકને કોઈ વ્યક્તિ ઉપર પોતાના પિતા જેવો સ્નેહ થાય, તે બાળક તે વ્યક્તિની અપેક્ષાએ ઔરસ પુત્ર કહેવાય.

(૬) મૌખર– વચન કુશળતાથી પુત્ર રૂપે સ્વીકારેલો હોય, 'આ મારો પુત્ર છે' તેવા વચન દ્વારા સ્વીકૃત પુત્ર. (૭) શૌંડીર– શૂરવીરતાને કારણે પુત્ર રૂપે સ્વીકૃત. જેણે જે દેશ માટે પ્રયત્ન કરી વિજય મેળવ્યો હોય તેના માટે તે નગરજનો શૌંડીર પુત્ર કહે છે. (૮) સંવર્ધિત– ભોજન આદિ આપીને અનાથ બાળકનું પાલન-પોષણ કર્યું હોય તે સંવર્દ્ધિત પુત્ર કહેવાય છે. (૯) ઔપયાચિતક– દેવની આરાધનાથી ઉત્પન્ન થયેલ પુત્ર અથવા પ્રિય સેવક. (૧૦) ધર્માન્તેવાસી– ધર્મારાધના માટે સમીપે રહેનારો શિષ્ય, ધર્મબોધ પામનાર, શિષ્યરૂપે સ્વીકારેલ ધર્માન્તેવાસી પુત્ર કહેવાય છે.

### કેવલીના દસ અનુત્તર સ્થાન :–

**૧૩૦ केवलिस्स णं दस अणुत्तरा पण्णत्ता, तं जहा– अणुत्तरे णाणे, अणुत्तरे दंसणे अणुत्तरे चरित्ते, अणुत्तरे तवे, अणुत्तरे वीरिए, अणुत्तरा खंती, अणुत्तरा मुत्ती, अणुत्तरे अज्जवे, अणुत्तरे मद्दवे, अणुत्तरे लाघवे ।**

**ભાવાર્થ :–** કેવલીના દશ અનુત્તર(અનુપમ-ધર્મ) છે, તે આ પ્રમાણે છે– (૧) અનુત્તર જ્ઞાન (૨) અનુત્તર દર્શન (૩) અનુત્તર ચારિત્ર (૪) અનુત્તર તપ (૫) અનુત્તર વીર્ય (૬) અનુત્તર ક્ષમા-શાંતિ (૭) અનુત્તર મુક્તિ(નિર્લોભતા) (૮) અનુત્તર આર્જવ(સરલતા) (૯) અનુત્તર માર્દવ(નમ્રતા) (૧૦) અનુત્તર લાઘવ.(દ્રવ્ય, ભાવથી હળવા)

### વિવેચન :–

**अणुत्तर :–** ઉત્તર એટલે પ્રધાન. જેનાથી પ્રધાન-શ્રેષ્ઠ કાંઈ નથી તે અનુત્તર કહેવાય.

જ્ઞાનાવરણીય કર્મના ક્ષયથી અનુત્તરજ્ઞાન, દર્શનાવરણીય કર્મના ક્ષયથી અનુત્તર કેવળદર્શન, અથવા દર્શન મોહનીયના ક્ષયથી ક્ષાયિક સમ્યગ્દર્શન રૂપ અનુત્તરદર્શન, ચારિત્ર મોહનીયના ક્ષયથી અનુત્તર યથાખ્યાત ચારિત્ર અને અનંત વીર્યથી શુક્લ ધ્યાનરૂપ અનુત્તર તપ, વીર્યાંતરાયના ક્ષયથી અનુત્તર વીર્ય પ્રાપ્ત થાય છે. ક્ષમા, નિર્લોભતા, સરળતા, મૃદુતા, લઘુતા, આ સર્વ અનુત્તર ગુણો ચારિત્ર મોહનીયના ક્ષયથી પ્રાપ્ત થાય છે.

### કુરુક્ષેત્ર અને શાશ્વત વૃક્ષ :–

**૧૩૧ समयखेत्ते णं दस कुराओ पण्णत्ताओ, तं जहा– पंच देवकुराओ, पंच उत्तर- कुराओ ।**

**तत्थ णं दस महइमहालया महादुमा पण्णत्ता, तं जहा– जम्बूसुदंसणा, धायइरुक्खे, महाधायइरुक्खे, पउमरुक्खे, महापउमरुक्खे, पंच कूडसामलीओ ।**

**तत्थ णं दस देवा महिड्डिया *जाव* परिवसंति, तं जहा–अणाढिए जंबुद्दीवाहिवई, सुदंसणे, पियदंसणे, पोंडरीए, महापोंडरीए, पंच गरुला वेणुदेवा ।**

**ભાવાર્થ :–** સમય ક્ષેત્ર-મનુષ્યલોકમાં દશ કુરા(કુરુક્ષેત્ર) છે, તે આ પ્રમાણે છે– પાંચ દેવકુરુ, પાંચ ઉત્તરકુરુ.

ત્યાં દશ વિશાળ મહાવૃક્ષ છે, તે આ પ્રમાણે છે– (૧) જંબૂ સુદર્શન વૃક્ષ (૨) ધાતકી વૃક્ષ (૩) મહાધાતકી વૃક્ષ (૪) પદ્મ વૃક્ષ (૫) મહાપદ્મ વૃક્ષ તથા (૬–૧૦) પાંચ કૂટ શાલ્મલી વૃક્ષ છે. ત્યાં મહર્દ્ધિક ૧૦ દેવ એક પલ્યોપમની સ્થિતિવાળા રહે છે, તે આ પ્રમાણે છે– (૧) જંબૂદ્વીપાધિપતિ અનાદત (૨) સુદર્શન (૩) પ્રિયદર્શન (૪) પૌંડરીક (૫) મહાપૌંડરીક તથા પાંચ ગરુડ વેણુદેવ.

**વિવેચન :–**

જંબૂદ્વીપમાં એક દેવકુરુ અને એક ઉત્તરકુરુક્ષેત્ર છે. તેમજ બે-બે ક્ષેત્ર ધાતકીખંડમાં અને બે-બે ક્ષેત્ર પુષ્કરાર્ધ દ્વીપમાં, એ રીતે કુલ પાંચ દેવકુરુ અને પાંચ ઉત્તરકુરુ ક્ષેત્ર છે. તેમાંથી પાંચ ઉત્તરકુરુ ક્ષેત્રોમાં પાંચ વિશાલકાય વૃક્ષોના જુદા જુદા નામ છે અને તેના માલિક દેવોના પણ જુદા જુદા નામ છે જે ભાવાર્થથી સ્પષ્ટ છે. પરંતુ પાંચે ય દેવકુરુ ક્ષેત્રમાં વૃક્ષોનું નામ એક જ કૂટશાલ્મલી છે અને તેના માલિક દેવનું નામ પણ એક જ ગરુડ–વેણુ દેવ છે.

### દુઃષમ અને સુષમ કાળના લક્ષણ :–

**१३२ दसहिं ठाणेहिं ओगाढं दुस्समं जाणेज्जा, तं जहा– अकाले वरिसइ, काले ण वरिसइ, असाहू पूइज्जंति, साहू ण पूइज्जंति, गुरुसु जणो मिच्छं पडिवण्णो, अमणुण्णा सद्दा अमणुण्णा रूवा, अमणुण्णा गंधा, अमणुण्णा रसा, अमणुण्णा फासा ।**

**ભાવાર્થ :–** દશ નિમિતોથી અવગાઢ(વ્યાપ્ત) દુઃષમા કાલની સ્થિતિ જાણી શકાય છે, તે આ પ્રમાણે છે– (૧) અકાળે વર્ષા થાય (૨) સમયે વર્ષા ન થાય (૩) અસાધુઓની પૂજા થાય (૪) સાધુઓની પૂજા ન થાય (૫) ગુરુજનો પ્રત્યે મિથ્યા, અસદ્ વ્યવહાર હોય (૬) અમનોજ્ઞ શબ્દ (૭) અમનોજ્ઞ રૂપ (૮) અમનોજ્ઞ ગંધ (૯) અમનોજ્ઞ રસ (૧૦) અમનોજ્ઞ સ્પર્શ. પાંચમા આરાના આ દસ લક્ષણ છે.

**१३३ दसहिं ठाणेहिं ओगाढं सुसमं जाणेज्जा, तं जहा– अकाले ण वरिसइ, काले वरिसइ, असाहूण ण पूइज्जंति, साहू पूइज्जंति, गुरुसु जणो सम्मं पडिवण्णो,**

**मणुण्णा सद्दा, मणुण्णा रूवा, मणुण्णा गंधा, मणुण्णा रसा, मणुण्णा फासा ॥**

**ભાવાર્થ :–** દશ નિમિત્તોથી અવગાઢ સુષમાકાળની અવસ્થિતિ જાણી શકાય છે, તે આ પ્રમાણે છે– (૧) અકાળે વર્ષા ન થાય, (૨) સમયે વર્ષા થાય, (૩) અસાધુઓની પૂજા ન થાય, (૪) સાધુઓની પૂજા થાય, (૫) ગુરુજનો પ્રતિ સદ્વ્યવહાર, (૬) મનોજ્ઞ શબ્દ, (૭) મનોજ્ઞ રૂપ, (૮) મનોજ્ઞ ગંધ, (૯) મનોજ્ઞ રસ, (૧૦) મનોજ્ઞ સ્પર્શ.

### કલ્પવૃક્ષ પ્રકાર :–

**१३४ सुसमसुसमाए णं समाए दसविहा रुक्खा उवभोगत्ताए हव्वमागच्छंति, तं जहा–**

**मतंगया य भिंगा, तुडियंगा दीव जोइ चित्तंगा ।**
**चित्तरसा मणियंगा, गेहागारा अणियणा य ॥१॥**

**ભાવાર્થ :–** સુષમસુષમા કાળમાં દશ પ્રકારના વૃક્ષ ઉપભોગ માટે સુલભતાથી પ્રાપ્ત થાય છે, તે આ પ્રમાણે છે–

(૧) મતંગા– શરીર માટે પૌષ્ટિક રસ આપનારા (૨) ભૃંગ– ભાજન-પાત્ર આદિ દેનારા, ભાજનાકાર પત્રવાળા (૩) ત્રુટિતાંગ– વાજિંત્ર ધ્વનિ ઉત્પન્ન કરનારા (૪) દીપાંગ– દીપકની જેમ પ્રકાશ આપનારા (૫) જ્યોતિરંગ– અગ્નિની જેમ ઉષ્ણતા અને સૂર્ય સમ પ્રકાશ ઉત્પન્ન કરનારા (૬) ચિત્રાંગ– અનેક પ્રકારની પુષ્પમાળા ઉત્પન્ન કરનારા, (૭) ચિત્રરસ– અનેક પ્રકારના મનોજ્ઞ રસ-વાળા ફળ રૂપ ભોજન આપનારા (૮) મણિઅંગ– આભૂષણ આપનારા (૯) ગેહાકાર– ઘરના આકાર-વાળા (૧૦) અનગ્ન– વસ્ત્ર આપનારા.

### ભૂત-ભાવી કુલકર :–

**१३५ जंबुद्दीवे दीवे भरहे वासे तीयाए उस्सप्पिणीए दस कुलगरा होत्था, तं जहा–**

**सयंजले सयाऊ य, अणंतसेणे य अजियसेणे य ।**
**तक्कसेणे भीमसेणे, महाभीमसेणे य सत्तमे ॥१॥**
**दढरहे, दसरहे, सयरहे ।**

**ભાવાર્થ :–** જંબૂદ્વીપ નામના દ્વીપમાં, ભરતવર્ષમાં અતીત ઉત્સર્પિણીમાં દશ કુલકર થયા હતા, તે આ પ્રમાણે– (૧) સ્વયંજલ (૨) શતાયુ (૩) અનંતસેન (૪) અજિતસેન (૫) તર્કસેન (૬) ભીમસેન (૭) મહાભીમસેન (૮) દઢરથ (૯) દશરથ (૧૦) શતરથ.

**१३६ जंबुद्दीवे दीवे भारहे वासे आगमिस्साए उस्सप्पिणीए दस कुलगरा भविस्संति, तं जहा– सीमंकरे, सीमंधरे, खेमंकरे, खेमंधरे, विमलवाहणे, सम्मुई(संमई), पडिसुए, दढधणू, दसधणू सतधणू ।**

**ભાવાર્થ :–** જંબૂદ્વીપ નામના દ્વીપમાં ભરતવર્ષમાં આગામી ઉત્સર્પિણીમાં દશ કુલકર થશે, તે આ પ્રમાણે– (૧) સીમંકર (૨) સીમંધર (૩) ક્ષેમંકર (૪) ક્ષેમંધર (૫) વિમલવાહન (૬) સન્મતિ(સંમુચિ) (૭) પ્રતિશ્રુત (૮) દઢધનુ (૯) દશધનુ (૧૦) શતધનુ.

**વક્ષસ્કાર પર્વતો :–**

**१३७ जंबूद्दीवे दीवे मंदरस्स पव्वयस्स पुरत्थिमेणं सीयाए महाणईए उभओकूले दस वक्खारपव्वया पण्णत्ता, तं जहा– मालवंते, चित्तकूडे, पम्हकूडे, णलिणकूडे, एगसेले, तिकूडे, वेसमणकूडे, अंजणे, मायंजणे, सोमणसे ।**

**ભાવાર્થ :–** જંબૂદ્વીપ નામના દ્વીપમાં મંદર પર્વતની પૂર્વમાં સીતા મહાનદીના બન્ને કિનારે ૧૦ વક્ષસ્કાર પર્વત છે, તે આ પ્રમાણે છે– (૧) માલ્યવંત પર્વત (૨) ચિત્રકૂટ પર્વત (૩) પદ્મકૂટ પર્વત (૪) નલિનકૂટ પર્વત (૫) એકશૈલ પર્વત (૬) ત્રિકૂટ પર્વત (૭) વૈશ્રમણકૂટ પર્વત (૮) અંજનકૂટ પર્વત (૯) માલાંજનકૂટ પર્વત (૧૦) સોમનસ પર્વત.

**१३८ जंबुद्दीवे दीवे मंदरस्स पव्वयस्स पच्चत्थिमे णं सीओयाए महाणईए उभओकूले दस वक्खारपव्वया पण्णत्ता, तं जहा– विज्जुप्पभे, अंकावई, पम्हावई, आसीविसे, सुहावहे, चंदपव्वए, सूरपव्वए, णागपव्वए, देवपव्वए, गंधमायणे ।**

**ભાવાર્થ :–** જંબૂદ્વીપ નામના દ્વીપમાં મંદર પર્વતની પશ્ચિમમાં સીતોદા મહાનદીના બંન્ને કિનારે દશ વક્ષસ્કાર પર્વત છે, તે આ પ્રમાણે છે– (૧) વિદ્યુત્પ્રભ (૨) અંકાવતી (૩) પક્ષ્માવતી (૪) આશીવિષ (૫) સુખાવહ (૬) ચંદ્ર પર્વત (૭) સૂર પર્વત (૮) નાગ પર્વત (૯) દેવ પર્વત (૧૦) ગંધમાદન.

**१३९ एवं धायइसंडपुरत्थिमद्धे वि वक्खारा भाणियव्वा *जाव* पुक्खरवरदीवड्ढ पच्चत्थिमद्धे ।**

**ભાવાર્થ :–** આ રીતે ધાતકીખંડના પૂર્વાર્ધ અને પશ્ચિમાર્ધમાં સીતા અને સીતોદા મહાનદીના બંન્ને કિનારે દશ-દશ વક્ષસ્કાર પર્વત છે. તે જ રીતે પુષ્કરવર દ્વીપાર્ધના પૂર્વી અને પશ્ચિમી ભાગમાં દસ-દસ વક્ષસ્કાર પર્વત જાણવા.

**વિવેચન :–**

મહાવિદેહ ક્ષેત્રમાં સીતા-સીતોદા નદીની બંને બાજુ વિજયોનું વિભાજન કરતાં ચાર-ચાર કુલ

આઠ અને બે ગજદંત વક્ષસ્કાર પર્વતો મળી ૧૦-૧૦ પર્વતો છે. સૂત્રગત દસ નામમાંથી પ્રથમ અને અંતિમ બે નામ ગજદંત વક્ષસ્કાર પર્વતના છે.

**કલ્પોપપન્ન દેવલોક :–**

**१४० दस कप्पा इंदाहिट्ठिया पण्णत्ता, तं जहा– सोहम्मे, ईसाणे, सणंकुमारे, माहिंदे, बंभलोए, लंतए, महासुक्के, सहस्सारे, पाणए, अच्चुए ।**

**ભાવાર્થ :–** ઈન્દ્રાધિષ્ઠિત દેવલોક દશ છે, તે આ પ્રમાણે છે– (૧) સૌધર્મ (૨) ઈશાન (૩) સનત્કુમાર (૪) માહેન્દ્ર (૫) બ્રહ્મલોક (૬) લાંતક (૭) મહાશુક્ર (૮) સહસ્રાર (૯) પ્રાણત (૧૦) અચ્યુત.

**१४१ एतेसु णं दससु कप्पेसु दस इंदा पण्णत्ता, तं जहा– सक्के, ईसाणे, सणंकुमारे, माहिंदे, बंभे, लंतए, महासुक्के, सहस्सारे, पाणए, अच्चुए ।**

**ભાવાર્થ :–** આ દશ દેવલોકોમાં દશ ઈન્દ્ર છે, તે આ પ્રમાણે છે– (૧) શક્ર (૨) ઈશાન (૩) સનત્કુમાર (૪) માહેન્દ્ર (૫) બ્રહ્મ (૬) લાંતક (૭) મહાશુક્ર (૮) સહસ્રાર (૯) પ્રાણત (૧૦) અચ્યુત.

**१४२ एएसि णं दसण्हं इंदाणं दस परिजाणिया विमाणा पण्णत्ता, तं जहा– पालए, पुप्फए, सोमणसे, सिरिवच्छे, णंदियावत्ते, कामकमे, पीइमणे, मणोरमे, विमलवरे, सव्वतोभद्दे ।**

**ભાવાર્થ :–** આ દશ ઈન્દ્રના દશ પારિયાનિક વિમાન(ચલ વિમાન) છે, તે આ પ્રમાણે છે– (૧) પાલક (૨) પુષ્પક (૩) સોમનસ (૪) શ્રી વત્સ (૫) નંદાવર્ત (૬) કામક્રમ (૭) પ્રીતિમના (૮) મનોરમ (૯) વિમલવર (૧૦) સર્વતોભદ્ર.

**દશ-દશમિકા ભિક્ષુ પ્રતિમા :–**

**१४३ दसदसमिया णं भिक्खुपडिमा एगेण राइंदियसएणं अद्धछट्ठेहि य भिक्खा-सएहिं अहासुयं अहाकप्पं अहामग्गं अहातच्चं सम्मं काएणं फासिया पालिया सोहिया तीरिया किट्टिया आराहिया यावि भवइ ।**

**ભાવાર્થ :–** દશ–દશમિકા ભિક્ષુ પ્રતિમા એકસો દિવસ-રાતમાં, તથા કુલ ૫૫૦ ભિક્ષા દત્તિઓ દ્વારા યથાસૂત્ર, યથાકલ્પ, યથામાર્ગ, યથાતથ્ય તથા સમ્યક્ પ્રકારે કાયાથી આચરિત, પાલિત, શોધિત, પૂરિત, કીર્તિત અને આરાધિત કરાય છે.

**સંસારીજીવ અને સર્વ જીવ પ્રકાર :–**

**१४४ दसविहा संसारसमावण्णगा जीवा पण्णत्ता, तं जहा– पढमसमयए**

**गिंदिया, अपढमसमयएगिंदिया, पढमसमयबेइंदिया, अपढमसमयबेइंदिया, पढमसमयतेइंदिया, अपढमसमयतेइंदिया, पढमसमयचउरिंदिया, अपढमसमयचउरिंदिया, पढमसमयपंचिदिया, अपढमसमयपंचिंदिया ।**

**ભાવાર્થ :–** સંસારી જીવના દશ પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) પ્રથમ સમયના – ઉત્પત્તિના પ્રથમ સમયના એકેન્દ્રિય જીવ (૨) અપ્રથમ– ઉત્પન્ન થયાને ઘણા સમય થયા હોય તેવા એકેન્દ્રિય જીવ (૩) પ્રથમ સમયના બેઇન્દ્રિય જીવ (૪) અપ્રથમ સમયના બેઇન્દ્રિય જીવ (૫) પ્રથમ સમયના તેઇન્દ્રિય જીવ (૬) અપ્રથમ સમયના તેઇન્દ્રિય જીવ (૭) પ્રથમ સમયના ચૌરેન્દ્રિય જીવ (૮) અપ્રથમ સમયના ચૌરેન્દ્રિય જીવ (૯) પ્રથમ સમયના પંચેન્દ્રિય જીવ (૧૦) અપ્રથમ સમયના પંચેન્દ્રિય જીવ.

**१४५ दसविहा सव्वजीवा पण्णत्ता, तं जहा– पुढविकाइया, आउकाइया, तेउकाइया, वाउकाइया, वणस्सइकाइया, बेइंदिया, तेइंदिया, चउरिंदिया, पंचिंदिया, अणिंदिया ।**

**अहवा दसविहा सव्वजीवा पण्णत्ता, तं जहा– पढमसमयणेरइया, अपढमसमयणेरइया, पढमसमयतिरिया, अपढमसमयतिरिया, पढमसमयमणुया, अपढमसमयमणुया, पढमसमयदेवा, अपढमसमयदेवा, पढमसमयसिद्धा, अपढमसमयसिद्धा।**

**ભાવાર્થ :–** સર્વ જીવના દશ પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) પૃથ્વીકાયિક (૨) અપ્કાયિક (૩) તેઉકાયિક (૪) વાયુકાયિક (૫) વનસ્પતિકાયિક (૬) બેઇન્દ્રિય (૭) તેઇન્દ્રિય (૮) ચૌરેન્દ્રિય (૯) પંચેન્દ્રિય (૧૦) અનિન્દ્રિય(સિદ્ધ) જીવ.

અથવા સર્વ જીવના દશ પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) ઉત્પત્તિના પ્રથમ સમયવર્તી નારક (૨) ઉત્પત્તિના પ્રથમ સમય પછીના સમયવર્તી નારક (૩) પ્રથમ સમયના તિર્યંચ (૪) અપ્રથમ સમયના તિર્યંચ (૫) પ્રથમ સમયના મનુષ્ય (૬) અપ્રથમ સમયના મનુષ્ય (૭) પ્રથમ સમયના દેવ (૮) અપ્રથમ સમયના દેવ (૯) પ્રથમ સમયના સિદ્ધ (૧૦) અપ્રથમ સમયના સિદ્ધ.

**શતાયુષ્ક દશા :–**

**१४६ वाससताउयस्स णं पुरिसस्स दस दसाओ पण्णत्ताओ, तं जहा–**

**बाला किड्डा य मंदा य, बला पण्णा य, हायणी ।**
**पवंचा पब्भारा य, मुम्मुही सायणी तधा ॥१॥**

**ભાવાર્થ :–** સો વર્ષના આયુષ્યવાળા પુરુષોની દશ દશા છે, તે આ પ્રમાણે છે– (૧) બાલ દશા (૨) ક્રીડાદશા (૩) મંદાદશા (૪) બલા દશા (૫) પ્રજ્ઞા દશા (૬) હાયની દશા (૭) પ્રપંચાદશા (૮) પ્રાગ્ભાર દશા (૯) મૃન્મુખી દશા (૧૦) શાયિની દશા.

**વિવેચન :-**

મનુષ્યનું પૂર્ણ આયુષ્ય સો વર્ષનું માનીને દશ-દશની એક દશાનું વર્ણન પ્રસ્તુત સૂત્રમાં કર્યું છે. તેની સ્પષ્ટતા આ પ્રમાણે છે–

(૧) બાલદશા– આ અવસ્થામાં સુખ-દુઃખ અથવા સારા–નરસાનો વિશેષ બોધ થતો નથી. (૨) ક્રીડાદશા– આ અવસ્થામાં રમત-ગમતની પ્રવૃત્તિ વધુ હોય છે. (૩) મન્દાદશા– આ અવસ્થામાં ભોગની પ્રવૃત્તિ વધુ હોય છે. બલ-બુદ્ધિના કાર્યો મંદ હોય છે. (૪) બલ દશા– આ અવસ્થામાં મનુષ્ય પોતાના બળનું પ્રદર્શન વધુ કરે છે. (૫) પ્રજ્ઞા દશા– આ દશામાં મનુષ્યની બુદ્ધિ ધન કમાવામાં, કુટુંબનું પાલન પોષણ કરવા આદિમાં લાગેલી હોય છે. આ દશામાં પ્રૌઢતા હોય છે. (૬) હાયની દશા– આ દશામાં શક્તિ ક્ષીણ થવાનો પ્રારંભ થાય છે. (૭) પ્રપંચા દશા– આ અવસ્થામાં મોઢામાંથી લાળ-થૂંક વગેરે પડવા લાગે છે. (૮) પ્રાગ્ભાર દશા– આ અવસ્થામાં શરીર ઉપર કરચલીઓ પડી જાય છે, કમરેથી વાંકા વળી જાય છે, વૃદ્ધાવસ્થા દેખાવા લાગે છે. (૯) ઉન્મુખી દશા– આ અવસ્થામાં મનુષ્ય વૃદ્ધાવસ્થાથી પીડિત હોવાથી મૃત્યુની ઈચ્છા કરવા લાગે છે. (૧૦) શાયિની દશા– શયન દશામાં રહેવાની ઉંમર તે શાયિની દશા. આ દશામાં મનુષ્ય હીન સ્વર, દીન સ્વર અને શૂન્યચિત્તવાળો દુઃખી થઈ જાય છે.

## તૃણ વનસ્પતિના અંગ :-

**૧૪૭ दसविहा तणवणस्सइकाइया पण्णत्ता, तं जहा- मूले, कंदे, खंधे, तया, साले, पवाले, पत्ते, पुप्फे, फले, बीये ।**

**ભાવાર્થ :–** તૃણ વનસ્પતિકાયિક જીવના દશ પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) મૂલ– મૂળિયા (૨) કંદ– થડનો અધોભાગ (૩) સ્કંધ– થડ (૪) ત્વચા– છાલ (૫) શાખા– મોટી ડાળી (૬) પ્રવાલ– કૂંપળ(૭) પત્ર– પાંદડા (૮) પુષ્પ (૯) ફલ (૧૦) બીજ.

**વિવેચન :-**

તૃણ વનસ્પતિ એ બાદર વનસ્પતિનો સૂચક પર્યાય શબ્દ છે તેથી અહીં તૃણનો અર્થ ઘાસ ન કરતાં 'સર્વ બાદર વનસ્પતિ' અર્થ કરવો યોગ્ય છે. આઠમા સ્થાનના ૩૫માં સૂત્રમાં તૃણ વનસ્પતિના આઠ પ્રકાર કહ્યા છે અને અહીં દશ પ્રકાર કહ્યા છે.

## વિદ્યાધર, આભિયોગિક શ્રેણીના માપ :-

**૧૪૮ सव्वाओ वि णं विज्जाहरसेढीओ दस-दस जोयणाइं विक्खंभेणं पण्णत्ता ।**

**ભાવાર્થ :–** દીર્ઘ વૈતાઢ્ય ઉપર અવસ્થિત સર્વ વિદ્યાધરોની શ્રેણિઓ દશ-દશ યોજન પહોળી છે.

**१४९ सव्वाओ वि णं आभिओगसेढीओ दस-दस जोयणाइं विक्खंभेणं पण्णत्ता।**

**ભાવાર્થ :–** દીર્ઘ વૈતાઢ્ય પર્વત ઉપર અવસ્થિત સર્વ આભિયોગિક શ્રેણિઓ દશ-દશ યોજન પહોળી છે.

**વિવેચન :–**

ભરત અને ઐરવત ક્ષેત્રના બરાબર મધ્ય ભાગમાં પૂર્વ સમુદ્રથી લઈને પશ્ચિમ સમુદ્ર સુધી લાંબો વૈતાઢ્ય પર્વત છે. તે મૂળ ભાગમાં ૫૦ યોજન પહોળો અને ૨૫ યોજન ઊંચો છે. ભૂમિતલથી દશ યોજનની ઊંચાઈ ઉપર ઉત્તર-દક્ષિણ દિશામાં વિદ્યાધરોની શ્રેણિઓ છે. તે શ્રેણિઓ બંન્ને બાજુ દશ-દશ યોજન પહોળી છે. આ વિદ્યાધર શ્રેણીમાં વિદ્યાધર મનુષ્યો રહે છે. તેઓ આકાશગામિની વગેરે અનેક વિદ્યાઓના ધારક હોય છે. આ વિદ્યાધર શ્રેણિઓથી દશ યોજન ઉપર આભિયોગિક દેવોની શ્રેણી છે. તેમાં અભિયોગિક જાતિના વ્યંતર દેવ રહે છે. તે શ્રેણીઓ પણ બન્ને બાજુ દશ-દશ યોજન પહોળી છે.

મહાવિદેહક્ષેત્રની ૩૨ વિજયોના દીર્ઘ વૈતાઢ્ય પર્વત ઉપર પણ તે જ માપવાળી, ૧૦-૧૦ યોજન પહોળી બંને શ્રેણીઓ છે.

**ગ્રૈવેયક વિમાન :–**

**१५० गेविज्जगविमाणा णं दस जोयणसयाइं उड्ढं उच्चत्तेणं पण्णत्ता ।**

**ભાવાર્થ :–** ગ્રૈવેયક વિમાનોની ઉપરની ઊંચાઈ ૧૦૦૦ યોજનની કહી છે.

**તેજોલેશ્યાની ભસ્મ કરવાની પ્રક્રિયા :–**

**१५१ दसहिं ठाणेहिं सह तेयसा भासं कुज्जा, तं जहा– केइ तहारूवं समणं वा माहणं वा अच्चासाएज्जा, से य अच्चासाइए समाणे परिकुविए तस्स तेयं णिसिरेज्जा। से तं परियावेइ, से तं परियावेत्ता तामेव सह तेयसा भासं कुज्जा ।**

**केइ तहारूवं समणं वा माहणं वा अच्चसाएज्जा, से य अच्चासाइए समाणे देवे परिकुविए तस्स तेयं णिसिरेज्जा । से तं परियावेइ, से तं परियावेत्ता तामेव सह तेयसा भासं कुज्जा ।**

**केइ तहारूवं समणं वा माहणं वा अच्चासाएज्जा, से य अच्चासाइए समाणे परिकुविए, देवे वि य परिकुविए ते दुहओ पडिण्णा तस्स तेयं णिसिरेज्जा । ते तं परियावेंति, ते तं परितावेत्ता तामेव सह तेयसा भासं कुज्जा ।**

**केइ तहारूवं समणं वा माहणं वा अच्चासाएज्जा, से य अच्चासाइए**

समाणे परिकुविए तस्स तेयं णिसिरेज्जा । तत्थ फोडा संमुच्छंति ते फोडा भिज्जंति, ते फोडा भिण्णा समाणा तामेव सह तेयसा भासं कुज्जा ।

केइ तहारूवं समणं वा माहणं वा अच्चासाएज्जा, से य अच्चासाइए समाणे देवे परिकुविए तस्स तेयं णिसिरेज्जा । तत्थ फोडा संमुच्छंति, ते फोडा भिज्जंति, ते फोडा भिण्णा समाणा तामेव सह तेयसा भासं कुज्जा ।

केइ तहारूवं समणं वा माहणं वा अच्चासाएज्जा, से य अच्चासाइए समाणे परिकुविए, देवे वि य परिकुविए ते दुहओ पडिण्णा तस्स तेयं णिसिरेज्जा । तत्थ फोडा संमुच्छंति, ते फोडा भिज्जंति, ते फोडा भिण्णा समाणा तामेव सह तेयसा भासं कुज्जा ।

केइ तहारूवं समणं वा माहणं वा अच्चासाएज्जा, से य अच्चासाइए समाणे परिकुविए तस्स तेयं णिसिरेज्जा । तत्थ फोडा संमुच्छंति, ते फोडा भिज्जंति, तत्थ पुला संमुच्छंति ते पुला भिज्जंति, ते पुला भिण्णा समाणा तामेव सह तेयसा भासं कुज्जा ।

केइ तहारूवं समणं वा माहणं वा अच्चासाएज्जा, से य अच्चासाइए समाणे देवे परिकुविए तस्स तेयं णिसिरेज्जा । तत्थ फोडा संमुच्छंति, ते फोडा भिज्जंति, तत्थ पुला संमुच्छंति ते पुला भिज्जंति, ते पुला भिण्णा समाणा तामेव सह तेयसा भासं कुज्जा ।

केइ तहारूवं समणं वा माहणं वा अच्चासाएज्जा, से य अच्चासाइए समाणे परिकुविए, देवे वि य परिकुविए ते दुहओ पडिण्णा तस्स तेयं णिसिरेज्जा । तत्थ फोडा संमुच्छंति, ते फोडा भिज्जंति, तत्थ पुला संमुच्छंति, ते पुला भिज्जंति, ते पुला भिण्णा समाणा तामेव सह तेयसा भासं कुज्जा ।

केइ तहारूवं समणं वा माहणं वा अच्चासाएमाणे तेयं णिसिरेज्जा, से य तत्थ णो कम्मइ, णो पकम्मइ, अंचियंचियं करेइ, करेत्ता आयाहिणपयाहिणं करेइ, करेत्ता उड्ढं वेहासं उप्पयइ, उप्पएत्ता से णं तओ पडिहए पडिणियत्तइ, पडिणियत्तित्ता तमेव सरीरगं अणुदहमाणेअणुदहमाणे सह तेयसा भासं कुज्जा, जहा वा गोसालस्स मंखलिपुत्तस्स तवे तेए ।

**ભાવાર્થ :–** તેજોલેશ્યા દ્વારા અન્યને ભસ્મ કરવાના દસ સ્થાન કહ્યા છે, તે આ પ્રમાણે છે–

(૧) કોઈ વ્યક્તિ તથારૂપના શ્રમણ માહણની તીવ્ર આશાતના કરે ત્યારે આશાતનાથી પરિકુપિત એવા તે શ્રમણના શરીરમાંથી તેજ નીકળે છે. તે તેજ તે વ્યક્તિને(આશાતના કરનારને) પરિતાપ પહોંચાડે છે. તેને પરિતાપિત કરી, બાળીને ભસ્મ કરી નાંખે છે.

(૨) કોઈ વ્યક્તિ તથારૂપના શ્રમણમાહણની તીવ્ર આશાતના કરે ત્યારે આશાતનાથી પરિકુપિત એવા કોઈ દેવના શરીરમાંથી તેજ નીકળે છે. તે તેજ આશાતના કરનારને પરિતાપ પહોંચાડે છે. તેને પરિતાપિત કરી, બાળીને ભસ્મ કરી નાંખે છે.

(૩) કોઈ વ્યક્તિ તથારૂપના શ્રમણમાહણની તીવ્ર આશાતના કરે ત્યારે તે આશાતનાથી પરિકુપિત શ્રમણ અને દેવ બંનેના શરીરમાંથી તેજ નીકળે છે. તે તેજ આશાતના કરનારને પરિતાપિત કરી, બાળીને ભસ્મ કરી નાંખે છે.

(૪) કોઈ વ્યક્તિ તથારૂપના શ્રમણમાહણની તીવ્ર આશાતના કરે ત્યારે તે આશાતનાથી પરિકુપિત એવા તે શ્રમણના શરીરમાંથી તેજ નીકળે છે. તેનાથી તે આશાતના કરનારના શરીરમાં સ્ફોટ-ફોડલાઓ ઉત્પન્ન થાય છે, તે ફોડલા ફૂટે અને તે ફૂટીને તેના શરીરને બાળીને ભસ્મ કરી નાંખે છે.

(૫) કોઈ વ્યક્તિ તથારૂપના શ્રમણમાહણની તીવ્ર આશાતના કરે ત્યારે તે આશાતનાથી પરિકુપિત કોઈ દેવના શરીરમાંથી તેજ નીકળે છે. તેનાથી આશાતના કરનારના શરીરમાં ફોડલાઓ ઉત્પન્ન થાય, તે ફૂટે અને તે ફૂટીને તેના શરીરને બાળીને ભસ્મ કરી નાંખે છે.

(૬) કોઈ વ્યક્તિ તથારૂપના શ્રમણમાહણની તીવ્ર આશાતના કરે ત્યારે તે આશાતનાથી પરિકુપિત તે શ્રમણ અને દેવ, બંનેના શરીરમાંથી તેજ નીકળે છે. તેનાથી આશાતના કરનારના શરીરમાં ફોડલા ઉત્પન્ન થાય, તે ફૂટે અને તે ફૂટીને તેના શરીરને બાળીને ભસ્મ કરી નાંખે છે.

(૭) કોઈ વ્યક્તિ તથારૂપના શ્રમણમાહણની તીવ્ર આશાતના કરે ત્યારે તે આશાતનાથી પરિકુપિત એવા તે શ્રમણના શરીરમાંથી તેજ નીકળે છે. તેનાથી તેના શરીરમાં ફોડલા ઉત્પન્ન થાય, તે ફૂટે અને ફોડલીઓ ઉત્પન્ન થાય, તે ફૂટે, ફૂટીને તેને ભસ્મ કરી નાંખે છે.

(૮) કોઈ વ્યક્તિ તથારૂપના શ્રમણમાહણની તીવ્ર આશાતના કરે ત્યારે તે આશાતનાથી પરિકુપિત કોઈ દેવના શરીરમાંથી તેજ નીકળે છે. તેનાથી આશાતના કરનારના શરીરમાં ફોડલા ઉત્પન્ન થાય, તે ફૂટે અને ફોડલીઓ ઉત્પન્ન થાય, તે ફૂટે, ફૂટીને તેને ભસ્મ કરી નાંખે છે.

(૯) કોઈ વ્યક્તિ તથારૂપના શ્રમણ માહણની તીવ્ર આશાતના કરે ત્યારે તે આશાતનાથી પરિકુપિત થયેલા તે શ્રમણ અને દેવ બંનેના શરીરમાંથી તેજ નીકળે છે. તેનાથી આશાતના કરનારના શરીરમાં ફોડલા ઉત્પન્ન થાય, તે ફૂટે અને ફોડલીઓ ઉત્પન્ન થાય, તે ફૂટે, ફૂટીને તેને ભસ્મ કરી નાંખે છે.

(૧૦) કોઈ વ્યક્તિ તથારૂપના શ્રમણમાહણની તીવ્ર આશાતના કરતાં તેના ઉપર તેજ ફેંકે છે. પરંતુ તે

તેજ તે શ્રમણ-માહણના શરીર ઉપર આક્રમણ કરી શકતું નથી, પ્રવેશ કરી શકતું નથી. ત્યારે તે ઉપરથી નીચે અને નીચેથી ઉપર જાય, પછી આદક્ષિણા પ્રદક્ષિણા કરી, પરિક્રમા કરી અને આકાશમાં જાય છે અને ત્યાંથી પાછું તે શ્રમણ-માહણના પ્રબલ તેજથી પ્રતિહત થઈ તે ફરી ફેંકનારા પાસે જઈ તેના શરીરમાં પ્રવેશ કરી તેને તેની તેજોલબ્ધિ સાથે ભસ્મ કરે છે. જેવી રીતે મંખલીપુત્ર ગોશાલકના તપ તેજે તેને પોતાને જ બાળી નાંખ્યો હતો.

**દસ અચ્છેરા :–**

**૧૫૨ दस अच्छेरगा पण्णत्ता, तं जहा–**

**उवसग्ग गब्भहरणं, इत्थीतित्थं, अभाविया परिसा ।**
**कण्हस्स अवरकंका, उत्तरणं चंदसूराणं ॥१॥**

**हरिवंसकुलुप्पत्ती, चमरुप्पाओ य अट्ठसयसिद्धा ।**
**अस्संजएसु पूया, दस वि अणंतेण कालेण ॥२॥**

**ભાવાર્થ :–** દશ આશ્ચર્યકારી ઘટનાઓ ઘટી છે, તે આ પ્રમાણે છે– (૧) ભગવાન મહાવીર સ્વામીને ઉપસર્ગ આવ્યો. (૨) તીર્થંકર મહાવીરનું ગર્ભ સંહરણ થયું (૩) મલ્લિનાથ તીર્થંકર સ્ત્રીપણે થયા (૪) ભગવાન મહાવીરની પ્રથમ દેશના ખાલી ગઈ. કોઈએ વ્રત પ્રત્યાખ્યાન ન કર્યા. (૫) કૃષ્ણ અપરકંકા (અમરકંકા) નગરીમાં ગયા અને વાસુદેવ વાસુદેવનું શંખધ્વનિના માધ્યમે મિલન થયું (૬) ચંદ્ર અને સૂર્ય દેવોનું વિમાન સહિત પૃથ્વી ઉપર આવવું (૭) હરિવંશ કુળની ઉત્પત્તિ (૮) ચમરનો ઉત્પાત (૯) એકસો આઠ સિદ્ધ (૧૦) અસંયતની પૂજા. આ દશ પ્રકારના આશ્ચર્ય અનંતકાળે થયા છે અને થાય છે.

**વિવેચન :–**

**अच्छेरगा**– અચ્છેરા, આશ્ચર્યકારી ઘટનાઓ, ક્યારેક જ ઘટિત થતી ઘટના. જે ઘટના સામાન્યરૂપે ઘટિત ન થતી હોય પરંતુ વિશેષ સ્થિતિમાં અનંતકાળ પછી ઘટે તેને આશ્ચર્ય કહે છે. 'આશ્ચર્ય' પદ અદ્‌ભુત અર્થમાં વપરાય છે. જે વસ્તુ વિસ્મય ઉત્પન્ન કરે, તેને આશ્ચર્ય રૂપ માનવામાં આવે છે.

**(१) उव्वसग्ग– ઉપસર્ગ :–** ધર્મ આરાધકને, સાધકને ધર્મ કે સાધના માર્ગથી ચલાયમાન કરવા મનુષ્ય, તિર્યંચ કે દેવ, જે વિઘ્નો ઉપસ્થિત કરે તેને ઉપસર્ગ કહે છે. સામાન્યતયા કેવળી ભગવાનને અને અનંત પુણ્યશાળી તીર્થંકરોને ઉપસર્ગો આવતા નથી. પરંતુ મહાવીર સ્વામીને તીર્થંકરાવસ્થામાં ગોશાલકનો ઉપસર્ગ સહન કરવો પડ્યો. ગોશાલકે ભગવાન ઉપર તેજોલેશ્યા મૂકી અને ભગવાનને તેની અલ્પ અસર થઈ. ભગવતી સૂત્ર શતક-૧૫માં તેનું વિસ્તૃત વર્ણન પ્રાપ્ત થાય છે.

**(૨) ગર્ભાપહરણ :–** એક માતાના ઉદરમાંથી બીજી માતાના ઉદરમાં ગર્ભનું સંક્રમણ થાય, તેને

ગર્ભાપહરણ કહે છે. મહાવીર સ્વામીના જીવનમાં આ અભૂતપૂર્વ ઘટના ઘટી. તીર્થંકરો ઉગ્ર, ભોગ વગેરે ક્ષત્રિયકુળમાં જ ઉત્પન્ન થાય છે. પૂર્વકર્મના કારણે ભગવાન મહાવીર બ્રાહ્મણકુળમાં દેવાનંદા બ્રાહ્મણીની કુક્ષિમાં ઉત્પન્ન થયા. ઈન્દ્રની આજ્ઞાથી હરિણૈગમેષી દેવે ગર્ભરૂપ ભગવાનને દેવાનંદા બ્રાહ્મણીની કુક્ષીમાંથી ત્રિશલારાણીની કુક્ષિમાં મૂક્યા. ભગવાનના ગર્ભાપહરણનું નિરૂપણ આચરાંગ સૂત્ર 'ભાવના' અધ્યયનમાં અને ગર્ભસંહરણની પ્રક્રિયાનું વિશ્લેષણ ભગવતી સૂત્ર શતક-૫, ઉદ્દે.-૪માં છે.

**(૩) સ્ત્રી તીર્થંકર :–** સામાન્ય રીતે પુરુષ તીર્થંકર જ હોય છે. આ અવસર્પિણીમાં મિથિલાપતિ કુંભરાજાની પુત્રી મલ્લિકુમારી ઓગણીસમા તીર્થંકર થયા, તીર્થનું સ્થાપન કર્યું, તે આશ્ચર્યકારી ઘટના છે. તેઓએ પૂર્વ ભવે માયા સેવનથી સ્ત્રીવેદનો બંધ કર્યો હતો. તે કથાનક જ્ઞાતાધર્મકથા સૂત્રાનુસાર જાણવું.

**(૪) અભાવિત પરિષદ :–** તીર્થંકરની દેશના સાંભળવા આવેલા શ્રોતાઓના સમુદાયને પરિષદ કહે છે. ચારિત્રધર્મ સ્વીકારવા માટે અયોગ્ય પરિષદને અભાવિત પરિષદ કહે છે. તીર્થંકરની પ્રથમ દેશના સાંભળ્યા પછી કોઈ ને કોઈ વ્યક્તિ શ્રાવક વ્રત કે સાધુવ્રત ગ્રહણ કરે છે પરંતુ ભગવાન મહાવીરને કેવળ જ્ઞાનની પ્રાપ્તિ થયા પછીની પ્રથમ દેશનામાં કોઈને વિરતિના ભાવ ન થયા, કોઈ જીવે વિરતિનો સ્વીકાર ન કર્યો તે આશ્ચર્યકારી ઘટના છે.

**(૫) કૃષ્ણ વાસુદેવનું અપરકંકા નગરીમાં ગમન :–** ભરતાદિ એક ક્ષેત્રમાં એક જ વાસુદેવ હોય પરંતુ જુદા-જુદા ક્ષેત્રમાં એક સમયે અનેક વાસુદેવ સંભવે છે. પરંતુ એક વાસુદેવના ક્ષેત્રમાં બીજા વાસુદેવ જાય નહીં અને પરસ્પર મળે નહીં.

ધાતકીખંડના ભરતક્ષેત્રની અપરકંકા રાજધાનીમાં રહેતા પદ્મનાભ રાજાએ દેવની સહાયતાથી પાંડવપત્ની દ્રૌપદીનું હરણ કર્યું. નારદ દ્વારા આ વૃત્તાંત સાંભળી, પાંચ પાંડવ સાથે કૃષ્ણ વાસુદેવે સુસ્થિત નામના લવણાધિપતિ દેવની મદદથી અપરકંકા પહોંચી, પદ્મનાભ સાથે યુદ્ધ કરી, શંખનાદ કરી, દ્રૌપદીને લઈ ભરત ક્ષેત્ર તરફ પ્રયાણ કર્યું, ત્યારે ધાતકીખંડના ભરતક્ષેત્રના કપિલ નામના વાસુદેવ ત્યાંના મુનિસુવ્રત નામના તીર્થંકર પ્રભુની દેશના સાંભળતા હતા. શંખનાદ સાંભળી તીર્થંકર પ્રભુને તે વિષયક પ્રશ્ન પૂછ્યો. પ્રત્યુત્તરમાં કૃષ્ણ વાસુદેવનું ધાતકીખંડમાં આગમન સાંભળી, કપિલ વાસુદેવ તેમનું સ્વાગત કરવા ઉત્સુક બન્યા. તેઓ લવણ સમુદ્રને કિનારે પહોંચ્યા ત્યારે શ્રી કૃષ્ણ લવણ સમુદ્રમાં ઘણા દૂર નીકળી ગયા હતા. માત્ર તેમની ધ્વજાનો અગ્રભાગ દષ્ટિગોચર થતો હતો. તે જોઈ કપિલે પંચજન્ય શંખનાદ કર્યો. શ્રીકૃષ્ણે પ્રત્યુત્તરમાં શંખનાદ કર્યો. આ રીતે ભિન્ન-ભિન્ન ક્ષેત્રના બે વાસુદેવોનું શંખનાદથી મિલન થયું.

જ્ઞાતાધર્મકથામાં આ ઘટના સંબંધી વિસ્તૃત વર્ણન છે. ત્યાં બે વાસુદેવના મિલનને આશ્ચર્યકારી ઘટના કહી છે. જ્યારે પ્રસ્તુત સૂત્રમાં **कण्हस्स अवरकंका** આ પદ દ્વારા **કૃષ્ણ વાસુદેવનું અપરકંકા ગમન,** તેને આશ્ચર્યકારી ઘટના કહી છે.

આ રીતે સ્થાનાંગ સૂત્રમાં વાસુદેવના ક્ષેત્રાતિક્રમણને અને જ્ઞાતાધર્મકથામાં બે વાસુદેવના મિલનને આશ્ચર્યકારી ઘટના કહી છે. જ્ઞાતા સૂત્રમાં નગરીનું નામ અમરકંકા છે, જ્યારે પ્રસ્તુત સૂત્રમાં અપરકંકા નામ છે.

**उत्तरणं चंदसूराणं :–** ચંદ્ર સૂર્ય ઊતરીને નીચે આવ્યા.જ્યોતિષેન્દ્ર ચંદ્ર, સૂર્યના શાશ્વતા વિમાન સદા સમ પૃથ્વીથી ક્રમશઃ ૮૮૦ અને ૮૦૦ યોજન ઊંચાઈ પર રહીને પરિક્રમા કરતા રહે છે. ચંદ્રેન્દ્ર અને સૂર્યેન્દ્ર બંને ઈન્દ્રો પોતાના આ વિમાનમાં જ નિવાસ કરે છે. તે બંને ઈન્દ્રો સમ્યગ્ દષ્ટિ છે. પ્રસ્તુત સૂત્ર અનુસાર આ બંને ઈન્દ્રોના વિમાન ભ્રમણ કરવારૂપ અનાદિ વ્યવસ્થાનું ઉલ્લંઘન કરી નીચે ઊતરી સમવસરણમાં આવ્યા હતા. તે લોકનું એક આશ્ચર્ય થયું.

આ સૂત્ર પદની વ્યાખ્યા શ્રી અભયદેવસૂરિએ આ પ્રમાણે કરી છે – **भगवतो महावीरस्य वन्दनार्थं अवतरणं आकाशात् समवसरणभूम्याम् चन्द्रसूर्ययोः शाक्तत विमानोपेतयोर्बभूव ।** = ભગવાન શ્રી મહાવીર સ્વામીના વંદનાર્થે આકાશમાંથી સમવસરણભૂમિ પર ચંદ્ર-સૂર્યનું શાશ્વતા વિમાન સાથે ઊતરવાનું થયું.

મૂળપાઠમાં ચંદ્ર, સૂર્ય શા માટે નીચે આવ્યા, કયા સમયે અને કઈ નગરીમાં આવ્યા, તેનો ઉલ્લેખ નથી. અન્ય આગમોમાં પણ આ વિષયમાં સ્પષ્ટીકરણ મળતું નથી. વ્યાખ્યાગ્રંથો અને પરંપરાથી આ વિષયમાં નિમ્ન જાણકારી પ્રાપ્ત થાય છે–

ઠાણાંગ સૂત્રની ટીકાનુસાર પ્રભુ મહાવીરના દર્શન નિમિતે બંને ઈન્દ્રો શાશ્વત વિમાન લઈને આવ્યા.

આવશ્યક નિર્યુક્તિની ગાથા ૧૦૪૮માં ભાવ પ્રતિક્રમણનું સ્વરૂપ સમજાવ્યું છે, તેના સ્પષ્ટીકરણ માટે ટીકામાં મૃગાવતી સાધ્વીના જીવનની ઘટના અંકિત કરી છે. તે પ્રમાણે કોશાંબી નગરીમાં ચંદ્ર, સૂર્યનું આગમન સ્પષ્ટ થાય છે. તે ટીકાંશનો ભાવાર્થ આ પ્રમાણે છે–

આર્યા મૃગાવતીજી અન્ય સાધ્વી વૃંદ સાથે પ્રભુના સમવસરણમાં આવ્યા હતા. તે સમયે ચંદ્ર-સૂર્ય પોતાના મૂળ વિમાન સહિત ભગવાનના દર્શન કરવા આવ્યા. ચંદ્ર-સૂર્યના વિમાનના તેજના કારણે દિવસ જ છે તેવા ભ્રમથી મૃગાવતી સાધ્વી ત્યાં બેઠા રહ્યા. પ્રભુના દર્શન કરી ચંદ્ર-સૂર્ય વિદાય થયા. એકાએક અંધકાર વ્યાપ્ત થતાં સાધ્વી મૃગાવતીને સૂર્યાસ્ત સમયનું ધ્યાન ન રહ્યાનો ખેદ થયો. ખેદ કરતાં-કરતાં તેઓ સ્વસ્થાને પહોંચ્યા. સૂર્યાસ્ત પછી આવવા માટે આર્યા ચંદનાજીએ તેમને ઠપકો આપ્યો. પોતાની ભૂલનું ભાવ પ્રતિક્રમણ કરતાં તેઓ કેવળજ્ઞાનને પામ્યા.

દશવૈકાલિક સૂત્રની નિર્યુક્તિ ગાથા ૭૬ અને તેની ટીકા પ્રમાણે કોશાંબીનગરીમાં પ્રભુ મહાવીરના દર્શનાર્થે ચંદ્ર, સૂર્ય વિમાન સહિત આવ્યા, ચાર પ્રહર સુધી ભગવાનના સમવસરણમાં રહી સૂર્યાસ્ત સમયે ચાલ્યા ગયા. અહીં પણ મૃગાવતીના ભાવ પ્રતિક્રમણ નિમિતે ઉપરોકત વર્ણન પ્રાપ્ત થાય છે.

શ્રુતિ પરંપરા અનુસાર ચંદ્ર, સૂર્ય ઉત્તરવૈક્રિય શરીર બનાવ્યા વિના મૂળ શરીરે આવ્યા. મૂળ વિમાન સહિત નહીં.

અન્ય શ્રુતિ પરંપરા અનુસાર ચંદ્ર, સૂર્ય પોતાના શાશ્વતા વિમાન સહિત પ્રભુના નિર્વાણના દિવસે

(અમાવસ્યાના દિવસે) ચોથા પ્રહરમાં સંધ્યા સમયે પ્રભુના દર્શન માટે આવ્યા. અંતિમ દર્શન કરી અલ્પ સમયમાં જ પાછા ફરી ગયા.

આ રીતે આ વિષયનું આગમમાં કોઈ સ્પષ્ટીકરણ ન હોવાથી તદ્વિષયક વિભિન્ન પરંપરાઓ પ્રચલિત થઈ છે.

**(૭) હરિવંશ કુળની ઉત્પત્તિ :–** હરિ નામના પુરુષ વિશેષનો વંશ. પુત્ર, પૌત્રાદિ સંતાન પરંપરારૂપ કુળની ઉત્પત્તિ હરિવંશકુળ ઉત્પત્તિ કહેવાય છે.

આ ભરતક્ષેત્રની ઉત્તરમાં હરિવર્ષ નામનું અકર્મભૂમિનું ક્ષેત્ર છે. તે યુગલિક ભૂમિ છે. તે યુગલિકોને વંશ પરંપરા કે કુળ પરંપરા હોતી નથી. તેઓ એક યુગલને જન્મ આપે અને અલ્પ કાળમાં મૃત્યુ પામી જાય. પરંતુ હરિવર્ષના એક યુગલિકની સંતાન પરંપરા ચાલી; તે આશ્ચર્યકારી ઘટના કહેવાય છે. આ સંબંધમાં વ્યાખ્યા ગ્રંથોમાં પ્રાપ્ત કથા આ પ્રમાણે છે–

હરિવર્ષ ક્ષેત્રના એક હરિ, હરિણી નામના યુગલિકનું પૂર્વભવના વૈરી દેવે અપહરણ કર્યું અને તેમને ભરતક્ષેત્રની ચંપા નગરીમાં મૂક્યા. પૂર્વભવમાં તે દેવ વીરક નામનો માળી હતો અને યુગલિક સ્ત્રી હરિણી તેની વનમાળા નામે પત્ની હતી. તે દેશમાં સુમુખ નામનો રાજા હતો. તે સુમુખ રાજા વનમાળા પર મોહિત થયો અને વનમાળા પોતાના પતિ વીરકને છોડી, સુમુખ રાજા સાથે ચાલી ગઈ. વનમાળા વિના વીરકની સ્થિતિ પાગલ જેવી થઈ ગઈ. તે વનમાળાના નામનો પોકાર કરતો, રખડતો-રજળતો એકવાર રાજમહેલ પાસેથી પસાર થયો. વનમાળા અને સુમુખે તેના નામનો પોકાર સાંભળ્યો, તેની અવદશા જોઈ, પોતાના દુષ્કર્મની આલોચના કરવા લાગ્યા. તે જ સમયે વિજળી પડતા બંને મૃત્યુ પામી હરિ-હરિણી નામે યુગલિકરૂપે જન્મ્યા અને વીરક મૃત્યુ પામી સૌધર્મ દેવલોકમાં કિલ્વીષક દેવ થયો. અવધિજ્ઞાનથી પૂર્વભવ જોતાં આ હરિ-હરિણી પ્રત્યે તેને દ્વેષ ભાવ જાગૃત થયો. તેણે વિચાર્યું કે આ બંને યુગલિક તરીકે મૃત્યુ પામશે તો પણ ક્ષેત્ર પ્રભાવે દેવ થશે. આ બંનેને દુઃખી કરવા ભરતક્ષેત્રમાં મૂકી દઉં, તેમ વિચારી દેવે તે બંનેને ચંપાનગરીમાં મૂક્યા. તે સમયે ચંપાનગરીના રાજા નિઃસંતાન મૃત્યુ પામ્યા હતા. દેવે હરિ-હરિણીને રાજા-રાણી બનાવવા આકાશવાણી કરી અને પ્રજાએ તેને રાજા બનાવ્યો. હરિ રાજાએ વર્ષો સુધી રાજ્ય કર્યુ અને તેના નામે હરિવંશ શરૂ થયો.[તે યુગલિક દ્વયનું આયુષ્ય, તત્કાલીન ભરતક્ષેત્રના આયુષ્ય જેટલું શેષ રહ્યું ત્યારે દેવે સંહરણ કર્યું હતું અને અવગાહના નાની કરી હતી, તેમ સમજવું.]

**(૮) ચમર ઉત્પાત :–** અસુરકુમારરાજ ચમરેન્દ્રે સૌધર્મ દેવલોકમાં જઈ જે ઉત્પાત મચાવ્યો, તે આશ્ચર્યકારી ઘટના છે. અસુરેન્દ્ર ઊર્ધ્વ દેવલોક સુધી જવાનું સામર્થ્ય ધરાવે છે પરંતુ સામાન્યરૂપે કોઈ અસુર ઊર્ધ્વ દેવલોકમાં જતાં નથી.

દક્ષિણ દિશામાં અસુરરાજ ચમરેન્દ્રની ચમરચંચા નામની રાજધાનીમાં પૂરણનામનો તાપસ ચમરેન્દ્રરૂપે ઉત્પન્ન થયો. ઉત્પન્ન થતાં જ તેણે અવધિજ્ઞાન દ્વારા ઊર્ધ્વદિશામાં પોતાના મસ્તક ઉપર સૌધર્મ દેવલોકમાં સ્થિત શક્રેન્દ્રના બે ચરણ જોયા. તે ક્રોધાયમાન બની ગયો. શક્રેન્દ્રનો પરાભવ કરવા

મધ્યલોકમાં આવ્યો. સુંસમાર નગરના ઉદ્યાનમાં એકરાત્રિની પ્રતિમા ધારણ કરી કાયોત્સર્ગમાં સ્થિત છદ્મસ્થ એવા મહાવીર સ્વામીને વંદન કરી, તેમનું શરણ લઈ, એક લાખ યોજન પ્રમાણ વૈક્રિય શરીરની રચના કરી, હોકારા-પડકારા કરતો, સૌધર્મ દેવલોકના વિમાનની વેદિકા પર પ્રહાર કરતો, શક્રેન્દ્રને તિરસ્કાર પૂર્વક આક્રોશ વચનો કહેવા લાગ્યો.

ચમરેન્દ્રના ઉત્પાતથી ક્રોધાયમાન શક્રે તેના ઉપર વજ્ર નામનું શસ્ત્ર છોડ્યું. વજ્રને આવતું જોઈ ચમર તીવ્રવેગથી ભાગ્યો. શક્રેન્દ્રે અવધિજ્ઞાનથી જાણ્યું કે આ ચમર તો તીર્થંકર પરમાત્માનું શરણ લઈને આવ્યો છે. ચમરેન્દ્ર તો વજ્ર પ્રહારથી બચવા અતિ સૂક્ષ્મ રૂપ બનાવી પ્રભુના પગ નીચે સંતાઈ ગયો છે. પ્રભુની આશાતનાથી બચવા શક્રેન્દ્રે તીવ્રવેગથી આવી પ્રભુથી ચાર અંગુલ દૂર રહેલા વજ્રને પકડી લીધું અને ચમરના અપરાધની ક્ષમા આપી. ત્યારે ચમર નિર્ભય બની સ્વસ્થાને ગયો. ચમરેન્દ્રના ઉત્પાતનું વિસ્તૃત વર્ણન ભગવતી સૂત્ર શતક-૩, ઉદ્દે.- ૨ માં છે.

**(૯) એક સમયે ઉત્કૃષ્ટ અવગાહનાવાળા ૧૦૮નું સિદ્ધ થવું :–** ઉત્કૃષ્ટ ૫૦૦ ધનુષ્યની અવગાહના-વાળા એક સમયમાં બે જીવ જ સિદ્ધ થાય છે પરંતુ ઉત્કૃષ્ટ અવગાહનાવાળા ભગવાન ઋષભદેવ, ૫૦૦ ધનુષ્યની ઉત્કૃષ્ટ અવગાહનાવાળા પોતાના ૯૮ પુત્ર તથા આઠ પૌત્ર એક સાથે નિર્વાણ પામ્યા. તે જ સમયે ઐરવતક્ષેત્રના તીર્થંકર નિર્વાણ પામ્યા. આ રીતે ૯૮ + ૮ + ૧+૧ = ૧૦૮ થાય છે. તેથી તે આશ્ચર્ય કહેવાય છે.

વૃદ્ધ પરંપરાનુસાર આ આશ્ચર્યકારી ઘટનામાં ઋષભદેવ સ્વામીના ૯૯ પુત્રની ગણના કરવામાં આવે છે પરંતુ શ્રી સમવાયાંગ સૂત્રના ૮૪મા સમવાયમાં સૂત્ર પાઠ છે– **उसभे णं अरहा कोसलिए चउरासीइं पुव्वसयसहस्साइं सव्वाउयं पालइत्ता सिद्धे, एवं भरहो, बाहुबली, बंभी, सुंदरी ।** ઋષભદેવસ્વામી, ભરત, બાહુબલી, બ્રાહ્મી સુંદરીના આયુષ્ય ૮૪ લાખ પૂર્વના હતા. ઋષભદેવસ્વામીથી ભરત ચક્રવર્તી તથા બ્રાહ્મી ઉંમરમાં છ લાખ પૂર્વ નાના હતાં. બાહુબલી અને સુંદરી એ બંને ભરતથી નાના હતાં. સમાન આયુષ્યકર્મવાળા પિતા-પુત્ર સાથે નિર્વાણ પામે તે સંભવિત નથી.

આ ઉપરાંત ભરત અને ઐરવત ક્ષેત્રમાં તીર્થંકરો એક સાથે, એક સમયે જન્મે છે અને નિર્વાણ પામે છે. લોકમાં એક સમયે જઘન્ય બે તીર્થંકર અને ઉત્કૃષ્ટ ચાર તીર્થંકર સિદ્ધ થાય છે. જઘન્ય બે તીર્થંકર સિદ્ધ થાય છે તે જંબૂદ્વીપના ભરત ઐરવત ક્ષેત્રની અપેક્ષાએ અથવા પૂર્વાર્ધ ધાતકીખંડ આદિના ભરત ઐરવત ક્ષેત્રની અપેક્ષાએ સમજવા જોઈએ. ઉત્કૃષ્ટ ચાર તીર્થંકર સિદ્ધ થાય છે તે મહાવિદેહ ક્ષેત્રની અપેક્ષાએ સમજવા જોઈએ. પાંચ ભરત અને પાંચ ઐરવતના તેમ દસ તીર્થંકર એક સમયે સિદ્ધ થતાં નથી.

આ રીતે પ્રભુ આદિનાથ સાથે (જંબૂદ્વીપના)ઐરવત ક્ષેત્રના એક તીર્થંકરની ગણના કરતાં એક સમયમાં ૧૦૮ સિદ્ધ થાય છે.

**(૧૦) અસંયતની પૂજા :–** આરંભ, પરિગ્રહથી યુક્ત અસંયત વ્યક્તિ પૂજા-સત્કારને યોગ્ય નથી. સંયમી સાધક જ પૂજાને યોગ્ય છે પરંતુ આ અવસર્પિણીમાં અસંયમીની પૂજા થવા લાગી તે આશ્ચર્યકારી ઘટના છે.

શ્રી સુવિધિનાથના નિર્વાણ પછી થોડા સમયમાં સાધુ-સાધ્વીની પરંપરાનો નાશ થયો. શ્રાવકો પોતાની બુદ્ધિથી ધર્મની પ્રરૂપણા કરવા લાગ્યા અને તેઓ પૂજાવા લાગ્યા. આ રીતે નવમાથી સોળમા તે સાત તીર્થંકરોના શાસનનો વિચ્છેદ થયો, તે સમયે અસંયતિની પૂજા થવા લાગી.

આ રીતે આ અવસર્પિણી કાળમાં પાંચ આશ્ચર્ય ભગવાન મહાવીરના સમયમાં અને અન્ય પાંચ શેષ તીર્થંકરોના સમયમાં ઘટિત થયા.

**દસ અચ્છેરા :–**

| | અચ્છેરા | ક્યા આગમમાં વર્ણન | સમય |
|---|---|---|---|
| ૧ | કેવળીપણામાં ઉપસર્ગ | શ્રી ભગવતી સૂત્ર, શતક-૧૫ | ભગવાન મહાવીર |
| ૨ | ગર્ભાપહરણ | શ્રી આચારાંગસૂત્ર અધ્યયન-૨૪ | ભગવાન મહાવીર |
| ૩ | સ્ત્રી તીર્થંકર | શ્રી જ્ઞાતાધર્મકથાંગ સૂત્ર અધ્યયન-૮ | મલ્લિનાથ ભગવાન |
| ૪ | અભાવિત પરિષદ | નામોલ્લેખ શ્રી ઠાણાંગ સૂત્રમાં, વર્ણન ઠાણાંગવૃત્તિ | મહાવીરસ્વામી |
| ૫ | કૃષ્ણનું અપરકંકા જવું | જ્ઞાતાધર્મકથા સૂત્ર અધ્યયન-૧૬ | અરિષ્ટનેમિના શાસનકાળમાં |
| ૬ | ચંદ્ર-સૂર્યનું મૂળ વિમાન સાથેનું અવતરણ | નામોલ્લેખ શ્રી ઠાણાંગસૂત્રમાં, વર્ણન ઠાણાંગવૃત્તિ, આવશ્યક ટીકા, દશવૈકાલિક ટીકા | ભગવાન મહાવીર |
| ૭ | હરિવંશની ઉત્પત્તિ | નામોલ્લેખ શ્રી ઠાણાંગમાં, વર્ણન ઠાણાંગવૃત્તિમાં | શીતલનાથના સમયમાં |
| ૮ | ચમરનો ઉત્પાત | ભગવતી સૂત્ર-શતક ૩/૨ | ભગવાન મહાવીર |
| ૯ | ૧૦૮ સિદ્ધ થયા | નામોલ્લેખ ઠાણાંગ સૂત્ર, વર્ણન ઠાણાંગવૃત્તિ | ઋષભદેવ સ્વામી |
| ૧૦ | અસંયતિ પૂજા | નામોલ્લેખ શ્રી ઠાણાંગ સૂત્રમાં, સંક્ષિપ્ત વર્ણન ઠાણાંગવૃત્તિ | ૯માં તીર્થંકરથી ૧૬મા તીર્થ–કરની વચ્ચેના સાત આંતરામાં |

**નરક કાંડની જાડાઈ :–**

**१५३ इमीसे णं रयणप्पभाए पुढवीए रयणे कंडे दस जोयणसयाइं बाहल्लेणं पण्णत्ते । इमीसे णं रयणप्पभाए पुढवीए वइरे कंडे दस जोयणसयाइं बाहल्लेणं**

**पण्णत्ते । एवं वेरुलिए, लोहितक्खे, मसारगल्ले, हंसगब्भे, पुलए, सोगंधिए, जोइरसे, अंजणे, अंजणपुलए, रययं, जायरूवे, अंके, फलिहे, रिट्ठे । जहा रयणे तहा सोलसविहा भाणियव्वा ।**

**ભાવાર્થ :–** રત્નપ્રભા પૃથ્વીમાં રત્નના નામવાળા સોળ કાંડ છે. રત્નકાંડ, વજ્રકાંડ, વૈડૂર્યકાંડ, લોહિતાક્ષ-કાંડ, મસારગલ્લકાંડ, હંસગર્ભકાંડ, પુલકકાંડ, સોગંધિક કાંડ, જ્યોતિરસકાંડ, અંજનકાંડ, અંજનપુલકકાંડ, રજતકાંડ, જાતરૂપકાંડ, અંકકાંડ, સ્ફટિકકાંડ અને રિષ્ટકાંડ. આ સર્વ કાંડ ૧૦૦૦ યોજનના જાડા છે.

**વિવેચન :–**

રત્નપ્રભા પૃથ્વીના ત્રણ ભાગ છે. ખરભાગ, પંકભાગ અને અપ્‌બહુલ ભાગ. તેમાં ખરભાગના ૧૬ વિભાગ છે અને તેના નામ સૂત્રમાં કહ્યા છે. પ્રત્યેક વિભાગ એક એક હજાર યોજન જાડા છે અને એક પછી એકની નીચે-નીચે આવ્યા છે.

**દ્વીપ-સમુદ્રાદિની ઊંડાઈ :–**

**१५४ सव्वे वि णं दीव समुद्दा दस जोयणसयाइं उव्वेहेणं पण्णत्ता । सव्वे वि णं महादहा दस जोयणाइं उव्वेहेणं पण्णत्ता । सव्वे वि णं सलिलकुंडा दस जोयणाइं उव्वेहेणं पण्णत्ता । सीया सीओया णं महाणईओ मुहमूले दस-दस जोयणाइं उव्वेहेणं पण्णत्ताओ ।**

**ભાવાર્થ :–** સર્વ દ્વીપ અને સમુદ્ર ૧૦૦૦ યોજનના ઊંડા છે. સર્વ મહાદ્રહ ૧૦ હજાર યોજન ઊંડા છે.

સર્વ સલિલકુંડ(પ્રપાતકુંડ) ૧૦ યોજન ઊંડા છે. સીતા-સીતોદા મહાનદીઓનું મુખ મૂળ(સમુદ્રમાં પ્રવેશ કરવાનું સ્થાન) ૧૦ યોજન ઊંડું છે.

**નક્ષત્ર :–**

**१५५ कत्तियाणक्खए सव्वबाहिराओ मण्डलाओ दसमे मंडले चारं चरइ । अणुराधाणक्खत्ते सव्वब्भंतराओ मंडलाओ दसमे मंडले चारं चरइ ।**

**ભાવાર્થ :–** કૃતિકા નક્ષત્ર ચંદ્રના સર્વ બાહ્ય મંડલથી દશમા મંડળમાં સંચાર(ગમન) કરે છે. અનુરાધા નક્ષત્ર ચંદ્રના સર્વાભ્યંતર મંડલથી દશમા મંડલમાં સંચાર(ગમન) કરે છે.

**જ્ઞાન વૃદ્ધિકર નક્ષત્રો :–**

**१५६ दस णक्खत्ता णाणस्स वुड्ढिकरा पण्णत्ता, तं जहा–**

**मिगसिरमद्दा पुस्सो, तिण्णि य पुव्वाइं मूलमस्सेसा ।**
**हत्थो चित्ता य तहा, दस वुड्ढिकराइं णाणस्स ॥१॥**

**ભાવાર્થ :–** દશ નક્ષત્ર જ્ઞાનની વૃદ્ધિ કરનારા છે, તે આ પ્રમાણે છે– (૧) મૃગશિર (૨) આર્દ્રા (૩) પુષ્ય (૪) પૂર્વાષાઢા (૫) પૂર્વ ભાદ્રપદા (૬) પૂર્વા ફાલ્ગુની (૭) મૂળ (૮) અશ્લેષા (૯) હસ્ત (૧૦) ચિત્રા. આ દશ નક્ષત્ર જ્ઞાન વૃદ્ધિ કરાવનારા છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રથી સ્પષ્ટ થાય છે કે જ્ઞાન વૃદ્ધિમાં નક્ષત્રનો સંયોગ પણ સાધકતમ કારણ છે. આ જૈન સિદ્ધાંતની વિશાળતા અને અનેકાંતિકતાનો આદર્શ છે. નક્ષત્રો પોતપોતાના મંડલ પર પોતાની ગતિ પ્રમાણે પરિભ્રમણ કરતા રહે છે. નક્ષત્ર ૨૮ છે. નક્ષત્રોની ગતિ ચંદ્રની ગતિથી તીવ્ર છે માટે એક એક નક્ષત્ર ચંદ્ર સાથે થોડા સમય ચાલીને આગળ વધી જાય છે. આ રીતે એક મહીનામાં સર્વે નક્ષત્ર ચંદ્ર સાથે સંયોગ કરી અર્થાત્ સાથે ચાલીને આગળ નીકળી જાય છે. તેઓનો ચંદ્ર સાથે સંયોગનો જે સમય હોય તે અલગ-અલગ મહત્ત્વ ધરાવે છે. આ કારણે સૂત્રોક્ત દસ નક્ષત્રનો ચંદ્ર સાથે સંયોગ હોય ત્યારે જ્ઞાનનો પ્રારંભ આદિ કરવો તે જ્ઞાનવર્ધક હોય છે.

**કુલકોટી :–**

**१५७ चउप्पयथलयर पंचिंदियतिरिक्खजोणियाणं दस जाइकुलकोडिजोणिपमुह सयसहस्सा पण्णत्ता ।**

**ભાવાર્થ :–** પંચેન્દ્રિય તિર્યગ્યોનિક સ્થલચર ચતુષ્પદની યોનિ પ્રમુખ, જાતિ કુલ કોટિ દશ લાખ છે.

**१५८ उरपरिसप्प-थलयरपंचिदिय-तिरिक्खजोणियाणं दस-जाइकुलकोडि-जोणिपमुह- सयसहस्सा पण्णत्ता ।**

**ભાવાર્થ :–** પંચેન્દ્રિય તિર્યગ્યોનિક સ્થલચર ઉરપરિસર્પની યોનિપ્રમુખ જાતિકુલકોટી દશ લાખ છે.

**પાપકર્મનો ચય-ઉપચય :–**

**१५९ जीवा णं दसठाणणिव्वत्तिए पोग्गले पावकम्मत्ताए चिणिंसु वा चिणंति वा चिणिस्संति वा, तं जहा– पढमसमय-एगिंदियणिव्वत्तिए, अपढमसमय एगिंदिय-णिव्वत्तिए, पढमसमय-बेइंदिय-णिव्वत्तिए, अपढसमय-बेइंदिय-णिव्वत्तिए, पढमसमय- तेइंदिय-णिव्वत्तिए, अपढमसमय-तेइंदिय-णिवत्तिए, पढमसमय-चउरिंदिय-णिव्वत्तिए, अपढमसमय-चउरिंदिय-णिव्वत्तिए, पढमसमय-पंचिंदिय-**

**णिव्वत्तिए, अपढमसमय- पंचिंदिय-णिव्वत्तिए ।**

**एवं चिण-उवचिण-बंध-उदीर-वेय तह णिज्जरा चेव ।**

**ભાવાર્થ :–** જીવે દશ સ્થાનથી નિર્વર્તિત પુદ્ગલોનો પાપકર્મરૂપે સંચય કર્યો હતો, કરે છે અને કરશે. તે આ પ્રમાણે છે–

(૧) પ્રથમ સમય એકેન્દ્રિય નિર્વર્તિત પુદ્ગલોનો (૨) અપ્રથમ સમય એકેન્દ્રિય નિર્વર્તિત પુદ્ગલોનો (૩) પ્રથમ સમય બેઇન્દ્રિય નિર્વર્તિત પુદ્ગલોનો (૪) અપ્રથમ સમય બેઇન્દ્રિય નિર્વર્તિત પુદ્ગલોનો (૫) પ્રથમ સમય તેઇન્દ્રિય નિર્વર્તિત પુદ્ગલોનો (૬) અપ્રથમ સમય તેઇન્દ્રિય નિર્વર્તિત પુદ્ગલોનો (૭) પ્રથમ સમય ચૌરેન્દ્રિય નિર્વર્તિત પુદ્ગલોનો (૮) અપ્રથમ સમય ચૌરેન્દ્રિય નિર્વર્તિત પુદ્ગલોનો (૯) પ્રથમ સમય પંચેન્દ્રિય નિર્વર્તિત પુદ્ગલોનો (૧૦) અપ્રથમ સમય પંચેન્દ્રિય નિર્વર્તિત પુદ્ગલોનો. આ રીતે તેનો ચય, ઉપચય, બંધ, ઉદીરણા, વેદન, નિર્જરણ કર્યું હતું, કરે છે, કરશે.

### દસપ્રદેશી પુદ્ગલની અનંતતા :–

**૧૬૦ दसपएसिया खंधा अणंता पण्णत्ता । दसपएसोगाढा पोग्गला अणंता पण्णत्ता। दससमयठिईया पोग्गला अणंता पण्णत्ता ।**

**ભાવાર્થ :–** દશ પ્રદેશી પુદ્ગલ સ્કંધ અનંત છે. દશ પ્રદેશાવગાઢ પુદ્ગલ સ્કંધ અનંત છે. દશ સમયની સ્થિતિવાળા પુદ્ગલ અનંત છે.

**૧૬૧ दसगुणकालगा पोग्गला अणंता पण्णत्ता ।**

**ભાવાર્થ :–** દશ ગુણ કાળાવર્ણવાળા પુદ્ગલ અનંત છે.

**૧૬૨ एवं वण्णेहिं गंधेहिं रसेहिं फासेहिं दसगुणलुक्खा पोग्गला अणंता पण्णत्ता ।**

**ભાવાર્થ :–** આ રીતે શેષ વર્ણ, ગંધ, રસ, સ્પર્શના દશ ગુણ લૂખા સ્પર્શવાળા પુદ્ગલ અનંત છે.

**॥ સ્થાન–૧૦ સંપૂર્ણ ॥**

**॥ શ્રી ઠાણાંગ સૂત્ર સંપૂર્ણ ॥**

## પરિશિષ્ટ–૧

# વિવેચિત વિષયોની અકારાદિ અનુક્રમણિકા



| | વિષય | સ્થાન | પૃષ્ટ | | વિષય | સ્થાન | પૃષ્ટ |
|---|---|---|---|---|---|---|---|
| અ | अइरत्ता | ૬ | ૧૪૩ | | અવધિજ્ઞાનાવરણીય | ૫/૩ | ૯૬ |
| | अइसेसा(અતિશય) | ૫/૨ | ૬૮ | | અવ્યક્તિક નિહ્નવ | ૭ | ૨૧૧ |
| | અક્રિયાવાદ | ૮ | ૨૩૭ | | અસત્ પરલોકવાદી | ૮ | ૨૩૮ |
| | अगिलाए | ૫/૧ | ૧૭ | | अहमंति | ૧૦ | ૩૨૪ |
| | અગુરુ લઘુ પરિણામ | ૧૦ | ૩૨૮ | | अहियाए असुभाए આદિ | ૫/૧ | ૬ |
| | અછિન્ન | ૧૦ | ૩૨૦ | આ | आउ..भव..ठिइक्खएणं | ૮ | ૨૩૧ |
| | अच्छेरगा | ૧૦ | ૩૮૮ | | आउभेदे | ૭ | ૧૮૯ |
| | अच्छेरगा(કોષ્ટક) | ૧૦ | ૩૯૩ | | आगई | ૬ | ૧૨૨ |
| | अजीव संजमे | ૭ | ૧૯૫ | | आगमेसिभद्दत्ताए | ૧૦ | ૩૭૫ |
| | अट्ठ समइए केवलिसमुग्घाए | ૮ | ૨૬૯ | | આચાર પ્રકલ્પ | ૫/૨ | ૬૨ |
| | अणंतए | ૫/૩ | ૯૪ | | આચાર સંપદા | ૮ | ૨૩૪ |
| | अणुत्तर | ૧૦ | ૩૭૯ | | आच्छिदइ–विच्छिदइ આદિ | ૫/૧ | ૩૨ |
| | अणुत्तरे वीरिए | ૫/૧ | ૩૬ | | आणं धारणं | ૭ | ૧૬૫ |
| | अणुभावे | ૭ | ૨૧૬ | | આતાપનાના ત્રણ આસન | ૫/૧ | ૧૬ |
| | अत्तवओ | ૬ | ૧૨૦ | | આનુગામિક આદિ અવધિજ્ઞાન | ૬ | ૧૪૪ |
| | अत्थोग्गहे | ૬ | ૧૪૪ | | આભિનિબોધિક જ્ઞાનાવરણીય | ૫/૩ | ૯૬ |
| | અતિક્રાંત પ્રત્યાખ્યાન | ૧૦ | ૩૬૨ | | આભ્યંતર તપ અને તેના ભેદ | ૬ | ૧૩૧ |
| | अत्थिकाए | ૫/૩ | ૭૨ | | आयार गोयरं | ૮ | ૨૬૭ |
| | अद्धचक्कवाला | ૭ | ૨૦૦ | | આયુષ્ય પરિણામ | ૯ | ૨૯૫ |
| | अद्धणाराय संघयण | ૬ | ૧૧૮ | | आलोएज्जा पडिक्कमेज्जा આદિ | ૮ | ૨૩૧ |
| | अद्धपेडा | ૬ | ૧૩૪ | | आवई | ૧૦ | ૩૪૩ |
| | અદ્ધા પ્રત્યાખ્યાન | ૧૦ | ૩૬૨ | | आसव–संवर | ૫/૨ | ૪૮ |
| | અધિપતિ દેવોના બે કોષ્ટક | ૫/૧ | ૨૬ | ઇ | इक्खागा | ૬ | ૧૨૧ |
| | અનાગત પ્રત્યાખ્યાન | ૧૦ | ૩૬૧ | | ઈચ્છાલોભિક | ૬ | ૧૪૭ |
| | અનુશ્રોતચારી આદિ | ૫/૩ | ૮૫ | | इड्ढि | ૫/૨ | ૭૦ |
| | અનેકવાદી | ૮ | ૨૩૮ | | ઈન્દ્રિય અને ઈન્દ્રિયાર્થ | ૫/૩ | ૭૪ |
| | अपरिण्णाया | ૫/૧ | ૫ | | ઈન્દ્રિય પરિણામ | ૧૦ | ૩૨૭ |
| | अप्प सद्दा, अप्प झंझा આદિ | ૮ | ૨૬૮ | | इब्भ | ૬ | ૧૨૧ |
| | અબદ્ધિક નિહ્નવ | ૭ | ૨૧૪ | | ईरियट्ठाए | ૬ | ૧૨૪ |
| | અર્ધ સમક્ષેત્રી નક્ષત્રો | ૬ | ૧૩૬ | ઉ | उक्कला–ઉત્કલા | ૫/૩ | ૮૭ |
| | અલ્પલેપિક પાણેસણા | ૭ | ૧૬૬ | | उग्गह पडिमाओ | ૭ | ૧૬૬ |

| | વિષય | સ્થાન | પૃષ્ટ | | વિષય | સ્થાન | પૃષ્ટ |
|---|---|---|---|---|---|---|---|
| | ઉગ્રકુલ, ભોગકુલ આદિ | ૬ | ૧૨૧ | | ગણિત સૂક્ષ્મ | ૧૦ | ૩૩૦ |
| | उज्जु आयता | ૭ | ૧૯૯ | | ગણિસંપદા | ૮ | ૨૩૪ |
| | उत्तरणं चंदसूराणं | ૧૦ | ૩૯૦ | | गेण्हमाणे अवलंबमाणे | ૫/૨ | ૬૬ |
| | उदकमाल(उदगमाले) | ૧૦ | ૩૩૪ | | गोतित्थविरहिए | ૧૦ | ૩૩૪ |
| | उद्दिट्ठाओ, गणियाओ આદિ | ૫/૨ | ૪૦ | | ગોમૂત્રિકા ગૌચરી | ૬ | ૧૩૪ |
| | ઉપકરણ સંવર | ૧૦ | ૩૨૩ | | गंतुं पच्चागया | ૬ | ૧૩૪ |
| | उप्पाय पव्वए | ૧૦ | ૩૪૧ | ચ | चक्कवाला | ૭ | ૨૦૦ |
| | उवकरणाइसेसे | ૭ | ૧૯૩ | | ચક્રવર્તી નવનિધિ(કોષ્ટક) | ૯ | ૨૮૫ |
| | उवस्सय | ૫/૨ | ૫૧ | | ચય, ઉપચય આદિ | ૫/૩ | ૧૦૨ |
| | उवहि | ૫/૨ | ૫૧ | | चाउज्जामं धम्मं | ૯ | ૩૦૨ |
| | उसभणाराय संघयण | ૬ | ૧૧૮ | | ચાર દિશા-વિદિશા | ૧૦ | ૩૩૩ |
| | ઊર્ધ્વ અને અધોદિશા | ૧૦ | ૩૩૩ | | चेइय रुक्खा | ૮ | ૨૭૧ |
| એ | એકવાદી | ૮ | ૨૩૭ | છ | छउमत्थे | ૧૦ | ૩૬૯ |
| | एगओ खहा | ૭ | ૧૯૯ | | છદ્મસ્થ | ૫/૩ | ૮૨ |
| | एगओ वंका | ૭ | ૧૯૯ | | છ પુરિમા, નવ ખોડા | ૬ | ૧૨૬ |
| | एगल विहार पडिमं | ૭ | ૧૫૮ | | છેદોપસ્થાપનીય સંયમ | ૫/૨ | ૫૯ |
| ઓ | ओगाहणा | ૯ | ૨૮૦ | | छेवट्ट संघयण | ૬ | ૧૧૮ |
| | ओमरत्ता | ૬ | ૧૪૩ | જ | जोगवाहियाए | ૧૦ | ૩૭૬ |
| | ओहसण्णा | ૧૦ | ૩૬૮ | ણ | णग्गोह परिमंडले संठाणे | ૬ | ૧૧૯ |
| ઔ | ઔદારિક પુદ્‌ગલ પરાવર્તન | ૮ | ૨૪૬ | | णव जोयणिया | ૯ | ૨૮૨ |
| | ઔપપાતિક | ૮ | ૨૨૩ | | णाराय संघयण | ૬ | ૧૧૮ |
| અં | अंतकर भूमि | ૮ | ૨૪૬ | | णिण्हवा | ૭ | ૨૦૯ |
| | अंतकुलाणि આદિ | ૮ | ૨૩૨ | | णिज्जाण मग्गे | ૫/૩ | ૯૨ |
| | અંતચારી | ૫/૩ | ૮૫ | | णिस्साठाणा | ૫/૩ | ૮૦ |
| ક | કલ્પવૃક્ષ | ૭ | ૧૮૬ | | णेउणिया | ૯ | ૨૯૧ |
| | कामगुणा | ૫/૧ | ૫ | | णोइंदियत्थे | ૬ | ૧૧૩ |
| | કાયક્લેશ તપ | ૭ | ૧૮૨ | | णो कसाय वेयणिज्जे | ૯ | ૩૧૪ |
| | किवण कुलाणि | ૮ | ૨૩૨ | ત | તીર્થંકરોના નક્ષત્રોનું (કોષ્ટક) | ૫/૧ | ૩૮ |
| | કેવળ જ્ઞાનાવરણીય | ૫/૩ | ૯૬ | | तुच्छकुलाणि | ૮ | ૨૩૨ |
| | કોટિ સહિત પ્રત્યાખ્યાન | ૧૦ | ૩૬૨ | થ | थेरा | ૧૦ | ૩૭૭ |
| ખ | खित्तचित्त આદિ ત્રણ | ૫/૧ | ૩૧ | દ | दण्डणीइ | ૭ | ૧૮૭ |
| | खित्तचित्त આદિ નવ અવસ્થા | ૫/૨ | ૬૬ | | दरिद्दकुलाणि | ૮ | ૨૩૨ |
| | खीलिया संघयण | ૬ | ૧૧૮ | | दिव्वाए पभाए, दिव्वाए छायाए | ૮ | ૨૩૨ |
| | खुज्जे संठाणे | ૬ | ૧૧૯ | | दीहे, रहस्से, पुहत्ते | ૧૦ | ૩૧૯ |
| | खंति, मुत्ति આદિ | ૫ | ૧૩ | | दुग्गंसि | ૫/૨ | ૬૬ |
| ગ | गणावक्कमणे | ૭ | ૧૫૮ | | दुहओ वंका | ૭ | ૧૯૯ |

| | વિષય | સ્થાન | પૃષ્ટ | | વિષય | સ્થાન | પૃષ્ટ |
|---|---|---|---|---|---|---|---|
| | દષ્ટાંત | ૧૦ | ૩૫૬ | | પુણ્ય-પાપ અને ધર્મ | ૯ | ૨૮૯ |
| | **देसेण वि सद्दाइं सुणंति** | ૧૦ | ૩૨૦ | | પુદ્ગલ પરાવર્તન | ૮ | ૨૪૬ |
| | દ્રવ્યાનુયોગ | ૧૦ | ૩૩૮ | | પુલાક આદિ પાંચ નિર્ગ્રંથ (ભાવાર્થ) | ૫/૩ | ૭૭ |
| | દ્વયાર્દ્ધ સમક્ષેત્રી નક્ષત્રો | ૬ | ૧૩૭ | | પુલાક લબ્ધિ | ૫/૩ | ૭૯ |
| | દ્વિક્રિય નિહ્નવ | ૭ | ૨૧૨ | | **पेडा** | ૬ | ૧૩૪ |
| | **द्वित: खहा** | ૭ | ૨૦૦ | | પંચાસ્તિકાય દ્રવ્ય (કોષ્ટક) | ૫/૩ | ૭૪ |
| **ધ** | **धम्मे** | ૧૦ | ૩૪૬ | | પ્રતિક્રમણ | ૫/૩ | ૯૮ |
| | **धुवे, णिइए, सासए** આદિ | ૫/૩ | ૭૩ | | પ્રતિલેખના | ૬ | ૧૨૬ |
| **ન** | નય | ૭ | ૧૭૩ | | પ્રત્યાખ્યાનની શુદ્ધિ | ૫/૩ | ૯૭ |
| | નરક ગતિ અને વિગ્રહ ગતિ | ૧૦ | ૩૬૦ | | પ્રમર્દ યોગ | ૮ | ૨૭૨ |
| | નક્ષત્ર યોગ | ૫/૧ | ૩૯ | | પ્રમાદ-અપ્રમાદ પ્રતિલેખના | ૬ | ૧૨૬ |
| | નિત્યવાદી | ૮ | ૨૩૮ | | પ્રયોગ સંપદા | ૮ | ૨૩૪ |
| | નિધત્તાયુ, નિષિક્તાયુ | ૬ | ૧૫૧ | | પ્રસ્તટ (કોષ્ટક) | ૬ | ૧૩૫ |
| | નિહ્નવોની કથાઓ | ૭ | ૨૦૮ | **બ** | **बहिल्लेसे** | ૫/૨ | ૬૯ |
| | નિહ્નવોનું કોષ્ટક | ૭ | ૨૧૫ | | બહુરત નિહ્નવ | ૭ | ૨૦૯ |
| | નિયંત્રિત પ્રત્યાખ્યાન | ૧૦ | ૩૬૨ | | **बहुस्सुए** | ૬ | ૧૦૭ |
| | નિરવશેષ પ્રત્યાખ્યાન | ૧૦ | ૩૬૨ | | બાહ્ય તપ અને તેના ભેદ | ૬ | ૧૩૨ |
| | નિર્મિતવાદી | ૮ | ૨૩૮ | **ભ** | **भत्तपाणाइसेसे** | ૭ | ૧૯૪ |
| **પ** | **पडिहा** | ૫/૧ | ૨૭ | | ભદ્રોત્તર પ્રતિમા | ૫/૧ | ૭ |
| | **पडिसंलीणा**(પ્રતિસંલીનતા) | ૫/૨ | ૫૭ | | ઈન્દ્રોની સેના, સેનાધિપતિ (કોષ્ટક) | ૫/૧ | ૨૬ |
| | **पडिसेवणा** | ૧૦ | ૩૪૩ | | **भावियप्पाणो अणगारा** | ૫/૨ | ૭૦ |
| | **पमाए**(પ્રમાદ) | ૬ | ૧૨૫ | | **भिज्जा णियाण**–ભિધ્યા નિદાન | ૬ | ૧૪૭ |
| | **पयंगवीहिया**(પતંગ વીથિ) | ૬ | ૧૩૪ | | ભંગ સૂક્ષ્મ | ૧૦ | ૩૩૦ |
| | **परिकम्म**(પરિકર્મ) | ૫/૨ | ૫૬ | **મ** | મતિ સંપદા | ૮ | ૨૩૪ |
| | પરિણામ | ૧૦ | ૩૨૬ | | મતિજ્ઞાનના બાર ભેદ | ૬ | ૧૩૦ |
| | **परिण्णा**(બે પરિજ્ઞા) | ૫/૨ | ૫૧ | | મનઃપર્યવ જ્ઞાનાવરણીય | ૫/૩ | ૯૬ |
| | પરિમાણકૃત પ્રત્યાખ્યાન | ૧૦ | ૩૬૨ | | **महापरिण्णा** | ૯ | ૨૭૬ |
| | **परिहरण** | ૫/૨ | ૫૬ | | માતૃકાનુયોગ | ૧૦ | ૩૩૮ |
| | પરિહાર વિશુદ્ધ સંયમ | ૫/૨ | ૫૯ | | મિતવાદી | ૮ | ૨૩૮ |
| | **परिषहोवसग्गा** | ૫/૧ | ૩૨ | **ય** | યથાખ્યાત સંયમ | ૫/૨ | ૫૯ |
| | પર્યાયાન્તકર ભૂમિ | ૮ | ૨૪૭ | | યુગાંતકર ભૂમિ | ૮ | ૨૪૭ |
| | **पलिमंथू** | ૬ | ૧૪૬ | | યોનિ-કુલકોટિ | ૭ | ૨૧૮ |
| | **पसिणायतणाइं** | ૫/૧ | ૧૮ | **લ** | લેશ્યા પરિણામ | ૧૦ | ૩૨૭ |
| | **पाणेसणाओ** | ૭ | ૧૬૬ | | લોક સ્થિતિ | ૬ | ૧૨૨ |
| | **पिंडेसणाओ** | ૭ | ૧૬૬ | | **लोगट्ठिई** | ૧૦ | ૩૧૮ |
| | **पिंडलगपिहुल संठाणं संठियाओ** | ૭ | ૧૬૯ | | **लोग सण्णा** | ૧૦ | ૩૬૮ |

| | વિષય | સ્થાન | પૃષ્ટ |
|---|---|---|---|
| વ | વइरोसभनाराय संघयण | ૬ | ૧૧૮ |
| | वक्कंति | ૬ | ૧૨૩ |
| | વચન સંપદા | ૮ | ૨૩૪ |
| | वच्चापिच्चिय मंज्जापिच्चिय | ૫/૩ | ૮૦ |
| | वण्णं, अवण्णं | ૫/૨ | ૫૭ |
| | વસ્તુ દોષ | ૧૦ | ૩૫૬ |
| | વાચના સંપદા | ૮ | ૨૩૪ |
| | વાદ | ૧૦ | ૩૫૫ |
| | वामणे संठाणे | ૬ | ૧૧૯ |
| | विगइओ | ૯ | ૨૮૭ |
| | विणए | ૭ | ૨૦૭ |
| | विभंगणाणे | ૭ | ૧૫૯ |
| | विमाण पत्थडा | ૬ | ૧૩૫ |
| | વિવાદ | ૬ | ૧૩૩ |
| | વિશેષ દોષ | ૧૦ | ૩૫૬ |
| | वीरियं संपण्णे | ૮ | ૨૨૩ |
| | વેદિકા પ્રતિલેખના | ૬ | ૧૨૬ |
| | वैयावच्चे | ૫/૧ | ૧૭ |
| | વ્યાપ્તિ | ૧૦ | ૩૫૬ |
| શ | શરીર સંપદા | ૮ | ૨૩૪ |
| | શ્રુત સંપદા | ૮ | ૨૩૪ |
| | શ્રુત જ્ઞાનાવરણીય | ૫/૩ | ૯૬ |
| | શ્રેણિક(જિન નામકર્મ બંધ) | ૯ | ૩૦૦ |
| સ | सज्जंति रज्जंति આદિ છ ક્રિયા | ૫/૧ | ૫ |
| | सण्णा | ૧૦ | ૩૬૮ |
| | સત્ત્વ | ૫/૩ | ૮૪ |
| | સપ્ત સ્વરગુણ-ગુણીફલ(કોષ્ટક) | ૭ | ૧૪૬ |
| | समचउरंसे संठाणे | ૬ | ૧૧૯ |
| | સમક્ષેત્રી નક્ષત્રો | ૬ | ૧૩૬ |
| | समाहि | ૧૦ | ૩૨૫ |
| | समिइ | ૫/૩ | ૮૮ |
| | સમુચ્છેદવાદી | ૮ | ૨૩૮ |
| | समुग्घाए | ૭ | ૨૦૮ |
| | समुदाण किरिया | ૫/૨ | ૫૧ |
| | सव्वेण वि सद्दाइं सुणंति | ૧૦ | ૩૨૦ |
| | सहइ-खमइ આદિ | ૫/૧ | ૩૨ |
| | सहसाकारे | ૧૦ | ૩૪૩ |
| | साई संठाणे | ૬ | ૧૧૯ |
| | સાગાર-અનાગાર પ્રત્યાખ્યાન | ૧૦ | ૩૬૨ |
| | સાતવાદી | ૮ | ૨૩૮ |
| | સાધન(હેતુ) | ૧૦ | ૩૫૬ |
| | સાધ્ય | ૧૦ | ૩૫૬ |
| | સામાયિક સંયમ | ૫/૨ | ૫૯ |
| | સામુચ્છેદિક નિહ્નવ | ૭ | ૨૧૨ |
| | સિદ્ધ ગતિ અને વિગ્રહ ગતિ | ૧૦ | ૩૬૦ |
| | સુચિકુશાગ્ર સંવર | ૧૦ | ૩૨૩ |
| | सुत्तपज्जवजाए धारेइ | ૫/૧ | ૨૦ |
| | सुपरिण्णाया | ૫/૧ | ૬ |
| | સુપ્ત જાગૃત અસંયમી | ૫/૨ | ૫૪ |
| | સુપ્ત સંયમી | ૫/૨ | ૫૪ |
| | સૂક્ષ્મ સંપરાય સંયમ | ૫/૨ | ૫૯ |
| | सेढीओ | ૭ | ૧૯૯ |
| | सोए(શૌચ-શુદ્ધિ) | ૫/૩ | ૮૧ |
| | संकिलेसे | ૧૦ | ૩૫૦ |
| | સંકેત પ્રત્યાખ્યાન | ૧૦ | ૩૬૨ |
| | સંગ્રહ સંપદા | ૮ | ૨૩૫ |
| | संघयण | ૬ | ૧૧૮ |
| | संजमो | ૭ | ૧૯૫ |
| | संठाणे | ૬ | ૧૧૯ |
| | संबुका वट्टा | ૬ | ૧૩૪ |
| | સંમૂર્ચ્છિમ વનસ્પતિ | ૬ | ૧૧૨ |
| | સ્વ લક્ષણ દોષ | ૧૦ | ૩૫૬ |
| હ | हाडहडा आरोपणा [ભાવાર્થ] | ૫/૨ | ૬૨ |
| | हुंडे संठाणे | ૬ | ૧૧૯ |
| | હેતુ દોષ | ૧૦ | ૩૫૬ |
| ત્ર | ત્રૈરાશિક નિહ્નવ | ૭ | ૨૧૩ |
| જ્ઞ | જ્ઞાનાવરણીયાદિ આઠ કર્મો | ૮ | ૨૨૫ |


❖❖❖❖❖

## પરિશિષ્ટ–ર

# દસ પ્રકારની પ્રવ્રજ્યાના કથાનકો

સ્થાન ૧૦, સૂત્ર–૧૫માં પ્રવ્રજ્યાના દસ પ્રકાર પ્રદર્શિત કર્યા છે. વાસ્તવમાં તે પ્રવ્રજ્યાના કારણો છે. વૃત્તિકારે તેના ઉદાહરણોનો નામોલ્લેખ કર્યો છે. મલયગિરિની આવશ્યક ટીકા, ઉત્તરાધ્યયન વૃત્તિ વગેરેમાં તેના કથાનકો દષ્ટિગોચર થાય છે, તે આ પ્રમાણે છે.

**(૧) છંદા પ્રવ્રજ્યા :–** પોતાની કે અન્યની ઈચ્છાના કારણે જે પ્રવ્રજ્યા ગ્રહણ થાય તે છંદા પ્રવ્રજ્યા કહેવાય છે. તેના બે દષ્ટાંત રજૂ કરવામાં આવ્યા છે. ૧. ગોવિંદ વાચક અને ૨. સુંદરીનંદ.

**ગોવિંદ વાચક :–** ગોવિંદ નામના એક બૌદ્ધ ભિક્ષુ હતા. એક જૈનાચાર્યે વાદમાં તેને ૧૮ વાર પરાજિત કર્યા. વારંવારના પરાજયથી દુઃખી થઈને તેણે વિચાર્યુ કે ''જ્યાં સુધી હું જૈનોના સિદ્ધાંતને સારી રીતે સમજીશ નહીં, ત્યાં સુધી વાદમાં જૈનાચાર્યને જીતી શકીશ નહીં. વાદમાં જીત મેળવવા મારે જૈન સિદ્ધાંતોનો અભ્યાસ કરવો જરૂરી છે.'' આ પ્રમાણે વિચાર કરી તેઓ જૈનાચાર્ય પાસે આવ્યા અને જૈનસિદ્ધાંતોનો અભ્યાસ શરૂ કર્યો. તેના જ્ઞાન પુરુષાર્થે જ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ વધવા લાગ્યો અને તેણે જૈન સિદ્ધાંત સંબંધી સર્વ જ્ઞાન પ્રાપ્ત કરી લીધું.

આ અભ્યાસના ફળ સ્વરૂપે તેને જૈનદીક્ષા ગ્રહણ કરવાની ઈચ્છા જાગૃત થઈ. તેણે સર્વ વાત સરળતાપૂર્વક આચાર્યને કરી. આચાર્યે તેમને દીક્ષિત કર્યા અને સમય જતાં તેઓ આચાર્ય પદ ઉપર અધિષ્ઠિત થયા. તેઓ ગોવિંદવાચક નામે પ્રસિદ્ધ થયા.

**સુંદરી નંદ :–** પ્રાચીન કાળમાં નાસિક નામના ગામમાં નંદ વણિક પોતાની સુંદરી નામની પત્ની સાથે રહેતો હતો. તે સુંદરી ઉપર એટલો બધો મોહિત હતો કે પળવાર પણ તેનાથી દૂર જતો નહીં. પત્ની પ્રત્યેની અત્યંત પ્રીતિના કારણે લોકો તેને 'સુંદરીનંદ' જ કહેતા.

સુંદરીનંદના મોટાભાઈએ દીક્ષા લીધી હતી. નાના ભાઈની આસકિતની વાતો સાંભળીને, ભાઈ નરકગામી બની ન જાય, તે માટે તેને પ્રતિબોધિત કરવા તેઓ નગરમાં પધાર્યા અને ભાઈને ઘેર ગૌચરી અર્થે ગયા. સુંદરીનંદે આહાર-પાણી વહોરાવ્યા એટલે મુનિએ પોતાનું પાત્ર તેના હાથમાં પકડાવી દીધું અને પોતાની સાથે ચાલવા કહ્યું. વડિલ મુનિભાઈની સમક્ષ કાંઈ પણ બોલ્યા વિના તે તેમની સાથે ચાલવા લાગ્યા. મુનિ તેને પોતાની સાથે ઉદ્યાનમાં લઈને આવ્યા. તત્પશ્ચાત્ તેને પ્રવ્રજિત થવા ઉપદેશ આપ્યો પણ સુંદરીનંદ ઉપર તેનો પ્રભાવ પડયો નહીં.

લબ્ધિસંપન્ન મુનિએ તેને પ્રતિબોધિત કરવા પોતાની લબ્ધિ બતાવવાનું વિચાર્યું અને મેરુપર્વત ઉપર ફરવા જવા નાના ભાઈને આમંત્રણ આપ્યું પણ તે સુંદરીને છોડીને જવા તૈયાર ન હતો. મુનિએ કહ્યું "આપણે એકાદ મુહૂર્તમાં જ પાછા આવી જશું", ત્યારે તે મુનિ સાથે મેરુપર્વત ઉપર જવા તૈયાર થયો.

મુનિની લબ્ધિથી બંને મેરુપર્વત ઉપર ફરીને થોડીવારમાં પાછા આવી ગયા. લબ્ધિ પ્રયોગ અને મેરુદર્શનથી પણ સુંદરીનંદનું મન પલટાયું નહીં. ત્યારે મુનિએ ત્રીજો ઉપાય અજમાવ્યો.

મુનિએ પોતાની વૈક્રિય લબ્ધિથી એક વાનર યુગલની વિકુર્વણા-રચના કરી અને સુંદરીનંદને પૂછ્યું કે "આ વાંદરી અને સુંદરીમાં વધુ સુંદર કોણ છે ? ત્યારે તેણે કહ્યું કે "ભગવન ! બંને વચ્ચે તુલના શક્ય જ નથી. સરસવ અને મેરુ વચ્ચે જેટલું અંતર છે, તેટલું અંતર આ બંને વચ્ચે છે." તત્પશ્ચાત મુનિએ વિદ્યાધર યુગલની રચના કરી અને તે જ પ્રશ્ન પુનઃ પૂછયો, ત્યારે તેણે જવાબ આપ્યો કે "ભગવન ! બંને તુલ્ય છે." હવે મુનિએ દેવ યુગલની વિકુર્વણા કરી અને પુનઃ તે જ પ્રશ્ન પૂછયો. આ સમયે સુંદરીનંદે કહ્યું કે "ભગવન ! દેવાંગના પાસે તો સુંદરી, વાંદરી જેવી લાગે છે. તે બંનેની તુલના શક્ય જ નથી." ત્યારે મુનિએ કહ્યું કે આવી દેવાંગનાઓની પ્રાપ્તિ તો થોડા ધર્માચરણથી થઈ જાય છે. આ સાંભળી, દેવાંગનાનું રૂપ જોઈ, સુંદરી પરનો તેનો મોહ ભાવ ઘટી ગયો અને સુંદરીનંદે દીક્ષા ગ્રહણ કરી.

**(ર) રોષા પ્રવ્રજ્યા :–** રોષના કારણે દીક્ષા ગ્રહણ કરાય તે. શિવભૂતિએ રોષના કારણે દીક્ષા ગ્રહણ કરી હતી.

**શિવભૂતિ :–** પ્રાચીન કાળમાં રથવીરપુરનગરના દીપક નામના ઉદ્યાનમાં એકદા શ્રી કૃષ્ણાચાર્ય બિરાજમાન હતા. તે નગરમાં એક શિવભૂતિ નામનો મલ્લ રહેતો હતો. તે સાહસિક અને પરાક્રમી હતો. એકવાર તે નોકરીની પ્રાર્થના લઇ રાજા પાસે ગયો. રાજાએ કહ્યું કે મારી પરીક્ષામાં ઉત્તીર્ણ થઇશ તો તને નોકરીએ રાખીશ.

થોડા સમય પછી રાજાએ તેને બોલાવ્યો અને કહ્યું કે આજે ચૌદશ છે. મધ્યરાત્રે તારે સ્મશાનમાં માતાજીના મંદિરે જવાનું છે. માતાજીને નૈવેધ ધરી પાછા આવવાનું છે. રાજાની આજ્ઞા પ્રમાણે તે રાત્રે મંદિરે ગયો. ત્યાં રાજાના સંકેતાનુસાર અન્ય નોકરો વિવિધ રૂપ લઈ તેને ડરાવવા પ્રયત્ન કરવા લાગ્યા પણ શિવભૂતિ જરા પણ ડર્યો નહીં, તેનું રૂવાડું ય ફરકયું નહીં કે મુખની રેખામાં પણ પરિવર્તન થયું નહીં. આ પરીક્ષામાં ઉત્તીર્ણ થતાં રાજાએ તેને નોકરીમાં રાખી લીધો.

એકવાર રાજાએ પોતાના સેનાપતિને મથુરા ઉપર જીત મેળવવા જવાનો આદેશ આપ્યો. સેના સાથે સેનાપતિએ પ્રસ્થાન કર્યું. સેના સાથે મલ્લ શિવભૂતિ પણ હતો. શિવભૂતિએ સેનાપતિને કહ્યું કે આપણે રાજાસાહેબને પૂછયું નહીં, મથુરા કે પાંડુ મથુરા, કઈ મથુરા ઉપર વિજય મેળવવો છે ? રાજાને પૂછવા માટે પાછા ફરવું ઉચિત ન લાગતા, બંને મથુરા ઉપર વિજય મેળવવાનું નિશ્ચિત કર્યું અને શિવભૂતિએ કહ્યું કે દુર્જેય હોય તે મથુરા મને સોંપો. ત્યારે સેનાપતિએ પાંડુમથુરા જીતવાનું કાર્ય શિવભૂતિને સોંપ્યું.

શિવભૂતિએ પાંડુમથુરા સમીપે પહોંચી ત્યાંના કિલ્લાને તોડી નાંખ્યો. તે કિલ્લાની સમીપે રહેતા લોકોને હેરાન કરવા લાગ્યો. તેના ભયથી નગર ખાલી થઇ ગયું અને નગરને જીતી તે રાજા પાસે પહોંચ્યો. રાજાએ પ્રસન્ન થઈ વરદાન માંગવા કહ્યું. તેણે આખા નગરમાં મનફાવે ત્યાં જવાની, ફરવાની છૂટ માંગી. રાજાનું ફરમાન થતાં તે આખા નગરમાં ઈચ્છાનુસાર ફરવા લાગ્યો.

હવે તે ફરતાં-ફરતાં ક્યારેક અર્ધી રાતે ઘેર આવે. તો ક્યારેક આખી રાત ફરતો રહે અને સવારે ઘેર આવે. તેની પત્ની તેની રાહ જોતી બેઠી રહેતી. તેના આવા પ્રકારના વ્યવહારથી કંટાળીને તેની પત્નીએ પોતાની સાસુને વાત કરી. તેની સાસુએ કહ્યું– ''આજે તું સુઇ જા, હું જાગીશ.'' અર્ધી રાતે શિવભૂતિએ દરવાજો ખટખટાવ્યો. માતાએ ઠપકો આપતા કહ્યું– ''આ સમયે જ્યાં દરવાજા ખુલ્લા હોય ત્યાં ચાલ્યો જા, હું દરવાજો ખોલવાની નથી.'' આ સાંભળી શિવભૂતિ ખૂબ ગુસ્સે થયો. રોષમાંને રોષમાં ત્યાંથી ચાલ્યો ગયો. તેમણે સાધુના ઉપાશ્રયના દરવાજા ખુલ્લા જોયા. તે અંદર ગયો અને ત્યાં આચાર્યને બેઠેલા જોયા. તેમણે આચાર્યને વંદન કરીને કહ્યું– ''મને પ્રવ્રજિત કરો.'' આચાર્યે પ્રવ્રજ્યા આપવાની અનીચ્છા પ્રગટ કરી તો તેણે પોતાના હાથે જ લોચ કરી લીધો ત્યારે આચાર્યશ્રીએ તેને સાધુવેષ અને સાધુના ઉપકરણો આપ્યા અને આચાર્ય સાથે તે સંત બની વિચરવા લાગ્યા.

**(૩) પરિજીર્ણા પ્રવ્રજ્યા :–** ગરીબીના કારણે દીક્ષા ગ્રહણ કરાય તે. આચાર્ય સુહસ્તિના શિષ્યે ગરીબીના કારણે દીક્ષા લીધી હતી.

**આચાર્ય સુહસ્તિના શિષ્ય :–** એકદા આચાર્ય સુહસ્તિ કૌશાંબી નગરીમાં પધાર્યા. મુનિઓ ભિક્ષા માટે નીકળ્યા. એક ગરીબ વ્યક્તિએ ભિક્ષા લઇ જતા મુનિઓને જોયા અને ભોજન માંગ્યું. મુનિઓએ કહ્યું કે ''અમારા આચાર્ય પાસે ભોજન માંગો, અમે તે ન આપી શકીએ.'' ત્યારે તે ગરીબ માનવ સાધુ સાથે ઉપાશ્રયે ગયો અને આચાર્યને ભોજન આપવા પ્રાર્થના કરવા લાગ્યો. આચાર્યે કહ્યું કે ''અમે આ રીતે ભોજન આપી શકીએ નહીં. તું જો દીક્ષા ગ્રહણ કરે તો તને ભરપેટ જમાડીએ. ક્ષુધાથી પીડિત તે માનવે ગરીબીના કારણે દીક્ષા અંગીકાર કરી.

**(૪) સ્વપ્ન પ્રવ્રજ્યા :–** સ્વપ્નના કારણે જે દીક્ષા લેવાય તે. પુષ્પચૂલા સાધ્વીએ સ્વપ્ન સંકેતથી પ્રવ્રજ્યા ગ્રહણ કરી હતી.

**પુષ્પચૂલા સાધ્વી :–** પ્રાચીનકાળમાં ગંગાનદીના કિનારે પુષ્પભદ્ર નામનું નગર હતું. તે નગરમાં રાજા પુષ્પકેતુ અને રાણી પુષ્પવતી નિવાસ કરતા હતા. એકદા રાણીએ પુષ્પચૂલ નામના એક પુત્રને અને પુષ્પચૂલા નામની એક પુત્રીને જોડલે જન્મ આપ્યો. તે બંને બાળકોને પરસ્પર ઘણો સ્નેહ હતો. રાજાએ વિચાર કર્યો કે 'આ બંને બાળકો વચ્ચે ગાઢ સ્નેહ છે. તે બંને અલગ થશે તો, તેઓ જીવતા નહીં રહી શકે માટે તે બંનેના લગ્ન કરી દઉં. રાણીએ રાજાના આ વિચારનો વિરોધ કર્યો પરંતુ રાજાએ રાણીના વિરોધની અવગણના કરીને તે બંનેના લગ્ન કરાવી દીધા.

આ પ્રસંગથી દુઃખી થયેલી તેમજ રાજાથી અપમાનિત થયેલી રાણીને વૈરાગ્ય ભાવ ઉત્પન્ન થયો અને તેણે દીક્ષા ગ્રહણ કરી લીધી. સંયમ અને તપનું આચરણ કરી દેવલોકમાં દેવ રૂપે ઉત્પન્ન થઈ.

પુષ્પચૂલ અને પુષ્પચૂલા યુવાવયને પ્રાપ્ત થતાં (પોતાના ભૂતપૂર્વ સંબંધથી અજ્ઞાત તેઓ બંને) ભોગ ભોગવતા રહેવા લાગ્યા અને રાજા પુષ્પકેતુના મૃત્યુ બાદ પુષ્પચૂલે રાજગાદી સંભાળી લીધી.

દેવ બનેલી પુષ્પવતીએ અવધિજ્ઞાન દ્વારા પોતાની પુત્રીને પોતાના જ ભાઈ (પતિ) સાથે ભોગ

ભોગવતા જોઈ. પુત્રી સ્નેહથી તે નરકગામી ન બને તેની તેને ચિંતા રહેવા લાગી. આ અપકૃત્યમાંથી ઉગારી, પુત્રીને સન્માર્ગે લાવવા દેવે સ્વપ્નમાં દારૂણ દુઃખથી પીડિત નારકીઓનું દર્શન કરાવ્યું. નરકના ભયાનક દશ્યોથી પુષ્પચૂલા ખૂબજ ભયભીત બની ગઈ. તેણે પોતાના પતિને સ્વપ્નની વાત કરી. પુષ્પચૂલાના આ ઉપદ્રવને શાંત કરવા તેણે શાંતિકર્મ કરાવ્યું પરંતુ દેવ પ્રતિદિન નરકના ભયાનક દશ્યો સ્વપ્ન દ્વારા દેખાડતો રહ્યો.

રાજાએ જુદા-જુદા ધર્માચાર્યોને બોલાવીને રાણીના સ્વપ્નદર્શનની વાત કરી પરંતુ કોઈ તેના મનનું સમાધાન કરી ન શક્યું. જૈનાચાર્ય અર્ણિકાપુત્રે જૈનાગમ કથિત નરકનું વર્ણન કર્યું. તે વર્ણન અને સ્વપ્ન દર્શન એક સમાન હોવાથી રાણીના મનનું સમાધાન થયું અને તેણે નરકગમનના કારણો પૂછ્યા. આચાર્યે તે કારણો રજૂ કર્યાં, તે સાંભળી પુષ્પચૂલા વૈરાગ્યવાસિત બની અને પોતાના દુષ્કૃત્યનો પશ્ચાતાપ કરતાં સંયમ લેવા તત્પર બની. થોડા દિવસ પછી રાણીએ સ્વપ્નમાં સ્વર્ગના દશ્ય જોયા. આચાર્ય પાસેથી તેનું પણ સમાધાન મળતા તે પ્રવ્રજિત બની ગઈ.

**(૫) પ્રતિશ્રુતા પ્રવ્રજ્યા :–** પ્રતિજ્ઞાના કારણે જે દીક્ષા લેવાય તે. ધન્ના અણગારે પ્રતિજ્ઞાપૂર્વક દીક્ષા અંગીકાર કરી હતી.

**ધન્ના અણગાર :–** રાજગૃહ નગરમાં ધન્ના નામનો સાર્થવાહ રહેતો હતો. શાલિભદ્રની નાની બહેન સુભદ્રા તેની પત્ની હતી. શાલિભદ્રની દીક્ષાની વાત સુભદ્રાના કાન સુધી પહોંચી. તેણીએ સાંભળ્યું કે તેનો ભાઈ શાલિભદ્ર પ્રતિદિન એક-એક પત્નીનો ત્યાગ કરે છે. ૩૨ દિવસ પશ્ચાત્ તે દીક્ષા ગ્રહણ કરશે.

ભાઈની દીક્ષાના સમાચારથી દુઃખી સુભદ્રા તેના પતિને સ્નાન કરાવતી હતી. ભાઈના ત્યાગની વાત યાદ આવી જતા તેની આંખો આંસુથી ભરાઈ ગઈ અને આંખમાંથી આંસુ ટપકીને ધન્નાના વાંસા ઉપર પડ્યા. આંસુનો ગરમ સ્પર્શ થતાં તેણે ચમકીને પત્નીના મુખ સામે જોયું અને પત્નીને રડવાનું કારણ પૂછ્યું. સુભદ્રાએ કહ્યું– મારો ભાઈ દીક્ષાની તૈયારી કરી રહ્યો છે. રોજ એક પત્ની અને એક શય્યાનો ત્યાગ કરી રહ્યો છે. આ સાંભળતા ધન્ના એ કહ્યું કે ''તારો ભાઈ તો કાયર છે, જો દીક્ષા લેવી જ હોય તો એક સાથે ત્યાગ કેમ કરતો નથી ?'' આ સાંભળતા સુભદ્રાએ તેનો ઉપહાસ કરતાં કહ્યું– "બોલવું સહેલું છે, કરવું અઘરું છે. તમે દીક્ષા લઇ બતાવોને !" આ સાંભળતા ધન્નાએ કહ્યું– તારી વાત બરાબર છે. આજે હું પ્રતિજ્ઞા કરું છું કે હું શીઘ્ર દીક્ષા ગ્રહણ કરીશ અને આ બધુ છોડી હું તો આ ચાલ્યો," તેમ કહી તે જ વસ્ત્રે ઘરનો ત્યાગ કરી ચાલી નીકળ્યો. શાલિભદ્રને પણ સાથે લઈ ભગવાન પાસે જઈ તેઓ બંને પ્રવ્રજિત થયા.

**(૬) સ્મરણિકા પ્રવ્રજ્યા :–** જાતિ સ્મરણજ્ઞાન દ્વારા પૂર્વજન્મની સ્મૃતિના કારણે લેવાતી દીક્ષા. મલ્લિનાથ ભગવાનના પૂર્વ ભવના છ મિત્રોએ જાતિસ્મરણ જ્ઞાનપૂર્વક દીક્ષા લીધી હતી.

**મલ્લિનાથના છ મિત્ર :–** વિદેહ દેશની રાજધાની મિથિલાના કુંભરાજાની પુત્રી મલ્લિકુમારી હતી. તેના પૂર્વભવના છ મિત્રો, છ રાજા રૂપે ઉત્પન્ન થયા હતા. સાકેતનગરના રાજા **પ્રતિબુદ્ધિ,** ચંપાનગરીના

રાજા **ચંદ્રચ્છાય,** શ્રાવસ્તીનગરીના રાજા **રુકમી,** વારાણસીના રાજા **શંખ,** હસ્તિનાપુરના રાજા **અદીનશત્રુ** અને કાંપિલ્યપુરના રાજા **જિતશત્રુ,** આ છ એ રાજાઓ મલ્લિકુમારીનું નામ સાંભળતા જ તેના અનુરાગી બની ગયા. તેઓએ મલ્લિકુમારી સાથે લગ્ન કરવાના પ્રસ્તાવ સાથે દૂતને કુંભરાજા પાસે મોકલ્યા. છએ રાજ્યના દૂતોએ મિથિલામાં જઈ પોતાના રાજા માટે મલ્લિકુમારીની માંગણી કરી. કુંભરાજાએ તે રાજાઓને મલ્લિકુમારી માટે અયોગ્ય કહી તિરસ્કારપૂર્વક વિદાય કરી દીધા.

સ્વદેશમાં આવેલા પોતાના દૂત પાસેથી કુંભરાજાના વલણને જાણી ક્રોધિત બની, તેઓએ યુદ્ધ માટે મિથિલા તરફ પ્રયાણ કર્યું અને છ એ રાજાઓએ સાથે મળી મિથિલાને ઘેરી લીધું.

મલ્લિકુમારીએ અવધિજ્ઞાન દ્વારા પૂર્વભવના તે છ એ મિત્રોને પ્રતિબોધિત કરવા પોતાના ઘરના ઉદ્યાનમાં એક વિશિષ્ટ ભવનનું નિર્માણ કરાવ્યું હતું. તે ભવનના મધ્ય ઓરડાની ચારે બાજુ એક-એક તેમ છ ઓરડા કરાવ્યા હતા. તે ઓરડાના જાળીયામાંથી મધ્ય ઓરડામાં રહેલી પ્રતિમાને જોઈ શકે પણ પરસ્પર એક બીજાને જોઈ ન શકે તેવી વ્યવસ્થા કરાવી હતી અને મધ્ય ઓરડામાં પોતાની એક પ્રતિમા સ્થાપિત કરાવી હતી. તે પ્રતિમાના મસ્તક ઉપર છિદ્ર હતું. તે છિદ્ર દ્વારા મલ્લિકુમારી પ્રતિદિન આહારનો એક કવલ પ્રતિમાની અંદર નાંખીને છિદ્રને ઢાંકી દેતી હતી.

એક સાથે છ રાજાઓના હુમલાથી કુંભરાજા ચિંતામગ્ન બની ગયા. ત્યારે મલ્લિકુમારીએ પિતાને કહ્યું, ''તમે ચિંતા ન કરો. છએ રાજાને મલ્લિકુમારી મળવા બોલાવે છે, તેમ કહી મારા ઉદ્યાનમાં લઈ આવો.'' કુંભરાજાએ અલગ-અલગ રીતે છ એ રાજાઓને સંદેશ આપી, ઉદ્યાનના ભવનના છ એ ઓરડામાં તેઓને બેસાડયા. જાળીયામાંથી મલ્લિકુમારીની પ્રતિમાને નીહાળી, અત્યંત આસક્ત બની, તેઓ નિર્નિમેષ દષ્ટિથી તે પ્રતિમાને મલ્લિકુમારી માનીને જોવા લાગ્યા.

મલ્લિકુમારીએ ગુપ્ત રીતે તે પ્રતિમાના છિદ્ર ઉપરનું ઢાંકણ ખોલી નાંખ્યું. ઢાંકણ ખુલતા જ અસહ્ય દુર્ગંધ ચારે બાજુ ફેલાઈ ગઈ. છએ રાજાઓ નાકે ડૂચો દઈ, બહાર નીકળી જવા પ્રયત્નશીલ બન્યા ત્યારે મલ્લિકુમારીએ પ્રગટ થઈ કહ્યું, "તમે ભાગો છો કયાં ? આ દુર્ગંધ તો પુદ્ગલનું પરિણામ છે. તેમ કહી, પોતાના પૂર્વભવની વાત કરી, તે સાંભળતા છ એ રાજાઓને જાતિસ્મરણ જ્ઞાન થયું અને પ્રવ્રજ્યા લેવા તૈયાર થયા. પોષ સુદ-૧૧ના મલ્લિકુમારીએ દીક્ષા લીધી ત્યારે આ છ મિત્રો સહિત ૩૦૦ પુરુષો અને ૩૦૦ સ્ત્રીઓ પણ દીક્ષિત થયા.

**(૭) રોગિણિકા :–** રોગના કારણે જે દીક્ષા લેવાય તે. સનત્કુમાર ચક્રવર્તીએ રોગના કારણે દીક્ષા લીધી હતી.

**સનત્કુમાર ચક્રવર્તી :–** ત્રીજા ચક્રવર્તી સનત્કુમાર અતિ સ્વરૂપવાન હતા. તેના રૂપની પ્રશંસા દેવલોકમાં પણ થતી હતી. એક વાર ઈન્દ્રે તેના રૂપની પ્રશંસા કરી. બે દેવને ઈન્દ્રની વાતની પરીક્ષા કરવા અને સનત્કુમારનું રૂપ જોવાની ઈચ્છા થઈ. તે બંને દેવ બ્રાહ્મણનું રૂપ ધારણ કરીને રાજમહેલમાં ગયા. તે સમયે ચક્રવર્તી શરીરે તેલ માલિશ કરાવતા હતા. તેઓ ચક્રવર્તીનું અનાવૃત્ત રૂપ જોઈને, આશ્ચર્યચકિત બની ગયા.

સનત્કુમારે બ્રાહ્મણ રૂપધારી દેવોને મહેલમાં પધારવાનું પ્રયોજન પૂછ્યું. ત્યારે તેઓએ કહ્યું, “ત્રણ લોકમાં તમારા રૂપની પ્રશંસા થઈ રહી છે, તેને અમારી આંખોથી જોવા આવ્યા છીએ." ચક્રવર્તીએ ગર્વથી કહ્યું, "મારા વાસ્તવિક રૂપને જોવું હોય તો રાજસભામાં આવજો. સ્નાન કરી તૈયાર થઈ રાજસભામાં આવું ત્યારે મારું રૂપ દર્શનીય હોય છે. તે બંને દેવ ત્યાંથી ચાલ્યા ગયા અને સભાના સમયે પુનઃ આવ્યા.

રાજા શોભા-શણગાર સહિત સભામાં બિરાજમાન હતા, ત્યાં તેઓ આવ્યા. આ સમયે રાજાના રૂપને નિહાળી તેઓ ખિન્ન થઈ ગયા. રાજાના શરીરમાં ૧૬ મહારોગ ઉત્પન્ન થઈ ગયા હતા. તેઓ બોલ્યા, "શું મનુષ્યના રૂપ લાવણ્ય અને યૌવન આટલા ક્ષણભંગુર હશે ?" તેમના આવા ઉદ્‌ગાર અને અપ્રસન્ન મુખમુદ્રા જોઈ ચક્રીએ પૂછ્યું– શું મારું રૂપ તમને બરાબર ન લાગ્યું ? ત્યારે દેવોએ કહ્યું, "૧૬ મહારોગના જંતુઓ આપના શરીરમાં પ્રવેશી ચૂકયા છે," દેવોના કહેવા અનુસાર શરીરમાં વ્યાપ્ત ઝેરની પરીક્ષા કરવા રાજા થૂંકયા અને તે થૂંકથી માખીઓ મરી જવા લાગી. આ પરીક્ષા પછી પોતાનું શરીર રોગોથી વ્યાપ્ત થઈ ગયું છે, તેની ખાતરી થતાં રાજા વિચારવા લાગ્યા કે મારા યૌવનનું તેજ કેટલા ટૂંક સમયમાં ક્ષીણ થઈ ગયું ! આ શરીર અને સંસાર અસાર છે, રૂપ-યૌવનનું અભિમાન કરવું તે મૂર્ખતા છે, ભોગોનું સેવન તે ગાંડપણ છે, પરિગ્રહ તે બંધન છે. આ પ્રમાણે વિચારી પુત્રને રાજ્ય સોંપી વિરત નામના આચાર્ય પાસે પ્રવ્રજિત થયા.

**(૮) અનાદતા પ્રવ્રજ્યા :–** અનાદર થવાના કારણે જે દીક્ષા લેવાય તે. બ્રાહ્મણપુત્ર નંદિષેણે લોકમાં અનાદર થવાથી દીક્ષા ગ્રહણ કરી હતી.

**નંદિષેણ :–** મગધ દેશના નંદિ નામના ગામમાં ગૌતમ બ્રાહ્મણ અને ધારિણી બ્રાહ્મણી રહેતા હતા. ધારિણી ગર્ભવતી બની અને છ મહિના થયા ત્યાં તેના પતિ ગૌતમનું મૃત્યુ થયું. બાળકને જન્મ આપી ધારણી પોતે મૃત્યુ પામી. હવે આ જન્મજાત બાળકને તેના મામા પોતાના ઘેર લઈ ગયા. બાળકનું નામ નંદિષેણ રાખવામાં આવ્યું. નંદિષેણ ખૂબ જ કદરૂપો હતો. આખા ગામના લોકો તેનો તિરસ્કાર અને અનાદર કરતાં, નાના-મોટા બધા જ તેની હાસ્ય-મશ્કરી કરતાં હતાં. નંદિષેણ મોટો થતાં બધાના અનાદરથી દુઃખી થવા લાગ્યો. એક દિવસ મામાએ ભાણેજને આશ્વાસન આપતા કહ્યું, તું દુઃખી ન થા, હું તને કુંવારો નહીં રહેવા દઉં. મારે ત્રણ કન્યા છે, તેમાંથી એક કન્યાના લગ્ન તારી સાથે કરાવીશ. પરંતુ તેની ત્રણે પુત્રીઓએ કદરૂપા એવા નંદિષેણ સાથે લગ્ન કરવાની ના પાડી દીધી.

આ વાતથી નંદિષેણને ખરાબ લાગ્યું. “આવું તિરસ્કૃત જીવન જીવવા કરતાં મરી જવું સારું” તેમ વિચારી આત્મહત્યા માટે ઘેરથી નીકળી ગયો. રસ્તામાં તે એક મુનિના સંપર્કમાં આવ્યો. તેમના ઉપદેશથી વૈરાગ્યવાન બન્યો અને નંદીવર્ધનસૂરી પાસે પ્રવ્રજિત થયો.

**(૯) દેવ સંજ્ઞપ્તિ પ્રવ્રજ્યા :–** દેવથી પ્રતિબોધિત થઈ જે દીક્ષા લેવાય તે. મેતાર્યે દેવથી બોધ પામી દીક્ષા ગ્રહણ કરી હતી.

**મેતાર્ય :–** મેતાર્ય પૂર્વભવમાં પુરોહિતનો પુત્ર હતો. તેને રાજપુત્ર સાથે મૈત્રી હતી. રાજપુત્રના કાકા

સાગરચંદ્રે દીક્ષા લીધી હતી. એકદા આચાર્ય સાગરચંદ્રે રાજપુત્ર અને પુરોહિત પુત્રને કપટ કરી દીક્ષા આપી દીધી. બંને મિત્રો દીક્ષાનું પાલન તો કરવા લાગ્યા. રાજપુત્રને તો પોતાના જ કાકા હોવાથી તેમના પ્રતિ દુર્ભાવ ન થયો પરંતુ પુરોહિત પુત્રને આચાર્ય સાગરચંદ્ર પ્રતિ દુર્ભાવ તથા અતિ દુર્ગંચ્છા થવા લાગી. એકવાર બંને મિત્રોએ પરસ્પર એવી પ્રતિજ્ઞા કરી કે અહીંથી દેવલોકમાં ઉત્પત્તિ થાય અને દેવલોકમાંથી જે પહેલા ચ્યવીને મૃત્યુલોકમાં ઉત્પન્ન થાય તેમને, પ્રતિબોધિત કરવાનું કાર્ય દેવલોકમાં જે હોય તેણે કરવું, જેથી માનવ ભવ હારી ન જવાય. બંને મિત્ર મૃત્યુ પામી દેવ થયા અને પુરોહિત પુત્રના જીવે દેવલોકમાંથી પ્રથમ આયુષ્ય પૂર્ણ કર્યું. મુનિ પ્રત્યેની દુર્ગંચ્છાના કારણે તે રાજગૃહી નગરમાં મેય નામના ચાંડાલને ત્યાં પુત્ર રૂપે જન્મ્યો.

આ ચાંડાલની પત્નીને એક શેઠાણી સાથે ગાઢ મિત્રતા હતી. તે શેઠાણી હંમેશાં મૃત સંતાનને જ જન્મ આપતી હતી. ચાંડાલિનીએ જ્યારે આ પુત્રને જન્મ આપ્યો ત્યારે જ શેઠાણીએ મૃત કન્યાને જન્મ આપ્યો. શેઠાણીએ મેયપત્નીને બાળકની અદલા-બદલી કરવાનું પહેલેથી કહી રાખ્યું હતું અને અતિ મિત્રતાના કારણે ચાંડાલિની આનાકાની કરી શકી નહીં. શેઠાણીએ ચાંડાલિની પાસેથી પુત્ર ગ્રહણ કરી, ચાંડાલિનીના પગ ઉપર બાળકને મૂકી કહ્યું કે 'તારા પ્રભાવથી આ જીવિત રહે.' તેમ કહી, તેનું નામ મેતાર્ય રાખ્યું.

હવે મેતાર્ય શેઠના ઘેર મોટો થવા લાગ્યો. મેતાર્ય સર્વ કળામાં નિપુણ થઈ ગયો. તેણે યૌવનમાં પ્રવેશ કર્યો ત્યારે તેના મિત્ર દેવે પૂર્વ સંકેતાનુસાર તેને પ્રતિબોધિત કરવા ઉપદેશ આપ્યો પણ મેતાર્યે તેની વાતનો સ્વીકાર ન કર્યો.

આઠ શ્રેષ્ઠી કન્યાઓ સાથે લગ્ન કરવા મેતાર્ય પાલખીમાં બેસી જઈ રહ્યો હતો ત્યારે મિત્રદેવે 'મેય' ચાંડાલના શરીરમાં પ્રવેશ કર્યો. મેય જોર-જોરથી રોવા લાગ્યો અને બોલવા લાગ્યો કે આજે મારી પુત્રી જીવિત હોત તો હું પણ તેના વિવાહની તૈયારી કરત. તેની પત્નીએ તે કન્યા અને પુત્રની અદલાબદલીની વાત ચાંડાલને કરી. તે સાંભળતા જ દેવ પ્રભાવથી મેય ઊઠયો અને મેતાર્યની શિબિકા પાસે જઈને મેતાર્યને શિબિકામાંથી નીચે પછાડીને બોલ્યો– અરે ! તું નીચ જાતિનો હોવા છતાં ઉચ્ચ જાતિની કન્યાઓ સાથે લગ્ન કરવા જઈ રહ્યો છે ? હું તેમ નહીં થવા દઉં. આ ઘટના પછી નગરમાં મેતાર્યની નિંદા થવા લાગી. આઠ કન્યાઓએ તેની સાથે લગ્ન કરવા ના પાડી દીધી. તે સમયે દેવે આવીને પૂર્વભવની સર્વ વાત કહી પ્રવ્રજ્યા લેવા કહ્યું.

મેતાર્યે દેવને કહ્યું, લોકમાં મારો અપયશ ફેલાયો છે તે દૂર કરવા તું રાજકન્યા સાથે લગ્ન કરાવી દે, તો હું ૧૨ વર્ષ સંસારમાં રહી પછી પ્રવ્રજ્યા ગ્રહણ કરીશ. દેવે તેને એક બકરો આપ્યો. તે પ્રતિદિન રત્નની લીંડીઓ આપતો હતો. તે રત્નોનો થાળ ભરી મેતાર્યે રાજાને મોકલ્યો અને રાજકુમારીની માંગણી કરી. રાજાએ તેની વાતને ઠુકરાવી દીધી. મેતાર્ય પ્રતિદિન રત્નોનો થાળ રાજાને અર્પણ કરતો રહ્યો. એક દિવસ મહામંત્રી અભયકુમારે મેતાર્યને પૂછ્યું– "આટલા રત્નો તારી પાસે કયાંથી આવે છે ?" તેણે કહ્યું– "મારી પાસે એક બકરો છે. તે પ્રતિદિન રત્નો આપે છે." અભયકુમારે બકરાને સભામાં લઈ આવવા કહ્યું. મેતાર્ય

બકરાને સભામાં લઈને આવ્યો. બકરાએ સભામાં લીંડીઓ જ મૂકી ત્યારે અભયકુમારે તેમ થવાનું કારણ પૂછ્યું. મેતાર્યે કહ્યું તે દેવ પ્રભાવથી રત્નની લીંડીઓ આપે છે.

મેતાર્યને દૈવી સહાય છે તેની પરીક્ષા કરવા અભયકુમારે તેને વૈભારગિરિ ઉપર રથમાર્ગ નિર્માણ કરવાનું કહ્યું અને તત્કાલ દેવ સહાયથી તે કાર્ય મેતાર્યે પૂર્ણ કર્યું.

અભયકુમારે રાજગૃહીના કિલ્લાને સુવર્ણનો બનાવવા કહ્યું અને દેવ સહાયથી મેતાર્યે કિલ્લાને સોનાનો બનાવી દીધો.

હવે અભયકુમારે કહ્યું કે એક સમુદ્રને તમે અહીં લાવી, તેમાં સ્નાન કરી શુદ્ધ થઈ જાઓ, તો રાજકન્યા સાથે તમારા લગ્ન કરાવશું. દેવપ્રભાવથી મેતાર્ય તેમાં સફળ થયો અને રાજકુમારી સાથે તેના લગ્ન થયા. મેતાર્યના રાજકન્યા સાથેના લગ્નની વાત નગરમાં ફેલાઈ ગઈ. આઠ કન્યાઓના પિતાએ આ વાત સાંભળી તો તેઓએ પુનઃ પોતાની કન્યાઓને સ્વીકારવા મેતાર્ય પાસે પ્રસ્તાવ મૂકયો. મેતાર્યે તે આઠે કન્યાઓ સાથે લગ્ન કર્યા. બાર વર્ષ વ્યતીત થતાં દેવમિત્રે આવી પ્રવ્રજ્યા લેવા પ્રેરણા કરી. આ સમયે મેતાર્યની પત્નીઓએ બીજા બાર વર્ષ પતિના સહવાસ માટે પ્રાર્થના કરી અને દેવે તેમની વાતનો સ્વીકાર કર્યો. ૧૨ વર્ષ વ્યતીત થતાં દેવ પ્રેરણાથી પત્નીઓ સહિત મેતાર્ય પ્રવ્રજિત થયો.

**(૧૦) વત્સલાનુબંધિકા :–** પુત્રના કારણે જે દીક્ષા લેવાય તે. સુનંદાએ પુત્ર સ્નેહના કારણે દીક્ષા લીધી હતી.

**સુનંદા :–** અવંતી નામના દેશના તુંબવન નગરમાં શ્રેષ્ઠીપુત્ર ધનગિરિ અને તેની પત્ની સુનંદા રહેતાં હતાં. સુનંદા ગર્ભવતી હતી ત્યારે ધનગિરિએ આચાર્ય સિંહગિરિ પાસે દીક્ષા ગ્રહણ કરી. નવ માસ પૂર્ણ થતાં સુનંદાએ પુત્રને જન્મ આપ્યો. બાળકનું મોઢું જોવા આવતી સ્ત્રીઓમાંથી કોઈ બોલ્યું કે આ બાળકના પિતાએ દીક્ષા ન લીધી હોત તો કેટલું સારું થાત. નવજાત બાળકે આ વાક્ય સાંભળ્યું અને તે વાક્યનું તેને વારંવાર સ્મરણ થવા લાગ્યું. તેમ કરતાં તેને જાતિસ્મરણ જ્ઞાન (પૂર્વભવોનું જ્ઞાન) ઉત્પન્ન થયું. પૂર્વભવને જોતાં માતાની મમતાથી મુક્ત થવા તેણે રોવાનું શરૂ કર્યું. રાત-દિવસ તે રડતો જ રહ્યો, તેમ કરતાં છ મહિના પસાર થઈ ગયા. માતા પણ બાળકના રુદનથી થાકી ગઈ અને કંટાળી ગઈ. તે સમયમાં આચાર્યની સાથે ધનગિરિમુનિ તે નગરમાં પધાર્યા. ભિક્ષા લેવા સુનંદાને ઘેર પધાર્યા. સુનંદાએ કહ્યું તમે આ બાળકને લઈ જાઓ. અત્યાર સુધી મેં બાળકની રક્ષા કરી છે હવે તમે રક્ષા કરો. મુનિએ કહ્યું– તમે વિચારીને મને બાળક આપજો પાછળથી તમારે પશ્ચાત્તાપ કરવો ન પડે. સુનંદાએ કહ્યું– હું બાળકથી કંટાળી ગઈ છું. હવે તમે લઈ જાઓ. મુનિએ પોતાની ઝોળીમાં છ મહિનાના બાળકને લઇ લીધું અને બાળકે રોવાનું બંધ કરી દીધું.

મુનિ ધનગિરિ ઉપાશ્રયમાં આવ્યા. ઝોળી વજનદાર લાગતા આચાર્યે ઝોળી લેવા હાથ લાંબો કર્યો. ધનગિરિએ આચાર્યશ્રીના હાથમાં ઝોળી આપી દીધી. ઝોળી વજતુલ્ય ભારે લાગી અને અંદર દેવકુમાર સદશ બાળકને જોઈ આચાર્યે કહ્યું, આર્યો ! આ બાળકની રક્ષા કરો. આ બાળક પ્રવચન પ્રભાવક થશે.

અત્યંત ભારે હોવાથી બાળકનું નામ વજ્ર રાખ્યું અને સાધ્વીઓને તે બાળક સોંપી દીધો. સાધ્વીઓએ શય્યાતર(શ્રાવક)ને ત્યાં બાળકને રાખ્યો અને તેને ધર્મ સંભળાવતા રહ્યા.

બાળક શાંત થઈ ગયો છે તે સાંભળી સુનંદાએ શય્યાતર પાસે બાળકની માંગણી કરી, પણ તેણે ના પાડી કે આ તો અમને સોંપવામાં આવેલી થાપણ છે, તે અમે તને આપી ન શકીએ. સુનંદા પ્રતિદિન ત્યાં આવતી, બાળકને સ્તનપાન કરાવી ચાલી જતી. ત્રણવર્ષ પછી ધનગિરિ મુનિ પુનઃ તે નગરમાં પધાર્યા સુનંદાની પુત્ર પ્રાપ્તિની લાલસા તીવ્ર બની. તેણે ધનગિરિ મુનિ પાસે પુત્રની માંગણી કરી, મુનિએ કહ્યું ભિક્ષામાં પ્રાપ્ત વસ્તુ અમે પાછી ન આપીએ. સુનંદા રાજસભામાં ગઈ અને પુત્રને પાછો અપાવવા રાજાને વિનંતી કરી. રાજાએ ધનગિરિ મુનિને બોલાવ્યા. મુનિએ કહ્યું સુનંદાએ મને પુત્ર દાનમાં આપી દીધો છે. નગરજનોએ સુનંદાનો પક્ષ લીધો ત્યારે રાજાએ ન્યાય કરવા કહ્યું કે બાળક જેની પાસે જશે તેને બાળક સોંપવામાં આવશે.

બાળકને બોલાવવાની પ્રથમ તક માતાને આપવામાં આવી. માતાએ રમકડા, મીઠાઈ વગેરે બતાવી બાળકને બોલાવવાનો પ્રયત્ન કર્યો. બાળક વજ્રકુમારે તેની માતાને જોઈ પણ તે તરફ પગ ન ઉપાડયા. માતાએ ત્રણ વાર તેને બોલાવ્યો પણ તે માતા પાસે આવ્યો નહીં. પશ્ચાત્ ધનગિરિ મુનિએ કહ્યું, ‘‘વજ્ર ! કર્મરજને દૂર કરવા આ રજોહરણ ગ્રહણ કર.’’

આ સાંભળતાં જ બાળક દોડયો અને રજોહરણ હાથમાં લઈ લીધો. રાજાએ ધનગિરિમુનિને બાળક સોંપી દીધો. સુનંદાએ વિચાર્યુ-મારા પતિ, પુત્ર બંને પ્રવ્રજિત થઈ ગયા છે. તો હવે મારે ઘરમાં રહીને શું કરવું ? હવે મારે માટે પણ પ્રવ્રજ્યા ગ્રહણ કરવી તે જ શ્રેષ્ઠ છે; તેમ વિચારી તે પણ પ્રવ્રજિત થઈ ગઈ.

❖❖❖❖❖

# ગુરુ પ્રાણ આગમ બત્રીસીના
# શ્રુત સહયોગી દાતાઓ

**: પ્રથમ આગમ વિમોચક :**

**માતુશ્રી ચંપાબેન શાંતીલાલ પરષોત્તમદાસ સંઘવી તથા**
**માતુશ્રી મૃદુલાબેન નવનીતરાય શાંતીલાલ સંઘવી ના સ્મરણ સાથે**
**સૌ. કુંદનબેન જયંતીલાલ શાંતીલાલ સંઘવી**
**શ્રી નવનીતરાય શાંતીલાલ સંઘવી**
**શ્રી રાજીવ જયંતીલાલ, શ્રી શૈલેશ નવનીતરાય, શ્રી હિરેન નવનીતરાય સંઘવી**

## શ્રુતાધાર

- માતુશ્રી કુસુમબેન શાંતિલાલ શાહ
  હસ્તે – સુપુત્ર શ્રી ઈપ્સિત – ડો. નીતા શાહ, શ્રી ભાષિત – દર્શિતા શાહ — મુંબઈ
- માતુશ્રી સવિતાબેન ડો. નાનાલાલ શાહ (હેમાણી)
  સુપુત્ર શ્રી સતીષ – રશ્મિ શાહ, સુપુત્રી શ્રીમતી ડો. ભારતી – ડો. રશ્મિકાંત શાહ — U.S.A.
- સાધ્વી સુબોધિકા (ભદ્રા) જૈન ટ્રસ્ટ, માતુશ્રી લલિતાબેન પોપટલાલ શાહ (હેમાણી)
  બહેન–શ્રીમતી લતા શરદ શાહ, શ્રીમતી હર્ષા ભૂપેન્દ્ર મોદી — આકોલા
- શ્રીમતી દત્તા ગિરીશ શાહ (પૂ. સુબોધિકાબાઈ મ. ના ભાઈ–ભાભી) સુપુત્ર
  શ્રી મુંજાલ – વિજ્યા , શ્રી ભાવિન – તેજલ, સુપુત્રી નિવિશા મનીષ મહેતા — U.S.A.
- પૂ. આરતીબાઈ મ. ના બહેનો – શ્રીમતી સરોજબેન જશવંતરાય દોમડિયા
  શ્રીમતી હર્ષાબેન વસંતરાય લાઠીયા હસ્તે – શ્રી અલકેશ, શ્રી પ્રિયેશ, શ્રી હેમલ — મુંબઈ
- માતુશ્રી જયાબેન શાંતીલાલ કામદાર, માતુશ્રી રમાબેન છોટાલાલ દફતરી
  હસ્તે શ્રીમતી પ્રેમિલાબેન કિરીટભાઈ દફતરી — U.S.A.
- ડો. ભરતભાઈ ચીમનલાલ મહેતા
  સુપુત્ર–ચી. મલય, સુપુત્રી શ્રીમતી વિરલ આશિષ મહેતા — રાજકોટ
- માતુશ્રી વિજ્યાલક્ષ્મીબહેન માણેકચંદ શેઠ
  સુપુત્ર શ્રી દિલસુખભાઈ શેઠ, શ્રી ચંદ્રકાંતભાઈ શેઠ (શેઠ બિલ્ડર્સ) — રાજકોટ
- શ્રી રતિગુરુ ચેરીટેબલ ટ્રસ્ટ, હસ્તે ટી. આર. દોશી — રાજકોટ
- શ્રી રતિગુરુ ચેરીટેબલ ટ્રસ્ટ, હસ્તે ટી. આર. દોશી — રાજકોટ
- શ્રી રતિગુરુ ચેરીટેબલ ટ્રસ્ટ, હસ્તે ટી. આર. દોશી — રાજકોટ
- શ્રી રતિગુરુ ચેરીટેબલ ટ્રસ્ટ, હસ્તે ટી. આર. દોશી — રાજકોટ
- માતુશ્રી હીરાગૌરી હરિલાલ દોશી, શ્રીમતી પૂર્ણિમાબેન નરેન્દ્ર દોશી
  હસ્તે – નરેન્દ્ર – મીના દોશી, કુ. મેઘના, કુ. દેશના — રાજકોટ

- માતુશ્રી કાશ્મીરાબેન કાંતિભાઈ શેઠ
  હસ્તે – શ્રીમતી હેતલ સંજય શેઠ, કુ. ઉપાસના, કુ. કીંજલ — રાજકોટ
- માતુશ્રી જશવંતીબેન શાંતીલાલ તુરખીયા, શ્રીમતી ભાવના દિલીપ તુરખીયા
  હસ્તે – દિલીપ એસ. તુરખીયા, સુપુત્ર – શ્રી પારસ – રિદ્ધિ તુરખીયા — મુંબઈ
- માતુશ્રી કિરણબેન પ્રવીણચંદ્ર દોશી
  હસ્તે સુપુત્ર શ્રી નીરવ – તેજલ દોશી, કુ. પ્રિયાંશી, કુ. ઝીલ — મુંબઈ
- માતુશ્રી મંજુલાબેન છબીલદાસ ચૂડગર
  હસ્તે – સુપુત્ર શ્રી કેતન – આરતી ચૂડગર, કુ. ધ્રુવી — મુંબઈ
- શ્રી લક્ષ્મીચંદભાઈ જસાણી પરિવાર — રાજકોટ
- શ્રી પ્રવિણભાઈ ગંભીરદાસ પારેખ — મુંબઈ
- કુ. વિધિ ગિરીશ જોશી, કુમાર કુશાન ગિરીશ જોશી
  હસ્તે – શ્રીમતી નીલાબેન ગિરીશભાઈ જોશી — મુંબઈ
- શ્રી પરેશભાઈ સુમતીભાઈ શાહ — મુંબઈ
- શ્રી કિશોરભાઈ શાહ — મુંબઈ
- શ્રી રમેશભાઈ ગટુલાલ કામદાર — ચેમ્બુર
- માતુશ્રી લીલાવતીબેન નીમચંદ નથુભાઈ દોશી, સ્વ. કિશોરકુમાર નીમચંદ દોશી,
  સ્વ. મૃદુલા કુંદનકુમાર મહેતા. હસ્તે – હર્ષદ અને કુમકુમ દોશી — કલકત્તા
- માતુશ્રી તારાબેન મોદી — કલકત્તા
- માતુશ્રી મધુકાંતાબેન નંદલાલ ભીમાણી
  હસ્તે – શ્રી રાજેશભાઈ ભીમાણી — કલકત્તા
- માતુશ્રી કીકીબેન દેસાઈ, હસ્તે – શ્રી શૈલેશભાઈ–મીનાબેન દેસાઈ — મુંબઈ
- શ્રી અંજલભાઈ ઢાંકી — મુંબઈ
- ગુરુભક્ત — રાજકોટ
- શ્રી હેમેન્દ્રભાઈ પૂંજાણી
- માતુશ્રી ચંપકબેન શશીકાંતભાઈ મહેતા, હસ્તે – સુપુત્રી શ્રી કિરીટ–અરૂણા,
  શ્રી અજય – નીતા, શ્રી કમલેશ – દિવ્યા, સુપુત્રી – નિરૂપમા – નિરંજન દોશી — મુંબઈ
- માતુશ્રી નર્મદાબેન રૂગનાથ દોશી, હસ્તે – શ્રી કાંતીભાઈ રૂગનાથ દોશી — કલકત્તા
- શ્રી હેમલતાબેન નટવરલાલ મણીયાર — વડોદરા
- માતુશ્રી અમૃતબેન ભગવાનજી અવલાણી પરિવાર
  હસ્તે – શ્રી રમણીકભાઈ ભગવાનજી અવલાણી — કલકત્તા
- શ્રી કેશવજીભાઈ શાહ પરિવાર — કલકત્તા

## શ્રુત અનુમોદક

| | |
|---|---|
| • શ્રીમતી ડો. ભારતીબેન – ડો. રશ્મિકાંત કાંતીલાલ શાહ | U.S.A. |
| • શ્રીમતી લતાબેન – શ્રી શરદભાઈ કાંતીલાલ શાહ | U.S.A. |
| • શ્રીમતી હર્ષા ભૂપેન્દ્ર મોદી, શ્રીમતી જીમિતા હિરેન મોદી, શ્રીમતી ડો. શ્રુતિ મહેશ વર્મા, શ્રીમતી ભવિતા જયંત ઈંગળે | આકોલા |
| • શ્રી સૌરાષ્ટ્ર દશાશ્રીમાળી પ્રાણ મહિલા મંડળ, હસ્તે – અધ્યક્ષા સૌ. હર્ષાબેન મોદી | આકોલા |
| • માતુશ્રી નિર્મળાબેન લાલચંદ ભરવાડા | કોલ્હાપુર |
| • શ્રી પરેશભાઈ રમેશચંદ્ર સુતરીયા | મુંબઈ |
| • માતુશ્રી સુશીલાબેન કાંતીલાલ પંચમીયા | મુંબઈ |
| • શ્રી મીનાબેન હરીશભાઈ દેસાઈ | કલકત્તા |

## શ્રુત સદસ્ય

| | |
|---|---|
| • શ્રી પારિતોષ આર. શાહ | મુંબઈ |
| • શ્રીમતી રાજુલ રજનીકાંત શાહ | મુંબઈ |
| • જૈન જાગૃતિ સેન્ટર | વાશી (મુંબઈ) |
| • શ્રી મુકુન્દ આર. શેઠ | મુંબઈ |
| • શ્રી કેતનભાઈ શાહ | મુંબઈ |
| • શ્રીમતી ગુણવંતીબેન પ્રફુલ્લચંદ્ર દોમડીયા | મુંબઈ |
| • શ્રી સુધીરભાઈ પી. શાહ | મુંબઈ |
| • શ્રી રાજેશ કલ્યાણભાઈ ગાલા | મુંબઈ |
| • શ્રીમતી મૃદુલાબેન નવનીતરાય સંઘવી હસ્તે – સૌ. હીના શૈલેશ સંઘવી, સૌ. સોનલ હિરેન સંઘવી | કલકત્તા |


આગમ શાસ્ત્ર
આગમ શાસ્ત્ર


આગમ શાસ્ત્ર
આગમ શાસ્ત્ર

PARASDHAM
Vallabh Baug Lane, Tilak Road,
Ghatkopar (E), Mumbai - 400 077.
Tel : 32043232.
www.parasdham.org
www.jainaagam.org